

નિરાશ્રિતોએ લોખંડના નળોમાં લીધેલો આશ્રય.

("સમાલોચક"ના બ્લૉકસથી.)

સ્ત્રીબોધ

પુસ્તક ૬૮ મું.] જાન્યુઆરી, ૧૯૨૪. [અંક ૧ લો.

ભારતની દેવીઓને.

ઓ ભારતની કુલદેવીઓ !

આજ તમારી રગેરગમાં સ્વાતંત્ર્યદીક્ષાનો મંત્ર વહી રહ્યો છે. સ્વતંત્રતા એટલે શું ? પરદેશીના મોહપાશમાંથી છૂટી સ્વાવલંબી થવું તે. સ્વાવલંબન શેમાં છે તે સમજી તે પ્રમાણે આચરો, એટલે જરૂર તમારા મનોરથો ફલિભૂત થશે. પરંતુ એ સ્વાવલંબનનું સૂત્ર પ્રસરાવતાં પૂર્વે સ્વજાતિય શિક્ષણ અને બાળરક્ષણને મા ભૂલતાં દેવીઓ !

તમારે આંગણે દેવતાની પ્રસન્નતા હો, ને એક યા અનેક દેવપુષ્પો સમાં બાળુડાં આનંદતાં હો. તેઓ દેશનાં ભાવિરત્નો છે, માટે તેના પર ઘણીજ કાળજીપૂર્વક–ઝીણવટથી–ઓપ ચઢાવજો. એ ઓપ ચઢાવતાં ન આવડતો હોય તો જરૂર તે રત્ન મેળવતાં પહેલાં શીખી લેજો, કે જેથી 'હીરો કુંભારને સાંપડ્યો' એમ ન કહેવાય.

સુરાજ.

પ્રેમ—મહાત્મ.

...(જમુના જલ ભરવું મારે કુંવર કનૈયા રે......) એ રાહ.

સાખી.

હૃદયમંદીરે સર્વદા પ્રેમ પ્રતિષ્ઠા થાય,
પ્રેમે પુજારી હું બનું સર્વ પ્રેમમય થાય.
આ વિશ્વમાં સૌથી મોટી સત્તા પ્રેમ ત્હારી રે!
માત તાત પતિ પત્ની ભાઇ ભગિનીનો ભારી રે!
સર્વ જૂજવાં દિસે એક રૂપે તું રમંતો રે!
મિત્ર સ્નેહી સંબંધી સર્વ મહીં તું ભમંતો રે!

સાખી.

જડ ચેતનમાં તું ભર્યો નથી ઠાલી કંઇ ઠામ,
અવલંબન તું વિશ્વનું અંતરનો આરામ.
ખેંચે અજબ આકર્ષણશક્તિ નાખી મોહજાળે રે!
ક્ષણ ભૂલાવી દે ભાન અવર ન નીહાળે રે!

સાખી.

એક પિતાનાં આપણે જુદાં જુદાં બાળ,
પ્રેમે આવો પૂજિયે પ્રભુને આણી વ્હાલ.
કરી સ્હાય પરસ્પર પાડ પ્રભુનો વાળો રે!
શુદ્ધ પ્રેમ દઇ બદલાની આશા નવ ધારો રે!

સાખી.

સ્હેવું ધીરજ ધારીને આવે જો કંઠી દુઃખ
છલકાવું નહીં ગર્વથી ભલે હર્ષ ભરપૂર.
સમભાવે નિરંતર સર્વ સ્થિતિમાં રહેવું રે!
રાખી પ્રભુ પર પુરણ પ્રેમ સંતોષે રહેવું રે!

વડોદરા, } સૌ. સુલોચના જ. દેસાઇ.

સેવામાર્ગમાં સ્ત્રીઓ અંતરાયરૂપ છે?

[લેખક રા. કેશવપ્રસાદ દેસાઇ, બી. એ. એલએલ. બી.]

આપણે જ્યારથી પરાધીન પ્રજા થયા છીએ, ત્યારથી સર્વત્યાગના કટોકટીના પ્રસંગો ઘણા આવતા નથી. "દુશ્મનો આવ્યા છે, લડવા ચાલો," એવી વીરહાકો વર્તમાન કાળમાં નથી પડતી. ભૂતકાળના ઇતિહાસમાં આપણે આવા વીર પ્રસંગો વિષે વાંચીએ છીએ. અને તે સમયે આપણે એવી પણ ટીકાઓ થયેલી વાંચીએ છીએ કે "છેક શહેરની નજદીકમાં મુસલમાન લશ્કર આવ્યું તો પણ પ્રથુરાજ ચૌહાણ સંયુક્તાને છોડીને અંતઃપુરમાંથી બહાર આવ્યો નહિ." અથવા પુરાણો કહે છે કે સ્ત્રી જ પુરૂષને ભોળવનારી છે; ભલ ભલા બ્રહ્મા, મહાદેવ, વગેરેને તેજ ફસાવનારી છે. આ રીતે સ્ત્રીઓને માથે દોષ મુકવામાં આવે છે.

વર્તમાન કાળમાં પણ રાજકીય ચળવળમાં, અથવા સમાજ-સેવાના કોઇ કોઇ કામમાં, તથા સ્વદેશસેવા માટે, સર્વસ્વ ત્યાગ કરવાના પ્રસંગો આવવા લાગ્યા છે. આવે સમયે એવા શબ્દો સાંભળવામાં આવે છે કે "મારે તો ઘેર સ્ત્રી છે, એટલે મારાથી આ ત્યાગ થઇ શકે નહિ." અને ઘણીવાર આવા બોલ માટે દોષ લગ્નને તથા સ્ત્રીને દેવામાં આવે છે. પરંતુ "મારે ઘેર સ્ત્રી છે?" એ કથનનો આશરોજ લઇને કર્તવ્યને પંથેથી ખસી જનાર પુરૂષજ ખરી રીતે ભિરૂતાથી ભરેલો હોય છે. પોતાની ભિરૂતા સંતાડવા તે સ્ત્રીને માથે અપયશ ઢોળવા માંગે છે. અને સમાજ શાસ્ત્રીઓ અને અલ્પપ્રસંગો આવાં કથનોથી અવળે માર્ગે દોરાઇને સ્ત્રીજાતિને બહુ અન્યાય કરે છે. "હું તો હમણાં આ બધું છોડી દઉં, પણ મારી કોટે આ બધાં લાગેલાં છે ને !" એમ કહેનારા માણસ કાં તો ભ્રમથી અથવા જાણી જોઇને "બધાં" નો દોષ

કાઢે છે. એ કોટે લાગેલાંઓ કાંઈ અમુક પ્રકારનું જીવન ગાળવાનું તેને કહેતાં નથી. પણ તેનું પોતાનું હૃદય અને તેની પોતાનીજ બુદ્ધિ, સર્વ ભ્રમ ઉભો કરે છે. પોતેજ ત્યાગ માટે તૈયાર નથી હોતો, તે છુપાવવા "આ બધાં" ને આગળ કરી તે બ્હાનું કાઢે છે.

સ્ત્રીજાતિનો અભ્યાસ કરવા જ્યારે પુરૂષો–સામાન્ય પુરૂષો નિકળે છે ત્યારે સમજુ સ્ત્રીઓ તો તેમને હસતી જ હશે, તે આપણે સહજ ધારી શકીયે. અલબત્ત, પોતે કોઇ ઉત્તમ પ્રકારનું પ્રાણી છે એમ ધારીને સ્ત્રી જાતિનું નિરીક્ષણ કરે તે તો હાંસીને પાત્ર જ થાય. છતાંયે જ્યારે સ્વાતંત્ર્ય માટે, દેશને સુખી બનાવવા માટે, સર્વદેશીય મુક્તિ માટે, પગરણ આદર્યાં હોય, જ્યારે પુરૂષોની ટુકડીયો, આદર્શની પ્રાપ્તિ માટે સર્વત્યાગ, સર્વનાશ વેઠવા તૈયાર થઈ હોય, ત્યારે તો દેશ સમસ્ત સ્ત્રીઓ તરફ જુવે એ સ્વાભાવિક છે. હરેક પુરૂષ સ્ત્રી સાથે કાંઇક પ્રકારનો સબંધ ધરાવે છે જ. માતા–ભગિની–પત્ની એ ત્રણમાંથી કોઇકની પાસે તો તેની જીવનનૌકાનું સુકાન હોવાનો સંભવ છે. એટલે આવે પ્રસંગે કોમળહસ્તો તેને અટકાવશે પ્રોત્સાહન આપશે. તે સૌ કોઇ જોશે. તેને પોતાના કર્તવ્યમાં સાથી મળશે કે ખરેખર કોટે કાંઇક ભાર બંધાશે ? !

આ પ્રશ્નનો ઉત્તર આપણને હમણાં પણ મળે છે. ચારે દિશાએ આપણે જોઇ શકીયે છીયે કે સ્ત્રીઓને પોતાનેજ પોતાની ચાલુ સ્થિતિથી અસંતોષ થવા લાગ્યો છે. સમાજમાં સન્માન મેળવવા તેઓ ઉદ્યુક્ત થયાં છે. પોતાની પરાધીન સ્થિતિથી તેમને અસંતોષ થવા લાગ્યો છે. રાજકીય હક્ક મેળવવાની પણ તેમને ઇચ્છા થઈ છે. મતાધિકાર મેળવવા તેમણે મથન કર્યું છે. પુરૂષો સાથે ધારાસભામાં બેસવાની તેઓ માગણી કરે છે. બારિસ્ટર અને વકીલના ધંધાઓમાંથી તેમને બાદ કરેલી હતી તે સામે તેમણે સખ્ત વિરોધ નોંધાવ્યો છે. સમાજોન્નતિ માટે કેવળ પુરૂષોનેજ સહાય કરીને તેઓ અટકયાં નથી; પણ તેમણે સ્વતઃ હિલચાલ પણ ઉપાડી લીધી છે. વનિતા વિશ્રામની સંસ્થાઓ, જુઓ! તે સ્થા-

પવાની સ્ફુરણા સ્ત્રીઓને જ થયેલી છે. અતિ શ્રમે અત્યારે સ્ત્રીઓજ તે નભાવે છે. ગં. સ્વ. જમનાબેન સકૈએજ "સ્ત્રીમંડળ"ની પ્રગતિ સાધી હતી. સેવાસદનની સ્થાપનામાં પણ સ્ત્રીઓ મોખરે જ હતી. એટલે હવે મનુષ્યના હૃદયમાં અંદેશો હોવો ના જોઇયે. જ્યારે વીર હાક વાગશે ત્યારે પુરૂષને બાંય ઝાલી કોઈ નહિ અટકાવે. જ્યારે સમય આવશે ત્યારે કેવળ પ્રોત્સાહન માત્રથીજ નહિ, પણ સાથી બનીને સ્ત્રીઓ પુરૂષની જોડે જશે ! ઝાંસીની રાણી રાજ્યના બચાવ માટે શુર સૈનિકની માફક કયાં નહોતાં લઢ્યાં !!

પુરૂષોએ તો સ્ત્રીઓને ઢીંગલી બનાવવામાં કાંઇ બાકી નથી રાખ્યું. પડદાનો રીવાજ જુવો. સ્ત્રીઓને અજ્ઞાન રાખી છે તે જુવો. કાયદાથી તેમને કેવળ પરાધીન રાખી છે તે જુવો. સ્ત્રી એટલે મોજશોખનું સાધન. સ્ત્રી એટલે પોતાનો વૈભવ બધો બતાવવાની ચીજ. સ્ત્રી એટલે નવરાશે રમવાનું રમકડું. સ્ત્રી એટલે મોટાં કુટુંબની મજુરણ ! આવી સ્થિતિ પણ કયાં નથી ? ઘરેણાં ગાંઠાં સ્ત્રીને સંતોષવા નહિ પણ પોતાની મિલકત બતાવવા સર અવસરે તેને પહેરાવવાનું. જેમ ભીંતે કીંમતી ચિત્રો કે રૂપાના ફ્રેમ લટકાવવાનાં, તેમ સ્ત્રીને ગળે અને હાથે મોતીના હાર અને હીરાની બંગડીઓ લટકાવે. "એના ઘરમાં માલ સારો છે" તે બતાવવા માટે આ બધી તજવીજ ! વરઘોડા પૂરો થતાં સ્ત્રી પાસેથી ઘરેણું વિશ્વાસુ મહેતો ઉતારી લે ! તુટયુંફુટયું હોય તો તેનો હીસાબ પણ માગે ! આવી સ્થિતિમાંયે સ્ત્રીઓ પુરૂષોને જીતે છે તે તેમની ખૂબી છે.

વળી ઢગલાબંધ નવલકથાઓ જુઓ. તેમાં સ્ત્રીને ઢીંગલી બનાવવાની ધારણા સ્પષ્ટ દેખાય છે. કવિતાઓ જુઓ. પ્રેમના દર્શન તેઓ બાહ્યરૂપમાં–ચામડીમાં કે ગાલના તલમાંજ કરે છે ! તેમની સર્વ ચિંતા સ્ત્રીનું શિયળ સાચવવામાંજ સમાપ્ત થાય છે. પાંજરામાં પૂરેલું, પૂરતી દેખરેખ નીચેનું, શીયળ સચવાય એટલે તેઓ ધાન્ય થાય છે !! આ તે સ્ત્રીને માન કે અપમાન !! શીયળની શીખામણ કેટલી બધી અપાય છે. આનો અર્થ શો ?

શું આવી શીખામણ આપવા જેવોજ સમય હંમેશાં રહે છે ? વગર શીખામણે તેની ગેરહાજરી થઇ જવા સંભવ છે ? કે તેમાં પુરૂષોની પોતાની નબળાઇનું પ્રતિબિંબ છે ?

તેથી બીજા પ્રકારનો ચિતાર પણ આપણે જોઇએ છીયે તે ધર્મપુસ્તકોમાં કે ધાર્મિક કહેવાતા આચરણોમાં છે. સ્ત્રી એ ત્યાજ્ય વસ્તુ. "ભલા ભલા લોભવાયા બ્રહ્માદિક મહારાજ" માટે તેનાથી ચેતો, દૂર નાસો. કોઈ કહેશે સ્ત્રીનો સ્પર્શ થતાં સ્નાન કરો, ઉપવાસ કરો. બીજા કહેશે સ્ત્રીને જાહેરમાંજ ના લાવો. અર્વાચીન ઉદાત્ત સેવાભાવનાવાળા પણ કહેશે કે લગ્ન સેવામાં અંતરાયરૂપ થશે, અમે તેથી લગ્ન નહિ કરીયે. અથવા તો લગ્ન કર્યું હશે તોયે સ્ત્રીથી વિમુખ રહીશું. આમાં પણ કોનો કસુર કાઢવો ? સ્ત્રીનો, કે જેઓ સ્ત્રીસંનિધે સંયમ ના રાખી શકે તેમનો? જ્યાં સ્ત્રીઓ સાથીરૂપ થવાની હોય ત્યાં તેમના ત્યાગની વાત શા માટે ? વળી જીવનના અમુક આદર્શ માટે જીવનના બીજા સૌ અંગો શા માટે તજવા ? સેવાજીવન માટે ગૃહજીવનનો ત્યાગ કરવાની ભલામણ ઇષ્ટ છે ? ગમે તે ઉમરે સંન્યાસ ધારણ કરવો સારો છે ?

જ્યાં સહચાર હોય ત્યાં સહચરીથી વિમુખતા શી ? આ વિમુખતાથી કાર્ય સાધના નહિ જ થાય. સેવામાં પણ સહચરી સાથી હશે તો બેવડી સેવા થશે.

વળી એક બીજો પણ ડર ઉભો થયો હતો. ઉચ્ચ કેળવણીનો પ્રસાર કન્યાઓમાં થવા માંડયો હતો તે વખતે એમ ડર રહેતો હતો કે આ કન્યાઓ ગૃહિણીઓ નહિ થાય. તેઓ એકાકી અને અસંતોષી જીવન ગાળશે. તેમની વિદ્વત્તાનો લાભ તેમના કુટુંબોને નહિ મળે. ભણેલી સ્ત્રીઓની હાંસી કરતી નવલકથાઓ પણ ઘણી લખાઇ હતી. આવી નવલકથાઓ લખી પુરૂષોએ પોતાની વૃત્તિનું પ્રદર્શન કર્યું હતું.

સુભાગ્યે ગુજરાતમાં તે ભય પણ જુઠો પડયો. કેટલાએક પુરૂષોની પામર કલ્પના કરતાં આર્ય સ્ત્રીત્વ વધુ ઉદાત્ત છે તે.

સત્ય ઘટનાઓ સાબિત કરે છે. જો કે આ કન્યાઓએ આપણી સંસ્કૃતિને—આપણી પરિસ્થિતિને—પ્રતિકુળ, ઉચ્ચ કેળવણી લીધી હતી; તો પણ આપણે જોઈ શકીયે છીએ કે ઉચ્ચતર કેળવણી પામેલી ગુર્જર ગૃહિણીઓએ ગૃહજીવનમાં મીઠાશ આણી છે. પોતાના કુટુંબને તેઓએ ઉચ્ચ કેળવણી આપી છે, અને સાથે સાથે જાહેર જીવનમાં, લોકસેવામાં પણ પોતાનો હીસ્સો દીધો છે. સેવા ધર્મે પ્રવૃત્ત થયેલા સુશિક્ષિત યુગલને જોઈ, દરેક સેવા-સંન્યાસી પોતાનો મત બદલશે એમ આશા છે.

અને સામાન્ય શિક્ષણ પામેલી ગૃહિણીઓથી પણ ગુજરાત ક્યાં નિરાશ થયું છે ? ગાંધીજીને કયાં કસ્તુરબા ભાર રૂપ થયાં છે ? એમણે તો સંસારમાંયે સહચાર કર્યો, અને સેવામાંયે કર્યો. અને સર્વત્યાગી દરબાર ગોપાળદાસને પડખે ભક્તિ લક્ષ્મી કયાં નથી ઉભાં ? આ તો બે ઘણા જાણીતા-તાજા-નજર આગળના દાખલા છે. પણ સામાન્ય કોટીમાંથી તો ગામે ગામ આવા દાખલા મળે છે. એટલે આ સત્ય ઘટનાઓ, કુટીલ કલ્પનાઓને જુઠી પાડે છે. ગુર્જર સ્ત્રી ભારરૂપ થવા નથી માંગતી, ગુર્જર સ્ત્રી સેવામાર્ગમાંથી પતિને પાછો ખેંચવા નથી માંગતી; પરંતુ તે તેને પ્રોત્સાહન આપે છે. તે સેવામાં પણ તેનો સહચાર સાધે છે.

સ્વદેશસેવક આપણને સુકા લુખા નથી જોઇતા. ગૃહસ્થ અને વાનપ્રસ્થ સમાજસેવા કરી શકે છે. લગ્ન એ હૃદયની વાત છે. લગ્ન કરવું ન કરવું તે વ્યક્તિનો અધિકાર છે. પરંતુ અમારા તકરાર ખોટા સિદ્ધાંતો પ્રસારનારની સામે છે. " લગ્ન કરી ગુલામોની સંખ્યા નથી વધારવી " તે કહેનારનો પણ અમે તો એટલોજ વિરોધ કરીશું. અમે તેમને સંસારમાં સુકાશ નહિ લાવવા દઇએ. અમે તેમને સ્ત્રીત્વનું અપમાન નહિ કરવા દઈયે. ગૃહસ્થાશ્રમમાં પણ સેવા છે, તે ઉપરાંતની સેવા કરવામાં ગૃહસ્થાશ્રમીઓને કાંઈજ અડચણ નથી આવતી, એ વાત અમે ફરીફરીને જણાવીશું.

સેવામાં અડગતા-નિશ્ચલતા-અને ઘરમાં કોમળતા એ આપણો આદર્શ. કોમળતાને ભોગે અડગતા અંતે નુકશાનકારક નિવડશે.

પણ સેવાનો આદર્શ ચુકવો ન જોઇયે. સ્ત્રીત્વની ખરી કસોટી તેમાં છે. સમાજની આગળ સેવાનો આદર્શ સ્ત્રીઓજ જીવતો રાખી શકશે. તેઓજ સમાજની માતા છે. મતનો અધિકાર મળો કે ના મળો, ધારાસભામાં બેસવાનો અધિકાર આવો કે ના આવો, પણ સ્ત્રીઓએ પોતાની ભગિનીઓમાં ઉત્સાહ અને સ્વાશ્રય ફેલાવવાની વિશેષ જરૂર છે. આ ઉત્સાહ અને સ્વાશ્રયના પરિણામે પુરૂષોની વિરોધી કલ્પનાઓ આપો આપ નષ્ટ થશે, અને સમાનતાની પ્રાપ્તિમાં આવતા સર્વ અંતરાયો દૂર થઈ જશે

પુરૂષો ! તમારી નબળાઈ જોવાને બદલે સ્ત્રીઓને દોષ ના આપો. હકીકત તપાસો, અને પછી ખરા જીગરથી સ્ત્રીત્વની ખીલવણીમાં તમારો હીસ્સો પણ આપો.

" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " નાં

ઇ. સ. ૧૯૨૩નાં પુસ્તકો.

પ્રવેશ ફીના રૂ. એક નવા ગ્રાહકે પ્રથમ એકજવાર આપવાનો છે.

૨—૮ હુશીકેચંદ્ર, ભાગ બીજો. (પહેલો ભાગ ગયા વર્ષે આપ્યો છે.)
૨—૮ સંવાદમાલા. (વિદ્વાન્ લેખકોની આઠ છબીઓ સાથે.)
૦-૧૨ સીતા—(શ્રી. દ્વિજેન્દ્રલાલ રૉયકૃત સ્ત્રીને આદર્શરૂપ નાટક.)
૦-૧૨ સુભદ્રા—(અર્જુનનાં સ્ત્રી. નવલકથાના સ્વરૂપમાં—૭ ચિત્રો સાથે)
૦—૮ મુક્તધારા—(ડૉ. રવીન્દ્રનાથ ટાગોરકૃત એક અંકી નાટક.)
૧—૦ જોસફ મેઝેનીના લેખો—(માનવી કર્તવ્યો.)

આ ૭ પુસ્તકોની કુલ કીમત રૂ. આઠમાંથી અર્ધી કીમતના હિસાબે થતા રૂ. ચાર તથા પોસ્ટેજની લાગત મળીને વિ૦ પી૦ લગભગ રૂ. પાંચનું થાય છે.

નવા ગ્રાહક થનારને આ માળાનાં નવાં તમામ પુસ્તકો અર્ધી કીમતે ને પાછલાંમાંથી જે માગે તે પોણી કીમતે મળે છે. લખો:—

જ્ઞા. વ. પુસ્તકમાળા,
પીરમશારોડ–અમદાવાદ.

જીવનલાલ અમરશી મહેતા,
સંપાદક.

શિક્ષા.

૧

ચીમનલાલનું આવક કરતાં ખર્ચ વધારે હતું તે માટે તે હંમેશા ઉદાસ રહ્યા કરતા હતા. તેની સ્ત્રીનો હાથ પોલો હતો: તે પૈસો કાંકરાની પેઠે ઉડાડતી-પાણીની પેઠે ખરચતી. ચીમનલાલ બહુજ સાદો હતો. તેનું પોતાનું માસિક ખર્ચ રૂ. ૨૦ થી વધારે ન હતું. પણ તેની સ્ત્રી મોટા ઘરની દીકરી હતી. તે મખમલના સ્લીપર પહેરતી, રેશમી સાડી ઓઢતી, અને દર ત્રીજે દિવસે રૂપીઆનું ઘી મંગાવતી. બે ત્રણ શાક વગર તેને રોટલી ગળા નીચે ઉતરતી ન હતી. અને ખાધા પછી, જો ફળ ન ખાય તો તેને પચતું નહતું. આટલું જ નહિ, પણ માસિક દશ પંદર રૂપીઆ લેસ-ફીતોમાં ખર્ચાતા. બપોરે આડોસ પાડોસની સ્ત્રીઓ બેસવા આવતી, તો તેમને માટે મીઠાઈ મગાવતી. ચિમનલાલ આ જોતો ત્યારે બહુ ચીંતા કરતો તે પોતાની સ્ત્રીને સમજાવતો કે, " જુઓ, આ ઠીક નથી થતું. લોહી અને પરસેવો એક થાય છે, ત્યારે પૈસા મળે છે, માટે વિચારીને ખર્ચ કરો. છોકરીઓ છે, તે ચંદ્રની પેઠે મોટી થતી જાય છે. તેના લગ્નમાં પણ ખર્ચ થશે. તો જો અત્યારથી ભેગાં કરવા માંડશો તો આગળ મુંઝવણ રહેશે નહિ, નહિ તો નાતમાં નાક કપાઇ જશે. આવી રીતે પૈસા ઉડાવવો તે ધનાઢ્ય લોકોને શોભે. તેથી તેની પ્રતિષ્ઠા વધે છે, પણ નિર્ધનોએ આ રીતે ખર્ચ કરવું તે હળાહળ વિષ સમાન છે. જોઇ જોઇને પગ ભરે, તેમાંજ શોભા છે. સાહેલીયો સાથે મળો, ખેલો, ચોકખાં વસ્ત્રો પહેરો, તેની મનાઇ નથી; પણ રૂપીઆને રૂપીઓ સમજીને ખર્ચ કરો. ખોટી વાહવાહમાં જીંદગીનું સુખ ગીરો મુકો નહિ."

રામપ્યારી નીચું માથું કરી સાંભળ્યા કરતી. અને સાચા હૃદયથી પ્રતિજ્ઞા કરતી કે, ભવિષ્યમાં ફરીથી એવું કરીશ નહિ. પણ તેની આ ટેવ, પ્રકૃતિનું અંગ બની ગઈ હતી, તેથી પાછો મહિનો પૂરો થતાં પૈસાની તાણ પડતી. પૈસા ન હોવાથી જરૂરની ચીજો બજારમાંથી ઉધારે મંગાવવામાં આવતી. ચીમનલાલ ફરી લડતો. રામપ્યારી ફરી પ્રતિજ્ઞા કરતી. પરંતુ તેની આ પ્રતિજ્ઞાનો અંત આવ્યો નહિ, તે ચીમનલાલે લાહોર છોડી પાસેના ગામ ઇચ્છેરમાં રહેવા જવાનું નક્કી કર્યું ત્યાં સુધી. તેણે પોતાનું ઘર ફેરવ્યું, તેથી તેને માસિક રૂ. ૧૬ ની બચત થઈ, પણ ચીમનલાલ ઉપર મુસીબત તૂટી પડી. તેને હમેશા પાંચ માઇલ ચાલવું પડતું. તેના માયાળુ મિત્રો કહેતા કે કેવો લોભી છું! એક સાઇકલ કેમ ખરીદતો નથી! હંમેશનું ચાલવાનું તો મટે! આ શબ્દો ચીમનલાલને ભાલાની પેઠે ખૂંચતા, પણ દૂધના ઘુંટડાની પેઠે ને સઘળું ગળી જતો.

(૨)

સાંજનો સમય હતો. રામપ્યારી પોતાની પુત્રીઓ સાથે આનંદ કરતી હતી, તેવામાં ચીમનલાલે ઓફીસમાંથી આવી એક ગુલાબી કવર તેની સામે ધર્યું.

રામપ્યારીએ ચોંકી જઇ પૂછ્યું, "શું છે?"

"મીસીસ રામ રખામલે તમને આમંત્રણ આપ્યું છે."

"ક્યારે?"

"દશેરાને દિવસે."

રામપ્યારીને ભોજન-નિમંત્રણો જવાનો બહુ શોખ હતો. આવે વખતે તે હર્ષથી ઉછળી પડતી. પણ આજે તેના મોઢા ઉપર ઉદાસી છવાઇ ગઈ. જાણે કોઇ પાસેના સગાની માંદગીના સમાચાર આવ્યા હોય નહિ! તેણે ઉઠીને કવર પાછું આપતાં કહ્યું, "હું નહિ જઉં!"

રામપ્યારી આ ભોજન-નિમંત્રણનો અસ્વીકાર કરશે તેવો તેને ખ્યાલ પણ ન હતો. કારણ કે તેને મીસીસ રામ રખામલ-

ની સાથે ઘણો સારો સંબંધ હતો. ચીમનલાલે ગભરાઈ જઈ પૂછ્યું, " કુશળ તો છે ને ! "

રામપ્યારીએ માથું નીચું નમાવી જવાબ દીધો, " ત્યાં જેટલી સ્ત્રીઓ આવે છે, તે સઘળી બણી-ઠણીને આવે છે. હું ત્યાં જઈને નાલાયક નહિ બનું !"

" કેમ ! તમારી પાસે જે પીરોજા રંગની સાડી છે, તે તમને બહુજ શોભે છે ! "

" એકજ સાડી છે, અને તેને દશ બાર વખત પહેરવાથી રંગ પણ ઉડી ગયો છે. સહુ કહે કે તેને આ એકજ સાડી છે, રાત દિવસ તે પહેરીનેજ ફરે છે. કેટલીક સ્ત્રીઓ તો મોઢે કહે છે. આવે વખતે મારી શી સ્થિતિ થાય છે, તે મારૂં મનજ જાણે છે."

" તો હવે શું વિચાર છે ? "

" સારૂં તો એ છે કે ના કહેવરાવી દઈએ. જવાની જરૂર નથી."

" એવો ખર્ચ કરવાથી શું ફાયદો છે ? બીજાને મોઢે વાહવાહ કહેવરાવવામાં આપણું ઘર લુંટાવવું એ બુદ્ધિવાનનું કામ છે ? "

જ્યારે રામપ્યારી હઠ કરતી, ત્યારે ચીમનલાલ તેને આ શબ્દો કહેતો. પણ પોતાની સ્ત્રીના મોઢામાંથી, આ વચનો સાંભળીને, તેને તીર સમાન લાગ્યા. પોતાની ગરીબાઇ ઉપર ક્રોધ થયો. પ્રારબ્ધને સેંકડો ગાળો દીધી, અને દુઃખી થઈ આમ તેમ ફરવા માંડયું. થોડી વખત પછી બોલ્યો, " પ્યારી, તમારે ત્યાં જવું એ આવશ્યક છે."

રામપ્યારીએ તૂટતે અવાજે કહ્યું, " મારાથી એ અપમાન સહન નહિ થાય."

" હું કાલે નવી સાડી લેતો આવીશ."

" કેટલાની આવશે ? "

" પચીસ રૂપીઆ સુધીમાં કામ પતી જશે."

રામપ્યારીએ શ્વાસ લઈને કહ્યું, " મારી પાસે સવા આઠ આના સિવાય એક પાઈ પણ નથી."

ચીમનલાલે સ્ત્રીની પાસે, ખાટલા ઉપર બેસી, તેની કેડ ઉપર પોતાનો હાથ નાખી, હસતાં હસતાં કહ્યું, "કાંઇ પરવા નથી. મારી પાસે વાટવો ભર્યો છે."

"જુઠું!"

"નહિ, સાચું."

"બતાવો જોઇએ."

એમ કહી રામપ્યારીએ, પતિના ખીસામાંથી વાટવો ખેંચી લીધો, અને ખોલી જોતાં તે હર્ષથી ઉછળી પડી. આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ. વાટવામાં બે ગીનીઓ હતી. જેમ નાનું બચ્ચું નવા ખેલો જોઇ ખુશી થાય છે, તેવી રીતે રામપ્યારી ગીનીઓ જોઇ ખુશી થઇ. મોઢા ઉપર પ્રસન્નતાની લહેરો આવવા લાગી. તે હસતી હસતી બોલી, "ક્યાંથી લાવ્યા ?"

ચીમનલાલ થોડીવાર ચૂપ રહ્યો. જ્યારે ચીમનલાલ ઓફીસમાં જતો ત્યારે રામપ્યારી હંમેશા બેચાર આના તેના વાટવામાં નાખ્યા કરતી હતી. તે બચાવીને તેણે બે ગીનીઓ ભેગી કરી હતી. આ બે ગીનીઓ, એ ચીમનલાલની ચાર માસની મિતવ્યયતાનું ફળ હતું. તેણે વિચાર કર્યો કે, સાચી વાત કહું કે નહિ? છેવટે નિશ્ચય કર્યો કે, જુઠું શા માટે મારે બોલવું જોઇએ? રામપ્યારીએ ફરીથી પૂછ્યું, "આ ક્યાંથી લાવ્યા? મહીનો પુરો થવાને તો હજુ અઠવાડીયાની વાર છે."

ચીમનલાલે કહ્યું, "તું મને દરરોજ ખાવા પિવા માટે શું આપતી હતી?"

"ચ.રેક આના."

"ત્યારે ચાર માસનું એ ચવેણું છે."

હજારો માઇલની ઉંચાઇએથી કોઇએ ધકકો માર્યો હોય તેવું રામપ્યારીને લાગ્યું. તેની કરકસર આજસુધી તેને સાધારણ વાત લાગતી હતી. પરંતુ પતિની કરકસર જોઇ, તેને અનર્થના રૂપમાં અનુભવ થયો. તે વિચાર કરવા લાગી કે, પૈસા તો તે કમાય

છે, પણ સંભાળથી પૈસો પૈસો ભેગો કરે છે. હું ઘરમાં બેઠી બેઠી રાજ કરૂં છું, અને પૈસાને કાંકરા બરાબર સમજું છું. તે રડતી રડતી પતિના પગમાં પડી, અને બોલી, "તમે મારી આંખો ઉઘાડી દીધી છે. હવે હું એક પૈસાનો પણ અમથો ખર્ચ કરીશ નહિ. આ ગીનીઓ સાચવીને રાખો. મારે નવી સાડીની જરૂર નથી."

પરંતુ ચીમનલાલે કહ્યું, "તું આજ દીન સુધી નકામો ખર્ચ કરતી, તો આજ મને ખર્ચ કરી લેવા દે!"

(૩)

બીજે દિવસે ઓફીસ બંધ થતાં, ચીમનલાલ સીધો કાપડીયાની દુકાને ગયો અને બોલ્યો, "કોઇ સારી સાડી બતાવો."

"ક્યા રંગની જોઇએ છે?"

"નસવારી, જોગીયા, કબુતરી."

કાપડીયાએ સાડીઓનો ઢગલો કર્યો. ચીમનલાલ ગભરાયો કે આમાંથી કઇ પસંદ કરૂં. ઘણીવાર સુધી આમતેમ ફેરવ્યા કરી, ઘડીમાં આ પસંદ કરે તો ઘડીમાં બીજી. વિચારતો કે શું મૂલ્ય હશે! પાછી આવે તો વાંધો નહિ પડે ને! જો તે સાથે આવી હોત તો વાંધો ન આવત. તેને પસંદ આવત તેવી લેત. સ્ત્રી અને પુરૂષોની પસંદગીમાં આકાશ-જમીનનો ફરક હોય છે. છેવટે એક સાડી આંખે ચડી. તેને હાથમાં લઇ બોલ્યો, "આની કીંમત કહો."

કાપડીયો હાથમાં સાડી લઇ, ઘડીભર વિચાર કરી બોલ્યો, "બજારમાં આ સાડી ત્રીશ રૂપીએ વેચાય છે, પણ તમે પચીસ આપો."

ચીમનલાલને જો ત્રીસ રૂપીઆ કહેવામાં આવે, તો તે પચીસ રૂપીએ માગત. પણ કાપડીયાએ પોતાની મેળેજ પચ્ચીસ કહ્યા તે સાંભળીને તેણે જવાબ આપ્યો, "પચ્ચીસ વધારે કહેવાય."

"દુકાન તમારીજ છે. લઇ જાઓ. જો કોઇ કાપડીઓ પોણી પચ્ચીસ કહે તો તમારી પાસેથી એક કોડી પણ ન લઉં."

ચીમનલાલ ઉપર આ મંત્ર ચાલ્યો. રૂપીઆ ફેંકી તે બોલ્યો, "જો પસંદ નહિ આવે તો પાછી આવશે."

" ભલે, ખુશીથી. ઘરે બતાવી જુઓ."

ચીમનલાલ સાડી લઈને ચાલ્યો. તેનું હૃદય આનંદથી કુદી રહ્યું હતું. પગ જમીન ઉપર પડતો ન હતો. પણ બજારમાંથી બહાર નીકળતાં, તેનો આનંદ સમાઈ ગયો. ઘડીયાળમાં જોયું તો સાત વાગ્યા. ઉતાવળો ગાડીઓના રહેઠાણે આવ્યો; જો કોઇ ટમટમ મળી જાય, તો તેમાં બેસી જવાય. પરંતુ ત્યાં અંધારૂં થઈ ગયું હતું. ચીમનલાલનું હૃદય ધડકવા લાગ્યું. આનંદમાં માણસની સહુથી મોટી ઇચ્છા એ હોય છે કે, જો પાંખો હોય તો ઉડીને ઘેર જઉં. ચીમનલાલને ટમટમ ન મળી. નિરાશ થઇ તેણે જમાદારને પૂછ્યું, " ઇચ્છરની કોઇ ટમટમ મળશે ?"

" જરા રોકાવ. મળશે."

સુકા ધાન્યમાં પાણી મળ્યું. ચીમનલાલની ચીંતા ઘટી. ફાનસ પાસે જઈ, સાડીને ઉખાળી જોઈ મનમાં ખુશી થયો. અચાનક અવાજ સંભળાયો કે " કોઇ ઇચ્છિરનું બેસારૂ ?"

ચીમનલાલે ચોકી આંખો ફેરવી, અને ટમટમ તરફ ચાલ્યો. પણ ત્યાં પહોંચ્યો તે પહેલાં, ચાર જણ બેસી ગયા. ચીમનલાલના પગ જમીન સાથે ચોંટી ગયા. પણ ફરીથી વિચાર થયો. રાતનો સમય છે. તરત તે અંદર બેસી જઈ બોલ્યો, "જલ્દી ચાલો."

ટમટમવાળે જવાબ આપ્યો, " બાબુ સાહેબ ! મારે તો ઉતારૂઓ પુરા થઈ રહ્યા છે."

" કાંઇ વાંધો નહિ. રાતનો વખત છે."

" જો કોઈ પકડે તો તમે છોડાવશોને ?"

ચીમનલાલે બેપર્વા થઇ જવાબ આપ્યો, " છોડાવીશ."

ટમટમવાળો સમજ્યો કે એ કોઇ ઉચ્ચ અધીકારી હશે. તેથી તેના ઉપર તેણે ભરોંસો રાખ્યો. ચીમનલાલે ધાર્યું કે રાતનો વખત છે, તેને કોઈ રોકશે નહિ. પણ ચોકમાં જતાં પહેરાવાળે અવાજ કર્યો, " ઉભા રહો."

ટમટમવાળો ગભરાયો. તેણે ચીમનલાલને કહ્યું, "બાબુજી"!

ચીમનલાલે જોયું કે દુઃખ આવી પડયું. તે એક બાજુ જઈ બોલ્યો, " થોડી ખુશામત કરો. ફાંસી તો થોડાજ દેશે ! "

ટમટમ વાળાની આંખો ઉઘડી ગઈ. ચીમનલાલ આવો જવાબ આપશે, એવી તેને આશા ન હતી. તે ધ્રુજતો ધ્રુજતો ટમટમ ઉપરથી નીચે ઉતર્યો, અને પહેરાવાળાની સામે હાથ જોડી બોલ્યો, " સરકાર ! માફ કરો. ફરીથી આવી ભૂલ નહિ કરૂં. "

પણ પહેરાવાળાને તેનાં આંસુથી દયા ન આવી. તેણે નંબર લખી લીધો અને કહ્યું, " કાલે કોર્ટમાં આવજો. "

કોચમેન રડતો રડતો ઉપર બેઠો, અને ઘોડાને ચાબુક મારી બોલ્યો, " બાબુ સાહેબ ! તમે આ અંધેર જગાડયું છે ! "

પણ ચીમનલાલ ચૂપ રહ્યો. તેની આ ચૂપકીદીએ, કોચમેનનું હૃદય બાળી મૂકયું. સહાનુભૂતિનું એક વચન તો બોલવું હતું ? કોચમેને, ચીમનલાલને મનમાં ઘણી ગાળો દીધી. પણ ચીમનલાલ પોતાની પત્નીને સાડી બતાવવાના ઉત્સાહમાં હતો. કોચમેનની દરકાર નહતી.

(૪)

બીજે દિવસે સવારે કોચમેનને માજીસ્ટ્રેટની સામે ઉભો કરવામાં આવ્યો. મેજીસ્ટ્રેટની પ્રકૃતિ કઠોર હતી. તે ક્રોધમાં બોલ્યો, " તેં પાંચ બેસારૂઓ કેમ બેસાર્યા ? "

કોચમેને હાથ જોડી, આંખમાં આંસુ લાવી કહ્યું, "સરકાર ! આ વખતે માફ કરો. ફરીથી ભૂલ નહિ કરૂં. ગરીબ માણસ છું. "

"કાયદા પ્રમાણે ચાલતો નથી ને હવે રડવા લાગે છે ? "

" હજુર ! મા બાપ છો. આ પહેલી ભૂલ છે. માફ કરો. આખી જીંદગી દુઆ દઈશ. "

" હું ! "

" સરકાર ! સાચું કહું છું. ફરી આવા ખતા નહિ ખાઉં. માફ કરો, ગરીબ માણસ છું. દંડ ભરી શકું તેવી સ્થિતિ નથી."

માજીસ્ટ્રેટે થોડીવાર વિચાર કરી, પચીસ રૂપીઆ દંડ કર્યો. કોચમેન પાસે રૂપીઆ નહતા તેથી તેને જેલમાં રાખ્યો.

તેની સ્ત્રીએ આ સાંભળ્યું કે તરતજ તે જમીન ઉપર પડી ગઈ. થોડા વખત પછી શુદ્ધિમાં આવતાં, તે સહાયતા લેવા માટે ગુલાબચંદ પાસે ગઇ. કારણ કે તેનો પતિ એ શેઠની ટમટમ નવરાસને વખતે હાંકતો હતો. પણ તેણે કાંઇ મદદ ન આપી. નિરાશ થઇ પાછી આવી. જો ચીમનલાલને ઘેર ગઈ હોત તો દંડ તે ભરી આપત, પણ તેને વિશ્વાસ ન આવ્યો. તેણે ચીમનલાલને હત્તરો ગાળો દીધી. સ્ત્રી જ્યારે ગુસ્સે થાય છે ત્યારે તેણી સિંહણ જેવું રૂપ ધારણ કરે છે. જો આ વખતે ચીમનલાલ તેના હાથમાં આવે તો તેણી તેનું પેટ ચીરી નાખે. પણ વિવશ હતી. વિવશ માણસનું મોઢું બહુ ચાલે છે. તેણે ખૂબ ગાળો દીધી, અને બચ્ચાંને લઈ રડવા લાગી.

આ તરફ કોચમેન જેલમાં હતો, અને ચીમનલાલ તાવમાં બેહોશ પડયો હતો. રામપ્યારીના નેત્રમાંથી આંસુ વહેતા હતા. ઔષધ ઉપર ઔષધ આપવામાં આવતાં હતાં, પણ રોગ ઓછો થતો ન હતો. બે ત્રણ દિવસ પસાર થયા. ચીમનલાલનું શરીર તપી ગયું હતું. રોગ ઘટવાનું કાંઈ ચિન્હ દેખાતું નહતું. રામપ્યારીએ ઘણી બાધાઓ રાખી. હનુમાનજીને લાડવા જમાડવાનું કહ્યું, અને વારંવાર હાથ જોડી પ્રાર્થના કરતી, પણ તાવ જરા પણ ઓછો થતો નહતો.

ત્રીજા પહોરનો સમય હતો. રામપ્યારી ઓશીકા તરફ બેઠી બેઠી તેના મોઢા સામું જોઈ રહી હતી. તેવામાં તેણે આંખો ઉઘાડી કહ્યું, " પ્રિયે ! "

રામપ્યારીનું મોઢું ચમક્યું. રોમેરોમમાં આનંદ વ્યાપ્યો. તેણે ધીમેથી પૂછ્યું, " કાં કેમ છે તબીયત ? "

" કરમદીન બોદીબાલા કોચમેન છે; તેના પચીસ રૂપીઆ દંડ થયા છે. પણ તે દંડ મારો થવો જોઇએ."

" આપણો શા માટે ? "

" હું જબરજસ્તીથી તેની ટમટમ ઉપર ચઢી બેઠો હતો. તેમાં મારો વાંક છે, તેનો નથી. "

" પછી ? "

" તેને તે રૂપીઆ આપી દ્યો. "

રામપ્યારીએ નિશ્વાસ નાખતાં કહ્યું, " રૂપીયા ક્યાં છે? "

ચીમનલાલ ઉન્માદમાં હતો તે બોલ્યો, " મારા વાટવામાં બે ગીનીઓ છે. "

રામપ્યારીના હૃદયમાં બાણ જેવું લાગ્યું, કારણ કે કરમદીન જેલમાં ગયો, એ સમાચાર તેણે સાંભળ્યા હતા, પણ આ વાતનો પોતાના પતિ સાથે સંબંધ છે, એ વાતની તેને ખબર ન હતી. પતિના મોઢે અપરાધની કબુલાત સાંભળી, વિશ્વાસ આવ્યો કે ચીમનલાલને કોથમેનના નિસાસાનોજ તાવ છે. તે ઓસડથી નહિ ઉતરે। તેને માટે હૃદયના આશીર્વાદની જરૂર છે. તે ગભરાએલી ઉઠી અને પાડોશણ પાસે જઇને બોલી, " બેન, તારી પાસે પચીસ રૂપીઆ છે? પહેલી તારીખે પાછા આપીશ. "

પાડોશણ પાસે રૂપીઆ તો હતા, પણ તે આપવા ખુશી નહતી. મોહું ચઢાવી તે બોલી, " નથી, મારી પાસે રૂપીઆ નથી. હોત તો તે તમારાજ છે ને ! તેમાં કાંઈ વાંધો હોય ? "

આ જવાબથી રામપ્યારીના હૃદયમાં આઘાત થયો. આ તે જ પાડોશણ હતી, કે જેને રૂપીઆ રૂપીઆની મીઠાઈ ખવરાવી હતી. પણ ખરા વખતે આવી રીતે મોઢું છુપાવવા લાગી, જરા પણ વિચાર ન ર્ક્યો. તેના લુખા જવાબે રામપ્યારીની આંખો ઉઘાડી નાખી. આગલો નકામો ખર્ચ આંખો સામે તરવા લાગ્યો. વિચાર્યું કે જો પહેલેથી ઓછો ખર્ચ રાખ્યો હોત, તો આજે પચીસ રૂપીઆ માટે બીજા પાસે હાથ લાંબો કરવા જવું ન પડત. આ પાડોશણનો પતિ મહિને પચાસ રૂપીઆ કમાય છે, અને મારા ઘરમાં સો કરતાં વધારે આવક છે, છતાં હાથમાં પૈસો નથી. ચીમનલાલે તેને લાખો વાર સમજાવી, પણ તે ન સમજી. પરંતુ આ નાની સરખી ઘટનાથી તેનું હૃદય ડગમગી ગયું. જે કામ એક ઘડાથી ન થાય, તે કવાથના બે ટીપાંથીજ થઈ જાય છે.

(૫)

રામપ્યારી રડતી રડતી ઉઠી, અને હાથમાં નવી સાડી લઈ ટાંગામાં બેઠી; અને શહેરમાં કાપડીયાને ત્યાં જઈ બોલી, "આ સાડી લઈ લ્યો. મને પસંદ આવતી નથી."

કાપડીયાને તેમાં વધારે નફો થયો હતો તેથી તેણે કહ્યું, "કોઇ, બીજી બતાવું ?"

રામપ્યારી, સાડી પસંદ ન આવી તે માટે પાછી આપતી નહતી, પરંતુ જરૂરીયાતને માટે પાછી આપતી હતી. જો આ ખબર કાપડીયાને પડી જાય, તો તે સાડી પાછી રાખે નહિ, તેથી તેણે જવાબ દીધો, "બતાવો."

કાપડીઆએ ઘણી જાતની સાડીઓ બતાવી, પણ રામપ્યારીએ દરેક સાડીમાં કાંઇને કાંઇ દોષ કાઢયો. કાપડીઆએ હારી જઇ રૂપીઆ પાછા આપ્યા. આ રૂપીઆ હાથમાં લેતાં, તેને લાગ્યું કે તે પોતાના પતિનું સ્વાસ્થ્ય પાછું લેતી હતી. સાડી નવી ખરીદતી વખતે આનંદ હતો, તે કરતાં પાછી આપતાં વધારે આનંદ હતો.

સાંજ થઈ ગઇ હતી. રામપ્યારી ઈચ્છરે પહોંચી, અને સીધી કરમદીન કોચમેનને ઘેર ગઇ. કમાડ બંધ હતું. રામપ્યારી અપરાધીની પેઠે નીચું માથું રાખી, ઉભી ઉભી વિચાર કરવા લાગી: "કમાડ કેવી રીતે ઉઘડાવું ?" એટલામાં અંદરથી અવાજ આવ્યો, "અલ્લાહ ! તેનો બેડો પાર કર ! મારો ધણી જેલમાં છે અને તે ઘરે પડયો છે. જેની ભૂલ હોય તેનું સત્યાનાશ કર. અલ્લાહ ! તેને જુવાનીનું મોત આપ !"

રામપ્યારીથી સહન ન થયું. તેણે જોરથી સાંકળ ખખડાવી. [illegible] બીબીએ કમાડ ઉઘાડયું. રામપ્યારીને વિચાર થયો કે [illegible]ની ગાળોનો જવાબ આપું, અને તેનું મોઢું બંધ કરી દઉં. [illegible]ણ તેની જીભ, જેમ પગ જમીનમાં ચોંટી જાય છે, તેમ ચોંટી ગઇ.

કોચમેનની બીબીએ જોયું કે, કોઇ સારા ઘરની બાઈ [illegible]ભી છે. તેણે ગભરાઈ જઈ પૂછયું, "તમે કોને બોલાવો છો ?"

"તમને."

"મને?"

"હા, હા. હું તમારી અપરાધી છું. તમારી પાસે ક્ષમા માગવા આવી છું."

કોચમેનની સ્ત્રીએ આશ્ચર્ય પામી કહ્યું, "ચોકખું બોલો. આપ શું કહેવા માગો છો?"

"તમે હમણાં કોને ગાળો દેતા હતા?"

"ચીમનલાલને. તેણે મારા ધણીને જેલમાં પૂરાવ્યો છે."

"હું તેની સ્ત્રી છું."

કોચમેનની સ્ત્રી સ્થંભીત થઇ ગઇ; અને નમ્રતાપૂર્વક વિનયથી બોલી, "મારૂં મન બહુ દુઃખી થયું છે. મારી જીભ મારા કાબુમાં નથી."

જ્યારે ક્રોધ નમ્રતાનો આકાર ધારણ કરે છે, ત્યારે અભિમાની પણ પોતાનું માથું નીચું નમાવે છે. રામપ્યારીએ હાથ જોડી કહ્યું, "બેન, ગાળો તેને ન આપો, મને આપો. એ મારો વાંક છે. તે મને રોજ કહેતા, પણ હું સમજતી નહિ, અને તેથી આજે આ દશા ભોગવવી પડે છે. મખમલી સ્લીપર સિવાય મને મજા આવતી નહિ. રેશમનું થાન મારે માટે મંગાવ્યું હતું. સાડી મારે માટે લાવવામાં આવી હતી. તમારી અપરાધી હું છું. તમારા શાપ મારા નામ ઉપર પડવા જોઇએ. તે તમારા પતિનો દંડ ભરી આપવા ઇચ્છે છે, પણ મારો નકામો ખર્ચ તેમાં અડચણ રૂપ થયો. તમે મને ગાળો દો, મને શાપ દો, તમારી ગુન્હેગાર હું છું."

કોચમેનની સ્ત્રીએ માથું ઉંચું કરી જવાબ આપ્યો, "મારી જીભમાં કીડા પડો. હું આવું ક્યાંથી બોલી? પણ શેઠાણી! જુઓ, મારા ઘરની બધી ઘરવખરી પચીસ રૂપીઆ જેટલી પણ નથી. કપડાં વેચીને પણ હું તેને છોડવી લાવું તેમ નથી. અમે પણ

સારા દિવસો જોયા છે, પણ આજે પૈસા પૈસા માટે લાચાર છીએ. જ્યારથી તે કેદમાં પડ્યા છે, તે દિવસથી મેં રાંધ્યું પણ નથી."

રામપ્યારીએ સાડીના છેડેથી રૂપીઆ છોડી, કોચમેનની સ્ત્રીના હાથમાં મૂક્યા. જેમ સૂર્યનાં સોનેરી કીરણો પાણી ઉપર નાચે છે તેવી રીતે તેનું મન આનંદથી નાચતું હતું. તેણે સારામાં સારૂં ખાણું ખાધું હતું; સારામાં સારા વસ્ત્રો પહેર્યાં હતાં; ઘણી ધનવાન સ્ત્રીઓને મળી હતી; પણ તેને આજના જેવું સુખ કદી પણ મળ્યું ન હતું. આ આનંદથી તે કેળના પાંદડાની પેઠે ઝુલવા લાગી.

કોચમેનની સ્ત્રી, કૃતજ્ઞતાના ભાવથી રામપ્યારીના પગમાં રડતી રડતી પડી ગઈ અને બોલી, "મને માફ કરો, મેં તમને બહુ દુઃખ દીધું છે!"

રામપ્યારીએ તેને ઉઠાડી, પોતાના ગળે લગાડી કહ્યું, "તેમને બે દિવસથી શરીરનું પણ ભાન નથી. તેમને માટે દુવા કરો કે જેથી તેનો તાવ ઉતરી જાય."

કોચમેનની સ્ત્રી ઘુંટણીએ પડી, અને બે હાથ ઉંચા કરી બોલી, "અલ્લાહ! તેને રાજી કર. તેના કલેજાને ઠંડક કર."

રામપ્યારી અધીરાઈથી ઘેર પહોંચી. પરંતુ હૃદયની આશીશ તેના પહેલાં પહોંચી હતી. ચીમનલાલનો તાવ ઓછો થયો હતો, અને ધીમે ધીમે પોતાની પુત્રી સાથે વાત કરતો હતો. રામપ્યારીને જોઇ તે બોલ્યો, "સાડી હાથથી ગઇ."

"પરંતુ તેને બદલે એવી શીખામણ મળી છે કે, જીંદગીભર ભૂલી શકાય નહિ. આપની તબીયત કેમ છે?"

"સારી છે."

બીજે દિવસે તેનો તાવ ઉતરી ગયો.*

મનુભાઈ જોધાણી.

---

* સુપ્રસિદ્ધ હિન્દી લેખક રા. સુદર્શનની એક વાર્તાનો અનુવાદ.

જાપાનના ધરતીકંપનો અનુભવ.

(અંગ્રેજીમાં લખનાર: મીસ હંસા મનુભાઇ મહેતા, બી. એ.
અનુવાદ કરનાર: મીસીસ શારદા દિવાન, બી. એ.)

વર્ષનો ૨૧૦ મો દિવસ!

જાપાનીઝ પંચાંગમાં વર્ષનો બસે દસમો દિવસ અશુભ ગણાય છે. વહેમી લોકોની માન્યતા પ્રમાણે સ્હેજ ધરતીકંપ અથવા તો મોટું તોફાન તે દિવસે થવું જ જોઇએ. સામાન્ય લોકો માને છે કે જો તે દિવસ સારો જાય તો આખું વર્ષ પણ સારૂં જાય.

આ વખતે તે દિવસ સપ્ટેમ્બરની પહેલીએ આવ્યો. પ્રભાત થતાં સ્હેજ પવન સાથે ઝરમર ઝરમર વરસાદ વરસવા લાગ્યો. મોટા દરિયાઇ તોફાનનાં આ ચોક્કસ ચિન્હો હતાં. હું એક જાપાનીઝ સ્ત્રીને મળી મારે ઉતારે (ઇમ્પીરીયલ હોટેલમાં) બારેક વાગ્યાને સુમારે તરત જ પાછી ફરી હતી. હું વાંચવાનો કાંઇક પ્રયત્ન કરતી હતી એટલામાં એક ભયંકર અવાજ મારે કાને પડયો. એ શું હતું! મને પહેલાં તો એ વંટોળિયાનો સુસવાટ લાગ્યો. પરંતુ તરતજ આખું મકાન તાઢીયા તાવથી પીડાતા માણસની માફક થરથરવા લાગ્યું, અને મારો સંશય થોડી મીનીટમાં દૂર થયો. એ તો ધરતીકંપ હતો. મારી ઓરડી સમુદ્રમાં ઝોલા ખાતા વહાણના જેવી થઇ રહી, અને જે ખુરશી પર હું બેઠી હતી તેણે પણ ડોલવું શરૂ કર્યું. રસ્તાપરથી લોકોની ચીચીયારીઓ આવતી સંભળાઇ, અને મેં બારીએથી જોયું કે આસપાસનાં મકાનોમાંથી બધા બહાર આવતાં હતાં.

ધરતી એટલા જોસથી હાલતી હતી કે મારાથી સરખા ઉભા પણ રહેવાતું ન હતું. ત્યારે બહાર જવાની હિમ્મત તો કયાંથીજ કરૂં ? હું ત્યાંજ બેસી ગઇ. જો 'ઇમ્પીરીયલ હોટલ" પણ બીજાં મકાનોની માફક પહેલે જ આચકે બેસી ગઈ હોત તો મારા જેવાં ઘણાંએ દટાઇ ગયાં હોત. પરન્તુ થોડા વખત પછી—જે મને તો વર્ષોના વર્ષ જેટલો લાગ્યો—પહેલો આચકો પુરો થયો. મેં બારણું ઉઘાડી જોયું તો બધે અંધકાર હતો; ફક્ત બે અમેરીકન સ્ત્રીઓ મળી અને તેઓ પણ મારી માફક નીચે જવાનો પ્રયત્ન કરતી હતી. અમે ફાંફાં મારતાં, અંધારામાં અથડાતાં કુટાતાં, દાદર ઉતરી ઉઘાડા ચોકઠામાં આવી પહોંચ્યાં. ત્યાં પહોંચતાની સાથેજ અમે બીજો આચકો અનુભવ્યો. અને એ જો કે તે પહેલા જેવો સખ્ત ન હતો તો પણ અમે મુશ્કેલીથીજ સીધા ઉભા રહી શકયાં. અમારી હોટલ હીંચકાની માફક આમથી તેમ ઝોલા ખાતી હતી. ચોકઠામાં આવેલું પાણીનું ખાબોચીયું પણ તોફાની સમુદ્રની માફક પાણી ઉછાળતું હતું. થોડીવારમાં ત્રીજો આચકો આવ્યો અને અમે બધાં ગભરાટમાં પડયાં.

ગભરાટ.

એક સ્ત્રી ગાંડાની માફક આમતેમ પોતાના બાળકની શોધમાં દોડતી હતી ત્યારે બીજી 'સચેોકન' હોટલમાંથી નીકળી પોતાના પતિની શોધમાં પડી. 'સંચોકન હોટલ'ના બે માળ પડી ગયા છે અને આ સ્ત્રી મહા મહેનતે હોટલમાંથી નીકળતા ટોળામાંથી રસ્તો કરી શકી હતી. ઈમ્પીરીયલ હોટલનું વધારાનું મકાન પણ પડી ગયું હતું; અને વિઝીટરો પોતાનો સરસામાન લઇ મુખ્ય મકાન તરફ આવતાં હતાં. બહાર ઘોટ અને ચીચીયારીઓ ચાલુ જ હતી. આટલું થયા છતાં જાપાનને જે મહાન નુકશાન થયું હતું તેની તો અમને કલ્પના સરખી પણ નહતી; તેમજ અમે જે જોખમમાંથી બચ્યાં હતાં તેનો ખ્યાલ પણ નહતો. હાલ તુરત તો અમને રોજના ખપની ચીજોની જરૂર પડી. એટલામાં કોઈક ખબર લાવ્યું કે પાણીના [illegible] ટયા હતા અને પાણી

મળવું અશકય હતું. વળી એક અમેરીકન સ્ત્રી જે "ટોકીયો"માં ઘણા વખતથી રહેતી હતી તેણે અમને કહ્યું કે તે દુરસ્ત કરતાં તો ઘણા દિવસો થશે. કાચની રકાબીઓ વગેરે જે ટેબલપર જમવા સારૂ તૈયાર કરી હતી તેના ચુરેચુરા થઈ ગયા હતા. રસોડામાં પણ તેજ સ્થિતિ હતી. ધરતીકંપ નરમ પડતાં અમે હોટલપર નોટીસ વાંચી કે બપોરનું ખાવાનું આપવામાં નહિ આવે. પેટમાં ભૂખ છતાં ખાવાનું ન મળવાથી તેમજ કેટલા દિવસ આમ ચલાવવું પડશે એનો વિચાર કરતાં અમે ખરા તડકામાં બેસી રહયાં. ધરતી હજી તદન શાંત થઈ ન હતી એટલે હોટલમાં જવાનું જોખમ ભરેલું હતું. હજી વખતો વખત ધરતી અમને ડોલાવતી હતી. એક અમેરીકન સ્ત્રીએ પોતાની સાથે થોડાં બીસકીટ લઇ લીધાં હતાં તે અમે બધાંએ ચાવવા માંડયાં. શું કરવું તે સમજાયું નહિ.

ચારે તરફ આગ.

ઘણાં હોટલમાંથી લોકો "હીબીઆ પાર્કમાં" દોડી ગયાં હતાં તેમાંથી કેટલાંક પાછા આવ્યાં. કેટલાંક શહેરમાં ધંધે ગયાં હતાં ત્યાંથી આવ્યાં અને પોતાના અનુભવો અને નવી ખબરો કહેવી શરૂ કરી. તેઓએ કહ્યું કે ઘણાં મકાનો પાનાના રમકડાના મકાનની માફક પડી ગયાં હતાં. અને લોકો તો એટલાં ગભરાયલાં હતાં કે ગાંડાની માફક દોડા દોડી કરી રહયાં હતાં અને રસ્તો કરવા ગમે તેમ અંદર અંદર મારામારી કરતાં હતાં. એક પુરૂષે બુદ્ધની લાકડાની મુરતી પોતાને મારવામાં આવી હતી તે બતાવી. પણ એક ખબરે અમને બહુજ દિલગીર કર્યા—આખું શહેર અગ્નીમાં હોમાયું હતું અને પાણીની બહુજ તંગી હતી. સૌથી પહેલું "મેટ્રો પોલિટન" પોલિસ સ્ટેશન બળી ગયું હતું. "હીબીઆ પાર્ક રેસ્ટોરા"-ને આગ લાગી હતી. આગની ધૂણી ચારે બાજુએ દેખાતી હતી. અમારા જમવાના ઓરડામાં બે બાજુએ લાકડાંનું આવરણ હતું ત્યાં એક નાની ચણગારી પડી અને ધુણી નીકળવા માંડી, પણ તરત ઉપાય લેવાથી આગ અટકી ગઇ. શહેરમાંથી કેટલાંક બીજાં પાછા આવ્યાં અને ખબર લાવ્યાં કે 'ઇમ્પીરીયલ' થીયેટરને આગ

લાગી હતી. 'ઇમ્પીરીયલ' થીયેટર જાપાનનું વખાણવા લાયક સૌથી સુંદર સ્થળ છે. ભાગ્યેજ કોઇ મુસાફર તે જોયા વગર પાછો ફરતો હશે ! પણ અમે આ વિચારે દિલગીર નહોતાં થયાં, અમારી બ્હીક બીજી હતી. ઇમ્પીરીયલ થીયેટર અમારી હોટેલની લાઈનમાં થોડેજ દૂર હતું. તે કદાચ અમારા તરફ અગ્નિ લાવશે એ બ્હીકે અમને વધારે બાવરાં બનાવ્યાં. અમે બ્હાર આવી જોયું તો 'હીબીયા પાર્કમાં' લોકોનાં ટોળેટોળાં એકઠાં થયાં હતાં, અને રસ્તાપર પણ હજારો માણસ આ આગ જોવામાં રોકાયા હતા. પાણી મળે એમ નહતું. દરેક જણ વીલે મોઢે આ જાપાનનું સુંદરમાં સુંદર આભૂષણ બળતું જોઈ રહ્યું. એટલામાં આગ અમારી હોટેલની પાછલી બાજુએથી આવતી જણાઇ. હોટેલની એક બાજુનું મકાન પુરજોસથી સળગવા માંડ્યું. નોકર વર્ગે પાસેના ખાબોચીયામાંથી પાણી લઇ હોટેલની તે બાજુની ભીંત ભેજવાળી રાખવા પ્રયત્ન કરવા માંડયો. પાસેના મકાનમાં આગ આગળ વધવા માંડી એટલે મેનેજરે અમને અમારો સામાન તૈયાર રાખવા કહ્યું. કેટલાક પોતાનો સામાન લઇ "હીબીયા પાર્ક" ગયાં, અમે નીચે લાવી તૈયાર રાખ્યો. આગને લીધે તાપ એટલો સખ્ત લાગતો હતો કે અમે એક જગ્યા પર પાંચ મીનીટ ભાગ્યેજ ઉભા રહી શકતાં હતાં. બચવાની આશા તો દૂર અને દૂર જતી દેખાઇ.

એક નવો શત્રુ.

થોડા વખત સારૂ ધરતીકંપની બ્હીક ભુલાઇ ગઇ અને આગે અમને ત્રાસ આપવા માંડયો. અમે એક શીન્ટોના પાદરીને પ્રાર્થના કરતા જોયા. એમનો ઇરાદો કોપાયમાન થયલા અગ્નીદેવતાને પ્રાર્થનાથી પ્રસન્ન કરવાનો હતો. આગનો બંબો મદદે આવવાની આશા ન હતી. એટલામાં પાસેનું મકાન આખું ઢગલો થઈ પડયું અને અમારી ચિંતા દૂર થઇ. ચોકઠામાં જઇ બેઠાં અને થોડા કેક અને બીસકીટ એક અમેરીકન સ્ત્રી પાસે હતાં તે ખાધાં. અંદર સુવાનું સલાહ ભરેલું ન હોવાને લીધે કેટલાંક ગાદલાં બહાર મંગાવ્યાં, અને તે ઉપર બાયાળુ અમેરીકન સ્ત્રીઓ સાથે હું પણ સુતી.

હોટલ તરફથી નવેક વાગે અમને થોડું ખાવાનું આપવામાં આવ્યું રૂચી ન હોવાને લીધે અમે સુઇ જ રહેવાનું વધારે પસંદ કર્યું તેજ રાત્રે એક પુરૂષ તરફથી અમને "યોકોહામા" શહેરની ખબર મળી. તેણે કહયું કે એ જે હોટલમાં હતો ત્યાંનાં ફક્ત બે કે ત્રણ રહેવાશીઓ જીવવા પામ્યાં હતાં અને યોકોહામા શહેર તદન નાશ પામ્યું હતું. જ્યારે એક બાજુએથી આવી ભયંકર વાતોની છાપ મગજપર પડતી ત્યારે બીજી બાજુએ કેટલીક વાર ચણગારીઓ અમને ઝબકાવતી હતી અને લોકોની ચીચીયારીઓ સંભળાતી હતી. આવા સંજાગોમાં અમે કંઇક ઉંઘવા પ્રયત્ન કર્યો. બીજે દિવસે અમને ખબર પડી કે એ ચીચીયારીઓ તો રાજમેહલ તરફથી આવતી હતી. કારણ કે કેટલાક કોરીયાના વતનીઓએ તે ઉપર હુમલો કર્યો હતો. હજી ધરતીકંપ નરમ પડયો ન હતો અને રાતમાં અમે એક બે વખત જાગ્યાં પણ હતાં.

દિવસ બીજો.

બીજા દિવસે અમારો દેખાવ ખરેખર વિચિત્ર જ હતો! મોહું ધોવાનું પાણી પણ મળ્યું નહતું. નવેક વાગે અમને થોડું એક ખાવાનું આપવામાં આવ્યું અને તે અમે ખાતાં હતાં એટલામાં ધરતીમાતા વળી કોપાયમાન થયાં હોય એમ લાગ્યું. અમે બધાં બહાર ચોકઠા તરફ દોડયાં, પણ ગભરાવા જેવું ન હોવાને લીધે પાછા અંદર આવી ખાવું શરૂ કર્યું. જે પુરૂષ યોકોહામાની ખબર લાવ્યા હતા તેમણે અમારાં–પરદેશીયોનાં નામ પેપરમાં મોકલવા વચન આપ્યું હતું, પણ અમારૂં લીસ્ટ તૈયાર થયું ત્યારે તો એ ચાલી ગયા હતા. અમેરીકન કૉનસલ તરંત કામે લાગી ગયા. અમેરીકનો જે સહીસલામત હતા તેમનાં નામો વાયરલેસથી મોકલવા તૈયાર કર્યાં. થોડીવારમાં બ્રીટીશ કોનસલ પણ આવી પહોંચ્યા. પરંતુ જે સંદેશો આ લોકોએ મોકલવા કહ્યું હતું તે તેઓએ મોકલ્યો નહતો.

તે દિવસે માર્શ્યલ લૉ જાહેર કરવામાં આવ્યો. કોરીયન્સો-

એ તોફાન મચાવ્યું હતું. કુવાઓમાં ઝેર નાખવા તે પ્રયત્ન કરતા હતા અને ઘરોને આગ લગાડતા હતા. જાપાનીઝ અને કોરીયન્સ વચ્ચે તકરાર જામી હતી અને ઠેકઠેકાણે લુંટ તો જારૂજ હતી. આવા સંજોગોમાં અમારો પત્તો ખાય એમ હતું જ નહિ એટલે જોખમ ખેડવા કરતાં ત્યાંજ કેદીની માફક બેસી રહેવું અમે પસંદ કર્યું. પુરૂષો બહારથી ખબર લાવ્યા કે રસ્તાઓપર મુડદાં ઠેકઠેકાણે પડયાં હતાં અને આગ હજુ ચાલુજ હતી. તેજ દિવસથી અમને નેમણુંકી ખોરાક આપવામાં આવ્યો. જ્યારે હજારો માણસો ભુખમરો વેઠતાં હતાં ત્યારે અમે થોડું ખાવાનું મેળવવા નશીબદાર થયાં હતાં. ચોથે દિવસે વધારામાં અમને તડબુચની એકએક ચીરી આપવામાં આવી. પાણી નાની શીશીઓમાં ભરી વહેંચવામાં આવતું હતું. કેટલીકવાર અમને જીંજર (અને એવી પીણાં)ની બાટલીઓ પીવા સારૂ મળતી હતી. અમેરીકન કોનસલની ઓફીસમાં આગ લાગવાથી બીજે દિવસે રાત્રે તેમણે તેમના કુટુંબ સાથે અમારી હોટેલમાં આશરો લીધો. આખું એલચીખાતું પણ હોટેલમાંજ આવ્યું. તે લોકો અમેરીકનોને ટોકીયોમાંથી બહાર લઈ જવાની ગોઠવણ કરતાં હતાં. તે લોકોનો વિચાર આ ઘરબાર વગરના અમેરીકનોને અમેરીકન ડીસ્ટ્રોયર્સ (લશ્કરી વહાણ)માં યોકોહામા લઈ જવાનો હતો. યોકોહામાથી એમને જયાં જવું હોય ત્યાં જતી મોટી સ્ટીમરો મળી શકે એમ હતું. જો કે આ ગોઠવણ અમેરીકનો સારૂ થઈ હતી પણ બીજા દેશના માણસોને જવું હોય તો તેઓ લઈ જવા તૈયાર હતા. બ્રીટીશ કોનસ્યુલેટ બ્રીટીશરોને મદદ કરતું હતું. એમણે તો કંઈક અદ્ભુત રસ્તો ખોળી કહાડયો ! "કોબે" જવા અમને ટ્રેનની ટીકીટ મફત આપવા કહ્યું. ગોઠવણ તો ઠીક હતી પણ ધરતીકંપને લીધે ટોકીયોમાં તેમજ ટોકીયોની આસપાસ દૂર સુધી રેલ્વે લાઇનો નિયમીત ચાલતી ન હતી. કોબે જવાની ટ્રેન પકડવા સારૂ હોટેલથી ફક્ત ચાલીસ જ માઇલ જવાનું હતું ! તે ચાલીસ માઈલ કેવી રીતે કાપવા તેનો વિચાર પોતે ન કરતાં

બ્રીટીશ કોનસ્યુલેટે અમારી મુનસુફી પરજ સોંપ્યો. બધી મોટરો, અને ટેકસીઓ સરકારે કામમાં લઈ લીધી હતી એટલે એ મળી શકે એમ નહતી. ટેક્સીઓ હોત તો પણ અમારી સ્થિતિ વધારે પૈસા આપી શકે એવી નહતી, તેમજ અમારે સામાન પણ ત્યાંજ રહેવા દેવો પડત. પણ મોટી મુશ્કેલી તો એ હતી કે ટ્રેનો બહુજ ભરેલી રહેતી. હજારો માણસ ટ્રેનમાં ચડી બેસવા ધસતાં હતાં. ઘણાં તો જગા ન હોવાને લીધે ટ્રેનના ડબાઓના છાપરા-પર ચડી બેસતાં હતાં. આ નાસભાગને લીધે ઘણાને ઈજા પણ થતી હતી. આવા સંજોગોમાં કોબે જતી ટ્રેન પકડવી એ અમને સલાહ ભરેલું ન લાગવાથી અમે બ્રીટીશ એલચીની વાત સ્વીકારી નહિ.

અમેરિકન વહાણ ઉપર.

પહેલે દિવસે લોકો બહુજ ગભરાયલા હતા પણ બીજે દિવસે લશ્કરી કાયદો જાહેર થવાથી લોકો શાંત થયાં હતાં અને બંદોબસ્ત જળવાયો હતો. ગમે તેવા લોકો હોટેલમાં ઘુસી જતાં હોવાને લીધે મેડીકલ ઇન્સ્પેકશન કરવામાં આવ્યું અને હોટેલના રહેવાશીઓને નિશાન પટા આપવામાં આવ્યા. આને લીધે ગમે તેમ કોઈ દાખલ થઈ શકતું નહિ. કોરીયન લોકોએ તોફાન મચાવ્યું હતું. તે સાંભળી જાપાનીસોનો મીજાસ ગયો હતો અને તેથી જેટલા કોરીયન્સોને રસ્તામાં દેખતા તેટલાંને મારતાઃ ગવર્ન્મેન્ટે નોટીસ ફેરવી કે કેટલાક કોરીયન્સ તેમની મદદમાં હતા માટે આવો જુલમ તેઓપર કરવો નહી. ચાર રાત અમે બરાબર કપડાં પહેરી ખુલ્લામાંજ સુઈ રહ્યાં. એક વખત વરસાદ પડવાથી અમારે અંદર જવું પડયું હતું. વરસાદનીજ ફક્ત હેરાનગતી ન હતી. થોડા મોટા આંચકા પણ આવતા હતા. પાંચમે દિવસે સ્હાંજે અમેરીકન કોનસ્યુલેટે જણાવ્યું કે અમેરીકન ડીસ્ટ્રાયર બીજે દિવસે સ્હવારે અમેરીકનોને લઈ જવા તૈયાર રહેશે. અમારે સારૂ બ્રીટીશ કોનસલ કશું કરી શકયા ન હતા. તેમણે અમેરીકન કોનસલની મદદ લીધી અને અમેરીકનોની સાથેજ જવાની ગોઠવણ

મૂળાની વાસ તો તેના કરતાં પણ ચડીયાતી હતી. મારે આખી રાત ત્યાંજ કાઢવી પડી; પણ તે ગને શિક્ષા બરાબર લાગ્યું.

જ્યારે હું કોબે આવી ત્યારે મારી કસોટી પુરી થઇ. ત્યાંના હિંદીઓએ એક દુઃખ નિવારણ કમીટી નીમી હતી અને ટોકીયો, યોકહોમા વીગેરેથી આવેલા દરેક ઘરબાર વગરના હિંદીઓને મદદ આપતાં હતાં. મારી આગતા સ્વગતા કરવાની પણ તેમણે આતુરતા જણાવી. મેં સૌથી પ્હેલું એમની પાસે શું માગ્યું હશે! મેં ફક્ત સ્વચ્છ પીવાનું પાણી અને ભરપટે ન્હાવાનું પાણી માગ્યું.

ઝુબેદા ખાતુન.

સ્ત્રીઓમાં ભૂષણરૂપ આ રમણી ઝુબેદા ખાતુન જગપ્રસિદ્ધ ખલિફા હારૂન–અલ–રશિદની પત્ની અને ખલિફ–અલ–મનસુરના પુત્ર અબુ જાફરની પુત્રી હતી. એ પરમ સદ્‌ગુણી, પવિત્ર અને પરોપકારી બાઈ હતી. પરણતાં પહેલાંની કુંવારી જીંદગી ત્હેણે ઉદાસીન ભાવે પારકાંઓનું દુઃખ દૂર કરવામાં જ ગાળી હતી. સ્હવારથી માંડીને એ મોકળે હાથે ગરીબોને ધન વ્હેંચતી હતી. નગરવાસીઓને મુખે ઝુબેદાની એ સખાવતની વાતો ઘેરેઘેર ગવાતી.

એ પરોપકારી, સેવાપરાયણ દેવીને જીવનની પ્રથમ અવસ્થામાં ઘણી જાતનાં દુઃખ પડયાં હતાં. ઝુબેદા સ્હમજણી અને શાણી થઈ એટલામાં તેઓનાં માત પિતા સ્વર્ગવાસી થયાં. એને બે મ્હોટી બ્હેનો હતી. ત્રણે બ્હેનોએ પિતાનું ધન વ્હેંચી લીધું, અને એ ધન વડે રેશમનું એક મ્હોટું કારખાનું ઉઘાડયું. એ કારખાનામાં એટલો બધો નફો થયો કે થોડા દિવસોમાં જ એ પુષ્કળ ધન વૈભવની માલિક બની ગઇ.

ઝુબેદાની બન્ને બ્હેનો પોતપોતાના ભાગનું ધન લઇને પરણી ગઈ અને ત્હેમણે જુદો સંસાર માંડ્યો. પણ ઝુબેદાને સંસાર પ્રત્યે અણગમો હતો. ઘણાયે ધનાઢ્ય, આબરૂદાર અને સુન્દર યુવકોએ ત્હેને માટે માંગાં મોકલ્યાં, પણ તેઓના મનોરથ પૂરા ન પડ્યા અને નિષ્ફળ થઈ પાછા ફરવું પડ્યું. ઇશ્વરની ઉપાસના અને પુણ્યદાન કરવામાં જ ઝુબેદાને સંતોષ થતો હતો.

થોડા દિવસ પછી ત્હેની બન્ને બ્હેનોને એમના પતિઓએ કહાડી મુકી અને તેઓ પણ ઝુબેદાની પાસે આવીને રહી. ઝુબેદાએ ત્હેમને માતા સમાન ગણીને ભક્તિપૂર્વક પોતાના ઘરમાં રાખી.

થોડા દિવસ પછી ઝુબેદાને વિચાર થયો કે જમીનને રસ્તે તો ઘણો વેપાર કર્યો, હવે જળ-માર્ગે વેપાર કરવો જોઇએ. સ્હેલની સ્હેલ થશે અને કમાણી પણ સારી થશે. એક સુંદર વહાણમાં વેપારની જણસો ભરીને ત્હેણે પેરિસ નગર તરફ હંકાર્યું. એ વખતે ત્હેની બ્હેનોની બુદ્ધિ ભ્રષ્ટ થઈ અને અદેખાઇને લીધે ત્હેમણે ન્હાની બ્હેન ઝુબેદાને સમુદ્રમાં ફેંકી દીધી. પરન્તુ મારનાર કરતાં બચાવનાર-હજાર હાથનો ધણી પરમેશ્વર-વધારે સમર્થ હોય છે. દૈવની કૃપાથી ઝુબેદા આ આફતમાંથી ઉગરી ગઈ અને મહામહેનતે બગદાદ પહોંચી.

ત્હાં આગળ બગદાદના બાદશાહ ખલિફા હારૂન-રશિદે ઝુબેદાના ગુણથી મુગ્ધ થઈને ત્હેની સાથે લગ્ન કર્યું. ખલિફા હારૂન રશિદ જેવી રીતે ઇનસાફ અને પ્રજાનું પાલન કરવા માટે આખી દુનિયામાં પ્રાતઃસ્મરણીય થઈ પડયો છે, તેવી જ રીતે ત્હેની પત્ની દેવી ઝુબેદા પણ દયા, સુજનતા અને પુણ્યદાન દ્વારા તથા જંગલી એકાંત પર્વતોથી ઘેરાયલા મુસલમાનોના પવિત્ર ધામ મક્કા નગરમાં એક નહેર ખોદાવીને સ્હવારના પહોરનું નામ બની ગઈ છે. એ નહેર બંધાવવામાં ત્હેણે એક કરોડ ને સાત લાખ રૂપિયા વાપર્યા હતા. ઈ. સ. ૭૮૦, હિજરી ૧૫૮ માં એ કામ પાર પડયું હતું. મક્કા શરીફની આ મ્હોટી નહેર-નહેર

પરિણામે ઘણા પુરૂષોએ પોતાની વિષયાસક્તિ છોડી હોય એવું તો બન્યું નથી; એ તો જેણે છોડી છે તેણે પોતાના ચિત્તને વિચારથી સ્થિર કરીને જ છોડી છે. પણ સ્ત્રીઓને હલકી અને અવગણના કરવા યોગ્ય માનવાની વૃત્તિ કેળવી છે ખરી. આને પરિણામે એવું બન્યું છે કે આપણો ગૃહસ્થાશ્રમ શુદ્ધ નથી રહ્યો. ગૃહસ્થાશ્રમનો આશ્રય પુરૂષ અને સ્ત્રી બન્નેમાં રહેલી પશુતાને હટાવી, બન્નેના ચિત્તને નિર્વાસનિક કરી, બન્નેનો ઉદ્ધાર કરવામાં સાધનભુત થાય, તોજ એ આશ્રય પવિત્ર છે, ધર્મથી વિરૂદ્ધ નથી, એમ કહી શકાય. પણ સ્ત્રી પ્રત્યે હલકી ભાવના ધારણ કરવાથી પુરૂષની વિલાસિતા ઓછી નથી થતી; પણ સ્ત્રીને પોતાના જેવુંજ સુખ–દુઃખ, હર્ષ–શોક, માન–અપમાનની લાગણીઓવાળું શ્રેષ્ઠ માનવ જાતિનું પ્રાણી ગણવાને બદલે, તેને પોતાની સર્વે પાપી વૃત્તિઓને પોષવાનું, પોતાનાં સુખ અને સગવડો સાધવાનું સાધન કરી મૂકે છે. એની સર્વે સેવાઓ સ્વીકાર્યા છતાં એના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવતો નથી: જે સમાજની સ્ત્રીઓમાં એક પતિવ્રતપણાનો નિયમ રૂપે અમલ થાય છે; તેજ સમાજના પુરૂષોમાં એક પત્નીવ્રતપણું એ અપવાદ રૂપેજ પળાય છે. એવું આપણા સમાજમાં આશ્ચર્ય છે! તમે દરેક બ્હેન સીતા જેવી પતિપરાયણ થાઓ એમ દરેક પુરૂષ ઇચ્છે છે; પણ પોતા ઉપર રામનું એકપત્નીવ્રત સ્વીકારવાની જવાબદારી માનતો નથી. પણ એક પત્નીવ્રતપણાનો સિદ્ધાન્ત કદાચ તમારામાંથી ઘણાકને અવ્યવહારૂ લાગશે. જે સમાજમાં પત્નીના મુઆ પછી એની ઠાઠી કાર્યા પહેલાં ચાંદલા કરવાનો રિવાજ હોય, તે સમાજમાં એક પત્નીવ્રતપણાની વાત કરનાર ઉપર હવાઇ કિલ્લા બાંધવાનો આક્ષેપ આવે એ સંભવે છે. કદાચ તમને પોતાને પણ આજે એ નહિ રૂચે. તમને વરાવવા જેવી દીકરીઓ હશે; એને માટે બીજવર ન જોવાની તમે હઠ પકડો તો એને વરાવી જ ન શકાય એવી તમને બીક હશે. પુરૂષે એક પત્નીવ્રત પાળવાની જરૂર નથી એ રિવાજને તમે એટલાં ટેવાઇ ગયાં છો, કે એમાં તમને તમારી જાતિના અપમાનની ભાવના નથી.

આપણને જે વસ્તુની આદત પડી જાય છે, તે આપણા હિતની હોય કે અહિતની હોય, સ્વતંત્ર રીતે પાડેલી હોય કે પરવશપણે પાડેલી હોય, તો પણ કેટલેક કાળે એ આદત આપણા જીવન સાથે એવી એક રસ થઇ જાય છે, કે એને છોડવામાં દુઃખ લાગે છે–અને કદાચિત પાપ સમજાય છે, અને એનો નિર્વાહ કરવામાં સુખ અને ધર્મ મનાય છે.

દાખલા તરીકે, કુટવાનો રિવાજ લ્યો. કુટવાના રિવાજમાં ચોખ્ખી રિતકતા રહેલી છે. મરનારની પાછળ કલ્પાંત કરવો એટલે પરમાત્માની

મરણને આધીન થવાને બદલે એના ઉપર નીસાસા નાંખવા જેવું છે. એ રિવાજથી સ્ત્રીવર્ગને કેટલુંએ શારીરિક અને માનસિક નુકસાન થાય છે. છતાં કુટુંબમાં મરણ નીપજતાં, ઘરમાંથી કોઇ પુરુષ એ રિવાજ બંધ કરવા સૂચના કરે ત્યારે જાણે કુલાચારનો કે કુળધર્મનો નાશ કરવા સૂચના થતી હોય, એવો સ્ત્રીવર્ગને આઘાત પહોંચી જાય છે.

તેવોજ કુળધર્મ મરણ પાછળ જમણ કરવામાં મનાયો છે. દસ દિવસ સુધી જેની પાછળ છેડા વાળવામાં ધર્મ મનાય, તેની પાછળ અગિયારમે દિવસથી મિષ્ટાન્ન ખાવામાં પણ ધર્મ મનાય, એ આપણી કેટલી અવિચાર અને વિપરીત દશાનું ચિહ્ન છે! જો કુટુંબીના કે જ્ઞાતિ બંધુના મરણથી કુટુંબને કે જ્ઞાતિને ખોટ ગઇ હોય, અથવા દુઃખ કરનારો બનાવ બન્યો હોય, તો મિષ્ટાન્ન ગળે ન ઉતરવું જોઇએ, અને જો એમાં કશું અનિષ્ટ થયું હોય, તો શોક ન થવો જોઇએ. પણ આપણે એકજ બનાવ માટે શોક અને હર્ષ બન્ને મનાવીએ છીએ! છતાં આ બધા રિવાજો દૂર કરવા કહીએ તો તમને આઘાત પહોંચે! એમાં તમને કુળાચાર ડુબતો લાગે. આદતે અને રિવાજોનું મન ઉપર કેવું પરિણામ થાય છે, એ આથી સમજાય છે.

ઉપર પ્રમાણેજ, મનુષ્ય જાતમાં સર્વે સગવડો ભોગવવાનો, સબળ થવાનો અને સ્વામિત્વનો અધિકાર પુરુષોનો, અને અગવડો વેઠવાનો, અબળ થવાનો, અને દાસત્વનો અધિકાર સ્ત્રીઓનો—એવો રિવાજ લાંબા કાળથી અનુભવવાથી સ્ત્રીઓને પણ એજ સ્થિતિમાં ધર્મ માનવાની ટેવ પડી ગઇ છે. સ્ત્રીઓ પોતેજ પોતાની જાતને હલકી માને છે; છોકરાના જન્મથી આનંદ પામે છે, અને છોકરીના જન્મથી દિલગીર થાય છે; વહુને તલવારની ધારે રાખવા દીકરાને ઉશ્કેરે છે; દીકરી ઘરભંગ થાય તો રડીને બેસી રહે છે; અને દીકરો ઘરભંગ થાય તો બીજી વહુ લાવવા અધિરાઇ બતાવે છે. ગરીબ કુટુંબોમાં–દીકરાને દૂધ અપાય છે; દીકરીને નથી મળતું. આળસુ અને જડ હોય તો પણ એને કરજ કરી ભણાવવા પ્રયત્ન થાય છે; અને દીકરીના ભણવાના થોડા ઘણા ઉત્સાહને પણ બળાત્કારે ભાંગી નાંખી, એની ચપળતાને દાબી દેવામાં આવે છે. આ બધી કુરીતિઓ માટે આજે તો સ્ત્રીઓ પુરુષોના જેટલીજ જવાબદાર છે. કોઇ માણસને કે ચીજને એનાં કુટુંબીઓજ વગોવે, તો બીજા એની કદર કેમ કરશે? તેમ તમારી જાતિનું તમે પોતેજ અપમાન કરો, તો પુરુષો તમને માન આપે એ સંભવતું નથી.

જે મહા પુરુષની પૂજા કરવાને માટે તમે આજે સમારંભ માંડયો છે તેને જુઓ. તેણે વસ્ત્ર અને અલંકારથી મળતી શોભાનો સદંતર ત્યાગ

કર્યો છે. એક ગોરખપુર નાનો ખાદીનો કચ્છ એજ એના શરીરને ઢાંકે છે. એના ગળામાં કંઠી નથી, કે આંગળી પર વીંટી નથી. સેંથો પાડેલા, તેલથી ઓળેલા, સફાઈદાર ઓળેલા એને માથે વાળ નથી. એના શરીરમાં ઘડપણનાં ચિહ્નો જણાય છે; એના વાળ પાકયા છે; કપાળે કરચલી વળી છે; ગાલ બેસી ગયા છે; તીણું લાંબું નાક જબરીથી જોનારનું ધ્યાન ખેંચે છે; અશક્તિને લીધે એને લાકડીની મદદ લેવી પડે છે, અને બેસીને બોલવું પડે છે; એનું કાઠું નબળું અને દીંગણું છે, છતાં હું કહું છું કે જગતના સુંદરમાં સુંદર દશ્ય અને સુંદરમાં સુંદર પુરુષ, સ્ત્રી કે પ્રાણી કરતાં એ વધારે સુંદર લાગે છે. એના મો સામું જોયાજ કરીએ, એની વાણી સાંભળ્યાજ કરીએ, એની સામે બેસીજ રહીએ, એવી એની મનને ચોરવાની શક્તિ છે. જગતમાં જે કોઇ પવિત્રતાને પૂજવાવાળા છે, જેમની આંખો સ્વાર્થથી કે અહંકારથી આંધળી બનેલી નથી, તે સર્વેને એ અત્યંત પૂજનીય છે.

બ્હેનો, હરણ જેવા પશુની કે કમળ જેવા ફુલની જોડે મનુષ્યની આંખોને સરખાવી કવિઓ એને સુંદર મનાવવાનો પ્રયત્ન કરે છે. હું તો માનું છું કે જેની આંખમાંથી કરુણા ઝરે છે, તેજ આંખો સુંદર છે; અને તેવી સુંદર આંખો ગાંધીજીની છે. એવીજ મનુષ્ય કરતાં કોઇ હીન વસ્તુની મનુષ્યના મુખને ઉપમા આપી કવિઓ એના મુખને સુંદર કહે છે. હું તો માનું છું કે જેનો મિત્રતાથી ભરેલો હસમુખો ચહેરો છે, તેજ સુંદર છે. પછી ભલે તે બાળકનો હોય, જુવાનનો હોય, કે વૃદ્ધનો હોય. આવો સુંદર ચહેરો ગાંધીજીનો છે. જગતનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કવિ, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કારીગર પણ હોય, તોએ એ આવી સુંદર કળાનો નમૂનો નહિ રચી શકે એની હું તમને ખાત્રી આપું છું.

એક બ્હેન વસ્ત્રાલંકાર સજવામાં રોજ એક કલાક ગાળતી હોય, એની ટાપટીપમાં કોઇથી ખામી કાઢી શકાય એમ નહોય, પણ એને સાસુ, જેઠાણી દેરાણી, નણંદ કે પાડોશણ જોડે બનતું નહોય, રોજ એમની જોડે હૈયાબાળ થતી હોય, તો એનો સુશોભિત શૃંગાર જોઇને કોઇને ટાઢક મળશે? બીજી બ્હેન દાગીના વિના ફરતી હોય, ધોળી જાડી ખાદી ઓઢતી હોય, પણ એનો સર્વ સમય નાના મોટાની સેવામાં જતો હોય, એ પાડોશણને મદદગાર થતી હોય, ઘરનાં કુંટુંબીઓ સાથે એનો સંબંધ મીઠાશવાળો હોય, એને જોઇને નાનાં બાળકો મારી બા-મારાં કાકી-મારાં માસી-એમ કહી એને છોડવા તૈયારજ ન હોય, એવી બ્હેનના શરીર પર શૃંગાર નથી, કે એનો સિક્કો સારો નથી તેથી એને માટે કોણ એને તરછોડશે? ખરી સુંદરતા એ સ્વભાવ-મીઠાશમાં છે; હેતાળ સ્વભાવમાં છે.

તમે અબળાઓ કહેવાઓ છો; નિર્બળપણું એ સારા માણસને તો લાંછન રૂપ લાગે; પણ વિચિત્રતા તો એ છે કે સ્ત્રીઓને અબળા કહેવાથી એમને માન આપ્યું હોય એમ મનાય છે. આપણે બધાંજ–પુરુષો અને સ્ત્રીઓ–ખરે અબળ તો છીએ જ. જ્યાં સુધી આપણે વિષયોના ગુલામ છીએ, વિવેક બુદ્ધિથી જેનો બચાવ ન થઇ શકે એવી રૂઢિઓ અને માન્યતાઓના દાસ છીએ, પરાવલંબી છીએ, પરતંત્ર છીએ, અપમાન પામતી પ્રજા છીએ, આપણું પોતાનું રક્ષણ કરવાને શક્તિમાન નથી; જ્યાંસુધી આપણે પડાણની બીકથી ઘર બહાર નીકળી શકતાં નથી કે પહાણ વિના ઘરબાર સાચવી શકતાં નથી; જ્યાં સુધી પુરુષના મનમાં રહ્યું છે કે સ્ત્રી ન હોય તો અમે મુઆ પડયા છીએ, અને સ્ત્રીઓને લાગે છે કે પુરુષોજ અમારો આધાર છે–ત્યાં સુધી આપણે અબળાજ છીએ.

પણ અબળાપણું પુરુષ કે સ્ત્રી કોઇને શોભાવતું નથી. અબળા નામ એ તમારી ઉપર કલંક છે. એ કલંકને તમારે કાઢી નાંખવું જોઇએ. એને માટે તમારે બંદુક કે ડાંગ લઇ કવાયદ કરવાની જરૂર નથી. પણ તમારા મનમાં આત્મવિશ્વાસ આવવાની જરૂર છે જ. સીતાનું રક્ષણ રામ કરતા, અને રામે લંકામાંથી છોડાવ્યાં, એ ખરૂં; પણ અશોક વાટિકામાં સીતાનું રક્ષણ કોણે કર્યું? એ કઇ શક્તિ હતી કે જેને લીધે રાવણ જેવો સમ્રાટ પણ સીતા ઉપર બળાત્કાર ન કરી શકયો? જો પુરુષોજ સ્ત્રીઓનો આધાર હોત, તો પાંચ પાંચ વીર પતિઓવાળી દ્રૌપદીની ભીષ્મ અને દ્રોણ જેવા ગુરુ જનોના દેખતાં લાજ લૂંટાવાનો પ્રસંગ ન આવ્યો હોત! અને એ પ્રસંગમાંથી કોણે દ્રૌપદીને બચાવ્યાં? કોઇ પુરુષે તો નહિ જ. પણ એના હૃદયમાં રહેલા સતીત્વના–પવિત્રતાના–બળે. સતી અનુસૂયા આગળ બ્રહ્મા વિષ્ણુ અને શિવે બાવાઓને વેષે નફ્ફટ માગણી કરી, એવી પૌરાણિક કથા છે. પણ અનુસૂયાએ પોતાના હૃદયની પવિત્રતાથી એ ત્રણે બાવાઓને બાળક જેવા નિર્દોષ દૃષ્ટિવાળા કરી મૂકયા એમ કહ્યું છે.

આ પ્રસંગે એક બૌદ્ધ કથા પણ સાંભળવા જેવી છે. નકુલ માતાને નામે ઓળખાતી એક સ્ત્રી બુદ્ધની શિષ્યા હતીઃ પોતાના પતિના ભારે મંદવાડ વખતે એણે પતિને કહ્યું,

"હે ગૃહપતિ, સંસારમાં આસક્ત રહીને તમે મરણ પામો એ બરાબર નથી. આવા પ્રકારનું પ્રપંચાસક્તિયુક્ત મરણ દુઃખકારક છે, એવું ભગવન્તે કહ્યું છે.

"હે ગૃહપતિ, કદાચિત તમારા મનમાં એવી શંકા આવશે કે 'હું મુઆ પછી નકુલ માતા છોકરાંઓનું પાલન કરી શકશે નહિ, સંસાર

વ્યવહારનું ગાડું હાંકી શકશે નહિ;' પરંતુ એવી શંકા તમે મનમાં લાવશો નહિ. કારણ કે મને સૂતર કોતવાની કળા આવડે છે, ઊન તૈયાર કરતાં આવડે છે. એના વડે હું તમારા મરણ પછી છોકરાંઓનું પોષણ કરી શકીશ. માટે, હે ગૃહપતિ, આસક્તિયુક્ત અંતઃકરણથી તમારૂં મરણ ન થાઓ, એમ હું ઇચ્છું છું.

"હે ગૃહપતિ, તમને બીજી એવી શંકા આવવાનો સંભવ છે કે 'નકુલ માતા મારા મરણ પછી પુનર્વિવાહ કરશે.' પરંતુ આ શંકા તમે છોડી દો. હું આજ સોળ વર્ષથી ઉપોસથ વ્રત પાળું છું, તે તમને ખબર છે જ. તો પછી હું તમારા મૃત્યુ પછી પુનર્વિવાહ કેમ કરીશ?

"હે ગૃહપતિ, તમારા મરણ પછી હું બુદ્ધ ભગવાનનો ભિક્ષુ સંઘનો ધર્મોપદેશ શ્રવણ કરવા નહિ જાઉં, એવી તમને શંકા આવવાનો સંભવ છે. પણ તમારી પાછળ પહેલાં પ્રમાણેજ બુદ્ધોપદેશ સાંભળવામાં મારો ભાવ રહેશે એવી તમારે પક્કી ખાત્રી રાખવી. માટે કોઇ પણ પ્રકારની ઉપાધિ સિવાય મરણને શરણ થાઓ.

"હે ગૃહપતિ, તમારી પાછળ હું બુદ્ધ ભગવાને ઉપદેશેલું શીલ યથાર્થ રીતે નહિ પાળું એવી તમને શંકા આવવાનો સંભવ છે; પણ જે ઉત્તમ શીલવતી બુદ્ધની ઉપાસિકાઓ છે, તેમાંનીજ હું એક છું, એમ તમે ખાત્રીથી સમજજો. માટે કોઇ પણ પ્રકારની કાળજી વગર મરણ આવવા દો.

"હે ગૃહપતિ, મને સમાધિ લાભ થયો નહિ, તેથી તમારા મરણથી હું બહુ દુઃખી થઇશ, એમ તમે સમજશો નહિ. જે કોઇ બુદ્ધોપાસિકા સમાધિ-વાળી હશે, તેમાંની હું એક છું એમ સમજો અને માનસિક ઉપાધિ છોડી દો.

"હે ગૃહપતિ, બૌદ્ધ ધર્મનું તત્ત્વ મને હજી સમજાયું નથી, એવી પણ તમને કદાપિ શંકા આવશે. પરંતુ જે તત્ત્વજ્ઞાની ઉપાસિકાઓ છે, તેમાંનીજ હું એક છું એમ ચોક્કસ ધ્યાનમાં રાખો, અને મનમાંની કાળજી કાઢી નાંખો."

જો જગતની સર્વે સ્ત્રીઓ નકુલમાતા જેવી ઉદ્યોગ જાણનારી, વિવેકી, બહાદૂર અને શાણી હોય, તો સ્ત્રીઓને અબળા નામ આપવાની કોની મગદૂર હોય? આવી સ્ત્રી થવામાં જીવતની સફળતા છે. જે સમાજમાં આવી અનેક સ્ત્રીઓ પાકે તે સમાજ ઉન્નતિને શિખરે પહોંચ્યા વિના રહે નહિ. એવી સ્ત્રીને પેટે જન્મ મેળવવો એ બાળકનું સદ્ભાગ્યજ સમજવું. તમારામાંથી ઘણી માતાઓ હશો. તમે નકુલમાતા જેવી થઇ નકુલનું ભાગ્ય એ બાળકોને અર્પણ કરી શકો તો તમારા બાળકોનું, તમારૂં અને તમારા બન્નેના કુળોનું હિત થાય; અને જગતમાં તમારે લીધે કોઇનું અહિત તો થાય જ નહિ.

ગાંધીજીને સ્ત્રીઓ પ્રત્યે ઘણો પક્ષપાત છે; હિંદુસ્તાનના પુરુષો કરતાં સ્ત્રીઓ પર વધારે વિશ્વાસ છે, એમ એમણે અનેક વાર કહ્યું છે. ઉપર કહ્યું તેમ હું તો અત્યાર સુધી સ્ત્રીને પ્રભુની–સૃષ્ટિ કર્તાની એક ભુલ સમજતો હતો. પણ મનુષ્યની ઉન્નતિ શેમાં છે; અને યોગ્ય પરિસ્થિતિ હોય તો, પુરુષ અને સ્ત્રી પૈકી કોનામાં એ ઉન્નતિ સાધવાની વિશેષ લાયકાત છે, તેનો વિચાર કરતાં જણાયું કે સ્ત્રીઓમાં ધર્મની રક્ષા કરવાની વિશેષ લાયકાત રહેલી છે; એમ જે ગાંધીજી માને છે એ બરાબર છે. એમનો સ્ત્રીજાતિ પ્રત્યેનો ભક્તિભાવ યોગ્ય છે.

પણ આનો અર્થ એ નથી કે તમારી આજની દશા સંતોષકારક છે, કે તમે આજે છો તેવીજ સ્થિતિમાં ધર્મની રક્ષા કરી શકો એમ છો. પણ એનો અર્થ એ છે કે તમારામાં જો વિચારશક્તિ જાગ્રત થાય, સત્ય અને અસત્ય પારખવાની તમારી વિવેકશક્તિ વધે, તો સત્યધર્મ સ્વીકારવા, પાલન કરવા, ફેલાવવા અને તેને માટે સ્વાર્પણ કરવા પુરુષો કરતાં તમારામાં વધારે સ્વાભાવિક લાયકાત છે.

આનું કારણ હું તમને સ્પષ્ટ કરી સમજાવું. ધર્મનું મૂળ દયામાં છે, અને એ પુરુષો કરતાં તમારામાં વિશેષ છે. વળી, ધર્મનું મૂળ પોતાનાં સુખોને જતાં કરી, અનેક અગવડો વેઠી બીજાને માટે હેતથી ઘસાવામાં –બીજાની સેવા કરવામાં છે; અને બીજાની સેવામાં ઘસાઇ જવાની શક્તિ ભરજુવાન પુરુષ કરતાં યે ઘરડામાં ઘરડી અશક્ત સ્ત્રીમાં વધારે છે. વળી, ધર્મનું મૂળ હૃદયની કોમળતામાં છે,–અને એમાં યે પુરુષથી તમે હારી શકો નહિ.

પણ ધર્મના વૃક્ષને વધવા માટે બીજી બે વસ્તુઓની પણ જરૂર છે. શ્રદ્ધાનું પાણી અને પ્રજ્ઞા–વિવેક બુદ્ધિ–તોલ કરવાની શક્તિ–નું ખાતર. આ બેમાંથી તમારામાં શ્રદ્ધા ખૂબ હોય છે; એટલી બધી હોય છે કે સ્વાર્થી લોકો તમારી શ્રદ્ધાનો દુરુપયોગ પણ કરી શકે છે. શ્રદ્ધા વડે તમે એક રિવાજને ધર્મ તરીકે સ્વીકારી લો છો, પણ એમાં ભૂલ માલમ પડે તો પણ તેને બદલી નથી શકતાં.

આથી ઉલટું પુરુષોમાં બુદ્ધિ–ઠીક ખીલેલી હોય, છતાં શ્રદ્ધાની ન્યૂનતાને લીધે,–જેમ જમીનમાં ગમે તેટલું ખાતર નાંખ્યું હોય પણ પાણી ન મળે તો ઝાડ ઊંડાં મૂળ ઘાલે નહિ, તેમ પુરુષના હૃદયમાં ધર્મ શુષ્ક અને ઉપરચોટિયોજ રહે છે. અમે પુરુષો બહુ વાદવિવાદ કરી જાણીએ છીએ, પણ અણીને પ્રસંગે ધર્મનું આચરણ કરી શકતા નથી.

કોઇક ગાંધીજી જેવા વિરલ પુરુષ એવા જાગી ઉઠે છે કે જેમાં ઝીણામાં ઝીણી પ્રજ્ઞા સાથે અત્યંત શ્રદ્ધા હોય, સ્ત્રીના જેવો હેતાળ સ્વભાવ

હોય, અખૂટ દયા અને હૃદયની કોમળતા હોય. કેટલાંક બાળકો પિતા પરજ ઉતરે છે. અને કેટલાંક માતા પર ઉતરે છે. આવા પુરૂષો માતા પિતાના સમાન અંશ લઇને અતવર્યા હોય એવા જણાય છે. જે લોકોની વચ્ચે એવા પુરૂષનો જન્મ થાય છે, એ-જો સમજતા હોય તો-કેવળ એમના જન્મ દિવસ માટે નહિ, પણ આવા કાળમાં પોતાનો જન્મ થવા માટે ધન્યતા માને.

પણ સ્ત્રીઓની પોતાની સાચી બુદ્ધિનો પૂરો વિકાસ ન થાય તો એમની એ ઉન્નતિ અધુરી છે. જ્યાં સુધી તમારી વિચારશક્તિનો પૂરતો વિકાસ થવાનો તમને અવકાશ ન મળે ત્યાં સુધી તમારી સ્થિતિ ઘણે અંશે પરાવલંબીજ રહેવાની; તમને એક જાતનું પાંગળાપણું-અબળાપણું-લાગ્યા કરવાનું; તમે ભયરહિત નહિ થઇ શકો. તમે નકુલ માતાની માફક પોતાને માથે સર્વ ભાર ઉપાડી લેવાની હિમ્મતથી પતિને સુખે મરવાનો બોધ નહિ આપી શકો. જ્યાં સુધી ધર્મ શું અને અધર્મ શું એનો વિચાર કરવાની તમારા પોતામાં શક્તિ ન આવે, ત્યાં સુધી તમને પુરૂષો જ તેનો બોધ આપ્યા કરશે, અને એ બોધમાં કાંઇક પોતાની જાતિનું હિત સાચવવાનો સ્વાર્થ રહેલો હોય તો નવાઇ ન કહેવાય.

સાચી બુદ્ધિને બંધનમાં રાખનાર પહેલી આપણી કામનાઓ છે. જ્યાં સુધી ખાવું-પીવું-હરવું-ફરવું એવી એવી ચીજોનું આપણી ઉપર બળ ચાલે છે; જ્યાં સુધી છોકરાં હોવાં, લગ્ન વિવાહ ઉજવવા, ન્યાતો જમાડવી ને જમવી, એવું સંસારાસક્ત ચિત્ત છે, જ્યાં સુધી ધનવાન થવામાં સુખ મનાયું છે, જ્યાં સુધી બીજાના કલ્યાણ કરતાં આપણી વાહ વાહ થાય, આપણી કીર્તિ ફેલાય, માન મળે, આપણો ડંકો ખરો પડે, આપણને સર્વેના મતો મળે, આપણો દોર ચાલે, આપણી સત્તા જામે, આપણે બીજાને નીચા પાડીએ, હરાવીએ-એવા આગ્રહો રહેલા છે; જ્યાં સુધી સ્વર્ગના ભોગો ભોગવવાની, સારો જન્મ મેળવવાની, કે એવી કોઇ પરલોકની પણ ઇચ્છા છે,-ત્યાં સુધી પુરૂષ અને સ્ત્રી બન્નેની વિવેકબુદ્ધિ બંદીખાનામાં છે. એવા સ્ત્રી પુરૂષ ગમે તેટલા વિદ્વાન હોય તો પણ ધર્મ અધર્મનો ચોકખો નિર્ણય કરી શકે નહિ.

વિવેકબુદ્ધિનો વિકાસ અટકી પડવાનું બીજું કારણ સંકુચિત જીવન છે. કુવામાંના દેડકા જેવી સ્થિતિ વિવેકને વિરોધી છે. ખુબ વિચાર કરવાની, અને વિચારવાને માટે નીરખવાની સગવડ હોવી જોઇએ. પણ ગૃહવ્યવસ્થામાં પુરૂષો તરફથી તમને મદદ નથી મળતી-અને ન મળી શકે-એવી સમાજની રચના છે. ઘરનો બોજો તમે ઘણી વહેલી વયે વહોરી લો છો.

ખાધા પીધા વિના-વ્યવસ્થિત ઘરમાં રહ્યા વિના પુરુષોને પણ ચાલતું નથી. છતાં ખાવા પીવાની તૈયારી કરવામાં કે ગૃહવ્યવસ્થા જાળવવામાં તમને કાંઇ મદદ કરવી એમાં પુરુષો નાનમ સમજે છે. મિત્રો પોતાના ભાઇબંધની પત્ની ઘેર હોય ત્યારે જમવા જવામાં-જમવાનું માગી લેવામાં-સંકોચ નથી માનતા; પણ મિત્ર હાથે રાંધી ખાતા હોય ત્યારે એને ઉપાધિરૂપ થવા નથી ઇચ્છતા. પુરુષને જમવું, સાફ કરેલા ઓરડામાં બેસવું, ચળકતા લોટામાં પાણી પીવું, એમાં ઉપાધિ નથી લાગતી; પણ અગવડે આને માટે રાંધવું, ઘર વાળવું, કે વાસણ અજવાળવાં, એમાં ત્રાસ છૂટે છે. પણ પુરુષો કહે છે કે અમે બહાર જઇને કમાવાનો ત્રાસ વેઠીએ છીએ તેની! પુરુષો એકલું કમાઇ લાવતા હોત તો એક વાત હતી. તેઓ કમાવાની સાથે અનેક જગ્યાએ ફરી આવે છે, અને ફરીને જ્ઞાનમાં ઉમેરો કરી આવે છે. તમને એવી તક જ નથી. જે વસ્તુને ભોગવવામાં કામની વેંચણી થઇ ન શકે, તે વસ્તુ બનાવવામાં પણ બંને તેટલો સહકાર જ થવો જોઇએ; નહિ તો કોઇને વધારે સહન કર્યા વિના છૂટકો ન થાય. જમવાની ક્રિયામાં કામની વેંચણી ન થઇ શકે, દરેકે પોતપોતાનું ખાવું જોઇએ, ઘરની સગવડ ભોગવવામાં કામની વેંચણી થઇ ન શકે, દરેકે પોતે જ ભોગવવી જોઇએ, તો જમવાની વસ્તુ બનાવવામાં, ઘરને વ્યવસ્થિત રાખવામાં, પુરુષ અને સ્ત્રી બન્નેએ સરખો સમય આપવો જોઇએ.

દરેક સ્ત્રી પોતાની અને પોતાની બ્હેનોની સ્થિતિ પોતાની જ આંખેથી તપાસે; કેટલા અજ્ઞાનમાં તેમનું જીવન વીતે છે; કેટલા રોગોથી એમનું આયુષ્ય ખવાઇ જાય છે; કેટલા પ્રકારના સામાજિક જુલમ નીચે એમનો ઉત્સાહ માર્યો જાય છે; એમને જ્ઞાન પ્રાપ્ત કરવામાં કેટલા પ્રકારની વિટંબણા વેઠવી પડે છે; એમની કેટલી બ્હેનોને કેવા નીચ ધંધાઓનો આશ્રય લેવો પડે છે. પુરુષો પોતાની પાપી વાસનાઓ તૃપ્ત કરવા માટે સ્ત્રીઓની કેવી દુર્દશા કરે છે; ચાંચવે પાવડે પૈસા ઉસેડવા માટે સ્ત્રીઓના શીલને કેવા પ્રકારના જોખમમાં નાંખે છે; આ સર્વે જુએ અને તપાસે: એમાં પોતાનો દોષ કેટલો છે, પુરુષોનો કેટલો છે; સમાજના રીત રિવાજોનો અને આદર્શોનો કેટલો છે; ધાર્મિક મનાયલી માન્યતાઓનો કેટલો છે; એનો પોતે જ વિચાર કરે.

તેજ પ્રમાણે બ્હેનો સ્વાદવૃત્તિને વશ કરે, વસ્ત્રાલંકારનો મોહ ઓછો કરે; પોતાની આજુબાજુ દૃષ્ટિ નાંખીને ભૂખે મરતાં, ગરીબાઇ અને રોગોથી પીડાતાં કરોડો લોકો તરફ નજર નાંખી પોતાની શ્રીમંતાઇ છતાં સાદાઇ લે; ધનના લોભને લીધે નહિ પણ દયાથી પ્રેરાઇ એમને માટે ઉદ્યમ કરી એમને પોષે:

આની સાથે બ્હેનો નિર્ભય બને, પોતાની શુદ્ધતા ઉપર વિશ્વાસ રાખવાવાળી બને, સંયમી બને, પુરુષોની ઓશીયાળી ન રહે.

"સ્ત્રીબોધ"ના વસંત અંક માટે લેખકોને

વિનંતિ પત્ર.

માનવંતા બ્હેન—ભાઇ,

"સ્ત્રીબોધ" માસિક આપણા સમાજની યથાશક્તિ સેવા કર્યા કરે છે, તે તો આપનાથી અજાણ્યુ નથી. એક વિશેષ સેવા કરવાના હેતુથી તેનો ખાસ "વસંત અંક" કાઢવાનો વિચાર અમે કર્યો છે. આ સેવામાં આપની મદદની ખાસ જરૂર છે.

આપણા સમાજમાં સ્ત્રીઓને ગૃહવ્યવસ્થાનું પદ્ધતિસર જ્ઞાન આપવાની ખાસ જરૂર છે. તે કારણથી આ વસંત અંકમાં ગૃહવ્યવસ્થા સબંધીજ લેખો આપવા અમે નિશ્ચય કર્યો છે. તે માટે થોડાં માર્ગસૂચક મથાળાં આ સાથે અમે આપીયે છીયેઃ—

૧. ગૃહવ્યવસ્થાના પદ્ધતિસર જ્ઞાનની જરૂર.
૨. કન્યાશાળામાં ગૃહવ્યવસ્થાનું શિક્ષણ.
૩. ઘરના કામકાજમાં પદ્ધતિ યા નિયમની જરૂર.
૪. રહેવા માટે કેવું ઘર પસંદ કરશો ?
૫. માંદા માણસ માટે થોડીક વાનીયો.
૬. રસોઇમાં રસાયણશાસ્ત્ર.
૭. ફસલ ભરવાનો સમય, અને તેની સાચવણી.
૮. અથાણાં તથા મુરબ્બા કેવી રીતે નાખવા અને સાચવવા.
૯. માંદાની માવજત.
૧૦. બાળ સંભાળ સબંધી.
૧૧. ઘરમાં રહીને કરી શકાય તેવા ઉદ્યોગો.
૧૨. પાકશાસ્ત્ર સબંધી.

આ વિષયો કેવળ સૂચક છે. તે ઉપરથી આપ જાણી શકશો કે અમે કેવા લેખોની અપેક્ષા રાખીયે છીયે.

આ ઉપર સૂચવેલા વિષયો સબંધી જ્ઞાન વાર્તાદ્વારા પણ આપી શકાય તેવી વાર્તાઓ પણ ઉપકાર સાથે સ્વીકારીશું.

જે લેખોમાં ચિત્રો આપવાના હોય તેના તૈયાર ચિત્રો મળશે તો બ્લોક અમે કરાવી લઇશું.

આપ કયા વિષય ઉપર લખશો તે જરૂર જણાવશો. લેખ જાન્યુઆરીની ૩૧ મી પહેલાં અમને મળે તે પ્રમાણે મોકલવા મહેરબાની કરશો. અમારી સેવામાં આપ જરૂર મદદ કરશો એવી ખાત્રી છે.

"સ્ત્રીબોધ" કાર્યાલયઃ
પીરમશાહરોડ; અમદાવાદ.

તંત્રીઓ વતી
જીવનલાલ અમરશી મહેતા.

પુસ્તક પરિચય.

પ્રેમઘેલી પન્ના—લેખક રા. રા. ગમનલાલ મગનલાલ પંડયા; મુંબઇ. કીમત રૂ. ૩-૮-૦ (૧૬ પેજી પૃષ્ઠ ૩૪૦) આ પુસ્તકની પ્રસ્તાવના રા. રા. રંજીતલાલ હ૦ પંડયા, બાર-એટ-લૉએ લખી છે. તેમનાજ શબ્દોમાં કહીએ તો "+ + + વાર્તાને મોગલ શહેનશાહ અકબરના સમયમાં મુકી તેને અર્ધ ઐતિહાસિક સ્વરૂપ આપેલું છે, જે તેની આકર્ષકતામાં સારો વધારો કરે છે. તે સાથે લેખકે કુશળતાથી એક ઉપાખ્યાન રૂપે હિન્દુ સંસારનો એક વિકટ પ્રશ્ન-વિધવાજીવનનો-ચર્ચેલો છે." હિંદના લડાયક યુગમાં સ્ત્રીઓ પણ પોતાના પતિને ને પોતાના બાંધવોને સ્વદેશના કાર્ય માટે કેવી મદદ કરતી હતી તેનો આબેહુબ ચિતાર આપવાનો આ નવલ કથામાં થોડો ઘણો પ્રયત્ન કર્યો છે. લેખકનું આ કથન અમને યથાર્થ લાગે છે. થોડાં વર્ષો ઉપર નવલકથાના નામ નીચે ગુજરાતી સાહિત્યમાં કચરો વિશેષ છપાતો હતો, તે પ્રવાહ હવે ઓછો થઇ, તેને બદલે આવા શિષ્ટ લેખકોને હાથે નવલકથાઓ લખાય ને છપાય તે આવકારદાયક છે. આ નવલકથા વાર્તાની સાથે ચાલુ જમાનામાં ચર્ચાતા વિષયોને અંગે પણ સ્ત્રીઓને વાંચવા યોગ્ય છે. છપાઇ, બાંધણી મુંબઇની સુશોભિત અને સુન્દર છે.

સીતા દેવી—"સ્ત્રીસુબોધ ગ્રન્થમાળા"નું પ્રથમ પુસ્તક. બંગાળી ઉપરથી લેખક રા. રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા. ૧૪ ચિત્રો સાથે કીમત રૂ૦ ૨-૮-૦ કાગળ જાડા એંટીક. સોનેરી નામનું સુશોભિત પુઠું.

ભાઇ ડાહ્યાભાઇ લેખનવ્યવસાયનું કાર્ય સતત કરી રહ્યા છે તે વિશે આ નવીન ગ્રન્થ સાક્ષીરૂપ છે. અમે ગયા વર્ષે સ્ત્રીઓ માટે "સ્ત્રીભૂષણ રત્નમાળા" નામે સ્ત્રી ઉપયોગી પુસ્તકો નિયમિત પ્રસિદ્ધ કરવાની યોજના કરી હતી, તેને એ વરસમાં અમલમાં આણવાનું કામ કેટલાંક કારણોથી બંધ રાખ્યું હતું દરમિયાન એ કાર્ય ભાઇ શ્રી ડાહ્યાભાઇએ ઉપાડી લીધેલું જોઇ અમને ઘણો હર્ષ થયો છે. તેઓ જાહેરાતમાં જણાવે છે તે પ્રમાણે પ્રાચીન-અર્વાચીન નારી રત્નોનાં જીવનચરિત્રો પ્રસિદ્ધ કરવાનો ક્રમ અટક્યા વિના ચાલુ રાખશે એવી આશા રાખીએ છીએ; અને તેમ થશે તો એટલે તેમની આ શ્રીબોધમાળાનાં પુસ્તકો નિયમિત પ્રસિદ્ધ થતાં રહેશે તો અમે મુલતવી રાખેલી અમારી યોજના કાયમ માટે બંધ રાખીને, ડાહ્યાભાઇની આ માળાની ફતેહ ઉચ્છીશું.

આ પુસ્તકમાં સતી સીતાનું જીવનચરિત્ર બહુ સારી રીતે આપેલું હોવાથી સર્વે સન્નારીઓને વાંચવા અમારી ભલામણ છે. ભાઇ શ્રી ડાહ્યાભાઇ પુસ્તકમાં ૧૪ રંગીન ચિત્રો હોવાનું લખે છે; પણ અમને તો એ ચિત્રો રંગીન ને બાદીનાં સાદાં લાગે છે. બે વખત છાપેલાને રંગીન ગણવાતા હોય તો બેથી વધારે વખત છાપેલાને માટે કાંઇક જુદું જ નામ આપવું ઘટે. ભાઇ શ્રી ડાહ્યાભાઇ પોતે કસાયેલા કલમબાજ લેખક હોવાથી તેમને લખાણ માટે બીજા ઉપર આધાર રાખવાપણું નથી, તેમ આવાં કાર્યો માટે જોઇતી આર્થિક સહાયતા તેઓ સહેલાઇથી મેળવી શકે છે, એટલે અમને ખાત્રી છે કે તેઓ ખાસ સ્ત્રી વર્ગને ઉપયોગી સાહિત્ય આપવા સમર્થ થશે. તેમના આ નવીન પ્રયાસને અમે સ્નેહ ઇચ્છીએ છીએ. સ્ત્રીઓ માટેનાં પુસ્તકોમાં ભાષા બહુ સાદી અને શબ્દો સહેલા-ચાલુ વપરાશનાજ રહે તો સારું. આ પુસ્તકમાંનો શબ્દભંડોળ સ્ત્રીવાચકોને ભારે પડે તેવો અમને લાગવાથી આટલું સૂચન હવે પછીનાં પુસ્તકો માટે કરીએ છીએ.

સંયુકતા—ચાર અંકી નાટક. લેખક રા. રા. રમણલાલ વસંતલાલ દેસાઇ, એમ. એ. કીમત રૂ. એક. વડોદરામાં સાહિત્ય પરિષદ ભરાયેલી તે વખતે ભજવવા સારૂ આ નાટક તૈયાર કરેલું ને ભજવાયેલું પણ ખરૂં, તે લેખકે પુસ્તક રૂપે પ્રસિદ્ધ કર્યું છે. પૃથ્વીરાજ ચોહાણ અને સતિ સંયુક્તાના પ્રસિદ્ધ ઐતિહાસિક જીવનને લગતું કલ્પના મિશ્રિત આ નાટક છે, તેને સાહિત્યની દ્રષ્ટિએ ગુર્જર વિદ્વાનો કેવું સ્થાન આપે છે તે જોવાનું છે. પરંતુ ભાઇ રમણલાલને અમે તો મુબારકબાદી આપીએ છીએ.

વડોદરા સ્ટેટનાં તેમજ ગુજરાતનાં પુસ્તકાલયો માટે આ ત્રણે પુસ્તકોને પસંદ કરવા તેના કાર્યવાહકોને અમારી ભલામણ છે.

દમયન્તી-ચરિત્ર-(સચિત્ર) લેખક ભાઇ મહાશંકર સોમેશ્વર પાઠક. સોળપેજી પૃષ્ટ ૮૦ કીમત ૦-૭-૦

નળ-દમયંતીની પુરાણ કથા પ્રસિદ્ધ છે, તે ઉપર અનેક લેખકોએ પોતપોતાની કલમ ચલાવી છે, તે મુજબ આ ભાઇએ પણ સ્વતંત્ર પ્રયાસ કર્યો છે. ભાષા સાદી અને લેખન શૈલિ સરળ હોવાથી સ્ત્રી વર્ગ સહેલાઇથી વાંચી શકશે. બીજી સતીઓનાં સ્વતંત્ર ચરિત્રો આવા રૂપે એ ભાઇ લખી પ્રસિદ્ધ કરશે એમ અમે આશા રાખીએ છીએ. આ ચરિત્ર કન્યાઓ અને સ્ત્રીઓને વાંચવા તેમજ ઇનામ તરીકે આપવા અમે ખુશીથી ભલામણ કરીશું.

જી. મ. મહેતા.

રાજનગરનું રત્ન.

(ચાલુ વાર્તા.)

[લેખિકા: સૌ. જડાવબહેન મુનશી.]

પ્રકરણ ૧ લું.

એક ખુણો.

વિક્રમદેવની વીસમી સદીનો અર્ધભાગ વીતી ગયો હતો ત્યારે હિંદ પહેલાં જેવું ન હોતું; કૈંક કેળવણીમાં અને વિદ્યાકળામાં એ ઘણું જોશભેર આગળ વધતું હતું. આર્ય જાતિઓ અંગ્રેજનું ઘણુંખરૂં અનુકરણ કરતી થઇ ગઇ હતી. તેમાં કેટલોક સુધારો તો તેની સાથે કેટલોક બગાડો પણ થતો હતો. જુઠ, પ્રપંચ અને ઉપરઉપરની ટાપટીપ વધારે અંશે દેખાતી હતી. આર્યધર્મ શો છે તે કોઇ ખરી રીતે સમજી શકતું નહીં. આવાં જુઠ, પ્રપંચ આખા હિન્દમાં હતાં, પણ કોઇક ખુણેખોચરે ખોચારો પુરાતન રીવાજ પણ ચાલુ હતો.

આવા સમયમાં એક અવડ અને શૂન્ય બેટમાં ગણુંતર સંખ્યામાં માણસો વસતાં હતાં. તે એક વસંતઋતુની સાંજે તે ઉપવન જેવી શોભા આપી રહ્યો હતો. પક્ષીના કીલકીલાટથી તેમાં મધુરૂં ગાન કાનને વધારે આનંદ આપતું હતું. આ આનંદની મોજ માણનાર એક ભાગ્યશાળી યુવક હતો. એક શીલા પર બેઠો બેઠો તે પોતાનો પરિશ્રમ ઉતારતો હતો. આખા દિવસના થાકથી તેનું હૃદય ધડકતું હતું. એના કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝેલાં હતાં. એનું મોં ભવ્ય છતાં ઉતરેલું માલમ

પડતું. તે જરા ધીમેથી બબડયો, "આજે હું નીરાશ થયો, મારૂં લક્ષ ચુકયો. મૃગ ઝાડીમાં થઈ દૂર કયાંય નાશી ગયો. ખરેખર, મૃગ! તું આશાનો મળ્યો, તું જીત્યો અને હું હાર્યો. પિતાએ મને આ તીરકામઠું વાપરતાં શીખવ્યું ત્યારથી માંડીને હું લક્ષ ચુકયો નહોતો. પિતાજીનું વાકય ખરૂં છે કે ઇશ્વર અહંકાર રૂપી ભોજન જમે છે. પિતાજીનો દરેક અનુભવ ખરો પડે છે. વહાલા પિતા! પિતા હો તો તમારા જ જેવા."

પિતાની ભક્તિમાં લીન થયેલો યુવક મુંગો થઇ વિચારમાંજ થોડો વખત બેસી રહ્યો ત્યાં તો સૂર્યાસ્ત થઈ ગયો. એકદમ તેની વિચારમાળા તુટી હોય તેમ ઉંચું જોઈ બોલ્યો, "હું વખત ભુલ્યો. પિતાજી મારી વાટ જોતા હશે." આટલું બોલતો ઉઠયો અને પોતાનાં આયુધો લઈ પોતાને મુકામે ચાલ્યો. આ વખતે લગભગ રાત પડી હતી.

આ વીર પુરૂષ જેવો દેખાતો યુવક શરીરે ઘણો સુકો તેમ જાડો નહોતો. તેની એકસરખી ચાલ, ઠરેલ મુખાકૃતિ જોઈ કોઇ એમજ ધારે કે તે અધિક ઉમરનો હશે. પણ તેની ફુટતી મુછ અને સુકોમળ મોં જોવાથી તેની ઉંમર બાવીસથી પચીસ વર્ષની ધારી શકાય. તે પોતાની ઝુંપડી આગળ આવ્યો. આ તેનો મહાલય હતો. તેણે તથા તેના પિતાએ હાથે બનાવ્યો હતો. આજે એ મહાલયમાં અંધકાર હતો. આ જોઈ તેને અજાયબી લાગી, અને બારણું ઠેલતાં તે હાલુંજ વાસેલું હતું. અંદર પેસતાં જ તે બોલ્યો, "પિતાજી! આજે કેમ અંધકાર?" પણ કાંઇ જવાબ મળ્યો નહીં. પોતાની જાણીતી જગાએ જઈ તેણે દીવો કર્યો. રસોડામાં જઇ જોયું તો ખાવાની કાંઈ પણ સામગ્રી પડેલી જોઇ નહીં. તેનો બાપ પણ નહીં. આથી જરા તે ગભરાયો. વાંચવાના ખંડમાં ગયો ત્યાં પણ કોઇ નહીં. તેને વિચાર થયોઃ "આ શું! પિતાજી કયાં ગયા?" એટલામાં તો દુઃખિત સ્વર તેના કાન પર પડયો, "ઓ રામ!" આ સ્વર તેના પિતાનો હતો. હવે

તેણે જાણ્યું કે પિતા માંદા હોવાથી સુઈ રહ્યા છે. એ જાણી સુવાના ખંડમાં ગયો. બીચારા વૃદ્ધને બેભાન અવસ્થામાં તેણે ખાટલા પર પડેલા જોયા. બીચારો શું કરે? અહીં કોઈ ડૉકટર કે વૈદ નહોતો. અહીં તો ગુળીઆં ઘસીને પીવાં પડતાં. તેણે ખાટલા પાસે જઈને "પિતાજી! પિતાજી! તમને શું થયું છે?" એમ પુછ્યું; પણ ઉત્તર મળે નહીં. તેણે એના બાપ પાસેથી વૈદકનું પુસ્તક વાંચી થોડો અનુભવ લીધો હતો. પણ આ અચાનક માંદગીની શી દવા? હવે તે જરા વધારે ગભરાયો અને બોલ્યો, "પિતાજી! હું આવ્યો, જરા મોડું થયું; તમને શું થયું છે?" પણ કાંઇ જવાબ મળે નહીં. ફરીથી તેના કાન પાસે મોં રાખી તેણે તેમને બોલાવ્યા, "પિતાજી! હું તમારો પુત્ર સત્યેંદ્ર આવ્યો. બોલો પિતાજી! તમને શું થાય છે?" હવે તે કાંઇક હાલ્યો અને આંખો મચકારીને રહેજ ઉઘાડી. પાણીની ઇશારત કરી. સત્યેંદ્રે થોડું પાણી પાયું. પછી જરા ખોંખારી ડોસો બોલ્યો, "બેટા સતુ, સત્યેંદ્ર! હું જઇશ, રામને ત્યાં. મારી લક્ષ્મી તું છે. તારી લક્ષ્મી તારા હાથ અને આ નાનો બેટ છે. તારૂં ભવિષ્ય તું જ છે. અને ભૂતકાળ—ઓ ઓ હું જઇશ." આટલું બોલતાં બોલતાં તો તેના શરીરે પરસેવા વળી ગયો. આંખો ફરવા લાગી, અને હાંફવા લાગ્યો.

સત્યેંદ્ર અત્યાર સુધી મુગે મોઢે સાંભળતો હતો. તેના મનમાં પિતાને બોલતા સાંભળી કંઇક આશા આવી હતી તે ઉડી ગઈ. તે પાછો ગભરાયો, તે ઉતાવળે જ બોલ્યો, "પિતા! પિતા! શું થયું? શું થાય છે?-પાણી આપું?" હવે તેની ધીરજ રહી નહીં. હૃદય પીગળી ગયું. તે ઘુંટણીએ પડી તેના પિતાના ગળા પર હાથ વીંટાળી ગળગળતે સાદે બોલ્યો, "પિતાજી, ક્યાં જાઓ છો? મારા ગુરૂ, મારા ઈશ્વર, મારી માતા, તમે બોલો." પણ બોલે કોણ? તેની જીંદગીનું છેવટ પાસે આવતું હતું. તો પણ હજુ તેને કાંઈ કહેવાનું બાકી હતું. હોઠ ફફડતા હતા પણ ઉચ્ચાર થતો નહોતો. સત્યેંદ્રે ગુગી ઇશારતથી

થોડું પાણી મોઢામાં મુકયું અને પાછો વૃદ્ધે બોલવાનો પ્રયાર. કર્યો. થોડાક શબ્દો તેના મોઢામાંથી નીકળ્યા. તે ધ્યાનપૂર્વક સત્યેંદ્રે સાંભળ્યા. હજુ પણ તેના હોઠ ફફડતા જ રહ્યા; પણ કાંઈ ઉચ્ચાર મળે નહીં. દરપળે હાંફનું જોર વધતું ચાલ્યું: આ અનહદ પીડા તેનું છેવટ જલદી લાવતી હતી. સત્યેંદ્ર એકી ટશે તેની સામું જોઇ રહ્યો. કાંઈ બોલે તો સાંભળવા કાન પણ ત્યાંજ હતા. ધીમેથી વૃદ્ધે મોઢું ઉઘાડી રાખ્યું. સત્યેંદ્રે તેમાં પાણી મુકયું. પણ મોઢું તો ખુલ્લુંજ રહ્યું. તે મોટેથી એકદમ પોકાર્યો, "સતુ ! રા–મ" આટલું બોલતાંની સાથ વૃદ્ધનું મોઢું બંધ થયું. આંખો સહેજ ખુલી શ્વાસ બંધ થયો.

પ્રકરણ ૨ જું.

મુંઝવણ.

એક પલકમાં આ બધું બની ગયું. હવે સત્યેંદ્રે તેની તરફથી કાંઈ પણ સાંભળવાની આશા છોડી. એણે જાણ્યું કે પિતા મરણ શરણ થયા. આજ સુધીમાં તેણે કોઇને મરતાં જોયું નહોતું. કયાંથી જુવે ? એની જીંદગીમાં એણે માણસ ખાતે પોતાના પિતાનેજ જોયા હતા. માતા ગણો કે પિતા, ગુરૂ, ભાઈ, બેન, મિત્ર, સહુમાં આ એકજ વ્યકિત હતી. સત્યેંદ્ર ત્રણેક વર્ષનો થયો અને થોડું ભાન આવ્યું ત્યારથી તેનું વિધિ તેનો પિતા હતો. ઇતર સગાં કેવાં હોય તેની તેને હજુ ખબર પણ નહોતી. તો પણ વૃધ્ધે પોતાના એકના એક વહાલા પુત્રને કેળવણી આપવામાં કાંઇ બાકી રાખ્યું નહોતું. નાનપણમાં અનેક જાતની વાર્તાઓ કહેતા. વહાલથી પુત્ર તે સાંભળતો. જેમ તે મોટો થતો ગયો તેમ રામાયણ, મહાભારત, ભાગવત વિગેરે પુરાણ કથાઓ તેણે સાંભળી. ગુજરાતી તેમજ બ્રાહ્મણી લિપિ પણ શીખવી તેથી તે મોટપણે જાતે પુસ્તકો વાંચતો અને તેને ઘણો રસ આવતો, તોપણ તે બધાં કલ્પિત હતાં. ભૂગોળ વિગેરેનું પણ

જ્ઞાન આપ્યું હતું. પોતાના પુત્રને તેણે કોઇ વિદ્યાથી અધુરો રાખ્યો ન હોતો. ઘણી વખતે પોતાની માતાને તે વિષે પુછતો, કારણ કે ધ્રુવની વાતથી તેને પોતાની માતા યાદ આવતી. પણ તે તો મરી ગઇ હતી એમ જાણતો. ઘણી વખતે કહેતો, "પિતા! ચાલો આપણે તે તમારી જોયેલી મોટી ભૂમિ પર જઇએ." તો તેઓ કહેતા કે ત્યાં ઘણું દુઃખ છે, ત્યાં રાક્ષસો સરખાં પ્રપંચી માણસો વસે છે. આથી સત્યેંદ્રનું મન તરત વળી જતું, અને તે મોટી ભૂમિને રાક્ષસનીજ ભૂમિ સમજતો. કારણ હાલની ચાલતી દુનીઆની વાતો તેણે કરી જ નહોતી. વળી પોતે તે દેવના વખતના પોતાના પિતાને ધારતો તેમ પોતાને પણ દેવજ ધારતો અને પોતાને રાજા કે મહાભારતના પાંડવો કે રામ જેવાનાં લક્ષણોનો સમૂહ હોય તેમ લેખતો; આજે તેમાં કાંઈ ઘણોજ ફેરફાર થયો. આ અચાનક પ્રસંગ થી એ ઘણો ગુંચવાઇ ગયો. તે ઘડી ઘડી પિતાના શબ તરફ જોતો, અને પ્રલયકાળ આવ્યો હોય તેમ સ્તબ્ધ બન્યો. પણ તેનો સ્વભાવ સાહસનો હતો. તે ઉઠયો અને પોતાનું વૈદકનું પુસ્તક લીધું અને અનેક ઉપચારો પિતાના શબ ઉપર કરી જોયા. રાત્રી વીતી, પરોઢીયું થયું પણ કાંઇ વળ્યું નહીં. નિરાશ થયો ત્યારે પતાનાં કહેલાં વચનો તેને યાદ આવ્યાં, અને તે ઉઠયો. પિતાનું શબ પોતાના કસરતી હાથે ઉંચકી ખભે લઇ ચાલ્યો અને એક નાની ઝુંપડી આગળ આવ્યો. તેને તેનો પિતા "મારી મરણ શય્યા" કહેતો; કારણ કે તે વૃદ્ધ પાંસઠ વર્ષની વયે પહોંચ્યો હતો. તેનું શરીર અનેક જાતનાં માનસિક દુઃખોથી પોડાતું હતું તોપણ તે પોતાના પુત્રને કહેતો નહીં. ભૂતકાળનું સ્મરણ તેનાં હાડ મુંઝાવતું હતું, તોપણ તે પુત્રને કેળવવાનું ચુકયો ન હોતો. પોતાનું પાછલું વૃતાંત મનમાં રાખતાં તે ઘણો દુઃખી થતો. પોતાના પુત્રને કહેવા ધારતો, પણ જીવ ચાલતો નહીં; કારણ તેનું જીવન આ ખીલતું પુષ્પ હતું. તેને કરમાવી તેની જીંદગી દુઃખી ન કરવાના વિચારથી પાછલી જીંદગીનું વૃતાંત મનમાં રાખતો હતો. જ્યારે પોતાથી માનસિક પીડા સહન નહીં થઇ ત્યારે પોતાના ગત વૃતાંતને તેણે કાગળ પર

લખ્યું, અને વખત આવે તે કાગળો પુત્રને સ્વાધીન કરવા ધાર્યું. પણ આ અચાનક મોતના હુમલાથી તેમ થઇ શકયું નહીં. સત્યેંદ્ર દુનીઆના સંબંધથી મોકળોજ રહ્યા. તેણે " कर्मण्येवाधिकारस्ते " કરી પોતાનું કામ કરવા માંડયું. પિતાના કહેવા પ્રમાણે સુખડનાં લાકડાં લાવી પિતાના શબને બાળ્યું અને તેની રાખોડી પાસેના વહેતા ઝરામાં નાખી પોતે નાહી લીધું. તે પછી પોતાની મરૂડીમાં ગયો તો કોઇ વખતે ન જોએલી શુન્યકાર દીઠી. જો કે ઘણી વખતે તે પોતાની ઝુંપડીમાં એકલો રહેતો, પણ આજે તેનું મન અને હૃદય શુન્ય હતાં. સત્યેંદ્ર પિતાના ખાટલા આગળ ગયો તો ખાટલો શુન્ય જોઈ તેને ભાન આવ્યું. તોપણ જાણે કોઈ શક્તિ ખેંચી લાવી હોય તેમ કયારે આવ્યો તેનું ભાન રહ્યું નહીં. જ્યારથી તેના બાપના શબને ઉંચકયું ત્યારથી તે અત્યાર સુધી વૃદ્ધની આજ્ઞાની શક્તિએ કામ કર્યું. હવે ભાન આવ્યું ત્યારે તેના મનમાં વિયોગનો અગ્નિ બળવા માંડયો. તે એકલો બબડવા લાગ્યો: " પિતા ! ક્યાં જાઉં ? શું કરૂં ? હવે મારે માટે કાંઈ કામ નથી. મને બોલાવી લો. નહીં તો હું તમે ગયા ત્યાં મારી મેળે આવીશ. મારે કોઈને કાંઈ કહેવું નથી. મારે તો તમારી આજ્ઞા ઉઠાવવાનું કામ હતું તે હવે પુરૂં થયું તો હું આવીશ." આમ બોલતો બોલતો તે ઉઠયો અને ચોપડીઓવાળા ખંડમાં ગયો. ત્યાં પોતાના પિતાની ચીતરેલી રામની પંચાયતન છબી હતી તે હાથમાં લીધી, તેને ભેટયો, નીચે મૂકી અને પ્રણામ કર્યા. પોતાના હથીઆરના ખંડમાં ગયો. એક નાની કટાર પોતાના જમણા હાથમાં લીધી, અને ઝડપથી પિતાના ખાટલાવાળા ખંડમાં ગયો. અરે પ્રભુ ! શું સત્યેંદ્ર આપઘાત કરશે ! એનો હાથ કોણ પકડશે ? ઇશ્વર ! તું મનુષ્ય બની આ એકલા અટુલાનો હાથ પકડ. બીજો કોઈ તેને બચવાનો હવે આધાર નથી.

ચાલો આપણે તે ખાટલાવાળા ખંડમાં જઈએ. અહા ! પ્રભુ તને શરીરની ક્યાં ખોટ છે?

ગઈ રાત્રે આ ઝુંપડીમાં કોઈ જમ્યું ન હોતું એટલે ખાવાનું ક્યાંથી મળે! બીચારાં રોજનાં ટેવાયલાં કુતરાં સવારથી ખરેખંડ ફરી થાક્યાં. ગાયો સવારમાં આવી દુધ આપી જતી. સત્યેંદ્ર તેમને પંપાળતો. આ તેનાં સ્નેહીઓને તેને મરતો બચાવવા અને પિતાના મૃત્યુનો શોક વિસરાવવા ઈશ્વરે મોકલી દીધાં. પ્રેમાળ શ્વાનો ઓરડામાં પેસતાંજ સત્યેંદ્રની આસપાસ વિંટલાઈ જઈ ચાંટવા લાગ્યાં અને પુંછડી હલાવી ખાવાનું માગવા લાગ્યાં. વહાલ વસ્તુ એવી છે કે ગઈ કાલે એક વૃદ્ધને મરવું ગમતું નહોતું તો એક જુવાનને કયાંથી ગમે? (ચાલુ.)

ચાલુ બનાવોની માહિતા.

(લખનારઃ—રા. કેશવપ્રસાદ દેસાઈ; બી. એ., એલએલ. બી.)

વિલાયતમાં ચુંટણી.

પાર્લામેંટ બરખાસ્ત થઈ ગયાની ખબર ગયા અંકમાં આપી હતી. પાર્લામેંટની ચુંટણી થઈ ગઈ છે; અને તેમાં પહેલાં કરતાં કૉન્ઝરવેટીવ ઉમેદવાર ઓછા આવ્યા છે. ઈંગ્લંડમાં અત્યારે મૂખ્ય ત્રણ પક્ષ છે. કૉન્ઝરવેટીવ પક્ષ, મજુર પક્ષ, અને લીબરલ પક્ષ. જે પક્ષને પ્રધાન પદ સોંપાય તે પક્ષમાં બીજા બે પક્ષ કરતાં વધારે માણસો જોઈયે, નહિ તો તે પોતાની રાજનીતિ અમલમાં મૂકી શકે નહિ. કૉન્ઝરવેટીવ પક્ષે એમ જાહેર કર્યું કે વેપારમાં રક્ષણની રાજનીતિ તે અમલમાં મુકવા માગે છે. પરંતુ ચુંટણીના પરિણામ ઉપરથી એમ લાગે છે કે તેમ બની શકશે નહિ. કારણ કે લીબરલ પક્ષ કરતાં કૉન્ઝરવેટીવ પક્ષ સંખ્યામાં વધારે છે, તેમ મજુર પક્ષ કરતાં પણ વધારે છે; છતાંયે આ બંને પક્ષો ભેગા થાય તે કરતાં તેઓ બહુ જ ઓછા છે અને રાજનીતિની સામે તો આ બંને પક્ષો થાય જ, એટલે કૉન્ઝરવેટીવોથી કાંઈ રાજ ચલાવી શકાય તેમ નથી.

સંખ્યામાં બીજે નંબરે મજુર પક્ષ છે. જો કૉન્ઝરવેટીવ પક્ષ પ્રધાનપદ ના લે, તો મજુરપક્ષને તે માટે આમંત્રણ થાય. અને મજુર પક્ષે જાહેર કર્યું છે કે જો આવું આમંત્રણ થશે તો તેઓ પ્રધાનપદની જોખમદારી લેવા તૈયાર છે. આમ થશે તો કદાચ ફરી ચુંટણી કરવી પડશે; કેમકે મજુર પક્ષની વધારે બહુમતી વિના રાજસભા ચાલે નહિ. જો મજુર પક્ષ સત્તામાં આવે તો ઇતિહાસમાં તે પહેલીજ વાર બનશે; જગતનો પ્રવાહ કઇ તરફ વહે છે એ વાત સાબિત કરી આપશે. પશ્ચિમના સ્વતંત્ર દેશોમાં, સામાન્ય માણસ પણ ક્યાંથી ક્યાં ચડી શકે તે વાતની સાક્ષી આ બનાવ પૂરશે. કામદાર મંડળનો સભાસદ પ્રધાન પદ સુધી પણ પહોંચી શકે ! !

× + + +

ચુંટણી અને સ્ત્રીઓ.

ઇંગ્લંડની રાજસભામાં બેસવાનો અધિકાર સ્ત્રીઓને મળ્યો છે. હક મળ્યો તે વર્ષે એક સ્ત્રી ચુંટણીમાં સફળ થઇ હતી, ગઇ રાજસભામાં ત્રણ સ્ત્રીઓ ચુંટાઇ હતી, અને ચાલુ રાજસભામાં સાત સ્ત્રીઓ આવી છે. આ પ્રમાણે ત્યાં આગળ જે હક સ્ત્રીઓને મળ્યો છે તેનો લાભ લેવામાં આવે છે. આ વખતે પાંત્રીસ સ્ત્રીઓએ ઉમેદવારી કરી હતી. આપણા દેશમાં હજી સ્ત્રીઓને ધારાસભામાં બેસવાનો અધિકાર મળ્યો નથી; પરંતુ જ્યારે આ અધિકાર મળશે ત્યારે તેનો લાભ લેવા માટે સ્ત્રીઓ નિકળશે એવી અમારી ખાત્રી છે. આપણે આશા રાખીશું કે આ હક આપણને સત્વર મળે.

* * * *

સ્વર્ગસ્થ ઉત્તમલાલ

ગુજરાતે ગયા માસમાં એક જાણીતો નર ગુમાવ્યો છે. સ્વ. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી ગુજરાતના એક અગ્રગણ્ય વિચારક હતા. આવા દોડાદોડીના કાળમાં વિચારક ઓછા હોય છે, અને તેમની કદર લોકો કરતા પણ નથી. પરંતુ પ્રગતિનો પાયો મજબૂત કરવા માટે ઉંડા વિચારકો, અને તત્ત્વશોધકની આપણને બહુજ જરૂર છે. આવા કાળમાં ગુજરાતને તેમની ખોટ સાલશે. મર્હુમે "સમાલોચક" પત્રદ્વારા તેમજ કેટલાંક પુસ્તકો લખીને ગુજરાતી ભાષાની સેવા સારી કરી હતી; પરંતુ ગુજરાત તો તેમને લોકતિલકની ભગવત્ ગીતાના ગુજરાતી ભાષાંતરકાર તરિકે વધારે ઓળખશે.

* * * *

મુંબાઇના ગવર્નર સાહેબ તેમના હોદ્દાની મુદત પુરી થતાં ગયા છે, અને નવા હાકેમ આવ્યા છે. એમાં સામાન્ય જન-

મુંબાઇ સરકાર. માજને બહુ રસ પડે તેમ નથી. પરંતુ નવા હાકેમે આવીને નવા પ્રધાનોની ચુંટણી કરી છે તે સાથે આપણને બહુજ સંબંધ છે. આ પ્રધાનોની પસંદગી સરકાર કરે છે, પણ તે પસંદગી ધારાસભાથી ચુંટાયલા સભાસદોમાંથી કરવાની હોય છે. પરંતુ આ વખતે ધારાસભામાં ઘણા સભાસદો "સ્વરાજ પક્ષ" ના આવ્યા અને તેઓ તો કોઈપણ હોદ્દો સ્વીકારવાની વિરૂદ્ધ છે. એટલે આ પસંદગીનું ક્ષેત્ર બહુજ નાનું થઇ ગયું હતું. છતાંયે તેમાં કેટલાએક સારા સભાસદો પ્રધાનપદને યોગ્ય હતા. તો પણ સરકારે જે પસંદગી કરી છે તે જરાયે સંતોષકારક નથી; એક તો મી. ગુલામહુસેન હીદાયતુલ્લા જે ગઇ વખતે એક પ્રધાન હતા તેજ ચાલુ રહ્યા છે. તેમના કારોબારથી પ્રજાને જરાયે સંતોષ થયો નથી. તેઓના હાથમાં મ્યુનિસિપાલિટિઓ હતી અને ગુજરાતમાં મ્યુનિસિપાલિટીઓના શા હાલ થયા છે તે સૌ જાણે છે. છતાંયે આ વખતે સરકારે તેમને ફરીથી તેજ કામ સોંપ્યું છે. બીજા પ્રધાન તરિકે મી. જાદવની પસંદગી થઇ છે, અને તેમને કેળવણી ખાતાનું કામ સોંપ્યું છે. આ ગૃહસ્થથી જાહેર પ્રજા પરિચિત નથી. તેમણે કોલ્હાપુરના દેશી રાજ્યમાં નોકરી કરેલી છે. તેઓ કેવા પ્રધાન નિવડશે તે તો ભવિષ્ય બતાવશે. ત્રીજા પ્રધાન સુરતના મુસલમાન સભાસદ મી. દહેલવી જંગલખાતાના પ્રધાન નિમાયા છે. તેઓ પણ પ્રજાને અપરિચિત જ છે. આવી પસંદગીઓથી પ્રજામાં અસંતોષ વધે તો નવાઈ જેવું નથી જ.

* * * *

મુંબાઇની માફક **કલકત્તામાં પ્રધાનો.** કલકત્તામાં પણ સ્વરાજ પક્ષ વધુ સંખ્યામાં ધારાસભામાં છે; એટલે ત્યાં પણ પ્રધાનોની પસંદગીનું કાર્ય વિકટ થયું છે. પરંતુ ત્યાંના હાકેમે એક જુદું જ પગલું ભર્યું છે. તેમણે સ્વરાજ પક્ષના આગેવાન શ્રી. દાસબાબુને બોલાવીને કહ્યું કે તમે તમારા પક્ષમાંથી પ્રધાનોનાં નામ આપો અને બધા પ્રધાનોને સોંપવાનાં ખાતાંઓની જોખમદારી લઇ લ્યો. પરંતુ સ્વરાજ પક્ષ તરફથી એમ જવાબ આપવામાં આવ્યો કે અમારો પક્ષ તો હાલના સુધારાનું પોકળપણું બતાવવા માટે સ્થપાયો છે, એટલે અત્યારના સંજોગોમાં અમો કાંઇજ જોખમદારી લઇ શકીએ નહિ. છતાંયે જો બધા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવામાં આવે, સપ્લાઇના કાયદાઓ રદ કરવામાં આવે, અને ઇલાકાઓનું રાજતંત્ર ચુંટાયલા સભાસદોને સોંપવામાં

થાય નહિ. છતાંયે અમે ધારીયે છીયે કે દારૂબાજુના પક્ષે આ જોખમદારી સ્વીકારી હોત, તો દેશ જરૂર સ્વરાજ તરફ આગળ ધસત.

* * * *

સમાજસેવા પરિષદ

મુંબાઇમાં સમાજ સેવકોની પરિષદ મીસીસ એની બીસેંટના પ્રમુખપદ નીચે મળી હતી. તેમાં સમાજ સેવાના વિવિધ પ્રશ્નોની ચર્ચા થઇ હતી. ખાસ કરીને બાળકો માટે રમતગમતનાં મેદાનો, ધર્માદાખાતાનો વહીવટ, પતીત સ્ત્રીઓનો ઉદ્ધાર, ભિન્ન સમાજ સેવકોનું સંઘટન આદિ વિષયો ચર્ચાયા હતા. આ પરિષદને અંગે એક પ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતું. તેમાં ક્ષય રોગ સામે સાવચેતી કેમ લેવાય, બાળમરણ કેમ અટકાવાય, સ્ત્રીઓના મરણ પ્રમાણ વગેરેના આંકડાઓ રંગની તથા ચિત્રોની મદદથી બહુજ અસરકારક રીતે દર્શાવાયા હતા.

* * * *

આ ઉપરાંત ભગિની સમાજ, સેવા સદન, કેથોલીક મંડળો તરફથી સ્ત્રીઓના ગૃહ ઉદ્યોગના નમૂના પણ રજુ થયા હતા. સ્ત્રીઓના ગૃહ ઉદ્યોગોની બાબત હવે વિચારવા લાયક થઇ છે. ચારે તરફથી બેકારી તથા મોંઘવારી વધતી જાય છે, તેવે સમયે સ્ત્રીઓ પણ કાંઇને કાંઇ ઉદ્યમ ઘરમાં બેસીને કરી શકે, તો આર્થિક સ્થિતિ વધુ બગડતી અટકે. આ સંબંધમાં લોકો તરફથી વિચાર વધારે પ્રમાણમાં થાય અને જુદાં જુદાં મંડળો કાંઇક વ્યવસ્થા કરે તો સારૂં.

* * * *

બોરસદમાં સત્યાગ્રહ

ખેડા જીલ્લાના બોરસદ તાલુકામાં બહારવટીઆનો ત્રાસ બહુજ વધી ગયો છે. સરકાર તેમને પકડી શકી નહિ. સરકાર કહે છે કે રૈયત બહારવટીયાને મદદ કરે છે. સરકારે તે જીલ્લામાં વધારાની પોલીસ નીમી અને તેનું ખર્ચ લોકોને માથે નાંખ્યું અને તે માટે ખાસ કર નાંખ્યો. લોકોને આથી અપમાન લાગ્યું. તેમને બહારવટીયાના સાથી ગણ્યા, અને વળી ઉપરથી દંડ થયો. તેમનું કહેવું એમ છે કે અમારૂં રક્ષણ કરવાની ફરજ સરકારની છે, માટે અમારા ઉપર જુદો કર ના જોઇએ. વળી બહારવટીયા સામે કોઈ પણ ખબર કોઇ આપે છે તો તે તેને બહુ હેરાન કરે છે. માટે કદાચ કોઇ બાતમી નહિ આપતું હોય. અમે જો વધારાનો કર આપીયે તો અમે બહારવટીઆના સાથી ગણાઇએ. તે કર અમે નહિ આપીયે આ ઉપરથી ત્યાં વધારાનો એ કર નહિ આપવા માટે સત્યાગ્રહ શરૂ થયો છે, ને તેથી ઘણાં ગામેમાં એ માટે જસીઓ કરવામાં આવે છે

"સ્ત્રીબોધ" અને "બાળક."

ઈ. સ. ૧૯૨૨ અને ૧૯૨૩ નું આખા વર્ષનું પાકું બાંધેલું પુસ્તક.

નાની મોટી અનેક વાતો-સંવાદો-કાવ્યો, સ્ત્રી ઉપયોગી વિવિધ લેખો-પુસ્તક પરિચય-જીવનચરિત્રો-સિંહાસન બત્રીસીની વાર્તાઓ-બાળકો માટે રામાયણની વાતો-વગેરે વિવિધ અનેક લેખોથી ભરપુર.

[લગભગ ૯૦૦ પૃષ્ઠ અને ચિત્રો સાથે પાકું સુન્દર પુંઠું.]

- દરેક વર્ષની કીંમત રૂ. ચાર. વિ૦ પી૦ પોસ્ટેજ ખર્ચ જુદું

એક એક વર્ષનું આ પુસ્તક ખરીદનારને નીચેનાં દશમાંથી જે માગશે તે કોઇ પણ પુસ્તકનો એક સેટ બક્ષીસ મળશે:—

૨-૦ હાસ્યમંદિર—(રા. બ. રમણભાઇ તથા સૌ. વિદ્યાગૌરી કૃત)
૨-૦ હાસ્યકથામંજરી—(કાગળ ૨૬ ને કાચું પુંઠું.)
૨-૦ "નીતિ-વચન" અને "મેઝીનીના લેખો" (બે પુસ્તકો)
૩-૦ રા. બ. રણછોડલાલ છોટાલાલનું જીવનચરિત્ર.
૨-૦ ચાર દશ્ય નાટકો—(છુટાં-પાકાં બાંધેલાં નહિ.)
૨-૦ સ્ત્રીઓની જુવાની જાળવવાના ઉપાય (પઢીયાર કૃત)
૧-૮ "ગોખલેનું ચરિત્ર" તથા સીતા નાટક (બે પુસ્તકો.)
૨-૦ "ધર્મનો જય" તથા "રાનડેનાં વ્યાખ્યાન." (બે)
૨-૪ "ટાગોરની ટુંકી વાતો" અને "રત્નમાળા." (બે)
૨-૮ "કલાપી-કાન્તના સંવાદો" અને "ગીતા પરિચય. (બે)

મંગાવનારે કયા વર્ષનું તથા કયું પુસ્તક બક્ષિસ લેવું છે તે સ્પષ્ટ જણાવવું; ને ઑરડર સાથે રૂ. એક ડીપાઝીટ મોકલવો.

લખો:—

મંત્રી—"સ્ત્રીબોધ"; અમદાવાદ.

ચાર વર્ષનું બાળક.

(ઇ. સ. ૧૯૨૩ ના સ્ત્રીબોધના "બાળક" નું પાકું બાંધેલું પુસ્તક.)

ખાસ બાળકો માટે લખાયેલા ઉપદેશક લેખો-કવિતાઓ-નાની નાની વાતો-સંવાદો-જીવનચરિત્રો-સિંહાસન બત્રીસીની આઠ વાર્તાઓ-રામાયણની બાર વાતો-વગેરે વિવિધ અનેક લેખોથી ભરપુર લગભગ ૬૦૦ પૃષ્ઠ અને કેટલાંક ચિત્રો સાથે—

કિંમત રૂ બે. વિ. પી. પોસ્ટેજ ખર્ચ જુદું. લખોઃ—

મંત્રી-"સ્ત્રીબોધ" કાર્યાલય;-અમદાવાદ.

છપાય છે ! રાહ જોશો ! છપાય છે ! !

ગુજરાતી ભાષાનો

મધ્યમ શાળોપયોગી કોષ.

ગુજરાતી ભાષાનો કોઇ પણ સારો શબ્દકોશ હાલ મળતો ન હોવાથી ખાસ કરીને ગુજરાતી ભાષાના અભ્યાસીઓને, તેમજ શિક્ષકો-વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવો આ કોષ અમે તૈયાર કર્યો છે. છપામણી વગેરેની મોંઘવારીને લીધે અર્થ આપવામાં બહુ લંબાણ ન કરતાં આવશ્યક વિવરણ આપ્યું છે; છતાં પુરતા શબ્દો તેમ જ શબ્દના અર્થો આપવામાં અનુક્રમ તથા ચોકસાઇ બની તેટલી સાચવી છે.

આ કોષ સંપૂર્ણતાનો દાવો નહિ કરે; છતાં ઉપયોગી તો અવશ્ય નીવડશે જ. આ મધ્યમ કોષની કિંમત બહુ ભારે નહિ પણ મધ્યમસર રહેશે; માટે નવો ગુજરાતી કોશ ખરીદતાં પૂર્વે આ કોશ માટે રાહ જોવા સર્વેને વિનંતી છે.

જીવનલાલ અમરશી મહેતા.

"સ્ત્રીબોધ"નો બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] જાન્યુઆરી, ૧૯૨૪. [અંક ૧ લો.

સોનેરી શીખામણો.

વિશ્વાસુપણું.

આપણે એકબીજાનો વિશ્વાસ કરી શકીયે તો આપણો દેશ મહાન તથા સુખી બને. માટે તમે નિશ્ચય કરો કે,

(૧) હું બોલવામાં અને ચાલવામાં પ્રમાણિક રહીશ. જુઠું બોલીશ નહિ. ચાડી ખાઇશ નહિ અને મને જે કાંઈ બાબતની ખબર હશે તે માણસોથી છુપાવીશ નહિ.

(૨) હું પકડાઇ નહિ જઉં એમ ધારીને કાંઈ પણ ખોટું કામ કરીશ નહિ. સાચી વાત હું મારી જાતથી નહી છુપાવું; તેમ બીજા કોઈથી પણ નહિ છુપાવું.

(૩) જે ચીજ મારી નથી તે તેના માલીકની રજા વિના હું લઇશ નહિ.

(૪) જે કામ કરવા વચન આપીશ તે કામ તરતજ કરીશ. જો મૂર્ખાઇભર્યું વચન આપી દીધું હશે, તો હું તરતજ મારા ભૂલ સુધારીશ. અને મારી ભૂલથી જે નુકસાન બીજાને થયું હશે તે હું તેને ભરી આપીશ. મારૂં વર્તન એવું કરીશ કે દરેક જણ મારો વિશ્વાસ કરે.

સિંહાસન બત્રિસીની વાર્તાઓ.

(બાળકો માટે તૈયાર કરનાર–કેશવપ્રસાદ દેસાઈ. ૧)

વર્તા ૯ મી. કળશની વાર્તા.

ભોજરાજા વળી પાછો તે સિંહાસન ઉપર બેસવા ગયો, ત્યારે બાળા નામની પૂતળીએ તેને અટકાવ્યો. અને વિક્રમરાજાના પરાક્રમની નીચેની વાત તેને સંભળાવી:

એક વાર રાત્રે વિક્રમરાજા નગરચર્ચા જોવા નિકળ્યા. રાત અંધારી છે, કોઈપણ માણસ રસ્તામાં નજરે પડતું નથી. તો પણ તે બીક વગર બધે ફરે છે. તેમણે ભીલનો વેશ પહેર્યો છે, અને માથા ઉપર રંગેલો રૂમાલ બાંધ્યો છે. આખા ગામમાં ફરીને, તે ગામ બહાર નિકળ્યા. ત્યાં તેમણે દૂર ચાર જણાને જોયા. તેમને લાગ્યું કે તેઓ ચોર હશે એટલે પોતે અદૃશ્ય વિદ્યાથી પોતાનું શરીર સંતાડી દીધું. અને તે ચારે જણની હકીકત જાણવા ગયા. તે ચારે ચોર હતા. તેઓએ કહ્યું કે આપણે ચારે જણા ઘણા હોંશીયાર છીયે, અને આજે આપણે બહુ ધન મેળવવું છે. માટે બોલો આપણે શું કરીશું ? ત્યારે તેમાંના એકે કહ્યું કે મને એવી વિદ્યા આવડે છે કે ભોંયમાં દાટેલું ધન હું જાણી શકું છું. બીજો કહે કે મારામાં એટલું જોર છે કે ગમે તેટલી સખ્ત ભોંય હોય તોપણ હું તે ખોદી શકું છું. ત્રીજો કહે કે મને એવી આવડત છે કે કોઈપણ માણસને હું બેભાન કરી શકું અને તે એવો કે ગમે તેટલો ખડખડાટ થાય તોપણ તે જાગી ઉઠે નહિ. ચોથો કહે કે હું તો વનના પક્ષીની ભાષાઓ જાણું છું. એ કાંઈ વાતો કરશે તો હું તમને તરત-ખબર આપીશ.

ચારે જણાયે આમ વાત કરીને પછી એમ ઠરાવ્યું કે આપણે આજે મોટી ચોરી કરવી. પછી તેઓ ગામ તરફ ચાલ્યા, વિક્રમ-

મરાજા પણ છુપે શરીરે તેમની પાછળ ગયા. પહેલા તો તેમના મનમાં એમ આવ્યું કે આ ચાર ચોરોને હું મારા માણસો પાસે પકડાવી દઉં. પણ પછી તેમને એ લોકો શું કરે છે તે જોવાનું મન થયું. એ ચોરો ગામમાં ગયા. પાછળ વિક્રમરાજા પણ ચાલ્યા.

મોટી હવેલીઓવાળી એક પોળમાં તેઓ ઉભા. ત્યાં બ્રાહ્મણોનાં ઘર હતાં. એટલે ચોરોએ નક્કી કર્યું કે અહિં તો ચોરી ના કરવી. આખું ગામ એમને દાન કરે ત્યારે આપણે શામાટે તે લઇયે? આગળ ચાલતાં વાણીયાનાં ઘર આવ્યાં. ચોરોએ કહ્યું કે વાણીયાને તો ધન બહુજ વહાલું. જો એમનું ધન લઇયે તો એ નિસાસા મૂકે અને એ ધન આપણને પચે નહિ. પછી ભાટ લોકોના ઘર પાસે આવ્યા. ચોરો કહે, આ તો બિચારા થોડા પૈસા માટે લોકોનાં વખાણ કર્યા કરે. વળી એ અડધા બ્રાહ્મણ કહેવાય, માટે એમને ઘેર તો ચોરી ના કરવી. ત્યારપછી સોની, સુતાર, વગેરે કારીગર લોકોનાં ઘર આવ્યાં. તેઓ બિચારાં થોડા ધન માટે બહુજ મહેનત કરે છે, એમ ધારી તેમણે ત્યાં પણ ચોરી ના કરી. એમ કરતાં કરતાં તેઓ રાજાના મહેલ પાસે આવી પહોંચ્યા. ત્યાં તેમણે નકકી કર્યું કે આ ઘર બરોબર છે. બધા લોકોનું ધન રાજા લુંટી લે છે. એને કાંઇ કમાવા જવું પડતું નથી. એનું ધન લીધાથી કોઇ નિસાસો મૂકશે નહિ. વળી ચોર લોકોને તો એ માર મારી સજા કરે છે, માટે એ તો આપણો શત્રુ કહેવાય. વળી

મારવો તો હસ્તી છે સાર, લુંટવો તો રાજભંડાર;
વઢવું તો બળીયાની સાથ, કરવું પૂણ્ય તો જમણે હાથ.
મરવું તો ગંગાને તીર, નહાવું તો નર્મદાનીર;
કાશી માંહે કરવો વાસ, સજ્જન સહોદર રહેવું પાસ.
લેવું તો રાજનું ધન, જેનું મોહોટું હોયે મન,
શંકતું ધન લેવું તે ચેક (માટે) ઉતારો માલ જે હોયે ઠેક.

આમ વિચાર કરી તેઓ રાજાના મહેલમાં પેઠા. પહેલા ચોરે બધાં માણસોને ઉંઘમાં નાંખ્યાં બીજાએ કહ્યું કે રાજાના પલંગના ચાર પૈયા નીચે ચાર કળશ દાટેલા છે. તેમાં એટલું ધન છે કે આ આપણું બધું દળદર મટી જાય. ત્રીજાએ તરતજ પોતાના જોરથી પલંગ ખસેડીને ખાડા ખોદ્યા. જોતજોતામાં તો ચાર ચરૂ કાઢયા. રાજા વિક્રમ તો આ જોયાજ કરતા હતા. તેમણે વિચાર્યું કે હમણાં એ લેકો છો ને લે. મારી નજર આગળજ બધું છે. હું છેવટે એમને પકડીશ. ચોરોએ દરેકે એક એક કળશ માથે મૂક્યો. તેમાં પુષ્કળ ધન હતું. તે લઇને તેઓ પોતાને રસ્તે પડયા. તેમનું ઘર જોવા વિક્રમરાજા તેમની પાછળ ચાલ્યા. બધા ગામ બહાર નિકળ્યા. એટલામાં શીયાળ બોલ્યાં એટલે પેલો ચોથો ચોર જે જાનવરની ભાષા જાણતો હતો તે ચમક્યો. તેણે એકદમ બીજા ચોરોને ઉભા રાખ્યા. અને કહ્યું કે આ શીયાળ કહે છે કે તમે જે બધું કરો છો તે કળશનો માલીક જૂવે છે. માટે તમારૂં ઘર બતાવશો નહિ. આ ઉપરથી ચારે જણા વિચારમાં પડી ગયા. અને તેમણે ઠરાવ્યું કે આ ચારે કળશ અત્યારે આપણે પર્વતની ગુફામાં છુપાવી દેવા. અને ત્રણ ચાર દિવસ પછી તે આપણે ઘેર લઈ જઇશું. પછી તેઓએ તે કળશ સંતાડી દીધા અને ત્યાંથી જુદા થઈ વિખરાઈ ગયા. આ જોઇ વિક્રમરાજા તો ગભરાયા. એ ચોરોને ઓળખી શક્યા નહોતા. હવે જો એકની પાછળ જાય તો કદાચ બીજા આવી ધન કાઢી જાય માટે તેમણે વિચાર્યું કે સવાર સુધી તો અહિંજ ચોકી કરવી. વહાણું વાયું એટલે ઘેર જઇ સૂઇ રહ્યા.

સવારે ચોકીવાત લોકોએ મહેલમાં ખાતર પડેલું જોયૂં. તે જોઇને તેઓ ગભરાઇને પ્રધાનને કહેવા ગયા. પછી બધા મહેલમાં ગયા. તપાસ કરતાં ખબર પડી કે રાજાના ચરૂ ગયા છે. આ સાંભળી સૌ ત્રાસી ગયા. હવે રાજાજી દંડ દેશે એમ સૌને બીક લાગી. આખો દિવસ બધાયે ખૂબ તપાસ કરી. પણ કોઇને પ્રગટું

જડયું નહિ. રાત્રે રાજાજીએ એક બળદની ગાડી જોડી. અને પેલા ચરૂ લાવવા ગયા. ગુફામાં જઈને તેમણે ચારે ચરૂ ગાડીમાં મૂકયા અને ગાડી શહેર તરફ લાવ્યા. તે વખતે તેમણે શહેરમાંથી એક બ્રાહ્મણ કુટુંબને પોતાની તરફ આવતું જોયું. તેમણે ગાડી ઉભી રાખીને પૂછયુંઃ તમે કોણ છો, અને અત્યારે કયાં જાવ છો? ત્યારે તે કુટુંબનો વડીલ બોલ્યોઃ ભાઇ તમે તમારે રસ્તે જાવ. અમને અમારી મેળે સુખેથી જવા દો. પછી રાજાના બહુ જ આગ્રહથી તેણે કહ્યું કે અમે બહુજ ગરીબ, અને દુઃખી માણસો છીયે. અમે બહુ બહુ પ્રત્યન કર્યા પણ પેટપુરતું ધાન પણ મળતું નથી. વળી હવે છોકરા ઉંમર લાયક થયા એટલે તેમનાં લગ્ન પણ કરવાં જોઈયે. છોકરાનાં લગ્ન લીધાં છે અને બે દિવસમાં જાન આવવાની છે. તે માટે ઘણું ખર્ચ કરવું પડે તેમ છે. પણ પૈસા વિના કાંઇયે બને નહિ. એટલે અમે આ ગામ તજીયે છીયે, પાડોશીયોમાં નામોશી થાય માટે રાતોરાત નિકળી જઈયે છીયે. આ સાંભળી વિક્રમરાજાને દયા આવી. વળી જો કોઈ કુટુંબ પોતાનું ગામ તજી જાય, તો તેમાં રાજાની પણ આબરૂ જાય. તેથી તેમણે કહ્યુંઃ ભાઈ! આ ચરૂ છે તેમાંથી એક તું લઈ લે અને પાછો વળ.

ચરૂ જોઇને બ્રાહ્મણભાઇનો લોભ જાગ્યો. એ તો એક પછી એક ચારે ચરૂ તપાસે. તેમાંથી કયામાં વધારે ધન હશે તે નક્કી થાય નહિ. રાજાએ પૂછયુંઃ મહારાજ, આમાંથી તમો લેશો તો તમારૂં મન પ્રસન્ન થશે! ત્યારે બ્રાહ્મણભાઈ બોલ્યાઃ જો અમારૂં મન પ્રસન્ન કરવું હોય, તો તો મને ચારે ચરૂ આપીદો. તમે મોટા દાતાર છો. અને અમે તો માંગણ છીયે. અને જ્યારે લાજ ખોઇને માંગણી કરવાની છે ત્યારે તો પૂરૂં માંગવું.

જ્યાં મળ્યા ગંગા નરબદા તીર, કુપ તળાવનાં ત્યાં શાં નીરઃ
જ્યાં મળી કામધેનુ ગાય, બકરીને તો કોણજ ચહાય.

ચોર બોલ્યાઃ તમારી વાત સાચી છે. અમેજ ચરૂ લીધા છે. બંને વખત અમેજ ચોરી કરી છે. પરંતુ હવે તો મમતનો સવાલ છે. તમારે પોતાને માથે તહોમત આવ્યું છે એટલે અમે ભરી સભામાં કબુલ કરવાના નથી. તમારે ફાવે તો તમે મુદ્દા માલ સાથે અમને પકડો. જો અમે જાતે કબુલ કરીયે તો માલ પણ જાય અને આબરૂ પણ જાય.

ત્યાર પછી રાજાએ તેમને બહુ સમજાવ્યા. રાજાએ કહ્યું કે તમે પહેલી વાર મારા મહેલમાં ચોરી કરી તે જાણું છું. મેં તે નજરે જોઇ છે. તમે ઘણા હોંશીયાર માણસો છો. વળી તમે ગામમાં બ્રાહ્મણ, ભાટ, વગેરે લોકોને ત્યાં ચોરી નહોતી કરી તેથી તમારૂં ઉદાર દીલ પણ મેં જોયું છે. માટે મારી વિનંતિ સાંભળો. તમે ચોરી તથા જુગટું છોડીને બીજા ધંધામાં તમારી હોંશીયારી બતાવો. અંતે રાજાનું કહ્યું ચોરોને ગળે ઉતર્યું ને તેમણે ચોરી ભર સભામાં કબૂલ કરી અને ચારે કળશ લાવીને હાજર કર્યા. રાજાએ દરેકને પાંચપાંચ ગામ ઇનામ આપ્યાં. અને તેનો વહીવટ તેઓએ બહુજ હોંશિયારથી કર્યો. તેઓએ ફરીથી ચોરીનો ધંધો કર્યો નહિ. પેલા બ્રાહ્મણને કળશ મળ્યા. પણ રાજાને માથે તહોમત મૂકયું હતું તેથી તે બહુજ પસ્તાયો અને બધુંજ ધન તેણે પરોપકારમાં વાપરવા રાજાને પાછું આપી દીધું.

આવા પરાક્રમી વિક્રમરાજા હતા. તેમના જેવાં પરોપકારનાં કામ જે કરશે તેજ આ સિંહાસન ઉપર બેસશે. આટલું કહી બાળા નામની પૂતળી આકાશમાં ઉડી ગઈ.

બાળકોની ચતુરાઈ.

વિદ્યાર્થીઓ ક્યારેક ક્યારેક મોટી નવાઈ પમાડે એવી ચતુરાંઇ બતાવે છે. આ વિષયની એક વાત મહારાજ વિક્રમાદિત્યના વખતની ચાલી આવે છે. કહેવામાં આવે છે કે મહારાજ વિક્રમાદિત્યના વખતમાં એક સૂરદાસ હતો. તે બાલકોને ભણાવતો. તેની પાસે ૨૪ વિદ્યાર્થી હતા. તે બધા ત્રણ ત્રણ પ્રમાણે ૮ ઓરડીમાં રહેતા હતા, અને તેના ગુરૂ સૂરદાસજી (આંધળા) વચલી ઓરડીમાં રહેતા જે નં. (૧) ના ચિત્ર ઉપરથી સમજાશે.

(૧)

૩	૩	૩
૩	સૂરદાસ	૩
૩	૩	૩

સૂરદાસજીએ હાજરી લેવાનો એવો નિયમ કરી રાખ્યો હતો; કે તે દરેક હારના વિદ્યાર્થીઓની સંખ્યા એક સાથે ગણી લેતા હતા. તે સંખ્યા ચારે બાજુ ૯ થતી. આ રીતે ગણીને તે પોતાના મનથી સંતોષ પામતા કે બધા વિદ્યાર્થીઓ હાજર છે.

એક વાર ચાર વિદ્યાર્થીઓને બહાર જવાની જરૂર પડી. તે આજ્ઞા વગર ચાલ્યા ગયા અને બાકીના ૨૦ વિદ્યાર્થીઓ ચિત્ર નંબર (૨) માં જણાવ્યા પ્રમાણે રહેવા લાગ્યા. પરંતુ જ્યારે સૂરદાસજી પોતાની રીત પ્રમાણે ગણતા, ત્યારે તેને દરેક હારમાં ૯ છોકરા જણાતા; અને ચાર ગેરહાજર વિદ્યાર્થીની તેને કાંઇ ખબર ન પડી.

(૨)

૪	૧	૪
૧	સૂરદાસ	૧
૪	૧	૪

કેટલાંક વખત પછી તે ચાર ગયેલા વિદ્યાર્થીની સાથે બીજા ચાર છોકરા વધારે આવ્યા. એટલે ૨૪ ને બદલે ૨૮ છોકરા થઇ ગયા ત્યારે તેઓ ચિત્ર નં. (૩) માં જણાવ્યા પ્રમાણે રહેવા લાગ્યા.

તેમાં પણ સૂરદાસજીના ગતણુરી પ્રમાણે દરેક હારની સંખ્યા તો જેટલીને તેટલી જણાઈ આવી અને વધારાના ૪ છોકરાની તેને કાંઇ ખબર ન પડી.

(૩)

૨	૫	૨
૫	સૂરદાસ	૫
૨	૫	૨

પછી વળી બીજા ચાર વિદ્યાર્થીઓ નવા આવ્યા અને કુલ સંખ્યા ૩૨ થઇ ગઇ. અને એક હારમાં ૯ નો મેળ કરવા માટે તેઓ ચિત્ર નં. (૪) માં બતાવ્યા પ્રમાણે રહેવા લાગ્યા.

(૪)

૧	૭	૧
૭	સૂરદાસ	૭
૧	૭	૧

આ રીતે વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૪ને સ્થાને ૩૨ થઇ ગઈ; પરંતુ સૂરદાસજી તો સમજી રહ્યા, કે તેને વિદ્યાર્થી ૨૪ જ છે. પરંતુ તે પછી પણ ચાર બીજા વધ્યા. અને કુલ સંખ્યા ૩૬ અર્થાત ૨૪ ની દોઢી થઈ ગઇ. હવે વિદ્યાર્થીઓ જે રીતથી રહેવા માંડ્યા, અને ૯ નો મેળ સાચવા રાખ્યો, તે ચિત્ર નં. (૫) જોવાથી જણાઈ આવશે.

તે પછી થોડા દિવસ રહીને નવા આવેલા ૧૨ વિદ્યાર્થી ચાલ્યા ગયા અને જુનામાંથી પણ ૬ વિદ્યાર્થી ચાલ્યા ગયા. અર્થાત ૩૬ ને બદલે કુલ વિદ્યાર્થી ૧૮ જ રહ્યા. ત્યારે વિદ્યાર્થીઓએ રહેવાની જે ગોઠવણ કરી તે ચિત્ર નં. ૬ થી જણાઈ આવશે.

(૫)

૦	૯	૦
૯	સૂરદાસ	૯
૦	૯	૦

પછી વળી બીજા બે આવીને એકઠા થયા. અને કુલ સંખ્યા ૨૦ થઈ, હવે જે રીતથી તેઓ રહેવા લાગ્યા તે ચિત્ર નં (૭) જોવાથી જણાશે.

(૬)

૫	૦	૪
૦	સૂરદાસ	૦
૪	૦	૫

આ ૨૦ વિદ્યાર્થીઓએ વળી બીજી રીતની ગોઠવણ ચિત્ર નં. (૮)માં બતાવ્યા પ્રમાણે કરી. તેમ છતાં સૂરદાસને ગણવાની હારો તો ૯ ની જ કાયમ રહી. અને તેથી તેને તે ફેરફારની કાંઇ ગમ પડી નહિ.

(૭)

૨	૧	૬
૧	સૂરદાસ	૧
૬	૧	૨

(૮)

૫	૧	૩
૧	સૂરદાસ	૧
૩	૧	૫

છેવટમાં કહેવાનું કે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધઘટ થવા છતાં ૯ ની હાર કાયમ રાખવાની આ ચતુરાઇ ગમ્મત આપે તેવી તેમજ વખાણવા લાયક છે.*

રતિલાલ દેવચંદ રામજી
(ઉ. વ. ૧૦)

ગૌ સંરક્ષક સદ્‌ગૃહસ્થો !

ગર્ભામૃત સંજીવની—મહૌષધી વડે નિશ્ચય સંતાન પ્રાપ્તિ થાય છે. વધુ માહિતી માટે રૂા. ૦-૨-૦ પોસ્ટેજ સાથે લખોઃ—

એમ. જે. વનસ્પતિશાસ્ત્રી—મુ. ધોળકા.

જીલ્લો અમદાવાદ-(ગુજરાત.)

* હિંદી બાલસખા ઉપરથી.

એકલવ્ય.

એકલવ્ય એક ભીલ રાજાનો પુત્ર હતો. એક વખત તેણે ગુરૂ દ્રોણાચાર્યનાં વખાણ સાંભળ્યાં, અને ત્યારથીજ તેણે ગુરૂજી પાસે બાણવિદ્યા પ્રાપ્ત કરવાનો નિશ્ચય કર્યો. તે બાણવિદ્યા શીખવા હસ્તિનાપુર આવ્યો. દ્રોણાચાર્ય કુલીન રાજકુમારોના ગુરૂ તે કાંઈ ભીલપુત્રને વિદ્યા દાન આપે ? તેમણે અભિમાનથી બીચારા એકલવ્યને હાંકી કાઢયો. દ્રોણાચાર્યની બાણ મારવાની ચતુરાઈ જોઇ એકલવ્ય જંગલમાં ચાલ્યો ગયો. જંગલમાં જઈ તેણે તેવીજ ચતુરાઈથી બાણ મારતી દ્રોણાચાર્યની મૂર્તિ બનાવી અને તેની દેખાદેખીએ બાણ મારવાનો અભ્યાસ શરૂ કર્યો અને ખંત અને મહેનતથી તે એટલો તો નિપુણ થયો કે શબ્દવેધી તીરંદાજ બની ગયો.

એક દિવસ કૌરવ પાંડ (જેઓ દ્રોણાચાર્ય પાસે બાણ-વિદ્યા શીખતા હતા) શિકાર માટે જંગલમાં ગયા. તેમનો કુતરો એકલવ્યને ભીલના વેશમાં જોઈ ભસવા લાગ્યો. એકલવ્યએ સ્ફુર્તિથી સાત બાણ મારી કુતરાનું મોં શીવી લીધું. કુતરો ભસતો બંધ થયો. એકલવ્યની આ નિપુણતા જોઇ રાજકુમારોએ તેને પુછયું, "તું કોણછે, અને આવી અમૂલ્ય વિદ્યા તેં કયાંથી પ્રાપ્ત કરી ?" એકલવ્યએ જવાબમાં પોતાનું નામ કહી જણાવ્યું કે, "આ વિદ્યા હું પૂજ્ય ગુરૂ દ્રોણ પાસે શીખ્યો છું." દ્રોણનું નામ સાંભળતાંજ અર્જુન ઉદાસ થયો. ગુરૂની પાસે જઈ કુતરાનું મોં બતાવી અર્જુને કહ્યું કે ગુરૂજી, તમે મને વરદાન આપ્યું હતું કે તારાથી વધે એવી ધનુષવિદ્યા હું કોઇને પણ શીખવીશ નહિ; તો પછી આ ભીલના છોકરાને શામાટે મને પણ હંફાવે એવું જ્ઞાન આપ્યું ?"

દ્રોણાચાર્ય વિચારમાં પડી ગયા. તેણે અર્જુનને કહ્યું, "ભાઇ,

મેં તો તમારા સિવાય કોઇને પણ વિદ્યાદાન આપ્યું નથી. માટે હું આ વાત માની શકતો નથી." અર્જુન ગુરૂ મહારાજને લઈ એકલવ્ય પાસે જંગલમાં ગયો. ગુરૂજીએ એકલવ્યને પૂછ્યું, "તને આ વિદ્યા કોણે શીખવી?" એકલવ્યએ જવાબ આપ્યો, "ગુરૂ મહારાજ! આપની આ મૂર્તિએ! આપશ્રીએ તો મને હાં કાઢયો પણ મારે તો આ વિદ્યા શીખવી હતી એટલે આપ ગુરૂ માની મૂર્તિ બનાવી આપની કળા પ્રમાણે રાત દિવસ બા મારવાથી થોડું ઘણું જ્ઞાન મને પ્રાપ્ત થયું છે."

દ્રોણાચાર્યે પ્રસન્ન વદને કહ્યું, "જો તું મારોજ શિષ્ય હો તો મને ગુરૂદક્ષિણા હું જે માગું તે આપ." એકલવ્યએ હા જોડી કહ્યું, "મહારાજ! માંગી લો."

દ્રોણાચાર્યે કહ્યું, "હે વીર! જો તું આપી શકતો હોય તે તારા હાથના અંગુઠા મારી દક્ષિણા તરીકે કાપી આપ." એક લવ્યએ હસતાં હસતાં અંગુઠા કાપી આપી કહ્યું, "બીજી કાંઇ આજ્ઞા છે મહારાજ?" દ્રોણાચાર્યે આશીર્વાદ આપ્યો અને વિદાય થયા. રસ્તે તેમણે અર્જુનને કહ્યું, "વિદ્યા આવી ગુરૂભક્તિ અને હંમેશના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. મેં એકલવ્યના અંગુઠા એટલા માટેજ લઈ લીધા છે કે એ કોઈપણ દિવસ તારા શત્રુઓને મળી નિપુણતાથી તીર ન ચલાવી શકે, અને તને સૌથી નિપુણ શિષ્ય બનાવવાની મારી પ્રતિજ્ઞા પણ કાયમ રહે."

બીચારો એકલવ્ય ઠગાયો. હવે તે અંગુઠા વિનાનો હતો, એટલે બાણ મારી શકતો નહતો. તેણે ફરીથી પ્રયત્ન શરૂ કર્યો અને બેઠાં બેઠાં પગના અંગુઠા વડે બાણ ખેંચવાનો યત્ન કરવા માંડયો. પ્રયત્નથી શું નથી થઇ શકતું? ટુંક સમયમાંજ તે હાથની માફક પગ વડે બાણ ફેંકવા લાગ્યો.

બાળકો! જુઓ, એકલવ્ય કેવો સાહસી અને પરાક્રમી બાળક હતો, કે ગુરૂ દ્રોણાચાર્યને પણ બ્રહ્મતેજનું અભિમાન છોડી તેની પાસે આવવું પડયું, અને દક્ષિણા માટે હાથ લંબાવવો પડયો. મહેનત અને ખંતથી કોઈ પણ વસ્તુ મેળવી શકાય છે.

જે આળસ છોડી હંમેશ ખંતથીજ મંડયો રહે છે તે શું નથી કરી શકતો ? બાળ મિત્રો ! તમારે, પણ ભણવામાં અને નવી નવી કળાઓ શીખવામાં એકલવ્યની માફક આળસ છોડી મહેનત કરવી જોઇએ.

ડૉ. મોહનલાલ જગન્નાથ.

બુદ્ધિવર્ધક કોયડા.

(લેખક:—જયશંકર પીતાંભાઇ ઠાકર—કેરાળા)

મારા નાના મિત્રો ! તમે સાંજે નિશાળમાંથી છુટા થઇ સરખેસરખા ભાઇબંધો બહાર ખુલ્લી હવામાં ફરવા જાઓ છો ? જતા હશો તો ત્યાં જઈ ગમ્મતની વાતો કરોછોને ? ખાલી ગમ્મતની વાતો કરવા કરતાં જ્ઞાનની સાથે ગમ્મત કરોતો કેવી મઝા પડે ? તેમ કરવાથી " એક પંથને દો કાજ થાય."

કોયડો ૧ લો.

બે વેપારીએ મજમુ (સહીઆરૂં) આઠ મણ ઘી લીધું અને તેટલાજ (આઠ મણના) માપના ઘાડવામાં ભર્યું. તે ઘીનો ઘાડવો ગાડામાં મૂકાવી સાથે એક પાંચ મણના અને બીજો ત્રણ મણના માપનો એમ બીજા બે ખાલી ઘાડવા પણ સાથે લીધા અને શહેરમાંથી વેચવા ચાલ્યા. અડધે રસ્તે જતાં બન્ને વચ્ચે વાંધો પડયો; ત્યારે એકે બીજા વેપારીને કહ્યું કે મારા ભાગનું ચાર મણ ઘી આપી દે એટલે હું ગમે ત્યાં જઈ વેચી આવીશ, ત્યારે બીજાએ કહ્યું કે અહીં જંગલમાં તોળવાનું સાધન કયાંથી કાઢું ? ત્યારે પહેલો વેપારી જે તકરારી હતો તેણે કહ્યું; ગમે તેમ કર પણ મારો ભાગ તો અબઘડી જ આપી દે. આમ બોલાચાલી થતાં બન્ને લડવાની અણીપર આવી ગયા. ત્યારે ગાડું હાંકનાર ખેડુતે કહ્યું કે તમે લડો છો શા માટે ? લાવો હું સરખે ભાગે વહેંચી આપું.

ત્યારે વેપારીઓ લડતા રહ્યા. પછી ખેડુતે બન્નેને ચચ્ચાર મણ ઘી સરખે ભાગે વહેંચી આપ્યું તેથી બન્ને ખુશી થઈ ખેડુતની બુદ્ધિને ધન્યવાદ આપવા લાગ્યા.

મારા નાના મિત્રો ! ખેડુતે કાંઈ તોળવાના સાધન વગર ચચ્ચાર મણ ઘી કેવી રીતે વહેંચી આપ્યું હશે ? ખેડુતને બદલે તમારા ઉપર વહેંચવાનું કામ આવ્યું હોતતો કેવી રીતે વહેંચી આપત ?

આ પહેલો પ્રસંગ છે તેથી કદાચ તમને સુઝ ન પડે તો નીચે ઉત્તર તૈયાર છે; પણ તમારા મગજને ખુબ મહેનત આપો. વિચાર કરી કસોટી કર્યા વગર ઉત્તર જોશો નહિ. કારણ કે "કળ્યો કોયડો કોડીનો." આમાં તો ફક્ત "તરણા આગળ ડુંગર છે."

ઉત્તરઃ—ગાડામાં એક આઠ મણનો ઘીનો ઘાડવો ભરેલો છે તથા પાંચ મણનો અને ત્રણ મણનો એમ બે ઘાડવા ખાલી છે એતો તમો જાણો છો.

ખેડુતે પહેલાં આઠ મણના ઘાડવામાંથી ત્રણ મણવાળો ખાલી ઘાડવો ભરી પાંચ મણ વાળા ખાલી ઘાડવામાં ઠાલવ્યો. ફરી ત્રણ મણ વાળો ઘાડવો ચાર મણ વાળામાંથી ભરી પાંચ મણ વાળામાં બીજી વાર ઠાલવતાં ત્રણ મણ વાળા ઘાડવામાં એક મણ ઘી બાકી વધ્યું તેને એમજ રહેવા દઈ પાંચ મણ વાળો ઘાડવો ભરાયો તે પાછો આઠ મણ વાળા ઘાડવામાં ઠાલવી દઈ તેને ખાલી કર્યો. ત્યાર બાદ ત્રણ મણ વાળા ઘાડવામાં જે એક મણ ઘી બાકી રહ્યું હતું તે પાંચ મણ વાળા ખાલી કરેલા ઘાડવામાં ઠાલવી ત્રણ મણ વાળો ઘાડવો ખાલી કર્યો. ત્યાર બાદ તે ત્રણ મણ વાળો ખાલી ઘાડવો આઠ મણ વાળામાંથી ભરી પાંચ મણ વાળા ઘાડવામાં જે એક મણ ઘી ત્રણ મણવાળામાંથી નાખ્યું હતું તેની સાથે નાખ્યું. તેથી તેમાં (પાંચ મણ વાળામાં) એક મણ પહેલાંનું અને ત્રણ મણ હમણાં નાખ્યું તે મળી કુલ ચાર મણ થયું અને આઠ મણ વાળામાં પણ ચાર મણ બાકી

રહ્યું. આ રીતે સરખી વહેંચણી થવાથી બન્ને વેપારીઓ ખેડુતની તર્કશક્તિની વાહ વાહ બોલવા લાગ્યા અને આનંદથી પોતં પોતાને રસ્તે પડયા !!

નાના મિત્રો,મારા સહવાસથી તમોને આનંદ પડયો હશે અને તમારૂં આમંત્રણ હશે તો વળી પાછા સાથે ખુલ્લી હવામાં ફરવા આવીશું અને ગમ્મતની સાથે જ્ઞાન મેળવીશું. હયો હવે આજે તો જઇશ. રામ રામ–સલામ.

બાળકો માટે—

રામાયણની વાતો.

૧૩-ભરતની ભ્રાતૃભક્તિ.

ભરતનાં રોષ ભરેલાં વચનોથી કૈકેયી તો આભીજ બની ગઈ. એટલામાં ત્યાં કુબડી દાસી મંથરા આવી પહોંચી. આવતાંની સાથે જ તે બડાઈથી બોલવા લાગીઃ " મારી જ ચતુરાઈ અને ચાલાકીથી તમને આ રાજપદ મળવા પામ્યું છે. " શત્રુઘ્ન સમજી ગયા કે આ સઘળા અનર્થનું મૂળ આ કુબ્જા જ છે. તરત જ તે તેનો ચોટલો પકડી તેને પછાડવા અને મારવા મંડી પડયા. દાસીએ જાણ્યું કે હવે મારૂં આવી જ બન્યું. તે ચીત્કાર કરતી રોવા અને બરાડવા લાગી. તરત જ ભરત વચ્ચે પડયા અને બોલ્યાઃ " ભાઈ ! સ્ત્રીહત્યા કરવાથી રામચંદ્ર રાજી ન થતાં ઉલટા વધારે દુઃખી થશે અને આપણું સુખ પણ જોશે નહિ. એ કારણથી તો મેં માતાને પણ જતી કરી છે. તમે એ પાપણીને છોડી દો. " ભરતની આજ્ઞા સાંભળતાં જ શત્રુઘ્ને એ ચંડાળણીને છોડી દીધી.

આમ કૈકેયીનો તીરસ્કાર કરીને બંને ભાઈ કૌશલ્યાની પાસે ગયા. કૌશલ્યાને છેટેથી જોતાં જ તેમની આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી. પાસે જઇ પહોંચતાં જ તેઓ તેમના પગમાં પડયા. પછી કૈકીયીએ જે દુષ્ટ કામ કર્યું છે તેમાં પોતે કેવળ જ અજાણ અને નિર્દોષ છે એમ બતાવતાં જુદી જુદી જાતના સોગન ખાવા લાગ્યા. ભરતનાં શોક, રૂદન અને દુઃખ સાથે સચ્ચાઈનાં વેણ સાંભળી કૌશલ્યાને પાકી ખાત્રી થઈ ગઈ, કે કૈકયીના કારસ્તાનમાં ભરતનો બીલકુલ હાથ નથી.

પછી ભરતને બહુ બહુ સમજાવવા માંડયું, પણ કેમે કરી તેમનો શોક શમ્યો નહિ. એવામાં ગુરૂ વસિષ્ઠ ત્યાં આવી પહોંચ્યા.

તેમણે ભરતને શોકસાગરમાં ડૂબેલા જોઈ કહ્યું. " હે ભરત ! દિવસ ઉપર દિવસ ચાલ્યા જાય છે. હવે શોક કરવો છોડી દઈને મહારાજાની મરણ ક્રિયાનું કામ કરવામાં ચિત્ત પરોવો. " ગુરુની આજ્ઞા માથે ચઢાવી ભરતે મહારાજા દશરથનું શ્રાદ્ધ વગેરે કામ પૂરું કર્યું.

ચૌદમે દિવસે સવાર થતાં વેંત જ સઘળા રાજસેવકો એકઠા થયા. તેમણે ભરતની પાસે જઈ વિનંતી કરીઃ " રાજકુમાર ! હવે આપ આ રાજગાદી સંભાળો. આખું રાજ્ય રાજા વગરનું છે. જો કે એથી રાજ્યમાં કંઇ દખલ થવા પામી નથી; પરંતુ હવે એવી સ્થિતિ વધારે વાર રહેવા પામે એ ઠીક નથી. આખી પ્રજા આપના અભિષેકની રાહ જોઈ રહી છે. આપ બનતી ઉતાવળે ગાદી પર બેસી અમારૂં પાલન કરવા કૃપા કરો. " રાજસેવકોની આવી વાત સાંભળી ભરત બોલી ઉઠયાઃ " તમે સઘળા આ કેવી વાત કહી રહ્યા છો ? ભાઈ રામચંદ્ર અમારા મોટા ભાઈ છે. એ જ રાજા થશે. અમે તો માત્ર તેમના સેવક છીએ. હું અત્યારે જ વનમાં જઈ તેમને તેડી લાવું છું. તમે સઘળા તાકીદે વનમાં જવાની તૈયારી કરો. "

ભરતના મુખની આવી વાત સાંભળતાં જ સઘળાની આંખોમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યાં. સઘળા એકે અવાજે ભરતને ધન્યવાદ આપતા કહેવા લાગ્યાઃ " હે ભરતજી ! આપને ધન્ય છે. સકળ સંસારમાં આપના જેવો એવો કોણ છે, કે જે હાથમાં આવેલા રાજ્યને તુચ્છ ગણી આટલી સહેલાઈથી ઠોકરે મારે ? હે રાજકુમાર ! આપના આ સ્વાર્થત્યાગનાં, તમારી આવી ભ્રાતૃભક્તિનાં સંસારમાં સદાને માટે ગાન ગવાશે. આપની આ કીર્તિ જ્યાં સુધી આકાશમાં સૂર્ય અને ચંદ્ર રહેશે ત્યાંસુધી જગતમાં શાશ્વતી રહેશે. "

તરત જ આખા નગરમાં ભરતજી રામચંદ્રને તેડી લાવવા વનમાં જાય છે એ વાત વાયુના વેગે ફેલાઇ ગઈ. અયોધ્યાની આખી પ્રજા ભરત સાથે વનમાં જવાને તૈયાર થઈ ગઈ. કૌશલ્યા,

કૈકેયી, સુમિત્રા વગેરે સ્ત્રીઓ, વસિષ્ઠ વગેરે વૃદ્ધ પુરુષો, સઘળા રાજસેવકો અને અયોધ્યાવાસીઓ સાથે શત્રુઘ્નને લઇ ભરતજી વન તરફ ચાલી નીકળ્યા. આ વખતનો ભરતનો દેખાવ અપૂર્વ હતો. તેમણે રાજવેશ કાઢી નાંખ્યો હતો. આખા શરીરે વલ્કલ પહેરી લીધાં હતાં અને માથે જટા ધારણ કરી હતી.

આ વખતે રામ, લક્ષ્મણ અને સીતા તપસ્વીના વેશે ચિત્રકૂટ પર રહેતાં હતાં. ભરતજી પૂછગાછ કરતા ત્યાં જઈ પહોંચ્યા. છેટેથી તેમને જોતાંની સાથે જ તેમના દિલમાં અપાર દુઃખ થયું. તે મન સાથે વિચારવા લાગ્યા, કે "હાય! મહારાજ રામચંદ્ર કે જે કીંમતી આભૂષણો પહેરી મંત્રીઓની સાથે રાજસભામાં બીરાજતા હતા તે જ આજે આ ઝાડની છાલ ધારણ કરી નિર્જન વનમાં પશુપક્ષીઓના સંગમાં દિવસ ગાળી રહ્યા છે!" આવા વિચારોની સાથે તેમની છાતી ભરાઇ આવી, આંખો આંસુથી ઉભરાવા લાગી. પાસે જતાં માત્ર "ભાઈ" એ શબ્દ સિવાય તે કંઈ જ બોલી શક્યા નહિ; અને એકદમ તેમના પગે તે ધરતી પર ઢળી પડયા.

ભરતે ઝાડની છાલનાં લૂગડાં પહેર્યાં હતાં અને માથે જટા ધારણ કરેલી હતી. તેથી રામચંદ્ર તેમને એકાએક ઓળખી શક્યા નહિ. પણ ધારી ધારીને જોતાં જ્યારે એ પગે પડનાર બીજું કોઇ જ નહિ, પણ ભરત છે એમ ઓળખાણ પડતાંની સાથે જ તેમણે તેમને ઉભા કરી છાતી સરસા ચાંપ્યા. પછી રામચંદ્ર પૂછવા લાગ્યા, કે "ભાઇ! આમ રાજ્ય છોડી તપસ્વી બનવાનું શું કારણ છે? આપણી માતાઓ, ગુરુજી વગેરેના શા સમાચાર છે?"

ભરત તો કેવળ પોતાના જ વિચારોમાં મશગુલ હતા. તેમણે પ્રશ્નના જવાબો આપવાનું બાજુએ રાખી પોતાની જ વાત આગળ કરી: "ભાઇ! મારી માતા એ તો એક સ્ત્રી ઠરી. તેની બુદ્ધિ કેટલી? એણે અન્યાય કરવામાં જરાએ કચાશ રાખી નથી

આમ છતાં પિતાજીના હાથે પણ અન્યાય થવામાં કંઈ ખામી રહી નથી. એમણે મોટા પુત્રને છોડી નાનાને શા હિસાબે રાજ્ય સોંપવાનું સ્વીકાર્યું એ ન સમજાય તેવું છે. ગમે તેમ હોય તો-પણ એ મહાન્ અન્યાય થયો છે. આથી હું રાજગાદી પર પગ ધરૂં એ લેશ પણ બની શકે એવું નથી. ભાઈ! તમે શું ભરતને એવો કુટીલ સમજો છો કે તે આપ જેવા શિરછત્રને વનવન રખડાવી પોતે રાજગાદિ ભોગવે? તમે નક્કી કરી-માનો કે પ્રાણ જતાં પણ ભરતથી એવું કદિ પણ નહિ બની શકે. હે રઘુવીર! આપના વિયોગના દુઃખથી પિતાજીએ પ્રાણ છોડયા, માતા અને ગુરુ વગેરે સઘળાં માણસો મારી પાછળ પાછળ આપની પાસે ચાલી આવ્યાં છે. આપ અયોધ્યા પધારો અને રાજની લગામ હાથમાં લ્યો. હું તો આપનો દાસ છું. હું સિંહાસન પર બેસું એ મારે માટે કેવળ જ અજુક્તું છે. ભાઈ સઘળી અયોધ્યા આપના વિયોગે વ્યાકુળ થઈ રહી છે. હું પગે પડી પ્રાર્થના કરૂં છું, કે આપ આપના આ નાના ભાઈ, શિષ્ય અને દાસના ઉપર કૃપા કરીને અયોધ્યામાં પધારો. તેમ નહિ તો હું અહીંથી એક ડગલું પણ ભરવાનો નથી. લક્ષ્મણની પેઠે હું પણ આપનાં ચરણો-ની સેવા કરીશ." રડતી આંખે આમ પ્રાર્થના કરતાં ભરતે ફરીને રામચંદ્રનાં ચરણમાં શિર નમાવ્યું અને જોસભેર રોવા માંડયું. તેમના રડવાના સાદથી આખું વન ખળભળી ઉઠયું.

ભરતના મોઢે પિતાના મરણની વાત સાંભળી રામચંદ્રને બહુ દુઃખ થયું. તે એકદમ અધીર બની વિલાપ કરવા લાગ્યા, કે હે ભરત! હું તમને જરાએ દોષ દેતો નથી; પણ માતાની નિન્દા કરાવી તમારા જેવા પુત્રને ઘટતી નથી. પિતા પોતાના પુત્રને જે આજ્ઞા કરે તેનું પાલન કરવું એ જ પુત્રનું કામ છે. પિતાજી

દંડક વનમાં વસવું એ જ મારૂં કર્તવ્ય છે. વ્હાલા ભાઈ! તમે તેમાં જરાએ હરકત થવા પામે એવું ન કરો."

ભરતે કહ્યું "રાજ્ય તો સૌથી પહેલાં પિતાએ આપને જ આપ્યું હતું; પણ મારી માતાની હઠથી જ તેમણે પાછળથી મને રાજ્ય સોંપ્યું છે. આથી એ રાજ્ય આપનું જ છે. મારે તેની સાથે કંઈ જ લેવાદેવા નથી." આના ઉત્તરમાં રામચંદ્રે કહ્યું, "હે ભરત! જેમ સમુદ્રમાં થોડા વખતને માટે બે નાવ એકઠાં મળે છે અને પછી તરત જ જુદાં પડી જાય છે તેમ ભાઈ, પુત્ર, પરિવાર વગેરે પણ વખત આવે આપણાથી છૂટાં પડી જાય છે. આ વાત બરાબર ન સમજવાને લીધે જ મૂર્ખ માણસો અધર્મ કરે છે. મારા જેવો એ વાત સમજવા છતાં રાજ્યને માટે કદિ પણ પિતાજીની આજ્ઞા તોડી પાપમાં પડે એ ન બની શકે એવું છે."

ભરતે વળતા જવાબમાં કહ્યું, "પિતાજીએ આપને કોઈપણ જાતના દોષ વગર જ વનવાસ આપ્યો, એ મહાન્ અન્યાય થયો છે. ચાહે પિતાથી પણ જો કંઈ અયોગ્ય બનવા પામે તો તેમની ભૂલ સુધારવી એ સુપુત્રનું કામ છે. એટલા માટે હે ભાઈ! આપ શત્રુઘ્નને, કૈકેયીને, મને અને આખીપ્રજાને પ્રાણદાન દેવાને માટે મારી વાતને માનો.. નહિ તો આપને બદલે હું જ વનવાસી થઈ પિતાની આજ્ઞાનું પાલન કરીશ."

જાબાલી, વસિષ્ઠ વગેરે સઘળાંએ ભરતજીની વાતને ટેકો આપ્યો. એટલે રામચંદ્રે કહ્યું, "આપનું કહેવું બરાબર નથી. પિતાજીએ જીવતે જીવત મને જે આજ્ઞા કરી છે તેની આજ તેમના મરણ પછી હું શી રીતે અવગણના કરી શકું? મારે બદલે બીજું કોઈ વનવાસ ભોગવે એ મને જરાએ શી રીતે રૂચી શકે? જ્યાં સુધી જીવમાં જીવ છે ત્યાંસુધી તો હું કદિએ પિતાનું વચન ઉથાપન કરી શકું એ શક્ય નથી." આ વચનો સાંભળતાં જ ભાઈના ચરણે માથું મૂકી ભરત કહેવા લાગ્યાઃ "તો એ રાજ્ય ગમે તે બીજાને સોંપી દો. હું આપનો દાસ છું. મારી તાકાત નથી કે હું સ્વામીના આસન પર ચઢી બેસું."

ભરતને ખોળામાં લઈ રામચંદ્રે કહ્યું, " ભાઈ ભરત ! કદિ ચંદ્રમા પોતાની શીતળતા છોડી દે, હિમાલય ડગમગવા લાગે, સૂર્ય ઠંડો થઈ જાય, સાગર પોતાની મર્યાદા છોડી દે, તોપણ પિતાની સમીપ મેં જે પ્રતિજ્ઞા કરી છે તે કદિ પણ છોડી શકીશ નહિ. તમે મારૂં કહેવું માની રાજ્ય કરો. "

જ્યારે ભરતે જોયું કે, રામ કોઈપણ ઉપાયે અયોધ્યામાં આવવા રાજી નથી ત્યારે તે હાથ જોડી કહેવા લાગ્યા, કે " ભાઈ, જો આપની એ જ ઇચ્છા છે તો આપ આપની આ પાદુકાઓ મને આપો. હું તેને ગાદી પર પધરાવીશ અને મારી જાતે, આ તપસ્વી વેશે ફળમૂળ ખાઈ ચૌદ વરસ સુધી આપની આવવાની રાહ જોતો નગરની બહાર દિન વીતાવીશ. જે દિવસે ચૌદ વર્ષ પુરાં થશે તે દિવસે જો આપને આવેલા નહિ જોઉં તો હું ચિતા ખડકાવી બળી મરીશ. "

રામચંદ્રે ભરતની એ વાતનો સ્વીકાર કર્યો. પોતાના પગની પાવડીઓ તેમણે ભરતને આપી. પછી સઘળાં હળીમળી ભેટી રજા લઈ અયોધ્યા તરફ પાછાં વળ્યાં. ભરત પાવડીઓ લઈ, રામને પ્રણામ કરી દુઃખી દીલે ચાલી નીકળ્યા.

માતાઓને અયોધ્યામાં રાખી ભરત મંત્રી અને સૈન્ય સાથે નંદીગ્રામમાં જઇ વસ્યા. ત્યાં પાવડીઓને છત્ર ચામરથી શણગારી, સિંહાસન પર પધરાવી તેની પૂજા કરવા લાગ્યા. રામચંદ્રના પાછા આવતા સુધી પુરાં ચૌદ વરસ સુધી તે આ રીતે એક સરખી નિષ્ઠાથી પાવડીઓની પૂજા કરતા અહીં જ રહ્યા.

ધન્ય છે ભરતને અને તેમની ભ્રાતૃભક્તિને ! તેમના જેવા ભાઇએ જ મહાત્મા તુલસીદાસજીનાં વચનો ખરાં પાડી બતાવ્યાં છે કેઃ—

सुतवित नारि भवन परिवारा ।
होहिं जाहिं जग वारहिं वारा ॥
अस विचारी जिय जागहु ताता ।
मिले न जगत सहोदर भ्राता ॥

ન્યૂયોર્ક.

જગતમાં હજી સુધી બે શહેરો ઘણાં જ પ્રસિદ્ધ છે. એક "લંડન" અને બીજું "પેરિસ." 'લંડન' ઈંગ્લંડમાં આવેલું છે અને અંગ્રેજી સામ્રાજ્યની રાજધાની છે. દુનિયામાં લંડન જ એવું શહેર છે કે જ્યાં દરેક દેશના રહેવાસીઓ જોવામાં આવે છે. હાલમાં લંડનમાં ૭૫ લાખથી પણ વધુ માણસોની વસ્તી છે. પેરિસ સુંદરતાને માટે પ્રસિદ્ધ છે. આવું સુંદર શહેર દુનિયામાં એકે નથી. પેરિસ ફ્રાંસની રાજધાની છે, અને 'સીન' નદીપર વસેલું છે. પેરિસની વસ્તી ૨૮ લાખની છે. પણ હવે એવું દેખાય છે કે અમેરિકાના સંયુક્ત રાજ્યનું "ન્યૂયોર્ક" શહેર આ બે નામીચા શહેરોને પણ ટપી જવા માંગે છે.

ન્યૂયોર્ક આટલાંટિક મહાસાગરના કિનારા પર વસેલું છે. આ શહેરમાં એક કરોડપતિઓનો મહોલ્લો છે. આ મહોલ્લાના જેવી સુંદર સડક દુનિયાના કોઈ પણ ભાગમાં નથી. આ રસ્તાની બન્ને બાજુએ અંહીઆના ધનકુબેરોના મહેલો છે. ન્યૂયોર્કનો નવો ધનકુબેર પોતાનો મહેલ આ મહોલ્લામાં બાંધવા માટે લાખો રૂપીઆનો નાશ કરે છે. દુનિયામાંના બીજા પ્રસિદ્ધ નગરોની જુની ઈમારતોના નમૂના પ્રમાણે આ લોકો પોતાના મહેલો બંધાવે છે. એટલે ઉત્તમોત્તમ ઈમારતો માટે પણ એ શહેર દુનિયાનાં બીજા શહેરોથી શ્રેષ્ઠ છે.

ન્યૂયોર્ક ઉંચામાં ઉંચા મકાનો માટે પ્રખ્યાત છે. સાઠ માળનું મકાન ન્યૂયોર્ક સિવાય દુનિયાના કોઈ પણ ભાગમાં નથી. આ મકાનની ઉંચાઈ ૬૬૨ ફુટ છે. આખું મકાન લોખંડનું બનાવેલું છે. ઉજાશને માટે આ મકાનમાં ૮૦૦૦૦ વિજળીની બત્તીઓ છે. જુદા જુદા ભાગોમાં જવા માટે ૨૮ લિફ્ટ રાખવામાં

આવેલી છે. સાઠ માળ સુધી ચઢવા ઉતરવાનું કામ આ લિફ્ટ વડે જ થાય છે. દરરોજ ત્રીસ હજાર માણસો આ મકાનમાં આવજા કરે છે, અને નોકરો વિગેરે મળીને ૧૨૦૦૦ માણસો અંદર રહે છે. આ મકાન મી. ઉલવર્થ નામના એક શ્રીમંતે બંધાવેલું છે. આ માણસ પહેલાં બે ત્રણ આનાની કિંમતની વસ્તુઓ વેચવાની ફેરી કરતો હતો. ધીમે ધીમે એનો ધંધો વધવા લાગ્યો અને એણે ખંત, ધીરજ અને મહેનતથી કરોડો રૂપીઆ મેળવ્યા.

ન્યૂયોર્કમાં એક એવો મહોલ્લો છે કે જ્યાં સેંકડો ચાળીશ ચાળીશ મજલાનાં મકાનો છે. ન્યૂયોર્કમાં કેટલાક લોકો હોટેલોમાં જ રહે છે. અહીંની હોટેલો પણ ત્રીસ ત્રીસ માળની છે. અમેરીકામાં ન્યૂયોર્ક મોટામાં મોટું વેપારનું મથક છે. અંહીઆ પરદેશી પણ ઘણા છે. યુરોપના ભિન્ન ભિન્ન દેશવાસીઓ ઉપરાંત ચીની, જાપાની અને અરબીઓ પણ અહીં વસેલા છે. આપણા દેશબંધુઓ પણ ન્યૂયોર્કમાં છે. ન્યૂયોર્કમાં હિંદુઓનું એક ધર્મમંદિર પણ છે.

ન્યૂયોર્ક ઘણું મોટું શહેર છે. એની વસ્તી ૫૮ લાખની છે. આખી દુનિયામાં એક લંડનની જ વસ્તી ન્યયોર્કથી વધારે છે. ન્યૂયોર્કમાં સડક પર ચાલતી ટ્રામગાડીઓ ઉપરાંત જમીનની અંદર અને આકાશમાં થાંભલાઓ પર લટકતી ગાડીઓ પણ ચાલે છે.

ડૉ. મોહનલાલ જગન્નાથ પાઠક.

નવીન પુસ્તકો.

૨—૮ સંવાદમાલા—વિદ્વાનોએ લખેલા ૨૬ સંવાદો. આઠ છબીઓ સાથે.

૦-૧૨ કલાપી—કાન્તના સંવાદો તથા કલાપીના ધર્મવિચારો.

૦-૧૨ સીતા—સ્વ૦ બાબુ દ્વિજેન્દ્રલાલ રૉયકૃત ઘણું સુન્દર નાટક.

૦-૧૨ સુભદ્રા—વીર અર્જુનની પત્ની-કથા રૂપે. ૭ ચિત્રો સાથે.

દરેક પુસ્તક માટે વિ. પી. ખર્ચ જુદું. લખોઃ—

મેનેજર—" જ્ઞાનવર્દ્ધક પુસ્તકમાળા," પીરમશાહ રોડઃ—અમદાવાદ.

દરેક પ્રસંગે દાન આપતાં આ

હિન્દુ અનાથ આશ્રમ

નડીયાદને યાદ કરશો!!!

હમણાં હમણાં ઘણા કુધારા ફેશનને આગ લગાડી તીલાંજલી આપો છો.

તેના પરિણામે થએલી સંતતી, અનાથ અને નિરાધાર થઇ જતાં તેને ઉદ્ધારવી, સંભાળવી અને જે બુરા રીવાજો આપણે પોતે ચાલુ રાખ્યા, તે માટે જાણે આપણે આ અનાથોને જવાબદાર છીએ, એમ ગણી આપણા દિલમાં કદી કંપારી ઉપજાવી છે ! ! કે, તે દાપમાંથી છુટવા, તેમને બચાવવા વિચાર કરી કંઇ દાન આપ્યું છે ? ?

અમારા ખાતાને મદદ કરી તમારૂં રૂણ ભરી આપશો ! !

તે માટે લખો:—

ઓન. સેક્રેટરી, હિન્દુ અનાથાશ્રમ—નડીઆદ.

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(113, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીનો વીમો

બહુજ જરૂરનો અને લાભકારક છે.

ઇંડસ્ટ્રીઅલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની યોજનાઓ આપેછે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે જામીનગીરી સદ્ધર છે,

વિશેષ હકીકત માટે લખો:—

જીવણલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીયલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કં. લી.

૧૧૩, એસ્પલેનેડ રોડ, ફોટ, **મુંબઇ.**

આ માસિક પત્ર મુળચંદભાઇ ત્રીકમલાલે અમદાવાદ ટંકશાળમાં પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું, અને કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇએ [illegible] પ્રસિદ્ધ [illegible]

Reg. N. B. 1070.

સ્ત્રીબોધ.

વર્ષ ૬૮.] માર્ચ, ૧૯૨૪. [અંક ૩ જો.

તંત્રીઓ { બાઈ પુતળીબાઈ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ,
બી. એ., એલ્એલ્. બી.

મંત્રી:-જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ.

વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦ પરદેશ માટે રૂ. ૪-૦-૦ છૂટક અંકના ૦-૫-૦
પાંચ આનાની ટીકીટ મોકલનારને અંક નમુના દાખલ મળશે

અનુક્રમણિકા

૧	વ્હારા વિના! ...	... રા. પરિમલ ...	... ૯૭
૨	વિવાહ અને તેના પ્રકાર	... રા. ઇશ્વરલાલ દે. જોશી ...	૯૯
૩	સ્ત્રીઓને શીખામણ ...	... વ્હેન નોશાકરી પીલાં ...	૧૦૮
૪	સાચા બનાવની કહાણી.	... રા. મ, જ. ત્રિવેદી.	... ૧૧૪
૫	સ્વામીભક્તિ (ટુંકી વાર્તા)	... રા.મનુભાઈ જોધાણી.	... ૧૧૮
૬	ચાલુ બનાવોની માહિતી	... રા. કેશવપ્રસાદ છો. દેસાઇ.	૧૨૯
૭	રાજનગરનું રત્ન (ચાલુ વાર્તા)...	સૌ. જડાવબ્હેન વીણુ	... ૧૩૪
૮	"વસન્ત" અંકના વિષયો વગેરેનું સૂચન.		

બાળક વિભાગઃ—

૧	રમતમાં પ્રમાણિકતા	... રા. કેશવપ્રસાદ દેસાઇ	... ૪૯
૨	સિંહાસન બત્રીસીની વાતો ...	" " "	... ૫૦
૩	પોર્ટોરીકાનો પરોપકારી માછી...	બેન પુતળીબાઈ	... ૫૮
૪	વાણીયાની ચાલાકી ...	... રા. રણછોડજી હ. શાહ ...	૬૦
૫	રામાયણની વાતો ...	... રા. છો. અ. મહેતા	... ૬૪
૬	પારકી નિંદા ન કરવી	... રા. સુનીલાલ મ. ત્રિપાઠી...	૭૦

ભેટનું પુસ્તક—"વીણા વિહારી"

ગ્રાહકોને વિ. પી. થી મોકલાવવાનું શરૂ થયું છે. દરરોજ થોડાં થોડાં વિ. પી. પોસ્ટ ઑફીસ લે છે, તેથી બધાને મળતાં પંદરેક દિવસનો વિલંબ થશે; છતાં માર્ચ આખર સુધીમાં તો બધાને મળી જશેજ. આ વર્ષનું ભેટનું પુસ્તક એટલું મોટું થયું છે કે તેથીજ આખા વર્ષનું લવાજમ વળી જાય તેમ છે. આ ભેટનું પુસ્તક વાંચ્યા પછી તે વિશે પોતાનો જે અભિપ્રાય થાય તે લખી જણાવવા વિનંતી છે.

વડોદરા રાજ્યનાં તથા અન્ય પુસ્તકાલયો તેમજ લોકલબોર્ડની [illegible]ઓ વગેરેનાં લવાજમ બીલથી કે મનીઑર્ડરથી વસુલ લેવાય છે, [illegible] ચાલુ વર્ષનું લવાજમ મળેથી બુકપોસ્ટથી ભેટનું પુસ્તક મોકલવામાં [illegible]શે. જેમનું લવાજમ મળી ગયું છે અને હવે મળશે તેમને એપ્રીલની શરૂઆત સુધીમાં ભેટનું પુસ્તક મળી જશે.

—મંત્રી.

સ્ત્રીબોધ.

પુસ્તક ૬૮-મું.]   માર્ચ, ૧૯૨૪.   [અંક ૩ જો.

ત્હારા વિના !

[પ્રયોજક-રા૦ પરિમલ.]

સોરઠી ગઝલ.

કયમ દોહ્યલા દિન કહાડવા
 ઝાલમ ભલા ત્હારા વિના !
સંસ્કાર ક્યાં જઈ સાધવા
 જીવનસખા ! ત્હારા વિના !

આંબાની ડાળે કોકિલા
 કુહુકુહુ મધુરૂં ટહુકતી,
ટહુકાર માંહિ કઠોરતા
 લાગે બધો ત્હારા વિના !

ઢોળી રહી પરિમળ પ્રસરતી
 પુષ્પવલ્લિ બાગમાં,
પ્રિય પુષ્પના ઉપહાર કોને
 આપવા ત્હારા વિના ?

ખીલી રહી શશી ખોળલે
 શી સ્નેહઘેલી ચન્દ્રિકા,

સહયોગીઓના ભોગ જોવા
ના ગમે ત્હારા વિના !

વિરહી તણા ઉર વિંધતો
વિવેકસૂનો અડપલો,
વાસન્તી વાયુ સ્પર્શ પણ
સહેવાય ના ત્હારા વિના !

દિલને જરા બહેલાવવા
ગાઉં વીણા લઈ હાથમાં,
બેસૂર બનું રડતા હૃદયની
બ્હાવરી ત્હારા વિના !

રસ રંગ રાગ ત્યજી દઈ
મનહર છબિ સ્હામે ધરી,
તુજ ધ્યાનમાં તન્મય થઈ
પ્રિયતમ ! રહું ત્હારા વિના !

ચાર વર્ષનું બાળક.

(ઇ. સ. ૧૯૨૩ ના સ્ત્રીબોધના "બાળક" નું પાકું બાંધેલું પુસ્તક.)
ખાસ બાળકો માટે લખાયેલા ઉપદેશક લેખો–કવિતાઓ–નાની નાની વાતો–ચંપારેલ–જીવનચરિત્રો–સિંહાસન બત્રીસી, ચાર વાર્તાઓ–ચપાચપછુપી, બાર વાતો–વગેરે વિવિધ અનેક લેખોથી ભરપુર લગભગ ૩૦૦ પૃષ્ઠ અને કેટલાક ચિત્રો સાથે—

કિંમત રૂ. બે. વિ. પી. પોસ્ટેજ એપ્રીલ સુધી માફ. લખોઃ—
મંત્રી–"સ્ત્રીબોધ" કાર્યાલય;–અમદાવાદ.

વિવાહ અને તેના પ્રકાર.

સમાજ સુધારામાં મોટામાં મોટો અને ગુંચવાયલો પ્રશ્ન એક વિવાહનો છે. તેને જેટલી સૂઝે તેટલી દૃષ્ટિએ ઉકેલવા પ્રયત્ન કરવો, એ અત્યંત આવશ્યક છે.

આર્ય શાસ્ત્રકારોએ આઠ પ્રકારના વિવાહ વર્ણવ્યા છે.

૧ બ્રાહ્મણઃ બ્રહ્મચર્યાશ્રમ પૂરો કરવા આવ્યા હોય એવા વિદ્યા અને શીલ વાળા, પોતાની કન્યાને યોગ્ય સ્નાતકને બોલાવી, પોતાની શક્તિ પ્રમાણે અલંકાર વગેરે સહિત કન્યાનું દાન કરવું, તે બ્રાહ્મ વિવાહ.

આ વિવાહ ઉત્તમ છે. જેઓ ખાતા પીતા ગૃહસ્થ છે તેવા હરકોઇ આ પ્રકારના વિવાહથી પોતાની કન્યાનું દાન આજે પણ કરી શકે. ગુજરાતમાં વસતી કેટલાક કોમોમાં આ પ્રકારના વિવાહના રૂપરેખા જો કે રહી છે ખરી; પણ તે એટલી બધી વિકૃત થઇ ગઈ છે, કે લગભગ તેના પરિણામમાં માણસાઇજ રહી નથી. તેનું આજનું નામ વરવિક્રય.

કન્યાનાં વાલા કુળવાન ગણાતા ઘરનો મુરતીઓ મળે, માટે મોટે ઘેર શ્રીફળ મોકલે. પણ વરવાળાં ખાસું એવડું મોં ફાડે, કે તેમાં કન્યાના વાલા પણ હોમાય જાય ! અને એટલાથી ભૂખ ન ભાંગતી હોય, તેમ આખી જીંદગી સૂધી તે કન્યાનાં વસ્ત્રાભૂષણ વગેરેનો ખર્ચ કન્યાના વાલીને શીર ચડાવે. જેને દીકરા દીકરીની સંખ્યા સરખી હોય તેને તો માની લઈએ કે ઠીક; પણ જેની સ્થિતિ ગરીબ છે તેનો તો દીકરી પરણવવામાં મરો જ. આવા રિવાજરૂપી બંધનની સાંકળે બંધાઇ રહેલાઓ-પોતાને ઘેર દીકરી અવતરી કે ક્યારે મરે

માંદી પડે તો દવા–દારૂ પણ ન કરે. બની શકે તો દૂધપીતી પણ કરે. એવું એવું ચિંતવે ને કરે એ બધું કોને માથે પાપ? વર વિક્રયવાળી કોમોની કન્યાઓના જન્મ મરણના આંકડા કોઈ પ્રસિદ્ધ કરે તો જરૂર આ ઘટના ઉઘાડી પડે.

બધાં માબાપો એવું ઇચ્છનારાં નથી હોતાં. ઘણાં એવું પણ કહે છે કે ' એના નશિબનું હશે તે લેશે. હું મારે મારૂં ભોગવી લઈશ. ' એ બિચારા પેટે પાટા બાંધીને, જેમ તેમ ચાંદલા જોગ રકમ કરી, કન્યાનું દાન અને તેના ઉપર દક્ષિણા આપી દીકરી પરણાવી ઊઠે. પણ બૈરીના પૈસા ઉપરજ ગુજરાન કરનારા આ કોમમાં થયા છે. જ્યાં સુધી વહુ લાવે ત્યાં સુધી તો ઠીક. પછી ક્યારે તે મરે ને બીજી કરૂં ! કે એકના ઉપર બાજી લાવું ! એવું થાય છે. અને હૈયાના ફૂટા એવા દીકરીના બાપ એને આપનારા મળી પણ રહે છે. જે કન્યાનું દાન અને તેના ઉપર થોડી ઘણી દક્ષિણા સામા આવી આપી જાય છે. નથી જોતા કે આ વરરાજાએ પહેલી સ્ત્રીનું શું કર્યું ? બસ. પોતાને કન્યા એટલે જાણે ગળામાં વીંટળાયલો સાપ. તેને જેમ તેમ બીજાને વળગાડવો. પછી એનું જે થાવું હોય તે થાય. આવીજ દાનત ! કેટલાક મોટા કૂળવાળાને ઘેર મોટા ચાંદલા-સાથે પોતાની કન્યા આપી મોટાઇને પરથારે ચડવા જાય છે. પણ દિલગીરીની વાત એ છે કે એનાજ દીકરાને કોઇ મોટા કૂળવાળો કન્યા નથી આપતો. ઘણીવાર એમાંના કોઇને મોટાઈને પરથારે ઉભા ઉભા વાંઢા પદવી પણ ભોગવવી પડે છે.

આપણા સમાજમાં આવાં આવાં ઉંડાં વમળ છે. ભલે ઉપર ઉપરથી પ્રવાહ વહેતો દેખાય ! ક્યાં આપણા શાસ્ત્રકારોએ વર્ણ-વેલો ઉત્તમ બ્રાહ્મ વિવાહ અને ક્યાં આજનો વરવિક્રય ! આના કરતાં તો હજાર દરજ્જે કન્યાવિક્રય સારો, કે તેમાં કન્યા મોંઘી હોવાથી, તેની જીંદગીનું તો જતન થાય !

૨ દૈવઃ આર્થિક સ્થિતિ સાધારણ હોવાથી અલંકાર વગેરેનું દાન કરી ન શકે, તેવાઓ બ્રાહ્મ વિવાહમાં વર્ણવ્યા છે, તેના બ્રહ્મચારી-

ને બોલાવી, પોતાની કન્યાનું દાન કરે, અને લગ્ન વિધિ કરાવવા આવેલા આચાર્યને યથાશક્તિ દક્ષિણા આપે. આ પ્રકારના વિવાહનું નામ દૈવ વિવાહ.

આજનાં ગરીબમાં ગરીબ માણસ પણ આ પ્રકારના વિવાહ રળીયાત થઈ કરી શકે. પણ દુર્ભાગ્યે કોઈનું મન તેમ કરવા તરફ વધતું નથી. કહે છે કે તેમાં આબરૂને હીણું પડે ! દીકરીનો દોકડો લેવો નહિ, અને દાન ઉપર દક્ષિણા આપવી નહિ, એમાં જે મિઠાશ રહી છે, તે પછીથી સમજાય છે. આજકાલ વરવહુના માવતર વચ્ચે પાછળથી જે ચકમક ઝરે છે, તે આ રિવાજનો સ્વીકાર કરતાં જરૂર બંધ થઈ જશે. ઉલટું સગપણમાં સ્નેહ ભળશે ને વધશે. પછીથી ભલેને સ્થિતિ સારી હોય તો વરકન્યાને ને તેનાં બાળ બચ્ચાંને સોને મઢાવે ! ! પણ જ્ઞાતિનો ધારો તો એજ હોય કે માત્ર કન્યાનું દાન.

૩ આર્ષ: કન્યાને પાછી આપવા અને લગ્ન યજ્ઞના ખર્ચમાં વાપરવા માટે એકાદ બે ગાય લઈને કન્યાનું દાન કરવું તે આર્ષવિવાહ.

જો કે આ પ્રકારમાં કન્યાદાન શબ્દને જરા ઝાંખપ લાગે છે, તોપણ શાસ્ત્રકારોએ તેને સારી કોટીમાં ગણ્યો છે. કન્યા અનાથ હોય, અને લગ્નવિધિના ખર્ચ જોગું પણ કોઇ આપવાને તૈયાર ન હોય, તો પછી કન્યાનાં નંગ પાનેતર અને બીજી વિધિ પૂરતા ખર્ચની ઓછામાં ઓછી રકમ વર પાસેથી મેળવી લગ્ન કોઇ કરાવી આપે; એમાં અઘટીત જેવું કાંઈ નથી. છેક ગરિબ સ્થિતિનાં માબાપ પણ જો તેઓ કોઇના આગળ લાંબો હાથ ન કરવાની અજાચક વૃત્તિ ધરાવતાં હોય તો આ પ્રકારે પોતાની કન્યા પરણાવી શકે.

જો કે હાલ પણ આપણા સમાજમાં કોઈને કોઇ એવા ગૃહસ્થો છે કે જેઓ કન્યાદાનનું પુણ્ય-ફળ લેવાને તુળશીવિવાહનાં વ્રત લે છે. તેમાંના કોઈ એકને જરા કહેવાથીજ તેઓ

ઉલટભેર લગ્નવિધિનો ખર્ચ ઉઠાવી, કન્યાદાનનો સંકલ્પ કરવા તૈયાર થઈ જાય. પણ તેમાં જરા લાંબો હાથ કરવાપણું, તેમજ લોકાચારમાં કન્યાદાનનો સકલ્પ કરવાનો હક્ક જવાપણું છે.

કાઠીઆવાડની કેટલીક કોમોમાં આ પ્રકારના વિવાહનો ચીલો છે. પણ તે ચીલો ધીમા ધીમા પણ ઘણા ઘસારાથી એટલો બધો પહોળો પડી ગયો છે કે આજે તો તેમાં કોઈ કોઈ ઠેકાણે આખું ગાડું સમાઈ જાય ! ! શાસ્ત્રકારોએ લગ્ન યજ્ઞનો ખર્ચ અને કન્યાને નંગ પાનેતર જેવી આવશ્યક વસ્તુઓ કરવા માટે એકાદ બે ગાય અગર એટલી રકમ લેવા છુટ આપી છે ખરી, પણ એનો અર્થ એવો તો નજ થઈ શકે, કે લગ્ન વખતે ધામધૂમ કરવી, વાજાં વગડાવવાં, જાનો જમાડવી, કન્યાને માટે વિશેષ વસ્ત્રાભૂષણ વહોરવાં એ ખર્ચ લગ્નનો છે માટે વર પાસેથી લેવો. એ તો "પારકે પૈસે દિવાળી" કર્યા જેવું કહેવાય. ઠાઠમાઠ મારી લોકોમાં વાહવાહ કહેવરાવવા ખાતર દીકરી જમાઇના ઘરમાંથી પૈસા કઢાવવા, એ તો 'ગાય મારીને કુતરાં ધરવવાં' જેવું કહેવાય કે કેમ એ દરેકે વિચારવા જેવું છે.

આજકાલ કેટલીક કોમો પોતપોતાનાં ગોળ-તડના ધારા ધોરણ સુધારા વધારા સાથે નવા રૂપમાં ઘડે છે, અને તેમાં લગ્ન સંબંધમાં અમુક રકમ લેવા દેવાની હદ બાંધે છે. પણ તેના મૂળરૂપ જે ખર્ચ છે તેને કટ કરવા કે કમી કરવા તરફ સંપૂર્ણ વલણ રાખે, તો પછી લેવા દેવાની હદ બાંધવાપણુંજ રહેશે નહિ. કેમકે લેવા દેવાનું મૂળ કારણ ખર્ચજ છે. તે જેમ ઘટે તેમ લેવા દેવાની રકમ ઘટે. આમ થવાથી કોઇને છાની રીતે કે જાહેર રીતે ધારો તોડવાનું રહેશે નહિ. જ્ઞાતીની ગોરી [illegible] નું [illegible] કોઈને મન થશે નહિ. પછી [illegible] પાપ [illegible] ણ મનમાં ઉઠશે નહિ. એટલે [illegible] પ્રાપ્ત થશે.

સારૂં સારૂં ખવરાવવા પીવરાવવાની ટેવ રાખવાની, કોઈ વાતે વાંકું ન પડે તેવું વાતાવરણ કરી રાખવાની વગેરે વગેરે ઘરધણીની છાતીએ ચઢી બેઠેલી કેટલીક મહાન ઉપાધિઓ ટળશે. તેમજ જાનૈયાઓની જીવજંતુવાળા ઉતારામાં પડવા આખડવાની, ટાણે કટાણે શુદ્ધ કે અશુદ્ધ ખાઇ પી લેવાની, દશા પણ સુધરશે.

મૂળ ચીલાને જેટલો પહોળો કર્યો, તેટલો તેમાં કચરો ભરાણો. જે મૂખ્ય છે તે લગ્નવિધિ ગોર મહારાજના બોલવામાં સમાઈ ગઈ, અને જમણવિધિ ધણીયાણી થઈ પડી. લગ્ન જેવા પવિત્ર ઉચ્ચ યજ્ઞકર્મમાં, કન્યાદાન દેવાના મહત્ પુણ્ય પ્રસંગમાં ઉપાધિ રૂપ બીજી બાબતો શાને જોઇએ ? લગ્નનો આશય ને લગ્નની વિધિ નથી કોઇ સમજતું, નથી કોઈ પરણાવવા પધારેલા મહારાજ સમજાવતા; નથી જાણતાં વર ને વહુ; ને નથી જાણતાં ત્યાં બીરાજેલાં બન્ને પક્ષનાં સંબંધીઓ. ઘરેણાં ગાઢાં પહેરી છત બતાવવી, અને બસ ખાવું જ એ બે બાબતજ કેમ જાણે લગ્નની વિધિ હોયની ! ! ! જ્ઞાતિના શુભેચ્છકો સુધારો કરવામાં આવાં મૂળજન્મ દોષો કાઢે, તો સુધારો જ છે.

૪ **પ્રાજાપત્યઃ**—યથાશક્તિ વસ્ત્રાલંકાર સહિત કન્યાદાન કરવું તે પ્રાજાપત્ય વિવાહ.

આ પ્રકાર બ્રાહ્મ વિવાહના જેટલોજ ઉત્તમ છે. ફેર માત્ર એટલોજ કે બ્રાહ્મવિવાહમાં બ્રહ્મચારીને બોલાવી કન્યાનું દાન દેવા કહ્યું છે, ત્યારે પ્રાજાપત્ય વિવાહમાં વર કન્યાના દાનની માગણી કરે છે.

વિધુર વિવાહનો સમાવેશ આ પ્રકારમાં થઈ શકે ખરો. જુવાન વયના અશકત પુરૂષો કમનસિબે ઘરભંગ થાય તો પછી વંશ રાખવા કે એવાજ કોઇ કારણે ફરી લગ્ન કરવા તેની ઈચ્છા થાય તો તેમ તે કરી શકે. પણ એની માગણી સ્વીકારવી કે નહિ, એ કન્યાનાં માબાપની મરજીની વાત છે. પણ તેમાં સમાજમાં ઉમ્મરની સરાસરીએ મરણોન્મુખ ગયેલા કે રોગવાળા, વંશ રાખવા કે માત્ર પોતાની સેવા ચાકરી કરાવવા કન્યાદાનની માગણી કરી શકે એવો અર્થ લાગુ પાડવાનો નથી.

૫ આસુરઃ—ધન લઇને કન્યા આપવી, તે આસુર વિવાહ.

તેનું હાલનું નામ કન્યાવિક્રય. શાસ્ત્રકારોએ જેને આસુર (અસુર) નામ આપી સ્પષ્ટ કર્યો છે, તેને વિશેષ કયા નામથી સ્પષ્ટ કરવો ? જેમની એવા પ્રકારની વૃત્તિજ છે, તેઓ તો પાળેલા પ્રાણીના પેઠે પોતાના કાળજાના કન્યા વેચવાનાજ. એક ઠેકાણે સાટું કરી થોડો ઘણો અવેજ હાથ કરી, પછી જો તર્ક આવે તો ચોરી છુપીથી બીજે ઠેકાણે પણ વેચી દેવાના. વળી લીલામ પણ કરે. કેટલાક તો પોતાને ઘેર બસ કન્યા અવતરે માટે દેવદેવીની બાધા આખડી પણ રાખે. પણ સમાજના સદ્ભાગ્યે એટલું સારૂં છે કે કોઇ કોમે એવો ધારો નથી ઘડયો કે કન્યાવિક્રય કરવો. કન્યાનું લીલામ કરવા ઊઠનારામાંના ઘણાખરાને તો પુત્ર પરણાવવાનો નથીજ હોતો. જો હોય તો તેજ કોમ તેની લીલામગીરી ઓકાવી કાઢે. પણ તેમ કરવામાં તે કોમમાં ઐક્ય અને જ્ઞાતિ વ્યવસ્થાની કાળજી હોવી જોઈએ. આ વિવાહમાં નથી દાન કે નથી પુણ્ય.

૬ ગાંધર્વઃ—પરસ્પર પ્રેમ થવાથી વર કન્યા પોતાની મેળે પરણે તેનું નામ ગાંધર્વ વિવાહ.

આ પ્રકારમાં કન્યાદાન દેવાની વિધિ અને દાન દેવાથી થતું પુણ્ય ઉડી જાય છે. તોપણ તેમાં શ્રેયતા તો છે. દુષ્યન્ત અને શકુન્તલાનો સિંહનાં બચ્ચાની સાથે ખેલનારો સપુત સર્વદમન-ભરત તે આ વિવાહનું ફળ છે. વળી આ વિવાહમાં થોડો ફેરફાર તે સ્વયંવર પદ્ધતિ; અને તેનાં ઉદાહરણ આપણાં રામ ને સીતા. પણ આમ થતાં પહેલાં મોટી ઉમ્મર અને સારૂં નરસું સમજી શકે તેવી કેળવણીના પહેલી જરૂર છે. ઉછળતું યૌવન, ચંચળ મન, થનગન કરતી ઈન્દ્રિયો એ બધાં ઉપર સંપૂર્ણ કાબુ મેળવ્યો હોવો જોઈએ. લગ્ન કરવાનું કારણ અને તેની પ્રતિજ્ઞાઓનું જ્ઞાન હોવું જોઈએ. પશ્ચિમના સુધારાની પેઠે પાછળથી ન બનતી થતાં છુટાછેડા કરવા એ આપણને નહિ શોભે. એમાં કલંક છે.

વચ્ચેના યુગમાં મારામારી અને વૈરભાવ વધી પડવાથી

સ્વયંવર પદ્ધતિ નાશ પામી. પરંતુ ગાંધર્વ વિવાહ તો આજસુધી છે, ને રહેશે. આગળ વધેલા, વધારે ભણેલામાંના કેટલાકના એક વર્ગમાં આ વિવાહ અસ્તિત્વ ધરાવે છે. પણ તેમાં જો વડિલો તરફથી સંમતિ અને આશિર્વાદ મેળવાય તો ઘણું સારૂં. વડિલોના આશિર્વાદ એ અનંત મંગળ છે.

વિવાહનો આ પ્રકાર બધી કોમોને માટે અહેલો સુખકર નથી. ધાતુની તદ્દન શુદ્ધ ભસ્મ હોય તોજ ગુણ કરે. રજ માત્ર કચાશ હોય તો ફુટી નીકળે. તેમજ આ વિવાહમાં અખંડ બ્રહ્મચર્યવ્રત પાળ્યું હશે, તોજ પછીનો વ્યવહાર સુખરૂપ થશે.

૭ રાક્ષસઃ—મારામારી કરી કન્યાનું હરણ કરી જઈ, લગ્ન કરે તેનું નામ રાક્ષસ વિવાહ.

સ્વયંવરમાં યોજાતા પણ પૂર્તિમાંથી આ રીત ઉદ્ભવી છે. માટેજ સ્વયંવર પદ્ધતિનો નાશ થયો જણાય છે. રાક્ષસ વિવાહથી સમાજમાં શાંતિ રહી નથી, એમ ઇતિહાસના દૃષ્ટાંતથી જણાય છે. અને આજ પણ કોઈ તેમ કરવા જાય તો તેના પર અપહરણનો ગુન્હો મૂકી સરકાર શિક્ષા કરે છે. આ વિવાહમાં કન્યાદાનપણું કંઈ રૂહેતું નથી. પણ વિક્રય કરતાં તો સારૂં. કેમકે કન્યા તરફ કોઈપણ પ્રકારનો મોહ તો છે ! સ્ત્રી જાતિનું એટલું પણ માન રાખ્યું.

૮ પૈશાચઃ—કન્યાના બેભાન સ્થિતિમાં લગ્નવિધિ–હસ્તમેળાપ કરી લેવો તેનું નામ પૈશાચ વિવાહ.

પછી તે બેભાન સ્થિતિ ઉંઘ કે આજારીપણાની હોય કે કોઈ કેફી પદાર્થનું અનુપાન કરી આણી હોય.

રાક્ષસ વિવાહમાં શુરવીરતા છે, સામાપક્ષને હરાવી કન્યાને લઇ જવાની છે; પણ આમાં તો છેક નામરદાઈજ છે. કન્યાવિક્રય કરનારાંમાંના કેટલાકને આ પ્રકારનો આશ્રય લેવો પડે છે. કેમકે જેમ કન્યાની ઉમ્મર વધારે, તેમ હુંડીનો આંક વધે, એવો હિસાબ રાખેલો હોવાથી, પાછી હુંડી વટાવતી વખતે, કોઇની શીખામણથી કે આપ બુદ્ધિથી જો કન્યા ચું કે ચાં કરે તો પછી એવા

હુંડી વટાવનાર ને સ્વીકારનાર આજના વખતમાં બીજો કયો રસ્તો લે ? આવા વિવાહ આસ્તત્વમાં નથી. પણ કોઇક વેળા વર્તમાન પત્રમાં એવું છમકલું વાંચવામાં આવે છે ખરૂં !

ઉપર વર્ણવ્યા પ્રમાણે આપણા શાસ્ત્રકારોએ વિવાહના આઠ પ્રકાર પાડયા છે. તેમાંના પૈશાચ અને આસુર બંને છેક હલકા છે. રાક્ષસ વિવાહ પણ કોઈ કરી શકે તેવી સ્થિતિ રહી નથી. ગાંધર્વ વિવાહ તો છેક ઉંચી કોટીમાં જતા હોવાથી આખો સમુહ, કોમ કે પેટાકોમ સ્વીકારી શકે તેમ નથી. તે તો વ્યક્તિગત રહેવાનો. બાકી રહ્યા બ્રાહ્મ અને તેના પેટામાં પ્રાજાપત્ય અને દૈવ. તેના પેટામાં આર્ષ. તેના ખાડા ટેકરાવાળા ચીલા હજી કોમ કોમ જાળવી રહી છે. તેને સીધી સડક જેવા બનાવી દેવાય તો બધું સારૂં થઈ જાય. વિક્રયનું નામ પણ ન રહે, દાન ઉપર દક્ષિણા આપવાપણું ન રહે, કન્યાની કેડ ઉપર કે વરની કેડ ઉપર ખર્ચ કરવાનું ન રહે, અને એવો બધો મિથ્યા આડંબરનો મોહ મૂકી દઇએ તો પછી એકજ વાત વિચારવાની રહી. તે એજ કે કન્યા કેવા વરને આપવી કે જેનું 'જુગતે જોડું બંધાય.' અને સાથે સાથે એની ઓથમાં રહેલો એક મહાન લાભકારક ફેરફાર હું કહી દઉં છું કે આમ થતાંની સાથેજ પરણવા ઇચ્છતા યુવકોના ચિત્તમાં ચટપટી થવા નીજ. કેમકે પછી પૈસાવાળો હોય કે રૂપવાળો હોય પણ અણઘડ બોઘાનો ભાવ કોઈ નહિ પૂછે! આમ જુવાનોઆઓને આપોઆપ સુધારવાનો માર્ગ કોઇ કોમ હાથ ધરશે કે ?

મોટા મોટા વરઘોડા કાઢવામાં લગ્નનો આશય નથી સરતો. તરેહ તરેહનાં વાજાં વગડાવવામાં લગ્નનો આશય નથી સરતો. બંને પક્ષનાં ઘણાં ઘણાં સગાં વ્હાલાં આવી એકઠાં થવાથી લગ્નનો આશય નથી સરતો. તરેહ તરેહનાં ચિત્રો અને રોશની લગાડી, લગ્નમંડપ શણગારવાથી લગ્નનો આશય નથી સરતો. વરવધૂને વસ્ત્ર અને ઘરેણાં પહેરાવી શણગારવાથી લગ્નનો આશય નથી સરતો. બન્ને પક્ષનાં બૈરાંઓ તરફથી ગીતોની ધૂન મચાવવાથી લગ્નનો આશય નથી સરતો. જમણમાં જુદી જુદી વાનીઓ કરી

નાતો જમાડવાથી લગ્નનો આશય નથી સરતો. ગોર મહારાજ આવીને સંસ્કૃત ભાષાના શ્લોકો માત્ર મોઢેથી બોલી જાય તેમાંય લગ્નનો આશય નથી સરતો. આ બધી બાબતો ગૌણ છે. એમાંની કોઈ એક ન હોય તોય લગ્ન થઇ શકે.

કોઈ એમ કહેશે કે શું લગ્ન જેવો પ્રસંગ કેવળ શુષ્ક રસહિન કરી નાખવો ? જો મોજમઝા નથી તો લગ્ન શાં ? લગ્નનો લ્હાવો શો ? હુવા તો વિવાહુ ! જીંદગીનો એક સારામાં સારો સંસ્કાર ! ગૃહસ્થાશ્રમનું ખાત મુહુર્ત !

વાત ખરી છે. પણ લગ્નમાં રસ માણતાં પરણનાર કે પરણાવનારનો રસકસ સૂકાઈ જાય છે, તેનું કેમ ? એમાંના સેંકડે ૮૦ ટકા તમાચો મારીને ગાલ રાતો રાખે છે, તે કોણ જાણે છે! ઘણાંની ઈચ્છા દીકરીનો દોકડો ન લેવાની હોવા છતાં બીજાને મોજ મણાવવા ખાતર જ પૈસા લેવાની ગરજ પડે છે. ખરચ ન કરે તો નાતીલા મ્હેણું મારે ! તેમજ ઘણાંને પોતાની દેવકન્યા સરીખડી દીકરી હોવા છતાં થોડા ચાંદલામાં પતાવવા ખાતર જે તે મુહુર્તીઆને પરણાવી દેવી પડે છે.

જેઓ ખાતાપીતા શ્રીમંત છે તેમને આ ટાંકણે પાંચ પૈસા વાપરવાનું મન થાય એ સ્વાભાવિક છે. ભલે પણ તેમને માટે તરતની બીજી યોજના ઘડી શકાય એવી બહુએ છે. પરંતુ જ્ઞાતિનો ધારો તો એવો હોવો જોઇએ કે ગરીબમાં ગરીબ માણસ પણ પોતાની ગરીબાઈમાં પાળી શકે. દરેક કોમમાં પોતાનું મહા મુશ્કેલીએ ગુજરાન કરી શકતાં કુટુંબો છે જ, અને તે બધાંમાં મનુષ્ય મન હોવાથી સારા-સરખા કહેવરાવવાની સ્પર્ધા હોય જ, અને એજ સ્પર્ધામાં ઘણાંનાં મન તૂટી જાય છે. માટે હાલ તો લગ્નના પ્રસંગમાં લગ્નના હેતુજ રસ સંપૂર્ણ જમાવાય એટલુંજ બસ છે.

વરવધૂ પોતાના લગ્ન ની વિધિ સમજે, સપ્તપદીની પ્રતિજ્ઞાઓ સમજે એજ મુખ્ય બાબત છે. એમાં વડિલોના આશિર્વાદ મળે, સ્નેહ વધે અને એનું પરિણામ સારી સંતતીમાં પરિણમે એજ વાંચ્છના.

ઇશ્વરલાલ કરસનજી જોશી.

સ્ત્રીઓને શીખામણ.

(ગયા વર્ષના પાને ૫૨૧ થી ચાલુ)

(લખનાર બ્હેન 'નોશાકરી પીલાં.')

આજે આપણે જોઈએ છીએ કે ડૉકટરોની સંખ્યા દિન પર દિન વધતીજ જાય છે, છતાં પણ કવચીત સંજોગે કાંઇ અકસ્માત થાય છે ત્યારે તુરતાતુરત ડાકટર મળી શકતો નથી, આપણી સંસારી જીંદગીમાં એવા ઘણા રોજીંદા અકસ્માતો થાય છે, જે વખતે આપણે ગભરાઈ જઈએ છીએ, ત્યારે જો એક સ્ત્રી એ બાબેનું જ્ઞાન ધરાવતી હોય તો આવા સંજોગો બીજાના જીવો બચાવી શકે. કેટલીક વાર કાંઇ માથા પર બોજો વધારે પડવાથી ઝેર ફાકે છે; તો જો એક સ્ત્રી ઝેર સંબંધી પણ હકીકત જાણતી હોય તો તેણી એક સ્ત્રી નહિ, પણ સંપૂર્ણ શીખેલી બાનુ (Accomplished) તરીકે ગણાય ! કેટલીક વ.ર આપણાં નાનાં બાળકો વારંવાર મોચવાઈ જાય છેઃ ત્યારે જો આવી રીતે અકસ્માત વેળાના તાત્કાળીક ઉપાયો જાણમાં હોય તો તેણી કુટુંબમાં કેવી પ્રિય થઈ પડે ! અહા ! સ્ત્રી તું માણસ જાત નથી, પણ કુદરતની કરામતનો એક એક અચક ચિતાર છે; તારી ગણત્રી ફીરેસ્તાની સફમાં થવીજ જોઇએ !

મનુષ્યના શરીરમાં આજની તળીળી શોધ પ્રમાણે ૨૦૦ થી વધુ હાડકાં છે. એટલે આ સ્થળે તે બાબેનું સાધારણ જ્ઞાન વ્યર્થ જશે નહિ. હાડકાં જ્યારે ભાંગી જાય છે ત્યારે આપણને કેટલો બધો દુઃખાવો થાય છે ! પણ તે હાડકાનો દુઃખાવો એક જાતનો નથી; ડાકટરોના મત મુજબ હાડકાંને ચાર વર્ગમાં વહેંચી કાઢયાં છેઃ–

(૧) (Simple Fracture) માત્ર હાડકાનું ભાંગવું.

(૨) (Compound Fracture) હાડકું ભાંગવા સાથે જખમ થયો હોય, અથવા હાડકું ચામડી તોડી બહાર નીકળ્યું હોય.

(૩) (Comminuted) હાડકાંનો તદન ચુરેચુરો.

(૪) (Complicated) હાડકાં ભાગવા સાથે શરીરના અંદરના ભાગને નુકસાન થયું હોય.

હાડકાંના આ ચાર પ્રકાર છે; પણ એક માણસનું હાડકું ભાગ્યું છે કે કેમ, તે શી રીતે પારખી શકાય ? તે માટેની એ નિશાનીઓ છે કે હાડકું ભાગ્યું હોય તો પ્રથમ ત્યાં દુઃખ ન થાય, તે ભાગ કવચીત નાનો બન્યો હોય, કડકડ અવાજ થાય, અથવા તો હાડકું ઉપસવાના સમએ ચામડી ઉપસાયલી લાગે. જો એક માણસને કાંઈબી ઍક્સીડન્ટ થયો હોય તો તુરતા તુરત પ્રથમ તો નીચલા ઉપાયો ધીરજથી અજમાવવાઃ—

(૧) તે માણસને જેમ બને તેમ શાંત રાખવાની કોશીષ કરવી, કે જેથી તેનું દુઃખ વધે નહિ.

(૨) તે દરદીને એક નરમ બિછાના પર મૂકી બરડાપર સુવડાવવું.

(૩) તેનાં વસ્ત્ર તદન ઢીલાં કરી નાખવાં.

(૪) કાંઇબી ગરમ પીણું તેને આપવું નહિ; ને નરમ ધાબળી તેને ઓઢાડવી.

(૫) જો તેનું શરીર કમતાકાત બની ગયું હોય તો તેને જદદ પીણું (unike) આપવું.

ઠોકરથી એક માણસનો પગનો નખ નીકળી જાય છે તો તેને આપણે નજીવું માનીએ છીએ, પણ છેવટે એજ નાનો જખમ, જેમ એક નાનો છોડવો બીજાને ફળ આપનાર નીવડે છે; તેમ તે જખમ વધારે ગંભીર બની ભારે દુઃખ કરે છે. માટે તેને ટુકડેથી તોડવું એ યોગ્ય છે, કોઇબી જખમ થયો હોય તો સૌથી પહેલાં તેને ગરમ પાણીથી

ધોઈ સાફ કરવું, ત્યારપછી રૂના પોતાથી તેને લુછી કાઢવું. એમ કરવાથી જખમ પર બાઝેલી ધૂળ તેમ જમ્સો નીકળી જાય છે. જો આવી રીતે જખમની બરદાશ કરવામાં ન આવે તો, તે જખમમાં પ્રવેશ થયલાં જંતુઓ તેમાંજ મરી જઈ આગળ જતાં માણસને બહુ દુઃખી કરે છે. ઘાને સાફ કર્યા પછી, તે પર એક ભીની ચીંદરડી બાંધવી.

મનુષ્યના શરીરમાં લોહી વહેવાના ત્રણ જાતના ભાગો છે–

(૧) ધોરી નસ (Arteries)

(૨) સાધારણ નસ. (Veins)

(૩) દોરા જેવી તદ્દન પાતળી નસ. (Capillaries)

આ ત્રણે જાતની નસોમાં વહેતું લોહી જુદા જુદા પ્રકારનો રંગ ધરાવે છે. ધોરી નસમાં વહેતું લોહી ચળકતા લાલ કલરનું છે, સાધારણ નસોમાંનું લોહી ડાર્ક લાલ કલરનું છે, ને તદ્દન પાતળી નસોનું લોહી આ બંને લોહીની વચ્ચેનું છે.

એક ધોરી નસના જખમમાંથી ચળકતું લાલ લોહી વહે છે. ધોરી નસમાંથી જે લોહી વહે છે, એ સીધું નીકળતું નથી, પણ ઘણા જોસ સાથે ઉછાળા મારતું નીકળે છે. સાધારણ નસમાંથી ધીમે ધીમે વહે છે, જ્યારે દોરા જેવી પાતળી નસમાંથી થોડું લોહી નીકળી પાછું બંધ થઈ જાય છે. ઘણીક વખત કોઇ પણ નસોમાંથી નીકળતું લોહી ચોક્કસ રીતે દાબવાથી વહેતું નરમ પડી જાય છે. લોહી સાધારણ (Veins) નસોમાંથી થઈને હાર્ટમાં (Heart) જાય છે, ને પછી તેમાંથી થઈને (Arteries) ધોરી નસમાં પ્રવેશ થાય છે. જો સાધારણ નસમાંથી લોહી વહેતું હોય તો તે નસથી જરા છેટેથી એક પાટો બાંધવો. દાખલા તરીકે એક માણસની ઘૂંટણ આગળની સાધારણ નસ જખમી થઇ તો તે જખમ પર પાટો બાંધવો નહિ, પણ તે નસની નજદીક પાટો બાંધવો, અગર જો ધોરી નસ જખમી થઇ હોય તો તે પરથી તે ધોરી નસના જખમ પર પાટો ન બાંધતાં જેમ

બને તેમ નજદીક ટેટા પર પાટો બાંધવો. અંદારના ભાગપર જો જરા રતી લોહી વહેતું હોય તો તે દરમ્યાન પાટો બાંધવાની અગત્ય નથી, પણ જ્યાંથી લોહી વહેતું હોય ત્યાં જોરથી દાબવું. કવ્ચીત જો તેમ કરવાથી લોહી વહેતું બંધ નજ પડયું તો રૂમાલને ગાંઠ વાળી તેમાં એક લાકડી ખોસીને બની શકે તેટલો વળ આપીને જ્યાં જખમ થયો હોય ત્યાં નીચેથી બાંધવો.

કેટલીક વેળા આપણે રસ્તામાં ચાલતા હોઇએ છીએ, ત્યારે કવચિત માથા પર નળીયું અથવા એવીજ કાંઇ ચીજ લાગવાથી માથાને જખમ થાય છે. આવે વખતે તુરતા તુરત રૂમાલ તે જખમ પર મૂકી દેવો, જેથી લોહી બંધ થશે; મગર જો ઘરમાં હોય તો ' બેન જોય ' નામની એક ઇંગ્લીશ દવા આવે છે તે એક રૂના પુમડામાં ભીંજવી તે જખમ પર મુકે તો લોહી બંધ થઇ ઘા સાથે રૂજવી નાખશે.

જે માણસો બિચારાં રાતદિન ભારે ઉઠવેઠ કરી આખો દિન ચાલે છે, તેવાંઓના પગમાંથી કવચીત ધોરી નસ ફાટે છે. જ્યારે બી પગના ટેટાની ઉપરથી ધોરી નસ ફાટે, ત્યારે તે દરદીને સુવાડી તેનો પગ ઉંચે કરાવી જખમી થયલા ભાગની નીચેથી પાટો બાંધવો.

જ્યારે લોહી વહેતું હોય છે ત્યારે આપણને ગભરાટમાં બરોબર સમજાતું નથી કે ધોરી નસ યા સાધારણ નસ ફાટી છે. તે માટેનો ડહાપણ ભરેલો માર્ગ એજ છે કે લોહી બે પ્રકારના છે—

(૧) ધોરી નસ ફાટે છે, ત્યારે લાલ, ચળકતું લોહી વહે છે;

(૨) સાધારણ નસ ફાટે ત્યારે કાળું ધીમું લોહી વહે છે.

જો લોહીનો આવી રીતે ઘટીત પરીક્ષા કરી પછી ઉપાયો અજમાવવામાં આવે તો કંઈબી હરકત જેવું નથી. પણ આપણે વારંવાર જોઇએ છીએ કે કેટલાંક માણસો ઉતાવળમાં ઓરનું ડોળ કરી બેસે છે. હાડકાંમાં જખમ થયા હોય તો તેને શી રીતે પાટા

જખમી થયેલો ભાગ.	પાટા બાંધવાની જગા.
કપાળ, માથાના કોઈપણ બાજુ, આંખ, ગાલ, યા શરીરના કોઈભી ગોળ ભાગનો જખમ.	પાટાનો વચલો ભાગ જખમ ઉપર રહે તેમ પાટો બાંધીને તે ભાગ પર વીંટાળી જખમનીઉપર ગાંઠ વાળવી.
બદનના કોઈપણ ભાગની સાધારણ નસ (Veins)નો જખમ.	જખમ થયલા ભાગપર તેમજ જખમની નીચે સીકડીને પાટો બાંધવો. જો એક પાટાથી લોહી બંધ ન થતું હોય તો જે પાટો બાંધ્યો હોય તેની નીચેથી બીજોભી એક પાટો બાંધવો.
બદનના કોઈ પણ ભાગની ધોરી નસ (Artary)નો જખમ.	જખમી થયલા ભાગપર તેમજ જખમની ઉપરના ભાગ પર પાટો બાંધવો, જો લોહી બંધ ન થાય તો બેથી ત્રણ પાટા બી એકેકથી ઉપર બાંધવામાં અડચણ નથી.
પગની ધોરી નસ (Artery)નો જખમ.	જખમની ઉપર તેમજ જાંગ (Thigh)ના વચલા ભાગપર તેમજ કાતરા આગળ તેમજ ઘુંટણની નીચે પાટો બાંધવો. પગો શરીરની સંપાટીથી ઉંચા રાખવા.
હાથની ધોરી નસ (Artery)નો જખમ.	નાડી (Pulse) ઉપર, જખમ ઉપર તેમજ હાથની બાજુના વચલા ભાગ પર પાટો બાંધવો. હાથ ઊંચા રખાવવા.

પગ અથવા હાથની સાધારણ નસ (તમજ પગ અથવા હાથની ·રી નસ) નો જખમ.	પગ યા હાથ શરીરની સપાટીથી નીચો ધરવો, તે જખમથી બે કે ત્રણ ઇંચ નીચે પાટો બાંધવો. પગ યા હાથ શરીરની સપાટીથી ઉંચા ધરવા અને જખમથી બે કે ત્રણ ઈંચ ઉંચે પાટો બાંધવો.

હાડકાં સંબંધી હકીકત હાલ સુધી અપણે " પાટા "થી કરી આવ્યાં, પણ અત્રે કંઇક હુશિયારીથી યા દવાથી તે અકસમાતો દૂર કરવાના ઉપાય વિષે વાંચીશું. એવી કેટલીક સ્ત્રીઓ છે જેઓ ઉપલા પાટા સંબંધી કામ ક્વચીતજ સારી રીતે બજાવી શકે. ઘણીવાર માવજત કરનારની અણસમજથી કે ગફલતીથી દરદીના દુઃખમાં વધારો થાય છે. (ચાલુ.)

બહાર પડી ચુકી છે.

ઉષા અને અરૂણ

આવશે

ત્યારેજ સૂર્યોદય થશે.

લેખક: રા. ભાનુ.

સ્વયંસેવા અને દેશોદયના સિદ્ધાંત શીખવતું, સમાજ તથા રાષ્ટ્રનાં સડી જતાં અંગોનું દિગ્દર્શન કરાવતું તથા તેમની ઉન્નતિના ઉપાયો બતાવતું આ સુંદર રંગબેરંગી ચિત્રોવાળું પુસ્તક દરેક સ્વદેશપ્રેમી અને સમાજની ઉન્નતિ ઇચ્છનારે વાંચવુંજ જોઇએ. કદ–રોયલ બારપેજી, પૃષ્ટ ૩૫૦; પાકું સુશોભીત બાઈન્ડીંગ છતાં મુલ્ય માત્ર રૂ. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

મળવાનાં ઠેકાણાં,—

અમદાવાદ–મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. " સ્ત્રીબોધ " ઓફીસ,

વર્ધમાન એન્ડ સન્સ પાયધુની; મુંબાઈ. નં. ૩.

જયોતિ વિનોદ કાર્યાલય. પોસ્ટ બોક્ષ નં ૭૧: મદ્રાસ.

સાચા બનાવની કહાણી.

(૧)

આજે વસંતપંચમી હતી. મારા પિતાને ત્યાં આનંદ ઉત્સવ હતો. ઘરમાં કુંકુમ ભરી થાળી, ગોળ વગેરે શુભ પદાર્થો લાવી રાખ્યાં હતાં. આડોશીપાડોશીઓ, સગાંસ્નેહીઓ અને અન્ય આપ્ત જનોનો સમૂહ એકઠો અમારે આંગણે થયો હતો. મ્હારી બા ઘણા આનંદમાં હતી, કારણ કે આજે મ્હારાં લગ્ન લખવાનાં હતાં. ગોર મહારાજ આવ્યા, અને આનંદમંગળ ગીતો ગવાયાં. મ્હારા કપાળમાં કુકુંમનો ચાંદલો થયો અક્ષત ચોઠાયા અને શુભ મુહુર્તે લગ્ન લખાઇ મ્હારે સાસરે મોકલાયું.

(૨)

વસંતપંચમીના દિવસથી દરરોજ રાતે મહોલ્લાની સ્ત્રીઓ મ્હારે ત્યાં એકઠી થતી. બે ચાર ગીતો ને મ્હારી બા હોંશે હોંશે ખારેકો આપતી ને પછી બધાં વીખેરાતાં. મને રાતે અવનવાં સ્વપ્નાં આવતાં, અને હું કોઇવાર આનંદમાં મશગુલ થઈ જતી. અને રાત્રી દહાડા ક્યાં વીતી જતા તે પણ જણાયા નહીં.

(૩)

આવી રીતે સમય પસાર થતાં મહા વદી ૯-નવમીનો દિવસ આવી પહોંચ્યો. અમારે આંગણે મંડપ રોપાયો અને ધવલ ગીતો ગવાયાં. સાંજે જાન આવવાની હતી. જાનના સત્કારની સઘળી તૈયારીઓ થઈ ચુકી હતી, અને છેવટે સાંજના સમયે જાનનાં માણુસો આવી પહોંચ્યાં. સત્કાર થયો. વરઘોડો ચડયો. માંડવે સહુ આવ્યા. ગોરમહારાજે મંત્રોચ્ચારથી અમારાં બે હૃદયોને સાંધ્યાં. મ્હારા શરીરમાં ઝણઝણાટ ઉત્પન્ન થયો. અને જમણી આંખ

ફરકી ઉડી. મ્હારાં અંતઃકરણમાં કંઈનું કંઈ થઇ જતું હતું. કેટલીક ન સમજાય તેવી વિચાર તરંગની માળાઓ ઉડતી, તેની પરંપરા ચાલતી ને ઘડીમાં વિરમતી, મ્હારી બેનપણીઓ કાંઇ કાંઇ મીઠી સ્નેહભરી વાતો કરતી, ઘડીમાં પજવતી અને મને પણ કાંઇ વિલક્ષણ દશા જણાતી. ઘરમાં બધા કામકાજમાં ગુંથાતા. મારે કાંઇ કામ કરવાનું ન હતું. વરપક્ષના કોઇપણ માણસને જોઈને હું ઘરને ખુણે ભરાતી.

(૪)

લગ્નના દિવસો આનંદથી પસાર થઈ ગયા. મ્હારે આજે સાસરે જવાનું હતું. બધી તૈયારીઓ થઇ ચુકી હતી. જાનનાં માણસો ધમાલ કરી રહ્યાં હતાં. હું પિતાના ઘરથી જુદા પડતી હોવાથી ઘડીમાં રડતી અને ઘડીમાં કાંઇક અવનવું ન સમજાય એવું અંતઃકરણમાં પસાર થતું અને જે મને રડતું અટકાવતું હતું. છેવટે માતાપિતાથી જુદા પડવું પડ્યું. મ્હને સાસરે વળાવી.

(૫)

આજે અમારી પ્રથમ મીલનની પહેલી રાત હતી. પણ મનની આશા મનમાં જ રહી. એક રીતે આ બધી સ્થિતિથી હું અજ્ઞાત હતી. અને છેવટે તે ઘડીઓ આવી પહોંચી. પણ મને શી ખબર કે આમ થશે. મારા પતિને એકાએક તાવ ચડી આવ્યો. ન રહી શરીરની શુદ્ધી ! કોણ જાણી શકે કે આ જવરજ મારા સઘળા સુખનો સૂર્ય અસ્ત કરી નાંખશે. ઘરનાં બધાં માણસો તેના પલંગની આજુબાજુ ફરવળ્યાં. વૈદ્ય ડોકટરોને બોલાવવામાં આવ્યા. તેઓ સઘળાએ પ્રથમ સૂચના એજ આપી કે "વહુને નજર આગળ થવા ન દેવી કેમકે આવી સ્થિતિમાં જો તેમ કરવામાં આવશે તો સન્નિપાત થઈ જશે." આવા કર્મોએ મ્હારા અંતઃકરણમાં તેલ રેડયું. મારી આંખોમાં આંસુ ભરાયાં. ઘડીમાં આશ માં પૂરાતી; ઘડીકમાં ખેદ પામતી. શુન્ય દશામાં સ્થીર

થઇ જતી. ઘરનાં માણસોએ મને તાકીદ આપી હતા કે મારા પતિના ઓરડામાં મારે ન જવું. ઘરમાં બધાં ઉપાધીમાં હતાં.

(૬)

મ્હારાં સાસુ ઘડીમાં તે ખંડમાં જતાં, ઘડીમાં મ્હારા મોઢા સામું જોતાં. આંખમાં આંસુઓ ભરાએલાં હોય એમ મને જણાતું. આ બધું શું થાય છે તે કાંઇ છેક મ્હારાથી છાનું ન હતું. વૈદ ડાક્ટરોને પળે પળે તેડી લાવવામાં આવતા અને જતા. દવાઓના સીસાઓ આવતા અને દરેક જાતની ધમાલ થઇ રહેતી. અને મને મારૂં માથું ફરતું જણાતું. ઘડીમાં મારી બા મને સાંભરતી. આમ છતાં આ બધી પરિસ્થિતિમાં મારા તરફ કોઇને લક્ષ ખેંચાવાનું કારણ ન મળે તેમ ઘરના ખુણામાં હું ભરાતી. જે બધું ન સમજાતું તે સ્હમજવા પ્રયાસ કરતા ને છેવટે શુન્ય જેવી થઈ રહેતી. કોઈ આવી મ્હને જગાડતું ત્યારે જ આ સ્થિતિમાંથી હું જાગતી. પરાણે કોઇ ખાવાનું કહે ત્યારે ખાતી. તેમાં પણ હું શું કરૂં છું તેનું મને ભાન બહુજ ઓછું રહેતું હતું.

(૭)

આજે મ્હારો સુખનો સૂર્ય અસ્ત થવાની તૈયારી હતી. હું તો છેક ડઘાઇજ ગઇ હતી. નહતી શરીરની શુદ્ધિ કે ન હતું હું કયાં હતી તેનું ભાન. મારા નાથના ઓરડામાંથી તુટક શબ્દો સંભળાતા હતા. તેમને સન્નિપાત ફાટી નીકળ્યો હતો. ઘરનાં બધાં ગમગીન થઇ ગયાં હતાં. "કોણે સંતાડી છે....કયાં....ગઇ" આવા તુટક ભાગ્યા તુટયા શબ્દો મ્હારે કાને અથડાતા હતા. ઘડીમાં મારા મનમાં એમ થઇ જતું હતું કે "દોડી જાઉં" પણ શરમ આડે આવતી હતી. મ્હારા અંતઃકરણમાં પ્રકાશ થયો. એ શબ્દો મારે માટે છે, છેવટના છે, એમ કોઇ જાણે ન કહેતું હોય તેમ મને સ્પષ્ટ લાગતું હતું. મારા શરીરમાં ઝણઝણાટ થયો. હૃદય ધબકી ઉઠયું અને કોણ જાણી શકે કે આ મ્હારા જીવનનો દીપક બૂઝાઇ જવાની તૈયારી હતી.

(૮)

ઓચીંતી કીકીઆરી સંભળાઈ. મ્હારાં સાસુ રડતાં હતાં. મ્હારૂં અંતઃકરણ........ચીરાઈ જતું હતું. આ બધાંથી મારી ખાત્રી થઇ ગઇ હતી કે મ્હારા પ્રાણ....આ સંસારમાંથી........ત્યારપછી શું થયું તેની વાતની મ્હને બહુ ઓછી ખબર છે. હું જાગી ત્યારે મ્હારા શરીરમાં તાવ ભરાઈ ગયો હતો. અને મારી પાસે મારી બા બેઠી હતી. મારી બેશુદ્ધ અવસ્થામાં બે દિવસ પસાર થઇ ગયા હતા તે અરસામાં મારાં માતપિતા આવી પહોંચ્યાં હતાં. મારી બાની આંસુ ભરેલી આંખોથી હું સમજી ગઇ હતી કે હું હવે વિધવા થઇ ચુકી હતી; મ્હારે હવે આ સંસારમાં કેમ જીવન પૂરૂં કરવાનું હતું તેનું ઝાંખું દર્શન અન્ય વિધવાઓનાં દૃષ્ટાંતથી મને થયું હતું હતું.

(૯)

કહો "સ્ત્રીબોધ"ના તંત્રીરાજ ! હવે મારે કેમ જીવન પૂરૂં કરવું ? મેં પતિસુખ શું એ દીઠું પણ નથી. અરે પતિના સુખનું દર્શન પણ થયું નથી. તે ભયંકર દિવસથી મારી બા મને પોતાને પેર તેડી લાવી છે. હું ઘરના ખુણામાં ભરાઈનેજ દિવસો વ્યતીત કરૂં છું. આ બધી હિંદુ સંસારની પરિસ્થિતિનું હવે મને ખરેખરૂં ભાન થાય છે. મને ભણવું ગમતું નથી. શરીર માંદુસાજું રહ્યાં કરે છે. આ ઘટના થયાને હજી ગણ્યા ગાંઠયાજ દિવસો વ્યતીત થયા છે.

મૂળજીભાઇ જ. ત્રિવેદી.

નવીન પુસ્તકો.

૦–૧૨ પૂર્વાલાપ—આ. શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ–કાન્ત–નાં કાવ્યોનો સંગ્રહ.

૧–૧૨ ઉગતી જુવાની—પ્રો. બલવંતરાય ક. ઠાકોર કૃત નવું નાટક.

૦–૧૨ ના૦ ગોપાળ કૃષ્ણ ગોખલે——સચિત્ર જીવનચરિત્ર. આવૃત્તિ બીજી. તેમનાં ત્રણ મહત્વનાં વ્યાખ્યાનો અને ચાર છબીઓ સાથે.

દરેક પુસ્તક માટે વિ. પી ખર્ચ જુદું. લખો:—
મેનેજર—" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા; " પીરમ૨

સ્વામીભક્તિ.

શાન્તાલાલને....સાહેબની કચેરીમાં એક જગ્યા મળી હોવાથી પોતાની પત્ની અને પુત્રી સહ અમદાવાદમાં રહેતો હતો. તેની જન્મભૂમિ ધંધુકા હતી. તેનો મોટો ભાઇ ચીમનલાલ તથા તેમની પત્ની ધંધુકામાં રહેતા હતા. માતપિતા તેમની બાલ્યાવસ્થામાંજ ગુજરી ગયાં હતાં. મોટા ભાઈ ચીમનલાલ, શાન્તીલાલને પોતાના વતનમાં રહી, દુકાનમાં ધ્યાન આપવાનું કહેતા હતા. પરંતુ શાન્તીલાલને નોકરીનો શોખ હોવાથી, તેણે અમદાવાદમાં રહેવાનું પસંદ કર્યું હતું. શાન્તીલાલને મગનલાલ સાથે ગાઢ મિત્રતા હતી. બંને પાસેજ રહેતા હતા. માસિક દશ રૂપીઆના પગારથી ભીમ નામના એક નોકરને શાન્તીલાલે પોતાની નોકરીમાં રાખી લીધો હતો.

શાન્તીલાલ વિચારતો કે હું સુખી છું. શારદા જેવી પત્ની મને મળવાથી સ્વર્ગમાં જે સુખ ન મળી શકે તેવું સુખ હું ભોગવું છું. અમારા જીવનમાં કોઈ જાતનો ક્લેશ થવાનો નથી. મારી હાલની સ્થિતિમાં હું સંપૂર્ણ સુખ અનુભવું છું. તેના મુખ ઉપર હંમેશાં હાસ્ય છવાએલું જણાતું.તેની પત્ની શારદા ખરેખર દેવી હતી,અને પુત્રી મનોરમા સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર હતી,અને શાન્તીલાલ આથી પોતાને સંપૂર્ણ સુખી માનતો હોય તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. તેને કાંઇ ઇચ્છા હવે બાકી હતી નહિ, કારણ કે સર્વ ઇચ્છાઓ પૂર્ણ થઇ હતી.

મનોરમા પ્રત્યે ભીમનો સ્વર્ગીય પ્રેમ હતો. શાન્તિલાલને તે જણાવી દેતો કે " જ્યારે હું મનોરમાને રમાડતો હોઉં, ત્યારે મને કાંઇ કાર્ય સોંપતા નહિ. " શારદા તરફ તે કોઈ કોઈ વાર નારાજ રહેતો. દરમહિનાની પચીશમી તારીખે ભીમ પોતાનો પગાર માગતો, ત્યારે શારદા જણાવતી કે, " હજુ તેમનો પગાર

આવ્યો નથી. ” ભીમ આ સાંભળી આશ્ચર્ય પામતો અને કહે તો કે, “ માસિક સો રૂપીઆની આવક હોવા છતાં પણ માસ આખરે દશ રૂપીઆ તમે બચાવી શકતા નથી ? ”

“ હું શું કરૂં ? ” હસતાં હસતાં શારદા જવાબ આપતી: “ ભીમ ! એ તો કહે છે કે પૈસા બચાવવાની જરૂર શી છે ? ”

“ બાઈ સાહેબ ! આ બધી બાબતમાં તમે ગંભીર ભૂલ કરો છો. હું મારી સ્ત્રીને કહેતો કે, જો તું પૈસા બચાવીશ નહિ, તો હું અનાજ લાવીશ નહિ. જ્યારે તે મરણ પામી ત્યારે તેણી મને રૂપીઆ બે હજાર આપી ગઈ. તે રૂપીઆ વિરમગામમાં એક શાહુકારને ત્યાં મેં વ્યાજે મૂકયા છે. ” ભીમ પોતાનું માથું હલાવતાં કહેતો.

આ બધું સાંભળી શારદા આશ્ચર્યમાં ગરકાવ થઈ જતી. એક દિવસ શારદાએ ભીમને પૂછ્યું, “ભીમ આ રૂપીઆનું તું શું કરીશ ?”

તેણે જવાબ આપ્યો, “ શું કરીશ, એમ પૂછો છો ! તે રૂપીઆ હું મનુ (મનોરમા)ને તેના લગ્ન પ્રસંગે આપીશ. ”

(૨)

રાત્રાનો સમય હતો. શાન્તીલાલ પોતાની પ્રિય પુત્રી મનોરમાને હોંસથી રમાડતો હતો; શારદા પણ પાસે બેઠી હતી તેણે ભીમની સર્વ વાત પોતાના પતિને સવિસ્તાર કહી સંભળાવી: વાત સાંભળીને શાન્તીલાલ તીરસ્કાર પૂર્ણ નજરે બોલી ઉઠયો, “ પૈસો બચાવવા માટે ભીમની સ્ત્રીએ પોતાનો જીવ ખોયો, તે પ્રમાણે શું હું પણ મારા જીવને જોખમમાં નાખું !” શારદા તેના તરફ ટગર ટગર જોઈ રહી.

“ ઓહ મનોરમા કેવી સુંદર દેખાય છે ! ” શાન્તીલાલ એક સ્નેહનું ચુંબન લેતાં બોલ્યો.

“બસ, હવે રાખો ! કન્યા-પુત્રી ઉપર આટલો બધો સ્નેહ શો ! એ તો પારકી કહેવાય !” શારદા બોલી. શાન્તીલાલ ઠંડો શીતળ બની ગયો.

છે. તેણે પોતાની દૃષ્ટી મનોરમા પ્રત્યેથી ખેંચી લઇ શારદા તરફ ફેંકી. શારદા પણ તેના સામું જોઈ રહી. અહા ! તે તારામૈત્રિકમાં કેટલું સુખ ! કેટલું માધુર્ય ! શારદા શરમાઇ. શાન્તીલાલ હસ્યો, તે જોઇ શારદા પણ હસી. અને મનોરમાથી પણ ન રહેવાયું, તે હસી પડી.

\+ \+ \+

એક દિવસ સાંજે શાન્તીલાલ, મગનલાલની સાથે ફરવા ગયો હતો. ઘેર આવ્યા પછી તેને પોતાના શરીરમાં આળસ જણાઈ. આ શરદીને લીધે થયું હશે, એમ ધારી રાત્રે તો વાળુ કરી સૂઇ ગયો. શારદાને આ બાબત જણાવવાની તેને અગત્ય જણાઇ નહિ. લગભગ મધ્યરાત્રા વીત્યા પછી, તેને તાવ આવ્યો. શારદા તે વખતે ત્યાં આવી અને પૂછ્યું, "કેમ, ઉંઘ નથી આવતી ?'

"હા. જરા જાગી જવાયું છે. પણ તું શા માટે ઉજાગરો કરે છે !" શાન્તીલાલે પોતાની સ્થિતિ તરફ બેદરકાર થઈ શારદાને સૂઈ જવા કહ્યું.

"શા કારણથી મારી ઉંઘ ઉડી ગઈ, તે મને સમજાતું નથી. પણ તમારી તબીયત કેમ છે ?" ફરી શારદાએ પુછ્યું.

"એતો અમસ્તું-કાંઇ નથી. જરા આળસ આવી ભરાણી છે." શાન્તીલાલે જવાબ આપ્યો.

"શરીરે ઠીક નહતું, તો મને કેમ જગાડી નહિ ? તમે ભલે મને કહો કે ન કહો, પણ મને હમણાંજ એક અશુભ સ્વપ્ન દેખાયું છે." શારદાએ ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું. પોતાના પતિના મસ્તક ઉપર હાથ મૂકયો. અને ચમકી ઉઠતાં બોલી, "અરર ! તાવ તો પુષ્કળ ભર્યો છે."

"સવારે જોઇ લઈશું" શાન્તીલાલે પતાવ્યું.

શારદા પોતાના પલંગમાં જઇને પડી. પણ ઉંઘ આવી નહિ: ... પલં' પાસે ...

" અરે ! આખી રાત આ રીતે ઉજાગરો કરીશ તો માંદી પડીશ નહિ !" શાન્તીલાલે ઝબકી ઉઠતાં કહ્યું.

" અત્યાર સુધી તો સૂઈ ગઇ હતી. હમણાંજ જાગી ઉઠી છું." શારદાએ જવાબ આપ્યો.

સવાર થતાં શાન્તીલાલને તાવ ઉતરી ગયો. શારદાએ, શાન્તીલાલને સ્નાન કરવા માટે ના કહી, અને પોતે રસોડામાં પેઠી. પણ શાન્તીલાલે ન્હાણીમાં જઇ સ્નાન કર્યું. તેનો સ્વભાવ બહુજ આગ્રહી હતો. તે પોતાની મરજી પ્રમાણેજ વર્તતો.

બપોરે ત્રણ વાગે શાન્તીલાલ કોર્ટમાંથી ઘેર આવ્યો. તેને તાઢ આવેલી હોવાથી તેનું આખું શરીર ધ્રુજતું હતું. શારદા પોતાના પતિની આ સ્થિતિ જોતાં તરતજ ધ્રુજી ઉઠી.

" રાત્રે તાવ સખત આવ્યો હતો, પણ સવારમાં ન્હાયા સિવાય રહ્યા નહિ ! " શારદાએ ઠપકારૂપે કહ્યું.

શાન્તીલાલ પલંગપર સૂતો. ભીમ ડૉકટરને બોલાવવા ગયો. ડૉકટરે આવી, નાડી તપાસી કહ્યું કે, " પ્લેગ થયો છે. "

ત્રીજે દિવસે સ્થિતિ ગંભીર થઈ. રાત્રી પુરી થતાં દિવસ કેવી રીતે પસાર થાય છે, તેનું મુદ્દલ ભાન શારદાને પતિની સેવામાં રહેવાથી રહેતું નહિ. તેને ખાવા, પિવા કે આરામ લેવાની જરાપણ ઇચ્છા થતી નહિ. ઉંઘ, ભૂખ કે તરશથી તેને જરાપણ નુકશાન થયું નહિ. તે માત્ર એજ કામમાં મગ્ન રહેતી. વખતસર પોતાના પતિને દવા આપતી, અને તેના પલંગ પાસે રાતદિવસ કાયમ બેસી રહેતી.

અર્ધ રાત્રી પસાર થઇ ગઈ હતી, તેવામાં શાન્તીલાલની મુખાકૃતિમાં ફેર પડવા લાગ્યો. આ સ્થિતિમાં આરામનાં કે વધારે ગંભીર સ્થિતિનાં ચિહ્નો જણાતાં નહિ. આવી દશામાં ગરીબ બિચારી શારદાને કંપારી છુટતી. પોતાનું શરીર શામાટે કંપે છે, તેનું પણ તેને ભાન ન હતું. તેને તરતજ એક વાતનું સ્મરણ થયું.

એક વખત હુમાયુ નામનો મોગલ પાદશાહ બહુ માંદો પડયો. તે વખતે તેનો બાપ બાબર, તેની પથારી ફરતા ત્રણ

ફેરા ફરી બોલ્યો હતો કે "હે ખુદા ! તું હુમાયુને બદલે મારી જીંદગી લઇ લે ! " બાબરની પ્રાર્થનાનો સ્વીકાર થયો. તે દિવસથી બાબરની તન્દુરસ્તી બગડતી ગઈ અને હુમાયુ સાજો થયો. અંતે બાબર મરણ પામ્યો, અને હુમાયુને જીવતદાન આપ્યું.

શારદાએ પોતાના પતિના પલંગ ફરતા ત્રણ ફેરા ફરીને કહ્યું, " હે પ્રભુ ! મારૂં જીવન મારા પતિને આપો. અને તેનું મૃત્યુ મને દ્યો. "

અહા ! આર્ય સ્ત્રીનું હૃદય ! ધન્ય છે તારી પતિ-ભક્તિને !

શારદાની પ્રાર્થના નિષ્ફળ ગઈ. સવાર થતાં શાન્તીલાલની તબીયત વધારે ગંભીર બની. શારદા સજળ નેત્રે તેના તરફ જોઇ રહી. પતિ પોતાની પત્ની તરફ જોવા લાગ્યો. શારદા ગળગળે અવાજે બોલી, "વ્હાલા ! શું મને દુઃખના અગાધ મહાસાગરમાં ધકેલી ચાલ્યા જશો ? " શાન્તીલાલ જરાપણ બોલી શકયો નહિ, પણ તેણે પોતાના હાથ આકાશ તરફ ઉંચા કર્યા.

પત્ની રડતાં રડતાં બોલી, " વ્હાલા ! જાઓ છો ? "

શાન્તીલાલે પોતાનું મોઢું ફેરવી લીધું. પોતાની સગુણી પત્નીને દુઃખના સાગરરૂપી સંસારમાં વિધવા કલ્પતાં તે કંપી ઉઠયો. તેનો આત્મા રૂંધાતો હતો. છેવટે તેનો આત્મા આ ક્ષણ-ભંગુર જગતમાંથી સદાને માટે ચાલ્યો ગયો. શારદા બેભાન થઈ ગઇ, અને પલંગ પાસે નીચે પડી.

(૩)

શાન્તીલાલના મરણના સમાચાર તેના ભાઈ ચીમનલાલને, મગનલાલે તારથી મોકલ્યા. ચીમનલાલ પોતાના ન્હાના બન્ધુ શાન્તીલાલની વિધવા પત્ની શારદા તથા પુત્રી મનોરમાને ધંધુકા તેડી જવા માટે અમદાવાદ આવ્યા. શારદા જવાની તૈયારી કરતી હતી, તેવામાં ભીમ આવ્યો. અને રડતો રડતો બોલ્યો, " મને શું ફરમાવો છો ? "

" હવે હું તને મારી પાસે શી રીતે રાખી શકું ? હું તો

ગરીબ વિધવા છું. ” શારદા ધીમેથી નીસાસો નાખી બોલી.

“ દશ વર્ષ જેવા લાંબા સમય સુધી, આ દેહ આપના અન્નથી પોષાયો છે, અને મેં આપની સેવા પણ કરી છે. હવે હું આપને કેવી રીતે સહાયભૂત થઈ શકું તે સમજાવો. જરાપણ સંકોચ રાખશો નહિ. ” ભીમે કહ્યું. “ હું એ બધુ જાણું છું. ” શારદા વધારે બોલી શકી નહિ. ભીમે આંખોમાં અશ્રુસહિત કહ્યું, “ ઠીક, ત્યારે બાઈ ! મનોરમાના લગ્ન પ્રસંગે મને જરૂર બોલાવજો. આજથી હું મગનલાલની નોકરીમાં રહીશ. ”

શારદા અને મનોરમા, ચીમનલાલની સાથે ધંધુકા ગયાં, અને ભીમ, મગનલાલની નોકરીમાં રહ્યો.

\+ + + + +

ધંધુકા આવ્યા પછી થોડા વખતે સર્વ વાત ભૂલાઈ ગઈ. માત્ર શારદા અને મનોરમાનાં અશ્રુ સુકાતાં નહતાં. એક દિવસ તેની જેઠાણી ચંપાએ શારદાને કહ્યું, “ વહુ ! હવે મનોરમાને કેટલીક મોટી કરવી છે ? તેની ઉમ્મર અગીઆર વર્ષની તો થઈછે.” બીજી સ્ત્રીઓ ચંપા કહેતી તેમાં હામાં હા ભેળવી શારદાને કહેતી કે, “ શાન્તીભાઈ બહુ રૂપીઆ મેળવી ગયા છે, માટે મનોરમાને માટે બહુ પૈસા ખર્ચ કરી, તેનું લગ્ન ધામધુમથી કરો.” શારદાને આથી બહુ ખોટું લાગતું. શાન્તીલાલના મરણથી તેનું જીવન વિષમય બની ગયું હતું. પોતાનું જીવન જેમ તેમ ગાળતી હતી. શરીર તદ્દન કૃષ બની ગયું હતું. સત્તાવીશ વર્ષની યુવાન સ્ત્રી, વૃદ્ધા જેવી દેખાતી. એક વર્ષ તો પસાર થઈ ગયું. શારદાને ચિંતા થવા લાગી કે હવે મનોરમાનું લગ્ન શી રીતે કરવું ?

ચીમનલાલ અને ચંપા ઘણા દહાડાથી પોતાના મનમાં વિચાર કરતાં કે ‘ શારદા પાસે નાણું તો હોવુંજ જોઈએ,’ એક દિવસ વાતમાં વાત નીકળતાં શારદાએ પોતાની જેઠાણી ચંપાને જણાવ્યું કે, “ મારી પાસે એક ફુટી બદામ પણ નથી. હું પ્રતિજ્ઞા

પૂર્વક કહું છું કે મારી પાસે કાંઇજ નથી." ચીમનલાલે તે વાત માની, પરંતુ ચંપા કાંઇ ઓછી ન હતી. તે છણકો કરીને બોલી, "તમે પુરૂષો સ્ત્રીઓના ઢોંગ સમજી શકો નહિ. "

એક દિવસ ચંપાએ શારદા પાસે આવીને કહ્યું, "નાની વહુ, તમારા જેઠ કહે છે કે, થોડા રૂપીઆ કોઇ માણસને વ્યાજે આપવા છે. તે રૂપીઆ જો મનોરમાના નામથી મૂકીએ તો તમને વ્યાજ મળશે. માટે જેટલા રૂપીઆ તમારી પાસે હોય, તેટલા તમારા જેઠને આપો. "

શારદાએ જવાબ આપ્યો કે, " ભાભીજી ! મારી પાસે રૂપીઆ કેદા'ડે છે ? "

" તો પછી મનોરમાનાં લગ્ન શી રીતે કરશો ? અમારા ઘરમાં કંઇ ભંડાર ભર્યા નથી. બધા માણસો અમનેજ કહે છે, અમારૂંજ નાક કપાવા જેવો વખત આવ્યો છે. " આમ બોલતી બોલતી ચંપા ચાલી ગઈ. શારદા રડવા લાગી.

ઘણી શોધ કર્યા પછી, મનોરમા માટે એક સુરતીઓ પસંદ કરવામાં આવ્યો. વરનું ઘર બધી રીતે સારૂં હતું. સર્વે બોલતા કે "હવે લક્ષ્મી જેવી મનોરમા હમેશા ઘરેણાથી શણગારએલી રહેશે."

વરની ઉમ્મર લગભગ પંચાવન વર્ષનીજ હશે. "ઘણી મહેનતે આ સુરતીઓ મળ્યો છે. તે આપણે સોના જેવો છે." ચીમનલાલે જણાવ્યું.

શારદા, પોતાના જેઠ ચીમનલાલને વરનાં વખાણુ કરતાં સાંભળી, મનોરમાને છાતી સરખી ચાંપીને બોલી, "બેટા ! ઘેરઘેર ભીખ માગીશ, અથવા તો તને સાથે લઈ કુવામાં ડુબી મરીશ, પણ આ વૃદ્ધની સાથે તારૂં લગ્ન કોઈ રીતે થવા દઈશ નહિ."

આ સાંભળી ચંપા ગર્જના કરી બોલી ઉઠી, "ઓહોહો ! શો મીજાજ રાખે છે ! જો આવું જોર હતું, તો શા માટે એકાદ જુવાન વરની તપાસ કરી નહિ ! ઘણી મહેનતે આ સુરતીઓ મળ્યો છે. જો આ વર પસંદ ન આવતો હોય, તો જાઓ કોઈ રાજ-

પુત્રને લઈ આવો ! અમારા ઘરમાં દીકરીને વધારે વખત કુંવારી રાખી શકાશે નહિ."

બોલતી બોલતી ચંપા ઓરડામાં ગઈ અને પોતાના પતિને કહી સંભળાવ્યું. ચીમનલાલે જવાબ આપ્યો કે આઓ તો ખડબડાટ કર્યાજ કરે. તું તારે બધી તૈયારી કરજે. લગ્ન થોડા દિવસમાં કરી નાખીએ."

શારદાએ પોતાના ઘરમાં જઈ, મગનલાલને એક પત્ર લખી નાખ્યો કે,—

"મારા પતિના મિત્ર હોવાથી, તમે મારા ધર્મબંધુ છો. મારૂં દુઃખ હું આ જગતમાં તમારા સિવાય કોને કહું ? કૃપા કરી મનોરમાને બચાવો. મારા જેઠ, મારી લાડકી પુત્રી મનોરમાના લગ્ન એક પંચાવન વર્ષના વયોવૃદ્ધ પુરૂષ સાથે કરવાના છે. હું આપને પ્રાર્થના કરૂં છું કે, આપે અહીં પધારી, આ ગરીબ પુત્રીને બચાવવી જોઈએ. પ્રભુ તમને સહાય થશે."

પત્ર લખી શારદા નીચે પડી ગઇ અને પોતાના પતિનું મૃત્યુ થયું તે સ્મરણમાં લાવી શોક કરવા લાગી.

(૪)

ચીમનલાલ તથા ચંપા લગ્નની ગોઠવણ કરવા લાગ્યાં. લગ્નના દિવસે સવારમાં શારદાએ જોયું કે, લગ્ન અટકાવવાનો સમય પસાર થઇ જાય છે. સાંજે લગ્ન થઈ જશે. મનોરમાને લઈને તે પોતાના ઓરડામાં આવી અને મનોરમાને બાથમાં લઇ તે રડવા લાગી. માતાને રડતી જોઈ મનોરમા બોલી, "બા ! તું કેમ રડે છે ?"

"બ્હેન ! હવે હું નહિ રડું." એમ કહી શારદાએ આંસુ લોહી નાખ્યાં.

"જ્યાં સુધી મારાં નેત્રો તૃપ્ત થાય નહિ, ત્યાં સુધી તું અહીંઆં બેસી મને તારા સારૂં જોઈ લેવા દે."

"હેં બા ! તું શું કહે છે ?" એમ કહેતાં કહેતાં મનોરમા, શારદાના ખોળામાં સૂઇ ગઈ.

"કાંઇ નહિ, બેટા ! જા સૂઇ જા. આજ રાત્રે તારાં લગ્ન થવાનાં છે."

થોડા વખત પછી મનોરમા ઉઠી બહાર ગઈ.પણ શારદાનું શું થયું?

× × × ×

બપોર થયા, સાંજ પડી, વરઘોડો આવ્યો. વરરાજા માંડવે આવ્યા. વરરાજાએ પોતાની આંખોમાં અંજન અંજાવ્યું હતું. માથાના ધોળા વાળને રંગાવી કાળા કરાવ્યા હતા. મોઢા ઉપર પાઉડર ચોપડી રૂપાળા દેખાવા યત્ન કર્યો હતો. નાનાં બચ્ચાંઓ પજવતાં હતાં અને કહેતાં કે "બીચારી મનોરમાનો ભવ બગાડવા કરતાં, તુજ કુવે પડી ડુબી મરે તો શ્રેષ્ઠ છે."

કન્યાદાનનો સમય થયો. શારદાને બોલાવવામાં આવી. ચંપા ઘરમાં ગઇ. શારદાનો ઓરડો બંધ હોવાથી, સાંકળ ખખડાવી, પણ અંદરથી કોઈ બોલ્યું નહિ. ઓરડાના કમાડ તોડી નાખ્યાં. અંદર જઈને જુએ છે, તો શારદાએ અફીણ ખાઈ આત્મહત્યા કરી હતી.

રસ્તું ! લગ્ન બંધ રહ્યાં. વરરાજાને ઉતારો આપ્યો હતો ત્યાં પાછા મોકલ્યા. ચોરીના બદલે ગાયના છાણથી ચોકને લીંપવામાં આવ્યો. શારદાને અગ્નીસંસ્કાર કરવાની તજવીજમાં સહુ પડી ગયા. મનોરમા પોતાની માતાના શબ પાસે ગઈ, અને તે પર ઢળી પડતાં બોલી, "આ બધાનું કારણ હું જ છું ! હું જ છું !"

(૫)

મગનલાલ પોતાના ઓરડામાં બેઠા બેઠા અમૃતલાલ નામનાં પોતાના મિત્ર સાથે વાત કરે છે, એટલામાં ભીમ એક પત્ર લઇ આવ્યો. મગનલાલે પત્ર વાંચ્યો, અને તેના મુખમાંથી અવાજ નીકળ્યો: "અરેરે....!"

અમૃતલાલ....જીલ્લાનો ડેપ્યુટી કલેકટર હતો. હમણાં રજા ઉપર તે અહીં આવ્યો હતો. મગનલાલને શોકમાં પડી ગયેલા જોઈ, તે ચમકી ઉઠતાં બોલ્યો, "શું બાબત છે ?"

"જ્યારે તમે થોડા વખત પહેલાં અહીં આવ્યા હતા, ત્યારે મારા સ્વ. મિત્ર શાંતીલાલને તમે જોયા હતા, અને તેની સાથે તમે ઓળખાણ કરી હતી. નહિ વારૂ ?" મગનલાલે પુછ્યું.

"હા. હું તેમને મળવા માટે તેમના ઘરે ગયો પણ હતો." અમૃતલાલે જવાબ આપ્યો.

"તેની પુત્રી મનોરમાને જોઇ હતી કે નહિ ?"

"અરે, હા. પેલી ભોળી અને સુંદર છોકરી !"

"તેજ છોકરીનાં લગ્ન, પંચાવન વર્ષના એક ડોસા સાથે થવાનાં છે."

"બહુ દિલગીરીની વાત !" અમૃતલાલ નિશ્વાસ નાખી બોલ્યો.

ભીમ આ સાંભળતાંજ ક્રોધથી લાલચોળ બની ગયો, અને કામ કરતો થંભી ગયો.

મગનલાલે આગળ ચલાવ્યું: "તમારો કનીષ્ઠ બન્ધુ બી. એ. માં પાસ થયોને ?"

"હા, કેમ વારૂ ?"

"તેનાં લગ્ન થઇ ગયાં છે કે નહિ ?"

"ના. હજુ સુધી તેનાં લગ્ન કર્યાં નથી."

"જો મનોરમા સાથે તેનાં લગ્ન કરીએ, તો તમને કાંઇ હરકત નથી ને ?"

અમૃતલાલ ચુપ રહ્યો.

"મુંગા રહેવાનું કામ નથી. આ પત્ર વાંચો."

"પણ........"અમૃતલાલ પત્ર વાંચી બોલ્યો,

"પણ કેમ ?"

"તેના લગ્નની વાત ચાલે છે ને ?"

"ભલે ચાલે.તમારે આ લગ્ન એક અઠવાડીઆમાં કરવાંજ પડશે."

"પૈસા મળ્યા વિના મારા પિતા આ લગ્ન કબુલ નહિ કરે."

"પણ તમે તો સોશ્યલ કોન્ફરન્સના મેમ્બર છો ને ?"

-"તમારે જે કહેવું હોય તે કહો, આ બાબતમાં દીલગીર છું. હું કાંઈ કરી શકીશ નહિ." અમૃતલાલે માથું નીચું રાખી બોલ્યા કર્યું.

"તમારે પઠણ કેટલા રૂપીઆથી ચાલશે ?"

"બે હજાર."

" શું બે હજાર ? "

તેટલામાં ભીમ અંદર આવ્યો, અને બોલી ઉઠયો: "અમરતલાલ ભાઈ ! તમને રૂપીઆ બે હજાર આપવામાં આવે તો આ લગ્ન કબુલ છે ને ?"

થોડીવારે ભીમ ત્રણહજાર રૂપીઆની થેલીઓ લઇ આવ્યો અને મગલાલના હાથમાં આપી. ત્રણે જણા એક બીજા સામે જોવા લાગ્યા.

" બે હજાર રૂપીઆ અમૃતલાલભાઇને આપી દો, અને એક હજાર રૂપીઆ લગ્ન પ્રસંગે કન્યાદાનમાં આપજો."ભીમે શાન્તીનો ભંગ કરી જવાબ આપ્યો.

(૬)

તેજ ઘરમાં તેજ જગ્યાએ લગ્ન મંડપ રચાયો. મગનલાલ, અમૃતલાલ ચિમનલાલ વગેરે મંડપમાં બેઠા હતા. 'વરકન્યા યજ્ઞકુંડની પાસે બેઠા હતા. કન્યાદાનનો સમય થયો. ચંપાને બોલાવી. તેજ વખતે એક સ્ત્રી મંડપમાં દાખલ થઈ. તે નહોતી સજીવ કે નહોતી નિર્જીવ. સ્ત્રીએ આગળ વધી એક પુષ્પ વરકન્યાને આપ્યું, અને ભીમ પાસે આવી ઉભી રહી: તેને પ્રણામ કર્યા અને હવામાં લોપ થઈ ગઇ.

લગ્ન નિર્વિઘ્ને સંપૂર્ણ થયાં.*

મનુભાઇ જોધાણી.

---

* હિન્દી ઉપરથી.

ચાલુ બનાવોની માહિતી.

(લખનારઃ—રા. કેશવપ્રસાદ દેસાઈ.)

ગાંધીજી.

ગયા અંકમાં અમે આશા રાખી હતી તે પ્રમાણે મહાત્મા ગાંધીજીની જેલની બાકીની સજા સરકારે રદ કરી છે. કારણ તેમની માંદગીનું આપ્યું છે, પરંતુ તે કારણ તેમને છોડી મુકવા માટે કાંઈ પુરતું ગણી શકાય નહિ. ખરી વાત તો એ છે કે કોઈ પણ સરકાર, તે ગમે તેવી એકહથ્થુ કે લોકવિરૂદ્ધ હોય તોપણ, પ્રજાની સીધી કે આડકતરી સહાનુભૂતિ વિના કોઈ કામ કરી શકતી નથી. ગાંધીજીને જેલમાં મોકલવાના કાર્યમાં સરકારને આવી સહાનુભૂતિ અમુક પ્રજાપક્ષ તરફથી થોડો સમય સુધી કાંઈક હતી એમ લાગતું હતું. પરંતુ ગાંધીજી માંદા પડતાં, આ સર્વ સહાનુભૂતિ જતી રહી, અને પ્રજા સમગ્રે અંતઃકરણ પૂર્વક તેમની મુક્તિ ઈચ્છી. આવા સંજોગોમાં સરકાર તેમને કેદમાં રાખી શકે જ નહિ. આ હકીક્ત ઉપરથી આપણે મોટો સિદ્ધાંત સમજવાનો છે, કે જે વખતે અત્યારની રાજનીતિ તરફથી પ્રજા આખીની સહાનુભૂતિ જતી રહેશે, તેજ વખતે રાજનીતિ બદલાશે, અને સ્વરાજ પણ થશે. પરંતુ હજી પ્રજાનો મોટો ભાગ સીધી કે આડકતરી સહાનુભૂતિ સરકાર તરફ ધરાવે છે, અને તેથી જ અત્યારની રાજનીતિ ચાલુ છે. હવે વળી પાછા ગાંધીજી આપણામાં નવું ચેતન રેડશે, અને નવું જ્ઞાન આપશે. આપણે તે જ્ઞાન ઝીલવા તત્પર રહીશું.

* * * *

વર્તમાન ઇતિહાસ.

ઇતિહાસના અભ્યાસની ભલામણ થતી આપણે વારંવાર સાંભળીયે છીયે, અને તે અભ્યાસના ફાયદાઓ પણ ઘણીયે વાર ગણાવાય છે; પરંતુ હજી ઘણા લોકો જાણતા નથી કે આજે બનતા બનાવો જ, આવતી કાલનો ઇતિહાસ થઈ રહે છે. અત્યારે હિંદુસ્તાનમાં જે બનાવો બને છે તે ખરેખર ભવિષ્યના ઇતિહાસમાં નોંધાશે. તેટલા માટે અમે અમારા વાંચકોને ખાસ ભલામણ કરીયે છીયે કે હાલના ચાલુ બનાવો તરફ પુરતું લક્ષ રાખજો. અસહકારની હીલચાલમાંથી સ્વરાજ પક્ષનો જન્મ થયો

છે. આ પક્ષ વડી ધારાસભામાં ગયો છે અને ત્યાં સરકારને હંફાવવાના પ્રયત્નો કરે છે. હમણાંજ કેટલાક અગત્યના ઠરાવ વડી ધારાસભામાં પસાર થયા છે. તેમાંનો એક એ છે કે અત્યારે જે રાજકીય સુધારાઓ હિંદને મળ્યા છે તે પૂરતા નથી, અને હિંદમાં જવાબદાર તંત્ર અથવા સ્વરાજ તાકીદે દાખલ થવું જોઇએ, એવી માંગણી વડી ધારાસભાએ બહુમતિથી કરી છે. તેનો શો જવાબ મળે છે તે જોવાનું છે. ઇંગ્લંડમાં અત્યારે પ્રધાન-પદે મજૂર પક્ષ છે. અને મજૂર પરિષદે એવો મત જાહેર કર્યો છે કે હિંદમાં પ્રજામતની વધુ ગણના થવી જોઇએ. વડી ધારાસભાની બહુમતિની આ માંગણી તરફ સરકાર લક્ષ નહિ આપે તો આ બહુમતિએ નિશ્ચય કર્યો છે કે આપણી સંમતિથી સરકારને વાપરવા નાણાં આપવાં નહિ. જો આવી સ્થિતિ ઉભી થાય તો સરકાર બહુ જ મુશ્કેલીમાં આવી પડે. આ લડત કેવી રીતે ખીલે છે, તે આપણે રસપૂર્વક નિહાળીશું.

* * * *

ધારા સભાઓ. વડી ધારા સભામાં સ્ત્રીઓ સબંધી એક કાયદો હમણાં પસાર થયો છે. બાળકીઓને ખરાબ રસ્તે જેઓ દોરે તેઓને સજાપાત્ર ગણવામાં આવે છે; પરંતુ બાળકીઓ કઈ ઉમર સુધી ગણાય, તે એક ચર્ચા ભરેલો પ્રશ્ન થઈ પડયો હતો. આ કાયદાથી એમ ઠરાવવામાં આવ્યું છે કે અઢાર વર્ષની ઉમર સુધીની બધી બાળકીઓ જ ગણાય. એટલે અઢારની અંદરની છોકરીઓને જો કોઈ તેમની મરજીથી પણ આડે રસ્તે દોરે તો તે હવે ગુનેગાર ગણાશે. અત્યાર સુધી પંદર સોળ વર્ષની છોકરીઓને આડે રસ્તે દોરવામાં આવતી હતી, અને તેમને ભોળવીને તે કાયદામાં તેમની સંમતિ લેવામાં આવતી હતી. પરંતુ આ કાચી વયમાં તેઓને સારાસારની ખબર ન જ પડે. આ કાયદા-થી આ રીતે સ્ત્રીઓને એક સારૂં રક્ષણ મળશે. મુંબાઈ ધારાસભાનું કામકાજ પણ ચાલુ છે. તેની પણ સર્વ માહિતી રાખવા અમે અમારા વાંચકોને ખાસ ભલામણ કરીયે છીયે.

* * * *

સ્ત્રીહક્ક. સ્ત્રીઓના હક્ક જુદા જુદા ક્ષેત્રોમાં દિવસે દિવસે સ્વીકારાતા જાય છે, તે જાણીને આપણને હર્ષ થવો જોઇયે. હમણા મુંબાઈ સરકારે નવા J. P. અથવા અથવા જસ્ટીસ ઑફ ધ પીસની યાદી બહાર પાડી છે; તેમાં ચાર સ્ત્રીઓનાં નામ પણ છે. લેડી લક્ષ્મીબાઈ જગમોહનદાસ, લેડી કાવસજી

જહાંગીર, મીસીસ હૉનકીસન, અને દીલશાહ બેગમ આ ચાર બાઇઓ પ્રથમ J. P. થઈછે તે માટે અમે તેમને ખાસ અભિનંદન આપીયે છીયે.

મદ્રાસમાં લેડી સદાશીવ આયરના પ્રમુખપણા નીચે સ્ત્રીઓની એક જાહેર સભા મળી હતી, તેમાં સ્ત્રીઓને પ્રાંતિક તેમજ વડી ધારાસભામાં બેસવાનો હક્ક મળવો જોઇયે, તેવા ઠરાવો થયા હતા. તેમજ તે ઠરાવો લઇને તેમનાં પ્રતિનિધિ લૉર્ડ વિલિંગડન—મદ્રાસના ગવર્નર—પાસે ગયાં હતાં. આ બાબતમાં બનતી મદદ આપવાનું વચન લૉર્ડ વિલિંગડને આપ્યું હતું.

પાર્લામેંટમાં સાત સ્ત્રી સભાસદો ચુંટાઈ છે, તે ઉપરાંત મજૂર પક્ષમાં મીસ માર્ગારેટ બોંડફીલ્ડ નામની બાઇને પ્રધાન મંડળમાં હોદ્દો પણ મળ્યો છે.

* * * *

વળી બીજાં મિશ્ર લગ્ન.

ગઈ વખતે સૌ. હંસા બેન અને ડૉ. જીવરાજના લગ્નની નોંધ અમે લીધી હતી. ત્યાર પછી બીજાં પણ મિશ્ર લગ્ન મુંબાઈમાં થયાં છે. આર્થર બ્રધરહુડના મિશ્ર ભોજનથી મશહૂર થયલા રા. કી. ર. દફતરીના વડા પુત્ર રા. ચં. કી. દફતરીનાં લગ્ન મુંબાઇમાં વસતા એક બંગાળી ગૃહસ્થનાં કેળવાયલાં પુત્રી મીસ ચૅટરજી સાથે થયાં છે. મી. દફતરી પોતે એક બૅરીસ્ટર છે અને જન્મથી સુરતના કાયસ્થ છે. મીસ ચૅટરજી જન્મથી બંગાળી બ્રાહ્મણ છે. આ લગ્નમાં ઘણા જાણીતા ગૃહસ્થો હાજર હતા, અને બંને પક્ષના કુટુંબીઓએ લગ્નમાં ભાગ લીધો હતો. આવી રીતે જ્ઞાતિબંધનો શિથિલ થતાં જાય છે; તે આપણા સમાજને માટે બહુજ શુભ ચિન્હ છે.

* * * *

અમદાવાદની હિલચાલો.

અમદાવાદમાં જે નવીન જાગૃતિ આવી છે તેનો પુરાવો ત્યાં હમણાં ભરાયલી સંગિત પરિષદથી તથા કલા પ્રદર્શનથી મળે છે. કલા, લોકજીવનમાં બહુજ સુંદર ભાગ ભજવે છે. કલાની પૂજા તે પ્રગતિનો ને બુદ્ધિ-વિકાસનો સચોટ પુરાવો છે. સંગિત પરિષદમાં દેશના જુદા જુદા સંગિતકારોએ શાસ્ત્રીય ચર્ચા કરી હતી, તથા લોકોમાં તેની ખરી ખૂબી સમજાવવા સુંદર જલસાઓ પણ કર્યા હતા. કલા પ્રદર્શનમાં ચિત્રકામ, શિલ્પકળા, મોડલીંગ, વગેરેનાં સુંદર નમૂનાઓ મૂકેલા હતા. તથા ભાષણો અને ગરબાઓથી લોકોમાં ઘણોજ ઉત્સાહ પ્રેરવામાં આવ્યો હતો. આ રીતે, લલિતકલા પ્રત્યે, શુષ્ક લેખાતા અમદાવાદીઓનું ધ્યાન દોરવા માટે બહુજ સારા પ્રયત્નો થયા હતા. હવે લલિત કલાની ઉપાસના

હરદમ કરી શકે તેવી ગોઠવણો આ જલસાઓ પછી તરત જ થવી જોઇયે: અમને આશા છે કે તેમ થશેજ. અમે આ બન્ને કાર્યોમાં મહેનત કરનારાઓને ધન્યવાદ આપીયે છીયે; અને તેમાં પણ કલા પ્રદર્શન બહુ સુન્દર રીતે પાર પાડવા માટે તો કવિ શ્રી ન્હાનાલાલભાઇનો તે માટેનો ઉત્સાહ અને સતત પરિશ્રમજ ધન્યવાદને પાત્ર છે.

* * * *

સાહિત્ય પરિષદ. ગુજરાતી સાહિત્ય પરિષદ એપ્રિલની અધવચમાં ભાવનગર ખાતે ભરાવાની છે. તેના પ્રમુખ તરીકે જાણીતા કેળવણીકાર રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી ચુંટી કઢાયા છે. દિવસે દિવસે વિકસતી ગુજરાતી ભાષાની સર્વાંગ ખીલવણી માટે આવી પરિષદની ખાસ જરૂર તો છે જ. વળી પરિષદને જુદા જુદા વિભાગમાં વહેંચી નાંખવાની શુભ પ્રથા ભાવનગરમાં પણ ચાલુ રાખવામાં આવી છે. શુદ્ધસાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ, અને જૈન-સાહિત્ય એમ જુદા જુદા વિભાગ કરી તે માટે લેખો લખાવવામાં આવ્યા છે, અને દરેક વિભાગના જુદા જુદા પ્રમુખ પણ નિમાયા છે. અમદાવાદમાં મળેલી છેલી સાહિત્ય પરિષદમાં બાળસાહિત્ય સંબંધી બહુ સારી ચર્ચા થઈ હતી; પરંતુ તે કાર્ય તેટલેથી જ અટક્યું જણાય છે. તેવી ચર્ચા અને બાળસાહિત્ય ખીલવવાનાં વ્યવહારૂ પ્રયત્નો ભાવનગરમાં પણ થશે એવી આશા છે. આ ઉપરાંત પ્રમુખસાહેબ જેઓ કેળવણીકાર છે, તેમનું ધ્યાન એક બીજી બાબત ઉપર ખાસ દોરવાનું છે. ઉચ્ચ શિક્ષણ માતૃભાષા દ્વારા આપવું જોઇયે, તે સિદ્ધાંત હવે, લગભગ સર્વત્ર સ્વીકારાયો છે. પરંતુ જુદા જુદા વિષયોમાં ગુજરાતી પાઠય પુસ્તકનો અભાવ હોવાથી આ સિદ્ધાંત બરોબર અમલમાં મુકાતો નથી. તે માટે પાઠય પુસ્તકો તૈયાર કરાવવાનું કાર્ય જો સાહિત્ય પરિષદ ઉપાડી લે તો ગુજરાતી ભાષાને તથા ઉગતી પ્રજાના બુદ્ધિવિકાસને જરૂર ઘણો લાભ થાય. હવે ગુજરાતમાં રાષ્ટ્રીય પાઠશાળાઓ ચાલે છે, તથા મહિલા વિદ્યાલયો તેમજ મહિલા પાઠશાળા પણ સ્થપાયાં છે, એટલે પાઠય પુસ્તકો રચાય તો તેનો ઉપયોગ કરનાર તૈયાર છે.

અમારા વાંચનારાઓ સાહિત્ય પરિષદમાં રસ લેશે એમ આશા છે.

* * * *

અહલ્યાબાઇ સુવાવડખાનું. મુંબાઈમાં થોડા વખત ઉપર એક વધુ સુવાવડ ખાનાની સ્થાપના થઈ હતી. મીસીસ જેનાબાઈ રોકડેના પરિશ્રમથી આ સુવાવડખાનું અસ્તિત્વમાં આવ્યું છે. તે બાઈ એક શિક્ષિત કુટુંબનાં છે, અને પોતે પણ કેળવાય-

લાં દાઈ અને નર્સ છે. એક કન્યાશાળા તો તેઓ નભાવતાં હતાં અને વળી આ બીજું સ્ત્રીહિતનું કાર્ય તેમણે શરૂ કર્યું છે તેથી તેમને અભિનંદન ઘટે છે. મુંબાઈમાં ઘણાં રહેઠાણો અનારોગ્ય છે, તેથી આવાં સુવાવડખાનાંની બહુજ જરૂર છે. નીચેની વિગતો બહુજ ધ્યાનમાં રાખવા લાયક છે:—

૧૯૨૨ માં મુંબાઈ શહેરમાં કુલે ૨૦૪૫૧ જન્મ નોંધાયા હતા. તેમાંથી ૧૫૦૭૯ જન્મ એક ઓરડીમાં વસતા કુટુંબમાં થયા હતા.

૯૭૩ જન્મ બે ઓરડીના ઘરમાં વસતા કુટુંબમાં થયા હતા.
૩૫૧ જન્મ ત્રણ ઓરડીના ઘરમાં વસતા કુટુંબમાં થયા હતા.
૨૭૩ જન્મ તેથી મોટાં ઘરોમાં થયા હતા.
૩૭૩૨ જન્મ ઇસ્પિતાલમાં થયા હતા.

તેજ સાલમાં એક વર્ષની અંદરનાં બાળકોમાં ૮૨૩૬ મરણ થયાં હતાં. તેમાંથી ૭૧૦૨ બાળકોનાં મરણ એક ઓરડીમાં વસતા કુટુંબોમાં થયા હતા. ઇસ્પિતાલમાં ફક્ત ૪૬૩ બાળકોનાંજ મરણ થયાં હતાં. આ સર્વ વિગતો આપણે વિચારવા યોગ્ય છે.

છપાય છે ! રાહ જોશો ? છપાય છે !

ગુજરાતી ભાષાનો

શાળોપયોગી મધ્યમ કોષ.

ગુજરાતી ભાષાનો કોઇ પણ સારો શબ્દકોશ હાલ મળતો ન હોવાથી ખાસ કરીને ગુજરાતી ભાષાના અભ્યાસીઓને, તેમજ શિક્ષકો-વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવો આ કોષ અમે તૈયાર કર્યો છે. છપામણી વગેરેની મોંઘવારીને લીધે અર્થ આપવામાં બહુ લંબાણ ન કરતાં આવશ્યક અર્થો અને વિવરણ આપ્યું છે; છતાં પુરતા શબ્દો તેમ જ શબ્દના અર્થો આપવામાં અનુક્રમ તથા ચોકસાઇ ઘણીજ સાચવી છે.

આ કોષ સંપૂર્ણતાનો દાવો નહિ કરે; છતાં ઉપયોગી તો અવશ્ય નીવડશે જ. આ મધ્યમ કોષની કિંમત બહુ ભારે નહિ પણ મધ્યમસર રહેશે; માટે નવો ગુજરાતી કોશ ખરીદતાં પૂર્વે આ કોશ માટે થોડા મહિના રાહ જોવા સર્વેને વિનંતી છે.

જીવનલાલ અમરશી મહેતા.

રાજનગરનું રત્ન.

(ચાલુ વાર્તા.)

[લેખકઃ સૌ. જડાવબહેન વીણ.]

પ્રકરણ ૬. ઠું.

બચાવ.

પોતાના પિતાના મરણ પછી સત્યેંદ્ર એકલોજ રહેતો, અને દુઃખના દિવસો વહાલાં પશુપંખી સાથે નિર્ગમન કરતો. એના પિતા ગયા ત્યારથી કેટલાંક કુતરાં ત્યાંજ બેસી રહેતાં. સત્યેંદ્ર તેમને ગાયનું દુધ પાતો. એનો ખોરાક પણ ફળ, કંદ, મૂળ અને દુધજ હતાં. કોઇ જંગલી જાનવર પજવે તો તેનો શીકાર કરતો, પણ વગર કારણે કોઈને દમતો નહીં. અહીં કસ્તુરીમૃગ, હાથી, સિંહ ઘણાં હતાં, તેઓના શિકાર કરતો. જ્યારે વહાણો ફરતાં થાય ત્યારે એવો માલ લેવા એક ખલાસી આવતો. આ સંબંધ દશેક વર્ષથી બંધાયો હતો. બેટ કોઇની જાણમાં નહોતો. એક જાણીતો ખલાસી આવતો ને માલ લઇ જતો. તેજ ખલાસી ચોમાસાં પછી અહીં આવવાનો હતો ને હાથીદાંત, કસ્તુરી અને મરેલા વાઘ સિંહનાં ચામડાં લઈ જતા. તેના બદલામાં સત્યેંદ્રના પિતાએ હથીઆરો અને થોડું કાપડ મંગાવ્યું હતું. આ કૃત્ય સત્યેંદ્રે પણ ચાલુ રાખવાનો વિચાર કર્યો.

આજે એક પ્રચંડ સિંહનો શીકાર તેણે કર્યો હતો, કારણ તે પલકેલો સિંહ એના પશુને મારી નાખતો હતો. થાકીને તે સુતો હતો. હજુ પહેલીજ ઉંઘ હતી. કુતરાં ભસવાં લાગ્યાં. તે જાગ્યો. અને ઉઠયો. એના મનમાં નક્કી થયું કે વાઘ કે સિંહ

જરૂર આવ્યો. તેથી પોતાનાં હથીઆર લીધાં. ગયે વર્ષે એક ખલાસી તેને પીસ્તોલ તથા દારૂ ગોળી ભેટ આપી ગયો હતો અને તેના બદલામાં ચાર પાંચ તોલા જેટલી કસ્તુરી લઇ ગયો હતો. તે નાની પીસ્તોલ હાથમાં લઈ બહાર નીકળ્યો, પણ કોઇ હિંસક પશુ નહોતું. કુતરાં તો આગળ દોડવા લાગ્યાં. તે ભસતાં ભસતાં સમુદ્ર કીનારા તરફ દોડયાં. સત્યેંદ્ર તેની પાછળ પાછળ ગયો. હવે તેને કાંઇક સમજ પડી. સમુદ્રમાથી અવાજ આવતો હતો કે કોઈ બચાવો. સત્યેંદ્ર સમજ્યો કે નક્કી કોઇ તોફાનને વશ થઈ ડુબે છે. તેણે પોતાનો નાનો લાંગરેલો મછવો છોડયો. આ તરફ છાછર પાણી હતાં. તેથીજ ડુબતાં માણસો અટક્યાં હશે એમ ધારી તે અવાજ તરફ તેણે હોડી હંકારી, જવાબ દીધો કે "ફીકર નકીં કરો. ઈશ્વર બચાવશે." તે નાનો હતો. સત્યેંદ્ર ઉતરીને મછવા આગળ ગયો. ત્યાં એક છોકરો અને એક વૃદ્ધ બાઈ હતાં. સત્યેંદ્રે આટલી ઉંમરે પહેલવહેલાં જ એક વિચિત્ર વેશધારીને જોયું. તેને જોઈએ કમકમ્યો. પેલા પુરૂષને કહ્યું, "ચાલો, તમે મછવામાં આવો. તમારો મછવો અટકી ગયો છે ?" તેને હાથ આપી ઉતાર્યો અને પાછો ફર્યો. પેલા વિચિત્ર આકારને લઇ જવાની એની મરજી નહોતી. પણ પેલો છોકરો પોતાની માને મૂકીને કેમ આવે ? તેણે કહ્યું, "મછવામાં મારી માતા છે તેને પણ સાથે લઇ લો." સત્યેંદ્રે કહ્યું, "અહીં કાંઇ બીક નથી, તેમને મછવામાં રહેવા દો." પણ વસુ એકનો બે થયો નહીં, અને કહ્યું, "ત્યારે તો હું પણ અહીંજ રહીશ." આ સત્યેંદ્રને રૂચ્યું નહીં.

થોડા મહીનાથી એને માણસનો વિયોગ હતો. આવેલો લાભ જવા દેવો નહીં એમ ધારી તેણે મને કમને તેની માતાને પણ સાથે લીધી. મછવામાં બેસી બધાં બેટ પર આવ્યાં. નવીન આવનારને પેલી માહાલયરૂપી ઝુંપડીમાં આશ્રય આપ્યો. થોડાં ફળ તથા દુધ આપી, સત્યેંદ્રે બાકીની રાત્રી પિતાની ઝુંપડીમાં ગાળી.

પ્રકરણ ૭ મું.
નસીબ ફર્યું.

એક નાના ગામના એક ગલીકુંચીવાળા મહોલ્લામાં એક ઘર આવેલું છે. તે ઘરમાં અત્યારે રાત્રીના નવને અમલે ધમાધમ મચી રહી હતી. તેમાં એક જુવાન સ્ત્રી અને એક મરદ બે જણ હતાં. મરદ જાણે ગાંડો બની સ્ત્રીને મારતો હતો અને ફાવે તેમ બોલતો હતો. પીરસેલી થાળી ઉંધી પડી ગઇ હતી. વાડકો બીજે ખુણે ગબડી ગયો હતો. પેલો મરદ ગુસ્સામાંજ બકયો જતો હતો, " ગુલામ, તેં આ શું રાંધ્યું? મને અત્યારે પુરી કરી આપ, રોટલી કોણ ખાય?" બીચારી ગભરાએલી સ્ત્રી બોલી, " પણ ઘી—"

" ચુપ! મારી સામું બોલે છે?" બોલતાની સાથે બીજો તમાચો લગાવ્યો. વધારે મારત પણ એટલામાં બારણાં ખખડયાં. મરદ ખસી ગયો અને બોલ્યો, " અંદર જતી રહે." પેલી બીચારી ગાલ પંપાળતી અંદર જતી રહી. કોઈ આવે ત્યારે તેને બહાર બેસવાનો હક નહોતો.

બારણું ઉઘાડનાર મરદ તેનો મિત્ર હતો. અત્યારે મિત્રનું આવવાનું એને ગમ્યું નહીં. ત્યાંજ ઉભા રહી તેને પુછ્યું, " કેમ વિલાસ! અત્યારે મારૂં શું કામ પડયું? હું કામમાં છું." મિત્રે હસતાં જ કહ્યું, " તું શું કામ કરતો હતો, તે તો મેં બહારથીજ જાણ્યું. પણ કાન્તી, તું તો કહેતો હતો કે હું પરણેલો નથી!" " ના, નહીંજ." "ત્યારે હાથ કોના પર ટાઢા કર્યા?" " હં" હસીને કાન્તી બોલ્યો, " એ તો રસોઈ કરનાર છે." "એમ કે?" વિલાસે મશ્કરીમાંજ કહ્યું. આથી કાન્તી ખીજવાયો અને બોલ્યો, " લોકોની તને શી ફીકર પડી? આટલા માટે જ તું આવ્યો?" હસીને વિલાસે જવાબ દીધો, " તારૂં કામ પડયું છે. બાહાર ફરવા આવે છે?" કાન્તી હજુ પણ ઉશ્કેરાએલો હતો. તે બોલ્યો, " ફરવા? પેટમાં કુવો ને વરઘોડો જુવો. ઠીક વેપાર.

ખાવાનું આપે છે ?" "અરે દોસ ! તારા કરતાં ખાવાનું વધ્યું ? ચાલની દુકાનેથી કાંઇક લઇશું, નહીં તો હોટલમાં. હું પણ ભુખ્યો છું. જરા ગપ્પાં મારીશું." હવે જરા કાન્તી તાઢો પડયો ને બોલ્યો, "ખીસ્સા ખાલી છે ને શું યાર ?" વિલાસ પોતાનું ગજવું થાબડતો બોલ્યો, "મારૂં ભર્યું છે ને !" કાન્તિ ખુશીમાં આવ્યો અને હસતાં જ બોલ્યો, "ઓહો ! ત્યારે ચાલની યાર !"

એમ કરી કોટ ટોપી, પહેરી હાથમાં લાકડી લઈ બહાર નીકળ્યા. પાછું ફરી બારણું દેવાની પણ તસ્દી લીધી નહીં. તે ગયાં એટલે બીચારી બાઈ બહાર નીકળી અને બારણું બંધ કર્યું. અંદરના ખંડમાંથી તેણે બધી વાત સાંભળી હતી. તે બબડી; "પોતે તો જમીને આવશે. મને રાંધનારી તરીકે ઓળખાવે છે. બળી આ દુનીઆ." તે બિચારી માર ખાઈ અધમુઈ થઇ ગઇ હતી, એટલે બધું જેમનું તેમ મૂકી સૂઈ ગઇ.

એનો પતિ રાતના બહાર જાય ત્યારે તેને બીજે દિવસે જમવાને વખતે આવતો. ગમે ત્યાં બાટલી ઉડાવી રાત ગાળતો.

એઉ મિત્રો શહેરમાં ગયા ને ખાવાનું મંગાવ્યું, અને વાતે વળગ્યાઃ "દોસ કાન્તી ! હું તને રોજ કહેતો હતો કે તારો કાકો કરોડાધિપતિ છે; ને તું શું કરવા પૈસાની આપદા વેઠે છે ? જો તું ત્યાં રહ્યો હોત તો કરોડાધિપતિ થાત અને વિલાસને તું ખવડાવત."

"પણ વિલાસ મેં તને હજાર વખત કહ્યું છે કે મારી મા એમ કહેતી કે તેણે મારા બાપને અને માને ઘણું દુઃખ દીધું છે. હું તેની પાસે ભીખ માગું ? મારા હાથ સલામત, ને તું સલામત."

કાન્તિ હસ્યોઃ "અરે ભલા માણસ, આજની વાત જુદી છે. તારા કાકા તો મરી ગયા. આજેજ મારો એક દોસ્તદાર રાજનગરથી આવ્યો ને તેણે સુદ્દામ મને કહ્યું કે બધી મીલકત ટ્રસ્ટીને સોંપાઇ છે. વારસ માટે તારી શોધો થાય છે. તારી બાયડીને લઇને આપણે રાજનગર ઉપડી જઈએ ને કાંઈ ખટપટ કરીએ. તારી પાસે કાંઈ પુરાવો છે ? કારણ કે કેટલાં વરસો થયાં તું આવ્યો છે. તને કોઇ ઓળખતું નથી. વળી તારી સ્થિતિ ઘણી ગરીબ છે. બોલ શું વિચાર ?"

આ વખતે કાન્તિના મોઢા આગળ જાણે મોહોરોના ઢગલા પડયા ! તે ખુશીમાં આવી જઈ બોલ્યો, "મારી ગરીબ સ્થિતિ ? આવો શબ્દ તારે બોલવો નહીં. કોઈ સાંભળશે તો મારી સાખ જશે." પણ બીજીજ પળે પોતાની સ્થિતિનું ભાન થતાં બોલ્યો, "પણ વિલાસ ! ત્યાં જવાને માટે ભાડું જોઈશે તેનું કેમ ?"

વિલાસ જે ક્યારનો તેની સામુંજ જોયા કરતો હતો તે જાણે ઘણો ઉદાર હોય તેમજ બોલ્યો, "કાન્તિ ! મારા મિત્ર ! તને હું કામ આવીશ. હું પૈસા આપીશ. પણ–"

"વળી પણ શું ? તું પાછા લેશે એમજ કેની ?"

"ના પાછા તો નહીં જ લઉં, પણ તું વારસ તરીકે નક્કી થાય તો મને ભુલે નહિ તો. હું તારાથી દોઢો મોટો છું. તારી કેટલીક વાતો હું જાણું છું. એટલુંજ નહિ પણ બીજા કોઈ ન જાણે તે પણ હું જાણું છું. પણ પૈસાથી કોઈકવાર તેમનું મોઢું બંધ કરવું પડે. હાલ તો હું તારો સાક્ષી છું અને વખત આવે તે પણ ઉભા થશે. માટે હમણાં તો ઠેલ ગાડી. પછી દાવ પડે વાત. કેમ ?"

કાન્તિ હસતો હસ્તો બોલ્યો, "તારી અક્કલ ને તારી મદદ જબરી છે હાં ! કેમ ક્યારે ઉપડીશું ?"

"કાન્તિ, અત્યારે તો તું તારે ઘેર જા ને હું મારે ઘેર જાઉં. સવારે મળીશું."

"ના નાં, દોસ્ત તારા વિના મને ઉંઘ નહી આવે. હું તો તારે ઘેરજ આવીશ. મારે ઘેરથી કંઈ લેવાનું પણ નથી."

"કેમ ઘેરથી તારી સ્ત્રીને ?"

"અરે એ મુર્ખી ! નહોય."

"ત્યારે તું તારી માસીની વાત કરતો હતો ને કે તેની અનાથ છોકરી છે તે હોશે !"

કાન્તિને આ ટાયલું ગમ્યું નહિ તેથી કહ્યું, "હં અ ! તેથીસ્તો ?"

બેઉ મિત્રો વિલાસને ઘેરજ સુઈ ગયા. (ચાલુ.)

"સ્ત્રીબોધ"નો આવતો "વસંત" અંક.

એ અંકમાં શું શું આવશે ?

આ અંક લગભગ સો પૃષ્ઠનો કરવાનો વિચાર રાખ્યો છે; પરંતુ તે માટે અમારા પ્રત્યે લાગણી ધરાવનારા લેખકોએ ખાસ તસ્દી લઈને જે લેખો મોકલ્યા છે તેનું પ્રમાણ તેથી પણ વધી પડે એમ લાગે છે; ને જો તેમ જ થશે તો એપ્રીલ-મે એ માસના અંક તરીકે સાથે વધારે આપીશું. આ અંક માટે અત્યાર સુધીમાં નીચેના લેખો લેવા માટે નક્કી કર્યા છે; અને હજી વધારે કેટલાક લેખો આવવાની આશા છે:—

(૧) કવિતા:—

(૧) ઘેલો વસંત ડોલે! (પ્રો. શર્મા.)

(૨) "એ અવસરમાં મ્હેલા વળજો વ્હાલમા!!"

(સેક્રેત વાસુદેવ રામચંદ્ર.)

(૩) રમ્ય રજની. (બ્હેન ચારુ૦)

(૪) એક બાળ વિધવાને.

(૨) ગૃહવ્યવસ્થા:—

(૧) ગૃહવ્યવસ્થા અને ઉચ્ચશિક્ષણ. (રા. કેશવપ્રસાદ.)

(૨) અંગ્રેજ લોકોની ગૃહવ્યવસ્થા. " "

(૩) રસોઈમાં રસાયનશાસ્ત્રની જરૂર. (બ્હેન પુતળીબાઈ.)

(૪) અનાજ તથા ખોરાક સાચવવાની રીત.

(૫) ઘરને શોભીતું કેમ બનાવશો? (બ્હેન નોશાંકરી પીલાં.)

(૬) ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ.

(૩) બાળરક્ષણ:—

(૧) બાળસંભાળ. (બેન જેનબાઈ બીખાભાઈ પટેલ)

(૨) માતાનું દુધ, દુધની શીશી અને બનાવટી ખોરાક.

(૩) માતાની ફરજ. (મી૦ કેખુશરૂ દો. જીજા૦)

(૪) સ્ત્રી જીવન અને સર્વસામાન્ય:—

(૧) સ્ત્રીઓનું સાહિત્ય જીવન. (રા. રતિપતિરામ ઉ. પંડ્યા.)

(૨) ભવિષ્યની માતાઓનું સ્થાન. (સૌ. સુલોચના જ. દેસાઈ.)

(૩) માતા, પિતા અને બાળક. (રા. ધીરજ.)
(૪) સ્ત્રીની સંસારી ફરજો. (મી. કેખુશરૂ દી. જીજા.)
(૫) સહવાસ. (સૌ. શાન્તા મહેતા.)
(૬) ડાક્ટરો કેવા જોઇએ? (બ્હેન પુતળીબાઇ કાબ્રાજી)

(૫) સંવાદઃ –
સંયુક્તા અને પૃથ્વીરાજ. (અનુવાદક રા. હંસરાજ.)

(૬) પુસ્તક પરિચયઃ—(કેટલાંક પુસ્તકોની નોંધ)

(૭) જીવનચરિત્રો—
(૧) તુર્કીની વિરાંગના.–બેગમ હેલીદે હનુમ.
(૨) તપસ્વી શાહ સુજા અને તેની ધાર્મિક કન્યા.
(૩) મહાન ઉદ્યોગી એન્ડ્રુ કાર્નેજી.
(૪) ૨૧૦ કપ્રાપીના કેટલાક સંસ્મરણો અને પત્રો.

(૮) ચાલુ બનાવોની માહિતીઃ—(દર મહીના પ્રમાણે)

(૯) ચાલુ અને ટુંકી વાતોઃ—
(૧) રાજનગરનું રત્ન. (સૌ. જડાવબ્હેનની ચાલુ વાર્તા.)
(૨) સાચું સેવામંડળ. (રા. કેશવપ્રસાદ દેસાઇ.)
(૩) દાદી મા રીસાયાં. (રા. પુષ્કરરામ વામનરાવ મહેતા.)
(૪) આત્માનાં ઐક્ય. (રા. રતિપતિરામ ઉ૦ પંડ્યા)
(૫) ડોશીમાનો પ્રસાદ. (૬) ત્યાગ.
(૭) આપણા મહેમાનો. (૮) બીજી સ્ત્રીનો ભોગ!

(૧૦) "બાળક" વિભાગઃ—
(આ વિભાગમાં દર મહિનાની પેઠે રામાયણની વાતો, સિંહાસન બત્રીસીની વાતો તથા ખસ બાળકો માટે જ લેખો-વાતો વગેરે આવશે.)

એકંદરે આ અંક એક પુસ્તક જેવો દળદાર અને વિવિધ લેખોથી ભરપુર થશે. ચિત્રો પાછળ બીન જરૂરી ખર્ચ કરવાને બદલે બે ચાર ફોર્મનું વિશેષ વાંચન આપવાનું અમે વધુ પસંદ કરીએ છીએ.

આ અંક એપ્રીલની તા૦ ૧૫ મીની આસપાસ તૈયાર થશે.

જીવનલાલ અમરશી મહેતા.
મંત્રી—"સ્ત્રીબોધ."

"સ્ત્રીબોધ"નો બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] માર્ચ, ૧૯૨૪. [અંક ૩ જો.

રમતમાં પ્રમાણિકતા.

પ્રમાણિક રમત આપણું મન કેળવે છે, અને સદ્‌ગુણો ખીલવે છે. પરિણામે આપણે દેશને વધારે ઉપયોગી થઇ સકીયે છીયે,

માટે ચાલો આપણે નિશ્ચય કરીએ કે:

(૧) હું રમતમાં કોઇને છેતરીશ નહિ. રમતમાં પૈસો પેદા કરવાની ભાવના રાખીશ નહિ. જો રમત પ્રમાણિકતાથી ન રમાય તો રમતની મઝા જાય છે, જીતનારનું સ્વમાન જાય છે, અને રમત હલકી અને ક્રુર બની જાય છે. આ વાત હું કદી ભુલીશ નહિ.

(૨) હું મારી સાથે રમનાર તરફ સભ્ય વર્તન રાખીશ.

(૩) જો ક્રીકેટ, ફુટબોલ, ખોખું કે એવી કોઈ ઘણા જણાથી રમાતી રમત હું રમીશ ત્યારે મારા પક્ષ-પાર્ટીની જીત માટે જ રમીશ. અંગત જસનો હું વિચાર નહિ કરૂં.

(૪) હું જો જીતીશ તો અભિમાન નહિ કરૂં, અને હારીશ તો ચીઢીયો નહિ બનું.

(૫) એકાદ રમનારની હલકાઈથી કોઈવ.ર આખી નિશાળ કે આખા પક્ષની આબરૂ જાય છે, તે હું ભૂલીશ નહિ, અને કદી હું હલકાઈ બતાવીશ નહિ.

છું. મારૂં દુઃખ દૂર થશે નહિ, માટે તમે નકામા દુઃખી થશો નહિ."

પરંતુ વિક્રમરાજાના બહુ આગ્રહથી તેણે પોતાની વાત કરી કે, "હું ઉજ્જનનો રહેવાશી છું અને વિક્રમરાજાનો પ્રધાન હતો. ત્યાંથી જાત્રા કરવા માટે અહિં આવ્યો. મને આ જગા બહુજ ગમવાથી માધવટો નહાવા માટે અહિં રહ્યો. એક વાર મધરાતે મેં કૌતક જોયું. દરીયામાં એક મોટું વહાણુ આવ્યું. પહેલાં તો મને એમજ લાગ્યું કે કોઈ મોટો બેટ દેખાય છે, પણ તે તો અતિ મોટું વહાણુ હતું. તે તદ્દન સોનાનું બનાવેલું હતું, અને બહુજ મોટું હતું. તે વહાણુમાં વચ્ચે બહુજ સુંદર ઝાડ દેખાતું હતું, તે તેજ મારતું હતું અને તેના અજવાળાથી ચારે તરફ ઝગઝગાટ થઈ જતો હતો. તે વહાણુમાંથી બે અતિ રૂપવાન કન્યાઓ કીનારે ઉતરીને આ વનમાં તેઓ ખૂબ ફરી અને પછી પાછી જતી રહી. તે દિવસ પછી ફરી આ વહાણુ મેં જોયું નથી. તે વહાણુ, તે ઝાડ, અને તે બે કન્યાઓનાં હું જો એકજ વાર દર્શન કરી શકું તો જ મારૂં દુઃખ જાય."

વિક્રમરાજાએ હવે પોતાના પ્રધાનને ઓળખ્યો. તેની આવી દશા જોઈને તે બહુજ દીલગીર થયા. પછી તેમણે પોતાની ઓળખાણ આપી, એટલે પ્રધાનને પણ બહુ જ આનંદ થયો. તેમણે પ્રધાનને બહુ ધીરજ આપ્યા પછી તેની રજા લઈને, તેનું કામ કરવા નિકળ્યા. રાત્રે દરિયા કીનારે તે બેશી રહ્યા. બરોબર મધરાતે પેલું સોનાનું વહાણુ દેખાયું. એના તેજથી આસપાસનો દરિયો ઝગઝગાટ થઇ ગયો. તે વહાણુની વચમાં પેલું સુંદર ઝાડ પણ દેખાતું હતું. થોડીવારે બે સુંદરીઓ વહાણમાંથી ઉતરીને કીનારે આવી. બાગમાં ફરી ફુલ વીણ્યાં, અને રમત કરતી કરતી પાછી વહાણુમાં બેસી ગઈ. તેમને જોઇને વિક્રમરાજાએ વિચાર્યું કે બિચારો પ્રધાન આ દેખાવ પાછળ આટલો ગાંડો બન્યો છે, તેમાં કાંઈ નવાઈ નથી. તેમણે અદૃશ્ય વિદ્યાથી પોતાનું શરીર કોઈથી દેખાય નહિ તેવું કરી નાંખ્યું, અને પેલી સ્ત્રીઓની સાથે તે પણ વહાણુ ઉપર

ચઢી ગયા. તે વહાણુ ત્યાંથી ચાલતું ચાલતું એક મોટા ખડક આગળ ઉભું રહ્યું. ત્યાં પેલી કન્યાઓ ઉતરી. વિક્રમરાજા પણુ ઉતર્યા. તેઓ સૌ એક ગુફામાં દાખલ થયાં. અંદર જઇને વિક્રમરાજાએ જોયું તો મોટો મહેલ નજરે પડયો. તે બહુજ સુંદર હતો. સૌ તેમાં ગયાં. પેલી બેઉ કન્યાઓ એક સુંદર ખંડમાં જઇને બે પલંગ પર સુઇ ગઇ. હવે વિક્રમ રાજાએ પોતાનું ખરૂં સ્વરૂપ ત્યાં જાહેર કર્યું. પેલી કન્યાઓ તેમને જોઇને એકદમ તો બીની. પણુ તેમનું મોં જોતાં લાગ્યું કે આ કોઇ ખાનદાન માણુસ છે. એટલે કહ્યું કે "તમે અહિં કેમ અને કેવી રીતે આવ્યા? વહાણુવાળા અમારા પિતા આવશે, અને તમને જોશે તો મારી નાંખશે. માટે અહિંથી જલદી ચાલ્યા જાવ." રાજાએ કહ્યું, "તમે મારા ચિંતા કરશો નહિ, પરંતુ મને તમારી હકીકત કહો. મને તો લાગે છે કે તમે કાંઈ અહિં સુખમાં નથી, માટે તમારે જે મદદ જોઇતી હશે તે હું આપીશ." આ સાંભળી તે કન્યા બોલી કે "અમે રામાવતી નગરીનાં છીયે, અને રાજા તથા પ્રધાનની દીકરીઓ છીયે. એકવાર એક મોટું સૈન્ય અમારા નગરમાં આવ્યું અને લોકોએ નાસાનાસ કરી મૂકી. અમે પણુ નાઠાં, પણુ બધાંથી જુદાં પડી જઈ એક ઘાડ જંગલમાં ભૂલાં પડયાં. ત્યાં ભુખ અને થાકથી અમે પડી ગયાં. તે વખતે એક રાક્ષસનો છોકરો ત્યાં આવ્યો. એણે અમારી આસનાવાસના કરી અને અમને અહિં લઈ આવ્યો. તે અમને બહુજ સુખમાં રાખે છે, અને પોતાની છોકરીઓ પ્રમાણે પાળે છે. અમને બીજું તો કાંઇજ દુઃખ નથી, પણુ અમારાં સગાં વહાલાંની ચિંતા થાય છે, અને તેમને મળવાનું મન થાય છે પરંતુ આવા ભલા રાક્ષસને અમારાથી કેમ કહેવાય કે અમારે જવું છે. આ અમારી વાત છે. પણુ હવે તમે કોણુ છો, તે અમને કહો."

વિક્રમરાજાએ પોતાની બધી હકીકત કહી, અને પોતે શા કામે આવ્યા છે તે પણુ જણાવ્યું. અને બોલ્યા કે, "આ વહાણુ અને આ ઝાડ લઇ જવા હું આવ્યો છું." આ સાંભળી પેલી કન્યા બોલી કે: "એ વિચાર તો તમે કાઢીજ નાંખજો. એ ભયંકર રાક્ષસ-

ને તમે જોયો નથી ત્યાં સુધીજ તમે નિરાંતમાં છો. પરંતુ જેવો તે આવશે તેવોજ તમારા પ્રાણ લેશે. માટે તમે અહિંથી જતા રહો." વિક્રમરાજા બોલ્યાઃ "મને હરસિદ્ધ માતાની મદદ છે, એટલે હું કોઈથી ડરતોજ નથી. પણ આ વહાણ તથા ઝાડની હકીકત તમે મને કહો, તથા આ રાક્ષસનું મોત શી રીતે થાય, તે જાણતાં હો તો મને કહો." આ સાંભળી તે કન્યા બોલીઃ

"લુણ ખાઇયે છીયે અમો, તેનું મોત પુછો છો તમો;
લુણહરામનું મોટું પાપ, ઈષ્ટદેવ દે અમને શ્રાપ.
શી તે ભેટ અમ આગળ ધરો, શું અમને તમો નહાલજ કરો;
એક વાતનું અમને કાજ, તે કહેતાં આવે લાજ.
લાજે કામ વણસે છે રાય, માગ્યા વિના નવ પીરસે માય.

માટે શરમ મુકીને અમે કહીયે છીયે કે જો અમારી સાથે લગ્ન કરવાનું કબુલ કરો તો તમને બધી વાત કહીયે." વિક્રમરાજાએ કહ્યું કે "તમે મારા ઉપર ભરોસો રાખો, અને બધી વાત કહો. તમારા લાભનું જે હશે તેજ હું કરીશ." આ સાંભળી તે કન્યાઓને વિશ્વાસ આવ્યો, અને બધી વાત કહેવા માંડીઃ

"રાવણને હરાવીને પાછા જતી વખતે લક્ષ્મણજીએ રામેશ્વર પાસે લક્ષ્મણપુર ગામ વસાવ્યું, અને લોકોના રક્ષણ માટે એક ચક્ર મુક્યું. જો કોઇ લોકોને છળ દેવા જાય તો તે ચક્ર તેને બાળી મૂકે. એકવાર એક રાક્ષસની નજર આ શહેર ઉપર બગડી. તેથી તે મોટું લશ્કર લઇ ત્યાં ગયો. પણ પેલા ચક્રે બધાને બાળી ભસ્મ કર્યા. તેથી તેના નાના ભાઈયે આનું વેર લેવા નિશ્ચય કર્યો. તે નાનો ભાઇ તે "અમારો રાક્ષસ પિતા. તેણે વિચાર્યું કે ખાલી બળથી આ કામ થાય તેમ નથી. તે માટે તો શીવજીનું તપ કરીને વરદાન મેળવવું જોઇયે. એમ વિચારી તેણે તપ શરૂ કર્યું. પણ શીવજી તેનો ઇરાદો જાણી ગયા હતા એટલે પ્રસન્ન થયા જ નહિ. અંતે રાક્ષસે થાકીને પાર્વતીજીની પૂજા શરૂ કરી. છેવટે તે પ્રસન્ન થયાં એટલે કહ્યું કે શીવજીને પ્રસન્ન કરવાની રીત બતાવો. ત્યારે પાર્વતીજીએ કહ્યું કે એક ઘોર વનમાં ચંદનનું ઝાડ છે. તે એવું તો સરસ છે કે સેંકડો જોજન

સુધી તેની સુવાસ આવે છે; પણ તે સુવાસને લીધે તે આખા ઝાડ ઉપર નાગ વિંટળાઇ રહે છે, અને તે જંગલમાંના બધા નાગ બહુજ ઝેરી હોય છે, અને તેમના ફુંફાડાથી જ પ્રાણ નિકળી જાય છે. એ ચંદનના ઝાડમાંથી જો જરાપણ ચંદન લાવે ને શીવજીના માથા ઉપર ચઢાવે તો તું માગે તે શીવજી આપે. પછી રાક્ષસની પ્રાર્થનાથી ભોળવાઇને પાર્વતીજીએ તેને નાગજીત મંત્ર આપ્યો. એટલે આ રાક્ષસ મલયાચળ પર્વત ઉપરના પેલા જંગલમાંથી બાવનચંદન લઇ આવ્યો. તેણે તે શીવજીના માથા ઉપર ચઢાવ્યું એટલે તે પ્રસન્ન થયા, અને વરદાન આપ્યું કે તને રામનું બાણ કે લક્ષ્મણનું ચક્ર છેદશે નહિ. તું અજીત થઈશ, અને જ્યાં સુધી કોઈ બીજો ભક્ત આવું ચંદન લાવીને તારૂં મોત માંગશે નહિ ત્યાં સુધી તું મરીશ નહિ.

આ વરદાન લઇને તે રાક્ષસ લક્ષ્મણપૂર ગયો, અને ત્યાંનાં બધાં લોકોને બહુજ પજવીને લુંટવા મંડયો. ત્યાંના રાજાના મહેલમાં જઈને રહ્યો, એટલે બધા લોકોએ લક્ષ્મણજીની સ્તુતિ કરી. લક્ષ્મણજીએ કહ્યું કે, એને શીવજીનું વરદાન છે એટલે હું કાંઇ કરી શકીશ નહિ. પણ જુવો હું તમને તેનાથી પણ એક સુંદર ચીજ આપું. એમ કહી તેમણે આ સુવર્ણનું વહાણ બનાવ્યું, અને તેમાં આખા શહેરનો વાસ થાય તેવી ગોઠવણ કરી. તેમાં બહુજ શોભા અને સગવડ કરી, લોકોને ખુશ કર્યા. અને કહ્યું કે તમે આ વહાણમાં જઇને રહો. પણ આ વહાણ જોઈને તે રાક્ષસને ત્યાં રહેવાનું મન થયું. એટલે તેણે લક્ષ્મણજી સાથે એવી સરત કરી કે જો મને આ વહાણ આપી દ્યો તો હું કોઈને પજવીશં નહિ. તે દિવસથી આ રાક્ષસ આ વહાણ ઉપર રહે છે. અને જયારથી તેણે અમને બચાવ્યાં ત્યારથી અમે પણ અહિં છીયે. હવે જો તમે બાવનચંદન લાવીને શીવજીને ચઢાવીને તેનું મોત માંગો તોજ તે મરે."

રાજાએ કહ્યું, "તમે આજની રાત મને અહિં સંતાડી રાખો એટલે કાલે રાત્રે તો હું બધી ગોઠવણ કરી લઇશ." વહાણ વાળાની

વખત થઈ હતી એટલે તેમણે વિક્રમ રાજાને એક ઠેકાણે સંતાડી દીધો. થોડીજવારે પેલો રાક્ષસ આવ્યો. એ તો કંઇ વાત જાણુતો નહોતો રોજના નિયમ પ્રમાણે આખો દિવસ તે વહાણ ઉપર રહ્યો, અને રાત્રે ફરવાં ગયો. એટલે વિક્રમરાજા વહાણમાંથી ઉતરીને ચાલી ગયા. પછી તેમણે હરસિદ્ધ માતાનું ધ્યાન ધર્યું, અને માતાજી પોતે ત્યાં આવ્યાં એટલે બાવનચંદન લાવવાનું પૂછયું. માતાજીએ તેને એ ચંદન મેળવવાની યુક્તિ કહી.એટલે વિક્રમરાજા મહા મહેનતે તે ચંદન લઈ આવ્યા. તે આણીને તેમણે શીવજીને ચઢાવ્યું એટલે શીવજી પ્રસન્ન થયા. ત્યારે વિક્રમ રાજાએ માગ્યું કે પેલા રાક્ષસનું અજીતપણું નાશ કરો. ત્યાં જઈને તે રાક્ષસને કહ્યુ કે તારૂં વહાણ તથા આ કન્યાઓ મને આપી દે. પણ તે રાક્ષસે માન્યું નહિ. વિક્રમરાજાએ કહ્યુ કે હવે તારૂં અજીતપણું નાશ પામ્યું છે, માટે તું નાહક કજીયો કરીશ નહિ. છતાંએ તે રાક્ષસે તો પોતાની તરવાર ખેંચી. તરતજ વિક્રમરાજા તૈયાર થઈ ગયા. અને બે જણ વચ્ચે પટાબાજી ખેલાઈ. તેમાં વિક્રમરાજાએ તે રાક્ષસનું માથું કાંપી નાંખ્યું.

પછી વિક્રમરાજા પેલું વહાણ લઇને કીનારે આવ્યા. ત્યાંથી પોતે ઉતરીને પ્રધાન બેઠો હતો ત્યાં આવ્યા. તેને વહાણ બતાવ્યું, તે ઉપરની પેલી કન્યાઓ પણ બતાવી, અને કહ્યું કે, "ભાઇ હવે તું આનંદ પામ. તારૂં દુઃખ મુકી દે, અને હવે ઘર તરફ ચાલ. ત્યાં તારી સ્ત્રી તારા વિના બહુ દુઃખ પામે છે. અને આપણે વહેલા નહિ જઇએ તો એ પોતાનો જીવ કાઢશે." પ્રધાને તો બધી રચના જોઇ. વિક્રમ રાજાએ તો રાક્ષસના બધા ભંડાર કબજે કર્યા હતા, અને પેલી કન્યાઓને પોતાની પાસે ને પાસે રાખતો હતો. આ જોઈ પ્રધાનને અદેખાઇ આવી. તેણે મનમાં વિચાર કર્યો કે, હું છ મહિના અહિં પડી રહ્યો તોયે મને કાંઇ મળ્યું નહિ, અને આ રાજા મારી પછી આવીને આ બધું મેળવી ગયા. ખરૂં જોતાં આ મને મળવું જોઇયે. આવા વિચારમાં તેનું મગજ ખસી ગયું. તેને રાજાએ બહુ સમજાવ્યો, અને કહ્યું કે ભાઇ તું બધું ધન લઈ લે. તોપણ તેનું મગજ ઠેકાણે આવ્યું નહિ. અંતે તેમણે

ત્યાંથી બધો માલ તથા કન્યાઓ અને પ્રધાનને લઇને રાજા ઉજ્જૈન જવા નિકળ્યા. પ્રધાને તો તેમની કાંઇજ વાત સાંભળી નહિ. કારણ કહ્યું છે કે

ઘેલા આગળ વાતડી, જ્ઞાની આગ શોક;
અર્થિ આગળ વિનતી, જે કરવી તે ફોક.

રાજાજી તો સમુદ્રમાંથી નાકા હંકારીને ક્ષિપ્રાનદીમાં તે લઈ ગયા. બધું ગામ તેમને લેવા સામું આવ્યું. તે વખતે પ્રધાને તો પુષ્કળ ગાંડપિયા કાઢયા, તેથી આનંદ ઉજવવામાં નડતર આવી.

ગામમાં લોકોએ જાતજાતની વાતો પણ કરવા માંડી. કેટલાએકે તો કહ્યું કે આવું સુંદર વહાણ જીતવાનું પરાક્રમ વિક્રમરાજા જ કરી શકે. પણ બીજાઓ એમ કહેતા હતા કે પ્રધાન છ મહિનાથી ત્યાં હતો, તેણે કેટલીએ હરકત કરીને આ વહાણ મેળવ્યું હશે, તે વિક્રમરાજાએ લઈ લીધું હશે, અને તેથીજ તે બિચારો ગાંડો થઈ ગયો હશે. વળી બીજાઓએ કહ્યું કે પ્રધાનની પાસેથી આ લઈ લેવા માટે રાજાએ તેના ઉપર કાંઇક જાદુ કરીને તેને ગાંડો બનાવી દીધો હશે. આવી આવી બધી વાતો રાજાને કાને પણ આવી. તેથી રાજાએ તેને ડાહ્યો બનાવવા માટે જાતજાતના માણસો ભેગા કર્યા, અને હર્સિદ્ધ માતાની પણ બહુ સ્તુતિ કરી. અંતે માતાજીના કહેવાથી તેને ગંગાજળ પાયું, અને તે ડાહ્યો થયો.

પરંતુ ડાહ્યા થયા પછી પણ તે જરાયે આનંદમાં આવ્યો નહિ. એ બહુજ ઉંડા શોકમાં હોય તેમ લાગતું હતું. રાજા તેના શોકનું કારણ સમજી ગયા. તેમણે તેને દરબારમાં બોલાવીને પેલું વહાણ તથા તેમાંનું બધું ધન આપી દીધું, તથા વહાણમાં જે પ્રધાનની દીકરી હતી તેની સાથે એનાં લગ્ન કરી આપ્યાં. બંને કન્યાઓનાં માબાપની તપાસ કરી અને તેમને ત્યાં તેડાવ્યાં. રાજાની કન્યાના પિતાના આગ્રહથી તેની સાથે તેમણે લગ્ન કર્યા.

પ્રધાનનો બધો શોક જતો રહ્યો અને બધા લોકોએ રાજાનાં વખાણ કર્યાં. આજે સુધી બધા લોકો આ પરોપકારી રાજાના ગુણ ગાય છે તે તેનાં આવાં પરોપકારનાં કામોને જ લીધે.

આટલી વાત કરીને સુભદ્રા પુતળી આકાશમાં ઉડી ગઇ.

પૅર્ટોરીકોનો પરોપકારી માછી

આરેસીબો નામના એક દેશને પૅર્ટોરીકો નામે બંદર છે કે જ્યાં તોફાનના વખતમાં વહાણવટીઓના જીવ ઘણા જોખમમાં આવી પડે છે. એ બંદરમાં એક માછીમાર રહેતો હતો કે જે જાતે સીધી હતો અને ધર્મે ખ્રિસ્તી હતો. એ માણસે એ બંદરમાં વધારેમાં વધારે જીવ બચાવ્યા છે. માછીમાર ગરીબ હોવાથી તે ઉઘાડે પગે અને ફાન્લે કપડે ફરતો હતો. પણ તોફાન વખતે જીવ બચાવવામાં મોટું માન અને સવાબનું કામ સમજતો હોવાથી કદીપણ પૈસાની ભેટો લેતો નહીં. પૅર્ટોરીકોના બારામાં જ્યારે તોફાન થતું ત્યારે મોજાં પહાડપેરે ઉછળતાં અને પવન એવો જોરમાં ફુંકાતો કે મોટી હોડીઓનાં લંગર તુટી જઇને હોડીઓ અફળાઇ ભાગી જતી. જ્યારે આવું થતું ત્યારે આ સીધી માછીને જબરૂં જોર આવતું. તે કીનારે દોડી જતો અને પહેલાં તો એક મોટો લોખંડી સળિયો જમીનમાં ઉંડો ઘાલતો. પછી તેને એક મોટું જાડું દોરડું બાંધી તેનો બીજો છેડો પોતાની કમરે લપેટતો, અને દરિયામાં ઉતરી તોફાની મોજાંઓમાંથી આવી ભાગી પડેલાં વહાણ ઉપર જતો. તે એટલો દૂર જતો કે કીનારા પરનાં લોકને દેખાય પણ નહિ. પછી તે વહાણ ઉપર ચઢી જઇ કમરનું દોરડું છોડી વહાણનાં ડોળ સાથે બાંધતો અને વહાણવટીઓને કહેતો કે એ દોરડું પકડી કિનારે જાવ. પણ જો કોઇ એવી હિંમત નહિં કરતા તો એ અદ્ભુત માણસ એકેક માણસને પોતાની બગલમાં લઇ તે તોફાની મોજાંઓમાંથી દોરડું પકડી આવી કિનારે મુકી પાછો ફરતો. એ પ્રમાણે જેટલાં સંકટમાં સપડાયેલાં હોય તેટલાંને કિનારે લાવતો ત્યારે જ જંપીને બેસતો! કોઇ કોઇવાર તો થાકને લીધે તે બેશુદ્ધ થઇ પડતો એથી બીજાઓ ઘણી મહેનતે તેને સાવધ કરી શકતા.

આવી જીવતોડ મહેનત કરનાર પૈસો લેતો નહિ તેથી વહાણવટીઓ ઘણા ઉપકારી થતા અને પોતપોતાને દેશ જઇ માટે કીર્તિમુદ્રાઓ કોતરાવી મોકલતા. વિક્ટર એ પ્રતિષ્ઠાથી ખુશ થતો અને નાતાલને દિવસે જ્યારે તે નવાં કપડાં, નવા જોડા

ને નવી ટોપી પહેરી મંદિરમાં પ્રાર્થના માટે જતો ત્યારે એ બધી મુદ્રાઓ છાતીએ લટકાવતો અને "આ ઈંગ્લન્ડનાં બાદશાહે મોકલ્યું, આ જર્મનીના શહેનશાહે મોકલ્યું, આ અમેરીકાના પ્રેસીડન્ટે મોકલ્યું" એમ કહી સૌને દેખાડવામાં મઝાહ લેતો. લોક એ માછીને ઘણો ચહાતું અને તેને લાડ કરાવતું. પણ એક દિવસ એક પોલીસ સીપાઈએ તેને અપમાન કરવા તેની છાતી ઉપરથી એ ચાંદો તોડીને ભોંયે નાંખી દીધા એમ કહીને કે "અરે સીદી ! તને શો હક આવા આવા ચાંદા પહેરવાનો ?" વિકટર તો આથી દંગ અને દિગમુઢ થઈ ગયો. પણ લોક વચ્ચે પડયા અને પેલા પોલીસ સીપાઈને સજા કરાવી. આથી પોલીસ ખાતામાં બાપડો વિકટર અળખામણો થઈ પડયો. તેઓએ તેના પર વેર રાખ્યું અને થોડેક દહાડે તેનાપર ગેરકાયદે માછલી પકડવાનો આરોપ મુકી તેને પકડી કેદની સજા કરાવી. બાપડા વિકટરને આથી એટલું અપમાન લાગ્યું કે તેનું ભેજુંજ ખસી ગયું, અને બે મહીનાની કેદની સજા પૂરી થવા બાદ તેને દીવાનાશાળામાં લઈ જવો પડયો અને ત્યાં જ બાપડાનો અંત આવ્યો.

ગામનું સર્વ લોક તેની પાયદસ્તે ગયું અને ઘણા માનથી તેના શરીરને ભૂમિદાહ કરી, ત્યાંજ ઠરાવ કીધો કે એની યાદગીરી જળવાય એવું કંઈ કરવું. એના મરણની વાત વર્તમાન પત્રોમાં છપાઈ અને દેશે દેશ વંચાઈ. ત્યારે દેશે દેશથી સ્મારક માટે મદદ આવી. અમેરીકાના એક બાવલા બનાવનારે તેનું બાવલું મફત બનાવી મોકલ્યું. ફક્ત કાંસાનો ખર્ચ તેને માટે ભેગાં થએલાં ફંડમાંથી લીધો, અને વહાણવાળાઓએ તે મફત લાવી આપ્યું, ગાડીવાળા મજુરો વગેરેએ તે ઉપાડવાને માટે પૈસા ન લીધા., અને. રેલ્વેએ. તેને. માટે ભાડું માફ. અને. આખુ જતાવી.તે. પરોપકારી માછીની પ્રતિમા એક ઉંચા સફેદ પત્થરના સ્તંભ ઉપર ચઢાવી પૅાર્ટોરીકોના બારામાં મુકી છે, અને એ ગરીબ પણ શુરા દયાળુ માછીની કીર્તિ જાળવવા નિચલા શબ્દો સ્તંભ ઉપર કોતરાવ્યા છેઃ—

"વિક્ટર શેજાઝ—જેણે બસો જીવ બચાવ્યા."

વાણીયાની ચાલાકી
યાને
ઘોડાનો વેષ.

બહાદરપુર અને સંખેડા એ બે શ્રીમંત ગાયકવાડ સરકારના તાબાનાં ગામો છે. બહાદરપુરના સ્ટેશનથી સંખેડા ગામ જવા માટે ઓર નદી ઓળંગવી પડે છે. ઓર નદીનો પટ લગભગ એક બે માઈલ જેટલો લાંબો છે.

સંખેડાના કેટલાક વાણીઆઓ દરરોજ વહેપાર રોજગાર માટે બહાદરપુર જતા અને રાત્રે પાછા સંખેડા આવતા. બહાદરપુરમાં તેઓની સો દુકાનો હતી. તેઓ શરાફીનો ધંધો કરતા હતા. રાત્રીના વખતે બધાએ વાણીઆઓ પોતપોતાનું જોખમ એટલે રૂપીઆની થેલીઓ, વગેરે ખભે મુકી સાથેજ ઘેર જતા હતા.

એક દિવસ આ પ્રમાણે તેઓ રૂપીઆની થેલીઓ લઈને બહાદરપુરથી સંખેડા જવા માટે નિકળ્યા. તે દિવસે કેટલાકને મોડું થયેલું હોવાથી સંગાથને માટે બધાએ મોડી રાત્રે નીકળવાનો વિચાર રાખ્યો. લગભગ રાત્રે નવ દસ વાગે સઘળું વાણીયા મંડળ ત્યાંથી નીકળ્યું.

તે દિવસે કેટલાક લુટારૂઓને આ લોકોની મોડા જવાની ખબર મળવાથી ઓર નદીની વચ્ચે પડાવ કરીને બેઠા હતા. વાણીયા નદીમાં ચાલતા ચાલતા લગભગ અડધે સુધી આવ્યા એટલે તેમણે માણસોનું એક ટોળું કુંડાળું વળીને બેઠેલું જેયું. નદીમાં પાણી બીલકુલ હતુંજ નહીં એટલે તેમને ત્યાં બેસવાનું ઠીક પડયું. વાણીયા લોકો પાસે જોખમ હોવાથી ગભરાયા તો ખરા, પણ હવે બીજો ઉપાય પણ ન હોતો એટલે હિંમત રાખી

આગળ ચાલ્યા. પાસે આવતાંજ લુટારાઓએ તેમને ઘેરી લીધા. લુટારૂઓની સંખ્યા લગભગ દસ પંદરની હતી અને વાણીઆઓની પણ એટલીજ સંખ્યા હતી. પણ વાણીયાની જાત બીચારી મૂળથી જ પોચી એટલે બધા ઘણાજ ગભરાઇ ગયા.લુટારૂઓએ પોતપોતાની ડાંગો ઉઠાવી વાણીઆઓને ડરાવ્યા. વાણીયાભાઇ બી ગયા અને પોતાની પાસે જે હતું તે બધું આપી દેવા તૈયાર થઇ ગયા. લુટારૂઓએ પોતાની ચાદર પાથરી અને દરેકની થેલી તેમાં છોડી લીધી. વાણીઆ લોકો તો પોતાનું પંદર વીસહજારનું નુકશાન થતું જોઈ ઘણાજ ગભરાઈ ગયા. પણ હવે તેમનો ઉપાય નહોતો. આટલી રાત્રે નદીના વચ્ચે તેમને કોણ બચાવવા આવે ?

હવે બધા વાણીઆમાં એક જરા ઘરડો અને અનુભવી વાણીયો હતો તેણે ધીમેથી પોતાના સોબતીઓને હાજી હા ભણવાનું સમજાવી તેમની સાથે વાતચીત કરવા લાગ્યો.

અલ્યાં જુવોને તે દિવસે આપણા ગામમાં પેલા નટ લોકો આવ્યા હતા તે કેવો સારો વેષ કાઢતા હતા ? બધાએ જવાબ આપ્યો, હા કાકા ઘણોજ સારો હોં ! ડોસાએ કહ્યું, ઘોડાનો વેષ તો એવો સરસ કે આપણને પણ શીખવાનું મન થયું, અને મને તો ઘણોજ સારો ઘોડાનો વેષ આવડે છે હોં. આપણે અત્યારે હવે કાંઈ કામકાજ નથી. આપણે અહીં બધાએ બેસીએ અને ઘોડાનો વેષ કાઢીએ. જુઓ તો ખરા હું કેવું સારૂ કામ કરૂં છું !

આ તરફ પેલા લુટારૂઓ પણ આ વાણીયાની વાતોમાં રસ લેવા લાગ્યા અને તેમને પણ ઘોડાનો વેષ જોવાની ઇચ્છા થઈ ગઈ. લુટારૂઓના આગેવાને ડોસાને કહ્યું કે જો તમે અમને ઘોડાનો વેષ બતાવો અને અમે ખુશ થઇએ તો તમને દરેકને મુઠી મુઠી ભરીને રૂપીઆ ઇનામ આપીશું. ડોસાએ કહ્યું, પણ ઘોડાનો વેષ કાઢતાં જરા વાર લાગશે માટે જો તમને નીરાંત હોય તો બેસજો. બધાએ તે કબુલ કર્યું. પછી ડોસાએ કહ્યું કે, તમારી બધાની ચાદરો મને આપો અને બધાએ તમે ચાદરની

અંદર કુંડાળું વળીને બેસો. અમારામાંથી પણ બે ચાર જણને અંદર બેસવું પડશે. ચાર જણ તમારી આગળ પાછળ ચાદર પકડી ઉભા રહેશે અને બાકીના વાણીઆઓ મને વેષ કાઢવામાં મદદ કરશે. દરેક જણને તે વાત કબુલ હતી એટલે પેલા પંદરે લુટારાઓ બે ત્રણ વાણીઆ સાથે ગોળ કુંડાળામાં ગોઠવાઇ ગયા. ચાર જણ ચાદર લઇને તેઓને ઘેરી ઉભા અને બાકીના વેષ કાઢવાની તજવીજમાં પડયા. ડોસાએ હવે ગાયન શરૂ કર્યું:-

કોઇનો દાદો આવે ઘોડાનો વેષ લાવે,
કોઇનો દાદો આવે ઘોડાનો વેષ લાવે.
કોઈ આમ જાવો, કોઈ તેમ જાવો,
કોઈ સામા ગામમાં ખબર કરો,
કોઇનો દાદો આવે ઘોડાનો વેષ લાવે.

ડોસો ગાયન બોલે તેમ અંદરથી બધા લુટારૂઓ અને વાણીયાઓ પણ તાળીયો પાડતા પાડતા તેનું તજ બોલતા.

બહાર રહેલા ચાર પાંચ જણને ડોસાએ સૂચના આપી કે,

" કોઈ આમ જાવો, કોઇ તેમ જાવો,
" કોઈ સામા ગામમાં ખબર કરો. "

અંદરના લોકો આ ગાયન જ છે એમ ધારી કાંઇ સમજ્યાં નહીં, પણ બહારના ચાર પાચ જણ એકદમ ત્યાંથી દોડયા અને સંખેડા ગામની પોલીસચોકી પર જઇને નદીની વચ્ચે વાણીયા લુટાયાની ખબર આપી. તરતજ પંદર સીપાઇઓ અને એક હોલદાર હાથમાં બેડીઓ લઇ ઘોડા પર બેસી ત્યાં જવા તૈયાર થઇ ગયા.

અહીં નદી વચ્ચે એનું એજ ગાયન વારંવાર ગવાય છે. એટલામાં તો ઘોડાના ચાલવાનો અવાજ સંભળાયો. અંદર બેઠેલાઓ સમજ્યા કે હવે ઘોડાનો વેષ આવશે. એટલે શાંત થઇ ગયા. ડોસાએ તેમને હવે જોરથી ગાવાનું જણાવ્યું. અને જ્યારે ઘોડા છેક નજીક આવતા દેખાયા એટલે ડોસાએ નીચે પ્રમાણે ગાવા માંડયું:-

કોઈનો દાદો આવ્યો, ઘોડાનો વેષ લાવ્યો,
કોઈનો દાદો આવ્યો, ઘોડાનો વેષ લાવ્યો.
કાળી ટોપી, પીળો બીલ્લો;
ઘોડેસ્વાર આવ્યો
કોઈનો દાદો આવ્યો, ઘોડાનો વેષ લાવ્યો.

આ ઉપરથી ડોસાએ એમ જણાવ્યું કે " કાળી ટોપી અને પીળા બીલ્લા " વાળી પોલીસ આવી પહોંચી છે. પરંતુ લુટારૂઓ તો આ પણ ગાયનજ છે એમ સમજી ગાવા લાગ્યા. એટલામાં પોલીસના ઘોડા છેક પાસે આવી ગયા ડોસાએ પોલીસને આગળ પાછળ ફરી વળવાનું ઈશારતથી કહ્યું. ફોજદારે પણ તેજ પ્રમાણે હુકમ આપ્યો. ચારે તરફથી હવે લુટારૂઓ ઘેરાઈ ગયા છે એમ જ્યારે ડોસાએ જાણ્યું ત્યારે તરતજ પડદો લઈ લેવા પોતાના માણસોને કહ્યું. તરતજ પડદો લઈ લેવામાં આવ્યો. લુટારૂઓ ઘોડાઓને જોઈ પહેલાં તો એકાએક ખુશ ખુશ થઈ ગયા.

રૂપીઆના ઢગલામાંથી મુઠીએ મુઠીએ રૂપીઆ વાણીઆઓને આપવા માટે રૂપીઆની ઉપર વીંટાળેલું કપડું કાઢી નાખ્યું. એટલામાંજ દરેક પોલીસે ઘોડાપરથી નીચે ઉતરી બેડી પહેરાવવાની શરૂઆત કરી દીધી. જ્યારે લુટારૂઓએ બેડી દેખી ત્યારેજ તેઓ સમજ્યા કે તેઓ ઠગાયા છે અને વાણીઆએ તેમની સાથે ચાલાકી કરી છે. હવે તેમનો ઇલાજ નહોતો. બધા લુટારૂઓને હાથકડી પહેરાવી દોરડાથી સખત બાંધી ગામમાં લઈ જવામાં આવ્યા.

ડોસાને તેની ચાલાકી માટે સરકાર તરફથી ઘણી શાબાશી અને મોટું ઇનામ આપવામાં આવ્યું. બધા વાણીઆઓએ ડોસાનો ઉપકાર માન્યો અને દરેકને પોતપોતાના રૂપીઆ પાછા મળ્યા.

બાળકો ! આ વાતમાંથી તમારે સાર એ લેવાનો છે કે "દુઃખમાં હિંમત ન હારવી." એટલે કે જ્યારે સંકટમાં આપણે સપડાઈ ગયા હોઈએ ત્યારે ગભરાઈ ન જતાં કાંઈક યુક્તિથી તેમાંથી છુટવાનો રસ્તો કાઢવો જોઈએ.

બાળકો માટે—
રામચરણની વાતો.

૧૫-શૂર્પણખાનાં નાક ને કાન કાપ્યાની વાત.

વિરાધને ઠેકાણે પાડી રામચંદ્ર સીતા તથા લક્ષ્મણ સાથે શરભંગ મુનિના આશ્રમે ગયા. શરભંગ મુનિ ઘણાજ વૃદ્ધ થઈ ગયેલા હતા. તે રામચંદ્રજીનાં દર્શન કરવાને જ શરીર ધારણ કરી રહ્યા હતા. દર્શન થવાની સાથે જ તે પરલોક સીધાવ્યા.

શરભંગ ઋષિના પરલોક જવાના અને રામચંદ્રજીના ત્યાં આવવાના સમાચાર સાંભળીને ત્યાં આગળ ઘણા મુનિઓ ભેગા થયા. તે બધા રામને કહેવા લાગ્યા કે, "હે રાજકુમાર, તમે ઇક્ષ્વાકુ વંશના રાજા છો. તમારાં બળ, પરાક્રમ અને કર્તવ્યપરાયણતાની કીર્તિ ચારે તરફ પ્રસરી રહી છે. અમે અહીં રાક્ષસોના જુલમથી હેરાન હેરાન થઈ રહ્યા છીએ. તેઓની જગ્યામાં આવનાર ઋષિમુનિઓને તે દુષ્ટો ખાઈ જાય છે. અમારાં તપ અને યજ્ઞમાં તેઓ ભારે અડચણ નાંખે છે. ઠેઠ પંપા નદીથી ગંગા નદી સુધીનો અને ચિત્રકૂટ પર્વતનો સઘળો પ્રદેશ તેમના ત્રાસથી ત્રાસી ગયો છે. આવા સમયે આપનાં દર્શનથી અમને ઘણો જ આનંદ થયો છે. આપ એ રાક્ષસોનો નાશ કરવાને સર્વ રીતે સમર્થ છો. અમે આપને આશરે છીએ. આપ અમારું તે દુષ્ટોથી રક્ષણ કરો."

ઋષિઓના દુઃખની વાત સાંભળી રામે તેમને ધીરજ આપતાં કહ્યું કે "હે ભૂદેવો! હું જેમ પિતાની આજ્ઞા પાળવાને વનમાં આવ્યો છું; તેમ દુષ્ટોનો સંહાર કરી સજ્જનોનું રક્ષણ કરવું એ પણ મારો ક્ષત્રિયનો ધર્મ છે. અમે બન્ને ભાઈઓ

તમારી સેવા કરવાનો અમારો ધર્મ બજાવીશું અને રાક્ષસોનો સંહાર કરીશું.” રામચંદ્રજીનાં આવાં વચનોથી સઘળા ઋષિમુનિઓ પ્રસન્ન થયા અને તેમણે બંને ભાઇને અનેક આશીર્વાદ આપ્યા.

પછી ઋષિમુનિઓની રજા લઈ રામચંદ્રજી સુતીક્ષ્ણ મુનિના આશ્રમ તરફ ચાલ્યા. રસ્તામાં સીતાજીએ રામચંદ્રજીને કહ્યું કે, “હે નાથ ! હું આપને ઉપદેશ દેવાને દંભ કરતી નથી; માત્ર મારા મનની વાત આપની આગળ રજુ કરૂં છું. ધર્મની ગતિ બહુ જ ગહન છે. ઉપર ઉપરનો ડોળ ધારણ કરવાથી ધાર્મિક થવાતું નથી. ડોળ કરવામાં (૧) સાચું જૂઠું કરવું, (૨) કુમાર્ગે ચાલવું અને (૩) દુશ્મનાવટ વગર પણ બીજાની હિંસા કરવી એ ત્રણ મહા પાપ કરવાં પડે છે. પ્રથમનાં બે પાપોથી તો આપ દૂર છો, પણ ત્રીજું પાપ જીવહિંસા તે તો આપ જરૂર કરો છો. આપે ઋષિમુનિઓને વચન આપ્યું કે તમને દુઃખ દેનારા રાક્ષસોને હું મારી નાંખીશ. મને તમારા એ વચનથી બહુ શોક થાય છે અને વિચાર આવે છે, કે એ જાતના હિંસાનું કોણ જાણે કેવુંએ ફળ ભોગવવું પડશે ! મારી પ્રાર્થના છે, કે વગર વાંકે આપે કોઇને પણ કષ્ટ દેવું જોઇએ નહિ. આપ કદાચ પૂછશો કે, ‘તો ક્ષત્રિયોએ શસ્ત્ર ધારણ કરવાનું પ્રયોજન શું રહ્યું ?’ એ બાબતમાં મારો તો નમ્ર જવાબ એટલો જ છે, કે ‘જંગલમાં જતી વખતે ક્ષત્રિયોએ ધનુષ્ ધારણ કરવાનું પ્રયોજન નિરપરાધી જીવોને મારી નાંખવાનું નહિ; પણ દુઃખી જીવોનું રક્ષણ કરવાનું જ હોઇ શકે.’ માટે આપે તો ફક્ત દુઃખીનું રક્ષણ કરવાનું જ કામ કરવું જોઇએ. વળી કેટલાક વખતે બે વાતો એકી સાથે હોવી તે ઠીક નથી. શસ્ત્ર બાંધવાં અને વનમાં વસવું એ બે એવી જ વાતો છે. ક્ષત્રિયનો ધર્મ સાચવવો અને તપ કરવું એ એક બીજાથી ઉલટી વાતો લાગે છે. આટલા માટે આપે તો જે જગાએ ધર્મ મુખ્ય હોય તે ધર્મ પ્રમાણે જ ચાલવું જોઈએ. વળી અહીં વનમાં અસ્ત્રશસ્ત્રનું શું કામ છે ? આપણે જ્યારે અયોધ્યા જઈએ ત્યારે જ શસ્ત્ર ધરવાં એ વાજબી લેખાશે. આતા

કૈકેયીની પણ એજ આજ્ઞા હતી કે મુનિવેશે વનમાં જવું. જેવી આજ્ઞા થઈ છે તેવું જ આપનું વર્તન હોવું જોઈએ. કારણ, ધર્મથી જ અર્થ અને ધર્મથી જ સુખ મળે છે. આ નાશવંત જગતમાં માત્ર ધર્મ જ અવિનાશી છે. "

સીતાજીનાં ઉપરનાં વચનો સાંભળી રામે જવાબ આપ્યો કે, " હે જાનકી, તમારૂં કહેલું સાચું છે, છતાં એ વિષયમાં મારૂં કહેલું જરા ધ્યાન દઈને સાંભળો. ક્ષત્રિયો હથિયાર ધારણ કરે છે તેનું મુખ્ય કારણ એવું છે, કે તેમણે દુઃખીનું દુઃખ દૂર કરવું, નબળાનું સબળાથી અને સજ્જનનું દુષ્ટથી રક્ષણ કરવું. રાજાઓએ પોતાના રાજ્યની વ્યવસ્થા એવી સુંદર કરવી જોઈએ, કે કોઈને જરાએ દુઃખ ન રહે. અહીં તો અનેક સારા માણસો દુષ્ટોથી દુઃખી થઈ રહ્યા છે. ઋષિમુનિઓને રાક્ષસો અનેક રીતે પજવે છે અને લાગ આવે તેમને મારીને ખાઇ પણ જાય છે. આવા ત્રાસી ગયેલા ધાર્મિક પુરૂષો રક્ષણને માટે મારી મદદની માગણી કરવા લાગ્યા. શરણે આવેલાનું હરકોઈ પ્રકારે રક્ષણ કરવું એ મારો ધમ છે. આથી જ મેં તેઓને તેમની સેવા કરવાનું વચન આપ્યું છે. આમાં તમે જોઇ શકશો કે હિંસા હિંસાની ખાતર કરવાનો મારો જરાએ હેતુ નથી. બાકી મેં જે વચન આપ્યું છે તે તો જીવતાં લગી પાળે જ છુટકો છે. "

આ પ્રમાણે વાતચીત કરતાં ત્રણે જણ સુતીક્ષ્ણ મુનિના આશ્રમે પહોંચ્યાં. ઋષિને મળી નમસ્કાર કરી તેમની રજા લઇ તઓ અગસ્ત્ય મુનિના આશ્રમે ગયાં. ઋષિએ તેમની ઘણી આગતા-સ્વાગતા કરી. તેઓ ત્યાં રહ્યાં. સવારે રામે ઋષિને વિનંતિ કરી કે, " હવે અમે કોઇ શાન્ત અને એકાન્ત જગાએ વાસ કરી રહેવાની ઇચ્છા ધરાવીએ છીએ, તો આપ કોઈ તેવી લાયક જગા બતાવવાની કૃપા કરશો. " ઋષિએ તેમને થોડે દૂર આવેલી " પંચવટી " નામની રમણીય જગાએ જઈ રહેવાની સૂચના કરી.

ઋષિની સૂચના પ્રમાણે ત્રણે જણ " પંચવટી " માં જઈ પહોંચ્યાં. પંચવટી એ ગોદાવરી નદીને તીરે નાશકની પાસે આવેલું રમણીય સ્થાન છે. તે સમયે ત્યાં મોટા પાંચ વડની સુંદર ઘટા

છાઈ રહેલી હતી. તે ઉપરથી તે સ્થળ "પંચવટી" ને નામે ઓળખાતું હતું. પંચવટી પહોંચતાં જ તે જગા અને તેની આસપાસનો દેખાવ જોઇ તેઓ બહુ જ રાજી થયાં. લક્ષ્મણે ત્યાં પોતાને રહેવાને માટે એક નાનીશી સુંદર ઝુંપડી બાંધી દીધી. સીતાજીએ તેની આસપાસ સુંદર બગીચો બનાવી દીધો. પછી તેઓ ત્રણે, બહુ જ આનંદથી ત્યાં રહેવા લાગ્યાં.

પંચવટીનું સ્થળ આ સમયે કેવળ નિર્જન હતું. ત્યાં રાક્ષસોનો એટલો બધો ત્રાસ હતો કે કોઈ પશુપંખી પણ ત્યાં ફરકી શકતું નહિ. પણ રામચંદ્રજીના નિવાસ પછી રાક્ષસોનો ત્રાસ મટી ગયો. અનેક જાતનાં રંગ બેરંગી પશુપક્ષીઓ ત્યાં આવવા લાગ્યાં, હરણનાં ટોળેટોળાં ભય વગર આમથી તેમ કૂદવા લાગ્યાં અને એમ આખા પ્રદેશની શોભા ઓર વધી ગઈ.

આવા શાન્ત, એકાન્ત અને પરમ રમણીય સ્થાનમાં વાસ કરીને રામે લક્ષ્મણને ધર્મ, જ્ઞાન, નીતિ, ભક્તિ અને વૈરાગ્યનો સુન્દર ઉપદેશ કર્યો. ધર્મજ્ઞાનની ચર્ચામાં કેટલાક દિવસ વીતી ગયા તેવામાં એક દિવસે એક રાક્ષસી ફરતી ફરતી ત્યાં આવી પહોંચી. નિર્જન વનમાં માણસની ગંધ આવવાથી તેને નવાઇ લાગી, અને તે ગંધ ક્યાંથી આવે છે તે જાણવાને તત્પર થઇ. ખોળ કરતાં કરતાં તે ઝુંપડી પાસે આવી પહોંચી. સૌથી પહેલી નજર તેની રામચંદ્રજી પર પડી. રામચંદ્રજીનું મનમોહક સુંદર રૂપ જો ને તે તરતજ તમના પર મોહી પડી અને મનથી તેમને વરવાનો તેણે વિચાર કર્યો. તે તરતજ રામની સામે જઇ ઉભી અને પૂછવા લાગી, કે "અરે! તમે કોણ છો? આમ જટા વધારી, વનવેશ પહેરી, હાથમાં ધનુષ્ય બાણ લઈ આ રાક્ષસોના મુલકમાં તમે શા માટે આવ્યા છો?" રામે જવાબ આપ્યો, કે "દેવોથી પણ જબરા મહારાજા દશરથનો હું પાટવી કુમાર છું. આ મારા નાના ભાઈ લક્ષ્મણ છે. આ જનક રાજાની પુત્રી અને મારી પત્ની સીતા છે. હું મારાં માતપિતાની આજ્ઞાનું પાલન કરવાને આ વનમાં આવ્યો છું. આ અમારી હકીકત છે. હવે કહો કે તમે કોણ છો? તમારૂં નામ શું છે? તમારા પિતા અને માત કોણ છે? વેશ પરથી તો તમે કોઇ રાક્ષસી લાગો છો. આ નિર્જન વનમાં આમ એકલાં કેમ આવ્યાં છો?"

લાગ્યા. આ પ્રમાણે તેમની ભૂલનું ભાન કરાવી રાજાએ તરતજ પકવાન આદિ યોગ્ય ભોજન મંગાવી તેમનો યથોચિત સત્કાર કર્યો.

પરનિંદા કરનારનું કેવું અપમાન થાય છે તે આ ઉપરથી સમજાશે. માટે કદિ ભૂલે ચૂકે પારકી નિંદા કરવી નહિ.

ચુનીલાલ મૂળજીભાઇ ત્રિપાઠી.

" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " નાં

ઇ. સન ૧૯૨૩નાં પુસ્તકો.

પ્રવેશ ફીનો રૂ. એક નવા ગ્રાહકે પ્રથમ એકજવાર આપવાનો છે.

૨—૮ હૃશીકેશચંદ્ર, ભાગ બીજો. (પહેલો ભાગ ગયા વર્ષે આપ્યો છે.)

૨—૮ સંવાદમાલા. વિદ્વાન્ લેખકોની આઠ છબીઓ સાથે. ૩૬ સંવાદો.

૦-૧૨ સીતા—(શ્રી દ્વિજેન્દ્રલાલ રૉયકૃત સ્ત્રીને આદર્શરૂપ નાટક.)

૦-૧૨ સુભદ્રા—(અર્જુનનાં સ્ત્રી. નવલકથાના સ્વરૂપમાં-છ ચિત્રો સાથે.)

૦—૮ મુક્તધારા—(ડૉ. રવીન્દ્રનાથ ટાગોરકૃત એક અંકી નાટક.)

૧—૦ જોસફ મેઝેનીના લેખો—(માનવી કર્તવ્યો.)

આ ૭ પુસ્તકોની કુલ કીમત રૂ. આઠમાંથી અર્ધી કીમતના હિસાબે થતા રૂ. ચાર તથા પોસ્ટેજની લાગત મળીને વિ૦ પી૦ લગભગ રૂ. પાંચનું થાય છે.

નવા ગ્રાહક થનારને આ માળાનાં ઉપરનાં તમામ પુસ્તકો અર્ધી કીમતે હાલ મળે છે. ને પાછલાંમાંથી જે માગે તે પોણી કીમતે મળે છે.

જ્ઞા. વ. પુસ્તકમાળા, પીરમશારોડ-અમદાવાદ. } જીવનલાલ અમરશી મહેતા, સંપાદક.

દરેક પ્રસંગે દાન આપતાં આ

હિન્દુ અનાથ આશ્રમ

નડીયાદને યાદ કરશો!!!

હમણાં હમણાં ઘણા કુધારા ફેશનને આગ લગાડી તીલાંજલી આપો છો.

તેના પરિણામે થએલી સંતતી, અનાથ અને નિરાધાર થઇ જતાં તેને ઉદ્ધારવી, સંભાળવી અને જે બુરા રીવાજો આપણે પોતે ચાલુ રાખ્યા, તે માટે જાણે આપણે આ અનાથોને જવાબદાર છીએ, એમ ગણી આપણા દિલમાં કદી કંપારી ઉપજતી છે!! કે, તે દોષમાંથી છુટવા, તેમને બચાવવા વિચાર કરી-કંઇ દાન આપ્યું છે??

અમારા ખાતાને મદદ કરી તમારૂં રૂણ ભરી આપશો!!

તે માટે લખો:—

ઓન. સેક્રેટરી, હિન્દુ અનાથાશ્રમ-નડીઆદ.

Cover Printed at The Babu P. Press, Richey Road-Akmedabad.

નિવેદન.

આ ખાસ "વસન્ત" અંક અમારા ગ્રાહકોના હાથમાં મુકતાં અમને ઘણોજ આનંદ થાય છે. સ્ત્રીઓની ઉન્નતિ માટે સેવા કરવી એ તો આ પત્રનો આશય જે છે. તેમને સારૂં અને ઉપયોગી વાંચન આપવાની અમારી અભિલાષા છે, અને આ ખાસ અંકને માટે અમે "ગૃહવ્યવસ્થા" તથા "બાળ-રક્ષણુ" ના વિષય ઉપર ચર્ચા અને માહિતી આપવાનું ઠરાવ્યું હતું. અમારી અભિલાષા કેટલે દરજ્જે સફળ નિવડી છે તેનો જવાબ તો આ અંકના લેખોજ આપી શકે. પરંતુ અમને એટલો તો સંતોષ થયો છે કે આ ઉપયોગી અને ગંભીર વિષય ઉપર અમે થોડા ઘણા ખાસ લેખો મેળવી શક્યા છીયે. આ અંકમાં ગૃહવ્યવસ્થા તથા બાળરક્ષણના જુદા જુદા અંગો સંબંધી ચર્ચાત્મક તથા હકીકત અને જ્ઞાન આપનારા રચનાત્મક લેખો અમે આપી શક્યા છીયે. વળી વચન આપ્યા પ્રમાણે આ ખાસ અંક અમે વાંચકો સન્મુખ વખતસર ધરી શકીયે છીયે તેથી પણ અમને સંતોષ થાય છે. જે જે બ્હેનો તથા ભાઇઓએ તસ્દી લઇને આ અંક સારૂ લેખો લખી મોકલ્યા છે તે સર્વેના અમે અત્યંત આભારી છીએ.

ગયા અંકમાં જાહેર કર્યા પ્રમાણે લેખોનું પ્રમાણુ વધવાથી ૨૦૦-૨૫૦ પૃષ્ઠનો બે મહિનાનો અંક સાથે આપવાનો વિચાર અમને થયો હતો; પરન્તુ સામટું વાચન રૂચીકર થવાને બદલે કદાચ અરૂચીકર થાય તો લેખકોની તેમજ અમારી ધારણા ઉંધી વળી જાય, માટે આ એકજ મહિનાનો ૧૪૪ પૃષ્ઠનો બેવડો ખાસ અંક આપીએ છીએ. સ્થળાભાવને લીધે બાકી રહેલા લેખો*આવતા અંકોમાં સવડ પ્રમાણે આપીશું.

દળદાર ભેટનું પુસ્તક અને તેવોજ આ ખાસ અંક વાચકોને આપ્યા પછી દરેક ગ્રાહક તથા વાચક ભાઇ બહેન તરફથી નવા ગ્રાહકો વધારી આપવાની અમે આશા રાખીએ તો અઘટિત નહિ ગણાય. તેઓ તરફથી તેમાં પુરતી સહાયતા મળશે તો **દીવાળી ઉપર "બાળક" વિભાગનો ખાસ અંક** આપવાની અમારી ઉમેદને ઉત્તેજન મળશે. વાચકો તરફની પુરતી મદદ અને સહાનુભૂતિ સિવાય એવું ખર્ચ ઉપડી ન જ શકે, માટે આશા છે કે સૌ બનતી મદદ કરશે.

જી૦ અ૦ મહેતા.

"વસંત" અંકની અનુક્રમણિકા.

(૧) કવિતા—

(૧) વસંતનાં વધામણાં.
(રા. હંસરાજ–અંધકવિ) ૧૪૧
(૨) ભારતપુત્રીને અભિનંદન. ૧૪૨
(૩) એ અવસરમાં વ્હેલા વળજો વાલમા!
(રા. વાસુદેવ રામચંદ્ર સેલત.) ૧૪૩
(૪) વસન્તનાં વધામણાં.
(રા. કેશવ હ૦ શેઠ) ૧૪૪
(૫) ઘેલો વસંત ડોલે! (ભાઇ શર્મા) ૧૪૪

(૨) ગૃહવ્યવસ્થા—

(૧) "ગૃહવ્યવસ્થા" અને ઉચ્ચ શિક્ષણક્રમ.
(રા. રા. કેશવપ્રસાદ દેશાઇ, બી. એ. એલ્ એલ્ બી.) ૧૪૫
(૨) રસોઇમાં રસાયણશાસ્ત્રની જરૂર.
(બ્હેન પુતળીબાઇ કાબ્રાજી.) ૧૪૯
(૩) રાંધણકળા અને વિજ્ઞાન.
(પ્રોફેસર સાંકળચંદ જે. શાહ, એમ. એ.) ૨૨૯
[૪) ઘરને શોભીતું કેમ બનાવશો?
(બ્હેન "નોશાફરી પીલાં.") ૧૫૬
(૫) અનાજ તથા ખોરાક સાચવવાની રીત.
(ભાઈ "ધીરજ.") ૧૬૦
(૬) અંગ્રેજ લોકોની ગૃહવ્યવસ્થા. ૧૬૪
(૭) ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ. ૧૭૦

(૩) બાળઉછેર અને રક્ષણ—

(૧) બાળ સંભાળ.
(બ્હેન જેનબાઈ બીખાભાઇ પટેલ.) ૧૭૩
(૨) માતાની ફરજ. (મિ. કેખુશરૂ દો. જીઆ.) ૧૭૯
(૩) માતનું દુધ, દુધની શીશી અને બનાવટી ખોરાક.
(મિ. કેખુશરૂ દોરાબજી જીઆ.) ૧૮૧

(૪) સ્ત્રીજીવન—
(૧) "આપણે કરશું વકીલાત ત્યારે ભરશે કોણ પાણી ?"
(સૌ. સરોજિની મહેતા, બી. એ.) ૧૮૯
(૨) ભવિષ્યની માતાઓનું સ્થાન.
(સૌ. સુલોચના જ. દેસાઇ,) ૧૯૩
(૩) સ્ત્રીઓનું સાહિત્યજીવન.
(રા. રતિપતિરામ ઉ૦ પંડયા; બી. એ.) ૧૯૭
(૪) માતા, પિતા અને બાળક.
(ભાઇ "ધીરજ") ૨૦૧
(૫) બાનુઓને દેશી વૈદકની આવશ્યકતા.
(સૌ. નાનીબાઇ સુ. જોશી.) ૨૨૭
(૫) સંવાદ—
(૧) ગુરૂ ગોવિંદસિંહ અને અનોપકુંવર.
(સ્વ૦ મણિશંકર રત્નજી ભટ્ટ, બી. એ.) ૨૦૫
(૨) સંયુક્તા અને પૃથ્વીરાજ.
(ભાઈ હંસરાજ વીરજી.) ૨૧૦
(૬) જીવનચરિત્ર—
(૧) તુર્કીની વીરાંગના–બેગમ હેલીડે એદીબ હનુમ. ૨૧૭
(૨) મહાન્ ઉદ્યોગી એન્ડ્રુ કાર્નેગી.
(રા. અમૃતલાલ સુ. મોદી, બી. એ.) ૨૨૧
(૭) ટુંકી વાર્તા—
(૧) સાચું સેવામંડળ.
(રા. કેશવપ્રસાદ છોટાલાલ દેશાઈ.) ૨૩૬
(૨) દાદીમા રીસાયાં !
(રા. પુષ્કરરામ વા. મહેતા, એમ.એ.એલ્એલ્.બી.) ૨૪૩
(૮) પ્રકીર્ણ—
(૧) પુસ્તક પરિચય–કેકારવની પૂરવણી. ૨૪૭
(૨) ચાલુ બનાવોની માહિતી. ૨૪૯
(૩) મહાત્માજીની મુલાકાતે. ૨૫૦

(૯) " બાળક " વિભાગઃ—

(૧) સોનેરી શીખામણો. ૭૩

(૨) ઘોડાદાવ.
(ભાઈ કાન્તીલાલ પ્રભુશંકર મહેતા) ૭૪

(૩) માંખી અને મચ્છર (એક નાટક)
(અનુવાદક ભાઈ કેશવપ્રસાદ દેસાઇ) ૭૭

(૪) દધીચિ મુનિનો આત્મભોગ.
(રા. ભવાનીશંકર હ. પાઠક.) ૮૬

(૬) બાયોનેટની ઉત્પત્તિ.
(રા. ક. મ. સાદાકર) ૮૮

(૭) રામાયણની વાતો—ખર દૂષણનો વધ.
(રા. જીવનલાલ અમરશી મહેતા.) ૯૦

(૮) પાઇની કિંમત.
(રા. ચુનીલાલ દેવચંદ સોમાણી.) ૯૭

આ અંક બેવડો કર્યા છતાં સ્થળ સંકોચને લીધે ચાલુ વાર્તા વગેરે જે લેખો આ અંકમાં લઇ શકાયા નથી તે લેખોને હવે પછીના અંકોમાં પ્રથમ સ્થાન આપીશું.

મંત્રી.

આ વર્ષનું ભેટનું પુસ્તક—" વીણા-વિહારી " નું કદ બહુ વધી પડવાથી અધૂરૂં રાખવું પડ્યું છે, તે વિશે કોઇક એવી શંકા કરી છે કે હવે પછીનો ભાગ ખપાવવાની વેપારી યુક્તિ તેમાં સમાયેલી છે. તેવાઓને જણાવવાનું કે **" વીણા-વિહારી "** નો બાકી રહેલો ભાગ આવતા વર્ષે આ પત્રના ગ્રાહકોને ભેટ તરીકેજ આપવામાં આવનાર છે.

મંત્રી.

સ્ત્રીબોધ.

પુસ્તક ૬૮ મું.]   એપ્રીલ, ૧૯૨૪.   [અંક ૪ થો.

વસન્તનાં વધામણાં.

રાસ.

વાગે વસન્તનાં અનેરાં વધામણાં,
એ..............નવયુગનાં,
જીવન ઉદ્યાનમાં
દેવાંશી લોકનાં,
ભારતના ચોકમાં—
વાગે વસન્તનાં અનેરાં વધામણાં.

વા વાય દક્ષિણના, શીતલ મંદ સુગંધ;
શો અભિષેક થઇ રહ્યો, દેશપ્રીતિ મકરંદ;
આંબે આંબેથી મ્હોર અવનીમાં ઉતરે
એવો ઉત્સાહ મારા હયેથી નીતરે—
જો..............કોકિલા,
મહિલા કરશે લીલા
ભારતની કુંજમાં,
જાગે ઉરચેતના:—
વાગે વસન્તનાં અનેરાં વધામણાં.

હંસરાજ (અંધકવિ.)

ભારતપુત્રીને અભિનંદન.

(મ્હને ભૂલી ગયો છે મ્હારો છેલડો રે—એ રાહ.)

અભિનંદન એ ભારતની પુત્રીને જો,
જેને પગલે પનોતો સંસાર સુખસાર,
તેને વધાવું વિશ્વઆંગણે રે....................૧

જેનું હૃદય સ્નેહ સરવરીએ તરવરે જો,
જેના ડગલે ને પગલે સુવિચાર સદ્વિચાર,
તેને રમાડું હૃદયચોકમાં રે....................૨

દૈવી સદ્‌ગુણો, સામર્થ્યવડે શોભતી રે,
જેના અંકમાં ઉછરતા કુમાર સુકુમાર,
તેનાં લઉં હું ઓવારણાં રે....................૩

જેના તેજથી સમગ્ર દેશ ઓપતો રે,
જેના બલથી આ દેશનો થનાર સમુદ્ધાર,
તેનાં ગાઉં હું ગુણ ગીતડાં રે....................૪

તમ પાતિવ્રત્ય પુણ્યના પ્રભાવથી રે,
સદા અમૃતમય કરજો ભર્તાર પરિવાર,
જેથી (અંતે) સોહાશો બ્રહ્મમંદિરે રે............૫

"એ અવસરમાં વ્હેલા વળજો વ્હાલમા!"

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને:—એ રાહ.)

એ અવસરમાં વ્હેલા વળજો વ્હાલમા!
પૂર્ણ પ્રફુલ્લિત સૌમ્ય સુહાતી વસંત જો!
કોયલડી કૂજે રે કુંજે કારમી;
પ્રેરતી અંગે અંગ અનંગ અનંત જો,
એ અવસરમાં વ્હેલા વળજો વ્હાલમા!
પુષ્પ તણી કુંજો લીલીશી શોભતી!
પળ પળ પ્રેરતી પ્રેમ પીયુશ પરાગ જો!
સ્નેહ સુશોભના વૃક્ષ વીંટાતી વલ્લરી!
પ્રેરતી યૌવન ફુલ્લ ઉરે અનુરાગ જો!
એ અવસરમાં વ્હેલા વળજો વ્હાલમા!
શારદ રેણુ સુશોભિત સ્વચ્છ સુહામણી,
નિર્મળ જ્યોત્સ્ના ઝરતો નભમાં ચંદ જો!
અમી વર્ષણુ પ્રિય સ્નેહસુધારસ રેલતો,
વાયુ વહેતો શીતલ લ્હેર સુમંદ જો!
એ અવસરમાં વ્હેલા વળજો વ્હાલમા!
ઘોર છવાયા ઘાડ તિમિરે મેહુલા,
કડડડ કડકડતા એ ઉગ્ર સુરીત જો!
વિજલડી ચમકે રે ઉંડે આભલે,
કોમળ પુષ્પસમુ કરતી દિલ ભીત જો!
એ અવસરમાં વ્હેલા વળજો વ્હાલમા!
એકલડાં રહેવાં એ વ્હાલા! કોરમાં,
તેમાં યે દુસ્તર આ કાલ કરાલ જો!
મંગલમૂર્તિ! સ્નેહસ્વરૂપ! પધારજો!
પ્રેમકૃપામૃત પાવા પૂજ્ય કૃપાલ જો!
એ અવસરમાં વ્હેલા વળજો વ્હાલમા!

શેલત વાસુદેવ રામચંદ્ર

વિવિધ માર્ગે ખીલે છે, તથા વિદ્યાર્થીને આકર્ષણ કઈ તરફ થાય છે, તે જાણી શકાય છે. એટલે માધ્યમિક ક્રમમાં આવા મૂળ સિદ્ધાંતો રાખી શકાય. તે સમયે એમ પણ જોઇ શકાય કે કયા વિષય પ્રત્યે વિશેષ આકર્ષણ થાય છે; અને તે વિષય માધ્યમિક ક્રમમાં ખાસ કરીને શીખવી શકાય તથા તેમાં તે વિદ્યાર્થી પારંગત થઈ શકે.

પરંતુ ઉચ્ચ શિક્ષણમાં પણ અમુક વિષયો તો શીખવવાજ જોઇયે. કારણ કે અમુક વિષયમાં પારંગત થવા ઉપરાંત સામાન્ય બુદ્ધિવિકાસ તો થવો જ જોઈયે. તે સાથે નિત્ય વ્યવહારમાં જે વિષયો ખાસ ઉપયોગી થઈ પડે તે પણ જાણવા જ જોઇયે. આ કારણથી ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં ફરજીયાત અને મરજીયાત એમ વિષયોના બે વિભાગ કરવામાં આવે છે. આ વિભાગોમાં કયા કયા વિષયો હોવા જોઇયે તે પ્રશ્ન ચર્ચાભરેલો છે. પરંતુ અત્યારે તો કન્યાઓના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં "ગૃહવ્યવસ્થા"ના વિષયને શું સ્થાન આપવું જોઇયે તે આપણે વિચારીશું.

અત્રે એક પ્રશ્ન ઉભો થાય છે. કન્યાઓનો અભ્યાસક્રમ યુવકો કરતાં જુદો હોવાની જરૂર છે? અત્યાર લગી એમ મનાતું આવ્યું છે કે તેવી જરૂર નથી, અને તે પ્રમાણે યુવક અને યુવતીઓ માટે એક સરખોજ ક્રમ સરકારી વિદ્યાપીઠો તરફથી રાખવામાં આવ્યો છે. તેમાં દલીલ એવી છે કે યુવક કે યુવતીની બુદ્ધિમાં કાંઇ ફરક નથી, અને બુદ્ધિની ખીલવણી માટે અભ્યાસક્રમ છે, તો પછી તેમાં ભેદ શા માટે? વળી તેઓ તો આગળ વધીને કહેવા લાગ્યા કે જેઓ કન્યાઓ માટે જુદો અભ્યાસક્રમ માગે છે, તેઓ સ્ત્રીની પદ્વી હલકી લેખે છે. પરંતુ આ તહોમત સાચું નથી. ઉપર આપણે જોઈ ગયા કે અભ્યાસક્રમ રચતી વખતે ત્રણ બાબતો ધ્યાનમાં રાખવાની છે: (૧) બુદ્ધિની ખીલવણી, (૨) વ્યવહારૂ ઉપયોગિતા, (૩) શીખનારનાં શોખ અથવા મનનાં વલણ.

હવે આ દૃષ્ટિએ આપણે "ગૃહવ્યવસ્થા" નો વિષય જોઈયે. ઘણા જણ આ વિષયની વિશાળતા સમજતા નથી, અને એમજ સમજે છે કે અભણ અને નિરક્ષર સ્ત્રીઓ પણ ઘરસંસાર ચલાવી

શકે છે, એટલે અન્ય રીતે કેળવાયલી સ્ત્રીયોને આ વિષય ભણાવવાની જરૂરજ નથી. ખરૂં જોતાં ગૃહવ્યવસ્થામાં ઘણા વિષયોનો સમાવેશ થાય છે. ઘરગત્તુ રસાયણશાસ્ત્ર, પાકશાસ્ત્રનું રસાયણ, ખોરાકનો ગુણદોષ, માંદાની માવજત, રહેઠાણના ગુણદોષ, પદાર્થવિજ્ઞાનનાં મૂળતત્વો, બાળઉછેર, ઘરનો શણગાર, કલાની તથા આરોગ્યની દૃષ્ટિયે ઘરની ગોઠવણ, આરોગ્યને હાનિ કર્યા સિવાય ઘરમાં કરી શકાય તેવી કરકસર, ફસલ ભરવાની રીતો તથા બાફવા, તળવા અને શેકવામાં શા શા ફેરફાર છે તે વગેરે ઘણી ઘણી બાબતોનો તેમાં સમાવેશ થાય છે. આ વિષયો કાંઇ વગર અભ્યાસે આવડી જાય તેવા તો નથી જ. તેમ તે ઉપયોગી પણ છે. એટલે "ગૃહવ્યવસ્થા" નો આખો વિષય સ્ત્રીઓએ શીખવા જેવો તો છે જ.

ત્યારે પ્રશ્ન એમ થાય છે કે તે મરજીયાત હોવો જોઇયે કે ફરજીયાત ? વિષયની ઉપયોગીતા તો સ્વીકાર્યા વિના છુટકો નથી. તે સાથે એમ પણ સ્વીકારવું પડે છે કે હિંદુ સમાજની લગભગ બધીજ સ્ત્રીઓને માથે ગૃહવ્યવસ્થા તો આવે જ છે. હજી આપણા સમાજમાં કૌટુંબિક જીવન છિન્નભિન્ન થયું નથી. હોટલોમાં જઇને કુટુંબો વસતાં નથી. એટલે ગૃહવ્યવસ્થાના જ્ઞાનની અતિ ઉપયોગીતા તો છે જ, અને જો ભવિષ્યની ગૃહિણીઓને ગૃહવ્યવસ્થાનું પદ્ધતિસર જ્ઞાન આપી શકાય તો આખા સમાજને ભારે લાભ થાય. ગુજરાતની નાર ઘરરખુ તો છે જ, તે સાથે ઘરને યોગ્ય રીતે રાખતાં શીખવી શકાય તો પછી કાંઇ બાકી રહે નહિ. એટલે આ દૃષ્ટિયે તપાસતાં **"ગૃહવ્યવસ્થા" નો વિષય કન્યા કેલવણીમાં ફરજીયાત હોવો જ જોઇયે.**

પરંતુ એક બીજી નજરે આ પ્રશ્ન લેઈ શકાય. આપણે ઉચ્ચ શિક્ષણક્રમની વાત કરીયે છીયે. મુંબાઇ યુનિવરસીટીએ હજી કન્યા કે યુવકોના ક્રમ નિરાળા કર્યા નથી અને ક્યારે કરશે તે પણ કહી શકાય તેમ નથી. વળી જો ક્રમ કેવળ નિરાળા કરવા માટે હીલચાલ થાય તો ઘણાં ઘણાં કારણોને લીધે તે હીલચાલ એકદમ સફળ થાય કે નહિ તે પણ શકભરેલું છે. તે માટે કેટલાએક વ્યવહારૂ લોકો એમ સૂચના કરી શકે કે "ગૃહવ્યવસ્થા"નો વિષય

જો યુનિવરસીટીના ક્રમમાં મરજીયાત તરિકે દાખલ કરીને તે શીખવવાની સગવડ જુદી જુદી પાઠશાળાઓમાં કરવામાં આવે, તો તો આપણું કાર્ય સરે: અત્યારે આ વિષય ત્યાં બિલકૂલ નથી, પણ પછી કન્યાઓ તે વિષય મરજીયાત તરિકે લઈ શકે, અને યુનિવરસીટીને આખો અભ્યાસ ક્રમ જુદો રચવો પડે નહિ. આ પણ એક દૃષ્ટિબિંદુ છે, અને આ રીતે પણ જો મુંબાઇ યુનિવરસીટીના અભ્યાસક્રમમાં આ અતિ ઉપયોગી વિષયને સ્થાન મળતું હોય તો આપણે તેને ટેકો આપવો જોઇયે.

અત્યારે યુનિવરસીટીના ઉચ્ચશિક્ષણમાં કન્યાઓ માટે "ગૃહ-વ્યવસ્થા" અથવા તેમના સ્વાભાવિક લલિતકલાના શોખને પોષક વિષયો નથી. તેથી કન્યાઓમાં ઉચ્ચ શિક્ષણનો પ્રસાર થવામાં વાંધો આવ્યો છે. સમાજમાં સામાન્યરીતે એવીજ માન્યતા પ્રસરી ગઇ છે કે જેને નોકરી કરવી હોય તેજ પાઠશાળામાં ભણવા જાય. અને છોકરીઓને તો ઘર માંડવાનાં છે એટલે ઉચ્ચ શિક્ષણથી તેમને કાંઇ ખાસ લાભ નથી. સમાજની આવી માન્યતા માટે હાલનો ઉચ્ચશિક્ષણનો ક્રમ કેટલેક અંશે જવાબદાર ગણી શકાય. રોમ અને ગ્રીસના ઇતિહાસ તેમજ બીજગણિત અને ભૂમિતિ, તથા સપ્ત અંગ્રેજી નિબંધો વગેરે ફરજીયાત પુસ્તકોમાં નજરે પડે, ત્યારે ગુજરાતી ભાષાનું ઉંચું જ્ઞાન કે ગૃહવ્યવસ્થાનો વિષય મરજીયાતમાં પણ નહિ. એટલે સામાન્ય જન સમાજમાં ઉપર જણાવેલી માન્યતા ફેલાય જ. માટે વધારે કન્યાઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે હેતુથી પણ તે શિક્ષણક્રમ આકર્ષક અને વ્યવહારમાં ઉપયોગી થાય તેવો બનાવવો જોઈયે.

આ કારણોથી આપણે મુંબાઇ યુનિવરસીટીના ક્રમમાં "ગૃહ-વ્યવસ્થા" ને કાંઈ નહિ તો મરજીયાત સ્થાન અપાવવા ચળવળ ચલાવવી જોઇયે. જે સંસ્થાઓ મુંબાઇ યુનિવરસીટી સાથે જોડાઈ ના હોય, ત્યાં "ગૃહવ્યવસ્થા"ને ફરજીયાત શીખવવાની ગોઠવણ કરવી જોઇયે. તેમજ આ વિષય ગુજરાતીમાં શીખવી શકાય તેટલા માટે તેનાં જુદાં જુદાં અંગ સંબંધી પાઠય પુસ્તકો ગુજરાતીમાં રચાવી પ્રસિદ્ધ કરાવવાં જોઇયે.

રસોઇમાં રસાયણશાસ્ત્રની જરૂર.

[લખનારઃ—મીસીસ પુતળીબાઇ કાબ્રાજી.]

આપણે સાધારણ રીતે માંદાંની દયા ખાઇએ છીએ, મંદવાડને બહારથી આવી પડેલી એક પીડા ગણી માંદાં માટે દિલગીર થઇએ છીએ, પણ કદી આપણને એમ નથી લાગતું કે જે માણસ માંદું પડ્યું છે તે તેના પોતાના વાંકે છે. તનદુરસ્તી તેણે સાચવી નથી, તનદુરસ્તીના કાયદા પાળ્યા નથી તેથી મંદવાડ આવ્યો છે, ને તેથી તે પીડાય છે, તે માટે તેની દયા ખાવાની જરૂર નથી, પણ તેને ઠપકો આપવો ઘટે છે!

પણ આજે સુધરેલા દેશમાં એમજ મનાય છે. 'કેમ તમે માંદા પડ્યા? તનદુરસ્તીના કાયદા કેમ પાળતા નથી? તેથી શું તમે અજાણ્યા છો? અજાણ્યા હો તો જ્ઞાન મેળવો, તમારી તનદુરસ્તી જાળવવાની તમારી ફરજ સમજો કે જેથી સંસાર તરફની તમારી ફરજો તમે બરાબર અદા કરી શકો,' એમ હવે અમેરિકામાં કહેવાય છે. અને એવા વિચારો હોવાથી દુઃખી થઈ માંદા પડી ડાકટરોની મદદ ન લેતાં લોક હવે તનદુરસ્તી સાચવવાના જ ઉપાયો પર પૈસો ખરચે છે અને બનતાં સુધી માંદા પડાય જ નહિ એવી સંભાળ રાખવાના ઠરાવ કરે છે.

ત્યાં હવે સારી રીતે સમજવામાં આવે છે કે શરીર એક સંચો છે અને તેની ભઠ્ઠીમાં જે બળતણ બળે છે તે આપણો ખોરાક છે, માટે ખોરાક ઉપજાવવો કેવો [illegible] તે પકાવવો કેવો જોઇએ, તે વાપરવો કેટલો જોઇએ,

જોઇએ, તે ઉપર વિદ્વાનો હવે ધ્યાન આપવા લાગ્યા છે. વળી શરીરના સંચાને સદા સારી હાલતમાં રાખવા માટે કસરતની જરૂર છે તે પણ આજે ચોમેર કબૂલ રાખવામાં આવે છે. જો માણસનો ખોરાક જોઇએ તેવો હોય, અને કસરત પુરતી હોય તો તેની તનદુરસ્તી સારી હોવી જ જોઇએ; અલબત, સફાઈ સુઘડતાની, ખુલ્લી હવાની જરૂરીઆત પણ મનાય છે, અને તે ઉપર પણ ચોકસ ધ્યાન અપાય છે. ગરીબોને આરોગ્યતાની પૈસાદારો કરતાં વધારે જરૂર છે; કેમ જે તેમને ભેજાંની કે હાથ પગની મહેનતથી પેટ ભરવું છે. પણ જો તેમનાં ઘરબાર ચોખ્ખી હવા ને ઉજાસ વગરનાં હોય, તેમના ખોરાકમાં ભેળસેળ અને દગાબાજી થતી હોય, અથવા અજ્ઞાનપણાથી તેમનો ખોરાક કસ વિનાનો અપોષણકારક અને સાથે વળી મોંઘો હોય તો પ્રજાનાં સામાન્ય હિત ઉપર માઠી અસર થાય. દુનિયાનાં ભારી કામોની હરીફાઈમાં દેશ પાછળ પડે, જુવાનો કમોતે મરે, બાળમરણનું પ્રમાણ વધી જાય, માતાઓ નબળી થાય અને સામટી રીતે પ્રજા હીણ થઇ જાય. એ માટે અમેરિકન લોકો ખાસ કાળજી રાખે છે, ખાસ મહેનત લિયે છે, અને હવે તેઓમાં એવું થયું છે કે કોઇ માંદું પડયું તો કહેશે કે એણે તનદુરસ્તીના નિયમ સાચવ્યા નહિં, દેહ તરફની પોતાની ફરજ સમજ્યો નહિં, ભારે ખોરાક ખાઇ થોડી કસરત લીધી, યા મહેનત પ્રમાણે ખોરાક લીધો નહિં. હવે તે દેશમાં મોટાં મોટાં સરકારી ખાતાં ખોરાકની વસ્તુઓને લગતી શોધ ખોળ કરવા માટે રાખેલાં છે. જ્યાં ઉંદર સસલાં જેવાં નાનાં પ્રાણીઓને પાળી તેમના પર જુદા જુદા ખોરાક અજમાવી તેની અસરો તપાસી નોંધી લઇ તે ઉપરથી માણસને શીખવે છે. તે દેશમાં કેટલાક ગરીબ કે ઉદ્યોગી લોકો રાંધવાની અને બીજી રીતે ખોરાક તૈયાર કરવાની મહેનત બચાવવા માટે બજારમાંથી તૈયાર પકાવેલો ખોરાક લઇને ખાય છે, પણ તે ખોરાક પુષ્ટીકારક છે કે નહિં તે સમજતા નથી, અને બનાવનારાઓ તો જેટલું સસ્તું થાય એટલું કરી કમાણી કરવા માંગે એ નિર્વિવાદ છે. માટે સરકાર વચે પડે

અને ખોરાકમાં ભેળસેળ થતી અટકાવવા, તેમજ ખોરાકની ચીજોમાંનાં પુષ્ટીકારક યા ફાયદાકારક તત્વો વ્યર્થ જતાં અટકાવવાની કાળજી રાખે છે. દાખલા તરીકે ચોખા ઉપર જીવનારાં માણસ જો પાલીસ કીધેલા ચોખા ખાય છે તો તેમનું લોહી પાતળું થઈ તેમને 'બેરી બેરી' નામનું દરદ લાગુ પડે છે. ઘઉંના આટામાંથી ભુસું અને બીજા ભાગો ચાળી કાઢી સાવ ઉજળા મેંદાની ઉજળી સ્વચ્છ દેખાતી રોટલી પ્રજાને ખવાડી રોટલીવાળાઓ તેમને મોટું નુકશાન કરી શકે છે. ઘઉંના જે તત્વથી હાડકાં બંધાય છે તે જો બાળકોને નથી મળતું તો તેઓ નબળાં રહે છે, મોટી ઉંમરના મહેનતુ માણસને નથી મળતું તો તેઓના પેટમાં કચરો બંધાય છે, આંતરડાં બરાબર કામ કરતાં નથી, ને હોજરી મંદ પડે છે. વગેરે.

હવડાં થોડું ઉપર અમેરિકામાં ખાંડ એક હાથ કરવાની બાજી કેટલાક મોટા વેપારીઓએ માંડી હતી, તે ઉપરથી માણસ દીઠ કેટલી સાકરનો ઉપયોગ થાય છે તેના હીસાબ કાઢવામાં આવ્યા તો માલમ પડયું કે તનદુરસ્તીને માટે જોઇએ તે કરતાં પાંચગણી વધારે સાકર અમેરિકનો ખાય છે. એ વાત જાણવામાં આવ્યાથી લોકે ઠરાવ કીધો કે સાકર ઓછી ખાવી, અને તેમ કરી તેઓએ પેલા લોભિયા વેપારીઓને શિક્ષા કીધી. વેચાણ ઓછાં થયાં એટલે તેઓ કમાયા નહિં અને લોકની તનદુરસ્તી વધી.

ડોંગા માણસોની અમેરીકન લોકો સદા મશ્કરી જ કરે છે. તેઓ માને છે કે ડોંગા થયાં તે ખાઘરાં હોવાથી જ. જો શરીરને જોઇએ તેટલો જ ખોરાક લીધો હોય તો ચરબી ચઢે જ નહિં. માટે ડોંગાની હાંસી થાય છે અને તેથી લોક ચરબી ઓછી કરવાની કાળજી રાખે છે. ત્યાં એમ મનાય છે કે ચાળીસ વર્ષની ઉંમર પછી ડોંગા થવામાં જીંદગીને જોખમ છે. "Fat after forty is fatal." એમનો આગલો એક પ્રેસીડન્ટ મી. ટેફ્ટ એ ઓદ્દા ઉપર આવવા અગાઉ ઘણો ડોંગો હતો, પણ તેને લાગ્યું કે ભારે શરીરને લીધે તેનાથી જેટલું કરવું જોઇએ એટલું કામ

થતું નહિં હતું, તેથી તેણે શરીરનો "ભાર ઉતારવાનો" ઠરાવ કીધો અને ઘણાએક પાઉન્ડ વજન ઘટાડયું ત્યારે જ સંતોષ પામ્યો.

ત્યાં બઇરાં નબળાં હોવામાં માન સમજતાં નથી અને પોતાની નબળાઈની વાતો બીજાને કહેવામાં મજાહ લેતાં નથી, પણ "મને આટલું કૌવત છે, હું આટલું કામ કરી શકું છું, હું આટલું ચાલું છું," એમ બડાઈ મારે છે, અને માતાઓ એવી હોવાથી તેમનાં બચ્ચાં પણ સારાં હોય છે. બચ્ચાને તનદુરસ્ત ને રૂષ્ટપુષ્ટ રાખવામાં તેઓ માન સમજે છે અને બાળઉછેરની કળા શીખવા તેઓ તેના વર્ગોમાં જાય છે, અને ત્યાં બાળકના ખોરાક તથા માવજત માટેનું જ્ઞાન મેળવી આવે છે. વળી તેઓ નાની વયે માતા થતી નથી, તેમજ ઘણાં બચ્ચાં જણી દેહનું નુકશાન થવા દેતી નથી. વળી સરકાર તરફથી તેમજ લોકો તરફથી ગરીબ માતાઓને ઘણી મદદ મળે છે. દૂધ વગેરે ખોરાક માટે સરકાર તરફથી બંદોબસ્ત થાય છે, અને નિશાળોમાં છોકરાંની હાલત જોઈ તે પ્રમાણે તેમને ખોરાક અપાય છે. તેમજ બીજી ગમ ત્યાં સ્વાર્થી લોક થોડાં નથી, તો પણ સાધારણ રીતે પ્રજાહિત ધ્યાનમાં લઇને લોક વર્તે છે, અને સરકાર અમલ કરે છે તેથી સહુ પ્રજાનું ભલું કરતા જઈને પોતાનું પણ ભલું કરે છે. આપણે બીજાંના ભલા માટે કાળજી રાખતા નથી તેથી પીડાઈએ છીએ. પાડોસીઓ કે મહોલ્લાના બીજા વસનારાઓની ગલાચાઈ આપણને નડે છે, તેમનામાં ફાટેલા રોગોથી આપણે માંદાં પડીયે છિયે, તોપણ આપણા દેશમાં જનહિત માટે મહેનત કરનારાં સ્ત્રી પુરૂષ થોડાં જ છે. વળી જાહેર હિંમત થોડી છે. જાહેર કામોમાં ભાગ લઈ જોઇતા કાયદા કરાવી લેતાં હજી લોકને આવડતું નથી. એવું હોવાથી સામટી રીતે જોતાં આપણે દેહથી દુઃખી, નબળાં, રડતાં, અશક્ત છિયે, જ્યારે ત્યાંના લોક તનદુરસ્ત, જોરાવર, કામમાં ઝડપી, અને મનથી પણ તેજી થતા જાય છે. આજે દુનિયામાં એક જાદુગર ગણાતો હુશિયાર માણસ જે છે તે અમેરિકાનો પ્રસિદ્ધ એડીસન (Edison) છે, કે જેની હુશિયારીના પરિણામે આપણે

વિજળીના દીવા, ટેલીફોન, ગ્રામોફોન વગેરે વાપરિયે છિયે. એ માણસ હવે ઘરડો થયો છે-એંસી વર્ષનો થવા આવ્યો છે-પણ એના કારખાનામાં એના જેટલો મહેનતુ કોઈ બીજો નથી. "જુવાનીમાં મહેનત ઘણી કીધી, હવે સુખે બેસી મોજ કરો" એ કહેણી તેને માન્ય નથી. મોજને તે પાપ સમાન ધિક્કારે છે, અને કામને તે મોટા આશીર્વાદ-પુણ્ય સમાન ગણે છે. "ફીકરચિંતાથી માણસ મરે છે ખરાં, પણ ખુશાલ દિલે ફત્તેહની આશા રાખી મહેનત કરવાથી માણસ કદી મરતાં નથી," એ તેનું કહેવું છે. તે પોતાનાં કારખાનાંમાં એટલી મહેનત કરે છે કે તેના હાથ હેઠળના માણસ અજબ થઇ પૂછે છે કે એ માણસને આટલું કૈવત ક્યાંથી આવે છે? એ થાકતો કેમ નથી? એણે કંઇ ભેદ છુપો રાખ્યો હશે કે જેની મદદથી એ એટલા મજબૂત શરીરનો બન્યો છે? પણ એનાં મિત્રો એને પુછે છે ત્યારે એ કહે છે કે, "હું તો કંઇ એવું જાણતો નથી કે જેથી મારૂં શરીર ખાસ મજબુત થતું હોય. હું તો સદા મારૂં કામ કર્યે જાઉં છું. પણ હું એટલું જાણું છું કે મહેનત વગર શરીર નબળાં પડે છે, અને જરૂરીઆત કરતાં વધુ ખોરાક-શોખને ખાતર સારી સારી વાનીઓ-ખાધાથી ઘણા લોકને વ્યાધી થાય છે, અને જુવાનીમાં મરે છે." કોઇવાર મિત્રમંડળમાં તે જમવા બેઠો હોય ત્યારે તેઓ તેનું ખાવાનું જોઇ અજબ થાય છે, કેમ જે સારાં મીઠાં પકવાનો છોડી એકાદ પટેટો કે થોડા રોટલી સાથ મરઘીનો રસ એવું હલકું ખાતો જ તે દેખાય છે. "મને કોઇ દિવસ મંદવાડ આવ્યો નથી, હું બિછાને પડયો નથી, કેમ જે હું ખાવા પીવાનો શોખ રાખતો નથી, જરૂર જેટલું જ ખાઉં છું, શોખથી વધુ પડતું ખાતો નથી," એમ તે કહે છે. ખોરાકનો શોખ તે દારૂ કે અફીણના શોખ જેવો જ નુકશાનકારક ગણે છે. સારાં સારાં પકવાનો જોયાં કે માણસનું મન કબજે રહેતું નથી ને તેનાથી જરૂર કરતાં વધારે ખવાય છે, છેવટે વધારાનો ખોરાક ન પચતાં તેમાંથી ઝેરો પેદા થાય અને તેમાંથી જ બધી જાતના રોગો નિપજે છે.

ત્રણ ઘોડાના બળનાં એન્જીન જેટલું કામ કરશે એજ પ-

ચાસ ઘોડાના બળનાં યંત્રને જોઈએ તેટલો "કોલસો" પેટમાં નાખશે તો પછી કાં નહિં લોક માંદાં પડે ? એમ તે કહે છે. એના ઘરમાં ખોરાક સાદોજ રંધાય છે. માંસ ઉપર પણ એ ઘણો આધાર રાખતો નથી. રોટલી, તરકારી, ફ્રુટ એ એનો રોજનો ખોરાક છે. અને કોઈવાર કામમાં પડે તો ખાવાનું પણ ભૂલી જાય છે, અને મીસીસ એડીસનને ખાવાનું સંભારી આપવું પડે છે. એને જો કે એના માનમાં થયલી ખાણાની મીજલસમાં જવું પડે છે અને વધતું મિષ્ટાન્ન ખાધામાં આવે છે તો એ બીજે દહાડે અપવાસ કરી નાખે છે કે જેથી ખાધેલું જે હોય તે હજમ થઇ જાય."

આ ઉપરથી વાંચનારી બેનો જોશે કે ખોરાક સંબંધી જ્ઞાન સંપાદન કરવાથી માણસ પોતાની તનદુરસ્તી સાચવી શકે છે, બળ વધારી શકે છે, જીંદગી પણ લંબાવી શકે છે; અને તે કેળવણી મુખ્ય ભાગે સ્ત્રીઓએ લેવાની જરૂર છે કે જેમના હાથમાં ઘરની વ્યવસ્થા હોય છે. સ્ત્રીઓને આપણે સાધારણ રીતે પાકશાસ્ત્ર શીખવવાનું જરૂરનું માનીયે છિયે, પણ તે એટલુંજ કે સારાં સારાં પકવાનો બનાવી શકે, જીભના સ્વાદને માટે જુદી જુદી વાનીઓ રાંધી પીરસી શકે. આપણે હજી તેમને એવી કેળવણી નથી આપતાં કે જેથી તેઓ દરેક જાતના ખોરાકના ગુણદોષ સમજી શકે, કયો ખોરાક વધતા પ્રમાણમાં કે કયો ઓછા પ્રમાણમાં વાપરવો અને કયા સાથે કયો ભેળવવો નહિં, તે આપણે તેમને શીખવતા નથી. પરિણામમાં છોકરાંને જેવો ખોરાક મળવો જોઇએ તેવો ન મળવાથી તે નબળાં થાય છે. તેમજ સ્ત્રીઓ પોતે પણ જે ખાવો જોઇએ તે ખોરાક ન ખાતાં પોતાના ખોટા વિચારો પ્રમાણે ખોરાક ખાઇ દેહ બગાડે છે, માટે આપણા દેશમાં ખોરાકની વસ્તુઓનું પૃથકરણ કરી તે વિષેનું જ્ઞાન બૈરાંલોકને આપવાની ઘણી જરૂર છે. ખોરાક ઘણો સ્વાદિષ્ટ, ગળ્યો કે તીખો તમતમતો કે ઘી તેલથી ગઢબડતો બનાવી સ્ત્રીઓ ઘરનાં માણસને ઘણું નુકશાન કરી શકે છે. જો કે તેમની મતલબ સારી રસોઇ કરી વ્હાલાં કુટુંબીઓને

સારી રીતે જમાડી તૃપ્ત કરવાની હોય છે. પણ સ્વાદિષ્ટ પકવાન બે કોળિયા વધુજ ખવાય છે તેથી, તેમ જ ગળ્યાં કે તીખાં કે ઘીઆળાં તત્વોથી, પાચનશક્તિ બગડે ને તે કારણે વ્યાધી-રોગ ઉત્પન્ન થાય છે તે તેમને ખબર નથી. જો સ્ત્રીઓને રસોઇને લગતું રસાયણશાસ્ત્ર આવડતું હોય તો તેઓ ઘરનાં માણસને વધારે સારી તનદુરસ્તીમાં રાખી શકે.

આજે ઘણા રોગો ને વ્યાધિઓનું મૂળ કારણ "જોઇએ તે કરતાં વધુ ખોરાક" એજ ગણાય છે, અને જ્યાં પૈસાની છૂટ વધારે હોય ત્યાં સ્ત્રીઓ કે રસોઇઆઓ એકથી એક સરસ પકવાનો બનાવી ખવાડવાની હરીફાઈ કરે છે. મનુષ્યસ્વભાવ એવો છે કે સારી વાની હોંસથી વધારે ખવાય છે. વધતું થતું હોય એમ પણ ખાનારને લાગતું નથી. વળી છોકરાં નબળાં કે ફીક્કાં દેખાયાં તો માતાઓ પહેલાં તેમનો ખોરાક વધારવાની જરૂર સમજે છે, અને કેટલીક તો છોકરાં ન ખાય તો માર કે જુલમથી પણ ખવાડે છે, પણ ચોખી હવા કે કસરત વધારવાની જરૂર સમજતી નથી, અથવા તેમના પેટનો કચરો દરરોજ બરાબર સાફ થાય છે કે નહિં તે માટે કાળજી રાખતી નથી. માટે સ્ત્રીઓને માતા થવા અગાઉ તનદુરસ્તીના નિયમો, ખોરાકની પરીક્ષા અને તેના જુદા જુદા તત્વોનું જ્ઞાન એ શીખવવાની પહેલી જરૂર છે.

નિશાળોમાં હાલ કેટલેક ઠેકાણે એવું જ્ઞાન અપાય છે, પણ મોટી ઉમરનાં સ્રી પુરૂષો એવું જ્ઞાન મેળવવા માટે કેટલાંક ઈંગ્રેજી અને અમેરીકન ચોપાનિયાં નિકળે છે તે વાંચી શકે. આ માસિકમાં આગલાં થોડાંક વર્ષોપર એવું જ્ઞાન આપવાની અમે કોશીશ કીધી છે તે અમારી વાંચનારી બેનો કબુલ કરશે અને જેમની પાસે આગલી ફાઈલો હશે તેઓ વાંચી વંચાવી તે જ્ઞાન તાજું કરી શકશે. (જુઓ "સ્ત્રીબોધ" ૧૯૧૬-૧૭-૧૮ની ફાઇલો.)

ઘરને શોભીતું કેમ બનાવશો ?

[લખનાર—બેન " નોશાકરી પીલાં. "]

સ્ત્રીનું ભૂષણ માત્ર સ્ત્રીજ નથી, પણ તેની ખરી ખુબસુરતી છે. ઝાડોની શોભા જેમ તેનાં પાંદડાં છે; શરીરની શોભા સુંદર ઘટમદાર નાક છે, અને હાથની શોભા જેમ તેના સુંદર અક્ષર છે, તેમ ઘરની શોભા સ્ત્રી છે. સ્ત્રી એક ઘરની રાણી જેવી છે; તો તેને પોતાની તે પદ્દી મુજબ ઘરને સારી રીતે શણુગારવાનું કામ સારી રીતે આવડવું જોઇએ. તમારા મગજમાં એવા ખ્યાલ રમતા હોવા જોઇએ કે જે બહાર પડયે તમને આનંદ આપતા હોય! તમારાં ભેજાંમાંથી એવા ખ્યાલ પ્રગટ થવા જોઇએ કે જેના પ્રતાપે તમો તમારૂં ઘર સુંદર રીતે શણુગારી શકો!

અસલ ઇરાનમાં મહોમેદન પ્રજામાં સ્ત્રીઓને બહાર નીકળવાનો કાયદો નહોતો. આથી તેઓ પોતાના મનમાં એ ખ્યાલ બાંધીજ મૂકતી કે તેઓ મરતાં સુધી આ રૂમમાંથી બહાર નીકળવાનાં નથી! આથી ઇરાનની સ્ત્રીઓ જેમ બને તેમ પોતાના ઓરડાઓ શણુગારવામાં બાકી રાખતી નહોતી! તેઓ પોતાના ઓરડાઓ કેવી રીતે શણુગારતાં હતાં તે માટે એક ઇંગ્લીશ લેખક જણાવે છે કે—

"On the floors are rich carpets and piles of cushions; and against the walls are long, low seats, called divans. There are pictures on the walls, and flowers-in tall vases, and big jars from which comes a sweet smell that scents the whole room."

પૈસાદાર લોકો પોતાની સ્થિતિ ને શોખ પ્રમાણે અને આવક્ત પ્રમાણે પોતાનું ઘર શોભીતું કરવાના ઇલાજ લે છે. કેટલાક

વાર સારી સ્થિતિના લોકો કરતાં સાધારણ કે ગરીબ હાલતના લોકો પોતાનાં ઘર વધારે શોભીતાં રાખે છે. કેમકે તેઓ શોભીતાં ઘર કેમ બનાવવાં તે સારૂં જાણે છે, ને શોભાની બાબતમાં સારો શોખ ધરાવે છે. ઘણા ને કીમતી સામાન વડે જ ઘર દીપી નીકળે એવું નથી, પણ સામાન યોગ્ય રીતે ખરીદી તેને તેની 'પોઝીશન'-માં ગોઠવવું એ રીતથી ઘર વધારે પ્રકાશી નીકળે છે. એક વેળા એક યૂરોપીયન હિંદમાં આવ્યો; જ્યાં એક રાજાએ પુષ્કળ કિંમતી ઝુમ્મરો સળગાવ્યાં હતાં. એ જોઈ તે યૂરોપીયન બોલ્યો-"ભાઇ, આ શું છે ?" એકે જવાબ આપ્યો, "એ રાજાનો મહેલ છે !" યૂરોપીયન બોલ્યો, "મેં તો જાણ્યું કે ઝુમ્મર વેચનારની દુકાન છે !"

જેઓ લંડન ગયાં હશે યા જેણે ત્યાંની તવારીખ વાંચી હશે, તેમને માલમ પડયું હશે કે લંડનના એકેકા પરગણા કેવાં સાફ ને શોભીતાં રહે છે ! શું ગરીબ કે તવંગર બન્ને વર્ગના લોકો પોતાના ઘરને એકજ રીતથી ગોઠવે છે. આપણે હાલ જો હિંદમાં ફરીયે તો ઘણાં ઘર એવાં માલમ પડશે કે જ્યાં ઘરના આગલા ભાગ ઉપર જ ગોદડાં ને ગંદવાડ પડેલાં હોય છે; જેમાં ખાસ કરી હિંદુ બ્હેનોને ત્યાં અતિશય ગંદવાડ જોવામાં આવે છે. જેઓ સુંદર બાંધણીનાં ઘરોને જરા વારમાં બેડોળ બનાવી મુકે છે. લંડનના ગરિબમાં ગરિબ લોકો પણ એક ખાસ અલાયદો ..રૂમ 'દીવીનખાના' તરીકે રાખે છે; જ્યાં બિછાનાં કે એવો ગંદવાડ થવા દેતાં નથી ' પણ 'ડ્રોઇંગ રૂમ' અલગજ રાખે છે.

ગામડાના લોકો પોતાનાં ઝુંપડાં લીંપીગુંપીને એવાં સ્વચ્છ રાખે છે, ને એવી નજીવી ચીજથી પોતાનું ઘર સુન્દર રીતે શણગારે છે કે તે આપણને શહેરનાં મોટાં મકાન કરતાં બી વધારે આનંદ આપે છે. પણ ત્યારે તમોબી કેમ તમારાં ઘર ન શણગારી શકો ? જો ઘર શોભીતું બનાવવું હોય તો લ્યો તેની થોડીક વિગતઃ—

ઘરની વ્યવસ્થા ને સ્વચ્છતા.

ઘરનો સોથી સુંદર શણગાર તેની ગોઠવણ ને સ્વચ્છતા છે. ઘરમાં માત્ર જરૂર પુરતીજ ચીજો હોય, પણ પ્રત્યેક વસ્તુ પૂર્ણ

રીતે સ્વચ્છ હોય તો તે ઘર ઉંચી જાતના સામાનથી ભરેલા પણ ગોઠવણ વગરના ને ગંદા ઘર કરતાં હજાર દરજ્જે બહેતર જાણવાં. કીમતી સામાનને ડાઘા લાગેલા હોય, તે ઉપર બાળકોએ ચાકુથી લીસોટા પાડયા હોય, યા નકશી પર ધૂળ બાઝી હોય તો તે સામાનને બેડાળ બનાવી દે છે, માટે ફરનીચરોને અરીઠાના કે સાબુના પાણીથી થોડે થોડે વખતે ધોવાં, જેથી નકસીમાં ધૂળ ભરાઇ રહેશે નહિ.

ઉપયોગ પહેલાં, પછી શોભા.

શોભામાં પણ સૌંદર્ય કરતાં ઉપયોગ પ્રથમ જોવાનો છે. માટે શોભાને અર્થે ઘરનું ઉપયોગીપણું કદિબી કમી કરવું નહિ. આપણને ઉપયોગમાં ન આવી શક્તી સુંદર ચીજો હોય તે તરફ આપણે લક્ષ આપવું નહિ જોઇએ; પણ આપણા ઘરને દીપે ને યોગ્ય લાગે, તેમજ આંખને આનંદ મળે એવી રીતની ચીજો હોવી જોઇએ; કારણ આંખની અસર મન ઉપર થાય છે, એટલે મન ને તન બંનેને સારા દેખાવથી સુખ મળે છે. બેડાળ ચીજના કરતાં ખુબીદાર ચીજોનું ખરચ ઘણીવાર ભારે પડતું નથી, ને ઘણીવાર આપણે આપણી આવડતથી ને ચાલુ ઉત્સાહથી બેડાળ વસ્તુને વગર ખર્ચે કે ઘણી મહેનત વિના ખુબીદાર કરી શકીએ છીએ.

બારી બારણાં.

બારી બારણાં એ ઘરની આંખો છે. જેમ તેજવન્સા ને સાફ આંખો વડે શરીરનું આરોગ્ય દીસી આવે છે, તેમ શોભીતાં, સ્વચ્છ ને આકર્ષક બારી બારણાં વડે સંભાળથી સારા રાખેલા ઘરની ખાતરી થાય છે. પાટીઆનાં કમાડ કે કાચનાં બારણાં મેલાં હોય, કઠેરા ધૂળથી છવાયલા હોય, ને રંગ રોગાન ઉખડી ગયલા હોય તો ઘરનો દેખાવ બહારથી કેવો લાગે? બારીઓએ કે ગેલરી પર ગંદાં કપડાં કે ગોદડાં લટકતાં હોય તો તે કેવું કમકમાટ ઉપજાવવા જેગ લાગે? પણ એથી ઉલટું જો દરેક ઠેકાણેની બારીઓને પડદા ટાંગ્યા હોય, તો તેજ ઘર કેવું દીપી નીકળે? આ શોભામાં વધારનારી બીજી શોભા ફુલ ઝાડનાં દેખાવડાં કુંડાં કે

છોડવા છે. કારણ અગાસી ઉપર યા બહાર કમ્પાઉન્ડમાં સુશોભીત ઝાડનાં પીકચરો ટાંગવાથી યા તેનાં કુંડાં મૂકવાથી ઘરની શોભામાં ઓર ખી વધારેજ ફાયદો હાંસલ થાય છે.

ભીંત ને તેના રંગો.

ભીંતો ધોળાવવાથી ને રંગાવવાથી તેમની આવરદા વધે છે; ને ઘરને શોભીતું પણ બનાવે છે. કળીચુનાના પાણીમાં જુદા જુદા રંગનાં પડીકાં નાખવાથી ખર્ચ ભારે થતો નથી, ને આંખને આનંદ આપે છે. જે કલર ઉડી જાય કે ઘસાઈ જાય તેનો ઉપયોગ કરવાથી વારંવાર રંગાવવાની ને ખર્ચની ભાંજગડ પડે છે. પાકા રંગ કરાવેલા હોય તો તે લાંબી મુદત ટકે છે. ભીંતોના ને સરસામાનના રંગની પસંદગી કરવામાં ચતુરાઈ જોઇએ છીએ. મુખ્ય ત્રણ કલર–લાલ, પીળો ને વાદળી. આ રંગો જેમ બને તેમ આછા. મીશ્રરંગ સારા લાગે છે. એક ઓરડામાં ભીંતો, સરસામાન વગેરે ચીજો એકજ રંગની હોય યા સર્વે જુદા જુદા રંગની હોય તો તે ઘરને દિપાવે નહિ. માટે આંખને આનંદદાયક થઇ પડે તેવા રંગો કરાવવા.

છબીઓને પરચુરણ સરસામાન.

ડ્રોઈંગ રૂમમાં બિછાનાં રાખવાં નહિ, માત્ર વાતચિત અર્થે ખુરશી અને કોચ કે ગાદી તકીયા રાખવા. તેમજ તેની શોભા અર્થે સારી છબીઓ ટાંગવી એ વધારે સારૂં છે. ડ્રોઈંગ રૂમને શોભાવે એવું નકશી કે રંગબેરંગી ચિત્ર કામ ન હોય તો તેમાં શોભાદાર થોડી ચીજો જરૂર જોઇએ જ ! છબીઓ બનતાં સુધી તદન પ્લેન ને ઉત્તમ જાતની પસંદ કરવી, કે જે જોતાં આપણા વિચારો પણ સુધરી શકે ! હલકી જાતની કે ખરાબ દેખાવની છબીઓની અસર ઘરના માણસની મનોવૃત્તિ ઉપર પણ થાય છે, માટે છબીઓની પસંદગી બહુ વિચાર પૂર્વક જ કરવી જોઇએ. ઘણાં લોકો કેટલીક જાતનો દેખાવડો સામાન ખરીદે છે પણ તેને ખુણે કે વચાળે દાબી રાખે છે; માટે નાલાયક ચીજોને બહાર ફેંકી દઈ, જે સારૂં હોય તેને પકડી યોગ્ય મુજબ ઉપયોગમાં લેવું, એ ઘરની શોભા છે.

અનાજ તથા ખોરાક સાચવવાની રીત.

[લખનારઃ-રા. રા.—ધીરજ.]

બે વાગ્યાનો સમય હતો. સુશીલા પોતાની આઠ વર્ષની પુત્રી રમાને હારમોનિયમની પેટી ઉપર એક સારીગમ શીખવતી હતી. એકાએક તેની બ્હેનપણી કમળા ત્યાં આવી પહોંચી. સુશીલાએ સંગીતકાર્ય બંધ રાખી ખુરસી ઉપરથી ઉઠી તેને આવકાર આપતાં કહ્યું-" આવો, આવો, કમળા બ્હેન, તમે તો હમણાં કાંઈ બહુજ કામમાં ગુંથાઇ ગયાં જણાઓ છો ! આજ બહુ દિવસે તમારાં દર્શન થયાં. એવાં તે શા કામમાં પડયાં છો કે અઠવાડીએ એકાદ કલાકને માટે પણ નથી આવી શકતાં ?"

"શું આવું મારૂં કપાળ ? હમણાં તો મને મરવાનીયે નવરાશ નથી. ઘરનું ગદ્ધાવૈતરૂં ખુટે અને નવરી પડું ત્યારે આવુંને?"

"અહોહો ! બ્હેન, તમારે એકનેજ ઘરનાં કામ હશે કેમ ? બીજાં તે કોઈ કાંઇ ઘર બાંધીને બેઠાં છે ? પણ કહો તો ખરાં કે એવાં શાં નવાં કામ આદર્યાં છે ?"

"નવાં શાનાં ધૂળનાં ? એ તો એનાં એજ ! ઘરના તમામ દાણા સળી ગયા છે, તે સાફ કરવામાં આખો દહાડો જાય છે. આદમીને છે કાંઈ ફીકર ? બાઈડીની જાતને બધીયે પીડા !"

"એમાં પીડા શાની ? આપણે ભૂલ કરીએ, તેનું ફળ આપણે ભોગવવું જ પડે !"

"દાણા સળે તેમાં આપણી ભૂલ ?"

"હાજતો."

"રાખો, રાખો, તમે તો જ્યારે ને ત્યારે આવીજ વાતો કરો છો. દાણા ન સળે ત્યારે શું સાંબેલું સળે ?"

"સાંબેલું તો ન સળે; પણ કાળજી રાખીએ તો દાણાએ

ન સળે. જુઓ, સાંભળો. આ વાતાવરણમાં અસંખ્ય જીવો નિરંતર ફર્યા કરે છે; તેમાંના કેટલાક તો એવા ઝીણા છે કે તે નજરે દેખી શકાતા પણ નથી. તેમને અનુકૂળ સંજોગો–ગરમી તથા ભેજ–મળવાથી તેઓ વૃદ્ધિ પામે છે. આપણને મનુષ્ય પ્રાણીને જેમ હવા, ખોરાક તથા પાણીની જરૂર છે, તેમ એ જીવોને પણ પોષક પદાર્થોની જરૂર છે. જ્યાં તેમને પોષણ મળે છે ત્યાં તેઓ પોતાનાં ઘર વસાવે છે અને સંખ્યાબંધ ઉત્પન્ન થઈ તેમના જીવનનું પરિણામ સહજમાં આપણી નજરે લાવે છે. જેવું તેમનું જન્મકાર્ય મોટી સંખ્યામાં છે, તેવોજ તેમનો નાશ પણ જલદી થાય છે; પરંતુ એ નાશના ઉપાય આપણે જાણવા જોઈએ. મચ્છર, ચાંચડ વગેરે હવાના સાધારણ જીવો રોગને ફેલાવવાનું કાર્ય કરીને આપણને જેમ આપણી અસાવધતાનું ફળ ચખાડે છે; તેમ કેટલાક ઝીણા જીવો ખોરાક વગેરેનો બગાડ કરીને માણસોના શરીરમાં રોગની ઉત્પત્તિને અનુકૂળ સ્થાન તૈયાર કરી આપે છે. દરેક જીવની જીવનક્રિયા માટે એક સરખો નિયમ નથી; પરંતુ ગરમી અને ભેજનો અટકાવ તો સામાન્ય સૂક્ષ્મજીવને પ્રતિકૂળ છે, અને તેથી આપણામાં અનાજને ગરમી તથા ભેજથી દૂર રાખવાનો ચાલ છે. લોકો ઘઉં, મગ, ચણા વગેરે ધાન્યોને તડકો ખવરાવી રેતીના થરમાં કે લીંબડાના પાનના થરમાં ભરી રાખે છે, તેથી તેમાં જીવજંતુ પડતાં નથી. સૂક્ષ્મ જીવોને જીવવા માટે જેટલી ગરમીની જરૂર છે, તેટલી ગરમી જો તેમને ન મળે તો તેઓ જીવી શકે નહિ; માટે બ્હેન ! ફસલ ભરીએ તે વખતેજ અનાજને તડકો ખવરાવી પછી છાણની રાખમાં મેળવી ઘરમાં તાપ ન લાગે એવે સ્થળે રેતીના થરમાં દબાવીએ તો સળવાની પીડા રહે નહિ. પરંપરાથી આપણાં હિન્દુ કુટુંબમાં અનાજ સાચવી રાખવાની કળા ઓછેવત્તે અંશે ચાલી આવે છે ખરી; પણ અત્યારના સમયે ફસલ ભરવાની કે ખોરાક સાચવી રાખવાની રીત ઘણી થોડી બ્હેનો જાણે છે. હાલની સ્ત્રીકેળવણીમાં આ અગત્યના વિષયને સ્થાન મળ્યું નથી અને હિન્દુકુટુંબો વિભક્ત થઈ જવાથી આપણા

જેવી જુવાન બૈરીઓને વૃદ્ધ સ્ત્રીઓના અનુભવોનો લાભ મળતો અટકયો છે; એટલે આવી સાધારણ બાબતને પણ ચર્ચવાની આવશ્યકતા આજે ઉભી થઇ છે. દરેક અનાજના કણમાંથી પાણી-નો ભાગ જતો રહે છે અને સુકાપણું તેમાં આવે છે, ત્યારેજ તેનો સંગ્રહ થઇ શકે છે. શાક ભાજીની સુકવણી કરીને વાપરવાનો રિવાજ આપણામાં જાણીતો છે. ગુવાર, ભીંડાં, કારેલાં, ફુદીનો, મરચાં, કોથમીર વગેરેને સુકવીને આપણે વાપરીએ છીએ. સુકા પદાર્થો ઉપર સૂક્ષ્મ જંતુઓ ઝેરી અસર નીપજાવી શકતાં નથી. જે ખોરાકમાં જળનો ભાગ વધારે હોય છે તે ખોરાક જલદી બગડે છે. રોટલી કરતાં ભાત તથા ખીચડી વહેલાં ઉતરી જાય છે એ શું તમે નથી જાણતાં? કેટલાક ઝીણા જીવોને ઉષ્ણતામાન અનુકૂળ છે. અને તેથી શિયાળા કે ચોમાસા કરતાં ઉનાળામાં ખાદ્ય પદાર્થો વહેલા બગડી જાય છે; માટે ખોરાકને ગરમીમાં રહેવા દેવો એ સલામતી ભરેલું નથી. ખોરાક કેમ બગડે છે એ બાબતનું રીતસરનું જ્ઞાન ઘણી બ્હેનોને નથી હોતું. હવામાં ભમતા સૂક્ષ્મ જીવો ખોરાકને બગાડે છે અને બગડેલો ખોરાક માણસના શરીરને નુકસાન કરે છે, માટે એ જ્ઞાન મેળવવાની ખાસ જરૂર છે."

"સુકવણું સિવાય ખોરાકને સાચવી રાખવાની બીજી કોઇ રીત છે?"

"હા, તે પણ કહું છું. પ્રથમ અનાજની વાત પૂરી કરી લઉં, પછી બીજી શરૂ કરૂં. ઝીણા જંતુઓનો નાશ કરનારી રસકપુર, ટંકણ-ખાર વગેરે જેવી કેટલીક દવાઓ છે; પણ તેનો ઉપયોગ કરવામાં બહુ સાવધતા રાખવાની હોવાથી હું એ વાપરવાની ભલામણ નથી કરતી. અનાજને સાચવી રાખવામાં પારો ઉપયોગી છે. વળી તેલ કે એરંડીયાનો પટ લગાડવાથી પણ અનાજ સળતાં નથી. ખોરાકને બગડતો અટકાવવા માટે મીઠું ઉપયોગી છે. આમલીને મીઠામાં ચોળીને રાખવાથી તેમાં જીવ ઉત્પન્ન થતા નથી. મરચાં, આદું વગેરે કેટલાક પદાર્થો મીઠાની મેળવણીથી કોહી જતા

નથી. ગરમર, કેરાં, કેરી, ગુંદાં, ચીભડાં વગેરે મીઠાના પાણીમાં ડુબાવી રાખવાથી જેવાં ને તેવાં રહી શકે છે. ઝીણા જંતુઓના નાશની સામે મીઠું જેમ રામબાણ શસ્ત્ર છે, તેમ ખટાશ પણ કોહવાણને અટકાવે છે. ખારેક, આદુ, હળદર, મરચાં વગેરે ખટાશમાં લાંબા વખત સુધી સારી હાલતમાં રહી શકે છે. તેલ અને ખટાશના સહયોગથી અથાણાંને આપણે કેવાં સાચવી શકીએ છીએ ? કુદરત આપણને ઘણું શીખવે છે; પણ તે શીખવાની દરકાર આપણે રાખતાં નથી. પશ્ચિમના લોકો એવી બેદરકારી વાપરતા નથી. તેમણે દૂધ જેવા પ્રવાહી પદાર્થને ઘટ્ટ બનાવી સાચવી રાખવાના કાર્યમાં તો કમાલ કરી છે !"

"હા, બ્હેન ! એ વાતનું તો મનેય આશ્ચર્ય થાય છે. દૂધના ડબ્બાઓમાં કેમ જીવાત નહિ પડતી હોય ?

"કેટલાક ઝીણા જીવોને ગળપણ સાથે વેર હોય છે. દૂધમાંથી પાણીનો ભાગ ઉડાવી દીધા પછી તેમાં સાકરનું મિશ્રણ કરે છે એટલે જંતુઓ તેનાથી દૂર નાસે છે. મીઠાઈવાળાની દુકાને તેલમાં તળેલા પદાર્થો અને ચાસણીમાં બળેલા પદાર્થો વધારે મુદ્દત સુધી જેવા ને તેવા જળવાઈ રહે છે એ ઠેકાણે નથી જોયું? વળી ફ્રુટવાળાની દુકાને જઈને જુઓ તો જે ફળોમાં અને મેવાઓમાં ગળપણનો અંશ વધારે હોય છે તે ફળો અને મેવાઓ સારી હાલતમાં રહેલા જણાઈ આવે છે. વૈદ્ય લોકો આંબળાના અંવલેહ તથા ગુલકંદ વગેરે બનાવી સાચવી શકે છે, તે પણ સાકરના જંતુઘ્ન ગુણને લીધેજ. આમ સૂક્ષ્મ જીવોથી અનાજ-ખોરાક બચાવવાની રીત છેક સાદી છતાં બહુ રસુજી છે; પણ તે તરફ ઘણી થોડી બ્હેનો લક્ષ આપે છે. જો તમે તમારાં અનાજને યોગ્ય રીતે ભર્યાં હોત. તો આજે તે સળી ગયાં હોત નહિ. હવેથી આ વાત ખાસ ધ્યાનમાં રાખજો."

"સુશીલા બ્હેન ! આજે તમે બહુ મજાની વાત કરી. આ વાત હું કદી નહિ ભુલું." થોડીવાર પછી કમળા પોતાને ઘેર ગઈ અને સુશીલાએ પાછું પુત્રીને સંગિતશિક્ષણ આપવા માંડયું.

અંગ્રેજ લોકોની ગૃહવ્યવસ્થા.

(મરેઠી ઉપરથી અનુવાદ.)

આપણે સૌ ઘણાં વર્ષોથી અંગ્રેજ લોકોના સહવાસમાં આવ્યા છીયે તો પણ તેમનાં ઘરોમાં સાધારણ રીતે કામકાજ કેમ ચાલતું હશે તેનો ખ્યાલ આપણને બિલકુલ નથી. આપણા મનમાં તો એમજ ભરાઈ ગયું લાગે છે કે મડમ તો ઘરમાં બેસી જ રહેતી હશે, અને કાંઈજ કામ હાથે કરતી નહિ હોય. જો કોઈ બૈરીને ઘરકામ ના આવડતું હોય, અને તે ભપકો મારી બેસી રહેતી હોય, તો આપણામાં એમ કહેવાય છે કે એ તો મડમ થઈ ગઈ. પણ આ ખ્યાલ ખોટો છે. કદાચ અહિં આવેલા થોડા અમલદાર વર્ગના સાહેબોના ઘર ઉપરથી આ ખ્યાલ પડ્યો હશે. પણ ખરી રીતે તો મડમો બહુ ઉદ્યોગી હોય છે, અને તેમના ઘરના કારભારમાંથી આપણે ઘણું શીખવાનું છે. એમના ગૃહકાર્યનો ખરો ખ્યાલ મરાઠીમાં પ્રૉ. શ્રીપાદ લક્ષ્મણ આજરેકરે આપેલો છે, તે ઘણો સરસ હોવાથી અહિં તેનું ભાષાંતર આપ્યું છે.

ઇંગ્લંડમાં શહેરો અને ઘરો કેવાં દેખાય છે તેનો ખ્યાલ મુંબઈના કોટના રસ્તાઓ ઉપરથી આવે તેમ છે. મોટા રસ્તા, રસ્તાની બે તરફ પગરસ્તો, ઘરો મોટાં અને ઉંચાં, પાસે પાસે છતાં હવાદાર રસ્તા સાફ અને ચોખ્ખા. ત્યાં રસ્તા ઉપર ઘરનો કચરો નાંખી શકાતો નથી. દરેક ઘરનો કચરો એક વાસણમાં ભરીને બારણા આગળ રાખી મુકવામાં આવે છે. તે નિયમિત વખતે કચરાપટ્ટીના ગાડાવાળા આવીને ભરી જાય છે. શહેરની ચોખ્ખાઈ ત્યાં ઘણી હોય છે.

દરેક ઘરની અંદર ઓરડા પણ વધારે હોય છે. સાધારણ રીતે દરેક માણસને સુવા માટે જુદો ખંડ હોય છે. ઘર મોટાં હોય છે ખરાં, પણ તેમાં માણસો બહુ નથી વસતાં. પેસતાવાર મોટી ખડકી હોય છે. તેની જમીન ઉપર ઘણું ખરૂં લાકડાં જડેલાં હોય છે, અને તેના ઉપર શેતરંજી કે ગાલીચો પાથરેલો હોય છે. વળી ત્યાં ખુરશી ટેબલ પડદા વગેરે ગોઠવેલા હોય છે. છબીઓ વગેરે મૂકી આ ખંડ શણગારેલો હોય છે. આ તેમનું

દીવાનખાનું. તેમાં તેઓ ગમે તેમ લુગડાં ખીંટીપર લટકાવતા નથી. વળી તેમને ફુલઝાડનો બહુ શોખ હોય છે, અને દીવાનખાનામાં ફુલદાન, કુંડાં વગેરે ગોઠવી, બધું બહુજ સુંદર બનાવે છે.

અંગ્રેજ લોકોમાં એકત્ર કુટુંબનો રીવાજ નહિ હોવાથી તેમનું કુટુંબ બહુ નાનું હોય છે. સાધારણરીતે ધણી ધણીયાણી અને બાળકો એટલાંજ એક કુટુંબમાં હોય છે. સામાન્ય સ્થિતિવાળા કુટુંબના ઘરમાં દીવાનખાના ઉપરાંત, દરેક પુખ્ત પુરૂષનો એક એક ઓરડો હોય છે તથા બાળકો માટે એક બાળગૃહ (નર્સરી), એક રસોડું તથા જમવાનો ખંડ, એક કોઠાર, તથા એક મહેમાનો માટેનો ખંડ હોય છે. અહિંના સાહેબ લોકોને ત્યાં બહુ ચાકરો હોય છે તે ઉપરથી એમ ના ધારવું કે ઇંગ્લંડમાં પણ તેમજ હશે. ઘણા ખરા કુટુંબમાં તો ફક્ત એક “ સર્વ કામ કરનાર ચાકર ”થી ચલાવી લેવામાં આવે છે. તે ઘણું ખરૂં એક કુંવારી સ્ત્રી હોય છે તે ઘરમાંજ રહે છે ને ખાય છે. પણ તેને પણ એક જુદી ઓરડી આપવામાં આવે છે. મહેમાનો માટે ખંડ હોય છે એમ ઉપર જણાવ્યું તેથી કોઇને અચંબો લાગશે. સામાન્યરીતે એમ કહેવાય છે કે અંગ્રેજોમાં મહેમાનગીરીનો રીવાજ નથી. ત્યાં તો હોટલો હોય છે ત્યાંજ પરગામીયો ઉતરે. પણ ખરી વાત એ છે કે અજાણ્યાઓ અથવા જરાજરા ઓળખાણવાળા એક બીજાને ત્યાં મહેમાન થતા નથી એ વાત ખરી, પણ પોતાની મિત્રમંડળીને વારંવાર નોતરવાનો ત્યાં રીવાજ છે. અને આ મહેમાનોને માટે જુદા ખંડ રાખવામાં આવે છે.

નાનાં બાળકો માટે બાળગૃહ (નર્સરી) એટલે શું તેની આપણામાંનાં ઘણાને સમજણ પડશે નહિ. ઇંગ્લંડમાં બાળકોને છેક નાનપણથીજ ખાસ જુદી રીતભાત શીખવવામાં આવે છે. તેઓ આખો દહાડો માની પાછળ ભટકીને માના કામમાં અડચણ કરતાં નથી. તેમને માટે બેસવા રમવા તથા વાંચવા સૂવાનો ખાસ જુદોજ ઓરડો રાખેલો હોય છે. ત્યાં તેમનાં માબાપ વારંવાર થોડા થોડા સમયે આવે જાય છે. તેમનાં રમકડાં તથા પુસ્તકો પણ આ ખંડમાંજ હોય છે. રાત્રે આઠ વાગતે દરેક નાના બાળકને આ ઓરડામાં મોકલી દેવામાં આવે છે. તેમને તે વખતે ઉંઘ ના આવે તો થોડું વાંચીને કે રમીને ઉંઘી જાય. પણ મોટાઓ બેઠા હોય ત્યાં તો જાયજ નહિ. મોટાઓ તો છેક મોડાં ઉંઘે. પણ નાનાં છોકરાંઓને આ પ્રમાણે તેમના બાળગૃહમાં વહેલાં મોકલી દેવામાં આવે છે.

અંગ્રેજ લોકોની સુવ્યવસ્થા અને ટાપટીપનો અનુભવ તો આપણને અહિં પણ થાય છે. આ સુવ્યવસ્થા એમના ઘરની નાનામાં નાની બાબતમાં પણ જોવામાં આવે છે. ઘરનાં સર્વ કામ વ્યવસ્થા પૂર્વક અને નિયમિતપણે કરવામાં આવે છે. સ્ત્રીઓ સવારે ૭ થી સાત વાગ્યા સુધીમાં ઉઠે છે. તેઓ રાત્રે મોડા સુનારાં હોવાથી સહવારે અતિશય વહેલાં ઉઠી શકતાં નથી. સવારે ઉઠીને ઘર સાફ કરે છે. ફક્ત ઝાડુ મારવાથીજ એમનું ઘર સાફ થતું નથી. પણ તેઓ ખુરશી ટેબલ વગેરે દરેક ચીજ કપડાથી લુછીને બહુ સાફ રાખે છે. આપણાં ઘરોમાં જાળાં, બાઉઆ દેખાય છે તેવાં અંગ્રેજોનાં ઘરોમાં જોવામાં નથી આવતાં. પછી સવારના નાસ્તાની તૈયારી કરે છે. સુવાના ખંડનો ઉપયોગ દિવસે થતો નથી. તેથી સવારના તે સાફ કરી :પથારીઓને હવા ખવડાવવામાં આવે છે. ચાદર ગલેફ પણ બહુજ ચોખ્ખાં હોય છે.

ઈંગ્લંડમાં દિવસમાં ચાર વાર ભોજન થાય છે. એક સવારે આઠથી નવ સુધીમાં નાસ્તો (બ્રેક ફાસ્ટ), બપોરે એક બે વાગે જમણ (ડીનર), પાંચેક વાગે ચહા (ટી) અને રાત્રે આઠ નવ વાગે વાળુ (સપર). કોઈક ઠેકાણે આઠ વાગે જમણ થાય છે, તો બે વાગે છોટા હાજરી (લંચ) કરવામાં આવે છે. આ સર્વમાં "જમણ" તે તેમનું મુખ્ય ખાણું છે. બાકીનામાં આછી આછી વાનીયો હોય છે. પાંચ વાગે ચહા પણ તેઓ કદી એકલી પીતા નથી. તેની સાથે પુષ્કળ ખાવાનું હોય છે. આ ભોજનોના સમયને અનુસરીને નિશાળ તથા ઑફીસનો વખત રાખેલો હોય છે. સવારના નવેક વાગ્યાથી તે સાંજના સાતેક સુધીમાં આ વખત હોય છે અને વચમાં "જમણ" માટે બે વાગનાં કલાકની છુટી હોય છે. ભૂખે પેટે તેઓ કાંઈ કામ કરતા નથી.

સવારનો નાસ્તો કર્યા પછી પુરૂષો ધંધો કરવા જાય છે, છોકરાં નિશાળે જાય છે, અને સ્ત્રી વર્ગ ઘરકામ તથા બપોરના જમણની તૈયારી કરવામાં રોકાય છે. અહિંની માફક ત્યાં પુરૂષો તથા સ્ત્રીઓ જુદા જુદા જમવા બેસતાં નથી. રસોઈ તૈયાર થયા પછી બધાં સાથેજ ભોજન કરે છે. તેઓ ટેબલ ઉપર જમે છે. ટેબલ ઉપર એક સફેદ ચાદર પાથરીને તે ઉપર રકાબીઓ ગોઠવી દે છે. રસોઈ કરેલી બધી ટેબલ ઉપર વચમાં ગોઠવી દે છે અને તેમાંથી જેને જોઇએ તેટલું લે છે, અથવા તો ઘરનું મુખ્ય માણસ બધાને તેમાંથી જોઇએ તેટલું આપે છે. દરેક વાની માટે જુદી તાસક અને જુદા છરી કાંટા ચમચા હોય છે. બધી વાનાઓ એક સામટી પીરસવામાં આવતી નથી, પણ એક પછી એક પીરસાય છે. દર વખતે ખાધેલી તાસકો વગેરે બધું

બાજુ ઉપર ખસેડી નાખવામાં આવે છે. તેમનું આ કામ બહુ મોટું થઈ જાય છે. ચાદર ઉપર ગંદવાડ પાડવામાં આવતો નથી, અને દર અઠવાડીયે તે બદલવામાં આવે છે. જમતી વખતે બધાં સુમસામ બેસી રહેતાં નથી, પણ હસીને વાતો કરતાં કરતાં આનંદથી જમે છે. વર્તમાનપત્રોમાંના વાતો, બહારની વાતો, તથા એકમેકની મશ્કરી તે વખતે ચાલે છે. આ સર્વમાં સ્ત્રીઓ તથા પુરૂષો સરખો ભાગ લે છે. સ્ત્રીઓનું કામ તો ફક્ત રસોઈજ કરવાનું છે, અને બાકીની વાતોમાં તે કાંઈ સમજે નહિ, એવું ત્યાં માનવામાં નથી આવતું. ત્યાં લગ્ન થયા પૂર્વે કન્યાઓને સારી કેળવણી મળેલી હોય છે, અને પુરૂષો તેમનો દરજ્જો ઉતરતો ગણતા નથી. એટલે દરેક વાતમાં તે ભાગ લે છે, અને સમજે છે. આ કારણોને લીધે અંગ્રેજી કુટુંબમાં સ્ત્રી પુરૂષ વચ્ચે ગાઢ પ્રેમ દેખાય છે, તથા બન્ને વચ્ચેના વ્યવહારમાં નિખાલસપણું પણ લાગે છે.

આપણા લોકોને સ્ત્રીઓને કેળવણી આપવા સામે એક વાંધો એ લાગે છે કે છોકરીઓ ભણે છે એટલે ઘરકામમાં લક્ષ રહેતું નથી. તેઓ ચોપડીયોજ વાંચ્યાં કરે છે, અથવા તો તેમને ફરવા જવાનું કે મેળાવડાંમાં જવાનું બહુ મન થયા કરે છે. પણ ઈગ્લંડમાં તો બાઈયો શિક્ષણ લે છે તોપણ બધું ઘરકામ આનંદથી કરે છે. ત્યાં ઘરકામ કાંઈ અહિં કરતાં ઓછું નથી. વળી ત્યાં તો ઘરકામમાં જોઈતી ચીજોની ખરીદી કરવા પણ સ્ત્રીઓજ બજારમાં જાય છે. નાનાં બાળકોનાં કપડાં પણ તેઓ હાથેજ શીવે છે. અને તે ઉપરાંત વાંચવાનો, સંગીતનો કે બીજી કોઈ લલિત કળાનો અભ્યાસ પણ ચાલુ રાખે છે. તેઓ ફરવા જવા માટે પણ સમય કાઢી શકે છે. આ બધાનું કારણ તેમનું ઉત્તમ શિક્ષણ તથા તે સાથે સુવ્યવસ્થાનું તથા વખતની કીંમતનું મળેલું જ્ઞાન છે.

ત્યાં ઘર વ્યવસ્થામાં જે નિયમિતપણું તથા કામની વ્હેંચણી જોવામાં આવે છે તે અહિં મોટી મોટી ઑફીસોમાં પણ નથી હોતી. દરેક કામ નીમેલે વખતેજ કરવામાં આવે છે, અને દરેક માણસને તેના ગજાપુરતું કામ વ્હેંચી આપવામાં આવે છે. સાફસુફ કરવું, રસોઈ બનાવવી, વગેરે જે નિત્ય કાર્ય હોય છે તે ઘડીયાળ માફક નિયમિત રિતેજ થાય છે. એક કામ પાછળ બે માણસો દોડીને નકામો વખત ગુમાવતા નથી. પોતાનું કામ દરેક જણ વખતસર કરે જ છે. આથી નોકર લોકોને પણ સુખ પડે છે, તથા જેનો વાંક હોય તે તરત પકડાઈ આવે છે, અને તે સુધારી શકાય છે.

અને રોજનું કામ રોજ થતું હોવાથી કામ તથા કચરો ભેગાં થતાં નથી. વળી ઘરમાંજ આ સુવ્યવસ્થાની ટેવ પડવાથી બાળકો પણ બધું વ્યવસ્થિતપણું શીખે છે, અને તેથી મોટી વયમાં તેમને લાભ થાય છે.

રસોડામાં પણ બધી વસ્તુઓ વ્યવસ્થાપૂર્વક ગોઠવેલી હોય છે. ડાક્તરના દવાખાનામાં જે પ્રમાણે દવાઓ ગોઠવણી બંધ મુકેલી હોય છે તેવીજ રીતે રસોડામાં દરેક ચીજ તથા સાહિત્ય ગોઠવેલાં હોય છે, વળી રસોઈ પણ કંપાઉંડરની માફક સાચવણીથી કરવામાં આવે છે. ત્યાં પાકશાસ્ત્રનું જ્ઞાન પણ આગળ વધેલું છે. અમુક વખતે અમુક ધાન તૈયાર થવુંજ જોઈએ, એમ તે જાણે છે અને ઘડીયાળની મદદથી રસોઈ કરે છે. તાપ પણ કેટલો જોઈયે તે નક્કી થએલું છે, અને થરમામીટરની મદદ પણ તેઓ લે છે. તે રીતે તેઓ બળતણનો તથા બીજી ચીજોનો બચાવ કરી શકે છે. એ મુજબ પ્રયોગશાળા પ્રમાણે ત્યાંનાં રસોડામાં કામ થાય છે, અને તેથી ત્યાંની સ્ત્રીઓનાં મન પણ બહુ કેળવાય છે. કોઈ ચીજ સારી થઈ તો થઈ, નહિ તો નજર લાગી હશે એમ નહિ, પણ ના થાય તો તેનાં કારણો શોધી શકે છે, અને તેમના મનમાં જરાયે વહેમ રહેતો નથી.

ઘરનાં કેટલાંએક કામ દરરોજ કરવાની જરૂર હોતી નથી. આવાં કામો માટે ત્યાં અમુક દિવસ ઠરાવેલો હોય છે. તે દિવસોએ તે કામ જરૂર કરવામાં આવે જ છે. દાખલા તરીકે જાળાં પાડી જમીન ધોઈ સાફ કરવાનો દિવસ, કપડાં, ચાદરો વગેરે ધોવાનો દિવસ. ઘણાં સામાન્ય કુટુંબોમાં ઘેરજ ભઠ્ઠી કરીને કપડાં ધોવામાં આવે છે. દરેક જણ પોતાનાં મેલાં કપડાં એક કરંડીયામાં રાખે છે, અને ઠેરવેલે દિવસે તે ગણી લખીને ધોવા આપે છે. તેમાં પણ વ્યવસ્થા જોવામાં આવે છે. કપડાંનો ગોટાળો થઈ જતો નથી. બજારમાં ખરીદી કરવાનો પણ દરેક કુટુંબમાં અઠવાડીઆમાં એક દિવસ ઠરાવેલો હોય છે. તે દિવસે ઘરની મુખ્ય બાઈ–ગૃહિણી–જાતેજ બજારમાં જાય છે. ઘરમાં જોઈતી બધી ચીજો તે દિવસે લાવે છે. ત્યાંની દુકાનોમાં પણ માલ બધો વ્યવસ્થાપૂર્વક ગોઠવેલો હોય છે, અને દુકાનદાર બહુજ સભ્યતાથી તથા કાળજીપૂર્વક ઘરાક સાથે વાત કરે છે. તેથી ત્યાં જરાયે વખત બગડતો નથી. બધી વસ્તુઓ એકજ ઠરેલા ભાવે વેચાય છે, એટલે કીંમત ઠરાવવાની રકઝક પણ કરવી પડતી નથી.

આ પ્રમાણે બધું કામ વ્યવસ્થાપૂર્વક ચાલતું હોવાથી, દરેક જણને ફુરસદ પણ બહુ મળી શકે છે. અને પોતાનું કામ પરવાર્યા પછી, દરેક

જણ પોતાનો વખત મરજી મુજબ ગાળે તેમાં કોઈ પંચાત કરતું નથી. વાંચવું, ગાયન કરવું, ભરવું ગુંથવું કે વાર્તાવિનોદ કરવો, એમ કાંઈ કાંઈ ઉદ્યમ દરેક જણ નવરાશના સમયમાં કરે છે. ગોઠવણબંધ કામ કરવાથી, કામ વધારે થાય છે, સારૂં થાય છે, તેમ ફુરસદ તેમજ વિશ્રાંતિ પણ વધારે મળે છે. દરેક જણને કામ કર્યા પછી વિશ્રાંતિની જરૂર છે એ વાત ઈગ્લંડમાં સૌ કબુલ રાખે છે, અને સ્ત્રીઓને પણ વિશ્રાંતિની જરૂર છે એમ સ્વીકારે છે. ખુલ્લી હવામાં ફરવા જવાની, સૃષ્ટિસૌંદર્ય જોવાની, તેમજ મુસાફરી કરીને કોઈ જોવા લાયક સ્થળે જવાની, સ્ત્રીઓને પુરૂષોના જેટલીજ ત્યાં છુટ છે. ખુલ્લી હવાના અંગ્રેજ લોક બહુજ શોખીન છે અને સ્ત્રીઓ એકલી અથવા તો પુરૂષ મંડળી સાથે ફરવા નિકળે છે. નાનાં બાળકોને પણ તેઓ ફરવા લઈ જાય છે. બહાર ફરવા જવાની રીત આપણા દેશમાં દાખલ કરવાની બહુ જરૂર છે.

રાત્રે આઠ વાગતામાં બાળકોને સુવાડી દીધા પછી, મોટી મંડળી અગી-યાર બાર વાગતાં સુધી, કામકાજથી પરવારીને એક બીજા સાથે આનંદ ગોષ્ટી કરે છે. તે વખતે ગાયન ચાલે છે કે કંઈ રમતો પણ રમવામાં આવે છે. રવીવારે ઈગ્લંડમાં બધાં આરામ લે છે. તે દિવસે દુકાનો પણ બંધ રહે છે, અને સૌ કોઈ, ખરેખરો આરામ લઈ આખા અઠવાડીયાનો થાક ઉતારી નાંખે છે. તે સિવાય વર્ષમાં તહેવાર કે રજાઓ આવે છે ત્યારે બધાં કોઈ જોવા લાયક સ્થળે અથવા હવા ખાવાને સ્થળે ઉપડી જાય છે. સ્ત્રીઓને પણ સાથેજ લેવામાં આવે છે, આપણી પેઠે ઘેર ગોંધી રાખવામાં નથી આવતી.

ઈગ્લંડમાં ઘર એટલે રહેવાનું અને જમવાનું સ્થાન માત્ર નહિ, પણ સંબંધીઓના પ્રેમ સહવાસનું એક સ્વચ્છ સ્થળ છે. સ્વચ્છતા, વ્યવસ્થા, અને મતા ત્યાં જોવામાં આવે છે. આવું ઘર હોય ત્યારેજ Home, Sweet Home અને No place like Home, એ કવિતાનો અર્થ સમજાય. આપણા કેળવાયલા લોકોએ આ વાત ઉપર વિચાર કરીને ઘરની વ્યવસ્થા કરવાની જરૂર છે. ગોઠવણી તથા કાર્યવિભાગ અને નિયમિત-પણાથી સ્ત્રીઓનો ઘણો સમય બચાવી શકાશે. કેળવાયલી સ્ત્રીઓએ તો આ બાબત જરૂર પગલાં ભરવાંજ જોઈએ.

ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ.

ગૃહવિજ્ઞાન એ શીખવવા લાયક વિષય છે, એમ તો હવે કબૂલ થતું જાય છે, અને જુદી જુદી કન્યાશાળાઓમાં તે વિષય શીખવાતો પણ જાય છે. અમદાવાદ વનિતાવિશ્રામ મહિલા વિદ્યાલયમાં આ વિષય પદ્ધતિસર શીખવાય છે. અને છેલ્લાં કેટલાંએક વર્ષોના અનુભવ ઉપરથી ત્યાં છેલ્લાં ત્રણ વર્ષ માટે જે અભ્યાસક્રમ ઘડી કાઢયો છે, તે બીજાને લાભદાયી થઈ પડે તે હેતુથી અત્રે આપવામાં આવે છે.

આ ક્રમ તેર વર્ષ અને તેથી ઉપરની કન્યાઓ માટે છે. આ કન્યાઓએ રસાયનશાસ્ત્ર તથા શરીરશાસ્ત્ર, અને પદાર્થશાસ્ત્રનું પ્રાથમિક જ્ઞાન અત્યાર સુધીમાં મેળવેલું હોય છે, આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે.

અત્યારે આ વિષય શીખવા માટે ગુજરાતીમાં જોઇયે તેવાં પુસ્તકો નથી. આપણે આશા રાખીશું કે આ ખોટ હવે ઉતાવળે પુરી પડશે.

વર્ષ ૧ લું (ઉમર ૧૩)

ગૃહવિજ્ઞાન.

વસ્ત્ર સંબંધી:—

વસ્ત્ર, તેની જરૂર, ઉપયોગ અને ઘાટ; તંતુના પ્રકાર, ગુણદોષની પરીક્ષા, કપડાંનો વણાટ, ઋતુવાર ઉપયોગ અને પસંદગી, વસ્ત્રસંભાળ—સુધારવાં, ટાંકવાં, ડાઘ કાઢવા, અને ધોવાં; સાબુની બનાવટ અને ઉપયોગ; પાસ દેવો અને રંગવું, ઇસ્ત્રી કરવી અને ગડી વાળવી, કાંજી અને ગળીનો ઉપયોગ, વાંત્રી અને તેનો નાશ, તડકો ખવડાવવો.

રહેઠાણ સંબંધી:—

રહેઠાણ, તેનો ઉદ્દેશ અને વિકાસ, મકાન બાંધવાના પદાર્થ અને તેમના ગુણદોષ, પદાર્થના સામાન્ય અને વિશેષ ગુણ, લાદી અને લીંપણ, ચુનો અને રંગ.

બળ અને ગતિના નિયમ, પ્રકાશ અને કિરણ, પરાવર્તન અને વક્રીવન, પદાર્થ અને તેની છબી, ચશ્મા અને આંખ, અવકાશ અને હવા,

ઓટલા, પરસાળ, ચોક, છજું, બારીબારણાં, તેમની દિશા, ઓરડા, રસોડાની ગોઠવણ, ચુલા અને ભુંગળાં કે જાળીઆં, વાડી અને વાડા.

હવા અને તેનું ફૂલવું, હવાની આવજા અને પવન, ઓકિસજન, નાઈટ્રોજન અને અંગારવાયુ, હવાનાં ભાર અને વજન, હવામાં ભેજ અને તેનું માપ.

જાજરૂ અને મોરી, ખાળ અને ખાળકુવાની સ્વચ્છતા, જંતુનાશક દવા, છાપરૂં અને અગાશી, ટાંકાં, કુવા અને નળ, ઝરા અને નદી વિગેરેનું પાણી, તેના સ્વાદ અને ચોકખાઇ, દ્રવ અને ધોળ, કાંપ અને નિપાત, તારવું અને ગાળવું.

બત્તી અને તેની સંભાળ, તેલ અને કેશાકર્ષણ, જળ, તેનું દબાણ અને ઉપયોગ, બકનળી, તરવું અને તારકશક્તિ, બંબ અને અવકાશ.

બીજું વર્ષ.

ખોરાક–રસાયન અને પદાર્થવિજ્ઞાનઃ–ખોરાક, તેની જરૂર અને ધર્મ, ખાદ્ય પદાર્થોનું વર્ગીકરણ, દુધ અને બાલકનો ખોરાક, ગરમી, તેની ઉત્પત્તિ અને પદાર્થપર તેની અસર, ગુપ્ત ગરમી અને વિશિષ્ટ ગરમી, ઉષ્મામાન અને ઉષ્માંક, ગરમીનો પ્રસાર, મંદ અને શીઘ્ર વાહક પદાર્થ.

પદાર્થ, તેની શુદ્ધિના રીતો, વિસ્યન્દન અને સ્ફટીકરણ. ઉપકરણ, તેના બનાવટ અને ગોઠવણ, કાચ કાપવો, ભાગવો, વાળવો, કાના કરવા અને ફુલાવવા.

ગરમીમાપક યંત્ર અને તેની બનાવટ, પ્રાકૃતિક અને રાસાયનિક વિકાર. સંયોગ અને મિશ્રણ, અણુ અને પરમાણુ, પૃથકરણ અને વિઘટન, વિશ્લેષણ અને સંયોગીકરણ; હવા અને પ્રાણવાયુ, ભસ્મ અને દહન, કાટ, ધાતુઓ અને ભસ્મ, કાર્બન અને તેનાં રૂપ, અગ્નિ અને જ્વાલા, લાકડું અને કોયલો, રાંધવું અને તેનાં કારણો, રાંધવાની જુદી જુદી રીતો અને તેના લાભાલાભ. શર્કરા અને ધાન્યના ખેળ સાથે મિશ્રણ, ખેળ, તેની રચના અને રાંધનકળા; ઘી, તેલ અને તેવા મેદક પદાર્થો; તેમના ગુણદોષ અને ઉપયોગ; હવા અને વનસ્પતિ, ક્ષાર અને તેનો ઉપયોગ, શાકભાજી અને મેવા, તેની પસંદગી અને રાંધનકળા, તેજાના, મશાલા અને તેમનો ઉપયોગ, જમણ અને તેનાં અંગ, પ્રમાણ અને પસંદગી, થંડી અને થંડક ઉપજાવનાર પદાર્થ, તેમનો ઉપયોગ, સૂક્ષ્મ જીવ અને તેમનું જીવન, ખોરાક, તેનો સંગ્રહ, સંભાળ અને ફસલ, ધાન્ય, અથાણાં, મુરબ્બા, સુકવણી અને ચોકખાઈ, કલાઈ અને રેવણ, કાટ

ત્રીજું વર્ષ.

ગૃહિણી ધર્મ—

સંતતી શાસ્ત્રના મૂળતત્વો—કુલ, તેના ભાગ અને ધર્મ, ફળ અને બીજ, પુનરુત્પત્તિની ઇન્દ્રિય અને ઋતુસ્રાવ, સગર્ભાવસ્થા, પ્રસૂતિ અને સુવાવડ.

બાળસંભાળ—ખોરાક અને બનાવટ, વસ્ત્ર અને શિક્ષણ, વૃદ્ધિ અને રંજન, આદત અને નિયમ, રમત અને આનંદ, રોગ અને ઉપચાર.

રોગીપરિચર્યા—દરદીનો ઓરડો, પથારી, દરદીનાં કપડાં વિગેરે બદલવાં, મ્હોંથી દવા આપવી, સ્નાન અને શુદ્ધિ.

ગરમીનો ઉપયોગ—પોટીશ, જુદા જુદા પ્રકારના શેક અને બાફ, રાઈ વિગેરેનાં પ્લાસ્ટર, આયોડીનનો ઉપયોગ, પાટા બાંધવા, જુદી જુદી જાતના ઉકાળા બનાવવા, ખોરાક અને તેની બનાવટ.

સામાન્ય દરદોના ઉપચાર—આંચકી, મૂર્છા, તાવ, અજીર્ણ, ઝાડા, ઉધરસ, કોલેરા, પ્લેગ વિગેરે.

અકસ્માત વખતે લેવાના ઇલાજો.

ગૃહશૃંગાર—વસ્ત્રાભૂષણ, રાંધણ, પીરસણ અને જમણ, મકાન, રાચ અને શૃંગાર, તહેવાર, તેનો ઉદ્દેશ અને ઉજવણી.

ગૃહવ્યવસ્થા—આવક જાવક અને હિસાબ, ખોરાક, વસ્ત્ર, મકાન વિગેરે પાછળ થતા ખર્ચનો અંદાજ અને ટકાવારી, વસ્તુઓની ખરીદી, બચત અને તેનું રોકાણ.

રસાયન—રાસાયનિક અને પ્રાકૃતિક વિકાર, તેનાં લક્ષણ, ધાતુ-મારણ અને તારણ, ફુંકણી અને મુસ, હાઇડ્રોજન અને ધાતુઓનો સંયોગ, જળનું બંધારણ.

તેજાબ, અલ્કલી અને ક્ષાર, સાબુ અને તેની બનાવટ. ગંધક અને તેના ક્ષાર.

નાઇટ્રોજન, તેની ભસ્મો અને સંયોગીકરણ, સુરાખારનો તેજાબ, તેની બનાવટ, ક્લોરીન અને મીઠાનો તેજાબ, તેની અને બ્લીચીંગ પાઉડરની બનાવટ અને ઉપયોગ, કોલસો અને તેમાંના વાયુ, તેમાંથી બનતા પદાર્થ.

પેટ્રોલ, ઘાસલેટ, વેસેલીન અને મીણ, કાર્બોહાઇડ્રેટસ, આથણ, મદ્ય ને કહોવાણ.

તંતુઓનું બંધારણ અને રસાયનિક પરીક્ષા, ધાતુ અને રસવું, કાચ અને તેના રંગ, કાચની બનાવટ, લખોટવું અને ઓપ દેવા.

બાળ સંભાળ.

પ્રભા–બેન અશ્રુમતી ! મને નવાઈ લાગે છે કે પશ્ચિમના દેશો કરતાં આપણે ત્યાં શા માટે બાળ મરણનું પ્રમાણ વધારે હશે ? કોઈ પણ માતાને પોતાનું બાળક અપ્રિય હોઈ શકે જ નહિ, અને તેથીજ માતા પોતાના બાળકની જીવજાન સંભાળ લે તે સ્વભાવિકજ છે. છતાં જ્યારે નસીબ રૂઠે ત્યારે તેના ખોળામાંથી તેનું બાળક ઝુંટાવી લે છે. મને હંમેશા આ વિચારો બહુ સતાવે છે.

અશ્રુ–બ્હેન પ્રભા, તારા આ પ્રશ્નથી મને આનંદ થાય છે. આ વાત ખાસ શીખવા જેવી છે, પણ આપણો સંસાર એવો છે કે આ બાબત પર બહુ દુર્લક્ષ રાખે છે. કન્યાને ગૃહકાર્ય શીખવવા અર્થે શાળા છોડાવે છે, પછી રસોઈ, ગૃહવ્યવસ્થા, ઘરની સફાઈ, વિવેક, ઇત્યાદિ શીખવે છે ખરા, પણ જે અગત્યની વાત બાળકની સંભાળ રાખવાની છે તે ગૃહિણીઓની ધ્યાન બહાર હોય છે, ને તેથીજ તે માટે પોતાની પુત્રીઓને કંઈ સમજણ આપતી નથી. પ્રત્યેક માતાની ફરજ છે કે જેમ ખાસ ચિવટ રાખી પુત્રીને રસોઈ શીખવે છે, તેમજ બલકે તેથી વિશેષ કાળજીથી બાળકની સંભાળ રાખવાનું શીખવવું જોઈએ.

બાળકની સંભાળ માટે પુસ્તકો ઉથામવવાની કે કાલેજોમાં અભ્યાસ કરવાની જરૂર નથી. દરેક ગૃહમાં માતાજ પુસ્તક ને માતાજ કૉલેજ ને માતાજ પ્રોફેસર છે. પણ જે માતા આ બાબતનું મહત્વ સમજે છે તે.

મનમાં ગમે તે કારણસર અસુખ જણાતું હોય, તો તેને દૂર કરવા મનુષ્ય બાગનો આશ્રય લે છે. ત્યાં ઝાડ, વેલા, ફૂળ,

ફુલ, રોપણી અને કુદરતની કળાઓ જોઇ ઘડીભર દુઃખ વિસરી જઈ આનંદ ભોગવે છે. તે પ્રમાણે આપણાં બાળકો આપણી બાલવાડી છે. તેને જોતાંજ મન આનંદથી ઉછળે છે. તેના મૃદુહાસ્યમાંથી નળતા સુગંધીમય વાસથી મગજ તર બને છે. તેના હાવભાવથી મનનાં દુઃખો ઉડી જાય છે યાને દૂર થાય છે. તેની કાલી કાલી પણ મીઠી વાણીથી સરસ વાજીંત્રોના આલ્હાદ અનુભવાય છે, તેમજ તેના નિર્દોષ ચ્હેરાથી કુદરતી કળાનું ભાન થાય છે. આવાં પ્રિય બાળકની જોઇતી સંભાળ આપણા કમભાગ્ય કે બેદરકારીથી રાખી શકાતી નથી. જેના પરિણામે આપણાં સુખો લુંટાઈ જાય છે. એ સુખો સંભાળવા માટેની જવાબદારી માતાઓને શીર છે. માતાઓ આ વાત હાથમાં લે અને સતત્ પ્રયાસ કરે તો જરૂર આવાં માઠાં પરિણામો આવતાં અટકે.

બેન પ્રભા, હું આજે તો માત્ર તારા પ્રશ્નનુંજ નિરાકરણ કરીશ. બીજી વાત તને કહેવા ઈચ્છુ છું તે ફરી ઠીક કહીશ.

બાળકનો જન્મ—પ્રથમ તો બાળકના જન્મ વખતેજ આપણામાં ઘણી બેપરવાઈ હોય છે. બાળકના જન્મ વખતે જોઇતી તૈયારી મુદલ રાખવામાં આવતી નથી, તેમજ સફાઈ તરફ પણ બહુ દુર્લક્ષ હોય છે. જેથી ખરે ટાઇમે દોડાદોડ અને ગભરાટ થતો જોવામાં આવે છે. (યાને સુવાવડ કેમ કરવી તે જાણતાં નથી. કંઇ બધાં માણસો પૈસાદાર હોતા નથી કે જેથી ડૉકટરની મદદથી સુવાવડ કરે. માટે માતાઓને ઘરગથુ જ્ઞાન તો હોવું જોઇએ.) છેવટે જન્મ વખતથીજ નવો તમાસો!—ફલાણીને બાળક નથી જીવતાં માટે એ તો જોવાને મસે ટુચકો કરવા આવી હશે. વળી બાળકને નજર લાગી જવાની પણ મોટી બીક. જેને અંગે રોજ ઉતારા કરવા, મરચાં બાળવાં, દોરા બાંધી સ્નાયુના વેગને અટકાવવા. બેન, વિચાર કરો કે સહેજ મરચું બળ્યું હોય તો તેની ઘોંસથી સાજાં માણસ પણ ખાંસી ખાંસીને હેરાન થઇ જાય છે, ત્યારે આ ફુલની કળી સમાં બાળકને એ શ્વાસ કેટલો શ્રમ આપે, અને બિચારાની કેવી સ્થિતિ થાય ?

દિનપ્રતિદિન બાળક વધે છે તે વખતે રાખવી જોઈતી સંભાળથી માતાઓ તદ્દન અજાણ હોય છે.

એકથી ત્રણ માસની અવસ્થા.

આ સમયમાં બાળક કંઈ ન સમજે માટે બેદરકારીથી નાંખી મૂકે છે. માતા ગૃહકાર્યમાં રોકાયલી હોય અગર ગામગપાટા હાંકવામાં મચેલ હોય. એટલે બાળકની શી સ્થિતિ છે, તે જોવાની કે વિચારવાની બિચારીને ફુરસદજ નહોય. બાળક કલાકો સુધી ભીનામાં પડી રહે તે જ્યારે યાદ આવે ત્યારે જોવાય. પણ કાળજીથી બે ચાર વખત જોવાની દરકાર કોને ? ભીનામાં રહેવાથી શરદીના રોગના બાળકો ભોગ થાય છે. ઘણું રડતું હોય તો રડવાનું કારણ સમજવાનો પ્રયાસ ન કરતાં તેને બાળાગોળી કે અફીણ પર ચઢાવી મૂકે છે, નહિ તો છેલ્લે ધવડાવવાનું તો છે જ. વારંવાર ધવડાવવું એ ઠીક નથી. નિયમસર પચતો પચતો ખોરાક બાળકને આપવો જોઈએ. વળી ધાવણ સૂતાં સૂતાં ન આપવું જોઈએ. રાત્રે પણ પથારીમાં બેસીને જ ધવરાવવું.અણસમજુ સ્ત્રીઓને ધવડાવવાની આદત વધુ હોય છે, ત્યારે શ્રીમંત વર્ગની કેટલીક સ્ત્રીઓ બાળકને મુદ્દલ ધવડાવતી નથી. રોગવગેરેના કારણને લઈને ન ધવડાવે તે સારૂં છે, પણ માત્ર પોતાની તંદુરસ્તી કે શરીર સંભાળવા અર્થે બાળકોના ભોગ થતી માતાઓ શા માટે માતાઅની બાળહત્યા વ્હોરતી હશે ? ઉપર કહ્યું તેમ બાળકને રડવાનું કારણ શોધ્યા વગરજ દોરા, ચિઠ્ઠી, તાવીજ અને મરચાં બાળવાં એ તો જાણે સામાન્ય જ થઈ પડ્યું છે.

ઋતુ પ્રમાણે કપડાં પહેરાવવાં એ વાત કોરાણે મૂકી પોતાની મોટાઈ બહાર બતાવવા બાળકોનો સાહિત્ય તરીકે ઉપયોગ કરે છે, અને ખુબ ઘરેણાં લાદી ફુલાય છે. પણ તે બાળકના ગજા કરતાં વધારે છે કે નડતરરૂપ છે કે લોહીના ફરવામાં અટકાવ રૂપ છે, તે વિચાર પોતાની મોટાઈમાં લય પામે છે. પણ સમજવું જોઈએ કે બાળક મોટું થશે કે સંભાળવાની સમજણ તેનામાં આવશે ત્યારે દાગીના પહેરાવાશે. પણ આટલી ધીરજ

માતાઓ ક્યાંથી લાવે ? ભલે સ્ત્રીઓ ધીરજવાન ગણાય પણ બાળકોના આવા સંજોગમાં તો ધીરજહીનજ લેખાય.

ત્રણ માસનું રૂષ્ટપુષ્ટ બાળક ઉંધું પડે છે કે પેટે ગોળ ચકરડી પણ ફરી જાય છે તે વખતે શરદીથી બચવા તેની નીચે બિસ્તર અવશ્ય રાખવું. તેમજ છ માસનું બાળક થાય ત્યાં સુધી તેના પેટે ફલેનલનો પાટો રાખવોજ જોઇએ. મોં હંમેશા અંદરથી રૂ ફેરવી સાફ રાખવું. તેમજ દૂધ પીવાડયા પછી તેને ઉભું કરવું. રોજ નવાડવું. નવડાવતી વખતે તેલથી માલીશ કરવું. સંભાળથી સાબુ વડે ચોળીને નવાડવું.નવડાવતી વખતે કાનમાં પાણી ન જાય તે સંભાળવું. નહિ તો કાન પાકશે. નવડાવવાની ક્રિયા માતાએ જાતેજ કરવી. તમારાં બાળકો નોકરના હાથમાં સોંપતા ના. નવડાવ્યા પછી સ્વચ્છ ટુવાલથી લુછી ઋતુ પ્રમાણે કપડાં પહેરાવી બપોરના વખતે શાન્તીથી સૂવડાવવું જોઇએ. બાળકના બિછાના પર મચ્છરદાની અગર ઝીણા મલમલના કપડાનું ઢાંકણ કરવું જોઇએ. જેથી મચ્છર, માખીના ત્રાસથી બચી તે શાન્તીથી ઉંઘી શકે.

ત્રણથી છ માસ.

તંદુરસ્ત બાળક છ માસનું થતાં બેસતાં શીખે છે તે વખતે બાળકોને માતા બેસાડી પોતાનાં હાથમાં જે આવે તે રમકડાં તરીકે તેના સામું નાંખે છે. જેમકે—ભુંગળી, ચીપીઓ, ચમચો, વાટકી વગેરે અને મા ગૃહકાર્યમાં રોકાય. બાળકનો સ્વભાવજ છે કે જે હાથમાં લે તે મોંમાં ભરે. રાખવાળો ચીપીઓ કે ભૂંગળીની રાખ પેટમાં, અને જો ચમચો મરચાંવાળો હોય તો મોંમાં મરચું જાય, અને રાઢરાઢ ને ચીસેચીસ પાડે ત્યારે પછી માતા દોડે. ઉપરાંત માટીનાં, લાકડાનાં રમકડાં મોં સામે હોય તો લાકડાનો રંગ અને માટી પણ પેટમાં જાય. અને જો કદીને બાળક [illegible] તો તેજ રમકડાં તેને વાગવા માટે કારણભૂત થાય છે. થાળી વાટકાની કોરો પેસી જવાથી કદી જન્મ સુધીની નિશાની પણ થાય છે, માટે બનતાં સુધી રબ્બરનાંજ રમકડાંનો ઉપયોગ કરવો.

છથી બાર માસ.

કેટલીક માતાઓનાં બાળક પાંચ માસનાં થાય છે તેટલામાં તો માતા રૂતુમતી થાય છે. જો એમ બને તો બાળકને દૂધ ફુટ ઉપર ચઢાવી દૂધ મૂકાવી દેવું જોઇએ; કેમકે પછી દૂધ ચોકખું હોતું નથી. તેમજ હમેલ રહ્યા પછી તો કદી પણ ન ધવડાવવું. કેટલીક માતા બાળકોને બે વર્ષ સુધી ધવડાવે છે તે પણ ખોટું છે. કેમકે એથી પણ બાળકની તંદુરસ્તી બગડે છે. માટે ધાવણની મુદત પછી તો બાળકને ઉપરના દૂધ, અને અનાજ અગર ફ્રુટ પર ચઢાવી દેવાં જેથી તેમની તંદુરસ્તી જળવાઈરહે.

નવ માસનું થતાં બાળક ઘુંટણ લે છે. તે વખતે તેનો પહેરવેશ એવો રાખવો કે ચાલવામાં અડચણ ન કરે, અને ઘુંટણીએ હરી ફરી શકે. એટલુંજ નહિ પણ તેને ફરવાની જગા સાફ રાખવી, અને નીચે કોઇ વસ્તુ રાખવી નહિ. બાળકને નવ માસ અગાઉ શીળી કઢાવવી જોઈએ. કેમકે પછી તો દાંત આવવાનો વખત થાય એટલે બે દુઃખ ઉપાડવાં બાળકને વસમાં લાગે છે. માટે બનતાં સુધી ત્રણથી છ માસની મુદતમાં શીળી કઢાવવી જોઇએ. હવે દાંત આવે છે ત્યારે બાળક સ્વાભાવિકજ શીક રહે છે ત્યારે નજર, દોરા ચિઠ્ઠી ન કરતાં વૈદ કે ડૉકટરની સલાહ લઈ આપેલી સૂચના પ્રમાણે સારવાર કરવી.

કોઈ બાળક દશ અગીયાર માસે પગ લે છે, કોઈ તે પછી લે છે. તે વખતે ચાલણગાડીનો ઉપયોગ કરવો, અગર આંગળીના આધારે ચલાવવું. પણ બેદરકાર બની પડવા દેવું નહિ. પગ લે છે. તે વખતે તેમની વાચા પણ ખુલવા માંડે છે ત્યારે તેમના મગજ પર સારી છાપ પાડવી. જેવાં કે–સાદાઇ, નમનતાઈ, મૃદુવાણી ને શુરવીરતાનાં બી રોપવા ચુકવું નહિ.

આપણી માતાઓ બાળક બોલે છે ત્યારથીજ અપશબ્દ બોલતાં શીખવે છે. જેમકે:—તારી કાકીને કહે મરી જાવ. માસીને કહે પીટયાં મરો. (આના કરતાં પણ વિશેષ ખરાબ શબ્દો શીખવે છે)

અગર જા તારી બાને મારી આવ. આ કહ્યા પ્રમાણે બાળક કરે ત્યારે મોટામાં આનંદ અને હાસ્યવિનોદ ચાલે. બેન આના કરતાં એ કુમળા મગજ પર સ્વમાન, સ્વદમન, સ્વદેશપ્રેમ ઈત્યાદિની રેખા દોરવામાં આવે તો ભવિષ્યમાં સારાં ફળો લણવાને આપણે કેવાં ભાગ્યશાળી જોઈએ ?

એકથી પાંચ વર્ષની ઉમર થતાં સુધીમાં માતાઓ જેવા લીટા બાળકના મગજ પર દોરશે તેવા સદાને માટે કાયમ રહેશે.

હવે ખાસ ધ્યાનમાં રાખવાની બાબત હું તને ફરીથી કહું છું તેની તું નોંધ રાખી અમલમાં મૂકજે. એટલુંજ નહિ પણ તારી પડોશણને પણ એ લાભ આપવા ચુકીશ નહિ. તેમની ભૂલો તેમને સમજાવવી અને મૂકાવવી તે પણ આપણું કર્તવ્ય છે.

૧. શરદીથી બચાવવું. ૨ ટાઈમસર ધવડાવવું.
૩ મોં અંદરથી સાફ કરવું. ૪ રોજ નવડાવવું.
૫ શાન્તીથી ઉંઘવા દેવું.
૬ બાળાગોળી કે અફીણનું વ્યસન કરવું નહિ.
૭ ઋતુ પ્રમાણે કપડાં પહેરાવવાં.(દાગીના પહેરાવવાં નહિ.)
૮ રોજ ફરવા લઈ જવાં. ૯ રમકડાં સ્વચ્છ અને નરમ આપવાં.
૧૦ શીળી કઢાવવી. ૧૧ મૃદુ વાણી શીખવવી.

જેનબાઇ ભીખાભાઇ પટેલ.

ગર્ભ સંરક્ષક સદ્‌ગ્રહસ્થો !

ગર્ભામૃત સંજીવની—મહૌષધી વડે નિશ્ચય સંતાન પ્રાપ્તિ થાય છે. વધુ માહિતી માટે રૂા. ૦-૨-૦ પોસ્ટેજ સાથે લખો:—

એમ. જે. વનસ્પતિશાસ્ત્રી—મુ. ધોલકા.
જીલ્લો અમદાવાદ-(ગુજરાત.)

માતાની ફરજ.

[લખનારઃ—મી. કેખશરૂ દોરાબજી જીલા.]

બાળકોને તેઓના દાંતની સંભાળ લેવાને શીખવો.

શા માટે?

તેઓને તેઓના દાંતની સંભાળ અને ઉપયોગ માટે શીખવવાને.

તેઓને એમ સાબીત કરી આપવા કે, જેવી રીતે સ્વચ્છ શરીર કામનું છે, તેવી જ રીતે સ્વચ્છ મોઢું પણ કામનું છે.

બરાબર ચાવીને ખાધેલો ખોરાક સહેલાઇથી પાચન થઇ શકે છે. સારી પાચીનશક્તિ શરીરની સુખાકારી માટે જરૂરની છે.

સ્વચ્છ દાંત અને મોઢું ક્ષયના દુષ્ટ રોગને અટકાવવા મદદ કરેછે.

સ્વચ્છ મોઢુ દરેક જાતના રોગને અટકાવવા સારૂ સૌથી ફતેહમંદ સાધન છે.

મોઢું કે જે ગોયા જીંદગીનો દરવાજો છે, તેને સ્વચ્છ રાખવું.

દાંતના બે જાતનાં ઝેરઃ—

(ક) બાળકોનાં દાંતમાં લાગતો સડો.

(ખ) જુવાનીમાં થતું પરૂ (પાએરીઆ)

યાદ રાખજો કે ઉપલી બંને ખામીઓનો અટકાવ તથા ઉપાય ઘણી સહેલાઇથી થઇ શકે છે.

કેવી રીતે?

દાંત અને મોઢું હમેશાં સ્વચ્છ રાખવાથી.

સ્ત્રીની સંસારી ફરજો.

(લખનારઃ—મી. કેખશરૂ દોરાબજી જીલા.)

સ્ત્રીઓ માંદાં માણસોની માવજત કરતાં બરાબર જાણવું જોઈએ. પોતાનાં બાળકો વગેરે સર્વ વ્હાલાંઓની તંદુરસ્તીની સંભાળ લઈ નિયમીતપણે દવા વગેરેની ઘટતી માવજતથી તેઓ જલદી સાજાં થાય તેમ તનમનથી મહેનત કરવી, અને તેમ કરતાં સહેજ પણ કંટાળો ખાવો નહિ. દરેક ઘટતી બાબતોમાં બીજાઓના લાભ અને સુખ આગળ પોતાના સુખ અને લાભોને ધ્યાનમાં લેવા નહિ; અને તે પરોપકાર તમારૂં મોટું મન બતાવશે. જો બની શકતું હોય તો બાળકો અને નોકરોના કોઇ પણ સંબંધમાં આવનારાંઓની ભૂલો મોટાં મનથી માફ કરવી, અને તેઓ પણ ભલા ખવાસથી અને તમારી તેવી ભૂલ ફરીથી ન કરવાની નમ્ર શિખામણથી ભલાં અને તમોને ચાહનારાં થશે. ઓરત જાતના નરમ ખવાસને લાયક છે કે મરદનાં દુઃખો યાને સંકટોમાં ભાગ લેવો અને તે ઓછાં કરવાની કોશેશ કરવી, તથા પોતાથી બનતી દરેક મહેનત કરી મદદ આપવી. વળી પોતાની કોઈ પણ અજ્ઞાન બ્હેનપણીઓને યોગ્ય શિખામણથી કોઇ પણ આવી પડતાં સંકટમાંથી થોડો જોખમ પોતે પણ ખેડી બચાવવી જોઇએ. પોતે પણ એક સ્ત્રી જાતિ છે એમ સમજી કોઈપણ નારીની નીતિ કે નેકીનો ભંગ થવા દેવો જોઇએ નહિ. એવા એવા સદ્‌ગુણોરૂપી શણગાર સજેલી અને તેવા નિયમો ઉપર જ ચાલનારી બાનુઓ કદાચ આ ફાની દુનિયામાં પહેલાં અનેક સંકટ વેઠશે પણ તેઓ ઇશ્વરને પોતાનાં રૂડાં કામોથી ખુશ કરી, પોતાનાં કુટુંબ અને માબાપ તેમજ ભરથારનાં નામને જેબ આપશે. અને અત્યારે આ ફાની દુનિયામાં તેઓનાં ભલાં કામોનો પમરાટ ઓ વખત સુધી યાદગાર રહી જવા સાથ સૌથી સરસ બદલો અને સૌથી સરસ સુખ મિનોઈ જેહાનમાં તેઓ પામશે.

માતાનું દુધ, દુધની શીશી અને બનાવટી ખોરાક.

[ખાસ લખનારઃ—મી૦ કૈખશરૂ હોરાબજી ઝુલા.]

માતાનું દુધ એજ બાળકોનો કુદરતી ખોરાક છે.

બાળકોનાં પોષણનો આધાર તેમની માતાના દુધ ઉપર હોય છે. કુદરતે તેમને માટે તેમની માયાળુ માતાઓનાં સ્તનમાં અમૃત રૂપ પોષણનું ઝરણુ મૂક્યું છે, અને જ્યાં સુધી એ કુદરતી ઝરો ચાલુ હોય ત્યાં સુધી માતા પોતાનાંજ દુધથી પોષણ આપી શકે. જે માતાઓ વગર કારણે ફૅશનની ખાતર અથવા પોતાનું શરીર સારૂં રાખવાની ખાતર પણ પોતાના બાળકને બીજી ઓનું ધાવણ ધવરાવે છે, તે પણ ખોટું છે. બાળકના હકમાં એથી ઘણુંજ નુકશાન થાય છે. જે માતા પોતાના જેવા ગુણ તથા સ્વભાવવાળું બાળક પેદા કરવા ઇચ્છતી હોય તેણે પોતાના ધાવણથીજ બાળકને પોષણ આપવું જોઇએ. માતાનું દુધ કુદરતી ખોરાક છે અને તે સર્વથી ઉત્તમ ખોરાક છે. માટે બાળકોને માતાના દુધથીજ પોષણ મળવું જોઇએ. લંડનની ક્રીમ્સ કૉલેજના દંતવિદ્યાના પ્રોફેસર ડા૦ સી૦ ઈ૦ વૉલેસ જણાવે છે કે "ગરીબ માણસનું બાળક કે જેને જીવાડવાને હજાર ફાંફાં મારતી ગરીબ માવતરની છાતીનું દુધ મળ્યું હોય છે, તેના તમામ દાંત દુધ જેવા સફેદ, મોતીની શેર સીસાસ ચળકના અને મજબુત હોય છે, જ્યારે તેની જ ઉમ્મરના માનભર માણસનાં છોકરાંને જુઓ. ચૉકલેટ, મીઠાઈ, કેક અને હલવો ખાતું-તે બાળક લુલાં, ઢીલાઢચ, દુઃખતા, પીળા અને સડેલા દાંતવાળું ઘણે મોટે ભાગે હોય છે."

માતાઓ પોતાનું ધાવણ બગાડી પોતાનાં બાળકો પ્રત્યેની ફરજ કેમ ભૂલે છે!

બાળકો ઉછેરવા માટે માતાના ધાવણ જેટલો અને જેવો પુષ્ટિકારક પદાર્થ બીજો એકે નથી. જે કુદરત બાળકને જન્મ આપે છે, તેજ કુદરત તેનાં પોષણ માટે તેની માતાના સ્તનમાં દુધનો પુષ્ટિકારક ખજાનો ભરી

રાખે છે. જો આ દુધ તંદુરસ્ત રહેતું હોય તો બાળકોને ઉછરી આવતાં કંઈી અડચણ આવતી નથી; પરંતુ ઘણે ભાગે તો માતા ખાવાપીવાના મોટા સ્વાદમાં—મોજશોખની લ્હેરીલી જીવનને સંતોષ પમાડવામાં, બાળક પ્રત્યેની માતાની ફરજ ભૂલી જાય છે, જેનું પરિણામ એ થાય છે કે ધાવણને બગાડે છે, અને બગડેલું ધાવણ ધાવવાથી બાળકને ભાર રહી તે બીમાર પડે છે, અને કદાચ મોતના દૈસને કારણે પણ થાય છે. માટે પ્રથમ જરૂરનું એ છે કે માતાએ પોતાનું ધાવણ તંદુરસ્ત રાખવા બને તેટલી સંભાળ રાખવી અને સાત્વિક આહાર કરી પોતે પણ તંદુરસ્ત રહેવું.

હલકા ખવાસનાં નોકરોનાં દુધ પર ઉછરવાથી બાળકોમાં પણ તેવાજ હલકા ખવાસ અને રોગો પેદા થાય છે:

કેટલાક શ્રીમતો પોતાની શ્રીમંતાઇનો ખાલી ભપકો બતાવવા અને શ્રીના સ્તનની (જુવાનીમાં) સંભાળ રાખવાના ખોટા વિચારથી પોતાનાં બાળકોને ઉછેરવાનું કામ ઘણે ભાગે નોકર કે ધાવ રાખી તેનાથી લે છે. પરંતુ તે રીત કોઇપણ રીતે ઇચ્છવા જોગ નથી. બાળકને હલકા સ્વભાવનાં નોકર કે ધાવ પાસે ઉછેરાવવાથી તેમનાંમાં પણ એવા હલકા ગુણ, તેમજ તેમનામાં ઘર કરીને રહેલા રોગો બાળકને પ્રાપ્ત થાય છે. તેથી બાળકના અને માતાના બનેના હકમાં ઘણુંજ નુકશાન થાય છે. કેટલીક વખતે એક બાઇ પોતાનાં બાળકને ધવરાવતી નથી, અને તેનુ કારણ એમ જણાવે છે કે તેને ફુરસદ મળતી નથી, કારણ કે એટલું અટુલું બાળક વગર ફરવા હરવા તો જવુંજ જોઇએ. સીનેમા, નાટક સરકસ વિગેરે મનહનો ભોગ તો કોઇ બી રીતે આપી શકાયજ નહિ. પાર્ટીઓમાં હાજરી બાળકને લેગે આપવી એ પણ ઘણી અગત્યની તેમને લાગે છે. એવાં દરેક જાતનાં ઓઠાં હેઠળ પોતાની મુંઢ જરૂરની માણસાઇ ફરજો ભૂલી જઇને એક ઘણી ગંભીર અને નહિ, ખામોશ થંઇ શકે અને કદી પણ માફ ન થઈ શકે તેવી ભૂલ કરે છે. અલબત્તાં, બહુજ જુજ બનાવોમાં કેટલીક અપવાદો છે, જેમાં માતાનું દુધ બાળકોને માટે સુદ્લ સલાહકારક નથી; પણ તેવા સંજોગો સિવાય બીજી માતાઓમાં તો તે ઘણુંજ અગત્યનું છે.

"દુધમેં દુધ તો માકા ઓર દુધ કાહેકા."

હાલના વખતમાં સ્ત્રીઓની મોટી ફરિયાદ દુધની કોતાઇની છે. "પુરતું દુધ આવતું નથી એટલે ઉપરનું ન આપીએ તો શું કરીએ?" એવો આજકાલ કેટલીક માતાઓનો મોટો અને ગંભીર સવાલ થઈ પડે છે. એક કવિ કહી ગયો છે કે

"દુધમેં દુધ તો મા કા ઔર દુધ કાહેકા", તેમ ખરેજ માતાના દુધથી વધુ અથવા તેટલુંજ પુષ્ટિકારક પીણું દુનિયામાં બીજું કાંઈ પણ બાળક માટે છે જ નહિ. માતાના દુધનો જે પુષ્ટિકારક ભાગ અને તેમાં સમાયલાં વિજળીક તત્વો બીજા દુધમાં મળી શકતાં નથી. એટલુંજ નહિ પણ હાલમાં વિદ્વાનો કહે છે કે એક માતાનું દુધ એક બાળક પોતે ધાવીને પીએ અને તેનીજ માતાનું દુધ છાતીમાંથી કાઢી લઇને પછી પાવામાં આવે તેમાં પણ મોટો તફાવત પડી જાય છે, અને બાળકોને તેટલુંજ લાભકારક તે નીવડતું નથી. દુધની ક્રિયાદનાં મુખ્ય કારણો માતાના બાંધો, ખાધખોરાક, જીંદગી ગુજારવાની રીતભાત અને એવાજ બીજા આરોગ્ય સંબંધી નિયમો (Hygiene principles) પર આધાર રાખે છે.

બાળકોને ધવરાવવાથી માતાનો દેખાવ અને બાંધો ખીલે છે.

કેટલીક માતાઓ પોતાના બાળકને પોતેજ ધવરાવવાને આતુર રહે છે. ત્યારે બીજી હાથ ઉપર એવી પણ એકદર માતાઓ છે કે જેઓ પોતાની પાસે પુરતો સારો અને પુષ્ટિકારક ખોરાક પોતાની છાતીમાં હોવાં છતાં પોતાનાં બાળકોને તે આપવાને સાફ ના પાડે છે, અને એવું કારણું જણાવે છે કે તેમ કર્યાથી તેઓનો બાંધો, રંગ રૂપ અને કદ સર્વ કરમાઈ જાય છે. પણ આ તો એક ખરેજ મોટી ભૂલ અને અજ્ઞાનપણા સિવાય બીજું કાંઈજ નથી; કારણ કે જેમ જેમ એક ઝાડ વધુ ને વધુ ફળ આપતું જાય છે, તેમ તેમ તે ઘણું જ સરસ, ખુબસુરત અને સારી રીતે ખીલી નીકળેલું માલમ પડે છે. તેજ પ્રમાણે એક સ્ત્રી પણ પોતાના બાળકને ધવરાવવાથી ઉલટો પોતાનો બાંધો અને દેખાવ કરમાવી નાંખવાને બદલે ખરેજ સુધારીને ખીલવે છે, અને ઉલટી વધુ અને વધુ ખુબસુરત બને છે. ખુદ જાનવરો પણ પોતાના બાળકને ખુદ પોતાનુંજ દુધ આપવાને ઘણાં આતુર રહે છે, અને તેઓની કેટલી બધી માયા અને મમતાથી ખીદમત કરે છે. માણસ જેવું શ્રેષ્ઠ પ્રાણી ભણેલ અને કેળવેલ થઇને પોતાના બાળકને ખોરાક જેવી અગત્યની બાબતમાં એમ તરફડીયાં મારવા દે એતો ઘણું બેહુદું અને માણસાઈ લાગણીથી તદન્જ વેગળું છે. આ બાબતમાં માણસ જાતે ખુદ એક હેવાન જાત પરથી ધડો લેવો ઘટે છે.

માતાના દુધ પર ઉછરતાં બાળકોને દાંત ફુટતી વખતે વધુ હેરાન થવું પડતું નથી.

દરેક ઉમેદવાર માતાની ઉમેદ હોય છે અને હોવી જોઇએ કે તે

બાળકોને પોતાના દુધ પર ઉછેરે, અને તે ઉમેદ પાર પાડવા માટે તેણે પોતાની તબીયત સારી રાખવી જોઇએ. તેની તબીયતનો સઘળો આધાર તેના મોઢાંની સ્વચ્છતા પર છે. દરેક માતાએ પોતાનાં બાળકને પોતાનાં દુધ પરજ ઉછેરવું જોઇએ, કારણ કે તેમ કીધાથી તે બાળકનાં દાંતને અને મોટા ભાગે આખા શરીરને ઘણો ફાયદો થાય છે, જે બીજા દુધથી થઈ શકે નહિ. બલકે બીજાં દુધથી બાળકને તરેહવાર દુઃખ દરદો લાગુ પડવા સંભવ રહે છે. માતાઓને કુદરતે દુધથી નવાજી હોય છતાં પોતાનાં બાળકોને પોતાના દુધપર નહિ ઉછેરે તેઓ માટે આપણે ગમે તેવા સખ્ત શબ્દો વાપરીએ તો પણ થોડા છે. પોતાના દુધપર બાળકને ઉછેરવું એ એક માતાની પવિત્ર ફરજ છે અને તે દરેક માતાએ અદા કરવીજ જોઇએ. બાળકની જીવનદોરી શરૂઆતથીજ નબળી કરવાનો કોઈ પણ માતાને હક્ક નથી. બીજા દુધથી બાળકને તરેહવાર દુઃખો જેવાં કે ઝાડો, ઉલટી, ઉટાંટીઉં વિગેરે વારંવાર લાગુ પડે છે અને માતાઓ તેમજ ડાક્ટરોને એનું કારણ સમજાતું નથી, તેવા દાખલાઓમાં ઘણુંખરૂં કારણ તે માતાની અંગત બાળકોનાં મોઢાની ગંદી હાલત હોય છે. તેથી દુધ પાતી વખતે દરેક માતાની ફરજ છે કે તે મુદત દરમ્યાન પોતાના મોઢાંની ઘણીજ જતન કરવી જોઇએ. ઘણું કરીને જે બાળકને માતાના દુધથી ઉછેરવામાં આવે છે તેને દાંતની ઘણી ઈજા ખમવી પડતી નથી યાને દાંત ફુટતાં વધારે હેરાન કરતા નથી. પરંતુ ઉપરના દુધ પર ઉછરતાં બાળકને દાંત ફુટવામાં બહુ મુશ્કેલી ખમવી પડે છે.

બાળકને પુરતું દુધ આપવા તેની માતાને પુરતું દુધ આપો.

બાળકોનો સર્વોત્તમ ખોરાક તેની માતાનું દુધ છે અને તે સિવાય બીજું કાંઈ નથી. સોએ નવાણું માતાઓ જો પ્રયત્ન કરે તો પોતાનાં બાળકોને પોતેજ ધવરાવી શકે, એટલા માટે જો માતાને પોતાનું દુધ જોઇએ એટલાં જથ્થામાં આવતું ન હોય તો માતાએ દરરોજ એક બે યા પચી શકે તો વધુ શેર દુધ પીવું જોઇએ કે જેમ કીધાથી માતાનું દુધ વધે છે. દુધ સિવાય કપાસીયાના બીયામાંથી બનાવેલા ચોક્કસ પદાર્થો ખાધાથી પણ માતાનું દુધ વધે છે. ફ્રેંચ લોકોમાં એવી કહેવત છે કે "બાળકને પુરતું દુધ આપવા તેની માતાને પુરતું દુધ આપો." એમ છતાં પણ જો માતાનું દુધ થોડું નીકળે અને બાળકનું વજન ન વધે તો બાળકને માતાના દુધ ઉપરાંત ઘટતી સંભાળથી અને ચોક્કસ ચીજોની મેળવણી સહિત તૈયાર

ફાયેલું ગાયનું દુધ પણ આપવું. પહેલો મહિનો પૂરો થાય ત્યાં સુધી તો માતાએ બાળકને પોતાનાજ દુધ પર ઉછેરવું, કારણ કે તે વખતે ગાયનું દુધ પચી શકતું નથી.

માતનું દુધ બાળકને કયા સંજોગમાં નહિ આપવું ?

બાળકનો સર્વોત્તમ ખોરાક માતાનું દુધ છે, તેટલા સારૂ જો માતાને કોઈ પણ જાતની ઘણીજ ગંભીર બીમારી ન હોય ત્યાં સુધી માતાએ પોતેજ બાળકને ધવરાવવું જોઇએ. જો તેણીની સામાન્ય સ્થિતિ ઘણી નબળી હોય, જેવી કે રક્તસ્રાવ અને લોહી ઘણું છુટવાથી, ખહી વિગેરેની બીમારીથી, ગાળી નાખનારાં દરદથી તે બીમાર હોય યા માતાને ગરમીનો રોગ થયો હોય તો તેવા રોગ બાળકમાં ફેલાવાનો ભય રહે છે તેથી, માતાનાં થાન સુજેલાં હોય, થાનની ડીટડી નાની અને અંદર બેઠેલી હોય અથવા માતાનું દુધ બાળકને ન પચે એવા સંજોગો હેઠળ માતાએ પોતાનાં તેમજ બાળકનાં ભલાં અર્થે બાળકને ધવરાવવું ન જોઇએ.

મોઢાની અસ્વચ્છ સ્થિતિ.

કુદરતી રીતે માતાના દુધથી ઉછરેલાં બાળકોના શરીરના અવયવો જેવા કે તાળવું, શ્વાસનળી, ગળું, દાંત, જીભ, જડબાં, હોઠ, અવાળુ અને મોઢાના સ્નાયુઓ વિગેરે સંપૂર્ણ ખીલતાં કોઈ પણ પ્રકારની ખોડખાંપણવાળાં નહિ બનતાં સારી આરોગ્યતા ધરાવે છે; અને એ સંબંધથી તેમી શારીરિક તથા માનસિક શક્તિ પણ સતેજ બનેલી રહે છે. હમેલ પછીને તબક્કે એટલે બાળક જન્મ પામવા પછીથી તેને દાંત આવે ત્યાં સુધી કે જે મુદત દરમ્યાન માતા બાળકને ધવરાવતી હોય છે, ત્યારે પણ માતાએ પોતાના મોઢા અને દાંતની વિશેષ કાળજી રાખવાની જરૂર છે. જો તેમ કરવામાં ન આવે અને મોઢાની હાલત માતા ખરાબ રહેવા દે તો તેણી પોતાના દુધ સાથે બાળકનાં શરીરમાં ધીમું ઝેર પ્રવેશ કરાવે છે કે જેને પરિણામે બાળક ડાએરીયા વિગેરેથી પીડાય છે અને તાંવદાન જેવી દેહનું બને છે. આવા બનાવો વેળા માતાઓના મોઢામાંના દાંતો સાફ કરાવવાથી બાળકો મરણ પામતાં બચી ગયાં છે.

દુધની શીશીમાં સમાયલાં જોખમો.

કેટલીક વખત માતા બહુ નાજુક પ્રકૃતિની હોવાથી પોતાના બાળકને પુરતું ધાવણ આપી શકતી ન હોય અથવા માતા કોઈ પણ દુઃખથી

ઘેરાયલી હોય કે તેના ધાવણથી બાળકને માતાના રોગ લાગુ પડશે, એવો ડાકટરોનો અભિપ્રાય થયો હોય; ત્યારે યા ધાવતાં બાળને મૂકી માતા મરી જાય, આવાં અનેક કારણો પ્રસંગે ખાસ કરી દુધની શીશી (Feeding bottole) નો ઉપયોગ કરવાની જરૂર પડે છે. એ સિવાય બીજા પ્રકારે બાળકને ધવરાવવામાં સમાયલી માતાની લાજ—આબરૂ—શરમ કે તેના શારીરિક અવયવો લચડી જવાની કરવામાં આવતી પોકળ દલીલ ખરેખર હસવા સરખી જકે પોતાનાં પ્યારાં બાળકોનું ખુન કરવા જેવું ધાસ્તી ભરેલું કામ છે. આ તો હવે કાંઈ પણ તકરાર વિના સિદ્ધ થયલી બીના છે કે દુધની શીશીના ઉપયોગથી બાળકને કેટલો ખોરાક લેવો તેનો કાંઈ નિયમ રહેતો નથી; અને તેથી ચાલુ અપચો, અજીરણ થઈને પેટને વધુ બોજો આપી; પેટનાં બંધારણમાં ખામી થાય છે. આની અસર બાળકના આખા શરીરપર થાય છે. નબળી સ્થિતિમાં બંધાયલું શરીર, વખતો વખત દુઃખના હુમલા સામે પોતાનો બચાવ કરવા ટકી નહિ શકવાથી, માતાની બીનકાળજીથી પરિણામે મરણને શરણ થાય છે અને જેઓ જીવે છે, તેઓ પણ એવાં નબળી તંદુરસ્તીનાં બને છે કે હાથ પગ દીવાસળી અને દોરડી જેવા તેમજ પેટ ગાગરડીની સ્થિતિમાં તેઓને આપણે જોઈએ છીએ. એટલુંજ નહિ પણ તેઓનું જીવન દુઃખનાં વાદળોથી ઘેરાયલુંજ રહે છે. અને આ સિવાય તેઓનાં શરીરના બાંધામાં ખામીઓ રહી જાય છે તે તો જુદી. આ સર્વનું મૂળ બાળકોનો કટ્ટો શત્રુ દુધની શીશી (Feeding bottole) માં છે. દુધની શીશીની ટોટી (Nipple) કુદરતી રીતે માતાનાં સ્તન પ્રમાણે કણુ નહિ હોવાથી બાળકોના મોઢાનાં બંધારણમાં ખોડખાપણ રહી જવી સ્વાભાવિક છે, એટલે કે ટોટીના દબાણથી અને જીભને વારંવાર ચૂસવાથી બાળકના બંધાતા કોમળ તાળવાને નુકશાન પહોંચે છે. મતલબ કે તાળવાના બંધારણનો જેટલો ભાગ ખીલવો જોઈએ તેટલો નહિ થતાં ગોળાકાર ખાડાવાળો બને છે અને તેમ થતાં તાળવાં ઉપર થઈને જનાર શ્વાસનળી દોષવાળી બને છે, તેથી બાળક જોઈએ તેટલા પ્રમાણમાં શ્વાસ લઈ શકતું નથી. આ ક્રિયા પુરી કરવા માટે બાળકને મોઢાથી શ્વાસ લેવો પડે છે. તાળવું અને શ્વાસનળીનાં બંધારણમાં ખામી આવવાથી ગળું, ને છાતી બરાબર ખીલતાં નથી. એટલુંજ નહિ પણ આ દુધની શીશીના ધાવણના પ્રતાપે નાના નિર્દોષ બાળકોના દાંત મૂળથી સડી જતા તેમજ વીસ પચ્ચીસ વર્ષની ભરજુવાન વયે પડી જતા આપણે જોઈએ છીએ. કારણ કે નાની ઉમ્મરે દુધની શીશીના ધાવણથી

દાંતને મજબુત બનાવનાર પેઢાનાં બંધારણમાં તેની અસર થતી હોવાથી દાંતની મજબુતાઇ ક્યાંથી રહે ? એ સમજી શકાય તેમ છે. આ સિવાય હોઠ, જડબાં પણ ખામીવાળાં હોય છે, એટલે કે એકંદર શરીરનો આખો બાંધો બાંધાવાળોજ બંધાય છે. શરીરના જે અવયવો ખીલવા જોઈએ, તે આ પ્રમાણે કરમાઈ જવાથી બાળકની શારીરિક અને માનસિક શક્તિઓ માતાના કુદરતી ધાવણે ધાવેલાં બાળકો કરતાં બહુ ઓછા પ્રમાણમાં ખીલેલી હોય છે. દુધની શીશીની ટોટી (Nipple) પણ જોઈએ તેવી રીતે સ્વચ્છ રહેતી નથી. દુધના શીશીઓને જો જંતુવિનાશક (Antiseptic) દવા નાખી ગરમ પાણીથી બરાબર સાફ કરવામાં નહિ આવે તો આવા જંતુઓ ઉડીને ખોરાક પર બેસી બાળકોના ખીલતી શક્તિઓને દાબી દઈ તેનામાં નવા રોગો ઉત્પન્ન કરી બીચારાં નિર્દોષ બાળકોને હમેશનાં તાબેદાર બનાવે છે.

બનાવટી ખોરાકથી બાળકોને થતું નુકશાન.

બાળકોને બનાવટી ખોરાક (Artificial foods) ઉપર કેટલીક માતાઓ રાખે છે, પણ તેમાંનો એક પણ ખોરાક માતાના ધાવણની ગરજ પૂરી પાડી શકતો નથી. છતાં તેવા સંજોગ વચ્ચે આપવાની જરૂર જેવું લાગે તો ડાક્ટરની સલાહ મેળવ્યા વગર આપવોજ નહિ એ દરેક માતાએ ખુબ ધ્યાનમાં રાખવું. બનાવટી ખોરાકના વપરાસની સાથે બાળકોનાં દરદો પણ વધવા લાગ્યાં છે. જે બાળકો આવી જાતના બનાવટી ખોરાક પર રહે છે, તેમાંથી સેંકડે ૮૦ બાળકો પેટના દરદો ભોગવે છે. આજકાલ બનાવટી ખોરાકનો વપરાસ વધતો જાય છે, પરંતુ માતાના દુધના ગરજ સારે તેવો એક પદાર્થ દુનિયામાં મળવો દુર્લભ છે. કેટલીક જાતના બનાવટી ખોરાકોમાં પુષ્ટિકારક તત્વ હોય છે, છતાં તેની પેકબંધ બાટલી અને ટીનો આવતાં હોવાથી તે તાજું હોવાનું કશું પ્રમાણ મળી શકતું નથી. કોઈ કોઈ વખતે તો ૩–૪ વર્ષની લણ જુની ! તેવા ખોરાકની બાટલી તેમજ ટીનો કેમીસ્ટસને ત્યાંથી મળી આવે છે. જો માતા બાળકના દાંત અને મોઢાની પુરતી સંભાળ લે તો તેનાં બાળક અવશ્ય તંદુરસ્ત રહે અને બાળકનું મરણ પ્રમાણ પણ કમી થઇ વસ્તીમાં વધારો થઈ શકે. દશ બાળક પેદા કરી એક ન ઉછરે તેના કરતાં બે બાળક પેદા કરી તેને યોગ્ય રીતે ઉછેરવાં

કેટલીક માતાઓમાં એવો ખોટો વહેમ જડ ઘાલી બેઠો છે કે વિલાયતી બનાવટી દુધ યા ખોરાક પર બાળકને સારી રીતે ઉછેરી શકાય છે, તેથી પોતે ધાવણની જંજાળમાં ન પડવું. સુધરેલા દેશોમાં તો એવાં બનાવટી ખોરાકને બાળ ખુનાઓ (Baby Killire) તરીકે ગણે છે. વિલાયતના સત્તાવાર આંકડા પ્રમાણે દર સો બાળકે પંચોતેર બાળકોનાં મરણનું કારણ બાળકોનો ઝેરી બનાવટી દુધ યા ખોરાકજ છે, એટલે કે જો માતાઓ પોતાનાં બાળકોને પોતેજ ધવરાવે તો દર સો બાળકે પંચોતેર બાળકોનાં મરણ નીપજતાં અટકે. એવા ખોરાક પર ઉછરેલાં જે બાળકો જીવે છે, તેઓની જીવનશક્તિ ઘણી નબળી હોય છે અને તે મોટાં થતાં અનેક દુઃખ દરદોના હુમલા સામે ટકી પણ શકતાં નથી.

છપાય છે ! રાહ જોશો ? છપાય છે !

ગુજરાતી ભાષાનો

શાળોપયોગી મધ્યમ કોષ.

ગુજરાતી ભાષાનો કોઇ પણ સારો શબ્દકોશ હાલ મળતો ન હોવાથી ખાસ કરીને ગુજરાતી ભાષાના અભ્યાસીઓને, તેમજ શિક્ષકો-વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવો આ કોષ અમે તૈયાર કર્યો છે. છપામણી વગેરેની મોંઘવારીને લીધે અર્થ આપવામાં બહુ લંબાણ ન કરતાં આવશ્યક અર્થો અને વિવરણ આપ્યું છે; છતાં પુરતા શબ્દો તેમ જ શબ્દના અર્થો આપવામાં અનુક્રમ તથા ચોકસાઇ ઘણીજ સાચવી છે.

આ કોષ સંપૂર્ણતાનો દાવો નહિ કરે; છતાં ઉપયોગી તો અવશ્ય નીવડશે જ. આ મધ્યમ કોષની કિંમત બહુ ભારે નહિ પણ મધ્યમસર રહેશે; માટે નવો ગુજરાતી કોશ ખરીદતાં પૂર્વે આ કોષ માટે થોડા રાહ જોવા સર્વેને વિનંતી છે.

જીવનલાલ અમરશી મહેતા.

"આપણે કરશું વકીલાત ત્યારે ભરશે કોણ પાણી?*"

વીસમી સદીના આ જાગ્રતિ અને નવીન ભાવનાઓના જમાનામાં પણ, સ્ત્રી વકીલ કે સ્ત્રી બૅરિસ્ટરનું નામ સાંભળતાંજ ઘણાંના મનમાં ઉપરનો કે તેને મળતો પ્રશ્ન ઉદ્‌ભવતો હશે. આવાં મનુષ્યોની તર્કશક્તિ માટે મને તો બહુ માન ઉત્પન્ન થતું નથી. હાલ કોઈ સ્ત્રીઓ વકીલાત કરતી નથી, તેથી બધી પાણીજ ભરે છે એમ કોણ કહી શકે? જ્યાં ઘેર બેઠાં નળથી પાણી પૂરું પાડવામાં આવેછે ત્યાં સ્ત્રીઓને પાણી ભરવાની વાતજ સંભવતી નથી. ગામડામાં કે નાનાં ગામોમાં જ્યાં પાણી ભરવાનું હોય છે ત્યાં સ્ત્રીઓ ઘણુંખરું નિરક્ષર હોય છે. એટલે (હજી પચાસ વરસ સુધી) તેમને વકીલાત કરવાનો સંભવ નથી.

સ્ત્રીનું કાર્યક્ષેત્ર ઘરમાંજ છે, સ્ત્રી બ્હાર ધંધો કરવા જાય ત્યારે ઘરનું શું થાય, ઘરમાં રાંધે કોણ, છોકરાંને કોણ સંભાળે, એવું એવું ચારે તરફથી કહેવામાં આવેછે. સ્ત્રીનું કાર્યક્ષેત્ર સામાન્ય રીતે ઘર છે, અને ઘરની સંભાળમાં તેમ બાળકોને ઉછેરવામાં તેનો ઘણો કાળ વ્યતીત થાય છે એ તો સર્વ કોઈ કબૂલ કરેછે જ. પણ અપવાદરૂપ દૃષ્ટાંતો પણ એક નહિ પણ અનેક નજરે પડે છે, તેનું વિસ્મરણ ન કરવું જોઇએ. આપણા દેશમાં છેકજ બાલ્યાવસ્થામાં લગ્નસંબંધ—અને તે પણ મૃત્યુ સિવાય બીજી કોઈ રીતે ન તૂટી શકે એવો સંબંધ—જોડવામાં આવે છે. સંસ્કારી કુટુંબની કુશાગ્ર બુદ્ધિવાળી કન્યાનું પાનું કમાવાની કાંઈ પણ આપ્તિ વગરના બુદ્ધિહીન પતિ સાથે પડેછે. આપણી સ્ત્રીઓ "પડ્યું પાનું નિભાવી લે" છે, એ વાત સત્ય છે; પણ ઘણીવાર ખાવાનાં પણ સાંસાં પડે છે. બાળકોને પેટપૂરતું અન્ન જ ન મળે, ત્યાં ઉચ્ચ કેળવણીની તો આશાજ ક્યાંથી? માતાની હોંસ, ઉમેદો બધી મનમાંજ રહી જાય છે. આવે વખતે સ્ત્રી જો કાંઈ કમાવાને

* મી. સોરાબજી કાત્રકની કંપનીના પ્રખ્યાત નાટક 'એકજ ભૂલ'માં આ લીટીથી શરૂ થતું એક ગાયન છે. માત્ર 'પિટ'ને રીઝવવા ખાતર જ આ ગાયન મૂકવામાં આવ્યું હશે એમ લાગે છે. કારણ કે ગાયનની પહેલાં જે વાદવિવાદ ચાલેછે તે એના કરતાં તદ્દન ઉલટા વિચારથી ભરપૂર છે.

આશા રાખીશું. છતાં સ્ત્રીની મૃદુતા, લજ્જા જાળવવાને બ્હાને તેની નિર્બળતામાં વધારો કરનારા અનેક રીવાજો તો ત્યાંની પેઠે આપણા દેશમાં પણ છે જ. આપણી સ્ત્રીઓએ સમજવું જોઇએ કે પુરૂષો આપણા સ્ત્રીત્વની રક્ષા કરવાનો ડોળ કરી આપણું મનુષ્યત્વ કચરી નાખે છે. અને આપણને સર્વથા તેમનાં દાસ બનાવે છે. આપણી મૃદુતાની અંદર છુપાયલી આપણી સબળ શક્તિનું તેમને ભાન કરાવી આપણે બતાવવું જોઇએ કે આપણે માત્ર શોભાની પુતળીઓ કે કામ કરનાર દાસીઓ નથી. આપણે વકીલાત કરી કમાઇશું તો પાણી ભરવા માટે નોકર રાખીશું. પુરૂષોને તરસે મરવું નહિ પડે.

લંડન, તા૦ ૩૧-૧-૨૪. } સૌ. સરોજિની મ્હેતા. (બી.એ.)

બહાર પડી ચુકી છે.

ઉષા અને અરૂણ

આવશે

ત્યારેજ સૂર્યોદય થશે.

લેખક: રા. ભાનુ.

સ્વયંસેવા અને દેશોદયના સિદ્ધાંત શીખવતું, સમાજ તથા રાષ્ટ્રનાં સડી જતાં અંગોનું દિગ્દર્શન કરાવતું તથા તેમની ઉન્નતિના ઉપાયો બનાવતું આ સુંદર રંગબેરંગી ચિત્રોવાળું પુસ્તક દરેક સ્વદેશપ્રેમી અને સમાજની ઉન્નતિ ઇચ્છનારે વાંચવુંજ જોઇએ. કદ-રૉયલ બારપેજી, પૃષ્ટ ૩૫૦, પાકું સુશોભીત બાઇન્ડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું. મળવાનાં ઠેકાણાં,—

અમદાવાદ-મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. } વર્ધમાન એન્ડ સન્સ
"યુગાન્તર" કાર્યાલય; સુરત. } પાયધુની; મુંબાઈ. નં. ૩.

જ્યોતિર્વિનોદ કાર્યાલય.

પોસ્ટ બોક્ષ નં ૭૧; મદ્રાસ.

ભવિષ્યની માતાઓનું સ્થાન.

[લખનારઃ—સૌ. સુલોચના જ. દેસાઈ.]

યુગ બદલાય છે. જ્યાં ત્યાં પુનર્ઘટના ચાલી રહી છે. હાલ જે છે તે કરતાં વધારે સારી દુનિયા બનાવવા સૌ કોઈ ઇચ્છે છે. પોતપોતાનાં કર્તવ્યો-નું ભાન થતાં તે કેમ અમલમાં મૂકવા તે સંબંધી વિચાર ચાલી રહ્યા છે. પુરુષો પોતાની શક્તિ ખીલવી પૂર્ણ-પુરુષ થવા હક્ક ધરાવે છે. માત્ર સ્ત્રીઓ-નેજ ભવિષ્યમાં ક્યાં સ્થાન મળશે, એમનાં કર્તવ્યો શું છે, એ માટે ઘણાં થોડાં જ વિચાર કરે છે. સ્ત્રીઓની ફરજ, ઘરડમાં પડેલી ગાડીની જે હોય તેજ માનવામાં આવે છે. જો તે પ્રાચીન ચીલો છોડી આસપાસ જોવા ડોક ઉંચી કરે તો મહા અધર્મ મનાય. કદાચ સમાજના બંધનમાંથી છૂટવા માગે તો તો પૃથ્વી રસાતાળ જાય! કન્યા એ થાપણ નિર્જીવ વસ્તુ મનાતી હશે? આપણી જૂની નવલકથા શાકુન્તલ જુઓ. ત્હેમાં મહાન્ કવિ કાલિદાસે કણ્વ જેવા મુનીને મ્હોંએ "આત્મા થયો આ મુજ જંપી, માલિકને થાપણ જેમ સોંપી" આવા શબ્દો બોલાવ્યા છે.

શામાટે પિતા પુત્રીને દાનમાં આપવાનો વિચાર કરે છે? શું ત્હેને પોતાનું સ્ત્રીત્વ પૂર્ણ ખીલવવા ઇચ્છા હોય ને સંસારમાં પડવા મરજી ન હોય તો દેશ-સેવા ખાતર સર્વસ્વ જીવન સમર્પવા હક્ક નહિ? શું તેમને માટે ફરજીઆત પરણવાનું, માતા થવાનું ને રગશીયું ગાડું મન હોય કે ન હોય તો પણ ઘસડવાનું જ નિર્માણ થયું છે? જે સાસરામાં કન્યાને જવાનું ત્યાં ન હોય ઓળખાણ, ન તેમની ઉદારતા કે ન તો પ્રેમ! ત્યાં જતી છોકરીને માબાપ જે શિખામણો આપે તે તેમને હોમમાં હોમવાનું હવી હોય તેવી જાતની નથી? ત્યાં પરાધીન દશામાં કર્તવ્યો બજાવવામાં ખામી આવે તો માબાપનો ડર, ને સમાજનો ડર! શું પતિને માબાપ ફરજનું ભાન નહિ કરાવતાં હોય? આપણા સમાજમાં જે ભિન્નતાની દ્રષ્ટિએ જોવાય છે તેનું કોઈને સ્વપ્ન પણ આવે છે? હાલની બિચારી બ્હેનોનું જીવન કેવું છે તે કોઈ ઝાંખીને જુએ છે!

ભવિષ્યમાં થનારી બ્હેનો આ નહિ ચાલવા દે! તેમનાં માબાપ તરફથી તેમને સારા સંસ્કાર-વિચારની સ્વતંત્રતા મળી હશે! તેને ગાડરીયા

પ્રવાહ માફક નહિ હોઈ. જે જાતના સંસ્કાર લાવ્યાં હશે તેમાં જે પોષણ મળશે તે પ્રમાણે તેઓ પોતાનું ભાવિ ઘડશે. તેમને જે દિશા પ્રિય હશે તે તરફ જવા સહાનુભૂતિ મળશે. જે માતૃપદની ઇચ્છા કરશે તે પૂર્ણ ફરજ અદા કરી શકે તેવી હોય; અને તેજ આ જવાબદારી હાથ ધરી દેશને મદદગાર થાય તેવી જ પ્રજા ઉછેરશે ! તન્દુરસ્ત, જ્ઞાની, સદ્‌ગુણી ને આત્મનિર્ણયી પ્રજાજ ઉંચે ચઢે અને ચઢાવી શકે; અને તે જોખમદારી માતપિતાને શિર જેવી તેવી નથી. હાલ કેટલાં માબાપને આ ભાન છે ? ત્હેમનાં લગ્નો માત્ર મોજમઝા ખાતર કે બહારની ટાપટીપથી અંજાઈ મોહ પામનાર પતંગીયા પેઠે અથવા તો નાટકના સ્ટેજ પર પાર્ટ ભજવી બે વિષેશણોથી રાજીરાજી થનાર માટે નથી; પણ ગૃહિણી બની કુટુંબસેવા ખાતર વ્રત આદરનાર, બાળકોના શરીરનું રક્ષણ કેમ થશે, તે વિશેના શિક્ષણની માહિતી લેઈતેનું બજેટ તૈયાર કરી જેટલાં પોષવા શક્તિમાન હોય તેટલાંજનીજ માતા થવા ઇચ્છનાર, દેશોદ્ધારના પાના ચઢાવનાર; પોતાનું તથા બાળકનું રક્ષણ કરવાની જોખમદાર પોતાને સમજનાર જ માતા થઈ શકે. રોગી પિતા અને નબળી માતાથી હાલની પ્રજા કેટલી નબળી તથા ગરીબીમાં સબડે છે તે પણ સમાજે ધ્યાનમાં રાખવાનું છે. કેટલાક કહે છે કે લગ્ન એ બેડી છે, એથી અમારાં સ્વચ્છંદ વિહારોમાં વિઘ્ન આવે છે. આવા સ્વાર્થ ભરેલાં દંપતી ઈશ્વરનાં ખરેખરાં ગુનેગાર છે. ત્હેમનો અલ્પ સુખ માટેનો પ્રયાસ પરપોટાવત્ છે. પ્રેમ અને મોહ વચ્ચે શો ભેદ છે એ સમજવું બહુ અઘરૂં છે. પોતાની પત્નીને ઘરનો. બાળકો ઉછેરવાનો ને નવા ગર્ભને પોષવાનો બોજો ભારે પડે છે. તેથી તેમની નાજુક તબીયત લથડે છે, જન્મભર રોગી બને છે, ને અકાળે કરમાય છે. આને માટે કોણ જોખમદાર છે ? આપણા શાસ્ત્રકારો સ્ત્રીને "પતિ તેજ ગતિ" આમ કહે છે. વાત તો ખરી છે. કેમકે ધણી બિચારી તેમાંજ ગતિ પામી જાય છે. પણ પતિને ગતિ પમાડે તો તો બ્રહ્માંડને ડોલાવે એવી પણ ઓછી નથી. કેમકે આપણો સમાજ, પુરૂષ–પ્રકૃતિ જગમાં સરખું જ કામ કરે છે એ સમજતો નથી, તેમના નિયમો ને નીતિનાં બંધનો સરખાંજ છે એ માનતો નથી. શું પુરુષને ચાર–પાંચ સ્ત્રીઓ, ૯૦ વર્ષનો થાય ત્યાંસુધી પરવાનો પરણવાનો મળેલો છે ? સ્ત્રીનું પાપ ગણાય તેમાં પુરૂષને કંઈ લાગે વળગે નહિ ! ફાવે તેને ફસાવે તેને કોણ પૂછનાર છે ? ફસાયલી બાળવિધવા સમાજથી ઢીજાયેલી, સગાં સ્નેહીથી ત્રાસતી અકાળે મરે કે જાત્રાએ જાય ને ત્યાં "ભ્રષ્ટ થઈ મતી તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો" એ સાચું પાડે તો એ પાપ સમાજને શિર નહિં ?

એની બ્હેન સાથે આબરૂદાર કુટુંબની બ્હેનને બોલવામાં દૂષણ બેસે ખરૂં ? તેમને પાંસામાં ચાંપી સારે માર્ગે ચઢાવવા વનિતા વિશ્રામ, સેવાસદન વગેરેમાં મોકલી ભૂલેલાંને માર્ગદર્શક થવાનું શું બ્હેનો ભૂલી ગઈ ? કદાચ કોઈ કાયદાની ચુંગાલમાં ફસી તો શું બધી સજા તેમણે જ સહન કરવી ? ભલે તે દયાનું પાત્ર બની બીજાનું હથિયાર બની છે તે ભોળી બિચારી બીજાને પાપે ડૂબે છે, એટલું જ જગત કબુલ કરે તો બસ છે. "નારી નર્કની ખાણ" આ વાક્ય નબળા મનના માણસોનું હશે. તેમનાથી સંયમ નહિ સચવાતો હોય, માટે (નારીજાત) તે ખરાબ. ગામ બહાર ઢેડવાડો હોય, તો ત્યાં જનાર કેમ અભડાય નહિ ? હાલ જેમ દરેક ધંધાવાળા પોતાના 'ટ્રેડમાર્ક' રાખે છે તેમ દરેક નર્કની ખાણવાળી કેમ ન રાખે ? કેટલાક સાધુ બાવાઓ દ્વારકાંની યાત્રાએથી પાછા ફરતાં હાથ પર છાપ મરાવે છે, તેવું જો તેઓ રાખે તો એ યાત્રાળુને પાછાં ફરતાં હાથનાં કાંડાથી તે કોણી સુધીમાં ગમે ત્યાં તે છાપ મારે તો ત્હેને કેટલા ઘરોની યાત્રા થઈ છે તે અન્ય મનુષ્યો જાણી શકે. એવા બગભક્તોથી ચેતીને ચાલે, તો ભવિષ્યમાં કેટલાક રોગો થતા અટકે. અરેબિયન નાઈટ્સમાં એક સ્ત્રીને ૧૦૦ (સો) વીંટી પહેરાવેલી વાંચી છે; તો આમાં ખર્ચ પણ ઓછો ને ફાયદો ઘણો ! વિધવા એ સમાજનું પવિત્ર અંગ છે. તેને દેશ, કુટુંબ કે સમાજ એ બધું સમાન જ છે. એક ન્હાના કુટુંબમાં ત્હેનું નિર્માણ નથી; પણ પ્રભુએ ત્હેને વધારે વિશાળ ક્ષેત્રમાં સેવા માટે નીમી છે. ત્હેનો મહામંત્ર તે ત્યાગ ! શું સાચી સેવા જગતમાં દેખાય છે ? સૌ પોતપોતાના શ્રેય માટે તાકે છે. માત્ર વિધવાને જ તેવો સ્વાર્થ ન હોવો જોઇએ. ત્હેનું જીવન તો માત્ર જગતના કલ્યાણાર્થે છે.

સમાજનો સડો કેમ દૂર થાય ? માતપિતાને બાળક ઉછેરવામાં બનતી મદદ કરવી. બાળલગ્નથી થતી ખરાબી અટકાવવી. કન્યાવિક્રયનો પોકાર ધ્યાનમાં લેવો, આરોગ્ય સાચવવાના ઉપદેશ: આ બધાંની ખાસ અગત્ય છે. વિધુર પણ દેશને ઉપયોગી છે. સોંઘી મજુરણ તે સ્ત્રી ! આવી આપણા સમાજની માન્યતા છે. રોટલા ઘડવા, બાળક જણવાં, એ ઉપરાંત અન્ય ફરજોનું જ્ઞાન જોઇએ. મ્યુનિસિપાલિટિમાં જનાર સ્ત્રી માત્ર મોટાઈ માટે ન જાય, પણ મારૂં ફળીયું જો હું ચોક્ખું રાખતી હોઉં, તો બીજાને રાખવા ઉપદેશ કરૂં. જે કામ કેટલાક પુરુષ ન કરી શકયા તે સ્ત્રી કરશે. કેમકે દુઃખ સહન કરી તે રીઢી ને સખ્ત થઈ છે. ત્હેને પોતાની બ્હેનો માટે દુઃખ નથી થતું એજ બતાવી આપે છે કે તે કેવી કઠણ હૈયાંની છે. પણ જેનાં હૃદય પલોવાયાં છે, તેમાંથી આ દુઃખ દૂર કરવા માટે તત્પર થશે.

આજથી સ્ત્રીનું સ્થાન ક્યાં છે તે નક્કી કરવા ઉપરના સવાલો ખૂબ ચર્ચશે. સમાજનાં શિથિલ બંધનો તોડી પુનર્ઘટના રચવામાં ભાગ લેશે. નવીન આવનાર માટે કાંટા ભરેલા પથ, વાળીને સાફ કરી રાખશે. પોતે કાંટા ખમી, લોકનિંદા સહી પોતાની બ્હેનોની સ્થિતિ સુધારવા તત્પર થશે. ઉઠ! જાગૃત થા! અને ત્હારો ઉદ્ધાર કર! આ હંમેશ યાદ રાખી, નિરાશારૂપી સાગરમાં બીજી ડૂબવાની તૈયારી કરતી બ્હેનોને બ્હારે માનાર બ્હેનો આગળ આવશે, તો દેશમાં સંપ જંપ-લક્ષ્મી ને આબાદી વધશે. પ્રભુ! સૌને ઘેર એ આદ્યશક્તિ પોતાનું ખરૂં સ્વરૂપજ સમજે, અસુરોને સંહારવાનું ત્હેનામાં બળ છે, તે ભાન ત્હેમને થાય, અને જગતને તારવાનું કર્તવ્ય સમજે. કેમકે તેજ પ્રેરક શક્તિ સ્ત્રી છે.

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" નાં

છપાતાં નવાં પુસ્તકો.

આ પુસ્તકમાળા માટે નીચેનાં પુસ્તકો હાલ છપાય છે, જે તૈયાર થયેથી ચાલુ ગ્રાહકોને અર્ધી કીમતે મોકલવામાં આવશે:—

(૧) **દેશ-દર્શન**—ઠાકુર શિવનંદન સિંહના પ્રસિદ્ધ હિન્દી ગ્રન્થનું તેમની ખાસ પરવાનગીથી ભાષાંતરકર્તા બ્હેન સુમિત્રા. તેમાંનાંજ કેટલાંક ચિત્રો સાથે.

(૨) **હાસ્ય કથામંજરી, ભાગ બીજો.** આ ભાગમાં જાણીતા લેખક ભાઈ ધનસુખલાલ કે મહેતાના "અસાધારણ અનુભવ" અને બીજા હાસ્યજનક લેખો, વાતો, સ્કેચ વગેરે આવશે. બની શકશે તો કેટલાંક તેવાંજ રમુજી ચિત્રો પણ આપીશું.

(૩) **ગૃહિણીભૂષણ**—આમાં જુદા જુદા ગૃહસ્થો તથા બ્હેનોએ ગૃહવ્યવસ્થા, બાળરક્ષણ તથા સ્ત્રીજીવનને લગતા ખાસ લખેલા લેખો, જીવનચરિત્રો સંવાદો, ટુંકી વાર્તાઓ વગેરે આવશે. સ્ત્રીઓ માટે ઉત્તમ ભૂષણરૂપ થશે.

(૪) **અનંત આખ્યાન સંગ્રહ**—ગુજરાત કાઠીઆવાડમાં કથાકાર તરીકે પ્રસિદ્ધ થઇ ગયેલા શ્રીવૈષ્ણવ અનંતપ્રસાદજીએ અનેક ધાર્મિક આખ્યાનો ગદ્ય તથા પદ્યબદ્ધ રચેલાં છે. જેમાંનાં કેટલાંક તેમના "આનંદ" નામે માસિક પત્રમાં છપાતાં તે અતિશય લોકપ્રિય થયાં હતાં. તે સિવાય તેમણે લખેલાં ઘણાં આખ્યાનો અપ્રસિદ્ધ પણ છે. તે એકસો ઉપર થાય છે. એ બે કે ત્રણ ભાગમાં છપાવવાનું સાહસ અમે વહોર્યું છે. તેમનો એક ભાગ આ વર્ષે આપવામાં આવશે.

જીવનલાલ અમરશી મહેતા.

સ્ત્રીઓનું સાહિત્ય-જીવન

(લેખકઃ—રા. રા. રતિપતિરામ ઉદ્દ પંડ્યા, બી. એ.)

ગુજરાતનાં સ્ત્રીવર્ગના સદ્‌ભાગ્યે સુંદરી સુબોધ નામનું માસિક બાહોશ અને સંસ્કારી તંત્રીને હાથે ઘણાં વર્ષ સુધી ચાલ્યું. સુંદરી સુબોધમાં સ્ત્રીઓને લેખો અને કાવ્યો લખવાનો અભ્યાસ પાડવાનું શીખવવામાં આવ્યું. આને લીધે ઘણી સ્ત્રી-લેખકો પ્રખ્યાતિમાં આવી; કેટલાંક ઢંકાયેલાં સ્ત્રી-રત્નોની પરીક્ષા થઈ, અને અત્યારે પુરુષ લેખકો અને વાંચકોના પ્રમાણમાં સ્ત્રી-લેખકો અને વાંચકોની સંખ્યા સંતોષકારક ઠીક જણાય છે.

સુંદરી સુબોધની અવદશા બદલાઈ. તેનું કાર્યક્ષેત્ર અસ્તવ્યસ્ત થઈ ગયું, એજ અરસામાં ગુજરાતી સ્ત્રીવર્ગના સદ્‌ભાગ્યે સ્ત્રીબોધ માસિક ગુજરાતમાં દૃષ્ટિએ પડવા માંડ્યું. તેનાં તંત્ર બદલાયાં. જુની પુરાણી પ્રણાલિકા ત્યજી દઇ તેણે નવો વેષ ધારણ કર્યો. સ્ત્રીઓની જરૂરીઆતો સમજી જઈ તેણે નવા કાર્યવાહકો શોધ્યા; અને નવે હાથે નવું તંત્ર ચલાવવામાં સ્ત્રીબોધે અત્યાર સુધી અખંડિત સફળતા મેળવી.

મનુષ્ય માત્રને માનસિક આનંદની જરૂર છે. માનસિક આનંદ સાહિત્ય-દ્વારા જેટલો મેળવાય છે, તેટલો બીજી રીતે ભાગ્યે મેળવાતો હશે. જેઓ એમ માને છે કે " સ્ત્રીઓ ઐહિક સુખને માટેજ નિર્માણ થયેલી છે; " એઓ એકજ દૃષ્ટિએ સ્ત્રીજીવનનો વિચાર કરતા લાગે છે. સ્ત્રીઓથી ઐહિક સુખ મળે છે, તે વાત તો તદ્દન સ્પષ્ટ છે, પણ માનસિક આનંદ આપવામાં સ્ત્રીઓ સાધનભૂત બની શકે કે કેમ, અને બને તો કેવી રીતે? તે વિશે વિચાર કરવો ઘણો જરૂરનો છે.

પુરુષને સુખ દુઃખમાં સ્ત્રી જેવો બીજો કોઈ મીઠો સાથી મળી શકેજ નહીં, એ નિર્વિવાદ છે. સુખ ભોગવવામાં જેમ સ્ત્રીની આવશ્યકતા

છે, તેમ દુઃખ સ્હેવામાં પણ મીઠાં કોમળ વચનો, અને તેનો વ્હાલસોયો સ્વભાવ પણ અગત્યનાં છે. સ્ત્રી પુરૂષની બેલડી ઇશ્વરે કાંક એવી ઘડી છે, કે અરસપરસ એકમેકની જરૂર પડયાંજ કરે છે. જંગલીમાં જંગલી જાતથી માંડીને સંસ્કૃત જાતિનાં સ્ત્રીપુરૂષો એકમેકની ખોટ પૂરે છે. ફેર. માત્ર એટલોજ રહે છે, કે જંગલી જાતિમાં આચાર અને વિચાર શુષ્ક, ભારે અને નિરપૃહી હોય છે, જ્યારે સંસ્કૃત જાતિમાં આચાર વિચાર રસિક, નિર્મળ અને સ્નેહપૂર્ણ હોય છે.

સ્ત્રીપુરૂષનાં જીવનનો એક રસ આમ થોડા વધતા અંશોમાં બધે જોવામાં આવે છે, ત્યારે સ્ત્રીઓનું સાહિત્યજીવન પુરૂષોને કેટલું ઉપયોગી થઈ પડે તેનો વિચાર કરીએ. આહારશુદ્ધિના નિયમમાં હું દઢ શ્રદ્ધાવાળો છું. તેથી જ્યારે જ્યારે મારે સ્વયંપાક કરવાનો પ્રસંગ આવે, ત્યારે ત્યારે હું પારકાની સહાય ન લેતાં મારે હાથેજ બનાવી લઉં છું. આમાં મેં જોયું છે કે તેમાં સ્વતંત્રતા અને પરિપકવતા જેટલી સચવાય છે, તેટલી પરહસ્તે થયેલી રસોઇમાં સચવાતી નથી. મારી આવી માન્યતાને વિધિએ સખતમાં સખત કસોટીએ મૂકી છે, અને દ્રવ્યોપાર્જનાર્થે સખતમાં સખત નોકરી કરવાની હોવા છતાં હું આ કસોટીમાંથી અત્યાર સુધી તો પાર ઉતર્યો છું. સતત ૭ માસ સુધી સ્વયંપાકનો સમય પ્રાપ્ત થતાં મને જણાયું છે કે સ્ત્રીઓને જો સ્વયંપાક આદિ એકલા ગૃહકાર્યમાંજ રોકવામાં આવે તો તેમના જીવનમાં ઉચ્ચભાવના અને સંસ્કૃતિ ક્ષીણ થતાં જાય છે. તેમની માનસિક સ્થિતિ શાક વઘારવામાં કે ન્યાત જાતની અમુક રૂઢીઓ પાળવામાંજ બંધાઇ જાય છે. ઉચ્ચભાવના અને સંસ્કૃતિની ક્ષીણતા થયા પછી તેમનામાંથી રસિકત્વ નાશ પામવા લાગે છે. જીવનમાં પ્રાણવાયુ જેવું અગત્યનું સ્થાન ભોગવે છે, તેવુંજ રસિકત્વ એ સ્ત્રીજીવનનો પ્રાણવાયુ છે. અરસિક સ્ત્રીજીવન પશુજીવનથી કોઇ રીતે ઉતરતું નથી. સંસારની અસારતાનું ભાન કરાવનાર સ્ત્રીનું આસ્તિક જીવન છે. ઉચ્ચભાવના, સંસ્કૃતિ અને રસિકતા પોષવાને સ્ત્રીએ સાહિત્ય–જીવન ગાળવું જ જોઇએ.

સાહિત્ય–જીવન ગાળવાને સારાં પુસ્તકોનું વાચન જરૂરનું હોવા ઉપરાંત પુસ્તકોના વિચારોને પચાવવાનું અગત્યનું છે. લેખક પિતા સમાન છે, કારણ તે પોતાની બુદ્ધિદ્વારા લેખ ઉત્પન્ન કરે છે, પણ તે લેખનો ભોક્તા –પતિ–તો તેજ છે કે જે લેખનો રસ સ્હમજી તેમાં મઝા માણી શકે છે. સરસ્વતીચંદ્ર જેવું ઉત્તમ પુસ્તક રચનાર સ્વ. ગોવર્ધનરામભાઈ તે પુસ્તકના

પિતા સમાન છે, પણ તે પુસ્તકમાં રહેલા રસનું પાન કરનાર વાચક એનો ખરેખરો ભોક્તા કહી શકાય. સાહિત્યમાં ઉત્તમ પુસ્તકોના ભોક્તા થવું એ પણ લેખક થવા જેટલુંજ અગત્યનું અને મુશ્કેલ છે. ગૃહકાર્ય ઉપરાંત સ્ત્રીઓ આવું જીવન સ્હેજે ગાળી શકે.

સ્ત્રીજીવન એકલા ગૃહકાર્યમાંજ સમાપ્ત થતું નથી. સામાજીક બંધારણ સાચવવામાં સ્ત્રીઓનું સાહિત્ય-જીવન આવશ્યક અંગ છે. સામાજીક બંધારણ ખીલવવામાં સ્ત્રીઓનું સાહિત્ય-જીવન આવશ્યક અંગ છે. સામાજીક બંધારણ સાચવનાર સ્ત્રી-જીવન ગામડાંઓમાં અને વનવગડે જોઇએ તેટલાં મળી આવશે, પણ ગ્રામ્યસ્ત્રી-જીવન સાહિત્ય-સમૃદ્ધ ન હોવાથીજ તોછડું, શુષ્ક અને અસંસ્કૃત લાગે છે. ગામડાંનાં સ્ત્રી-જીવન અને શહેરી સ્ત્રી-જીવન એ બંને વચ્ચે જે અસમાનતા જોવામાં આવે છે, તેનું કારણ સાહિત્ય જીવનને અવલંબી રહેલી સંસ્કૃતિ શહેરી સ્ત્રી-જીવનમાં પ્રાધાન્ય ભોગવે છે. ગામડાંની સ્ત્રીઓ તેમજ શહેરી સ્ત્રીઓમાં જો કે સ્ત્રીત્વ એક સરખુંજ છે, છતાં બંને જીવન વચ્ચે આસમાન જમીનનો ભેદ જણાય છે. ગ્રામ્ય-સ્ત્રી-જીવન જોવાથીજ સ્ત્રીઓના સાહિત્ય-જીવનની આવશ્યકતા સમજાય છે.

કેવળ પુસ્તકો વાંચવાથી સાહિત્ય-જીવન સમાપ્ત થતું નથી. જીવનના દરેક દરેક વ્યવહારમાં સાહિત્ય-જીવન ઉપયોગી થઈ પડે છે. સંસારમાં દુઃખ સુખના પ્રસંગો સ્ત્રીઓ તેમજ પુરૂષોને વારેવારે આવે છે; સંસારમાં વ્યવહાર સાચવવામાં ઘણાં સ્ત્રીપુરૂષો મુંઝાઈ જાય છે; સંસારના પંથે પ્રયાણ કરનારાં ઘણાંયે દંપતીઓ વિખવાદથી તથા અરસપરસ ગેરસમજથી કલેશમય જીવન ગાળતાં હશે; આ બધા પ્રસંગે પુરૂષના સાહિત્ય-જીવન કરતાં સ્ત્રીનું સાહિત્ય-જીવન બળવત્તર બને છે; અને કલેશમય પ્રસંગોને ધીરજથી ગળી લે છે. પુરૂષનું સાહિત્ય-જીવન પુસ્તકીયુંજ મોટે ભાગે હોય છે, પણ સ્ત્રીઓનું સાહિત્ય-જીવન તદ્દન વ્યવહારૂ થઈ શકે છે. પુરૂષ આદર્શોના કિલ્લાઓ બાંધે છે, પણ સ્ત્રી વ્યવહારૂ મહુલીઓ બનાવે છે. પુરૂષના આદર્શોમાં અસંતોષ અને અસહિષ્ણુતા પ્રત્યક્ષ થાય છે, પણ સ્ત્રીનાં વ્યવહારૂ કાર્યોમાં શાન્તિ, ધીરજ, અને મીઠાશ દેખાય છે.

સાચું સ્ત્રી-જીવન સાહિત્ય-જીવનથી ભિન્ન રહી શકતુંજ નથી. ન્હાનાં બાળકોની માવજત, વૃદ્ધ વડીલોની સેવા, પતિપરાયણતા, અને ઘરરખુ સ્વભાવ એ સ્ત્રીજીવનના પ્રાણવાયુ સમાન છે, તેજ સ્ત્રીઓના સાહિત્ય-જીવનના વ્યવહારૂ સ્વરૂપની ખીલવણી કરવી એટલે સ્ત્રીઓના સાહિત્ય-

જીવનને ખીલવવું, અને પુસ્તકીઆ સાહિત્ય-જીવન કરતાં સ્ત્રીઓનું આવું સાહિત્ય-જીવન હજાર દરજ્જે શ્રેષ્ઠ, સરળ અને સરસ હોય છે.

આજકાલ સ્ત્રીઓનાં સાહિત્ય-જીવન કલંકિત થતાં જાય છે. ન્હાનાં બાળકોની માવજત કરવામાં સ્ત્રી-જીવન કદાચ નિપુણતા ધરાવતું હોય, પણ વૃદ્ધવડીલોની તરફ સેવા-વૃત્તિ શિથિલ થતી ઘણે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. પાશ્ચાત્ય પ્રજાના સંસ્કારે આપણા જીવનમાં એવી તો ઊંડી અને સચોટ અસર કરી છે કે સ્વાતંત્ર્યને નામે સ્વચ્છંદતાનો પટ આપણા જીવનને લાગ્યો છે. સ્વતંત્રતાના કે સ્વચ્છંદતાના પાઠ શીખવાને આપણે વલખાં માર્યા હોય તેવું કાંઈ નથી, પણ પાશ્ચાત્ય પ્રજાના સંગદોષને લીધે આપણાં જીવન આવા દોષના ભોગ થઈ પડયાં છે.

પ્રાચીન આર્ય સ્ત્રી-જીવન સ્વતંત્ર હતું; સ્વચ્છંદી નહોતું. સ્વચ્છંદતાની ભાવના આર્યત્વથી નદ્દન વિરૂદ્ધ જ છે. સ્વચ્છંદી જીવન અણગમો ઉત્પન્ન કરનારૂં લાગે છે, પણ સ્વતંત્ર જીવન વ્હાલસોયું અને આનંદ ઉત્પન્ન કરનારૂં હોય છે. સ્વચ્છંદતાનો નાશ કરવા અને સાચા સ્વતંત્ર જીવનની જ્યોતિ પ્રકટાવવા દરેક સ્ત્રી પુરૂષે સાચા પ્રયાસો ખંતથી કરવા જ જોઇએ. એ વિના આર્ય-જીવનની મહત્તા સ્હમજાવી મુશ્કેલ છે. અને જ્યાં સુધી આર્ય-જીવન ન સ્હમજાય, ત્યાં સુધી સ્ત્રીઓનું સાહિત્ય-જીવન સ્હમજાય તેમ નથી.

બ્હેનો, અંતમાં એટલું જ કે સાહિત્ય-જીવન એ પુરૂષોનો જ ઇજારો છે, એવી માન્યતાને હંમેશને માટે તિલાંજલી આપજો. પુરૂષોનું સાહિત્ય-જીવન પુસ્તકોનાં વાંચનમાં જ વીરમતું હશે, તો તમારૂં સાહિત્ય-જીવન સંસારના પુસ્તકનાં પાનાંઓમાં ખીલતું હશે. પુરૂષોના આદર્શો કરતાં તમારા અનુભવી વ્યવહાર-સંસારમાં સરલતા આણી શકે છે. સંસારમાં શાન્તિ, મીઠાશ અને સાર બતાવનાર તમારાં જીવન છે. પણ સાથે એટલુંયે ન વિસરશો કે સ્વતંત્રતા તમારા જીવનને વિકસાવનાર છે, જ્યારે સ્વચ્છંદતા તમારા જીવનને કરમાવી નાંખશે. બંનેને પારખી કાઢવાં, અને સ્વતંત્રતાનો સ્વીકાર કરી સ્વચ્છંદતાને દૂર કરવી, એમાં જ તમારી બુદ્ધિની કસોટી સમાઈ છે. સ્ત્રીબોધ [illegible]ાં સ્ત્રીવાંચકો સ્ત્રીબોધની સાર્થકતા ત્યારે જ સાધી શકે કે જ્યારે પોતાનાં સાહિત્ય-જીવનને સ્વચ્છંદતાથી નિષ્કલંક રાખી નિર્મળ, સ્વતંત્ર અને પ્રેમભર્યાં બનાવે!

માતા, પિતા અને બાલક.

[લખનારઃ—રા. રા. ધીરજ.]

બહુજ ગાઢ પરિચય હોવાને લીધે આ વિષય ધ્યાનમાં આવતો નથી; પરંતુ જો આપણે બાળક કે માતા પિતાની દૃષ્ટિથી જોઈએ તો આ વિષયનું મહત્ત્વ કોઈ રીતે ઓછું પ્રતીત થતું નથી. સર્વ સાધારણની ઘણું કરીને એવી સમજ હોય છે કે જે અવસ્થા આપણે વ્યતીત કરી છે, તે ઉપર લખવાની આવશ્યકતા શી છે ? જો પોતાના મનમાં પ્રત્યેક મનુષ્ય આ વાતનો વિચાર કરે તો પણ હાનિ નથી. વિવાહ પહેલાં યુવક અને યુવતીને આ વિષયમાં જે કાંઈક શિક્ષણ મળે છે, તે બહુધા અજ્ઞાન જનો તરફથી મળે છે. જિંદગીની સુધારણાને માટે એ વાતની એટલી જરૂર છે કે તે તરફ ઉપેક્ષા રાખવી એ બહુ હાનિકર્તા છે. જેને સમુદ્ર શું ચીજ છે તેની પણ ખબર નથી તેને સ્ટીમરનો કપ્તાન બનાવીને મહાસાગરમાં ધકેલવામાં આવે તો શું થાય ? જે મનુષ્યને સંતાન શું ચીજ છે, તેનું લાલન-પાલન શી રીતે કરવું જોઇએ, તેમજ તેનાં આચરણ કેવાં ઘડવાં જોઇએ તેનું જ્ઞાન નથી, તે મનુષ્યને સંસારમાં ધકેલી દેવામાં આવે તો તે અણઘડ કપ્તાન જેવી દશાને પામે છે. પુરુષોમાં એક એવી શ્રેણીવાળા છે કે જન્મભર બ્રહ્મચારી રહેવાના પક્ષપાતી છે, તેમને માટે સ્ત્રીઓ બનાવવામાં પરમેશ્વરે મોટી ભૂલ કરી છે. તેઓ માતૃત્વ અને પિતૃત્વ કરતાં બ્રહ્મચર્યને અધિક માન આપે છે; પણ જો માતૃત્વ અને પિતૃત્વ સાથે બ્રહ્મચર્ય પણ હોય તો તેની બરાબરી કોઈ કરી શકતું નથી. જે પુરુષના ભાગ્યમાં પિતા બનવાનું અને જે સ્ત્રીના કિસ્મતમાં માતા બનવાનું ન લખ્યું હોય તે પોતાના જન્મને વ્યર્થ સમજે છે, આ બન્ને શ્રેણીનાં દંપતી છે. જે આંબા ઉપર ફળો ન હોય તે બીજા આંબા કરતાં શું સુન્દર દેખાશે ? સ્ત્રી માતા બનીને અને પુરુષ પિતા બનીને કેવળ સંસારનું કર્તવ્ય પુરું કરે છે એમ નથી; કિન્તુ પરમાત્માની નિકટ પહોંચવાનો માર્ગ તે સાફ કરે છે. સંતાન ઉત્પન્ન કરીને તેઓ ભવિષ્યનો સેતુ-પૂલ તૈયાર કરે છે. મનુષ્ય પ્રાણી પરાપૂર્વથી એવા સેતુ ઉપર થઇને આવે છે તથા જાય છે. સંતાનમાં

ગુણ, માનસિક તથા નૈતિક આચરણ અને અવગુણ ભરેલા હોય છે અને તેના ઉપર ભવિષ્યની પેઢીઓની ક્ષય-વૃદ્ધિ અવલંબિત છે. લાખો વર્ષોથી આ પ્રમાણે મનુષ્યના ગુણાવગુણ એકમાંથી બીજામાં ઉતરતા ચાલ્યા આવેછે.

નીચી શ્રેણીવાળાં પ્રાણીઓમાં વંશવૃદ્ધિ વિશેષ પ્રમાણમાં થાય છે, પણ તેમાં માતા પિતા અને સંતાનનો સંબંધ થોડા સમય રહે છે. એ ઉપરથી પ્રકૃતિનો એવો ઉદ્દેશ માલમ પડે છે કે તેમનો પ્રવાહ એ પ્રમાણે જ ચાલ્યો જવો જોઇએ. એ જાતિનાં માતપિતામાં પ્રેમ પણ હોતો નથી. કેવળ એ જાતિઓનાં પ્રાણીઓનું અસ્તિત્વ ચાલ્યા કરે છે. માંખ, વિંછી, ખીસકોલી વગેરે પ્રાણીઓમાં સ્નેહસંબંધ હોતો નથી; કિન્તુ જેમ જેમ ઉંચી શ્રેણીવાળાં પ્રાણીઓ તરફ જોઇએ છીએ, તેમ તેમ પ્રેમની વૃદ્ધિ જણાતી જાય છે; અને તેના કરતાં પશુઓમાં વધારે સ્નેહ જણાય છે. મનુષ્યોમાં તેથી વધારે પ્રેમ હોય છે. માતાના ગર્ભમાં નવ માસ રહવા છતાં મનુષ્યનું બાળક એટલું કમજોર હોય છે કે અન્ય પ્રાણીઓનાં સંતાન તેનાથી સબળ હોય છે. મનુષ્ય પ્રાણીમાં માતાપિતાનો પ્રેમ એક પ્રકારનું બંધન બની જાય છે, એ બંધનને લીધેજ સંસારમાં ઘર બને છે. વરસોનાં વરસો વીતવા છતાં માતાપિતાનો સંતાન ઉપરનો પ્રેમ કમી થતો નથી, ઉલટું તેનાવડે માતા પિતાનું પોતાનું બંધન અધિકતર દઢ થાય છે. સંતાન પ્રતિ માતાપિતાનો પ્રેમ જ સંસારમાં કુટુંબની ઉત્પત્તિનું સ્થાન છે. એ પ્રેમથી જ મનુષ્યનો પરિવાર વધે છે. સંતાનથી મનુષ્યને જે ફાયદા થાય છે તેમાં તે પહેલો છે. સંતાનથી માતા પિતાને એક બીજો પણ ફાયદો થાય છે. મનુષ્ય પોતાના બાળકમાં રહેલા બાળપણનો અનુભવ લે છે, એ પણ લાભ છે. બાળકની ક્રિડા, કાલાઘેલા શબ્દો, વિવિધ રમતો વગેરે જોઇને ઉદાસ માણસને પણ ઘડીવાર આનંદ થાય છે. તેને પોતાનું બચપણ નજર આગળ તર્યા કરે છે. અવસ્થાની વૃદ્ધિ થતાં આ સર્વ વાતો રૂક્ષ અને નિરાનંદ લાગે છે.

મૃત્યુ પછી આ સંસારમાં બાળકો દ્વારા મનુષ્ય જીવતો રહે છે. સંતાન વિનાના માણસને પોતાનું જીવિત સારૂં લાગતું નથી. જો એકાદ પુત્ર કે પુત્રી હોય તો નિરાશા થતી નથી. માતાપિતાને પોતાનાં બાળકોમાં એક અપૂર્વ સુંદરતા દેખાય છે. તેના અવ્યક્ત-અસ્પષ્ટ કાલા શબ્દો સુંદર કવિતા સમાન આનંદ આપે છે. એવા આનંદને લીધે સંસાર મીઠો લાગે છે. જેને વૃદ્ધત્વ આવ્યું છે અને સંસારમાં એક પણ સંતાન નથી, તેને આ જગત કેટલું દુઃખદાયક લાગતું હશે, તેની કલ્પના સુખી-સર્વ રીતે સુખી માણસોને આવવી કઠીન છે.

માતા પિતા થવાની જ   ારી પોતાને શિરે લેતાં પહેલાં સ્ત્રી અને

પુરૂષોએ પોતાનાં શરીર, મન તથા આત્માને કેળવણી આપવી જોઇએ. જે ચીજ માતા પિતાના અંગમાં ન હોય, તે તેઓ બાળકને આપી શકતાં નથી, માટે સંતાન પેદા કરતાં પહેલાં માતાપિતાએ પોતાની તમામ પ્રકારની અપૂર્ણતા કમી કરવી જોઇએ. જેમનામાં અપૂર્ણતા હોય છે, તેઓ જો સંતાન પેદા કરે તો કુદરત સામે તે ભારી અપરાધ કરે છે! બાળક ઉત્પન્ન થયા પછી તેની દેખરેખ સારી રીતે રાખવી જોઇએ. કેટલાંક માબાપો બાળકો ઉપર પ્રેમ કરે છે, પરન્તુ તેમને કેળવી શકતાં નથી. બાળકો સદગુણી થાય, તેમની શારીરિક સ્થિતિ સુદઢ બને અને તેમનામાં દેશપ્રેમ પ્રેરાય, તેવી યોજના યોજાવી જોઇએ. સ્વાર્થને વશ થઈ માબાપોએ બેપરવાઈ રાખવી એ ભારી અન્યાય છે. બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેને ઘટિત શિક્ષણ દેવું આવસ્યક છે. દેખાદેખીથી કામ કરવાનું વલણ બાળકોમાં વધારે હોય છે. અનુકરણશક્તિ તેમનામાં પ્રબળ હોય છે, માટે એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે બાળકોની આસપાસનું વાતાવરણ બહુ પવિત્ર રાખવું જોઇએ. નાનામાં નાની ભૂલનું ભવિષ્યમાં મોટું ભયંકર પરિણામ આવે છે, એ માતાપિતાએ લક્ષમાં લેવું જરૂરનું છે.

એવાં સેંકડો માતાપિતા છે કે જે પોતાનાં સંતાનને કોઈ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપતાં નથી. મનુષ્ય ઉપર ધર્મનું સદૈવ પરિણામ થાય છે અને થશે; માટે એટલું ખાસ સ્મરણમાં રાખવું કે જો માબાપ પોતે ધર્મની પસંદગી કરી બાળકને શિક્ષણ નહિ આપે તો સંભવ છે કે જે ધર્મને તે ધૃણાની નજરે જુએ છે, તેને તેનાં સંતાન ધારણ કરી લેશે! પિતા મૂર્તિપૂજક અને પુત્ર આર્યસમાજી અનુભવ્યા છે. બીજી તરફ પિતા આર્યસમાજી અને પુત્ર મૂર્તિપૂજક પણ જોયા છે! પોતાના ધર્મનું શિક્ષણ સંતાનને નહિ આપવાનું જ એ પરિણામ છે! માટે બાળકને ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ, તેને કર્તવ્યનું ભાન કરાવવું જોઇએ. સત્ય તરફ સહાનુભૂતિ અને પૂર્ણશ્રદ્ધા ઉત્પન્ન કરાવવી જોઇએ. તેને સદૈવ એવું શિક્ષણ આપવું જોઇએ કે જેથી તેના હૃદયમાં પ્રેમ, સ્વદેશવાત્સલ્ય, વિવેક, સમતા, ઉદારતા અને પવિત્રતા પ્રકટે.

બાળકનું જીવન બગાડવું કે સુધારવું એ માતા પિતાના હાથમાં છે. જે માતાપિતાનું મન પોતાને વશ હશે નહિ, અને જે પોતાના હઠ, ક્રોધ અને અભિમાનથી કામ લેશે, તેનાં સંતાનમાં એ સર્વ અવગુણ આવ્યા વિના રહેશે નહિ. માબાપના હાથમાં જે અધિકાર છે, તેનો તેણે સવળે માર્ગે ઉપયોગ કરવો જોઇએ. તેનાથી બની શકે તેટલું તેમને શ્રેય કરવું જોઇએ

બહુધા માબાપ એ ભૂલી જાય છે કે સંતાનની સર્વે જવાબદારી તેને જ શીરે છે. બાળકના સંબંધમાં કલ્યાણ ભાવનાનો વિચાર કરતાં બાળકના હિતને મુખ્ય રાખવું જોઇએ. બાળકના અપરાધો ઘણીવાર ઉપેક્ષા કરવા લાયક હોય છે, તો ઘણીવાર ખાસ શિક્ષા કરવા જેવા પણ હોય છે. શિક્ષા કરવા કરતાં શિક્ષાની બીતિ બહુ સારું પરિણામ લાવે છે. હાલમાં તો બહુધા માબાપ તરીકેની ફરજો સમજ્યા પહેલાં માબાપ થવાના પ્રસંગો હિન્દુસંસારમાં ઉપલબ્ધ થાય છે, અને તેથી બાળશિક્ષણ ઉપર ધ્યાન આપી શકાતું નથી. બાળકોમાં હાલ કેટલેક ઠેકાણે ઉચ્છૃંખલતા, અવિવેકતા, ઉદ્ધતતા, અવિનયતા વગેરે માલમ પડે છે તેનો દોષ તેમનાં માબાપો ઉપરજ આવે છે ! કેટલાંક માબાપો બાળકોને લાડ લડાવી દુર્ગુણી બનાવે છે, પણ તેમણે જાણવું જોઇએ કે लालयेत् पंच वर्षाणि, दशवर्षाणि ताडयेत् ॥ प्राप्तेतु षोडषे वर्षे पुत्रमित्रवदाचरेत् ॥ (પાંચ વર્ષ સુધી લાડ લડાવવાં, પછી દશ વર્ષસુધી શિક્ષા કરવી અને સોળ વર્ષ થાય ત્યારથી પુત્રને મિત્ર પ્રમાણે ગણવો.) મનોવિકારને વશ થઈ માબાપોએ બાળકને એક સામાન્ય ચીજ ગણી તે તરફ તેવા પ્રકારનું વર્તન ચલાવવું એ કેટલો અન્યાય ? બાળકો મોટાં થાય છે તોપણ કેટલાંક માબાપો તેમને સ્વાધીનતા આપતાં નથી. બાળપણથી મોટી અવસ્થા સુધી તેનાં વડિલો તેમને એકજ દશામાં રાખવાનું ઇચ્છે છે. એનું પરિણામ પ્રેમની વિરૂદ્ધ આવે છે. પિતા–પુત્ર લડે છે. અને ગૃહસંસાર કલહનું સ્થાન બને છે.

અજ્ઞાન બાળકોને તદ્દન સ્વતંત્ર બનવા દેવાં એ પણ ઇચ્છિવા યોગ્ય નથી. અંકુશની આવશ્યકતા પરિમિત પ્રમાણમાં સર્વને માટે આવશ્યક છે. નિરંકુશતાનું પરિણામ તો સારું ન જ આવે. બાળકનો સ્વાભાવ અને તેની શક્તિનો યોગ્ય વિચાર કરી તેને યોગ્ય વિષયનું શિક્ષણ આપવું જોઈએ. માતાપિતાએ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે બાળકોનું જીવન વ્યર્થ ન જાય અને તે ભવિષ્યમાં સુખી થાય તેવી તજવીજ કરવી જોઈએ. તેમનામાં સ્વાભિમાન જાગૃત થાય એવી શક્તિ વધારવી જોઈએ. વિશેષમાં તેમનાં સ્વજાતિપ્રેમ, સ્વદેશવત્સલતા વિકસાવવાં એ માબાપનું બાળક પ્રતિનું પરમ કર્તવ્ય છે. પ્રથમ માબાપે પોતાની યોગ્યતા વધારવી અને પછી સંતાનમાં સદ્ગુણનાં બીજ રોપવાં. મા, બાપ અને બાળકની ઉન્નતિ ઉપરજ રાષ્ટ્રની ઉન્નતિનો આધાર છે. સમાજની ઉન્નતિ એ રાષ્ટ્રોન્નતિનું પ્રથમ પગથીઉં છે. જ્યારે સમાજપ્રગતિ, સાંસારિક સંસ્કૃતિ આગળ વધશે ત્યારે દેશોદય સત્વર થશે. પ્રભો, હિન્દને એ રૂડો દિન સત્વર દેખાડો.

ગુરુ ગોવિંદસિંહ અને અનોપકુંવર.*

[લખનારઃ—સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ.]

[સ્થળઃ—આનંદપુરની સીમાપરની વાડી નજીકનો પ્રદેશ. મધ્ય રાત્રે ગુરુ ગોવિંદસિંહ ત્યાગીના પોશાકમાં પ્રવેશ કરે છે.]

ગુરુ— અકલ કરણી સકલ શી, જગપતિ;
ગમ ન પડે કશાંમાં જરાએ ધરાએ!
શા બલિદાન આ થયા:
હા! ઇહ લોકથી ગયા:
ના કંઇ બાલની દયા:
કારણ હેતુઓ કયા?
ગરીબ વનિતા વલવલે!
હૃદય વિધુરાં દવ મહીં જલે!
નયન સરતાં સધીર ઝરતાં:
સફલજગપ્રભુની કૃતિ પણ ન મતિ
કરતી ગતિ: ઉલટ જતી!

ખેર! આ સંન્યાસી મહારાજે મને એવો સંદેશો મોકલ્યો છે કે મારે મધ્ય રાત્રે એક પણ અનુચર વગર ત્યાગીના પોશાકમાં તેને મળવા આવવું. ત્યાગીનો પોશાક છે, એટલે ખંજર કે છરી સાથે નથી. મને ઘણું

---

* એવી દંતકથા છે, કે અનોપકુંવર નામે લાહોરની કોઈ ધનાઢ્ય ખત્રાણી પ્રખ્યાત શીખ ગુરુ ગોવિંદસિંહ ઉપર પ્યારમાં પડી હતી. ગુરુને પોતાના તરફ વાળવાને બીજો કશો ઉપાય ન સુઝવાથી તેણે સંન્યાસીનો વેશ લીધેલો: અને એવી વાત ચલાવેલી, કે પોતાના ઉપર દેવી પ્રસન્ન છે, અને દર્શન આપે છે. ગુરુને કાને એ વાત જતાં તેણે મળવાનું પુછાવેલું; અને અમુક સ્થળે મધ્ય રાત્રે એકલા આવવાની તેને સૂચના થયેલી. એ દંતકથાને આધારે ઉપરના પ્રસંગની કલ્પના કરવામાં

કુતુહલ થયું છે. સંન્યાસી પરમ સ્વરૂપવાન, ઉદાર અને ભવ્ય છે, એ તો સ્પષ્ટ છે. પણ દુર્ગાદેવીના સાક્ષાત્કારની વાત શું સાચી હશે? સાચી હોય તો જેની મુખમુદ્રા તેની હોવી જોઇએ તેવી છે? આતશ છેઃ પણ પ્રકાશ મને પુરતો કે સ્વચ્છ દેખાયો નથી.

(દરવાજો ઠોકે છે, અને તે ધીમે ધીમે ઉઘડે છે. સામે એક આસન ઉપર અનોપભારતી બેઠેલ દેખાય છે. પાસે એક બીજું આસન ખાલી રાખેલું છે).

ગુરૂ—મહારાજને પ્રણામ કરૂં છું.

અનોપભારતી—ગુરુ દેવને પ્રણામ કરવાને તો હું યોગ્ય છું. આપ પંજાબને અને સમગ્ર હિંદને પૂજ્ય છો! આપના પ્રતાપ અને પ્રભાવથી હું સારી રીતે વાકેફ છું. બીરાજો, શી આજ્ઞા છે?

ગુરૂ—મેં સાંભળ્યું છે, કે આપને પરમાત્માના સાક્ષાત્કારનો પ્રસાદ પ્રાપ્ત છે. હું પોતે એ અનુભવ માટે ઘણા વખતથી ઉત્સુક છું, અને તેટલા માટે આપની પાસે આવ્યો છું.

અનોપભારતી—આપનું ઇષ્ટ રૂપ કયું છે?

ગુરૂ—વીરોની અધિષ્ઠાત્રી દુર્ગાદેવીનું.

અનોપભારતી—એ દર્શન આપને થઈ શકશે.

ગુરૂ—ખરેજ! શું આપ એ મંત્ર મને બતાવશો?

અનોપભારતી—માતાજીને મારે પુછવું જોઇશે. પણ આપ સમજો છો, કે આવા અનુભવો માત્ર મંત્ર જાણવાથી થતા નથીઃ કેવળ અનુગ્રહથી થાય છે.

ગુરૂ—ખરી વાત. હું પણ પાત્ર નથી, છતાં અનુગ્રહનો આકાંક્ષી છું.

અનોપભારતી—મજનુ અનુગ્રહનો આકાંક્ષી હતો, તો માતાજીના પ્રતાપથી અનુગ્રહ પામ્યો, અને સાથે લૈલાને પણ પામ્યો. આપ સુદ્ધાં ગુરુદેવ, અનુગ્રહની સાથે કોઇ લૈલાને પામો તો—

ગુરૂ—કોઈ લૈલાને? એટલે?

અનોપભારતી—એટલે કોઇ લૈલા જેવી મનોહર સુંદરીને.

ગુરૂ—આપ આ શું બોલો છો? આપ કોણ છો?

અનોપભારતી—હું કોણ છું? હું તો માત્ર એક સંન્યાસી છું. પણ

મારા કહેવાનો આશય આપ સમજ્યા નહીં. ખેર. આપ જરાવાર અહીં બેસશો? હું હમણાંજ આપને માટે માતાજીને પ્રશ્ન કરીને જવાબ લઇ આવીશ.

(અનોપબારતી અંદર જાય છે).

ગુરૂ—આ લેલા અને સુંદરીની વાતો શી? મને તો સંન્યાસીમાં કંઇક કપટ લાગે છે. હમણાં જે હશે તે દેખાશે.

(અનોપકુંવર પોતાના ખાસ શૃંગારમાં સજ થયેલી પ્રવેશ કરે છે.)

અનોપકુંવર—હું આપની ક્ષમા માગું છું. મને આપના એકાંત દર્શનની એટલી તીવ્ર ઇચ્છા હતી, કે મારે આ પ્રપંચ કરવો પડયો. હવે પધાર્યા છો, તો મારાપર કૃપા કરશો? હું ચરણસ્પર્શ કરૂં?

ગુરૂ—બીલકુલ નહીં. તું કોણ છે?

અનોપકુંવર—મને આપે અગાઉ એક વાર જોયેલી છે.

ગુરૂ—લાહોરની ખત્રાણી? તારા વેશ પરથી તો હું એમ ધારી શકું છું. હા, મેં તને જોઇ હતી. પણ તું શું માગે છે! શીખ થવું છે?

અનોપકુંવર—શીખ થવાને–આપ કહો તે થવાને તૈયાર છું. માત્ર આપની બનવાને તલસું છું. કેવી તલસું છું તે કેમ કહું?

ગુરૂ—દીકરી! તું ભુલી જાય છે કે હું કોણ છું. હું તો ગુરુ એટલે તારો બાપ છું. તારા બાપ ઉપર તારે આવી નઝર કરવી ઘટે?

અનોપકુંવર—ઉંમરમાં આપ કંઈ મારા બાપ જેવડા નથી. લગભગ મારા સમાન છો. આપના રૂપથી અને વીરત્વથી હું મોહીત થઇ છું. વળી, હું સ્વતંત્ર છું: કોઈની પત્ની નથી. જ્યારથી આપને જોયા છે, ત્યારથી પ્રબળ કામનાની આગથી બળી રહી છું. મને ઠારવાનું આપના હાથમાં છે. આપ એ અનુગ્રહ નહીં કરો? મોટા ઋષીમુનીઓએ પણ સ્ત્રીઓનાં મન સાચવ્યાં છે. એમાં કોઇએ દોષ ગણેલ નથી.

ગુરૂ—બહેન, તારી ભૂલ થાય છે. હું તારે માટે પુરૂષ નથી.

અનોપકુંવર—અરે! હું આપની પાસે દીનની માફક કરગરૂં છું. જ્યારથી પરવશ થઇ છું, ત્યારથી—

કશી સંસારની ચીજો જરાએ ભાવતી નથી:
આપના દીલમાં લ્હોયે કાં દયા આવતી નથી?

ગુરૂ—મને બેહદ દયા આવે છે. ઓ કમનસીબ ઓરત! તને કેવલ

સ્થૂલનો મોહ છે. પ્રાણના પ્રબોધનો તને લેશ પણ અનુભવ નથી. ગુરુના શરીરને તું કામે છે: ગુરુના હૃદયને સમજવા તેં કદાપી યત્ન કીધો છે? તને એટલી પણ ખબર છે કે મારા બે પુત્રો હમણાંજ સંગ્રામમાં ખપી ગયા છે, અને તેની માતા તથા ઓરતો અત્યારે રોઇ રહી છે?

અનોપકુંવર—અરરર! ક્યારે? મને માફ કરો. મને કશી જ ખબર નથી!

ગુરૂ—અને મારા પિતાના ખૂનની વાત તેં સાંભળી છે?

અનોપકુંવર—હા! એ કરુણકથા—

ગુરૂ—એ ખૂન ત્યારે થઈ ગયું, એમ ન સમજ. અત્યારે–આ ઘડીએ–ઔરંગઝેબ તમામ ગુરુઓનું અને દેશનું ખૂન કરી રહ્યો છે. ઓ સ્ત્રી, હું તારો પ્રશ્ન તનેજ પુછું છું, કે તને કોઈની દયા છે? કે માત્ર પશુ થતાંજ આવડે છે?

અનોપકુંવર—મને ક્ષમા કરો, ગુરુદેવ! હું પસ્તાઉં છું.

ગુરૂ—અરે! તેં કોનું વીટંબન કીધું? મધ્ય રાત્રે મને આવા કામ માટે બોલાવતાં તને શું જરા પણ શરમ ન આવી? તારી દુષ્ટ વાસનાને તૃપ્ત કરવાની ખાતર તું કોને મુરખ બનાવે છે, તેનો તને વિચાર પણ ન આવ્યો? અને હવે? શું તને બરાબર સઝા કરવાને હું શક્તિમાન નથી?

અનોપકુંવર—હું પગે પડીને, ખોળો પાથરીને, આપની ક્ષમા માગું છું. ઓ પિતા! હું તો એક વિષયાસક્ત જંતુ માત્ર હતી અને છું. પણ આપ કહો છો તે તમામ મને સાચું લાગે છે. તો મારાપર દયા કરો અને મને શીખ બનાવો, મહારાજ!

ગુરૂ—શીખ બન્યા પછી તારાથી વિષયસુખમાં પડયું રહેવાશે નહીં. એ તારાથી બની શકશે?

અનોપકુંવર—મહારાજ! આપે સત્યના બાણથી મારૂં હૃદય વીંધી નાંખ્યું છે, અને હું હવે પ્રબુદ્ધ છું.

ગુરૂ—તારી મુખમુદ્રા જોઇને હું માની શકું છું. પણ એક બીજી વાત. આ ઝમાનો એવો છે કે ઓરતને રક્ષક જોઇએ. તું કોઇને તારો પતિ કરવાને શક્તિવાન નથી?

અનોપકુંવર—છું, મહારાજ! મારો એક જુનો આશક આ વેશમાં પણ મારી સાથે છે.

ગુરૂ—ત્યારે તેને બોલાવ!

અનોપકુંવર—લાલ! લાલ! (હરકીસનલાલ પ્રવેશ કરે છે.)

લાલ—હાજર છું.

ગુરૂ—લાલ! તમે આ ઓરતને પોતાની કરવા ચાહો છો–જેવી છે તેવીને?

લાલ—ઘણા વખતથી ચાહતો આવ્યો છું, મહારાજ!

ગુરૂ—મને અહીં અત્યારે શા માટે બોલાવ્યો હતો, તેની તમને ખબર છે?

લાલ—હા, મહારાજ! બધી ખબર છે.

ગુરૂ—વારૂ, તો તમે તેના ઉપર તમારી ચાદર નાંખો. આજથી એ તમારી ઓરત છે. બ્હેન, તું ગ્રંથસાહેબ અને ગુરુદેવના કસમ ખા, કે તારા આ ધણી તરફ સદા વફાદાર રહીશ.

અનોપકુંવર—હું ગ્રંથસાહેબ અને ગુરુદેવના કસમ ખાઈ કહું છું, કે મારા પતિ તરફ હું હમેશાં વફાદાર રહીશ.

ગુરૂ—તથાસ્તુ! તમે દંપતી આવતી કાલે મીજલસમાં આવજો. તમને માહુલનો પ્રસાદ આપી શકાશે.

લાલ—મહાન અનુગ્રહ થયો, ગુરુદેવ. આપે એકની નહીં પણ બેની ઝીંદગી એકદમ સુધારી દીધી!

ગુરૂ—હવે હું જાઉં? પુત્રી, સંતોશી ને સુખી રહો.

લાલ—હું ગુરુનિવાસ સુધી સાથે આવું છું.

(બને જાય છે.)

ચાર વર્ષનું બાળક.

(ઇ. સ. ૧૯૨૩ ના સ્ત્રીબોધના "બાળક" નું પાકું બાંધેલું પુસ્તક.)

ખાસ બાળકો માટે લખાયેલા ઉપદેશક લેખો–કવિતાઓ–નાની નાની વાતો–સંવાદો–જીવનચરિત્રો–સિંહાસન બત્રીસીની આઠ વાર્તાઓ–રામાયણની બાર વાતો–વગેરે વિવિધ અનેક લેખોથી ભરપુર લગભગ ૩૦૦ પૃષ્ઠ અને કેટલાંક ચિત્રો સાથે—

કિંમત રૂ. બે. વિ. પી. પોસ્ટેજ એપ્રીલ સુધી માફ. લખોઃ—

મંત્રી–"સ્ત્રીબોધ" કાર્યાલય;–અમદાવાદ.

સંયુક્તા અને પૃથ્વીરાજ.

(અનુવાદક—ભાઈ હંસરાજ વી.)

સ્થળ:—દિલ્હીનો રંગમહેલ.

પાત્રગણ:—પૃથ્વીરાજ: દિલ્હીના સમ્રાટ. રાયમલ:—જયચંદના કાકા. જોધમલ:—સંયુક્તાની ધાત્રીનો પુત્ર. સંયુક્તા:—જયચંદની પુત્રી, પૃથ્વીરાજની પત્ની. યમુના:—રાયમલની પુત્રી. ધાત્રી, સખિયો...વિગેરે.

સંયુક્તા અને સખિયો:—

(વ્રજરાય હાથ મ્હારો મોહન છોને મેલી.—એ રાહ.)

નયન નયન નાચે, સ્હજ સકલ રાચે,
સુજન સકલ રાચે, હો નયનમંત્ર વાંચે...નયન.
નાચે પર્ણવેલી, હો રેલી રસની હેલી,
નયનનૃત્ય તાલમાં, જો તારિકાઓ ઘેલી...નયન.
પોયણાં ઝુમે, હો લલિત લહરી ચુમે,
બુલબુલોની બેલડી વિરાજે પુષ્પ લુમે...નયન.
સરિત લલિત લાસ્યમાં હો ચંદ્રી મંદહાસ્યમાં,
તાંડવની ભવ્ય તાલી લે નિધિ હુલ્લાસમાં...નયન.

× × × ×

(ર. વ. દેસાઈ.)

૧ લી સખી:—જુઓ સખી ! પુષ્પોના આભૂષણોથી વિભૂષિત થઈ આજ આપણાં મહારાણી કેવાં પુષ્પ-રાજ્ઞી બન્યાં છે ! કેવી અપૂર્વ સુન્દરતા છે ! સારૂં જગત નિહાળો ! ઓ સ્વર્ગના દેવગણો ! આપ પણ એક વખ્ત પધારી નિહાળો કે પૃથ્વી પર કેવી મનોહર-અદ્ભુત દેવીનો આવિર્ભાવ થયો છે !

૨ જી સખી:—મહાસતીનું અંગ શિરીશના પુષ્પ માફક કોમલ છે, અને ત્હેની સાથે આ પુષ્પોના મિલનથી સો ગુણી સુન્દરતા

ધારણ કરી રહ્યાં છે। સુવર્ણહારમાં જેમ હીરો દીપે છે, તેજ માફક મહારાણીને આ રંગીન પુષ્પો દીપાવી રહ્યાં છે.

સંયુક્તા:—છીઃ છીઃ આ ત્હમે શું બોલો છો ? જે પુષ્પો દેવોનાં મસ્તક પર સ્થાન મેળવી શકયાં છે તે શું મ્હારા અંગ-સ્પર્શથી વધારે ગૌરવવાન થયાં ?

૨ જી સખી:—મહારાણી ! ભાગ્યથી જ પુષ્પોને પણ એવું ગૌરવ અને આદર પ્રાપ્ત થાય છે. એતો સાચુંજ છે કે ઘણાં પુષ્પો દેવોનાં મસ્તક પર રહે છે, અને ઘણાં સુન્દરીઓનાં અંગ પર રહે છે. પણ એવાંએ ઘણાંછે કે જે નિર્જનવનમાં વીકસી તે જ જંગલી હવામાં રૂપ-ગંધનો પમરાટ બહેલાવી આદર પામ્યા સિવાય જ શુષ્ક થઈ જમીન પર પડી જાય છે. તો ત્હમેજ કહો સખી ! દિલ્હીની મહારાણી સુન્દરી સંયુક્તા જે પુષ્પોનો આદર કરેછે તેનાં મહાભાગ્ય નથી ?

(પૃથ્વીરાજ પ્રવેશ કરે છે. સખીઓ જાય છે.)

પૃથ્વીરાજ:—અહો દિલ્હીનાં મહારાણી ! આજે તો મનોહર શૃંગાર ધારણ કર્યો છે ? ફુવારાની ધારાઓ સમાન સૌન્દર્ય પ્રકટી નીકળ્યું છે ! હૃદય તો એમજ ઇચ્છે છે કે રાજ્યના કોલાહલને દૂર ફેંકી દઈ આ સૌન્દર્ય-સાગરની પ્રણય-લહરીઓમાં જ સ્નાન કર્યાં કરૂં !

સંયુક્તા:—પ્રિયતમ ! જુઓ આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પોતાનું સૌન્દર્ય ફેલાવીને હાસ્ય કરતો ધીમે ધીમે ચાલી રહ્યો છે. ત્હેનું રૂપ અને ઉજ્વલ વર્ણ, એ શું તેજસ્વી સૂર્યને જ આભારી નથી ? તેજ માફક મહારાણા ! ત્હમારી આ દાસીને આપના સૌન્દર્ય વતી અને આપના ગુણોથી જ ગુણવંતી સમજો ! હું તો આપના હાથમાં રમકડાં રૂપજ છું. મને આપ વડેજ આટલું માન છે. આપની લેશ પણ અકૃપા થાય તો મારી કિંમત કોડીનીજ થઈ જાય.

પૃથ્વીરાજ:—પ્રાણપ્રિયે ! ત્હમે તો મારા હૃદયાકાશમાં ધ્રુવ-તારા સમાન વિરાજમાન છો. પ્રિયતમે ! ત્હારી તરફ નજર રાખી મ્હારી રાજ્યનૌકા બેખટકે ચલાવી રહ્યો છું. કનોજની સરહદપર જ્યારે રાઠોડ સૈન્યે મ્હને ઘેરી લીધો, અને મ્હારી સ્થિતિ

જાળમાં ફસાયેલા સિંહના જેવી થઈ હતી, તે વખતે કોની મદદથી હું ફતેહ પામ્યો હતો, તે વીસરી ગયાં? સુભદ્રાએ જેમ અર્જુનને મદદ કરી હતી, તેજ માફક ત્હમે પણ મ્હારાં રથના અશ્વોને હાંક્યા હતા. ત્હમારાજ હસ્તવડે કેટલાએ રાઠોડ વીરો મરાયા હતા. આ બધું વીસરાય તેવું છે?

સંયુક્તા:—પ્રાણનાથ! એવી વાતોને જવાદો! તે વખતે મ્હને તો એમજ લાગેલું કે કદાચ શુક્લ પ્રતિપદાએ આ અભાગિનીના ભાગ્યરૂપી આકાશમાં સદાને માટે અમાવાસ્યાનું અંધારૂં રેલાવ્યું!

પૃથ્વીરાજ:—ત્હમારા પિતાજીએ ઘણું ભયંકર યુદ્ધ કર્યું હતું, અને કેવા વિક્રમથી વીર રાઠોડોએ તલવાર ચલાવી હતી! ઘણીજ મુશ્કેલી અને સતત મહેનત પછી ૭ દિવસે મ્હને વિજય પ્રાપ્ત થયો. પણ હાય! ચોસઠ વીર સરદારો, હજારો બહાદર સિપાઇઓ સહ સદાને માટે અનન્ત નિદ્રામાં સુતા! આ જન્મમાં તો મારા તે નિમકહલાલ, એકનિષ્ઠાવાળા વીરોને હું વીસરી શકીશ નહિ!

સંયુક્તા:—પ્રાણેશ્વર! મ્હારે માટે આપને આટલો સ્વાર્થ-ત્યાગ અને શ્રમ ઉઠાવવો પડ્યો અને હજુ ઉઠાવવો પડે છે.

પૃથ્વીરાજ:—હવે તો હું તન-મન-ધનથી ત્હમારોજ છું. ત્હમારે માટે ઉઠાવવો પડતો શ્રમ નહિ પણ પરમાનંદ છે; અને ત્હેમાં શંકા પણ શી હોઈ શકે? મ્હારી દેવી! સંયુક્તા!

સંયુક્તા:—મહારાજ! આપ તરફથી પ્રાપ્ત થએલ અધિકાર વડે આપને પૂછું છું કે રાજ્યમાં બધાં કુશલ તો છે?

પૃથ્વીરાજ:—બધી પ્રજા કુશળ છે! અન્નકષ્ટ, જલ-કષ્ટ, અને રાજકિય કરનો અત્યાચાર, એમાંનું કશું નથી; વળી આકસ્મિક વ્યાધિનું તો નામ પણ શ્રવણ પડતું નથી. પુત્રથી પણ અધિક પ્રિય મ્હારી પ્રજા કોઈ પણ રીતે પીડિત નથી. પણ હાય! સુણો મહારાણી! કદાચ પ્રજાના ભાગ્યમાં એ શાન્તિ લાંબો સમય ભોગવવી ન પણ લખી હોય!

સંયુક્તા:—કેમ-કેમ-મહારાજ! હમણાં શું અશાન્તિનું કંઈ કારણ છે?

પૃથ્વીરાજ:—પંજાબના સામન્તસિંહે ખબર મોકલી છે, કે સરહદપરથી

યવનોની ન્હાની ન્હાની ટુકડીઓ દિલ્હી તરફ રવાના થઈ રહી છે.

સંયુક્તા:—હજુ તો હમણાં જ તે દિવસે નિર્લજ્જ ઘોરી ક્ષત્રિય રાજા પાસે હાર કબૂલ કરી ચૂક્યો છે. કનોજ સાથેના યુદ્ધમાંથી પાછા ફરી હજુ વિશ્રામ પણ લીધો ન હતો એટલામાં તો બાકી રહેલા મુઠીભર સૈન્ય અને ચાળીસ વીર સરદારોની સહાયતાથી અસંખ્ય યવનદળને શિયાળની માફક નસાડી મૂક્યા છો ! ભીરૂ અને કાયર ઘોરીએ દાંતમાં તરણાં લઈ ક્ષમા માગેલી. તો પુનઃ તે કાયર ક્યા સાહસવડે દિલ્હી તરફ પ્રયાણ કરી રહ્યો છે ? શું તે નથી જાણતો કે ક્ષત્રિયોના તેજની ભયાનક આંધીમાં સૂકાં પર્ણોની માફક દમભરમાં ઉડી જવાશે ?

પૃથ્વીરાજ:—અગર રાણીજી ! કદાચ કાયર ઘોરી કોઈના આમંત્રણથી આવે, અને કોઈ ક્ષત્રિયની મદદ મળી જાય તો યવનોને જીતવું સુગમ પડશે !

સંયુક્તા:—અસંભવિત વાત છે ! મ્હને તો વિશ્વાસ આવતો નથી. કોણ એવો અધમ ક્ષત્રિય આ ભારતમાં છે કે જે જન્મભૂમિ રૂપી મહા રત્નને મ્લેચ્છના હાથમાં પહોંચાડવામાં-પરાધીન બનાવવામાં વ્યથિત ન થાય ?

પૃથ્વીરાજ—રાણીજી ! ક્ષમા કરશો ! મ્હને જાસુસો દ્વારા ખબર મળી છે કે ક્ષત્રિય કુલમાં કલંકરૂપ જયચંદે—ત્હમારા પિતાએ મહમદ ઘોરીને યુદ્ધ માટે આમંત્રણ કર્યું છે. યુદ્ધભૂમિમાં કનોજનું સૈન્ય અફગાન સૈન્ય સાથે રહેશે.

સંયુક્તા—ઓ......હ ! ક્યાં છે તે વજ્ર ? ઓ મ્હારા કર્ણો ! ત્હમે બહેરા કેમ ન થઈ ગયા ? મહારાજ ! આપના ચર્ણમાં પડું છું. કહો-કહો-નાથ ! શું આ સત્ય વાત છે ?

પૃથ્વીરાજ:—સત્યજ છે, પ્રિયતમા !

સંયુક્તા:—તો હવે ઓ પિતૃભક્તિ ! તું મ્હારા હૃદયથી દૂર થા ! જ્યાંસુધી આપ મ્હારા શત્રુ હતા ત્યાંસુધી આપને પિતા તરીકેનું માન આપવામાં કદિ ત્રુટિત થઈ નથી. પણ, હવે આપ મ્હારા પિતા નહિ, પણ દેશ-દ્રોહી અને ક્ષત્રિય કુલાંગાર જયચંદ છો !

પૃથ્વીરાજઃ—વિરમો ! રાણીજી ! વિરમો.

સંયુકતાઃ—મહારાજ ! હું વિરમું છું; પણ આપ કઈ ઈચ્છાથી બોલ્યા છો ? સૈન્યનો કોલાહલ હજુસુધી કેમ શ્રવણ પડતો નથી ? હાથી અને ઘોડાની ખરીઓ ભૂમિને ડોલાવતી કેમ દશ્યમાન થતી નથી ? શસ્ત્રોનો મૃદુ ટંકાર ગગન સુધી કેમ પહોંચતો નથી ? ચારણોની પુરાણી વીર–ગાથાઓનો રણકાર હજુ કેમ શ્રવણ પડતો નથી ?

પૃથ્વીરાજઃ—ધૈર્ય ધરો મહારાણી ! ચોકસ યાદ રાખો કે પૃથ્વીરાજ ડરપોક અને નામર્દ નથી !

સંયુકતાઃ—મહારાજ ! મ્હને ક્ષમા કરો ! પણ રાજર્ષિ ચિતોડના મહારાણાને આ ખબર વિના વિલંબે પહોંચાડો, અને રાજ્યમાં આજ્ઞા ફેરવી દો કે દિલ્હીમાં જે કોઈ રાઠોડ દૃષ્ટિએ પડે ત્હેને કેદ કરી લે.

(પહેરેગીરનો પ્રવેશ.)

પહેરેગીરઃ—મહારાજ ! બે સ્ત્રી અને બે પુરૂષો આપનાં દર્શન ઈચ્છે છે.

પૃથ્વીરાજઃ—મૂર્ખ ! આ મળવાનો સમય નથી તે વીસરી ગયો ?

પહેરેગીરઃ—જાણું છું ધર્માવતાર ! પણ મ્હને ઘણાજ આગ્રહપૂર્વક ખબર આપવાનું કહેવાથી મ્હારે આપની પાસે આવવું પડયું. ત્હેમણે કહ્યું છે કે–" આ મુદ્રા જોતાંજ મહારાજ અમને પોતાની સમીપમાં બોલાવશે. "

પૃથ્વીરાજઃ—તેઓ કોણ છે ?

પહેરેગીરઃ—સેવક તે જાણતો નથી; પણ રાઠોડ માલમ પડે છે.

પૃથ્વીરાજઃ—(સાશ્ચર્ય) રાઠોડ ? જોઉં મુદ્રા ! (પહેરેગીર મુદ્રા આપે છે, તે જોયા પછી) ત્હેમને માંનપૂર્વક અહિં લઈ આવ ! (પહેરેગીર નમીને જાય છે.)

પૃથ્વીરાજઃ—પ્રિયે ! આ સુંદર અંગુઠી પર ત્હમારૂં નામ અંકિત થએલું છે. ત્હમે કહેલું કે તે અંગુઠી યમુના પાસેજ છે. કદાચ યમુના તો નહિ આવેલ હોય ?

(રાયમલ, યમુના, ધાત્રી અને જોધમલનો પ્રવેશ.)

સંયુક્તા:—(યમુનાને) ઓ મ્હારી પ્યારી યમુના ! મ્હારી વ્હાલી સખી ! બ્હેન ! (ભેટે છે.)

પૃથ્વીરાજ:—(રાયમલ તરફ વળીને) અહો ! આજ મ્હારાં કેવાં સૌભાગ્ય કે આપના પધારવાથી મ્હારો મ્હેલ પવિત્ર થયો.

રાયમલ:—ભાઈ ! તમારૂં સૌજન્ય જોઈ હું ખૂશ થાઉં છું. વીરત્વ અને વિનય એ બન્ને જોઈનેજ મહારાજા અનંગપાળે ત્હમને દિલ્હીની ગાદી સુપ્રત કરી છે.

પૃથ્વીરાજ:—(જોધમલ તરફ) કેમ, કુશળ છો ?

જોધમલ:—દેવ ! આપના આર્શીવચનથી બધાં કુશળ છે.

રાયમલ:—સાંભળો, પૃથ્વી ! જે કર્મ માટે મ્હારૂં આવવું થયું છે તે કહું ! ત્હમે કનોજના શત્રુ છો તેથી મ્હારા પણ છો; પણ જે દેશનો-ભારતનો શત્રુ છે તે મ્હારો અને ત્હમારો બન્નેનો સમાન શત્રુ છે. જ્યાં સુધી દેશદ્રોહીઓ સાથે યુદ્ધ ચાલશે ત્યાં સુધી આપણે પરસ્પર સગા ભાઇ અને મિત્ર છીએ ! વૃદ્ધના આ ક્ષીણ હસ્ત ત્હમારે આધીન છે.

પૃથ્વીરાજ:—ધન્ય-ધન્ય-મહારાજ ! કનોજના યુદ્ધમાં આપની વીરતા નીહાળી ચૂક્યો છું. સ્વયંવર સભામાં ઘાયલ થયા છતાં પણ કાકાજી ! જે વીરતા આપે દાખવી હતી, ત્હેને દરેક દેશમાં વિશેષ ગૌરવનું કારણ માનવામાં આવે છે. આપને મેળવીને હું કૃતાર્થ થયો !

જોધમલ:—હું શબ્દોથી હૃદયના ભાવ સારી રીતે પ્રકટ કરી જાણતો નથી, પણ એટલુંજ કે આ ક્ષુદ્ર તલવાર દેશદ્રોહીઓનું રક્તપાન કરવા સર્વદા આપને ચરણે ખુલ્લીજ રહેશે.

પૃથ્વીરાજ:—ધન્ય છે ! ક્ષત્રિય કુળના દેદિપ્યમાન સૂર્ય ! પધારો ! વિશ્રામભવનમાં આરામ લો ! થોડા સમય બાદ આપણે મસલત કરીશું.

(પૃથ્વીરાજ, રાયમલ અને જોધમલ જાય છે.)

સંયુક્તા:—(ધાત્રી તરફ) ઓ મ્હારી વ્હાલી ધાત્રી ! આ સંયુક્તા પર ત્હારો અપાર સ્નેહ છે ! હું તો એમજ ધારતી હતી કે તું મને વીસરી ગઈ હશે.

ચામ્રી:—કોને વીસરૂં ? ત્હને–સંયુક્તાને ? શું તું નથી જાણતી કે આ વૃદ્ધાની જીંદગી તું જ છે ? બે વર્ષથી ત્હને નિહાળી નથી તેથી મૃત્યુ માફક જીંદગી વીતાવતી હતી.

સંયુક્તા:—(યમુના તરફ) પ્યારી યમુના ! કેટલાએ દિવસોથી ત્હને નીરખી નથી, કેટલાએ દિવસોથી કંઠમાં હસી પરોવી કુંજ ભવનમાં હૃદયની વાતો કરી નથી, કેટલાએ દિવસોથી નહેરના કિનારા પર બેસી આકમનીય કંઠનું મધુર સંગીત શ્રવણ કર્યું નથી ! બસ, હવે તો ત્હારા મિલનથી પૃથ્વી મ્હને સ્વર્ગરૂપ બની ગઈ ! આવો બ્હેન ! વિશ્રાન્તિ લો !

(બધાં જાય છે.) *

હીસ્ટિરિયાથી ગભરાશો માં !

તેનો ઇલાજ વાયુમુક્તા છે. જેનો ૨ નં. ૧૬૬-૧૪ અને કીમત રૂ. ૫) હીસ્ટિરીયા–ફેફરૂં, ચિત્તભ્રમ, ખેંચાવું, જડ થવું વગેરે વાયુના દર્દપર રામબાણ છે. દવા વનસ્પતિની, પથ્ય નહીં. પ્રદરહર–શ્વેત, રાતો કે ધાતુ વિકાર, ફાટ, તોડ અને ગર્ભાશયનાં દર્દ ઉપર ચોકસ–ગોળી ૪૦ ની કી. રૂ. ૧).

બાળકોની હાંફણી માટેની કી. રૂ. ૩; દરેકનું પોરટેજ જુદું.

છગનલાલ લલ્લુભાઈ શાહ; દેશીનામાવાળા–વડોદરા

નવીન પુસ્તકો.

૦–૧૨ **સીતા**—દ્વિજેન્દ્રલાલ રૉય કૃત સ્ત્રીઓને આદર્શરૂપ નાટક.
૦–૧૨ **સુભદ્રા**—૭ ચિત્રો સાથે. નવલકથા રૂપે.
૧–૧૨ ઉગતી જુવાની—પ્રો. બલવંતરાય ક. ઠાકોર કૃત નવું નાટક.
–૧૨ ના૦ ગોપાળ કૃષ્ણ ગોખલે——સચિત્ર જીવનચરિત્ર આવૃત્તિ બીજી. તેમનાં ત્રણ મહત્વનાં વ્યાખ્યાનો અને ચાર છબીઓ સાથે.

દરેક પુસ્તક માટે વિ. પી ખર્ચ જુદું. લખો:—
મેનેજર—“ જ્ઞાનવર્ધક પુસ્તકમાળા; ” પીરમશાહરોડ:—અમદાવાદ.

* શ્રીયુત મનોમોહન ગોસ્વામી બી. એ. ના હિન્દી “ પૃથ્વીરાજ ”

બેગમ હેલીડે એદીબ હનુમ.

દુનિયાના ઈતિહાસમાં વીરાંગનાઓએ રાજ્યકાર્યમાં ઘણો ભાગ ભજવ્યો છે. હિન્દુસ્થાનનો જ દાખલો લઈએ તો કૃષ્ણાકુમારી, પદ્મા, ચાંદબીબી, અહલ્યાબાઈ હોલ્કર, ઝાંશીની રાણી લક્ષ્મીબાઇ વગેરે વીરાંગનાઓના નામથી ઇતિહાસનાં પાનાં સુવર્ણાક્ષરે કોતરાઈ રહ્યાં છે. ફ્રાન્સના ઇતિહાસમાં પંદરમી સદીમાં જોન ઑફ આર્ક નામની વીર બાલિકાએ રોમન કૅથોલિક ધર્મના ઝનુનથી પ્રેરાઈને ફ્રેન્ચ સૈનિકોને અંગ્રેજ લોક સાથે લડવાને ઉત્તેજન આપ્યું હતું; અને તેથીજ અંગ્રેજ લોકોને ઑરલીયન્સની બહાર હાંકી કહાડવામાં આવ્યા હતા ને રોમન કૅથોલિક ફ્રેન્ચ રાજા ચાર્લ્સનો અભિષેક કરાવી દીધો હતો. તેથી અંગ્રેજ લોકો ચીડાઈ ગયા અને એ બાઈને પકડી રોએન શહેરમાં જીવતી બાળી મુકી! ધર્મની ખાતર એ વીરાંગનાએ સૈનિકોને ઉત્તેજન આપ્યું, ત્હેમનામાં ધર્મનું ઝનુન રેડયું અને પોતે પોતાનો જાન પણ આપ્યો. આ પ્રખર આત્મભોગે એનું નામ ઈંગ્લેન્ડ અને ફ્રાન્સના ઇતિહાસમાં અમર થયું છે.

આજે એવી જ ધર્મચુસ્ત પણ પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ઉછરેલી એક તુર્ક વીરાંગનાનો વાંચકોને પરિચય આપવાની અમે ઉમેદ રાખીએ છીએ.

આ વીરાંગનાનું નામ **હેલીડે એદીબ હનુમ** છે. એમના પિતાશ્રી એદીબબે માજી ખલીફા સુલતાન અબદુલ હમીદના ખજાનચી હતા. એદીબબેને ૭ સ્ત્રીઓ હતી. હેલીડે છઠ્ઠી સ્ત્રીની પુત્રી છે. એદીબબે ખલીફાના વિશ્વાસપાત્ર અને સ્પષ્ટવક્તા સેવક હતા. એમને પાશ્ચાત્ય કેળવણીનો ભારે મોહ હતો. એને લીધે એમની પુત્રીઓને લોકમતની વિરુદ્ધ થઈને પણ પાશ્ચાત્ય કેળવણી આપવાનો નિશ્ચય એમણે કર્યો હતો, અને આ નિશ્ચય તેમણે પાર પણ પાડયો.

કોન્સ્ટેન્ટીનોપલ કોલેજ અને બોસ્ફરસની અમેરિકન કોલેજમાંથી પાસ થનાર પહેલી તુર્કી સ્ત્રીગ્રેજ્યુએટ હેલીડે હનુમ જ હતી.

હેલીડે સામાન્ય [illegible] કરતાં વ[illegible] મહેનતુ, ખંતિલી, ચપળ અને બુદ્ધિમાન હતી. આ [illegible] [illegible] [illegible]નમાં સ્પષ્ટ દીસી આવતા

હતા. તે બુદ્ધિમાન અને હોંશીયાર છે એટલું જ નહિં પણ જાતે કવયત્રી હોઈ સુન્દર કવિતાઓ કરી જાણે છે. ગદ્ય પુસ્તકો પણ તે લખી શકે છે. એણે અત્યાર સુધીમાં નવલકથાનાં સાત પુસ્તકો તથા કેટલીક ગૂઢ તત્ત્વજ્ઞાન દર્શકવાળી ન્હાની વાર્તાઓ તુર્કી ભાષામાં પ્રસિદ્ધ કરી છે. રશીયન, ફ્રેન્ચ, જરમન ઈત્યાદિ ભાષામાં એની કેટલીક વાર્તાઓનો તરજુમો પણ થયો છે. " Oscar wild " નામના અંગ્રેજી પુસ્તકનું એણે તુર્કી ભાષામાં સુન્દર ભાષાન્તર કર્યું છે.

કેળવણીનું કામ એને ઘણું પ્રિય છે. એને જ્યારે વખત મળે છે ત્યારે ગામડાંઓમાં કે રજવાડાઓમાં જઈ બીજાઓને પોતે શિક્ષણ આપે છે. જ્યારે મહાયુદ્ધ શરૂ થયું ત્યારે સીરીઆની બધી શાળાઓની દેખરેખ એમને સોંપવામાં આવી હતી. ગાઝી મુસ્તફા કમાલ પાશાના તુર્કીના રાષ્ટ્રિય મહા મંડળની સરકારમાં એમને કેળવણી ખાતાના પ્રધાનનો માનભર્યો હોદ્દો આપવામાં આવ્યો છે. આમ કરીને તુર્કી પ્રજાએ પોતાની ગુણગ્રહણશક્તિ પુરવાર કરી છે. કોઈ પણ સુધરેલા દેશે હજુ સુધી કોઈ પણ વિદુષી સ્ત્રીને રાજ્યમાં આવો માનભર્યો હોદ્દો આપ્યો હોય તેવું સાંભળ્યું નથી.

તુર્કી પ્રજાએ આ વિષયમાં પહેલ કરી બીજા નારીપૂજક રાષ્ટ્રો કરતાં વધારે યોગ્યતા સિદ્ધ કરી બતાવી છે. મેડમ હલીડેની આ નિમણુંક સ્ત્રીજીવનના ઇતિહાસમાં અદ્વિતીય દૃષ્ટાન્ત છે.

હેલીડે શાન્ત સ્વભાવનાં, કોમળ હૃદયનાં અને વિનયશીલ છે. એમના સ્વભાવના જેવોજ એમના શરીરનો વર્ણ પણ જોનારને તેમના પ્રત્યે માન ઉપજાવે તેવો છે. વિશેષમાં તે અપ્રતિમ વક્તૃત્વશક્તિ પણ ધરાવે છે.

મેડમ હેલીડેનાં પ્રથમ લગ્ન ઈ. સ. ૧૮૮૧ માં બોસફરસની અમેરિકન કોલેજના ગણિતના અતિ વિદ્વાન અધ્યાપક પત્રકાર 'સલીએ' સાથે થયાં હતાં. ગુરૂ શિષ્યાનું આ જોડું બહુ સુખી ન થયું. પ્રોફેસર સાહેબથી હેલીડેને બે પુત્રો થયા, પછી તેમણે પોતાના ઝનાનામાં બીજી બેગમના ભાવી ગમનની વાત કરી. આ સાંભળી હેલીડેને ભારે દુઃખ થયું, અને પ્રોફેસરને તેમ કરતાં અટકાવવા બહુ પ્રયત્ન કર્યો. તેમાં છેવટે તે નિષ્ફળ નીવડવાથી તેમની સાથેનો પોતાનો સંબંધ તેમણે તોડયો. ઝનાના પદ્ધતિ હેલીડેને બહુ અપ્રિય છે, અને તેની વિરૂદ્ધ લડત ઉપાડવામાં હેલીડે એક આગેવાન છે.

ઈ. સ. ૧૯૧૭ માં કોન્સ્ટેન્ટીનોપલના ડૉક્ટર અડનનબે સાથે હેલીડે બીજીવાર પરણ્યાં છે. આ લગ્ન પછી ડૉ. અડનન એ અંગોરાની પાર્લામેન્ટના ઉપાધ્યક્ષ બન્યા છે.

હેલીડેના રાજકીય મતોની ક્રાન્તિ સ્હેજ વિચારણીય છે. ઇસ્લામનાં ચુસ્ત અનુયાયી અને અભિમાની છતાં મહાયુદ્ધના તહનામા સુધી તે મિત્ર રાજ્યો–બ્રિટીશ અને તેના સહભાગી અન્ય રાષ્ટ્રોની તરફેણમાં હતાં. તેમના બે મિત્રોને ગ્રીક સૈનિકોએ મારી નાખ્યા ત્યારે તે પરિસ્થિતિ સમજાવવા તેમણે ઘણો પ્રયત્ન કર્યો છતાં તેઓએ તેમનું સાંભળ્યું નહિં, ત્યારથી તે મિત્રરાજ્યોનાં કટ્ટા દુશ્મન બની રહ્યાં છે. તેમણે જ્યારે જોયું કે એકાદ ખ્રિસ્તી જો મુસલમાનના હાથે કપાઈ મરે તો આખી દુનિયાનાં ખ્રિસ્તી છાપાં ખુનીને સખત રીતે સજા કરાવવા અથાગ શ્રમ કરે છે, પરન્તુ એકાદ મુસલમાન કે ખ્રિસ્તી શિવાયનો કોઈપણ ધર્મ પાળતો મનુષ્ય જો ખ્રિસ્તીના હાથે કપાય તો ત્હેની દાદ ફરીયાદ સત્તાના મદમાં ઘેલાં બનેલાં ખ્રિસ્તિ રાષ્ટ્રો કે વર્તમાનપત્રોને કાને ન પહોંચે, એ ફરિયાદ તો પ્રભુજ સાંભળે, એવી પરિસ્થિતિ છે. ત્યારે તેમને એમ લાગ્યું કે તુર્કસ્તાને પોતાનું ભવિષ્ય પોતે જ ઘડવું જોઈએ. બીજાનું અવલંબન કશા કામનું નથી. પોતે પાશ્ચાત્ય કેળવણી લીધેલી હોવા છતાં આ બધી પરિસ્થિતિના અભ્યાસ પછી તે યુરોપીઅન સંસ્કૃતિનાં વિરોધી બન્યાં છે, અને તુર્કીના રાજ્યપ્રકરણમાં પોતાનું મન તેમણે પરોવ્યું છે.

એમનામાં ભારે વિચારક્રાન્તિ જોવામાં આવી, અને તુર્કસ્તાનના રાજ્યકારણમાં તે જેમ જેમ વધારે રસભર્યો ભાગ લેતાં ગયાં તેમ તેમ બ્રિટિશ લોકો ચીડાવા લાગ્યા. તેમણે હેલીડેને પકડવાનો અને હદપાર કરવાનો પ્રયત્ન કર્યો. તે વખતથી મક્કાના યાત્રાળુ માફક લીલારંગનો ફેંટો માથે બાંધી પોતે સૈનિકોને ઉત્તેજન આપવા સમરાંગણમાં ઉભાં રહેતાં. આ દેખાવ ફ્રાન્સની અદ્‌ભુત બાળા જોન ઑફ આર્ક જેવો લાગતો હોવાથી તેમને પૂર્વનાં 'જોન ઑફ આર્ક' એ સંજ્ઞા મળી છે. તુર્કિના રાષ્ટ્રિય સૈન્યમાં તેમનો સારજન્ટનો દરજ્જો હતો. આ ઉપરથી સમજાશે કે યોગ્ય કેળવણી ને ઉચિત સ્વાતંત્ર્ય આપવાથી સ્ત્રીઓ કેવા જુસ્સાથી રાજકીય ક્ષેત્રમાં પણ ભારે કામ-સેવા બજાવી શકે છે. ગ્રીકો–તુર્ક જંગ વખતે પણ તેઓ રાજકીય ક્ષેત્રમાં કામ કરવા અત્યંત જુસ્સાથી બહાર પડયાં હતાં. આપણા દેશની સ્ત્રીઓ અને તેમની પાસેથી મહાન્ કાર્યોની આશા રાખતા પુરૂષો આમાંથી પોતાને જરૂરનું શોધી લેશે ?

આમ આજ સુધીમાં કોઈ રાષ્ટ્રે જે કરવાની હિંમત ન કરી તે કરી બતાવવાને એક લાયક સ્ત્રીને યોગ્ય ઉંચા દરજ્જાનો હોદ્દો આપવાનું અત્યારની પરિસ્થિતિને હિસાબે ભારે કામ કરવાની હિમ્મત બતાવવા માટે આપણે તુર્કીની પ્રજાને અભિનંદન આપવું ઘટે છે; અને આ પત્રના વાચકો-યુવતીઓ અને યુવાનોએ શ્રીમતી હેલીડેના સદ્‌ગુણોમાંથી બને તેટલા પોતાના કરી લેવા ઘટે છે. (દૈનિક "હિન્દુસ્થાન" પત્રમાંથી આભાર સાથે.)

"સ્ત્રીબોધ અને બાળક."

ઈ. સ. ૧૯૨૨ અને ૧૯૨૩ નું આખા વર્ષનું પાકું બાંધેલું પુસ્તક.

નાની મોટી અનેક વાતો-સંવાદો-કાવ્યો, સ્ત્રી ઉપયોગી વિવિધ લેખો-પુસ્તક પરિચય-જીવનચરિત્રો-સિંહાસન બત્રીસીની વાર્તાઓ-બાળકો માટે રામાયણની વાતો-વગેરે વિવિધ અનેક લેખોથી ભરપુર.

[લગભગ ૯૦૦ પૃષ્ઠ અને ચિત્રો સાથે બાંધેલું પાકું સુન્દર પુંઠું.]

દરેક વર્ષની કીંમત રૂ. ચાર. વિ૦ પી૦ પોસ્ટેજ ખર્ચ જુદું.

એક એક વર્ષનું આ પુસ્તક ખરીદનારને નીચેનાં દશમાંથી જે માગશે તે કોઇ પણ પુસ્તકનો એક સેટ બક્ષીસ મળશેઃ—

૨-૦ હાસ્યમંદિર—(રા. બ. રમણભાઇ તથા સૌ. વિદ્યાગૌરી કૃત)
૨-૦ હાસ્યકથામંજરી—(કાગળ રફ ને કાચું પુંઠું.)
૨-૦ "નીતિ-વચન" અને "મેંઝેનીના લેખો" (બે પુસ્તકો)
૩-૦ રા. બ. રણછોડલાલ છોટાલાલનું જીવનચરિત્ર.
૨-૦ ચાર દૃશ્ય નાટકો—(છુટાં-પાકાં બાંધેલાં નહિ.)
૨-૦ સ્ત્રીઓની જુવાની જાળવવાના ઉપાય (પઢીયાર કૃત)
૧-૮ 'ગોખલેનું ચરિત્ર" તથા સીતા નાટક (બે પુસ્તકો.)
૨-૦ "ધર્મનો જય" તથા 'રાનડેનાં ધાર્મિક વ્યાખ્યાન."(બે)
૨-૪ "ટાગોરની ટુંકી વાતો" અને "રત્નમાળા." (બે)
૨-૪ "કલાપી-કાન્તના સંવાદો" અને ગીતા પરિચય. (બે)

મંગાવનારે કયા વર્ષનું તથા કયું પુસ્તક બક્ષિસ લેવું છે તે સ્પષ્ટ જણાવવું; ને ઑરડર સાથે રૂ. એક ડીપાઝીટ મોકલવો.

લખોઃ— મંત્રી-"સ્ત્રીબોધ"; અમદાવાદ.

મહાન્ ઉદ્યોગી એન્ડ્રુ કાર્નેગી.

[લખનાર–રા૦ રા૦ અમૃતલાલ ચુનીલાલ મોદી, બી. એ.]

વ્યાપાર ઉદ્યોગનો સરદાર અને દેશનું કલ્યાણકર્તા એન્ડ્રુ કાર્નેગી સને ૧૮૩૭ ના નવેમ્બરની ૨૫ મી તારીખે સ્કોટલેન્ડના ડનફર્મલાઈન નામના ગામમાં ગરીબ અવસ્થામાં જન્મ્યો હતો. તેનો પિતા એક ચાર્ટીસ્ટ* હતો અને તેણે સને ૧૮૪૮ માં અમેરિકામાં વિદેશગમન કર્યું હતું અને પેન્સિલ્વેનીઆમાં આવેલા એનીગની શહેરમાં ધંધે લાગ્યો હતો. તેના નાની વયના છોકરાએ નાનપણથી એક સુતરના કારખાનામાં દોરા વીંટવાનું કામ કરવા માંડયું અને થોડાં વર્ષ પછી તાર ઑફિસમાં કારકુન તરીકે કામ કરવા લાગ્યો. મિ. ટી. એ. સ્કોટે તેની શક્તિ અને યોગ્યતા ધ્યાનમાં લઈ તેને પોતાનો સેક્રેટરી નીમ્યો અને સને ૧૮૫૯ માં જ્યારે મિ. સ્કોટ પેન્સિલ્વેનીઆ રેલ્વે કંપનીના ઉપપ્રમુખ થયા ત્યારે તેમણે કાર્નેગીને તે રેલ્વેના પશ્ચિમ ભાગનો સુપરિન્ટેન્ડેન્ટ નીમ્યો. આ જગ્યાએ નોકરીમાં રહ્યા પછી કેટલાક સુધારા કરવાની જુમ્મેદારી તેણે માથે લીધી, અને જ્યારે અમેરિકામાં અંદર અંદર લડાઈ થઈ ત્યારે તે વખતના લડાઇમાં સેક્રેટરીના મદદનીશ મિ. સ્કોટ સાથે તે સમરાંગણમાં હતો. ઓઇલ ક્રીક ઉપર આવેલા સ્ટારી ફાર્મની ખરીદી તથા રેલ્વેના સુવાની સવલવાળા ડબ્બાઓની પ્રથમ ઓળખાણ એ બે તેના પાછળથી મેળવેલા અપૂર્વ ભંડારના મુખ્ય ઝરા હતા.

પીટ્સબર્ગમાંની લોખંડ અને પોલાદના હુન્નર ઉદ્યોગની ખીલવણીથી એણે મેળવેલી ફત્તેહનાં ઉપર જણાવેલાં સાધનો માત્ર પ્રસ્તાવના રૂપ હતાં. લોખંડ અને પોલાદની અમેરીકામાં કેટલી જરૂર પડશે તે પ્રથમ પોતાની દીર્ઘદષ્ટિથી જાણી લઈ એણે ' કીસ્ટોન બ્રીજ વર્ક્સ્'ની સ્થાપના કરી, અને પોલાદના પાટા બનાવવાની ' એડગર થોમસન ' નામની મિલ

*વિલાયતમાં એક વિશેષ રાજકીય મત ધરાવનાર. (એ મત ધરાવનારની માગણી એવી હોય છે કે દરેક જણને પાર્લામેન્ટના સભાસદ પસંદ કરવાનો હક આપવો જોઇએ, પાર્લામેન્ટ દર વર્ષે નવી થવી જોઇએ. વગેરે.)

કાઢી, તેમ જ 'હોમસ્ટેડ વર્કસ્' નામનું કારખાનું પણ ઉઘાડ્યું. સને ૧૮૮૮ માં તો કોલસા અને લોખંડના ઘણા વિશાળ ક્ષેત્રોનો એ માલિક થયો, એટલું જ નહિ પણ ૪૨૫ માઇલ જેટલી રેલ્વે અને સરોવરોમાં ચાલે તેવી હારબંધ આગબોટો પોતાના કારખાનામાં બનાવી દીધી. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ આ ઉદ્યોગની પ્રતિનિધિરૂપ કાર્નેગી મંડળીઓની એટલી બધી આબાદી થઈ કે સને ૧૯૦૧ માં જ્યારે મિ. જે. પીયર પોઇન્ટ મૉર્ગને ઘડેલા ટ્રસ્ટ રૂપે આ બધી મંડળીઓ "ધી યુનાઇટેડ સ્ટેટ્સ સ્ટીલ કોર્પોરેશન" નામની સંસ્થામાં એકત્ર કરવામાં આવી અને જ્યારે મિ. કાર્નેગી વ્યાપારમાંથી નિવૃત્ત થયો ત્યારે તેની પેઢીની વેચાણ કીંમત તરીકે તેને આશરે દશ કરોડ પાઉન્ડ જેટલી રકમ મળી હતી.

જે વ્યાપારિક દક્ષતાથી તેણે આટલું બધું ધન પ્રાપ્ત કર્યું હતું તે દક્ષતા ઉપરથી લોકોએ હવે પોતાનું લક્ષ ઉઠાવી લઇ સાર્વજનિક સંસ્થાઓમાં મોટી સખાવતો રૂપે પોતાનું અઢળક ધન કાર્નેગી કેવી રીતે વાપરે છે તે જોવા તરફ દોર્યું. સને ૧૮૮૬ માં પ્રસિદ્ધ થયેલા "ટ્રાયમફન્ટ ડેમોક્રસી" અને ૧૯૦૦માં પ્રસિદ્ધ થયેલા "ગોસ્પેલ ઓફ વેલ્થ" નામનાં પુસ્તકોમાં પોતાના સામાજીક વિષયો ઉપરના મતો અને અઢળક ધનવાળા મનુષ્યોની જુમ્મેદારીઓ ઉપરના વિચારો એણે પ્રગટ કર્યા હતા. એણે સ્કોટલેન્ડના સધરલેન્ડશાયરમાં એક 'સ્કીબો કેસલ' નામનો બંગલો રાખ્યો હતો, અને પોતે ત્યાં તથા ન્યુયોર્કમાં રહેવાનું રાખતો હતો. સાર્વજનિક હિતમાં સામાજીક ને વિદ્યાવિષયક ઉન્નતિ માટે પોતાનું ધન વાપરવામાં જીવન ગાળતો. આવી રીતે પોતાના ધનનો વ્યય કરવામાં એના તરફથી 'યુનાઇટેડ સ્ટેટ્સ', 'યુનાઇટેડ કીન્ગડમ' અને જ્યાં જ્યાં ઈંગ્રેજી ભાષા પ્રચલિત છે એવા અન્ય દેશોમાં પુસ્તકાલયો ખોલવામાં જે સખાવતો આપવામાં આવી છે તે પ્રથમ સ્થાન ધરાવે છે. ધીમે ધીમે ચોતરફ કાર્નેગી પુસ્તકાલયો ઉઘાડવામાં આવ્યાં. પુસ્તકાલયો માટે જગ્યો જે તે દેશના લોકો તરફથી આપવામાં આવતી અને તે સંસ્થાને નિભાવવાનો બોજો પણ તેમને શિર હતો. મિ. કાર્નેગી તો પોતે મકાન બંધાવી આપી જોઈતાં પુસ્તકો વગેરે આપવાનો વહીવટ રાખતો હતો. આથી લોકોમે તેવી સંસ્થામાં રસ લેવાની જરૂર પડતી અને તેને નિભાવવાની જોખમદારી વહોરવી પડતી. સને ૧૯૦૮ ના અંતમાં તેણે એક કરોડ પૌંડ કરતાં વિશેષ રકમ માત્ર પુસ્તકાલયો માટે સખાવતોમાં આપી હતી. સને ૧૯૦૧

માં કાર્નેગી ઇન્સ્ટિટ્યુટ સ્થાપવામાં એણે ૨૦ લાખ પૌંડ આપ્યા હતા. અને તેટલીજ રકમ વૉશિંગટન શહેરમાં કાર્નેગી ઇન્સ્ટિટ્યુશન સ્થાપવામાં આપી હતી. ઉપરની બન્ને રકમોમાં તેમ જ એવી રીતે આપેલી રકમોમાં એણે પાછળથી ઉમેરો કરી આપ્યો હતો. સને ૧૯૦૧ માં સ્કૉટલૅંડની યુનિવર્સિટિઓમાં એણે કેળવણીને મદદ કરવા માટે ૨૦ લાખ પૌંડ જેટલી રકમ એક ટ્રસ્ટને સોંપી હતી, અને તેથી સને ૧૯૦૬ માં ' એડીનબર્ગ યુનિવર્સિટિ 'ના ' લૉર્ડ રેક્ટર ' તરીકે એની પસંદગી થઈ હતી. નિગ્રો લોકોની કેળવણી માટે બુકર ટી. વૉશિંગટનના તાબાના ટસ્કેજી ઇન્સ્ટિટ્યુટમાં એણે ઘણી સારી મદદ કરેલી છે. હોમસ્ટેડના પોતાના પહેલાંના માણસો માટે સને ૧૯૦૬ માં પેનશન સારૂ એક મોટી રકમ રોકી છે, અને તેવી જ રકમ સને ૧૯૦૫માં અમેરિકન કૉલેજના પ્રોફેસરો માટેપણ રોકી છે. તેની મકાન બંધાવવા માટેની બક્ષિસો, તેમજ કેળવણી અને સંશોધન માટે ધર્માદા કરેલી રકમો એટલી બધી છે કે તેનું સંપૂર્ણ વર્ણન કરવું બને તેમ નથી. સને ૧૯૦૪માં અમેરિકામાં અને સને ૧૯૦૮માં યુનાઇટેડ કિન્ગડમમાં શૌર્ય ભરેલા કામની કદર થવા માટે જે "કાર્નેગી હીરો ફંડ કમિશન્સ" સ્થાપ્યાં હતાં તે અત્રે ભૂલવા જેવાં નથી. એણે હેગમાં " ટેમ્પલ ઑફ પીસ " બાંધવા માટે ૫ લાખ પૌંડની આપેલી રકમ અને વૉશિંગ્ટન શહેરમાં સર્વ અમેરિકનો માટે મહેલ બંધાવવા આપેલી ૧૫ લાખ પૌંડની રકમ ભૂલવી જોઈએ નહિ. આ મહેલ અમેરિકાના પ્રજાસત્તાક રાજ્યો પોતાના " ઇન્ટરનેશનલ બરો "ના ગૃહ તરીકે વાપરે છે.

કાર્નેગીને કુટુંબનું ભરણપોષણ કરવાની ઝુસરી તેના માથા ઉપર નાનપણથી પડી હતી. સવારમાં સૂર્યપ્રકાશ થતાં પહેલાં તે કામે લાગતો અને સૂર્યાસ્ત થઇ ગયા પછી કામથી છૂટતો. વચમાં માત્ર જમવા માટે ૪૦ મિનિટનો જ વખત મળતો. એક સ્કૉટલૅન્ડના વૃદ્ધ માણસે તેને જે ફેક્ટરીમાં ઍબીન્સ બનાવવામાં આવતી હતી ત્યાં મુક્યો અને તેને વરાળ-ભાંડ સળગાવવાનું તથા વરાળયંત્ર ચલાવવાનું કામ સોંપ્યું. આ તેર વર્ષના છોકરાને જ્યારે વરાળયંત્ર ચલાવવાનું જોખમ ભરેલું કામ સોંપવામાં આવ્યું ત્યારે તેને લાગ્યું કે હું હવે બાળક નથી, પણ ખરેખર ભાયડો બન્યો છું. આ અતિ શ્રમથી થતી ખરાબ અસરનો તેને અનુભવ થયો. કારણ કે તે કહે છે કે પાણી બરોબર રાખવાની, યંત્ર ચલાવવાની, ભૂલ

થવાની અને તેથી આખી ફેક્ટરી આગને લીધે ભસ્મ થઈ જવાની જોખમદારી અને બ્હીક મારા હૃદય ઉપર બહુ ખરાબ અસર કરતી. તે કહેતો હતો કે યુવાવસ્થામાં મને ઘણી ઉંચી આશાઓ હતી અને મારૂં હૃદય મને હંમેશાં કહ્યા કરતું કે આ સ્થિતિ લાંબો વખત રહેવાની નથી. મી. કાર્નેગી પોતાની પહેલાંની ગરીબાઈ સંભારી તેની વારંવાર નીચે પ્રમાણે સ્તુતિ કરતોઃ–

વારસાના ધન અને પદવી કરતાં વારસાની દરિદ્રતા અને આરોગ્યતાના ઘણા લાભોમાં સૌથી મોટામાં મોટો એક લાભ હોય છે. માતા અને પિતા—એ પવિત્ર શબ્દોના ખરેખરા અને વાસ્તવિક અર્થમાં કહીએ તો રાજાનાં, લક્ષાધિપતિઓનાં કે ઉમરાવોનાં સંતાનોને માબાપ હોતાંજ નથી. શ્રીમંતનાં અને ઉમરાવનાં સંતાનને પૂજ્ય પિતા અને પૂજ્યતર માતા માત્ર નામનાં જ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ ગરીબનાં સંતાનો તો એ નામને દૈવી ચીજો માને છે. માબાપ જ તેમના માર્ગોપદેશક, તેમના હૃદયના આધાર અને તેમની પૂજાનાં સ્થાન છે. તેમની અને તેમનાં માબાપની વચ્ચે આયાનો, નોકર ચાકરનો કે શિક્ષકનો અંતરાય નથી. તેમના પિતા જ તેમના શિક્ષક, મિત્ર, સલાહકાર અને પરીક્ષક છે. જે છોકરાને તેની માતા જ, આયા, શિક્ષક, પુણ્યપ્રેરણા કરનાર અને સંતરૂપ છે, માતા જેનું સર્વસ્વ છે, તે છોકરાના જેવો વારસો ગર્ભશ્રીમંતને, ઉમરાવને રાજાને કદી મળવાનો નથી.

ઈ૦ સ૦ ૧૯૦૦ ના જગપ્રસિદ્ધ પત્ર "રીવ્યુ ઑફ રીવ્યુઝ" ન્યુઅંકમાં કાર્નેગી વિશે લખ્યું છે કેઃ–" ૬૨ વર્ષ પહેલાં એન્ડ્રયુ કાર્નેગી નફર્મ લાઈનના પ્રાચીન શહેરમાં જન્મ્યો હતો અને આજે તે અંગ્રેજી ચાલતા લોકોનો મુકુટ વગરનો રાજા છે. ઘણાં વર્ષો પૂર્વે કાર્લાઈલે કહ્યું હતું કે જે માણસના ગજવામાં ૭ પેન્સ છે તે ૭ પેન્સ સુધી રાજસત્તા ભોગવે છે. કારણ કે ૭ પેન્સ સુધી તે બીજા માણસોની વફાદારી અને આજ્ઞાધીનતા મેળવી શકે છે. ત્યારે જે માણસ માત્ર ૭ પેન્સનો જ માલીક નથી પણ ૧,૬૦,૦૦,૦૦,૦૦૦ ૭ પેન્સનો માલીક છે તેના રાજ્યાધિકાર વિષે તમે શું ધારો છો!

"સને ૧૯૦૦ ના જાન્યુઆરીની ૧ લી તારીખે એન્ડ્રયુ કાર્નેગી ૨,૫૦,૦૦,૦૦૦ પૌંડ સુધી જુદી જુદી અંકાતી કિંમતની મીલ્કતનો સ્વતંત્ર માલીક થશે. આ મિલ્કતને માથે ગીરો–સાન વગેરે કોઈ જાતનો બીજો બોજો

નથી, અને આ રકમ અમેરિકામાં આવેલા મોટામાં મોટા ઔદ્યોગિક કારખાનાના પ્રેફરન્સ શેરોમાં વ્યાજે મૂકવામાં આવી છે. આ રકમની વાર્ષિક આવક પૌંડ ૨૦,૦૦,૦૦૦ ઉપરાંતની છે. છતાં જો આપણે ૨૦,૦૦,૦૦૦ માનીએ તો પણ આ ડનફર્મ લાર્ડનો છોકરો આજે દરરોજ પૌંડ ૫,૪૮૦) નો રાજ્યાધિકાર ભોગવે છે. આજના લક્ષાધિપતિઓના યુગમાં ૪ કે ૫ કરોડ પાઉન્ડ જેટલું ધન દુર્લભ છે. વેન્ડર બીલ્ટ કુટુંબનો મુખ્ય માણસ જ્યારે મરણ પામ્યો ત્યારે તેની પાસે તેનાં વારસોને વારસામાં આપવા તેથી અડધું પણ ધન નહોતું. યુનાઇટેડ સ્ટેટ્સ (સંયુક્ત રાજ્યો)માં આજે માત્ર બેજ માણસો કાર્નેગીના જેટલા ધનવાળા છે. પહેલા મી. રોકફેલર, સ્ટેન્ડર્ડ ઓઈલ કંપનીવાળા, અને બીજા મી. એસ્ટર. તે કદાચ આવા સાંસારિક ધનમાં કાર્નેગી કરતાં આગળ વધી શકે; પણ તે સિવાય બીજી બધી બાબતોમાં કાર્નેગી કરતાં ઘણા પાછળ છે. કાર્નેગીના ધનની અઢળકતા તો, ઘણી થોડી ધ્યાનમાં રાખવા જેવી છે. પણ તે સિવાય બીજી બે વાતો ખાસ લક્ષમાં રાખવા જેવી છે.

"**પહેલી વાત** ધ્યાનમાં રાખવાની એ છે કે મી. કાર્નેગીએ આ બધું ધન પોતે પેદા કર્યું. તેને વારસામાં તેના પૂર્વજો તરફથી રોકડ ધન બીલકુલ મળ્યું નહોતું, તેમ તેણે સટ્ટાથી પણ કશું મેળવ્યું નથી. તેણે પ્રામાણિક ઉદ્યોગવડે બધું પેદા કર્યું હતું. સૌથી સરસ બીજી વાત ખાસ લક્ષમાં રાખવા જેવી એ છે કે આ કરોડો પૌન્ડ ભેગા કર્યા પછી હમણાં તે તેને દાનમાં આપી દેવાની તૈયારીમાં છે. હમણાં તેની ૬૨ વર્ષની વય છે અને પોતે પોતાનું જે ઉત્તર જીવન નિવૃત્તિમાં ગાળવા ઇરાદો રાખ્યો હતો તે હવે આ ધનની વહેંચણીમાં ગાળવાનું જરૂરી કર્તવ્ય જાણે છે.

"જે માણસ ધનના ઢગલા સુધી મરી જાય છે તેનું મરણ નામોશી ભરેલું છે." એ પોતાના મંત્રથી તેણે ઘણા વખત પહેલાં સિદ્ધ કરી બતાવ્યું છે. તેણે તે બાબતમાં કાંઈ થોડી ઘણી કીર્તિ મેળવી નથી. જો મી. કાર્નેગી ૯૦ મે વર્ષે સ્વર્ગવાસી થાય તોપણ તેનો બધો સમય તેના ધનના ઉપયોગમાં જશે. જો તે તેની વાર્ષિક આવકની રકમ વહેંચી દે તો બીજાં અઠ્ઠાવીશ વર્ષમાં તેને ૫,૬૦,૦૦,૦૦૦ પૌંડનો ઉપયોગ કરવો પડે, તેમ છતાં ૯૦ મે વર્ષે તે ૪ કે ૫ કરોડ પોતાનાં નામે રાખી મરણ પામવાથી અપકીર્તિ નો પામે. તેથી તેણે માત્ર તેની આવકનોજ ઉપયોગ કરવાનો નથી, પણ સાથે પોતાની મુડી પણ ધીમે ધીમે ઘટાડવી જોઇશે. જો તે ૯૦ વર્ષ જીવે અને પોતાના સિદ્ધાંત પ્રમાણે

વર્ષે તો, તેણે ૧૯૨૮ પહેલાં ૮–૯ કરોડ પૌંડનો ઉપયોગ કરવો જોઇએ.

"આટલા બધા ધનનો શો ઉપયોગ કરશે?" એજ મી. કાર્નેગીનો કોયડો છે. એ કોયડો અતિ ગહન અને કઠિન છે. દુનિયાના અત્યાર સુધીના ઇતિહાસમાં એક ખાનગી માણસ પાસે પોતાના સ્વતંત્ર તાબામાં આવું કુબેરના ભંડાર જેટલું ધન આવ્યાનું માલમ પડતું નથી. ઘણા થોડા રાજાઓ કે રાજાધિરાજો પાસે આથી વિશેષ ધન હશે. પરંતુ રાજાનું ધન હંમેશા ગીરો કે સાનના બોજાવાળું હોય છે. આવા વિનિયોગ માટે તેમની પાસે બહુ નાની રકમ હોય છે. તેમાંના ઘણા પાસે આવી સ્વતંત્ર માલકીના ધનને બદલે ઘણું દેવું હોય છે. તેમને બધાને ભારે ખર્ચ હોય છે. બીજી ભારે જુમ્મેદારીઓ પણ હોય છે, તેથી તેમના ધનના ઉપયોગ માટે તેઓ સ્વતંત્ર રહી શક્તા નથી. પહેલાના અમીર ઉમરાવોના ધન માટે પણ આ પ્રમાણે જ સમજવાનું છે. તેમને તેમની જાગીરોનો ખર્ચ નિભાવવાનો હોય છે, કિલ્લાઓ દુરસ્ત કરાવવાના હોય છે તેમ તેમના મુલક ગંબંધીનાં કરજો પણ હોય છે. તે ઉપરાંત તેમને તેમનાં કુટુંબનો મોભો જાળવવાનો હોય છે અને વારસો માટે ધન રાખવાનું હોય છે. મી. કાર્નેગીને કોઈનું કોઈ પ્રકારનું દેવું નથી. તેને માત્ર એક ત્રણ વર્ષની દીકરી છે તેને માટે જો પોતાની એક મહીનાની આવક બાજુએ મુકે તો તે દીકરી માટે બહુ થઈ ગઈ કહેવાય. દિકરાને સર્વ શક્તિમાન કાંચન આપવું એ શાપ આપવા બરાબર છે એવું મી. કાર્નેગીએ પહેલાં કહ્યું હતું. અને જો કે તેને દીકરો નથી તોપણ કેટલાક ફેરફાર સાથે તે આજ નિયમ પોતાની દીકરીને પણ લાગુ કરશે."

તૈયાર છે! **તૈયાર છે!**

પાકશાસ્ત્ર

લેખકઃ—

ગં. સ્વ. લલિતાગૌરી શામરાવ

તથા

ગં. સ્વ. વિમલાગૌરી મગનલાલ

કિમ્મત રૂ. ૩—૦—૦

મળવાનું ઠેકાણું:—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

મુંબાઇ; પોસ્ટ નંબર ૨.

(અમદાવાદમાં "સ્ત્રીબોધ" કાર્યાલયમાંથી પણ મળશે.)

બાનુઓને દેશી વૈદકની આવશ્યક્તા.

ગયા દશકામાં જર્મની સાથેના યુદ્ધના પરિણામે પરદેશી દવાઓ ઘણી મોંઘી થઈ ગઈ છે. ડાક્ટરોએ રોજની દવાની ફી ચાર આનાથી વધારીને ૮–૧૨ આના અને મોટા ડાક્ટરોની ફી તો એક રૂ. થઈ ગઈ છે. કેટલાક ડાક્ટરો દેશી ઝાડપાલાના ઉકાળાઓ અને ચુરણોને પોતાનાં ખાનગી નામો આપીને દરદીને તે આપતા થયા, ત્યારથી દેશી દવાને ઉત્તેજન આપવા સંબંધી હીલચાલ જરાતરા જોરમાં આવતી ગઈ છે. તેમજ આયુર્વેદિક કોલેજો, વિદ્યાપીઠો આ દશકામાંજ ઘણાં નીકળ્યાં, અને હવે અશિક્ષિત દેશી વૈદ જવલેજ દેખાય છે. તોપણ હજુ દેશી દવા અને દેશી પદ્ધતિની સરલતા, માફકતા, અને ઉપયોગીતા તથા અનુકૂળતા જેવાં જોઈએ તેવાં પ્રજાની જાણમાં આવ્યાં નથી, ત્યાં સુધી દેશી દવાને જે ઉત્તેજન અને પ્રજાની સહાનુભૂતિ મળવી જોઈએ તે મળતી નથી. પણ હજી એક આખરનો રસ્તો અજમાવવાનો રહી ગયો છે તે તરફ પ્રજાનું ધ્યાન ખેંચાયું નથી. તે એ કે જો સ્ત્રીઓ વૈદકનો ધંધો શીખે, અને સેંકડો સ્ત્રીઓ આયુર્વેદિક પદ્ધતિથી રોગની પરીક્ષા તથા ઇલાજ કરવાનું શીખે, તો દરેક ઘરની સ્ત્રીઓ પોતાની ખુશીથી અને ઉલટથી દેશી જ દવા કરે. અને સ્ત્રીઓને દેશી દવાના ઇલાજ કરવાનો નિશ્ચય છે એમ જણાય તો મરદો જરૂર તેમાં એકમત થાય. પણ આપણી અશિક્ષિત અબળાઓ કોઈપણ જાતનો પોતાનો મત આપવાને શક્તિમાન થતી નથી. સાધારણ સ્ત્રીઓને તથા બચ્ચાંઓને દવા દેવાનું પ્રત્યક્ષ જ્ઞાન એક વરસમાંસહેજે પુરૂં કરી શકે, અને આજે સેંકડોની સંખ્યામાં જોવામાં આવતી નર્સો તથા મીડવાઈફો આ વૈદકજ્ઞાન મેળવે તો સોનામાં સુગંધ ભેળવવા જેવું બને. આ એક દરેક સ્ત્રીને પોતાનો નિર્વાહ કરવાનું અતિ ઉત્તમ અને પરોપકારી તેમજ જબરૂં સાધન છે. માણસોને તથા બચ્ચાંઓને રોગમાંથી મુક્ત કરવાં તે મોટામાં મોટો પરોપકાર છે. પોતાના ઘરમાં પણ તેનો હંમેશ ઉપયોગ થઇ શકે તેમ છે. વળી કોઈની સહાયતા વિના સ્વતંત્ર રીતે કોઈપણ બિમારનો કેસ લઈ શકશે. વળી સ્ત્રીઓનાં ગુપ્ત દરદો જેનો આ જમાનામાં

વધારો થઈ પડ્યો છે, તે જો સ્ત્રીઓજ દેશી દવાથી સુધારી શકે તો સ્ત્રીઓ સ્વાભાવિક રીતેપોતાના દરદોને દબાવી અને છુપાવી રાખે છે, તેમ બને નહિ અને ઇલાજ કરવા તરત દોડી જાય. દેશી દવા તો ઘણીખરી ઘરમાંજ હોય છે અને કદાચ બહારથી લાવવી પડે, તો બે ચાર પૈસા કે બહુ તો ૨-૪ આનામાં મળી શકે છે. તેને બનાવી દવા તરીકે ઉપયોગ કરવાથી તાજી દવાનો લાભ દરદીઓને મળે છે. દરેક નાનાં મોટાં ગામોમાં દેશી દવા, ઝાડપાલા તથા વસાણાની દુકાનો હોય છે. પણ તેવી રીતે વિદેશી દવા દરેક સ્થળે મળતી નથી, અને તેનો ઉપયોગ ફી આપ્યા વગર થઈ શકે નહિ. પણ દેશી દવા ઘરમાં બનાવી વાપરીએ તે દરેકનો જન્મસિદ્ધ હક છે, અને તેમાં સગવડ પણ ઘણીજ છે. એ બધું જોતાં દેશી દવાની પદ્ધતિમાં કેટલા ફાયદા સમાએલા છે તેનો ખ્યાલ કરશે.

પુરૂષ વર્ગ દિવસના કામ ધંધામાં મચેલો હોય છે તેને જો સ્ત્રી વર્ગ દવા કરવાનું ખાતું પોતાને હાથ લઈ સહાય કરે તો પુરૂષને પણ ઘણી સવળતા પડે. માટે જો આપણા અસલ દેશી વૈદકનો ઉદ્ધાર કરવો હોય, અખીલ સંસારની તંદુરસ્તી સુધારવી હોય, વધતા જતા ડાક્તરોની સાથે સાથે વધતી જતી બીમારીઓનો પણ પ્રતિબંધ કરવો હોય, તો બહેનો! દેશી વૈદક શીખો. મુંબઇમાં સ્ત્રીઓ માટે આવો એક મરાઠી વર્ગ ચાલુ છે, તેમ એક ગુજરાતી વર્ગ કેમ ચાલુ ન થાય? શું ગુર્જર સ્ત્રીઓ આ બાબતમાં પછાત રહેશે? નહિ, કદી નહિ. હું ધારૂં છું કે તેઓ આ બાબતથી હજી અજાણ છે. માટે જો કેટલીક બાઈઓ પોતાનાં નામ ઠેકાણાં મને લખી મોકલશે, તો ગમે તે ભોગે પણ એવો એક ગુજરાતી સ્ત્રીઓ માટે દેશી વૈદક વર્ગ તૈયાર કરવાની તજવીજ હું કરીશ. સાર્વજનિક હીલચાલમાં આગળ પડતી બાનુઓ આ કાર્યમાં સહાય્ય કરશે તો જરૂર ફતેહમંદ નીવડશે.

સૌ૦ નાનીબાઈ ચુનીલાલ જોશી.

(હેડ મીસ્ટ્રેસ મ્યુનિસિપલ ગુજરાતી
ચાંડરોડ કન્યાશાળા; મુંબઇ.)

રાંધણકળા અને વિજ્ઞાન.

આ લેખનો લખનાર પાકશાસ્ત્રી નથી તે છતાં રસોઇના વિષયમાં કંઇપણ લખવાની ધૃષ્ટતા ધરાવે છે તેથી કેટલાકને આશ્ચર્ય થશે, કેટલાકને તિરસ્કાર થશે અને કેટલાક હાંસી કરશે, અને કેટલાક કંઇ વાંચવાનું હશે એમ ધારી વાંચશે પણ ખરા.

રસોઇમાં આપણે ખોરાક આપણા ભોજન સારૂ તૈયાર કરવાનો હોય છે. આપણે અનાજ કાચું પચાવી શકતા નથી, તેથી આપણે અનાજ પાકું કરવું પડે છે. એટલે કે આપણે જે અનાજ આપણા ખોરાકના કામમાં લઇએ તે આપણને પચી શકે, આપણે તેનું લોહી બનાવી શકીએ, આપણું શરીર તન્દુરસ્ત રહે, અને આપણું આરોગ્ય સચવાઈ રહે. પુરૂષ વર્ગે તેમ સ્ત્રીવર્ગે આ બાબત પર ધ્યાન આપી આપણને પાચન થાય તેવો ખોરાક આપણે શી રીતે તૈયાર કરી શકીએ તેની ક્રિયાઓ તૈયાર કરી છે. હવે એ ક્રિયાઓનું રહસ્ય શું છે એ આપણે સમજી શકીએ તો આપણને લાભ થાય ખરો એવું હું માનું છું.

ખોરાક તૈયાર કરવાને આપણે ખાસ કરીને તાપની મદદ લેઈએ છીએ. દરેક ખોરાક તૈયાર કરવા સારૂ ગરમી કેવી રીતે વાપરવી તે આપણે જાણીએ તો જ ખોરાક સારો તૈયાર કરી શકીએ.

આપણે પહેલાં દાળ તૈયાર કરવાનો દાખલો લેઇએ. કાચી દાળ આપણને પચી શકતી નથી. કાચી દાળને પાણી સાથે લેઇએ તોપણ તે પચી શકે નહીં. કારણ કે દાળ પાણીમાં ઓગળી જતી નથી. દાળનો એવો ધર્મ છે કે ગમે તેટલું ગરમ પાણી નાંખી તેમાં રહેવા દેઈએ તોપણ તે પીગળતી નથી. આ કારણોથી આપણે દાળ તૈયાર કરવી હોય તો પહેલું તપેલીમાં પાણી ગરમ કરીએ છીએ અને પાણી જ્યારે ઉકળે છે ત્યારે તેની અંદર દાળ નાંખીએ છીએ. દાળ નાંખ્યા પછી તેને ઘણીવાર ગરમ

બનાવી શકતા નથી. તેનાં કારણો પણ ઉપર આપેલાં છે એટલે આ બાબત વાચકના ધ્યાનમાં પૂરેપૂરી આવી હશે.

હવે આપણે લાવશી અને શીરાનું દૃષ્ટાંત લઈએ. આ બે વસ્તુઓમાં ફેર એ છે કે એકમાં લોટ બરાબર પાકો થતો નથી અને તેથી લાવશી પચવામાં ભારે પડે છે. લાવશીમાં પાણી ઓછું વાપરવામાં આવે છે અને તેથી લોટ બરાબર ચડતો નથી એટલે લોટના કણ ફાટીને નરમ થતા નથી. શીરો કરવામાં પાણીનું પ્રમાણ લાવશી કરતાં ઘણું વધારે હોય છે અને લોટના કણ ફાટે છે અને લોટ પાકો થઇ નરમ થાય છે. આ કારણથી શીરો એ લાવશી કરતાં વધારે સહેલાઇથી પચે એવો ખોરાક છે. આપણે જાણીએ છીએ કે વૈદ લોકો જ્યારે માંદા માણસને માત્રાઓ ખવરાવે છે ત્યારે લાવશી ખાવાનું કહેતા નથી, પણ શીરો ખાવાનું કહે છે. એનું કારણ શીરામાં લોટ ચડીને પાકો થએલો હોય છે એટલે પચવામાં સહેલો હોય છે અને શરીરને નુકશાનકર્તા નથી. શીરો અને લાવશી બન્ને તૈયાર કરવામાં આપણે પાણી અને તાપની મદદ લેઇએ છીએ, પણ એકમાં પાણી ઓછું વાપરીએ છીએ અને બીજામાં વધારે વાપરીએ છીએ.

હવે આપણે પૂરીનું દૃષ્ટાંત લેઇએ. વાંચકો જાણતા હશે કે વૈદ અથવા દાકતર લોકો માંદા માણસને રોટલી ખાવાની રજા આપે છે, પણ પૂરી ખાવાની રજા આપતા નથી. બન્નેની બનાવટમાં ફેર એ છે કે રોટલી બનાવવામાં આપણે લોટ બાંધીએ છીએ તેમાં પાણીનું પ્રમાણ વધારે રાખીએ છીએ. પૂરી બનાવવામાં પાણીનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. રોટલી તવા ઉપર સેકવામાં આવે છે, પૂરી ઘી અથવા તેલની અંદર તળીને થાય છે. પૂરીમાં પાણીનું પ્રમાણ ઓછું હોવાથી લોટના કણ ફાટી નરમ થતા નથી, રોટલીમાં કણ નરમ થાય છે. પૂરી આપણે ઘીની અંદર તળીએ છીએ તેથી ઘી ઘણું ગરમ હોવાથી લોટના કણ સેકાય છે, પણ ફાટીને નરમ થતા નથી. સ્વાદમાં પૂરી વધારે સારી લાગે છે, કારણ કે ઘી અથવા તેલમાં તળવાથી પૂરી લાલ થાય એટલે સ્ટાર્ચનો ડેક્સ્ટ્રીન થાય છે. આ પદાર્થ સ્વાદમાં મિઠાશપડતો હોય છે.

ભાખરીનું દૃષ્ટાંત પૂરીના જેવુંજ છે. તેમાં ફેર માત્ર એટલોજ છે કે પૂરી ઘીમાં તળવામાં આવે છે અને ભાખરી તવા પર સેકવામાં આવે છે. ભાખરી તથા પૂરી રોટલીના કરતાં પચવામાં ભારે હોય છે. રોટલી કરવામાં જેવો તાપ જોઇએ છીએ તેના કરતાં ભાખરી કરવામાં તાપ એક સરખો

અને ધીમો લગાડવો પડે છે. આનું કારણ એ કે રોટલીની કણકમાં પાણીનું પ્રમાણ વધારે હોવાથી લોટ બળી જવાનો સંભવ ઓછો રહે છે. ભાખરીમાં પાણી ઓછું એટલે તાપ વધારે હોય અને એક સરખો ન હોય તો લોટ બળી જવાનો સંભવ વિશેષ રહે છે. ભાખરી બરાબર સેકતાં ન આવડે તો કાચી રહેવાનો વધારે સંભવ છે અને તે પચી શકતી નથી. જો સરખો તાપ રાખી સેકી હોય તો સ્વાદમાં મીઠી લાગે છે. તેનું કારણ કે સ્ટાર્ચનો " ડેક્સ્ટ્રીન " નામનો પદાર્થ થાય છે–એટલે રસાયનિક ફેરફાર થાય છે.

આપણા લોકો જેને ત્રણધારી લાવશી કહે છે તે પચવામાં ઉપર જણાવેલી લાવશી કરતાં સારી હોય છે. એનું કારણ કે આ ક્રિયા કરવામાં ઘઉંના કડકા ઘીની અંદર સાંતળી નાંખી તેની અંદર ખાંડ અથવા સાકરનું પાણી નાંખવામાં આવે છે જેથી તે કડકાઓ ગરમ પાણીથી નરમ થાય છે.

સાધારણ રીતે ઘઉંનાં જેટલાં પક્વાન થાય છે તેટલાં બધાં ઘઉંના મેદાનાં થાય છે. પક્વાન્ન કરવામાં પાણીનો ઘણો ઓછો ઉપયોગ થાય છે અને તે તળીને થાય છે. તેથી મેદો જેવો કાઢીને નરમ થવો જોઇએ તેવો થતો નથી અને તે પચવામાં ભારે હોય છે. પક્વાન્ન કરવામાં ખાંડનો ઉપયોગ વિશેષ થાય છે. તેનાં બે કારણ છે. (૧) ખાવાના પદાર્થને ખાંડ પાવાથી અથવા ખાંડનું મિશ્રણ કરી બનાવવાથી સ્વાદિષ્ટ થાય છે. (૨) તે લાંબો વખત રહી શકે છે. તે બગડી જતો નથી એટલે લોટમાં એવો વિકાર ઉત્પન્ન થતો નથી કે જેથી તે ખાવાના કામમાં લેઇ ન શકાય. વળી એ પણ ધ્યાનમાં રાખવું કે જે ખોરાક આપણે લાંબો વખત રાખી ખાવાના કામમાં લેવો હોય તેમાં પાણીનું પ્રમાણ જેમ બને તેમ ઓછું હોય છે. આપણે એક સામાન્ય નિયમ યાદ રાખીશું તો આ બાબતનો ખુલાસો થશે. કોઈપણ અનાજને પાણીની સાથે રાખવાથી તે પોચો થાય છે અને તેમાં લાંબે વખતે દુર્ગંધ મારે છે. કેટલાકમાં જીવો જોવામાં આવે છે. આ બધાનું કારણ એ છે કે કોઇપણ અનાજના લોટની સાથે પાણી ભળે છે ત્યારે તેમાં રાસાયનિક ફેરફાર થાય છે, અને તે રાસાયનિક ફેરફાર થતો અટકાવવો હોય તો તૈયાર કરેલા પક્વાનમાં પાણીનું પ્રમાણ જેમ બને તેમ ઓછું રહેવું જોઇએ. આપણા લોકો અનુભવથી આ નિયમ સમજી ગયા છે અને જે ખોરાક લાંબો વખત રાખવાનો હોય તેમાં પાણીનું પ્રમાણ ઓછું રાખે છે અને તેમાં ખાંડનું મિશ્રણ કરે છે.

કેટલાંક પક્વાન્નો ચણાના લોટનાં થાય છે. ચણાના લોટના પક્વાન્નમાં ખાંડ ખસુસ કરી વાપરવામાં આવે છે અને પાણીનો ભાગ ઘણો ઓછો રાખવામાં આવે છે. ઘઉંના લોટ કરતાં આ લોટમાં સાવચેતી વધારે રાખવાની જરૂર છે, કારણકે ચણા એ નાઇટ્રોજન ' તત્વવાળો પદાર્થ છે અને તેમાં જો પાણી વધારે રાખવામાં આવે તો એવી વિક્રિયા જલદી થાય છે કે જેથી તે બગડી જવા સંભવ રહે છે. ચણાના લોટની જેટલી વાનીઓ ખાંડ વગરની થાય છે, તેમાં લોટ બાંધવામાં પાણીનો ઘણો ઓછો ઉપયોગ થાય છે અને તળી નાંખવામાં આવે છે જેથી તળ્યા પછી પાણી ઘણું ઓછું રહે છે.

રસોઇમાં કલા કેવી રહેલી છે તે આપણે હવે જોઇએ. કોઇ પણ અનાજનો લોટ બળી જાય માટે તેને પકવવા સારૂ આપણે પાણીનો ઉપયોગ કર્યો. એકલા પાણીના વપરાશથી અનાજ પાકું તો થયું; પણ તેમાં સ્વાદની લ્હેજત બરાબર ન આવી તેથી તેમણે બીજી યુક્તિ કરી તળવાની ક્રિયા શોધી કહાડી. તળવામાં ઘી અથવા તેલનો ઉપયોગ કરવામાં આવે છે. પાણીની વરાળ કરવામાં જેટલો તાપ જોઇએ છીએ તેના કરતાં ઘી અથવા તેલ ઉકળે એટલું ગરમ કરવું હોય તો તાપ વધારે જોઇએ. પાણીની વરાળ ૧૦૦ ડિગ્રી ઉષ્મામાને થાય છે. ઘી અને તેલને એથી વધારે ઉષ્મામાન જોઇએ છીએ. ઘી અને તેલના આ ગુણનો લાભ એ મળે છે કે સ્ટાર્ચનો ડેક્સ્ટ્રીન થાય છે અને તેથી ઘઉંની દરેક વસ્તુ તળ્યાથી સ્વાદમાં મીઠાશપડતી થાય છે.

અસારે ગરમી માપવાને સારૂ થર્મોમીટર વપરાય છે, પણ જ્યારે થર્મોમીટર (પારાની શીશી) નહોતી ત્યારે પણ ગરમી લોકો અનુભવથી નિયમિત કરી શકતા હતા, અને ગરમી શેમાં વધારે છે તે જાણી શકતા હતા, અને જુદી જુદી વાનીઓ બનાવવા કેવા તાપની જરૂર છે તે સમજી તેવા તાપનો ઉપયોગ કરતા હતા. આપણે જાણીએ છીએ કે બાટી છાણાના તાપથી સેકાય તો સારી થાય છે અને તેને છાણાની રાખમાં રાખી મુકે છે, તેનું કારણ એજ કે તેનાથી એક સરખો ધીમો તાપ મળી શકે છે. આપણે બધા જાણીએ છીએ કે લાકડાના પૈડાને જે લોઢાની વાટ ચઢાવે છે તેને પહેલી છાણાના તાપથી લાલચોળ કરે છે. આમાં મુખ્ય સિદ્ધાંત એટલો જ છે કે છાણાનો તાપ બધી જગાએ સરખો લાગવાથી તેની

ગોળાશમાં ફેર પડતો નથી અને ઠંડી કરવાથી વાટ સજ્જડ બધી જગાએ સરખી બેસી જાય છે.

ઉંધીયું કરવામાં પણ કેવો તાપ વાપરીએ છીએ તે પણ બધાની જાણમાં છે. જે જે શાક માટલાની અંદર હોય છે તે શાકમાં પાણી હોય છે અને બહારથી તાપ લગાડવાથી તે પાણીની વરાળ થાય છે અને તે વરાળથીજ અંદરનું બધું શાક બફાય છે અને ચઢી જાય છે.

ઢોકળાં કરવામાં આપણે ફક્ત વરાળનોજ ઉપયોગ કરીએ છીએ. એટલે તાસકમાં જે પદાર્થ રાખેલો હોય છે તે વરાળથીજ ચઢી જાય છે અને સ્વાદિષ્ટ લાગે છે.

છેવટે એટલુંજ જણાવવાનું કે રસોઈ એકલા છે પણ કલાના વિકાસ સારૂ ક્યા સિદ્ધાંતનો ઉપયોગ કલામાં થાય છે તે જાણવાની જરૂર છે. અવલોકન અને અનુમાન કરવાથી સિદ્ધાંતો એની મેળે સમજાય તેવા છે. કલાનો વિકાસ જે શાસ્ત્ર જાણે તે કરી શકે તેમ નથી; પણ જે બારીક અવલોકન કરી શકે અને પોતે વિચાર પૂર્વક દરેક કામ કરે તો કલા દીપાવી શકે.

રસોઈમાં વાનીઓ તો ઘણી બને છે, તે બધાનું આ નાના લેખમાં અવલોકન થઈ શક્યું નથી. પણ અવકાશે બીજી મુખ્ય મુખ્ય વાનીઓ બનાવવામાં શા સિદ્ધાન્ત સમાયેલા છે, અને તે જાણવાથી રસોઈમાં કેવા કેવા ફેરફાર થઈ શકે તેની આપોઆપ સમજ પડે તેવાં દ્રષ્ટાન્તો લઈને વિવરણ કરીશું.

સાંકળચંદ જેઠાલાલ શાહ.

સાચું સેવામંડળ.

[લખનારઃ—રા. રા. કેશવપ્રસાદ છો૦ દેસાઈ.]

"ઓહો કાન્તાબેન ! આજે તમે ક્યાંથી ભૂલાં પડયાં ? આવો, આવો બેસો."

"જરા આ તરફ ગઈ હતી, એટલે મનમાં થયું કે લાવને, શાંતાને ઘણા દિવસથી મળી નથી તો મળતી જાઉં."

"આ તરફ તમે ક્યાં ગયાં હતાં ? ભલી તમને આજે નવરાશ મળી ? કાંઈ લેખ લખવાના ન હતા ?"

"બ્હેન ! આપણે જો નિયમિત કામ કરીયે છીયે તો વખતનો તો ટોટોજ નથી. હું દરેક કામના વિભાગ પાડું છું અને તેમાંથી નકામી બાબતો હોય તે પડતી મૂકું છું. રોજ બપોરે મને ૭ કલાક મળે છે. તેમાં વાંચવું, લખવું અને સમાજ વ્યવહાર અથવા સમાજસેવા, એમ વિભાગ કરેલા છે."

"હવે વળી તમારે વાંચવાનું શું રહ્યું છે ? તમે બી. એ. તો થયાં. મ્હારા જેવી મેટ્રીકથી રખડી ગઈ હોય તેને વળી વાંચવાનું હોય. અથવા તો જે સહેજસાજ ભણ્યું હોય તેને આગળ જ્ઞાન વધારવાનું હોય."

"શાંતા ! તું કેમ આવું બોલે છે ? જ્ઞાન તો અગાધ છે. એ તો મેળવીયે એટલું ઓછું. પરંતુ બધું જ્ઞાન મેળવવાનો વખત તો કોઈને પણ ના મળે. હું પણ મુદ્દાસરજ વાંચું છું."

"હમણાં તમે શું શું વાંચો છો ? મ્હને તો કોણ જાણે વખતજ નથી મળતો. પણ તમે કહો છો તેમ જો ટાઈમટેબલ પ્રમાણે કામ કરીયે તો તો વખત મળે ખરો. મ્હને કાંઈક વાંચવાનું આપો."

"હા, આપીશ. તારી પાસે તો મ્હારે બહુ કામ લેવાનાં છે. તારો વખત શેમાં જાય છે તે મ્હારાથી તો સમજાતું જ નથી. તારો વસ્તાર ઓછો છે. પ્રમાણમાં તને સ્વતંત્રતા વિશેષ છે. તારાં સાસુ બહુજ અનુકૂળ સ્વભાવનાં છે. મેટ્રીક સુધીનું તને જ્ઞાન છે. જો તું ઉમંગભેર મ્હને મદદ કરે તો આપણે ઘણાં કામ કરી શકીયે."

"હું શું ધુળ કરી શકું ? આપણે ભણવાનું છોડયું પછી ખાસ કાંઈ

વાંચ્યું નથી. મ્હને મંડળ કે મેલાવડાઓમાં ભાષણ કરતાં આંવડતું નથી. મ્હારાથી ઘરનું આંગણું છોડીને ગામડે ગામડે સ્વરાજ્ય લેવા જવાય તેમ નથી."

"ના. આપણે સ્વરાજ્ય ઘરમાં બેઠા લઇશું. તું એકવાર મ્હને કહે કે તું મ્હને મદદ કરીશ. જો બેન, આસપાસ નજર કર. આપણીજ નાત તરફ જો. આપણે આપણામાંથીજ કેટલાંએક દુઃખ દૂર કરી શકીયે તો બહુ લાભ થાય. આપણું મંડળ તે આપણે બે જણાં. મ્હારે તારા જેવી શાંત અને સરળ સ્વભાવની બહેનપણીની મદદ જોઇયે છીએ. વળી આપણે નાતની અંદર કામ કરવાનું છે. તેમાં જાહેરાત ન જોઇયે, કે ટીકા ના કરવી જોઇયે. નહિ તો આપણે જેને મદદ કરવા જઇયે તે આપણી સેવા સ્વીકારે નહિ. આ શરતો તને તો બહુજ અનુકૂળ પડશે."

"પણ આપણે બે એકલાં શું કરી શકીયે?"

"આપણે એકલાં કેમ છીયે? જ્યાં સારા વિચાર અને ઉત્તમ કાર્ય છે, ત્યાં પ્રભુની મદદ છે. વળી તારા બનેવીની પ્રેરણાથીજ આ કાર્ય મ્હેં ઉપાડયું છે, અને જરૂર પડતાં આપણે બીજી બ્હેનપણીઓને બોલાવી લાવીશું; અને જો કામ ઠીક થશે તો મદદ તો મળી આવશે."

"ઠીક, હવે સમજી. એમ કહોને કે મોતીભાઈ પણ આમાં સામેલ છે? જાઓ હું તમે કહેશો તે કરીશ."

"ઠીક પણ મનુભાઈને તો વાત કરવી પડશે. જુઓ, આપણે અત્યારે આપણું "સેવા-મંડળ" સ્થાપ્યું. તેમાં બે સભાસદ, તમે અને હું. અને બે પુરૂષ સહાયક. આપણી ચારેની સભા રવીવારે સાંજે ચાર વાગે મ્હારે ત્યાં. આપણે ચ્હા પીશું અને બધો કાર્યક્રમ બે પુરૂષોની મદદથી ઘડીશું."

"હા, હા, એ ઠીક ફાવશે."

* * * *

"કેમ કાંતા ભાભી! તમે શાંતાના મગજમાં શું ભૂત ભરાવ્યું છે? એ તો મોટી સમાજ-સેવિકા થવા તૈયાર થઈ લાગે છે. એ શું ઉકાળવાની છે? એક એનું રોજનું ક્રોનિકલ તો વાંચતી નથી. હમણાં હમણાં "ગુજરાત" માંની વાતો વાંચે છે. અને પેલી બાર મહાન સન્નારીઓની હરિફાઈ હતીને; તેમાંનાં નામ જોઈને એને શૂર ચઢયું લાગે છે. એના મનમાં એમ હશે કે આવતા વર્ષની હરિફાઈમાં એ પોતે પણ બારની અંદર આવી જાય! ભલે તે ગમે તે હોય પણ આજે આપણને તો આ ચ્હા પાણીનો લાભ મળ્યો. મોતીભાઈને તમે એવા વશ કરી લીધા છે કે કોઈ દિવસ અમને તે બોલાવતા જ નહોતા." . . .

"ના. મનુભાઈ, આજે કાંઈ ગપાટા મારી નાશી જવાશે નહિ. મગજને બરોબર કસવાનું છે. તમારી મદદની પણ અમને જરૂર છે. તમારા જેવા જાણીતા વકીલ સાહેબને અમારી ન્હાની શી પડી હતી?"

"ઠીક, ભાઈ, ઠીક. તમારી જોડે શી ચર્ચા કરવી? જે હુકમ હોય તે ફરમાવી દો. મોતીભાઈ પણ અંદર સામેલ છે, એટલે મ્હારે માથે કાંઈ પડવાનું નથી."

"જુવો મનુભાઈ, હું ઘણા સમયથી આપણી નાતની સ્થિતિ બારીકાઈથી તપાસું છું. બહાર જે દેખાય છે તેના કરતાં અંદરની હકીકત જુદીજ છે. કેટલાંએક કુટુંબોની આર્થિક સ્થિતિ બહુજ ખરાબ છે. જુના વખતમાં તો આવાં કુટુંબોને પૈસાદાર સગાંનો બહુજ આશ્રય હતો; પરંતુ આ જમાનામાં તેવો આશ્રય કોઈ લેતું નથી અને આપતુંયે નથી. આવાં કેટલાંએક કુટુંબો બિચારાં રહેંસાઈજ જાય છે અને તેમાં સ્ત્રીઓની સ્થિતિ તો બહુજ દયાજનક છે."

"પણ તેમાં આપણાથી શું થઈ શકે?"

"ઘણુંયે થઈ શકે. આવાં પાંચ કુટુંબો સાથે મ્હેં પરિચય વધાર્યો છે. દૂરનું કે પાસેનું સગપણ ખોળીને મ્હેં એમને ત્યાં જવા માંડ્યું. પહેલાં તો હું ભણેલી એટલે એમને મ્હારા તરફ કાંઈક તિરસ્કાર હતો. પણ એકાદ છોકરાને ચોપડીઓ લઈ આપી; એકને ઘેર સસ્તાં લુગડાં આપ્યાં, એટલે અમારે સ્વાર્થનાં સહીપણાં બંધાયાં. સ્ત્રીઓ સ્ત્રોને પેટની વાત કહે. એટલે આ પાંચ કુટુંબની હું બધી વાત જાણું છું. એકનોજ દાખલો લ્યો. પુરૂષને પગાર પાંત્રીસનો છે. ઘર ભાડાનું છે, અને મેલેરીયાવાળું છે. ચાર બાળકો છે. બાઈને પીયરનું કાંઈ નથી. ૭ જીવ પોષવાનાં અને ઢાંકવાનાં. પુરૂષ નોકરી ઉપરાંત બીજું કામ કરવા ખુશી છે, પણ તેને તે મળતું નથી. મોટી છોકરી નવ વર્ષની છે, તેને નિશાળેથી ઉઠાડી લીધી. કારણ તેને નિશાળે જવા લુગડાં સારાં જોઈએ, અને ચોપડીઓનું ખર્ચ થાય."

"અરેરે! ગરિબાઈમાં કેળવણી કેમ વધે?" મનુભાઈ વચ્ચે બોલ્યાઃ "આપણી નાતમાં આવાં કુટુંબો હશે તેનો મને કાંઈજ ખ્યાલ નહોતો. આપણે એક ફંડ ખોલીને આ લોકોને મદદ આપીયે તો?"

"વાહ મનુ! તું એમ ધારે છે કે આ લોકો દેખીતી ભીખ માગશે?" મોતીલાલ બોલ્યા.

"પણ ત્યારે આપણે તેનો પગાર શી રીતે વધારીયે?"

"જુવો, અમે બંને જણાંયે આ બાબતનો વિચાર કર્યો છે. આપણે થોડાં અનુકૂળ ગૃહ–ઉદ્યોગો શોધી કાઢવાના છે. બધાં દુઃખનું મૂળ દરિદ્રતા છે. બીજી થોડી કમાઈ તેઓ કરી શકે તો એમનું બધુંજ દુઃખ જાય. મેલેરીયાવાળું ઘર પણ બદલી શકે, અને છોકરીને પણ ભણાવી શકે. લગ્નની વાત વળી લગ્ન સમયે થઈ પડે."

"આવા ગૃહ–ઉદ્યોગો આપણા દેશમાં ક્યાં છે?

"આપણા દેશમાં ના હોય તો ઉભા કરવા એ હવે આપણા મંડળીનું કામ. જુવો બહુ મોટાં શહેર ના હોય, ત્યાં તો ગાય રાખી શકાય. તેનું દૂધ કે ઘી વેચાય, અને છાશમાંથી છોકરાંને પોષણ પણ મળે. અમે એક બ્રાહ્મણને ઘેર ત્રણ ગાયો જોઈ છે. પાંચ વર્ષમાં બધો હીસાબ કાઢતાં તે એક હજાર રૂપિયા કમાયો. પ્રથમ એક ગાય લીધી હતી. ઘરનાં બૈરાં બધું કામ કરતાં હતાં. અને આંગણે ઢોર બંધાય છે. આ એક ગૃહઉદ્યોગ."

"હા. આ તો બહુજ ઉપયોગી ગૃહ–ઉદ્યોગ. સારૂં દૂધ પાડોશીઓ ખુશામત કરીને વેચાતું લે, અને ઘરગતુ ઘી પણ ઉપડી જાય. વળી ઘરનાં માણસને પુષ્ટીકારક છાશ મળે. પણ આપણી નાતનાં બૈરાં એ કામ કરશે!"

"કરવું તો પડેજ ની! ભૂખે મરવા કરતાં, અને બચ્ચાંને અભણ રાખવા કરતાં આવું કામ કરવું શું ખોટું? કાંતાનું કામ એ કે તેમણે આ લોકોને આવું કામ કરવા સમજાવવાં; અથવા તો પહેલાં આપણેજ એક ગાય રાખીયે. ગાય લેવાના પૈસા આપણે આ લોકોને ધીરવા જોઇયે."

"અમારાં ગ્રેજ્યુએટ કાંતાબેન ગાય દોહવા બેસશે ત્યારે દેખાવ જોવા જેવો થશે." શાંતા બોલી.

"ચોખ્ખું તાજું દૂધ ખાવા મળે, મઝાની છાશ મળે, તો ગાય દોહવામાં ખોટું શું છે? એવાં દૂધથી તો આપણાં ફીક્કાં શરીર રાતાં ચોળ થઈ જાય. જસોદા માતાનું ગૌદોહનનું ચિત્ર કેવું સારૂં લાગે છે!" કાંતાએ કહ્યું.

"બીજી એક બાબત છે, તેમાં વ્યવસ્થાની વિશેષ જરૂર છે. આપણા દરેક શહેરમાંનાં કેટલાંક કુટુંબો મુંબાઈ વસે છે. તેમને અથાણું, પાપડ, અને મુરબ્બા, મુંબાઈમાં કરવાની સગવડ કે આવડ હોતાં નથી. તેમને જો આ માલ પૂરો પાડવાનું આ ગરીબ કુટુંબો માથે લે તો બંને પક્ષને લાભ થાય."

"હા, એ વાત આપણી નાતનાં કુટુંબોને સરળ પડી જાય ખરી. અસલના વખતમાં પૈસાદાર ઘરોમાં તેમનાં ગરીબ સગાં આ બધાં કામમાં મદદ કરતાં હતાં. અને તેના બદલામાં તેમને અથાણાં મફત મળતાં. અને

વળી ફસલ વખતે પોતાના ખેતરમાંથી આવેલા દાણા પણ તે સગાંઓને ઘેર જતા હતા. પણ હવે તો અનાજ મોંઘું થયું એટલે સૌના જીવ ટુંકા થયા."

"લો જુવો, મનુભાઈ. મને અથાણું કરતાં આવડે છે કે નહિ તે ચાખી તો જુવો." એમ બોલી કાંતાએ ચાર પાંચ જાતના અથાણાંની તાસક મ્હોં આગળ ધરી.

"અરે કાંતાભાભી, આ બધું ક્યાં શીખ્યાં ? તમારા બી. એ. ના ક્રમમાં તે આવે છે કે ? બહાર તો લોકો વાતો કરે છે કે તમને રોટલી વણતાં પણ નથી આવડતી, તેથી પાંઉ લાવીને ખાવ છો, અને તમે તો વળી અહીં અથાણાં, પાપડ, વડી, શેવ, વગેરે તૈયાર કર્યું છે, અને રસોઇયો તો છે નહિ. આ પુરીયો તમારી કરેલી છે ?"

"લોકો તો ભલે વાતો કરે. એ બીચારાં શું જાણે ? પણ એમનું અથાણું બગડવાનાં કારણો હું તેમને બતાવી દઉં. ગૃહવિજ્ઞાનનાં પુસ્તકો મ્હેં વાંચ્યાં છે. અને પાંઉ તો હું ઘણીવાર મંગાવું છું. એટલે કદાચ લોકોને લાગ્યું હશે કે મ્હને રોટલી નથી આવડતી. પણ જુવો, સમાજ સેવાની વાતોમાં પેટસેવા અધુરી ના રહી જાય માટે ખાવામાં ધ્યાન રાખજો."

"એ તો ઠીક. પણ તમે ગાય રાખવાનું, અને અથાણાં પાપડ બનાવવાનું, એમ બે વાનાં ગૃહ–ઉદ્યોગ માટે સૂચવો છો. ત્યારે ક્રોશે ભરવાનું કે એવું કાંઈ ના કરી શકાય ?"

"હા, કરી શકાય. પણ પહેલાં ભરતાં આવડવું જોઈયે, અને પછી તે માટે ઓર્ડર મળવા જોઇએ. મુંબાઈમાં ઘણી પારસી બાઈયો આવું દુકાનદારોનું કામ કરી આપે છે. એટલે તેમને બધી ચીજો તે દુકાનદાર પુરી પાડે છે. વળી પારસણોને ભરવા ગુંથવાની આવડત પણ સારી હોય છે. પરંતુ બહારગામમાં એ બધું કામ અનુકૂળ ના થઇ પડે. અને વળી હમણાં ફેશનો પણ બદલાતી જાય છે."

"હા, હા, ત્યારે કાંતાબેન ! આ રેંટીયો ચલાવે તો ઠીક ના પડે ? ને વળી મહાત્માજીનો હુકમ પાળ્યો ગણાય." શાંતા બોલી.

"હા, રેંટીયો પણ સારો છે. પરંતુ પ્રથમ સારી પુણીઓ જોઇયે. અને પછી સુતર વણાઇ શકે તેવું નિકળવું જોઇયે. તેમ થયા પછી પણ આવક ધારે થવા સંભવ નથી, તે કરતાં તો જો સાળ એક ઘરમાં હોય અને તે ચલાવતાં આવડે, તો પછી આવક સારી થાય ખરી. આપણે એ પ્રયોગ પણ કરવા જેવો છે. મીલમાંથી સારૂં સુતર આણવું અને ઘરમાં મુક્તિ ફોજ-

વાળાઓ પાસેથી શાળ લાવીને મૂકવી. બપોરે સ્ત્રીઓ ચલાવે, અને રાં મરદ ચલાવે. અને આ બદલાયલી ફેશનમાં આવી શાળમાં વણાયલાં લૂગ ધોતીયાં ચાલ્યાં જાય. ટુવાલ માટે પણ શાળ આવે છે. પરંતુ આ શાળ લેવા માટે બસેં રૂપિયા પહેલાં જોઇયે. પછી સુતર આણવું જોઇયે, અને ત્યાર પછી માલ વેચી શકવો જોઇયે. આ કામ આપણું આ મંડળ કરે.

" ત્યારે આપણે હમણાં એક કુટુંબમાં ગાય અપાવીયે. એક કુટુંબમાં શાળ અપાવીયે, અને બાકીના એક બે કુટુંબ માટે ખાનગી રીતે અથાણાં પાપડના ઓર્ડર મોકલીયે તો કેમ ?"

" બહુજ સારૂં. આટલી શરૂઆત થાય તો કાંઈ ખોટું નથી. જુવો મનુભાઈ મુક્તિફોજવાળા સાથે પત્રવ્યવહાર કરી શાળની ગોઠવણ કરે. તેમજ તેમની પાસેથી સુતર કયાંથી અને કેવું લાવવું, તે પણ જાણી લે. ગાયો તો મ્હેં બે મંગાવી છે એટલે તેમાં કાંઈ કરવાનું નથી. પાપડ અથાણા માટે હું મુંબાઈમાં મ્હારી બેનપણીઓને લખું, અને શાંતા તેની બેનપણીઓને લખે. "

" ત્યારે મોતીભાઇ શું કરશે ? "

" મોટી વાત તો રહી. આ બધા માટે હાલ થોડાં નાણાં જોઇશે. જો બધું ઠીક ઠીક ચાલશે તો તો આપણે એ નાણાં પાછાં વસુલ કરી શકીશું. પણ હાલ તરત રૂ. ૫૦૦ આ કામ માટે મ્હેં જુદા કાઢ્યા છે. આ ઉપરાંત મ્હારા મનમાં એક બીજો પણ ખ્યાલ છે. કેટલાં એક રમકડાં જો ઘેર બેઠાં સ્ત્રીઓ બનાવે તો તે દુકાનોમાં વેચવા મુકી શકાય. કપડાની ઢીંગલીઓ બનાવવામાં બહુ આવડત નથી જોઇતી. જો તે લોકપ્રિય થાય તો તેમાંથી સારી આવક મળે. ઢીંગલીઓ ઉપરાંત જાનવરો પણ બનાવી શકાય. આ ઉદ્યોગ જો ચાલે તો સ્વદેશી હીલચાલને પણ લાભ મળે. હમણાં હજારો રૂપિયાનાં પરદેશી રમકડાં ખપે છે. આમાં સંચાનો કાંઈ ખપ પડે નહિ."

" હા, એ ખરૂં. પણ મોતીભાઇ, શીવણમાંથી કાંઇ આવકના થઈ શકે ?" શાંતાએ પૂછ્યું.

" તેમાંથી એ થઇ શકે. પરંતુ વ્યવસ્થા વધારે સારી જોઇયે. ઓર્ડર મેળવવા જોઇયે, આવડત જોઇયે, અને શીવવાનો સંચો પણ જોઇયે. તમે ધીમે ધીમે એક વેતરવાની કલાસ કાઢજો અને તેમાંથી પાર ઉતરેલાંને શીવવાનું કામ લાવી આપજો. હાલ તરત તે કાંઈ થાય

"ત્યારે શું આ ઉપરાંત ઘરમાં બેઠા કમાણીનાં કાંઈ બીજા માર્ગ નહિ હોય?"

"છે. અમારી પાડોશમાં આ વૈદ્ય છે, તે કેટલીએક દવાઓ બનાવીને વેચે છે. તે પેક કરવાનું કામ ઘરમાં બેઠાં સ્ત્રીઓ કરી શકે. કાર્ડબોર્ડની પેટીઓ પણ નાનો સંચો હોય તો બનાવી શકાય. કેટલાંએક બેરાં દાળ વીણવા પણ લાવે છે. પરંતુ તેમાં કાંઈ મળતર બહુ નથી, તથા સ્ત્રીઓ હલકા દુકાનદારોના સહવાસમાં આવે તે પણ બહુ ઇચ્છવા લાયક નથી."

"ત્યારે હાલ તરત તો આપણું આ ન્હાનું મંડળ, ન્હાનો સરખો કાર્યક્રમ અમલમાં મૂકે તેજ ઠીક છે. પછી ધીમે ધીમે બીજા વિચાર કરીશું."

"અરે પછી તો આપણે મંડળ મોટું કરીશું અને નાતની વાડીમાંજ સ્ત્રીઓને ભેગી કરીને કાંઇક કાંઇક શીખવવાની ગોઠવણ કરીશું."

"ખરી વાત. પણ આપણું મંડળ તે સમાજસેવામંડળ છે, એ ભૂલવાનું નથી. ઘરગતુ–ઉદ્યોગો ઉપરાંત બીજા વિચારો પણ આપણે કરવાના છે. બાળઉછેર, સગર્ભા સ્ત્રીઓની સંભાળ, સુવાવડ વખતે સંભાળ, મુખ્ય રોગોમા માવજત કરવાની રીત, વગેરે બાબતો ઉપર આપણે લખાણો લખાવી તે વહેંચવા જોઇએ તેથા ચોપાનીયામાં મોકલવા જોઇયે. ગરીબ વિદ્યાર્થિઓને ફી અને પુસ્તકની મદદ મળે તે માટે પણ તજવીજ કરવી જોઇએ."

"હા, એ બધું ધીમે ધીમે થશે. અત્યારે તો હવે ન્હા પુરી થઈ હોય તો પાનસોપારી લ્યો, અને ફરી પંદરે દિવસે પાછા અત્રે પધારજો." કાંતા બોલી અને સૌ હસીને વિખરાયાં.

દાદીમા રીસાયાં!

[લખનાર—રા. રા. પુષ્કરરામ વામનરામ મહેતા, એમ. એ., એલએલ્. બી.]

"અરે મા, દાદીમા, તમે ક્યાં ગયાં હતાં! જરા કોઇને કહ્યું પણ નહિ?" એજ સવાલ કરી આ પીટયાંઓ હું પાછી આવીશ ત્યારે મને પીંખી નાંખશે. ત્યારે હવે તો ગમે તે થાય. મારાથી બા આ નથી વેઠાતું. આજ કાલ કરતાં મને શીત્તેર વરસ થયાં, તેનું આરડયાંઓને કોઇને ભાન છે? જાણે હું ઘરની ચાકરડી ને સદાની જુવાન તે બધાં મને કામ સોંપતાં આવે, ને હું બધાંની દબાયલી તે બધાંને મારે વેળાસર કરી આપવુંજ પડે."

રતન ડોશી દિવસમાં પાંચમી વખતનો પુંજો કહાડતાં ઉપર પ્રમાણે બબડતાં હતાં. ડોશીમા તેના દીકરાના દીકરાની સાથે રહેતાં હતાં. પહેલાનાં ફરજંદો પૈકી કોઈ અત્યારે જીવતું નહોતું. મોટા દીકરાનો એક દીકરો હતો તેના ઘરમાં રહેતાં હતાં. એ દીકરાની બીજી વારની વહુ હાલના જમાનાની અડધી ભણેલી, અડધી કાચી એવી હતી. ઉછળતું લોહી, વાંચતાં લખતાં આવડે, બીજી વારની અને પરમેશ્વરની કૃપાથી એકાદ વરસથી છોકરાની મા થયેલી એટલે ચંચળ વહુના મીજાસ અને દીમાકનું પૂછવુંજ શું? ડોશીના દીકરાનો દીકરો કેશવ મીલમાં નોકરીએ હતો એટલે ઘરમાં એનું બહુ માથું નહોતું. કેશવની બે ન્હાની બ્હેનો પણ તેની સાથેજ રહેતી. તેઓ બન્ને હજી પરણેલી નહિ હોવાથી, વખત ગાળવા નિશાળે જતી હતી. સ્વાભાવિક રીતે આજના વખતની ઉચ્છૃંખળતા તેમનામાં હતી. ડોશીમાનાં જુના વખતનાં કસાયલાં હાડકાંને મહેનત અને કસરત વગર ચેન પડે નહિ એટલે તેઓજ ઘણું ખરૂં ઘરનું કામકાજ કરતાં હતાં. પરન્તુ હવે શીત્તેર વરસની ઉમ્મરે તેઓને જરા થાક લાગતો હતો તેથી કોઇ કોઇ વખત કંટાળી જતાં હતાં. આજે પણ એ મુજબ કંટાળેલાં હતાં, અને ઉપર આપણે વાંચી ગયા તેમ બબડતાં બબડતાં પુંજો કહાડતાં હતાં. તેવામાં ચંચળવહુ નાના બટુકને લઇ આવીને ડોશીમાના મ્હોં આગળ મૂકતી બોલીઃ— "લ્યો મા આ બટુકને રાખજો હોં, જરા હું ગોરધનનાથજી જઇ આવું. જો જો રડે નહિ હોં. ?" [illegible] ઉંચકીને ફરન[illegible] . વળી કંઇ પાછી આવી

નાંખશો તો ભોગ મળશે; ને કંઇ ગમે તેવું ખાવા બાવાનું આપશો નહિ. હમણાંજ મેં એને ધવાડ્યો છે. તેને એકલો મૂકીને કંઇ જશો ના; કુતરૂં બિલાડું કંઈ નખબખ મારી જશે. લ્યો હું જાઉં છું. સાચવજો. ને હા, હું મોઈ ભૂલકણી ભૂલીજ ગઈ. રાતે ખીચડી કરવાની છે તે દાળ ચોખા વીણી મૂકજો. જો જો ભૂલતાં નહિ." આ પ્રમાણે હુકમો છોડી, ડોશીમાના જવાબની રાહ જોયા વગર ચંચળવહુ ચાલતાં થયાં.

"મોઇ રાંડ ક્યાંથી આવી છે કોણ જાણે! ભગવાન મારૂં મોત પણ નથી લાવતો કે આ બધાંની ગુલામગીરીમાંથી છુટું. રાંડ ચીબાવલી મને શીખામણ આપવા આવી. છોકરાને આમ ન કરશો ને તેમ ન કરશો. મને મારા પેટનાં જણ્યાં એક બે નહિ પણ સાત છોકરાં હતાં. તેને ઉછેરવા એ આવી હતી? મેંતો કોઇને પાડી નાંખ્યાં નથી. એતો ભગવાનની મરજી એવી ને કોઇ છળ્યાં નહિ; તેમાં મારો વાંક શો? જો તો ખરી વાત લાવી છે તે? હવે તો બા નથી વેઠાતું. આજે રાતરે જતીજ રહું. હું નહિ હોઉં ત્યારેજ ખબર પડશે. હમણાં વળી એમ જાણ્યું કે પેલી બે ડાકણો નિશાળેથી આવશે તે છણકા કરતી આવશે. બળ્યું. વખતે કેવો આવ્યો છે! ઘરડે ઘડપણ આટલાં ટચુકીયાં છીછરાંના મીજાસ મારે ખમવા પડે છે. હવે તો જાઉંજ. બસ. જરા જોઉં તો ખરી ડોશીમા વગર કેમ ચાલે છે તે!"

ડોશીમાએ બબડતાં બબડતાં એક ગવન, એક ચણીયો, એક ચોળી અને એક લોટી એટલી ચીજોની એક નાની પોટલી બાંધી, પરસાળમાં લાકડાં પડયાં હતાં તેમાં સંતાડી. એટલામાં છોકરીઓ નિશાળેથી આવી.

"મા, નાસ્તો તૈયાર છે કે? કંઇ તાજું કર્યું છે, તે ટાઢુંજ જોંસવાનું છે? તમારા જેવું કોઇ આળસુ જોયું નહિ. મા લો ખરૂં કહું છું." મધુકાન્તાએ ઘરમાં પેસતાંજ ધુંજારો શરૂ કર્યો. "સો ટકાની વાત કરી, ખરૂં. મેં મારા બહેનને બટન ટાંકવાનું આજે ચાર દહાડાથી કહી મૂક્યું છે, પણ મા તો હવે જાણે કંઇ કરતાં જ નથી." લલિતાએ ટાપુકો પૂર્યો. ચંપલ ઉતારી, ચોપડીઓ કબાટમાં મૂકી બન્ને છોકરીઓ રસોડામાં દોડી ગઇ.

"મરો. મા તો જાણે બધાંની ચાકરડી. કોઈનાં ઢીંગડાં દેવાં, કોઈનાં બટન ટાંકવાં, કોઈનું કંઈ કરવું ને કોઈનું કંઈ. મુવાઓનાં પોતાનાં હાથ તો બધા જાણે ભાગીને ભુકા થઈ ગયા છે. રામજણીની માફક નાચવું કુદવું હોય તો તેમાં તૈયાર, બસ. નક્કી આજે તો જવું જ". ડોશીમાએ દઢ નિશ્ચય કર્યો.

રાતે દશ વાગે ઘરમાં બધું શાન્ત થયું ત્યારે ડોશીમા સંતાડેલી પોટલી લઈ ઘરની બ્હાર નીકળ્યાં, અને સ્ટેશનેથી એક ડોશી સાથે સંદેશો કહેવડાવ્યો કે સારો સંગાથ મળવાથી પોતે જાત્રાએ ગઈ છે, માટે કોઈએ તેની ફીકર કરવી નહિ. પાસેનાજ ગામમાં તેમની નાનપણની બેનપણી ગંગાડોશી રહેતાં હતાં ત્યાં રાતોરાત ગયાં. ગંગા ડોશી પણ લગભગ ૬૫-૭૦ ની ઉમરતીમાં આવેલાં. તે પણ તેના દીકરાના દીકરા અને તેના કુટુંબ સાથે રહેતાં હતાં. રતન ડોશી એને ઘેર પહોંચ્યાં ત્યારે ગંગાડોશી ઓટલે બેઠાં હતાં.

"કોણ રતન ! તું ક્યાંથી આવી ? હે ! ભલે આવી. આવ સારે વખતે આવી. તું આજે ના આવી હોત તો હું મળત પણ નહિ. જો આજે તો હું કંઈ નવાજુની કરવાની હતી."

"નવા જુની ? તે શું વળી કે તો ખરી ?" રતન ડોશીએ જીજ્ઞાસાથી પૂછ્યું.

"શું કહું મારૂં કપાળ ! કોણ જાણે ભગવાન બધાંને તેડું મોકલે છે ને મને કેમ નથી મોકલતો. આજ તો તે કંઈ વખત છે ! આટલી ઉમ્મરે આટઆટલાં દુઃખ વેઠવાં ! આજે સાચું કહું રતન, હું તો ઘરબાર છોડીને ચાલી જવાની હતી. મારાથી હવે નથી વેઠાતું."

"અત્યારે તો આપણે સરખાં. તું વિચાર કરતી રહી ને મેં તો કરી પણ નાંખ્યું. દુઃખની મારી આજે તારે ત્યાં આવી છું. સારૂં થયું તે એકમેકનાં દુઃખ સાંભળી મન વાળીશું. બીજું તો શું કરીએ ?"

"કરીએ શું કપાળ ? મારો દીકરો ને વહુ ને તેનાં ચીબાવલાં છોકરાં એ બધાં મળીને મારા ઉપર કંઈ જુલમ ગુજારે છે કે ન પૂછો વાત. રતન, તું હોય તો ક્યારનો કુવો હવાડો કર્યો હોય. એ તો હુંજ બધું સહન કરૂં. મારાં રોયાં જાણે હું તો મરવા સુતી હોઉં તેમ મને તો કંઈ કરવાજ ન દે. કહેશે મા તમે તો ઘરડાં; તમે પડી જશો, તમે માંદાં પડશો, તમને સુઝે નહિ, તમને વા થશે, તમને શરદી થશે. સુવાં આ તે કંઈ કૌતક ! મને ખાટલેથી ઉઠવા પણ નથી દેતાં, જાણે કેમ હું મરવાજ પડી હોઉં ! મને કેરીનું અથાણું યે ખાવા ન દે, કહેશે મા તમને ઉધરસ થશે—તાણ આવશે. મને બટાટા બહુ ભાવે ને ખાવા ન દે. કહેશે મા તમને વાયડા પડશે. શીરો ભાવે ને ખાવા ન દે. કહેશે મા તમને પચશે નહિ. આ તે કંઈ રીત છે ? એ લોકોનું ચાલે તો મને છીંકવા પણ ન દે. મારાથી તો બા આ જુલમ નથી વેઠાતો. હું તો મારે એક ઓરડી લઈને જૂદી રહીશ ને મારે હાથે જે થશે તે કરી ખાઈને પેટ ભરીશ.

અહિં તો અડધી ભૂખે મરૂં છું. ઘરડી થઈ તેથી શું થયું ? છલ થોડીજ જતી રહી છે ? હેં, કેમ બોલતી નથી, રતન ? ખોટું કહું છું ?"

"હા બા હા. આજ કાલનાં છોકરાં તો એવાંજ. તને આવું દુઃખ છે તો મને એથી ઉલટુંજ છે. સ્હવારથી સ્હાંજ સુધી મારા હાથ નવરાજ નહિ. બધાંનું કામ મારે કરવું, મારૂં કોઈ ના કરે. નાના બાળકનાં બાળોતીયાં સુદ્ધાં મારે ધોવાં. પણ મા, હવે તો હાડકાં નથી ચાલતાં. આજ કાલ કરતાં થોડાં ઘણાં શીત્તેર વરસ થયાં. પછી તે મારાં હાડકાં છે લોઢું ?"

"અરેરે મા એવું હોય તો સારૂં જ તો ! લાવતી હું તો આખો દિવસ કામ કર્યા જ કરૂં. આ અહિં તો વગર વાંકે કેદખાનું છે. જરા ઓટલે ગઈ તો લાગલોજ છોકરો ઘરમાંથી દોડી આવે ને મારૂં બાવડું પકડી ઘરમાં લઇ જાય ને ખાટલા ઉપર બેસાડી કહેશે, કે મા, તમારૂં હાડ નબળું, તમને વા લાગી જશે. જુવો એ જુલમ તે કેમ સહન થાય ?"

રતનડોશી, ગંગા ડોશીને ઘેર ચાર દિવસ રહ્યાં; પણ તેટલા વખતમાં તેમણે જોઇ લીધું કે ગંગા ડોશી કરતાં પોતે બહુ સુખી હતાં. ગંગા ડોશીને બીચારાંને જરા કાંઈ વ્હીલાં મુકતું નહિ; જરા કોઇ કંઈ કરવા દેતું નહિ. મન મુકીને કંઇ ખાવા દેતુ નહિ, અને જરા જરામાં મા તમને આમ થશે ને મા તમને તેમ થશે, કરીને બીચારીને અકળાવી નાંખતાં. પાંચમે દિવસે રતનડોશી ઘેર પાછાં ફર્યા ને શરૂઆતમાં આપણે વાંચી ગયા તેજ પ્રકારનો આવકાર તેમને મળ્યો.

"અરે દાદીમા, ક્યાં જાત્રાએ ગયાં હતાં ? જરા કહેવું તો હતું ? મને અહિં કેટલી અડચણ પડી !" ચંચળવહુએ રોદડાં રોયાં: "આ બટુક તો તમારા વગર કેમે કર્યો રહે નહિ. સંભારી સંભારીને રડે. રડી રડીને ગામ ગજાવી મૂકે. એને રાખવાને તો મધુ ને લલિતા બે દિવસ ઘેર રહ્યાં હતાં, ને ઘરનું બધું કામ તો જુઓ. બધું એમનું એમ પડ્યું છે."

"હા—મા હા." ડોશીમાએ બટુકને હાથમાં લઇ બચ્ચી કરતાં કહ્યું: "હવે કોઇ દહાડો કંઇ જવાની નથી. જાઓ કહેશો તોએ જવાની નથી. તમારાં જેવાં છોકરાં, આ ઘર ને મારૂં કામ અપ્યાતુ રહે. મારે શું કામ જવું પડે ? મને શું દુઃખ છે ? કોઇને કેવાં કેવાં દુઃખ પડે છે ! ભગવાન તમને સો વરસનાં કરે. ક્યાં છે મારી મધુ ને લલિતા ? નિશાળે ગઈ છે ? લાવ એને માટે તાજો ઉનો ઉનો નાસ્તો તૈયાર કરી મૂકું."

ડોશીમા હસતે મ્હોડે કામે વળગ્યાં. તે પછી કોઇ દિવસ તે બબડતાં સંભળાયાં નથી.

પુસ્તક પરિચય.

કેકારવની પૂરવણી.

(લેખક સ્વ૦ " કલાપી " પ્રકાશક શા. રમણીક કીશનલાલ મહેતા. કીમત ૦–૮–૦)

પ્રકાશક કહે છે કે કામ પ્રસંગે લાઠી જવાનું થતાં તેમને ત્યાં રાજ-કવિ સ્વ. કલાપીનાં કેટલાંક અપ્રસિદ્ધ કાવ્યો મળી આવ્યાં. તે કાવ્યો તેમણે કેકારવની પૂરવણી તરિકે પ્રસિદ્ધ કર્યાં છે.

સ્વ. કલાપીને ગુર્જર સમાજે પોતાના પ્રિય કવિ તરીકે સ્વીકાર્યા છે એટલે તેમનું કાંઇ પણ લખાણ બહાર આવે તે ગુર્જર પ્રજા માન સહિત વધાવી જ લે તેમાં કાંઇજ નવાઈ નથી. આ પૂરવણીમાં ત્રેવિસ કાવ્યો છે. કેટલાંએક ઉપર તારીખ છે, અને કેટલાંએક વગર તારીખનાં છે. કેટલાં-એક કાવ્યોમાં કલાપીની પ્રતિભા જણાય છે, જ્યારે કેટલાંએક તો એવાં છે કે તે પ્રકાશમાં ન આવ્યાં હોત તો કાંઈ નુકશાન નહોતું.

આ વખતે એકજ પ્રશ્ન ઉભો થાય છે. કલાપીના કેકારવની પાંચ આવૃત્તિઓ બહાર પડી ગઇ છે. પાંચમી આવૃત્તિ તો છેક ૧૯૨૨ માં પ્રસિદ્ધ થઈ છે. તે સર્વના પ્રકાશક સ્વ. " કાંત " હતા. કાંતને લાઠી અથવા કલાપીનાં રાણી સાહેબ ખીલકુલ અજાણ્યાં નહોતાં. ત્યારે આ કાવ્યો રહી કેમ ગયાં ? વળી કેકારવનાં પણ બધાં કાવ્યો પ્રથમ પંક્તિનાંજ નથી. તેથી એમ પણ ના કહી શકાય કે આ પૂરવણીમાં આવેલાં કાવ્યો ઉતરતી પંક્તિનાં લાગવાથી અપ્રકટ રહ્યાં હશે. વળી અમે સાંભળ્યું છે કે સ્વ. કલાપી પોતે કવિતા રચતા હતા તેની નકલો પોતાના અંગત અને સાહિત્ય-વિલાસી કેટલાએક મિત્રોને પણ મોકલતા હતા. પૂરવણીમાં પ્રકટ થયેલી કવિતાઓ પણ આ પ્રમાણે તેમના મિત્રોને મોકલાયેલી કે કેમ, તેની તપાસ થવી જોઇએ. પૂરવણીના પ્રકાશક પાસે આ કાવ્યોના કર્તૃત્વ સંબંધી સંતોષ-કારક સમાધાન મેળવવાનો પ્રજાને હક્ક છે; અને અમે આશા રાખીએ છીએ કે તે ભાઈ આ સંબંધી પૂરતો ખુલાસો બહાર પાડશે. તેઓ અમને લખી મોકલશે તો અમે ખુશીથી તે છાપીશું.

પૂરવણીની પ્રસ્તાવના ગુર્જર કવિ ન્હાનાલાલે લખી છે. આ પ્રસ્તાવનામાં પણ અમે આ વિષયનો ઉલ્લેખ જોવાની આશા રાખી હતી; પરંતુ તેમાં નિરાશાજ મળી છે. પ્રસ્તાવના વાંચતાં એમ લાગે છે કે તે લખવાનો એક હેતુ રા. નરસિંહરાવની કવિતાને ઉતારી પાડવાનોજ છે. આ રીત સામે અમે સખ્ત વાંધો લઇએ છીયે. રા. ન્હાનાલાલ ભલે ગમે તે કવિ સંબંધી તેમનાં કાવ્યોના પરીક્ષણનો સ્વતંત્ર લેખ લખે, પરંતુ આ પ્રસ્તાવનામાં જેમ એક કવિની વાત કરતા કરતા બીજા કવિ સંબંધી અધુરા ઈશારા કર્યા છે તે ઠીક લાગતું નથી. રા. ન્હાનાલાલે પૂરવણીમાંનાં કાવ્યોની ખૂબી ખામીઓ બતાવી હોત, કે તે કાવ્યો કલાપીનાંજ છે, તેનો આંતર અભ્યાસથી પૂરાવો આપ્યો હોત, તો તે વધારે ઉચિત લાગત. હજુયે તેઓ એ પ્રમાણે કરશે, એવી આશા વધારે પડતી નહિ લેખાય.

પૂરવણીનાં બધાં કાવ્યો કલાપીનાંજ છે તે સાબિત કરનાર પૂરાવા પ્રજા સમક્ષ ધરાય તો સારૂં. પુસ્તકના પ્રકાશકને અમે તેમ કરવા ફરીને વિનવિયે છીયે. વળી સા. શ્રી કેશવલાલ ધ્રુવ જેવા ઉંડા અભ્યાસીને વિનંતિ કરીયે છીયે કે કાવ્યોની અંદરજ આ સંબંધના કાંઇ પુરાવા હોય તો તે શોધી, તેમના અભ્યાસનું પરિણામ પ્રજા સમક્ષ મૂકે.

કાવ્યો જેવા છે તેવા આનંદજનક તો છે જ, અને તે સર્વ કલાપીના હોય કે ના હોય તો પણ એ પુસ્તક સંગ્રહવા યોગ્ય છે જ.

બાળવિહાર.

(લેખક રા. નટવર બિમાવાળા. કીં. ૦–૧૨–૦).

વૈજ્ઞાનિક વિષયો તરફ બાળકોનું ધ્યાન દોરનાર સુંદર વાર્તાઓનો આ એક સંગ્રહ છે. તેમાં અગીયાર વાતો છે. પદાર્થોનાં વજન, સૂર્યનાં કીરણ, બલૂનની શોધ, આગગાડીની શોધ, સીનેમા, છાપખાનું, પતંગ, વગેરે સંબંધી વાતો બહુજ રસભરી રીતે કહેલી છે. વળી પુસ્તકમાં થોડાં ચિત્રો પણ આપ્યાં છે. સર્વ રીતે આ પુસ્તક અમને બહુજ ગમ્યું છે. કાગળ તથા છપાઇ અને બંધાઈ પણ સારાં છે. દરેક બાળકના હાથમાં આ પુસ્તક મૂકવા યોગ્ય છે.

કે. છો. દેસાઈ.

ચાલુ બનાવોની માહિતી.

[લખનાર—રા. કેશવપ્રસાદ દેસાઇ.]

સ્ત્રીહક. સ્ત્રીઓને ધારાસભામાં બેસવાનો હક્ક આપવો જોઇયે, તે માટે માંગણી કરવા મુંબાઇની સર્વ વર્ણોની સ્ત્રીઓની એક જાહેર સભા લેડી કાવસજી જહાંગીરના પ્રમુખપણા નીચે મળી હતી. સ્ત્રીઓને મત આપવાનો તો હક્ક છે જ, વળી મ્યુનિસિપાલિટીમાં બેસવાનો હક્ક પણ તેમને મળ્યો છે. તો ધારાસભામાં પણ બેસવાની છુટ તેમને હોવીજ જોઇયે. વળી મુંબાઇ ઈલાકામાં તો ઝનાના કે પડદાનો રીવાજ પણ નથી, એટલે આ હક્ક તેમને મળવોજ જોઇયે. ધારાસભામાં સામાજિક કાયદાઓનો વિચાર પણ થાય છે. બાળકેળવણી, ફરજીયાત પ્રાથમિક કેળવણી, સ્ત્રીકેળવણી, બાળકોને તંબાકુ વેચવા સંબંધી, બાળકો માટે ખુલ્લા મેદાનો રાખવા સંબંધી, જેલમાં સ્ત્રીઓની હાલત સંબંધી, તથા પતિત સ્ત્રીઓ સંબંધી વિચાર હવે ધારાસભામાં થાય છે. આ બાબતોમાં સ્ત્રીઓની મદદ બહુજ ઉપયોગી થઇ પડે. આ હક્કની માંગણી માટે સખ્ત ચળવળ ગુજરાતમાં પણ થવી જોઇયે. તેમ થશે તો જરૂર આ હક્ક મળશે.

સેવાસદન. મુંબાઇ સેવાસદનમાં તેના એક સ્થાપક મી. મલબારીની યાદગીરીમાં "મલબારી મૅમોરીયલ હૉલ" ખુલ્લો મુકવાની ક્રિયા નામદાર ગવર્નરે કરી હતી. મર્હુમ મી. મલબારી સંસારમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવા બહુ મહેનત કરતા હતા. અને મુખ્ય કરીને તે હેતુથીજ સેવાસદન સ્થાપવાની મહેનત તેમણે ઉઠાવી હતી. તેઓ એક આગેવાન સમાજસુધારક પણ હતા. તેમનું નામ આ રીતે જાળવીને સેવાસદને એક ઉત્તમ કાર્ય કર્યું છે. સેવાસદનમાં જે સર્વ વર્ગની સ્ત્રીઓ વિશેષ રસ લે, અને ધનવાનો જે તેને સારી મદદ કરે, તો તેના કાર્યક્ષેત્રમાં હજી પણ વધારો થાય. પતિત હિંદી સ્ત્રીઓનો ઉદ્ધાર કરવાનું કામ મુક્તિફોજે હમણાં ઉપાડી લીધાનું જાહેર આવ્યું છે. આ કાર્ય હિંદીઓએજ ઉપાડી લેવાની જરૂર છે, અને સેવાસદન તે કામ માટે યોગ્ય સંસ્થા છે. અમે આશા રાખીએ છીએ કે હજી પણ સેવાસદન તરફથી તે કાર્ય ઉપાડી લેવામાં ..

મળતાં નથી, અને બીજે રેંટીયા દુરસ્ત કરવા સંબંધી કોઈ વ્યવસ્થા નથી. મહાત્માજીએ કહ્યું કે ફક્ત સુતારી કામ હોય, તેટલુંજ દુરસ્ત કરવા માટે વ્યવસ્થા કરવાની હોય. બાકી તો ઘણું કામ હાથેજ કરી લેવાય તેવું હોય છે. જો દરેક કાંતનારને તે ના સમજાવી શકો તો ભગિનીસમાજના બે ત્રણ કાર્યવાહકોએ તો તે સમજીજ લેવું જોઇયે, અને પછી તેઓ સહેલાઈથી તેઓના રેંટીયા દુરસ્ત કરી આપશે. મારે જેલમાં રેંટીયા માટે સુતારનું કામ કોઈ દિવસ પડયું નહોતું, અને બાકીનું તો હું જાતેજ કરી લેતો હતો. "

ત્યાર બાદ કંતાવવાની વાત નિકળતાં કહ્યું કે મુંબાઇમાં જે સ્ત્રીઓને કમાણી કરવી હોય તેમને તો રોજી બહુ સારી મળી શકે તેમ છે. એટલે પૈસા આપીને કંતાવવું મુંબાઈમાં સફળ નહિ થાય. જ્યારે ખાદીની શરૂઆત હતી ત્યારે તો મેં ગમે તેટલા દામ આપીને પણ કંતાવ્યું હતું. પણ હવે તો જેઓ કાંતવાના પ્રેમ ખાતર, તથા પોતાની ફરજ સમજીને કાંતે તેમની પાસે કંતાવવું. વળી હવે મીલની પુણી લેવાનું પણ બંધ કરવું જોઇયે. જો મીલની પુણી લઇએ તો મીલનું સુતર કેમ નહિ ? ફક્ત કાપુસ-રૂની ગોઠવણ આપણે કરી આપવી. પછી બહેનો તેમાંથી પુણીઓ અને સુતર બનાવે. ત્યાર પછી તે વણાવવાની ગોઠવણ કરવી પડે તો કરવી.

પણ મુંબાઈ તો ધનવાન છે. ને બહુ ખાદી ખરીદી શકે તેમ છે. માટે ખાદીનું વેચાણ વ્યવસ્થિત થવું જોઇયે. માટે પધરાવવાની રીત ચાલુ રાખવી. તેમજ પ્રદર્શનો થાય તે પણ સારૂં છે.

વાતમાં ને વાતમાં તેમણે જણાવ્યું કે લાખો એનો હિંદનાં ગામડાંમાં ને નાનાં ગામોમાં રોજીના અભાવે ભૂખે મરે છે. જો ખાદીનો પ્રચાર થાય તો તેમને કાંતવામાંથી રોજી મળે. અર્થશાસ્ત્રીઓ ભલે ગમે તે કહે પણ મને તો ખાદી વિના આપણો આર્થિક ઉદ્ધાર નથી દીસતો, અને ભૂખે મરતા લોકોને સ્વરાજ મળે તોયે શા કામનું છે ? જો રોજી મળશે, ખોરાક મળશે, તો સ્વરાજ આપોઆપ આવશે.

વાતચીતનો આ સાર હતો. બીજાં સેંકડો માણસો આવેલાં નીચે કંપાઉંડમાં દેખાતાં હતાં. ભગિની સમાજનાં સભ્યો નમસ્કાર કરી રજા લઈ ઉઠયા. પાછા વળતાં માર્ગમાં શ્રી જયકર, શ્રી નટરાજન વગેરેને અમે જોયા. મહાત્માજીનો આ કેવો આરામ ! ! આવો આરામ કદી પણ સાંભળ્યો પણ છે ?

"શ્રીબોધ"નો બાળકવિભાગ.

બાળક

પુસ્તક ૫ મું.] એપ્રીલ, ૧૯૨૪. [અંક ૪ થો.

સોનેરી શીખામણો.

માયાળુપણું.

"દયા ધર્મનું મૂળ છે"

હિંદમાં જુદા જુદા ધર્મના, રંગના અને જાતિના લોકો વસે છે, તે સૌની સાથે હળીમળીને રહેવું જરૂરનું છે. માયાળુપણાથી–દયાભાવથી–સૌના સામાન્ય સહજીવનને બહુ મદદ મળે છે.

માટે નિશ્ચય કરો કેઃ

(૧) હું મારા સર્વ વિચારોમાં માયાળુ રહીશ. હું કોઇના ઉપર ખાર રાખીશ નહિ. હું અમુક નાતનો કે જાતનો છું માટે બીજા બાળક કરતાં ઉત્તમ છું એવું કદીયે મારા મનમાં આણીશ નહિ. હું કદી કોઇને ધિક્કારીશ નહિ.

(૨) હું બોલીશ પણ માયાથી. વચનથી ઘા કરાય છે અને વચનથી ઘા રૂઝાય છે.

(૩) હું વર્તીશ પણ માયાળુપણે. સ્વાર્થીપણે હું જક્કી થઇશ નહિ. હું સભ્યતાથી વર્તીશ. અસભ્ય માણસો કદી સારા હિંદી કહેવાય જ નહિ. મારૂં કામ કોઈ કરતું હશે તેને હું પજવીશ નહિ. ઘાતકીપણું અટકાવવાને હું મારાથી બનશે તેટલું કરીશ.

ઘોડા દાવ.

[લેખક—ભાઇ કાંતિલાલ પ્રભુશંકર મહેતા.]

ઘોડાક છોકરા—

ચાલો ભાઈઓ આજે રમીએ,
આપણ સર્વે ઘોડા દાવ.

પહેલો છોકરો—

પ્રથમ રમતમાં ઘોડો થાવા
છગનભાઇ તું આગળ આવ.

સુતળી ઘાલી મોંની અંદર,
લગામ પકડી તાણું હાથ;
મુજ ઘોડાને ચોંકાવવાને
ચાબુક પકડી રાખું સાથ.

પૂર જોરથી ઘણું દોડજે,
નહિ તો પડશે ચાબુક એક;
એક, બે ને ત્રણ કહેતામાં,
દોડી જાજે લાંબે છેક.

વાહ ! ઘોડા સાબાશ તુજને,
દોડયો બહુ તું રાખી માન;
હાંફ ઉતારી ચણા ખાઇને,
પાણી પીને કર તું તાન.

બીજો છોકરો—

પ્રેમી ભાઈઓ તમ રમતમાં,
મારૂં મન તો માને નહિ;

હું બનાવું ચારપગી ઘોડો,
તેની મઝાનો પાર જ નહિ. ૧

સવાર બની હું હાંકું ઘોડાને,
ચાબુક ચમકતાં દોડે બહુ,
મારો ઘોડો કેવો સારો,
સવારીમાં તો ચાલે બહુ. ૬

ત્રીજો છોકરો—

વ્હાલાં બંધુઓ ઉભય ખેલમાં,
પ્યાર મને તો લાગે નહિ;
એ કારણથી મારી રમતને,
સાની આગળ મૂકું સહી. ૭

મારા વ્હાલા બે ઘોડાને,
સવારીમાં તો જોડી દઉં;
બેસી ગાડીમાં બની ફાંકડો,
થથરાવીને દોડાઉં. ૮

સહેલ કરી બંગલે વાડીમાં,
હાટે, ચૌટે, બાગે, ચોક;
શરત રમત ને ચંદનીમાં એ
આગળ આવે રાખી ચોક. ૯

ચોથો છોકરો—

મારા ઘોડા લાકડાનાને,
બાંધી દોરો ઘસડું આમ;
દોડે એ તો મારી સાથે,
સવારી પણ કરૂં તમામ. ૧૦

મને ગમતો એ બહુ ઘોડો,
ખવડાવું એને તો ઘાસ;

આમતેમ ફેરવી દોડાવી,
ખાંધાવું તબેલે ખાસ. ૧૧

પાંચમો છોકરો—

નળીઆના મારા ઘોડાને,
પાડી કાણું બાંધું દોર;
લગામ કરીને તાણી ચાલું,
દોડે કેવું રાખી જોર. ૧૨

સંભાળ રાખું હું તો એની,
નહિ તો એને વાગે ઠોક;
ઠોક વાગતાં ફૂટતાં એ,
ભાંગે સર્વે મનના નોક. ૧૩

છઠ્ઠો છોકરો—

મારો ઘોડો સૌથી જુદો,
ગમ્મતનો નહિ આવે પાર;
હું બનાવું જુદી રીતે,
હોંસ લાવીને મનમાં પ્યાર. ૧૪

લાકડીને બે પગની વચ્ચે,
રાખી ઘોડો કરૂં આમ;
ખુબ કુદાવું મુજ ઘોડાને,
દોડાવું પણ ધરીને હામ. ૧૫

બધા—

પ્રેમી ભાઇઓ,
રમત પૂરી થઇ;
ગમત ઘણી પડી,
મ્હેર પ્રભુની થઇ.

માંખી અને મચ્છર.

(એક નાટક.)

[અનુવાદક: રા. રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ.]

પાત્રો. બે છોકરીઓ. એકના હાથમાં સાવરણી અને કચરો ભરવાની ટોપલી છે. બીજીના હાથમાં સામાન લુછવાનો કકડો તથા ફીનાઇલની શીશી છે.

માંખી—એક છોકરીએ મોટી મોટી માંખીયોનાં ચિત્રો વાળું ફ્રાક અથવા હોરણી પહેરેલી છે. માથે કાગળની ટોપી છે તેના ઉપર બધે પણ માંખીનાં ચિત્રોજ છે. તે પોતે માંખી તરિકે ઓળખાય છે.

મચ્છર—ઉપરના જેવાંજ કપડાં પણ ચિત્રો મચ્છરનાં. આ છોકરી મચ્છર તરિકે ઓળખાય છે.

આરોગ્ય ખાતાનો અમલદાર. હાથમાં ફાઇલો રાખે છે.

દાક્તર—હાથમાં દવાની શીશી છે.

ભાગ પહેલો.

(મચ્છર તથા માંખી.)

મચ્છર: હું હું હું હું. તું કોણ છું ને કેમ આવી છું ?

માંખી: હું માંખી. મને કાંઇ ખોરાકની વાસ આવી તેથી આવી છું. પણ તું કોણ છું ? અને અહીં શા માટે ફરે છે.?

મચ્છર: તું મને નથી ઓળખતી ? મારૂં નામ મચ્છર. મારી અટક તો સાહેબ લોક જેવી છે. અમારૂં કુટુંબ એનોફીલીસને નામે ઓળખાય છે. વળી સંગીતમાં અમારી પ્રવિણતા બહુ ભારે છે. ગાવાનો અમને બહુજ શોખ છે, અને ..

મનુષ્ય જાતિ અમારે માટે પેદા કરી છે. અમને ભૂખ લાગે એટલે અમારો ખોરાક તૈયારજ છે.

માંખી: એમકે ? પણ ત્યારે એક વાત સાંભળો. આજે સવારે હું અહીં ફરતી હતી, તે વખતે બે છોકરીઓ વાત કરતી હતી કે આ માંખીઓ અને મચ્છરો બહુ પીડા કરે છે. તેમનો તો નાશ કરવો જોઇએ.

મચ્છર: અરે એમ નાશ કરવાનું કાંઇ સહેલું છે ? મનુષ્યોના કાનની પાસે સંગીત કરવાની મને તો બહુજ મઝા પડે છે. અરે કાલે એક ટાલવાળો માણસ ઉઘાડે માથે બેઠો હતો. ચટકા દેવાની એવી તો મઝા પડી, એવી તો મઝા પડી !! એનું મોં જોવા લાયક થઈ ગયું હતું. અને હું તો ગાયાજ કરૂં કે

તાલકું ભાઇ એ નજરે પડીયું
રાતું રાતું મેં તો કર્યું
છું છું છું છું છું છું.

માંખી: હું તો ચટકા નથી ભરતી. ફક્ત ખીજવું જ છું. માણસો બહુજ ચીઢીયાં હોય છે. એક દિવસ એક લાંબા નાકવાળી બૈરી હતી. મારા મનમાં આવ્યું કે એના નાક ઉપર ફરવાની બહુ મઝા પડશે. એમ ધારી હું તો નાક ઉપર બેઠી. અને એ તો એવી ચીડાઇ ગઇ ! અને હાથવતી મને ઝાપટો મારવા લાગી.

મચ્છર: અરે એવી રીતે મારો તો ઘણીવાર જીવ જતો રહી ગયો છે. અને હું કાંઇ વેર લીધા વિના રહેવાનો છું ? પણ આ પેલું કોણ આવે છે ?

(એક છોકરી હાથમાં સાવરણી લઇને દાખલ થાય છે.) ગાય છેઃ

" દૂર કરો, દૂર કરો, આળસને પરિહરો,
સાફસૂફ રાખી ઘર, નિરોગી થવાય છે.
મેલી હવા, મેલું પાણી, રોગતણાં ઘર જાણી,
ઘરબાર વાળી સાફ, રોગને જીતાય છે. "

(છોકરી ગાયનની સાથે સાવરણી ફેરવ્યા કરે. મચ્છર પડદા પાછળ ભરાઇ જાય છે. છું છું છું છું છું કર્યા કરે છે. પણ મચ્છરને જોતી નથી.)

છોકરી: મારા ગાયનનો પડઘો પડતો હોય એમ લાગ્યું. પણ કોઇ દેખાતું નથી. સખી!

એક અવાજ: એ આવી.

(બીજી છોકરી દાખલ થાય છે.)

પહેલી છોકરી: ચાલો આપણે સાફ કરીયે.

(બંને છોકરીઓ ત્યાં સાફસુફ કરે અને ગાતી જાય છે:)

"માખી તે તો માત ખરેખાત કોલેરાની જાણો;
મશકના ચટકથી તાવ સૌ ફેલાય છે.
માટે તજી આળસાઈ, કરવો વિનાશ એનો,
હથિયાર હાથ ધરી, લડવી લડાઇ છે."

માંખી: (આગળ આવે છે.) એનો તમે શું બોલો છો તે મને સમજાવશો?

(છોકરીઓ ચમકે છે. મચ્છર પણ બહાર આવે છે. અને માંખી સામે હું હું કરે છે.)

મચ્છર: (બીજી છોકરીને:) તમે શું ગાતાં હતાં તે કહેશો?

(બીજી છોકરી ચમકે છે, અને ભોંય ઉપર પડી જાય છે.)

પહેલી છોકરી: અરે મચ્છર બોલતા હશે!!

મચ્છર: હા. પણ તમે કહેશો કે અમે તમારૂં શું બગાડયું છે? તમે શા માટે અમારો ઘાત કરો છો?

માંખી: અને અમને શા માટે મારવાની વાત કરો છો?

પહેલી છોકરી: ચાલો તમે બે બોલી શકો છો, એટલે કહો કે તમે માણસ જાતનો નાશ કરવા માટે કેમ મહેનત કરો છો?

માંખી: ખોટી વાત. અમે માણસનો ઘાત કરવા નથી મહેનત કરતાં. અમે તો ફક્ત જરા જરા માણસોને ગલીપચી કરીયે છીયે. મારી દાદી તો કહે છે કે અસલના વારામાં માણસોને માંખીયો બહુજ ગમતી હતી, અને બાળકોના હાલરડામાં પણ માંખીના ગુણ ગાતા હતા. તે સમયે અમને કોઇ મારી નાંખતું નહોતું. એ લોકો જીવદયામાં માનતા હતા. હાલના લોકો જેવા નાસ્તિક નહોતા.

પહેલી છોકરીઃ એ તો બધું ઠીક છે, પણ અમારી દાદીઓને ખબર નહોતી કે તમારી તરફ બતાવેલી દયા તો ડાકણને ખાય છે. માંખી એટલે મોત છે, એ વાત તેમને ખબર નહિ. હા. અત્યારે તારી ધ્યાનમાં આ વાત ઉતરતી નથી, અને તું બહુ ચીઢાઇ ગઇ છે. માટે હું એ વાત વધારે નહિ કરૂં. આજે રાત્રે અમે એક સભા ગોઠવીશું ત્યાં તમે આવજો તે વખતે બધી હકીકત તમને કહેવામાં આવશે.

માંખી અને મચ્છરઃ ઠીક. તે સભામાં અમે આવીશું. પણ એક શરતે. તમારે અમારી સાથે સભ્યતાથી વર્તવુ, અને અમારૂં અપમાન કરવું નહિ.

(બધાં જાય છે.)

ભાગ બીજો.

(એક મોટું ટેબલ છે. ત્યાં માંખી, મચ્છર, આરોગ્યખાતાનો અમલદાર, દાક્તર, તથા બે છોકરીઓ એટલાં બેઠાં છે. ટેબલ ઉપર સૂક્ષ્મદર્શક યંત્ર પડયું છે.)

પહેલી છોકરીઃ (ઉભી થઇને) આજે આપણે સૌ આ આપણા શ.... પાડોશીઓ, માંખી અને મચ્છરને કાંઇક સમજુતી આપવા ભેગાં મળ્યાં છીયે. આજે આપણે તેમના વંશનો સદંતર નાશ કરવા માટે આપણી પાસે શાં કારણો છે, તે સમજાવીશું. અમારૂં કહેવું તેઓ શાંતિથી સાંભળશે એમ આશા છે. અમારા કહેવાનાં આધાર માટે આજે આ જાણીતા દાક્તર સાહેબ તથા આરોગ્યશાસ્ત્રીને પણ નોતર્યા છે. હવે હું તેમને વિવેચન કરવા આમંત્રણ કરૂં છું.

આરોગ્યશાસ્ત્રીઃ (ઉભા થાય છે. ગળામાંથી ખુંખારીને બોલે છે.) બાનુઓ, અને અસદ્ગૃહસ્થો! હું ટુંકું અને મુદ્દાસરજ બોલીશ. માણસ જાતના આરોગ્યની બાબતોમાં હું બહુ જ રસ લઉં છું. આરોગ્ય મેળવવા માટે આપણે ઘણાં ઘણાં યુદ્ધ કરવાનાં છે. આપણા દરેક શત્રુનાં નામ અત્યારે હું ગણાવીશ

નહિ,' પરંતુ જે બે જણ આપણા આરોગ્યનો નાશ કરે છે તે ખાસ જણાવીશ. એક વાત તો એજ છે કે દરવર્ષ લાખો માણસો કોગળીયાથી આ દેશમાં મરી જાય છે. માંખી બેન, તમે આ વાત ખાસ ધ્યાનમાં રાખજો. અને મેલેરીયા તાવથી તો તેના કરતાં પણ વધારે માણસો મરે છે. મી. મચ્છર, આ વાત તમે યાદ રાખજો.

માંખી અને મચ્છર: કેમ સાહેબ! અમારે તે યાદ રાખવાની શી જરૂર છે!

આરોગ્યશાસ્ત્રી: કારણ કે માંખી બહેન! તમે અને તમારી જાત, કોલેરા માટે જવાબદાર છો. અને મચ્છરશાઇ! તમારી જાત મેલેરીયા માટે જવાબદાર છે.

મચ્છર: ખોટી વાત. મેલેરીયાનું નામજ હું આજે સાંભળું છું. તમારી વાત સાંભળી મને એટલો ગુસ્સો આવે છે કે જાણે અહીં બધાને છું છું છું કરીને ચટકા ભરી લઉં.

માંખી: અને હું તો કોઇને ઇજા સરખીયે નથી કરતી. ફક્ત જરા જરા ગલીપચી કરી, તેમની સાથે રમત કરૂં છું.

આરોગ્ય શાસ્ત્રી: આ વાતનો જવાબ આપવા હું દાક્તર સાહેબને વિનંતિ કરૂં છું.

દાક્તર: માંખીબાઈ! તમે આમ આવો અને આ યંત્રમાં નજર નાંખો.

માંખી: હું તેમાં કોઈ "શતપગ" સોપગાં જનાવરને જોઉં છું.

દાક્તર: એ સો પગો એક માંખીનો પગ છે. આ યંત્રમાં તે છે તેના કરતાં બહુ મોટો દેખાય છે. જુવો તેને કેટલા બધા વાળ છે?

માંખી: હું તમારી વાત માનતી નથી. પણ ધારો કે તેમ હોય તોય શું?

દાક્તર: આ વાળમાં જંતુઓ ભરાય છે, અને તે ઠેર ઠેર જાય છે.

માંખી: જંતુ એ[illegible]? અને શા માટે મારે તે રાખવાં જોઇએ?

દાક્તરઃ એ જંતુઓ બહુજ ઝીણાં હોય છે, અને તેઓ કોગળીયું અને ટાઈફોઈડ જેવા રોગો ફેલાવે છે. આ જંતુઓ ગંદકીમાં થાય છે, અને માંખીઓને એવી ટેવ છે કે ગંદકીમાં ફરવું. ત્યાંથી આ જંતુઓ તેમના પગનો વાળમાં ભરાઈ જાય છે. પછી જ્યારે માંખીઓ અમારા ખોરાક ઉપર બેસે છે ત્યારે તે જંતુઓ ખોરાકમાં ભરાય છે, અને માણસોમાં કોગળીયું અને ટાઈફોઈડ ફેલાય છે.

પહેલી છોકરીઃ બોલો માંખી બાઇ! તમે કેવું ભુંડું કામ કરોછો તે જાણ્યું? આવા રોગ ફેલાવીને માણસોના જાન લેવા તે વ્યાજબી છે?

બીજી છોકરીઃ અને વળી દરેક માંખીને છ પગ અને દરેક પગ ઉપર સેંકડો રૂંવાટાં એટલે તેઓ કેટલાં બધાં જંતુઓ લાવે!!

પહેલી છોકરીઃ અને માંખીયો જન્મે પણ કરોડોથી. માંખીનો વંશ વિસ્તાર એટલો બધો વધે છે કે એકજ રૂતુમાં એકજ કુટુંબમાં કરોડો માંખીયો થઈ જાય છે.

મચ્છરઃ બેન માંખી! આ ખરી વાત છે?

માંખીઃ હા, એ વાત તો સાચી છે. મારો જન્મ ગયા એપ્રીલમાં થયો હતો. અને આજે ૨૭૦૬૮૪૩૫૨૦ જીવ મારા વંશમાં છે.

મચ્છરઃ અને તું ગંદી જગાઓમાં ફરે છે, તે વાત ખરી છે?

માંખીઃ મને જરા ઘોડાના તબેલામાં જવાનો, અને ઉકરડાઓ ઉપર ફરવાનો શોખ છે. વળી મોટા ઘરના કોઠારમાં અને રસોડામાં પણ હું જાઉં છું.

મચ્છરઃ અને તું જંતુઓ લઇ જાય છે, એ વાત સાચી?

માંખીઃ એ તો કોણ જાણે. પણ મારા પગ વારંવાર ભારે થાય છે, તેમાં કાંઈ ચીજો વળગે છે, અને હું ઘડી ઘડી, તે ધોઉં છું.

મચ્છરઃ ત્યારે તો, ખરેખર તું લાખો જીવનો ઘાત કરેજ છે.

માંખીઃ ના, ના, એમ ન બોલો. મેં કોઇનો પણ જીવ લેવા ઇચ્છા કરી નથી. અમે માંખીઓ બહુજ અજાણ છીએ, ફરીથી અમે તેવું નહિ કરીયે.

દાક્તરઃ હું બહુજ દીલગીર છું. તમારી માંખીઓની ઇચ્છા કોઇનો જીવ લેવાની નહિ હોય, તે ખરૂં; પણ તમે જંતુઓને લઇ જનારાં. એમાં તમારૂં નહિ ચાલે. જ્યાં સુધી તમારા પગ આવા રૂવાટાંવાળાં છે, ત્યાં સુધી તમે મનુષ્ય જાતનાં ઘાતક રહેવાનાંજ. માટે તમારી આખી કોમને અમારે—

બધાં સાથેઃ નિર્મૂળ કરવી જ પડશે.

માંખીઃ (મચ્છરને) ભાઇ મચ્છર, તું પણ મારી વિરૂદ્ધ થઇ ગયો ?

મચ્છરઃ અફસોસ ! આ બધી વાત જાણ્યા પછી હું તારો મિત્ર કેમ રહી શકું ? તું લાખોના જીવ લે છે. હું તો......

દાક્તરઃ હા, મચ્છરજી હવે તમારી વાત કરીયે. જરા શાંતિથી સાંભળજો. હું આ પુસ્તકમાંથી વાંચું છું. ઍનોફીલીસ એ મચ્છરની બહુજ ભય ભરેલી જાત છે. કારણ કે તે મેલેરીયા અથવા તાઢીયા તાવનાં જંતુઓ ફેલાવે છે. જો જગતમાંથી ઍનોફીલીસ મચ્છરો નાશ પામે, તો મેલેરીયા પણ નાશ પામે.

માંખીઃ (મચ્છરને) તું ઍનોફીલીસ કૂળનો છું ?

મચ્છરઃ હા, હા, હું અનોફીલીસ છું. પણ આ પુસ્તકમાં લખેલી વાત તદ્દન જુઠી છે. એ મારી અદનક્ષી છે. મારા ઉપર મુકાયલું તહોમત કેવળ ખોટું છે. અમે તો રાજવંશી છીએ. દિવસે કોઇને પજવવાની અમને ફુરસદ નથી. અમે દિવસે તો ઉંઘીએ છીએ. રાત્રે ફરવા નીકળીયે છીયે. પણ માણસો અમારાથી એવા તો બીયે છે કે મોટા મોટા જાળીયોના પાંજરામાં સુઈ જાય છે. અને આ દાક્તરો જેવા સ્વાર્થી મચ્છર નાશ કરવા માટે સરકાર પાસેથી લાખો રૂપિયા કઢાવે છે. તેઓ જો અમારા ઉપર ખોટાં તહોમત મૂકે નહિ તો આ રૂપિયા ક્યાંથી મળે ?

દાક્તરઃ આ પુસ્તકમાં કાંઈ મેં નથી લખ્યું.

માંખીઃ અરે મચ્છરજી, તમે તો મોટા ખુની દેખાવ છો.

મચ્છરઃ શું માંખી ! તું પણ મારી વરૂદ્ધ ગઇ અરેરે ! દાક્તર સાહેબ, મારા મનમાં કોઇનો પણ ઘાત કરવાનો વિચાર

નથી. તમે કહેશો તો હું હવે કોઇને કરડીશ નહિ: પણ અમારો નાશ ના કરશો.

દાક્તાર: હું બહુજ દિલગીર છું. જ્યાં સુધી મચ્છર તે મચ્છર છે, ત્યાં સુધી તે કરડયા વિના રહેજ નહિ. માટે અમારે તો માણસ જાતનું રક્ષણ કરવું જ જોઇએ. અને માંખી તથા મચ્છરનો—

બધાં: નાશ કરવોજ જોઇએ.

પહેલી છોકરી: માંખીબાઈ ! તથા મચ્છરજી ! જરા સાંભળો, અને વિચાર કરો. અમે કેવી રીતે કામ લેવાનાં છીયે તેની ખબર તમને અગાઉથી આપીયે છીયે. અને તે સાંભળ્યા પછી તમારો જીવ બચાવવા તમારે જે પગલાં ભરવાં હોય, તે ભરજો.

સાંભળો મચ્છર સાથે કામ પાડવાના નિયમો:

૧. રાતના રખડીને મચ્છરો સવારે આરામ લેવા પાછા ફરે છે. તે વખતે રોજ સવારે ગંધકનો ધુમાડો દરેક ઓરડામાં કરવો. તેજ પ્રમાણે સંધ્યાકાળે પણ આવો ધુમાડો કરવો.

૨. જો મચ્છર કરડવાની દહેશત હોય તો લીલી ન્હાનું તેલ મોં ઉપર અને હાથના કાંડા ઉપર તથા પગે ચોળો.

૩. મચ્છરો પોતનાં ઈંડાં ખાબોચીયામાં મૂકે છે. તેટલા માટે જ્યાં પાણી ભરાઈ રહે ત્યાં પાણી ઉપર ઘાસલેટ રેડવું. એથી તે ઇંડાંમાંથી મચ્છર થશે નહિ.

૪. પાણીનાં ખાબોચીયાં ભરાવા દેવાં નહિ. એક ચમચા પાણીમાં પણ મચ્છરનાં ઇંડા થાય છે. જેમ પાણી ગંદું તેમ મચ્છરની માદાને તેમાં ઈંડાં મૂકવાં ગમે છે. માટે પાણી રહેવા દેવું નહિ.

મચ્છર: આવી બન્યું રે આવી બન્યું,
મુજ જાત આખીનું આવી બન્યું.

માંખી: આવી બન્યું, રે આવી બન્યું;
તુજ જાત આખીનું આવી બન્યું.

મચ્છર: ભલે પણ મરતાં મરતાંએ મને આશ્વાસન છે કે મોતમાં પણ મારે સાથી છે. માંખીનું આવી બન્યું છે કે નહિ ?

બીજી છોકરી: જેમ મચ્છરને, તેમ માંખીને પણ અમે

અગાઉથીજ ચેતવણી આપીયે છીયે. હવે હું ગણાવીશ; માંખી સાથે કામ પાડવાના નિયમોઃ-

૧. દરેક જગા સ્વચ્છ રાખો. કચરો દૂર કરો, અથવા તો સત્તાવાળાઓ ઉપાડી જાય તેવી તજવીજ કરો.

૨. રસોડું તથા જમવાના ઓરડાને ઝીણા ગોઝની જાળીયો જડાવો. જ્યારે કોઈ ઓરડો વપરાશમાં ના હોય ત્યારે બારણાં બંધ રાખો.

૩. માંખીને દેખો ત્યાંથી દૂર કરો. માંખીઓ મરી જાય તેવા કાગળો વગેરેનો ઉપયોગ કરો.

૪. તબેલા તથા ખાવાનાની દુકાનો સ્વચ્છ રાખવા મહેનત કરો. તે ગંદાં હોય, તો એકદમ મ્યુનિસિપાલીટીમાં ફરીયાદ કરો.

૫. જે દુકાનદારો માંખીયો દૂર કરવાના ઉપાય ના લેતા હોય, તેને ત્યાંથી કાંઈ પણ ચીજો લેવી નહિ.

મચ્છર: બોલો માંખીબાઇ! હવે તમારે બચવાનો ઉપાય છે?

માંખી: આવી બન્યું રે આવી બન્યું,
મુજ જાત આખીનું આવી બન્યું.

મચ્છર: આવી બન્યું, રે આવી બન્યું,
તુજ જાત આખીનું આવી બન્યું.

માંખી! ચાલ હવે અહીં ઉભા રહેવામાં કાંઈ સાર નથી. આપણે જઇને આપણા લોકોને આ વાતની ખબર કરીયે. વળી આપણે જીવતાં રહેવું હોય તો જંગલોમાં જતાં રહીયે.

પહેલી છોકરી: તમે જતાં રહો, તે પહેલાં મને કહેવા દો કે અમે પુરતી તપાસ કર્યા પછી તમને દેશનિકાલની સજા ફરમાવી છે. જો તે સજા તમે જાતે નહિ ખમો તો તમને મોતની સજા કરવા પણ અમે ચુકશું નહિ. અમે તમારી જાત માટે બહુજ દીલગીર છીયે.

બીજી છોકરી-

આવી બન્યું આવી બન્યું, મચ્છર અને માંખીતણું,
આવી બન્યું આવી બન્યું, ઝેરી સૌ જમાતનું.....
માટે ચેતી જાતે અને ચેતાવી સગાં વ્હાલાં,
નાસો ભાગો વ્હેલાં, જીવ લઇને આ ઠામથી.....

(મચ્છર તથા માંખી જતાં રહે છે.)

બધાં ભેગાં ગાય છે.

દૂર કરો, દૂર કરો, આળસને પરિહરો,
સાફસુફ રાખી ઘર નિરોગી થવાય છે.
મેલી હવા, મેલું પાણી, રોગતણું ઘર જાણી;
ઘરબાર વાળી સાફ, રોગને જીતાય છે.
માખી તે તો માત, ખરેખાત કોલેરાની જાણો,
મશકના ચશકથી તાવ સા ફેલાય છે;
માટે તજી આળસાઈ, કરવો વિનાશ એનો,
હથિયાર હાથ ધારી, લડવી લડાઈ છે.

(બોલતી બોલની સાવરણી ચારે તરફ ફેરવે છે.)

દધીચિ મુનિનો આત્મભોગ.

પહેલેથીજ દેવો અને દાનવોને વેર ચાલ્યાજ કરતું હતું; અને તેથી કરી તેમને ઘણી વાર યુદ્ધમાં ઉતરવું પડતું.

એક વખત દૈત્યોએ ઘણોજ કેર કર્યો. તેમણે પોતાના ત્રાસથી ત્રણે લોકને ધ્રુજાવી નાખ્યું. આ દૈત્યોનો આગેવાન વૃત્રાસુર હતો. આમના ઘણા ત્રાસથી દેવતાઓના રાજા ઇન્દ્રને યુદ્ધમાં ઉતરવાની ફરજ પડી.

દૈત્યો ઘણા બળવાન હોવાથી દેવતાઓ હારવા લાગ્યા. ઘણા દિવસ વીત્યા છતાં દેવોનો જય થયો નહિ. જય-ન થવાથી ઇન્દ્ર ઘણા ચિંતાતુર થયા, કે દૈત્યો મ્હારૂં ઇન્દ્રાસન લેઈ લેશે; આથી કરી તે વિષ્ણુ ભગવાનની સલાહ લેવા માટે ગયા. ઇન્દ્રે સઘળો વૃત્તાન્ત ભગવાનને કહ્યો. અને પુછ્યું કે, "આ દૈત્યોને શી રીતે હરાવી શકાય"? પ્રભુએ કહ્યું કે "તમે તથા બીજા દેવો દધીચિ ઋષિ પાસે જાઓ. અને જો તે તેમનાં હાડકાં આપે તો તેનું વજ્ર બનાવી દૈત્યોને હરાવી શકાશે."

બીજે દિવસે ઇન્દ્ર અને બીજા દેવો દધીચિ ઋષિના આશ્રમમાં ગયા. અને પોતાનો વૃતાન્ત જણાવી હાડકાંની માગણી કરી.

ઋષિજી તો ઘણા પ્રસન્ન થયા અને બોલ્યા કે—"; અહા ! મારૂં કેવું સદ્ભાગ્ય કે મ્હારાં હાડકાં બીજાને ઉપયોગમાં આવે હું ઘણી ખુશીથી મ્હારાં હાડકાં આપીશ. આમ બોલી તેમણે સમાધી ચઢાવી પોતાના દેહનો ત્યાગ કર્યો ! દેવતાઓ તેમનાં હાડકાં લેઈ ગયા અને વિશ્વકર્મા પાસે તેનું વજ્ર બનાવરાવી યુદ્ધમાં વૃત્રાસુર આદિ દૈત્યોનો નાશ કર્યો. પ્રજા આથી કરીને દૈત્યોના ત્રાસથી મુક્ત થઈ ધન્ય છે આવા પરોપકારી મહાત્માઓને કે જેઓ બીજાના ભલા માટે પોતાના પ્રાણ પણ આપી દે છે !

ભવાનીશંકર હ૦ પાઠક.

ભૂતનું પોગળ.

અજ્ઞાન માણસો કોઇ કોઈવાર ભૂતની અનેક વાતો કરતાં માલમ પડે છે, પરંતુ જો બરાબર તપાસ કરવામાં આવે તો "ભૂતનું પોગળ" ઉઘાડું પડયા વગર રહેશે નહિ. તેવાં થોડાંક પોગળ આ નીચે જણાવુંછું.

પોગળ નં. ૧—હું જ્યારે સોજીત્રામાં નોકરી કરતો હતો ત્યારે સોઇવાળું અને મોટું ઘર જે બ્રહ્મરાક્ષસના વહેમવાળું હતું તે મેં થોડામાં ભાડે રાખ્યું હતું. લોકો તો અનેક વાતો કહી બીવરાવતા હતા, પરંતુ હું તો જરાએ ડગ્યો નહિ. "ઘરમાં રાતે પેલું ભૂત રોજ ભૂસકા મારે છે. અને બરાડા પાડે છે" એમ પાડોશી કહેતા હતા. કેટલેક દહાડે માલમ પડયું કે લુચ્ચા પાડોશીઓએ પેલા ઘરનો ચોક વાપરવાના હેતુથી ભૂતની વાત જોડી કાઢી હતી.

પોગળ નં. ૨—હું તો મળે ત્યાંસુધી ભૂતના વહેમવાળુંજ ઘર પસંદ કરતો. બીજે એક નાના ગામે મેં ડાકણ—ચુડેલો વાળું ઘર ભાડે રાખ્યું હતું. લોકો તો ચુડેલોના પરાક્રમની વાતો પ્રસંગોપાત કર્યાજ કરતાં અને મારી હિંમત માટે નવાઇ પામતાં હતાં. એકવાર અજવાળી પાછલી રાતે હું ખાટલામાં સૂતો સૂતો જાગીને જોઉં છું તો સાંમેના ખુણામાં બે સ્ત્રીઓ ઉભેલી દીઠી. તેથી મેં ગભરાઇને મોંઢે માથે પછેડી ઓઢી લીધી.

બાળકો માટે —રામાયણની વાતો.

૧૫. ખર-દૂષણનો વધ.

શૂર્પણખાનાં નાક અને કાન કપાયાં. તેનું શરીર મોટા પહાડ જેવું ભયાનક બની ગયું. તે એકદમ રાડ પાડી ઉઠી અને આખા વનને ગજાવતી જીવ લઇને નાઠી. આમ લોહીલોહાણ અને બેબાકળી બની તે તેના ભાઈ ખર અને દૂષણની પાસે આવી પોકેપોક મૂકી રડવા લાગી. પોતાની બેનની દશા જોઇને તેમને બહુજ નવાઈ લાગી. સાથે સાથે ક્રોધથી તેમની આંખો લાલચોળ બની ગઈ. તરતજ ખર બોલી ઉઠયો કે, "બેન તારી આવી દશા કરનાર કોણ છે? કાળા નાગને છંછેડી પોતાની હાથે મોતને માગી લેનાર કોણ છે? દેવતાઓનો રાજા ઇંદ્ર પણ અમને છંછેડી સુખે રહી શકે નહિ તો આવું જીવલેણ સાહસ કરનાર એ કોણ છે? તું એકદમ બનેલી બધી હકીકત કહે. તારી આવી દશા કરનાર ગમે તેવો અને ગમે ત્યાં હશે તોપણ અમે તેને આ દુનિયા પર વધારે વખત જીવતો રહેવા દઇશું નહિ."

શૂર્પણખા રોતી રોતી બોલી: "ભાઇ! અહીંથી દૂર પંચવટીમાં તામ્રવર્ણ ઝૂંપડું બાંધીને બે સુંદર અને શૂરવીર રાજાના પુત્રો
ખાસ જરૂર પણ જોવાઇ છે. તે સ્ત્રી એવી તો સુંદર
વખત એક લશ્કરી ટુકડી કોઈક ગાઉ
જતી હતી. જંગલમાં જતાં જતાં આવી આવવી મુશ્કેલ છે.
ખાવા લાયક ફળફૂલવાળાં ઝાડો જો ત્યાં એ બંને ભાઇઓએ
નાખ્યો. સૈનિકો પોતપોતાનો હવે તેમનો સત્વર જ નાશ
ફળફળાદિ તોડીને ખાવા લાગ્યા. રહેશે ત્યાં સુધી મને જરાએ

હકીકત સાંભળી બંને ભાઇઓ ઘણાજ ગુસ્સે થયા. તરત જ તેમણે સેનાપતિને હુકમ કર્યો કે, " આપણા સુનંદા ૧૪ યોદ્ધા કાઢી તેમની સાથે એકદમ પંચવટીમાં જાઓ અને ત્યાં આવી વસેલાં ત્રણે જણાંને પકડી અહીં હાજર કરો. " હુકમ સાંભળતાંની સાથે જ સેનાપતિ મોટા ચૌદ રાક્ષસો સાથે રામ, લક્ષ્મણ અને સીતાને પકડી લાવવાને પંચવટી તરફ કુચ કરી ગયો.

ઘનઘોર કાળાં વાદળની પેઠે ચઢી આવતી રાક્ષસની સેનાને જોઇને રામચંદ્રજીએ લક્ષ્મણને કહ્યું કે, " ભાઇ, તમે સીતાને લઇને પર્વત પર જાઓ. હું એકલો એ રાક્ષસોનો નાશ કરવાને બસ છું. " લક્ષ્મણ આજ્ઞા પ્રમાણે સીતાને લઈ પર્વત પર ગયા અને રામચંદ્રજીએ બખ્તર સજી ધનુષ્યબાણ ધારણ કર્યાં. રાક્ષસો પાસે આવતાં રામે ધનુષ્યનો ટંકાર કર્યો. પછી ગર્જના કરી કહેવા લાગ્યા કે, હે રાક્ષસો, તમે જાણો કે હું મહારાજા દશરથનો પુત્ર છું. અહીં મારી સ્ત્રી સીતા અને મારા ભાઇ લક્ષ્મણ સાથે વસું છું. ઋષિમુનિયોના મોઢેથી તમારા જુલમ અને ત્રાસની વાતો સાંભળી મેં તમારો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી છે. સારૂં થયું કે તમે મને આવી મળ્યા. પાપીઓનો નાશ કરવાને માટે જ મેં આ ધનુષબાણ ધારણ કરેલાં છે. પણ જો તમને તમારો જીવ વહાલો હોય તો અહીંથી નાસી જાઓ. તેમ નહિ તો મરવાને માટે તૈયાર થઇ સામે આવી જાઓ. " રાક્ષસો કંઇ ધમકીથી ડરી જાય તેવા ન હતા, એ તો માણસને પોતાનો આહાર સમજતા હતા. તેથી હસતે હસતે કહેવા લાગ્યા કે, " તમે અમારા રાજા ખરને તેની બેનનાં નાકકાન કાપીને ગુસ્સે કર્યા છે. સાપને છંછેડીને હવે તમે વધારે વખત જીવતા રહો તેમ નથી. તમે આ લશ્કર તરફ તો નજર કરો. અમારા સૈન્ય સામે તમારા એકલાનું શું ચાલે એમ છે? " આમ બોલતાંની સાથેજ તેઓ રામચંદ્ર પર તૂટી પડયા.

ચારે તરફ ગદા, ફરસી, ભાલા, તલવાર ઉછળવા લાગ્યાં. રામચંદ્ર એકી સાથે ચૌદ ચૌદ બાણો છોડી સઘળાંના ટુકડે ટુકડા

કરવા લાગ્યા. જોતજોતાંમાં રામે સઘળા રાક્ષસોનો સંહાર કરી નાખ્યો. આ માઠા સમાચાર ખર અને દૂષણને કાને પહોંચ્યા. તેઓ ક્રોધથી રાતાતાતા બની ગયા. તરતજ એક ભારે સેના એકઠી કરી તેઓ ઉતાવળે પગલે પંચવટી તરફ ચાલી નીકળ્યા.

રાક્ષસોના પગના ધમકારાથી ધરતી ધ્રૂજવા લાગી. તેમના અવાજોથી આસપાસની જગા ગાજી ઉઠી. તેમના પગથી ઉડતી ધૂળથી આખું આકાશ છવાઇ ગયું. રામે છેટેથી આ અગણિત દળને આવતું દીઠું. તેમણે પ્રથમની-માફક લક્ષ્મણને સીતા સાથે પર્વત પર જઇ રહેવા કહ્યું. લક્ષ્મણ સીતાને લઇ પર્વત પર ચઢી ગયા. રામચંદ્રજી તો આયુધ સજી લઢવાને તૈયાર જ બની બેઠા હતા. ત્યાં તેમણે અસંખ્ય રાક્ષસો અને તેમના ખર, દૂષણ અને ત્રિશીરા એ ત્રણ આગેવાનોને જોયા. એ રાક્ષસોનાં શરીર ઘણાંજ વિચિત્ર હતાં. કોઇ પહાડ જેવા ઉંચા અને ભયાનક, કોઇ ગધેડાના જેવા, કોઇ કુબડા દેખાવના, કોઇ બબ્બે, ત્રણ ત્રણ માથાંના તો કોઇ વરવા, બેડોળ અને બીહામણા સ્વરૂપના હતા. તેમનાં હથિયારોમાં તીર, ભાલા, ફરસી, તલવાર, ગદા તો કોઇ કોઇના હાથમાં મોટા પાષાણ અને ઝાડનાં ઝાડ આવી રહેલાં હતાં. આ લશ્કરે આવીને પંચવટી ફરતો વીંટ નાંખી દીધો. પછી ખરે રામચંદ્રની બરાબર સામે ઉભા રહી તેમના પર સેંકડો તીર ફેંક્યાં. બીજા રાક્ષસોએ પણ તે સાથે બાણોનો વરસાદ વરસાવી મૂક્યો. રામચંદ્રજી આખા અંગે ઘવાઇ ગયા. તેમના શરીરમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી.

પોતાની આવી દશાની સાથે જ તેમની રગેરગમાંથી વીરત્વ ઝબકી ઉઠ્યું અને જેમ વનમાં પશુઓની વચ્ચે સિંહ ઘુમે તેમ ઘુમવા લાગ્યા. ધનુષ્યનો ટંકાર કરી અગણિત બાણો છોડવા લાગ્યા. રામનાં બાણોથી વ્યાકુળ અને બેબાવરા બની ઉપરા ઉપરી અસંખ્ય રાક્ષસો ઘાયલ થઈ પૃથ્વી પર પડવા લાગ્યા. આમ અસંખ્ય રાક્ષસોનો રામના હાથે સંહાર થયો અને તે સાથે ખર, દૂષણ અને ત્રિશીરાનો નાશ થયો.

રાક્ષસોના નાશની સાથેજ દેવનાં દુદુંભી ગડગડવા લાગ્યાં. સ્વર્ગના દેવો અને ઋષિમુનિયો ખુશી થઇ તેમના પર અસંખ્ય આશીર્વાદો વરસાવવા લાગ્યા. લક્ષ્મણ સીતાને લઇ નીચે આવ્યા. બંને ભાઇઓ હેતથી ભેટયા. સીતાએ રામને નમન કર્યું. રામે સીતા સામે જોઇ પ્રેમ ભરી નજરે આનંદ દર્શાવ્યો અને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થવામાં સહાયરૂપ પ્રભુનો આભાર માની તેના ભજન અને ચિંતનમાં દિવસો વીતાવવા લાગ્યા.

આમ એક તરફથી રામ, લક્ષ્મણ અને સીતા આનંદમાં દિવસો ગાળે છે ત્યારે બીજી તરફથી દ્વેષથી સળગી ઉઠેલી શૂર્પણખા રડતી કકળતી તેના ત્રીજા ભાઇ રાવણની પાસે લંકામાં ગઇ. ત્યાં જઇને કહેવા લાગી કે, હે રાવણ, તને ધિક્કાર છે! તું અહીં નીરાંતે બેસી રહ્યો છે અને અમનચમન ઉડાવે છે. બહારના પ્રદેશમાં શું બને છે તેની તને લેશ પણ ખબર નથી. તમારા જેવા બેદરકાર રાજાનું રાજ્ય સત્વર નાશ પામે તો તેમાં નવાઈ જેવું શું છે? તમારી આસપાસ કેવી સ્થિતિ થવા પામી છે તેની તમને કંઇ માહિતી છે? તમને ખબર છે, કે મહા બળવાન ખર, દૂષણ અને તેની અગણિત સેનાનું નામ નિશાન પણ રહેવા પામ્યું નથી? તમે આ મારી દશા જુઓ. મને લાગે છે, કે હવે આપણો વિનાશકાળ આવી પહોંચ્યો છે. એક પણ રાક્ષસ બચ્યો જીવતો રહેવા પામે એ સંભવિત નથી. તેમ ન હોય તો તમારા જેવા પૂર્ણ પ્રતાપી અને આખા બ્રહ્માંડને ખળભળાવી મૂકે તેવા રાજા પોતાના માણસોનો થતો વિનાશ આમ સાંખી શકે? યા તો તેમની સ્થિતિથી અજાણ અને બેદરકાર બની રહે?"

શૂર્પણખાનાં વચનો રાવણને હાડોહાડ લાગી ગયાં. તે ક્રોધથી ગર્જી ઉઠયો: "બેન, તમારી આવી દશા કરનાર કોણ છે? ખર, દૂષણ અને તેના સૈન્યનો કોણે નાશ કર્યો? શું સ્વર્ગના દેવો એકસંપ કરી રાક્ષસો સામે લડવાને ઉતરી આવ્યા છે? તું જેવી હોય તેવી હકીકત મને એકદમ સંભળાવ." શૂર્પણખાએ રામચંદ્ર વિષેની બધી

હકીકત કહી સંભળાવી. વધારામાં તેમના સ્વરૂપ અને ગુણનું વર્ણન કરતાં કહ્યું, કે "તેમની આંખો ઘણી મોટી છે અને હાથ ઢીંચણે અડે એટલા લાંબા છે. રૂપમાં તો તેમની બરોબરી કોઇપણ કરી શકે તેમ છે જ નહિ. તે હમેશાં ધનુષબાણ ધારણ કરી રહે છે અને તેના વડેજ સઘળા શત્રુઓનો સંહાર કરે છે. રામચંદ્ર એકલાએ જ ત્રણ ઘડી જેટલી વારમાં એટલા બધા રાક્ષસોને મારી નાંખ્યા. માત્ર મને જ તેમણે સ્ત્રી સમજીને જીવતી મૂકી છે. વળી તે એકલા નથી. તેમની સાથે તેમનો ભાઇ લક્ષ્મણ અને તેમની સ્ત્રી સીતા પણ છે. લક્ષ્મણ રામના જેટલા જ રૂપાળા અને શૂરવીર છે. સીતા તે તો સીતા જ છે. તેના જેવી સુંદર સ્ત્રી આ જગતમાં બીજી કોઇ છે જ નહિ. તેને જોતાંની સાથેજ મને લાગ્યું કે તે સ્ત્રી તમારે ત્યાં હોય તો બહુજ સારૂં. આવા વિચારની સાથે હું તેને મળવાને ગઇ હતી. ત્યાં લક્ષ્મણે મારાં નાક અને કાન કાપી લીધાં. જે ઘરમાં સીતા જેવી સ્ત્રી નથી તે ઘર ઘર નહિ પણ મશાણ છે. જો તમે તમારા મહેલને શોભીતો બનાવવા ચ્હાતા હો તો ગમે તે પ્રકારે સીતાને તેમાં લાવી બેસાડો. આમ કરવાથી "એક પંથ અને દો કાજ", થયા જેવું થશે. એક તો સીતા તમારો મહેલ અજવાળશે અને બીજું તેના વિયોગના દુઃખને લીધે રામ અને લક્ષ્મણ બંને ભાઇઓ ઝુરીઝુરીને મરી જશે. આ સિવાય એ બંને ભાઇઓને મારવાનો બીજો રસ્તો હોય એમ હું જોઇ શકતી નથી. માટે હે રાવણ! તું હવે ઉઠ, અને રામની સ્ત્રીનું હરકોઇ પ્રકારે હરણ કરી લાવી તારી આ બેનના વેરનો બદલો લે."

સઘળી હકીકત સાંભળી રાવણને અપાર ક્રોધ વ્યાપ્યો. તેણે શૂર્પણખાને બહુજ ધીરજ આપી અને કોઇપણ ઉપાયે સીતાને હરી લાવવાનો પોતાના મન સાથે પાકો નિશ્ચય કર્યો. પોતાનો નિશ્ચય શી રીતે પાર પાડવો તેના બહુજ ઉંડા વિચારમાં તે પડી ગયો. વિચાર કરતાં કરતાં તેને એક યુક્તિ સૂઝી આવી. તે તરત જ ખડો થયો. સારથીને રથ તૈયાર કરી જોડી લાવવાનો હુકમ

આપ્યો. પછી રથ પર ચઢીને તે તેનો મારીચ નામનો એક મામો વનમાં તપ કરતો હતો તેની પાસે ગયો.

રાવણને વનમાં રથે ચઢી પોતાની પાસે આવેલો જોઇ મારીચે તેને આવવાનું કારણ પૂછ્યું. જવાબમાં રાવણે જણાવ્યું, કે "હે મામા મારીચ! તમે સાંભળ્યું તો હશે જ કે આપણા પંચવટીમાંના સઘળા રાક્ષસોને મહારાજા દશરથના પુત્ર રામચંદ્રે મારી નાંખ્યા છે. વળી અધુરામાં પૂરૂં તેણે મારી બેન શૂર્પણખાનાં નાક અને કાન કપાવી નંખાવ્યાં છે. આ દુઃખદાયી સમાચારથી મારા રોમે રોમમાં આગ લાગી રહી છે. હે મારીચ! રામચંદ્રે મારા નિરપરાધી યોદ્ધાઓનો નાશ કર્યો છે. આ મહાન્ વેરના બદલામાં હું તેની સ્ત્રી સીતાને હરી લઇ જઇ મારા મહેલમાં રાખવા ઇચ્છું છું. આ કામમાં મને તમારી સહાયની ઘણી જરૂર છે. તમારી મદદ વગર આ કામ બને એવું નથી, અને એટલા માટે જ હું અહીં ખાસ જાતે આવ્યો છું. તમે કદાચ કહેશો કે હું એમાં શી મદદ કરી શકું એમ છું? એના જવાબમાં મેં જે યુક્તિ કરવા ધારી છે તે હું તમને કહી સંભળાવું છું. તમે આબેહુબ કોઈ સોનાનું હરણ હોય એવું રૂપ ધારણ કરો. પછી પંચવટીમાં જઇ સીતાની ખાસ નજરે પડો એવી રીતે ખેલ કુદ કરો. સીતા જોતાંની સાથે જ તમને મેળવવા ઇચ્છશે. તેની ઇચ્છા પૂરણ કરવાને બંને ભાઇઓ તમને પકડવાને તમારી પૂંઠ લેશે. તેઓ તમારી પૂંઠ પકડે તે વખતે તમે વનમાં ઘણે દૂર નીકળી જજો. આ વખતે હું રામની ઝુંપડીએ જઇ ત્યાં એકલી રહેલી સીતાને ઉપાડીને ચાલતો થઈશ. તેઓ વનમાંથી પાછા ફરી ઝુંપડીમાં આવીને જોશે તે સમયે તેમને સીતા જણાશે નહિ. આથી તે તેની શોધ ખોળમાં પડશે અને તેના વિયોગ દુઃખથી ઝુરી ઝુરીને મરી જશે. આમ આપણા શત્રુઓનું અનાયાસે કાસળ જશે અને તેની સ્ત્રી પણ કબજે આવશે."

રાવણના કપટની અને નીચ બુદ્ધિની વાત સાંભળી મારીચનું મોઢું લેવાઇ ગયું. તેના શરીરનો રંગ ઉડી ગયો. તેના રોમ

નાનો પુત્ર રજનીકાંત બોલ્યો— "બાપા! રસ્તામાંથી મને આ પાઈ જડી છે. કાલે હું તેના મમરાના લાડુ લઇશ. બાપા! હું એકલો ખાઇશ. ભાઈને કે બેનને નહિ આપું હો!"

મોતીલાલ— રજની! તું જાણતો નથી કે રસ્તામાંથી અથવા બીજે કયાંઇથી જે કંઈ આપણને મળે તે આપણું માની લેવામાં ચોરી કર્યા જેટલું જ પાપ છે? કારણકે તે કોઇની પડી ગએલી ચીજ છે. તારૂં કંઇક ખોવાઈ જાય અને તે કોઇક લઈલે અને તને ન આપે તો તને કેવું લાગે! આ તો એક પાઈ છે પણ સોનાનો ઢગલો જડયો હોય તોપણ આપણે તેના ખરા માલીકને શોધી કાઢી તે ચીજ તેને સોંપવી જોઇએ. તપાસ કરતાં પણ તેનો ખરો માલીક ન મળે તો તેને ધર્માદામાં વાપરવું જોઇએ. વળી આપણી પાસે પસા કયાં નથી! કાલે હું તને ખાવાનું લેવા બે પસા આપીશ. સવારે તપાસ કરીને એ પાઇ જેની હોય તેને આપી દેજે.

રજની— બાપા! પણ રસ્તામાંથી કંઇ જડે તેનો માલીક વળી આપણે ગોતવા જવો! શું આપણે તેના નોકર છીએ?

મોતીલાલ-એવું અભિમાન રાખવું જ નહિ. ઇશ્વરનાં આપણે સર્વે બચ્ચાં છીએ. એક બીજાને મદદ કરવી એ આપણી ફરજ છે. કોઇને કંઈ આપી પુન્યદાન કરવાને બદલે જડયું તે પણ જેનું હોય તેને ન આપીએ તો આપણને પાપ લાગે અને પરમેશ્વરના ગુન્હેગાર આપણે થઈએ.

રજની— બાપા, પણ એક પાઈમાં શું?

મોતીલાલ—અરે! ત્યારે તને સમજણ જ નથી. ગરીબ માણસને પાઇ આપી જોજે એટલે ખબર પડશે. તને જ્યારે જોઇએ ત્યારે વાપરવા પૈસા મળે એટલે પાઈની કિંમત શાની હોય! પણ તેને તો ઘણીજ કિંમત થઈ પડે. વળી બીજું કહું, મળેલી ચીજ આપણે રાખીએ તો આપણને બીલકુલ ફાયદો થાય નહિ; કારણકે તે આપણી પાસે રહેશે નહિ.

રજની—બાપા, એ ખરી વાત. મને એક દિવસ આખી સીસાપેન જડી. હું તો રાજી થયો. મેં કોઈને કહ્યું નહિ, ને મારા ખીસામાં રાખી. પણ તે સીસાપેન અને મારી આખી પેન બેઉ પડી ગયાં. હવે સમજ્યો. જડયું હોય તે પણ જાય અને ઉલટું બીજું પણ નુકશાન કરે. માટે હવેથી આ વાત હું બરાબર ધ્યાનમાં રાખીશ, અને સવારે આ પાઇ જેની હશે તેને આપી દઇશ.

(૨)

સવારે મોતીલાલ શેઠ પોતાના ઓટલા ઉપર બેસી, દાતણ કરતા હતા, તેવામાં પાસેના ઘરમાં એક ગરીબ બાઇ અને તેના છોકરા વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થતી હતી.

છોકરો—મા, કાલે તેં ખાવાનું લેવા મને પાઇ આપી તીને તે મારૂં ખીસું ફાટલું હોવાથી પડી ગઈ. ઘણી ગોતી પણ જડી નહિ. હવે બીજી આપીશને મા ! કાલે મને પેલા ગોમતી ફૈઈએ એક જામફળ આપ્યું હતું. એટલે બીજે દિવસે કંઇક ખાવાનું લઇશ એમ ધારી મેં રાખી મૂકી હતી, પણ પડી ગઇ. હવે બીજી આપીશને !

મા—દિકરા, માંડ પેટનું પુરૂં થાય છે. તારે રોજ ઉઠીને ખાવાનું જોઈએ. એને બદલે ટુકડો રોટલો ખાઈ લઇએ દિકરા ! પાઇ બરાબર ગોતી હોત તો જડત. પડી ત્યાંથી ક્યાં જાય ? ચાલ આ દાતણ પુરૂં કરીને જ્યાં પડી ગઈ ત્યાં જઇને ગોતીએ. જડે તો સારૂં."

મોતીલાલ શેઠ સમજી ગયા કે રજનીને જડેલી પાઇ આ છોકરાની હોવી જોઇએ. (રજનીને ઘરમાંથી બોલાવ્યો.)

મોતીલાલ—રજની ! તને જડી તે પાઇ અને મારા ખીસા માંથી એક પાવલી લઇને જલદી આવ.

રજની એકદમ લઇ બહાર આવ્યો ને બોલ્યો, " લ્યે બાપા, આને શું કરવું છે ?"

મોતીલાલ—જો પડોશમાં આપણે....મોતીબાઇ રહે છે ને તેના દિકરા ટપુની પાઈ કાલે ખોવાઇ ગઇ એમ તે હમણાં તેની માને કહેતો હતો. માટે આ પાઇ તેની હોવી જોઇએ. તેને મારી પાસે બોલાવ એટલે તને ખબર પડશે કે પાઇની કિંમત શું છે.

રજની ટપુને બોલાવી લાવ્યો.

મોતીલાલ—ટપુ બાપુ! તારી એક પાઇ ખોવાઈ ગઈ છે? કયારે ખોવાણી છે?

ટપુ—હા બાપા. કાલે ખોવાણી છે. મને મારી માએ વાપરવા આપી હતી. ખીસું ફાટલ હતું એટલે પડી ગઈ. પાછી જડતી નથી. માંડ માંડ મારી માએ આપી હતી.

મોતીલાલ—જો જોઇએ, આજ તારી પાઈ કે? રજનીને કાલે તે જડી છે.

ટપુ—હા...જો આજ મારી પાઈ. જુઓ એને જરા કાળો ડાઘ છે, એ મારી એંધાણી છે. મારી માને કહી આવું. એમ કહી ઠેકડા મારતો જાય છે. ત્યાં મોતીલાલે પાછો બોલાવ્યો.

મોતીલાલ—ટપુ, આ લે આ પાવલી છે, તેનું તું કંઇક ખાવાનું લેજે. તને ઇનામ તરિકે આપું છું.

ટપુ—ના બાપુ! મારી મા મને વઢે.

મોતીલાલ—ટપુ બચ્ચા! આમાં કાંઈ વાંધો નથી. તને હું ખુશીથી આપું છું ને! તારી મા નહિ વઢે. લે લઇલે જોઇએ!

ટપુ—ના બાપુ, એમ મારાથી ના લેવાય.

મોતીલાલ શેઠ ટપુની સાથે તેને ઘેર જઇ તેની માને સમજી પાવલી આપી આવ્યા. રજની આ જોઇ બહુ આનંદ પામ્યો ને તેના બાપાને કહેવા લાગ્યો કે "બાપા, હવે હું પણ તેવું વર્તન રાખી પ્રમાણિક થઇશ; અને જે ચીજ મને જડશે તે તેના ખરા માલીકને પાછી આપી દઇશ."

દરેક પ્રસંગે દાન આપતાં આ

હિન્દુ અનાથ આશ્રમ

નડીયાદને યાદ કરશો!!!

હમણાં હમણાં ઘણા કુધારા ફેશનને આગ લગાડી તીલાંજલી આપો છો.

તેના પરિણામે થએલી સંતતી, અનાથ અને નિરાધાર થઇ જતાં તેને ઉદ્ધારવી, સંભાળવી અને જે બુરા રીવાજો આપણે પોતે ચાલુ રાખ્યા, તે માટે જાણે આપણે આ અનાથોને જવાબદાર છીએ, એમ ગણી આપણા દિલમાં કદી કંપારી ઉપજાવી છે ! ! કે, તે દોષમાંથી છુટવા, તેમને બચાવવા વિચાર કરી કંઇ દાન આપ્યું છે ? ?

અમારા ખાતાને મદદ કરી તમારૂં ૠણ ભરી આપશો !!

તે માટે લખો:—

ઓન. સેક્રેટરી, હિન્દુ અનાથાશ્રમ–નડીઆદ.

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(113, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીનો વીમો

બહુજ જરૂરનો અને લાભકારક છે.

ઇંડસ્ટ્રીઅલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની યોજનાઓ આપે છે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે જામીનગીરી સદ્ધર છે,

વિશેષ હકીકત માટે લખોઃ—

જીવણલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીયલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કં. લી.

૧૧૨, એસ્પલેનેડ રોડ, ફોટ, **મુંબઇ.**

આ માસિક-પત્ર મુળચંદભાઈ ત્રીકમલાલે અમદાવાદ ટંકશાળમાં [illegible]રકાશ પ્રીન્ટીગ પ્રેસમા છાપ્યુ, અને કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈએ [illegible]નાકમા પીરમશાહરોડ ઉપર પ્રસિદ્ધ કર્યું.

Reg. N. B. 1070

સ્ત્રીબોધ.

વર્ષ ૬૮.] મે, ૧૯૨૪. [અંક ૫ મો.

તંત્રીઓ { બાઈ પુતળીબાઈ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ,
બી. એ., એલ્એલ્. બી.

મંત્રી:-જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ.

સજની! સૌભાગ્યફળ વધાવીએ રે લોલ!
ઘોળી કુંકુમ કનકથાળ જો;
જીવનનો ધન્ય લ્હાવ લીજીએ રે લોલ!
ખીલે બગીચે રસફુલડાં રે લોલ!
ભુવને ખીલે રસબાલ જો. —સજની૦

ભાનુ તપે છે નભોમંડળે રે લોલ!
ભુવને તપંત તેજ બાલ જો. —સજની૦

દેવો પુજાય દેવમંદિરે રે લોલ!
ભુવને પુજાય દેવબાલ જો. —સજની૦

સંસારે સ્નેહભર્યાં બાલ જો!
વિભુતીએ વિભુતી વધાવીએ રે લોલ! —સજની૦

(કે. હ. શેઠ.)

વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦ પરદેશ માટે રૂ. ૪-૦-૦ છુટક અંકના ૦-૫-૦
આ અંકની કીંમત પાંચ આના.

અનુક્રમણિકા.

૧	રજ્મરજની (કાવ્ય)...	... બ્હેન "ચારૂ"	... ૨૫૩
૨	એક પ્રશ્ન અને ઉત્તર (,,)	... સૌ. દક્ષા મહેતા.	... ૨૫૪
૩	કન્યાઓ માટે કસરત	... રા. કેશવપ્રસાદ દેસાઈ	... ૨૫૫
૪	ચાલુ બનાવોની માહિતી	... ,,	... ૨૫૮
૫	પુસ્તક પરિચય ...	.... ,,	... ૨૬૧
૬	આત્માનાં ઐક્ય (ટુંકી વાર્તા)...	રા. ર. ઉ. પંડ્યા.	... ૨૬૩
૭	રાજનગરનું રત્ન (ચાલુ વાર્તા)...	સૌ. જડાવબેન શાહ	... ૨૬૯
૮	તમે કેવાં થશો? ...	... રા. એન. જે.	... ૨૭૫
૯	વાકૂપુટા (જીવનચરિત્ર)	... રા. શિવપ્રસાદ દ. પંડિત.	૨૭૭
૧૦	દાગીના	... રા. રમણિકલાલ જે. દલાલ	૨૮૧
૧૧	વિધાતાનું વિધાન ...	... રા. ચંગાલાલ.	... ૨૮૬
૧૨	ગર્ભવતી યા ભાવિ માતા.	... રા. હંસરાજ ની.	... ૨૯૧

"બાળક" વિભાગ—

(૧)	પ્રભાત	... રા. જગજીવન દ. ગોહી.	૧૦૧
(૨)	નાનો બાળક ચન્દ્રકુમાર ...	રા. રૂગનાથ ભાનજી વ્યાસ.	૧૦૨
(૩)	બ્રાહ્મણનું સ્વપ્નું ...	... બ્હેન કાશી દેવચંદ ...	૧૦૫
(૪)	સિંહાસન બત્રીસીની વાર્તાઓ..	રા. કેશવપ્રસાદ છો. દેસાઈ.	૧૦૬
(૫)	આત્મભોગનું ફળ	... રા. ચીમનલાલ એસ. શુક્લ.	૧૧૩

ગ્રાહકોને અગત્યની વિનંતી—

એપ્રીલનો "વસંત" અંક સૌ ગ્રાહકોને મળી ગયો હશે જ. ભેટનું દળદાર પુસ્તક "વીણા-નિકુંજ" તે પહેલાંજ ઘણાખરા ગ્રાહકોને મળી ગયું છે. આ વર્ષમાં "સ્ત્રીબોધ" ના ગ્રાહકોને એ બે પુસ્તકો ભેટ મળ્યા ઉપર જ થયું છે તેની અસર રૂપે નવાં ગ્રાહકો વધતાં જાય છે તેમ તો ચાલુ ગ્રાહકો પ્રત્યે અમે હકથી એકેક ગ્રાહક મેળવી આપવાની માગણી કરીએ છીએ; અને આશા રાખીએ છીએ કે તેઓ પણ એકેક નવું ગ્રાહક મેળવી આપવાની ફરજ સમજી અમને લખી જણાવવા તસ્દી લેશે.

ઇ. સ. ૧૯૨૨ તથા ૨૩ ની સાલોની પાકી બાંધેલી જુદા વર્ષની ફાઇલો પણ તે સાથે અપાતી ભેટો સાથે તૈયાર છે. —મંત્રી.

સ્ત્રીબોધ

૧૯૨૪.

પુસ્તક ૬૮ મું.] મે, [અંક ૫ મો.

રમ્ય રજની.

હરિગીત છંદ.

આચ્છાદતી આ વિશ્વને નિજ શ્વેત કર રૂપી વસ્ત્રથી,
ઉલ્લાસ અર્પતી ચિત્તને ચમકી રહી મીઠી ચાંદની!
ચમકે અહો નક્ષત્ર નભમંડપમહિં જ્યાં ત્યાં રૂડાં,
શું ચોકમાં દેવાંગનાએ પુષ્પ અનુપમ પાથર્યાં!

લીલી ઘટા ઘનવૃક્ષની જરી શ્યામવર્ણી દીસતી,
ઘટ્ટપત્ર પુંજતણી મહિંથી ચંદ્રિકા ઝરતી ઝીણી!
જ્યમ્ ગિરિ ઉદરથી ઝરણુ ધીમું નાચતું રમતું ફરે,
મીઠી સેર ચંદ્રિકા તણી ત્યમ વૃક્ષમાંહિથી સરે!

મીઠું ગાન કરતું વહી જતું ઝરણું કરે નર્તન ધીમે,
તેને હૃદય વીરાજી વિધુ ધીમું નૃત્ય તે સાથે કરે!
શું સેર મોતીતણી નભમંડપેથી સરી પડી,
એ દૃશ્ય સંગીત નૃત્ય દેખી રજની શું સ્થિર થઈ રહી!

સર જલ રજત્ સમું દીપતું જ્યોત્સ્નાતણી વર્ષા થકી,
કુમુદિની પ્રફુલ્લિત થઈ વિધુને પ્રેમદૃષ્ટે નિરખતી!
પ્રતિબિંબ જલમાં ચંદ્રનું પાણી પરે નર્તન કરે,
શું પ્રેમ નિરખી "કુમુદનો વિધુ ઉતર્યો સરવર જલે!

બ્હેન "ચારૂ."

એક પ્રશ્ન અને ઉત્તર.

[લેખિકાઃ—સૌ. દક્ષા મહેતા.]

હસ્તો મૃદુલ વિંટીને નિજ માત કંઠે,
આશ્ચર્યપૂર્ણ નજરે નિરખી રહીને;
માતા તણાં નયનશું નયનો જડીને,
તત્વજ્ઞશો ગભીર, બાલક પ્રશ્ન પૂછે:
" ક્યાં હતો ? ક્યાંથી હું આવ્યો ? માવડી તે કહે મુને,
મધુ આ પ્રેમની વર્ષા, મા, કહે ક્યાં થકી વહે ?"
સુન્દરી નવમાતાએ, સુણી આ મુગ્ધ પ્રશ્નને
ચાંપતી ઉરની સાથે, પ્રાણશાં પ્રિય બાલને.
સ્નેહભીનાં થયાં નેત્રો, દીર્ઘ એ નીલ પદ્મશાં,
રમ્ય સ્મિત રહ્યું તેના, મૃદુ ઓષ્ઠ પરે રમી.
મૃદુ હસ્તેથી પંપાળી બાલના સ્નિગ્ધ કેશને
સ્નેહ આર્દ્ર સ્વરે માતા, મધુરૂં વદતી હવેઃ
" કન્યાવય મંહી મારી, પાંખડી ઉરપુષ્પની
ખોલી, ત્યાં તું રહ્યો વ્હાલા, મીઠા પુષ્પ પરાગશો.
વિશુદ્ધ જ્યાં સ્નેહ સદા વસે છે,
નિર્દોષ ઇચ્છાય જહીં છુપાઈ;
એ સ્નેહનાં સ્થાન ઉરે, મધુરી
વ્હાલા, છુપાઈ તુંજ બાલમૂર્તિ.
આશાતણી વેલડીમાંહી વ્હાલા,
અનંત પ્રીતિ હૃદયે વસી જે;
એ સર્વમાં સૂક્ષ્મ રૂપે લપાઈ,
વ્હાલા, રહેલી તુજ બાલમૂર્તિ.
અમૃત જે વિશ્વની માંહી એક,
મૃત્યો મહીં આવી વસી રહ્યો છે;
તેમાં અનાદી શુચિ અંકમાંહી,
યુગો થકી તું ઉછર્યો સુખેથી.
પ્રભાતના રમ્ય પ્રકાશ પહેલાં
ઉષા તણું દર્શન થાય જેમ;
તારી મૃદુ કોમળતાય તેમ
મારાં મૃદુ અંગ થકી જ જન્મી."

ડૉ. રવિન્દ્રનાથ ટાગોરની 'ચંદ્રકલા'માંથી અનુવાદ.

કન્યાઓ માટે કસરત.

[લેખક—રા. કેશવપ્રસાદ છો. દેસાઈ, બી. એ., એલએલ. બી.]

કન્યાઓની તંદુરસ્તિનો પ્રશ્ન આજકાલ ઘણોજ વિચાર કરવા યોગ્ય થઈ પડયો છે. બાળમરણ આપણા દેશમાં ઘણુંજ થાય છે, તથા જુવાન સ્ત્રીઓમાં પણ મોતનું પ્રમાણ બહુ વધારે છે, એ તો જાણીતી વાતો છે. કન્યાઓ રોગીષ્ટ હોય, અથવા તો નિર્બળ હોય, તેમનાં લગ્ન પણ થાય, એટલે આ માતાઓ તથા તેમનાં સંતાન બંનેની જીંદગી જોખમમાં આવે, આ સ્થિતિ અટકાવવી તે એક મહાન સામાજિક પ્રશ્ન છે. છતાંયે તે સંબંધી જોઈયે તેટલું લક્ષ અપાતું નથી તે દિલગીર થવા જેવું છે.

જુના કાળમાંયે બાળલગ્ન તો હતાં, પરંતુ તે સમયે હાલના જેવાં "અતિ મોટાં" શહેરો વસેલાં નહોતાં. એટલે ખુલ્લી હવાનો લાભ સ્ત્રીયોને મળતો હતો. તે સાથે દળવું, ખાંડવું, કુવે પાણી ભરવાં, વગેરે કામોથી તેમનાં શરીર બહુજ કસાતાં હતાં. હવે તો મોટાં શહેરો અને ગીચ વસ્તિમાં ચોખ્ખી હવાનો લાભ સ્ત્રીયોને જરાયે મળતો નથી. વળી શરીર કસવાનાં જુનાં કામો જતાં રહ્યાં છે, અને તે સબંધી કોઈ નવી ચીજો દાખલ થઈ નથી. એટલે સ્ત્રીઓની તંદુરસ્તી બહુજ બગડતી ચાલી છે.

તેમની તંદુરસ્તી સુધારવા માટે, બાળલગ્ન જેવા હાનિકારક રિવાજો દૂર કરવા સાથે, તેમને ખુલ્લી હવા અને યોગ્ય કસરત મળે તેવી ગોઠવણો થવી જોઈયે. આ માટે જો કન્યાઓ શાળામાં હોય ત્યારથી તેમને કસરત કરવાની ટેવ પાડી હોય તો ઘણોજ લાભ થાય.

લગભગ બાર વર્ષ ઉપર મીસ નઝીરબાઇ શેખ નામે એક માંદી જેવી બાઇ વડોદરા કન્યા હાઈસ્કુલમાં શિક્ષકનું કામ કરવા દાખલ થઈ હતી. તે બાઈ મુંબાઈમાં વિલસન કૉલેજમાં ભણતી હતી, પરંતુ તેના રોગીષ્ટ શરીરને લીધે ઘણીજ નામરજીથી પોતાનો અભ્યાસ છોડીને મુંબાઇ

તજી દેવાની તેમને જરૂર પડી. તે વખતે વડોદરામાં ઑફિસર માણેકરાવ નામે એક હાડવૈદ્ય રહેતા હતા. તેમને કસરતનો બહુજ શોખ હતો, તથા તેઓ માનતા હતા કે કસરતથી રોગો પણ નાબુદ કરી શકાય છે. તેઓ પોતાને ખર્ચે, વડોદરામાં તે વખતે એક અખાડો પણ ચલાવતા હતા. કોઇયે નઝીરબાઇને ભલામણ કરી કે તમે તમારા રોગ સબંધમાં પ્રો. માણેકરાવની સલાહ લ્યો. તેઓ તમને થોડીક કસરતો બતાવશે તો તમારૂં શરીર સારૂં થઈ જશે.

આ ઉપરથી નઝીરબાઇયે પ્રો. માણેકરાવને વાત કરી, અને પોતાના ભાઇને તેમના અખાડામાં મોકલ્યો. માણેકરાવે અમુક કસરતના દાવ પસંદ કરીને તેને શીખવ્યા, અને તેણે પોતાની બહેનને ઘેર જઇને તે બતાવ્યા. આ રીતે નઝીરબાઈની કસરત શરૂ થઈ અને ધીમે ધીમે તેમનું શરીર સુધરતું ગયું. આ વખતે નઝીરબાઇની નાની બેન નાઝકબાઈની ઉમર બાર વર્ષની હતી. તેને કસરતનો બહુ શોખ લાગ્યો. અને તેણે તો પોતાના ભાઇ પાસે બધાજ દાવ શીખવા માંડયા. કુદરતથીજ નાઝકબાઈનું શરીર મજબુત હતું. એટલે આ બધા દાવ શીખતાં તેમને વાર લાગી નહિ. બધા દાવ શીખી ગયા પછી આ બંને બહેનોને એટલો ઉત્સાહ સ્ફુર્યો કે તેમણે પોતાના ઘર આગળ ફક્ત છોકરીઓ માટે કસરતનો એક અખાડો ઉઘાડયો.

વડોદરાના લોકોએ પ્રથમ તો આ અખાડામાં પોતાની કન્યાઓને મોકલી નહિ. પણ ત્યાંના તે વખતના સુબા ખાસેરાવ જાદવ, જેઓ એક સુધારક છે, તેમણે આ વિષયની અગત્ય જોઈ, અને પોતાની કન્યાઓને અખાડામાં મોકલવા માંડી. ત્યાર પછી ધીમે ધીમે આ અખાડો બહુજ લોકપ્રિય થયો છે, અને ઘણી કન્યાઓ તેનો લાભ લે છે.

આ અખાડામાં કન્યાઓને કેટલીએક રમતો પદ્ધતિસર રમતાં શીખવવામાં આવે છે. આ રમતો એવી રીતે ગોઠવી છે કે તેથી કન્યાઓના સ્નાયુ કસાય છે, પરંતુ રમતના રસમાં તેમને જરાયે કંટાળો આવતો નથી.

અખાડામાં હનુમાનજીની મૂર્તિ રાખવામાં આવેલી છે તેની આગળ ઘીનો દીવો તથા ધુપ કરવામાં આવે છે. કન્યાઓ કસરત, રમત, કે ડ્રીલ શરૂ કરતાં પહેલાં દરેક જણ આરોગ્યના અધિષ્ઠાતા એ દેવને નમસ્કાર કરે છે. નાઝીરબાઈ મુસલમાન છે છતાંયે તે પૂર્ણ શ્રદ્ધાથી હનુમાનને નમસ્કાર કરે છે.

મોટી ઉંમરની બાઇઓ કાંઇ રમતમાં ભાગ લે નહિ, તેથી તેમને તો પ્રથમ પ્રાણાયામ કરતાં શીખવે છે. પછી જુદા જુદા આસનો શીખવવામાં

આવે છે, અને ત્યાર પછી દરેકના શરીરને અનુકૂળ હોય તેવી કસરતો શીખવવામાં આવે છે.

કન્યાઓને તો પ્રથમ રમતથીજ શરૂઆત કરાવવામાં આવે છે. આવી રમતો લગભગ પચાસેક છે, અને રમતાં રમતાંજ તેમના સ્નાયુ કસાય છે. કેટલીએક રમતોની સાથે ગીત ગોઠવેલાં છે અને છોકરીઓ રમતી જાય છે અને ગાતી જાય છે. આ અખાડામાં ડ્રીલ પણ કરાવવામાં આવે છે. ડ્રીલમાં જે હુકમો અપાય છે તે અંગ્રેજીમાં નહિ, પણ હિંદી ભાષામાં અપાય છે. આ કારણથી ત્યાં બધુંજ વાતાવરણ દેશી રહે છે.

નઝીરબાઈ પોતે અંગ્રેજી ઢબની ડ્રીલને બહુ શુષ્ક ગણે છે. અને કહે છે કે જો કન્યાઓને કસરતની શરૂઆત ડ્રીલથી કરાવીયે તો તેઓ અખાડામાં આવતી જ અટકી જાય. તે માટે પહેલાં તેમની કલ્પનાને ઉત્તેજન મળે તેવી રમતો રમાડી તેમના મનમાં અમે રસ ઉત્પન્ન કરીયે છીયે. ત્યાર પછી તેમને જુદા જુદા કસરતના દાવોમાં પ્રવેશ કરાવીયે છીયે.

વડોદરામાં આ રીતે નઝીરબાઈ, રાષ્ટ્રીય ઉદ્ધારનું એક સુંદર કાર્ય કરી રહ્યાં છે. તેમની નાની બહેન નાઝકબાઈ તો ગુજરી ગયાં છે, છતાંયે નઝીરબાઇએ પોતાનો ઉત્સાહ મંદ પડવા દીધો નથી. તેમના આ કાર્યથી ઉત્સાહિત થઈને આપણે ગુજરાતના દરેક મોટા ગામમાં આવા અખાડાઓની યોજના કરવી જોઇયે. જો બાળાઓના બાંધા સુદૃઢ બંધાશે તો ભવિષ્યમાં તેઓ તંદુરસ્ત રહેશે, અને તેમનાં સંતાન પણ તંદુરસ્ત હશે.

"પહેલું સુખ તે જાતે નર્યા" એ આપણું લોકવચન છે. આપણો દેહ તે આપણા આત્માના મંદિર રૂપ છે, અને તે મંદિરને નિરોગી રાખવું તે આપણી પવિત્ર ફરજ હોવી જ જોઇયે. વળી દુનિયામાં કાંઈ પણ કાર્ય કરવું હોય તો નિરોગી શરીરની જરૂર સૌથી પહેલી પડે છે. શરીર નિરોગી હોય તોજ જીવનમાં રસ રહે છે, અને નિમેલાં કામો યોગ્યતાથી કરી શકાય છે. માટે કન્યાઓને અને પરિણામે આખી પ્રજાને નિરોગી બનાવવાના એક સરળ તરિકે કન્યાઓ માટે કસરતના અખાડા ઉઘાડવાની હીલચાલ ઉપાડી લેવી જોઇયે. અમદાવાદ-મુંબાઇ જેવા શહેરમાં તો તેની ખાસ અગત્ય છે. કન્યાશાળાઓમાં આ વિષય માત્ર નામનોજ જોવામાં આવે છે, અને તેથી કાંઈજ લાભ થતો દેખાતો નથી. તેને મહત્તા આપવાની ખાસ અગત્ય છે.

ચાલુ બનાવોની માહિતી.

[લખનાર—રા. કેશવપ્રસાદ છો૦ દેસાઈ.]

સ્ત્રીઓનો મતાધિકાર. વડી ધારાસભાની ગઇ બેઠકમાં સ્ત્રીઓના મતાધિકાર સંબંધી જે સવાલ જવાબ થયા હતા તે જાણવા લાયક છે. તેમાંના થોડા અત્રે આપ્યા છે, તે ઉપરથી સ્ત્રીઓ પોતે યોગ્ય પગલાં લેશે એમ આશા છે. આ સવાલો શ્રી બી. દાસે પૂછ્યા હતા. સરકાર તરફથી જણાવવામાં આવ્યું હતું કે, મુંબાઇ, મદ્રાસ અને સંયુક્ત પ્રાંતોમાં સ્ત્રીઓને મત આપવાનો અધિકાર છે. બ્રહ્મદેશમાં તો તે શરૂઆતથીજ અસ્તિત્વ ધરાવે છે. બીજા પ્રાંતોમાં સ્ત્રીઓને ધારાસભા માટે મત આપવાનો અધિકાર નથી, પરંતુ તે પ્રાંતોની ધારાસભાના હાથમાંજ તે અધિકાર આપવાનો છે. જો ત્યાં સ્ત્રીઓને મતાધિકાર આપવાનો ઠરાવ પસાર થાય તો તેમને તે મળી શકે. વળી વડી ધારાસભા માટે તો એવો કાયદો છે કે જે પ્રાંતમાં પ્રાંતિક ધારાસભા માટે મત આપવાનો અધિકાર સ્ત્રીઓને હોય, ત્યાં વડી ધારાસભા માટે પણ મત આપવાનો હક્ક તેમને મળે. આ રીતે આનો બધો અધિકાર પ્રાંતિક ધારાસભાઓ પાસેજ છે.

અત્યારના કાયદા પ્રમાણે સરકાર તરફથી પણ કોઈ સ્ત્રીને ધારાસભામાં સભાસદ તરિકે નીમી શકાય નહિ. તેમજ ચુંટણીમાં પણ સ્ત્રીઓથી ઉભા રહી શકાય નહિ. મી. દાસે કહ્યું કે હિંદી પ્રજાના અડધા ભાગને આ રીતે ધારાસભાઓમાં બેસવાનો હક નથી. વળી મુંબાઈ મદ્રાસ વગેરે સ્થળે સ્ત્રીઓ મ્યુનિસિપાલિટીમાં પણ બેસે છે. તે જોતાં સ્ત્રીઓને ધારાસભામાં બેસવાનો હક્ક આપવાનો સરકાર વિચાર કરશે કે ? ફક્ત ધારાસભાના નિયમોમાંજ ફેરફાર કરવાની જરૂર છે તે ફેરફાર સરકાર કરશે કે ? સરકાર તરફથી ઉત્તર મળ્યા કે હાલ તરત આવો ફેરફાર કરવા સરકાર તૈયાર નથી.

સ્ત્રીઓ જો મજબુત ચળવળ કરે તો સરકાર તરફથી જરૂર નિયમો ફેરવાય. આ માટે ગુજરાતના દરેક ગામમાંથી સ્ત્રીઓએ ઠરાવો પસાર કરીને સરકારને મોકલવા જોઈએ.

* * * * *

મ્યુનિસિપાલીટીમાં સ્ત્રીઓ. મુંબાઈ શહેરની મ્યુનિસિપાલીટીમાં તો હમણાં ચાર સ્ત્રીઓ સભાસદ તરિકે બેસે છે. તેઓ તેના કામમાં ઉલટભર્યો ભાગ લે છે. વળી શાળાસમિતિમાં તો બહારથી કોઈ સ્ત્રીને સલાહકાર સભાસદ લેવાનો કાયદો છે જ. અને

મુંબાઇ તથા અમદાવાદમાં તે પ્રમાણે સભાસદો લેવામાં આવ્યા હતાં. છતાંયે હજી ઈલાકાની મ્યુનિસિપાલિટીઓમાં સ્ત્રીઓને બેસવાનો હક્ક નથી. આ હક્ક તેમને લાંબા સમય ઉપર આપવામાં આવવો જોઈતો હતો. બહારગામની મ્યુનિસિપાલિટીઓમાં તો કામકાજ દેશી ભાષામાંજ ચાલે છે. અને પૂના, સુરત, અમદાવાદ વગેરે ગામોમાં મ્યુનિસિપાલીટીના કામમાં મદદરૂપ થઇ પડે એવી ઘણી બાઇઓ છે. હવે મુંબાઈ ઈલાકામાં બધી મ્યુનિસિપાલિટીઓમાં સ્ત્રીઓને બેસવાનો હક્ક મળે તે માટે કાયદો મુંબાઇ સરકાર તરફથી રજુ થવાનો છે. આ કાયદો બને તેટલો જલદી રચાય અને અમલમાં આવે તે માટે સ્ત્રીઓએ હીલચાલ કરવી જોઈયે. આ માટે ગામેગામમાં સ્ત્રીઓએ હીલચાલ ઉપાડી લેવી જોઇયે.

* * * * *

સંમતિ વય. સ્ત્રીઓ પુરૂષગમન માટે સંમતિ કઈ ઉંમરે આપી શકે તેનો વિચાર ધારાસભાની એક કમિટી હમણાં કરે છે. તે કમિટીમાં મતભેદ પડયા છે. થોડા સભાસદો કહે છે કે તે ઉંમર તેર વર્ષની રાખવી, વધારે કહે છે કે ચૌદ વર્ષની ઉમર રાખવી. વળી કેટલાએક એવું કહે છે કે પતિ સાથેના સહવાસ માટે તેર વર્ષની અને બીજાઓ સાથે ચૌદ વર્ષની ઉમર રાખવી. આ કાયદાનો મુદ્દો એ છે કે કન્યાઓને અકાળે માતૃત્વના કષ્ટમાં આણવાનો સંભવ ઉભો થવો ના જોઇયે. બાળલગ્નની સંસ્થા એક શ્રાપ સમાન છે, પરંતુ તેમાં ધર્મનું નામ ભેળવી નાંખ્યું છે એટલે તે સંબંધી કાયદો કરવો બહુજ મુશ્કેલ થઇ પડયું છે, પરંતુ લગ્ન થયા પછી પતિગમન કરવામાં કાંઈ ધર્મને સબંધ નથી. એટલે આ વય ચૌદ વર્ષથી ઓછી રાખવામાં આવે તો બહુજ ખોટું કહેવાય. બાળ વયમાં સંતતિ થવાથી સ્ત્રીઓનાં શરીર ઘણાં ઘસાઇ જાય છે. સ્ત્રી મરણની સંખ્યા વધવાનું એક મોટું કારણ આ પણ છે, એટલે આ પ્રશ્ન જીવન મરણનો છે. તે માટે ચૌદ વર્ષથી ઓછી વય તો નાજ ઠરાવવી જોઇયે. ધીમે ધીમે આ વય, વેદમાં લખેલી સોળ વર્ષની વય સુધી વધારવી જોઇયે.

પશ્ચિમની સ્ત્રીઓએ તો લગ્ન માટે પુરૂષની વય અઢારથી ઓછી નહિ અને સ્ત્રીની વય સોળથી ઓછી નહિ હોવી જોઇયે તે મતલબના ઠરાવો કરી દીધા છે. સંમતિ વયમાં લગ્નની વાત તો આવતી નથી એટલે તેમાં ચૌદ કે સોળ વર્ષની પણ ઉંમર ઠરાવવામાં આવે તે ઇચ્છવા યોગ્ય છે.

દોષો ઉપર ઢાંક પિછોડો નથી કર્યો તથા તેમાં સિદ્ધાંતોની બાંધછોડ નથી કરી. તેમાં એક ગ્રેજ્યુએટ પાત્ર આવે છે. પરંતુ જેમ અત્યારે સમાજમાં જોઇયે છીયે તેમ, પોતાના સિદ્ધાંતો અને આદર્શોને તે થોડો સમય પકડીને પછી એકદમ નમતું મૂકી દે છે, છતાંએ તેને માટે આપણને અભિમાન આવે છે. અર્ધશિક્ષિત લેખકોએ ગ્રેજ્યુએટોને બહુએ ગાળો દીધેલી છે. તેને વખાણનાર, તેના ઉત્તમ અંશ બહાર મૂકનાર, લેખકોની પણ જરૂર છે. અમે ફરીથી આ પુસ્તકને આવકાર આપીયે છીયે; પણ સાથે સાથે તેની કીંમત ઓછી કરવા પ્રકાશકોને આગ્રહ કરીયે છીયે.

કલાપી-કાન્તના સંવાદો તથા સ્વીડન બૉર્ગના ધાર્મિક વિચારો.

[પ્રકાશક—રા. જીવનલાલ અમરશી મહેતા. કીં. ૦-૧૨-૦.]

કલાપીના સંવાદો, તેની ભાષા, અને વિચાર ઘણાજ લોકપ્રિય થયા છે તેમાં તો શક નથી. આ સંવાદો અગાઉ પ્રસિદ્ધ પણ થઈ ગયા છે. છતાંયે તે ફરી ફરી પ્રસિદ્ધ થાય છે તે તેની લોકપ્રિયતાની સાબિતી છે. આ પુસ્તકમાં કલાપીના ચાર સંવાદો અને સ્વ. કાંતના પાંચ સંવાદો છે. સ્વ. કાંતની સર્વ કૃતિઓનો સંગ્રહ હવે પ્રસિદ્ધ થાય તો સારૂં. તેમનું ગદ્ય શિષ્ટ છે, અને તે આપણને સારૂં વાંચન પુરૂં પાડશે. આ પુસ્તક સર્વ રીતે આવકારદાયક છે. વળી બંને લેખકોનાં ચિત્ર પણ આપેલાં છે.

વીર-કથા.

[લેખક—રા. વસનજી રણછોડજી નાયક, પાનાં ૭૬ કીં. ૦-૫-૦.]

દેશને માટે પોતાનું સર્વસ્વ ત્યાગનાર અસલના અને હાલના અઢાર ત્યાગીઓના ત્યાગના પ્રસંગો આ વીરકથામાં આલેખ્યા છે. હાલના વાતાવરણને અનુકૂળ આ પુસ્તક છે, અને તે સાદી ભાષામાં લખાયલું છે. બાળકોને ઉપવાંચન તરિકે તે ઉપયોગી થાય તેવું છે. અમે લેખકનું ધ્યાન દોરીશું કે ત્યાગના પ્રસંગો રાજકીય શિવાયના ક્ષેત્રોમાં પણ આવે છે, અને એવા દાખલાઓ પણ ઘણા છે. શોધકો, ધર્મસુધારકો, સમાજસુધારકો, વગેરેની કથાઓ પણ બાળકોના હાથમાં મૂકવી જોઇયે. વળી અન્ય દેશોના સ્વાર્થત્યાગીઓની કથાઓ પણ સાથે સાથે અપાય તો સારૂં.

આત્માનાં ઐક્ય.

[લખનાર:—રા. રા. રતિપતિરામ ઉ૦ પંડ્યા; બી. એ.]

રતનપુરની ભાગોળે એક વિશાળ તળાવ અને તે તળાવની આસપાસ છૂટક છૂટક મહાદેવની દેરડીઓ અને તળાવને બીજે છેડે રતનપુરનું સ્મશાન. આ બધાય ગામનો દેખાવ કાંઇક ભવ્ય, અને ભયમિશ્રિત રમણીય લાગતો. સાયંકાળે મહાદેવનાં દેરાંમાંથી ઘંટારવ દૂર સુધી સંભળાતા, અને 'જય શંકર' 'જય મહાદેવ'ના છૂટક છૂટક અસંબદ્ધ અને ઊંડાણમાંથી આવતો અવાજ દૂર સ્મશાન સુધી સંભળાતો. ખેતીનો પ્રદેશ હોવાથી ગામમાં ઢોરઢાંખર, અને ખેડુત વર્ગની વસ્તી વિશેષ પ્રમાણમાં દૃષ્ટિગોચર થતી; માત્ર અમલદાર વર્ગ અને સંભાવિત ગૃહસ્થોનાં કુટુંબો સિવાય ગામમાં સંસ્કારી કે ઉજળીઆત વસ્તી નહોતી.

જમાનાનું જુનું રતનપુર પુરાણા ઇતિહાસનાં પાનાંમાં ઉચ્ચ સ્થાન ભોગવતું હતું. તેણે કુતુબુદ્દિનના સમયથી મુસલમાનોના ઝપાટા ખાધા હતા; મોગલાઈનો ભોગ થઇ પડવાનો પ્રસંગ પણ તેને પ્રાપ્ત થયો હતો; મરાઠાઓની વારંવાર થતી લુંટમાં તેનું ધન ખેંચાઈ ગયું હતું; અને અંગ્રેજ રાજાના અમલ નીચે સૂકો ક્ષય ભોગવતું રતનપુર નિસ્તેજ, નિર્બળ અને ગામડીઉં થઈ ગયું હતું. તેના પુરાણા કોટના જર્જરિત ભાગો પ્રાચીન ગૌરવની હજુએ પ્રતીતિ આપતા હતા. માટી ખોદનારા કુંભારો વારેવારે કહેતા કે 'અમુક સ્થળે મોટી શિલા નીકળી, અમુક સ્થળે વિશાળ મહેલનો થાંભલો હાથ લાગ્યો, કે અમુક સ્થળે ખવાઇ ગયેલું સુકું હાડપિંજર હાથ લાગ્યું.' આવી વાતો સાંભળી અમલદાર વર્ગના માણસો તેની તપાસ કરતા, અને તે વાતોને સત્ય લાગતાં પ્રજાની જાણ માટે વર્તમાનપત્રો દ્વારા પ્રકટ કરતા. આને લીધે રતનપુરની પુરાણી મહત્તા હજી ગયેલા અંગારામાં રહેલા અગ્નિની માફક ક્વચિત્ ઝળકતી, અને બહારના શોધખોળ કરનારાઓને રતનપુર મુલાકાતનું સ્થાન થઈ પડ્યું હતું. બહારનાં માણસો-

ની આમ અવરજવરને લીધે રતનપુરની વસ્તીમાં સળવળાટ થતો. તે શિવાય રતનપુર શાન્ત, સ્વસ્થ અને ગાઢ નિદ્રાધીન લાગતું.

* * *

"ચંદી, ચંદી, તું આમ ક્યાં સુધી રડ્યાં કરીશ ? બ્હેન, ગઈ વાત તો હવે વિસાર્યે જ છૂટકો ! આમ રડયે હવે કેમ ચાલશે ? બ્હેન, દુઃખ તો પડયે જ જાય, અને માણસે તેને સહન કર્યે જ જવું, એમાં જ આપણા જીવનનું સાર્થક છે. જોને, મારે આજ પચાસ વર્ષથી ધોળે લુગડે ફરવું પડે છે. તારા કરતાં યે મારી વય તે વખતે નાની હતી, અને અત્યારે ખાસ્સાં પાંસઠ થયાં છે. એ તો એમજ દિવસો જાય, જીવન જાય, અને આવતે ભવ આ ભવનાં સારાં માઠાં કામોનાં ફળ ભોગવીએ. તે શિવાય મનુષ્યનું બીજું શું ચાલે ? મારી બેન, તું હવે ગઈ ગુજરી વિસારવા યત્ન કર, અને માથે પડયો ભાર ઉપાડવા ધીરજ ધર."

"માશી," ગદગદિત સ્વરે ખોખરી ઘંટડીના જેવા સ્વરથી દુઃખી બાળા બોલી, "મને અન્નજળ વિના મરવા દો તો કેવું સારૂં ! આ સઘળી દિશાઓ મને ખાવા ધાય છે, પ્રત્યેક વસ્તુ મને કંટકરૂપ દેખાય છે; મારા શરીરમાં નિર્બળતા વધતી જાય છે; મારૂં કોઈ નથી એમ મને લાગ્યાં કરે છે. હું નિરાધાર, અભાગણી અને અપશુકનીઆળ લાગ્યાં કરૂં છું. મારૂં આખ્ખું શરીર મને ભારેભારે લાગ્યાં કરે છે. હાય, હાય ! ઘડીમાં શુંનું શું થઈ ગયું ! હજુ તો એમના બોલના પડઘા મારા કાનમાંથી જતા નથી; તેમનું હાસ્ય મારા મનમાંથી જતું નથી; તેમનો વિનોદી સ્વભાવ સાંભરતાંજ કાળજું કપાઇ જાય છે; તેમની આખ્ખી મૂર્તિ મારી આંખ સ્હામે ઉભી ઉભી હસે છે, ત્યાં માશી, તમે એમને વિસારવાની વાત કરો છો, તે મને કેમ રૂચે ? તમારાં વચન મારા કાનમાં રહી શકતાં જ નથી." આટલું કહી વધારે ન બોલી શકવાથી બાળા ચૂપ થઇ ગઇ. તેની આંખમાંથી ચોધાર આંસુ વહી તેનો સ્તનપ્રદેશ ભીંજાઈ રહ્યો હતો. તેના ગાલ ઉપર શોકની નિસ્તેજતા પ્રસરી રહી હતી, અને દુઃખના આવેશથી તેના ફીક્કા ગુલાબી ગાલ ઉપર મધુરતા, અને આંખમાં દુઃખ મિશ્રિત મૃદુતા સ્પષ્ટ દેખાઇ આવતાં હતાં.

હૃસ્કાં ભરતી બાળાને માશીએ છાતી સરસી ચાંપી, તેને ધીરજ આપવા પ્રયત્ન કર્યો; પણ પ્રણયી દિલનો આઘાત માશીનાં આશ્વાસનોથી રૂઝાઇ શક્યો નહીં. માશીનાં આશ્વાસનોયે તો ઉલટું બાળાનું દુઃખ વધાર્યું,

અને પોતાના વ્હાલસોયા પતિના દરેક લાડમા પ્રસંગો એક પછી એક જેમ જેમ યાદ આવવા લાગ્યા, તેમ તેમ બાળા મુંઝાવા લાગી, વધારે ડુસકાં ભરવા લાગી, અને અશ્રુનો પ્રવાહ વધુ વેગવાન અને અસ્ખલિત થતો ગયો. માશી અનુભવથી બાળાની મુંઝવણ સ્હમજી, અને તત્કાળ તેને એકલી રહેવા દઈ, પોતે બીજા ખંડમાં જતી રહી.

* * *

રતનપુરમાં મણિભદ્રનું કુટુંબ પ્રતિષ્ઠિત ગણાતું હતું. તેમની પુત્રી ચંદ્રબાળા ન્હાનપણમાં ઘણા લાડમાં ઉછરી હતી. પણ તેની મા પ્રવીણાના સુસંસ્કાર અને સારી કેળવણીથી મોટી ઉમ્મરે ચંદ્રબાળા સુસંસ્કારી બની હતી. પણ પુત્રીના સુસંસ્કારની ફાલીફુલી વાડીનાં ફળ જોવા માતા જીવી નહીં, અને પુત્રીને પોતાની વિધવા બેનના હાથમાં સોંપી મૃત્યુ પામી. પત્નીના મરણ પછી મણિભદ્રે યુવાવસ્થામાં હોવા છતાં બીજીવાર લગ્ન કર્યાં નહીં, અને કુટુંબમાં રહી વાનપ્રસ્થ જીવન ગાળવા લાગ્યા. માત્ર ચંદ્રબાળાની કેળવણી તરફ તેમણે લક્ષ આપવા માંડ્યું. ચંદ્રબાળા સોળ વર્ષની થઈ એટલે તેને વિધિસર લગ્નથી પોતાની જ જ્ઞાતિના સુશિક્ષિત યુવક રવિકાન્ત સાથે પરણાવી. ચંદ્રબાળા પરણીને સાસરે ગઈ, ત્યારે પિતાની આંખમાં સ્હેજ આંસુ આવ્યાં, અને દુષ્યન્તને ત્યાં શકુંતલાને વળાવતી વખતે કણ્વ જેવા તપસ્વીને જે વ્યથા થઈ હતી, તેથી યે અધિક વ્યથા તેમણે અનુભવી. પુત્રી અને જમાઈને શુભ આશિર્વાદ આપી, ગદગદિત કંઠે કાંઈ ન બોલી શકવાથી, તેઓ પોતાના ખંડમાં ચાલ્યા ગયા. અને દિલની વ્યથાને સમાવવા યત્ન કરવા લાગ્યા. વરકન્યા વિદાય થયાં, અને તેમનો સંસાર બે વર્ષ સુખરૂપ ચાલ્યો. પુત્રીને વિદાય કર્યા પછી મણિકાન્તનું શરીર લથડ્યું, અને એક દિવસ સહસાજ પ્રાણ ત્યાગ કરી દીધો. પિતાના મૃત દેહ ઉપર પડીને ચંદ્રબાળાએ કલ્પાંત કર્યો, પણ ગયો પિતા ફરીથી દેખાવાનો નહોતો. એટલે સગાં વ્હાલાંએ સ્હમજાવી ચંદ્રબાળાને દૂર કરી. મણિકાન્તના શરીરની ઉત્તરક્રિયા કરી.

પિતાના મરણનો ઘા હજુ રૂઝાયો નહોતો, સ્મરણમાંથી પિતાની મૂર્તિ સ્હેજ પણ ખસી નહોતી, ત્યાં વિધિ સુકુમાર બાળા ઉપર વજ્ર પ્રહાર કરવા તૈયાર થયો. કાળમુખો પ્લેગ આખા હિંદુસ્થાનમાં ફરી વળ્યો. પ્લેગની બ્હીકે રવિકાન્ત ચંદ્રબાળા સાથે રતનપુરમાં આવ્યા, પણ પાતાળમાં પેસતાંયે મરણ માણસને મૂકતું નથી. રવિકાન્તને રતનપુરમાં બે દિવસ જ તાવ આવ્યો. પ્લેગ થયો કે નથી થયો તેની ચિકિત્સાઓ ડૉક્ટર કરતા રહ્યા, અને એટલામાં

તો રવિકાન્ત વિદેહ થયા. ચંદ્રબાળાના જીવનનો સૂર્ય આમ અકાળે અસ્ત થઈ ગયો !

હિંદુ સંસારે વિધવા સ્ત્રીઓના જીવનને એવું તો અમાંગલિક અને ભયંકર સ્વરૂપ આપી દીધું છે કે વિધવાને જીવવા કરતાં મરવું વધારે સરલ અને ઈષ્ટ લાગે છે. ચંદ્રબાળા પતિપ્રેમી હતી, પતિના લાડમાં જ તેણે પોતાનાં પાંચ વર્ષ પાંચ પળની માફક ગાળ્યાં હતાં, અને હવે 'રવિકાન્ત વિના પોતે જીવે છે,' એ વિચારથી તેને વારંવાર કંપ થવા લાગ્યો. 'વિધવા' એ શબ્દ જ તેને ખુંચવા લાગ્યો. 'રવિકાન્તને ફરીથી દેખવાના નથી' એમાં તેને વારંવાર સંશય પડવા લાગ્યો. જેમ જેમ રવિકાન્તના વિચારો તેના મગજમાં આવવા લાગ્યા, તેમ તેમ તેનો ઉન્માદ વધતો ગયો, અને આખરે એક દિવસ તો તેણે આપઘાત કરવાનો વિચાર કર્યો, પણ સગાં સંબંધીઓની મધ્યમાં આવો અઘટિત આચાર તેનાથી થઈ શક્યો નહીં. જગત જાણતું કે ચંદ્રબાળા વિધવા થઈ છે, ચંદ્રબાળા જાણતી કે હું સધવા છું, અને મારો પતિ રતનપુરના સ્મશાનમાં વસે છે. દિવસો આમ વહી જવા લાગ્યા !!

* * *

ભાદ્રપદ માસના કૃષ્ણપક્ષની રાત્રીનો અંધકાર પ્રદેશ ઉપર પથરાઈ ગયો હતો. હમણાંજ વરસાદનું એક અછરાતું ઝાપટું પડી ગયું હતું તેથી ભૂમિ ઉપર ભીનાશ વ્યાપી રહી હતી. રતનપુરનું સ્મશાન અત્યારે ભયંકર લાગતું હતું. રાત્રીનો સમય અને સ્મશાન જેવું સ્થળ એટલે ભયંકરતા સાક્ષાત ત્યાં વસતી લાગતી હતી. રતનપુર ગામથી સ્મશાન જો કે આઘું નહોતું છતાં ભયંકરતાને લીધે રતનપુરના લોકો રાત્રે મડદાં બાળવા જતા નહોતા. આવા ભયંકર સ્થળમાં એક અવધુત વેશધારી રતનપુરના સ્મશાનમાં આવ્યો. તે મધ્યમ કદનો, શરીરે કૃષ, અને થાકથી નરમ થયેલો જણાતો હતો. તેણે આવીને ચારે પાસ જોયું. જાણે કાંઈ અમૂલ્ય વસ્તુ ગુમાવી દીધી હોય, તેમ તેણે આમ તેમ ફાંફાં મારી જોવા માંડયું. આખરે એક સ્થળ જોયું. ત્યાં આવી ભૂમિ ઉપર શ્રમ ઉતારવા તે બેઠો. અને ભેજવાળી ભૂમિ ઉપર પોતાનો અંચળો બિછાવી અવધુત ભૂમિ ઉપર સૂતો. સૂતે સૂતે તેના મનમાં વિચારોની પરંપરા ચાલી અને મુખમુદ્રા ખિન્ન થતી ગઈ. આખરે તેની આંખમાં ઝળઝળીઆં આવ્યાં, ઉઠયો, ભૂમિને ચુંબન કર્યું, અને ઉન્મત્તની માફક અંચળો ઉપાડી ત્યાંથી દોડીને એકદમ તે સ્થાનનો ત્યાગ કરી દીધો. આજના દિવસ પછી હંમેશાં રાત્રે અવધુત આવા ભયંકર

સ્મશાનમાં આવતો, ભૂમિ ઉપર બેસી શ્રમ ઉતારતો, અને ખિન્નતા વ્યાપતાં જ ભૂમિ ઉપર પડી ભૂમિને ચુંબન કરી, ત્યાંથી સહસા દોડી જતો.

આવા ભયંકર નિર્જન સ્થળમાં આ અવધુતની ક્રિયા જોનાર કોઈ પણ નહોતું એમ ન બન્યું: પાસે એક ઝુંપડીમાં સ્મશાનનો ભાગ લેનાર ભંગી રહેતો હતો. તેણે દરરોજ રાત્રે અવધુતને આમ કરતાં જોયો. પછીથી અવધુત જણાતો નહીં. પ્રથમ તો તેને ભૂતનો વહેમ પડવા લાગ્યો, પણ એક દિવસ તેણે અવધુતના મ્હોડાના શબ્દો સાંભળ્યા ત્યારથી તેની ખાત્રી થઈ કે કોઈ દુઃખી આંહી આંટા મારે છે. દિવસના સમયમાં આ ભંગીએ બબ્બે ત્રણ ત્રણ ગાઉ સુધીમાં તપાસ કરી, પણ અવધુતનું નામ નિશાન જણાતું નહોતું.

આ અવધુતની હીલચાલનો તપાસ કરવાનો આ ભંગીએ નિશ્ચય કર્યો. એક દિવસ રાત્રે અવધુત સ્મશાનભૂમિ ઉપર આવ્યો. પોતાનો નિત્યનો કાર્યક્રમ આટોપી લીધો, અને ભૂમિને ચુંબન કરીને બોલ્યો, "મારા જીવનરવિ, તારા દેહની રાખ સાથે આ દેહની રાખ ભળવાનો સમય પાસે આવે છે. પ્રિય, મેં તને ઘણી રાહ જોવડાવી, તેની ક્ષમા આપ. હવે તને નહીં રીબાવું." આટલું બોલી આંખમાં ઝળઝળીયાં સાથે અવધુતે ઉતાવળથી ચાલવા માંડયું. તે જાણે નહીં તેમ ભંગી તેનાથી દૂર રહી અંધારામાં તેની પાછળ ચાલ્યો.

મધ્ય રાત્રીનો સમય વીતી ગયો હતો. ઝમઝમાટ કરતી રાત્રી વહી જતી હતી. ભયંકર અંધકારમાં તમરાંઓના અને ખાબોચીઆમાં ભરાયેલાં દેડકાંના ડ્રૂં ડ્રૂં અવાજોથી રાત્રી અને સ્થળ ઘોર ભયંકર લાગતાં હતાં. અવધુત ત્વરાથી આગળ ચાલવા લાગ્યો. બે એક કલાક ત્વરાથી ચાલી શ્રમને લીધે સ્હેજ આરામ લેવાને એક વડના વૃક્ષની નીચે બેઠો. થોડીવાર વિશ્રાંતી લઈ અવધુતે આગળ ચાલવા માંડયું. એટલામાં અગ્નિ ઝીણો ભડકો જણાયો, ને એક આશ્રમ જેવું પર્ણકુટીનું બનાવેલું ઝુંપડું દેખાયું. તેમાં તે અવધુતે પ્રવેશ કર્યો. અવધુતે જળથી મ્હોં ધોયું અને અગ્નિ પાસે આવી પોતાના કેડેથી ડબલી કાઢી તેમાંથી ભસ્મ લઈ પોતાને શરીરે લગાડવા તેણે પોતાનું વસ્ત્ર ઉંચું કર્યું એટલે ભંગી ચમક્યો. વસ્ત્રમાંથી ઝળકતું સુંદર શરીર દેખાયું. મુખાકૃતિ શીકી અને શુષ્ક થયેલી હતી, પણ અંગોની ખીલવણી સ્ત્રીનાં જેવીજ હતી. શોકને લીધે અંગોની લાલાશ જવી રહી હતી, અને યૌવનનો તસતસાટ જતો રહી વૃદ્ધત્વનાં ચિન્હો જણાતાં હતાં.

ભંગી જાતનો હલકો હોવા છતાં સ્વભાવે પરગજુ, દયાવાન અને ઉચ્ચાભિલાષી હતો. હલકી વર્ણમાં જન્મ હતો તેથીજ તે હલકો ગણાતો હતો. તેણે અવધુતને બદલે સુંદર બાળાને પોતાની સન્મુખ ઉભેલી જોઈ. તેને નવાઇ લાગી. તેણે વિચાર્યું "આવી સુકુમાર બાળાને આવું તે શું દુઃખ હશે કે આવા ભયંકર સમયે આમ નિર્જન વનમાં એકલી પડી રહે છે. સ્મશાનમાં આવતાં પણ તેને કમકમાં આવતાં નથી. હશે, લાવ શું થાય છે તે તો જોઉં." આવો વિચાર કરી ભંગી દૂર ઉભો ઉભો જોવા લાગ્યો. બાળાએ અગ્નિમાંથી થોડો દેવતા લીધો અને પોતાની ઝુંપડીના પાછલા ભાગમાં મૂક્યો. પતિદેવનું સ્મરણ કરી પલાંઠી વાળી ધ્યાન લગાવ્યું-પતિના શરીરની રાખ પોતાને દીલે ચોપડી હતી. માત્ર પતિના આત્મા સાથે પોતાનાજ આત્માને યોજવાનો હતો, તે ધ્યાનમાં બેઠી. એક પાસથી ઝુંપડી સળગી. ભંગીએ બાળાને ઉઠાડવાનો યત્ન કરવા કરતાં પર્ણકુટિને હોલવવાનો પ્રયત્ન કરવા માંડયો. પણ ઇશ્વરને ગમતું હોય, ત્યાં મનુષ્ય-પ્રયત્ન સર્વથા અફળ જાય છે. હોલવવાના પ્રયાસમાં પડુ પડુ થઈ રહેલી ઝુંપડી મોટા ખડખડાટ સાથે ઢગલો થઈ તૂટી પડી, અને અગ્નિ પણ જોત જોતામાં ચારે તરફ ફરી વળ્યો. ભંગીના પ્રયાસ બધા નિષ્ફળ ગયા, અને જ્યારે તેને બાળાનું શરીર હાથ લાગ્યું, ત્યારે બાળાના ગૌર સુંદર સુકુમાર દેહને બદલે કાળું કોલસા જેવું ખોખું તેના હાથમાં આવ્યું.

વાંચનાર ! આ બાળા તે બીજી કોઈ જ નહી, પણ આપણી વાર્તાની નાયિકા ચંદ્રબાળાજ હતી. તે એકાએક એક રાત્રે દુનિયાની દૃષ્ટિએ ખોવાઇ ગઇ. જેમ જેમ દિવસો ગયા, તેમ તેમ પતિદેવને મળવાની ઉત્કંઠા વધતી ગઇ, આખરે તેણે પોતાનો વેશ છુપાવવા અવધુતનો વેશ ધારણ કર્યો. પતિદેવના દેહને અગ્નિ સંસ્કાર થયા હતા, તે સ્થાને દરરોજ આવી ભૂમિને ચુંબન કરી ત્યાંથી જતી રહેતી. જ્યાં પોતાના પતિના દેહની રાખ થઈ હતી, તે ભૂમિ પણ તેને પવિત્ર અને ભાગ્યશાળી લાગવા માંડી. આખરે પતિને મળવાની ઉત્કંઠા વધી, એટલે પોતાને ડીલે પતિદેહની રાખ ચોળી, અને પતિનું ધ્યાન ધરી ઝુંપડી સળગાવી આત્માને પતિના આત્મા સન્મુખ મોકલ્યો. ભંગીએ રતનપુરમાં આ વાત કરી, ત્યારે લોકોને સ્હમજાયું કે રવિકાંતની પાછળ ઉન્મત્ત ચંદ્રબાળા સતી થઈ ! ! ગામ લોકોએ ચંદ્રબાળાના દેહવિલય સ્થાને એક ચોતરો બંધાવ્યો. હજુએ તે ચોતરો 'ચાંદનીયા' ચોતરા તરીકે ઓળખાય છે.

રાજનગરનું રત્ન

(ચાલુ વાર્તા.)

[લેખકઃ સૌ. જડાવબ્હેન વીણ.]

પ્રકરણ ૮ મું.
બાળગોઠીઆ.

મોતીલાલ શેઠ આજે રાત્રે જમીને જરા દીકરી સાથે વાતે બેઠાઃ “ કેમ બેટા નલિની ! હવે તારી તબીયત સારી થઈ લાગે છે ને ? ” આટલું બોલી જવાબની રાહ જોતા તેની સાંમું જોઈ રહ્યા.

“ હા પિતાજી ! દિવસે દિવસે મને આરામ લાગે છે. ”

“ પણ નીલી ! પદ્માકર વિલાયતથી આવ્યો તે તને મળ્યોય નહી ? ઓછું પાત્ર ને અદકું ભણ્યો. ગરીબના દીકરા ને બારીસ્ટર થયા. હજી કોડી તો કમાયા નથી.—તને પુછે તો તું તારા માન-માંજ રહેજે. ”

“ પણ બાપુજી ! મને લાગે છે કે એ કાંઈ કામમાં પડયો હશે. એનો સ્વભાવ એવો પહેલાં તો નહોતો. ”

“ પણ બેન ! એ તો વિલાયત જઈ ડાળઘાલુ બને. બધાં તારા જેવા ભોળાં ન હોય. ”

શેઠને એકને એકજ વાતનું ઘણીવાર વિવેચન કરવાની ટેવ હતી. નલિનીને તે ગમતી નહોતી. દરેક પ્રસંગે તેનો પિતા એકજ બાબત વાત કર્યા કરે ત્યારે તરતજ પ્રસંગ ફેરવી નાખતી. નલિની બોલી, “ બાપુજી ! પછી પેલા મનોહરદાસનો કોણ વારસ થયો ? ”

“ તેનો એક ભત્રીજો થઈ આવ્યો છે, પણ હજી નક્કી થયું

નથી. સાબીત થયા વગર આટલી મીલકત સોંપાય ? વળી સાબીત થાય ત્યારે તો મારો બેડો પાર થાય." શેઠ કાંઇક વિચારમાં પડી ગયા.

"પિતાજી, આપણો બેડો એની સાથે શી બાબતમાં ?"

શેઠે હસીને ઉત્તર વાળ્યોઃ "નાદાન રે નાદાન ! ગાંડી ! તું તને બાળક સમજે છે. પણ તું વીસ વર્ષની થઇ, સમજી ? અમારા વખતમાં તો અગીઆર વર્ષે લગ્નની હદ આવી રહેતી. આ તો જમાનો બદલાયો અને તારી જીદ તેથી."

"શું બાપાજી, મારાં લગ્ન તેની સાથે કરશો ?" આશ્ચર્યતાથી નલિનીએ પૂછ્યું.

"હા, મારો વિચાર એવો ખરો. આજે આપણી ન્યાતમાં કોણ એટલું શ્રીમંત છે ?"

"ચાલો હજુ નક્કી તો થાય." નલિનીએ બીજીવાર પિતાની જીદ પતાવવા વાત ટુંકી કરી.

એટલામાં બહાર ઘંટડી થઇ. "સબુર" એટલું બોલતાં નલિની ઉઠી, અને દરવાજો ઉઘાડયો. અને જાણે કાંઇ નવાઈનું જોયું હોય તેમ ચમકાઈ સહેજ વિચારમાં પડી. વળી સામું જોયું. આવનારે પણ તેની સામું જોયું. સહેજ બેઉનાં મોઢાં હસ્યાં, અને બેઉ સાથેજ બોલી ઉઠયાં: "કોણ નલિના ?" "કોણ પદ્મમાકર ?" સુધરેલા રીવાજની "શેકહેન્ડ" કરીને ઓરડામાં આવ્યાં. નલિની જાણે કોઈ બાબતમાં જીતી હોય તેમ પોતાના પિતા તરફ તેણે નજર કરી. આ માર્મિક ઠપકો તેનો વૃદ્ધ અનુભવી પિતા સ્હેજમાં સમજી ગયો, અને વખત જતાં લડાવેલી દીકરી મોહડેથી કહે કે જુઓ તમારી ધારણા ખોટી પડી. તે સાંભળવું તેના કરતાં અહીંથી જવું સારૂં એમ ધારી કહ્યું, "નલિની, તમો બાળગોઠીઆ છો. જાઉં છું, મારે કામ છે." ભાવતું હતું ને વૈદે કહ્યું.

નલિની એના પિતા સાથે વાતમાં રોકાયલી હતી ત્યારે ...માકરે નલિનીને પગથી માથા સુધી જોઈ લીધી. એણે પ્રથમ બારણું ખોલ્યું ત્યારે પદ્મમાકરને સહેજ ભ્રમ થયો કે આ નલિની ...તેની કોઈ મોટી બહેન. વચમાં પાંચ વર્ષનો ગાળો ગયો હતો.

હવે તેની ખાત્રી થઈ કે તેજ નલિની છે. તેજ પાતળો બાં તેજ રૂપેરી ચામડી, તેજ પાતળું અને તીણું નાક, તેજ કપડાં ઠસ્સો, હસતું પણ નિખાલસ મ્હોડું, ફક્ત તે કન્યા મટી થવાની અણી પર હતી.

નલિનીની પિતા સાથેની વાત પુરી થઈ કે પોતાનાં કપ ઠીકઠાક કરી ખુરસી ખેંચી તે પર બેસતાંજ બોલી, "મી. પદ્મ કર! તમારા આવવાના ખબર મને તમે લખ્યા નહીં. ભલાં ચારાં મંછામાસી. તેમણે મને કહ્યું ત્યારે મેં જાણ્યું. ખુશીમાં છો ને?

"હા, ખુશીમાં છું. મને તો ત્યાંનાં હવા પાણી માફક આવ્ય પણ તમે બરાબર નીરોગી દેખાતાં નથી."

"પદ્મમાકર, તું–અરે તમે." વચમાં પદ્મમાકર બોલ્યે "ચાલવા દો. પાંચ વર્ષ વચમાં ગયાં છે, પણ હું તો તેનો તેજ છું

"વારૂ, ઠીક. પદ્મમાકર, જ્યારથી તું વિલાયત ગયો ત્યાર હું અને પિતા. તેમાં તેમનું ઘડપણ, જીદ્દી સ્વભાવ. તું જાણે કે જ્યારથી આપણે નાનાં હતાં ત્યારથી સાથે રમતાં, સાથે ગાડ માં બેસી શાળામાં જતાં. મારા બંગલામાંથી નીકળી હું ફક્ત તા માની પાસેજ આવતી, તારી સાથે રમતી. આજે પણ હું અ પિતાજી તારીજ વાત કરતાં હતાં ને તું આવ્યો." નલિન પોતાની ભેગી થયેલી ગુંચવણી પુરી કરીને જવાબની રાહ જોત બેઠી. પદ્મમાકર એના નિખાલસ અને મિત્રથી પણ અધિક મિ સરખું હેત રાખનાર લક્ષાધિપતિની દીકરી પાંચ વર્ષની જુદાગર પછી તેવીજ રહેશે કે કેમ એમ શંકામાં હતો. એણે ધાર્યું હત કે બી. એ. ના અભ્યાસ પછી નલિની વધારે ભારેખમ થઇ હશે મને મળવાની પણ એ તસ્દી લેશે નહીં અત્યારે તો એણે ઉલટું જ જોયું. તે જવાબ આપતાં ગુંચવાયો તે બોલ્યો: "નલિની! તમે મને યાદ કરતાં હતાં, પણ હું કેવો કે મને અહીં આવ્યે અઠવાડીઉં થયું, પણ મને નવરાશ ન આવી એ શું? મેં ખોટું નથી કર્યું? મારે તને મળવા તેજ દિવસે આવવું ઘટતું હતું; પણ હું તમને મળવાનું ભુલ્યો નહોતો, અને હજુ પ્રેકટીસ શરૂ કરતાં પંદર દિવસની

વાર છે, એટલે નવરોજ છું. હું ફરી આવીશ. તમે પણ નવરાશે આવશો ? કેટલીક વિદેશની વાતો કરીશું. આજ તો હું ઉઠીશ, કારણ તમારી અશક્ત પ્રકૃતિ છે અને રાત ઘણી ગઇ છે.” પદ્માકર ઉઠયો. નલિનીએ તેને દાદર સુધી વળાવ્યો ને તે પોતાના ઓરડામાં આવી. મનમાં તરંગો કરતી તે પથારીમાં પડીઃ—

“પદ્માકર બાળમિત્રની મુલાકાત, તેનો તેવોજ ચાલુ મિત્રભાવ, નિખાલસ મન, તેનો ગુલાબી અને ભરાવદાર ચહેરો, મજબુત અને આરોગ્ય શરીર, આ શું એક ગરીબડો પદ્માકર ! લોક પાસે ઉછીનું દ્રવ્ય લઈ ભણવાનો ઉમંગ, આ બધું ખાનદાની ભરેલું શું નથી ? ઈશ્વર હવે એને પૈસો આપે તો ઉછીનું પાછું આપી મોટામાં ખપે. ફક્ત એને પૈસાનીજ ખોટ છે. હવે જ્યારે મળીશ ત્યારે એને હું પૈસા આપી એનું રૂણ ફેડવા કહીશ.”

પ્રકરણ ૯ મું.
કરોડાધિપતિ.

કાન્તિને કરોડાધિપતિ થવાની હોંશમાં ઉંઘ આવતી નહોતી. વિલાસ પણ ખાઈ પીને મંડયો હતો. તેઓ રાજનગર જઈ ત્યાંના મુનીમોને મળ્યા. જવાબ મળ્યો કે તમારે મુંબઈ જઈ અમારા સોલીસીટરોને મળવું પડશે.

બેઉ જણ મુંબાઈ આવ્યા. પહેલાં તો કાન્તિએ પોતા માટે સારાં કપડાં ખરીદ્યાં. સોલીસીટરનો પત્તો મેળવી તેને ત્યાં ગયા. વાત કરી કે પોતે તેનો હકદાર વારસ છે. પોતે મરનારના સગા ભાઈનો છોકરો છે. એ સિવાયની કેટલીક હકીકત સોલીસીટરે પુછીને લખી લીધી. પહોંચેલા વિલાસે કેટલીક મરી મીઠા સાથે હકીકત કહી. બીજાઓને પૂછી ખાત્રી કરવા જણાવ્યું. વધારેમાં જણાવ્યું કે આ માટે અમારે થોડા દિવસ અહીં રહેવું પડશે. અમોને અત્રે કાંઇ ઓળખાણ નથી. તેમજ ખર્ચ પણ થશે તો .. શેઠ કાન્તિલાલના નામપર થોડા રૂપીઆ આપો અને તેઓ

એ મીલ્કત હાથમાં આવેથી વ્યાજ સાથે પાછા આપશે. પુખ્ત ઉમરના સોલીસીટરને લાગ્યું કે એની હકીકત મળતી છે. માટે તેણે રૂપીઆ પાંચસો કાન્તિલાલને આપ્યા. તે ઉપરાંત કહ્યું, "ચોપાટીપર શેઠ મનોહરદાસનો બંગલો છે ત્યાં તમે રહો. હું તેના રખેવાળ પર એક ચીઠ્ઠી લખી આપું છું." આમ કહીને સોલીસીટર મનમોહને એક ચીઠ્ઠી લખી આપી.

ચીઠ્ઠી લઈ તેઓ એક ભાડાની વિકટોરીઆ કરી ચોપાટીપર ગયા. બંગલામાં જઇ ચીઠ્ઠી આપી. તરતજ નોકરે કુંચી લઇ મોટો હોલ ઉઘાડી આપ્યો અને ખાવાપીવાનો બંદોબસ્ત કર્યો તથા વાંચવા લખવાની ને સુવા માટેની બધી ચીજોથી જાણીતા કર્યા.

બન્ને મિત્રો જમેલા તો હતા જ. હવે ફક્ત આરામની જરૂર હતી તેથી બન્ને મિત્રો તૈયાર કરેલા પલંગો પર પડયા. બારણું બંધ કરવાનું તેઓ ભુલ્યા ન હોતા. હવે બેઉએ ખુલ્લે વાત કરવા માંડી.

"વિલાસ! આપણને રખડવું તો પડયું, પણ સોલીસીટરની ખાત્રી થઇ ગઈ હોય એમ લાગે છે, અને તેમાં ખોટું પણ શું છે? સગો ભત્રીજો છું એટલે મીલ્કતનો વારસ હું જ હતો. આપણે નહીં આવ્યા નહોત તોપણ તેઓ મનેજ શોધતા આવત." કાન્તિએ અભિમાનમાં કહ્યું. હવે વિલાસથી બોલ્યા વિના રહેવાયું નહીં: "કાન્તિ! તને શોધતા આવત એ વાત ખરી. પણ તું કયા ખુણામાં છે તે તો ફક્ત બંદોજ જાણતો હતો, સમજ્યો? બે મહીના થયા તોપણ તને શોધતા ન આવ્યા! વળી તું દુનીઆ પર છે એમ પણ કોણ જાણે. બધી યુક્તિ મેં બતાવી તે તું પલકમાં જ ભુલી ગયો. હજુ માલીક તો થયો નથી, ફક્ત મુકામ માટે બંગલો મળ્યો. એટલું જ થયું છે. રૂપીઆ તો વ્યાજે લીધા છે, સમજ્યો?"

"વિલાસ એ બધું ખરૂં, પણ હું જ એનો વારસ છું એ વાત તો તારે માનવીજ પડશે ને હવે તારે મને દબાવવાનું છોડવું પડશે. એ તો ઠીક છે કે હું ને તું બે જ છીએ. વારૂ, હવે કાલે આપણે શું કરવું તે કહે."

" કાલે શું કરવાનું હોય? હવે કરવાનું ને સોલીસીટરને મળીને કહેવાનું કે મારી મીલ્કત ક્યારે સોંપો છો? પછી શું જવાબ દે છે તે જોઇશું. પછી બીજી વાત. પણ હવે તો તમે શેઠ ને હું તમારો સલાહકાર વકીલ એ વાત પણ તમારે માનવી જ પડશે. ને મારી ફી પણ આપવીજ પડશે અને સો રૂપીઆ તો મેં પહેલાં જ ખરચવા કાઢયા છે તે પણ આપવા પડશે. સમજ્યા શેઠ? તે ઉપરાંત કેટલુંક મારે કહેવાનું છે, તે હું હાલ કહેતો નથી. કારણકે હાલ તો આપણો હક્ક સિદ્ધ કરવો છે. તે ચોકસ થયા પછી બીજી વાત, કારણ તે તો તારા લાભ વિરૂદ્ધ છે. ઘડીકમાં બધું ઉંધું વળી જાય. સમજ્યો? હવે તું કહેતો હોય તો હું મારે ઘેર જાઉં. તું તારૂં ફોડી લેજે." વિલાસ કાન્તિના જવાબની રાહ જોતો રહ્યો.

આ ખુલ્લે દીલે વિલાસને લાંબું ભાષણ કરતો સાંભળી કાન્તિ તો દંગજ થઇ ગયો અને શું બોલવું તે તેને સુઝ્યું નહીં. જો વિલાસ છટકી જાય તો બધું સ્વપ્નું જ થઇ જાય. હજી વિલાસની ખરી

હતી, તેથી તે નરમ પડી ગયો અને દાવ રમી ગયો. તેણે કહ્યું:

ાં વલ સ! બધો ઉપકાર તારોજ છે. હું તો જરા

કાન્તિને કરોડાધિપા... ...રો જીવજાન દોસ્ત છે, અને તારો ઉપકાર

વિલાસ પણ ખાઈ પીને મંડયો હ...ળવી મારી મીલ્કત હાથમાં લઇશ

ના મુનીમોને મળ્યા. જવાબ મળ્યો કે ...શ." આવું વિવેકભર્યું કાન્તિનું

સોલીસીટરોને મળવું પડશે. ...ે હવે ઠેકાણે આવ્યો છે.

બેઉ જણ મુંબાઇ આવ્યા. પહેલાં તો કા... છે. હવે આપણે આરામ

સારાં કપડાં ખરીદ્યાં. સોલીસીટરનો પત્તો મેળવી પાટે થોડી રીતભાત

વાત કરી કે પોતે તેનો હકદાર વારસ છે. પોતે મ...ત્રાચારાઓ થશે.

ભાઈનો છોકરો છે. એ સિવાયની કેટલીક હકીકત શકવા જેટલી

પૂછીને લખી લીધી. પહોંચેલા વિલાસે કેટલીક મરી મ... ટાણા માર્યા,

હકીકત કહી; બીજાઓને પૂછી ખાત્રી કરવા જણાવ્યું. વ...

ચુાવ્યું કે આ માટે અમારે થોડા દિવસ અહીં રહેવું ...ને સીતાં

અમોને અત્રે કાંઇ ઓળખાણ નથી. તેમજ ખર્ચ પણ થશે

તમો શેઠ કાન્તિલાલના નામપર થોરા રૂપીઆ આપો અને તેરં

ત્હમે કેવાં થશો ?

(૧) મેડમ કરી એક ગરીબ પોલાંડના વતનીની દીકરીએ ગરીબાઈમાં અભ્યાસ કર્યો હતો. મો. કરી સાથે અભ્યાસ દરમીયાન સ્નેહ થવાથી તેની સાથે લગ્ન થયા બાદ આ જોડાએ રસાયનિક શોધખોળમાંજ જીવન ગુજારવા માંડયું અને આજથી પચીસ વર્ષ પહેલાં પહેલ વહેલી "રેડીયમ"ની શોધ તેણે કરી. મો. કરી ગુજર્યા બાદ પણ આ ગરીબ વિધવાએ પોતાની પ્રયોગશાળા ચાલુ રાખી છે. હાલમાં ફ્રેંચ સરકારે ૫૦૦ પાઉંડનું વાર્ષિક સાલીયાણું આ શોધક બાઈને બાંધી આપ્યું છે.

(૨) ધંધા તરીકે ગાવાને આપણામાં હલકું ગણવામાં આવે છે, અને એમ પણ ખરૂં કે ગુજરાતીઓનો સંગીતનો શોખ કટાઇ ગયો છે. નાયકાનું સંગીત સાંભળવું અગર જોવું એ કેટલાક નિષેધ ગણે છે. પાશ્ચાત્ પ્રજાઓમાં આ કલાકારોની એટલી બધી અવગણના થતી નથી. જયમ ગ્રામોફોન રેકર્ડોએ જોહરા, મલકા, ગોહર, જાનકીબાઇને પ્રસીદ્ધિ આપી છે તેમ અમેરીકા અને ઇંગ્લંડમાં મેડમ ગાલીકરસીને અથાગ પ્રસીદ્ધિ મળી છે. તે સામાન્ય સમાજમાં રહીને પોતાનો ધંધો કરે છે ને એક વખતને માટે તે ૫૦૦ પાઉંડ એટલે લગભગ સાડાસાત હજાર રૂપૈયા લે છે. કલા જેની કદર કરે છે તેની લોક પણ કદર કરે છે.

(૩) મીસ માર્ગારેટ બોન્ડફીલ્ડ–સાધારણ રીતે "મેગી"ના નામથી ઓળખાય છે. તે ૧૪ વર્ષની ઉમરે એક દુકાનમાં મદદનીશ તરીકે નોકર હતી, પરંતુ અભ્યાસ અને નિરીક્ષણને લઈને આજ બ્રીટીશ પાર્લામેંટમાં દાખલ થઈ છે. તે લડાઇ દરમીયાન લડવૈયાને માટે અને ઘવાયલા માટે લુગડાં શીવતી અને બીજી રીતે મદદગાર થઈ પડી હતી. અત્યારે તેને મજુર પક્ષની સરકારમાં પ્રધાનમંડળમાં હોદ્દો પણ મળ્યો છે.

પડવા લાગ્યાં. પેટની ઝાળથી વ્યાકુળ થયેલી માતાઓ પોતાનાં લાડકાં બાળકોના હાથમાંનો ખોરાકનો કોળીઓ ઝુંટવી લઇને ખાવા તૈયાર થતી હતી. પતિ પત્નીના હાથમાંથી જુવારનો રોટલો પડાવી લેતો, અને એવાં અનેક હૃદયવિદારક દૃશ્ય એ દુકાળના સમયમાં દેખાવા લાગ્યા. ઇતિહાસકાર કહે છે, કે એ સમયે પેટની જ્વાળાઓથી પીડિત ભૂખ્યા મનુષ્યો પત્નીનો પ્રેમ, સંતાનનો સ્નેહ, પિતા પ્રત્યેનો પૂજ્યભાવ એ બધું વિસરી ગયા. અલક્ષ્મીના કૃપાકટાક્ષથી એક કોળીઆ ધાન્યની ખાતર લોકોએ લાજ, શરમ, અભિમાન, કુળનું ગૌરવ આદિ બધા વિચારોને તિલાંજલી આપી દીધી હતી. જ્હાં જુઓ ત્હાં હાડપીંજર સમા દેહના મૂર્તિમાન પ્રેતસમા મનુષ્યો એક રોટલીના ટુકડા સારૂં લ્હડી મરતા દેખાતા હતા. એ ભયંકર દુકાળનું વર્ણન કરીને અમે અમારી સુકુમાર વાચક બ્હેનોનો સમય નહીં લઈએ. છપ્પનીઆમાં જે લોકોએ બ્હાર જઈ ગરીબ લોકોની દુર્દશા નજરે જોઈ હશે હેમને કાશ્મીરના એ ભયંકર દુકાળની કાંઈક કલ્પના આવી શકશે.

કાશ્મીરના સદ્‌ભાગ્યે એ સમયે તુંજીન અને વાક્‌પુષ્ટા જેવાં પરોપકારી, દયાળુ અને પ્રજાવત્સલ રાજા રાણી હતાં. એમણે એવી વિપત્તિના સમયમાં રાજમહેલમાં બેસી રહીને મોજ મજાહ ઉડાવવાનું યોગ્ય ન ધાર્યું. દુકાળથી પીડાતા લોકોનો આર્તસ્વર એમની છાતી વીંધી નાંખવા લાગ્યો. તેઓ બ્હાર આવ્યાં, અને પોતાનો બધો ખજાનો અને દરદાગીના પ્રજાના હિતને સારૂ, દુકાળીઆને અન્ન આપવા સારૂ ખુલ્લાં મુક્યાં. રાજા રાણી જાતે ગલીઓમાં, રસ્તાઓમાં અને ઘેરે ઘેર ફરીને ગરીબોને અન્ન વ્હેંચવા લાગ્યાં. એમનાં દર્શન માત્રથી રૈયતનું દુઃખ ચાલ્યું જતું. જંગલ, સ્મશાન, ગલી, ચૌટું, ઘરબાર કોઈ પણ સ્થાન એવું ન રહ્યું કે જ્હાં રાજા રાણીએ જાતે જઈને દુઃખી લોકોને આશ્વાસન આપીને ભોજન કરાવ્યું ન હોય. આ પ્રમાણે પ્રજાની સેવા કરતાં કરતાં રાજ્યનો બધો ખજાનો ખાલી થઈ ગયો. વળી પૈસા ખરચીને પણ ખરીદવા ધારે તોપણ દેશમાં અનાજ મુશ્કેલ થયું હતું; એટલે રાજા અત્યંત નિરાશ થયો. હવે એનું ધૈર્ય રહ્યું નહીં. એક દિવસ ભુખ્યો તરસ્યો આખો દિવસ પરિશ્રમ કરીને રાજા ઘેર આવ્યો, પ્રજાનું દુઃખ સંભારીને મ્હોટે સાદે વિલાપ કરવા લાગ્યો. એનાં નેત્રમાંથી દડ દડ અશ્રુ ટપકતાં હતાં. રાણી વાક્‌પુષ્ટા એ સમયે શયનગૃહમાં ઇષ્ટદેવની પ્રાર્થના કરી રહી હતી કે હે પરમાત્મન્! અમારા ઉપર દયા કરો; અમારી ગરીબ રૈયતનાં દુઃખનો પાર રહ્યો નથી. કરૂણાસાગર! અમારા હામું જુઓ અને એમનું અન્ન સંબંધી કષ્ટ નિવારણ કરો. જે સમયે રાણી

એવો આત્મહત્યાનો વિચારજ ત્હમને કેમ સૂઝયો ? રાજા અસાધ્ય દુઃખોને દૂર ન કરી શકે તો પછી એનું મહત્વજ શેમાં છે ? સત્યવ્રત રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની શક્તિ દેવતાઓમાં પણ નથી. પતિમાં ભક્તિ રાખવી એ સ્ત્રીઓનું વ્રત છે, માંહોમાંહે દ્રોહ અને કુસંપ ન કરવો એ મંત્રીઓનું વ્રત છે, અને સર્વ પ્રકારે પ્રજાનું પાલન કરવું એ રાજાનું વ્રત છે. માટે હે વ્રતધારીઓમાં શ્રેષ્ઠ ! ઉઠો, મ્હારા વચનને મિથ્યા ન માનશો. પ્રજાપાળ ! ચાલો. આપણી પ્રજાનું ભુખમરાનું દુઃખ ટળી ગયું એમ સ્હમજો. નિરાશ થઈને પડી રહે નહીં પાલવે. આપણા દેહમાં પ્રાણ છે ત્હાં લગી આપણી ફરજ છે, કે રૈયતને કોઈપણ પ્રયત્ને બચાવવી. એક પણ મનુષ્યને મૃત્યુના મુખમાંથી બચાવી શકીશું તો આપણા જીવ્યાનું સાર્થક છે. આપણા બધાએ પ્રયત્નો જ્યારે નિષ્ફળ જશે, પ્રજાજનમાંથી એકે એક કાળના મુખમાં સપડાઇ જશે, ત્હારે બેશક લાચાર થઇને આપણે બન્ને ચતામાં ચ્હડીશું, પણ ત્હાં સૂધી નિરાશ થવાની કાંઈ આવશ્યકતા નથી. પ્રભુએ આપણી પરીક્ષા લીધી છે. એ પરમ દયાળુ પિતા આપણી પવિત્ર નિષ્ઠાનો જરૂર બદલો આપશે. જો મ્હેં સાચા દિલથી પતિસેવા કરી હશે, જો મ્હેં શુદ્ધ મનથી પ્રભુને સેવ્યા હશે તો એ મ્હને અવશ્ય આ સમયે સહાય કરશે.

એટલું કહીને રાણી વાક્પુષ્ટા એકાગ્ર ચિત્તે પ્રભુની પ્રાર્થનામાં નિમગ્ન થઈ ગઇ. આજે એણે નિશ્ચય કર્યો હતો કે પ્રભુને મ્હારી પ્રાર્થનાથી સંતુષ્ટ કરીશ, નહીં તો પતિના પહેલાં હું જ આ સંસારનો ત્યાગ કરીશ. રાણીએ કલાકના કલાક સૂધી દીનપ્રજાની ખાતર પ્રભુની ઉપાસના કરી. પુષ્કળ કરગરીને અસંખ્ય આંસુ પાડયાં. અશરણના શરણ દીનાનાથ ત્હેમની વ્હારે ધાયા.

જોત જોતામાં આકાશમાંથી કબુતરોના મૃતદેહ દુકાળીઆની પાસે આવીને પડયાં, અને ત્હેમણે અનેક દિવસ ત્હેનાથી પોતાની ભૂખ શમાવી.

રાજતરંગિણીકારનું અનુમાન છે, કે એ પતિવ્રતા રાણીએ પોતાના પુણ્યપ્રભાવથી કબુતરના જેવા કોઈ બીજાજ પદાર્થની વૃષ્ટિ પ્રભુ પાસે કરાવીને પ્રજાનું સંકટ ટાળ્યું હતું. કેમકે પ્રાણી માત્ર ઉપર દયા રાખનાર અને અહિંસાનું વ્રત ધારણ કરનારાં રાજા રાણી અસંખ્ય જીવોની હિંસાનું કલંક પોતાના ઉપર લાગવા દે એ સંભવિત નથી. અમારા અનુમાન પ્રમાણે

૧ અતિશય બરફ પડવાથી પક્ષીઓ મ્હોટી સંખ્યામાં મરણ પામેલાં હોવા જોઇએ, અને જ્યાં પેટની આગ હોલવવાનોજ પ્રશ્ન રહ્યો, ત્હાં મનુષ્ય વિધિ નિષેધનો બહુ વિચાર કરવા રહેતો નથી. એ સંકટના સમયમાં કાશ્મીરવાસીઓએ કબુતરના માંસથી ઉદરજ્વાળા શાંત કરી હોય તો એમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી.

થોડી મુદતમાં આકાશ નિર્મળ થઈ ગયું અને રાજાના શોકની સાથે સાથે દુકાળની પણ શાન્તિ થઈ ગઈ. રાજાએ રાણી વાકૂપુષ્ટાને પોતાની રૈયતની રક્ષક ગણીને ઘણો ધન્યવાદ આપ્યો.

રાણી વાકૂપુષ્ટા પુણ્યની મૂર્તિ હતી. એણે બ્રાહ્મણોને માટે ઘણી સામગ્રી અને રાચરચીલાં સહિત વિશાળ અન્નાગાર બંધાવ્યા. ત્યહાં આગળ છૂટે હાથે ગરીબો તથા બ્રાહ્મણોને અન્ન વ્હેંચવાની યોજના કરી હતી. સેંકડો વર્ષો સુધી એ અન્નાગારોમાં સેંકડો વટેમાર્ગુઓ આશ્રય લેતા અને રાણી વાકૂપુષ્ટાને આશીર્વાદ આપતા.

રાજા તુંજીન છત્રીસ વર્ષ સુધી રાજ્ય કરીને ભર યુવાવસ્થામાં પરમધામ સધાવ્યા, એટલે પતિવિરહથી પીડિત રાણી વાકૂપુષ્ટાએ પણ પ્રાણ ત્યજી દીધો. જે સ્થળે એ પતિવ્રતા રાણી સતી થઈ હતી એ સ્થાન હજુ પણ વાકૂપુષ્ટાટવીના નામથી પ્રસિદ્ધ છે.

રાજા રાણી નિઃસંતાન મરણ પામ્યાં, પણ એમનો યશ ચિરંજીવ છે*.

રાબેયા.

[લેખક—રા. રા. રમણિકલાલ જયચંદ દલાલ, બી. એ.]

"હે પરમકૃપાળુ પરમેશ્વર! આ સંસારમાં મ્હારે માટે ત્હેં જે નિર્માણ કર્યું છે તે તું ત્હારા શત્રુને આપ. મ્હારે માટે ભાવિ જીવનમાં પારિતોષિક રૂપે ત્હેં જે સંઘરી રાખ્યું છે તે ત્હારા પૂજકને અર્પી તેને ભાગ્યશાળી કર. મ્હારે માટે તો તું એકલોજ બસ છે, મ્હારે વધારે કાંઈજ જોઇતું નથી. હે પ્રભુ! રૌ રૌ નર્કથી ડરી જો હું ત્હારી પૂજા કરું તો એ નર્કની જ્વલંત રક્તજ્યોતમાં મ્હને રાતદિવસ બળવા દેજે. સ્વર્ગીય સુખ ભોગવવાની લાલસાથી જો હું ત્હારું અર્ચન કરું તો મ્હારે માટે સ્વર્ગનાં દ્વાર સદાય બન્ધ કરી રાખજે. પરન્તુ સ્વયં ત્હારેજ માટે જો હું ત્હારે ધ્યાન ધરું તો મ્હને ત્હારી પ્રકાશિત જ્યોતિથી હીનભાગી ના કરીશ."

ઈસ્લામયોગિની રાબેયાની આ હમેશની પ્રાર્થના હતી; અને ખરેખર! એ એક વિરલ બાઈ હતી. કઠોર ત્યાગના પડદા પાછળ, દૈવી પ્રેમના આંતરિક ખંડમાં બળતી બળતી એ પોતાનું જીવન સદાય ગુજારતી.

* રાજતરંગિણી તથા Ideal of Indian womanhood ઉપરથી.

તુર્કસ્તાનમાં આવેલા બસરા શહેરમાં ગરિબ માબાપની એ ચોથી કન્યા હતી, તેથીજ એનું નામ 'રાબેયા' પાડવામાં આવ્યું હતું. 'રાબા'નો અર્થ અરબી ભાષામાં 'ચાર' થાય છે. તે ઉંમરે લાયક થઈ થઈ એટલામાં તો એનાં માબાપ બન્નેય દેવલોક પામ્યાં. એક કપ દુષ્કાળે એના કુટુમ્બને તદ્દન નિર્માલ્ય હાલતમાં લાવી મૂક્યું. એની બ્હેનોથી ક્રૂર વિધાતાએ એને જુદી પાડી. કહેવત છે કે પડ પડ તો સદાવડી: એ જાતે દુષ્ટ માણસના હાથમાં જઈ પડી. એણે વળી થોડાક પૈસાની ખાતર ગુલામ તરીક બીજાને વેચી. એનો નવો માલિક તો વળી વધારે નિષ્ઠુર નિવડ્યો. ઉમ્મર અને શક્તિ ઉપરાંત બિચારી રાબેયા પાસે એ સખત મજુરી કરાવતો. એની આજ્ઞા પ્રમાણે પૂરેપુરૂં કામ એ હમેશાં કરી શકતી ન્હોતી, એથી વારંવાર એને શિક્ષા સહન કરવી પડતી. એના કષ્ટનો પ્યાલો છલોછલ ભરાઇ રહ્યો ત્યાં સુધી એણે સર્વ મુંગે મ્હોઢે સહન કર્યા કર્યું. અન્તે અપમાન અને ધિક્કારથી હિજરાતું અસહ્ય થઈ પડ્યાથી એ એના માલિકને ઘેરથી નાસી છૂટી. ગરિબ બિચારી-અનાથ બાલિકા! અજાણ્યે માર્ગે ચાલવામાં એ ટેવાયલી ન્હોતી. ચાલતાં એક સખત ઠોકર વાગીને ગબડી પડી. એનો એક હાથ ઉતરી ગયો. વિષાદ તથા સંકટની છાયા એની ચારે બાજુ વીંટાઈ વળી. જમીન એના પગ તળેથી ખસી જતી ન હોય એમ એને ભાસ્યું. એણે જમીન પર માથું નાંખી દીધું. એનું હૃદય ભરાઈ આવ્યું. એ પ્રભુને પોકારવા લાગી: "અરેરે! ભલા ભગવાન! હું અનાથ છું. મ્હારાં માતપિતા મ્હને એકલી મૂકી પરલોક સિધાવ્યાં. હું બીજાની ગુલામ બની છું. મ્હારો હાથ ભાગ્યો છે; પરન્તુ આ કમનસિબીઓ મ્હને નહિ નમાવી શકે. ત્હને સંતોષ થાય એજ માત્ર મ્હારે જોઇએ છે. આ ત્હારી કિંકરીથી ત્હને સંતોષ મળ્યો છે કે નહિ એ મ્હને કહે." પ્રત્યુત્તરમાં એક મધુર સ્વર સંભળાયો: "મ્હારા વ્હાલા બચ્ચાં! દુઃખી ન થા. થોડાજ સમયમાં ત્હારી કીર્તિ પ્રસરશે. સ્વર્ગના દેવદૂતો ત્હારા પર અમીદૃષ્ટિ કરશે."

રાબેયા સાન્ત્વન પામી. પોતાની પ્રથમ જગ્યાએ આવી પાછી હાજર થઈ ગઇ. ત્યારપછી દિવસભર એ પોતાના શેઠની સેવા ઉઠાવતી. રાત્રિ પ્રાર્થના અને શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં ગાળતી. એક દિવસ એવું બન્યું કે મધ્યરાત્રે એનો માલિક ઉંઘમાંથી અચાનક જાગી ઉઠ્યો. એ વેળાએ રાબેયાની ઓરડીમાંથી કંઈ આવાજ આવતો સંભળાયો. રાત વધારે ગઈ હતી એટલે એની જીજ્ઞાસા વધી. એ દ્વાર પાસે આવ્યો. બારણાની ફાટમાંથી જોતાં

એને એક અલૌકિક દૃશ્ય નજરે પડયું. મધ્યરાત્રિના અનુપમ એકાન્તમાં એ ગરિબ બાળકી પ્રભુને પ્રાર્થી રહી હતી. તમામ કુદરત શાન્ત બની રહી હતી: "હે વિભુ! ત્હારી આજ્ઞાને આધીન રહેવાની મ્હારી સતત ઇચ્છા છે એ ત્હારી જાણબ્હાર નથી જ. ત્હારા મંગલ મન્દિરમાં રાત્રિદિવસ રટન કર્યા કરવાની મ્હારી કેવી તીવ્ર ઇચ્છા છે! પરન્તુ ત્હેં તો કંઈ જુદુંજ નિર્માણ કર્યું જણાય છે. ત્હેં મ્હને બીજાની ગુલામ બનાવી છે. મ્હારે મ્હારા માલિકની ચાકરી બરાબર કરવાની છે. એથી ત્હારી પાસે આવતાં રોજ મોડું થાય છે. ઓ મ્હારા વ્હાલા પ્રભુ! હું શું કરૂં?"—આ પ્રમાણે એ નમ્રતાથી પ્રભુને વિનવી રહી હતી. ઘરનો માલિક બારણા પાછળ છુપાઇ આ સર્વ સાંભળી રહ્યો હતો. શેઠની દૃષ્ટિ રાબેયા ઉપર બરાબર હવેજ પડી. એનું આખું શરીર દૈવી પ્રકાશથી ઝળહળી રહ્યું હતું. એનાં કિરણોના વક્રીભવનથી આખી ઓરડી ઝગઝગી રહી હતી. એના શબ્દે શબ્દે ભક્તિભાવ ઝરી રહ્યો હતો. એના હૃદયમાં આસ્થાનો દિપક પ્રકાશી રહ્યો હતો. એનું હૃદય કંપ્યું. બિચારો માલિક આ ચિત્ર જોતાં અજાયબ બની ગયો. બીજીજ ક્ષણે એને વિચાર આવ્યો કે, "આવી મહાપુણ્યશાળી ભક્તિમતી બાઇ પાસે ગુલામી કરાવવી બીલકુલ ઉચિત નથી, ઉલટું મ્હારા સર્વ સામર્થ્યથી એની પૂજા કરવી યોગ્ય છે." બીજેજ દિવસે રાબેયાને છુટી કરવામાં આવી. એનો શેઠ નમ્રતાથી એની તરફ વળ્યો, ને માન દઈ એને સંબોધી: "આપ મ્હારૂં આગણું પાવન કરશો તો હું મ્હારી જાતને કૃતાર્થ થએલી માનીશ. આજથી હું આપનો ગુલામ છું." પરન્તુ એની ઘણીયે અનિચ્છા છતાં, એની સહૃદય સંમતિ તથા અનુજ્ઞા લઈ રાબેયાએ એ સ્થાનનો ત્યાગ કર્યો. કઠોર તપ આદરવા વનમાં એકાન્ત સ્થલ માટે તેણે પ્રયાણ કર્યું.

હવે તો એ રાત્રિદિવસની દરેક પળ પવિત્ર કુરાનનો અભ્યાસ કરવામાં કે પ્રાર્થના અને ધ્યાનમાં ગાળવા લાગી. કોઈ કોઈ વખત એ હુસેન બસ્રી નામના ફકીરના સ્થાનકે આવતી. થોડોક સમય તો એણે તદ્દન એકાન્ત અરણ્યમાં ગાળ્યો. ત્યાં એ પ્રતિક્ષણ પ્રાર્થના કરતી ને ધ્યાન ધરતી. ત્યાર બાદ એ એક મસીજદના પવિત્ર મઠમાં રહી. છેવટે એ મક્કાની હજ કરવા નીકળી પડી. ત્યાંજ એણે એના જીવનના બાકીના દિવસો વ્યતીત કર્યા. એ જીવનપર્યન્ત કુમારિકા રહી હતી. તેણે પોતાના દેહને તથા આત્માને હિન્દુઓનાં સ્ત્રીભક્ત મીરાંબાઈ માફક શ્રી પ્રભુચરણે સમર્પિત કર્યો હતો.

રાબેયા તદ્દન અશિક્ષિત બાઈ હતી, છતાંય દેશપરદેશના લોકો એની

પાસે આવતા. એના છાયલની કિનારી ચૂમી પોતાનું જીવન ધન્ય માનતા. એના મુખેથી ભક્તિભાવનાં વચનામૃતો ઝીલતા. મહાન્ દ્રષ્ટા હુસેને એકવાર કહ્યું હતું કે રાબેયાને સામાયિક અક્ષર જ્ઞાન ઉપર આધાર રાખ્યા વિના, કેવળ આંતરિક પ્રેરણાથીજ અમાનુષી ભાવનાવાળી દૈવી જ્ઞાન પ્રાપ્ત થયું હતું. હુસેનને રાબેયા માટે ખાસ માન હતું. એક દિવસે પ્રાર્થનાકાળે રાબેયા મસજીદમાં ન્હોતી આવી શકી. એથી હુસેને ઉપદેશ દેવાની શરૂઆત ન કરી. એકત્ર થએલા બધાય મનુષ્યોએ એને વ્યાખ્યાન ચલાવવા આગ્રહ કર્યો. એને એમ પણ કહેવામાં આવ્યું કે એક વૃદ્ધા હાજર નથી એમાં શું થઈ ગયું? પરન્તુ એણે પ્રત્યુત્તર વાળ્યો કે, "જે ખાણું મ્હેં હાથીને માટે તૈયાર કર્યું છે એ હું કીડીને નજ આપી શકું."

એક દિવસ રાબેયાને એના લગ્ન વિષે પૂછવામાં આવ્યું ત્યારે એણે ઘણીજ નમ્રતાથી જવાબ વાળ્યો: "લગ્ન દેહ સાથે સંબંધ ધરાવે છે. પરન્તુ મ્હારો દેહ ક્યાં છે? મ્હારો દેહ મ્હારી પાસે નથી, પછી હું મ્હારી જાતને કેવી રીતે લગ્નગાંઠે ગાંઠી શકું? આ શરીરને તો મ્હેં સદાયને માટે પ્રભુને ચરણે ધર્યું છે. એના ઉપર હવે માત્ર પ્રભુનેજ હક્ક છે. એમની આજ્ઞાનેજ એ આધીન છે. એમના સંદેશા પાર ઉતારવામાંજ એ લીન બની ગયું છે."

એક દિવસ હુસેને રાબેયાને પૂછ્યું: "આધ્યાત્મિક દિશામાં ત્હમે આટલી બધી પ્રગતિ શી રીતે કરી!" એણે જવાબ વાળ્યો—"મ્હેં આ દુનિયાની સર્વ વસ્તુઓ ગુમાવી દીધી ત્યાર પછીજ હું પ્રભુને આલિંગવા ભાગ્યશાળી થઈ શકી છું."

"ત્હમે પ્રભુ વિષે શું જાણો છો?" વળી પાછો હુસેને પ્રશ્ન કર્યો.

રાબેયાએ ઉત્તર દીધો;—"સંસારનાં મનુષ્યો પ્રભુને આવો કે તેવો કલ્પે છે; પરન્તુ હું તો એને એ પ્રમાણે પિછાનતી નથી. દુનિયાની સર્વ વસ્તુઓ કરતાં એ કાંઇ વિશેષ છે એમ હું તો માનું છું. ત્હમને જેમ હું પ્રત્યક્ષ સ્પષ્ટ રીતે જોઉં છું એવીજ રીતે જો હું એમને દૃષ્ટિસમીપ ન નિહાળી શકી હોત તો હું એનું પૂજન ન કરત." એક દિવસ કેટલાક મનુષ્યો રાબેયા પાસે આવ્યા ને તેનો ઉપદેશ માંગ્યો. એણે સ્હામો સવાલ કર્યો: "ત્હમે બધા પ્રભુને શા માટે ભજો છો?" એકે કહ્યું કે 'નર્કનાં દુઃખોથી પીડાવું ન પડે તેટલા માટે પ્રભુનું સ્મરણ પોતે કરી રહ્યો છે.' બીજાએ કહ્યું કે, 'સ્વર્ગનું સુખ અને સૌંદર્ય ભોગવવાની તક મળે તે સારૂ એ પ્રભુનું ધ્યાન ધરી રહ્યો છે.' મધુરો ઠપકો દેતી એ બોલી "માત્ર કાયર ગુલામોજ શિક્ષાના ભયથી કે બદલાની આશાથી દોરવાઈ

જઈ પોતાના માલિકને સંભારે છે. સ્વર્ગ યા નર્ક એ બેમાંથી કાંઇ પણ ન હોત તો શું પ્રભુનો ભાવ ન પૂછાત? દરેકે સ્વયં તેના માટેજ તેને ચ્હાવો જોઇએ ને સત્યભાવથી એનું પૂજન કરવું જોઇએ."

દૈવી ફરમાનમાં રાબેયાની આસ્થા અમર હોઈ શુભેચ્છા ગણી એને વધાવી લેતી. "વ્હાણનો ભુરદો થઇ જાય, અન્દર સફર કરનાર સર્વ તણાઈ જાય, ત્યારે માયાળુ ને કૃપાળુ વિધાતા માત્ર મ્હનેજ બચાવી ન લે તો સારૂં, એટલુંજ નહિ પરન્તુ જ્યારે સર્વ બચી ગયાં હોય ત્યારે મ્હારા પગ તળેથી છેલ્લું પાટિયું ખસેડી લઇ મ્હને ઉછળતાં મોજાંમાં એકલી નિરાધાર ધકેલી દે તોય કંઈ ખોટું નહિ." આવો અટલ વિશ્વાસ ને સંપૂર્ણ આસ્થા રાબેયાને એના પ્રભુમાં હતી. પૈસાદાર કે અમીર ઉમરાવ પાસેથી રાબેયા કદી પણ ઉપહાર સ્વીકારતી નહિ. પોતાના દિવસો એ તદ્દન ગરિબાઈમાં ગાળતી. એક દિવસ એ માંદગીના બિછાને સૂતી હતી. પાસે બેસીને એક સખી એની તબીયત સુધરે એવી પ્રભુ પાસે દુવાઈ માગી રહી હતી. આ રાબેયાથી ન ખમાયું. એ બોલી: "દૈવી ઇચ્છાથીજ આ વેદનાએ મ્હારી ઉપર કાબુ મેળવ્યો છે. કૃપાળુ વિધાતાની ઇચ્છા વિરૂદ્ધ હું કદાપિ ન જઈ શકું."

બહાર પડી ચુકી છે.

ઉષા અને અરૂણ

આવશે

ત્યારેજ સૂર્યોદય થશે.

લેખકઃ રા. ભાનુ.

સ્વયંસેવા અને દેશોદયના સિદ્ધાંત શીખવતું, સમાજ તથા રાષ્ટ્રનાં સડી જતાં અંગોનું દિગ્દર્શન કરાવતું તથા તેમની ઉન્નતિના ઉપાયો બતાવતું આ સુંદર રંગબેરંગી ચિત્રોવાળું પુસ્તક દરેક સ્વદેશપ્રેમી અને સમાજની ઉન્નતિ-ઇચ્છનારે વાંચવુંજ જોઇએ. કદ-રોયલ બારપેજી, પૃષ્ટ ૩૫૦, પાકું સુશોભીત બાઈન્ડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

મળવાના ઠેકાણાં,—

અમદાવાદ—મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. "યુગાન્તર" કાર્યાલય; સુરત.	વર્ધમાન એન્ડ સન્સ પાયધુની; મુંબાઈ. નં. ૨.

જ્યોતિર્વિનોદ કાર્યાલય.

પોસ્ટ બોક્ષ નં ૭૧; મદ્રાસ.

વિધાતાનું વિધાન.

(પ્રયોજકઃ– રા. રા. અંબાલાલ.)

મ્હારા પિતાની સ્થિતિ ઘણી સારી હતી. ભાવનગરમાં અમારે રહેવાને માટે ત્રણ માળનું એક મોટું મકાન હતું. ગાડી, ઘોડા, મોટર વગેરે મોજશોખની સર્વ સામગ્રી હતી. મ્હારા પિતાને સંતાનમાં હું એકજ હતી. સંપૂર્ણ વૈભવમાં હું મોટી થઇ હતી. ભાવનગરથી થોડે દૂર એક ગામડામાં મ્હારૂં સાસરૂં હતું. એવું આડંબરહીન ઘર કોઈ ઋષિ કન્યાને માટે હોત તો ચાલી શકત. કિન્તુ ભાવનગર જેવા મ્હોટા શહેરમાં ત્રણમાળની ભવ્ય હવેલીમાં સંપૂર્ણ વૈભવમાં ઉછરેલી ગૃહસ્થની કંન્યાને માટે ભાગ્યદેવીએ ભૂલ જ કરી કહેવાય.

મ્હારાં જ્યારે લગ્ન થયાં ત્યારે મ્હારા સસરાની સ્થિતિ સારી હતી. ભાવનગરમાં ત્હેમને પણ વાડી, ગાડી, ઘોડા વગેરે હતું. પરન્તુ વહેપારમાં ખોટ આવવાથી આ ન્હાના ગામડામાં ત્હેમણે કુટિર નિવાસ કર્યો હતો. તેઓની એવી માન્યતા હતી કે મ્હારાં પગલાંથી ત્હેમની આવી ખરાબ સ્થિતિ થઈ. એ માટે સાસરીયામાં મ્હારૂં બદનામ થયું હતું. મ્હારાં સાસરીઆં મ્હને છપ્પરપગી કહેતાં. હું ભારે પગલાંની હોવાથી તેઓ મ્હને બોલાવવા મ્હારા પિતાને કદિ પત્ર લખતા નહિં; અને વળી મ્હારા પિતાશ્રી પણ પોતાની વ્હાલી એકની એક કન્યાને આવા ગરીબ–આડંબરહીન ઘરે મોકલવાને આગ્રહ રાખતા પણ નહિ !

બંને પક્ષ વચ્ચે સામાન્ય વાંધો પડવાથી હવે સાસરે નહિ જવું પડે તેથી મ્હને પણ આનંદ થયો. ત્હેમાં મ્હારો દોષ હતો

કે મ્હારી અવસ્થાનો એ હું કહી શકતી નથી. પરન્તુ એ સમયે હું એવી ઉમ્મરની હતી કે ફૂટિરવાસ કરતાં બંગલો વધારે પસંદ કરતી. ઇશ્વિરની આપેલી હવા કરતાં ચાંપથી ચાલતા પંખાની હવા મ્હને વધારે સારી લાગતી. જેથી કહું છું કે ત્હેમાં મ્હારો કાંઈ દોષ નહોતો.

(૨)

આ સામાન્ય વાંધામાં બીજી એક સામાન્ય ભૂલ થવાથી વાત વધી ગઈ. એ પણ મ્હને યાદ છે. પડોશમાં રહેતા લોકોની સલાહથી મ્હારા પિતાએ મ્હારા સ્વામીને ભાવનગર મોકલી આપવા મ્હારા સસરાને લખ્યું હતું; અર્થાત્ ચોખ્ખા અર્થમાં કહીએ તો ઘરજમાઈ કરવાનો પ્રસ્તાવ કર્યો હતો. મ્હારા સ્વામી એ સમયે તેજ ગામની નિશાળમાં મહેતાજીની નોકરી કરતા હતા.

જ્યારે નિર્ધનાવસ્થા હોય છે ત્યારે સહેજ વાત સહેજ ભાવે કરી હોય તો પણ ચાલે નહિ. અહીં પણ તેમજ થયું. આ પ્રસ્તાવ ત્હેમને ઘણોજ અપમાનજનક લાગ્યો. તેમણે જે ઉત્તર લખી મોકલ્યો ત્હેમાં મ્હારા પિતાનું સન્માન સાચવ્યું નહોતું.

'પાડે પાડા લડે ત્હેમાં ઝાડનો નાશ' એ કહેવત પ્રમાણે અપમાનજનક ઉત્તર મળવાથી મ્હારા પિતાએ કોઈપણ દિવસ મ્હને સાસરે નહિ મોકલવાનું મનમાં નકી કર્યું. પરન્તુ આ વાતના ખબર પડતાં મ્હારી માતાની આંખમાંથી આંસુ સરી પડયાં હતાં, એ મને બરાબર યાદ છે. એ સમયે મ્હને જ્ઞાન નહોતું. હું બરાબર સમજી શકી નહિ. કિન્તુ એ પછી થોડા દિવસની અંદર હું એ આંસુનો અર્થ સમજી શકી હતી.

(૩)

માણસની ઉમ્મર જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ અનુભવ પણ ધીમે ધીમે વધતો જાય છે. તે એક સુંદર રાત્રિ હતી. અગાશી ઉપર હું એકલી બેઠી હતી. માથા ઉપર આકાશમાં ચંદ્ર પ્રકાશી રહ્યો હતો. એ સમયે અમારા પડોશમાં રહેતી

કમળા મ્હારી પાસે આવી. કમળા મ્હારી ઉમ્મરની હતી. મ્હારી સાથે એકજ સમયે ત્હેનાં પણ લગ્ન થયાં હતાં. તે બે ચાર દિવસ થયાંજ સાસરેથી આવી હતી. પહેલાં જ્યારે તે સાસરે જતી અને હું મારા પિતાના ઘરે રહેતી, ત્યારે ત્હેના દુર્ભાગ્યને માટે મ્હને દુઃખ થતું. આજકાલ એમ થતું નથી. આજકાલ તો મનમાં એમ થાય છે કે ત્હેણે એક અધિકાર પ્રાપ્ત કર્યો છે કે જે હું મેળવી શકી નથી.

કમળાએ આવી ત્હેના સાસરાના ઘરની વાતો કહેવી શરૂ કરી. ત્હેના સ્વામીના સ્નેહની–પ્રેમની વાત કહેવા લાગી. તે એવી છટાથી વાત કરતી હતી કે તે શું એ પદવી પ્રાપ્ત કરી આવી હોયની ! લગ્ન તો બધાનાં થાય છે, સ્વામી પણ હોય છે; પરન્તુ આ શું ! નિર્લજ્જની જેમ તે એટલા જોરથી હસવા લાગી કે મ્હારા મનમાં એમ થયું કે નીચે મ્હારાં મા-બાપ સાંભળી શું કહેશે. મ્હારા મનમાં કાંઇક ગુસ્સો પણ આવ્યો. ત્હેના સ્વામીનો પત્ર તે એક સો વાર વાંચી ગઇ હશે. મ્હેં કહ્યું કે-'બંધ કર, એ પત્ર સાંભળવાની મ્હને ઇચ્છા નથી.'

કમળા ચાલી ગઈ હતી, તોપણ હું ત્યાંજ બેઠી હતી. ગુસ્સાથી મારૂં શરીર ગરમ થઇ ગયું હતું. અભિમાનથી ચક્ષુઓમાં પાણી ભરાઇ આવ્યું. આ મ્હારૂં અપમાન નહિ તો બીજું શું!

(૪)

બીજે દિવસે પ્રભાતમાં વહેલી ઉઠી મેં મ્હારી નણંદને એક પત્ર લખી નાખ્યો. પત્રમાં માત્ર એજ લીટી લખી હતીઃ-"તમે બધાં કેમ છો. ખબર આપો."

પિતાશ્રીને ખબર પડશે તો ગુસ્સે થશે, જેથી કોઇને પણ ...ું નહિ. મનુષ્ય તો સમજી શકે એમ છે કે આ પત્રમાં ...ટલો ગૂઢ અર્થ સમાએલો છે. હું એ વખતે સમજી શકી ...હોતી, પણ હવે સમજવામાં આવે છે કે એ મ્હારો ગ્રોખો

હું પ્રતિદિન ઉત્તરની રાહ જોતી પણ ઉત્તર મળતો નહિ. એમ કરતાં ત્રણ ચાર દિવસ વ્યતિત થઈ ગયા.

એક દિવસ સવારે સ્નાન કરી હું બેઠી હતી. એ સમયે મ્હારી નણંદનો પત્ર આવ્યો. એ પત્ર ઘણોજ મેલો તેમજ ચોળાઈ ગયો હતો. કેટલીક જગ્યાએ ડાઘાડુઘી અને છેકેલો પણ હતો. મ્હારા મનમાં એમ થયું કે કદાચ આ પત્ર તેમના ન્હાના બાબૂના હાથમાં આવ્યો હશે. પત્રમાં લખ્યું હતું કેઃ-"મ્હોટાં ભાભી ! ત્હમારો પત્ર મળ્યો. ઉત્તર આપતાં વિલંબ થયો છે. અમે ઘણા કામમાં છીએ. કેમકે આવતી કાલે મ્હારા ભાઈનાં લગ્ન છે. ત્હમે કેમ છો ?" ત્હેમના ભાઈનાં લગ્ન-મ્હારા સ્વામીનાં લગ્ન ! મ્હારી આંખે અંધારાં આવ્યાં. પૃથ્વી ફરવા લાગી. હું ત્યાંજ બેસી ગઈ.

હું જ્યારે શુદ્ધિમાં આવી ત્યારે 'કાલે લગ્ન' એ શબ્દો યાદ આવ્યા. એક ક્ષણનો પણ વિલંબ નહિ કરતાં ત્યાં જવાનો મ્હેં મનમાં નિશ્ચય કર્યો. અસંભવિત વિપદ્ ન આવે તો અસંભવિત બળ પણ ન આવે. મનમાં એમ થયું કે વિધાતાની આવી ઇચ્છા હશે ! આવી અસંભવિત વિપદ્ ત્હેણે ન આપી હોત તો કોઈ દિવસ પણ મ્હારો ઉદ્ધાર થાત નહિં.

પ્રથમ મ્હારી માતા પાસે જઈ મ્હેં કહ્યું-'હું અત્યારેજ જઈશ.' એમ કહી પત્ર ત્હેના ખોળામાં નાખ્યો. મ્હારી માતાએ પત્ર વાંચી કહ્યુંઃ—'હા જવું પડશે.' એમ કહેતાં કહેતાં ત્હેની આંખોમાંથી દડદડ કરતાં અશ્રુઓ પડવા લાગ્યાં. હું અને મ્હારી માતા જ્યાં બેઠાં હતાં ત્યાં મ્હારા પિતાશ્રી પણ એકાએક આવી ચડયા. મ્હારી માતાએ બધી વાત કહી અને છેવટે મારો વિચાર પણ જણાવ્યો. એ સાંભળી તેમણે કહ્યુંઃ-"બ્હેન ! તારી સાથે હું પણ આવીશ."

(૫)

સ્ટેશનથી મ્હારૂં સાસરૂં ત્રણ ગાઉ દૂર હતું. હું અને મ્હારા

પિતા જ્યારે પહોંચ્યાં ત્યારે સંધ્યાકાળનો સમય હતો. ઉત્સવ હોય મ્હારા સ્વામીગૃહમાં સરણાઈ વાગતી હતી ! કાંઇ પણ બોલ્યા ચાલ્યા શિવાય હું અને મ્હારા પિતા ઘરમાં દાખલ થયાં. ઘરમાં પ્રવેશ કરતાંજ મ્હારા સસરા સામા મળ્યા. ત્હેમણે નમસ્કાર કરી મ્હારા પિતાને કહ્યુંઃ—ઓહો ! તમે આવ્યા કે ! મ્હારૂં સૌભાગ્ય." આ બધી વાતો સાંભળવાનો સમય નહોતો—સાંભળવાનું મન પણ હતું નહિ એ સમયે તો મનમાં એમ થતું હતું કે કેમ કરી બોલવું.

હું ઘરની અંદર આવી ઓરડામાં ગઈ. એવી આશાથી કે કદિ ત્હેમનાં ત્યાં દર્શન થાય. તે આ ઓરડામાંજ હતા. ત્હેમને જોતાંજ હું ચરણોમાં ઢળી પડી, અને બોલીઃ–'નાથ ! એકવાર ક્ષમા કરો.' 'આ શું' ? મ્હારા પ્રતિ દૃષ્ટિ કરી તે બોલી ઉઠયા. મ્હેં કહ્યુંઃ–'સર્વદા તમારી સેવા કરીશ–ત્હમારા પગની રજ કરતાં પણ ઉતરતી થઇ રહીશ–લગ્ન કરો નહિ." ત્હેમણે મ્હારો હાથ પકડી મને ઉભી કરી અને કહ્યું:—'ત્હારી ભૂલ થાય છે. કાલે તો મ્હારા નાના ભાઈ રસિકનાં લગ્ન છે. શું હું ફરી લગ્ન કરૂં ? " એમ કહી ત્હેમણે મ્હને પોતાના બાહુપાશમાં લઇ એક મીઠું–મધુરૂં—

એ સમયે પણ અમારા મિલનના ઉત્સવની મધૂરી સરણાઈ વાગતી હતી.

મ્હારાં નણંદ કમળાએ લખ્યું હતું કે:–'ન્હાના ભાઈનાં લગ્ન છે.' પરન્તુ ત્હેમના બાળુએ 'ન્હાના' શબ્દ રમતમાં છેકી નાખવાથી આમ બનવા પામ્યું. વિધાતાનું વિધાન ! હજી પણ સંધ્યા સમયે રોજ દીવાબત્તી કરતી વખતે અશક્યને જે શક્ય કરી શકે છે ત્હેને–પરમાત્માને–વારંવાર હું પ્રણામ કરૂં છું.

ગર્ભવતી યા ભાવિ માતા.

માતાનું કાર્ય ઘણી જોખમદારી ભરેલું છે. જો તે ગર્ભકાળથી સાવધાન થઇને ન ચાલે તો માતા અને બાલક બન્નેને ચિન્તારૂપ થઈ પડે છે. દરેક કામ વિચારપૂર્વક કરવાથી કોઇ જાતની આશંકા રહેતી નથી. પરમેશ્વરનો કેવો ઉત્તમ નિયમ, કેવું અદ્ભુત ચાતુર્ય અને વ્યવસ્થા છે કે જે કાર્યાનુસાર કંઇપણ વિઘ્ન વિના સંતાનોત્પત્તિ થયાજ કરે છે.

કંઇપણ કષ્ટ વિના પ્રસવ થાય એવા દાખલાઓ બહુ ઓછા પ્રમાણમાં મળી આવે છે. સ્ત્રીઓને પ્રસવકાળે જે કષ્ટ થાય છે તે સાંભળીને આપણાં રૂવાં ખડાં થઈ જાય છે. જે સ્ત્રીઓ ગર્ભાવસ્થામાં સાવધાનીથી અને નિયમ પ્રમાણે ચાલે છે તેને પ્રસવકાળે અધિક કષ્ટ થતું નથી. ગર્ભાવસ્થામાં ગર્ભિણીનું પેટ સાફ ન રહેવાથી, દસ્ત સાફ ન આવવાથી અર્થાત્ બધકોષ રહેવાથી પ્રસવકાળે ઘણું કષ્ટ પ્રાપ્ત થાય છે. આનું કારણ એ છે કે પેટમાં મળની જમાવટ થવાથી અને તેના દબાણથી પ્રસવમાર્ગ સંકીર્ણ બની જાય છે. આ કારણથી ગર્ભવતી સ્ત્રીએ પોતાનું પેટ બહુજ સાફ રાખવું જોઇએ. બાદી (વાયુવર્ધક) કરનારી અને દસ્તને રોકનારી ચીજોનું બિલકુલ સેવન કરવું નહિ.

નિર્મળ શુદ્ધ પાણી પીવું. બની શકે તો દૂધનો ખોરાક અધિક પ્રમાણમાં રાખવો. આટલું છતાં જો પેટ સાફ ન રહે તો એરંડીયા તેલનો (કેસ્ટર ઑઇલ) જુલાબ લેવો. આ જુલાબ ઘણોજ ઉત્તમ છે. કારણકે તેથી કોઇ પણ પ્રકારની હાનિ પહોંચતી નથી. ડૉકટરો ન્હાના બાળકને પણ આ જુલાબ અપાવે છે.

બીજી પણ એક બાબત પર લક્ષ આપવાની જરૂર છે. ગર્ભકાળમાં ગર્ભવતીના શરીરમાંથી પસીનો અને પિશાબ અધિક પ્રમાણમાં નીકળવાથી પ્રસવપીડા ઘણી ઓછી થાય છે. આ કારણથી ગર્ભવતીએ ઠંડું પાણી અધિક પ્રમાણમાં પીવું ઉચિત છે. કોઈ કોઈ કાચા દૂધ સાથે પાણી મેળવીને પણ પાય છે. આમ કરવાથી પિશાબ અધિક પ્રમાણમાં જઈ તેની સાથે શરીરની કેટલીક ઝેરી ચીજો બહાર નીકળી જાય છે. આ રીતે પસીનાદ્વારા પણ શરીરનો ઘણો બગાડ નીકળી જાય છે. શરીરને સ્વચ્છ રાખવાથી પસીનો ખૂબ થાય છે અને તેથી ગર્ભિણીએ પોતાનું શરીર તદ્દન સ્વચ્છ રહે તેમ કાળજી રાખવી.

ખાવાપીવામાં પણ કેટલીક બાબતો પર લક્ષ આપવાની જરૂર છે જે પદાર્થોના સેવનથી શરીરમાં બલ ઉત્પન્ન થાય અને જલદી પચી જાય એવું ભોજન લેવું જોઈએ. જમતી વખતે ખોરાક ખૂબ ચાવીને જમવે જોઈએ, કારણ કે તેથી ખોરાક જલદી પાચન થઈ જાય છે. ખોરાક સારી રીતે પાચન થવાથી શરીરમાં રક્ત ઉત્પન્ન થાય છે. ગર્ભના દિવસોમ ગર્ભવતીના પેટમાં દર્દ થાય એ ઘણું જોખમદારી ભરેલું છે. ક્વચિત આથી ગર્ભપાત થવાનો સંભવ છે. આ કારણથીજ ખાવાપીવામાં ઘણી કાળજી રાખવી જોઈએ. આપણે ત્યાં ઘણી સ્ત્રીઓ ખાવાપીવામાં બહુજ અનિયમિત રહે છે. કોઈ વખત અધિક પ્રમાણમાં તો કોઈ વખત બિલકુલ નહિ, કોઈ વખતે દિવસમાં ચાર વખત જમે તો કોઈ વખત ઉપવાસ પણ કરીલે ! એવું યા અધિક બન્ને નુકશાનકર્તા છે.

ગર્ભાવસ્થામાં ગર્ભવતીએ જે નિયમોનું પ્રતિપાલન કરવું જોઈએ તેમાંના કેટલાક સામાન્ય નીચે પ્રમાણે છે:—

૧ ભોજન કરતી વખતે અધિક પ્રમાણમાં પાણી પીવું નહિ. ભોજન કર્યા પછી થોડો સમય વિશ્રાન્તિ અવશ્ય લેવી.
૨ રાત્રિએ સારી ઉંઘ આવે તેવા પ્રયત્ન કરવા. દિવસે સુવાથી રાત્રે સારી ઉંઘ આવતી નથી માટે તે ટેવ છોડી દેવી.
૩ અધિક પરિશ્રમ કરવો નહિ, તેમ એક જગાએ પત્થર માફક કાયમ બેસી રહેવું એ પણ સારું નથી.
૪ પહેરવા-ઓઢવાનાં તથા બિછાવવાનાં કપડાં સ્વચ્છ રાખવાં જોઈએ. તંગ યા કસકસીને કપડાં પહેરવાં એ હાનિકારક છે.
૫ કોઈ જગાએ એકલા જવું નહિ. તેમજ જે કામ કરવાથી મનમાં ભય ઉત્પન્ન થાય એમ લાગે તે પણ કરવું નહિ.
૬ કોઈ સ્ત્રીનો પ્રસવકાળ જોવો નહિ. કારણકે કોઈ સ્ત્રીને પ્રસવ સમયે અધિક પીડા થાય અને તે જોવાથી ગર્ભવતીના મનમાં ભય ઉત્પન્ન થાય છે.
૭ હંમેશાં સારા વિચાર, ઉમદા વર્તન, શુદ્ધ વાણી, અને ઉત્તમ વાતો તથા ઉત્તમ પુસ્તકોનું વાચન આ ઘણું ઉપયોગી છે.

આ ઉપરથી સમજાયું હશે કે ગર્ભકાળમાં ઘણી સાવધાનીથી ચાલવું છે. કેમકે આ સમયમાં કંઈ વિપત્તિ આવી પડે તો એક સાથે બે પ્રાણીઓ સંકટમાં આવી પડે છે. છેવટ એટલું કે બાળકને સ્તન-પાન કરાવતાં સુધી દરેક સ્ત્રીએ સાવધાન રહેવાનું ભૂલવું નહિ.+

હંસરાજ વી. ભદ્રેશ્વરા.

+ એક હિંદી લેખના આધારે ફેરફાર સાથે.

'સ્ત્રીબોધ'નો બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] મે, ૧૯૨૪. [અંક ૫ મો.

પ્રભાત.

હરિગીત.

જુઓ લગાર બ્હાર પક્ષીઓ કલોલ શાં કરે,
હરે ફરે ઉડે રમે, ન કોઇ શોચના ધરે;
જુઓની ચકલીઓ ખ્હણે કરે વિનોદ વારતા,
ખ્હણેં ઘણાક કાગડા મળી લડાઈ બ્હોરતા. ૧

ઘણાક ભક્ત ભાવિકો પ્રભાત રાગ ગાય છે,
ઘણા નદીથી નાહિ આવતા ઘણાક જાય છે;
નદીથી નીર સુંદરી ભરી સહર્ષ આવતી,
ઉજાળી બેડલાં રવિ પ્રકાશમાં ઝગાવતી. ૨

ઉઠોની બાળ શું તમે હજુ સુધી પડી રહ્યાં,
ભણ્યાની વેળાં જાય કેમ આમ આળસુ થયાં;
પડે કુટેવ જન્મ જાય દુઃખમાં દિલે ડરો,
પવિત્ર થૈ પ્રભુ સ્મરી જ કાજ આજનું કરો. ૩

જગજીવન દ૦ મોદી.

૧ચો બાળક ઇન્દુકુમાર.

[લખનાર-રૂગનાથ નાનજી વ્યાસ, રાજકોટ.]

આપણામાં કહેવત છે કે-" પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય."

આ સૂત્રાનુસાર બાળક ઇન્દુકુમારને પુરાં છ વર્ષ તો ન્હોતાં થયાં અને શાળામાં સો સુધીના આંક કે પુરી બાળપોથી ન્હોતી ચાલી, તો પણ પોતાના ભાઇભાંડુની મદદથી આ બાળક ઇન્દુકુમારને સો સુધીના આંકની પાટ બોલવી, સો સુધીના પાડા માંડવા અને સંપૂર્ણ બાળપોથી વાંચી જવી તે તો સહજજ હતું.

આ બાળક ઇન્દુકુમાર શાળામાં સત્યનો તો નમુનો હતો. આપણે જો તેના તરફ જોઇએ તો આપણું હૃદય તેના ઉપર સહસા દોડે, અને તેના ઉપર પ્રેમની ઉર્મીઓ છુટે. તેની ચપળતા, તેની બોલવાની મીઠાશ, અને તેની ચતુરાઇ ઉપર આપણે તો મોહીજ પડીએ, અને તેનું અનુકરણ કરવાની વૃત્તિ પણ ઘણાઓને થઇ જાય.

આ બાળક ઇન્દુકુમાર કાંઇ સાચું બોલવામાં, ચાલવાની ચતુરાઇમાં અને ભણવામાંજ પહેલે નંબરે આવતો એવું ન હતું. પણ આવડો નાનો છતાં માબાપની સેવા કરવામાં તો તે બહુજ આનંદ માનતો. કયારેક કયારેક પોતાનાં માબાપના પગ ચાંપતો ચાંપતો આંકની પાઠ બોલી માબાપને રીઝવતો, અને પોતે રાજી થતો. ભાઇભાંડુ સાથે તો તેને અગાધ સ્નેહ હતો. આડોશી પાડોશીનાં છોકરાં તો આ ઇન્દુકુમારને ઘડી બે ઘડી ન જુએ તો તો બેબાકળાં બની જતાં, ને ખુણે ખાંચરે કયાંય ઇન્દુકુમાર છે, કયાંય ઇન્દુકુમાર છે. આમ રાડો પાડી પાડીને ગોતતાં ને મળતાં ત્યારે જાણે બે ચાર વર્ષે ભેગાં થયાં હોયની ! તેવો જોનારને ભાસ થતો ને પછી એક બીજાં રમતાં, કુદતાં ને ભણતાં.

એક વાર ઈન્દુકુમારના પિતા વસંતરાયને થોડો ઘણો તાવ આવી ગયો. આથી ઈન્દુકુમારથી નિશાળે ન જવાયું અને આખો દિવસ તેણે પોતાના પિતાની સેવામાં ને સેવામાં કાઢયો.

બીજે દિવસે તો વસંતરાયને તાવ ઉતરી ગયો, કે તુરતજ નિશાળનો ટાઇમ ૧૧ વાગ્યાનો હતો છતાં ઈન્દુકુમારને ભણવા ઉપર અતિ પ્રીતિ હોવાથી ને ૧૦ા વાગ્યાગાંજ નિશાળની બહારની ઓસરીમાં જઇ બેઠો.

ઓસરીમાં બેઠો ન બેઠો ત્યાં તો તેનો સહાધ્યાયી ચુનિલાલ આવ્યો ને તુરતજ ઇન્દુકુમારને જોઇને બોલ્યો,

ભાઈ, ઈન્દુકુમાર, આપણા માસ્તરે કાલે આપણા વર્ગને ૯૧ નો પાડો શિખવ્યો છે અને પછી બીજે દિવસે લેસનમાં લખી લાવવાનો તેનો તે કહ્યો છે. તું કાલે ન્હોતો આવ્યો, જેથી આ લે આ આંકની ચોપડી ને તેમાંથી જોઇને ઝટપટ લખી લે. કારણ કે જે નહીં લખે તેને માસ્તર સાહિબ છેલ્લે નંબરે કાઢશે. આથી તું ઉતાવળ રાખ અને જલદી લખી લે.

ઈન્દુકુમાર બોલ્યો, એક તો ચોપડીમાં જોઇને ચોરી કરીને પાડો લખવો અને શિક્ષકને છેતરીને ઉંચો નંબર લેવો, આવા બે ગુન્હા તો હું નહીંજ કરૂં. ચુનિલાલ બોલ્યો, હું તારો નંબર છેલ્લો ન જાય તેટલા માટે કહું છું. હવે તો તારી મરજી હોય તેમ કર, માસ્તર તો પાડો લખ્યો છે કે નહિ તે જોઇને નંબર આપશે. ઈન્દુકુમાર બોલ્યો, ભાઇ એવું તું કાં બોલ ? તું માસ્તરનું કહેવું સમજ્યો લાગતો નથી. તે દિવસે પેલો વિનોદરાય ચોપડીમાં જોઇને પાડો લખી લાવ્યો હતો પણ તે જોતી વેળા શિક્ષકે તેમને સવાલો પૂછયા, ને તેમને ન આવડયા આથી તે ખોટો ઠર્યો. માટે શિક્ષકનું કહેવું એવું છે કે, પ્રથમ પાડો મોંએ કરવો ને પછી ચોપડીમાં જોયા વગર લખી લાવવો.

ચુનીલાલ બોલ્યો, તું તો ઉલટો મને ખોટો પાડે છે. તને મેં કહ્યું તેજ ભૂલ કરી. હવે પછી નહીં કહું.

ઈન્દુકુમાર બોલ્યો, ભાઇ, તારી નહીં પણ મારી ભૂલ થઇ ગણ, પણ છેવટે માસ્તર સાહેબ શું ન્યાય આપે છે તે જોજે. હું તો એમજ કહું છું કે સાહેબ પાઠો લખી લાવવાનું કહે છે તેનું કારણ એજ છે કે પાઠો મોંએ કરીને પછી લખવો, નહીં કે ચોપડીમાં જોઇને મોંએ ન કર્યો હોય છતાં લખી જાવો. અને શું લેસન આપેલ છે તેની ખબર ન હોવાથી પાઠો લખ્યો નથી તો હવે પછી સાહેબ શું ન્યાય આપે છે, તે જોજે. પછી તો તું સાચું માની જાઇશ ને !

ચુનીલાલ બોલ્યો, હા, સાહેબ કહે તે કબુલ છે.

આમ વાતો ચાલે છે ત્યાં તો નિશાળનો ઘંટ વાગ્યો અને સાહેબ નિશાળમાં આવ્યા. ઈશ્વર સ્તુતિ બોલાઇ ગયા પછી સાહેબે લેસન જોવા માગ્યાં. સૌ સૌએ પોતાના લેસનો બતાવવા માંડયાં,ને તે સાહેબ માંડયા જોવા. જોવાઇ રહ્યા પછી આખા વર્ગને સામાન્ય પ્રશ્નો પૂછવા માંડયા. આમાં પહેલો નંબર ઇન્દુકુમારનો આવ્યો અને જેઓ ચોપડીમાં જોઇને લખી લાવ્યા હતા, તેઓ છેક છેલ્લા ગયા. આમ અંતે તો કુદરતના ક્રમ પ્રમાણે "सत्यमेव जयते" તેજ સૂત્રાનુસાર થયું.

ઈન્દુકુમારનો પહેલો નંબર આવેલો જોઇ ચુનીલાલને તેના સાચા બોલવાપર ઘણોજ પ્રેમ પ્રગટ થયો, અને પોતે ખોટું બોલ્યો તેનો પસ્તાવો થયો. અને પછી બોલ્યો, ભાઇ ઈન્દુકુમાર, મેં પ્રથમ તને ખોટું કહ્યું ને તું ખોટા રસ્તાપર ન દોરાયો,તેમજ શિક્ષકને ન છેતરવાની અને સાચે માર્ગે ચાલી, ઉંચો નંબર મેળવવાની તારી રીતને હું ધન્યવાદ આપું છું. ઇશ્વર પાસે મારી માગણી એજ છે છે કે હું પણ તારોજ નમુનો બની ઉંચે નંબરે આવું.

આમ ચુનીલાલે પ્રભુ પાસે પ્રાર્થના કરી, આથી ચુનીલાલ પણ દુકુમાર જેવો બન્યો. છેવટે હું પણ પ્રભુ પાસે પ્રાર્થના કરૂં છું દરેક સાચા બાળક ઇન્દુકુમારના જેવા બનો.

બ્રાહ્મણનું સ્વપ્નું!

[હિંદી ઉપરથી લખનાર-બેન કાશી દેવચંદ રામજી.]

એક શેઠ કોઈક ગામ જતા હતા તેને રસ્તામાં એક બ્રાહ્મણ મળ્યો. શેઠે ધાર્યું કે એ બ્રાહ્મણનો સાથ થાય તો ઠીક. તેથી તેણે બ્રાહ્મણને પુછ્યું, " કેમ મહારાજ, કયાં જાઓ છો ? " બ્રાહ્મણે જવાબ દીધોઃ " શેઠજી, હું તો રામપુર જાઉં છું. શેઠ, તમે કયાં જાઓ છો ? શેઠે કહ્યું, " હું તો તેનાથી આગળ મોહનપુર જાઉં છું. " ત્યારે બ્રાહ્મણ બોલ્યો, " ચાલો, એકને બદલે બે થયા. " પછી બન્ને જણા ગપ્પાં મારતા ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં સંધ્યા કાળ થઈ ગયો ત્યારે તે બન્ને જણા એક ગામમાં રાત રોકાયા.

તે બન્નેને બહુ ભૂખ લાગી હતી. શેઠે બ્રાહ્મણને એક રૂપીઓ આપીને કહ્યું, કે " જાઓ, વાણીઆની દુકાને જઈને લોટ, ઘી, મસાલો વગેરે બધો સીધાનો સામાન લઈ આવો. " બ્રાહ્મણ રસોઈનો બધો સામાન લઈ આવીને રોટલી કરવા માંડયો. જ્યારે ભોજન તૈયાર થઈ ગયું, ત્યારે બ્રાહ્મણે શેઠને બોલાવ્યા. અને કહ્યું, " ચાલો શેઠજી, ભોજન તૈયાર છે. " શેઠે આવીને રોટલી ગણી તો સાત નીકળી. તરતજ બન્ને વચ્ચે તકરાર શરૂ થઈ: બ્રાહ્મણ કહે, " મેં બજારમાંથી સામાન લઈ આવીને મહેનત કરી ભોજન તૈયાર કર્યું છે, તેથી ચાર રોટલી હું લઉં. " શેઠ કહે, પૈસા મારા હતા. મારી ગાંઠને રૂપીએ જમવાનું તૈયાર થયું છે, માટે ચાર રોટલી હું લઉં. "

થોડીવાર સુધી તો બન્ને એમ લડતા રહ્યા. પછી શેઠે જાણ્યું કે આ તકરારનો પાર નહિ આવે. તેથી તેણે કહ્યું કે

"આ રીતે આપણો નીકાલ નહિ આવે. આપણે બધી રોટલી ઢાંકીને સુઈ જઈએ, અને સવારે આપણે પોતપોતાને આવેલા સ્વપ્નાની વાત સંભળાવીએ. જેને સારૂં સ્વપ્નું આવ્યું હશે તેને ચાર રોટલી મળી શકશે." બ્રાહ્મણે શેઠની વાત કબુલ રાખી, અને રોટલીઓ ઢાંકીને બન્ને જણ સુઇ ગયા.

શેઠ બહુજ થાકી ગયા હતા એટલે સુતાની સાથે તેને ભારે ઊંઘ આવી ગઈ. પણ બ્રાહ્મણને ઉંઘ ન આવી. તે વિચાર કરવા લાગ્યો કે કેવી રીતે મને ચાર રોટલી મળે. છેવટે રાતમાં તે ઊઠયો, અને રોટલી કાઢીને છાનોમાનો ખાવા લાગ્યો. ધીરે ધીરે બધી રોટલી તે ખાઇ ગયો, અને ખાઈ પીઈને નિરાંતે પાછો સુઈ ગયો.

કેટલોક વખત સુધી શેઠ સુઈ રહ્યા. પણ ભૂખને લીધે ઉંઘ ઉડી ગઇ. પછી તેને રાત કાઢવી અઘરી થઇ પડી. રામ રામ કરતાં છેવટે સવાર પડયું. શેઠે મનમાં વિચાર્યું કે બ્રાહ્મણતો ગમાર છે. તેને કાંઇ સારૂં સ્વપ્ન નહિ આ૦ હોય. હું તેને એક અદ્દભુત સ્વપ્ન સંભળાવું કે મને ચાર રોટલી મળે. બ્રાહ્મણ હજી પણ સુતો હતો. શેઠે તેને હાથ પકડીને ઉઠાડયો. તે આંખો ચોળતો ચોળતો ઉઠયો. શેઠે કહ્યું, "કહો મહારાજ, કેવું સ્વપ્ન જોયું!" બ્રાહ્મણે કહ્યું, "પહેલાં તમે તમારૂં સ્વપ્ન સંભળાવો."

શેઠે કહ્યું, "સારૂં, હું મારૂં સ્વપ્ન સંભળાવું છું. એવું સારૂં સ્વપ્ન તો તમે તમારી સાત પેઢીમાં પણ નહિ જોયું હોય. ઠીક, સાંભળો. મેં સ્વપ્નમાં જોયું, કે ઇન્દ્રના ચાર દૂત મારી પાસે આવ્યા. અને તેણે મને કહ્યું, 'શેઠજી, ઇન્દ્ર લોકમાં બહુ મોટો ઉત્સવ થાય છે. ઇન્દ્ર દેવે આપને તે જોવા ખાસ બોલાવ્યા છે.' તે દૂતો તેની સાથે એક વિમાન લાવ્યા હતા. તે વિમાનમાં બેસીને હું ઇન્દ્ર લોકમાં ગયો. ત્યાંના આનંદની વાત શી કરવી? બાગોમાં ફૂલ ખીલી રહ્યાં હતાં. મીઠી સુગંધ આવતી હતી. કોયલ ટહુકા કરી રહી હતી. દેવ લોકોએ સુન્દર વસ્ત્રો તથા બહુજ ભારે

હાંગીના પહેર્યા હતા. અને જ્યાં જોઇએ ત્યાં ધામધુમ થઈ રહી હતી.

થોડી વાર પછી ઈન્દ્ર મહારાજાના મહેલમાં હું ગયો. દરવાજે ચાર ચોકીદાર ઉભા હતા. તેણે મને માન આપ્યું. અનેક સુન્દર શણગારેલા ઓરડાઓ પસાર કરીને હું સભા મંડપમાં ગયો. ત્યાં ઈન્દ્ર મહારાજ સિંહાસન ઉપર બેઠા હતા. સભામાં દેવ લોકો પોત પોતાને ઠેકાણે બેઠા હતા. અપ્સરાઓ નાચ કરી રહી હતી. ત્યાં આખી રાત નાચ જોયો. નાચ પુરો થયો, એટલે ઈન્દ્રના દૂતો મને અહીં પહોંચાડી ગયા."

એટલું કહીને શેઠે બ્રાહ્મણને પુછયું, "મેં તો મારા સ્વપ્નની વાત કહી સંભળાવી: હવે તમે તમારા સ્વપ્નની વાત કરો."

બ્રાહ્મણે કહ્યું, "ભાઈ, તમે તો બહુ સરસ સ્વપ્નું જોયું. પણ મને તો એવું ભયંકર સ્વપ્ન આવ્યું કે હજી પણ મારૂં શરીર બીકને લીધે કંપે છે." શેઠ બહુ રાજી થયા, અને કહ્યું, "ઠીક, સંભળાવો તો ખરા."

બ્રાહ્મણ કહેવા લાગ્યો, "રાતના બહુ વખત સુધી મને ભૂખને લીધે ઉંઘ આવી નહિ. જ્યારે બહુજ મુશ્કેલીથી ઉંઘ આવી, ત્યારે જોયું તો ચાર યમદૂતો મારી પાસે ઉભા હતા. તેનું રૂપ બહુજ ભયંકર હતું. તેનો વેશ કાળો અને મોં કાજળ જેવાં હતાં. આંખો લાલ ચોળ હતી. તેમનો ભયંકર વેશ જોઇને હું તો કંપવા માંડયો. મારી પાસે આવીને તેમણે મને ઠોકર મારીને ઉઠાડયો. ઠોકર લાગતાંજ મારો જીવ જાણે નિકળી ગયો. તેમણે ઘણા જોરથી પૂછયું, 'અહીં કોનું જમવાનું ઢાંકી મુકયું છે?' મેં કહ્યું, 'મહારાજ, મારૂં તથા મારા એક સાથીનું છે.' યમદૂત બોલ્યા, 'ઉઠીને હમણાંજ એ ખાઈ જા.' મેં હાથ જોડીને કહ્યું, 'મહારાજના સોગન, એમાં અર્ધું ભોજન મારા સાથીનું છે. તેની રજા સિવાય હું એકલો ખાઇ નહિ શકું.'

"મારી વાત સાંભળીને યમદૂત બહુજ નારાજ થયા. અને તેમણે કહ્યું, કે 'અરે નાલાયક! ઉઠીને ખાય છે કે નહિ! સમ-

જાવતાં નહિ ખાઈશ, તો દંડા મારીને ખવરાવીશું.' શેઠજી, યમદૂતથી ભૂત પણ ભાગી જાય છે. તો શું કરૂં? તેના મારની બીકથી હું પછી ઉઠીને ખાવા બેઠો."

..હવે તો શેઠ ચિડાઇ પડયો, અને ક્રોધ કરીને બોલ્યો, "તો મને કેમ ન બોલાવી લીધો?" ત્યારે બ્રાહ્મણે ઘણીજ નરમાશથી જવાબ દીધો, કે "મેં તમને બહુજ બુમો પાડી, પણ તમે તો ઈન્દ્રની સભામાં અપ્સરાનો નાચ જોવામાં તલ્લીન થયા હતા, તે મારો અવાજ ક્યાંથી સાંભળો? જ્યારે હું બધું ભોજન ખાઈ ગયો, ત્યારે જ તે દુષ્ટોએ મારો છેડો મુકયો. રોટલી ખાઇને હું સુતો કે થોડી જ વારે તમે મને હાથ પકડીને ઉઠાડયો.'

શેઠે પૂછ્યું, "મહારાજ, સ્વપ્નની વાત કહો છો કે સાચે સાચું જ એવું કર્યું છે?"

ત્યારે બ્રાહ્મણે કહ્યું, "તે તો જ્યારે તમે જઈને રોટલીઓ સંભાળશો, ત્યારે તમને જણાશે."

શેઠે જઈને જોયું, તો એક પણ રોટલી રહી નહોતી. તેને સમજાયું કે બ્રાહ્મણ મારાથી પણ ઉસ્તાદ મળ્યો!

તૈયાર છે! તૈયાર છે!

પાકશાસ્ત્ર

લેખકઃ—

ગં. સ્વ. લલિતાગૌરી શામરાવ

તથા

ગં. સ્વ. વિમલાગૌરી મગનલાલ

કિમ્મત રૂ. ૩—૦—૦

મળવાનું ઠેકાણુંઃ—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

મુંબાઇ; પોસ્ટ નંબર ૨.

(અમદાવાદમાં "સ્ત્રીબોધ" કાર્યાલયમાંથી પણ મળશે.)

સિંહાસન બત્રીશીની વાર્તાઓ.

વાર્તા ૧૨ મી—લાકડાના ઘોડાની વાર્તા.

[બાળકો માટે તૈયાર કરનાર—રા. કેશવપ્રસાદ દેસાઈ.]

રાજા ભોજ વિક્રમરાજાના સિંહાસન ઉપર બેસવા ગયા ત્યારે પવિત્રા નામની પુતળીએ કહ્યું કે હજીયે તમે વિક્રમરાજા જેવા પરાક્રમી અને પરદુઃખભંજન થયા નથી. જુઓ તમને તેમની એક વાત કહું.

એક વાર વિક્રમ રાજાએ માગશર સુદ ચોથને દિવસે ગણપતિનું વ્રત કર્યું હતું. ઘણા ઘણા બ્રાહ્મણોને તેમણે ઘીથી તરબોળ લાડુ જમાડયા, અને ઉપર સારી દક્ષણાઓ આપી. પછી રાજાએ ભોજનની થાળી ભરી અને પોતે જમતા પહેલાં નૈવેદ્ય કરવા ગણપતિના મંદિરે ગયા. સાથે કોઈ પણ માણસ હતું નહિ. મંદિરમાં જઈને થાળ મૂકયો તે વખતે ત્યાં તેમની નજરે એક માણસ પડયો. તે પોતાનું માથું કાપીને શીવજીને આપવાની તૈયારી કરતો હતો. રાજાએ તેને અટકાવ્યો અને પૂછયું, ભાઈ તને શું દુઃખ છે ? પેલા માણુસે કહ્યું કે મારૂં દુઃખ કોઈ દૂર કરનાર નથી. હું વિક્રમરાજા આગળ મારૂં દુઃખ કહેવા આવ્યો હતો, પણ પછી વિચાર થયો કે એવા મોટા રાજાને મારૂં દુઃખ કહી શા માટે તસ્દી આપવી, તેથી અહિંજ શીવપૂજા કરીને મારૂં માથું કમળરૂપે અર્પણ કરૂં છું. એથી આવતા જન્મમાં મારી ધારણા ફળશે. માટે તમે મને આ કામમાંથી અટકાવશો નહિ.

આ સાંભળી વિક્રમરાજા બોલ્યાઃ ભાઈ હું જ વિક્રમ છું. મને તમારૂં જે દુઃખ હોય તે કહો, અને હું જરૂર તે દૂર કરીશ.

પેલા માણસે કહ્યુંઃ હું કનોજીયો બ્રાહ્મણ છું અને કુંવારો છું.

પરણવા માટે મારી પાસે પૈસા નહોતા, પણ મને કોઇયે કહ્યું કે કામરૂદેશમાં બહુજ રૂપાળી કન્યાઓ છેને ત્યાં લગ્ન કરવાના પૈસા બેસતા નથી. તેથી હું તો કામરૂ દેશમાં ગયો. ત્યાં એક બહુજ રૂપાળી કન્યા છે, પણ તે પુરૂષોને બહુજ ધિક્કારે છે. તેની વાતો સાંભળી મારા મનમાં એમ આવ્યું કે એની સાથેજ લગ્ન કરવું જોઇયે. એમ ધારીને હું તેને ઘેર ગયો અને ત્યાં મારી હકીકત જણાવી. પરંતુ મારો સ્વીકાર કરવાને બદલે તેણે તો માર મારીને મારૂં બહુ અપમાન કર્યું, અને મને કહાડી મૂક્યો. આ કામરૂદેશમાં સ્ત્રીઓનું જ રાજ્ય છે. તેઓ પુરૂષોને બહુજ ધિક્કારે છે, અને તેમને ગુલામ તરિકે રાખે છે. હું તો બહુ દુઃખી થઇને ત્યાંથી નાસી આવ્યો છું. પણ પેલી રૂપાળી સ્ત્રીની સાથેજ લગ્ન કરવાની મને રઢ લાગી છે. જો તમે મને તે કન્યા મેળવી અપાવો તોજ મારૂં દુઃખ મટે તેમ છે.

વિક્રમરાજાએ તેને ધીરજ આપી અને કહ્યું કે હું તને તે કન્યા અપાવીશ. બીજે દિવસે તેમણે પ્રધાનને રાજ સોંપ્યું, અને પોતે કામરૂદેશ તરફ ગયા. ત્યાં પહોંચી તેમણે પેલી સ્ત્રીની તપાસ કરી. તપાસ કરતાં ખબર પડી કે એ સ્ત્રી પુરૂષોને બહુજ ધિક્કારે છે. જે પુરૂષો તેને ઘેર જાય છે તેમને જોડાથી માર મરાવે છે, અને તેમનું બહુજ અપમાન કરી કાઢી મૂકે છે. વિક્રમરાજાએ વિચાર કર્યો કે આ સ્ત્રીને વારતાના રસમાં નાંખીને જીતી લેવી પડશે. પછી તેમણે વૈતાળનું સ્મરણ કર્યું. તે આવ્યો એટલે તેની સાથે સંતલસ કરી, અને પછી પોતે પેલી સ્ત્રીને ઘેર ગયા. તેના ઘરને ચાર ચોક હતા. દરેક ચોક આગળ એકેક પડદો હતો. પહેલા પડદા આગળ એક સોનાનો પોપટ હતો. બીજા આગળ સોનાની મેના હતી. ત્રીજા આગળ સોનાનો મોર હતો ને ચોથા આગળ સોનાની ઢેલ હતી. વિક્રમરાજા તો તે ઘરને ઓટલે જઇને બેઠા. પેલી સ્ત્રીની દાસીઓ તેમનું રૂપ જોઇને અંજાઇ ગઈ, ને તેમણે પોતાની શેઠાણીને કહ્યું, બાઈ, આ પુરૂષ સાધારણ નથી જાણતો. તમે તેમનું અપમાન કરશો નહિ. એમને તમે ઘરમાં

બોલાવો. પણ પેલી સ્ત્રીએ કહ્યું કે મારે મન તો બધાજ પુરૂષો ખરાબ છે. જાવ એને પણ માર મારીને કાઢી મૂકો.

પરંતુ વિક્રમરાજાએ વૈતાળ સાથે ગોઠવણ કરી હતી તે પ્રમાણે વૈતાળ, પહેલા પડદા આગળના પોપટમાં પેઠો અને બોલ્યોઃ અહો ! વિક્રમરાય ! ભલે પધાર્યા. તમે આમ બારણે કેમ ઉભા છો ? મારાં શેઠાણી તો મૂર્ખ છે કે આવા પરદુઃખભંજન મહેમાન બારણે આવ્યા છે, તોયે આવકાર આપતાં નથી. કદાચ મારી બાઇને ખબર નહિ હોય, ખબર હોય તો તમને જરૂર માન સાથે અંદર લઈ જાય. પણ તમે ગુસ્સે થશો નહિ. અત્રે બિરાજો અને તમારા જ્ઞાનનો અમને લાભ આપો. એકાદ સુંદર જ્ઞાનની વાત અમને સંભળાવો.

રાજાએ કહ્યું કે વાત તો હું કહું, પરંતુ ઘરના માલિકની રજા વિના મારાથી અહિં બેસાય નહિ, માટે જો એ બાઈ પોતાને મોઢે મને આવકાર આપે તો હું બેસું. પોપટને બોલતો સાંભળી બધી સ્ત્રીઓ પડદા પાછળ ભેગી થઇ ગઇ હતી. એમને તો એથી બહુજ નવાઇ લાગી, અને પોતાની બાઇને તેઓએ વિનવીને કહ્યું કે તમે રાજા વિક્રમને આવકાર આપો. પેલી બાઇને પોતાને પણ આ બધી હકીકતથી નવાઇ લાગી હતી. તેમજ વાત સાંભળવાનો શોખ પણ થયો હતો, એટલે તેણે રાજાને બહાર બેસીને વાત કહેવા કહ્યું. વિક્રમરાજા ત્યાં બેઠા, અને પોપટને કહ્યું, તું હુંકારો દઈશ તોજ હું વાત કહીશ. એમ કહી તેમણે વાત શરૂ કરી, અને બધી સ્ત્રીઓ ચિત્રની માફક સ્થિર થઈને સાંભળવા બેઠી.

કોકણ નામે દેશ છે, ત્યાં ઘણુંજ ધન છે. ત્યાં કપુરસિંહ નામે રાજા રાજ કરતો હતો. તેને પુત્ર નહોતો. તે પચાસ વરસનો થયો ત્યારે તેણે પંડિતોને બોલાવીને મહાદેવજીની પૂજા કરાવી, અને તેથી તેને એક પુત્ર થયો. પુત્ર બહુજ બુદ્ધિશાળી દેખાતો હતો. ધીમે ધીમે તે મોટો થયો એટલે તેને નિશાળે મૂકયો. ત્યાં તેને એક સુતાર સાથે દોસ્તી થઈ. એ સુતારનો છોકરો

અમારા ગામથી લગભગ ચાર માઈલ દૂર રામચંદ્રનું એક દેવાલય આવેલું હતું અને ત્યાં રામનવમીને દિવસે મેળો ભરાતો હતો; ત્યાં દૂર દૂરથી હજારો માણુસો આવતાં હતાં. મને પણ ત્યાં જવાનું મન થયું. નિશાળમાં ઉનાળાની રજા પડયા પછી ઘણા ખરા મોટા વિદ્યાર્થીઓ ત્યાં જવાના હતા એટલે મને પણ તેમની સાથે જવાની ઇચ્છા થઈ.

મેળામાં જવાનો દિવસ નક્કી કરવામાં આવ્યો. મેં મારી પાડોશમાં રહેતા ગોપાળ સાથે જવાનું ઠરાવ્યું હતું. કારણ કે તે પોતાના મોટા કાકા સાથે જવાનો હતો. બીજા બધા છોકરાઓ મોટા હોવાથી એકદમ આગળ ગયા હતા, બાકી જવાના હતા હું અને ગોપાળ. મેં વિચાર કર્યો કે મારી માતા પાસેથી ગમે તેમ કરીને રજા મેળવીને હું ગોપાળ સાથે જઇશ.

માતા પાસે રજા લેવા ગયો ત્યારે મને પૂરી ખાત્રી હતી કે તે મને રજા આપશેજ. મારા બાપા કાંઇ કામને લીધે તે દિવસે પાસેના ગામમાં ગયા હતા એટલે મેં ધાર્યું કે બા પાસે ઝાઝી મુશ્કેલી આવશે નહિ. પણ રજા લેવા બાની પાસે જતાં તો મને જુદોજ અનુભવ થયો. મારી માને મેં ઘણી સમજાવી. કહ્યું કે હું અંગ્રેજી ભણું છું એટલે હવે નાનો નથી અને બીજી એવી ઘણી દલીલો કરી પણ તેણે તો ના નાજ કહ્યા કર્યું. તેણે કહ્યું, "રસ્તો ભયાનક છે. તારા બાપા ઘેર નથી એટલે જવું રહેવાદે. કોઇક તારી સાથે મોટું આવે તેમ હોત તો હું ના પાડત નહિ. તારા બાપ આવે એટલે તને તેડી જશે." પણ મેં કાંઇ ધ્યાનમાં લીધું નહિ. મારે તો કોઇ ઉપાયે જવું હતું. છેવટ મેં મારૂં બળવાન હથિયાર કે જેનાથી સર્વને હંફાવી શકાય તે વાપરવાનું શરૂ કર્યું. હું મોટે સાદે રોવા માંડયો. પણ તેની અસર તેના ઉપર કાંઇ થઇ નહિ. તેણે તો નાના ના જ પાડયા કરી.

જ્યારે મને એમ લાગ્યું કે આ ઉપાય પણ ફાવ્યો નહિ ત્યારે છેવટ મેં નાસી જવાનો વિચાર કર્યો. થોડીવાર પણ રોવાનું બંધ કરી જાણે કાંઈ બન્યુંજ નથી એમ બતાવી, ઘરમાં રમ્યો અને જ્યારે મારી બાને એમ લાગ્યું કે હું તે વાત ભુલી ગયો

છું તે વખતે મારાં લુગડાં પહેરી છાનોમાનો હું ઘરની બહાર નિકળ્યો અને ગોપાળના ઘર તરફ ગયો.

પણ ગોપાળના ઘેર જઈને જોઉં છું તો તે તો ઘણા વખત પહેલાં ગયો હતો. હું રકઝક કરવામાં રહ્યો તેટલામાં તે પસાર થઈ ગયો. કારણકે મારી માએ જઈ તેને કહ્યું કે હું મેળામાં જવાનો નથી. આથી મને વિચાર થઈ પડયો. પણ હિંમત કરીને છેવટ મેં એકલા પગે ચાલીને ત્યાં પહોંચવાનો નિશ્ચય કર્યો.

સાંજ થવા આવી હતી એટલે સાધારણ રીતે હું ઉતાવળે પગે ચાલવા માંડયો રસ્તો ઉજ્જડ લાગતો હતો અને દૂર સુધી જોતાં કોઇ જતું આવતું જણાતું પણ ન હતું. હવે મને ભય લાગવા માંડયો અને ન આવ્યો હોત તો ઠીક હતું એમ થવા લાગ્યું. પણ થોડે ચાલ્યો ત્યાં મને એક માણસ મળ્યો. તેને મેં કોઇ દિવસ જોયો ન હતો. પણ તેણે મને કહ્યું કે તે મારા બાપાનો મિત્ર હતો. આથી મને કાંઇક ધીરજ આવી. તેણે કહ્યું, "તું અત્યારે એકલો જાય છે તે ઠીક નહિ માટે ચાલ મારે કામ છે તોપણ હું તને પહેલાં ત્યાં પહોંચાડીશ." એમ કહીને તેણે મારો હાથ ઝાલી આગળ ચાલવા માંડયું અને મને મઝા પડે તેવી જુદી જુદી વાતો કરવા માંડયો. મેં કોઇ દિવસ આ રસ્તો જોયેલો ન હોવાથી હું તો એમજ ધારતો હતો કે તે મને મેળામાં લઈ જાય છે. પણ જ્યારે અંધારૂં થવા આવ્યું અને તે વખતે પણ મેળામાં ન પહોંચાયું. ત્યારે મને શંકા થઈ. પણ બીકને લીધે હું કાંઈ પૂછી શકયો નહિ. થોડી વારે અમે ઝાડીમાં પહોંચ્યા અને એ વખતે તો મને ખાત્રી થઇ કે આ કોઇ ચોર હોવો જોઈએ. કારણ કે મારી બાએ કહ્યું હતું કે ત્યાં ચોરનો ભય ઘણો છે. પણ હવે હું નિરૂપાય હતો, અને મારી શંકા ખરી પડી. જેમ જેમ આગળ ચાલતા ગયા તેમ તેમ ગાઢ ઝાડી આવતી ગઇ અને સામેથી એક માણસને મેં આવતો જોયો. આ બંને જ્યારે ભેગા થયા ત્યારે તેમણે મને ખૂબ ધમકાવ્યો અને છેવટ મારાં બધાં ઘરેણાં ઉતારી મારાં કપડાં કાઢી લીધાં અને મને ઝાડની સાથે મજબુત બાંધીને તેઓ અદૃશ્ય થઇ ગયા.

સ્ત્રીઓને વાંચવા લાયક કેટલાંક પુસ્તકો.

ચંદા: ઐતિહાસિક સ્વતંત્ર નવલકથા. કિંમત રૂ. ૧-૧૨-૦

આમાં ચારસો વર્ષ ઉપર થઈ ગયેલી રણથંભોરના દુર્ગરક્ષક સુરજનસિંહની પત્ની ક્ષત્રાણી ચંદાનો ચિતાર છે. સુરજનસિંહે લોભ-સ્વાર્થને વશ થઈને શહેનશાહ અકબરની સામે યુદ્ધ ન કરતાં મેવાડના મહારાણાનો એ અજીત કીલ્લો તેને સોંપી દેવાનો વિચાર કર્યો, ને તે વિશેની ખબર તેની સ્ત્રીને થતાં તેની વીર પત્ની ચંદાએ પોતાના સ્વામીદ્રોહી પતિનું ખૂનજ ખુન કરી પોતે બળી મુઈ સતી થઈ હતી. આ નવલકથા અદ્ભુત ને અત્યંત રસિક છે.

સુશિક્ષિત સ્ત્રી. ખાસ કરીને કેળવાએલી સન્નારીઓને વાંચવા સારૂ બાળકેળવણીના તથા સુગૃહિણીના ગૃહવ્યવસ્થાના ઉત્તમ નમુનારૂપે આ નવલકથાનું પુસ્તક લખવામાં આવ્યું છે. પાકું સળંગ છીંટનું પૂંઠું. કિંમત રૂ. એક.

સ્ત્રીકેળવણીનો ખરો ઉપયોગ— સ્ત્રી પુરૂષના પત્ર વ્યવહારરૂપે. કન્યાઓ તથા નવ પરિણિત સ્ત્રીઓને ખાસ ઉપયોગી. પતિ પત્નીના પરસ્પર લખાયેલા ૩૨ પત્રોરૂપે આ પુસ્તક છે પૂંઠું પાકું. કીંમત રૂ સવા

વિપિન: સામાજીક નવલકથા. બીજી આવૃત્તિ. કિંમત રૂ. બે. લેખક રા. રા. રાજેન્દ્રરાય સોમનારાયણ દલાલ, બી. એ.

વીસમી સદીના સમયની આ વાર્તામાં સંસાર સુધારાને અંગે ચર્ચાતા ઘણાક વિષયોનો ઉહાપોહ કર્યો છે. તીક્ષ્ણમાતી કે પ્રેમના નામ નીચે ખોટાં ચાપલાનો આમાં અંશ પણ નથી; પરંતુ સ્ત્રી-પુરૂષ કે બાળક સરખાજ રસથી વાંચે ને દરેક કોઈને કાંઈ સારો સારો પાઠ શીખે તેવી ઉત્તમ બોધદાયક છે.

સાચો ભજાર. ચાલુ જમાનાની હિંદુ સામાજીક નવલકથા—

કિંમત—૧ ભાગ ભોગની રૂ ૨; બીજા ભાગની રૂ. ૨-૪-૦

સર વોલ્ટર સ્કોટની જેવા મરાઠીમાં પ્રસિદ્ધ વાર્તા લેખક સ્વ. હરિનારાણ આપટેની એક નવલકથાનું આ ભાષાન્તર રા. રા. મુકુન્દરાય નતાઆરામ મહેતાએ કરેલું છે. આખી નવલકથાનાં એકંદર ૬૬ પ્રકરણો છે. તેમાં ચાલુ જમાનાનું તથા જનસ્વભાવનું તાદૃશ્ય ને મનોહર દૃશ્ય છે.

સતીમંડળ } ભાગ ૧—૨. લેખક—રા. રા. કેશવજી વિશ્વનાથ ત્રિવેદી નવી આવૃત્તિના દરેક ભાગની કીમત રૂ. સાડાત્રણ.

—(સ્ત્રીઓને આદર્શરૂપ દ્વિજેન્દ્ર લાલરોય કૃત નવું નાટક)

ગીતાપરિચય.

મૂળ લેખક—બાબુ રામદયાળ મજમુદાર: એમ. એ.
ડેમી આઠ પેજી ૨૦૦ પૃષ્ટનો મનનીય ધર્મગ્રંથ સર્વ મતાનુયાયીઓને ઉપયોગી. આ પુસ્તકનાં નીચે પ્રમાણે ૧૦ પ્રકરણો છેઃ—

પ્ર૦ ૧ લું—ગીતાનો આદર. પ્ર૦ ૨ જું—ગીતાનું સ્થાન, કાળ ને પાત્ર. પ્ર૦ ૩ જું—ગીતાનું વિશેષપણું. પ્ર૦ ૪ થું—ગીતામાં શક્તિનો સંચાર. પ્ર૦ ૫ મું—ગીતાનો સ્થૂલ પારચાર. પ્ર૦ ૬ ઠું—ગીતાનો રક્ષામંત્ર. પ્ર૦ ૭ મું—ગીતાનો લક્ષ્યસંકેત. પ્ર૦ ૮ મું—ગીતાનો કર્મસંકેત. પ્ર૦ ૯ મું—ગીતામાં જગતનો સંપૂર્ણ ધર્મ છે. પ્ર૦ ૧૦ મું—ગીતોક્ત ધર્મનું પ્રાચીનત્વ.

કાશીથી પરમહંસ સ્વામી શ્રી પ્રણવાનંદજી લખે છે કે, "રામ ! તમારી ગીતા મેં વાંચી. તમે ગીતારૂપી જે મહાનિધિ અમોને આપો છો તે અપૂર્વ છે. પૂજ્યપાદ આચાર્યોનાં રચેલાં જેટલાં ભાષ્ય અને જેટલી ટીકાઓ જોવામાં આવેલ છે તે સર્વે કરતાં તમારી આ ટીકા મને વધારે પસંદ પડી છે. તમારી ગીતા જેવી સરલ છે, તેવીજ ચિત્તને આકર્ષણ કરનારી છે. તે એક રીતે ગુરૂ સમાન છે." આવા સેંકડો અભિપ્રાયો આ પુસ્તક માટે મળેલા છે. કિંમત રૂ. દોઢ.

સુખશાંતિ—વિચારણા.

સુપ્રસિદ્ધ અંગ્રેજ સર જહોન લબકના એક પુસ્તકના આધારે પણ ઘણા ફેરફાર સાથે તૈયાર કરેલું આ પુસ્તક છે. આમાં સામાજીક સુખની અભિવૃદ્ધિના નીચેના વિષયોનો વિચાર દાખલા દલીલો તથા આપણા હિંદુ ધર્મના શાસ્ત્રીય પ્રમાણો સાથે કર્યો છેઃ—

પ્ર૦ ૧ લું સુખ. ૨ જું મન. ૩ જું અભિલાષા. ૪ થું મતો. ૫ મું વિપત્તિ. ૬ ઠું ઔદાર્ય. ૭ મું મિત્ર અને શત્રુ. ૮ મું ધન. ૯ મું વિવેક બુદ્ધિ. અને ૧૦ મું શાન્તિ.
કિંમત રૂા. ૧—૮—૦ ઇનામ લાયબ્રેરી માટે મંજુર થયું છે.

પ્રવાસીના પત્રો.

દેશ-સમાજ—સાહિત્ય—વિદ્યા—હુન્નર—કેળવણી—રાજ્ય વગેરે વિષયોની પત્રવ્યવહાર રૂપે સુન્દર ચર્ચા, પાકું પુંઠું. કિ. રૂ. સવા.

આ પુસ્તક વિષે રા. બ. રમણભાઈ મ. નીલકંઠ, રા. સા. ગણપતરામ અ. ત્રવાડી, રા. રા. છગનલાલ હરિલાલ પંડયા બી. એ. (કાદંબરીના ભાષાન્તરકાર): રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળા; વગેરે ઘણા વિદ્વાનોના ઉત્તમ અભિપ્રાયો મળ્યા છે. સાધારણ નિબંધો કે લેખો વાંચતાં જે કંટાળો આવે છે તેવો કંટાળો આ વિવિધ પત્રો વાંચતાં જરા પણ આવતો નથી.

ધર્મ—નીતિ—નિબંધનાં પુસ્તકો.

૦-૮-૦ હિન્દુધર્મની પાઠમાળા—સર્વ ધર્મીઓને ઉપયોગી.
૧-૮-૦ ગીતા પરિચય—મૂ. લે. બાબુ રામદયાલ, એમ. એ.
૧-૪-૦ પ્રભુભકિત—લેખક સ્વામી યોગાનન્દ-મસ્તમણિ.
૦-૧૦-૦ સોક્રેટીસ અને તેના છેલ્લા બે સંવાદ.
૦-૮-૦ ઈસુનું અનુકરણ—ઈસુનાં સર્વમાન્ય નીતિસૂત્રો.
૦-૬-૦ બુદ્ધ, ધર્મ અને સંઘ—બૌદ્ધ ધર્મની ટુંકામાં માહિતી.
૨-૦-૦ જર્મનીની ઉન્નતિ શાથી થઈ? સર્વેને ઉપયોગી માહીતી.
૧-૮-૦ સુખશાન્તિ વિચારણા. (લબકના ગ્રંથના આધારે.)
૧-૦-૦ જોસફ મેઝેનીના લેખો—માનવી કર્તવ્યો.
૧-૦-૦ શિક્ષાનો આદર્શ—ડો. રવીન્દ્રનાથ ટાગોર કૃત.
૧-૦-૦ કરકસર-પૈસાદાર કેમ થવાય?—ડો. સ્માઈલ્સ કૃત.
૦-૬-૦ મેટરલીંકના નિબંધો—રા. ધનસુખલાલ કે. મહેતા કૃત.
૦-૮-૦ બાલ ગીતા—પૂર્વાર્ધ-બાળકો માટે પહેલેથી નવ અધ્યાય.
૦-૮-૦ જાદુઈ બાગ—ભાગ ૧ લો. બાળકો માટે સરસ વાતો.
૧-૮-૦ જીવન સુધારણાના સન્માર્ગ—બે ભાગમાં શ્રેષ્ઠ નિબંધો.
૩-૦-૦ તત્વચિંતન—નિત્યપાઠ શિક્ષાપત્રી-જેમ્સ એલનકૃત.
૦-૮-૦ પશુમાંથી દેવ. ૦-૮-૦ સ્વર્ગની સામગ્રી.
૦-૮-૦ વિજય ધ્વજ. ૧-૮-૦ રણછોડરામના નિબંધો.
૦-૮-૦ માનવ વિચાર અને તેની શક્તિઓ.
૨-૦-૦ લેખો અને ભાષણો—દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈના.
૪-૦-૦ આપણો ધર્મ ૧-૪-૦ ધર્મવર્ણન
૦-૮-૦ બાળ ઉછેર—બાળરક્ષણ
૧-૪-૦ ગોખલેનાં વ્યાખ્યાન ભાગ ૧ તથા ૨.
૦-૬-૦ શ્રીકૃષ્ણજીવન.
૨-૦-૦ યુરોપનો પ્રવાસ—ઘણાં ચિત્રો સાથે
૦-૧૦-૦ આરોગ્ય દર્પણ ૧-૪-૦ અપૂર્વ જીવનદોરી
૦-૮-૦ ઈસુનું અનુકરણ—ઈસુખ્રિસ્તનાં સર્વમાન્ય નીતિસૂત્રો

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ઓફીસ: અમદાવાદ

ગુર્જર સાક્ષર જયન્તીઓ.

અમદાવાદની સાહિત્ય સભા તરફથી પ્રસિદ્ધ વિદ્વાનો–સાક્ષરોની જયન્તીઓ પ્રસંગે થયેલાં ભાષણોનો આ સંગ્રહ "ગુજરાત વિદ્યાપીઠ"ના મહાવિદ્યાલયોમાં પાઠ્ય પુસ્તક તરીકે ચલાવવા પસંદ થવાથી આ સંગ્રહ એકત્ર કરીને છપાવ્યા છે, સરકારી હાઈસ્કૂલો વગેરે માટે પણ મંજુર થયેલ છે. આમાં વિદ્વાનોનાં નીચેના લેખો આવ્યા છે:—

વિષય	ભાષણકર્તા.
(૧) દયારામ	(૧) રા. રા. મણિશંકર રત્નજી ભટ્ટ.
	(૨) રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ.
(૨) અખો	રા. રા. નર્મદાશંકર દેવશંકર મહેતા.
(૩) મીરાંબાઈ	રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિ.
(૪) ગોવર્ધનરામ	રા. રા. લલિત.
(૫) નર્મદાશંકર	(૧) રા. રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી.
	(૨) પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ.
(૬) મણિલાલ નભુભાઈ	પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ.
(૭) ધીરો	રા. રા. કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા.
(૮) ભાલણ.	રા. રા. રામમોહનરાય જસવંતરાય દેસાઈ.
(૯) પ્રેમાનંદ	રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

આ ઉપરાંત પહેલી સાહિત્ય પરિષદના પ્રમુખ સદ્ગત સા. શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનું તથા બીજી પરિષદના પ્રમુખ સા. શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવનું પ્રમુખ તરીકેનું ભાષણ પણ આમાં સંપૂર્ણ આપ્યું છે. પૃષ્ઠ ૩૬૦, પાકું કીટનું પુંઠું. કિંમત રૂ. ૨—૦—૦

એડીસનનું જીવનચરિત્ર.

વીજળીના દીવા, તાર, ફોનોગ્રાફ, સીનેમેટોગ્રાફ, વગેરે સેંકડો શોધોના મહાન શોધક એડીસનનું નામ જગજાહેર છતાં તેના જીવનને લગતી અદ્ભુત વાતો ગુજરાતમાં હજી અજાણી છે. આ પુસ્તક એ મહાપુરુષે પોતે તપાસીને પસંદ કરી, તેમાંની બાબતોની સત્યતા માટે પોતે સર્ટીફીકેટ લખી આપ્યું છે. આ જીવનચરિત્ર છતાં અદ્ભુત નવલકથા જેવું જ લાગે છે. પૃષ્ઠ ૨૫૦ સોનેરી નામ વાળું પાકું પુંઠું અને બે છબીઓ છે. કીંમત રૂ. ૨.

ધર્મપાળ યાને કલ્યાણીનો આત્મોત્સર્ગ.

કિંમત રૂ. ૨—૮—૦

(બુદ્ધ સમયની ઐતિહાસિક નવલકથા) ગુજરાતી સાહિત્યમાં પ્રાચીન ભારતવર્ષની જાહોજલાલીનું દિગ્દર્શન કરાવનાર ઐતિહાસિક નવલકથાઓ માત્ર આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલીજ છે. અંગ્રેજી સાહિત્યમાં મિસર અને બાબીલોનના પ્રાચિન ઇતિહાસના આધારે ઘણી નવલકથાઓ રચાવવામાં આવી છે, અને જેથી સભ્ય-જગત્‌માં એ બંન્ને પ્રાચિન દેશોની સારી ચોટ ખ્યાતિ પ્રસરી ગઇ છે. પ્રસ્તુત નવલકથા પણ તેવાજ હેતુથી ભારતવર્ષના પ્રાચિન ઇતિહાસના આધારે તથા બૌદ્ધ સમયને અનુસરી લખવામાં આવેલી હોવાથી તેની વસ્તુસંકલના અત્યંત રસમય હોવા ઉપરાંત તદ્દન નિર્દોષ છે.

ગુલામી વહેપાર

દાસત્વપ્રથા-સ્વરૂપદર્શન (બે ભાગમાં પુરી)

આફ્રિકામાંથી કાફ્રી-સીદી લોકોને લાલચ આપીને અથવા બળાત્કારે અમેરિકા લઇ આવી તેઓને બકરાં અને મેંઢાની માફક વેચી દેવામાં આવતાં હતાં. ત્યાં ગુલામો ઉપર કેવા કેવા ભયાનક અત્યાચાર કરવામાં આવતા હતા. તે સાંભળતાં પણ પત્થર જેવું હૃદય પણ પિગળી જાય. ગુલામોના માલિકો પ્રાણ લેતા તો પણ કાયદાની રૂએ તેઓને શિક્ષા કરવામાં આવતી નહોતી. ગુલામો ઉપર ગુજરતા આવા ભયંકર અત્યાચાર જોઇને મિસીસ એચ. બી. સ્ટો નામની એક અમેરીકન વિદુષીએ લોકો ગુલામગીરીનું ખરૂં સ્વરૂપ જાણી શકે તે માટે 'અન્કલ ટોમ્સ કૅબીન' નામનો એક સર્વોત્કૃષ્ટ ગ્રંથ નોવેલ રૂપે લખ્યો. એ પુસ્તક પ્રસિદ્ધ થયા પછી થોડા વખતમાંજ ઉત્તર તથા દક્ષિણ પ્રદેશનાં રહેવાસીઓ વચ્ચે ગુલામોને સ્વતંત્રતા આપવા માટે એક ભયંકર યુદ્ધ શરૂ થયું અને તે લગભગ ચાર પાંચ વર્ષ ચાલ્યું. અને ઈ. સ. ૧૮૬૫ માં ત્યાં ગુલામગીરીનો અંત આવ્યો. આ પુસ્તકમાં વર્ણવેલી સર્વ બાબતો સાચી છે. કેટલીક તો એ વિદુષીબાઇએ પોતાની આંખોથી જોયેલી છે. આવી જગપ્રસિદ્ધ લોકપ્રિય તથા ઐતિહાસિક સત્ય બનાવોથી ભરપુર નવલકથા અવશ્ય વાંચવા લાયક છે. બન્ને ભાગની કિંમત રૂ. ૩—૦—૦ પાકું સોનેરી નામનું પૂંઠું છે.

જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ.

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ઑફિસમાં મળતી ઉત્તમ નવલકથાઓ.

૨-૮-૦ ચોખેરવાલી-ભાગ ૧-૨-ડૉક્ટર રવીન્દ્રનાથ ટાગોર કૃત.
૪-૦-૦ ડુબતું વહાણ- " " "
૩-૦-૦ મધુરાણી- " " "
૦-૧૨-૦ સુભદ્રા-(અર્જુનનાં પત્નીની જીવનકથા. ૭ ચિત્રો સાથે)
૧-૮-૦ ચક્રવર્તી અશોક-ઐતિહાસિક, ધાર્મિક ને બોધપ્રદ.
૧-૧૨-૦ ચંદા-રાજસ્થાનની વીર રમણી-ઐતિહાસિક.
૧-૮-૦ મહારાણા પ્રતાપસિંહ-મેવાડના ઇતિહાસને લગતી.
૩-૦-૦ ગુલામી વહેપાર-ભાગ ૧-૨ માં સંપૂર્ણ કથા છે.
૩-૦-૦ હૃશીકેશચંદ્ર-ભાગ ૧ લો. ચાલુ હિંદુ સંસારનું ચિત્ર.
૨-૮-૦ સદર ભાગ ૨ જો. " " "
૪-૪-૦ માયાનો બજાર-ભાગ ૧-૨ " " "
૨-૦-૦ કથામંજરી-ભાગ ૧ લો. વિદ્વાનોની વિવિધ વાતો.
૩-૦-૦ સદર ભાગ ૨ જો " " "
૨-૦-૦ હાસ્યકથામંજરી-હાસ્યજનક સ્કેચ-વાતો-લેખો.
૨-૦-૦ હાસ્યમંદિર-રા. બા. રમણભાઇ તથા સૌ. વિદ્યાગારી કૃત.
૦-૮-૦ નીલનેની-પ્રો. બેઇન કૃત મધુરી વાર્તા.
૦-૮-૦ ઉષાનન્દિની " " "
૨-૪-૦ શારદાનું સ્વાર્પણ-(પ્રેમચંદકૃત "સેવાસદન" ઉપરથી.)
૨-૦-૦ કેટલીક નવલકથાઓ-બ્હેન સુમતી લલ્લુભાઇ કૃત.
૦-૧૨-૦ યૌવનનાં સ્મરણો-લેખક બ્હેન પ્રમોદા.
૧-૮-૦ કુમુદચંદ્ર-ઉત્તમ સામાજીક તથા ધાર્મિક વસ્તુસંકલના.
૧-૦-૦ પ્રેમદાદેવી.
૧-૮-૦ યાત્રી ઉર્મિલા. } સામાજીક સુધારાની નવલકથા.
૧-૪-૦ ટાગોરની ટુંકી વાતો-ભાગ ૧ લો. તેર વાતો.
૨-૦-૦ સદર ભાગ ૨ જો. ૨૧ વાતો.
૧-૦-૦ કોનો વાંક ?-(રા. કનૈયાલાલ મુનશી કૃત.)
૨-૪-૦ રણજીતકૃતિ સંગ્રહ. (રણજીતરામ વાવાભા
૪-૦-૦ ૧૮૫૭ ના બળવાનો ઇતિહાસ

// કથામંજરી-ભાગ બીજો.

(આવડુંજ મોટાં પૃષ્ટ સોનેરી સુંદર બંધાઈ—કિંમત રૂ. ત્રણ)

આ ભાગમાં વિદ્વાન લેખકોની નીચેની ચોદ વાતો—કથાઓ છે.

૧ નિર્મળા (લગભગ ૧૦૦ પૃષ્ટની અપ્રસિદ્ધ પવિત્ર સ્નેહકથા) ૨ ગુલછડીના બાગમાં ગુલાબ. (લેખક મી. શિયાવક્ષ નસરવાનજી મોજીઆ; પારસી સંસારી સ્નેહકથા.), ૩ બે મૃગનાયક (જીવનલાલ અમરશી મહેતા, આત્મભોગ વડે પરમાર્થ સાધનની અપ્રસિદ્ધ કરુણ કથા.). ૪ દુખી રાજકુમાર (રા. રા. સવાઇલાલ ચુનીલાલ યાજ્ઞિક, ડેપલીત્વાના સિદ્ધાંતવાળી કથા.) ૫ એક સ્વપ્ન (રા. રા. પુષ્કરરાવ વામનરાવ મહેતા, એમ. એ. એલએલ. બી.), ૬ મદનનો મનોરથ, (રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે, એમ. એ. એલ. એલ. બી. ઉછરતા યુવક અને પ્રેમી જીવનનું એક સુંદર દૃશ્ય.), ૭ નિર્ભયતાની મૂર્તિ. (લે. શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી), ૮ માટીની છોકરી. (રા. રા. [illegible]ભાઇ રામચંદ્ર મહેતા.), ૯ ચતુર્મુખ-ચાર મુખનું કૌતક (લે. રા. બ. રમણભાઈ મહિપતરામ નીલકંઠ, બી. એ. એલએલ. બી, બુદ્ધિચાતુર્યની અદ્ભુત વાર્તા.); ૧૦ બુદ્ધિનાટકચંદ્ર (લે. રા. બ. રમણભાઇ મહિપતરામ નીલકંઠ, બી. એ. એલએલ. બી. બુદ્ધિચાતુર્યની અદ્ભુત વાર્તા) ૧૧ વિચિત્ર વીર. (લે. રા. રા. પુષ્કરરાવ વામનરાવ મહેતા.), ૧૨ હીરા માણેકની મોટી ખાણ (લે. રા. રા. મણિશંકર રત્નજી ભટ.), ૧૩ દુઃખમાંથી સુખ (સ્વ. રાજકવિ કલાપી.), ૧૪ માતૃભુમિ પ્રત્યેનો પ્રેમ.

// હાસ્યકથા મંજરી-ભાગ પહેલો.

(કથામંજરીનો ત્રીજો ભાગ)

રા. બ. રમણભાઇ મહીપતરામે લખેલો ઉપોદ્ઘાત, રા. રા. મોતીભાઇ નરસિંહભાઈ અમીને લખેલી "પૈસાપોથી" ની પ્રસ્તાવના તથા રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવેનો "હાસ્યરસ" વિશેનો નિબંધ, અને સામાજીક તથા સાહિત્યવિષયક હાસ્યરસિક કટાક્ષમય, ૨૭ લેખો, વાતો, સંવાદ વગેરેનો આ અત્યંત રમુજી અને મહત્વનો સંગ્રહ છે. આ માપનાંજ પૃષ્ટ ૨૫૦ ઉપરાંત, ગ્લેઝ કાગળો ને સોનેરી નામનું સુન્દર પુંઠું. કીમત રૂ.

સંવાદમાલા.

[વિદ્વાન લેખકોની આઠ છબીઓ અને સોનેરી નામનું સુંન્દર પાકું પુઠું. કી. રૂ. ૨—૮—૦. આ ગ્રન્થમાં પ્રતિષ્ઠિત ગુર્જર વિદ્વાનોના કુલ છત્રીશ સંવાદો છે, તેમાંના કેટલાકની વિગતઃ—

સ્વ. રાજવી કવિ કલાપીના	સંવાદ ચાર
સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ-કાન્તના	પાંચ
શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિના	બે
શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆનો	એક.
પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો	એક.
પ્રો. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદીનો	એક.
શ્રી સાગરના	બે.
શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીના	બે.
સૌ. વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠના	બે.
મુનીશ્રી-શ્રીમજી હરજીવન મહેતાના	બે.

કલાપી—કાન્તના સંવાદો

તથા

કલાપીના ધર્મવિચારો.

આમાં સ્વ. કલાપીના ચાર તથા કાન્તના પાંચ મળીને કુલ નવ સ્વતંત્ર લખાયેલા સંવાદો અને કલાપીએ લખેલું સ્વીડનબોર્ગના ધાર્મિક સિદ્ધાન્તો ઉપર વાર્તીક આપ્યું છે. કીમત બાર આના.

ચાર વર્ષનું બાળક.

(ઇ. સન. ૧૯૨૩ ના સ્ત્રીબોધના "બાળક" વિભાગનું પાકું બાંધેલું પુસ્તક.)

ખાસ બાળકો માટે લખાયેલા ઉપદેશક લેખો—કવિતાઓ—નાની નાની વાતો—સંવાદો—જીવનચરિત્રો—સિંહાસન બત્રીસીની આઠ વાર્તાઓ—રામાયણની બાર વાતો—વગેરે અનેક જાતના લેખોથી ભરપુર લગભગ ૩૦૦ પૃષ્ઠ અને કેટલાંક ચિત્રો સાથે કિંમત રૂા. ૧. વી. પી. ખર્ચ જુદું. લખોઃ—

મંત્રીઃ—" સ્ત્રીબોધ "; પીરમશા રોડ—અમદાવાદ.

હરેક આગેવાનોએ મુલાકાત લઈ સંતોષ બતાવી
વખાણેલું અને હિંદુ જાતીનાં નિરાધાર અનાથ
બાળકોને પોશણ આપતું, આ

હિંદુ અનાથ આશ્રમ-નડીઆદ

એકજ છે.

તેને દાન કરવાના હરેક પ્રસંગોએ જરૂર
યાદ કરી કંઈ પણ દાન મોકલશો.

હાલ તે ઢોઢસોને સુમારે અનાથ બાળક, બાળિકા અને અભકતોનું પાલણપોશણ કરે છે અને તેમને જુદા જુદા ધંધા શીખવી પગ ઉપર ઉભા રહી કમાઈ ખાય તેવા મજબૂત શરીરી બનાવવા યત્ન કરે છે તેમના ફકત ખોરાકી પોશાકી વીગેરે ખર્ચના રૂ ૫૦) દરરોજ જોઈએ છીએ

તો જરૂર તમો ધ્યાની કરીઓ! આ તમારાં અનાથ ભાંડુઓને બચાવવા તમારે દાનવીરી ઉમ્મત લંબાવનો હરેક નાનામાં નાનું દાન લેવાય છે

વધુ વીગત માટે પુછો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

Printed at The Baby J. Press Richey Road-Ahmedabad

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(113, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીનો વીમો

બહુજ જરૂરનો અને લાભકારક છે.

ઇંડસ્ટ્રીઅલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની યોજનાઓ આપે છે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે જામીનગીરી સદ્ધર છે,

વિશેષ હકીકત માટે લખોઃ—

જીવણલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીઅલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કં. લી.

૧૧૩, એસ્પ્લેનેડ રોડ, કોટ, **મુંબઇ.**

આ ત્રૈમાસિક પત્ર મૂળચંદભાઇ ત્રીકમલાલે અમદાવાદ ટંકશાળમાં પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું, અને કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇએ

Reg. N. B. 1070.

સ્ત્રીબોધ.

વર્ષ ૬૮.] જુન, ૧૯૨૪. [અંક ૬ ઠ્ઠો.

તંત્રીઓ. } બાઈ પુતળીબાઈ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ,
બી. એ., એલ્‌એલ્. બી.

ગં૦ સ્વ૦ રમાબાઇ રાનડે.

રમાબાઇએ જેવું પોતાના વૈધવ્યને શોભાવ્યું છે તેવું થોડી જ બ્હેનોએ શોભાવ્યું હશે. પૂનાના સેવાસદનની જોડી આખા હિન્દુસ્તાનમાં શોધતાં નહિ મળે. એ સેવાસદનમાં એક હજાર બાળાઓ અને સ્ત્રીઓને અનેક પ્રકારનું શિક્ષણ મળે છે. એ સેવાસદન આજે જે સ્થાન ભોગવી રહ્યું છે તે સ્થાન રમાબાઇની અનન્ય ભક્તિ વિના કદિ ન ભોગવી શકત. રમાબાઇએ એક જ કાર્યને પોતાની જીંદગી અર્પણ કરી.

વૈધવ્યનો અર્થ જ અનન્ય ભક્તિ છે. પાતિવ્રત્ય એટલે શુદ્ધ વફાદારી: સામાન્ય વફાદારીનો સંબંધ દેહની સાથે હોય છે તેથી દેહના અંતની સાથે તેનો અંત આવે છે. વૈધવ્યમાં રહેલી વફાદારી આત્મા પ્રત્યે છે. લગ્ન વાસ્તવિક રીતે દેહનાં નથી પણ આત્માનાં છે, એમ વૈધવ્યને ધર્મસ્થાન આપી હિન્દુધર્મે સિદ્ધ કર્યું છે. રમાબાઇ રાનડેના આત્માને વર્યાં હતાં તેથી તે આત્મસંબંધ તેમણે અખંડિત રાખ્યો અને તેથી જ તેમના પતિને જે કાર્ય વહાલાં હતાં તેમાંનું પોતાથી થઇ શકે એવું કામ રમાબાઇએ ઉપાડી લીધું ને તેને સર્વાર્પણ કરી વૈધવ્યનો સંપૂર્ણ અર્થ સમાજને સમજાવ્યો. આમ કરીને રમાબાઇએ સ્ત્રીજાતિની ભારે સેવા કરી છે. —મ૦ ગાંધીજી.

મંત્રી:-છવનલાલ અમરશી મહેતા; અમદાવાદ.

વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦ પરદેશ માટે રૂ. ૪-૦-૦ છુટક અંકના ૦-૫-૦

આ અંકની કીંમત પાંચ આના.

અનુક્રમણિકા.

૧	સુખનો સાચો મંત્ર. ...	શ્રી. ચન્દ્રશંકર ન. પંડયા ...	૨૯૩
૨	દુ:ખ (કાવ્ય) ...	સૌ. કુસુમગૌરી ...	૨૯૪
૩	સહવાસે... ...	સૌ. શાન્તા મહેતા. ...	૨૯૫
૪	હું સ્ત્રી હોત તો ?	રા. મધુકર ...	૨૯૭
૫	બાળ સંભાળ ...	બેન સદા નાથાલાલ ...	૩૦૧
૬	સ્ત્રીઓ અને દેશ-સેવા.	શ્રી. અવંતિકાબાઇ ગોખલે...	૩૦૮
૭	દવા વગરના ડાકટર	મિ. કેખુશરૂ જીજીના. ...	૩૧૬
૮	ડાકટરો કેવા જોઇએ ?	બ્હેન પુતળીબાઇ કાબ્રાજી ...	૩૧૭
૯	આપણા મહેમાન.	બેન કાશી દેવચંદ ...	૩૨૧
૧૦	ચાલુ બનાવોની માહિતી	રા. કેશવપ્રસાદ છો. દેસાઇ ...	૩૨૫
૧૧	ભાવનગરની સાહિત્ય પરિષદ ...	બેન પુતળીબાઇ કાબ્રાજી ...	૩૨૮
૧૨	પ્રસૂતિનો સમય ગણવાની રીતો...	ડૉ. ઇન્દુલાલ સે. દવે ...	૩૩૧

"બાળક" વિભાગ—

વિભૂને વિનંતી ...	રા. હૃદયયોગી ...	૧૨૧
બાળકો માટે-રામાયણની વાતો.	રા. જીવનલાલ અ. મહેતા...	૧૨૨
સિંહાસન બત્રીસીની વાતો ...	રા. કેશવપ્રસાદ છો. દેસાઈ...	૧૩૦
બુદ્ધિચાતુર્ય ...	રા. પ્રભાકર ...	૧૩૬
"હુંય ખાટશે ને તુંય ખાટશે ?"	રા. 'હ.' ...	૧૪૦
આ શું ?...	રા. નારાયણદાસ મહેતા ...	૧૪૩

સુધારો—આ અંકમાં પૃષ્ઠ ૩૦૧ ઉપર બીજા પેરેગ્રાફની શરૂઆતમાં કુંતામાતા છે ત્યાં સુભદ્રામાતા જોઇએ, માટે તે પ્રમાણે સુધારીને વાંચવું.

સ્ત્રીબોધ
૧૯૨૪.

પુસ્તક ૬૮ મું.] જુન. [અંક ૬ ઠ્ઠો.

સુખનો સાચો મંત્ર.

બ્હેની ! રીતિ પ્રીતિની આદરજો,
મોટું મન રાખીને આચરજો;
સુખી સહુ જનને તમે કરજો.—બ્હેની૦

દ્વેષી જન દ્વેષ ભલે ધરતાં,
ક્લેશી પ્રાણી ક્લેશમાં છો મરતાં;
તમે દ્વેષ ક્લેશ નહિ કરતાં.—બ્હેની૦

નથી કાંઇ લેઇ જવું સાથે,
જવાનું છે સૌને ખાલી હાથે;
તો પછી ફંફાસ શા માટે.—બ્હેની૦

સ્નેહી સાથે ઘડીનું રહેવાનું,
તેમાં શાને લઢવા ને વઢવાનું;
ભલાઇનું લ્યોને કરી લ્હાણું.—બ્હેની૦

મોટું મન રાખી જો ગમ ખાશો,
સુખી સૌને કરીને સુખી થાશો;
મંત્ર છે સુખનો એ સાચો.—બ્હેની૦

(શ્રીયુત ચન્દ્રશંકર ન૦ પંડ્યા)

દુઃખ

દૈવે તે દુઃખ શાને મોકલ્યું રે વ્હેન !
હીમ્મત માળ ગૂંથી લાવ,

જગમાલણી રે વ્હેન !
દુઃખ તે ક્યાં થકી આવીયું રે વ્હેન !* ૧

કુમળું કમળશું હૃદય ફૂલ છે, રે વ્હેન !
એથી યે કુમળું છે મન—જગમાલણી—

દુઃખ તે ક્યાં થકી— ૨

દુઃખમાં અમૃત ધૈર્ય છે, રે વ્હેન !
વિચારી દુઃખનો એ દંશ—જગમાલણી—

દુઃખ તે ક્યાં થકી— ૩

દુઃખ તો સુખનો પ્રવેશ પન્થ વ્હેન !
દુઃખમાંયે સુખ ગૂઢ જાણ—જગમાલણી—

દુઃખ તે ક્યાં થકી— ૪

મીઠલડાં ઘૂંટ નિત્ય હોય ના, રે વ્હેન !
કડુ ઘૂંટમાંયે ગુણ ભર્યા અખૂટ—જગમાલણી—

દુઃખ તે ક્યાં થકી— ૫

ચીનાબાગ, અમદાવાદ.
તા. ૧૯-૨-૨૪

સૌ. કુસુમગૌરી ઠાકોર.

---

* રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિના "કુમટ ઝરૂખે" ને રાગ

સહવાસ.

[લેખકઃ—સૌ૦ શાન્તા મહેતા.]

જેને ચિત્રકળામાં નિપૂણ થવું હોય છે તે સારાં સારાં ચિત્રોના નમૂનાઓ પોતાની સામે મુકી તે પ્રમાણે આલેખે છે; અને જ્યાં સુધી તે પરિપૂર્ણ થાય નહીં, ત્યાં સુધી તેને નિરાંત થતી નથી. તેજ પ્રમાણે દરેક વ્યક્તિએ પોતાની જીંદગીનું આલેખન કરવું જોઇએ, ને તેમાં પોતાની ઇચ્છા મુજબ જ્યાં સુધી પોતાનું જીવન પરિપૂર્ણતાએ પહોંચે નહીં, ત્યાં સુધી સતત પ્રયત્ન કરતાં રહેવું જોઇએ.

સારૂં ચારિત્ર ઘડાવા માટે બે ચીજ અગત્યની છે. એક તો પુસ્તકો અને બીજી સહવાસ. પુસ્તકો દ્વારા તો ઘણું જ્ઞાન મેળવી શકાય છે; પણ સહવાસ વગર તેનો ઉપયોગ એકાન્તમાં થઈ શકતો નથી. માણસોના સમૂહના સહવાસમાં આવ્યા વગર મેળવેલું જ્ઞાન ખાલી થઈ શકતું નથી. તેમજ સહવાસને લીધે આવતી અડચણો અને તેમાંથી જે અનુભવ-બુદ્ધિ ખીલે છે તે માત્ર એકાન્તમાં બેસીને પુસ્તકો વાંચ્યા કર્યાથી અનુભવ-બુદ્ધિ ખીલતી નથી. અનુભવ વગરનું જ્ઞાન માત્ર પુસ્તકોનાં પાનાં પરજ તથા મગજને બોજા રૂપજ રહે છે.

સહવાસ બે પ્રકારનો હોઇ શકે છે. પોતાને માટે જ્ઞાન મેળવવા માટે ઉચ્ચ સંસ્કૃતિનાં માણસોનો તથા ઉંચી જાતનું વાંચન, અને પોતે તેમાંથી કાંઈ જ્ઞાન મેળવ્યું છે કે નહીં તે જોવાને માટે પોતાથી ઉતરતી પંક્તિનો ગરીબ અને અભણ વર્ગ! જો તે વર્ગ સાથે કાંઇ પણ ગર્વ વિના સાહર્દ-થી મળી શકીશું, અને આપણે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ તેમને માટે કરી શકીશું, અથવા તેમને પણ ઉન્નત બનાવી શકીશું, તો આપણે જ્ઞાન મેળવેલું ગણાશે. નહીંતર તો બધું નકામું-મગજને બોજા રૂપ છે. માટે વારંવાર સારાં માણસોના, ઉતરતી પંક્તિનાં માણસોનાં તેમજ ઉંચી જાતનાં પુસ્તકોના સહવાસમાં રહેવું.

વળી સહવાસ એટલો બધો વધી પણ જવો ન જોઇએ કે જેથી આપણને એકાન્તમાં વિચાર કરવાને પણ વખત મળી શકે નહીં. તેમજ

વારંવાર હલકા સહવાસમાં આવ્યાથી આપણા વિચારો જે ખીલતા હોય તે અટકે, કારણ કે મનુષ્યધર્મમાં અનુકરણ એ મુખ્ય ચીજ છે.

અનુકરણ કેટલીક વખત એવું તો બેમાલુમ થતું હોય છે કે માણસ તેની સત્તા નીચે આવી ગયો હોય છે, તોપણ તેને લાગતું નથી કે હું કોઈનું પણ અનુકરણ કરૂં છું. અનુકરણનો પાયો તો જન્મથીજ નંખાયો હોય છે. **બાળકો અનુકરણથીજ મોટાં થાય છે.** એક માતાનાં બે બાળકોના સ્વભાવ જુદા જુદા હોય છે તેનું કારણ એજ છે કે દરેક બાળક વખતે માતાને સંયોગોને આધીન રહેવું પડે છે. અને જે વખતે જેવા સંયોગોમાં બાળક ઉછરે છે તેવા સ્વભાવનું તે થાય છે, એ અનુકરણ અને સહવાસનુંજ પરિણામ છે.

દરેક વ્યક્તિએ એટલું ધ્યાનમાં જરૂર રાખવું જોઈએ કે પોતાના કુટુંબની ફરજીઆત કાળજી શિવાય આપણી આસપાસ વસતાં આપણાં દેશભાંડુઓ માટે પણ આપણે કાંઇક હીસ્સો આપવાનો છે. અને કદાચ એવા સંસ્કારો જન્મથી ન ખીલ્યા હોય તો તે વખતે સારાં પરોપકારી સ્ત્રીપુરૂષોનો તેમજ સારાં પુસ્તકોનો સહવાસ રાખવો અને અનેક પ્રકારનાં માણસો સાથે મળી વ્યવહાર બુદ્ધિ જેમ વધારે ખીલે તેમ પ્રયાસ કરવો.

ઘણાં માણસો એકાન્તપ્રિય હોય છે અને માત્ર એકાન્તમાં બેસીને પુસ્તકો જ વાંચ્યાં કરે છે. એથી કેટલીક વાર અનુભવબુદ્ધિને ઘણો ધક્કો લાગે છે. એક અંગ્રેજ બાઈ પોતાનું ચરિત્ર લખતાં લખે છે કે, " મને નાનપણમાં એકાંતમાં બેસવાની ટેવ હતી અને તેથી મને જે નુકશાન થયું છે તેનો વિચાર કરતાં આજે મને ઘણોજ ખેદ થાય છે. એકાન્તમાં રહેવાની ટેવ માણસને એક '**દુશ્મનની** ગરજ સારે છે (શિવાય કે કોઇપણ જાતનો અભ્યાસ). આપણે પુસ્તકોદ્વારા વિચારશક્તિ કેળવી હોય છે, પણ તે સહવાસના અનુભવી જ્ઞાન સિવાય સારૂં ફળ આપી શકતી નથી, અને આજે મને મનુષ્યોના સહવાસમાં રહેવું ઘણું કઠણ થઈ પડે છે." વિ. વિ.

આ ઉપરથી એટલું સમજવાનું કે દરેક માણસનું જીવન બીજાને સારા કે માઠા દાખલા રૂપ થાય છે માટે આપણે આપણાં પોતાનાં ભલાંની અથવા કીર્તિની વાત બાજુએ મુકી આપણે આપણા સહવાસમાં **આવનારની** ખાતર તેમજ આપણા સહવાસમાં આવનાર આપણું કાંઇપણ સારૂં અનુકરણ કરીને ઉંડે તેટલા ખાતર પણ આપણી જીંદગી ઉચ્ચ સહવાસમાં અને ઉંચાં જીવનચરિત્રો વાંચવામાં ગાળવી જોઈએ.

હું સ્ત્રી હોત તો ?

[લેખક—રા. રા. મધુકર.]

હું સ્ત્રી હોત તો ? કેવો ભયંકર સવાલ છે ? સર્વ સત્તામાન્, સર્વ ગુણસંપન્ન, સર્વ શુભોપમા યોગ્ય, મારી પત્નીનો પ્રભુ, મારી બહેનનો લાડકો વીર, માતાની આંખની કીકી સમો પુરૂપ જનમ્યો છું તો. પણ આ સમાજમાં મને શું સુખ મળ્યું ? જીવનને ઉંચે ચઢાવવાની કઈ સગવડ સમાજે મને કરી આપી ? દુનિયાના એક નાકાથી બીજા નાકા સૂધી અંધારી રાતે ફરી આવવાની જો તાકાત હોય તો, સંપૂર્ણ છૂટ હોવા છતાંય જે સમાજ મને ગુલામગીરીની ભયંકર બેડીથી જકડી રહી છે તે સમાજમાં પ્રભુએ મને લાચાર, દીન, ગાય સમી સ્ત્રીનો અવતાર આપ્યો હોત તો હું શું કરત ? જન્મતાં વાર હું પથરો ગણાત; મારી મા બહેન બધીય સ્ત્રીઓ મને જોઇને મ્હો મરડત; મારા પિતા અભણ હોત તો કદાચ બૈરાઓની વાતમાં તાપસી પૂરત, ભણેલા હોત તો ઉદાસિન રહેત, સુધારક હોત તો જરા મલકાત–ચુસ્ત સનાતની હોત તો મહારાજનું મંદિર પાવન કરવાની ભાવી તકની રાહ જોવા માંડત.

પણ આ કંઇ નવી વાત નથી. પ્રશ્ન તો એ છે કે હું સ્ત્રી હોત, શિક્ષિત હોત, જીવનનું રહસ્ય મને કોઇએ સમજાવ્યું હોત તો હું શું કરત ? આ પ્રશ્નનો શો જવાબ આપું ? ઘણાય માડીજાયા આજે સ્ત્રીઓને સમાન સ્વાતંત્ર્ય આપવાની વાત કરે છે; ઘણી સ્ત્રીઓ જાહેરમાં સતી સીતા અને દમયંતી મનાય છે, અસંખ્ય બહેનો એકાંતમાં ઉન્હાં આંસું સારી સમાજના પાયા હલાવી રહી છે, આવી પરિસ્થિતિમાં સ્ત્રી જન્મીને હું શું કરી શકત ? જો મારા પતિ સુધારક હોત તો ભાષણો આપત; નાટકો જોત, સીનેમામાં જઈ પતિ સાથે અડપલાં કરત, ચોપાટી ઉપર ફરવા જાત, રસોઇ કરવા ભટ રાખત–પતિને કહેત કે ચોવીસ કલાક વૈતરૂં કરો પણ મારૂં ખર્ચ પૂરૂં કરો ! પતિ ગણગણાટ કરત તો સ્ત્રીસ્વાતંત્ર્ય પર ભાષણ આપત–મનુનો શ્લોક ટાંકત–પતિ જરા આકરા થાત તો નયનને ઇસારે મનાવી લેત ને એમને એમ શણગારેલી પૂતળી પેઠે જીવન વ્યતીત કરત.

અહ ! આ કલ્પનામાં ભભક છે પણ કલા નથી–માધુર્ય નથી–ડોલન નથી. મારે એવી સ્ત્રી નથી થવું.

ત્યારે ?

પતિની દાસી તરિકે સ્હવારના ચાર વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી ઘરનું કામકાજ કરત, સાસુની ગાળો ખાત, નણંદનાં મહેણાં સાંભળત, પતિની લાકડીને પ્રભુની કૃપા ગણુત, હું મરી જવાની તૈયારી કરૂં તે પહેલાં પતિ માટે બીજી પ્રિયતમા શોધી રાખત. પતિના બોલને કાયદો માનત. પતિની રાતે રાત ને દિવસે દિવસ સમજત. પતિની છાયાસમ–ગુલામસમ જીવ્યા કરત. પતિના નયનના ઈસારાથી તેની બધી આજ્ઞા પાળ્યા કરત. આટઆટલું કરવા છતાં કોઇ દિન મીઠા બોલની આશા ન રાખત–લાકડીથી પૂજા થાત ત્યારે મારૂં અહોભાગ્ય સમજત. સીતા ને દમયંતીની વાત હમેશાં સાંભળત. નળ અરધી રાતે દમયંતીને છોડીને ચાલ્યો જાય તેમાં તેનો દોષ કાઢત નહિ. ગર્ભવતી સીતાને રામ વિના વાંકે તજી દઇ જનકપુત્રીને નવધાર આંસુ રેડતી કરનાર રામને આદર્શ ભરથાર કહેત, જુગટામાં પત્ની હારી આવનાર જુગારી યુધિષ્ઠિરને ધર્મના આધાર માનત ને આઠે પહોર પતિ દારૂડીયો હોય, રોગી હોય, નીચ, દુરાચારી કે લંપટ હોય તોપણુ તેને પ્રભુ ગણીને આકાશમાંથી વીમાન ઉતરવાની આશામાં ને કુંકુમ ઉછાળતા સ્મશાનમાં તેની સાથે બળવાના કોડમાં જીવન પૂરૂં કરત !

બસ ! કલ્પનાના એલગામ તુખાર ! અહિંજ થોભી જા. હું ચંડાળ થઈશ, ગુલામ જન્મીશ, આફ્રિકાના 'બીઓબા' જંગલમાં રખડતો સીધી થઈશ–પણુ પતિનો માર–પતિવ્રતાની છાતીપર–પતિની ગાળ એટલે વેદના મંત્રો–એવું માનનારી અધમાધમ લાચાર હિંદુ અબળાનો અવતાર મારે નથી જોઇતો. પશ્ચિમના જડવાદી પ્રદેશમાં જન્મી હું જડવાદી, વિલાસી પૂતળી ગણાઈ હીન મનાવાનું કબૂલ કરીશ, પણુ આદિ સંસ્કૃતિના વારસોને ત્યાં જન્મી મારા વ્યક્તિત્વનું બાળપણુથી ખૂન નહિ જ થવા દઉં.

ત્યારે હું સ્ત્રી હોઉં તો શું કરૂં ? એ પ્રશ્ન તો ઉત્તરહીન જ રહ્યોને ! પૂર્ણુ જવાબ તો ન આપી શકું, તો પણુ અધૂરો જવાબ આપીશ. જો હું સ્ત્રી હોત ને મારૂં લગ્ન મારી સંમતિ વિના ગમે તેવા નરરત્ન સાથે ગોઠવી દેનાર માતપિતાને હું સવિનય કહી દેત કે મારે જીવનસાથી જોઇએ છે–બે ટંક ખોરાક આપનાર શેઠ નથી જોઇતો. નોકરી ખોળી આપનાર એજન્સીઓ શેઠ શોધી આપે છે તેવી રીતે હિંદુ માબાપો પોતાની દીકરીઓને માટે માલીક ગોતી કાઢે છે. એવો શેઠ મારાં માતપિતા મારે માથે ઠોકત તો-તેનો સ્વીકાર કરીને હું તેની દિવસે દાસી અને રાત્રે રાખ થવાનું પ્રાણુ જતાં પણુ કબૂલ ન કરત. પવિત્રતા પ્રભુને પ્રિય છે માટે હું મને

યોગ્ય લાગે તેવી પવિત્રતા અવશ્ય પાળત. પણ "મારા બેદીલ માલીકને વફાદાર રહું તોજ આ દુનિયામાં હું સતી ગણાઉં ને, પેલી દુનિયામાં વૈકુંઠમાં જાઉં–નહિ તો રૌરવ નરકમાં હજારો જન્મો સડયા કરૂં"–એવું કોઇ પુરાણી મને સમજાવવા આવત તો તેને સ્પષ્ટ કહી દેત કે મહારાજ! આ ગુલામીના મંત્રો તમારા ભાઇઓને સમજાવો. અમને સ્ત્રીઓને તમે યુગ યુગ થયાં તમારા ઝેરી જાદુના ઘેનમાં રાખી હતી, હવે એ ઘેન ઉતરતું જાય છે. ફરીથી અમારે એ અફીણનું કેફ નથી જોઇતું.

જો મારા પતિ મનુષ્ય હોત તો હું તેને માટે અવનિપર અમરાપુરિ બનાવત. મારે હાથે વ્હાલથી બનાવેલી વિધ વિધ વાનીઓથી તેમને જમાડત–ઑફિસમાંથી ઘેર આવવાને વખતે તેમનો સત્કાર કરવાને તલપી રહેત–તેમના થાકયા દીલને આરામ આપવાને સંગીન કલાથી અપનાવી લેત–તેમના ગૃહરાજ્યનું મંત્રીપદ ભોગવત–ગૃહરાજ્યના મંત્રી તરિકે સર્વ કામ હોંસથી કરત. રસોડામાં તેમની માતા તોન્ન થાત પણ તેમની માતાની ઉણપ તેમને જણાવા ન દેત, શયનગૃહમાં તેમને સંયમ સાથે વિલાસ, કલા, કવિની કવિતા સમું–રીલસુફના આનંદ સમું–ઋષિની શાંતિ સમું–એ જીવન આપી આલમને ઇર્ષ્યા રૂપ થઇ પડત......

જો મારે સાસુ હોત ને તેને વાતવાતમાં હેડંબાનો અવતાર લેવાની ન ભુંસાય એવી ટેવ હોત તો તે સાસુ છે તેટલાજ ખાતર તેને દેવી ગણીને પાટલે બેસાડી પૂજવાની ફરજનો હું સાફ ઇનકાર કરત. આજથી પચીસ વરસ પહેલાં તેની સાસુએ તેના પર ગુજારેલા જુલમોનું મારાપર વેર લેવાની તેની વૃત્તિ સામે હું અવશ્ય બંડ જગાવત. તેમ કરવા જતાં ગૃહની શાંતિનો ભંગ થાત તો તેથી મારા સતીત્વને લાંછન લાગેલું માની ન લેત. જો સાસુજી સમજી જાત ને મારા તથા તેના વ્યક્તિત્વને સંભાળી કામ લેત તો તેમને જૂદાં કાઢવાની વાતથી પોતનું માથું ન ખાત. ઊલટું સાસુજી ભોળાં અને ઉદાર દીલનાં હોત તો તેને માતા સમ માન આપત પણ સાસુએ મારા પતિને જન્મ આપવાની ઉદારતા બતાવી મારા પર મહા ઉપકાર કર્યો છે એમ માની લઇ તેની ગુલામગીરી તો કાળાંતરે પણ ન કરત. મને ગુલામડી ગણ્યા શિવાય તેના શ્રીનાથજી બાવા તેને માટે અંતકાળે પુષ્પક વિમાન ન જ મોકલે એમ તેની કોઇ સ્મૃતિએ આજ્ઞા કરી હોત તો એ સ્મૃતિને અરબી સમુદ્રમાં ફેંકી દઇ, મારી સાસુને ભરણ પોષણું માટે યોગ્ય સગવડ કરી આપી જુદી કાઢવામાં હું સંયુક્ત કુટુંબના આર્ય આદર્શનું ખૂન કરી રહી છું એમ માનવાની ધમીને ના પાડત.

જો મારો પતિ સમજુ અને સંસ્કારી હોત તો તેમને હું સ્પષ્ટ કહી દેત કે પુરૂષ જાતિએ અત્યાર સુધીમાં કંઈજ ધાડ મારી નથી. તેમને પ્રભુએ વિશાળ જગત્ આપ્યું-તેમણે દેશ ને પ્રાંતને નામે તેના ભાગલા પાડી ભાઇ ભાઇ વચ્ચે વેર વધાર્યા-પુરૂષોએ પોતાની સત્તા ને શક્તિના મદમાં વિપ્લવો જગાવ્યા, ચક્રવર્તી રાજ્યો સ્થાપ્યાં, કાયદા ને વ્યવસ્થાને નામે વિધવિધ જાતની ગુલામી પ્રથાઓ અસ્તિત્વમાં આણી, પણ હજુ જગત સુખી થયું નથી એજ બતાવે છે કે તેઓ એ રમતમાં શરમભરી રીતે હારી બેઠા છે. હવે જગતના પુનર્વિધાનમાં સ્ત્રીઓની બુદ્ધિની જરૂર છે. સ્ત્રીઓ પોતાના જીગરનું ખૂન વહાવીને, પારાવાર યાતનાઓ સહન કરીને પુરૂષના જડ આત્માને જમાનાઓ થયા ચેતવી રહી છે, પણ પુરૂષ ! આહ ! એ બે પગનું જાનવર સહેલાઇથી માની જાય તો જોઇએ જ શું ? પ્રભુએ કોઇ અગમ્ય આકાશની પેલી પાર કોઈ ઓલીયા ભક્તો. મારે સ્વર્ગ, જન્નત અને Heaven ને નામે ઓળખાતી ઇંદ્રપુરી અદ્ધર રાખી મેલી છે. પૃથ્વીના આદિ કાળથી પ્રભુના એ વિચિત્ર સંકેતને ઉંધો વાળવાને સ્ત્રીઓ કટિબદ્ધ થઇને પોકાર મારીને કહી રહી છે કે સ્વર્ગ કોઇ અણુજાણ્યુ પ્રદેશમાં શોધવા જવાની જરૂર નથી. અમારામાં પૃથ્વી પર સ્વર્ગ રચવાની શક્તિ છે. અમે એ આદર્શ-સ્વર્ગનો એ ભવ્ય અને રમ્ય આદર્શ-પુરૂષને સોંપી કહીએ છીએ કે જાઓ, એ સ્વર્ગમંદિર ચણવાની સામગ્રીઓ લઇ આવો. પુરૂષનું કર્ત્તવ્ય એ સ્વર્ગમંદિરની સામગ્રીઓ લાવવાનું છે અને સ્ત્રીઓ એ સામગ્રીઓને કલાપુરઃસર સાચવી સ્વર્ગ રચવાની રસિયણ છે. કેટકેટલાં વર્ષો વહી ગયાં, કેટકેટલા યુગ સુધી સ્ત્રીઓએ આ ભવ્ય આદર્શ માટે પોતાનાં હૃદય ચીરાવા દીધાં છે, પણ પુરૂષ સમજતો નથી, તેને સત્તાના કોકેનનું માદક ઘેન ચઢયું છે. એ સત્તા અખંડ રાખવા માટે તેણે સ્ત્રીઓને પ્રથમ દાસી બનાવી, તે માલીક બન્યો. કેટલાકને દ્રૌપદી જેવી સ્ત્રી મળી ત્યારે તેઓ ચોંકયા ને દાસીની જગા અર્ધાંગે લીધી ! અર્ધાંગા-નામની-કહેવાતી-બ્રીટીશ સરકારના "ઑનરેબલ" ના ચાંદ જેવી !

હવે સ્ત્રીઓ જાગ્રત થતી જાય છે ત્યારે તેમની સામે નવી જ જાળ પથરાવા માંડી છે અને તે તેઓને ડૉલીઓ બનાવવાની ! નવી નવી ફૅશન, નવાં નવાં વસ્ત્રાલંકાર ! ચોવીસ કલાક સુધી ગદ્ધાવૈતરું કરવું પડે તે કબુલ ! એટલી મહેનતને અંતે સ્ત્રીને વશ તો રાખી શકાશે ! પુરૂષોની આ વીસમી સદીમાં આવી મનોદશા છે. એવી અધમ મોહમય વૃત્તિમાંથી સ્ત્રી પુરૂષના સમાન યુગ્મો થવાનાં ? છે ને પૃથ્વી પર ડૉલીઓ ને મોહમુગ્ધ હીચકારાઓના અસમાન યુગ્મોથી સ્વર્ગ ઉતરવાનું છે ?........

બાળ સંભાળ.

[લખનાર:—બેન સદા નાથાંલાલ.]

સ્ત્રીઓને ગર્ભ રહ્યા પછી તેમણે નિયમિત રીતે સાદો ખોરાક ખાવો જોઇએ. કેટલાંક ઘેરાં લાડુ, શીરો, કંસાર, વગેરે ભારે પદાર્થો ખાય છે, જેથી સુવાવડ વખતે લાંબો મંદવાડ ભોગવે છે. શરીર તેમજ કપડાં ચોકખાં રાખવાં. મહાભારત તેમજ રામાયણની કથાઓ સાંભળવી તેમજ વાંચવી ને સારા વિચાર કરવા. લાંબી મુસાફરી કરવી નહિ. લાંબા વખત સુધી બેસી રહેવું નહિ. બહુ રડવું કે ક્રોધ કરવો નહિ. કેમકે તેની અસર ગર્ભમાં રહેલા બાળક ઉપર થાય છે. આપણાં બૈરા દળવા ખાંડવાનું અગર બીજું કઠણ કામ કરવાનું વધારે પસંદ કરે છે તે સારૂં નથી. ફરવું, વાસીદું વાળવું, અગર બીજું હલકું કામ કરવું જોઇએ. દરેકને કસરતની જરૂર છે. પણ આવે વખતે હલકા પ્રકારની કસરત કરવી જોઇએ. મનને આનંદમાં રાખવું. ગર્ભીણી સ્ત્રીની સર્વ ઇચ્છાઓ પુરૂષોએ પુરી પાડવી જોઇએ. ફળફળાદિ તેમજ ખોરાક તાજો વાપરવો. વાસી ખોરાક અગર બગડેલાં કે કાચાં ફળો ખાવાં નહિ.

સારી સોબતમાં રહેવું. કુંતા માતાના ગર્ભમાં રહી અભિમન્યુએ છ કોઠા જીતવાની વિદ્યા શીખી હતી તે દાખલા ઉપરથી સાબીત થાય છે કે, ગર્ભ રહ્યા પછી માતા જે જે વિચારો કરે છે, જુએ છે તેમજ જેવી વાતો કરે છે તેવાજ વિચારનું બાળક ઉત્પન્ન થાય છે. પિતાના ગુણ બાળકમાં ક્વચિત જ જોવામાં આવેછે.

પ્રસવ વખતે હોંશીઆર નર્સ અગર સ્ત્રીડૉકટરને બોલાવવી. ગંદી અને અજ્ઞાન દાયણ કે હજામડીને બોલાવવાથી ઘણું કષ્ટ સહન કરવું પડે છે. વખતે માતા તેમજ બાળકના જીવને નુકસાન પણ થાય છે, અગર લાંબો વખત મંદવાડ ભોગવે છે, કે મરણને શરણ થાય છે. જ્યાં સુવાવડ માટે ઇસ્પીતાલ હોય ત્યાં તો દરેક સ્ત્રીએ તેનો લાભ લેવો જોઇએ. બીજા ગમે તેમ બોલે અગર નિંદા કરે તેની દરકાર રાખવી નહિ. જ્યાં નર્સ ન મળી શકે તેમ હોય, અગર ઇસ્પીતાલ ન હોય ત્યાં તેવાં ગામોમાં અનુભવી

સાન થાય છે. કાચાં કે બગડેલાં ફળફળાદિ, મકીઆ, ચણા, ધાણી, તેમજ લાંબી મુદતના ખોરા થએલા પ્રસાદ વગેરે આપવા નહિ. નિયમિત વખતને અંતરે ખોરાક આપવો. આખો દિવસ ખા ખા કરવાથી તેની પાચનશક્તિ ઘટી જઈ જઠરને નુકસાન થાય છે.

ધવરાવનાર માતાએ કે આયાએ સાદો ખોરાક ખાવો. ભારે ખોરાક બાળકને ખવરાવવાથી અગર માતાએ ખાવાથી બાળકના પેટમાં ભરાવો થાય છે અને માંદું પડે છે. કદાપિ બાળક માંદું પડે તો તુરતજ સારું થવાના ઈલાજ લેવા જોઈએ. દાખલા તરીકે કડુ, કરીઆતુ, દીવેલ, બાળહરડે, મધ, અગર બીજી સાધારણ ઘસારવાની ચીજ ઘરમાં હાજર રાખવી જોઈએ. બાળકને સહેજસાજ તાવ આવે તો મોટી હરડે ઘસીને તેમાં મધ કે ગોળ નાંખી બાળકને પાવું જોઈએ, અગર દીવેલ ચામાં નાંખીને પાવું જોઈએ. બાળકના પેટમાં ભાર રહ્યો હોય તો બાંબને અગર મહુડાંને બાફી તેનું એક ચમચી પાણી બાળકને પાવું. તેનાં પાંદડાં કે મહુડાં તેના પેટે બાંધવાથી પણ બાળકને આરામ થાય છે. થોરીઆનાં પાંદડાં અંગારા ઉપર ઉનાં કરી દીવેલ ચોપડી પેટે બાંધવાં, અગર એળીઆને વાટી ઉનો કરી પેટે ભરવાથી ખુલાસાબંધ ઝાડો થશે. બકરાની લીંડીઓ, ધાણીનો ધાહ, દીવેલીનાં બીજ અને મહુડાં ઝીણાં વાટી ખદખદાવી સેવાતાં સેવાતાં પેટે બાંધવાથી ગમે તેવો ભાર રહ્યો હોય તો પણ બાળકને સારું થાય છે. બાવટાના લોટનો શીરો કરી પેટે બાંધવાથી પણ લાભ થાય છે. અતિશય ભાર રહ્યો હોય ત્યારે બાળકની પાંસળીએ ખાડા પડે છે, અને બાળક હાંફે છે. તે વખતે પાંસળીએ જ્યાં ખાડા પડે ત્યાં થોરીઆના દૂધના ત્રિશુળ કરવાથી ભાર વછુટે છે. આ બાબત અનુભવસિદ્ધ છે; પણ બહુ ભરવાથી ઉડે નહિ તેની સાવચેતી રાખવી. અગર એળીઆના ત્રિશુળ થઈ શકે છે. નાના બાળકને ઉધરસ થઈ હોય તો અજમો રૂમાં નાંખી તેની દીવેટ કરી ઘીનો દીવો કરવો, અને છાતીએ નાગરવેલનું પાન મૂકે છે અને કપડા વડે શેક કરે છે જેથી બાળકને આરામ થાય છે. મોંમાં ઘી ચોપડી જવખાર પાવાથી અગર દૂધને ઉનું કરી મીઠું તથા હળદર નાંખી પાવાથી ઉધરસ નરમ પડે છે. લસણની કળીઓને ઘીમાં કકડાવી તેજ ઘી બાળકને પાવાથી ફાયદો થાય છે. બાળક માંદું પડવાનું હોય અગર તેને ભાર રહ્યો હોય ત્યારે, પ્રથમ ઉધરસ થાય છે. આવે સમયે તુરતજ ઈલાજ લેવા. ચંદન અને અજમો વાટી પાણી સાથે મેળવી પાવાથી પણ આરામ થાય છે અગર કેસર સાથે અજમો મેળવીને કેસરી ચંપાની કળી ઘસીને પાવાથી બાળકને આરામ થાય છે,

બાળક આખો દિવસ હાથ પગ હલાવ્યા કરે છે, હસે છે અગર પા પા કરે છે તેથી તેના શરીરને કસરત મળે છે. કેટલાંક વૈરાં બાળકને તેમ કરતાં અટકાવે છે. બાળક ઉંધાં પડી ચાલવા માટે પ્રયાસ કરે છે અને દોડાદોડ કરી મુકે છે તે વખતે મારૂં બાળક થાકી જશે એમ ધારી માતાઓ તેને ગોદમાં લે છે તે ભૂલભરેલું છે. ઘણીવાર બેસાડી મૂકવાથી બાળક ખુંધાં થાય છે, અગર ઉભાં રાખવાથી તેના પગ રાંટા થાય છે. કેડે બેસાડીને ફરવાથી અગર ઝોળીમાં સુવાડવાથી તેની કમર વાંકી થઈ જવાનો અગર છાતી સંકોચાવાનો સંભવ રહે છે.

ખાટલા કે પલંગ ઉપર સુવાડવાથી બાળકો પડી જાય છે. પારણામાં સુવાડવાથી બાળક હરી ફરી શકે છે તેમજ હાથ પગ બરાબર હલાવી શકે છે વળી પડી જવાની પણ બીક રહેતી નથી. પારણામાં માકડ, ચાંચડ કે જીવજંતુ ભરાઇ ન રહે તેની સાવચેતી રાખવી. ખંખેર્યા બાદ તેને સુવાડવું જેથી વીંછી, કાનખજુરો, અગર બીજું જનાવર કે કંઈ વસ્તુ ભરાઇ રહે નહિ. બાળકને હુંફાળા પાણીએ સાબુથી નવરાવવું. વાળ સાફ કરી પુષ્કળ પાણી રેડવું. નવરાવતી વખતે ઠંડો પવન ન લાગે તેની સંભાળ રાખવી. તેમજ કાનમાં પાણી ન પેસે તે બાબત સાવચેતી રાખવી. નવરાવ્યા બાદ કપડાથી શરીર લુછી ધોએલું ઝબલું પહેરાવવું. પછી ઉંઘાડવાથી બાળક લાંબો વખત ઘસઘસાટ ઉંઘે છે. એકજ બાજુએ અગર જે બાજુએથી તેજ આવતું હોય તે બાજુએ હમેશાં સુવાડવાથી બાળક બાંડું થાય છે. કેટલાંક બાળકો રાત્રે ઉંઘતાં નથી પણ દિવસે ઉંઘે છે. રાત્રે માતાને જાગવું પડે છે જેથી કંટાળીને અફીણ અગર બીજી કેફી વસ્તુની ગોળીઓ કરીને ગળાવે છે. તેના ઘેનમાં બાળક પડી રહે છે તે રીત પસંદ કરવા જોગ નથી. બાળકને આવી વસ્તુની હમેશાં ટેવ પડે છે. વળી કુદરતી વલણને દબાવી પોતાના વહાલા બાળકને ઝેરની ગોળીઓ ખવરાવવી એ ઘણું શોચનિય છે. ગોળીઓ વાળી સૂકવવા મુકી હોય તો બાળકના હાથમાં આવવાથી ઘણાં બાળકો ખાઈ જઈ મોતને શરણ થએલાં છે માટે ગોળી આપવાની રીત બહુજ નુકશાનકારક છે.

ધીમે ધીમે બાળકને રાત્રે સુવાની ટેવ પાડવી. ગરમીની મોસમમાં દિવસે સુવા દેવાં જોઈએ. ધાવણ છોડયા પછી છોકરાને ફકત રાત્રેજ સુવાડવાં. રાત્રે જાગતું હોય તેવા બાળકને મારીને, ધમકાવીને કે બીક બતાવીને

પરાણે સૂવાડવું નહિ. પારણા ઉપર મચ્છરદાની રાખવી. હિંચોળ્યા વગર ઉંઘવાની ટેવ પાડવી. ૭ માસ પછી બાળકને દાંત આવે છે તે વખતે કેટલાંક બાળકોને ઝાડા ઉલટી થાય છે, મોંમાંથી લાળ ગળે છે કે આંખો આવે છે. આવે સમયે બાળકની આંખો સંબંધી સંભાળ રાખવી. ઉના પાણીથી વારંવાર ધોયાં કરવી. સલ્ફયુરિકએસિડ અગર બોરિક એસિડની ભૂકી પાણીમાં મેળવી તેનાં ટીપાં પાડવાથી આંખો સારી થાય છે. બાળકો બબ્બે દિવસ સુધી આંખો ઉઘાડતાં નથી જેથી આંખમાં છારી વળી જઈ ફૂલ પડવાનો સંભવ રહે છે માટે આંખો ઉઘડાવી ધોવી જોઇએ. બાળક આંખ ન ઉઘાડે તો ધોઇને ઘીનાં અગર દૂધનાં પોલ મૂકવાં. થોડીવાર પછી અંધારામાં લઇ જઇ વાસણ વગેરે ખખડાવવાં જેથી તરતજ આંખો ઉઘાડશે. પછી આંખો ધોઇને સાફ કરવી. બાળકના સાંધાઓમાં, વળામણમાં, કાનની પાછળ અને અને ડોકમાં મેલ ભરાઈ રહેવાથી ચાંદીઓ પડે છે તે બાબત સંભાળ રાખવી.

છરી, ચપ્પુ કે બીજી ધારવાળી વસ્તુઓ, કાચ કે ઝેરી વસ્તુઓ રખડતી મૂકવાથી બાળકના હાથમાં આવે છે અને હાથ કાપી બેસે છે. પૈ, પૈસો, લખોટા વગેરે મોંમાં ઘાલે છે, અને ગળાની બારીમાં ભરાઈ રહેવાનો સંભવ રહે છે. ઉંચે ઓટલે બારીએ કે દાદરા પાસે બેસાડ્યાં હોય તો પડી જવાનો ભય રહે છે, અગર પડી જાય છે જેથી ઘણાં બાળકોને ખોડ આવે છે કે મોતને શરણ થાય છે. કલ્લાંઓ, વીંટીઓ વગેરે પહેરાવવાથી આંગળાં કે હાથ પગ કંતાઈ જાય છે, અથવા તે ખોવાઇ જવાનો કે કોઇ કાઢી લેવાનો ભય રહે છે માટે ઘરેણાં પહેરાવવાંજ નહિ.

બાળક બહુ પજવે છે ત્યારે કેટલીક માતાઓ બાવાની, સાપની કે બીજી કોઇ રીતની બીક બતાવે છે. જેથી તેવાજ સંસ્કારો નાનપણથી તેનામાં પડે છે. કેટલીક માતાઓ બાળકને પજવતું અટકાવવા અંધારામાં કાઢી મૂકે છે અગર કોઠીમાં ઉતારે છે. જેથી સાપ કે વીંછી કરડવાને લીધે ઘણાં બાળકો મરણને શરણ થએલાં છે. બાળક ઉપર રીસ ચઢાવવી નહિ, અગર ક્રોધ કરી માર મારવાથી છોકરાં સુધરવાને બદલે બગડે છે. બાળકના સાંભળતાં અપશબ્દો બોલવા નહિ કે કોઇને બોલવા દેવા નહિ. કેમકે બાળક અનુકરણિય છે. તેને અમુક વસ્તુ જોવાની ભાંગવાની અને પાછી આખી બનાવવાની તથા નવી નવી બાબત જાણવાની ઉત્કંઠા થાય છે. જેથી વસ્તુને ભાંગે છે, જુવે અને પાછી આખી બનાવવા જાય છે. વળી તે નકલી પ્રાણી છે જેથી બીજાની નકલ કરે છે અને તેની છાપ

તેના મગજમાં સચોટ પડે છે તે ભુંસી નાખવી મુશ્કેલ છે માટે તેમને સારી વસ્તુઓ ને સારી છબીઓ બતાવવી અને સારા માણસોના સહવાસમાં રાખવાં. તેમને જુદા જુદા રંગનાં પોચાં રમકડાં રમવા આપવાં. રંગવાળી તેમ જ ચળકતી વસ્તુ તેમને વધારે પસંદ પડે છે. બાળક કંઈક બોલતાં શીખે કે તુરતજ અમુક વસ્તુનાં નામ બોલાવવાં અથવા અમુક વસ્તુનો રંગ કેવો છે, કેટલી છે તે બાબત શીખવવી. બાળકને કેળવણીની શરૂઆત જન્મથી જ થાય છે. એક કેળવાએલી, સુશીલ અને સદાચારી માતા સો શિક્ષકોની બરાબર છે. અઢી વરસનું બાળક સો સુધી ગણી શકે છે તેમજ કવિતા પોતાની મેળે ગાઈ શકે છે તે અનુભવસિદ્ધ છે. બાળકને ગાયન વધારે પસંદ પડે છે. દાખલા તરીકે ઘણાં બાળકો હાલરડાં ગાયા વગર સૂઈ રહેતાં નથી. પોતાની માતા હાલા ગાય છે તે કાન માંડી ને સાંભળી રહે છે અને છાનાં રહી જાય છે. બાળકને સારાં સારાં કપડાં પહેરવાનું તથા બહાર ફરવાનું બહુજ ગમે છે.

બકરીનાં, બિલાડીનાં, પોપટ કાગડા વગેરેનાં બચ્ચાં જોઈને બાળકને આનંદ થાય છે. બાળક સાથે દરેક માબાપે બાળક થવું, તેમની સાથે થોડો વખત વાતો કરવી, હસવું, તેમને હસાવવાં વગેરે બાળકને વધારે પ્રિય લાગે છે. બાળકને રમવા માટે નાનાં નાનાં રમકડાં ખરીદવાં જોઇએ. દાખલા તરીકે નાની સાવરણી, ટોપલી, વાડકી, થાળી, બેડું, તપેલી. જેથી પોતાની મા જે કામ કરે છે તે કામ કરવા છોકરાં તૈયાર થાય છે. તેમને માટે પાણીની તેમજ ખાવાની સગવડ નીચે રાખવી જેથી પોતાની ઇચ્છા મુજબ તે કામ કરી શકે. રમવાનો ઓરડો પણ જુદો રાખવો. જોઇએ. નિશાળમાં સારા કેળવાએલા શિક્ષકના હાથ નીચે સોંપવાથી બાળક ચાલાક થાય છે. માતાથી ઉતરતો દરજ્જો શિક્ષકનો છે. હાલનાં અણસમજુ ઉમ્મરનાં બાળકો તે ભવિષ્યનાં મહાન મનુષ્યો છે તે બાબત લક્ષમાં રાખવી. ભણી રહ્યા પછી સોળ સત્તર વર્ષે તેમની સંમતિ લીધા બાદ પરણાવવાં. બાળલગ્નની વિનાશકારક રૂઢીથી તેમને બચાવવાં તે સુશિક્ષિત માબાપનાં લક્ષણ છે.

ફક્ત આર્ય સદ્ગ્રહસ્થોને માટેજ.

રૂ. ૧૦૦૧ ના ઇનામવાળી વંધ્યત્વ વિનાશક

ગર્ભામૃત સંજીવની મહૌષધિ.

વનસ્પતિની અપાર શક્તિ વિષે આર્ય વૈદકશાસ્ત્રનું ખાસ અનુભવસિદ્ધ ફરમાનઃ—

॥ लक्ष्मणा पुत्रदा सत्य वदंति मुनिपुंगवः ॥

અર્થાત્–" લક્ષ્મણા–વનસ્પતિ નિશ્ચયજ પુત્ર આપનારી છે એવું મુનિરાજનું સત્ય વચન છે. "

આ એવીજ મહાન ચમત્કારી અને અપાર શક્તિ ધરાવનાર વનસ્પતિના યોગ વડે મહાત્માના આશીર્વાદ રૂપ યોગ સિદ્ધ મહૌષધિઃ-

☞ ગર્ભામૃત સંજીવની ☜

તૈયાર કરવામાં આવેલ છે અને તેના માત્ર ત્રણથી સાત સપ્તાહના ઉપયોગવડે વંધ્યત્વ–**વાંઝીયાપણાનો મહાન દુઃસાધ્ય વ્યાધિ તદન નાબુદ** થઈ નિશ્ચય દીર્ઘાયુષી પુત્ર પ્રાપ્ત થાય છે. તેમ છતાં ગર્ભામૃત સંજીવની દવાનો વિધિપૂર્વક ઉપયોગ કર્યા છતાં સંતાન પ્રાપ્તિ નથી થતી એમ સાબીત કરી આપનાર શખસને રૂ. ૧૦૦૧)નું ઇનામ આપીશું.

સંતાન રહિત આર્ય સદ્ગ્રહસ્થો !

આ સૃષ્ટિ સૌંદર્યરૂપ સંતાન માટે શોકાતુર બનેલા બંધુ અને બહેનોએ ગર્ભામૃત સંજીવની દવાનો અવશ્ય ઉપયોગ કરી સંતોષ પ્રાપ્ત કરવાને અમારી મજબુત ભલામણ છે.

વધુ માહિતી માટે રૂબરૂ મળો અથવા પોસ્ટેજ સાથે લખોઃ—

વૈદ્યશાસ્ત્રી મહાવીરદાસજી જે. મહંત.

મુ. ધોળકા, જીલ્લે અમદાવાદ. (ગુજરાત)

સ્ત્રીઓ અને દેશ-સેવા.*

[લેખક—શ્રીમતિ અવંતિકાબાઇ ગોખલે.]

જ્યાં જોઇએ ત્યાં મહાન ફેરફાર થઈ રહ્યા છે. દરેક દેશ અને દેશની પ્રત્યેક વ્યક્તિ, સત્ય અને ન્યાયની ઢાલ આગળ કરી પોતપોતાના હક માંગવા મંડી ગયા છે. જાણે સત્ય યુગની શરૂઆત થતી હોય એવો ભાસ થતો હોય એમ લાગે છે. યુરોપના પોલ લોકો કે આફ્રિકાના સીદી લોક પણ પોતાને માટે સ્વરાજ્ય મેળવવા તૈયાર થયા છે. આવી બધે ઠેકાણે ધડભાંગ ચાલી રહી છે તો આપણો હિંદુસ્થાન શાંત બેસી રહેશે? જરૂરજ નહિં. આ સમયજ મોટી ઉથલપાથલનો છે. આવો સમય આજ કેટલાંક વર્ષો થયાં આવ્યો ન હતો: અને હવે પછી આવશે એવું દેખાતું નથી. જાણે કે એક મોટો ઉત્સવજ આવ્યો હોય એવું દેખાય છે. આ સંધિનો જો આપણે ઉપયોગ કરીએ નહિ તો આપણે મૂર્ખજ છઇએ એમ કહે-વામાં કાંઇ હરકત નથી. હમણાંજ પુરા થએલા મહા યુદ્ધમાં હિંદુસ્થાને કરેલી અમૂલ્ય અને અવર્ણનીય મદદ ઈંગ્લાંડના સ્મરણમાંથી જતી રહી નથી. હિંદુસ્થાને કરેલી મદદથી ઈંગ્લાંડની આંખ ઉઘડેલી લાગે છે. આ વખતેજ આપણે યત્ન કરવો જોઇએ; અને આવો પ્રયત્ન જેટલા ઉત્સાહ-પૂર્વક અને જેટલા જોરથી આપણે કરીએ તેટલુંજ જલ્દી આપણું રાષ્ટ્રીય કામ—સ્વરાજ્ય મેળવવાનું કામ વહેલું પુરૂં થશે.

પ્રયત્ન કરવો જોઇએ એ વાત તો ઠીક, પણ તે કરવો કોણે? ફક્ત પુરૂષોએ કે સ્ત્રી પુરૂષોએ સાથે મળીને? જવાબ એટલોજ કે બંનેએ ભેગા 'મળીનેજ' કરવો જોઇએ. સ્ત્રીઓ એટલે દેશનું અર્ધું અંગ—તો પછી રાષ્ટ્રીય કામમાં અર્ધા અંગને શા માટે ન લેવું? અલબત લેવુંજ જોઇએ. જેટલાં માણસ રાષ્ટ્રીય કાર્યમાં વધારે તેટલું તે કાર્ય વધારે સ્હેલું. એટલે રાષ્ટ્રને માટે મહેનત કરવાની જેટલી જરૂર પુરૂષને છે તેટલુંજ કર્તવ્ય સ્ત્રીઓનું પણ છે.

* "ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ" સમક્ષ નૂતન વર્ષના એ ઓશરપે શ્રીમતિ અવંતિકાબાઇ ગોખલેએ આપેલું વ્યાખ્યાન.

રાષ્ટ્રને માટે દરેક સ્ત્રીએ કાંઈ પણ કરવું જોઇએ એવું સિદ્ધ થયા પછી, સ્ત્રીઓએ કેવી જાતનું કામ કરવું એ પ્રશ્ન તરતજ આવી ઊભો રહે છે. તેઓએ શું પુરૂષો પ્રમાણે મોટા મોટા વેપાર ખેડવા કે વિદ્વાનની શોધ કરવી કે ભાષણો કરવાં ? પ્રશ્ન બહુજ મહત્ત્વનો છે માટે આપણે તેનો સવિસ્તર વિચાર કરવો જોઇએ.

આપણા હિંદુસ્થાનમાં હાલમાં ઘણું કરીને ત્રણ પ્રકારની સ્ત્રીઓ છે. પહેલા પ્રકારની સ્ત્રીઓ એવી છે કે જેને લખતાં વાંચતાં જરાએ આવડતું નથી. બીજા પ્રકારની સ્ત્રીઓ એટલે કે જેને સાધારણ લખતાં વાંચતાં આવડતું હોય; અને ત્રીજા પ્રકારની એટલે કે જેઓએ ઉચ્ચ શિક્ષણ મેળવીને પદવી સંપાદન કરેલી છે. આ બધા પ્રકારની સ્ત્રીઓને એકજ જાતનું રાષ્ટ્રીય કાર્ય કરતાં આવડે નહિ. જે પ્રમાણે સુશિક્ષિત સ્ત્રીઓને પોતાના જ્ઞાનના બળ વડે દેશ-સેવા કરતાં આવડશે તે પ્રમાણે અભણ સ્ત્રીઓને આવડશે નહિ. માટે તેમનું કાર્ય-ક્ષેત્ર જુદુંજ હોય. માટે સર્વે પ્રકારની સ્ત્રીઓએ શું શું કરવું જોઇએ તેનો પ્રથમ વિચાર કરીને પછી સુશિક્ષિત સ્ત્રીઓએ વધારે શું કામ કરવું જોઇએ તે તપાસીએ.

લખનૌની કોંગ્રેસ પછીના હિંદુસ્થાનના સ્વરાજ્યના ઇતિહાસે એક નવીનજ વલણ પકડેલી છે. તેની પ્હેલાં, હિંદુ-મુસલમીનોનો સ્વરાજ્ય માટે પ્રયત્ન હતો જ; પણ તે પ્રયત્ન બહુજ છુટોછવાયો હતો. તેમાં ઐક્ય ન હતું, અને હોય તે ફક્ત અંતઃકરણમાંજ હતું. તે બહાર દૃષ્ટિગોચર ન હોવાથી રાજ્યકર્ત્તાના લક્ષમાંજ ન હતું. તે વેળા "તમારામાં ઐક્ય નથી એટલે સ્વરાજ્યને લાયક નથી" એવો તે લોકોનો આપણા ઉપર આરોપ હતો. પણ સને ૧૯૧૬ ની સાલથી લખનૌની કોંગ્રેસે ઇંગ્લાંડની એવી ખાત્રી કરી આપી કે હિંદુ-મુસલમાન એક છે. તેઓમાં કોઈ જાતની વઢવાડ નથી અને તેથી હિંદુસ્થાન સ્વરાજ્ય માટે લાયક છે. ત્યાર પછી સત્યાગ્રહની ચળવળ ચાલી. હિંદુઓના મંદિરોમાં મુસલમાનોનાં ભાષણો અને મુસલમાનોની મસજીદોમાં હિંદુઓની પ્રાર્થના થઈ. આવી વાત પછી ઐક્ય નથી એમ કોઈ કહી શકે નહિ.

પણ જે હિંદુસ્થાનમાં નેતાઓ ઐક્ય કરવા માટે મહેનત કરી રહ્યા હતા ત્યાંની સ્ત્રીઓએ શું કર્યું તે જોઇને મન ઉદ્વેગ પામ્યા વિના રહેતું

નથી. પુરૂષ વર્ગ જુદી જુદી જાતોને એક કરવા માગે છે ત્યારે સ્ત્રી વર્ગ અંદર અંદર પોતાનાજ ઘરમાં વઢવાડ લાવી ભાઈ ભાઈઓમાં વિક્ષેપ પાડે છે. આવું જોયા પછી આપણે સ્વરાજ્યને ખરેખરજ લાયક છીએ કે નહિ એવો થોડો ભ્રમ ઉત્પન્ન થાય છે. બહેનો! તમે એમ કહેશો કે "અમારાં ઘરની ભાંજગડ અમારાં ઘરમાંજ થાય છે તે તો અમારા ઘરની વાત છે." પણ બ્હેનો! તેમ નથી. તમારા કૃત્યથી તમે તમારૂં એકલાનું નુકસાન કરતાં નથી પણ તમે દેશદ્રોહ કરો છો. જે પ્રમાણે "Charity begins at Home" એટલે કે દયાની શરૂઆત ઘેરથીજ થાય છે, તે પ્રમાણે "Union begins at Home"–સંપની શરૂઆત ઘરથીજ થાય છે એમ કહેવામાં કાંઈ હરકત નથી. ઘરનાંજ માણસોમાં એટલે કે ભાઈભાઈમાં જ્યારે વઢવાડ શરૂ કરાવશો તો તેજ ભાઈ દેશ–સેવા કેવી રીતે કરી શકે? અને દેશમાં એકસંપી જમાવી સ્વરાજ્ય કેમ મેળવી શકે? સન્નારીઓ! તમારા કૃત્યથી તમારા પોતાના ફાયદા માટે તેની દેશ–સેવામાં આડીખીલી ચાઓ છો તેનો બરાબર વિચાર કરો.

આ જગ્યાએ મારી એક બેનપણીની વાત જરાક કહું તો તે અપ્રાસંગિક થશે નહિ એમ લાગે છે. તે અમથી અમથીજ પોતાના પતિ અને દેરને લડાવી મારી ધણી સાથે જુદી રહી. એક દિવસ મારે તેની સાથે વાત કરવાનો પ્રસંગ આવ્યો અને મેં તેને આ તકરારથી દેશને થયેલું નુકસાન બતાવી આપ્યું. ત્યારે તેણે કહ્યું કે, "મારા આ કામથી દેશના કાર્યમાં આડી ખીલી પડી નથી પણ મેં થોડી ઘણી મદદ કરી છે." મેં કહ્યું, "તે કેમ બને?" એટલે તેણે જવાબ આપ્યો, "મારા કૃત્યથી મેં હિંદુસ્થાનમાં સ્વતંત્રતાનો ધડો બેસાડયો છે. સર્વ સ્ત્રીઓએ આ પ્રમાણે સ્વતંત્ર થવાનો યત્ન કરવો એટલે હિંદુસ્થાનને ચપટીમાં સ્વરાજ્ય મળશે!" અરેરે! કેટલા બધા ભૂલભરેલા વિચાર! હિંદુસ્થાન સ્વતંત્રતા માગે છે એ વાત કબુલ, પણ તે સ્વતંત્રતા કઇ બાબતમાં જોઇએ એ વાત તે બ્હેને જરાએ લક્ષમાં લીધી લાગતી નથી. ભાઈભાઇઓને લડાવવાથીજ જો દેશને સ્વતંત્રતા મળતી હોત તો હિંદુસ્થાનનું કાર્ય આ કળીયુગમાં કયારનુંએ સફળ થઈ ગયું હોત.

માટે બ્હેનો, આવી રીતે કજીઓ ન કરાવતાં ઘરમાં ઐકય કરવાનો પ્રયત્ન કરો. તમારા આવા સુંદર કામથી રાષ્ટ્ર–કામની ઇમારતનો પાયો મજબુત થશે. અને તેના ઉપર ઉભી કરેલી સ્વરાજ્યની ઇમારત ડોલશે

નહિ. આવી જાતનો સંપ સ્ત્રીઓ કરી શકે એમ છે. "અમે તો અભણ, અમને લખતાં વાંચતાં આવડે નહિ તો અમે શું દેશ-સેવા કરીએ?" એમ કહી શાંત બેસી રહેવાનું કાંઈ કારણ નથી. માટે સર્વ સ્ત્રીઓને મારી એટલી વિનંતી છે કે ઘરઘરમાં વઢવાડ કરાવવાનો નિંદ્ય ધંધો છોડી દઈ જ્યાં ત્યાં સંપ અને સુલેહ ફેલાવવા પ્રયત્ન કરો ને દેશના દેવામાંથી મુક્ત થાઓ!

કોઈપણ દેશની ઉન્નતિ કે અધોગતિ ઘણે ભાગે દેશના વેપાર ધંધા ઉપર આધાર રાખે છે. જે દેશનો વેપાર મોટો તે દેશ જલ્દી આબાદ થાય. ઇંગ્લાંડ તરફ નજર ફેરો તો જોશો કે વેપારધંધાની વૃદ્ધિથીજ તે દેશ આટલો બધો જાહોજલાલી ભોગવતો થયો છે. અમેરીકા તરફ નજર દોડાવશો તો માલુમ પડશે કે છેલ્લાં ૧૫૦ વર્ષમાં વેપારને લીધેજ પ્રથમ પંક્તિનો દેશ બન્યો છે. જર્મની, જાપાન વિગેરે દેશોનો વિચાર કરશો તો તેજ વાત જણાશે. લડાઈમ ત્રણચાર વર્ષમાં જર્મનીએ જે ટક્કર ઝીલી તે વેપારધંધાને લીધેજ. માટે આવી સ્થિતિ હોવાથી હિંદુસ્થાને વેપારની દિશામાં કાંઈજ પ્રયત્ન કરવો નહિ તે ઠીક ન ગણાય. પણ હિંદવાસીઓને પાસે જઈ ને જોઇએ તો ખબર પડશે કે હિંદીઓ વેપારનું મહત્ત્વ જાણતા નથી અને દેશનો નાશ કરે છે. દેશની ઉન્નતિમાં આડી ખીલી થાય છે એવું દેખાય છે. જ્યાં જોઇએ ત્યાં પરદેશી વસ્તુનો ફેલાવો થતોજ દેખાય છે. સ્વદેશી વસ્તુનો તો કોઈ ભાવ પૂછતું નથી. કારણ કે પરદેશી ચીજ દેખાવમાં જરા ઘાટઘુટવાળી દેખાય છે, અને સ્વદેશી ચીજ સુંદર કે ભપકાદાર લાગતી નથી અને વળી કીમત પણ વધારે પડે. સ્વદેશી બનાવટની વસ્તુમાં આવી જાતનો થોડો ઘણો દોષ છે એ વાત હું કબુલ કરૂં છું. પણ બ્હેનો, એટલાજ માટે તમે સ્વદેશી ચીજ વાપરો એવી મારી તમને આગ્રહપૂર્વક વિનંતી છે. કારણ કે સ્વદેશીનો છોડ તો હજુ ઉગતો છે. તેણે જરાક બહાર ડોકું કાઢ્યું છે અને જો તેને ઉત્તેજન નહિ આપો તો તેનું મૂળ ઉંડું લાગશે નહિ. દેશમાં ઉત્પન્ન થયેલી ચીજ દેશમાંજ ન વેચાય ને તેને ઉત્તેજન ન મળે તો પરદેશમાં તેને શું ઉત્તેજન મળવાનું હતું? મારે એટલુંજ કહેવાનું કે ભલે સ્વદેશી ચીજ જરા મોંઘી હોય તોપણ **સ્વદેશી** ચીજ જ વાપરો એટલે તરતજ એવી સ્થિતિ ઉત્પન્ન થશે કે સ્વદેશી વસ્તુ પરદેશી ચીજ કરતાં સોંઘી પડશે ને સારી પણ થશે.

જો આવી જાતનું ઉત્તેજન સ્વદેશીને મળે તો સ્વદેશી વેપારીઓ પોતાના માલમાં સુધારો કરશે, અને જલદીજ તમને પરદેશી વસ્તુ કરતાં વધારે ટકાઉ ને ભપકાદાર માલ આપવા માંડશે. આવી રીતે દેશના વ્યાપારને

ઉત્તેજન મળશે અને દેશની ઉન્નતિ થશે, માટે બ્હેનો, તમે એટલુંજ કરો કે થોડી ખોટ ખાઈને પણ દેશી બનાવટના માલને ઉત્તેજન આપો.

વખતે તમે એમ કહો કે "અમે તો સ્ત્રી, અમે પરતંત્ર અમે સ્વદેશીને ઉત્તેજન શી રીતે દઈએ?" તો એમ નિરાશ થવાનું કંઇ કારણ નથી. પોતાને જોઇતી ચીજો, લુગડાં, કપડાં બંગડી વિગેરે ઘરસંસારમાં જોઇતી દરેક ચીજ સ્વદેશી વાપરો. અને ખાસ એટલી કાળજી રાખો કે **પરદેશી માલ તો બીલકુલ વાપરવોજ નહિ.** તમે તો ઘરના રાજા. તમારા પતિ ઉપર તમારૂં કાંઇ પણ વજન હોય તો તેને વિનંતિ કરો કે, **"આપણા ઘરમાં સ્વદેશી સિવાય બીજી વસ્તુ લાવવી નહિ."** સ્વદેશી ન મળે તો પરદેશી ચીજ એકવાર લાવશો તે ચાલશે, પણ સ્વદેશી ચીજોને લાત મારીને પરદેશી ચીજો વાપરો નહિ. આટલું કરશો તો તમે પુષ્કળ દેશ-સેવા કરી એમ કહી શકાય.

ભણેલી અને અભણ એવી બધી બ્હેનોને કહેવા જેવી એક વાત ઘરેણાં વિષે કહેવાની છે. વખતે આ વાત તમને બધાને પસંદ પડશે નહિ તોપણ શાંત રીતે વિચાર કરશો તો આ વાત તમને સમજાશે. ઘરેણાંમાં જેટલું ધન રોકાયલું રહે છે તે કરોડો રૂપીઆ વ્યાપારમાં કામ લાગે અથવા તો તેનો ઉપયોગ દેશની ઉન્નતિમાં કામ લાગે. આપણા પતિ જેવું મૂલ્યવાન ભૂષણ આપણી પાસે હોય ત્યારે આપણને બીજાં ઘરેણાંની જરૂર-જ નથી. પણ વસ્તુસ્થિતિ બીજાજ પ્રકારની છે. સોના રૂપાનાં દાગીના મેળવવા માટે પતિ જેવા કિંમતી ઘરેણાંને દુઃખ આપતી ઘણી સ્ત્રીઓ નજરે પડે છે. આ કાંઇ ઠીક કહેવાય નહિ. આટલુંજ નહિ પણ કોઈ કોઇ સ્ત્રીઓ કહે છે કે "જે દેશમાં કાચું સોનું પાકે છે તે દેશની અમે સ્ત્રીઓ અમારા બાપદાદા કેવા મોટા થઇ ગયા? શું અમે દરિદ્રીની માફક ઘરેણાં વગર ફરીએ? અમારાં ભીખારી જેવાં કપડાં જોઈ બીજા દેશના લોકો અમને હસે નહિ તો બીજું શું કરે?" બ્હેનો! આપણા દેશની સ્થિતિ પાયમાલ થઇ છે તો પછી આપણને કોઇ ભિખારી કહે તેમાં શી નવાઈ લાગે છે? દેશમાં હજારો ગરીબ લોકો અન્ન વિના તરફડીને મરે છે, તે વખતે પોતાની શ્રીમંતાઇ બતાવવા ઘરેણાંનો ઢગલો શરીરપર સીંચનારી સ્ત્રીઓ આપણી આ આર્યભૂમિમાં છે ત્યાં સુધી આપણા દેશના ઉદ્ધારની શી આશા રાખવી?

ફિ જે બ્હેનો દાગીના માટે પતિને દમે છે તે બ્હેનોને તથા જેને

દાગીનાની ખોટ નથી તેવી બ્હેનોને મારી પ્રાર્થના છે કે આજથી હવે દાગીના માટે તમે દમવાનું છોડી દો. અને ન માગતાં પણ જો પતિ દાગીના વાળી આપે તો તેને કહેવું કે "મારા સૌભાગ્યરૂપી અસંત મૂલ્યવાન અલંકાર મારી પાસે છે એટલે મને બીજા દાગીનાની જરૂર નથી. તે પૈસા તમે દેશ-કાર્યમાં ખર્ચો." અહાહા! એક પત્નીના મુખમાંથી આવા શબ્દો નીકળે તો પતિને કેટલો બધો આનંદ થાય અને હર્ષ સહિત તે દેશ-સેવામાં કેવા જોડાય?

કોઇ વળી શંકા કરશે કે ઘરેણાં ને દેશ-સેવાને શો સબંધ? પ્રશ્ન બહુજ સ્હેલો છે. અત્યારે હિંદુસ્થાનમાં કેટલીએ સંસ્થા છે જે બહુ સારી રીતે ચાલી શકે એમ છે, પણ પૈસાના અભાવથી તેનું કામ આગળ ચલાવવું બહુ મુશ્કેલ થઇ પડયું છે. દાખલા તરીકે સ્વરાજ્ય સંઘ, પૈસા ફંડ, ડેક્કન એજ્યુકેશન સોસાઇટી જેવી શિક્ષણ આપનારી સંસ્થાઓ. આવી સંસ્થાનો ઉદ્દેશ કેટલો બધો ઉંચ્ચ છે અને તે સંસ્થાની ઉપયોગિતા કેટલી છે તે કહેવાની જરૂર નથી. અને તેના કામ પ્રમાણે તેને પૈસા બરાબર મળતા નથી એ કહેવાની કાંઇ જરૂર નથી, તો પછી પોતાનાં ઘરેણાંનો ઉપયોગ શું આવા રાષ્ટ્ર-કાર્યમાં ન થાય? તે રાષ્ટ-કાર્ય શું સ્ત્રીઓથી ન થઇ શકે?

બધી જાતની સ્ત્રીઓ કેવી જાતની દેશ-સેવા કરી શકે તેનો આપણે અત્યાર સુધી વિચાર કર્યો. હવે સાધારણ ભણેલી સ્ત્રીઓએ ઉપર લખેલા કાર્ય ઉપરાંત શું કરવું જોઇએ તે વિચારીએ.

જેવી રીતે રાષ્ટ્રની ઉન્નતિ થવામાં વેપાર એ મુખ્ય કારણ છે તેમ કેળવણી એ દેશોન્નતિમાં મુખ્ય કારણ છે. ઇંગ્લાંડ, જર્મની વિગેરે દેશો ફક્ત વેપાર ઉપર ધ્યાન રાખીને બેઠેલા નથી પણ શિક્ષણની બાબતમાં ખુબ કાળજી રાખે છે. માત્ર પુરૂષોજ કેળવાય તો દેશની ઉન્નતિ થઈ શકે નહિ પણ સ્ત્રીઓને સુદ્ધાં શિક્ષણ મળવુંજ જોઇએ. કારણ કે સ્ત્રીઓ દેશનું અર્ધું અંગ છે, અને અર્ધું અંગ અભણ હોય તો દેશ સુશિક્ષિત થાય નહિ માટેજ પુરૂષ અને સ્ત્રી બંનેએ શિક્ષણ અવશ્ય લેવુંજ જોઇએ.

પુરૂષોને શિક્ષણ આપવાની વ્યવસ્થા આપણા દેશમાં જો કે ઉત્તમ નથી તો પણ સાધારણ છે. પણ સ્ત્રીઓને શિક્ષણ આપવાની સારી સગવડ નથી. તે માટે એવી સગવડ કરી આપવાનું કામ સ્ત્રીઓનું છે.

શિક્ષણના ત્રણ પ્રકાર છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ. આવી ત્રણે

જાતનું શિક્ષણ આપવું એ સાધારણ સ્ત્રીઓનું કામ નથી, પણ નાની બાળકીઓને પ્રાથમિક શિક્ષણ આપવું તે કામ તેનાથી બની શકે એમ છે. એટલે છોકરીઓના પ્રાથમિક શિક્ષણની જવાબદારી પોતાના અંગ ઉપર લઇને તે યોગ્ય રીતે પાર પાડવું જોઇએ, એ તેમનું કર્તવ્ય હોવું જોઇએ. માત્ર છોકરીઓને પુસ્તકીઉં જ્ઞાન આપવાથી ચાલી શકશે નહિ, પણ તેમને સ્વદેશાભિમાની અને નીતિમાન બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. કારણ કે ન્હાનપણમાં જે છાપ પડે તે કોઈ દિવસ ભુંસાતી નથી. અને આજની બાલિકા તે આગળ ઉપર એક માતા થવાની છે, માટે આજથીજ તેનામાં તેવા ગુણની છાપ પડે તો તે પણ એક જાતની દેશ–સેવા કરેલી કહેવાય.

ઘરમાં સંપ જાળવી દેશમાં એકતા કરવી એ સ્ત્રીઓનો ધર્મ છે એ. ઉપર કહી ગયા, પણ એટલું કર્યું એટલે આપણું કામ પુરૂં થયું એમ નથી. પણ ભણેલી બ્હેનોએ બીજાને આદર્શરૂપ થવું જોઇએ.

આદર્શરૂપ કેવી રીતે થવું એ પ્રશ્ન પછી આવશે. મારા મત પ્રમાણે તેનો એક ઉત્તમ ઉપાય છે. ગામમાં જે પ્રમાણે પુરૂષોની કલબ હોય છે તે પ્રમાણે સ્ત્રીઓની કલબ સ્થાપવી, અને તેવી રીતે ભેગી થયેલી સ્ત્રીઓમાંથી સાધારણ ભણેલી સ્ત્રીઓને એક કરવી. આવી જાતનો પ્રયત્ન કોઈ કોઇ ઠેકાણે થએલો છે ને ત્યાં સફળતા પણ મળેલી છે. આપણાંજ શહેરની વાત કરીએ. અહિંઆ દર બુધવારે કેટલીક સ્ત્રીઓ એક કલબમાં મળે છે. તેઓનું કામ સાધારણપણે ઘરનું કામ કરવાનું હતું. કોઈ કોઈવાર ભાષણો પણ થાય છે. પણ તેનું પરિણામ એ આવ્યું કે ત્યાં ભેગી થનારી બધી સ્ત્રીઓમાં એક પ્રકારનું આપણાપણું ઉત્પન્ન થયું. આપણાપણું જે ઉત્પન્ન થયું તે એક જાતનું ઐક્ય કે બીજું કાંઈ? માટે ભણેલી બ્હેનોનું એજ કર્તવ્ય છે કે તેમણે ગૃહ–કાર્ય નિમિત્તે પોતાના ગામની સ્ત્રીઓને એકત્ર કરવી, ને યોગ્ય વખતે પોતાના જ્ઞાનનો થોડો ઘણો લાભ આપવો.

ઉપર કહેલી રીતથી કલબ સ્થાપન કર્યા પછી એક જાતનો ફાયદો થવા જેવું થાય છે. તે મંડળમાં મોટી પ્રખ્યાત સ્ત્રીઓને નિમંત્રણ આપી તેમની પાસે વ્યાખ્યાનો અપાવવાં જેથી તેમના બોધરૂપી અમૃત લાભ નહિ ભણેલી સ્ત્રીઓ, બાળકો તથા બાળકીઓ લઈ શકે. આ કંઈ ન્હાનો-સૂનો ફાયદો નથી.

ઉંચા પ્રકારનું શિક્ષણ લઈને મોટી ડીગ્રી ધરાવનાર બ્હેનોએ શું કરવું જોઇએ તેનો હવે વિચાર કરીએ. પ્રાથમિક (મૂળ) કેળવણીની જવાબદારી

સાધારણ શીખેલી સ્ત્રીઓજ લેવી જોઈએ એમ આપણે આગળ કહી ગયા. હવે રહી મધ્યમ અને ઉચ્ચ પ્રકારની કેળવણી. આની જવાબદારી ડીગ્રીવાળી ભણેલી સ્ત્રીઓ ઉપર છે. પણ જો બરાબર વિચાર કરીએ તો વધારે ભણેલી સ્ત્રીઓ પોતાનું કર્તવ્ય બરાબર પાળતી હોય એવું લાગતું નથી. સાધરણ બી. એ. કે એમ. એ. સુધી સ્ત્રીઓ ભણે છે ત્યાં સુધી તેમનાં નામ સંભળાય છે, પણ એક ડીગ્રી મેળવ્યા પછી તેમનાં નામ પણ સંભળાતાં નથી. ઘણી ડીગ્રીવાળી સ્ત્રીઓ લગ્ન કરી સંસારમાં પડે છે, અને પોતાનું સમાજ પ્રત્યેનું કર્તવ્ય ભૂલી જાય છે એવું માલુમ પડે છે. સંસારમાં પડવુંજ નહિ એવો મારો મત નથી. સંસારમાં પડવું ખરૂં પણ તે સાથે આપણા કર્તવ્યનું ભાન રાખવું જોઇએ. બ્હેનો, તમે ભણેલાં છો, તમે સુઘડ છો તો શું દેશને તમારી પાસેથી કાંઈ માગવાનો હક નથી? દેશ તમને એમ શાંત બેસી રહેવા દેશે નહિ. તમારા જ્ઞાનનો, તમારા ભણતરનો કોઈ સદુપયોગ કરો એમ દેશ તમારી પાસે આશા રાખે છે. એટલે સુશિક્ષિત સ્ત્રીઓને મારી એટલી વિનંતી છે કે આજ સુધીનું જે આળસ હોય તે છોડો અને તમારૂં કર્તવ્ય સિદ્ધ કરો. દેશને તમારા જ્ઞાનની જરૂર છે તે જરૂર પૂરી પાડો. કન્યાકેળવણીની જ્યાં ત્યાં બુમ પડી રહી છે, છોકરીઓને છોકરાંઓની શાળામાં જઇને શીખવું પડે છે. કોઇ પ્રો. કર્વેના મહિલાશ્રમમાં જાય છે. ખરી જોતાં સુશિક્ષિત સ્ત્રીઓનોજ વાંક છે એમ કહેવામાં કાંઇ હરકત નથી.

આપણી બ્હેનો ભણેલી છે તો પછી સ્ત્રી-શિક્ષણની જવાબદારી પ્રો. કર્વે જેવા પુરૂષ ઉપર શા માટે પડે છે? તે જવાબદારી આપણેજ કેમ ન લઇએ? તેના કરતાં તેજ કામ શું આપણે સરસ રીતે નહિ કરી શકીએ? તો પછી શાળા કે પાઠશાળા સ્થાપવાની શા માટે આપણે તજવીજ ન કરીએ? આવો પ્રયત્ન આપણે કરવોજ જોઇએ. સ્ત્રી-શિક્ષણમાં આપણને થોડી ઘણી ખામી દેખાતીજ હોય તો આપણા અનુભવનો ઉપયોગ કરી તે દૂર કરવી જોઇએ. સ્ત્રી-શિક્ષણનું કામ આપણે હાથે ઉપાડી લઇએ. પુરૂષોને તે કામથી મોકળા કરવા જોઇએ. તેમને દેશનું ઘણું કામ કરવાનું છે; તો આવી જવાબદારી આપણે લઈ લેઇએ અને દેશ-સેવા માટે ઘણાં માણસો ફાજલ પાડી શકીએ.

માસિકો અને વર્તમાનપત્રો એ જેમ વધારે પ્રગટ થાય તેમ દેશની ઉન્નતિ વધતી જાય એવો આજ સુધીનો બધાનો અનુભવ છે. માટે તે

દિશામાં પણ આપણે કંઇ કરવું જોઇએ. સુધરેલા દેશમાં માસિકપત્રો અને વર્તમાનપત્રોના ઢગલા આપણે જોઇએ તો માલુમ પડશે કે સુધરેલો દેશ આ બાબતમાં બહુજ આગળ વધેલો છે. ત્યાંનું એકે એક માસિક જોઇએ તો મન આશ્ચર્યમાં ડુબી જાય છે. રસીલી તથા બોધદાયક વાર્તાઓ, જુદા જુદા વિષય ઉપર લખેલા ઉત્તમ નિબંધો, દેશ પરદેશની જુદી જુદી જાતની જાણવાજોગ ખબરો, એવી કેટલીએ બાબતો તેમાં આવે છે. માટે આપણા માસિક અને વર્તમાનપત્રોને સુધારવા માટે નવા નવા માસિક ને વર્તમાન પત્રો કાઢવા જોઇએ એ હિંદુસ્થાનના લોકોનું કર્તવ્ય છે. આમાંનું પુરૂષ વર્ગનું કાંઇક કામ સ્ત્રીઓએ ઉપાડી લઇ તેનો બોજો હલકો કરવો જોઇએ. વળી આવા માસિકોની ખાસ જરૂર છે. ખાસ સ્ત્રીઓને માટે, સ્ત્રીઓએ કાઢેલાં એવાં માસિક કે વર્તમાનપત્ર હિંદુસ્થાનમાં કેટલાં છે? બહુજ થોડાં. તેથી સ્ત્રીઓને માટે સ્ત્રી ઉપયોગી પુષ્કળ માહિતી આપતું માસિક આપણા દેશની સ્ત્રીઓએ શું ન કાઢવું જોઈએ? અને એમ કોણ કહેશે કે સ્ત્રીઓ પુરૂષો કરતાં આવું માસિક વધારે સારી રીતે નહિ ચલાવી શકે?

દવા વગરના ડાકટર.

સૂર્યનો તડકો અને તાજી હવા સાજા માણસોને ઉપયોગી છે તો માંદાં માણસોને તે વધુ જરૂરની અને ઉપયોગી છે. સેનેટેરીયમો અને દરિયા કિનારાનાં મકાનો ઘણાં ખરાં માંદાં માણસોને સાજાં કરવાનો જશ ખાટી જાય છે તેનું કારણ કાંઇજ નહિ પણ એ મકાનોમાં વગર પૈસે મળતી સૂર્યના પ્રકાશ અને ખુલ્લી હવા રૂપ કુદરતી હવાજ છે; જેના પૈસા માણસ જાતને આપવા પડતા નથી. સૂર્યનો પ્રકાશ, સ્વચ્છ હવા અને સ્વચ્છ પાણી એ ત્રણ કુદરતી મફત દવાઓ છે, તો માણસોએ શા માટે તેનો ત્યાગ કરી બનાવટી ખનિજ અને પ્રવાહી દવાઓ ખાવી જોઇએ? જે લોકો ફુરસદનો બધો વખત આ પ્રમાણે ખુલ્લી હવામાં આવેલાં મકાનોમાં ગાળે છે તેમને આરોગ્યતા પ્રાપ્ત થાય છે, અને શહેરી લોકો કરતાં તેઓ વધારે આરોગ્ય રહે છે. શહેરમાં વસતા શહેરીઓએ હંમેશાં ખુલ્લી હવામાં ફરવાનો મહાવરો રાખવો જોઇએ. ઇંગ્લંડના જે મહાન નરો લાંબું આયુષ્ય ભોગવી ગયા છે તેઓ હંમેશાં ખુલ્લી હવામાં ફરવાની ટેવ પાડવાથી અને યોગ્ય કસરતથી પોતાની જીંદગી લંબાવી શક્યાં છે.

ડાકટરો કેવા જોઇએ ?

[લખનાર—બ્હેન પુતળીબાઈ કાબરાજી.]

તન્દુરસ્તીને લગતા એક અમેરિકન ચોપાનીયામાં એક ડાકટર લખે છે કે—

મારા એક ઘરાકે એક દહાડો મારા દવાખાનામાં આવી ગુસ્સામાં પોતાના ગજવામાંથી મારૂં મોકલેલું બીલ કાઢ્યું ને તે બોલ્યો, "ડાકટર, તમારૂં બીલ મને આજે સવારે મળ્યું ને હું તે વિષે વાત કરવા આવ્યો છું."

આ ઘરાક મારો મિત્ર હતો. તેના કુટુંબનો હું ડાકટર હોવાથી મેં તેને, તેની સ્ત્રી અને બાળકોને ઘણી ઘણી દવા આપી હતી. તેમનાપર ઘણાંક ઓપરેશન કર્યાં કરાવ્યાં હતાં અને હજી પણ એક બે છોકરાના ટોનસીલસ કાઢવાની મને ઉમેદ હતી, માટે મેં ભલાઈથી પુછ્યું, "કેમ ? બીલ ઘણું ભારે થયું છે ? કંઈ ઓછું કરીને આપો."

"તે હું ના સમજું, તમે વધારે સમજો. પણ મને તો આ તમારી ડાકટરોની આખી સીસ્ટમજ (રીત) ખોટી લાગે છે."

"એટલે ?",

"તો તમે ડાકટરો શું કરો છો ?" તે તોકથી બોલ્યો, "હવે લ્યોની, ગયા વર્ષનાં તમારાં બીલો કાઢીને મેં સરવાળો કીધો તો એક વર્ષમાં તમારા એકસો પાંસઠ ડોલર થયા. પણ હું તો બસો આપવા ખુશી છું."

"ઓહો !" મેં ખુશાલી દેખાડી.

"પણ તે કેમ ? તમે અમને ફાયદો શો કીધો ? તમે અમારૂં કામ શું કીધું ? કરો તો આપીએઃ ખુશીથી આપીએ." તે ચીડાઈનેજ બોલ્યો,

"તમે તો તમારી ઓફીસમાં બેસી રહો, ને અમે બોલાવીએ ત્યારે આવો, ત્યારે તમે અમારા કુટુંબના ડાકટર કેમ કહેવાઓ? અમે માંદા પડીયે ને તેડાવીયે ત્યારે તમે આવીને દવા આપો, પણ અમને માંદા પડતા અટકાવવાનું કામ તમારૂં નહિ કે? કોઈ દહાડે તો આવીને અમારી ગૃહવ્યવસ્થા જુવો, અને અમે શાથી માંદા પડીયે છિયે તે સમજાવો. અમારાં ઘરોને ખુણે ખુણે કેવી કચરો જમા થયો છે કે, રોશની પુરતી છે કે, બારી બારણાં ઉઘાડી સ્વચ્છ હવા ઘરમાં જોઇએ છીએ કે નહિ, તે તો જરા જુવો ને અમારી ભૂલો સુધારો! અમારાં બીછાનાં કેમ મૂકેલાં છે, તે ઉપર ઓઢણાં ઘણાં છે કે થોડાં, તે ઉપર રાત્રે હવા આવે છે કે નથી આવતી, એમાંનું કંઈ તો તમે જાણો કે પુછો! વળી અમારી જમવાની ટેબલ ઉપર તો કોઈ દહાડો આવીને પરપુછ કરો કે તમે રોટલી કેવી ખાવો છો? ભાજી તરકારી તાજે મેવો ખાવો છો કે નથી ખાતાં? માંસ કેવું ખાવોછો, ખાંડ કેટલી વાપરો છો, મીઠું લીંબુ વગેરે ઉપયોગમાં લેવો છો કે નહિ, એવા કંઈ તો અમને સવાલ પુછો! વારૂ, ઘરમાં કયાંય ગટર ઉઘાડી છે કે? ક્યાંય ભેજ સરદી છે કે? ક્યાંય બદબો આવે છે કે? તે તો તપાસો! તે શું તમારૂં કામ નથી? અરે! તમે ડાકટરો અમને એટલું નથી પુછતા કે તમારી કસરત કેટલી છે અને કેવી છે? અને તેના પ્રમાણમાં તમારો ખોરાક કેટલો છે? એવી પરપુછ કરી અમને ચાલુ સારી સલાહ આપો તો અમે તમને પગાર આપીએ, નહિ તો શા માટે આપીયે? જો તમે અમને તનદુરસ્તીના નિયમો શીખવી અમારી તનદુરસ્તી સારી રાખો તો ખુશીથી અમે—હું ને મારી સ્ત્રી તમને બસો ડોલર ઘેર બેઠાં આપિયે. તમે કોઈવાર અમારાં કલેજાં—હાર્ટ કીડની બરાબર કામ કરે છે કે કેમ તે તપાસો, અમારા દાંત જુવો, તેથી કંઈ માંદગી થવાનો સંભવ હોય તો અમને ચેતાવો, ટુંકમાં અમને સારી તનદુરસ્તીમાં રાખવાની કાળજી રાખો તો અમે તમને ખુશીથી એટલું વર્ષાસન આપિયે. આ તો અમે માંદાં પડીયે તેમાં તમને લાભ! અમે ખમિયે, અમે મરવાની બીકે અર્ધમુવાં થઇ જઇએ અને તમે કમાવો! અમારે પૈસે તમે ગાડી મોટર લ્યો, તમારી સ્ત્રીઓ સપક સપક ફરે, તમે દોલતવંત થાવો ને અમે ગરીબ તેમજ શરીરે નબળા થઇએ, એ શી વાત? એ સીસ્ટમ તદન—તદન ગેરવાજબી છે."

આ સાંભળી હું ઉભો થયો. મેં તેનો હાથ ઝાલ્યો અને બોલ્યો, "ખરૂં છે, ખરૂં છે, તદન ખરૂં છે. મારા મનને તો ઘણા વખતથી એ લાગ્યા કરે છે, અને હું ઇચ્છું છું કે એમ બની શકે. પણ"—

"અરે ઇચ્છવાથી શું થાય ? જો ડાક્ટરો એમ ઇચ્છતા જ હોય તો શું તેઓ ઘેલા છે કે બોલે નહિં ? પણ જે માર્ગે કમાઈ થતી હોય તે માર્ગ કોણ છોડે ? એ ખરી વાત તો છે, પણ તમારી કમાઇ અને અમારો મરો ! તમારાં ખીસ્ર ભરતાં મરવા પડિયે અને તમે તો અમારાં કુટુંબમાં માંદગી આવવાની વાટ જુવો, કે અમે માંદા પડીયે તો તમારાં ગુજરાન ચાલે, અને જેમ ઘણાં માંદાં પડીયે તેમ તમારી કમાઇ વધે, તો તમે અમને કહેવાના કે ભાઈ આમ કરો ને તેમ કરો—"

"ના, ના, હું એવો નથી." હું બોલી ઉઠયો, "મારા અંતઃકરણને ઘણીવાર લાગે છે કે હું મારા ઘરાકોના મંદવાડથી કમાઉં છું ને તે ખોટું છે. મારા ઘરાક સદા તનદુરસ્ત, બળવાન, નિરોગી રહે તો હું તો ઘણો ખુશી થાઉં. પણ હું બી બચરવાળ છું. મારા ઘરનો ખર્ચ તો નિકળવો જોઇએ, માટે જુવો સાંભળો. તમારા જેવા વિચારવાળા બસોક ઘરાક મને મેળવી આપો અને હું આ પછી તમારી ફેમીલીનો સાચો સલાહકાર થાઉં."

"વારૂ ત્યારે હવડાં તો હું જાઉં છું. તમે વિચાર કરજો આ વાત ઉપર." એમ કહી પેલો ચાલી ગયો, અને હું વિચારમાં પડયો. ખરેજ, મને લાગ્યું કે મેં મારા ઘરાકોના મંદવાડથી મારૂં ગુજરાન કર્યું છે. હું પહેલાં દવાખાનું કાઢીને બેઠો ત્યારે રોજ કાગને ડોળે ઘરાકોની વાટ જોતો હતો તેનો અર્થ શું ? ખુદા કોઇને મંદવાડ આપ કે મને તેડું આવે એજને ? તો મારે શું દુનિયામાં મંદવાડ માંગવો જોઇએ કે આરોગ્યનો આશીરવાદ ? પછી મારાં અંતઃકરણને લાગ્યું કે મેં ઘણાં પાપ કર્યાં છે ખરાં, પણ તેમ કેટલાકને અકસ્માતીક ઇજા થયલી જોઇ દયાથી તેમના જખમોને ધોઈ મલમ પાટાથી તેમને રાહત પણ આપી છે, માટે મારો ધંધો કંઇ સદંતર સ્વાર્થી નથી. અમે ડાક્ટરો મંદવાડથી ખુશી થતા નથી અને તે ઓછો હોય એવું ઘણું ઇચ્છીએ છીએ. પણ અમને આવડે છે શું ? અમે કયાં જાણીએ છીએ કે તનદુરસ્તી સારી રાખવા માણસે શું ખાવું ને શું છોડવું ? કપડાં કેવાં પહેરવાં, ઘર કેવાં રાખવાં ? વગેરે. અમે તો ભુખ નથી લાગતી તો આ દવા, દસ્ત બંધ છે તો પેલી દવા, ઘણા ઝાડા થાય તો લ્યો આ ગોળી ગળજો, એટલુંજ સમજીએ અને તેથી એટલુંજ આપિયે. થોડી કંઈ અગારી કોલેજો અમને એ બધું શીખવે છે !

એ ઉપરથી મને વિચાર આવ્યો કે ના ના, હું તો આ રીતે વધારે વખત લોકના મંદવાડથી પૈસાદાર નહિં થાઉં; પણ મારા મિત્રે કહ્યું તેમ

તેને અને બીજા હજારોને ખરી સાચી સલાહ આપી તેમને તનદુરસ્તીભર્યાં બળવાન, હસતાં ખુશાલ રાખીને તેના બદલામાં નાણું સ્વીકારૂં. એમ વિચાર કરતાં કરતાં આખર હું ઠરાવ ઉપર આવ્યો કે મારે હવે મારૂં દવાખાનું બંધ કરી થોડો વખત આરોગ્યવિદ્યા શીખવા કોઇ સારી કોલેજમાં જવું. અને મેં તેમ કીધું પણ ખરૂં.

એ પછી બે વર્ષે હું મારા મિત્ર જોનસનની આગળ ગયો અને તેને કહ્યું, "લ્યો, ભાઈ, હવે હું તમારી ઇચ્છા પ્રમાણે તમને નિરોગી રાખવાની વિદ્યા અને કળા શીખી આવ્યો છું. હવે તમારા પેટમાં દુખતું હશે તો હું ફક્ત દવા આપી દુઃખ નરમ પાડીશ નહિં પણ પેટમાં શાથી દુખ્યું તેનું કારણ શોધી, તે તમને ફરી ફરી ન દુઃખે તેની કાળજી કેમ રાખવી તે શીખવી શકીશ. તમે કહેશો કે માથું દુઃખે છે યા ઉંઘ આવતી નથી તો હું તમારી રહેવા વસવાની રીતિઓ જોવા તમારા ઘરમાં આવીશ, તમને પુછપરછ કરીશ, અને તમને એવા ઉપાય ફરમાવીશ કે માથાનું દુઃખ મટી જાય, તમે હસતાં ખુશાલ બનો, તમારી રગોમાંનું લોહી સ્વચ્છ થવાથી સારી રીતે ફરે. તમારા ચહેરાપર સારો રંગ આવે; તમારાં ફેફસાં સ્વચ્છ લોહીથી કરીને વધારે સારી રીતે હવા ખેંચે. તમારા શરીરમાં—બીજા બોલીમાં કહું તો ઇશ્વરી અંશ રહેવાના એ પાક મંદિરમાં—ના ગલીચી કે ના અપવિત્રાઇ રહે. તમે સદા તાજા તનદુરસ્ત હરતા ફરતા ખુશખુશાલ રહો. અને મરવાની બીક વગર જીંદગીનું સુખ ભોગવો." આ વાત જલદી મારાં ઘરાકોમાં અને બીજા લોકમાં ફેલાઈ અને હવે મારાં ઘરાકોને હું તનદુરસ્ત રાખી વર્ષના વીસહજાર ડોલર કમાઉં છું અને તેમની ખુશાલીથી મને સંતોષ મળે છે, તે જુદો.

બેનો, આ વાત ઉપર વિચાર કરજો. જેમ બીજા માણસોને તેમજ ડાક્ટરોને જ્યાં સુધી કમાવાનું છે ત્યાં સુધી તેઓ સ્વાર્થી રહેવાના જ. વળી કેટલાક ડાક્ટરો ઘણા ભલા હોય છે અને ઘરાકને ખરો રસ્તો દેખાડે છે, પણ ઘરાકને પુરતી સમજ નહિ હોવાથી તેઓ "ડાક્ટરને કંઈ આવડતું નથી" એમ ધારી બીજા પાસે જાય છે એટલે ડાક્ટરોનો ઝાઝો વાંક કાઢી શકાતો નથી. પણ સદા તમો આંખ અને કાન ઉઘાડા રાખી દુનિયામાં શા શા વિચારો ચાલે છે, આરોગ્ય સાચવવાના શા શા ઉપાયો નિકળે છે તે વિષે વાંચતાં રહી તમારા ઘરમાં બને તેટલા યોગ્ય ફેરફાર સુધારા કરી તમારા કુટુંબને નિરોગી રાખજો એટલે તમને ડાક્ટરનું ઝાઝું કામ પણ પડશે નહિં ! આમીન !

આપણા મહેમાન.

[અનુવાદકઃ—બેન કાશી દેવચંદ રામજી.]

આપણા દેશમાં કોઈ પણ મહેમાન કોઇને ઘેર આવતો તો ઘરનાં બધાં માણસ બહુજ ખુશી થતા અને બધા લોક તેની સેવામાં લાગી જતા. તેઓ એમ માનતા હતા કે જાણે ભગવાન આવ્યા છે. હિંદુ લોકો અતિથિને ભગવાન રૂપ માને છે. પરંતુ તે વાત તો પહેલાં હતી હવે તેમ નથી. પહેલાંના વખતમાં તો ખરેખરજ મહેમાનને સાક્ષાત્ ઈશ્વર માનવામાં આવતા, અને ઈશ્વરના રૂપે જ તેની સેવા ચાકરી કરવામાં આવતી. ગરીબમાં ગરીબ મનુષ્ય પણ મહેમાનની સેવા કરવામાં ચુકતો નહિ, ભલે તો તે દિવસે ઉપવાસ કરવો પડે.

આજ કાલ તો આપણે બધા લોકો સમ્બન્ધી ભાઇબ્હેનોને જ મહેમાન ગણીએ છીએ. પણ કોઈ પણ રસ્તે ચાલતો ગરીબ માણસ આપણે ઘેર આવે તો આપણે બહુજ કચવાઈએ છીએ. અને તેને બે ચાર લુખી સુકી રોટલી આપીને બહુજ મહેમાનગીરી કરી નાખી એમ ગણીએ છીએ. ઘણે ભાગે તો તે બિચારાને બે ચાર ગાળો પણ મળે. મહેમાનોની આ સ્થિતિ જે લોક ધનવાન કહેવરાવે છે તેને ત્યાં ઘણે ભાગે હોય છે. ગરીબોનું દુઃખ ગરીબો જ સમજી શકે છે એટલે ગરીબ લોકો તો ગરીબ મહેમાનની શક્તિ પ્રમાણે થોડી ઘણી પણ સેવા ચાકરી કર્યા વિના રહેતા નથી.

એક મોટો જમીનદાર હતો. તેને કંઈ પણ છોકરૂં નહતું. તે પુત્રની આશાએ સાધુઓની બહુજ સેવા ચાકરી કર્યા કરતો હતો. કેટલાક નામધારી સાધુઓ તો તેને દરવાજે કાયમ પડ્યા રહેતા, અને બેઉ વખત સ્વાદિષ્ટ ભોજન ખાઈને ગાંજાના દમ લગાવ્યા કરતા. એક દિવસ કોઈ ગરીબ મનુષ્યે તેને દરવાજે આવીને કહ્યું, કે મને કંઈક ભોજન આપો. જમીનદાર સાહેબને દયા આવી પણ તેણે પોતાના નોકરને કહ્યું કે તેને એક પૈસો દઇને રવાના કરી દે. તે મનુષ્યે તે પૈસો તો લઈ લીધો. પરંતુ કહ્યું કે "હજુર, હું તો કંઇક ભોજન માગું છું." જમીનદાર સાહેબ બોલ્યો કે "નકામો બકબક કર નહિ.ચાલ્યો જા. અહિં ભોજન બોજન કંઇ નહિં મળે."

પરંતુ તે ભીખારી ત્યાંથી ગયો નહિ. તે જાણતો હતો કે જમીનદાર સાહેબ બે ચાર સાધુને જમાડ્યા વિના જમતા નથી. આથી તે જમવાનો

વખત થશે ત્યારે મને બોલાવી લેશે એવી આશાથી બેસી રહ્યો. તે દિવસે અકસ્માત્ એવું થયું કે જમીનદાર સાહેબને ઘેર કોઇ પણ સાધુ આવ્યો નહિ અને જમીનદાર સાહેબને જમવાનું મોડું થવા લાગ્યું. તેઓ બહાર નિકળ્યા તો ત્યાં તે ભીખારીને બેઠેલો જોયો. તેણે કહ્યું, "અલ્યા, ચાલ, તું ખાઇલે. તું બ્રાહ્મણ છોને?" તેણે ઉતાવળો જવાબ આપ્યો, "હા."

ભોજનના થાળ પીરસાયા, અને જમીનદાર સાહેબ તેની સાથે જમવાને બેઠા. આ ગરીબ માણસ કંઈ પણ બોલ્યા ચાલ્યા વિના ચુપચુપ બેસી રહ્યો. તેનાથી ખાઇ શકાયું નહિ. તે કંઈક વિચાર કરી રહ્યો હતો. છેવટે તે બોલ્યો, "હજુર સાહેબ, મને માફ કરો. હું એમ ન હોતો જાણતો કે આપ મારી સાથે ભોજન કરવા બેસશો. હું ભોજનની આશાએ જૂઠું બોલ્યો છું, કે હું બ્રાહ્મણ છું. ખરેખર તો હું તો એક નીચ જાતિનો માણસ છું."

જમીનદાર સાહેબ આ સાંભળીને ક્રોધથી લાલચોળ થઈ ગયા અને તેણે ગુસ્સાથી તે ભીખારીને મારીને બહાર કાઢી મુક્યો.

તે દિવસે રાતે તે જમીનદારને એક સ્વપ્ન આવ્યું. તેમાં તેને કોઈ માણસે આવીને કહ્યું કે "તમે આજે બહુ ખરાબ કામ કર્યું છે. જેને તમે નીચ કહ્યો તેને ઈશ્વરે કેટલા આદરથી આટલા બધા દિવસ સુધી સંભાળી રાખ્યો છે? શું તમે તેને એટલો હલકો માન્યો કે તેને તમે થોડી વારને માટે પણ તમારા ઘરમાં બેસાડીને જમાડી શક્યા નહિ? અરે! મૂર્ખ, કોણ નીચ છે અને કોણ ઉચ્ચ છે? કોણ ગરીબ છે ને કોણ ધનવાન છે? ઈશ્વરની નજરે બધા સરખાજ છે. તો પછી ઈશ્વરના પેદા કરેલા પ્રાણીઓમાં એવો ભેદ પાડીને એટલો બધો પાપનો બોજો શામાટે ઉઠાવી લ્યો છો? ગરીબ માણસોજ બધાના મહેમાન છે."

જમીનદારની આંખ ઉઘડી ગઈ. એમણે બીજેજ દિવસે ગરીબોને માટે એક અતિથિશાળા તથા સદાવ્રત ઉઘાડ્યું.

ખરી વાત છે કે દરીદ્રો દુઃખી હોવાથીજ આપણો હાથ પગ મજબુત રાખે છે. તેને નીચ જાતિના સમજીને તથા તેને મેલા દેખીને આપણે તેને અડતા નથી અને તિરસ્કાર કરીએ છીએ!

પણ આપણે વિચારવું જોઇએ કે એમ કરવાને કયો વિશેષ અધિકાર આપીને પરમેશ્વરે આપણને અહીં મોકલ્યા છે?

ગરીબો એ આપણા સહુના મહેમાન છે.
ગરીબોમાંજ ભગવાન રહે છે.*

* હિંદી ઉપરથી.

આપણું અંતઃકરણ--એક સાચ્ચો સલાહકાર!

[લખનારઃ—મી૦ કેખશરૂ દોરાબજી છીલા.]

આપણો સંસાર તે એક દરિયા બરાબર છે અને આપણે બધા માનવીઓ તે દરિયામાં તરનારાં વહાણ બરાબર છીએ, જ્યારે આપણું અંતઃકરણ એક સુકાન બરાબર છે. એ અંતઃકરણ રૂપી સુકાનની મદદથી આપણે આપણાં ભવસાગરમાંનાં લોભ લાલચરૂપી તોફાનો સાથે લડીને આપણો રસ્તો ફતેહમંદી ભરેલી રીતે પસાર કરી શકીએ છીએ. જે માનવી પોતાનો સંસારી દરિયો ખેડવામાં અંતઃકરણ રૂપી સુકાનની મદદ લેતો નથી તે માનવી તે બહોળા દરિયામાં પોતાનો ખરો રસ્તો ભૂલી જઈ અટવાયા કરે છે અને તેનું છેવટ એક દુઃખ અને પસ્તાવા ભરેલા મોતમાં જ આવે છે. માટે આપણે દરેક કામ કરવા આગમજ આપણા અંતઃકરણની સલાહ લેવી. તે આપણને હંમેશાં નેક અને સાચ્ચી સલાહ આપશે. એક માણસનો ઉત્તમ સલાહકાર અને મિત્ર તે તેનું અંતઃકરણજ છે. દરેક માણસના અંતઃકરણમાં ઇશ્વરનો કાંઇક અંશ સમાયલો છે અને તેથીજ કરીને તે સામાન્ય રીતે સર્વથી પવિત્ર લેખાય છે; માટે જે સલાહ આપણને અંતઃકરણ તરફથી મળે તે સલાહ ખુદ ઇશ્વર તરફથીજ મળે છે એમ સમજવું જોઈએ. ખરો અભાગીયો તેજ માણસ છે કે જે પોતાના અંતઃકરણની સાચ્ચી સલાહથી દૂર થઇ લોભ, લાલચ અને એવાજ બીજા બુરા હવસો તરફ દોરવાઇ જતાં પોતાનો બુરો અને તકલીફી શોખ પૂરો પાડે છે. જે પક્ષીઓ માટે બાંધેલી જાળ તેમાં મુકેલા ખોરાકને લીધે તેમને તે તરફ આવવા માટે લલચાવે છે, અને જેવાં તેઓ તે જાળ તરફ જાય છે તેવાંજ તે ગરીબ બાપડાં તેમાં સપડાઈ જાય છે, તેમજ લોભ, લાલચ અને બીજા બુરા હવસો આપણને તેઓની જાળમાં પકડવાને માટે ગોથા ખેંચાણ કરે છે અને જો આપણે એક વખત તે જાળમાં સપાડાયા તો પછી પાછું આપણને તેમાંથી નીકળવું મુશ્કેલ થઈ પડે છે, અને જ્યારે તેમાંથી બુરાં પરિણામો નીપજે છે ત્યારે આપણે અંતઃકરણની સલાહથી વેગળા જવા માટે પસ્તાવો કરીએ છીએ. પણ તે પસ્તાવો હવે મોડો થઈ ગયેલો ગણાય છે. માટે બહેતર એજ છે કે અંતઃકરણની સાચ્ચી સલાહ ઉપર પહેલાંથી જ નજર પહોંચાડીને આપણે આપણા શરીરમાંના બુરા, તોફાની હવસોને આપણે સારી ખવાસોની મદદથી તુરતજ દાબી દેવા કે જેથી કરીને આખરે આપણી ખરાબી થતી અટકે અને દરિયામાંના પેલાજ વહાણ માફક આપણે પણ ફતેહમંદી ભરેલી રીતે આપણી આ દુનિયાની મુસાફરી પુરી કરી શકીએ.

બહાર પડી ચુકી છે.

ઉષા અને અરૂણ

આવશે

ત્યારેજ સૂર્યોદય થશે.

લેખકઃ રા. ભાનુ.

સ્વયંસેવા અને દેશોદયના સિદ્ધાંત શીખવતું, સમાજ તથા રાષ્ટ્રના સડી જતાં અંગોનું દિગ્દર્શન કરાવતું તથા તેમની ઉન્નતિના ઉપાયો બતાવતું આ સુંદર રંગબેરંગી ચિત્રોવાળું પુસ્તક દરેક સ્વદેશપ્રેમી અને સમાજની ઉન્નતિ ઇચ્છનારે વાંચવુંજ જોઇએ. કદ—રોયલ બારંપેજી, પૃષ્ટ ૩૫૦, પાકું સુશોભીત બાઇન્ડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું. મળવાનાં ઠેકાણાં,—

અમદાવાદ—મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
"યુગાન્તર" કાર્યાલય; સુરત.
વર્ધમાન એન્ડ સન્સ પાયધુની; મુંબાઇ. નં. ૩.

જ્યોતિર્વિનોદ કાર્યાલય.

પોસ્ટ બોક્ષ નં ૭૧; મદ્રાસ.

તૈયાર છે ! તૈયાર છે !

પાકશાસ્ત્ર

લેખકઃ—

ગં. સ્વ. લલિતાગૌરી શામરાવ

તથા

ગં. સ્વ. વિમલાગૌરી મગનલાલ

કિમ્મત રૂ. ૩—૦—૦

મળવાનું ઠેકાણું:—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

મુંબાઇ; પોસ્ટ નંબર ૨.

(આ ગ્રંથ "સ્ત્રીબોધ" કાર્યાલયમાંથી પણ મળશે.)

ચાલુ બનાવોની માહિતી.

(લખનાર—રા. રા. કેશવપ્રસાદ છો. દેસાઈ.)

સાહિત્ય પરિષદ. ભાવનગરમાં સાહિત્ય પરિષદ ભરાઈ ગઈ છે તેનો હેવાલ તો છાપાઓમાં તમે વાંચ્યો હશે. શ્રી પૂતળી બેને આ પરિષદમાં ખાસ હાજરી આપી હતી, અને તેમણે પોતાનાં સ્મરણો સ્ત્રીબોધનાં વાચકો માટે લખ્યાં છે તે આનંદની વાત છે. આ પરિષદનાં ભાષણો અન્ય પત્રોમાં પ્રગટ થઈ ગયાં છે. તેમાંથી તમને રસ પડે તે જરૂર વાંચજો.

સાહિત્ય પરિષદ ત્રણ ત્રણ વર્ષે ભરાય છે. એટલે વચગાળાના સમયમાં સાહિત્યનું ચાલુ કામ કરવાને, તથા પરિષદના ઠરાવો અમલમાં મુકવાની તજવીજ કરવાને, કાર્યવાહક મંડળ હોવું જ જોઇયે. આવું મંડળ અત્યાર સુધી નિમાતું આવ્યું છે પણ તેણે કાંઈ કાર્ય કર્યું હોય એમ ધ્યાનમાં નથી. આપણે આશા રાખીશું કે આ વખતે નિમાયેલું નવું મંડળ સફળ નિવડશે.

ભાવનગર પરિષદે બાળસાહિત્યના સબંધમાં કાંઈજ પગલાં લીધાં નથી તે દિલગીરીભર્યું છે. પ્રખ્યાત બાળ-પ્રેમી ગીજુભાઈની હાજરી છતાં આ શી રીતે બન્યું હશે તે અમે સમજી શકતા નથી. અમે આશા રાખીયે છીયે કે કાર્યવાહક મંડળ આ બાબત હાથમાં લેશે, અને બાળ-સાહિત્યના કાર્યને વેગ આપશે. છુટા છુટા પ્રયત્નો આ સબંધમાં થાય છે, તેમની વચ્ચે સહકાર થાય તેવું કાંઈક કાર્યવાહક મંડળ કરી શકે તો સારૂં.

* * *

બોરસદ પરિષદ. બોરસદમાં રાજકીય પરિષદ, ધારાળા પરિષદ, તથા અંત્યજ પરિષદ, એમ ત્રણ પરિષદો થઈ ગઈ છે. હવે રાજકીય પરિષદો પ્રથમની પરિષદોથી જુદી પડી જાય છે, અને સામાજીક ઉદ્ધારના વિષયોને તેમાં સ્થાન આપવામાં આવે છે, એ વાત ખરી. પરંતુ છતાંયે સંસાર સુધારા માટે ખાસ પ્રયત્નો થવાની જરૂર ઓછી થઈ નથી. અંત્યજ પરિષદ સમાજ સુધારા પરિષદના એક અંગનું કાર્ય બહુજ સારી રીતે કરી શકશે. ધારાળા પરિષદ પણ મૂખ્યત્વે સંસાર સુધારાનું કાર્ય જ કરશે. છતાંયે જુદી સંસાર સુધારા પરિષદ અને મહિલા પરિષદની અગત્ય તો રહે છેજ. સત્યાગ્રહી અથવા અસહકારી સિદ્ધાંતો સ્વીકારનારા ભાઈ બહેનો આ બાબત પણ વિસારે નહિ મૂકે એમ અમને આશા છે. બોરસદ પરિષદના પ્રમુખે સ્ત્રીઓની ઉપેક્ષા દૂર કરવા માટે તેમનો

ભાષણમાં ઉલ્લેખ કર્યો છે; પરંતુ આ સબંધી ખાસ પ્રયત્નો થવાની જરૂર છે. સ્ત્રીઓને મનુષ્ય તરિકેના તથા શહેરી તરિકેના ઘણાયે હકથી અત્યારે હિંદુ સમાજે વિમુખ રાખેલી છે. તે માટે પ્રચાર કાર્ય વિશેષ પ્રમાણમાં થવાની જરૂર છે. વળી સમાજ સુધારો કરવા માટે સ્વરાજ આવતા સુધી થોભવાની પણ જરૂર નથી. એટલે આ કાર્ય તરફ આગેવાનોનું ધ્યાન જલદી દોરાશે તથા સમાજ સુધારા માટે તથા સ્ત્રીઉદ્ધાર અને સ્ત્રીહક માટે પ્રયત્નો થશે એમ આશા રાખીશું. પરિષદ તરફથી ગામડામાં ચનારા સ્થાયી કામમાં સમાજસુધારાનું કામ પણ દાખલ કરવું જ જોઇએ.

* * *

પ્રાંતિક સંસાર સુધારા પરિષદ. અહમદનગરમાં લીબરલ રાજકીય પરિષદ મળવાની છે તેની સાથે સંસાર સુધારા પરિષદ રાખવાની ગોઠવણ થઇ છે તે બહુ જ ઉત્તમ થયું છે. આ પરિષદના પ્રમુખ તરીકે રા. બ. રમણભાઈ નીલકંઠ નીમાયા છે.

* * *

વિધવાઓ અને ગાંધીજી. મ. ગાંધીજીયે ૪-૫-૨૪ ના નવજીવન પત્રમાં "ત્યાગમૂર્તિ" નામે લેખમાં વિધવા પુનર્લગ્નનો પ્રશ્ન ચર્ચ્યો છે. તે આખો લેખ સમાજે વિચારવા લાયક છે. એમણે એ માટે ચાર નિયમોની જરૂર બતાવી છે:

૧. કોઇ બાપે પંદર વર્ષની અંદર પોતાની દીકરીને પરણાવવી નહિ જ.

૨. અગાઉ પરણેલી જે દીકરી પંદર વર્ષની અંદર વિધવા થઇ હોય તે દીકરીને પરણાવવાની તજવીજ કરવાનો બાપનો ધર્મ છે.

૩. પંદર વર્ષની બાળા જો વિવાહ પછી એક વર્ષની અંદર વિધવા થાય તો ફેરી પરણવાનું માબાપે તેને ઉત્તેજન આપવું જોઇયે.

૪. દરેક કુટુંબીએ વિધવા પ્રત્યે સંપૂર્ણ માનની નજર રાખવી જોઇયે. માબાપે કે સાસુ સસરાએ તેને પોતાનું જ્ઞાન વધારવાનાં સાધન પૂરાં પાડવાં જોઇયે.

હાલ તરતને માટે હિંદુ સમાજ આ ચાર નિયમો પાળવા પ્રયત્ન કરશે તો પણ ઘણું છે.

* * *

...ડી ધારાસભા અને સ્ત્રીઓ. મી. બી. દાસ આવતી વડી ધારા સભામાં નીચેનો ઠરાવ મુકનાર છેઃ "લેજીસ્લેટીવ એસેંબ્લીમાં સ્ત્રીઓને પણ બેસવાનો અધિકાર આપવો, અને સરકારે તે સભામાં એકાદ બેઠક ખાલી પડતાં, તેમાં એક સ્ત્રીની નિમણુક કરવી."

આ ઠરાવ પાસ થશે એવી આપણે આશા રાખીશું. પરંતુ ત્યાર પછી સરકાર તેનો અમલ કરે તે માટે સ્ત્રીઓએ સભાઓ મેળવી, ગામેગામથી ઠરાવો સરકાર ઉપર મોકલી આપવાની જરૂર છે.

* * *

ગુજરાતી સ્ત્રીઓ અને પરદેશગમન.

મુસાફરીથી જ્ઞાનવૃદ્ધિ થાય છે એતો જાણીતું છે. આગળ વધેલા દેશોમાં ઘણી સુંદર સંસ્થાઓ ચાલેછે. તેનું નિરીક્ષણ કરી, તે, જો આપણને ઉપયોગી થાય તેમ હોય તો અહિં તેનું સ્થાપન કરવા તજવીજ કરી શકાય, તે પણ જાણીતું છે. વેપાર અર્થે તેમજ અભ્યાસ માટે ઘણા યુવકો પશ્ચિમના દેશોમાં જાય છે અને આવે છે. પરંતુ અત્યાર સુધી સ્ત્રીઓ, —ગુજરાતી સ્ત્રીઓ બહુજ થોડા પ્રમાણમાં જ પરદેશ ગયેલી છે. પરંતુ હમણાં કેટલાએક સમયથી ગુજરાતી સુશિક્ષિત બહેનો તે તરફ જવા લાગ્યાં છે. સૌ. હંસાબેન, સૌ. લીલાવતી બેન, સૌ. ઉર્મિલા બેન, સૌ: સરોજિની બેન, સૌ. વિમળાગૌરી સેતલવાડ, ગં. સ્વ. રસીકમણી દેસાઇ, વગેરે ઘણી બેનોએ પશ્ચિમના પ્રદેશોની મુસાફરી કરી છે. આમાંની કેટલીએક બેનોએ તો પોતાની મુસાફરીમાં મેળવેલા અનુભવ અને જ્ઞાનનો લાભ ગુજરાતી પ્રજાને આપ્યો પણ છે. પરંતુ આ સર્વ બેનો સ્ત્રીઉદ્ધારના પ્રશ્નમાં રસ લઇ, પોતાના પશ્ચિમના અનુભવો ઉપરથી કાંઇક સુંદર સૂચનાઓ કરે તો સારો લાભ થાય, એમ અમારૂં માનવું છે. આ સર્વ બેનોને અમે આ પ્રશ્ન ઉપાડી લેવા આમંત્રણ કરીયે છીયે.

અભિનંદન.

સ્ત્રીઓને અત્યાર સુધી જે. પી. નો ઇલ્કાબ બક્ષવામાં આવતો ન હોતો; પરંતુ હવે વિચારનાં વહેણ બદલાવાની નિશાનીઓ ચારે તરફ જોવામાં આવે છે. તે પ્રમાણે સ્ત્રીઓને જે. પી.નો ઇલ્કાબ આપીને સરકારે સ્વીકાર્યું છે કે સ્ત્રીઓની બુદ્ધિ કાંઇ પુરૂષોથી ઉતરતી નથી. આ માટે અમે સ્ત્રીવર્ગને અભિનંદન આપીયે છીયે. મુંબાઇમાં ચાર સ્ત્રીઓ જે.પી. થવાને ભાગ્યશાળી થઇ છે: લેડી લક્ષ્મીબાઇ જગમોહનદાસ, દીલશાદ બેગમ, લેડી કાવસજી જહાંગીર, અને મીસીસ હેરી હોજકીજસન, આ ચાર જણાને પ્રથમ સ્ત્રી જે. પી.—સુલેહના અમલદાર થવાને માટે અભિનંદન આપીયે છીયે. લેડી લક્ષ્મીબાઈ ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળનાં પ્રમુખ છે. તેઓની દુકાળ વખતની સેવા જાણીતી છે. હજી પણ સ્ત્રીસેવાનાં અનેક કાર્યો કરી તેઓ વધુ ઇલકાબોથી નવાજાય તેવી ઇચ્છા આપણે આજણાં માટે રાખીશું.

ભાવનગર ખાતે મળેલી સાહિત્ય પરિષદ.

એક નજરનોંધ.

ગુજરાતી ભાષાની સાહિત્ય પરિષદની સાતમી બેઠક ગયા એપ્રીલ માસમાં ભાવનગર ખાતે મળી હતી, કે જ્યાંના નામદાર બાળરાજા તરફથી રાજ્ય વહિવટ કરનારી કાઉનસીલ તરફથી પરિષદને અનેક પ્રકારની મદદ મળી હતી. સાક્ષરો અને શ્રોતાજનોના ઉતારાને માટે દરબારે પોતાનાં મોટાં મકાનો અને વાડીઓ આપી હતી, અને ખોરાકી વગેરે સર્વ સુખદાયક સામગ્રી પૂરી પાડી હતી. ભાવનગરનાં લોકોએ તરેહતરેહવાર રીતે એ કામને મદદ કરી પોતાની સહાનુભૂતિ અને ખુશાલી દેખાડી હતી, અને ઉલટભેર હાજરી આપી સર્વ ભાષણો સાંભળ્યાં હતાં.

ઉમંગથી મહેનત કરનારાઓમાં મુખ્યત્વે અત્રેના "બોયસ્કાઉટસ" હતા. જેઓ સ્વયંસેવકો બની નાને નાને પગે દોડી શ્રોતા અને સાક્ષરોની સેવા કરતા હતા. આ દેખાવ જોઈ અમ જેવાં વૃદ્ધોને અતિ આનંદ થયો, કેમ જે હવડાં થોડાંજ વર્ષ ઉપર દેશમાં ઠાર ઠાર ફરીઆદ ઉઠી હતી કે બડમુંછિયા છોકરાઓ ઉદ્ધત બની ગયા છે અને વડાઓનું માન રાખતા નથી. પણ "બોયસ્કાઉટ"ની સંસ્થા તેમને ઘણું એક સારું શીખવે છે તેમાંનું એક વડાંની સેવા કરવાનું છે. એ નાના છોકરાઓ હસ્તે મુખડે પાણીની બાળદીઓ અને કળસ્યા ઉઠાવી લાવી, એ ત્રણ, ગરમ દિવસો દરમ્યાન લગભગ આખો દિવસ તરસ્યાંને પાણી પાતા હતા, અને સભા બેસવા આગમજ તેમજ ઉઠવા બાદ નાનાં લસ્કરની પેઠે ગોઠવાઇ જઈ સર્વ પ્રકારનો બંદોબસ્ત રાખતા હતા. આ દેખાવ મને ઘણોજ સુંદર, ઘણોજ રમણીય લાગ્યો, અને દરેક દીકરાને પસવારી સાબાશી આપવાનું મને મન થયું.

સનાતન હિંદુ હાઇસ્કુલના મોટા ચોગાનમાં એક મોટો દરબાર લાયક શ્રુંગ નાખી તેમાં બેઠકો માંડી હતી, અને ફુલ પાન વાવટાઓનો શણગાર કર્યો હતો. સિંહાસન ઉપર માનને યોગ્ય વૃદ્ધો જેવા કે ઉપર કહેલી કાઉન્સીલના માનવંતા પ્રેસીડન્ટ સાહેબ સર પ્રભાશંકર પટણી, પરિષદના તેવાજ બુજરગ અને શિક્ષક તરીકેના અનુભવથી મશહુર થયલા

પ્રમુખ રા. બા. કમળાશંકર ત્રિવેદી, સાહિત્યના મોટા 'મદદગાર' અને ધુંધી રાજ્યકારોબારી રા. બા. લલ્લુભાઈ સામળદાસ, કેળવણી ખાતામાંથી રીટાયર થયેલા તેવાજ વૃદ્ધ પારસી શિક્ષાગુરૂ પ્રોફેસર કાવસજી જમશેદજી સંજાણા એવા બેઠા હતા, અને તેમની પાછળ ચાલાક વૃત્તિવાળા કેળવણીથી પ્રકાશ પામેલા ચહેરાવાળા યુવાનો પોતાના તૈયાર કરેલા વિષયો વાંચવાને માટે તત્પર થયેલા ઉલટભેર બેઠા હતા. એક મેર સ્ત્રી વર્ગની જુદી બેઠક હતી જ્યાં હિંદુ સ્ત્રીઓ પોતાની સાદી સુતરાઉ સાડીઓમાં અને પારસી સ્ત્રીઓ પોતાની ઝળકતી કસબી કોરોવાળી રેશમી રંગબેરંગી સાડીઓમાં સજ થયલી બેઠી હતી. નિશાળની છોડીઓ હાર્મોનિયમના સૂરની મદદથી ગાયન ગાઇ દરરોજ સહવારે સભાના કામનો આરંભ કરતી હતી અને પછી સભાનું કામ સડસડાટ ચાલતું હતું.

તા. ૧૮ મીની સવારે પહેલો લેખ પ્રમુખે વાંચ્યો. વય મોટી છતાં ઉંચા સ્વરથી ખુલ્લી છાતીથી પૂર જોસથી તેઓ વાંચતા હતા જેથી તેમનો અવાજ આખા મંડપમાં પહોંચતો હતો.

પ્રથમ તેમણે પોતે પ્રમુખપદ કાં સ્વીકાર્યું તે જણાવ્યા પછી સાહિત્ય સેવકોનાં થયલાં અવસાનની દલગીરી સાથ નોંધ લઇ તેમની લાયક સ્તુતી કરી. એ પછી ગુર્જર સાહિત્યના ચાર કાળ પાડી દેખાડયા—પ્રાચીનકાળ, મધ્યકાળ, ૧૯ મો સૈકો અને અર્વાચીનકાળ, અને એ દરેક કાળમાં થઇ ગયલા કવિઓ તથા લેખકોની ટુંક નોંધ દાખલાઓ સાથે આપી. પછી બ્રિટિશ રાજ્યથી સાહિત્યને થયલા ફાયદા તેમજ ગેરફાયદા દેખાડી આપ્યા. પારસી ગ્રંથકારોએ નવલકથા અને અન્ય ક્ષેત્રોમાં બજાવેલી સેવાની ટુંકમાં ગણના કરી અને આપણાં આ જુનામાં જુના મહાવારીના પહેલા અધિપતિ શેઠ કૈખુશરો કાબરાજીની લખાણશક્તિની પ્રસંશા કરી. સ્ત્રીઓની સેવા વિષે નિચે પ્રમાણે બોલ્યાઃ—

"સ્ત્રી એ હૃદયની અધિષ્ઠાત્રી દેવી છે અને કોમલ મનોભાવનું ભાજન છે. એની ભાવનાઓ સ્વાભાવિક રીતેજ લલિત અને સુકુમાર પદોમાં આવિર્ભાવ પામે છે. મીરાં દેવીનાં ભજનો અત્યંત હૃદયંગમ થયલાં છે... ઇ. સ. ૧૮ ને ૧૯ મા સૈકામાં ડભોઇની દીવાળીબાઇ તથા વડનગરની અને ડુંગરપુરની નાગર સ્ત્રીઓ કૃષ્ણાબાઇ ને પુરીબાઇએ સુંદર કાવ્યો રચ્યાં છે. આધુનિક સમયમાં શ્રીયુત લલ્લુભાઇ સામળદાસની પુત્રી સ્વ. સુમતી બેને હૃદયઝરણાં નામનું ઉત્તમ કાવ્યનું પુસ્તક રચ્યું છે. જેમાં ટેનીસન તથા બ્રાઉનીંગનાં કાવ્યોનાં રૂપાન્તર છે. સૌ. બેન વિદ્યાગૌરી, સૌ. બેન શારદા-

ગૌરી, સૌ બેન લીલાવતી અને સૌ. બેન હંસા અને બીજી સ્ત્રીઓ માસિકોમાં ઉત્તમ લેખ લખી ગુર્જર સાહિત્યની સેવા કરે છે એ સ્ત્રીકેળવણીનું શુભ લક્ષણ છે."

સ્ત્રીઓને ઉપયોગી સાહિત્ય વિષે બોલતાં કહ્યું કે, એ દિશામાં પણ પ્રયત્ન આદરાયા છે એ ઘણી ખુશીની વાત છે. અને દાખલા તરીકે સ્વ. અમૃતલાલ સુંદરજી પઢિયારનાં સંસારમાં સ્વર્ગ, સ્વર્ગની સુંદરીઓ, સ્ત્રીઓનું સ્વર્ગ વગેરે પુસ્તકો ગણ્યા પછી નવી શૈલીના કવિઓ, મહાકાવ્યોની આવશ્યકતા, જીવનચરિત્રો નવલકથા, નાટક, લોકગીત, ઇતિહાસ, ભાષાંતરો વગેરે બાબતોપર વિવેચન કર્યું. માતૃભાષામાં કેળવણી આપવાના ફાયદા દાખલાઓ સાથ દેખાડી, તરુણ સાહિત્યસેવકોને ઉત્તેજનના શબ્દો કહી પોતાનું ભાષણ પૂરું કર્યું.

ત્રણ દિવસોમાં વંચાયલા નિબંધોની ટીપ વર્તમાનપત્રોમાં આવી ગઇ છે, જેમાંના કેટલાક સ્ત્રીબોધની વાંચનારીઓને માટે જરૂર જોવા જેવા હશે તે હવે પછી અનુકૂળતા પ્રમાણે "સ્ત્રીબોધ"માં પ્રગટ કરીશું.

પુતળીબાઈ.

હરસ, મસાથી પીડાતા દરદીઓને

હવે પીડાવાની જરૂર નથી.

મફત દવા મેળવી આરામ ભોગવો.

"ગમે એવા હઠીલા, દુઝના, મસા મફત ત્રણ દિવસમાં કોઈ પણ જાતનાં દુઃખ દરદ વિના માત્ર દવાથી જ ખરી જાય છે."

તે માટે

દવા મફત આપવામાં આવે છે.

વધુ ખુલાસા માટે લખો યા મળો.

"ડૉ. પાઠક."

સ્ટેશન રોડ—મુ: દહાણું.

(બી. બી. સી. આઈ. રેલ્વે.)

પ્રસૂતિ સમય ગણવાની રીતો.

[લેખક:—ડૉ. કંન્દુલાલ સેવકલાલ દવે, એમ. બી. બી. એસ.]

ગર્ભાવસ્થા ઘણું ખરૂં ૨૮૦ દીવસ રહે છે. એટલે સાત દીવસના અઠવાડીયા પ્રમાણે ૪૦ અઠવાડીયાં ગણાય છે. જૂદાં જૂદાં અઠવાડીયામાં ગર્ભસ્થાન અમુક ઉંચાઇએ પેટમાં આવવું જોઇએ તે માટે જે ધોરણો ઠરેલાં છે તે પ્રમાણે જો બરાબર થાય તો પ્રસૂતિનો સમય ગણવાનું સહેલ છે. તે માટે જૂદી જૂદી રીતો છે.

૧ છેલ્લો અટકાવ આવવાની શરૂઆત જે દીવસથી થઇ હોય તેમાંથી ત્રણ માસ બાદ કરી જે આવે તેમાં સાત દીવસ ઉમેરવાથી જે દીવસ આવે તે આવતા વર્ષનો પ્રસૂતિનો દીવસ સમજવો. જેમકે ૧૯૮૦ ના ચૈત્ર સુદી ૧ ના રોજ અટકાવ શરૂ થયો. તેમાંથી ત્રણ માસ બાદ કરતાં પોષ સુદ ૧ આવે, તેમાં સાત દીવસ ઉમેરતાં પોષ સુદ ૮ થાય. તે ૧૯૮૧ નો દીવસ પ્રસૂતિ માટે સમજવો.

૨ છેલ્લો અટકાવ શરૂ થઇ જે દીવસે પૂરો થયો હોય તેમાં નવ માસ અને ત્રણ દીવસ ઉમેરવાથી પ્રસૂતિનો દીવસ ગણી શકાય. જેમકે ૧૯૮૦ના ચૈત્ર સુદ ૧ ના રોજ શરૂ થયેલ અટકાવ ચૈત્ર સુદ ૫ ના રોજ પૂરો થયો. તેમાં નવ માસ અને ત્રણ દીવસ ઉમેરવાથી ૧૯૮૧ ના પોષ સુદ ૮ આવશે અને તે પ્રસૂતિનો દીવસ સમજવાનો.

૩ બાળક પ્રથમજ વાર ગર્ભસ્થાનમાં ફરકવા માંડે છે તે મુદત ઘણુંખરૂં ગર્ભાવસ્થાના ૧૮ મા અઠવાડીઆમાં હોય છે. એટલે ૪૦ અઠવાડીયાં પૂરાં થવાને ૨૨ અઠવાડીયાં લાગે. માટે જ્યારથી બાળક પ્રથમ ફરકે ત્યારથી ૨૨ અઠવાડીયાં ઉમેરવાથી પ્રસૂતિનો અંદાજ સમય નીકળી શકે. કારણ ફરકવાનો સમય ચોક્કસ નથી.

૪ ઉપર પ્રમાણે દીવસો ગણવાની સમજ જેમને ન પડી શકે તેમને માટે નીચેનું કોષ્ટક બહુ ઉપયોગી થઇ પડશે.

જે માસની જે તારીખે અટકાવ આવ્યો હોય તે મહીનાના તે તારીખ તેની સામે લખેલી તારીખમાં ઉમેરવી. એટલે જો એપ્રીલની ૭ મી તારીખે અટકાવ આવ્યો હોય તો જાનેવારી (૪+૭=) ૧૧ મી તારીખ સમજવી. સપટેમ્બરની ૨૫ મી તારીખે અટકાવ આવેલો હોય તો જૂનની ૭ માં ૨૫ ઉમેરવાથી જુલાઇની ૨ જી તારીખ સમજવી.

જે માસમાં અટકાવ આવ્યો તે	તે માસનો દીવસ નીચલા દીવસમાં ઉમેરવો.	
જાનેવારી	અકટોબર	૭
ફેબ્રુઆરી	નવેમ્બર	૭
માર્ચ	ડીસેમ્બર	૫
એપ્રીલ	જાનેવારી	૪
મે	ફેબ્રુઆરી	૪
જુન	માર્ચ	૭
જૂલાઇ	એપ્રીલ	૬
ઓગષ્ટ	મે	૭
સપ્ટેમ્બર	જુન	૭
ઓકટોમ્બર	જૂલાઈ	૭
નવેમ્બર	ઓગષ્ટ	૭
ડીસેમ્બર	સપટેમ્બર	૬

તૈયાર છે ! **તૈયાર છે !**

પાકશાસ્ત્ર.

લેખકઃ—

ગં. સ્વ. લલિતાગૌરી શામરાવ

તથા

ગં. સ્વ. વિમલાગૌરી મગનલાલ

કિમ્મત રૂ. ૩—૦—૦

મળવાનું ઠેકાણું:—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

મુંબાઇ; પોસ્ટ નંબર ૨.

અમદાવાદમાં " સ્ત્રીબોધ " કાર્યાલયમાંથી પણ મળશે.)

"સ્ત્રીબોધ"ના બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] જુન, ૧૯૨૪. [અંક ૬ ઠ્ઠો.

વિભૂને વીનંતી.

(ભૂજંગી છંદ.)

૧

પ્રભો ! બાળકો સૌ અમે તો તમારાં,
સદા કષ્ટ કાપો વિભૂજી અમારાં;
દયાળૂ ! પિતા છો, તમો વિશ્વસ્વામી,
અમો વન્દીએ ભાવથી શિર નામી.

૨

કુભાવો અમારા હરો તાત વ્હાલા !
સુભાવો ભરો અમ ઉરે રૂપાળા;
પઢાવો સદા સત્ય ને નીતિ પાઠો,
વઢાવો સુપંથે પ્રભો ! ભવ આખો.

૩

અમો એકતા પામીએ પ્રાણપ્યારા,
કૃપાળૂ ! હરો ક્લેશ કંકાસ ખારા;
પ્રભો ! તાત સ્હેમી ! સદા સુખી રાખો,
દુઃખો દર્દ કાપી શીરે હસ્ત સ્થાપો.

૪

પ્રેરો પ્રાણ વ્હાળા ! બને સેવ સાચી,
સદા માત પિતા તણી ઊર રાચી;
કૃપાળૂ ! સુધારો અમો ઊર ખામી,
અમો વન્દીએ ભાવથી શિર નામી.

" દ

બાળકો માટે રામાયણની વાતો.

૧૬. સીતાનું હરણ.

રાવણ અને મારીચી રથ હંકારી પંચવટીમાં આવી પહોંચ્યા. રાવણ છાનોમાનો ઝાડની ઘટામાં સંતાઈ ગયો. મારીચીએ બે મુખ વાળા હરણનું રૂપ ધારણ કર્યું. તેનું આખું શરીર સોના જેવું સુંદર અને ચળકતું હતું, તેની વચ્ચે વચ્ચે વિવિધ રંગના મણી જેવા બુટ્ટા ભરેલા હોય તેમ દેખાતું હતું. આવો આ માયાવી મૃગ જ્યારે એક મુખે ચરતો અને બીજે મુખે આસપાસ નજર ફેરવતો ફેરવતો મઢુલીની પાસે સીતાજીએ રોપેલી વાડી પાસે આવી પહોંચ્યો ત્યારે સીતાજી તેનું અલૌકિક રૂપ જોઈ બહુ જ મોહ પામ્યાં. તેમની બુદ્ધિ ફરી ગઈ. એ મૃગને મારી તેની ચળકતી ચામડીની કાંચળી શીવડાવવાનું તેમને મન થયું. તે પરથી રામને તે હરણ મારી લાવવાની આજીજી કરવા લાગ્યાં. રામે તેમને બહુ બહુ સમજાવ્યાં; પણ તેમને ગળે બીજી કોઈ વાત ઉતરી નહિ. તે તો હરણને મારી લાવવાનીજ રઢ લઈને બેઠાં. તેથી સીતાની ઈચ્છા પાર પાડવાને રામચંદ્રજી તૈયાર થયા. તેમણે ધનુષ્ બાણ હાથમાં લીધાં, અને લક્ષ્મણને સાવધ રહી સીતાનું રક્ષણ કરવાનું કહી હરણની પૂંઠ લીધી. રામને પોતાની પૂંઠે ાાવતા જોઈ મૃગ ઘણે દૂર નીકળી ગયો. રામચંદ્ર પણ ઉતાવળે તેની પાછળ પડ્યા. આવી રીતે ઘણે દૂર નીકળી ગયા પછી મારીચે સોનાના હરણનું રૂપ બદલી સાધારણ હરણનું રૂપ ધારણ કર્યું. આ વખતે રામે તેના પર એવું તો તાકીને તીર માર્યું કે તે તેના શરીરની આરપાર નીકળી ગયું. તીર વાગતાંજ [illegible] છલંગની સાથે ઉછળીને ઉંધો પડ્યો. પડતાં પડતાં રામના

જેવો સાદ કાઢીને તેણે "હા લક્ષ્મણ! હા સીતા!" એવી ઘણીજ જોરથી મોટી ચીસ પાડી. રામે વિચાર્યું કે "આ ચીસ જરૂર જ સીતા અને લક્ષ્મણને કાનેં પડશે, અને તેથી તેમનો જીવ ઉડી જશે. લક્ષ્મણ કદાચ સાવધ રહેશે, છતાં તેના દિલમાં અનેક શંકાઓ ઉપજશે; પણ સીતા તો પછાડ ખાઈ પૃથ્વી પર જ પડશે. માટે લાવ જેમ બને તેમ જલ્દી તેમની પાસે જઈ પહોંચું." આમ વિચારી રામ ઉતાવળે ઉતાવળે ઝુંપડી તરફ પાછા ફર્યા.

ખરેખર! રામની શંકા સાચી પડી. મારીચીનો કપટી અવાજ સાંભળતાં જ સીતાના હોસકોસ ઉડી ગયા. તેમણે ધાર્યું કે રામને જરૂર જ કાંઈ અનિષ્ટ થયું હોવું જોઇએ. આથી ગભરાતાં ગભરાતાં તેમણે લક્ષ્મણને કહ્યું કે, "હે ભાઈ; તમારા ભાઈની આ ચીસ સાંભળી ? તમે જુઓ તો ખરા કે તમારા ભાઇને શું થયું છે ? અવાજ પરથી તો લાગે છે, કે તેઓ જરૂર જ કોઈ ભારે ભય કે સંકટમાં આવી પડયા છે. મારૂં કાળજું ધડકી રહ્યું છે અને હૃદય હમણાં જ ફાટી જશે. માટે તમે જલદીથી તેમની પાસે જઈ તેમને સહાય કરો." લક્ષ્મણે ધીરજ આપતાં કહ્યું કે, "તમે ધારો છો તેવી શંકા કરવાનું કારણ નથી. રામ કે જેણે અનેક મોટા મોટા રાક્ષસોને તમારી નજરે ઠાર કર્યા છે તે કોઈ મોટા સંકટમાં આવી પડે અને આમ કાયરની પેઠે ચીસ પાડી ઉઠે એ મને સાચું લાગતું નથી. વળી જ્યાં અનેક રાક્ષસો રહે છે તેવા વનમાં તમને એકલાં મૂકીને મારે ચાલી નીકળવું એ પણ બરાબર નથી. વળી ગમે તેમ થાય તોપણ આ જગા છોડી ન જવાની તેમની મને આજ્ઞા છે. માટે તમે ધીરજ ધરો અને હમણાં જ તેઓ કુશળતાથી પાછા આવશે." લક્ષ્મણનું આવું બોલવું સીતાને ગમ્યું નહિ. તેમની બુદ્ધિમાં પહેલેથી જ ફેર થઈ ગયો હતો. વધારામાં મારીચે પાડેલી બૂમ રામે જ પાડી છે અને રામ જરૂર સંકટમાં આવી પડયા છે. એમ તેમના દિલમાં પાકે પાકું વસી ગયું હતું. આથી તેમની સુધબુધ ઉડી ગઈ. તે ફાવે તેમ બોલવા લાગ્યાં અને તેમણે લક્ષ્મણને ન કહેવાનાં વચનો

કહ્યાં. તે આવેશમાં છેક જ હદ મૂકી બોલવા લાગ્યાં કે, "તમે દુઃખના વખતે તમારા ભાઈને મદદ કરવા જતા નથી તેમાં જરૂર જ કાંઈક તમારો કપટભાવ રહેલો છે. શું તમે એમ ધારો છો, કે રામને વનમાં એ રીતે મરતા મૂકી સીતાને તમારા કબજામાં લેવી ? કેવો પાપી વિચાર ? એ પાપી વિચારે જ તમારામાંના બંધુ પ્રેમને તમે દેશવટો દીધો જણાય છે. હાય ! હું અબળા એકલી શું કરૂં ?" એમ કહી સીતાજી રડવા લાગ્યાં.

સીતાનાં આ વચનો લક્ષ્મણને વિષની જેમ હાડોહાડ લાગી ગયાં. તેમના આખા અંગમાં જ્વાળા લાગી ગઈ. તે બળતાં દિલે પણ નમ્રતાથી કહેવા લાગ્યાઃ—"તમે તો મારી માતા છો. માતાના મુખમાં આ વચનો શોભતાં નથી. જરૂર જ કાંઈ અવળું થવા બેઠું છે, નહિ તો તમારા મુખમાંથી આવાં અણઘટતાં વચનો કેમ નીકળે ? તમારાં વચનો તીરની જેમ સાલી રહ્યાં છે. શું કરૂં ? રામ અત્યારે અહીં હાજર નથી. જો હોત તો ક્યારનોએ મેં મારો આ દેહ પાડી નાંખ્યો હોત." આમ બોલતાં બોલતાં તેમની આંખોમાંથી આંસુની ધારાઓ ચાલી નીકળી. સીતાને એકલાં મૂકીને જવાની ઈચ્છા નહિ છતાં તે વધારે વખત રોકાઈ શક્યા નહિ. તેમણે તરત જ ધનુષ્ બાણ હાથમાં લીધાં. પછી તેમણે જાનકીને કહ્યું: "જો અમારા આવ્યા વગર આ મઢી બહાર પગ મૂકો તો તમને રામની આણ છે. વળી આશ્રમની હદ ઓળંગી મઢીમાં પેસે તે બળીને ભસ્મ થઇ પડજો." આમ સીતા સમેત મઢી ફરતી આણ દઈ લક્ષ્મણ જે દિશામાંથી અવાજ આવ્યો હતો તે દિશા તરફ ચાલી નીકળ્યા.

રાવણ તો આશ્રમ પાસે જ ઝાડની ઘટામાં લાગ શોધતો છૂપાઈ રહ્યો. લક્ષ્મણ ગયા અને સીતા એકલાં મઢીમાં છે એમ જોતાં જ તે જોગીનો વેષ ધરી મઢીની બહાર આવી ઉભો. સાધુને પોતાને બારણે આવેલા જોઈ સીતાજીએ તેનો ઘટતો આદર સત્કાર કર્યો. જોગી જાણે કંઈ જ જાણતા ન હોય એવો ઢોંગ કરી સીતાને તેની હકીકત પૂછવા લાગ્યા. સીતાએ ટુંકામાં પોતાની

સઘળી હકીકત કહી. સીતાની હકીકત સાંભળી જોગીના વેષમાં આવેલા રાવણે કહ્યું: "હે સુંદરી! તમે અહીં એકલાં વનમાં વસો છો. આ વનમાં ઘણા રાક્ષસો રહે છે. તેમાંનો કોઈ તમને ઉપાડી જશે તો?" જોગીના મુખનાં આવાં વચન સાંભળી સીતાએ કહ્યું કે, "તમારા આ બોલ તમે જોગી હો એમ સાક્ષી પૂરતા નથી. તમે કોઈ કપટી જોગી વેષે આવેલા હોય એમ જણાય છે." તે પછી "હરિ! હરિ!" એવા બોલ બોલતાં તેણે કહ્યું કે, "હું તો અભ્યાગત અને અતિથિ છું, ભૂખ્યો થવાથી અહીં ભિક્ષા માટે આવ્યો છું. તમે ભિક્ષા આપો એટલે હું તરત જ મારે માર્ગે પડું." ભૂખ્યો અતિથિ અને તે ભિક્ષા માગે છે, તેને એમને એમ તરછોડીને કેમ કઢાય એવા વિચારથી હાથમાં વનફળ લઇ સીતાએ તેની સામે ધર્યાં. મઢીની બહાર સીતાનો હાથ આવતાંની સાથે જ રાવણે તે પકડી લીધો અને તેને અદ્ધર ઉચકી લઈ પોતાના રથમાં લઈ આવ્યો. આ વખતે તરત જ જોગીનું રૂપ બદલી રાવણ અસલ સ્વરૂપે ઉભો રહ્યો. સીતા તેને જોઈને ભયભીત બની ગયાં. તે ઘણું રોવા અને આક્રંદ કરવા લાગ્યાં. તેમને લક્ષ્મણનું કહેવું અને તે સાથે તેમને ન કહેવાનાં પોતે કહેલાં વચનો યાદ આવ્યાં, અને પછાડા ઉપર પછાડો ખાવા લાગ્યાં. તેમના રૂદનથી આખું વન શોકમય બની ગયું. પણ રાવણ તો તેમાંનું કંઈ જ ન ગણકારતાં રથ હંકારી ચાલતો થયો.

ઘણે દૂર નીકળી ગયા પછી સીતાને ધીરજ આપતો રાવણ બોલી ઉઠયો: "હે સ્ત્રી! તું શા માટે કલ્પાંત કરે છે? હવે કલ્પાંત કરવાથી તારૂં કંઈ જ વળે તેમ નથી. તું મારા કબજામાં આવી છે. વળી મારી સાથે રહેવામાં તને કશું જ દુ:ખ નહિ થાય, પણ પરમ સુખ થશે. હું લંકાનો રાજા રાવણ છું, મારા પ્રભાવથી દેવ, રાક્ષસ અને મનુષ્ય સર્વ થરથરી ઉઠે છે. તને લંકામાં લઈ જઈ મારી પટરાણી બનાવીશ. ત્યાં તું સુખેથી રહેજે અને મનગમતા ભોગ ભોગવજે. તને ત્યાં કશીયે વાતે ઉણપ આવવા નહિ દઉં." રાવણના આ હલકા શબ્દો

સીતાને આગની માફક બાળવા લાગ્યા. તે બળતા જીગરે બોલી ઉઠ્યાં: "અરે નીચ! હું મહારાજા રામચંદ્રની પતિવ્રતા સ્ત્રી છું. સિંહની સ્ત્રીને તારા જેવું શિયાળવું કેવી રીતે રાખી શકશે? તારે માથે જરૂર જ કાળ ;ભમે છે. મગદૂર નથી તારી કે તું મારા અંગને સ્પર્શ પણ કરી શકે. તેં ગળે પત્થર બાંધી આ તરવાનો ઉપાય આદર્યો છે અને તેથી તું જરૂર જ હવે ડૂબી મરવાનો. ક્યાં રામ અને ક્યાં અધર્મી એવો તું? સુવર્ણ અને લોહું, ચંદન અને બાવળ, હંસ અને ગીધ તેમ જ અમૃત અને ઝેર વચ્ચે જેવો તફાવત રહેલો છે તેવો જ તફાવત તારી અને રામચંદ્રની વચ્ચે છે. હે દુષ્ટ! જો તું જીવતો રહેવા ઇચ્છતો હોય તો આ સાહસ કરવું જવા દે અને મને મારે સ્થળે મૂકી આવ. નહિ તો જરૂર જ ધાર કે હવે તારો વિનાશકાળ છેકજ નજીક આવી પહોંચ્યો છે." આટલું બોલતાં સીતા થરથર ધ્રૂજવા લાગ્યાં.

રાવણ સીતાના આ તીરસ્કારથી બહુ ગુસ્સે થયો. તે આવેશમાં ને આવેશમાં બોલી ઉઠ્યો: "હે સીતા! જાણ કે હું કુબેરનો ઓરમાન ભાઈ છું. મારા ભાઈઓ અને પુત્રો ઘણા જ જોરાવર છે. મારામાં પણ અતોલ બળ છે. મનુષ્યો તો શું પણ દેવોયે મારા નામથી થરથરી ઉઠે છે. ઈંદ્ર પણ મારા ક્રોધ સામે ટકી શકતો નથી. હું જ્યાં બેઠો હોઉં ત્યાં પવન પણ બીતો બીતો ધીમે ધીમે વાય છે. મારી લંકા ઈંદ્રની અમરાવતી કરતાં પણ મોટી અને શોભીતી છે. ત્યાં સોનાના મહેલ છે. તેની ચારે બાજુએ સમુદ્રની ખાઈ છે. જ્યારે તમે મારી સાથે મારી ફૂલવાડીઓમાં ફરવા નીકળશો ત્યારે તમે અયોધ્યા અને ત્યાંના રાજા રામને પૂરેપૂરાં વીસરી જશો. હવે તમે સમજીને મને તમારા પતિ તરીકે સ્વીકારો અને નકામી હઠ મૂકી ખુશી થઈ ચાલો. રામ તો મારી એક આંગળી સમાન પણ નથી." રાવણનું આવું અભિમાનભર્યું બોલેલું સાંભળી સીતાએ કહ્યું કે: "ધિક્કાર છે તમને કે તમે કુબેરના ભાઈ થઈ પરસ્ત્રી હરણ કરવાનું મહાન ઘોર કરી રહ્યા છો. તમારા આ પાપના પ્રતાપે તમારા આખા કુળનો

સંહાર થશે, તમારી લંકા નાશ પામશે અને આ અભિમાનના ચુરેચુરા થઇ જશે." રાવણને આ વચનોથી બહુ જ ક્રોધ ચઢ્યો. તેણે પોતાનું ઉગ્રરૂપ ધારણ કર્યું. તે મોટા પહાડ જેવો સીતાની સામે ઊભો રહી કહેવા લાગ્યો: "હે જાનકી! આ મારું શરીર તો જો. તે કેવું પ્રચંડ છે! હું આ આકાશમાં ઉભો રહી આખી પૃથ્વી ઉપાડી શકું છું તેમજ સમુદ્રને ગટ કરી પી જઈ શકું છું." રાવણનું આવું પ્રચંડ શરીર જોઈ સીતા ભયનાં માર્યાં બેભાન થઈ ગયાં. રાવણ રથ હંકારતો વેગે આગળ ચાલી નીકળ્યો.

થોડી વારે સીતાજીને ભાન આવ્યું. તે વિલાપ કરી ઉઠ્યાં કે, "હે ઈશ્વર! હે દેવ! હે રઘુપતિ! મારા કયા અપરાધના કારણે આપ આજે આ દાસીને તદ્દન વીસરી ગયા છો? હે રઘુકુળરૂપી કમળના સૂર્ય! મને તમે કેમ વીસરી ગયા છો? હે ભાઈ લક્ષ્મણ! તમારો કાંઈ પણ ગુન્હો નથી. મેં ગુસ્સો કર્યો તેનું ફળ મને મળ્યું. કૈકેયી માતાના મનની જે કંઈ અભિલાષા બાકી હશે તેને અંગે જ વિધાતા આજ મને આ દુઃખ દઇ રહી છે. મારું દુઃખ હું કોને સંભળાવું? દોડો, કોઈ બચાવો. આમ સીતાજી જુદી જુદી જાતના વિલાપ કરી છાતી-ફાટ રડે છે.

સીતાજીના આ રડવાનો અવાજ જટાયુ નામના એક ગૃધ્રરાજને કાને પડ્યો. જટાયુ રામચંદ્રના આશ્રમથી થોડે દૂર રહેતો હતો અને તે રામનો પરમ ભક્ત હતો. જ્યારે એને માલૂમ પડ્યું કે રાવણ બળજબરીથી સીતાજીને ઉપાડી જાય છે ત્યારે તે ઉડીને રથની સામે જઈ ઉભો. તેણે રાવણને કહ્યું કે, "હે દુષ્ટ! તું આ કેવું ઘોર કર્મ કરી રહ્યો છે તેની તને ખબર છે? તે એક સિંહની પત્ની છે તેને તારા જેવું શિયાળવું લઈ જાય એ હાથે કરીને મોત માગી લેવા જેવું છે. પારકી સ્ત્રીને આમ હરી જવી એ તો બાગલાનું કામ છે. દુષ્ટ! ઉભો રહે અને તે અબળા-સ્ત્રીને મુક્ત કર. જેણે ખર, દુષણ અને ત્રિશિરા જેવા જબરા રાક્ષસોનો

નાશ કર્યો તે રામના બળને તું જાણતો હોય તેમ જણાતું નથી. તું આ પાપકર્મ કરવું રહેવા દે, નહિ તો તારા પ્રાણ લીધે જ છૂટકો છે." એમ કહી જટાયુ તેના તરફ ધાયો. તેણે ઉપરાઉપરી ચાંચ અને પાંખના પ્રહારથી રાવણને ઘાયલ કરી દીધો. તેના સારથીને અને ઘોડાઓને મારી નાંખ્યા. રથના ભાંગીને ટુકડે ટુકડા કરી નાંખ્યા. રાવણ તો આ સઘળું જોઇ છેક જ ગભરાઇ ગયો. પછી જરા ધીરજ લાવી હાથમાં તલવાર લઈ જટાયુ તરફ ધાયો. તેણે જટાયુને મહા પ્રયત્ને પકડ્યો અને તેની પાંખો કાપી નાંખી. આથી તે ફડફડાટ કરતો પૃથ્વી પર પડી ગયો અને રાવણ સીતાને કાખમાં ઘાલી ઉડતો ઉડતો લંકા તરફ ચાલતો થયો.

સીતાને રાવણ કાખમાં દબાવી લઇ જતો હતો તે સમયે સીતાને અતિશય દુઃખ થતું હતું. તેમનું મુખ કરમાઇ ગયું હતું. તે રાવણને અનેક તિરસ્કાર ભરેલાં વચનો કહેવા સાથે બહુ બહુ વિલાપ કરતાં હતાં. એવામાં ઓચીંતી તેમની નજર નીચેના પહાડ ઉપર પડી. ત્યાં તેમણે પાંચેક વાનરોને બેઠેલા જોયા. તેમને જોતાંની સાથે જ તેમના દિલમાં એક વિચાર પેદા થયો. તેમને લાગ્યું કે, રામ અને લક્ષ્મણ મને શોધતા શોધતા કદાચ આ તરફ આવી નીકળશે. હું આ રસ્તે થઇને લઈ જવાઈ છું એવી તેમને પાકી ખાત્રી થાય એવી કોઇ નિશાની તેમને મળી આવે એટલા માટે મારા શરીર પરનાં ઉતરી શકે તેટલાં ઘરેણાં આ નીચે બેઠેલી વ્યક્તિઓના હાથમાં આવે એવી રીતે નાંખ્યાં હોય સારૂં. આમ વિચાર કરી તેમણે પોતાના અંગ પરનાં કેટલાંક ઘરેણાં ઉતારી નીચે નાંખ્યાં. આ પછી થોડી વારે રાવણ સીતાને લઈ લંકામાં જઈ પહોંચ્યો.

લંકામાં આવી સીતાને પોતાને વશ કરવાના રાવણ યત્ન કરવા લાગ્યો. તેણે પ્રથમ તો ઘણી ઘણી લાલચો બતાવી. લાલચવશ ન થયાં ત્યારે તે ભય બતાવવા લાગ્યો. તેના આ

બધા પ્રયત્નના ઉત્તરમાં સીતાજીએ તેને નિડરતાથી જણાવ્યું કે, "હે રાવણ ! તારો જન્મ મહાત્મા પુલસ્ત્યને ત્યાં થયો છે. તારાં આવાં નીચ કામોથી તું તારા ઉત્તમ કુળને શા માટે કલંકીત કરે છે ? તું સમજજે કે મારા પતિ રઘુકુળના નાયક છે. વળી તે ધર્માત્મા અને શૂરવીર છે. જ્યારે તેમને મારી ભાળ લાગશે ત્યારે તેઓ જરૂર અહીં આવશે. તેઓ તને મારીને તારા આખા કુળનો નાશ કર્યા વગર રહેશે નહિ. તું હજીએ ચેત અને કંઈ સમજ."

જુદી જુદી જાતના બહુ બહુ યત્નના અંતે રાવણને જણાયું, કે સીતા કોઇ પણ ઉપાયે મારે વશ થાય એ સંભવિત નથી. આથી હારી-થાકીને તેણે એક રાક્ષસીને હૂકમ કર્યો કે, "આને અશોકવાડીમાં લઇ જાઓ. અત્યારે તેના મનનું ઠેકાણું જણાતું નથી. ધીરે ધીરે તેનું મન શાન્ત થતું જાય તેમ તેમ તેને સમજાવતી રહેજે; નહિ તો છેવટે હું સમજાવનાર તો બેઠો જ છું."

સીતાજીને પણ તેણે ધમકી આપી કે, "તને આજથી એક વરસની મહેતલ આપવામાં આવે છે. તે દરમિયાન તું તારા મનથી સમજી મારે વશ થઇશ નહિ તો તારા ટુકડે ટુકડા કરાવી નાંખીશ."

રાક્ષસી હૂકમ પ્રમાણે સીતાજીને અશોકવાડીમાં લઇ ગઇ. સીતાજી રામના વિયોગદુઃખમાં વિલાપ કરતાં અને ઝૂરતાં ઝૂરતાં દિવસો ગાળવા લાગ્યાં. અનેક રાક્ષસીઓ ત્યાં રાતદિવસ તેમને ઘેરીને રહેવા લાગી: તેમાંની કેટલીક સીતાજીનું રક્ષણ કરતી તો કેટલીક રંજાડતી. કેટલીક અનેક લાલચો અને ભય દેખાડી રાવણને વશ થવા સમજાવતી. પણ સીતાજી તો તે સર્વની અવગણના કરીને કેવળ રામચંદ્રજીના સંભારણમાં જ પોતાના દિવસો ગુજારતાં રહ્યાં:—

जेहि विधि कपट कुरंग संग । धाय चले श्रीराम ॥
सो छबि सीता राखी उर । रटती रहति हरिनाम ॥

સિંહાસન બત્રીશીની વાર્તાઓ.

વાર્તા ૧૨ મી ચાલુ—લાકડાના ઘોડાની વાર્તા.

વાત આટલે સુધી ચાલી ત્યાં સુધી તો પોપટે હુંકારો કર્યો પણ છેલ્લા વાકયમાં તેણે હુંકારો કર્યો નહિ એટલે રાજાએ વાત બંધ કરી. બધી સ્ત્રીઓને વાતમાં ખરો રસ લાગ્યો હતો તેજ વખતે વાત બંધ થઇ એટલે બધાં બહુ અકળાયાં. આ લાગ જોઇને વૈતાળે સોનાની મેનામાં પ્રવેશ કર્યો. મેના તુરત બોલી: "પરાક્રમી રાજા વિક્રમ, આપ વાત આગળ ચલાવો. હું હુંકારો આપીશ. આખી મંડળીને આમ ટળવળાવો નહિ." વિક્રમરાજાએ કહ્યું કે "તું તો અંદરના ચોકમાં છું. જો તારાં બાઇ પોતાને મોઢે મને રજા આપે તોજ હું ત્યાં આવી શકું." આ સાંભળીને બધી દાસીઓએ પોતાની બાઇને વિનંતિ કરી કે તમે વિક્રમરાજાને અંદર આવવાની રજા આપો. બાઇને પોતાને પણ વાર્તાનો રસ લાગ્યો હતો એટલે વિક્રમરાજાને બીજા ચોકમાં આવવાની રજા આપી. તે ત્યાં આવ્યા અને વાર્તા આગળ ચલાવી:—

સુતારને પકડીને મહેલમાં લઇ ગયા. ત્યાં રાણીએ કહ્યું કે આ સુતાર કોઇ દિવસ મારા પુત્રને ઇજા કરે જ નહિ. હું તેમની દોસ્તી જાણું છું. પછી તે સુતારે રાણીને લાકડાના ઘોડાની વાત કહી, અને પોતાના મિત્રને માટે બહુ કલ્પાંત કર્યું. આ હકીકત સાંભળીને બધાયે સુતારને નિર્દોષ ઠરાવ્યો અને કુંવરની શોધમાં ચારે દિશાએ માણસો મોકલ્યા.

રાજકુંવરનો લાકડાનો ઘોડો તો કોણ જાણે કેટલાએ ગાઉ નિકળી ગયો અને કનકપૂર નામે એક ગામના સીમાડે તે પોતાની મેળેજ નીચે ઉતર્યો. ભૂખ, તરસ અને થાકથી રાજકુંવર બેહાલ થઇ ગયો હતો. બાજુ ઉપર એક વાડી હતી ત્યાં ઝાડની છાયામાં એ તો સૂઇ ગયો અને બેભાન થઇ ગયો. એ વાડી રાજાની હતી. ત્યાં રાજમાલણ ફૂલ ભેગાં કરવા આવતાં તેણે રાજકુંવરને જોયો. પોતાને પુત્ર નહોતો તેથી જો આ યુવક માને તો તેને દત્તક કરવા તેણે મનસુબો કર્યો. માલણે જોયું તો તે યુવકને તાવ આવેલો હતો. તેણે પાણી છાંટીને તેને જાગૃત કર્યો તથા દૂધ લાવીને પાયું. પછી પોતાને ઘેર લઇ જઇને તેની ચાકરી કરી અને પોતાનો પુત્ર કરી સ્થાપ્યો. માલણ રોજ દરબારમાં જાય અને ત્યાંની હકીકત પુત્રને કહે. તેમાં રાજાની કુંવરીની વાત બહુજ રસથી કહે. તે બહુજ રૂપાળી અને ચતુર છે, એમ જાણી રાજકુંવરને તેને જોવાનું મન થયું. એટલે તેણે યુક્તિ કરી. માલણ ફૂલની ચોળી કુંવરી માટે ભરતી હતી. તેમાં તેણે યુક્તિથી પોતાની વિંટી ગુંથી. કુંવરીએ આ વીંટી જોઈ અને તે બહુજ કીંમતી છે એમ તે જાણી ગઈ. તેને લાગ્યું કે કોઈ મારા લાયકના ચતુર પુરૂષનું આ કામ છે. તેણે ધીમે ધીમે યુક્તિથી માલણ પાસેથી રાજકુંવરની હકીકત જાણી લીધી અને પછી કહ્યું કે માલણ! તારા છોકરા માટે લાડુ આપું તે લઈ જા. તે લાડુ લઈ જઈને માલણે રાજકુંવરને આપ્યો. કુંવર ચેતી ગયો કે આમાં સંદેશો હોવો જોઇયે. લાડુમાંથી એક ચીઠી નિકળી. કુંવરે તે છાનીમાની વાંચી. કુંવરીએ તેમાં મેળાપની રીત બતાવી હતી. ધીમે ધીમે કુંવર ગુપ્ત રીતે કુંવરીને મળવા લાગ્યો અને બે વચ્ચે પ્રીતિ વધતી ચાલી. અંતે તેમણે ગાંધર્વ વિવાહ કર્યા. પછી ત્યાંથી નાસી જવાનું નકી કર્યું. એક રાત્રે કુંવરી અગાશીમાં ચઢી અને કુંવર લાકડાનો ઘોડો લઇને ત્યાં ગુપચુપ ગયો. હવે ઘોડાની બધી કરામત કુંવરને આવડી ગઈ હતી. તેના ઉપર બંનેજણાં બેસીને ઉડી ગયાં. તેઓ ઘણે દૂર એક જંગલમાં ઉતર્યા. ત્યાં કુંવરીને પુત્ર જન્મ્યો.

અત્યંત રસ પડ્યો હતો, અને તેનું છેવટ જાણવા આતુર થઈ ગયાં હતાં. એટલામાં છેક છેલ્લા ચોકમાં મૂકેલી સોનાની ઢેલ બોલી કે: "હે પરાક્રમી રાજા વિક્રમ, આપની વાત આગળ ચલાવો. હું હુંકારો આપીશ. આપ તો પરસ્ત્રીના ભાઈ જેવા છો. એટલે અંદરના ચોકમાં મારાં શેઠાણી બેઠાં છે ત્યાં આવશો તો કાંઈજ હરકત નથી." આ ઢેલના બોલ સાંભળીને બધીજ સ્ત્રીઓ બોલી ઉઠી કે રાજાજી તમે જરૂર અંદર આવો. તેમની બાઈએ પણ અંદર આવવાની રજા આપી. એટલે રાજા અંદરના ચોકમાં ગયા અને વાત આગળ ચલાવી:—

રાજાએ તે કુંવરીને મહેલના એક ભાગમાં ઉતારો આપ્યો. રાત્રે ગાંધર્વ લગ્ન થવાનાં હતાં. પરંતુ આખી કુદરત ખળભળી ગઈ. રાત્રે કુંવરીના ઓરડામાં તે રાજા ગયા. તેને જોઈને તે કુંવરીને માના જેવું વહાલ છુટ્યું અને ધાવણ મહેવા માંડ્યું. આ કૌતક જોઈને બન્નેને બહુજ નવાઈ લાગી. કુંવરી કહે તમે તો મારા પુત્ર જ છો. તમારૂં મોં તમારા પિતાને એટલે મારા પતિને આબેહુબ મળતું આવે છે. આ સાંભળી રાજા તો શરમિંદા પડીને ચાલી ગયો. તે મર્હુમ રાજાની રાણી પાસે ગયો, અને કહ્યું કે આજ સુધી હું તમને મારાં જન્મદાતા માતાજી જાણતો હતો, પણ હવે તમે મને સાચેસાચી વાત કહો. રાણીએ બહુ આનાકાની સાથે કહ્યું કે મારે પુત્ર નહોતો પણ રાજાજી વનમાં શિકારે ગયા હતા ત્યાંથી તું મળી આવ્યો હતો. આ બધી હકીકત મળતી આવી, તથા જે જંગલમાંથી આ બાળક મળ્યો હતો તે જંગલમાં બધાં ગયાં અને જે ગુફામાં તેનો જન્મ થયો હતો તે બતાવી. અંતે માતા પુત્ર ભેટ્યા અને જુની રાણીના આગ્રહથી તેજ રાજા કાયમ રહ્યો.

) થોડા સમય પછી એક મોટો વેપારી ત્યાં વહાણ લઈને માલ વેચવા આવ્યો. તેની પાસે દાણ માંગતાં તેણે કહ્યું કે મને દરબારમાં લઈ જાવ. હું રાજાજીને ચાર રત્ન નજર કરીશ. બહુજ માન સાથે તેને દરબારમાં લાવ્યા. ત્યાં બધાંયે એક કૌતક દીઠું.

આ વેપારીનું મોઢું આબેહુબ રાજાને મળતું આવતું હતું. આ ઉપરથી રાજાએ પેલા વેપારીને પાસે બેસાડીને પૂછયું કે ભાઈ, તમારી સાચી હકીકત કહો. આ વખતે રાજાએ પોતાની ખરી માતાને પડદા બાંધીને દરબારમાં બોલાવી હતી. તે વેપારી તો પેલો લાકડાના ઘોડાવાળો રાજકુમાર હતો. તેણે પોતાની સાચી વાત દરબારમાં કહી. રાજા પડદા પાછળ જઇને પોતાની માતુશ્રીને મળ્યા. તેની આંખમાં હર્ષનાં આંસુ ભરાયાં હતાં. તેણે કહ્યું, ભાઈ! આ જ તારા પિતાજી છે. પરંતુ રાજાએ વિચાર્યું કે લોકોની પણ ખાત્રી કરવી જોઇએ. તેથી તેણે પંડિતોને પૂછયું કે એક લોહીનું સગપણ શી રીતે સાબીત કરી શકાય? પંડિતોએ કહ્યું કે એક થાળીમાં પાણી નાંખો. પછી તેમાં જુદા જુદા માણસોનાં લોહીનાં ટીપાં નાંખો. જે એક લોહીનાં સગાં હશે તેમનું લોહી એક થઈ જશે. આ ઉપરથી દરબારમાં એક થાળીમાં પાણી ભર્યું ને તેમાં રાજાએ પોતાનાં, પેલા વેપારીનાં તથા પોતાની માતાના લોહીનાં ટીપાં નાંખ્યાં. પ્રધાન તથા બીજાં પણ એ ત્રણ જણનાં લોહીનાં ટીપાં નાંખ્યાં. તેમાં ત્રણ જણનાં લોહી એક થઈ ગયાં. આથી બધે આનંદ આનંદ થઈ ગયો, અને માતા, પિતા તથા પુત્ર ભેટ્યા.

હવે પેલા લાકડાના ઘોડાવાળા રાજકુંવરને પોતાને ઘેર જવાનું મન થયું તેથી તેમણે બધું રાજ પ્રધાનમંડળને સોંપ્યું, અને પછી જાત્રાને બહાને ત્યાંથી નિકળ્યા. ઘણે સમયે તેઓ ત્રણે જણાં પોતાને મૂળ દેશ પહોંચ્યા. ઘરડા રાજા પુત્રવિયોગે ઝુરીને ઈશ્વર ભજનમાં દિવસ ગાળે છે, અને સુતારના પુત્રનું દુઃખ તો કહેવાય તેવું પણ નહોતું. એકાએક રાજકુંવર ત્યાં જઈ પહોંચ્યા એટલે સર્વને બહુજ આનંદ થયો. ઘરડા રાજાએ રાજપાટ આ કુંવરને સોંપી દીધું. સુતાર પ્રધાન બન્યો, અને આ આનંદને સમયે બહુ બહુ દાન અપાયાં.

આ રીતે વિક્રમરાજાએ વાત પુરી કરી. અને સર્વનાં મન હરણ કરી લીધાં. મકાનની માલિક બાઈ આવી અને રાજાને ચરણે

પડીને કહ્યું કે, હે પરદુઃખભંજન રાજા, હું તમારી વગર અરીદેલી ગુલામ છું. ત્યારે રાજાએ ઉત્તર આપ્યો કે તું મારી પુત્રી જેવી છું. પણ મારા દેશમાંથી એક બ્રાહ્મણ આવ્યો હતો તેને તેં બહુ દુઃખ દીધું છે. તે તને બહુજ ચાહે છે, અને તારા વિયોગથી દુઃખી છે. માટે તું મારી સાથે ચાલ. તે બ્રાહ્મણ સાથે હું તારાં લગ્ન કરી આપીશ. ત્યાર પછી તે રૂપાળી સ્ત્રી વિક્રમ રાજા સાથે ગઈ. પેલો બ્રાહ્મણ હજુ તે મંદિરમાંજ રહે છે ત્યાં જઇને તેને વિક્રમ રાજાએ આ સ્ત્રી સોંપી. પછી બહુજ ધામધુમથી તેમનાં લગ્ન થયાં. અને વિક્રમરાજાએ તેમને સાત ગામ ભેટમાં આપ્યાં.

આવા પરાક્રમનાં અને પરોપકારનાં કામ જે કરશે તે આ સિંહાસન ઉપર બેસશે. એમ કહીને પવિત્રા નામની પુતળી આકાશમાં ઉડી ગઈ.

બુદ્ધિચાતુર્ય.

[લેખક—રા. પ્રભાકર.]

રામસિંગ નામનો એક રાજા પોતાના રાજ્યમાં સારી રીતે રાજ કરતો હતો. સારા કાયદા બાંધીને તથા સારો બંદોબસ્ત રાખીને રૈયતના જાનમાલનું તે સારી રીતે રક્ષણ કરતો હતો. તેણે પરોપકારનાં તથા ધાર્મિક કામો ઘણાં કર્યાં હતાં. તે પોતાની પ્રજાને પુત્રપુત્રી માફક ગણી તેઓનાં દુઃખ મટાડવા સદા તત્પર રહેતો. દરરોજ રાત્રિએ વેશ બદલી તે નગરચર્ચા જોવા જતો, અને કોઈ દુઃખી જણાય તેને તરત ગુપ્ત રીતે મદદ કરતો. વળી તે ન્યાય આપવામાં ઘણો ચતુર હતો. ગુન્હેગારોને તથા ચોરચંખારને શોધી કાઢી તેમને સખત સજા કરતો અને પોતાના

દેશમાંથી તેમને કાઢી મૂકતો. તે રાજા 'દરરોજ' ઇશ્વર પ્રાર્થના કરતો ને માગતો કે, 'હે પ્રભુ! મને એવી શક્તિ આપ કે માણસના મુખ પરથી તેના વિચાર જાણી શકું. મને એવી બુદ્ધિ આપ કે ખરો ગુન્હેગાર ગમે તેટલી યુક્તિ અજમાવતાં પણ છટકી જાય નહિ અને બીનગુન્હેગાર માર્યો જાય નહિ.'

એક વખત એ રાજા દરબાર ભરીને બેઠો હતો એવામાં બે માણસો વઢતા વઢતા ફરિયાદ લઈને રાજા પાસે આવ્યા. તેઓ રાજા પાસે પોતપોતાની હકીકત કહેવા લાગ્યા. એકે કહ્યું, મહારાજા મેં આ માણસને તેની નબળી સ્થિતિ વખતે મિત્ર ગણી ૨૦૦ સોનૈયા ધીર્યા હતા. તેને સારો ને વચનનો સાચો માની જામીન લીધો નહતો, કે રકમની આંટમાં કાંઈ જણસ ગીરો લીધી નહોતી. હાલમાં તેની સ્થિતિ પૈસેટકે સારી છે તો પણ મારી ધીરેલી રકમ પાછી આપતો નથી. એટલુંજ નહિ પણ ધીર્યાની વાત જ નામક્કર જાય છે. આ સાંભળી રાજાએ બીજા તરફ જોયું. બીજાએ કહ્યું, કે નામદાર સરકાર આપ અમારા માલિક છો. આપની મરજીમાં આવે તેવો ન્યાય આપો, પણ હું ગરીબ નાહક માર્યો જાઉં છું. હું બીનગુન્હેગાર છું. આ માણસ તદ્દન જુઠો છે. મેં બે ત્રણ વર્ષ ઉપર જ તેની ધીરેલી પુરેપુરી રકમ પાછી આપી દીધી છે. હવે તે ફરી જાય છે ને એ વાત નાકબુલ કરે છે. જેવો એણે મારા પર વિશ્વાસ રાખ્યો તેવો જ મેં પણ તેને સાચો ધારી સોનૈયા આપ્યાના સાક્ષી રાખ્યા નથી, કે પહોંચ લખાવી લીધી નથી. આપને ધ્યાન પહોંચે તેવો ઇન્સાફ કરો. પણ હું ગરીબ માર્યો જાઉં નહિ.

રાજા તો આ બન્નેનું પરસ્પર વિરૂદ્ધ બોલવું સાંભળી ઘડીભર વિચારમાં પડયો. તે એક વખતે એકની સામે તો બીજી વખતે બીજાની સામે જોવા લાગ્યો. આ તકરારનો નિવેડો શી રીતે આણવો તેની તેને સૂઝ પડી નહિ. દરબારના બધા સરદારો પણ મુંઝાવા લાગ્યા અને રાજા આનો કેવી રીતે ન્યાય ચૂકવે

છે તેની રાહ જોવા લાગ્યા. કેટલીક વાર પછી રાજાએ પહેલા માણસની સામે જોયું ને પૂછયું, ભાઇ, તમે બન્નેએ સોનૈયા આપ્યા લીધાના સાક્ષી રાખ્યા નથી, તેમ જ ખત લખાણ કર્યું નથી. તમને બન્નેને સાચા અને જુઠા માનવામાં શી હરકત છે? તમે સોનૈયા આપ્યા તે આ માણસ કબુલ કરે છે, તેવી જ રીતે ઇશ્વરને માથે રાખી જૂઠું ના બોલતાં સત્ય હકીકત કહો. બોલો ઇશ્વરને માથે રાખી હું બધું સાચે સાચું કહીશ.

પહેલા માણસે કહ્યું, 'મહારાજા હું ઇશ્વરને માથે રાખીને સાચું કહું છું, કે આ માણસે મારા સોનૈયા પાછા આપ્યા નથી ને તે કેવળ જુઠું બોલે છે. તેમ છતાં જો તે આપની અને આ દરબારની સમક્ષ રાજદંડ હાથમાં લઈ ઇશ્વરના સોગંન ખાય તો હું મારો દાવો રદ કરૂં છું. રાજાએ બીજા માણસ તરફ જોયું. તેણે મ્હોં ઉપર જરાપણ ગભરાટ બતાવ્યા વિના રાજદંડ હાથમાં લઈ સોગન ખાવાની મરજી બતાવી. રાજાએ તેને રાજદંડ આપ્યો. રાજદંડ હાથમાં લેતાં પહેલાં પોતાના હાથમાંની જાડી ડાંગ તેણે પોતાના સામાવળીયાને ઝાલવા આપી. પછી તે બીજો માણસ ઘૂંટણીએ પડયો ને બે હાથમાં રાજદંડ પકડી તેણે ઇશ્વરના સોગન ખાધા. સોગન ખાઈ રહ્યા પછી રાજદંડ ઘણીજ નમ્રતાપૂર્વક રાજાના હાથમાં પાછો આપી તરત જ પોતાની ડાંગ પાછી લીધી, ને રાજાને ઘણા જ નીચા નમી સલામ કરી તે ચાલતો થયો. દરબારમાં બેઠેલા બધા વિચારમાં પડયા. તેમણે પહેલા માણસને જુઠો ગણ્યો. રાજા પણ વિચારમાં પડયો. એકાએક તેના મગજમાં એક વિચાર સ્ફુરી આવ્યો, એટલે પેલા સોગન ખાનારને પાછો બોલાવ્યો ને તેની જાડી ડાંગ જોવા માંગી.

ડાંગને હાથમાં લઈ આમતેમ ફેરવી ધારી ધારીને જોતાં ... બનાવટ માટે કંઈક શક આવ્યો. વળી ડાંગનું કદ વિચારતાં ... વજનમાં હલકી લાગી. જેમ જેમ રાજા ડાંગ તરફ ધારી ધારીને જોવા લાગ્યો તેમ તેમ તેના શકમાં વધારો થયો. તેણે એક બીજી યુક્તિ રચી, રાજાએ ડાંગના માલિક તરફ ફરીને જોઇ

કહ્યું, 'અમોને આ ડાંગ બહુ ગમી ગઈ છે માટે તે અમે રાખી લઈએ છીએ અને તેની કિંમત પેટે આઠ આના તમને આપીએ છીએ. આ સાંભળી ડાંગવાળાનું મ્હોં લેવાઈ ગયું. તે ઘણો ગભરાએલો દેખાવા લાગ્યો. તેનું શરીર ધીમે ધીમે કંપતું માલમ પડયું. આ બધો ફેરફાર રાજા બારીકાઈથી જોતો હતો. ડાંગવાળા માણસે એના જેવીજ બીજી ડાંગ આપવાને, ડાંગની કિંમતથી બમણી રકમ આપવાને, કે રાજાને સારી ભેટ ધરવાને હા પાડી, પણ એ ડાંગ પાછી આપવા કાલાવાલા કરવા લાગ્યો. વળી પોતાના પૂર્વજોની યાદગીરીનું એ ચિહ્ન છે એમ કહેવા લાગ્યો ને ડાંગ ન આપવા મરજી જણાવી. ડાંગ જેવી નજીવી ચીજ માટે આમ કરતો હોવાથી બધાને નવાઈ લાગી ને રાજાનો શક મજબુત થયો. તેણે એક સિપાઈને બોલાવી કુહાડી વતી તેના કકડા કરવા કહ્યું. ડાંગના કકડા થતાં જ તેમાંથી એક પછી એક બસે સોનૈયા બધાના દેખતાં બહાર નીકળ્યા. આ જોઈ બધા આશ્ચર્ય પામ્યા. રાજાએ તે સોનૈયા પહેલા માણસને આપી દીધા ને તે જુઠાને સખત સજા કરી દેશમાંથી હાંકી કાઢયો. આ વાતની પ્રજાને ખબર પડી ત્યારે લોકો રાજાની બુદ્ધિનાં વખાણ કરવા લાગ્યા ને આવા અદલ ન્યાય માટે વાહ વાહ બોલવા લાગ્યા.

હીસ્ટિરિયાથી ગભરાશો માં !

તેનો ઇલાજ વાયુમુક્તા છે. જેનો ર નં. ૧૧૬-૧૪ અને કીમંત રૂ. ૫) હીસ્ટિરીયા-ફેફરૂં, ચિત્તભ્રમ, મ્હેંચાવું, જડ થવું વગેરે વાયુના દર્દપર રામબાણ છે. દવા વનસ્પતિની, પથ્ય નહીં. પ્રદરહર–શ્વેત, રાતો કે ધાતુ વિકાર, ફાટ, તોડ અને ગર્ભાશયનાં દર્દ ઉપર ચોકસ-ગોળી ૪૦ ની ડી. રૂ. ૧).

બાળકોની હાંફણી માટેની ડી. રૂ. ૩) દરેકનું પોસ્ટેજ જુદું.

છગનલાલ લલ્લુભાઈ શાહ; દેશીનામાવાળા–વડોદરા

" હુંય ખાટલે ને તુંય ખાટલે ?"

[લે. 'ઠ.']

ઝાલાકુલભૂષણ હરીસિંહજી ઝાલાને અણીઆળીમાં સાડા ત્રણ સાંતીનો ગીરાસ હતો. પણ તેમના વડવાઓએ બહુ બહાદુરી બતાવેલી અને મ્હોટો ગીરાસ પ્રાપ્ત કરેલો. મહમદ બેગડાના લશ્કર સાથે રાણપુર પાસે રાણપૂરના ઠાકોર તરફથી લડેલા ને મુસલમાન લશ્કરને ઘાસ પેઠે કાપી નાખેલું એવું કુલભાટ કહેતા ને તેમના યશગાન ગાતા. ઠાકોર હરીસિંહને તે કુલનું ગૌરવ અને અભિમાન કાં ન હોય ? ગામમાં કોઈ પરદેશી ઘોડા ઉપર બેસીને ઠાકોરની ડેલી પાસેથી નીકળી શકે નહી. વસવાયાં ધોબીના ધોયેલાં કપડાં પહેરીને બાપૂ સામે જઈ શકે નહી. એવો બાપૂનો રૂવાબ હતો.

એક સમયે બાપૂ લીમડી પાસે ભલગામડુ કરીને ગામડું છે ત્યાં પોતાની સસરાલમાં જવા નિકળ્યા. બાપૂ એકલા હતા ને આટલા ન્હાના ગીરાસમાં ઘોડું રાખવૂં પોસાય નહી તેથી બાપૂ પહો ફાટતાં પહેલાં ગામમાંથી પગપાળાજ નીકળી ગયેલા ને રાત પડયા પહેલાં ભલગામડામાં પેસવાનું નહી એટલે ધીરે ધીરે ચાલ્યા. અપોરના રોટલા ખાવાને જરા નીંદરા લેવા રોકાયા એટલે છસીયાણે આવતાં તો દિવસ ડુબ્યો ને પોસ મહીનાની ટાઢમાં ધોબીની ધોયેલી કડકડતી બંડીએ બહુ બચાવ ન કર્યો તોય સુઢીયો વાળીને ચાલવા માંડયું. સામી ભાગોળે ગયા. ત્યાં કુવા ઉપર એક બાઈ પાણી ભરતી હતી તેણે બાપૂને જોયા ને ઓળખ્યા.

બાઇએ પૂછ્યું, "ઘણું જીવો બાપૂ! અટાણે કેમના ?"

બાપૂએ ટાઢનો થથરાટ જરા દબાવી ઉંચું જોયું ને કાંઈક મનમાં સંતોષ થયો કે વખતે ટાઢમાં બે ત્રણ ગાઉ માપવા મટે!

" ગગી, મ્હેં ના ઓળખી. હું ભલગામડાં ભણી જાઉં છું."

" પણ બાપૂ ભલગામડું તો તણ ગાઉ રયું. આ ટાઢમાં ક્યારે પોચશો. મ્હારા ગરીબ ઘરે વાહો કરો. બાપૂ, ઘર પાવન થશે. હુ તો મધા ઠારની ગંગા." બાઈએ જવાબ આપ્યો.

" ઓહો હો ! દીકરી તને અહીંયાં પરણાવી સેં ? મ્હને ખબર નહી. પણ લે તારે હું તો હાલી નાખીશ. આ રયું, હમણાં પોચી જઇશ." બાપૂએ પોતાની રૈયતની દીકરી દીઠી એટલે ભાવ ખાવા માંડયો.

" પણ બાપૂ રાત અંધારી છે, ને આ કડકડતી ટાઢમાં દખી થશો. સવારે શીરાવીને પધારજો બાપૂ." બાઈએ આગ્રહ કર્યો ને બાપૂએ કૃપા કરી મેહમાની સ્વીકારી.

" ઠીક ત્યારે, પણ ગગી છે તો હખીને ?"

" હા બાપૂ, આપના પૂન્ય પ્રતાપે ધાનરોટલો મળેસે. પધારો."

આગળ બાઇ ને પાછળ બાપૂ, સુતારને ઘેર ગયા. બાઈએ પોતાના ધણીને વાત કરી. બાપૂને જમાડયા. હુકો ભરી આપ્યો. રાતના ઘરાઘના કામથી પરવાર્યાં એટલે સુતાર પણ બીચારો એક ખાટલોને ધાગડો લઈ મેહેમાનની પાસે જ સુતો.

બાપૂએ જોયું. પણ આ જોયું જાય કેમ ? ઠાકોર હરીસીંહ- જી ઝાલાની સામે એક વસવાયું ખાટલે સુવે ? બને કેમ ? જો હમણા અણીગ્રાળી હોત તો ટાંટીયો પકડીને આ બેઅદબ છોડાંફાડને નીચે જ પટકત. પણ અહીં એના જ ઘરમાં કરવું શું ? બાપૂએ જાણ્યું કે એના ખ્યાલ બહાર વાત ગઇ હશે તે ખ્યાલમાં લાવવી. એમ વિચારીને હુકો સળગતો હતો તેની નેં મોહડામાં ઘાલીને ધીમે ધીમે બોલવા માંડયું, " હુંય ખાટલે ને તુંય ખાટલે ?" " હુંય ખાટલે ને તુંય ખાટલે ? "

સુતારની ઉંઘમાં ખલેલ પડી. એણે પ્રથમ તો જાણ્યું બાપુને ઉંઘમાં લવવાની ટેવ હશે. પણ સાથે હુકાનો ગુડગુડાટ સાંભળ્યો એટલે સમજ્યો કે બાપુ તો જાગતા બોલે છે, ને જરા વધારે વિચારતાં સુતારને બાપુની ચુંક કાંઇક સમજાઈ. પણ કરવું શું. બૈરાં છોકરાં ઘર બંધ કરીને સુઇ ગયાં, કોડમાં સરખી જમીન નહી કે બાપુના રોગનો ઇલાજ થાય. એટલે સુતાર તો મોંચલો થઇને પડી રહ્યો. આણીકોર બાપુનું ભેજું વધારે તપ્યું એટલે "હું ખાટલે ને તું ય ખાટલે?" નો જપ જોરથી થવા માંડયો.

નશીબના યોગે—ચલમમાં દેવતાની રખ્યા થઈ એટલે ઠાકોર ઉઠયા ને ચલમ લઈ ચોકમાં ધુણી હતી ત્યાં પડેલા પાટલા પર બેશી દેવતા ભરવા મંડયા. સુતારે જાણ્યું કે ઠાકોરને ખાટલો ખૂંચે છે તેથી ઉઠીને કોડનું કમાડ કર્યું બંધ.

ઠાકોર ચલમ ભરી આવીને કમાડ ઉઘાડવા દારને બોલાવ્યા તો અંદરથી અવાજ આવ્યો, "હું ખાટલે ને ઠાકોર પાટલે?" ઠાકોર સમજ્યા કે સુતારે મને ટાઢે મારવાનો રસ્તો કર્યો.

હવે કરવું શું? બળ કરી બારણું તોડે તો પાડોશી જાગે ને ફજેતો થાય. ગામના ગરાશીયા જાણે ને ઠાકોર ચોખડામાં હલકા પડે!

આસ્તે રડીને સુતારને વિનવ્યો ત્યારે સુતારે બારણું ઉઘાડયું. પણ ઠાકોર તો હુકો પીધા વગરજ પોઢી ગયા.

સવારમાં સુતાર ઉઠીને જુવે છે તો ન મળે ઠાકોર કે ઠાકોરનાં લુગડાં. ઠાકોર માટે તૈયાર થયેલું શીરામણ સુતારે ખાધું ને વહુને વરધી આપી કે આવા મ્હોટા મેહેમાનને ગરીબ ઘેર ફરીથી નોતરવા નહિ.

આ શું?

[જગતમાંની નવાઈઓમાંની કેટલીક.]

(૧) લંડનના સુભાગ્યે ચોખ્ખો દિવસ હોય, એટલે વાદળાં, વરસાદ, ધૂમસ કે બરફની ઝણ ના હોય તો સેંટપૉલના દેવળના મથાળેથી નરી આંખે ત્રીસ માઈલ સુધી દેખી શકાય છે.

(૨) હાથીની ઘ્રાણેંદ્રીય (સુંઘવાની શક્તિ) એટલી જોરાવર છે કે તેને માણસની વાસ હજાર વારના અંતરેથી આવે છે.

(૩) તમારા શરીરના કોઈપણ ભાગની ઇજાને દુરસ્ત થતાં જેટલો વખત લાગેછે તેના કરતાં ઘણાજ ઓછા વખતમાં તમારી જીભ ઉપરની ઈજા દુરસ્ત થઈ જાય છે.

(૪) ચંદ્ર પૃથ્વીથી ૨૪૦૦૦૦ માઈલના અંતરે છે છતાં દક્ષીણ કેલીફોરનીયામાં આવેલા માઉંટ વીલસન પરની વેધશાળાની દુરબીનમાંથી જોતાં થોડા માઈલના અંતરે હોય તેવો દેખાય છે. અને તારાઓનું તેજ ૨૫૦૦૦૦ ગણું વધારે દેખાય છે. આ દુરબીન દુનીયાની બધી દુરબીનો કરતાં મોટી છે.

(૫) તમારા શરીરની ગરમી ઓછી કરવાને માટે અમારા કરતાં અમુક કામનો બોજો વધારે અસરકારક જણાશે.

(૬) હાલની સહાયકારી સોસાયટી (એકબીજાને મદદ કરનારી મંડળીઓ) ની શરૂઆત એક ઘોડાના તબેલા ઉપરના માળીયામાંથી થઈ છે. પહેલી આવી મંડળી રોચડેલમાં સ્થાપાઈ હતી અને તેની ઑફીસ આવા માળીયા પર હતી. આજથી દશ વર્ષ પહેલાં આ મંડળીના સભ્યોની સંખ્યા ૧૪૦૦૦ હતી જ્યારે શરૂઆતમાં ફક્ત ૨૮ સભ્યોએ કામ શરૂ કર્યું હતું.

(૭) લંડનના મ્યુઝીયમમાં એ પુસ્તકાલય છે તેમાં એટલાં પુસ્તકો છે કે તે મુકવાનાં ખાનાં છેક છેડા અડાડી લાંબા મુકવામાં આવે તો પાંત્રીસ માઇલ લાંબા થાય.

(૮) બેબી પેગી તરીકે ઓળખાતી ચાર વર્ષની છોકરી સીનેમા ફીલ્મના એક્ટર તરીકે કામ કરેછે. હમણાં એક કમ્પની-એ તેને રોકી છે. તેને વારસિક પગાર ૩૦૦૦૦૦ પાઉંડ એટલે ૪૫૦૦૦૦૦ રૂપીયા મળશે. અને ત્રીજા વર્ષની આખરે ૧૦૦૦૦૦ પાઉંડ એટલે ૧૫૦૦૦૦૦ રૂપીયા બોનસના મળશે. પરિણામે ત્રણ વર્ષે બેંકમાં તેને ખાતે ૧૦,૦૦,૦૦૦ પાઉંડ એટલે ૧૫૦,૦૦,૦૦૦ એક કરોડ પચાસ લાખ રૂપીયાની સીલીક થશે.

(૯) એક માણસ, કેલીફોરનીયામાં દોઢ એકર જમીનમાંથી ૧૨,૦૦૦ પાઉંડ એટલે ૧,૮૦,૦૦૦ રૂપીયાની વાર્ષિક ઉપજ મેળવે છે. તેનું નામ મી. સરજેસ છે. તે છાસઠ વર્ષની ઉમરે અમેરીકા ગયો હતો. ખૂબી તો એ છે કે આ જમીન તેણે પોતાના એક મિત્રની માગણી ઉપરથી તે મિત્રના ખર્ચે અને જોખમે ખરીદવાનું સાટું કર્યું હતું, પણ તે મિત્ર પાછળથી ફરી ગયો. એટલે જમીન પોતાને માથે પડી. પ્રભુકૃપાથી જમીનમાંથી તેલના કુવા નીકળ્યા ને નશીબ ખીલ્યું!

(૧૦) ઈટલીના સત્તાધારી પ્રધાન મી. મીસોલોનીએ બાર વર્ષ સુધી એક સામાન્ય લુહાર તરીખે કામ કર્યું હતું. હાલ તે ઈટલીના ક્રોમવેલ તરીખે ઓળખાય છે.

નારાયણદાસ ભગવાનદાસ મહેતા.

દરેક આગેવાનોએ મુલાકાત લઈ સંતોષ બતાવી
વખાણેલું અને હિંદુ જાતીનાં નિરાધાર અનાથ
બાલકોને પોશણ આપતું, આ

હિંદુ અનાથ આશ્રમ-નડીઆદ

એકજ છે.

તેને દાન કરવાના દરેક પ્રસંગોએ જરૂર
યાદ કરી કંઈ પણ દાન મોકલશો.

હાલ તે દોઢસોને સુમારે અનાથ બાલક, બાલિકા અને અશક્તોનું પાલણપોશણ કરે છે અને તેમને જુદા જુદા ધંધા શીખવી પગ ઉપર ઉભા રહી કમાઈ ખાય-તેવા સભ્ય શહેરી બનાવવા યત્ન કરે છે. તેમના ફક્ત ખોરાકી પોશાકી વીગેરે ખર્ચના રૂ. ૫૦) દરરોજ જોઈએ છીયે.

તો જરૂર તમો દયાની દેવીઓ! આ તમારાં અનાથ બાન્ધુઓને બચાવવા તમારો દાનેશ્વરી હસ્ત લંબાવશો. દરેક પ્રકારનું દાન લેવાય છે.

વધુ વીગત માટે પુછો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

Cover Printed at The Baba P. Press, Richey Road—Ahmedabad.

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(113, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીનો વીમો

બહુજ જરૂરનો અને લાભકારક છે

ઇંડસ્ટ્રીઅલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની યોજનાઓ આપે છે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે. જામીનગીરી સદ્ધર છે,

વિશેષ હકીકત માટે લખોઃ—

જીવણલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીયલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કં. લી.

૧૧૩, એસ્પલેનેડ રોડ, કોટ, **મુંબઇ.**

આ માસિક પત્ર મૂળચંદભાઇ ત્રીકમલાલે અમદાવાદ ટંકશાળ ... પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું, અને કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ ... મદાવાદમાં પીરમશાહરોડ ઉપર પ્રસિદ્ધ કર્યું.

Reg. N. B. 1070.

સ્ત્રીબોધ.

વર્ષ ૬૮.] જુલાઈ-૧૯૨૪. [અંક ૭ મો.

તંત્રીઓ { બાઈ પુતળીબાઈ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ,
બી. એ., એલ્.એલ્. બી.

મંત્રીઃ-છગનલાલ અમરશી મહેતા; અમદાવાદ.

મ્હારા સ્વામી

મુજ ધર્મ કર્મનું જ્ઞાન સ્વામી સાથે,
મુજ જીવન મુક્તિ પ્રાણ સ્વામી હાથે રે.

ભલે ગાઢ જંગલ હોય ઝુંપડી રહેવાને,
હું માગું નિત્યે દેવ, સ્વામી સેવાને.

મુજ જીવનનું સાર્થક સ્વામીમાંજ રહે,
મુજ સૌભાગ્યનું ઘર સ્વામી સાથ રહે.

મુજ આશિષનું ધામ નિત્યે ચાહે,
શું જન્મમરણની વાત અન્ય જણાવું રે.

—શીલમન્દિર.

સ્ત્રીબોધ

૧૯૨૪.

પુસ્તક ૬૮ મું.]   જુલાઈ.   [અંક ૭ મો.

" દીપાવો વંશને. "

(ગરબી—ઇન્દિરા રાજા—એ રાહ.)

સલુણી સમાન બ્હેની,
દીપાવો વંશને, દીપાવો વંશને,
મદાલસા શું પુત્રને:   સલુણી૦ (ટેક)

વંશ આ શીશોદીયામાં
રાણા પ્રતાપજી
માત તાત જાત કુલ દેશને
દીપાવીયા:   સલુણી૦

જ્યોતિ પ્રેમની જગાવી
સાંભળી કેકારવી,
પાંડુ વંશમાં ' કલાપી '
દૈવી રહ્યેય પ્રેમના:   સલુણી૦
દેશદાઝ કાજ જુવો
ગાંધીજી જેલમાં,
વંશ આ વણિક જુવો
આત્મ-શૌર્ય તેમના:   સલુણી૦
પ્રણુતપાલ ગંગબાલ,
સાહી હીત પિતુના;
ભીષ્મ બ્રહ્મચારી
બાણુ પોઢી કાજ સારીયાં.   સલુણી૦

મોંઘીબા.

વૃંદાવનની કુંજે:—

(એક રાસ.)

(આવો તો શ્રીજી જઇએ રે, શ્રીમુખ સુંદર જોવાને—એ રાગ.)

લલના લીલાવતી લોભન બ્હેન, વૃંદાવનની કુંજે.
સુંદરી સૌભાગ્ય સુશોભન બ્હેન, વૃંદાવનની કુંજે.
નવ યૌવન બાળા બાળા બ્હેન, વૃંદાવનની કુંજે.
રસિકા રસપૂર્ણ રસાળા બ્હેન, વૃંદાવનની કુંજે.
મધુવ્રત મંડલ ક્લ ગુંજે બ્હેન, વૃંદાવનની કુંજે.
ફોરમ વહેતી ફુલ પુંજે બ્હેન, વૃંદાવનની કુંજે.
લીલી લીલી લીલોતરી બ્હેન, વૃંદાવનની કુંજે.
સુરભિ ઋતુ સર્વ સુખે ભરી બ્હેન, વૃંદાવનની કુંજે.
કોકિલ કૂજન મરમાળાં બ્હેન, વૃંદાવનની કુંજે.
પ્રેરે અંગે સ્મરજ્વાલા બ્હેન, વૃંદાવનની કુંજે.
રવિ બાલ ઉગ્યો અતિ શોભન બ્હેન, વૃંદાવનની કુંજે.
પ્રિય લ્હેરો મૃદુ મનમોહન બ્હેન, વૃંદાવનની કુંજે.
સૌ કુંજગલી તરૂવેલી બ્હેન, વૃંદાવનની કુંજે.
મળવા પ્રિય પ્રાણુ ફરી અલી બ્હેન, વૃંદાવનની કુંજે.
રસિયો રસરાજ રસિકવર બ્હેન, વૃંદાવનની કુંજે.
નવ ક્યાંય નિહાળ્યો મનહર બ્હેન, વૃંદાવનની કુંજે.
સુણવા પંચમ સૂર બંસી બ્હેન, વૃંદાવનની કુંજે.
આવી મૃદુ સ્વર કલહંસી બ્હેન, વૃંદાવનની કુંજે.
સખીઓ સૌ સ્નેહ સુહાગી બ્હેન, વૃંદાવનની કુંજે.
અણુ અણુ અંતર અનુરાગી બ્હેન, વૃંદાવનની કુંજે.
હવે કોણુ સુવેણુ વાશે બ્હેન, વૃંદાવનની કુંજે.
એકલડાં ક્યમ રહેવાશે બ્હેન, વૃંદાવનની કુંજે.
રસ રાસ હવે કોણુ રમશે બ્હેન, વૃંદાવનની કુંજે.
સૌ ઠામ સુનાં ક્યમ ગમશે બ્હેન, વૃંદાવનની કુંજે.
હવે કોણુ સુધારસ પાશે બ્હેન, વૃંદાવનની કુંજે.
રસિયા વિણુ દિલ કરમાશે બ્હેન, વૃંદાવનની કુંજે.
ક્યારે નૌતમ નવ વેશે બ્હેન, વૃંદાવનની કુંજે.
વ્હાલમજી! દર્શન દેશે બ્હેન, વૃંદાવનની કુંજે.

શેલત વાસુદેવ રામચંદ્ર.

લલિત કલા.

[ભાવનગર સાહિત્ય પરિષદ માટે તૈયાર કરેલો લેખ

લેખિકાઃ—સૌ. ચેતનબાલા અંજુલાલ મજમુંદાર.]

સુંદરતાની ભાવનાને ગમે તે પ્રકારે જીવનમાં પ્રત્યક્ષ કરી અનુભવવી અને ત્હેનાથી આનંદ પામવો એનું નામ કલા. અથવા કલા એટલે શું ? કલા એટલે મનુષ્યના આત્મામાં વસેલા સૌંદર્ય-ભાવોનું મૂર્તિવિધાન. એ મૂર્તિવિધાન શબ્દમાં, વાણીમાં, રંગમાં કે સ્વરૂપમાંયે હોય.

મનુષ્ય જાતમાં સૌંદર્યની ભાવના બધા કાળમાં અને બધા પ્રદેશોમાં રહેલી છે. જંગલી દશામાં અથવા તો કેળવાયલી સંસ્કારી દશામાં પણ આ ભાવના જોઈ શકાય છે. જંગલી લોકો છુંદણાં છુંદાવી, પીંછાં ખોસી, નાચ કરી, ગાઈને આનંદ મેળવે છે; સુધરેલી પ્રજા સંસ્કારી રીતે આવો આનંદ મેળવે છે. આમ માણસના હૃદયમાં સૌંદર્યનું ભાન કરાવનાર વૃત્તિ તે કલા.

એકલું સૌંદર્ય તે કાંઇ કલા નથી, પણ તે સાથે આનંદ અને સુખ આપવાનો ગુણ તે કલામાં હોવો જોઈએ. કોઇ વસ્તુમાં સુખ આપવાનો ગુણ હોવાથી તે સુંદર છે એમ પણ કહેવાય નહિ. ચંદનના લેપથી સુખ થાય છે પરંતુ તેમાં સુંદરતાનો અંશ નથી રહેલો. તેવી રીતે ચંદ્રને જોવાથી આનંદ થાય છે, પરંતુ તેથી તેમાં હંમેશાં સૌંદર્યનો ગુણ હોતો નથી.

શોભીતી ઘણી વસ્તુઓની આકર્ષકતાનું કારણ તેમનો આનંદ આપવાનો ગુણ છે, તેનું હમ્હમેશનું સૌંદર્ય તે નથી. કલા એ નિરાકાર વસ્તુને સાકાર અને વિરૂપ વસ્તુને સુરૂપ કરવાની ક્રિયા છે. સૌંદર્ય એટલે મનુષ્યના હૃદયને આકર્ષવાની શક્તિ, એને આકર્ષણશક્તિ કહો અથવા મોહનશક્તિ કહો, તેનેજ કલામયતા કહી શકાય. કોઈ સુંદર ચિત્ર, મધુર રાગ કે ઉત્તમ બંધકામ દેખી મન પ્રસન્ન થાય તે તેમાં રહેલી કલાની કલામયતા છે.

એકલી સુંદરતા કાંઇ કલા નથી. એકલી સુંદરતા આકસ્મિક છે; જ્યારે

કલા એટલે ગોઠવણી.

કલા સંયોજીત છે. કલા તે મનુષ્યની પ્રવૃત્તિ છે. કલાકાર પોતાનાં સાધનોને તે જૂદાં જૂદાં હોય તેમાંથી પ્રમાણસર લઇ તેની ગોઠવણી કરે તે કલા. કલાકાર કાંઇ નવી સામગ્રી બનાવતો નથી. એ તો જે સાધનો અસ્તિત્વમાં હોય છે તેની રમ્ય ગોઠવણી કરે છે; અને એ ગોઠવણીમાંથી જ કલાનો જન્મ છે.

દિવાળીના દિવસોમાં દીવા હારબંધ ગોઠવેલા હોય તો તે જોતાં સામાન્ય આનંદ થાય છે ખરો; પણ જો તે દીપમાળમાં કમાન કરી ગોઠવેલા હોય તો તેમાં અવનવો આનંદ લાગે છે, અને તે આનંદ કલાનો છે. પહેલો આનંદ સ્થૂલ છે બીજો સૂક્ષ્મ છે.

કોઇ પણ વસ્તુને કુશળતાથી ગોઠવી ત્હેનો ઉપયોગ કરવો એ પણ એક કલા છે. અનુકરણ શક્તિ, કલ્પના અને લાગણીઓ એ બધું એકઠું કરી મનુષ્ય આવી કલા ઉપજાવે છે. આમ કલા એ સૌંદર્ય પામવાની વિધિ છે.

જીવનમાં કલાની જરૂર.

કલા એ મનુષ્ય લીલાને પુનર્જીવન આપનાર અથવા અમર કરનાર છે. કલા ન હોય તો મનુષ્ય પોતાનું મનુષ્યત્વ ખોઈ બેસે. જીવન કલામય છે અને કલા જીવનમય છે.

આ કલાનો પ્રદેશ સાંકડો નથી. જ્યાં જ્યાં મનુષ્યના હૃદયાલાપ છે ત્યાં ત્યાં કલા છે. મનુષ્યના ગરીબ ઝુંપડાંથી માંડીને ભવ્ય તાજમહેલ સુધી, પારણામાં ઝુલતા કિશોર બાળકના મીઠા કીલકીલાટથી માંડીને રવિન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિ સુધી, અને કોઈ રંક ઓસરીમાં ચિતરાયલા સાથીઆ-થી માંડીને આર્ટ ગેલેરી સુધી કલાનો પ્રદેશ પથરાએલો છે. જેમ મનુષ્યની લાગણીઓ અમર્યાદ છે તેમ કલાનો પ્રદેશ પણ અમર્યાદ છે.

કલા અને જીવન વચ્ચે અંતર પડવાથીજ જીવન શુષ્ક, રસવગરનું, જડ અને પાપી બને છે. કલાને જીવનમાંથી દેશવટો મળ્યો છે, તેથીજ આપણે જાડી જીંદગી ગુજારીએ છીએ. કલા એ જીવનનું પ્રતિબિંબ છે, યુગયુગની કલા જુઓ એટલે એ કલાના પોપડાનો ઇતિહાસ જણાશે. [કલ]ાની અવનતિ પાછળ સમાજની અવનતિ ઉભીજ હોય છે.

કલાનો હેતુ.

જેમ કુદરતની લીલા એકલી લીલાજ નથી પણ તેમાં કોઇ દૈવી હેતુ છે; તેમ કલાની ખાતર એકલી કલા નથી, પરંતુ જીવનના ઉત્કર્ષની ખાતર કલા છે, કારણકે મનુષ્ય-જીવન તેના ઉત્કર્ષને માટે છે.

મનુષ્યજીવનના ઉચ્ચ અંશોને ઉચ્ચતર બનાવવા એ કલાનો ઉદ્દેશ અને સંદેશ છે. પ્રત્યેક મનુષ્યમાં કલાને સ્હમજવાની અને અનુભવવાની શક્તિ રહેલી છે. તે સ્હમજવાને ઉંડા શાસ્ત્રીય જ્ઞાનની જરૂર નથી પડતી.

ઉત્તમ કલા આનંદ–સ્વરૂપ છે અને જ્યારે અમુક રમ્ય ચિત્ર કે ભાવ નિહાળતાં જીવ આનંદમાં તરબોળ થાય છે, ત્યારેજ કલાની સાર્થકતા જન્મી શકે છે. પરંતુ કલાને આભૂષણરૂપ અથવા એકલા આનંદનું સાધન માનવાથી કેટલીક કલાઓ હલકી પડી ગઈ છે. ગાયન અને નૃત્ય અનીતિ ફેલાવનાર અને હલકા ગણવામાં આવે છે; પણ ખરૂં જોતાં તે કલામાં અનીતિ નથી, તેનો એવો હલકો ઉપયોગ કરનાર અનીતિવાળા છે.

સાચી કલા તો તેજ કે જે ચિરંજીવ અને લોકમાન્ય થાય. જે કલાથી લોકોને આનંદ, સુખ અને સૌંદર્ય માટે પ્રેમ જાગે, જે કલાથી લોકો સાત્વિક અને પવિત્ર જીંદગી ગાળવાને દોરાય, તેજ સાચી કલાનો હેતુ હોઇ શકે; નહિ તો એકલા વિલાસ અને સૌંદર્યની ઉપાસનાથી ગ્રીસ અને રોમનાં મહારાજ્યોની પેઠે પ્રજાની અવનતિ થાય છે.

કલાની અસર.

દરેક કલાના કાર્યમાં સ્હામાને અસર કરવાની શક્તિ હોવી જોઇએ. કોઇ માણસ કલાકારનો ભાવ અનાયાસે સમજી શકે અને તેની સાથે એકતા અનુભવી શકે તો તે કાર્ય કલામય છે એમ કહી શકાય. કોઈ પણ કાર્ય જોતાં ભોક્તાને એમજ લાગે કે આ મારાજ વિચાર છે પણ હું તે બતાવી શકું તેના કરતાં વધારે સરસ રીતે અહિં બતાવવામાં આવ્યા છે તો ત્યાં સાચી કલા રહેલી છે એમ કહી શકાય.

આ પ્રમાણે એક ખરી કલાના કાર્યથી કર્તા અને ભોક્તા વચ્ચે અદ્વૈત ઉત્પન્ન થાય છે. ભેદભાવ ભૂલી જઇ ખરૂં અદ્વૈત જોડવું એજ ખરી કલાનું મુખ્ય લક્ષણ અને આકર્ષણ છે. કલાપીએ કહ્યું છે:—

> " કલા છે ભોજ્ય મીઠી તે, ભોક્તા વિણ કલા નહિ;
> કલાવાન કલા સાથે. ભોક્તા વિણ મળે નહિ. "

આમ જણાશે કે કલાવાન સ્વાર્થી નથી. પોતાનેજ માટે માત્ર રાંધનાર નથી, પરંતુ પોતે જમી એ જગતને જમાડે છે. કલાનો આનંદ પોતે અનુભવી બીજાને અનુભવવાનો છે. કલાકારનો હેતુ માત્ર વર્તમાનને કાજે કલા સર્જવાનો નથી હોતો: એ તો યુગયુગને કાજે સૌંદર્યના બગીચા સર્જે છે.

ધર્મમાં કલાનું તત્વ. કલા ભક્તિભાવનું મુખ્ય સાધન મનાયલી છે. ઘણા પ્રાચીન સમયમાં આર્યોની પ્રવૃત્તિ કેવળ ધર્મની આરાધના કરવામાંજ રહેલી હતી.

વૈદિકકાળમાં ઉષાદેવી, ગાયત્રી દેવી, સૂર્ય દેવ વગેરેને મૂર્તિરૂપે પ્રત્યક્ષ કરી આરાધના કરનાર આર્ય પૂર્વજોની કલા કેટલી રસભરેલી હશે ? રામાયણ, મહાભારત અને બીજાં ધર્મશાસ્ત્રોપરથી પણ જણાય છે કે પ્રાચીન કાળના પુરુષોએ ચિત્ર તથા શિલ્પમાં કુશલતા મેળવી હતી. તેમાં પણ ઈશ્વર પૂજનનોજ ભાવ હતો.

આર્ય ચિત્રકારને ચિત્રકલા એ ઈશ્વરની ઉપાસના હતી. અને શિલ્પકલા પણ ધર્મની સ્થાપના, રક્ષા અને ફેલાવાનું સાધન હતી. ચોસઠ કલાની વિદ્યા પરમેશ્વરની કૃપા વધારનારી છે એટલે ઇશ્વરને મારેજ ભણવી જોઈએ. વળી તેનો પૂજન, અર્ચન અને વ્રતોદ્યાપનમાં ઘણો ઉપયોગ થાય છે એટલે ધર્મને અર્થે કલાઓ વખતો વખત જોઈ શકાય છે.

દિવાળીમાં ખાંડનાં રમકડાં, હોળીમાં હોળાયાંના હારડા, નાગપાંચમે નાગનાં ચિત્ર અને વ્રતોદ્યાપનમાં મંડળ પૂરવાં, માટીનાં પાર્થિવ બનાવી પૂજા કરવી, વગેરે સામાજીક ધાર્મિક કલાઓ છે; અને તેમાં કલા સાથે ધાર્મિક ભાવ સમાએલો છે.

× × × ×

લલિત-કલા. કલા એટલે શું ત્હેનો કંઈક ખ્યાલ આવ્યા પછી ' લલિત ' કલા કોને કહેવી તેનો વિચાર કરીએ. જે કલામાં લાલિત્ય એટલે ઉંચા પ્રકારનો આનંદ આપવાની શક્તિ છે તે લલિત કલા કહી શકાય. અંગ્રેજીમાં તેને Fine Arts કહે છે. એકલા સૂક્ષ્મ આનંદ આપવાના ગુણ સાથે ઉપયોગી થવાનો ગુણ પણ કલામાં હોય છે. કારીગરની કલા અને કલાવિધાયકની કલા વચ્ચે ફક્ત કલાતત્વના પ્રમાણનો ફરક છે; જેમ કલા જાદી તેમ તેના પદાર્થો જાદા અને કારીગર પણ જાદા. સૂક્ષ્મ કલામાં સૌંદર્યનો, ઝીણવટનો અને ...નો ગુણ વધારે હોય છે.

રઘુવંશમાં ઇન્દુમતી માટે અજ વિલાપ કરે છે ત્યાં—

" गृहिणी सचिवः सखि मिथः । प्रियशिष्या ललिते कलाविधौ "

(ગૃહિણી, ઘરની પ્રધાનને, પ્રિય શિષ્યા મધુરી કલાની તું !) એ ...માં લલિત કલાનો ઉલ્લેખ કર્યો છે.

શાસ્ત્રમાં સામાન્ય રીતે ચોસઠ કલાઓ ગણાવી છે. તે કલામાંથી બધી કલાઓને લલિત કહીએ એમ નથી. છતાં કલાનો વ્યાપક અર્થ લઇએ તો બધાં હુન્નર ઉદ્યોગમાં બતાવાતું કૌશલ પણ કલા કહેવું જોઈએ; અને આવી કલામાં લાલિત્ય-મનોરંજન કરવાનો ગુણ હોય તો તે બધીયે લલિત કલાઓજ છે. કેટલાક લોકો કલાના લલિત કલા, ઉપયોગી કલા અને ગૂઢ કલા એવા ભેદ પાડે છે.

ઉપયોગી કલા–હુન્નર.

કોઈ પણ કલાની કૃતિમાં ઉપયોગી થવાનો ગુણ આગળ પડતો હોય છે, અને લાલિત્ય ગૌણ હોય છે, ત્યારે એ કલા હુન્નર કલાને નામે ઓળખાય છે. હુન્નર કલામાં સુતાર, સોની, કંસારા, કુંભાર વગેરે કારીગર લોકોની કલાઓનો સમાવેશ થાય છે. એમના હુન્નરની કલા ઉપયોગી છે. ફરનીચર, ઘરેણાં, વાસણ વગેરે વ્યવહારની વસ્તુઓ ઉપયોગી છે, છતાં તે ચિત્રકલા કે સંગીતના જેટલી આકર્ષક નથી તેથી તેની કલામાં ગણના નથી કરાતી. છતાં કહેવું જોઇએ કે આવી ઉપયોગની કલા પણ લલિતજ છે. કારણકે પોતાના કોઇ પણ કાર્યમાં જ્યારે મનુષ્ય, માત્ર ઉપયોગ પૂરતીજ સાંકડી દૃષ્ટિ છોડી દઈ આનંદ ઉત્પન્ન કરવા તરફ લક્ષ રાખે છે ત્યારે તેના કાર્યને કલાનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. કારીગર જે ચીજ બનાવે છે તે તેના ઉપયોગ પુરતીજ સારી બનાવતો નથી, પણ તે કેવી રીતે આકર્ષક બને એ ઉપર ખાસ લક્ષ આપે છે.

કેટલાક દેશોની હુન્નર કલા ઘણી વખણાઈ છે. તેથી જાણે એ દેશ અને તેના હુન્નરનું લોકોમાં અદ્વૈત મનાય છે. હિંદુસ્થાન એની સંપૂર્ણ જાહોજલાલીના સમયમાં ઘણી ઘણી વસ્તુઓ માટે ઠેઠ યૂરોપ અને બીજા દરીયાપારના દેશો સુધી પ્રખ્યાત હતું. હિંદુસ્થાન અને મુખ્યત્વે કરીને ગુજરાતની વસ્તુઓને કવીશ્વર દલપતરામે એક કવિતામાં ગણી બતાવી છે. તે લીટીઓ આ પ્રસંગે સંભારવા જેવી છે. 'પાટણે જઇને પટોળાં રંગદાર રખાવજો.' 'સમશેર તો શીરોહીની પ્રતિમા ભલી ડુંગરપરી.' 'કપડવંજ કાચ સાણ', 'નારાક તણા જળપાત્ર', 'બુરાનપુરી શેલાં સરસ, પણ પેંઠણી પાઘડી ચડે', 'શુભ શાલ તો કાશમીરની', 'ધોતીજોટા નાગપુરી', 'જુઓ ચિત્ર જયપુર'–વગેરે લીટીઓમાં હુન્નર કલાનો ઈતિહાસ લખાયલો છે.

આ બધી હુન્નર કલામાં લાલિત્યનો ગુણ આવશ્ય હોય છે જ તો પછી ઉપયોગી અને લલિત કલા એવા બે વિભાગ પાડવા એ નકામા છે.

એક બીજાનાં વિરોધી નથી પણ જાણે એકજ વેલનાં એ ફુલ છે. 'કાપડમાં પોત અને ભાત બન્નેયે પારખૂઓ તો પારખે છે. પ્રજાજીવનનું એ પોત એટલે હુન્નર ઉદ્યોગ, અને એ ભાત એટલે સૌંદર્ય ને કલા."

લલિત કલાઓમાં એ કલાનું વત્તું ઓછું પ્રમાણ હોય છે. જે કલામાં જડ પદાર્થોની ગોઠવણ હોય તે ઉતરતી કલા ગણાય છે. અનેક ઉપયોગો માટે જે મકાનો મનુષ્ય બાંધે છે, તેમને શણગારવાનું જે કલા રહેલી છે તે સ્થાપત્ય કલા કહેવાય છે. ફક્ત રહેવાના ઉપયોગ કરતાં એમાં કંઇક વિશેષ કરવામાં આવે છે. કહે છે "સ્થાપત્યશાસ્ત્રી-શિલ્પી સ્થૂલમાં ચેતનના ફુવારા માંડે છે."

બાંધકામ-સ્થાપત્ય.

જાણીતી જડ વસ્તુઓના એકીકરણમાંથી મનુષ્ય આવી કલા ઉપજાવે છે. તાજમહેલ માટે એક કવિએ લખ્યું છે કે "ત્હેના પત્થરમાંયે લાગણી મૂકનાર શિલ્પીની કલા અજબ છે. એ તાજમહેલ પત્થર વડે લખેલું એક સ્નેહ અને શોકનું કાવ્ય છે." પત્થરમાંયે ઇતિહાસને કોતરી રાખનારી કલા શિલ્પીની છે. કવિ ન્હાનાલાલના 'ગિરનારને ચરણે' નામના કાવ્યમાં 'ગિરિકણ' અને 'સ્થૂલની શિલા' માં રહેલું ઊંડું ઉંડું અને અતુત રહસ્ય બતાવ્યું છે. કવિ લખે છે:—

> " તે એક શૈલ-કણના ઉરમાંહિ જોતાં,
> ઇતિહાસવાહી લીધ દર્શન ત્યાં પ્રભુનાં. "

શિલ્પ.

શિલ્પ કલામાં વધારે ઝીણવટ હોય છે. તેમાં લાગણી અને ભાવનું આલેખન કરવામાં આવે છે. હથોડી અને ટાંકણાંથી શિલ્પી પોતાના હૃદયનો ભાવ અને કલ્પના પત્થર ઉપર આલેખે છે. કેટલાંક મનમોહક પૂતળાં જોઇને હમણાં બોલી ઉઠશે એવો ભાસ જોનારને થાય છે ત્યારે તેમાં સાચી કલા રહેલી છે એમ કહેવું પડે છે.

પ્રાચીન શિલ્પ કલામાં બૌદ્ધ લોકે સ્તૂપો બનાવી, ગ્રીકોએ સ્તંભો બનાવી અને રોમનોએ ગોલખંડ બનાવી નામના મેળવી છે. ઇલોરા, કાર્લા, કેનેરી અને અજંટાની ગુફાઓમાંના ચમત્કારી ચિત્રોના નમૂના આજે પણ તેવાને તેવાજ, મનમોહક રંગ તથા રાગથી આપણું મન આકર્ષે છે. આ ગુફાઓમાં બૌદ્ધ તથા હિંદુધર્મની છાયાવાળા શિલ્પના નમૂના આજે પણ મોજૂદ છે.

તાંડવ નૃત્ય કરતા શંકરની મૂર્તિ, મહિષાસુરમર્દિની, હરિહર, અર્ધ-નારીશ્વર, રાવણ તથા કૈલાસનાં ચિત્રો વગેરે જોતાં તે કાલની શિલ્પ તથા ચિત્ર કલા ઘણી ઉન્નતિએ પ્હોંચેલી હોય એમ લાગે છે.

હિંદુઓ મૂર્તિપૂજક હોવાથી શિલ્પ તેમજ ચિત્રકલાને ઉત્તેજન મળતું હતું. પરંતુ મુસલમાનોના વખતમાં મૂર્તિપૂજા ન હોવાથી ચિત્રકલાની અવનતિ થઇ અને મૂર્તિ બનાવવાનું શિલ્પ પણ અવસાન પામ્યું. પરંતુ તે કલા મકાન બાંધવાના શિલ્પમાં તેટલાજ જુસ્સાથી વિકાસ પામી. એક દિશામાં દાબી દીધેલો ઉત્સાહ બીજી દિશામાં મસ્જીદો અને મહેલો બાંધવાની શિલ્પ કલામાં સ્ફુરી નિકળ્યો ત્હેના ફળ તરિકે તાજમહેલ, કુતુબમિનાર, દિવાન એ આમ, મોતી મસ્જીદ, વિજાપુરનો ઘુમ્મટ વગેરે નમૂના આપણી પાસે પ્રત્યક્ષ છે.

અંગ્રેજોના આવ્યા પછી આર્ય-શિલ્પ અથવા મુસલમાની-શિલ્પના નમૂના દેખાતા બંધ થયા છે. આજે તો ઘણે ઠેકાણે ચાર પ્રકારની પદ્ધતિઓની ભેળસેળવાળાં મકાનો બંધાય છે. કલાનું તત્ત્વ આથી કંઈક અંશે ઓછું થયું છે એમ તેથી કેટલાક માને છે.

ચિત્ર. શિલ્પનાથી કંઇક વધારે સૂક્ષ્મ કલા ચિત્રકામની છે. એમાં જડ પદાર્થ સાથેનો સંબંધ બહુજ ઓછો થતો જાય છે. ફક્ત કાગળ, પીંછી અને રંગમાંથીજ એ કલાનો સાક્ષાત્કાર થાય છે. "ચિત્રકાર રંગ અને રેખાઓ દ્વારા અદ્દભુતતાના અમ્મર આંકડા આલેખે છે." ચિતારો એક પીંછીના ફેરવવાથી કાંઈ કાંઈ લાગણીઓ અને ભાવો એક ઘડીમાં લાવી શકે છે. નાટકના પડદાનો દેખાવ આવો આબેહૂબ લાગે છે તે તેમાં રહેલી કલાને લીધેજ.

પ્રાચીન કાળમાં આપણી ચિત્રકલા પોપાયલી હોવાનાં ઘણાં ઉદાહરણો આપણાં સંસ્કૃત કાવ્યો તથા નાટકોમાંથી મળી આવે છે. કાલિદાસનાં નાટકોમાં તેમજ ભવભૂતિનાં નાટકોમાં ચિત્રકલાનું ગૌરવ પાત્રો દ્વારા બતાવેલું છે.

રાજવંશીઓમાં પણ ચિત્રકલા સારાં પ્રમાણમાં હાથ કરાતી હતી. શકુન્તલાના છઠ્ઠા અંકમાં મોહભ્રમ થવાથી શકુન્તલાને ભૂલી જઇ દુષ્યન્ત તેનો તિરસ્કાર કરે છે; અને શકુન્તલા આકાશમાં ઉડી જાય છે. પછી પસ્તાવો પામી મુનિના આશ્રમનું ચિત્ર દુષ્યન્ત કાઢે છે. ત્યાં પાંદડાંના પડીયામાં દુષ્યંત શકુન્તલાના પાળેલા હરણને પાણી આપે છે. પણ

અજાણ્યું લાગવાથી તે પીતું નથી, અને શકુન્તલાને હાથે તે પીએ છે. એ આશ્રમનું ચિત્ર દોરતાં દુષ્યંત અનુપમ કલ્પનાશક્તિ બતાવે છે તે કલાનું સારું ભાન આપણને મહાકવિ કાલિદાસ કરાવે છે.

ભવભૂતિના ઉત્તર-રામ-ચરિતમાં ચિત્રદર્શન નામનો વેધક પ્રસંગ કોને અજાણ્યો છે? "ગિરિથી ઝમઝમ ઝરણો વહી જાય, પ્રિયે રે! તે તે કેમ વિસરાય", એ શબ્દોમાં કેટલી રસિકતાથી ચિત્રકલાનું રહસ્ય અને સામર્થ્ય પ્રગટ કર્યું છે તે સૌને અજાણ્યું નથી. સીતા ચિત્રપટમાં પંચવટીનો પ્રસંગ જુવે છે ને હબકી જાય છે કે "ફરીથી આર્યપુત્ર રામનો વિયોગ કેમ ખમાશે!" અહીં ચિત્રકારની ખરી સફલતા છે; અને તેજ ત્હેની કલામયતા છે.

સંગીત. આંખને રીઝવનાર શિલ્પ તેમજ ચિત્રકલાઓથી એક પગથીયું ઉંચે જનાર સંગીતની કલા છે. સંગીતમાં ગાયન, વાદન અને નૃત્યનો સમાવેશ થાય છે. આંખ બંધ કરીને બેસી રહીએ તોપણ ઉંડાણમાંથી આવતો મધુર અવાજ કાનથી આપણે જાણે પી શકીએ છીએ.

સંગીતમાં એકાગ્રતા લાવવાનો ગુણ છે, તેથી ભક્તિ કરવા માટે તેની ખાસ મદદ લેવાય છે. સંગીતના સૂરની લ્હેરમાં માણસ જાણે ઉંચો ઉડતો જાય છે; આ દુનિઆથી દૂર જઈ બેસે છે. ઈશ્વર પૂજનમાં વૃત્તિને તદાકાર કરવા માટે પ્રાર્થનાઓમાં સંગીતની મદદ લેવાય છે.

\+ \+ \+ \+

હાલમાં નૃત્ય અને સંગીત બન્ને કલાઓ અધમ સ્ત્રીઓના હાથમાં જવાથી એ કલાઓનું અધઃપતન થયું. કલા નીતિનું પોષણ કરવાને બદલે અનીતિનું વાતાવરણ પેદા કરે ત્યારે તેમાંથી લાલિત્ય એટલે ઊંચા પ્રકારનો આનન્દ આપવાનો ગુણ જતો રહે છે. બાકી ભક્તિ ઉપાસનામાં પૈ ઉપચારમાં નૃત્ય એ એક અંગ મનાયું છે.

મહાભારતમાં વિરાટને ત્યાં અર્જુન સ્ત્રી વેષે રહ્યો હતો. ત્યારે વિરાટપુત્રી ઉત્તરાને તેણે નૃત્યકલા શીખવી હતી. નૃત્ય રાજકુમારીઓએ પહેલાં આવશ્યક ગણાતું. નૃત્યમાં અભિનય અને શરીરના વિધવિધ અંગ-ત્વોનું હલન ચલન નૃત્યના તાલ સહિત થવામાં કલા રહેલી છે. ગુજરાતના ઇતિહાસમાં મિનળદેવીની વાત નૃત્યના પ્રસંગમાં સંભારવા જેવી છે.

પાટણના રાજા કર્ણદેવને મિનળદેવી સાથે લગ્ન કર્યા પછી તેનો મોહ ઉતરી ગયો, ત્યારે મિનળદેવીએ નૃત્યકલાથીજ તેને પ્રસન્ન કર્યો હતો એમ ઇતિહાસ કહે છે. ગુજરાતી કવિઓમાં કવિ પ્રેમાનન્દનાં આખ્યાનોમાં અને સામળભટની વાર્તાઓમાં તેમનાં સ્ત્રી પાત્રોને નૃત્યકલા શીખવ્યાના ઘણા દાખલા છે.

કવિતા. આ બધીથી એ કલાનો અંશ જેમાં વધારે છે તે તો કવિતાજ. શિલ્પી પોતાની હથોડી અને ટાંકણાંથી પથ્થરમાં ભાવ મૂકે છે, ચિતારો પીંછી અને રંગથી વસ્તુઓનાં અને લાગણીઓ ચિતરે છે, કવિ ફક્ત થોડાક શબ્દોમાં અથવા તો બેચાર લીટીઓમાં આખું ચિત્ર આંખ આગળ ખડું કરે છે. આવાં શબ્દ-ચિત્રો ઉત્તમ કવિઓની કવિતામાં ઘણાં નજરે પડે છે.

મહાકવિ પ્રેમાનંદની કવિતામાંથી આવું એક શબ્દ-ચિત્ર નમૂનો દાખલ આપીએ છીએ. નળાખ્યાનમાં હંસ દમયંતી આગળ નળનાં વખાણ કરવાને આવે છે, તે વખતનું વર્ણન ભયો ચિતાર આપણી આંખ સમક્ષ ખડો કરે છેઃ

"અબળા હેઠી ઉતરી, ઝાંઝર કાઢયાં તત્કાળ;
હંસે દીઠી કામની ત્યારે બેઠો નીચી ડાળ.
દોડે આવી અવળી અંગના, કરે ઝાલવાનો ઉપાય;
હાથમાંથી હંસ નાહાસે, ચપળ નવ ઝલાય."

આમાંથી દમયંતીની હેઠળ ઉતરવાની ક્રિયા, પગનાં ઝાંઝર કાઢવાની ઉતાવળ, હંસનું નીચી ડાળે આવીને બેસવું, દમયંતીનું તેને ઝાલવા જવું, હંસની ચોતરફ ઉડાઉડ, આખર હંસ ન ઝલાવાથી ઓશીયાળી જણાતી દમયંતી, એ બધું આંખ આગળ તેનું તરવરી રહે છે!

રાજવી—કવિ કલાપી "બીણાના મૃગ" માં ફુવારાનું વર્ણન પણ

શાસ્ત્રમાં ગણાવાતી ચોસઠ કલાઓમાંથી કેટલીક કલાઓ ખાસ કરીને સ્ત્રીઓનીજ કલા કહેવાઈ છે. આવી કલાઓ 'ગૃહ કલા' કહેવાય છે. ગૃહ કલા એટલે ઘરને શોભાવવાની કલા. ઘર એટલે ઈંટ માટીનું ઘર નહિં, પરંતુ કુટુંબનું વિશ્રાંતિસ્થાન. ધરતીનો છેડો. આ ઘરને ઉપયોગી થનાર અને આનંદ આપનાર કલાઓમાં ગાવું, વગાડવું, ફુલના શણગાર બનાવવા, વેણી ગૂંથવી, રસોઇ બનાવવી, શીવવું, ભરવું, ગૂંથવું, સાથીયા ને વેલો કાઢવી, તુલસી વગેરેના છોડ વાવી બાગ બનાવવા, ઝીણું સુતર કાંતવું વગેરે કલાઓનો સમાવેશ થાય છે.

ગૃહ કલા.

આ બધી કલાઓ પ્રાચીન સમયમાં હિંદુસંસારમાં ઘણીજ પ્રચારમાં હતી એમ ઘણી વાતો પરથી જણાઈ આવે છે. સમય બદલાતાં આ કલાઓ ઘસાતી જતી હોય એમ લાગે છે. ઘણે ભાગે ગૃહ કલાઓ ઘરની દેવીઓની-સ્ત્રીઓની જ છે, તો કન્યાશાળાઓમાં આ કલાઓનો વિકાસ સ્હેજ વધારે પ્રમાણમાં ધ્યાનમાં લેવાય તો કન્યાઓને તે બાબતમાં રસ પડે અને ઉત્સાહ વધે, જેથી તેઓ પોતાનો સંસાર સંસ્કારી અને સુખી બનાવી શકે.

× × × ×

ભરત-ગૂંથણ-સીવણ.

ભરત ગુંથણ ઘણી જાતનું થાય છે. છુટી છુટી વિખરાયલી વસ્તુઓને આકૃતિમાં ગોઠવવામાં અથવા તો જાતજાતનાં ચિત્રો પાડવામાં કલા રહેલી છે. કાચનાં મોતી મણકા વગેરેનાં તોરણો અને પડદા ભરવામાં અવનવિ આકૃતિઓ અને નમૂના ઉતારી શકાય છે. પડદામાં મોર, પોપટ વગેરે આકૃતિઓ ઉતારવામાં તો રંગની મિલાવટ પણ ધ્યાનમાં લેવી પડે છે.

રંગબેરંગી કીડીયાં વડે ઝાડ, ઉઢાણી, દ્દાથળીઓ, કલમ, ખડીઆ વગેરે ગૂંથવામાં જૂદી જૂદીજ રીતો હોય છે.

ભરત કામમાં દોરાવડે તેમજ ઊનવડે ઝબલાં, ટોપી, ગળપટા, મોજાં, સપાટ, તોરણ, ચંદરવા વગેરે ઘણી સરસ રીતે ભરાય છે, અને વળી તે સાથે છોકરાંને તે ઘણાંજ ઉપયોગમાં આવે છે. ઉપયોગી હોવા સાથે આનંદ આપનારી આ લલિત કલા ઘણીજ પ્રચારમાં આવવી જોઇએ.

મખમલ ઉપર ઝીકનું તથા સુતરાઉ કે રેશમી કપડાં ઉપર આરીનું ભરત પણ ભરી શકાય છે. હાલમાં મખમલનું સ્થાન ખાદીએ લીધું છે તે સ્વદેશી કલાના હિમાયતીઓને હરખાવા જેવું છે. તેમાં વધારે સાજ વાપરી પુષ્કળ ભરવા કરતાં સાદા પણ સુંદર નમૂના બનાવવામાં વધારે કલા રહેલી છે.

સીવણ કામમાં મનપસંદ કામ કાઢી મનગમતું સીવી પહેરવામાં ખરી કુશલતા રહેલી છે. કપડાંમાં પણ જાતજાતની ઢબ આવતી જાય છે. યુગેયુગે એમાં ફેરફાર થતો જાય છે, અને પ્રાન્ત પ્રાન્તની ઢબમાંયે ભિન્નતા ઓછી હોતી નથી. રસિકતા અને કલાનો ઇતિહાસ આ સીવણની સમય સમયની ઢબમાં સમાએલો છે. પહેલાં લાંબી બાંયના તથા ફુલેલી બાંયનાં પોલકાં પહેરવામાં ફેશન મનાતી હતી, આજે સાદી બાંય પસંદ કરવામાં આવે છે.

વસ્ત્રાભૂષણ. વસ્ત્ર અને આભૂષણ, ઋતુ, વય, રંગ અને સ્થિતિને અનુસરીને સાદાં આછાં અને શોભતાં સજવામાં કલા રહેલી છે. શીયાળામાં ઊનનાં ગરમ કપડાં અને સોનાના શણગાર શોભે છે, ઉનાળામાં આછાં ઝીણાં મલમલનાં કપડાં અને મોતીનાં આભૂષણો વધારે રૂચિકર થઇ પડે છે. ચોમાસામાં સામાન્ય રીતે જાડાં કપડાં વપરાય છે.

દેશ દેશના પહેરવેશ જુદા હોય છે. તે ત્યાંની ઋતુને અનુસરીનેજ નક્કી કરવામાં આવે છે. તેમાં સુંદરતા, લાજ, મર્યાદ તથા સગવડ ઉપર ખાસ લક્ષ આપવામાં આવે છે. આભૂષણ પણ સાદાં અને આછાં ગોઠવીને પહેરવાં જોઇએ. જેટલાં હોય તેટલાં પહેર્યાથી તેમાં કાંઈ ચમત્કૃતિ આવતી નથી. સો મણ સોનાનો ભાર વહેતી મારવાડણ જેવાં ઘરેણાં ખડકવા કરતાં આછાં અને શોભતાં વસ્ત્ર અને આભૂષણ પહેરવાથી શોભા વધારે દીપે છે.

શાસ્ત્રમાં સૌભાગ્યવતીના સોળ શણગાર ગણાવ્યા છે. હિંદુ સંસારમાં આદર્શ સ્ત્રી પુરૂષ રાધા અને કૃષ્ણ કહેવાય છે. રાધાના શણગારમાં, અણુવટવીંછીઆ, બે નુપૂર, કટિમેખલા, મંગલસૂત્ર, કીડીયાસેર, બે બાજુબંધ, બે પહોંચી, વીંટી, નથચેસર, શિશફુલ, બે કર્ણફુલ અને ટીલડી એમ સોળ-શણગાર ગણાવ્યા છે. કૃષ્ણના શણગારમાં બે નેપૂર, કટિમેખળા, વૈજયંતિ અને વનમળા બે બાજુબંધ, બે કંકણ, બે પહોંચી, નથચેસર, કુંડલ, મોર-મુકુટ એમ સોળ શણગાર ગણાવ્યા છે.

"ગુર્જર સુંદરીઓનો પોષાક, સગવડ, સૌંદર્ય અને લાજ મર્યાદને માટે બેનસ્ત્ન છે. મદ્રાસમાં, મહારાષ્ટ્રમાં, બંગાળમાં, ઘણી નવ સુંદરીઓ ગુજરાતના પોષાક ઉપર મોહી પડી છે ને તે ધોરણે કીધો છે." ગુજરાતણ એટલે-

" ચોળી ચણીયો, પાટલીનો ઘેર;
સેંથલે સાળુની સે નવ સેર.
છેડલે આચ્છાદી ઉર ભાર;
લલિત લજ્જાનો વદન જમાવ.

અંગ આભેરે નિજ અલબેલ;
સાળુમાં ઢાંકતી રૂપની વેલ. "

આ લીટીઓમાં વર્ણવેલી આર્ય સુંદરીઃ અને તેના શણગાર એટલે,

" ભાલ કુંકુમ, કર કંકણ સાર;
કન્યના સજ્યાં તેજ શણગાર. "

શણગાર એકલા સોના, રૂપા અને હીરા મોતીનાજ નથી હોતા. ફુલના શણગારની શોભા તો કોઈ રસિકજ મૂલવી શકે.

સામાન્ય રીતે આવા શણગાર વપરાશમાં જોવામાં આવતા નથી. એતો દેવમંદિરોમાંજ હોય છે. ફુલના હિંડોળામાં ઝીણીઝીણી કળીઓની ગોઠવણીથી આબેહૂબ ચિત્રો પાડેલાં હોય છે.

સામાન્ય વપરાશમાં તો ફુલના ગજરા, વેણી વગેરે જોવામાં આવે છે, તેમાંયે માથે ફુલની વાડી ભરવાનો રિવાજ કેટલેક સ્થળે જોવામાં આવે છે, તેમાં વધારે કલા વપરાયલી હોય છે. પરીઓની વાતોમાં પણ ફુલની ચાદર ગૂંથી; ઓરાડયાનું સાંભળવામાં આવે છે.

ઠાકોરજીને ઉન્હાળામાં બધા ફુલના શણગાર ધરાવવામાં આવે છે. તેમાં મુકુટથી ઝાંઝર સુધીના બધા શણગાર ફુલનાજ હોય છે. એમ વર્ણન ઉપરથી અને પ્રત્યક્ષ રીતે પણ જોઈ શકાય છે. વલ્લભ અને સ્વામીનારાયણ સંપ્રદાયનાં મંદિરોમાં ફુલ મંડળીઓ ભરાય છે. ફુવારા ગોઠવાય છે, આસોપાલવની કુંજો રચાય છે, હિંડોળા ભરાય છેઃ એ બધામાં કલાવિધાન બહુ ઉંચા પ્રકારનું બતાવાય છે, એની કોણ ના પાડશે?

\+ + + +

કેશની શોભા.

કેશરચના એ પણ એક કલા છે. એ કલા આવશ્યક અને આકર્ષક બને છે. જંગલી દશામાં વાળ વધારવાનો રિવાજ હતો, ત્યાર પછી માથામાં જંતુઓ ન પડે માટે વાળ ઓળવાની જરૂર જણાઈ અને ત્યાર પછી મોહકતા તરફ દષ્ટિ ખેંચાઈ. કેશ સમારવાની કલામાં કુશલ ગણાવાને સ્ત્રીઓ અતિશય આતુર હોય છે. પહેલાં રીંગી સેંથી અને સાદો અંબોડો વખણાતો; હવે વાંકી સેંથી વધારે રૂચિકર લાગે છે. નાનાં છોકરાંને એક સેર કે બે સેર ગૂંથી જલેબી ચોટલા, ઉંદેણી ઘાટ, સફાઈદાર ગાંઠ, અંબોડો વાળવો, મોટાંએ સાદું ઓળવું વગેરે વયને અને સમયને અનુસરી કુશળતા વાપરવી એ પણ એક ખાસ કલાજ કહી શકાય.

યૂરોપમાં પણ તેલ, સેન્ટ, મીણ, વેસેલાઇન આદિ ચીકણા અને પોમે, ટમ વગેરે ખુશબોદાર પદાર્થોથી ચોટલા અને લટોને સજ્જ કરવાનો રિવાજ છે.

કેટલીક વખત કોઇ ઠેકાણે કૃત્રિમ ચોટલા, અંબોડા, વેણીઓ ઉપસાવેલી અથવા છાબડી ઘાટની-વગેરે માથે બંધ બેસતી વેચાતી લઇ પહેરવાનો રીવાજ છે; છતાં કહેવું જોઇએ કે કૃત્રિમ વસ્તુ સુંદર નથીજ દેખાતી.

કેશ રચનાની રૂઢિ કેવળ સ્ત્રીઓમાંજ પહેલાં હતી એમ ન હતું; પુરુષોમાં પણ તે પ્રધાન અંશે હતી. રૂદ્રને જટાધારી કહીને સ્તુતિ થાય છે. બાલ કૃષ્ણના ખીટલીઆળા કેસની શોભા ઉપર ગોપીઓ વારી જતા. પુરૂષો પણ અંબોડા વાળતા. બંગાળા, મદ્રાસ, ઉત્તર હિંદ, ગુજરાત વગેરે ભાગોમાં હજી પણ કેટલાક પુરૂષો મોટા ચોટલા રાખે છે, અને તેલ કે સુગંધી પદાર્થો નાખી હોળે છે. તોપણ હવે એ રીવાજ પાશ્ચાત્ય સુધારાથી ઓછો થઇ ગયો છે. અસ્તવ્યસ્ત કેશને સમારી ગૂંથવાની રસિકતા વધેલી છે.

સાથીઆ વેલ. ચિત્રકલાથી સ્ત્રીઓનો ધીમાશ અને સ્વચ્છતા રાખવાનો ગુણ કેળવાય છે. આ સ્ત્રીઓની ચિત્રકલા એટલે ગૃહસ્થાશ્રમીના રોજના વ્યવહારમાં આવતા ધાર્મિક અને સામાજીક પ્રસંગોમાં બતાવાતું સાધારણ ચિત્રકામ, પરંતુ પ્રાચીન આર્યસુંદરીઓનો ઇતિહાસ વાંચતાં સ્ત્રીઓ આથી વધારે પ્રમાણમાં ચિત્રકલાને ખીલવતી હતી, એમ જણાય છે.

ઉષાએ અનિરૂદ્ધને સ્વપ્નમાં જોયો અને જાણે તેને પરણી હોય એવો ભાસ થયો. એ જાગી ઉઠી, અને એ સ્વપ્નમાં જોએલા વરને ચિતરી બતાવવા પોતાની સખી ચિત્રલેખાને કહ્યું. ચિત્રલેખાએ દેશ દેશના રાજાઓનાં ચિત્ર દોરી બતાવ્યાં. છેવટે જ્યારે

"ચિત્રલેખાએ લખીને દેખાડ્યો અનિરૂદ્ધ;
મુગટ ભમર પર વદન સુધાકર નેત્ર બે અંબુજ,
ઘેલી થઇ ઓખા ધાઇને ભેટી, ફ્રાગળને ભરી બૂજ.
ના, ના, મારા સમ છે લાજો છો શામાટે,
ચિત્રલેખા કહે ન હોય સ્વામી, વળગ્યામાં કાગળ ફાટે."

ઓહ પ્રધાનપુત્રી ચિત્રલેખાની ચિત્રકળા કેટલી બધી સાચી અને આબેહૂબ છે, તે મહાકવિ પ્રેમાનંદે સુંદર રીતે બતાવ્યું છે.

આટલે દરજ્જે ચિત્રકળા નહિ તો પણ સાથીઆ પૂરવા, રંગોળી પૂરવી, નાગ કહાડવા, વેલો કાઢવી, એટલું તો ખાસ સ્ત્રીઓએ જાણવું જરૂરનું છે. લગ્નજનોઇમાં ગણેશ કાઢવા, નવરાત્રિમાં ભીંતો ઉપર વેલો કાઢવી, નાગપાંચમ ઉપર નાગ દેવના ચીતરવા, આંગણામાં રંગબેરંગી રંગ પૂરી રંગોળી, સાથીઆની મનોહર આકૃતિ કાઢવી, વગેરેમાં સ્ત્રીઓની કલાઓનો હાલ તો સમાવેશ થાય છે. છતાં સ્ત્રીઓનો સંસાર રસિક અને રળીઆમણો બનાવવા માટે એટલું ક્ષેત્ર કાંઇ ઓછું નથી. ભોજન વખતે પાટલા આગળ રંગોળી પૂરે છે, તેમાં પવિત્ર વિચાર આવી મનની મલિનતા દૂર થાય અને ચિત્તશુદ્ધિ સાથે ઉલ્લાસ થાય એ હેતુ છે.

આંગણું સવારમાં વાળીને સમાર્યું હોય, આછો આછો છંટકાવ કર્યો હોય અને પછી રંગોળીનાં સુંદર ચિત્રો હાથથી દોરેલાં હોય ત્યારે જાણે કેવું બધે રળીઆમણું લાગે છે અને મન ઉલ્લાસમાં આવી જાય છે ?

સાથીઆને માટે સાધન સામગ્રીમાં ચોકખાઈ પહેલી જોઇએ, નહિ તો જે ઘરના આંગણામાં કચરો પડયો હોય, આંગણું સ્વચ્છ ન હોય, તે ઘરમાંથી લક્ષ્મી પગ કરે છે એમ કહેવાય છે. સ્વચ્છતા છે અને દિવ્યતામાં દેવોનો વાસ છે. નાનાં છોકરાં ગાય છે કેઃ—

" ચોખ્ખું મારૂં આંગણું ચોખ્ખો ઘરનો ચોક,
ચોખ્ખા લુગડાં જોઇને, ચોખ્ખું કહે સૌ લોકઃ
ચોખ્ખો મારો ઓટલો, ચોખ્ખા મારા હાથ;
ચોખ્ખા મારા દીલમાં, રહે જગતનો નાથ. "

સાદાઇમાં સંસ્કાર લાવનારી, અને રજકણુમાંથી રત્ન બનાવનારી ગૃહિણીના સરલ રહેણી કરણીમાં ડગલે ડગલે કલાનાં દર્શન થાય છે.

ગરબા. સ્ત્રીઓની ગૃહ કલાને અંગે સંગીત એટલે શાસ્ત્રીય ઉસ્તાદી સંગીત એમ નહિ. ઉસ્તાદી પદ્ધતિસર સંગીતની તાલીમ મેળવવી એ તો હાલના વખતમાં સામાન્ય રીતે અપવાદ રૂપે ગણી શકાય છતાં સ્ત્રીઓના કંઠમાંની કુદરતી મીઠાશ આવી કેળવણી લીધા વગર પણ ઓછો આનંદ આપતી નથી.

ગરબા, રાસડાં, ગરબીઓ અને ઘોળ એ સ્ત્રીસંગીતનો ભાગ છે. એ સ્ત્રીઓનોજ વારસો છે, હિંદુસ્થાનમાં ગરબા ગરબીઓનો ચાલ અને તે ગાવાની પદ્ધતિ ગુજરાત સિવાય બીજે કોઈ સ્થળે જોવામાં આવતી નથી; ગુજરાતી ગરબીના ઢાળ પ્રમાણે મરાઠીમાં કેટલાક ગરબા રચાએલા જોવામાં આવે છે; પરંતુ તે જુજ પ્રમાણમાં. ફરતાં જઈ તાળી પાડતાં જવું ને ગાવું એવા ગરબા તો માત્ર ગુજરાતમાંજ છે.

આ પદ્ધતિ સુંદર અને મનોરંજક છે તોપણ તેમાં સહજ ફેરફાર કરવાથી તેની સુંદરતા અને ચિત્તાકર્ષક શક્તિ વધી શકે છે. દરેક ગરબા એક સરખા તાલના હોય છે. એકજ તાળી પાડવાથી અને એકજ ઢબથી ગોળ ફરવાથી એકતાનતા આવી જાય છે અને ઘણો વખત સુધી એ જોવાથી એમાં રસહીનતા લાગે છે. સાખીવાળા ગરબામાં સાખી વખતે ફરવાનું તથા તાળી વગાડવાનું કાર્ય બંધ રહે છે. તેથી તેમાં એકતાનતાનો ભંગ થઈ આનંદકારક થાય છે. ગુજરાતી સાહિત્યમાં વલ્લભના ગરબા પ્રસિદ્ધ છે. ગરબાથી વિશેષ મીઠી ગરબીઓ છે. દયારામભાઈ, એ ગરબીઓના ખાસ કવિ કહેવાયા છે. સ્ત્રીઓને તે ઘણી પ્રિય છે. સોરઠીઆણી અને હાલારની કોકિલકંઠીના ગરબા વખણાય છે. સોરઠ માટે તો કહેવાય છે કે "સોરઠ મીઠી રાગણી."

એકજ ઢબની તાળી અને ગોળાકારમાં ફરવા કરતાં ગરબીના અર્થને અનુસરીને તાળી પાડવી અને ફરવું વધારે ચિત્તાકર્ષક નીવડે છે. એકને બદલે ત્રણ, પાંચ સાત તાળીઓ જ્યાં યોગ્ય લાગે ત્યાં વગાડવાની અને ફરવામાં ત્વરિત અથવા મંદ ગતિ અને યોગ્ય સ્થળે વિશ્રામ કરવામાં આવે તો કાવ્યની ખુબી વધારે ઝળકી ઉઠે અને આનંદ થાય છે. કાઠીઆવાડી રાસડામાં આ પ્રમાણે ત્રણ તાળીના ગરબા જોવામાં આવે છે અનેઝડપથી ફરવાનો રીવાજ છે. ગુજરાતમાં માથે લોટા મૂકી અથવા હાથમાં દાંડીય લઈ વિવિધ હાવભાવ સાથે ગાવાના રાસ પ્રચારમાં આવેલા દેખાય છે હિંદુસ્થાનમાં પ્રાચીન સમયથીજ આ કળા પ્રચારમાં હશે એમ રાસેશ્વર શ્રી કૃષ્ણના પૂર્ણિમાના રાસ ઉપરથી આપણે જાણી શકીએ છીએ.

હાલરડાં. સ્ત્રીઓના સંગીતમાં હાલરડાં પણ એક સંગીતજ છે. આકાઈ કરતાં છોકરાં મધુર સ્વરથી 'હાલોરે હાલો ભાઈને હીંચકે ઘણો વાલો' એટલું સાંભળતાંજ શાંત થઈ જઈ સાંભળી રહે છે ને ઉંઘમાં આવી જાય છે.

બાળકને માર પડે છે ને કેટલીએક માતાઓ પોતાની નિર્બળતાને કારણે પોતાનાં બાળકોને દીએ છે. માતાને આ શરમાવનારું છે. માતા તે તો માતા !! એને આવું તે શોભે ! .

મારવાનું કામ તો કસાઈનું છે, ઘાતકીનું છે. મારવાથી પરમેશ્વર આપણા પર પ્રસન્ન કેમ જ રહે ? બાળક ગરીબ, પરાધીન અને નિર્બળ છે. તેનામાં તાકાદ નથી તેથી તેને મારશો તોપણ તે ડુસકાં ભરતું ભરતું પાછું તમારાજ ખોળામાં આવીને બેસશે. તે બીચારૂં ક્યાં જાય ! તમે પણ બાળકને મારીને ઘણીવાર રડો છો અને પસ્તાવો કરો છો. જે તમને ગમતું હતું તે પ્રભુએ તમને આપ્યું છે. પ્રભુને એ પાછું દઈ દેવાની મરજી ન હોય તો તેને જરૂર મારો તો નહિ જ. મારથી ટેવાએલાં બાળકો રાંકડાં, રોઈ પડે તેવાં, ગરીબડાં, નમાલાં અને પોતાની માની વાત યાદ આવે ત્યારે કોઈ રાક્ષસીની વાત સંભારીને બ્હી મરે તેવાં હોય છે. જાણી જોઈને આવાં બાળકો આપણે શું કામ બનાવીએ !

માતાનો પ્રેમ અદ્ભુત ગણાય છે. એ પ્રેમનો ખરો લાભ બાળકને ક્યારે મળશે ?

ગુસ્સાને લીધે તમે બાળકોને મારો છો. પણ ગુસ્સો તો નબળાઈ છે; એ કંઈ બળનું લક્ષણ નથી. તમે બાળકોને મારશો તો તેઓ મોટાં થઈને પોતાનાં બાળકોને મારશે ને એવી રીતે મારની પરંપરા પેઢી દર પેઢી ચાલશે તેનું પાપ તો તમને પણ લાગશેજ.

મારથી હિંસા થાય છે. બાળક નિસાસા મુકી મારનારને સંભારે છે ત્યારે કરૂણાનો સાગર ઉછળે છે. બાળકને રડાવી તમારે કયું રાજ્ય લેવું છે ? એ બાલુડાંની આંતરડી આપણાથી તે કેમ દુભાવાય !

ખરો સંયમ અને તપ બાળકોને નહિ મારવાના પ્રયત્નોમાં છે, એ ભૂલો નહિ.

ગિજુભાઈ બધેકા.

બચ્ચાંઓ વિષે માતાઓએ જાણવા જેવું.

[લેખક-ડા. ઇન્દુલાલ સેવકલાલ દવે, એમ. બી. બી. એસ.]

વજન.

જન્મ વખતે બચ્ચાંઓનું વજન સાધારણ ગુજરાતીઓમાં પાંચથી સાત શેર હોય છે. ચાર માસે તે બમણું થાય છે. બાર માસે ત્રણ ગણું, ૭ વર્ષે ૭ ગણું. અને ચૌદ વર્ષે બાર ગણું થાય છે.

શ્વાસોચ્છવાસ.

૨ માસથી ૨ વર્ષ સુધી	...	...	...	દર મીનીટે	૩૫
૨ વર્ષથી ૬ વર્ષ સુધી	...	...	...	,,	૨૩
૬ ,, ૧૨ ,,	...	...	...	,,	૨૦
૧૨ ,, ૧૫ ,,	...	...	...	,,	૧૮
૧૫ ,, ૨૧ ,,	...	...	...	,,	૧૬–૧૮

ઉમર લાયક પુરૂષના કરતાં સ્ત્રીના શ્વાસોચ્છ્વાસનો વેગ જરા ઉતાવળો હોય છે અને ખાસ કરી ગર્ભાવસ્થામાં.

શરીરની ગરમી.

તંદુરસ્ત સ્થિતિમાં ૯૮·૪° હોય છે. બગલ કરતાં જીભ નીચે એક ડીગ્રી વધારે હોય છે. પ્રાતઃકાલે જાગ્યા પછી સૌથી વધારે હોય છે અને મધ્ય રાત્રે ઓછામાં ઓછી હોય છે. હંમેશ આખા દિવસમાં થઈ વધારેમાં વધારે ૧·૮° નો તફાવત સાધારણ સ્થિતિમાં ઉપર કે નીચે હોય છે.

બગલની ગરમી ૯૭° હોય તો ભયજ નહીં. અથવા ૧૦૦° થાય તો પણ તાવ હોય નહીં.

સાધારણ સ્થિતિમાં ૯૮·૪°થી વધારે અથવા ૯૭·૩°થી ઓછી ગરમી હોય તો રોગ સમજવો. ૧૦૩°–૧૦૫° સખત તાવ. ૧૦૫°–૧૦૮° ભયંકર સ્થિતિ. ૧૦૮°–૧૦૯° મૃત્યુ સન્મુખ. પરંતુ જ્યારે તાત્કાલીક તાવ આવ્યો હોય અને ગરમી બહુ થઈ જાય તેથી ગભરાવાની જરૂર નહીં. જ્યારે તાવ, ખાસ કરીને મેલેરીયાનો ચડવા માંડે છે ત્યારે

ઘણી વખત ૧૦૬°-૧૦૮° થાય છે ત્યારે થોડીવાર પછી તે નીચો ઉતરવા માંડે છે.

'ગંઠીવા'ના તાવમાં ૧૦૪° તાવ ગંભીર સ્થિતિ સૂચવે છે. અને હૃદયમાં બીગાડ થતો હોવાનું સૂચિત થાય છે. 'કમળા'માં તાવ ચડે તે ઇચ્છવા લાયક નહીં. પ્રસૂતિ પછીના પંદર દિવસમાં તાવ ચડે તો પેડુના અવયવોનો સોજો સમજવો. ક્ષય રોગમાં જો હંમેશ રહેતા તાવ કરતાં તે વધવા માંડે તો રોગ આગળ ફેલાયાનું સમજવું.

સામાન્ય.

તંદુરસ્ત બાળક દિવસમાં અરાઢથી વીસ કલાક ઉંઘે છે.

ઘણું ખરું બીજાથી ત્રીજા મહીના પહેલા બચ્ચું પોતાનું માથું ઉંચકી શકતું નથી, અને પાંચમા માસ પહેલાં ટટ્ટાર બેસી શકતું નથી.

ચાલવાનું શરૂ કરવાનો વખત ઘણુંખરું દસમો મહીનો હોય છે; પરંતુ તેથી મોડું થાય તે રોગનું ચિહ્ન ગણાય નહીં.

બાળકને નિયમિત અંતરે ધવડાવવું જોઇએ તથા પાણી પીવડાવવું જોઇએ.

ધાવણ છોડાવવાનો વખત દસમાથી ચૌદમા મહીનાનો હોવો જોઇએ. પરંતુ શરૂઆતના ઉનાળાનો સમય પસંદ કરવો નહીં.

૭ માસ પહેલાં છોકરૂં જરાથી રડતું નથી.

જો છોકરૂં માંદું હોઈ નાડીનો વેગ ૧૪૦ હોય તો અતિશય ખાવાથી તે થયેલાનું જાણવું. પણ જો માંદગીમાં નાડીનો વેગ માત્ર ૪૦ હોય તો મગજનો સોજો થયાનું જાણવું.

જીભ ઉપર જો સફેદ દહીં જેવી છારી હોય તો આંતરડાંનો બીગાડ સૂચિત થાય છે. જો જીભ રાતી, સૂકી અને ગરમ હોય તો આંતરડાંનો વરમ. ફીક્કી અને નરમ લબડતી હોય તો ઘણી જ અશક્તિ. અને જો જીભ બહાર કાઢતાં ધ્રૂજતી હોય તો જ્ઞાનતંતુની નબળાઈ સમજવી.

જીભ ઉપર સફેદ છારી હોય તો તાવ, પીળી છારી હોય તો કલેજું અથવા 'લીવર' અને હોજરીનો બીગાડ, સૂકી અને બ્રાઉન પેપરના રંગની હોય તો લોહીમાં કોઈ રોગનું ઝેર સખત ફેલાઈ ગયેલાનું, લાલ કીરમજી રંગની છારી હોય તો રતવા, ચળકતી હોય તો અપચો, ચળકતી અને ભૂરાશ પરની હોય તો વારસાઇ 'સીફીલીસ'; એમ સમજાય છે.

કોઈ લાંબા વખતનો રોગ ન હોય અને ગાલ ઉપર લોહીનો ભરાવો થઈ રાતા થાય તો તાવ સમજવો. જો આ પ્રમાણે મોં, કાન અને કપાળ થોડા વખતથી જ રાતું થયું હોય અને આંખ ત્રાડી થાય, આંખની કીકી મોટી નાની હોય, અને ઉપલો ઓઠ ઢીલો પડી લટકતા જેવો હોય ત્યારે મગજનો સોજો અથવા એવું સમજાય છે.

સતત અને સહેજે દેખી શકાય તેવી કૃશતા હોય તો કોઈ ધીમો રોગ સમજવો.

આંગળીઓનાં ટેરવાં જાડાં થતાં જાય અને નખ ગોળ વળતા જાય તો રૂધિરાભિસરણમાં ફેરફારની નિશાની સમજવી.

હાથપગનાં હાડકાંના છેડા ફુલતા જાય અથવા હાથ અને પગ રીકટા થાય અને ચરબી વધતી જાય તો ' રીકેટસ્ ' નામનો રોગ, જેમાં લોહીમાં ચૂનાનો ભાગ ઓછો હોય તે સમજવો.

૭ માસ અને તેથી નાનાં બાળકોમાં આંખમાં જો આંસુ ન આવતાં હોય તો કોઇ ગંભીર રોગ થવાનું સમજવું. તીણી અને લાંબી ચીસોથી મગજ અને જ્ઞાનતંતુઓનો વરમ સમજવો.

જો બચ્ચાં પોતાનો હાથ વારંવાર માથા ઉપર દબાવ્યાં કરે અથવા પોતાનું માથું માના શરીર સાથે દબાવ્યાં કરે તો કાનમાં કાંઇ થયેલાનું સમજવું.

જો આંગળીઓ સતત મોંઢામાં વારે ઘડીએ ઘાલ્યાં કરે તો ગળામાં કાંઈ થતું હોવું જોઇએ.

માથું જો આમતેમ અફાળ્યાં કરે તો ગળામાં ફેધણુ થતી સમજવી.

અવાજ ખોખરો અને ન સાંભળી શકાય તેવો હોય તો ગળાનો સોજો સમજવો. પરંતુ જો અવાજ નરમ અને આછો કરતા જેવો હોય તો પેટનો કોઈ રોગ સમજવો.

ગળાની બારીના સોજામાં ઉધરસ ખોખરી અને સખત આવે છે. સસણીમાં બહુજ કષ્ટપ: દુઃખ થાય અને ઉધરસ ચોરાય તો 'ન્યુમોનીયા' અથવા તો પ્લુરીસી ફેફસાનાં પડનો વરમ. ઉંટાટીઆમાં એકદમ સખત અને સતત.

જો ઉધરસ સૂકી અને દુઃખ વિનાની હોય તો અપચો, દાંત આવતાં અડચણ અથવા તાવની શરૂઆત સમજવી.

શ્વાસોચ્છ્વાસ જો ધીમો અને વચ્ચે વચ્ચે અટકતો તથા નિઃશ્વાસ નાંખતો હોય તો મગજનો રોગ સમજવો.

પણ જો તે અચકાતો હોય તો પણ ઝડપથી ચાલતો હોય તો વરાધ. ઝડપથી ચાલતો પણ ઉપરછલ્લો હોય તો ગળાની બારીમાં તથા શ્વાસનળીમાં સોજો સમજવો.

રોગ વખતના આંતરા તાવમાં આખા દીવસમાંથી એક પણ વખત તાવ 'નોર્મલ' એટલે સર્વ સાધારણ ગરમી જેવો થતો નથી પણ લાંબા વખતના જ્વરમાં તે દરરોજ એકાદ વખતનો 'નોર્મલ' થાય છે.

છેક બચપણમાં રોગ અને તેથી થતાં ચિહ્નો વચ્ચે બહુ સંબંધ નથી. કારણ સખત તાવ, બેચેની, ચીસો અને તાણું જેવી હાથપગની હીલચાલ, એ બધું ચોવીસ કલાક કરતાં પણ ઓછા વખતમાં નાબુદ થઈ જાય.

પ્રથમ વર્ષમાં બાળક બહુજ ઝડપથી વધે છે. એટલે કે છ થીસાત ઇંચ. ચોથાથી સોળમા વર્ષ સુધીમાં દર વર્ષે બે ઇંચના આશરે વધે છે. વીસમા સુધીમાં એક એક ઇંચ.

જન્મ વખતે લંબાઈ આશરે ૧૮-૨૦ ઇંચ હોય છે. અઢી વર્ષના બાળકની લંબાઈ તેની ભવિષ્યની ખરી લંબાઈ કરતાં બરાબર અડધી હોયછે

દુધીયા દાંત વીસ હોય છે. તે ફુટવામાં ઘણુંખરૂં નીચલા જડબામાં પહેલું અને પછી તેવોજ દાંત ઉપલા જડબામાં આવે છે.

કરડવાનાં દાંતમાંનો વચલો દાંત પાંચમાથી આઠમા માસ સુધીમાં ફુટે છે. બાજુ ઉપરનો કરડવાનો દાંત સાતથી નવ માસ સુધીમાં; પહેલી દાઢ દસથી બાર માસ સુધીમાં, કુતરીઆ દાંત સોળથી વીસમા માસ સુધીમાં અને બીજી દાઢો વીસથી ત્રીસમા માસ સુધીમાં ફુટે છે.

બીજા અથવા કાયમના દાંત પાંચ છ વર્ષની વયથી આવવા માંડે છે. બાર વર્ષની વયે ચોવીસ અને ચૌદ વર્ષે અઠાવીસ દાંત ઘણુંખરૂં આવેલા હોય છે. ડહાપણની દાઢો અરાઢથી પચીસમા વર્ષ સુધીમાં આવે છે.

હીરા.

૧.

મધ્યકાલિન હિન્દમાં ઠામ ઠામ હિન્દુ રાજ્યો હતાં. ન્હાનાં ન્હાનાં ગામોમાં ન્હાના ન્હાના અનેક ઠાકોરો હતા. પાસેના કોઇ મહારાણાના ધ્વજ નીચે એ ઝમૂમતા. આવીજ વસ્તુસ્થિતિ સિન્ધમાં પણ આપણી નજરે પડતી. ચિનાબ નદીના કિનારા ઉપર રણપુર નામે એક ગામ એ યુગમાં સારી હાલતમાં હતું. એમાં સુરસિંહ નામે એક રાજા રાજ્ય કરતો હતો. એને હીરા નામની એક લાવણ્યવતી કન્યા હતી. એનો કંઠપ્રદેશ હંસની ડોક જેવો સુંદર હતો. એનાં નયન હરણનાં ચક્ષુઓ સમાં ચમકતાં, ને એનો સ્વર કોયલના જેવો મનોરમ–મીઠો હતો. એ દર્શને આલ્હાદદાયિની હતી, એટલુંજ નહિ પરન્તુ સાથે સાથે બુદ્ધિની ખાણ હતી, જ્ઞાનનો સાગર હતી. એના પિતાએ ચિનાબ નદીના રમ્ય તટ ઉપર એક અનુપમ સ્થળ પસંદ કરી એકદંડીઓ મહેલ બાંધી આપ્યો હતો. પરન્તુ બાણાસુરે ઉષાને કેદ કરી હતી તેમ એને કેદ ન્હોતી કરી. એને એક નાજુક નૌકા બનાવી આપવામાં આવી હતી. જ્યોત્સ્નામયી રજનીએ સરિતામાં વિહાર કરતી એ કેટલીયે વાર જોવામાં આવતી. કિનારાની નજીક રહેતા પ્રજાજનો આ પિંજરવેલી કોકિલનો મધુર ટહુકાર રાત્રિના શાન્ત એકાન્તમાં કેટલીયે વાર સાંભળતા.

૨.–પરિચય અને સાહસ.

પાડોશમાંજ બીજું એક એવુંજ રાજ્ય હતું. ત્યાંના વૃદ્ધ રાજવિને ચાર પુત્રો હતા. ચારેય રાજકુમારોમાં રણજીત અતિ શૂરવીર યુવાન હતો. પ્રજામાં પણ એ ઘણોજ માનીતો હતો. આ રણજીતના મહેલ આગળ એક દિવસ એક પ્રવાસી આવી ચઢ્યો. રાજકુમારે એનું વિનયથી સ્વાગત કર્યું. પુનઃ પુનઃ આગ્રહ કરી અતિથિને પોતાના મહાલયમાં રોક્યો. ત્યાં કેટલાક દિવસો વીતિ ગયા. એક દિવસ એ ઘણોજ ઉદાસ થઇ ગયેલો જણાયો. વિચારમાં ને વિચારમાં એ મુઢ બની ગયો હતો. એને આવી સ્થિતિમાં જોઇ રાજકુમારે શું થયું હતું એની તપાસ કરવા માંડી.

"કાંઇ નહિ બાપુ! મ્હને કાંઇજ નથી થયું કુમાર!" પેલા પ્રવાસીએ પ્રત્યુત્તર વાળ્યો: "પરન્તુ મ્હને તો મ્હારી જન્મભૂમિ રણપુરના વિચારો આવે છે. અમારા રાજાનું નામ સુરસિંહ છે, એને હીરા નામની સર્વાંગસુન્દર કન્યા છે. એના સ્વરૂપનું વર્ણન કરવા કોઇ મહાસમર્થ કવિની લેખિનિ પણ અસમર્થ છે. ટુંકામાં તેનું વદન અપ્રતિમ અલૌકિક છે. અમરપુરીમાં દેવતાઓને કાને જો એ વાત જાય તો એને મેળવવા અવશ્ય આકાશ પાતાળ એક કરી નાંખે તો પછી મ્હારા જેવા ક્ષુલ્લક મનુષ્યના વિચારો ત્યાં કેમ ન દોડે? અમારી નગરીના કેટલાય અમીર યુવાનો એની પાછળ ભાન ભૂલ્યા છે. પછી મ્હારૂં શું ગજું? મ્હને પણ એનીજ લગની લાગી છે. હું તેની પાછળ દિવાનો થયો છું. એ ચિન્તા મ્હને રાતદિવસ કોરી ખાય છે. એથીજ મ્હેં આ પ્રવાસ આરંભ્યો છે. પ્રિય વસ્તુથી દૂર ભાગતાં મોહજ્વાલ મ્હારો પીછો છોડે એમ ઇચ્છી રહ્યો છું."

આ વાર્તા સાંભળીને રાજકુમારનું મન પણ ચળ્યું દેખાયું. રાજકુમારી હીરાનું ફરી ફરી વર્ણન કરવા એણે પેલા વટેમાર્ગુને વિનવ્યો. પેલા પ્રવાસીએ સંપૂર્ણ બ્યાન કર્યું. વર્ણન એટલું તો અનુપમ થયું–એની વાણી એટલી તો ભાવથી ભરપૂર હતી કે કુમાર એકાએક બુમ મારી ઉઠયો:

"મ્હને વચન આપ કે એનું દર્શન તું મ્હને કરાવીશ. નહિ તો હું ત્હારી મ્હામેજ આત્મઘાત કરીશ."

"હાં. હાં. બાપુ! ઉતાવળા થવાની કાંઇજ જરૂર નથી." પેલા પંથીએ એને શાન્ત પાડવા માંડ્યો: "સુરસિંહના દરબારમાં આપનું ખાસ માણસ મોકલી હીરાના હાથનું માગું કરો."

રાજકુમાર રણજીતે કાંઇ એલચી મોકલ્યો નહિ. નકાર તો એને માથાબ્હાદ જેવો લાગે એમ હતું. એ વાત એનાથી સહન થઇ શકે જ નહિ. પેલી કલ્પિત પ્રેમપ્રતિમા—પેલા પંથીએ આબેહુબ વર્ણવેલી પ્રતિમા–પણ એનાથી ભૂલાય એવું નહોતું. સદાય એની દૃષ્ટિમાં હીરા તરતી. એની ક્ષુધા પણ એથી મંદ પડી ગઈ. ખાવાનું ભાવતું નહિ. નિદ્રાદેવી એને પોતાની મીઠી ગોદમાં લેવા ના પાડતી. કુમારની કેવળ દયાજનક સ્થિતિ જોઈ એના ભાઇઓએ એના સ્હામું કાવત્રું રચ્યું. એને રાજ્યમાંથી ભગાડી એનો વારસો અન્દર અન્દર વ્હેંચી લીધો. દુઃખમાં ઝુરતા બિચારા રણજીતને એની કશીયે પરવા ન્હોતી. માત્ર પોતાની પ્રણયમૂર્તિને સ્મરતો રાજપાટ ગુમાવી ધારેલી પ્રાણપ્રિયાના દેશનો પંથ લીધો.

રણુપુરનો માર્ગ ઘણો લાંબો હતો. ચિનાબ નદી સુધી આવતાંજ પ્રવાસના શ્રમથી રણજીત અધમુઓ થઇ ગયો. અન્તે દૂર દૂર સુદૂર પેલો વ્હાલસોયો મ્હેલ—સરિતાતીરે આવી રહેલો રાજકુમારી હીરાનો એક-દંડીઓ પ્રાસાદ એની નજરે પડ્યો. પાસેજ હિરાની ન્હાનકડી હોડી પડી હતી. પાસેજ એનો ખલાસી હતો. રાજકુમાર ખલાસી કને ગયો ને બોલ્યો,

" ભાઇ ! હું ઘણેજ દૂરથી આવું છું. ગરિબ—વટેમાર્ગુ છું. બહુજ થાકી ગયો છું. કૃપા કરી ત્હમારી આ હોડીમાં ઘડી બે ઘડી મને વિસામો ન લેવા દો ? "

ખલાસીએ ઉંચું જોયું તો એક કદાવર તેજસ્વી યુવાન એની નજરે પડ્યો. સારા કુટુમ્બનું બીજ હશે એમ એને તુરતજ લાગ્યું. એટલે તે વિનયથી બોલ્યો,

" ભાઈ! આ હોડી તો કુંવરી બાની છે. મ્હારાથી એમાં ત્હને કેમ વિસામો ખાવા દેવાય ! "

રાજકુમાર રણજીત હોડી તરફ આવ્યો. એને એમ આશા હતી કે રાજકુમારીનાં દર્શન કરાવવા પોતે પેલા નાવિકને વિનવી શકશે. પરન્તુ પાણી સુધી પ્હોંચતાંજ એનાં શ્રમિત અંગો ટકી ન શક્યાં. પાણીમાં છતોપાટ પડી ગયો. નાવિકને આ જોઇ દયા આવી. મનુષ્ય કોઇપણ બીજા મનુષ્યનો પ્રાણ જતો ન જ જોઇ શકે. રાજકુમાર પાણીમાં તરફડિયાં મારતો હતો. નાવિકે હોડી એ તરફ હંકારી. રણજીતને તુતક પર લીધો. રાજકુમારીની ઓરડીમાંજ એને સુવાડ્યો.

૩.—મિલન.

વિધિવશાત્ એમ બન્યું કે હંમેશના નિયમ કરતાં રાજકુમારી હીરાએ આજ કલ્લોલિનીમાં સ્હેલ કરવા વ્હેલાં જવાનો વિચાર કર્યો. તરંગિણી અને રાજભુવન વચ્ચે એક ન્હાનું ઉપવન હતું. સરિતાતટે પ્હોંચવા એની વચ્ચે થઈ એક પગથી જતી. પોતાની સાહ સાહ સાહેલીઓથી વિંટાઇ ગજગામિનિની ચાલે કુમારી નૌકા પાસે આવવા નીકળી. એને આવતી જોઇ પેલો ખલાસી તો ભયથી ધ્રૂજવા લાગ્યો. પોતાની પત્નીને બોલાવી તેને કહ્યું: " અલિ ઓ ! જાને ત્હારી બાઇને વાતે વળગાડી જરા વાર પાડ. પેલો અજાણ્યો માણસ કુંવરીબાની ઓરડીમાં સૂતેલો છે એવું જે તે જાણશે તો મ્હને જીવતો ને જીવતો બાળી મૂકાવશે. " પતિના વચન પ્રમાણે પેલી બાઈ કુમારી પાસે ગઇ ને કમ્પતી કમ્પતી બોલવા લાગી.

કુમારીની આ જક જોઈ રાજમાતાએ સુરસિંહને બોલાવ્યા. હીરાના કૃત્યની વિગત જાણતાંજ રાજાએ તલવાર તાણી. કુંવરીને ખચીત તુરત જ ભોંય ભેગી કરી દીધી હોત, પરંતુ મહારાણી વચ્ચે પડયાં. રાણીના કાલાવાલાથી મહારાજા શાન્ત પડયા. પરન્તુ હીરાને કારાગારમાં તો મોકલીજ. રણજીતને ખૂબ માર મારતા શહેર બ્હાર મૂકી આવવાની પોતાના સૈનિકોને આજ્ઞા કરી. મારથી મરણતોલ થયેલા કમનસિબ રાજકુમારે રણપુરની પાસે આવેલા જંગલનો રસ્તો લીધો. તે અરણ્યમાં એક ઝુંપડી બાંધી ત્યાં રહ્યો. રાજકુમારીનાં કોઇપણ કાળેય દર્શન થશે, એ આશાએ એ જીવતો. આશા નિરાશા થતી જણાઈ.

આણી બાજુ કેદખાનામાં હીરા એટલી તો હીઝાઈ ગઈ કે મહારાણીને એને છૂટી કરવા સુરસિંહને ખૂબ વિનવવાની ફરજ પડી. હીરાએ તો છૂટતાંજ પેલું અરણ્ય શોધી કહાડયું. રૂદન કરતી રણજીતના હાથમાં જઈ પડી. થોડીવાર એની પાસે રહી મ્હેલમાં પાછી ફરી. દરરોજ સાયંકાલે એ બહાર છટકતી. દરરોજ રણજીતની બાથમાં લપાતી. છૂપી રીતે એને ખાવા પીવાનું પણ તે પ્હોંચાડતી.

૬.-પ્રેમ અને પુસ્તકો.

હીરાનો મામો કરણ પોતાની ભાણી ઉપર છૂપી રીતે નજર રાખતો. પોતે ભિખારીનો વેશ ધારણ કરી એની પાછળ પાછળ વનમાં ભમતો. સંપૂર્ણ વિગત મેળવી સુરસિંહને કહેતો. રણજીત પ્રતિ હીરાનો આવો અપ્રતિમ પ્રેમ જોઇ સુરસિંહે તો એમને લગ્નગ્રંથીએ જોડયાં હોત; પણ એના પુત્રોએ એની વાત સાંભળી નહિ. એ લોકોએ પ્રથમ તો રણજીતને એની ઝુંપડીમાંજ ઠાર કરવાનો વિચાર કર્યો. એકલા હાથે વીર રણજીતે સહુને હરાવ્યા. ભયથી કમ્પતા જીવ બચાવવા મહામહેનતે નાસી છૂટયા. છતાંય ઝંપ્યા તો નહિ. બીજી બાજી રચી. નવરંગપુરના નવરંગ નામના રાજાના દરબારમાં જઈ એના પાટવી વીરસિંહને હીરા દેવાનું માગું કર્યું. રાજકુમારી હીરા જેવીનું પાણીગ્રહણ કરવા કોણ ના પાડે! ચારે ભાઇઓ રણપુર પાછા ફર્યા. હીરાને લગ્ન માટે તૈયાર થવા આજ્ઞા મળી. હીરાએ તો ધસીને નાજ પાડી. નવવધૂનાં મંગલ વસ્ત્રો પહેરાવવા દાસીઓ એની કને હાજર થઈ; પરંતુ એણે તો સર્વને પોતાના ભુવનની બહાર કાઢી મુકી. રાજા નિરાશ થયો. કન્યાને ન્યાયાધીશ પાસે લઈ ગયો. ન્યાયાધિશે વૃદ્ધ ...ો કુમારીને સમજાવવા માંડી:

" અજ્ઞાત પુરૂષ સાથે ત્હને પરણાવવા ત્હારા વડિલો રાજી નથી. ત્હારે આવી ખોટી જક ન કરવી જોઇએ. ત્હારા વડિલો પસંદ કરે તેને ત્હારે વ્હાવો જોઇએ. "

પણ હીરા એમ માને એવી ક્યાં હતી ? એણે તો પગ પછાડી છંછેડાયલી નાગણિ પેઠે જવાબ વાળ્યો; " રાજમહાશય ! પ્રેમની વાતમાં આપ શું સમજો ? સત્ય છે કે મ્હેં મ્હારા વડિલોની અજાણમાં પ્રેમની પ્યાલી પીધી છે. એમાં શું ભર્યું છે એ તો હું જ જાણું. તેથી મ્હેં કાંઈ પાપ કર્યું નથી. "

ન્યાયાધીશ ચ્હીડાયા : કોપાયમાન થઇ ગાજી ઉઠ્યા:

" દુષ્ટ છોકરી ! ત્હેં મ્હોટું પાપ કર્યું છે. માતા પિતાની આજ્ઞાના અનાદરમાં શાસ્ત્રોક્ત નિયમોનો તું ભંગ કરે છે. "

એમ કહી એ કુમારીને શાસ્ત્ર વચનો પ્રત્યક્ષ કરવા પુરાણ ગ્રંથો તરફ વળ્યો. પોતાના મતસમર્થનમાં એણે હીરા આગળ કેટલું ય વાંચી સંભળાવ્યું હોત. પરન્તુ હીરાએ એમને વચમાંજ રોક્યા.

૭.–મેળાપ અને લગ્ન.

રણજીતે ફકીરનો વેશ સજી દીધો. તે પગે ચાલતો નવરંગપુર પહોંચ્યો. હીરાને મ્હેલ ગયો. એનીજ નણંદની સહાયતાથી પોતાના આગમનની હીરાને જાણ કરી. એજ દિવસે રાત્રે હીરાએ અચાનક બૂમ મારી; એને સાપ કરડ્યો છે એમ જાહેર કરવામાં આવ્યું. એકાએક જમીનપર હીરા પડી ગઇ. પોતાને અતિશય બળતરા થાય છે એવો ઢોંગ આદર્યો. રાજવૈદ્યો આવી પહોંચ્યા પણ કંઇ વળ્યું નહિ. એની વેદના આ લોકો નજ ટાળી શકે. શ્રીમતીએ અન્તે પેલા ફકીરને પકડી લાવવા સૂચના કરી, કદાચ એ મટાડશે. ફકીરને લઈ આવતાં રાજસેવકોને શી વાર ? કુમારીને તદ્દન આરામ કરી દેવા એણે ખાત્રી આપી. પરન્તુ એક શરતે. બન્નેને થોડી વાર એકલાં મૂકવાં. જીવથી શું વધારે છે? હીરાનો પ્રાણ બચાવવા આવી શરતને પણ સહુ કબુલ થયાં. બન્નેને મ્હોંમાગી એકાન્ત મળી.

" હૃદય હૃદય સાથે પ્રેમથી જ્યાં દબાયાં;
વિરહી યુગલકેરાં, દુઃખડાં ત્યાં સમાયાં. "

આજ રાત્રે મહેલ ત્યાગી પ્રયાણ કરવા બન્નેએ નિશ્ચય કર્યો. કુમારીનાં કહેવાતાં સંબંધીઓને વહેમ ન પડે એ માટે રણજીતે ગુફાના ભણવા માંડયા.

એ મ્હોંટેથી બોલતો. એટલે બ્હારનાં માણસો એને સાંભળી શકતાં. થોડીજ વારમાં એ બ્હાર આવ્યો ને જાહેર કર્યું કે કુમારીને આરામ થઇ ગયો છે. સહુના વદન પર આનંદની રેખા પ્રગટી. આપણા ફકીરને ભારે ઈનામ મળ્યું. એજ રાત્રે કુમારી મહેલમાંથી ગુમ થઈ. સંકેત પ્રમાણે રણજીતને જઇ મળી. તેઓ નવરંગપુરના કિલ્લાની બ્હાર પડ્યાં. બન્નેએ રણજીતના નગરનો માર્ગ લીધો. રાજા નવરંગે એમને પકડવા બ્હાર દોડાવી પણ વૃથા. એમણે ધાર્યું હતું કે ગુનેહગારો રતનપુરની વાટે વળ્યા હશે. ઘોડેસ્વાર ઉંધે માર્ગે ધાયા. પ્રયત્નમાં અફળ ગયા.

રણજીત અને હીરાને પણ માર્ગમાં ઘણીયે મુસ્કેલીઓ નડી. અન્તે તેઓ ધારેલે સ્થળે આવી પહોંચ્યાં. રણજીતના ભાઇઓના ત્રાસનો પાર ન્હોતો. પ્રજાજનો માનીતા રણજીતને વીંટાઇ વળ્યા. નાગરિકોના ભાવથી રણજીત પોતાનું રાજ્ય પાછું મેળવવા શક્તિમાન થયો. એના ભાઇઓએ પલાયન કર્યું. એના પિતાનો એકલોજ એ સત્ય વારસ ઠર્યો. હીરા સાથે રણજીતનાં ભારે ધામધુમથી લગ્ન થયાં. બન્નેએ પ્રજા ઉપર લાંબા સમય સુધી રાજ્ય કર્યું.*

રમણિકલાલ જયચંદભાઇ દલાલ.

તૈયાર છે ! તૈયાર છે !

પાકશાસ્ત્ર

લેખકઃ—

ગં. સ્વ. લલિતાગૌરી શામરાવ

તથા

ગં. સ્વ. વિમલાગૌરી મગનલાલ

કિમ્મત રૂ. ૩—૦—૦

મળવાનું ઠેકાણું:—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

મુંબાઇ; પોસ્ટ નંબર ૨.

* સિન્ધદેશની એક પુરાણી વાર્તા ઉપરથી ઐતિહાસિક કથા.

સીતાનું ભયંકર દીવ્ય.

શ્રી રામચંદ્રે લંકાપુરીમાં પ્રવેશ કરી રાવણનો પરાજ્ય કરી શત્રુનો નાશ થયાના આનંદદાયક સમાચાર જ્યારે સીતાના સાંભળવામાં આવ્યા ત્યારે સીતા લંકામાં બંદીખાનેજ હતાં. તેમને પોતાના પ્રતાપશાળી સ્વામી રામચંદ્રજીને મળવાની અતિશય ઉત્કંઠા થઈ આવી. તેમના તે ઇચ્છા હનુમાને જ્યારે રામચંદ્રજીને વિદિત કરી ત્યારે તેમની આંખમાં પાણી ભરાઈ આવ્યાં અને તેમણે સીતાને લાવવાની વિભિક્ષણને આજ્ઞા કરી.

પ્રભુની આજ્ઞા પ્રમાણે વિભિક્ષણે સુંદર વસ્ત્રાભૂષણ અને અનેક અલંકારથી સુસજ્જિત સીતાજીને પાલખીમાં બેસાડીને રામચંદ્રજીની સમક્ષ રજુ કર્યાં. તે સમયે લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન વિગેરે ત્યાંજ હાજર હતા. પતિ એજ જેનું સર્વસ્વ છે એવાં સીતાજીએ પુષ્કળ દિવસોથી નહિ જોયેલા પોતાના સ્વામિનાથના મુખનું દર્શન કર્યું. રામચંદ્રજીએ સીતાને જોઈ કહ્યું, “ યુદ્ધમાં શત્રુઓનો પરાભવ કરીને મેં તને છોડાવી છે, અને શત્રુએ કરેલા સ્ત્રીહરણ રૂપ અપમાનથી હવે તું મુક્ત થઈ છે. સુગ્રીવ, હનુમાન, વિભિષણ ઇત્યાદિ સૌએ જે જે પરિશ્રમ ઉઠાવ્યો તેની આજ સાર્થકતા થઈ થઇ છે. પરંતુ મેં તને છોડાવી છે તે ફક્ત મારા કૂળની લૌકીક લાજની ખાતરજ—અપમાન ટાળવા નિમિત્તેજ. અને પોતાના પરાક્રમને ઝાંખપ લાગે નહીં તે હેતુથીજ. સ્ત્રી પ્રત્યેના સ્વાભાવિક લોભને લઈને મેં આ કાર્ય કર્યું નથી. તું રાવણના શરીરથી સ્પર્શિત અને પારકાને ઘેર રહેલી હોવાથી મને તારા શુદ્ધ આચરણ વિષે સંશય ઉત્પન્ન થાય છે. તેથી હવે મ્હારે ત્હારૂં કાંઇ કામ નથી. ચારે દિશા અને ચારે દરવાજા તારે માટે મોકળા છે. તને ગમે તો તું લક્ષ્મણ, શત્રુઘ્ન, ભરત, સુગ્રીવ, વિભિષણ ગમે તેની પાસે રહે. ”

રામચંદ્રે શરીરનાં રોમાંચ ખડાં કરી મૂકે તેવું આ કઠોર ભાષણ સીતા સમક્ષ કર્યું. તેથી તે ઘણીજ ગભરાઈ ગઈ. લજ્જાથી તે નીચું જોઈ રહી. રામના તે કઠોર શબ્દો બાણ પ્રમાણે તેના હૃદયમાં ભોંકાઈ ગયા.

વિહ્વલ બની મ્હોંપરના અશ્રુપ્રવાહને પાલવ વડે લુછતી લુછતી તે બોલી, " આજ આવું અનુચિત ભાષણ કેમ કર્યું? તમે જેવી મને ધારો છો તેવી હું નથી એ વિષે તમને ખાત્રી થશે, એ હું મ્હારા પતિવ્રતાના ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા પૂર્વક કહું છું. મ્હારા ચારિત્ર્ય માટે આવી શંકા ઉપસ્થિત કરવી તે યોગ્ય નથી. પુષ્કળ દિવસોના સહવાસને અંતે આપને મ્હારા શુદ્ધ પ્રેમનો પરિચય થયો હશેજ. હનુમાનની સાથે આપે જે નિશાની મોકલી તેસાથેજ જો આ પ્રમાણે શંકત જાહેર કર્યો હોત તો મેં તરતજ મ્હારા પ્રાણ ત્યાગ કર્યા હોત. મ્હારૂં કુળ, શિયળ, ઉત્પત્તિ એ સૌનો આપે લેશભર પણ વિચાર કર્યા સિવાય મને એક ક્ષુદ્ર સમજી આ પ્રકારનું કઠોર ભાષણ કરો છો......" આંસુથી કંઠ ભરાઈ આવેલો હોવાથી રડતાં રડતાં સીતાએ લક્ષ્મણને કહ્યું, " મ્હારા માટે ચિતા તૈયાર કરો. ચિતા એજ આ પ્રકારના સંકટ સમયે યોગ્ય ઔષધ છે. મિથ્યાપવાદને લઇને મને ઘણોજ ત્રાસ લાગેછે. હવે મને જીવવાની બીલકુલ ઇચ્છા નથી. મરણ એજ મ્હારા માટે વધારે ઉત્તમ અને શ્રેયસ્કર છે. હું અગ્નિમાં પ્રવેશ કરૂં છું. "

આ પ્રકારનું ભાષણ સાંભળી લક્ષ્મણને ઘણુંજ દુઃખ થયું, પરંતુ નાઈલાજ હોવાથી તેણે ચિતા તૈયાર કરી. દેવ બ્રાહ્મણને નમસ્કાર કરી, અગ્નિની સામે હાથ જોડીને સીતા ઉભાં અને પ્રાર્થના કરી કહ્યું, ". હે! લોકસાક્ષી અગ્નિદેવ! જો મારૂં મન ખરેખરી રીતે કદી પણ રામમાંથી ચલિત નજ થયું હોય તો તુ મ્હારૂં સર્વ પ્રકારે રક્ષણ કરો. " એમ કહી અગ્નિની પ્રદક્ષિણા કરી મનમાં બીલકુલ બીક અને સંકોચ સિવાય તેણે તૈયાર કરેલી ચિતામાં એકદમ પ્રવેશ કર્યો. તેને અગ્નિમાં દાખલ થયેલી જોતાંજ ત્યાં એકઠી થયેલી સઘળી સ્ત્રીઓ રૂદન કરવા લાગી અને ત્યાં એકઠા મળેલા સઘળા લોકો, રાક્ષસો અને વાનરો બધાં " હાય! હાય!" એવા દુઃખપૂર્ણ-આશ્ચર્યકારક ઉદ્‌ગાર કાઢવા લાગ્યા.

રામચંદ્રનાં નેત્ર આંસુથી ભરાઈ આવ્યાં. સીતા બધી રીતે શુદ્ધ હોવાની તેમની પૂર્ણ ખાત્રી હતી, પરંતુ લોકાપવાદ ટાળવા ખાતર જ તેમણે આ કટોકટીનો પ્રસંગ સીતા પર લાવી મૂકયો હતો. પરંતુ તે મહાપતિવ્રતા હોવાથી સીતા અગ્નિમાંથી સુરક્ષીત રીતે બ્હાર આવી. તેના પતિવ્રતપણાની આગળ અગ્નિનારાયણ પણ ઠંડાગાર બની ગયા અને અગ્નિએ પોતે જાતે પ્રગટ થઈ સીતાને રામને હવાલે કરી અને કહ્યું, " હે! રામ! આ ત્હારી સીતાનો સ્વીકાર કર! તે અત્યંત પવિત્ર છે. વાણીમાં, મનમાં, બુદ્ધિમાં, દૃષ્ટિમાં તેણે

ત્હારૂં ઉલ્લંઘન કર્યું નથી અને તેથી તેનું વર્તન ઉત્કૃષ્ટ છે. તેનું રાક્ષસે હરણ કરેલું તેથી નાઈલાજે તેને બંદીવાસમાં રહેવું પડ્યું હતું; પરંતુ તેણીનું મન તો હમેશાં ત્હારી પાસેજ હતું (ત્હારામાંજ હતું). વિના સંકોચે તું તેનો સ્વીકાર કર. તેને દુઃખ થાય તેવું કાંઇ પણ ભાષણ કે વર્તન કરીશ નહી, એવી મ્હારી તને આજ્ઞા છે. "

આ ભયંકર દીવ્યમાંથી પાર ઉતરવાની નિર્ભયતા અને પાત્રતા સીતામાં ક્યાંથી આવી ? ફક્ત સદાચરણને લઇનેજ ! બરાબર !

રામચંદ્રે સીતાનો સ્વીકાર કર્યો અને સર્વત્ર આનંદ આનંદ વ્યાપી રહ્યો.

મણિલાલ ચુ. ત્રિપાઠી.

બહાર પડી ચુકી છે.

ઉષા અને અરૂણ

આવશે

ત્યારેજ સૂર્યોદય થશે.

લેખકઃ રા. ભાનુ.

સ્વયંસેવા અને દેશોદયના સિદ્ધાંત શીખવતું, સમાજ તથા રાષ્ટ્રના સડી જતાં અંગોનું દિગ્દર્શન કરાવતું તથા તેમની ઉન્નતિના ઉપાયો બતાવતું આ સુંદર રંગબેરંગી ચિત્રોવાળું પુસ્તક દરેક સ્વદેશપ્રેમી અને સમાજની ઉન્નતિ ઇચ્છનારે વાંચવુંજ જોઇએ. કદ-રોયલ આઠપેજી, પૃષ્ટ ૩૫૦, પાકું સુશોભીત બાઇન્ડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

મળવાનાં ઠેકાણાં,—

અમદાવાદ-મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
"યુગાન્તર" કાર્યાલય; સુરત. } વર્ધમાન એન્ડ સન્સ
ફણસવાડી; મુંબાઇ. નં. ૩.

જ્યોતિર્વિનોદ કાર્યાલય.

પોસ્ટ-બોક્ષ નં ૭૧; મદ્રાસ.

ત્યાગ.

પંડિત દેવદત્તના લગ્ન થયાને ઘણાં વર્ષો વીતી ગયાં હતાં. તેને કાંઇ સંતાન ન હતું. તેના માબાપ જીવતાં હતાં ત્યારે તેઓ તેના ફરીથી લગ્ન કરવાંનો પ્રયાસ કરતા; પરંતુ દેવદત્ત રાજી ન હતો. કારણ કે તેનો પોતાની પ્રિય પત્ની ગોદાવરી ઉપર ગાઢ પ્રેમ હતો. સન્તાનસુખ મેળવવા માટે તે પોતાનું અગાઉનું સંસારસુખ નષ્ટ કરવા ઇચ્છતો ન હતો. કારણ કે તે નવા વિચારનો માણસ હતો. તે કહેતો કે પુત્ર પ્રાપ્તિથી માબાપની ફરજો વધે છે. જ્યાં સુધી માબાપ, પોતાના સંતાનના ભરણ પોષણ અને શિક્ષણનો બંદોબસ્ત કરી શકે તેવા શક્તિવાળો ન હોય ત્યાં સુધી સંતાનથી, દેશ, જાતિ અને પોતાનું ભલું થતું નથી. પહેલાં બીજાનાં નાનાં બાળકોને રમતા જોઇ તેનું અંતઃકરણ બળતું, પરંતુ હમણાં થોડા વખતથી તે પોતાના જાતભાઇઓની પેઠે માંદો રહ્યા કરતો હતો, તેથી સંતાનનો ખ્યાલ કરવામાં પણ તેને બીક લાગતી.

પણ ગોદાવરી એટલી બધી વ્હેલી નીરાશ થાય તેવી ન હતી. પહેલાં તો તેણે દેવ-દેવી, તાવીજ, મંત્ર, જંત્ર વગેરે માર્ફતે સંતાન મેળવવા પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે તેને જણાયું કે તે બધું નકામું છે, ત્યારે તેને એક મહૌષધીની લ્હેર પડી. તે પોતાનો આત્મત્યાગ હતો. તેણે ઘણા મહીના-વર્ષો, વિચાર સાગરમાં આમતેમ ભમરીયો ખાધી. તેના મનમાં જે વાત ઠસી ગઈ હતી, તે કોઈ પણ રીતે ન ગઈ. તેને આત્મ ત્યાગ કરવોજ પડશે, તેની સાથેજ પતિ-પ્રેમનું અદ્દશ્ય અણમુલું રત્ન પણ જશે. પણ તે રીતે બને? પંદર વર્ષ સુધી જે વૃક્ષની સેવા કરીને ઉછેર્યું તે વૃક્ષ એક પવનનો ઝપાટો સહન નહિં કરી શકે?

ગોદાવરીને પોતાના પ્રબળ વિચાર આગળ મસ્તક નમાવવું પડયું. શોકયના શુભાગમનની તૈયારી કરવા માટે તે તૈયાર થઇ ગઈ.

(૨) પતિનાં પુનર્લગ્ન.

પંડિત દેવદત્ત, ગોદાવરીનો આવો વિચાર જાણી સ્થંભિત થઇ ગયો. પહેલાં તો તેણે ધાર્યું કે ગોદાવરી મારા પ્રેમની પરીક્ષા કરે છે, અથવા મારૂં મન જાણવા પ્રયત્ન કરે છે; તેથી તેણે વાતને હસીને ઉડાવી દીધી.

પરંતુ જ્યારે ગોદાવરીએ ગંભીર ભાવથી કહ્યું કે, " તમે આ બાબતને હસી ન કહાડો. પુત્રનું મુખ જોવા માટે મારી છાતી પર શોક્યના હાથે મગ દળાવવા પણ હું તૈયાર છું. " ત્યારે તેનો સન્દેહ નાશ પામ્યો. આવા ઉચ્ચ અને ગંભીર ભાવવાળી ગોદાવરીને તેણે પોતાની છાતીએ ચાંપતાં કહ્યું, " એવું ન બને. મારે સન્તાનની અભિલાશા નથી. "

ગોદાવરીએ ભાર દેઈ કહ્યું, " તમારે ન હોય, પણ મારે તો છે ને? જો તમે તે કામ નહિ કરો, તો પછી મારે જીવદથી તે કામ કરવું પડશે."

પંડિતજી સરસ સ્વભાવના માણસ હતા. હા તો તેમણે ન કહી, પણ વારંવાર કહેવાથી તેઓ કબુલ તો થયા. અહીંઆ વાર પણ તેટલીજ હતી. પંડિતજીને કાંઇ પરિશ્રમ કરવો ન પડ્યો. ગોદાવરીની કાર્યકુશલતાને લીધે બધું કામ સરળ થઈ ગયું. આના ખર્ચ માટે તેણે પોતાની પાસેથી રૂપીઆ કાઢી આપ્યા, એટલુંજ નહિ પણ પોતાનાં ઘરેણાં અને કપડાં પણ કાઢી આપ્યાં. લોકનિંદાની બીક આ માર્ગમાં કાંટાની સમાન હતી. દેવદત્ત મનમાં વિચાર કરતા કે, જ્યારે હું બનીઠણીને નીકળીશ ત્યારે લોકો મારે માટે શું કહેશે? ઑફિસમાંના મારા મિત્રો મારી મશ્કરી કરશે અને કટાક્ષથી મારા સામું જોશે. તેમનો તે કટાક્ષ છરીથી પણ તેજ હશે. તે વખતે હું શું કરીશ? પણ ગોદાવરીએ પોતાના ગામમાં જઇ કાર્યનો આરંભ કરી દીધો અને નિર્વિઘ્ને સમાપ્તિ પણ કરી નાખી. નવી વહુ—શોક્ય ઘરમાં આવી તે વખતે, જ્યારે પોતાની પુત્રવધૂ ઘરમાં આવે ત્યારે જેટલો આનંદ થાય, તેથી પણ વિશેષ આનંદ આજે ગોદાવરીને થયો હતો.

(૩) સ્વભાવનો પલટો.

કેટલાક માસ વીતી ગયા. જેમ સાસુ વહુ હુકમ ચલાવે તેવી રીતે ગોદાવરી, નવી વહુ ઉપર હુકમ ચલાવતી. છતાં હું તેની સાસુ નથી એ વાત પણ ભૂલતી નહિ. આ તરફ ગોમતીને પણ પોતાની સ્થિતિનો પૂરો ખ્યાલ હતો. તેથી ગોદાવરી પોતાના ઉપર સાસુની પેઠે દોર ચલાવે તે તેને બીલકુલ ગમતું ન હતું. પોતાને જોઈતી નાની-મોટી ચીજો માટે પણ ગોદાવરીને કહેતાં તે સંકોચાતી.

થોડા દિવસ પછી ગોદાવરીના સ્વભાવમાં એક નવું પરિવર્તન જણાવા લાગ્યું. તે પંડિતજીને ઘરમાં આવતી-જતી વખતે તિવ્ર દૃષ્ટિથી જોવા લાગી. તેની સ્વાભાવિક ગંભીરતા લોપ થઇ ગઈ હતી. જરા જેટલી વાત પણ તેના પેટમાં રહેતી ન હતી. જ્યારે પંડિતજી ઑફીસમાંથી ઘેર

આવે ત્યારે કલાકના કલાક સુધી બેસી, તે ગોમતીની વાતો કહેતી. તે વાતમાં એટલી એટલી નાની વાતોનો પણ સમાવેશ કરવામાં આવતો કે વાત પુરી થયા પછી, પંડિતજી થાકી લોથપોથ થઈ ગએલા હોય તે છતાં સ્વસ્થ થઇ જતા. ગોદાવરી આટલી બધી મૃદુભાષિણી કેમ થઈ ગઈ, તેનું કારણ સમજવું એ મુશ્કેલ વાત હતી. હમણાં તે ગોમતીથી બીતી હતી. સૌંદર્યથી, તેના યૌવનથી, તેનાં લજ્જાયુક્ત નેત્રોથી, તેણી પોતાને હારેલી સમજતી. પાળ તોડી નાખી, માટીનાં ઢેફાથી પાણીને રોકવા પ્રયત્ન કરતી હતી.

એક દિવસ ગોદાવરીએ ગોમતીને મીઠા (ગળ્યા) ચોખા બનાવવા કહ્યું. કારણ કે રક્ષા બંધનનો દિવસ હતો. ગોમતીએ કહ્યું કે ' સાકર નથી.' આ સાંભળતાંજ ગોદાવરી ચોંકી ઉઠી; " એટલી બધી સાકર આટલાજ વખતમાં ક્યાં ઉડી ગઈ? જેને છાતી તોડી નાંખી કમાવું પડે તેને ખબર પડે. ખાનારને શી ખબર પડે ? "

જ્યારે પંડિતજી ઓફીસમાંથી ઘેર આવ્યા ત્યારે નાની વાત મોટું રૂપ ધારણ કરી તેમના કાનમાં જઇ પહોંચી. થોડા વખત તો પંડિતજીના મનમાં શંકા થઈ કે ગોમતીને હમણાં ક્ષુધાનો રોગ તો નહિ થયો હોય!

આવીજ બાબત ફરીથી એક વખત બની. પંડિતને આધાશીશીનું દરદ હતું. રાતાં મરચાં તે બીલકુલ ખાતા નહિ. ગોદાવરી જ્યારે રસોઈ બનાવતી ત્યારે બીલકુલ મસાલો નાખતી ન હતી. ગોમતીએ એક દિવસ દાળમાં ગરમ મસાલા સાથે થોડાં મરચાં પણ નાખ્યાં. પંડિતજીએ દાળ થોડી ખાધી. પણ ગોદાવરીએ ગોમતીને ઉધડી લીધી. ચાખતાંજ તે એકદમ ગાજી ઉઠી, " આનાથી તો જીભ પણ બળી જાય. ખબર નથી કે તે મરચાં બીલકુલ ખાતા નથી ! "

(૫૪) ત્યાગનો ભાર કોની ઉપર ?

પંડિતજી બહુજ સરળ માણસ હતા. ઓફીસમાં જઈ આવી, જમી લીધું અને પછી જરા સુવા માટે બીછાનામાં પડયા. તેઓ એક અઠવાડીક પત્ર મગાવતા હતા, તે કોઈ વખત તો મહીના સુધી પણ ખોલતા નહિ. જે કામમાં જરાપણ કષ્ટ અથવા પરિશ્રમ પડતો, તે કામથી તેઓ સો ગાઉ દૂર નાસતા. કોઇ કોઈ વખત તેમની ઓફીસમાંથી નાટકશાળામાં જવા માટે ' પાસ ' મફત મળતા હતા, પણ પંડિતજી તેનો કદિ ઉપયોગ કરતા નહિ. પણ બીજા માણસો લઈ જઈ તેનો ઉપયોગ કરતા. રામલીલા અથવા તો કોઈ મેળો તેમણે હમણા નોકરી કરતાં કદિપણ જોયો ન હતો.

ગોદાવરીને તેમની પ્રકૃતિનો પરિચય સારી રીતે થયો હતો. પંડિતજી પણ ગોદાવરીની મરજી પ્રમાણે દરેક વિષયમાં વર્તવાથી પોતાને કુશળ સમજતા હતા.

પરંતુ રૂ જેવી નરમ વસ્તુ પણ દબાવવાથી કઠણ બની જાયછે. પંડિતજીને આઠે પહોરની આ કચકચ અસહ્ય લાગતી. કોઈ કોઈ વખત તો તેઓ મનમાં કકળી ઉઠતા. આટલા દિવસ સુધી બેકાર રહેવાથી તેમની ઇચ્છાશક્તિ જરા મંદ પડી હતી, તે હવે ધીમે ધીમે સતેજ થવા લાગી.

પંડિતજી માનતા કે શોક્યને ઘરમાં લાવવા માટે ગોદાવરીએ ભારે આત્મત્યાગ કર્યો છે. તેનો આ ત્યાગ અલૌકિક ગણી શકાય. પણ તેના ત્યાગનો ભાર બધો મારા ઉપર છે. ગોમતી ઉપર તેનું શું અહેસાન! મારા માટે તેના ઉપર એટલી બધી ક્રૂરતા શી! અહીંઆ તેને શું સુખ છે કે તેના બદલામાં તે ફીટકાર સહન કરે? પતિ મળ્યો છે તે બુઢ્ઢો અને સદા રોગી. ઘર મળ્યું છે એવું કે આજ નોકરી તૂટે તો કાલે ખાવાના સાંસા! આવી દશામાં ગોદાવરીની આવી સ્નેહરહિત વર્તણુક અનુચિત લાગે છે.

ગોદાવરીની દૃષ્ટિ એટલી સ્થૂળ ન હતી કે પંડિતજીના મનોવિકાર તે ન સમજી શકે. પંડિતજીના મનમાં જે વિચાર થતો તે તેમના મુખ ઉપરથી ગોદાવરી જોઈ શકતી. આ જાણવાથી તેના હૃદયમાં એક બાજુ ગોમતી પ્રત્યેની પ્રચંડ ઇર્ષાગ્નિ ભડકી ઉઠતી, અને બીજી તરફ પંડિત દેવદત્ત ઉપર નિષ્ઠુરતા અને સ્વાર્થપ્રિયતાનો આરોપ મૂકતી. તેનું ફળ એ આવ્યું કે મનના અનિષ્ટ વિચારો પ્રતિદિન વધતાજ ચાલ્યા.

(૫) ગોદાવરીનો ગુસ્સો.

ગોદાવરીએ ધીમે ધીમે પંડિતજી સાથે ગોમતી બાબત વાતચીત કરવી છોડી દીધી, જાણે કે ગોમતી ઘરમાંજ ન હોય! તે તેનાં ખાવા પીવાની ખબર ન લેતી કે ન કપડાં લત્તાંની ખબર લેતી. કેટલાક સમય સુધી એક વખત તો જળપાન માટે કાંઈ મળ્યું નહિ. પંડિતજી તો આળસુ જેવડા હતા. આ સર્વ અત્યાચારો તેઓ જોતા પણ પોતાના શાન્તિ સાગરમાં ઘોર ઉપદ્રવ મચી જવાની બીકથી કોઈને કાંઈપણ ન કહેતા. પણ આ છેલ્લા અન્યાયે તેમની ગહન સહન-શક્તિને ધ્રુજાવી દીધી. એક દિવસ તેમણે ગોદાવરીને ડરતાં ડરતાં કહ્યું, "કેમ હમણાં જળપાન (નાસ્તા) માટે મીઠાઈ-ખીઠાઈ નથી આવતી?"

ગોદાવરીએ ગુસ્સે થઈ જવાબ આપ્યો, "તમે લાવતા નથી. તો પછી ક્યાંથી આવે? મારી પાસે કોઈ નોકર છે!"

દેવદત્તને ગોદાવરીના આ કઠોર વચન તીર જેવાં લાગ્યાં. આજ સુધી ગોદાવરીએ તેમને કદિપણ આવી રોષપૂર્ણ વાત કરી નહોતી. તે બોલ્યા, " ધીમે બોલો. ગુસ્સે થવાનું કાંઈ કારણ નથી. "

ગોદાવરીએ નીચી આંખો કરી કહ્યું, " મને તો જેવું આવડે છે એવું બોલું છું. બીજાના જેવી મધુર બોલી ક્યાંથી લાવું ! "

દેવદત્તે જરા ગુસ્સે થઇ કહ્યું, " આજકાલ તમારા મીજાજના રંગની ખબર મને નથી પડતી. વાત વાતમાં તું કકળી ઉઠે છે. "

ગોદાવરીનો ચ્હેરો ક્રોધથી લાલ થઈ ગયો. તે બેઠી હતી ત્યાંથી ઉભી થઈ ગઈ, અને હોઠ ફફડાવા લાગી. તે બોલી, " મારી કોઇ પણ વાત હવે તમને ક્યાંથી સારી લાગે ? હવે તો હું માથાથી પગ સુધી દોષોથી ભરેલી છું. હવે બીજા માણસ તમારા મનની વાત જાણી લઇ કામ કરશે. મારાથી નથી થતું. લ્યો આ પટારાની કુંચી. તમારા રૂપીઆ પૈસાટકા તમે સંભાળી લ્યો. આવી રોજની ખટખટ મારે નથી પાલવતી. જ્યાં સુધી નભ્યું ત્યાં સુધી નભાવ્યું. હવે નહિ નભે. "

પંડિત દેવદત્ત મૂર્છિત થઇ ગયા. જે શાન્તિ ભંગની તેમને બીક હતી તે મોટું રૂપ ધારણ કરી તેમના ઘરમાં પ્રવેશ કરી ગયું. તે કાંઇ બોલી શક્યા નહિ. આ વખતે વધારે બોલવાથી વાત વધી જવાની તેમને બીક હતી. તેઓ બ્હાર આવી વિચાર કરવા લાગ્યા, " મેં ગોદાવરી સાથે કેવું અનુચિત કામ કર્યું છે! તેના ધ્યાનમાં ન આવ્યું કે ઘરનો પ્રબંધ ગોદાવરીએ છોડ્યો તો હવે શી રીતે ચાલશે ? થોડી આવકમાં કોણ જાણે કેવી રીતે કામ ચલાવતી, શા શા ઉપાયો તે કરતી, ન જાણે નારાયણ કે તે કેવી રીતે પાર ઉતારતી. તેને મનાવવી પડશે. નહિં તો શું થઇ શકે ? બીચારી ગોમતી શું કરી શકે ! બધું મારે માથે આવશે. માનશે તો ખરી, પણ મુસ્કેલીથી. "

પરંતુ પંડિતજીની એ શુભ કામના પણ નિષ્ફળ ગઇ. પટારાની કુંચી ઝેરી નાગણ પેઠે, ત્રણ દિવસ સુધી જ્યાંથી ત્યાં આંગણામાં પડી રહી. તેની પાસે જવાનું કોઇનું સાહસ ચાલ્યું નહિ.

ચોથે દિવસે પંડિતજીએ જાનપર આવી કુંચી ઉઠાવી લીધી. તેને તે વખતે લાગ્યું કે કોઈએ તેના માથા ઉપર મોટો ડુંગર લાવીને મૂકી દીધો ન હોય ! આળસુ આદમીઓને પોતાના નિયમિત માર્ગમાંથી જરા પણ ખસવું, એ વસમું જણાય છે.

અત્યાર સુધી પંડિતજી જાણતા હતા કે, મારી ઓફીસને લીધે હું

આરામ સંભાળવા માટે અસમર્થ છું છતાં પણ ગોમતીને કુંચી સોંપવા જેટલું સાહસ તે ન કરી શકયા. પણ આ બધો દેખાવ હતો. કુંચી તેમની પાસે રહેતી પણ કામ તો ગોમતીને જ કરવું પડતું. આ રીતે ગૃહિણીના શાસનનું છેલ્લું સાધન પણ ગોદાવરીના હાથમાંથી નીકળી ગયું. ગૃહિણીના નામની સાથે જે મર્યાદા અને સન્માન રહેલાં છે તે ગોદાવરીની પાસેથી કુંચીની સાથેજ ચાલ્યાં ગયાં. જોત જોતામાં ઘરની કામ કરનારી અને પાડોશીઓની વર્તણુકમાં પણ બહુ તફાવત પડી ગયો. ગોદાવરી અત્યારે એક પદભ્રષ્ટ રાણીની પેઠે રહેતી હતી. તેનો અધિકાર અત્યારે બીજાની સહાનુભૂતિ ઉપર રહ્યો હતો.

(૬) પંડિતજીનો નવીન સંસારવ્યવહાર.

ગૃહિણીના કામકાજમાં પરિવર્તન થતાંની સાથેજ ગોદાવરીના સ્વભાવમાં પણ શોકજનક પરિવર્તન થઈ ગયું. ઇર્ષા મનમાં રહેવાવાળી વસ્તુ નથી. આઠે પહોર પાડોસીઓના ઘરમાં એજ ચર્ચા થવા લાગી કે જુઓ દુનીઆ કેવી મતલબી છે. બીચારીએ ઝગડો કરીને લગ્ન કરાવ્યાં, જાણી જોઇને પોતાના પગ ઉપર કુહાડી મારી, તે પણ એટલે સુધી કે પોતાનાં લુગડાં ઘરેણાં પણ આપી દીધાં, પણ અત્યારે રડતાં રડતાં કપડાં ભીંજે છે. શોકય તો શોકયજ છે; ધણીને પણ આંધળો કર્યો. હવે તો ઘરમાં પડી પડી ઘરમાં દાસીની પેઠે બોલ્યા કરે, "આ જીવતર છે: કાંઇ જીવતર ગણાય?"

આવી સહાનુભૂતિપૂર્ણ વાતો સાંભળી ગોદાવરીની ઈર્ષાગ્નિ વધતી. તેને એટલી પણ ખબર પડતી ન હતી કે આ નાની વેદનાઓ આગળ જતાં તે મનોવિકારથી ઉત્પન્ન થઈ છે કે જેનાથી મનુષ્યોને બીજાના દુઃખ ઉપર હસવામાં વધારે આનંદ આવે છે.

ગોદાવરીને જે વાતનો પૂર્ણ વિશ્વાસ હતો અને પંડિતજીને જે વાતની મોટી બીક હતી, તે બાબત ન બની. ઘરના કામકાજમાં કંઈ પણ વાંધો આવ્યો નહિ. એટલું ખરૂં કે અનુભવ ન હોવાથી પંડિતજીની વ્યવસ્થા ગોદાવરીના જેટલી સારી ન હતી. તેથી ખર્ચ કાંઇક વધારે આવતું હતું. પણ કામ સારી રીતે ચાલતું હતું. ગોદાવરી, ગોમતીના સઘળા દોષ પૂર્ણ કામ બતાવતી. ઈર્ષામાં અગ્નિ છે, પરંતુ અગ્નિનો ગુણ તેમાં નથી. તે હૃદયને ફેલાવવાને બદલે સંકુચીત બનાવે છે. હવે ઘરમાં કાંઇ નુકસાન થતાં દુઃખને બદલે ગોદાવરીને આનંદ થતો. વરસાદનો દિવસ હતો. કેટલાક દિવસ સુધી સૂર્યનારાયણનાં દર્શન થયાં ન હતાં. પટારામાં રાખેલા કપડા-

ને ફુગ લાગી ગઇ. તેલ બગડી ગયું. બે ચાર તમતમતી સંભળાવવાનો વખત મળી ગયો. " શેઠાણી થવા આવી છું તો શેઠાણીનું કામ પણ કરવું પડશે. "

પંડિત દેવદત્તની પ્રકૃતિમાં હમણાં એક નવો રંગ આવવા લાગ્યો. જ્યાં સુધી ગોદાવરી પોતાની કાર્યપરાયણતાથી ઘરનું બધું કામ કરતી ત્યાં સુધી કોઈ પણ ચીજની ખામી તેમને ન હોતી રહેતી. તે એટલે સુધી કે શાક–ભાજી લેવા પણ તેમને બજારે જવું પડતું નહિ. પરંતુ હમણાં ગોદાવરી તેમને બજારમાં કેટલીયે વખત દોડતાં જોતી. ઘરની વ્યવસ્થા સારી ન હોવાથી ઘણી વખત જરૂરી ચીજોને માટે બજારે તેમને તેજ વખતે દોડવું પડતું. ગોદાવરી આ સઘળું જોતી અને કહેતી કે " આ મહારાજને ત્રણ વખત કહેતા છતાં પણ ઉઠતા નહિ, પણ હવે દિવસમાં દશ વખત બજારમાં જતાં જોઉં છું. હવે હું તેમને કહેતા નથી સાંભળતી કે મારા લખવા–વાંચવામાં અડચણ પડે છે. "

ગોદાવરીને એક વખત નિશ્ચય થઈ ગયો હતો કે પંડિતજી માલ ખરીદવામાં કુશળ નથી. તેથી જ્યારે તેને લુગડાંની જરૂર પડતી, ત્યારે પોતાના એક ઘરડા પાડોસી પાસે મંગાવ્યા કરતી. ગોદાવરીને સાડીઓ જોશે એ વાત પણ પંડિતજી ભૂલી ગયા હતા. તેમને માથેથી કોઈ જેટલો ભાર ઉતારે તેટલું તેમને સારૂં હતું. પોતે જે કપડાં પહેરતા તે પણ ગોદાવરી મગાવી આપતી. પંડિતજીને નવા નમુના અને નવી ફેસનની જરૂર ન હતી. પણ હવે તેમને કપડા ખરીદવા બજારમાં જવું પડે છે. એક વખત ગોમતી પાસે સાડીઓ ન હતી. પંડિતજી ખરીદવા ગયા તો એક સુંદર જોટો ખરીદી લાવ્યા. વેપારીએ મનમાન્યા પૈસા લીધા. ઉધારે માલ લેતી વખતે પંડિતજી જરા પણ ખેંચતાણ ન કરતા. ગોમતીએ તે જોટો ગોદાવરીને બતાવ્યો. ગોદાવરીએ જોઈ, મોઢું ફેરવી લીધું અને બોલી, " તમે તેમને કપડાં લાવતા તો શીખવી દીધું. મને તો સોળ વર્ષ વિતાં પણ તેમના હાથથી ખરીદેલું કપડું પહેરવા સ્વપ્નામાં પણ ભાગ્યશાળી થઇ નથી. "

આવી બાબતોમાં ગોદાવરીની ઈર્ષાગ્નિ વધતી. જ્યારે તેને વિશ્વાસ આવ્યો કે પંડિતજી સ્વભાવના ભોળા છે ત્યારે તેને કાંઇક સન્તોષ થયો. પરંતુ હમણાં તેનીએ નવા નવા તરંગ જોઇ તેને જણાયું કે જે પ્રીતિ હું સેંકડો યત્ન કરવા છતાં ન મેળવી શકી, તેને તે રમણીએ પોતાના

યૌવનથી જીતી લીધી. તેને હવે નિશ્ચય થયો કે જેને હું સાચો પ્રેમ સમજતી તે વાસ્તવિક ખોટો હતો. તે તદ્દન સ્વાર્થ હતો.

(૭) ઈર્ષાનું કૌતુક.

દૈવયોગે એક દિવસ ગોમતી માંદી પડી. તેને ઉઠવા-બેસવાની પણ શક્તિ રહી નહિ. ગોદાવરી રસોઈ બનાવતી પણ તેને નિશ્ચય ન હતો કે ગોમતી માંદી હતી. તેને તો તેજ ખ્યાલ હતો કે મારી પાસે રંધાવવા માટેજ એ બન્ને જણાએ આ ઘાટ રચ્યો છે. પાડોશીની સ્ત્રીઓને તે કહેતી કે લોંડી બનવામાં આટલી ખામી હતી. હવે પુરી થઈ.

પંડિતજીને હમણાં હમણાં ખાતી વખતે ઉતાવળ કરવી પડે છે. ખબર નથી પડતી કે તે ગોદાવરી સાથે એકાન્તમાં વાત કરતાં કેમ ડરે છે. કોણ જાણે કેવી કઠોર અને હૃદયવિદારક વાતો તેણી કહી સંભળાવે. એટલા માટે ખાતી વખતે તે ડરે છે, કે રખેને ભયંકર સમય આવી ન પહોંચે. ગોદાવરી પોતાનાં તિવ્ર નયનોથી તેના મનના ભાવ સમજી જતી. પણ મનમાં મનમાં ગળી જતી.

એક દિવસ તેનાથી ન રહેવાયું, તે બોલી, "શું મારી સાથે બોલવાની પણ મના કરી છે! પહેલાંતો આખી રાત વાતોમાં ને વાતોમાં વહી જતી અને હવે મારી સાથે મોઢું ઉઘાડવાના પણ સોગંદ ખાધા જણાય છે. ઘરના રંગઢંગ તો જુઓ છો ને! હવે તો બધું કામ તમારી મરજી મુજબ ચાલે છે, નહિ!"

પંડિતજીએ નીચું જોઈ જવાબ આપ્યો, "જેવું ચાલે છે તેવું ચાલે છે. તેની ફીકરમાં શું હું જીવ કાઢી નાખું? જ્યારે તું ઘરને પાયમાલ કરવા માગે છે, ત્યારે હું શું કરૂં!"

આથી ગોદાવરીએ કઠોર વેણ કહ્યાં. વાત વધી ગઈ. પંડિતજી જમતા જમતા ઉઠી ગયા. ગોદાવરીએ સોગંદ આપી બેસવા કહ્યું: પણ તે ત્યાં ક્ષણ પણ ન રોકાયા. ત્યારે તેણે પણ રસોઈ ફેંકી દીધી. આખા ઘરને ઉપવાસ કરવો પડયો.

ગોમતીમાં એક વિચિત્રતા એ હતી કે, જરા પણ વાત તે સહન કરી શકતી, પણ ભૂખ સહન કરી શકતી નહિ. માત્ર આખા વરસમાં જન્માષ્ટમીને દિવસે ઉપવાસ કરતી. પણ માંદગીને લીધે તેને હમણા હમણા બહુ ભૂખ લાગતી હતી. તેણે જાણ્યું કે બપોર થયા જતાં ખાવાનું આવ્યું નથી

ત્યારે તેણે વિવશ થઇ બજારમાંથી મીઠાઇ મંગાવી. કદાચ ગોદાવરીને બાળવા માટે આ પ્રમાણે કર્યું હોય તો ના નહિ. કારણ કે એક વખત ન ખાવાથી કોઈ મરી જતું નથી. ગોદાવરી પગથી માથા સુધી બળી ગઇ. તેણે પણ તરત મીઠાઈ મગાવી. કેટલાંય વર્ષે આજ તેણે પેટ ભરીને મીઠાઇ ખાધી. આ બધું ઈર્ષાનું કૌતુક છે.

જે ગોદાવરી બપોર પહેલાં પાણી ન પીતી, તે હવે સવારમાં નાસ્તા વિના ચલાવી શકતી નથી. માથામાં હંમેશાં ધૂપેલ તેલ નાખતી, પણ હમણાં ધૂપેલ તેલથી તેના માથામાં દુઃખાવો થતો. પાન ખાવાનું તેને નવું વ્યસન થયું. ઈર્ષાએ તેને નવી નવોઢા વહુ બનાવી દીધી!

જન્માષ્ટમીનો શુભ દિવસ આવ્યો. પંડિતજીનું સ્વાભાવિક આળસ આ બે ત્રણ દિવસમાં અદૃશ્ય થઈ જતું. મહાકાર્ય કરવા ઉત્સાહથી મંડતા. ગોદાવરી નિર્જળો ઉપવાસ કરતી અને પંડિતજી કૃષ્ણના ઉપાસક હતા. તેથી ગોમતીએ પણ નિર્જળો ઉપવાસ કરવાનું સાહસ કર્યું. પરંતુ જ્યારે ચાકરડીએ આવીને કહ્યું કે 'મોટી વહુ નિર્જળો ઉપવાસ નહિ કરી શકે, તેમને માટે ફળાહાર મંગાવી દો.' ત્યારે તેમને આશ્ચર્ય થયું.

સાંજે માન-મંદિરે દર્શન કરવા માટે એકાનો હુકમ થયો. ગોમતીને હુકમ ન ગમ્યો. આજે એકાનું ભાડું બહુજ વધી જતું. માન-મંદિર જરા પણ દૂર ન હતું. તે ચીઢાઇને બોલી, "નાહકના પૈસા ફેંકી દેવાય? માન-મંદિર કયાં દૂર છે! પગે ચાલીને કેમ નથી જતી? હુકમ કરવો તો સ્હેજ છે. ખબર તો તેનેજ પડે છે કે જે બળદની માફક વૈતરાં કરી કમાઈ લાવે છે."

ત્રણ વર્ષ પહેલાં ગોમતીએ ગોદાવરીના મોઢે આવી વાત સાંભળી હતી. આજે ગોદાવરીને ગોમતીના મોઢે સાંભળવી પડે છે. સમયની બલીહારી!

એક દિવસ ગોદાવરી ઉદાસ ચહેરે રસોઈ બનાવતી હતી. પંડિતજીના પથ્યાપથ્યના વિષયમાં હવે પહેલાની પેઠે તે ચીંતા રાખતી ન હતી. તેણે ચાકરડીને કહ્યું કે થોડો મસાલો કાઢીને વાટી લાવ. મસાલો દાળમાં નાખ્યો તો મરચાં વધારે પડ્યાં. બીકના માર્યા પંડિતજીએ દાળ ન ખાધી. બીજા આળસુ માણસો પેઠે તેમને પણ તીખી તમતમતી ચીજો બહુ ભાવતી, પણ રોગથી તેઓ બહુ બીતા હતા. જ્યારે ગોમતીએ આ સાંભળ્યું ત્યારે મોં ચડાવીને બોલી, "ઘડપણમાં જીભ ગજની થઈ ગઈ છે!"

આવાંજ વચનો એકવાર ગોદાવરીએ સંભળાવ્યાં હતાં. આજે તેનો વારો સાંભળવાનો હતો!

(૮) ગોદાવરી ગંગાજીમાં.

આજે ગોદાવરી ગંગાજીને મળવા આવી છે. ત્રણ વરસ પહેલાં તે વર-વહુને લઇને ગંગાજીને દૂધ અને પુષ્પ ચડાવવા ગઇ હતી, આજે તે પ્રાણ સમર્પણ કરવા આવી છે. આજે તે ગંગાજીની આનંદમય લહરોમાં વિશ્રામ મેળવવા માગે છે.

ગોદાવરીને હવે ઘરમાં એક ક્ષણ પણ રહેવું દુસ્સહ થઈ પડયું. જે ઘરમાં રાણી થઇને રહી હોય તે ઘરમાં દાસી તરીકે રહેવું, એ આવી ગર્વિષ્ટ સ્ત્રીને માટે અસંભવિત હતું.

હવે ગોદાવરીનો ઘર સાથેનો સંબંધ જુના દોરડા જેવો હતો, જે વારંવાર સાંધતાં પણ, કોઇને કોઈ જગ્યાએથી તૂટી જાય છે. તેને ગંગાજીનું શરણ લેવા સિવાય બીજો એકે માર્ગ સુઝેલો ન હતો.

ઘણા દિવસથી વારંવાર મરી જવાની ધમકી સાંભળી પંડિતજી એક વખત ગુસ્સે થઇ બોલી ઉઠયા હતા, "હવે મરવું હોય તો મરને." આ શબ્દો ગોદાવરી હજુ પણ ભૂલી ન હતી. કઠોર વચન કદી ભૂલાતું નથી. આજે ગોમતીએ પણ એ વાત કહી. ઘણી કઠોર વાતો સહન કર્યા પછી આ શબ્દો બોલાયા હતા તે ગોદાવરી ભૂલી ગઈ હતી. પણ બન્નેના કહેલા શબ્દો તો ગોદાવરીના કાનમાં ગુંજારવ કરી રહ્યા હતા. પંડિતજીએ તેને વારી નહિ. 'મારા પર એવો ઘોર અન્યાય અને તે એક શબ્દ પણ ન બોલ્યા!'

આજે સર્વ સુઈ ગયા પછી ગોદાવરી ઘરમાંથી બહાર નીકળી. આકાશ કાળાં વાદળાંથી છવાઇ ગયું હતું. વર્ષાદનાં ઝાપટાં પડતાં હતાં. આ તરફ આંખોમાંથી પણ અશ્રુઓની ધારા વહેતી હતી. પ્રેમનું બંધન કોમળ કેટલું છે? અને કઠણ પણ કેટલું છે? અપમાનની સામે કોમળ છે, વિયોગની સામે દૃઢ છે. ગોદાવરી ખાટલા પર બેઠી બેઠી કલાક સુધી રડી, કારણ કે તેને કેટલીએ વાતો યાદ આવતી હતી. એક દિવસ અહીંઆ તેને માટે પ્રેમ હતો, માન હતું, જીવનનું સુખ પણ હતું. તરતજ પંડિતજીના કઠોર શબ્દો યાદ આવી ગયા. આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યા. ગોદાવરી ઘરેથી ચાલી નીકળી.

જો આ વખતે કદાપી પંડિત દેવદત્ત ઉઘાડે પગે, ઉઘાડે શરીરે,

પાણીમાં પલળતાં, દોડાદોડ આવી, ગોદાવરીના ધ્રુજતા હાથોને પકડી, પોતાના ધડકતા હૃદય સાથે લગાવી કહે કે "પ્રિયા!" અને કદાપી આથી વધારે કે આથી ઓછું તેના મોઢામાંની નીકળે તો ગોદાવરી પોતાના વિચારો ઉપર સ્થિર રહી શકે ?

પરશોત્તમ મહીનો હતો. રાત્રે ગંગાજીના પાણીનાં મોજાં ભયાનક અવાજ કરતાં હતાં. વિજળી ઝબુકતી, તેને લીધે પાણીનાં મોજાં નજરે પડતાં જેમ હાથી કલ્લોલ કરતો હોય તેવાં મોજાં દેખાતાં. જીવનસંગ્રામનું એક વિશાળ દશ્ય નજર સામે આવી ઉભું રહ્યું.

ગોદાવરીના હૃદયમાં પણ આ વખતે વિચારની અનેક લહરીઓ બહુ વેગથી ઉઠતી, થોભતી અને પાછી લોપ થઈ જતી. કયાં? અંધકારમાં.

આ ઉછળતી ગંગા, ગોદાવરીને શાન્તિ આપશે ?. તેની લહેરોમાં સુધા જેવી મધુરધ્વની નથી, કે નથી તેમાં કરૂણાનો વિકાસ. અત્યારે તેણે ઉગ્રતા અને નિર્ભયતાનું રૂપ ધારણ કર્યું છે.

ગોદાવરી કંઠે બેઠી બેઠી શું વિચાર કરે છે, તે કોને ખબર છે ? પંડિત દેવદત્ત આવતા હશે તેવી બીક તેને નહિ હોય ? પ્રેમના બંધન કેટલાં મજબુત હોય છે !

આવા અંધકારમાં ઇર્ષા, નિષ્ઠુરતા અને નિરાશાથી દુઃખ પામેલી અબળા ગંગાજીમાં ઉછળી પડી અને પાણીની લહરોમાં અદશ્ય થઈ.

(૯)

સવાર થઇ. ગોદાવરી ઘરમાં ન હતી. તેના ખાટલા ઉપર આ પત્ર પડ્યો હતો:—"નાથ ! આ સંસારમાં તમારા વિના બીજું કોણ મારૂં સ્નેહી હતું ! મેં મારૂં સર્વસ્વ, તમારા સુખમાં અર્પણ કર્યું છે હું સંસારમાંથી લોપ થાઉં ! તેમાંજ તમારૂં સુખ છે. તે માટે આ પ્રાણ પણ આપને ભેંટ કરૂં છું. મારાથી કાંઈ અપરાધ થયો હોય તો માફ કરજો. ઇશ્વર આપને સદા સુખી રાખે."

પંડિતજી પત્ર જોઇ મુર્છિત થઈ ગયા. ગોમતી રડવા લાગી. પણ શું આ તેમના વિલાપનાં આંસુ હતાં ? *

મનુભાઈ જોધાણી.

* હિન્દી લેખક રા. પ્રેમચંદની વાર્તાનો અનુવાદ.

બ્હેનોને ખાસ વધામણી.

માણસાવાળા ગંગાબાઇ સ્ત્રીઓના દરદના ખાસ ચિકીત્સકની બત્રીસ વર્ષની જૂની અનુભવસિદ્ધ દવા.

સંતાન પ્રાપ્તિની ગર્ભજીવન અપૂર્વ ઓષધી.

ગર્ભજીવનના સેવનથી ઘણે ઘેર ઘોડીયાં બંધાયાં છે.

ગર્ભજીવનના સેવનથી સેંકડો બ્હેનો ગર્ભાશયના રોગથી મુક્ત થઈ છે.

ગર્ભજીવન—આ દવાથી બંધ થયેલો રૂતુ શરૂ થાય છે; અનિયમીત હોય તો નિયમીત થાય છે, પુખ્ત ઉમર થયા છતાં રૂતુ ન આવતું હોય તો આવે છે, રૂતુ વખતે થતી પીડા મટે છે. જોઇએ તે કરતાં વિશેષ રૂતુ લોહીવા, ધોળું તથા લાલ પ્રદરનું વહેતું બંધ થાય છે. કમળ સ્થાનથી ખસેલું ઠેકાણે આવે છે. પેશાબે બળતરા, કમરનું ફાટવું, બેચેની, ઝાડાની કબજીયાત, ઝીણો તાવ, સોજો, હીસ્ટીરીઆ વિ. નાબુદ થઇ ગર્ભધારણ થાય છે. કિં. રૂ. ત્રણ ૩–૦–૦

ગર્ભરક્ષક—આ દવાથી રતવા મટે છે. છોડ પાલવી ગર્ભ સજીવન થાય છે. કસુવાવડ, પ્રસુતજ્વર વિ. ગર્ભવતીને થતા તમામ રોગ મટી પુરા માસે તંદુરસ્ત બાળક જન્મે છે. કિં. રૂ. ૪ ચાર.

દવા મંગાવનારે—દરદની તથા શરીરની પુરી હકીકત લખવી. રૂતુ કેટલા દિવસે આવે છે, કેટલો વખત રહેછે, છુટથી આવે છે, પીડા થાય છે, પ્રદરનો રોગ છે. છેલ્લું બાળક ક્યારે જન્મેલું, મરી ગયું હોય તો શું બીમારીથી, શરીર મેદ છે, ઝાડની કબજ્યાત છે, શરીરમાં ઝીણો તાવ રહે છે વિ. ખુલાસા જણાવવા ભલામણ છે. દર્દની હકીકત સાથે લખો રૂબરૂ કેસ તપાસીને પણ દવા આપવામાં આવેછે.

પુષ્કળ મળેલા અભિપ્રાયોમાંથા થોડા વાંચો.

મુંબઈ, ૨૬–૧–૨૪.
જણાવતાં આનંદ થાય છે કે આપની દવાના પ્રતાપથી થોડા દિવસમાં તુરતજ મારે ત્યાં ગર્ભ રહ્યો હતો, જે છોકરી અત્યારે વરસ દોઢની છે.
ઠાકોર ગગજી ટોકર.

કરાંચી, તા. ૨૧–૧–૨૪
જણાવવાને ખુશી છું કે મારે ત્યાં બેબીનો જન્મ થયો છે. હાલમાં ખુદાની મહેરથી અને તમારી દવાથી ૪ મહીનાની થઈ છે. તેની ખુશાલીમાં તમોને એક સોનાની વીંટી ભેટ મોકલી છે.
બ્હેન દીનબાઇ કાવસજી મીનવાલા.

કલકત્તા, ૨૭–૬ આરમીઅમ સ્ટ્રીટ,
તા. ૧૪–૧૨–૨૩.
અમારે ઘેર પુત્ર જન્મ્યો છે. છબી પડાવીને મોકલીશું.
કાળીદાસ શ્રીકૃષ્ણ.

વડોદરા, સોનીપોળ, તા. ૧–૨–૨૪
મારી સ્ત્રીને દવા આપેલી તેમાં મારો કેસ આપની કૃપાથી ફત્તેહમંદ નિવડયો છે. જેની આશા નહિ રાખેલી તેની આશા પરિપૂર્ણ થઈ છે.
પંડયા અંબાલાલ ભગવાનજી.

ગંગાબાઇ પ્રાણશંકર,
ગર્ભજીવન ઔષધાલય,
મુ. માણસા. (ડી. મહીકાંઠા)

ફક્ત આર્ય સદ્‌ગ્રહસ્થોને માટેજ.

રૂ. ૧૦૦૧ ના ઇનામવાળી વંધ્યત્વ વિનાશક

ગર્ભામૃત સંજીવની મહૌષધિ.

વનસ્પતિની અપાર શક્તિ વિષે આર્ય વૈદકશાસ્ત્રનું ખાસ અનુભવસિદ્ધ ફરમાનઃ—

॥ लक्ष्मणा पुत्रदा सत्यं वदंति मुनिपुंगवः ॥

અર્થાત્—" લક્ષ્મણા-વનસ્પતિ નિશ્ચયજ પુત્ર આપનારી છે એવું મુનિરાજનું સત્ય વચન છે."

આ એવીજ મહાન ચમત્કારી અને અપાર શક્તિ ધરાવનાર વનસ્પતિના યોગ વડે મહાત્માના આશીર્વાદ રૂપ યોગ સિદ્ધ મહૌષધિઃ—

☞ ગર્ભામૃત સંજીવની ☜

તૈયાર કરવામાં આવેલ છે અને તેના માત્ર ત્રણથી સાત સપ્તાહના ઉપયોગવડે વંધ્યત્વ-વાંઝીયાપણાનો મહાન દુઃસાધ્ય વ્યાધિ તદ્દન નાબુદ થઈ નિશ્ચય દીર્ઘાયુષી પુત્ર પ્રાપ્ત થાય છે. તેમ છતાં ગર્ભામૃત સંજીવની નો વિધિપૂર્વક ઉપયોગ કર્યા છતાં સંતાન પ્રાપ્તિ નથી થતી એમ સાબીત કરી આપનાર શખ્સને રૂ. ૧૦૦૧)નું ઇનામ આપીશું.

સંતાન રહિત આર્ય સદ્‌ગ્રહસ્થો !

સૃષ્ટિઆદર્શરૂપ સંતાન માટે શોકાતુર બનેલા બંધુ અને બહેનોએ ગર્ભામૃત સંજીવની દવાનો અવશ્ય ઉપયોગ કરી સંતોષ પ્રાપ્ત કરવાને અમારી મજબુત ભલામણ છે.

વધુ માહિતી માટે રૂબરૂ મળો અથવા પોષ્ટેજ સાથે લખોઃ—

વૈદ્યશાસ્ત્રી મહાવીરદાસજી જે. મહંત.

મુ. ધોળકા, જીલ્લે અમદાવાદ. (ગુજરાત)

"સ્ત્રીબોધ"ના બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] જુલાઇ, ૧૯૨૪. [અંક ૭ મો.

મ્હારી માવડી!

માવડી ત્હારો સ્નેહ ભૂલું ના;
પળ પળ વહેતો યાદ જોને.
પ્રેમભીના તુજ હૃદયે ઓ મા!
હરનીશ હું તો યાદ જોને.
બચપણમાં ત્હેં ખૂબ સંતોષી;
પય અમૂલાં નિજ પાયાં જોને.
માવડી! મ્હારા મુખ દર્શનવીણ,
થઇ જતી બેબાકળી જોને.
સૂકાં—ભીનાં—તીખાં—ખાટાં,
પરેજી હરદમ પાળતી જોને.
મુજ મુખ નિરખી ઓ જીવનારી!
કેમ ભૂલું ઉપકાર જોને.
આર્ય ધર્મ ઉજ્જવળ રેલવતી;
શુભ સંસ્કારો ભરતી જોને.
'પ્રેમતત્વ' ઓ મા! તુજ સરખું
નથી નિહાળ્યું ક્યાંઈ જોને!
ઓ મા! આ સંસારે ત્હારો
પ્રેમ અવિચળ અમૃત જોને!
એ બદલો તુજ બાળકથી ના,
કદિયે પૂરો થાય જોને.

"મસ્તાન."

સિંહાસન બત્રીશીની વાર્તાઓ.

વાર્તા ૧૩ મી—પંખીની વારતા.

(બાળકો માટે લખનારઃ—રા. રા. કેશવપ્રસાદ દેસાઇ.)

પંકજનયની નામે પુતળી રાજા ભોજને આ વાત કહે છેઃ

એકવાર વિક્રમરાજા આખા નગરની ચર્ચા જોઇને શહેર બહાર નિકળ્યા. આખા ગામમાં કોઇ પણ દુઃખી માણસ તેમની નજરે પડયો નહિ, તેથી તેમને બહુજ સંતોષ થયો હતો. શહેર બહાર એક વડ નીચે તેઓ થાક ખાવા બેઠા. તે વખતે બે પંખીઓ ઝાડ ઉપર વાતો કરતા હતા. તેમણે વિક્રમરાજાને ઓળખ્યા નહોતા. પણ વિક્રમરાજા તેઓની ભાષા સમજી શક્તા હતા. આમાં એક પોપટ હતો અને બીજો સુડો હતો.

પોપટ કહે સુડાભાઈ, તમે મારા મિત્ર છો. તમે આજે આટલા બધા ઉદાસ કેમ છો? તમારૂં દુઃખ હોય તે કહો. ત્યારે સુડો કહે કે મારૂં દુઃખ બહુજ ભારે છે. મેં પરદુઃખભંજન વિક્રમરાજાને તે કહેવા ધાર્યું હતું. પણ હવે તો મને લાગે છે કે તેમનાથી પણ તે દૂર કરી શકાય તેમ નથી. એટલે માંગણ થઇને તેમની પાસે જવા કરતાં હું તો કાશી જઇને ગંગાજીમાં ડુબી મરીશ. છેવટે પોપટના બહુજ આગ્રહથી સુડાએ બધી વાત કહી, અને વિક્રમરાજાએ ઝાડ નીચેથી તે સાંભળી.

સુડો કહે તમે જાણો છો કે મારૂં વન તો છેક હીમાલય પાસે છે. એ વનમાં:

વનસ્પતિ જ્યાં ભાર અઢાર, વખાણતાં તો લાગે વાર;
જાઈ જુઈ ચંપાની કળી, માલતિ મરૂઓ વેલજ વળી;
સીતાફળ દાડમ કદળી દેવ, અખોડ પસ્તાં નાગરવેલ;
સુખડ કેસર કેશં છોડ, દ્રાક્ષ ચારોળી બદામો મોડ.
પ્રેમલ પારીજાતકનું વન, કેવડો કેતકી અંબુજ અન્ય;
ગુલાબ અગરજા કેરી બહેક, પરનાળાં વસાણાં બહેક.
જાયફળ જાવંત્રી સુંઠ, બરાસ બહેક આવે છે કુંઠ;
તજ તમાલપત્ર લવંગ, એલચી ઝુમખા સારંગસંગ.
વડ પિંપળ અધિકા બહુ સાગ, આંબા, જાંબુ બહુ લક્ષેલાણ.
બીજું જાણે વંદાવન, તેને ઉપમા ઘટે નહિ અન્ય.
આ વનમાં જાત જાતનાં પંખીઓ રહે છે;
લવાર તેતર મેના મોર, પોપટ સુડા હંસ ચકોર;
કપોત કાગ કરંજન કોર, ચકવા ને ચકવી અમોલ.
રેવા પારેવા ખંજન મીન, લેલી લુક માલણર લીન;
અનેક પંખી બીજા પાસ, પવિત્ર પંખી ચતુર છે ખાસ.

આ વનમાં હું રહેતા હતા ત્યારે એક દિવસ એક પંખીરાજ મારે ઘેર મહેમાન થઈને આવ્યા. મેં તેમની બહુજ બરદાશ કરી. તેથી તે પ્રસન્ન થયા અને જતી વખતે મને અમરફળ આપ્યું. મેં વિચાર કર્યો કે મારા જેવો સુડો અમર થઈને લોકોનું શું કલ્યાણ કરશે! માટે એ ફળ કોઈ એવા નરને આપું કે જેથી આખા દેશને લાભ થાય. આ વખતે અમારો રાજા બહુજ દયાળુ હતો. તેણે પંખીઓની બહુ દરકાર કરી હતી. અમારે માટે પાણીના ઓવારા બંધાવ્યા હતા. પરબડીઓ નંખાવી હતી. અને તેમાં દાણા પાણી મુકાવવાની બધી ગોઠવણ કરી હતી. તે ઉપરથી મને લાગ્યું કે જો આ રાજા અમર થાય તો પંખીઓને બહુજ લાભ થાય. વળી આ રાજા પંખીઓનો શીકાર પણ કરતો નહોતો. પંખીને જે ગલોલ મારે તેને સજા કરતો હતો. અને અમને પણ પુષ્કળ ખાવાનું મળતું હતું એટલે અમે કોઈના પાકને નુકશાન કરતા નહોતા.

હું તો અમરફળ લઇને દરબારમાં ગયો. રાજાએ મને આવકાર આપ્યો. પછી મેં બધી હકીકત કહી અને ફળ ધર્યું. રાજાએ કહ્યું કે હું એકલો અમર થઇને શું કરૂં ! મારા રાજ્યના થાંભલા જેવા પ્રધાનો, મારો પુત્ર, મારા ગુરૂ, વગેરે બધા અમર થાય તેવું કાંઇ કરવું જોઇયે. એમ વિચારી તેણે કહ્યું કે આ ફળને બાગમાં રોપો. તેમાંથી ઝાડ થશે અને ઝાડને ઘણાં ફળ આવશે. તે આપણે બધા ખાઇશું. એમ કહી તે ફળ રાજબાગમાં રોપ્યું. મને તો રાજાએ બહુ બહુ માન આપીને મહેલમાંજ રાખ્યો. જ્યારે મન થાય ત્યારે હું વનમાં જતો હતો. વનમાં મને ઘરડા પંખીઓએ કહ્યું કે રાજા કોઇનો મિત્ર નથી. તમે તેને ફળ આપ્યું તે ઠીક ના કર્યું. રાજા તો કરવત જેવો કહેવાય. જતાયે વહેરે અને આવતાએ વહેરે. પરંતુ મેં કહ્યું કે આ રાજા તો બહુજ ભલો અને દયાળુ છે.

કેટલાએક દિવસ થઇ ગયા એટલે અમર ફળનું ઝાડ મોટું થયું. વખત જતાં તેને ફળ લાગ્યાં. અને એક દિવસ તો એક ફળ પાકીને નીચે પડયું. આ ફળ લઇને માળી રાજા પાસે ગયો. રાજાએ તો તે જોઇને આનંદનો દરબાર બોલાવ્યો. પછી દરબાર વચ્ચે ફળ મૂકયું અને કહ્યું કે આ ફળ કોને કોને આપીયે ? પહેલાં તો બ્રાહ્મણને આપવું જોઇયે. રાજાએ ફળના સાત કટકા કર્યા. તેમાંથી પહેલો કટકો પોતાના ગોરને આપ્યો. બીજો ભાગ પોતાના બાર વર્ષના એકનાએક કુંવરને આપ્યો. અને પછીના પાંચ ભાગ પાંચ પ્રધાનને આપ્યા. અને બીજાઓને કહ્યું કે થોડા દિવસમાં બીજાં ફળ આવશે તે આપણે બધાં લઇશું. પરંતુ થોડીવારમાં એક ગંભિર બનાવ બન્યો. જે જે લોકોએ અમરફળ ખાધા, તેઓ દરબારમાંજ તમર ખાઇને પડયા, અને તેમનાં શરીર લીલાંછમ થઇ ગયાં. રાજાના એકના એક કુંવરની પણ આ દશા થઇ. આ જોઇ બધે હાહાકાર થઇ ગયો. રાજાને બહુ ગુસ્સો આવ્યો, અને કહ્યું કે આ લુચ્ચા પોપટને પકડો. આપણને

અમૃતફળ કહીને તેણે ઝેર આપ્યું છે. પંખીઓની જાતનો નાશ કરો. આખા વનનાં વન બાળો. એ દુષ્ટ સુડાયે મારા એકના એક છોકરાનો પ્રાણ ખોવડાવ્યો છે. મેં પંખીઓ માટે વન વસાવ્યાં, તેમને માટે પાણીનાં સરોવરો કરાવ્યાં, પરબડીઓ બંધાવી, તે સૌનું ફળ આ મળ્યું. માટે હવે કોઇની તરફ દયા દેખાડવી નહિ.

રાજાનો આવો ક્રોધ જોઇને હું તો ધ્રુજી ઉઠયો. મને મારી નાંખે તો ઠીક છે કે એકજ જીવની હાણ, પણ આ તો મારું આખું વન ઉજ્જડ કરવાની વાત હતી. તેથી મેં રાજાને બહુ બહુ કાલાવાલા કર્યા. મેં રાજાને સમજાવ્યા કે એમાં મારો દોષ નથી. જો કદાચ મારા મનમાં પાપ હોત તો હું અહિં શું કરવા રહેત? તમે વનનો નાશ કરવાનું સાહસ ના કરો. સાહસ કર્યા થકી ન થવાનું થઇ જાય છે. એવા મેં તેમને દાખલા આપ્યા, અને કહ્યું કે જ્યાં સુધી હજી આ લોકોના પ્રાણ ગયા નથી ત્યાં સુધી તો કાંઇજ કરશો નહિ. છેવટે મેં રાજા પાસે આટલું કબૂલ કરાવ્યું અને એ લોકોને સાજા કરવા માટે કાંઇક ઔષધી મેળવવા થોડા દિવસની રજા માંગી. મારા મનમાં એમ હતું કે હું પરદુઃખભંજન વિક્રમ રાજા પાસે જઇશ, અને પંખીઓનું વન બચાવવા માંગણી કરીશ. પણ હવે મને એમ થાય છે કે આમાં બિચારા વિક્રમ રાજા શું કરે? નકામી મારી પત ખોવી નહિ. માટે હું તો ગંગાજીમાં જઇને ડૂબી મરીશ. તેથી મારાં સર્વ પાપ ધોવાઇ જશે.

વિક્રમ રાજાએ પોતે આ વાત સાંભળી એટલે તેઓ બોલ્યા કે ભાઈ પંખી, તારે હવે ગંગાજીમાં ડૂબવાની જરૂર નથી. ભગવાને જાતેજ તારૂં દુઃખ સાંભળવા મને અહિં મોકલ્યો છે. હું જાતેજ વિક્રમ છું. તું જલદી ચાલ અને મને પેલા રાજા પાસે લઇજા. પેલા પંખીયો તો વિક્રમ રાજાને જોઇને નવાઇ પામ્યા. પરંતુ તેમને તરતજ ખાત્રી થઈ કે આ વિક્રમ રાજાજ છે. પછી તેઓ પેલા રાજા પાસે જવા નિકળ્યા. પવન વેગે

ચાલીને તેઓ બહુજ જલદી ત્યાં આવી પહોંચ્યા. પેલો પંખી તો ગામ બહારજ રહ્યો. વિક્રમરાય પેલા રાજા પાસે ગયા. હજી પેલા માણસો બેભાન પડયા હતા. વિક્રમરાયે તે રાજાને બહુ સલાહ આપી કે તમે પંખીઓનું વન નાશ ના કરતા. આથી તે રાજાએ કોપ કર્યો અને બોલ્યો કે તમને પંખીની દયા આવે છે પણ માણસની નથી આવતી. તમારા મનમાં એમ છે કે મારા ગામમાં કોઈ ડાહ્યા નથી, ફક્ત તમારામાંજ ડહાપણનો ભંડાર ભર્યો છે. હવે ફરીથી પંખીની ભલામણ કરશો તો હું તમારો પ્રાણ લઈશ. મેં તો આવતી કાલેજ વનનો નાશ કરવાનો ઠરાવ કર્યો છે. ત્યારે વિક્રમરાય બોલ્યા કે મને બે દિવસ આપો. હું તમારા પુત્ર, પ્રધાન, વગેરે સૌને સાજા કરી આપીશ. છેવટે બહુજ આનાકાનીથી તે રાજાએ આટલું કબૂલ કર્યું.

તે રાત્રે રાજાએ તો મોટી સમાધી માંડી. જ્યારે આખી રાત ખૂબ સમાધી કરી ત્યારે દેવ હાજર થયા. વિક્રમ રાજાએ પૂછયું કે મહારાજ મને ખરી હકીકત કહો. આ લોકોને સાજા શી રીતે કરૂં? ત્યારે દેવે વચન કહ્યાં: પંખીની વાત ખરી હતી. એ જે ફળ લાવ્યો હતો તે અમૃત ફળ હતું. પરંતુ રાજાએ લોભ કરીને બહુ ફળની ઈચ્છા કરી અને તે વાવ્યું. જે ઠેકાણે તે વાવ્યું છે ત્યાં ઝેરી નાગ છે. તેને બે મોં છે: એક ઝેરી અને બીજું અમૃતભર્યું. તેના ઝેરી મોંમાં હમેશાં અગન બળ્યા કરે છે. તેથી તે અમૃત ફળ ખાવાની ઈચ્છા કરે છે. આ ફળ વાવ્યું એટલે તેણે તરતજ ઝેરી દાઢથી તેમાં ડંખ માર્યો એટલે તે ફળ ઝેરી થયું. અત્યારે એ નાગ અમુક જગાયે રહે છે. તે જો પોતાની અમૃતભરી દાઢથી આ ઝાડના મૂળને ડંખ મારે તો બધાં ફળનું ઝેર ઉતરી જાય. તેમજ તે ફળ જેઓએ ઝેરી ફળ ખાધું છે તેમને આપશો એટલે તેમનું ઝેર ઉતરી જશે. ઝાડનાં ફળ મીઠાં થશે, પણ અમરપણું તો રાજાએ લોભ કર્યો ત્યારથી ગયુંજ છે.

વિક્રમરાય તો તરતજ પેલા નાગ પાસે ગયા. નાગને

નમન કરીને બહુ રીઝવ્યા. અને પછી વિનંતિ કરી કે પેલું ઝાડ ફરીથી મીઠું કરો. નાગે કહ્યું કે તે ઝેર ચુસી લઉં તો મારા શરીરમાં અગન બળે, માટે હું તેમ નહિ કરૂં. ત્યારે વિક્રમરાજાએ કહ્યું કે તમે તે ઝેર ચુસીને મને ડંખ મારજો એટલે તમારી અગન જતી રહેશે. આ સાંભળી નાગે તે કબૂલ કર્યું. પછી બંને તે ઝાડ પાસે આવ્યા. નાગે ઝાડના મૂળમાં ડંખ માર્યો એટલે તેને બહુજ અગન બળી. તરતજ વિક્રમરાજાએ પોતાનો હાથ ધર્યો. તે હાથને ડંખ મારી તે નાગ ચાલી ગયો. પણ વિક્રમરાજા ત્યાંજ બેભાન થઇને પડયા. પડતી વખતે તેમણે વીર વૈતાળનું સ્મરણ કર્યું. વૈતાળ તરતજ હાજર થયો. અને સાપનું ઝેર ઉતારવાનો મણિ લેવા ગયો. આ વખતેજ વહાણું વાયું. રાજાના રખેવાળોએ વિક્રમને જોયો, અને રાજાને જાણ કરી. ત્યાં બધા આવ્યા. પેલા રાજાએ ધિક્કારથી કહ્યું કે આ માણસ પંખીઓને બચાવવા આવ્યો હતો. પોતે તે ફળ ખાધું હશે તેથી તેના આ હાલ થયા છે. હવે તો એની આશા છોડી દો, અને પંખીઓનાં વન બાળી મૂકો.

એટલામાં વૈતાળ ત્યાં આવ્યો. એને કોઇ જોઈ શકતું નથી. વિક્રમરાજાના હાથમાં તેણે પેલો મણિ મૂકયો. એટલે ઝેર ચુસાઈ ગયું અને રાજાએ આળસ મરડી અને થોડીવારમાંજ તે બેઠા થયા. પેલા રાજાએ પૂછયું કે ભાઈ તમારી બડાશ જોઈ લીધી. હવે તો હું પંખીઓનું વન બાળી મૂકું છું. ત્યારે વિક્રમરાય બોલ્યા કે ભાઇ હું મારૂં કામ કરી શકયો છું. આ ઝાડનાં ફળ અમૃત ફળ થઇ ગયાં છે. એમ કહી એક ફળ તોડીને તેમણે પોતે ખાધું. અને કહ્યું કે આ ફળ પેલા બેભાન થયેલાંને હમણાં ને હમણાં આપો, તો તેઓ બેઠા થશે. પેલા રાજાના મનમાં આ વાત ઉતરતી નથી. ત્યારે વિક્રમરાજાયે વિચાર કર્યો કે હજી આ સાપનું ઝેર ઉતારવાનો મણિ મારી પાસેજ છે. ત્યારે તેનાથી પેલાઓને બેઠા કરૂં. ત્યાર પછી તેઓએ કહ્યું કે જો તમને વિશ્વાસ

ના આવતો હોય તો ચાલો હું તેમને જીવતા કરી આપું. પછી બધા પેલા બેભાન માણસોની પાસે ગયા. રાજાએ દરેકની મુઠીમાં પેલો મણિ થોડી વાર રાખ્યો એટલે દરેકનું ઝેર ચુસાઈ ગયું અને તેઓ બેઠા થયા. ત્યારે બધાંયે જાણ્યું કે આ કોઇ જેવો તેવો પુરૂષ નથી. પછી વિક્રમરાયે કહ્યું કે પેલા ઝાડનાં ફળ ખાવ. પેલા રાજાયે તે પહેલાં એક એંશી વર્ષના માણસને આપ્યું તે મરણ પથારીએ હતો. એટલે એને ઝેર ચઢે તો હરકત નથી, એમ બધાના મનમાં હતું. પરંતુ ફળ ખાધું એટલે તો એ ઉલટો સાજો થયો અને તેનામાં જોર આવ્યું. ત્યારે પેલા રાજાએ વિક્રમને પૂછયું કે આપ કોણ છો અને આ બધું શી રીતે બન્યું તે કહો.

વિક્રમરાયે પછી પોતાની ઓળખાણ આપી અને કહ્યું કે તને પેલા પંખીએ નિઃસ્વાર્થ ભાવે અમર ફળ આપ્યું. ત્યારે તેં લોભ કરી તેમાંથી ઘણાં ફળ કરવાની મરજી કરી, તેનું આ પરિણામ છે. ને નાહકનો તેં પંખીને દુભવ્યો છે. અને જગતમાં સાબિત કરી આપ્યું છે કે "રાજા મિત્ર નહિ." પછી ઝેર શી રીતે આવ્યું અને તે શી રીતે દૂર કરાવ્યું તે બધી વાત કહી. આ સાંભળીને આખો દરબાર વિક્રમ રાજાને નમ્યો, અને પેલા રાજાએ તેમની બહુ બહુ માફી માંગી. અને પંખીઓનું રક્ષણ કરવાનું વચન આપ્યું. ત્યાર પછી વિક્રમરાજા ઉજ્જૈન નગરીયે ચાલી ગયા.

આ પ્રમાણે જે પરોપકારનાં આવાં કામ કરશે તે આ સિંહાસને બેસશે. એમ કહીને પંકજનયની પુતળી ઉડી ગઇ.

અતિ લોભ.

એક મુસલમાન ઘણો ગરીબ હતો. દરરોજ સખત મજુરી કરતાં પણ તેના કુટુંબનું પોષણ સારી રીતે થતું નહિ. કપડેલત્તે પણ તેઓ ચિંથરેહાલ હતાં. એક દિવસ બે ત્રણ દિવસનો ભૂખ્યો ફકીર તેના ઘર આગળ આવી પહોંચ્યો. પોતાની સ્થિતિ પ્રમાણે (યથાશક્તિ) સાદું પણ સ્વાદિષ્ટ ભોજન તે ફકીરના મોં આગળ તેણે ધર્યું. મીઆંએ પોતાનો ભાગ તે ફકીરને ખાવા આપ્યો. આટલાથી તેની ભૂખ મટી નહિ. મીઆંની સ્ત્રીએ તથા તેના દીકરાએ પણ પોતે ન ખાતાં પોતાનો ભાગ ફકીરને આપ્યો. ત્રણે જણ ભૂખ્યાં હોવા છતાં ફકીરના પેટની તૃપ્તિથી તેમના હૃદયમાં આનંદ થયો. તે ફકીર પાસે એક મરઘી હતી. મરઘી દરરોજ સવારે એક સોનાનું ઇંડું મૂકતી. આ મરઘી ફકીરે તે મીયાંને ખુશ થઇ આપી દીધી. બીજે દિવસે સવારે મરઘી પર ઢાંકેલો ટોપલો ઉઘાડતાં ત્રણે જણે આશ્ચર્યની સાથે એક સોનાનું ઇંડું જોયું. મીઆં ખુશ થતો થતો તે સોનું બજારમાં વેચી આવ્યો. દરરોજ એકેક સોનાનું ઇંડું મળવાથી તેની સ્થિતિમાં ઘણો ફેરફાર થઈ ગયો. ગામમાં પૈસાદાર તરીકે તેની ગણતરી થવા લાગી. સ્થિતિના ફેરફાર સાથે મન તથા સ્વભાવમાં પણ મોટો ફેર પડતો ગયો. તે દિવસે દિવસે કંજુસ તથા લોભી બન્યો. એક દિવસ તેણે વિચાર્યું, કે 'મરઘી દરરોજ સોનાનું એક ઇંડું આપે છે માટે તેના પેટમાં ઘણાં ઇંડાં હોવાં જોઇએ. તેને દરરોજ દાણા ખવડાવવા કરતાં તેનું પેટ ચીરી બધાં ઇંડાં કાઢી લઇએ તો વધારે દાણા ખવડાવવા પડે નહિ.' આમ વિચારી સોનાનાં ઘણાં ઇંડાં મેળવવાના લોભમાં મીઆંએ તે મરઘી મારી નાંખી. પછી તેનું પેટ ચીરી જોયું તો માંહે કંઈ મળે નહિ.

સોનાનું ઇંડું આપનારી મરઘી ખોઈ, દરરોજનું એક સોનાનું ઇંડું ખોયું એટલે તે ઘણું પસ્તાવા લાગ્યો. પણ જે થયું તે ન થયું બને નહિ. વગર વિચાર્યું કામ કરીએ તો પાછળથી પસ્તાવું પડે. **લોભે લક્ષણ જાય, અતિ લોભ તે પાપનું મૂળ.**

પ્રભાકર.

સ્વદેશપ્રેમી શશિકળા.

શશિકળા બ્રહ્મપોળમાં રહેતા કુન્દનલાલ શેઠની એકની એક લાડકવાયી પુત્રી હતી. ન્હાપણથીજ તે બટકબોલી અને ચાલાક હતી. નિશાળમાં દરેક વર્ષે પહેલે નંબરે પાસ થતી અને ઈનામ મેળવતી. શિક્ષક વર્ગમાં પણ તે માનિતી થઈ પડી હતી.

નિશાળેથી આવ્યા પછી દરરોજ સાંજના પોળની ચારપાંચ છોકરીઓ સાથે સ્ટેશનની પાસેના બાગમાં, તો કોઈવાર ખેતરોમાં નીકળી પડતી, અને દરેક ચીજ બારિકીથી નિહાળી પોતાની બુદ્ધિ અનુસાર પોતાની બ્હેનપણીઓને સમજાવતી. સમજ ન પડે તો બીજે દિવસે તે બાબતનો મહેતીજી પાસે ખુલાસો માંગી શિખી લેતી.

આજે રવિવાર હોવાથી શશિકળા બ્હેનપણીઓ સંગાથે આશ્રમ જોવા ગઈ હતી. ત્યાંથી પાછા ફરતાં નારણદેવ તરફથી આવતું શુદ્ધ ખાદિમાં સજ્જ થયેલા છોકરાનું સરઘસ મળ્યું. છોકરાઓના હાથમાં ધજાઓ હતી. કોઈ કોઈના ગળામાં ખાદીનાં પાટીઆં લટકાવ્યાં હતાં. તેમાં "વંદેમાતરમ્" "તમારા દીલમાં દેશની જરા પણ દાઝ હોય તો પરદેશી કાપડનો બહિષ્કાર કરી ખાદી વાપરો અને બીજાઓને પણ તેમ કરવા સત્યાગ્રહ કરો." વગેરે સૂત્રો લખેલાં હતાં.

શશિકળાએ પોતાની સખી સુશીલાને એ સૂત્રોનો અર્થ સમજાવ્યો. આથી સુશીલાના મન પર ઘણી સારી અસર થઈ અને ત્યાંને ત્યાંજ પરદેશી કાપડને બદલે ખાદી વાપરવાના સોગંદ લીધા. પોતાની અન્ય સખીઓને પણ ખાદી વાપરવાથી થતા ફાયદા સમજાવ્યા. ધીમે ધીમે પોતે પણ ખાદીમાં રસ લેવા

લાગી અને જ્યારે જ્યારે પણ ગામમાં ખાદી પ્રદર્શન ભરાતું ત્યારે ઘણા ઉમંગથી ભાગ લેતી.

જો કે કુન્દનલાલ શેઠ પોતે વિલાયતીના હીમાયતી હોવાથી સ્વદેશી પ્રત્યે તિરસ્કાર હતો, પરંતુ પોતાની આટલી ન્હાની પુત્રીનો સ્વદેશપ્રેમ જોઇ તેના સત્યાગ્રહને માન આપ્યું. અરે એટલુંજ નહીં પણ પોતે ખાદી ફંડ ઉભું કરી તેમાં પોતાની સર્વ મીલકત આપી દીધી છે. તે ઉપરાંત ગરીબોને સસ્તી ખાદી મળે માટે એક વણાટશાળા કાઢી છે. શશિકળાએ વણાટશાળાનો બધો કારભાર પોતાને શિર લીધો છે અને તેમાં ઘણી બેનો કાંતવા તથા વણવાનું કામ કરે છે. જુઓ શશિકળાના સ્વદેશ-પ્રેમનો વિજય.

આણુ.

હરસ, મસાથી પીડાતા દરદીઓને

હવે પીડાવાની જરૂર નથી.

મફત દવા મેળવી આરામ ભોગવો.

" ગમે એવા હરીલા, દુઝતા, મસા મફત ત્રણ દિવસમાં કોઈ પણ જાતનાં દુઃખ દરદ વિના માત્ર દવાથી જ ખરી જાય છે."

તે માટે

દવા મફત આપવામાં આવે છે.

વધુ ખુલાસા માટે લખો યા મળો.

" ડૉ. પાઠક. "

સ્ટેશન રોડ—મુઃ દહાણુ:

(બી. બી. સી. આઈ. રેલવે)

કવિ કુલમણિ કાળીદાસ.

(લેખકઃ—શે. રા. જસભાઇ મણિભાઇ કારભારી–વાંસદા.)

ઉજ્જયનિ નામે મોટી નગરી હતી. રાજા ભોજ તે નગરીના રાજા હતા. તે રાજાને વિદ્યાનો બહુ શોખ હતો. તે હમેશાં વિદ્વાનોની મોટી મોટી સભાઓ ભરતો અને તેમની સાથે તે જ્ઞાનની ચર્ચા કરતો. તેના રાજ્યમાં બહુ શાંતિ હોઈ ને રાજ્યમાં આબાદી ફેલાઈ હતી. રાત્રે અંધાર પછેડો ઓઢીને રાજા ભોજ શહેરમાં નગરચર્યા જોવા નીકળતો. તેના દરબારમાં દેશ દેશાવરથી મોટા પંડિતો આવતા અને તે નવરત્ન દરબાર કહેવાતો. કેમકે, એક એકથી ચડીઆતા નવ પંડિતો એના દરબારમાં હતા. જેમાંના મુખ્યનું નામ માઘ પંડીત હતું. આ માઘ પંડિતને બે પુત્રીઓ હતી. મોટી પુત્રીનું નામ તારાગવરી ને નાનીનું નામ સવિતાગવરી એમ અનુક્રમે નામ હતાં. આ બે પુત્રીઓ ભણેલી તેમજ વિદ્વાન હતી. એક વખત માઘ પંડિત જમીને પોતાની પુત્રીઓ સાથે વાતચીત કરતા બેઠા હતા. તેવામાં તેમણે પોતાની બન્ને પુત્રીઓને પુછ્યું: "તમે આપકર્મી છો કે બાપકર્મી?" આ ઉપરથી મોટી પુત્રીએ કહ્યું કે બાપકર્મી ને નાનીએ કહ્યું કે આપકર્મી. આથી માઘ પંડિતે પોતાની નાની પુત્રીને કહ્યું: "તું મારે ત્યાં રહે છે, જમે છે છતાં તું પોતાને કહે છે કે તું આપકર્મી છે? તો આ કેવી રીતે બની શકે?" ત્યારે નાની પુત્રીએ કહ્યું: "જ્યાં સુધી મારા નસીબમાં તમારે ત્યાં રહેવાનું લખાયું છે ત્યાં સુધીજ તમે મને તમારે ત્યાં રાખશો, અને હું પણ રહીશ. પણ જ્યારે મારો કાળ પુરો થશે ત્યારે હું અહીંથી ચાલી જઇશ." આથી પંડિત ગુસ્સે થઇને એકદમ

ગાડીમાં બેસીને બજારમાં ગયો. અને એક કડીયારો કે જેનું નામ કાળીઓ હતું, તેને લઈને પોતાને ઘેર આવ્યો. એ કડીઆરા સાથે પંડિતે પોતાની નાની પુત્રીને પરણાવી દીધી. પરંતુ પેલો કડીયારો ડરતો હોવાથી જેવી લગ્નક્રિયા પુરી થઈ કે તરત જ તે ઘરમાંથી બહાર આવ્યો અને નાસવા લાગ્યો. પંડિતની પુત્રી સવિતા પણ પોતાના પતિ કડીઆરાની પાછળ નાસવા લાગી. આ જોઈને પેલો કડીયારો ઉભો રહ્યો. અને જેવી સવિતા પાસે આવી કે તરતજ તેને થોડો માર મારી તે ત્યાંથી નાસી ગયો. બિચારી સવિતા ત્યાંજ બેસી ગઈ અને રડવા લાગી. આ વખતે એક નગરશેઠની સ્ત્રી દર્શન કરીને ઘર તરફ ગાડીમાં જતી હતી. તે વખતે તેણીએ સવિતાને રડતી સાંભળીને ગાડી ઉભી રખાવી, અને ગાડીમાંથી નીચે ઉતરીને તેણે બધી પુછપરછ કરી. આ સાંભળીને શેઠાણીએ સવિતાને પોતાની ગાડીમાં બેસાડી અને પોતાને મકાને લાવી. વળી તેને જુદી રહેવા માટે તેણે જુદું મકાન આપ્યું. પછી તેણે કડીઆરાની શોધ કરાવી. પરિણામે તે મળી આવ્યો. પોતાને ત્યાં દરરોજ લાકડાનો ભારો લાવવાનું શેઠાણીએ કડીઆરાને કહ્યું. તે તેને રોજ ખવરાવતી અને પોતાને ત્યાંજ રાખતી. ધીમે ધીમે તેને ત્યાં સુખ મળવા લાગ્યું એટલે તે આળસુ થવા લાગ્યો. હવે તે ત્રીજે ત્રીજે દિવસે ભારો લાવવા લાગ્યો. પછી અઠવાડીએ અને પછી પંદર પંદર દિવસે ભારો લાવવાનો ક્રમ ચાલ્યો. અંતે મહીને મહીને પણ ભારો લાવવા લાગ્યો. દરમ્યાન સવિતા સાથે તેનો ત્યાં મેળાપ થવા લાગ્યો. તે બાઈ વિદુષી હતી. આથી તેણે એક દિવસ કડીઆરાને–પોતાના પતિને કહ્યું, "જ્યારે તમને કોઈ વરદાન માગવાનું કહે ત્યારે તમારે કહેવું કે હું ઘરે જઇને પુછી આવું." હવે એક દિવસે દૈવયોગે તે ભારો લેવા ગયો. ત્યારે વિચારમાં ને વિચારમાં શહેર બહાર ત્રણ ચાર માઇલ દૂર ચાલ્યો ગયો. ત્યાં એક સારૂં બાવળનું સુકાઇ ગયેલું ઝાડ તણે જોયું. આથી તેણે તે ઝાડ ઉપર ઘા કર્યો. ઘા કરતાંની સાથેજ સર-

સ્વતિજી પ્રગટ થયાં અને બોલી ઉઠયાં, "માગ, માગ, માગ." કડીઆરે કહ્યું, "હમણાં જરા ઉભાં રહો, હું એક સ્ત્રીને પુછી આવું, કારણકે મને રોજ ખાવાનું તે આપે છે." આમ કહીને તે ઘરે ગયો ને પુછીને આવ્યો.

પછી તે બોલ્યો: "હે માતા તમે મારી જીવ્હા પર બેસો." આથી સરસ્વતીજી તથાસ્તુ કહીને તેની જીભપર બેસી ગયાં. તરતજ તે બધી બાબત સમજી ગયો. અને કુહાડી ત્યાંજ પડતી મુકી તે કડીયારો એકદમ ઘરે આવ્યો. અને દેવસેવા કરવા લાગ્યો. વળી તેનું હૈયું ઉઘડી જવાથી તે મોટા મોટા ગ્રંથો રચવા લાગ્યો, ને કાળીયો મટી મહાવિદ્વાન્ કાળીદાસ થયો.

એક દિવસ ભોજ રાજા પોતાના મહેલમાં બેઠા હતા. તેવામાં તેમની મધુરી નામની સ્ત્રી તેમને જમવા માટે એક સોનાના થાળમાં ભોજન લઇને તે ઉપર ચડવા લાગી. તે અરધે સુધી પહોંચી ત્યારે ભોજરાજા તેના જોવામાં આવ્યા. પતિના દર્શનથી પુલકિત થયેલી એ પ્રમદા ઉતાવળી ઉતાવળી દાદર ચઢતાં એક પગથીઉ ભૂલી ગઈ. અને ક્ષણમાત્રમાં હાથમાંથી સુવર્ણનો થાળ છેક જમીન પર જઇને અફળાયો. થાળના પડવાથી 'ઠણુણું ઠણુણું ઠંઠ' અવાજ થયો. જે રાજા ભોજે સાંભળ્યો. વિદ્વાન રાજાએ થાળ પડવાથી થયેલા ધ્વનિની નોંધ કરી અને તરતજ માઘ પંડિતને તેડવા માણસ મોકલ્યું. આ વખતે માઘ પંડિત ઘરેજ હોવાથી તેઓ તરતજ રાજા પાસે આવ્યા. એટલે તેમને ભોજ રાજાએ કહ્યું: "આ કાગળમાં જે લખેલું છે તેનો અર્થ કરો." આ કાગળ જોઇને માઘ પંડિત સ્તબ્ધ બની ગયા. તે ઉંડા વિચારમાં પડી ગયા અને તે બોલી ઉઠયા, "આનો ઉત્તર હું આવતી કાલે આપીશ." એમ કહી તેઓ પોતાને ઘેર ગયા. પછી તે ચિંતાગ્રસ્ત થવાથી મનમાં વિચાર કરતા હીંચકા પર બેસીને ધીરે ધીરે હીંચવા માંડયા. આ વખતે તેમની સ્ત્રી ત્યાં આવ્યાં, અને તેમને ઉદાસ થઈ બેઠેલા જોવાથી તે બોલ્યાં:

"હે પ્રાણનાથ, આજે આમ ઉદાસ થઈ શામાટે બેઠા છો ?" પહેલાં તો તેઓ કંઇપણ બોલ્યા નહીં, પણ પત્નીના હદપાર આગ્રહથી તેઓએ તમામ હકીકત કહી. આથી તેમની પત્ની પણ વિચારમાં પડી ગયાં. પણ અંતે તેઓ હર્ષથી બોલી ઉઠયાં: "મને એક રસ્તો સુઝી આવ્યો છે." "કયો રસ્તો ? મને તો તેમાં કંઇ સમજણ પડતી નથી." આમ માઘ પંડિતે કહ્યું. ત્યારે તેમની પત્ની બોલ્યાં: "આપણો જમાઇ કાલિદાસ છે તેને મોકલો એટલે તે રાજાને જવાબ દેશે. કારણ કે મને એક વખત સવિતા વાત કરતી હતી કે કાળીદાસને સરસ્વતિજી પ્રસન્ન થયાં છે." આથી માઘ પંડિત તરતજ ઉઠયા અને ભોજરાજા પાસે ગયા એટલે રાજાએ ઉત્તરની માગણી કરી. પંડિતે ઉત્તરનો જવાબ આપવા માટે પોતાના જમાઈ કાળીદાસને બોલાવવાની રાજાને વિનંતી કરી જે તેણે સ્વીકારી અને કાળીદાસને ત્યાં બોલાવવામાં આવ્યા. ત્યાં એજ પ્રશ્ન તેને પણ પૂછાયો. પહેલાં તો તે પણ વિચારમાં પડી ગયાં. પણ સરસ્વતિજીની મદદથી તેઓ નીચે પ્રમાણે બોલી ઉઠયા:—

भोजस्य भार्या मधुरी वरेणीयं ।
हस्ते हेमचंद्र पात्र ठणणं ठणणं ठंठा ॥

ભાવાર્થ:—રાજા ભોજની પ્રિયા મધુરી હસ્તમાં હેમનો ભોજન થાળ લઇને, દાદર ચઢતાં પગથીયું ભૂલી કે તરતજ 'ઠણણણં' કરતો થાળ જમીનપર જઇને અફળાયો.

આ શબ્દો સાંભળી રાજા બહુ ખુશ થઇ ગયો, અને કાળીદાસને પુષ્કળ દ્રવ્ય આપ્યું. તેણે કાળીદાસને મુખ્ય પંડિતની જગ્યા આપી. વિદ્વતા અને વાક્ચાતુર્યથી કાળીદાસ ભોજરાજાને બહુ ભાવી ગયા અને તેની સુચના વાંગ જેવા થઈ પડયા. રાજા ભોજના નવરત્ન દરબારનું કાળીદાસ એ એક ઉત્તમ રત્ન હતું એ વિષે વાંચકને ફરીને યાદ આપવાની જરૂર રહેતી નથી! જ.

કેરીઓની વખાર.

કેરી ખાતાં ખાતાં બાલુ બોલ્યો, "અરે, વિનુ આ કેરી તારા પોતાનાજ આંબાની કે ?"

વિનુ—ના, રે ભાઇ ! અમારો આંબો આ સાલ બહુ આવ્યો નથી. આ તો બજારની કેરી છે. પણ તને કેવી મીઠી લાગેછે.

બાલુ—ઠીક છે. પણ અમારા 'જમાદાર' જેવી નહિ થવાની. અમારો જમાદાર એ તો શુદ્ધ ભાવનગરી ખડી સાકર જ છે.

વિનુ—તારો જમદાર કયો ? ગયા રવિવારે તેં મને એક લીલી કેરી આપી હતી તેજ કે ?

બાલુ—હા, તેજ. આપણે તે લીલી કેરી મીઠું નાખીને ખાતા હતા અને તારા બાપા આવેલા, અને આપણે કાચી કેરી ખાતા હતા ત્યારે ખીજાયેલા. તને યાદ છે કે ? એજ અમારો જમાદાર આંબો.

વિનુ—પણ તે તો ખાટી આંબલી હતી. તું એનાં આટલાં બધાં વખાણ કેમ કરે છે ?

બાલુ—વખાણ ખોટાં નથી કરતો. તે તેવીજ છે. તને તેની ખટાશ યાદ રહી છે, તેમ તેની કઠણાશ પણ યાદ હશેજ.

વિનુ—એ તો કેમ ભૂલાય ? મારા હાથ હજી બળે છે. મૂઠી મારીને તેને તોડવાની આપણે સરત કરી હતી. અને બે ત્રણ મૂઠી મેં જોરથી મારી, પણ કાંઇ જ વળ્યું નહિ. બે દિવસ સુધી તો મારો હાથ દુખ્યો.

બાલુ—કેમ ન દુખે ! તું બળવાને બહુ !

વિનુ—પણ શું એ તમારા જમાદાર આંબાની હતી !

બાલુ—હા. એ તેનીજ હતી. હમણાં અમે તેની વખાર નાખેલી છે. આજ બપોરે હું ત્યાં જવાનો છું. તું આવીશ કે ?

વિનુ—હા, જરૂર, આવીશ. મેં કેરીઓની વખાર કદી જોઈ નથી. તું કેટલા વાગ્યે જવાનો છે?..

બાલુ—ચાર વાગતાં. તું જરૂર આવજે હો.

* * * *

આટલું કહી **બાલુ** ઘેર ગયો. **વિનુ** ચાર વાગતાં ત્યાં આવ્યો. તેને જોઈને **બાલુ**ના બાપા બોલ્યા, " **વિનુ**, ઠીક વખતસર આવ્યો. અમે તારીજ વાટ જોતા હતા. **બાલુ**એ મને કહ્યું કે તે કેરીઓની વખાર કદી જોઇ નથી. ચાલ, આજ તને એ બતાવીશ."

બધા વખારે ગયા. વખાર ઘણી મોટી હતી અને તેમાં સાત આઠ ખંડ હતા. તેમાં પેસતાં જ મીઠી વાસ આવી. ઘાસનો એક મોટો ઢગલો-ઓટો બનાવ્યો હતો, અને બે ત્રણ જણા ઘાસના અને કેરીઓના થર ગોઠવતા હતા. એક જણે એક બાજુ સાદડી પાથરી આપી. અમે બધા તેની ઉપર બેઠા. એક જણે થોડી કેરીઓ પાસે લાવીને મૂકી. તે જોતાંજ **બાલુ** બોલ્યો,

" જો, આ જમાદાર કેરી. વખારમાંથી હમણાંજ કાઢી છે એટલે કેરીઓ હજુ ગરમ છે. એ ચાખી જો એટલે હું ખરૂં કહેતો હતો કે નહિ તે જણાશે."

વિનુ કેરી ચાખીને બોલ્યો, " ખરેખર, તું કહેતો હતો તે પ્રમાણે આ ભાવનગરી ખડી સાકર જ છે. પણ એમ કેમ? આ લીલી હતી ત્યારે તો ખાટી આંબલી હતી?"

બાલુ—અને હવે એ પહેલાંના જેટલી કઠણ પણ નથી. જરા આંગળી દાબ તો કેવી પોચી લાગે છે!

વિનુ—હા, ખરી વાત. એનો રંગ પણ કેવો શિંદોરીઓ થઈ ગયો છે. સાત આઠ દિવસમાં આટલો ફરક? ઘણું આશ્ચર્ય! શાથી આટલો ફેરફાર થયો હશે?

વિનુનો આ પ્રશ્ન સાંભળીને **બાલુ**ના બાપા બોલ્યા, " વિચાર કરી જો, એટલે તેનું કારણ તને

વિનુ વખાર તરફ જોઈને બોલ્યો, "ઘાસમાં ભરવાથી."

બાપા બોલ્યા, "ઘાસ તો સાધન છે: કારણ નથી. ઘાસમાં ભરી મૂકવાથી પણ આવો ફેરફાર કેમ થાય? કારણ શું?"

બંને છોકરા મુંઝાયા. ઉત્તર જડયો નહિ. વખાર તરફ જોવા લાગ્યા. પણ તેમાં તો ઘાસ અને કેરીઓ સિવાય બીજું કાંઈ હતું નહિ.

બાપા—કારણ સમજાતું નથી કે? વારૂ, ત્યારે હું કહું તેમ કરો. તમે બંને જણ વખારની અંદર હાથ નાખી જુઓ. અને પછી વિચાર કરીને કહો.

બાલુ અને **વિનુ** બંનેએ વખારની અંદર ઉંડા હાથ નાખ્યો. **વિનુ** તરતજ બોલી ઉઠયો,

"બાપા આ ઘાસ અને કેરીઓ બેઉ ખૂબ બાફ મારે છે. બીજું કંઇ અંદર જણાતું નથી."

બાલુ—મને પણ તેમજ લાગે છે.

બાપા—ત્યારે, બાફ એજ કેરીઓમાં ફેરફાર કરનારૂં કારણ હોવું જોઈએ, એમ તમને નથી લાગતું?

વિનુ—શું કહો છો! આ બાફને લીધે લીલી, ખાટી અને કઠણ કેરી શિંદોરીઆ, મીઠી અને પોચી થઇ ગઇ?

બાપા—હા. બાફને લીધે લીલો રંગ હતો તે શિંદોરીઓ થઈ ગયો, ખટાશને બદલે મિઠાશ આવી અને કેરીઓ કઠણ પત્થર જેવી હતી તે પોચી નરમ થઈ ગઇ.

બાલુ—પણ પ્રથમ એ બાફ આવી કયાંથી? આ વખારની નીચે કે ભોંયતળીએ કંઇ દેવતા તો દેખાતો નથી!

બાપા—નહિ. દેવતાની ગરમી આપીને કેરીઓ પકવવામાં આવતી નથી. એ ગરમી તો કેરીઓમાંથીજ નીકળી છે.

વિનુ—મોટું આશ્ચર્ય! લીલી કેરીઓ તો હાથને ઠંડી

લાગે છે અને ઘાસ પણ તેવુંજ ઠંડું છે. તો પછી આ ગરમી કેરીઓમાં આવી ક્યાંથી?

બાપા—એ કેરીઓમાં જે ખટાશ હતી તે તેમાં રહેલા એ ત્રણ પદાર્થો (એસિડો) ની હતી. તે એસિડો સિવાય પણ કેરીઓની અંદર બીજી કેટલીક વસ્તુઓ છે. તે બધાના મેળાપથી એ એસિડો બદલાઇને એક જાતની મિઠાશ બની જાય છે અને તેમ થતાં ગરમી આપોઆપ ઉત્પન્ન થાય છે. આ ગરમીને રસાયન-ગરમી કહે છે.

વિનુ—એ એસિડો અને બીજી વસ્તુઓ જૂદી જૂદી રાખીએ તો તેમાંથી ગરમી ઉપજે કે?

બાપા—નહિ, તે બધાં સાથે થવાં જોઇએ. અને માત્ર સાથે થવાથી નહિ, પણ તેનો સંયોગ થવાથી ગરમી ઉત્પન્ન થાય છે. એ ગરમી સાધારણ ગરમી નથી, પણ જૂદાજ પ્રકારની છે; તેને રસાયન-ગરમી કહે છે.

બાલુ—એ રસાયન-ગરમી કેરીઓની વખાર સિવાય બીજે ક્યાંય ઉત્પન્ન થાય છે કે?

બાપા—હા. હા, ઘણે ઠેકાણે થાય છે. વહેવારમાં ઘણા દાખલામાં રસાયન-ગરમી ઉત્પન્ન થાય છે. તમારા જાણવામાં પણ તે હશે. તમે જોયું હશે કે બૈરાંઓ મગ, ચોળા, વાલ વગેરેને પલાળી રાખે છે અને પછી તેને કોરાં કરી દાબમાં મૂકે છે. એ રીતે દાબમાં રહેવાથી તે કેવાં ફૂલે છે અને પોચા થઈ જાય છે? તે વખતે તમે જોશો તો તેમાં ગરમી હોય છે. વળી તમે સીતાફળ, પોપૈયાં વગેરે કાચાં હોય ત્યારે તેને અનાજમાં દાબી મૂકો છો, અને પાકે છે ત્યારે કાઢો છો. એ વખતે તેમાં ગરમી હોય છે તે તમે જોઈ છે ના! હજી પણ એક સારો દાખલો આપું. કળી ચુનાના ગાંગડા પર પાણી નાંખતાં, તેમાંથી આપણે દેખીએ તેમ ગરમી છુટે છે અને બાફ નીકળે છે. શેરડીનો રસ

પણ કેટલીક વખત પડીરહે છે તો તેમાંથી ગરમી છુટે છે. વધારે શું ? આપણું શરીર પણ કેટલાક વખત તપી આવે છે. આ બધાં રસાયન-ગરમીનાંજ ઉદાહરણો છે.

બાલુ—પણ રસાયન-ગરમી શું ? એની મને બરાબર સમજુતી નથી.

બાપા—એવી ઘણી વસ્તુઓ છે કે જે એક બીજામાં મળી જતાં તદ્દન જૂદાજ ગુણ ધર્મ વાળી વસ્તુ તેમાંથી ઉત્પન્ન થાય છે. જેમકે હળદર અને ચુનો. ચુનો અને નવસાર. કાથો અને ચૂનો. આ પદાર્થો એકત્ર થાય એટલે તેનો સંયોગ થાય અને સંયોગ થતાં તેમાં વધતી ઓછી ગરમી ઉત્પન્ન થાય જ. આ ગરમી તે રસાયન-ગરમી. એ પદાર્થો મળવાથી નવો ત્રીજો પદાર્થ બને. તે ત્રીજા પદાર્થના ગુણ ધર્મ ભિન્ન હોય છે. એટલે કે મૂળ પદાર્થના ગુણ ધર્મ એ નવા પદાર્થમાં હોતા નથી: તેમાં તો નવાજ ગુણ ધર્મ આવેલા હોય છે. એટલું ખરૂં કે જે પદાર્થોનો સંયોગ થાય, તે નિયમિત પ્રમાણમાં મળવા જોઇએ.

વિનુ—બરાબર, તમે કહ્યું તે બધું કેરીઓને લાગુ પડે છે. કેરીઓની મૂળની ખટાશને બદલે મિઠાશ આવી. લીલાશને બદલે [illegible]ળાશ-લાલાશ આવી અને કઠણાશને બદલે નરમાશ આવી. [illegible]કી કેરીના ગુણ ધર્મ એ રીતે કાચી કેરીના ગુણ ધર્મથી તદ્દન ભિન્ન છે.

બાપા—બીજા દાખલાઓમાં પણ તમને એમજ જણાશે. બોલો, હવે તમને બરાબર સમજાયું કે નહિ ?

બાલુ—હા. બરાબર સમજાયું. હું મારા સોબતીઓને હવે પૂછીશ કે કાચી કેરીઓ વખારમાં નાખતાં શા કારણથી પાકે છે ? મને ખાત્રી છે કે તેમને તે નહિ આવડે.

બાપા—પણ, તેમને ન આવડે તેમાં તું તેમનો વાંક ગણીશ નહિ હોં. તને પણ ક્યાં આવડતું હતું ! બીજા કરતાં કોઇ વાત આપણને વિશેષ આવડે, તો ફુલાઇ જવું નહિ. આપણને જે આવડતું હોય તે મીઠા શબ્દોથી બીજાને શીખવાડવું એમાં ડહાપણ અને ભલમનસાઇ છે.

બાળકો માટે-રામાયણની વાતો.

૧૭—જટાયુ અને શબરીનો ઉદ્ધાર.

સીતા જેવી મહાન સાધ્વી સતીને દુષ્ટ રાવણ છળ કરી હરી ગયો! હવે રામની શી સ્થિતિ થઇ ? રામ હરણને મારી ઉતાવળે પગે આશ્રમ તરફ આવતા હતા. ચાલતાં ચાલતાં તેમણે લક્ષ્મણને પોતાની તરફ આવતા જોયા. લક્ષ્મણને તેમણે મઢુલી છોડી કયાંએ પણ ન જવાની આજ્ઞા કરી હતી. લક્ષ્મણ વિના કારણ કદિએ રામની આજ્ઞાનો ભંગ કરે એ સંભવિત ન હતું. આથી લક્ષ્મણને આવતા જોઈ રામ બહુજ ઉંડા વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે, જરૂર જ કંઇ અનિષ્ટ થવા પામ્યું હશે. આવા તર્કવિતર્ક કરે છે એવામાં લક્ષ્મણ છેક નજીક આવી પહોંચ્યા. રામે તરત જ તેમને પૂછયું કે, " ભાઈ, તમે સીતાને એકલી મૂકીને આમ અચાનક કેમ આવ્યા ? તમને એવું તે જરૂરનું શું કારણ આવી પડયું કે જેને લીધે તમે મારી આજ્ઞાનો ભંગ કર્યો ? તમે જાણો છો, કે આ આખું વન વિકરાળ રાક્ષસોથી ભરેલું છે. ઠેરઠેર રાક્ષસોનાં ટોળેટોળાં આમથી તેમ આથડયાં કરે છે. આવી સ્થિતિમાં સીતાને એકલી મૂકતાં વિચાર ન આવ્યો ? કદાચ તેને એકલી જાણી કોઇ દુષ્ટ હેરાન કરશે યા ઉપાડી જશે તો ? સીતા દુઃખમાં આવી પડતાં યા તેનો વિયોગ થતાં આપણે કેવી મહાન્ વિપત્તિમાં આવી પડીશું, મારૂં જીવવું કેવું નકામું થશે, તેનો તમે કંઇજ વિચાર ન કર્યો ? એવા તે હું કેવા દુઃખમાં આવી ફસાયો હતો કે તમે સીતાને ખોવાનું જોખમ વેઠી મારી મદદે ધાઈ આવ્યા ? ભાઇ ! તમે આ કાળે તો જરાએ સારૂં કર્યું નહિ. " રામનાં આવાં વચન સાંભળતાંજ લક્ષ્મણ પગમાં

પડયા અને કહેવા લાગ્યા, કે " ભાઇ, એમ કરવામાં મારો જરાએ અપરાધ નથી. મને તો આશ્રમ છોડવો જરાએ પાલવતો ન હતો. વળી મારે આશ્રમ છોડવાની જરૂર પણ ન હતી. કારણુ આપ સર્વ રીતે સમર્થ છો અને આપનો કોઇ વાંકો વાળ કરી શકે એમ છેજ નહિ એમ મારી પાકી ખાત્રી છે. પરંતુ સીતાજીને મારા કહેવામાં જરાએ વિશ્વાસ આવ્યો નહિ. તેમણે ન કહેવાનાં અનેક વચનો કહી નાંખ્યાં એટલે બહુજ લાચારીથી મારે આશ્રમ છોડવો પડયો. "

રામને લક્ષ્મણની વાતથી બહુજ દુઃખ થયું. તેમને લાગ્યું કે જરૂર જ કંઇ બૂરૂં થવા બેઠું છે. નહિ તો સીતાની બુદ્ધિમાં આટલો બધો ફરક પડવા પામે નહિ. આમ કરતાં કરતાં તેઓ ઝુંપડી પાસે આવી પહોંચ્યા. જુએ છે તો સીતા ઝુંપડીમાં જણાયાં નહિ. આસપાસ ચારે તરફ નજર ફેરવી પણ પરિણામમાં રામને પોતાનો સંદેહ જ સાચો પડતો જણાયો. પોતાનો શક એ શક નથી; પણ સાચી વાત છે અને સીતા જરૂર જ અહીં નથી એ વિચારની સાથે જ રામની આંખે અંધારાં અને મગજમાં ચક્કર આવવા લાગ્યાં. રામ કે જેને એક વખત રાજગાદિ મળવાના સમાચારથી જરાએ હર્ષ નહોતો થયો, કે વનવાસ જવાની ખબરથી લેશ માત્ર પણ શોક થવા પામ્યો ન હતો તે આજે " સીતા મઢુલીમાં નથી " એટલા જ વિચારની સાથે બેહોશ બની ગયા. તેમને આખું જગત અંધકારમય જણાયું. દિલમાં દાવાનળ દુઃખ થઈ આવ્યું. લક્ષ્મણના દુઃખનો પણ પાર રહ્યો નહિ. બંને ભાઇઓ દુઃખથી વ્યાકુળ બની અત્યંત વિલાપ કરવા લાગ્યા: તેમના કરૂણાજનક વિલાપથી આખું વન કકળી ઉઠયું. વનનાં પશુપક્ષીઓ કકળાટ કરી ઉઠયાં.

બહુ બહુ વિલાપને અંતે જ્યારે તેમણે જોયું કે આમ રૂદન કરવાથી હવે કંઈ જ વળે એમ નથી ત્યારે તેમણે સીતાની શોધ કરવા તરફ મન દોર્યું. પ્રથમ તેઓ વનના ઉત્તર તરફના ભાગમાં " હા સીતે! હા સીતે! " એમ વિલાપ કરતા અને રડતા

ચાલી નીકળ્યા. તેઓ એકેએક સરોવર, નદી, ગુફા, ઝાડ, વગેરે સર્વ સ્થળે ખોળી વળ્યા; પણ ક્યાંએ સીતાનો પત્તો લાગ્યો નહિ. પછી તેઓ બહુજ નિરાશ બની પંચવટીમાં પાછા આવ્યા. આ પછી તેમણે દક્ષિણ તરફ શોધ શરૂ કરી. પંચવટીને છેલ્લા પ્રણામ કરી રડતી આંખે અને બળતા હૃદયે ચાલી નીકળ્યા. માર્ગમાં ચારે તરફ રામ ગાંડાની માફક જોતા જાય છે. કેટલેક છેટે ગયા પછી રસ્તામાં એક રાક્ષસનાં મોટાં પગલાંની સાથે કુંકુમની રેખા જેવી નાની નાજુક સીતાની પગલીઓ તેમના જોવામાં આવી. થોડે દૂર, વળી સીતાજીની મોતીની માળા પડી હતી તે ઉપર તેમની નજર ગઈ. તેમને લાગ્યું કે જરૂર જ આ કોઈ મોટાં પગલાંવાળો રાક્ષસ સીતાને ઉપાડી આ તરફ લઇ ગયો છે. આ વિચારની સાથેજ બંનેનું કાળજું વીંધાઇ ગયું. તેમનું નૂર ઉડી ગયું. તેઓ હતાશ બની વધારે ને વધારે શોકસાગરમાં ડૂબી ગયા. આવી સ્થિતિમાં તે જડ યંત્રની માફક ઉતાવળે આગળ વધતા ગયા.

કેટલેક દૂર નીકળી ગયા પછી એક સ્થળે માર્ગમાં લાલ ચટકદાર એવું કંઇક પડેલું હોય એમ તેમને છેટેથી જણાયું. વધારે નજીક જતાં તે કોઈ રાક્ષસ હશે એમ ધારી રામે ધનુષ પર બાણ ચઢાવ્યું. પણ કેટલાક ડગલાં આગળ ગયા પછી રામ નામની ધૂન તેમના કાને પડી. આ પરથી રામ લક્ષ્મણ તરતજ ઉતાવળે પગે તેની પાસે જઇ પહોંચ્યા. જોયું તો જટાયુને દીઠો. જટાયુ રામને જોતાંજ બહુ ખુશી થયો. તેની પાંખો તૂટી ગઇ હતી. આખું શરીર લોહીથી ખરડાઈ લાલચોળ બની ગયું હતું. તે રામના આવવાની બહુજ આતુરતાથી રાહ જોઇ રહ્યો હતો. તેના છેલ્લા શ્વાસ ચાલ્યા જતા હતા. અંતકાળે પોતાની ઇચ્છા પાર પડેલી જોઈ તેના આનંદનો પાર રહ્યો નહિ. ગદગદ્ સ્વરે તે રામને કહેવા લાગ્યો, “નાથ! આપનાં દર્શનથી હું કૃતાર્થ થયો છું. આપ મારા તરફ શું જોઈ રહ્યા છો? મારી આવી દશા દશમુખવાળા રાવણે કરી છે. તે દુષ્ટ જાનકીને ઉપાડી ચાલ્યો

પડયા હતો. સીતાનો કરૂણ નાદ સાંભળી હું તેમને છોડાવવા ગયો. મેં રાવણ સાથે યુદ્ધ કર્યુ. હું ઘવાઇને અહીં પડયો અને જરાએ તેને લઇ દક્ષિણ તરફ ચાલતો થયો. આ પછી હું તરતજ ન હતો આમત; પણ આપનાં દર્શનની આતુરતાથીજ હું પ્રાણ આપ રોકી રહ્યો છું. આજે મારી આશા ફળી છે. હું કૃતાર્થ શકે થયો." એટલું બોલતાંમાં તેના શ્વાસ રૂંધાવા લાગ્યા. રામજી જટાયુની ભક્તિ, વીરતા, સાહસિકતા, ત્યાગવૃત્તિ આદિ મહાન્ ગુણો જોઇ દીંગજ થઇ ગયા. તે જટાયુને અનેક ધન્યવાદ આપવા લાગ્યા. તેનું અનેકશઃ કલ્યાણ ઇચ્છતાંની સાથેજ તેના પ્રાણ સ્વર્ગે સીધાવી ગયા!

જટાયુના પ્રાણ જતાંની સાથે રામના દિલમાં બહુજ દુઃખ થયું. તેમણે તેના મરણની સઘળી ક્રિયા પોતાના હાથે કરી અને દેવોને પણ દુર્લભ એવું તેનું મહાન્ સન્માન કર્યું. આ પછી તેઓ સીતાની શોધમાં આગળ વધ્યા. માર્ગમાં આવતાં અનેક વન, પર્વતો, નદીઓ વગેરે ઓળંગીને તેઓ કૃષ્ણા નદીને કિનારે આવી પહોંચ્યા. ત્યાં અનેક ઋષિમુનિઓને ભેટી તેઓ આગળ ચાલ્યા. જતાં જતાં તેમણે માર્ગની વચ્ચે રસ્તો રોકીને બેઠેલા એક વિકરાળ રાક્ષસને જોયો. તે રાક્ષસનું નામ કબંધ હતું. તેના શરીરનો આકાર બહુજ વિચિત્ર અને ભયાનક હતો. તેનું માથું ઉંધું હતું. પગ તો તેને બીલકુલ હતા જ નહિ. માત્ર બે હાથ હતા અને તે પહોળા કરી તે વડે આખા રસ્તાને તે રોકી રહ્યો હતો. આવા વિચિત્ર રાક્ષસને જોતાં જ-રામે તેને એક બાણ માર્યું. રામનું બાણ વાગતાંજ તે શાપથી મુક્ત થયો અને રામને પગે પડયો.

રામે હકીકત પૂછતાં તેણે કહ્યું કે, હું કશ્યપ ઋષિનો પુત્ર હતો; પણ રાક્ષસ વેશે રહેતો હતો. એક વખત મેં ભીષણ બુમ મારી. તેથી ઋષિમુનિઓ ઘણા બીન્યા. તેમણે મને શાપ આપ્યો. ત વખતથી હું અહીં આવા સ્વરૂપે પડયો છું. આજ આપના હાથે મારો ઉદ્ધાર થયો છે. હવે છેવટની મારી પ્રાર્થના છે, કે આપ અહીંથી ઋષિમુખ પર્વત ઉપર જજો. ત્યાં આપ બહુ સુખી થશો. ત્યાં વાનરોનો નાથ સુગ્રીવ રહે છે. તેની સાથે મિત્રતા કરજો. એ મિત્રતાથી તમારૂં સઘળું કામ સિદ્ધ થશે." આમ કહી કબંધ સ્વર્ગે સીધાવી ગયો. અપૂર્ણ.

દરેક આગેવાનોએ મુલાકાત લઈ સંતોષ બતાવી
વખાણેલું અને હિંદુ જાતીનાં નિરાધાર અનાથ
બાળકોને પોશણ આપતું, આ

હિંદુ અનાથ આશ્રમ-નડીઆદ

એકજ છે.

તેને દાન કરવાના દરેક પ્રસંગોએ જરૂર
યાદ કરી કંઈ પણ દાન મોકલશો.

હાલ તે દોસ્તોને સુમાર ચાલીસ બાળકો, બાળિકા અને અશક્તોનું પાલણપોષણ કરે છે અને તેમને જુદા જુદા ધંધા શીખવી પગ ઉપર ઉભા રહી કમાઈ ખાય તેના સબબ શાલેગી બનાવવા યત્ન કરે છે. તેમના ફક્ત ખોરાકી પોષાકી વીગેરે ખર્ચના રૂ. ૫૦) દરરોજ ને.એ થાય.

તો જરૂર તમો દયાળી કહીઓ ! આ તમારાં અનાથ બાળકોને અત્યારના તમારી દાનેશ્વરી વખત વખતનો દરેક પ્રસંગનું દાન લેવાય છે

વધુ વીગત માટે પુછો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

Cover Printed at The ... P...

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(113, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીનો વીમો

બહુજ જરૂરનો અને લાભકારક છે.

ઇંડસ્ટ્રીયલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની પો. આપેછે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે જામીનગીરી સદ્ધર છે,

વિશેષ હકીકત માટે લખો—

છગનલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીયલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કં. લી.

૧૧૩, એસ્પલેનેડ રોડ, ફોર્ટ, **મુંબઈ.**

આ માસિક પત્ર મુળચંદભાઇ ત્રીકમલાલે, અમદાવાદ સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું, અને કેશવપ્રસાદ છોટાલાલે અમદાવાદમાં પીરમશાહરોડ ઉપર પ્રસિદ્ધ કર્યું.

Reg. N. B. 1070.

સ્ત્રીબોધ.

વર્ષ ૬૮.] અગષ્ટ. ૧૯૨૯. [અંક ૮ મો.

તંત્રીઓ { બાઈ પુતળીબાઈ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ,
બી. એ., એલ્‌એલ્. બી.

મંત્રી:-જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ.

સેવાનો ધર્મ સ્વીકારો. સાહેલીઓ !
સેવાનો ધર્મ સ્વીકારો૦

દુનીઆના ધર્મની સેવાજ ચાવી,
ઉધારો પ્રેમ-પટારો સાહેલીઓ !
સેવાનો ધર્મ૦

નાત જાત ભેદોના કલેશ સહુ છોડી,
એકતાની લ્હાણી સ્વીકારો સાહેલીઓ !
સેવાનો ધર્મ૦

ભૂખ્યાને ભાખરી ને તરસ્યાને પાણી,
અંધાને પડતાં ઉગારો સાહેલીઓ !
સેવાનો ધર્મ૦

દર્દીને દીલાસો દુઃખી હૃદયને,
શાંતિની વાત વિચારો સાહેલીઓ !
સેવાનો ધર્મ૦

પ્રેમી પ્રભુને પામવાને માટે,
સેવાનો મંત્ર મિતારો સાહેલીઓ !
સેવાનો ધર્મ સ્વીકારો૦

[શ્રી. શાર્દુલ.]

વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦ પરદેશ માટે રૂ.
આ અંકની કીમત

સ્ત્રીબોધ

૧૯૨૪.

સરસ્વતી દેવીને.

(છબી નીરખીને.)

ઉજ્જ્વળ શિલાના શિખરે બિરાજી,
સોનેરી સિતારી સ્વહસ્ત ગૃહી;
ગાએ મધુરાં રમગાન મીઠાં,
અગાધ ત્હારી રમણીય લીલા. ૧

પાસે રસાળી સરિતા વહે છે,
ધીમે ધીમે સાદ પુરંજ
ઉમંગથી રાણી ઉભા ઉગીને,
પુર્યા કંઇ હર્પથી સાથીયાને. ૨

ન્હાનો કલાપી નિરખે લીલા થી,
(૬) ડીલ્યા છે નવ ભાગ્ય માની;
ગુપ્ત જુએ દેવ ગણો નજેથી,
અગાધ ત્હારી રમણીય લીલા.

દેશોન્નતિના કંઇ મર્મ અર્પો,
વિદ્યા સુવિદ્યા કરી સર્વ મેલો;
ફેલાવ ચૈતન્ય જગત્ જનોનું,
આશિષ અર્પો જ સરસ્વતી માં. ૪

પ્રભુદાસ બાપુભાઈ પટવારી.

માતાનો સ્નેહ.

[લખનારઃ-રા. રા. હંસરાજ વી. ભદ્રેશ્વરા.]

પરમકૃપાળુ પરમાત્માએ માતાના હૃદયમાં એવા મધુર ઝરાનું વહન કર્યું છે, કે જેનો પ્રવાહ કદાપિ અટકતો નથી. ન્હાની વયમાં બાલક સર્વ પ્રકારનાં પાપોથી રહિત અને પરમ પવિત્ર હોય છે. આટલા માટે પવિત્ર સ્થાનમાં રાખવાના હેતુથી પરમાત્માએ તેઓને માતાની ગોદ સમાન પવિત્ર સ્થાન અર્પણ કર્યું છે. બાલક ગમે તેટલું દુઃખી અને વ્યાકુલ હશે તો પણ માતાની ગોદમાં જતાં સર્વ દુઃખ વીસરી જશે. માતાનો સ્નેહ ગર્ભિત શબ્દ શ્રવણે પડતાંજ ત્હેમનું રડવું ભૂલી જાય છે, અને મ્લાન મુખ પ્રસન્ન બની જાય છે. માતાનો સ્નેહ મનુષ્યોને દેખાડવા માટે હોતો નથી. સંતાન એ માતાએ ઘણાં કષ્ટો વડે પ્રાપ્ત કરેલી સંપત્તિ છે. જો કે આ સંપત્તિ મોટી થયા પછી ધૈર્ય નીકળે, માતાના ઉપયોગમાં આવે, માતાનાં ચરણોમાં ભક્તિરૂપી પુષ્પો અર્પી શકે તો તેના જેવી બીજી આનંદની વાત શી હોય

વાઘ, રીંછ, સિંહ, આદિ હિંસક પ્રાણીઓ પણ પોતાનાં બચ્ચાં પર કેવો સ્નેહ દર્શાવે છે! કેટલા પ્રેમથી પાળે પોષે છે! તો પછી મનુષ્યનું તો કહેવાનુંજ શું? જે માતાના હૃદયમાં સ્નેહ નથી તે પિશાચ-રાક્ષસી સમાન છે.

સ્નેહનો આવો મધુર ભાવ છે, છતાં કોઈ જગાએ જોવામાં આવે છે કે સ્નેહની અધિકતાથી હિત કરતાં અહિત થઈ જાય છે. બધાજ વિષયમાં સંયમની ખાસ અગત્ય હોય છે. જે ભોજન વિના મનુષ્યોનું જીવવું કઠિન છે, તેનીજ અધિકતાથી ઘણી વખત રોગ ઉત્પન્ન થઈ કેટલીક વખત પ્રાણ પણ ગુમાવે છે. આ કારણથી બાળકની ઉમ્મર જેમ જેમ વધતી જાય તેમ તેમ સ્નેહની હદ બાંધતા જવી જોઈએ. આમ ન થવાથી કેટલાંક બાળકો આગળ જતાં એટલાં બધાં બગડી જાય છે કે અંતમાં તે મનુષ્ય કહેવડાવવા યોગ્ય પણ રહેતાં નથી. આવો પ્રેમ એ પ્રેમ ન કહેવાય. સંતાન પર શાસન રાખી ત્હેમની વર્તણુક સુધારવા યોગ્ય પ્રયત્ન કરવો એ દરેક માતા-પિતાની ફરજ છે.

જે બાળકથી વંશની કીર્તિ વધે, જે જ્ઞાતિ અને દેશ પર ઉપકાર કરી શકે તેજ યોગ્ય બાળક કહી શકાય. પ્રત્યેક માતાનું કર્તવ્ય છે કે તેમને બચપણથીજ ઉચ્ચ શિક્ષણ આપીને ચારિત્રની ખીલવણી, પોતાનો દેશ, જાતિ અને ભાષા પ્રત્યે ત્હેના મનમાં પ્રેમ વધારવાની કોશીશ કરવી. જે માતા આવી બાબતો પર લક્ષ આપી પોતાનાં બાળકોને કેળવે છે તેનોજ માતૃપ્રેમ સાર્થક છે.

કોઇ સ્ત્રી એવું ચાહતી નથી કે ત્હેમનું બાળક નાલાયક નીવડે. પરન્તુ એવું તો દ્રષ્ટિએ પડે છે કે ઘણી સ્ત્રીઓ સંતાન પ્રત્યેના પ્રેમના મોહમાં ફસાઇ ત્હેમના પર શાસન કરી શકતી નથી. તેમને અનુચિત કર્મ કરતાં જોઇ અટકાવી યા દબાવી શકતી નથી. બાળપણમાં બચ્ચાંઓનું હૃદય કોમળ હોય છે. અને તે વખતમાં ત્હેમનું હૃદય જે તરફ વાળો તે તરફ વળી શકે છે. માતાએ બાળકોને એવી કેળવણી આપવી જોઈએ કે જેથી તે બચપણ-

થીજ વડિલો અને ગુરુજનો તરફ માનની દ્રષ્ટિથી નિહાળે! આવી કેળવણી ઘણી અગત્યની છે. જે માતા ત્હેમને સ્નેહબંધનમાં બાંધી સુમાર્ગે લઈ જઈ શકે તેજ માતાનો સાચો પ્રેમ છે.

સ્નેહ યા પ્રેમ એ મનુષ્યનો સ્વાભાવિક ધર્મ છે. સ્નેહ વડેજ મનુષ્યનું અંતઃકરણ અત્યંત કોમળ બની જાય છે. આ પ્રેમબંધનથી કોઈપણ છુટુ થવા ચાહતું નથી. સ્નેહવેષ્ટિતમાતૃહૃદય સ્વર્ગીય ભાવપૂર્ણ રહે છે.

કદાચ સ્નેહ ન હોત તો સંસાર સ્મશાન સમાન અત્યંત ભયંકર હોત ! સ્ત્રીઓનું હૃદય એ સ્નેહની જન્મભૂમિ છે. સ્નેહના મધુર બંધન વડે બાળકો આનંદિત રહે છે. નોકરચાકર આદિ સર્વ પૂરેપૂરા વશમાં રહે છે. દુનિયામાં સર્વ તરફ સ્નેહની દ્રષ્ટિએ નિહાળવું જોઈએ. સ્નેહની સીમા વિસ્તૃત કરવાથી ઉદારતા વધે છે. સ્ત્રીઓએ ફક્ત પુત્ર–પુત્રીનીજ પ્રેમની દાસી બનવાનું નથી, પણ ત્હેમણે ઘર–પરિવારના પ્રત્યેક સ્ત્રી પુરૂષથી માંડી દુનિયામાંના સર્વ જીવની કામના કરવી એ ઇષ્ટ છે. માતા પોતાનાં પ્રાણપ્રિય સંતાન માટે જેમ જીવ અર્પવા તૈયાર થાય છે તેજ રીતે સર્વના સુખ માટે પોતાના સુખોપભોગનો ત્યાગ કરવા પણ તૈયાર રહેવું જોઈએ. સ્ત્રીઓ એ દુનીયામાં શાન્તિ અર્પનારી છે. ત્હેમના સ્નેહરૂપી ચાંદનીના પ્રકાશ સમાન બીજો કોઈ પ્રકાશ નથી. અર્થાત્ સ્ત્રીઓનો સ્નેહ મધુર ભાષણ, સરળતા આદિ પવિત્ર ભાવો વડેજ જીવનમાં સુખની પ્રાપ્તિ કરાવી શકે છે. માટે હે માતાઓ ! જો ત્હમારી આંખોમાં અભિમાનનાં, ક્રોધનાં કે હિંસાનાં ચક્ર કોઈ નીહાળશે તો ત્હમારી ભક્તિ કોણ કરશે? ત્હમારૂં સન્માન પણ કોણ કરશે ? કોઈ નહિજ. જો સ્નેહમયી બની બીજાનાં દુઃખ સંતાપથી દુઃખી બનશો અને તેથી ત્હમારી આંખોમાં અશ્રુ ભરાશે, ત્યારે તેજ અશ્રુબિન્દુ જનસમાજમાં કોટી કોટી ઉમદા મોતીઓની કિંમતમાં ગણવામાં આવશે! અસ્તુ !!!

---:o:---

બધા જ પુરુષો આવા હશે?

[લેખકઃ—રા. રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ.]

રાષ્ટ્રીય મહિલા પાઠશાળામાં ગૃહવ્યવસ્થાના શિક્ષણ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવતું હતું. ત્યાંનાં મુખ્ય અધ્યાપિકાનું તો એમ પણ કહેવું હતું કે અમારી પાઠશાળામાંથી જે કન્યા ગૃહવ્યવસ્થાની ખાસ પદવી લે, તે કોઇપણ ઘરની વ્યવસ્થા ઉત્તમ રીતે કરી શકે જ. હિંદુસમાજ-માં ધનવાન કુટુંબોમાં આવી કન્યાઓને ખાસ રોકવી જોઇયે. તેઓ તેવા મોટા ઘરનો કારભાર બહુ જ ઉત્તમ રીતે ચલાવી શકે. સુ-શિક્ષિત હોવાથી તેમના ઉપર વિશ્વાસ પણ રાખી શકાય, અને વળી અર્ધ-શિક્ષિત શેઠાણીને માથેથી કામનો ભાર ઓછો કરી, તેમને વિદ્યાવિલાસી પણ બનાવી શકે.

મુંબાઇ વિદ્યાપીઠમાં ગૃહવ્યવસ્થાનો વિષય નહોતો, અને રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં તે હતો, તે વાત ઉપર ખાસ ભાર દઇને, આ બાઇ પ્રચાર-કાર્ય બહુ ઉત્તમ રીતે કરતાં હતાં, અને તેમણે ધીમે ધીમે પોતાની આસ-પાસના માણસોના મનમાં ઠસાવી દીધું હતું કે અમારી પાઠશાળાની પદવીધર કન્યાઓ તો જરૂર સુદ્ર ધનાઢ્ય કુટુંબોમાં નોકરી મેળવી શકશે, અને આબરૂદાર ગણાઇ સુખી તથા ઉપયોગી જીવન ગાળી શકશે.

પદવી લેનાર કન્યાઓનું પ્રથમ જૂથ નિકળ્યું. પદવીદાનનો મેળાવડો બહુ જ ધામધુમથી થયો. આ જૂથમાં સરલા સર્વનું ધ્યાન ખેંચતી હતી. ઉઘડતી ચામડી, ઘાટદાર મોં, ભરાઉ શરીર, અને નિખાલસ આંખો; દરેક રીતે ઘરરખુ ગૃહિણીનો ખયાલ આપે તેવી આમન્યાવાળી રીતભાત. અતિશે દબાયલો, હિણાયલો ચહેરો નહિ. લોકો કહેતા હતા કે સરલાને કુંવારા રહેવાના અભિલાષ હતા. તેમજ સ્વાવલંબી થવાની પણ હોંશ હતી.

પદવીદાનને બીજે દિવસે મુખ્ય અધ્યાપિકાએ સરલાને બોલાવી અને પુછ્યું

"સરલા! તારા અભિલાષ હું જાણું છું. તેં ભવિષ્યનો કાંઈ વિચાર કર્યો છે?"

"હા, વિચાર તો બહુએ કર્યો છે પણ બધું કાંઈ માગ્યું મળે? મારે પરાવલંબી નથી થવું, સ્વાશ્રયી થવું છે. પણ શું કરી શકું તે પ્રશ્ન થાય છે. કોઇ વેપારીની ઑફીસમાં સેક્રેટરી થવાનું તો મને ના ગમે. જાતજાતના માણસો ત્યાં આવે. નિશાળની મહેતીજી પણ મારાથી ના થઈ શકાય. બધી કન્યાઓ સાથે શાંતિથી કામ લેવું બહુ જ કઠણ પડે. મને તો તે ના આવડે. વળી તેઓ જાતજાતના સવાલ પૂછે, અને તેના જવાબ મારે ત્યાંને ત્યાંજ આપવા પડે."

"સરલા! એતો તું નકામી ગભરાય છે. તને શિક્ષકનું કામ ગમતું ના હોય તે જુદી વાત છે. પણ તું તે કરી તો શકે જ, અને ઑફીસોમાં નોકરી કરતાં હિંદુ સ્ત્રીઓને ગભરામણ થાય, તે તો સમજી શકાય તેવું છે. પણ તને મૂળ સવાલ પૂછવામાં મારો એક મુદ્દો હતો. મારે એક નાની બેન છે. તેનાં લગ્ન થયેલાં છે. તેને ઉપરાઉપરી ત્રણ છોકરાં થયાં છે, અને હમણાં બેજીવવાળી છે. તેની તબિયત બહુ સારી નથી. એનો વર કમાય છે બહુ સારૂં. ઘેર ભટ, ચાકર, ઘાટણ છે. પણ ચાકર માણસોની દેખરેખ નીચે છોકરાં ઉછરે તે તેને કે મને પસંદ નથી. ઘરમાં કોઈ સારૂં, ઘરનાં જેવું માણસ હોય, તો ઘરની વ્યવસ્થા જાળવે તથા છોકરાં ઉપર દેખરેખ પણ રાખે. મારો વિચાર એમ છે કે આપણી વિદ્યાપીઠમાં "ગૃહવ્યવસ્થા"ની પદવી લીધેલી સ્ત્રીઓએ આવું કાર્ય શા માટે ના કરવું? મારી બેનની ઉમર તારાથી ચાર પાંચ વર્ષે મોટી હશે. એટલે તમને બે જણાંને જલદી બેનપણાં થઈ જશે. વળી એનો સ્વભાવ એવો મીઠો છે કે કોઈ સાથે તેને તકરાર થાય જ નહિ. એના વરને તો બહાર ગામ બહુ ફરવું પડે છે. આઠ દસ દિવસે એક બે દિવસજ ઘેર હોય છે. એ તો બિચારો ઘરમાં પૈસા આપી જાણે છે. આપણા જુના રિવાજ પ્રમાણે તો આવે વખતે મારે જ ત્યાં જઇને રહેવું જોઇયે. પરંતુ આ પાઠશાળા છોડીને કાંઈ જવાય? વળી પહેલાં તો જરા આછી સ્થિતિવાળાં સગાં આવે વખતે આવીને રહેતાં હતાં, પણ આ કાળમાં કોઇને તે ગમે નહિ. તું જો આ કામ સ્વીકારીશ તો કદાચ ધીમે ધીમે એક આવા ધંધાની પ્રથા પડશે. જો તને પોતાને આ સૂચના પસંદ પડતી હોય તો હું તારાં બાને પણ વાત કરીશ."

* * * * *

સરલા તેની નવી નોકરી ઉપર જોડાઈ છે. સૌ. વિમળાગૌરી સાથે, પ્રથમ મેળાપે જ તેને બેનપણાં થઈ ગયાં. વિમળાગૌરી સ્વભાવે ઘણાં જ નરમ હતાં. બોલતાં બોલતાં મોં ઉપર શેરડા પડી જતા હતા. જન્મારામાં કોઈને એમણે ધમકાવ્યું નહિ હોય. અને છોકરાં ! એ તો જાણે બાવલાંજ હતાં. બધાં જ તનદુરસ્ત અને રૂપાળાં. સરલાને તરત જ બધાં જોડે બની ગયું અને સરલામાશી બધાનાં લાડકાં બની ગયાં.

ઘરની વ્યવસ્થા પણ સરલાએ બહુ જ સારી રીતે હાથમાં લઈ લીધી. ઘરમાં નોકર–ચાકરો પૂરતા હતા, એટલે તે સંબંધમાં કાંઈ અડચણ નહોતી. ત્રણ દિવસમાં તો જાણે આખું ઘર જ ફેરવાઈ ગયું. પૈસાની ખોટ નહોતી. તરતજ સુતારને બોલાવીને કોઠારમાં ફેરફાર કરાવ્યો. દરેક અનાજના ડબા ઉપર અને મસાલાની બાટલીઓ ઉપર ચીઠીઓ લગાડી દીધી. બધું સાફસૂફ કરી દીધું. છોકરાઓ માટે એક ઓરડો તૈયાર થઈ ગયો. આખા ઘરમાં ખૂણે ખોચરે પડેલાં બધાં રમકડાં છોકરાંના ઓરડામાં આવી ગયાં. થોડી વિશેષ ખરીદીઓ પણ થઈ ગઈ, અને બધાં બાળકો તો સરલામાશી પાછળ ગાંડાં ગાંડાં થઈ ગયાં. નાનો તોફાની બચુ પણ સરલામાશીની મરજી વિરુદ્ધ કાંઈ પણ કરતો નહોતો. આ બધું જોઈને વિમળ ગૌરી તો બહુ જ આનંદ પામ્યાં. દરેક વાતમાં તેઓ સરલાને મદદ કરતાં હતાં.

જમવાના ઓરડામાં પણ બધું સાફસૂફ થઈ ગયું. દરેકનો પાટલો અને બાજઠ નક્કી થયાં. દરેકનાં થાળી વાડકા પણ જુદાં થયાં, અને વધારામાં દરેક થાળીના માપનું, ઝીણી જાળીનું ઢાંકણ આવ્યું. રસોડામાં તેમણે હાથે ચીતરેલા બે કાર્ડબોર્ડનાં પાટીયાં માર્યાં. "ખાવાની ચીજ ઉપર માંખી બેસવા દેતા નહિ." નળ પાસે પાટીયું હતું કે "ભેજથી મચ્છર વધે છે માટે પાણી ઢોળતા નહિ." બાગમાં ફૂલ ઘણાંયે થતાં હતાં, પણ કોઈ દિવસ રસોડામાં ગોટો મુકાતો નહોતો. હવેથી બે ભાતિએ બે ફુલદાનીઓ જડાઈ ગઈ. તેમાં રોજ નવા ગોટા આવતા હતા. નાની નિમુએ કહ્યું કે હવે તો જાણે એમ લાગે છે કે આપણે ત્યાં રોજ ઉજાણીજ થાય છે.

વિમળાગૌરીએ કહ્યું: "મને કોઈએ એમ કહ્યું હોત કે પાઠશાળામાં સંસ્કૃત ભણી ઉતરેલી એક કુંવારી બાળા આ રીતે ગૃહવ્યવસ્થા કરી શકે તો હું તેને હરગીજ કહેત. સરલાબેન, તમારા બનેવી જ્યારે ગામથી આવશે ત્યારે તેમને કેટલો આનંદ થશે !

ચિંતા થયાં કરતી હતી, હવે એમના જીવને કેટલી નિરાંત થશે! અને આ છોકરાંની બાબતમાં પણ મારી બધી ચિંતા જતી રહી છે. તમને તો પરમેશ્વરે જ મારે ઘેર મોકલ્યાં છે."

સરલા ત્યાં એક અઠવાડીયું રહી તેવામાં તો જાણે હમેશની તે ત્યાં જ રહેતી હોય એમ એને પોતાને પણ લાગવા માંડ્યું. નોકર ચાકરો પણ તેને વરતી ગયા, અને તેનું કહ્યું કરવા લાગ્યા. અને એ પણ એવી દયાળુ હતી કે કોઇ નોકરને અમુક કરતાં વધારે કામ પડે નહિ તે ખાસ જોતી. દરેક નોકરના ઘરની સ્થિતિ પણ તેણે ધીમાશથી ને મીઠાશથી પુછી લીધી હતી. નોકર તે લાગણીવાળું પ્રાણી છે, મનુષ્ય છે, એ વાત તે કદીયે વિસરતી નહિ. અને ઘરની ગોઠવણ કરવામાં નોકરની અનુકૂળતા પણ તેણે વિચારી હતી. અભણ નોકરો પણ આ જોઈ શક્યા હતા, અને તેમના સ્વભાવ પણ ફર્યા હોય તેમ લાગતું હતું.

વિમળાગૌરીને તો સરલા આવી ત્યારથી જાણે જીવનમાં જ કાંઇ ફેરફાર થયો દેખાતો હતો. અત્યાર સુધી જીવન એટલે રગશીયું ગાડું, એમ એમને લાગતું હતું. એમની વાતોમાંથી પણ તે દેખાઇ આવતું હતું. પણ હવે જીવનનાં કાંઇ પ્રકાશ દેખાવા લાગ્યો. સરલાએ થોડાં પુસ્તકો પણ આપ્યાં હતાં. આજે "રાઈનો પર્વત" તેમને આપ્યો. પોતે આખી વાતનો સાર કહ્યો. પુસ્તકની ખાસ ખુબીયો કઇ છે તે કહી અને કહ્યું કે 'તમે હવે આ વાંચજો. થોડાં કાવ્યો હું બપોરે નવરાશે તમારી સાથે વાંચીશ.' વિમળાગૌરીને આ પુસ્તકમાં બહુ જ રસ પડ્યો. બપોર સુધીમાં તો ચોપડી પુરી વાંચી. સરલાએ તેમાંનાં કાવ્યો મધુરા રાગથી ગાયાં. આખાં કુટુંબને રસ પડવા માંડ્યો. સરલાએ જણાવ્યું કે 'શાળામાં અમે દિલરૂબા પણ શીખ્યાં છીએ. મારી દીલરૂબા હું ઘેરથી મંગાવી લઇશ.'

સરલાએ એક વાત જોઇ. સાધારણ રીતે વિમળાગૌરી કોઈ પણ બાબતમાં બહુ જ ઉત્સાહથી બોલતાં નહિ; પણ એમના પતિ સંબંધી વાત આવે કે તેઓ બહુજ ઉત્સાહથી બોલતાં હતાં. તે સમયે તેમની આંખમાં અજબ પ્રેમજ્યોતિ પ્રકાશતી હતી. તેમના મુખ ઉપર નવીન જ સુરખી આવતી હતી. બાળકોનાં તે વ્હાલસોયાં માતા હતાં, પણ પતિની વાતનો જાદુ તેમના ઉપર કાંઇ જુદો જ હતો. આ જોઇને સરલાને તેમના પ્રેમ માટે આદરભાવ થયો. એમના પતિ માટે ઉચ્ચ વિચાર બંધાયો.

મનનાં ઉંડાણમાં—અતિ ઉંડાણમાં—એક નાની બીતિ હતી, તે દૂર

થઇ. તેને એક શંકા હતી તેનું સમાધાન થયું. લાગ્યું પરપુરુષ કેવા હશે? એમની તરફથી કાંઇ ભય ખરો કે નહિ? એવા એવા સવાલો હવે મનમાં ઉઠતા નહોતા. આવતી કાલે મુકુંદરાય* આવવાનો તાર આવી ગયો. આજે વિમળાગૌરીનો ઉત્સાહ જ જુદો હતો. આજે એમનો આનંદ છલકાઇ જતો હતો. હજી તો એક અઠવાડીયા ઉપર એ ગયા છે, અને એટલામાંયે આટલો ઉત્સાહ! એવો વિચાર સહજ સરલાના મનમાં આવ્યો, અને આ દંપતીના પ્રેમ પ્રત્યે તેનો આદર વધ્યો.

* * * *

બીજે દિવસે સવારે મુકુંદરાય આવ્યા. તેઓ કદાવર બાંધાના અને દેખાવડા હતા. છોકરાં બધાં તેમને વિંટાઇ વળ્યાં. દરેકની જોડે તેમણે કાંઇ ને કાંઇ રમત કરી. તેમને પટાવ્યા અને હસાવ્યા. પછી વિમળાગૌરી પાસે બેઠા. તબિયતના સમાચાર પૂછ્યા, અને પોતાની મુસાફરીની વાતો કરી. વિમળાગૌરીએ સરલાની બધી વાતો તેમને કહી. અને એણે ઘરમાં કરેલા બધા ફેરફારો કહી બતાવ્યા. મુકુંદરાયને આ વાતમાં રસ પડ્યો. એટલામાં ચ્હા પીવાનો સમય થયો અને સરલા પણ ત્યાં આવી. વિમળાગૌરીએ તરત જ કહ્યું કે આ અમારાં સરલાબેન. મુકુંદરાયે ડોકું નમાવીને વંદન કર્યું, અને કહ્યું: "સરલાબેન! અમારા ઘરમાં તમે બહુ ફેરફાર કર્યા દેખાય છે, અને તે બધા માટે હું તમારો ઉપકાર માનું છું. વિમળા તો તમારાં વખાણ જ કર્યા કરે છે."

સરલાના મોં ઉપર તો શરમના શેરડા પડી ગયા. આ સભ્યતા ભરેલા કથનનો ઉત્તર તે આપી શકી નહિ. અને જાણે કાંઈ બન્યું જ નથી એમ નાના બચુને રમાડવા મંડી ગઈ. આ વખતે તે બહુ જ મોહક અને આકર્ષક દેખાતી હતી. બધાએ સાથે ચ્હા પીધી. તે વખતે તેણે મુકુંદરાય સાથે સહેજ વાત કરી. તે ક્યે ગામ ગયા હતા તે સંબંધી પૂછ્યું. અને ચ્હા પૂરી થતાં પોતાને કામે ચાલી ગઈ. મુકુંદરાયનો સ્વભાવ તેને બહુ જ ગમ્યો. તેઓ તેની સાથે બહુ જ સભ્યતાથી બોલ્યા હતા અને સભ્યતાથી જ વર્ત્યા હતા. હવે સરલાને મન આ ઘરમાં કાંઈ હરકત નહિ આવે એમ નક્કી થયું. બહારગામથી આવ્યા પછી પણ મુકુંદરાય તો બહુ જ કામમાં રહેતા હતા. ત્રણેક દિવસ આમ ચાલ્યું. ત્રીજે દિવસે રાત્રે

* આ પાત્ર [illegible] નવલકથામાંના [illegible] પાત્ર ઉપરથી સૂચિત છે.—કે. છો. દે.

હતી. "આ ઘરમાં રહેવાય શી રીતે? અને આવે વખતે વિમળાગૌરીને છોડાય પણ શી રીતે?"

તે બહારથી સરળ દેખાતી હતી પણ અંદરથી બહુ જ મહત્ત્વાકાંક્ષી હતી. આ બનાવ તેના મનમાં બહુ જ સાલતો હતો. વિમળાગૌરીની લાગણી ખાતર એક વાર તો યુક્તિથી ભય ટાળ્યો. પણ હવે તો આ દુષ્ટ કદાચ તે વાતનો લાભ લેશે. ત્યારે શું હું જાઉં? આ કામ મૂકી દઉં? મેં આ કામ કાંઈ નોકરી તરીકે લીધું નથી. મારા મનમાં તો આ અનુભવ મેળવ્યા પછી કાંઈ કાંઈ કરવાનું છે. વિધવાઓ માટે એક ધંધો ઉભો કરવાનો મને અભિલાષ છે. ગૃહવ્યવસ્થાનો આદર્શ પ્રજા સમક્ષ રજુ કરવાનું મન છે. રસોઇયા, નોકરો અને ઘાટણોને કેળવવાની-તેમનાં કાર્યમાં કુશળ બનાવવાની-યોજના મારે તૈયાર કરવી છે, પણ જો શરૂઆત જ આવી થશે તો શું કરી શકાશે! શું પુરૂષો બધા આવા જ હશે?'

તે આમ ને આમ નિસાસા મુકતી હતી. અને વિમળાગૌરી તો એમ જ જાણતાં હતાં કે હજી ચોરનો ભય તેના મનમાંથી ગયો નથી. એ તેને બહુ આશ્વાસન દેતાં હતાં અને જાણે પોતાની નાની બ્હેન હોય તેમ તેની આળપંપાળ કરતાં હતાં.

* * *

પછી ત્રણ ચાર દિવસમાં જ બપોરે વિમળાગૌરીના નામનો તાર આવ્યો. તેમાં ઘણા જ ગંભીર સમાચાર હતા. મુકુંદરાય તે દિવસે એક ટ્રેનમાં જતા હતા તે ટ્રેનને ગંભીર અકસ્માત નડ્યો હતો, અને ઘણા જીવની ખુવારી થઈ હતી. મરણ પામેલાંઓમાં મુકુંદરાય હતા, અને તેમના સામાનમાંથી નિકળેલા શિરનામા મુજબ તાર કરવામાં આવ્યો હતો. આ ખબર સાંભળી સરલા સંકળી ઉભી જ થઇ. તેનાં ભય ચિંતા મુંઝવણ જતાં જ રહ્યા. તેના વિચારો બંધ પડ્યા. તેણે વધુ તપાસ માટે સામાં તાર કર્યાં. વિમળાગૌરીની બેનને પણ ખબર આપી, અને ભલો ભાયડાને મૂલાવે તેવી ચપળતાથી કામ કીધું.

" બધી વિગતો જાણીને પણ કોઇને લાભ થયો નહિ. બિચારાં વિમળાગૌરી વિધવા થયાં. આશ્વાસન માત્ર એટલું જ રહ્યું કે મુકુંદરાયનો વીમો પ્રમાણમાં બહુ જ મોટી રકમનો હતો, એટલે કમાનાર ધણી જવા છતાંયે રહેણી કરણી ફેરવવાનો વખત આવ્યો નહિ. અને બાળકોના શિક્ષણ વગેરે માટે ચિંતા કરવા જેવું રહ્યું નહિ.

યોગ્ય સમયે વિમળાગૌરીને પત્ર આવ્યો. પરંતુ પિતાના મૃત્યુ પછી

જન્મેલા બાળક માટે બધે આનંદ તો ક્યાંથી જ હોય! પરંતુ માતા પુત્રનાં શરીર સારાં હતાં. બધો ઘરનો ભાર સરલાને માથે હતો. આમને આમ વરસ દિવસ જોતજોતામાં વહી ગયો.

એક દિવસ સરલાએ વિમળાગૌરી પાસેથી જવાની રજા માંગી. તેણે કહ્યું, હવે મારી જરૂર અત્રે નથી વિમળાગૌરીને તો આ સાંભળીને આઘાત લાગ્યો. તે સરલાને વળગી પડયાં, અને કહ્યું: "બેન, તમે કાંઈ મારા ગુલામ નથી. સદાયે અહીં રહેવા બંધાયલાં નથી. પણ હું તમને એમ જલદી છોડનાર નથી. તમારા વગર મને જરાયે રહેવાશે નહિ. તમે અહિંથી શા મુદ્દાથી જવા માંગો છો, તે તો મને જણાવશો ને?"

"વિમળાબેન, મને પણ આ ઘરમાં બહુ જ ફાવી ગયું છે. વળી મારા જ્ઞાનની અજમાયશ હું આ પ્રમાણે બીજે કોઈ ઠેકાણે કરી શકી ના હોત, એ પણ મને લાગે છે. અને આ છોકરાંને તો મુકી જવા મારું જરાયે દિલ ચાલતું નથી. પણ હવે અત્રે મારી જરૂર નથી. તમે હવે સાજાં થઈ ગયાં છો, અને બધું ઘર સંભાળી શકો તેમ છો. હવે મારો વિચાર ગૃહવ્યવસ્થાના આદર્શો આપણા લોકમાં વિશેષ પ્રસરે તેવા ઉપાય કરવાનો છે. વળી મારા મનમાં એમ પણ છે કે આપણા ઘરોમાં જે નોકરો, રસોઇયાઓ તથા ઘાટણો રાખવામાં આવે છે, તેમને જો જરા શિક્ષણ આપ્યું હોય, આરોગ્યના નિયમો કેમ સાચવી શકાય તે બતાવ્યું હોય, તો આપણાં ઘરો વધારે નિરોગી બને. આ બધાં માટે હું હવે વિચારો કરીશ અને પ્રયત્નો આદરીશ."

"સરલાબેન, હું તો એમ સમજી હતી કે તમે હવે તમારા પોતાના ભવિષ્ય માટે, સાંસારિક કારણોસર, અહિંથી જતાં હશો. પણ જો તમે આ સમાજસેવા માટે જ અત્રેથી જવા માંગતા હો, તો તો હું તમને નહિ જવા દઉં. તમારા ભાઈના મૃત્યુ પછી મારૂં જીવન શુષ્ક થઈ ગયું છે. તેમની કૃપાથી પૈસા ટકાનું મને દુઃખ નથી. ત્યારે હું પણ તમારી સાથે આ કાર્યમાં કેમ ના ભળું? તમારૂં જ્ઞાન અને મારૂં ધન. આ બધી બાબતમાં તમારા આદર્શો મને ઘણા જ પસંદ છે. અને પૈસેટકે સુખી વિધવાઓએ જ આ કાર્ય ઉપાડવાં જોઈએ. તમારાં જેવાં હજી ઉગતાં જ, સંસારસુખનો વિચાર કર્યા વગર આ માર્ગે વળે, તે જોઈને તો અમારે શરમાવું જોઈયે."

પરિણામે વિમળાગૌરી અને સરલા આ નવી દિશાએ કાર્ય કરવા લાગ્યાં છે. તેમની મદદમાં વિમળાગૌરીનાં બહેન તો છે જ. આ બધાના, ભેગા પરિશ્રમનું શું પરિણામ આવે છે તે આપણે હવે પછી જોઈશું.

નવપલ્લવતા.

[લેખકઃ—સૌ. શારદા મ્હેતા, બી. એ.]

એક ઈંગ્રેજી માસિકમાં નીચેની હકીકત છે તે આપણી બ્હેનોને મનન કરવા યોગ્ય છે. " મનુષ્યની ચામડી ઉપરથી તેની ઉમર આંકી શકાય છે. ચામડી તે વયનું ધોરણ છે. ફ્રેન્ચ લોકો કહે છે કે ચામડીની વય આપણા તાબામાં રાખી શકીએ છીએ. પણ પીસતાળીશ વર્ષ પછી દરેક વર્ષ બેવડાં ગણાય છે. તેથી એ ઉમર પછી ચામડીને તાજી રાખવાનો આપણે વધારે પ્રયત્ન કરવો જોઇએ. શરીરનું એક અંગ વૃદ્ધ થવા માંડે છે એટલે એક પછી એક બધાંજ ઉમર દાખવવા માંડે છે. પરંતુ ચામડી ઉપર સહુનો આધાર છે. ચામડી ઉપરથી વય પારખી શકાય છે. લોકો તે દેખીને વયની આંકણી કરે છે. આપણે તે કબુલ કરીએ એટલે શરીરના દરેક ભાગ ઉપર તેની અસર થાય છે. અને એ ધારેલી ઉમર પ્રમાણે આપણા આચાર વિચાર ચાલે છે. દૃષ્ટાન્ત તરીકે–ફ્રાન્સમાં એક સરકારી અમલદારની નોકરીની મુદત બહુ ન્હાની ઉમરમાં પુરી થઈ. એટલે એને રાજીનામું આપવાની ફરજ પડી. તે નોકરીથી ફારેગ થઇને ઘેર ગયો એટલે એને એમજ લાગવા માંડયું કે બીજા લોકો જેમ પંચાવન છપ્પન વરસે પેન્શન પર જાય છે એટલીજ મ્હારી વય લાગે છે. થોડાજ વખતમાં તેનાં આસપાસનાં સંબંધીઓને લાગ્યું કે એની રહેણીકરણીમાં પણ તેજ પ્રમાણે ફેરફાર થયો છે. બેસતાં ઉઠતાં એને જાણે સંધીવાનું દુઃખ થતું હોય તેમ એ હુંકારા ભણતો. ઘુંટણ પકડી પકડીને ઉભો થતો. ગામનાં છોકરાંઓ તેને કાકા કહીને બોલાવવા મંડ્યાં. અને જો કે એની ખરી ઉમર માત્ર છેંતાળીસ વર્ષની હતી તો પણ પાંજરાપોળના ક્યરા જેવી એની ગણતરી થવા માંડી. એની ચામડી ઉપર કરચલી વળવા માંડી. અને શહેરની ધમાલ છોડીને ગામડાના સ્વચ્છ વાતાવરણમાં નિશ્ચિંત રહેતો હતો છતાં પચાસ વર્ષે કાંઇ પણ રોગ વગર માત્ર વૃદ્ધાવસ્થાથી તે મૃત્યુ પામ્યો."

ઉપરની હકીકત ધડો લેવા જેવી છે. અને આપણામાં ખાસ કરીને

સ્ત્રી વર્ગને અમુક ઉમર થાય એટલે ઘડપણ લાવવાની બહુ ઉતાવળ આવે તેજ પ્રમાણે ન્હાનપણમાં શરીરની સંભાળ લેવાની જરા પણ ટેવ હોતી નથી. એટલે ઘડપણનો વિચાર કરવા માંડે છે, અને પરિણામે ઘડપણ વહેલું આવેજ છે. જીવનું પરનો રસ જતો રહે છે, આનંદ ઉત્સાહમાં મન રહેતું નથી અને જાણી જોઇને આણેલા ઘડપણને લીધે મૃત્યુ વહેલું આવે છે. તેને પરિણામે ખરી કામકાજ કરવાની શક્તિ ખીલે તે વખતે તો મૃત્યુ વશ થવાય કે અપંગ થવાય, બાળકો હોય તો હેરાન થાય, પતિની સ્થિતિ કફોડી થાય. આ બધી ઉપાધિમાંથી મુક્ત થવા માટે સાદું, ઉત્સાહી, કાળજી પૂર્વક શારીરિક સંભાળ રાખીને જીવન ગાળ્યું હોય તો પરિપૂર્ણ જીવન ગાળી શકાય. પોતાનું જીવતર સફળ થાય અને અન્યને સહાયભૂત લઇ શકાય. જુવાન બ્હેનોને આ એક સૂચના છે.

શરીરની ટાપટીપ માટે કે ખુબસુરત દેખાવા માટે ફાંફાં મારવાં વાજબી નથી, પણ જુવાનીનો ઉત્સાહ રાખીને શરીર તંદુરસ્ત રહેવાની કાળજી રાખવી એ તો ફરજ જ છે. એ ફરજ ના બજાવે તે પાપી કહેવાય.

તૈયાર છે! તૈયાર છે!

પાકશાસ્ત્ર

લેખકઃ—

ગં. સ્વ. લલિતાગૌરી શામરાવ

તથા

ગં. સ્વ. વિમલાગૌરી મગનલાલ

કિંમત રૂ. ૨—૨—૦

મળવાનું ઠેકાણુંઃ—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

મુંબાઇ; પોસ્ટ નંબર ૨.

ચાલુ બનાવોની માહિતી

[લેખકઃ—રા. કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ.]

હિંદ મહિલા વિદ્યાપીઠ.

હિંદ મહિલા વિદ્યાપીઠનો પદ્વીદાનનો મેળાવડો જુનની અધવચમાં પૂનામા થયો હતો. આ વિદ્યાપીઠનો આશય સ્ત્રીઓને હિંદસમાજને અનુકૂલ ઉચ્ચ કેળવણી માતૃભાષા દ્વારા આપવાનો છે. છેલ્લી પરીક્ષાઓ ચાર ભાષા દ્વારા લેવામાં આવી હતીઃ મરાઠી, ગુજરાતી, હિંદી, અને ઉર્દુ. દરેક દેશના કેળવણીકાર કહે છે કે માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય તોજ બુદ્ધિની ખીલવણી થાય. આ અતિ ઉપયોગી પ્રયોગ આ મહિલા વિદ્યાલયમાં થાય છે તે તરફ જાહેર પ્રજાએ ખાસ ધ્યાન આપવું જોઇયે. આ વખતે પાંચ કન્યાઓએ પદ્વી મેળવી હતી. તેમાંથી એક કન્યા પુનાની હતી અને ચાર કન્યાઓ અમદાવાદની હતી. આ ચાર કન્યાઓનાં નામ; ૧) સૌ. નંદગૌરી ઠાકોર. ૨) કુ. કુમુદ ઠાકોર. ૩) સૌ. કાન્તાગૌરી પટેલ. ૪) ગં. સ્વ. પદ્માવતી દેસાઈ. સૌ. નંદગૌરી ઠાકોરને ત્રણ ઇનામો મળ્યાં હતા. અમે આ સર્વ કન્યાઓને અભિનંદન આપીયે છીયે.

* * * *

ગુજરાતમાં સંસ્થાઓ.

ગુજરાતમાં આ વિદ્યાપીઠના ક્રમ મુજબ કેળવણી આપનાર ચાર સંસ્થાઓ છે. ૧. અમદાવાદ મહિલા પાઠશાળા, ૨. અમદાવાદ વનિતાવિશ્રામ મહિલા વિદ્યાલય, ૩. સુરત મહિલા વિદ્યાલય, ૪. વડોદરા મહિલા વિદ્યાલય. ગુજરાતનાં આ ત્રણ મોટાં ગામોમાં આ પ્રમાણે ગોઠવણ થઈ શકી છે તે સંતોષની વાત છે. પરંતુ માધ્યમિક શિક્ષણ માટેની સંપૂર્ણ ગોઠવણ બીજાં અનેક ગામોમાં થવાની જરૂર છે. ખાસ કરીને કાઠીયાવાડના કેટલાએક સ્થળોમાં આ ગોઠવણ સહજમાં થઇ શકે તેમ છે. લાગતા વળગતાઓએ તે બાબતમાં ઉતાવળાં પગલાં ભરવાની ખાસ જરૂર છે. માધ્યમિક ક્રમ પૂરો કરતાં કન્યાની ઉમર પંદર સોળ વર્ષની થાય. એટલી

ઉમર સુધી અભ્યાસ કરવાની જોગવાઈ દરેક મોટા ગામમાં હોવી-જ જોઇએ. પરંતુ આપણા ધનવાન લોકો આ તરફ બેદરકાર દેખાય છે. ગુજરાત મહિલા પાઠશાળા તથા અમદાવાદ વનિતા વિશ્રામ મહિલા વિદ્યાલય વગેરે જે ચાલુ સંસ્થાઓ છે, તેમને પણ પૂરતી મદદ નથી મળતી, એવી ફરીયાદ સંભળાય છે. અમે સર્વ દાનવીરોને વિનંતિ કરીયે છીયે કે તેમણે સ્ત્રીકેળવણી માટેની આ સંસ્થાઓને નાણાંની મદદ કરવી.

*   *   *   *

આ સબંધમાં એક બીજો પણ વિચાર કરવાનો છે. સ્ત્રીઓની જવાબદારી સંસારમાં બહુ મોટી છે. બાળકોનું તો બધું ભવિષ્ય તેમનાજ હાથમાં છે. એટલે ભવિષ્યની માતાઓને સારૂં ભાથું આપીનેજ સંસારમાં મોકલવી જોઇયે. આ કાર્ય માટે મહિલા વિદ્યાપીઠ તથા વનિતા વિશ્રામ મહિલા વિદ્યાલય તરફથી યોજાયલા ક્રમ બહુજ સારા છે. આ ક્રમ પોતાની પુત્રીઓને શીખવવાનો નિશ્ચય દરેક માબાપે કરવો જોઇયે. આ નિશ્ચય અમલમાં મુકવા માટે બીજો પણ એક નિશ્ચય થવાની જરૂર છે. અને તે એ કે સોળ વર્ષની ઉમર થાય ત્યાં સુધી તો કન્યાઓને આ શિક્ષણ મેળવવા માટે સમય આદિની અનુકૂલતા કરી આપવીજ જોઇયે. આ માટે બાળલગ્ન બંધ પડવાં જોઇયે. બને તો સોળ વર્ષ પહેલાં કન્યાનાં લગ્ન ના કરવાં જોઇયે. અને કદાચ લગ્ન થયાં હોય તો તેને ઘરસંસારમાં તો નજ નાંખવી જોઇયે. યુવકોએ પણ નિશ્ચય કરવો જોઇયે કે માધ્યમિક શિક્ષણ પુરૂં કરેલી કન્યાનેજ તેઓ પરણશે. અગર તે પહેલા સંસાર તો નહિજ માંડે.

*   *   *   *

આ તો આપણે માધ્યમિક શિક્ષણની વાત કરી. સામાન્ય સમૂહ આટલા શિક્ષણથી સંતોષાશે; પરંતુ ઘણીયે કન્યાઓ ઉચ્ચ શિક્ષણની અપેક્ષા રાખશે. વળી સમાજમાં પણ આવી ઉચ્ચ

ઉચ્ચ શિક્ષણ.

કેળવણી પામેલી બાળાઓની બહુ જરૂર છે. સંસ્કાર મેળવવા માટે-ખરી સંસ્કૃતિ ગ્રહણ કરવા માટે-તો ઉચ્ચ શિક્ષણ જોઇશેજ. વળી શિક્ષિકાનું કાર્ય કરવા માટે કે સમાજ-સેવાની સંસ્થાઓનો વહીવટ કરવા માટે જે બાઇઓની જરૂર છે તેઓએ તો ઉચ્ચ શિક્ષણ લીધેલું હોવુંજ જોઇએ. આ કારણથી ઉચ્ચ શિક્ષણ માટે

વ્યવસ્થા. કેટલેએક સ્થળે તો થવીજ જોઇયે. પ્રમાણમાં તે માટે ખર્ચ વધારે એ વર્ગે જનાંએ વધુ ખર્ચ કરીને પણ પાઠશાળાઓ અમુક સ્થળે તો કાઢવીજ જોઇયે. અને જે સ્થળોએ આવી પાઠશાળા હોય તે સ્થળે બહાર ગામથી ભણવા કોઇ કન્યાને આવવું હોય તો તેને માટે નિવાસની યોજના પણ થાય તો સારૂં. અમે એકવાર ફરીને કહીયે છીયે કે કાઠીયાવાડમાં રાજકોટ, ભાવનગર અને જામનગરમાં માધ્યમિક શિક્ષણ આ ધોરણે આપવાની સંસ્થાઓની જરૂર છે. તથા એકાદ સ્થળે ઉચ્ચ શિક્ષણ માટેની વ્યવસ્થા પણ થવી જોઇયે.

* * * *

લગ્ન પછીનું સુખ. પત્નીઓને ૧૦ શીખામણો. પરણ્યા પછી સુખી થવા માટે નીચલી દશ શીખામણો બાનુઓના એક મંડળ તરફથી પ્રગટ થઇ છેઃ—

૧. બહુ ખર્ચ ન કરશો. સ્વતંત્રતા મેળવવાની અભિલાષાની પુરૂષોપર જેટલી અસર થાય છે તેટલી બીજા કશાની થતી નથી.

૨. તમારૂં ઘર સ્વચ્છ રાખો. આખો દિવસ કામ કરી કંટાળી ગયેલા પુરૂષને ઘરની સ્વચ્છતાથી ટાઢક વળે છે.

૩. તમારાં શરીરને બીન ખેંચાણકારક ન રાખશો.

૪. પરપુરૂષોનું તમારા તરફ આકર્ષણ થાય તેવું કંઈ પણ ન કરશો. પતિઓ વારંવાર અદેખા બને છે અને કેટલાંકો તો કારણ વિના વહેમી બનેછે.

૫. બાળકોપર તેમના પિતા વાજબી ધાક રાખે તેની સામે ન થશો. આવી રીતે વચ્ચે પડવાના કામને ઘણીવાર ડાહ્યા પુરૂષો પણ ઉદ્ધતાઇ ગણેછે.

૬. તમારી માતા અને પીયેરીઆંઓ સાથે વધુ સમય ન ગાળશો.

૭. તમારા ઘરસંસારના વહીવટની બાબતમાં પાડોશીની સલાહ ન લેશો તેમજ તમારાં પીયેરીઆંઓની સલાહપર પણ બહુ આધાર ન રાખશો.

૮. તમારા પતિનું ખોટું ન બોલશો. તેને વિષે ઉતાવળમાં તમે જે કંઈ બોલો તે પરથી તેનાં ચારિત્ર અને શક્તિનું બીજાઓ માપ કહાડશે.

૯. હસો. બધી બાબતો પર લક્ષ આપો. તમારો સ્વભાવ ખરાબ નથી તેવું હાસ્ય એક ચીહ્ન છે, તમારા પતિની લાગણીપર લક્ષ આપવાથી તેને માટે માન ઉત્પન્ન થશે.

૧૦. કુનેહબાજ બનો. સ્ત્રી તરીકનાં તમારા સ્વાભાવિક ગુણો ન

છોડશો. પુરૂષો પણ મોટી ઉમેરનાં બાળકોજ છે. તેમને દમદાટી ન આપો.

* * * *

સ્ત્રી પુરૂષોને સરખા હક. તેને લીબરલ અને કામદાર પક્ષોને ટેકો.

લંડન, તા. ૨૯ મી મે.

પાર્લામેંટની ચુંટણીના સબંધમાં મત આપવાના સ્ત્રી પુરૂષોને એક સરખા હક આપવાના સવાલને લીબરલો તથા કામદાર પક્ષોનો ટેકો છે. કારણકે એ બને પક્ષો માને છે કે આ હક આપવાથી એ બને પક્ષોને લાભ થશે.

૨૧ વરસની ઉપરની બધી સ્ત્રીઓને મત આપવાનો હક આપવાની અરજી વિશે ઇસારો કરતાં પ્રધાન મંડળ તરફથી જણાવવામાં આવ્યું હતું કે પાર્લામેન્ટની ખાહેશ હશે તો સરકાર એ માટેનું બીલ સભામાં લાવશે.

* * * *

સ્ત્રીઓજ પોતાનું હીત બગાડે છે! લીંકન્સ ઇન હૉલમાં હાર્ડવીક સોસાયટીમાં બાનુઓ માટેની એક રાતે મી० ડબલ્યુ. એસ. જયોર્જે એવી દરખાસ્ત રજુ કરી હતી કે આ સભાનો એવો અભિપ્રાય છે કે આ દુનીયામાં બાનુજ બાનુઓના હીતને નુકસાન પહોંચાડે છે.

મી० જયોર્જે જણાવ્યું કે વીકટોરીયા યુગજ ઇંગ્લંડના ઇતિહાસમાં અચાનક એવો પ્રસંગ હતો કે જ્યારે સન્નારીઓને પહેલી અને છેલ્લીવાર માન આપવામાં આવ્યું હતું.

સર અર્નેસ્ટ વાઇલ્ડ, કે. સી. એ દરખાસ્તની સામે થતાં જણાવ્યું કે પુરૂષોને હજુ એ શીખવાનું છે કે તેઓ દુનીયાનો ઇજારો લઇ શકે તેમ નથી. જ્યાં સુધી સ્ત્રીઓ પુરૂષોનું કામ કરી શકતી હોય ત્યાં સુધી તેમને સરખું લવાજમ મળવું જોઇએ. જે સ્ત્રીઓને સમાનતા મળી છે તેમણે પણ હજુ સ્ત્રીઓ માટે લડત ચલાવવાની છે.

જો પુરૂષો એમ કહે કે "તમે સમાનતા માગો અને અમે તે આપીશું તો પછી તમારા તરફ વિવેકથી નહીં વરતીએ."

સ્ત્રીઓ તર્તજ તાળો મારશે: "ટ્રામમાં અને બસમાં તમારી જગાએજ બેસી રહેજો. અમારે માટે ઉઠીને જગા ન કરી આપશો."

* * * *

સટા બજારમાં સ્ત્રીઓ!

આપણા શેર બજારમાં કે સોના ચાંદીના બજારમાં અથવા તો રૂના જથ્થામાં એકલા પુરૂષોજ સટો કરે છે. સ્ત્રીઓ હજુ એ ક્ષેત્રમાં હરીફાઈ કરવા બાહેર આવી નથી. ન્યુયોર્ક ખાતે ઘઉંના બજારમાં સ્ત્રીઓએ પણ સટામાં ઝંપલાવ્યું છે. ન્યુયોર્કના ઘઉંના બજારમાં એટલો બધો શોરબકોર અને ગરબડ થઈ રહે છે કે કંઈ સાંભળી પણ શકાતું નથી. ત્યાં સ્ત્રીઓને જ્યાં સોદા થાય છે ત્યાં જવા દેવામાં આવતી નથી પણ તેથી કંઈ સ્ત્રીઓ નાઉમેદ નથી. તેઓ ગેલેરીપર બેસી સોદા કરે છે. જે જાતની ભીડ થાય છે તે જોતાં સ્ત્રીઓને નીચે જવા દેવામાં આવે તો પણ તેઓ ઘણું થોડું કામ કરી શકે તેમ છે. તેઓ પુરૂષોની માફક ઘાંટા પાડી શક્તી નથી. તેમ પુરૂષોના ધમપછાડ આગળ તેઓ ફાવી શકે તેમ પણ નથી. સ્ત્રીઓ ગેલેરીમાં બેસે છે અને કોઈ પુરૂષને ભાગીઓ બનાવી તેને નીચે સોદા માટે મોકલે છે, અને પોતે પાટીયાંપર લખાતા ભાવ સંભાળપૂર્વક તપાસ્યા કરે છે. કોઈ કોઈવાર તે નીચેના પોતાના પુરૂષ ભાગીદારને ઈશારત કરી લેવા વેચવાનો વખત આવ્યો હોય છે તો જણાવે છે. આ બજારની ભાષાજ જુદી હોય છે તેથી પોતે શું કહેવા માંગે છે તે પોતાના ભાગીઆને સહેલાઈથી સમજાવી શકે છે. આંગળીની સંખ્યા સૂચવે છે અને જમણો હાથ ઉંચો કરે તો લેવું અને ડાબો હાથ ઉંચો કરે તો વેચવું એવો અર્થ થાય છે. આ ઈશારત એટલી બધી ત્વરાથી થાય છે કે અજાણ્યા માણસો તે ઝટ સમજી શકતા નથી. ઘણી સ્ત્રીઓ આવી જાતના સટા રમી પોતાનું ગુજરાન ચલાવે છે. ઘણીવાર તેઓ સટામાં પુરૂષોને પણ મહાત કરે છે. પોતાના નફામાંથી કેટલીક સ્ત્રીઓએ મોતીના હાર અને દાગીના પણ વસાવ્યાં છે.

* * * *

રાજકીય વાતાવરણ. અમદાવાદમાં ઑલ ઇંડિયા કોંગ્રેસ કમિટીની બેઠક મળી ગઈ છે. આમાં મુખ્ય સવાલ એ હતો કે જે પાંચ બહિષ્કારો કોંગ્રેસે જાહેર કર્યા છે, તે સર્વાંગે અમલમાં મૂકતો હોય નહિ, તથા જે માણસો જાતે કાંતતા હોય નહિ તે કોઇ પણ કમિટીઓમાં રહી શકે નહિ. આ સવાલ ઉપર બહુજ કડવાસ ભરી ચર્ચા થઈ હતી. કારણ કે તેથી સ્વરાજવાદીઓને દરેક કમિટી-

આંથી નીકળી જવું પડે તેમ હતું. પરંતુ છેવટે કાંઈક સમાધાની થઇ છે અને હાલમાં તો શાંતિ જળવાઈ છે. હવે આવતી કોંગ્રેસમાં આ બાબત વધુ ચર્ચાશે.

* * * *

સરોજીની નાયડુ. શ્રી. સરોજીની નાયડુ, હિંદીઓની હાડમારી તપાસવા આફ્રીકા ગયાં હતાં ત્યાંથી પાછાં ફર્યા છે. એક સન્નારી આવું કામ સફળતાથી કરી આવે તેથી સ્ત્રી-વર્ગને આનંદ થાય જ. અમે તેમને હિંદ પાછા આવતાં આવકાર આપીયે છીયે અને આશા રાખીયે છીયે કે એમના જાહેર જુસ્સા ઉપરથી અન્ય સન્નારીઓ ધડો લેશે અને જેમને ફુરસદ અને અનુકૂળતાઓ છે, તે સમાજસેવા માટે કાંઈને કાંઈ કાર્યો કરશે જ.

પુસ્તક પરિચય.

[લેખક—રા. રા. કેશવપ્રસાદ છો. દેસાઈ.]

કાન્તમાલા.

(સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટના સ્મારક નિમિત્તે પ્રકટ થયેલો ગદ્ય-પદ્ય સંગ્રહ. કી. રૂ. ૪—૦—૦ રૉયલ ૮ પેજી પાનાં ૪૩૪.)

ગયા વર્ષના જૂન માસમાં કવિ કાન્તના દુઃખદ મોતથી સાહિત્ય-રસિકોને આઘાત થયો હતો. ગુજરાતના આ નૈસર્ગિક પ્રતિભાશાળી કવિ અને સાક્ષરનું મૃત્યુ કરુણ સંજોગોમાં થયું હતું. તેમનું સ્મારક કરવાનો વિચાર તેમના જીવન-મિત્ર સાક્ષર શ્રી. બલવંતરાય ક. ઠાકોરને આવ્યો અને કાન્તના મૃત્યુની પ્રથમજ વાર્ષિક તિથિને દિવસે તેમણે અથાગ પ્રયત્નોથી અને અન્ય મિત્રોની મદદથી આ સુંદર અને ઉપયોગી પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે.

પુસ્તકના મુખ્ય ચાર વિભાગ છેઃ ૧ ટુંકી વાર્તાઓ. ૨ બીજું ગદ્ય.

ગારાયલા છે. છતાંયે સૌથી ઉપયોગી ભાગ તો કાન્તવિભાગજ છે. તેમાંયે કાન્તની પત્રધારા તો તેમનું હૃદયજ દર્શાવી આપે છે, અને તે બહુજ ઉપયોગી છે. સ્મારકના બીજા વિભાગો રાખવાના હેતુ વિષે પ્રકટકર્તા લખે છે કેઃ—

"........અમારો એક ઉંચામાં ઉંચો આશય એવો હતો, કે આ સ્મારક ગ્રંથ આટલા વિશાળ અને વિવિધ અને ઉમંગી સહકારયોગે ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી માનસના આ દાયકાના બલાબલના એક ગુટકાકે સૂક્ષ્મદેહી પ્રતિબિંબ જેવો બની, ભવિષ્યના નિરીક્ષકોને એ પ્રકારે ઉપયોગી થઈ પડે." વળી પ્રસિદ્ધકર્તા જણાવે છે કેઃ—

"આ સંગ્રહમાં ઉછરતાં અને અદ્યાપિ ઓછાં જાણિતાં લેખક લેખિકાઓની કેટલીક કૃતિઓ, રસિક કલાન્વિત, પાણિદાર, અને સજીવન લાગે છે; અને આશા મ્હલાવવાને કારણ આપે છે ખરી કે છેલ્લાં પંદર વર્ષને મુકાબલે આજથી આરંભાતા પંદર વર્ષ મોળા નહિ પડે, ઘણુંખરૂં તો સવાયા નિવડશે."

અમે આ વિચારો સાથે સંપૂર્ણ રીતે મળતા થઇયે છીયે.

હજી સુધી કાન્તની અપ્રકટ કૃતિઓ ઘણી છે. તે સર્વ આવતી મર્ણતિથિયે પ્રકટ થાય તો કાન્તની જયંતિ સુંદર રીતે ઉજવી કહી શકાય. તેમના સંપૂર્ણ જીવનચરિત્ર માટે, તથા તેમની કૃતિઓનું હાર્દ સમજવા માટે, જુદી જુદી તેમજ ઝીણી ઝીણી હકીકતો પણ એકઠી કરવાનું શરૂ થવું જોઈયે અને તેમની ત્રીજી મર્ણતિથિ ઉપર એમનું સંપૂર્ણ જીવનચરિત્ર પ્રકટ કરવાની યોજના થાય તો ગુર્જર સાહિત્યને બહુજ લાભ થાય.

આ પુસ્તકને અમે વધાવી લઇયે છીયે. તે જોતાં અમને આનંદ અને અભિમાન થાય છે. ગુર્જરી ભાષાનું ભવિષ્ય ઉજળું દેખાય છે. પ્રસિદ્ધકર્તાની વિવેકબુદ્ધિ, શ્રમ તથા ચોકસાઈનું આ સુંદર પરિણામ છે. શ્રી. બલવંતરાયજી નિવૃત્તિમાં જે આવી સુંદર પ્રવૃત્તિ કરે છે તે માટે અમને બહુજ માનવૃત્તિ ઉદ્‌ભવે છે. આ સુંદર પુસ્તક દરેક શિક્ષિત કુટુંબમાં રાખવું જોઇયે. આશા છે કે ટુંક સમયમાં તેની સર્વ નકલો ખપી જશે.

પૃથિવીવલ્લભ.

(લેખક—રા. રા. કનૈયાલાલ મા. મુનશી. કીમત ૧-૮-૦)

ઐતિહાસિક નવલકથાઓ અતિ રસભરી રીતે લખીને રા. કનુભાઇયે

ગુર્જર વાંચકોનાં મન અત્યાર સુધી ક્યારનાંયે હરી લીધાં છે. તેની સાબિતી આ પુસ્તકની બીજી આવૃત્તિ ટુંક સમયમાંજ બહાર પડી તે છે.

આ વાર્તાનો નાયક મુંજ છે. તૈલપે તેને યુદ્ધમાં હરાવી કેદ કરીને પોતાની રાજ્યધાનીમાં આણ્યો. તૈલપની બહેન મૃણાલવતી સંયમમાર્ગી હતી. વૈરાગ્યનાં આદર્શો સિદ્ધ કરતી હતી. તેમજ અતિ બુદ્ધિશાળી હતી. પરંતુ કુદરતના કાયદાઓ તીવ્ર વૈરાગ્યથીયે મહાન છે. કેદી મુંજ વિરાગી મૃણાલમાં મોહ ઉત્પન્ન કરે છે, અને તેનું દિલ જીતી લે છે. તેવીજ રીતે મૃણાલના સખ્ત કાયદા નીચે ઉછરેલી, યુવરાજને વરાવવા ધારેલી વિલાસનું ચિત્ત કવિ વેશે આવેલો ભોજ હરી લે છે. આ બંને વિગતો બહુજ ઉત્તમતાથી આલેખાઈ છે અને તેમનો કલાયુક્ત વિકાસ થયો છે.

આ પુસ્તક બાબત ઐતિહાસિક દૃષ્ટિયે કાંઇક ચર્ચા થઇ હતી, પરંતુ સુંદર કલાવાન નવલકથા માટે એવી ચર્ચાજ અયોગ્ય. આ પુસ્તક સુંદર આકારે પ્રસિદ્ધ કરવા માટે સાહિત્ય સંસદને અભિનંદન ઘટે છે.

નવજીવન કેળવણી અંક.

રાષ્ટ્રીય શિક્ષણ માટે અસ્તિત્વમાં આવેલી ગુજરાત વિદ્યાપીઠ તરફથી કેળવણી અંક કાઢવાની યોજનાને અમે વધાવી લઇએ છીએ. આ અંક નવજીવનના વધારા તરિકે નિકળે છે, અને જેઓ તેના ખાસ ગ્રાહક થાય તેમનેજ તે મળે છે. રાષ્ટ્રીય શિક્ષણના આદર્શોનું પ્રચારકાર્ય આ દ્વારા બહુ સારી રીતે થઈ શકશે. વળી રાષ્ટ્રીય સંસ્થામાં કાર્યકર્તા શિક્ષકોને પણ આ દ્વારા નવા દૃષ્ટિબિંદુઓ આપી શકાશે. પ્રથમના બે અંક જોતાં તો આ અંકના ભવિષ્ય સંબંધી બહુ સારી આશા બંધાય છે. અમે ઇચ્છીયે છીયે કે રાષ્ટ્રીય શિક્ષણ સાથે એકમત ના થયેલા હોય તેવા પણ અનુભવી શિક્ષણશાસ્ત્રીઓ પાસેથી પણ આ અંક માટે લેખો મેળવવામાં આવશે.

મહાત્મા ગોખલેનો વારસો.

મ. ગોખલેની મર્ણતિથિ ઉપર ભગિની સમાજને માટે મહાત્મા ગાંધીજીએ લખેલો આ ટુંકો પણ બહુજ મુદ્દાનો લેખ છે. તે મ. ગાંધીજીના હસ્તાક્ષરમાં, અને ઘણાં ચિત્રો સાથે આર્ટ પેપર ઉપર છપાઈ બહાર પડ્યો છે. તે માટે અમે રા. કરસનદાસ ચીતળીયાને અભિનંદન આપીયે છે.

સુબોધ સંગ્રહ.

(લેખક—ડૉ. ડોસાભાઇ રૂ. ધાબર. પ્રકટકર્તા હો. તે. અંકલેસરીયા. નં. ૧ પારસી બજાર સ્ટ્રીટ; મુંબઈ.)

ડૉ. ધાબર એક જાણીતા લેખક છે. તેમણે અગાઉ ત્રણ ચાર ગુજરાતી પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તક પણ તેમણે સ્ત્રીબોધમાં લખેલા લેખોનો સંગ્રહ છે. સ્ત્રીબોધના આગલા અધિપતિ સ્વ. શેઠ કેખુશરો કાબ્રાજી તથા તેમના પુત્ર રા. જહાંગીરજી કાબ્રાજીના ઉત્તેજનથી લેખકનો ઉત્સાહ વધ્યો હતો એમ લેખક જણાવે છે.

આ પુસ્તકમાં લગભગ અઢીસો પાનામાં એંશીને આશરે લેખો છે. સઘળા લેખોનું વલણ આધ્યાત્મિક છે. અને લગભગ બધા લેખો ભાષાંતર કે અનુવાદ રૂપે છે, છતાંયે નિબંધો બધા વાંચવા અને વિચારવા યોગ્ય છે. નિબંધો નીતિ, ડહાપણ અને દુનિઆના અનુભવને લગતા છે. એ નિબંધો વાંચતાં વાંચતાં ગંભિરતાનું વાતાવરણ ઉભું થાય છે. પુસ્તકનો ઉપોદ્‌ઘાત મી. જહાંગીર કાબ્રાજીએ લખીને ચોપડીની ઉપયોગિતામાં ઘણો વધારો કર્યો છે. ઉપોદ્‌ઘાતમાં આ પુસ્તકને સર ટૉમસ બ્રાઉનના Religis Medici (એક વૈદ્યનો ધર્મમત) એ પુસ્તક સાથે સરખાવ્યું છે. તેમજ નિબંધોના સાહિત્ય વિષે સારૂં વિવેચન કરેલું છે.

પુસ્તકની ભાષા કેવળ "પારસીશાહી" નથી. એકંદરે સરલ ગુજરાતી છે, અને લેખક તથા પ્રકાશકે જરા વધારે સંભાળ રાખી હોત તો સરળતાની સાથે વિશેષ ભાષાશુદ્ધિ સાચવી શકત.

એકંદરે પુસ્તક ઉત્તમ છે. નિબંધોનું સાહિત્ય આપણી ભાષામાં ઓછું છે, તેમાં આ પુસ્તકથી એક સારો વધારો થયો છે.

દર્શનિયું.

(લેખક—રા. બ. ક. ઠાકોર. પાનાં ૧૯૨ કીં. ૧-૦-૦.)

ઘણીયેવાર ઉત્તમ સાહિત્ય માસિકો અને વર્તમાનપત્રોની ફાઇલોમાં દટાયલું રહે છે. અને રા. ઠાકોરે આ સંગ્રહ પ્રસિદ્ધ કર્યો હોત નહિ તો આ વાર્તાઓની પણ તેજ દશા થાત.

આ સંગ્રહમાં નવ ટુંકી વાર્તાઓ છે. આ બધીજ વાર્તાઓ એક યા બીજે સ્થળે પ્રસિદ્ધ થઈ ગએલી છે. છતાંયે તે લખાયાનો સમય એટલો લાંબો છે કે ઘણાયે વાંચનારાઓને લગભગ બધી જ નવી લાગશે. પુસ્તકનું

નામ "દર્શનિયું" છે. તેનો અર્થ નિવેદનમાં આપ્યો છે. નાનાં બાળકોને હાથે શોભીતા મણકા, ત્રાંબા કે રૂપાના તારમાં પરોવીને પહેરાવે છે, તેનું નામ દર્શનિયું કહે છે. તેથી મોટા હોય તે બેરખો કહેવાય છે. અને પછી માલા. આ રીતે નાની વાર્તાસંગ્રહ છે માટે તેનું નામ દર્શનિયું રાખ્યું છે. આ સંગ્રહની વાર્તાઓ જુદા જુદા શોખના વાંચનારાઓને ગમે તેવી છે. "ધરતીનો છેડો ઘરનો નેડો" એ વાત હાલના સમયમાં બધાને બહુ જ ગમશે. "યુદ્ધ કાલનો લોહીનો તરસ્યો ધર્મ," ફરજનો ખ્યાલ આપનારી ઉત્તમ વાર્તા છે. અને "ઉ-વૉલ્ડોનો સ્મારક સ્થંભ" એ વાર્તા આધ્યાત્મિક છે.

શિષ્ટ ગદ્યના અભ્યાસ માટે પુસ્તક ઉત્તમ થઈ પડે તેવું છે. અને ઉગતા વાંચકોને તે દૃષ્ટિયે અમે તેની ખાસ ભલામણ કરીયે છીયે. આ વાર્તાસંગ્રહ પ્રસિદ્ધ કરીને લેખકે સાહિત્યની સેવા કરી છે. આપણા સાહિત્યમાં આ પુસ્તકથી આવકારદાયક વધારો થયો છે.

નવીન પુસ્તકો.

૦-૧૨ **સીતા**—દ્વિજેન્દ્રલાલ રૉય કૃત સ્ત્રીઓને આદર્શરૂપ નાટક.

૧-૧૨ **ઉગતી જુવાની**—પ્રો. બલવંતરાય ક. ઠાકોર કૃત નવું નાટક.

૧—૦ **દર્શનીયું**—પ્રો. ઠાકોરકૃત નવ વાર્તાઓનો સંગ્રહ.

૦-૧૨ **ના૦ ગોપાળ કૃષ્ણ ગોખલે**——સચિત્ર જીવનચરિત્ર. આવૃત્તિ બીજી. તેમનાં ત્રણ મહત્વનાં વ્યાખ્યાનો અને ચાર છબીઓ સાથે.

૨—૮ **સંવાદમાલા**—વિદ્વાનોએ લખેલા ૩૬ સંવાદો. આઠ છબીઓ સાથે.

૦-૧૨ **કલાપી કાન્તના સંવાદો તથા કલાપીના ધર્મવિચારો.**

૦-૧૨ **ન્યા૦ મૂ૦ રાનાડેનાં ધાર્મિક પંદર વ્યાખ્યાન.**

૧—૮ **નીતિવચન**-મર્હુમ કરસનદાસ મૂળજી કૃત. પુંઠું સોનેરી.

૫—૮ **હૃષીકેશચંદ્ર** ભાગ ૧-૨ હિંદુ સંસારની સામાજીક સ્વતંત્ર નવલકથા.

દરેક પુસ્તક માટે વિ. પી ખર્ચ જુદું. લખો:—

દાંત અને મોઢાના આરોગ્ય સંબંધી ૫૨ લોકોપયોગી સવાલ–જવાબ.

:-:o:-:

[લખનારઃ—મિ૦ કેખશરૂ દોરાબજી જીલા.]

દાંત અને મોઢાની સંભાળ કેમ અને કેવી રીતની રાખવી તે જાણવું અવશ્યનું છે. દાંત અને મોઢું હંમેશાં સ્વચ્છ કેવાં રહે છે તે સંબંધીની કાળજી દરેકે રાખવી જોઇએ. માતપિતાએ પોતાનાં બાળકોને તેમજ બીજાઓએ પોતાના સમાગમમાં આવતા દરેકને દાંત અને મોઢું સ્વચ્છ કેવી રીતે રાખવાં તે બાબતનું શિક્ષણ તેઓના મગજમાં ઠસે તેવા પ્રકારે આપવું જોઇએ.

નિશાળોમાં બાળકોને કેળવણી ખાતાનાં ઠરાવેલાં શિક્ષણ ઉપરાંત દાંત અને મોઢાના આરોગ્યનું ખાસ શિક્ષણ અપાવું જોઇએ, અને તેનાં રહસ્યો ચિત્રો, મૅજીક લેનટર્ન, સિનેમેટોગ્રાફ વગેરેની મદદથી સમજાવવાં જોઇએ. શારીરિક તપાસ વારંવાર લેવાવી જોઇએ, અને રોગી–ખામી ભરેલાં બાળકો માટે તાત્કાલિક ઉપાય અમલમાં મૂકાવા જોઇએ. નિશાળોમાં બાળકોની સંભાળ માટે કેળવાયલી ગવરનેસો અને શારીરિક તપાસ માટે દરેક રોગના જૂદા જૂદા દાક્તરો રોકાવા જોઇએ. મોઢાના આરોગ્ય માટે શિક્ષણ આપવા એક જૂદો વર્ગ દાખલ થવો જોઇએ. જેમાં જંતુઓ શું? તેની ઉત્પત્તિ, ફેલાવો અને હયાતીથી થતાં નુકશાન; એ જંતુનો નાશ કરવા શું કરવું? દાંતની સંભાળ, દાંત સાફ રાખી મોઢું કેવી રીતે સ્વચ્છ રાખવું? દાંતના રોગ કેવી રીતે શરૂ થાય છે? એનાથી બીજા કેવા કેવા રોગ પેદા થવાની વકી છે? કેટલા રોગને એમાંથી પોષણ મળે છે? વગેરે વિષયો સાદી સમજાવટથી સમજાવવા જોઇએ. દાંતના બ્રશ કેમ વાપરવાં અને તે સ્વચ્છ રાખી બરાબર વાપર્યાં છે કે નહિ તેની પણ ખાસ સંભાળ લેવી જોઇએ.

દાંત અને મોઢાનું આરોગ્ય કેવી રીતે જાળવવું તે બાબતના વિદ્વાન તબીબો તેમજ અનુભવીઓએ કેટલાક અગત્યના સવાલ જવાબો બહાર પાડયા છે, જે અમો અત્રે રજુ કરીએ છીએ. માતપિતાએ તેમજ નિશાળોમાં શિક્ષકોએ બાળકોના મગજમાં તે ઠસે તેવી રીતે સમજાવી તેઓને ઘટતું

૧. સવાલ—આપણા દાંત ક્યારે બનવા શરૂ થાય છે?

જવાબ—બાળક માતાના પેટમાં હોય છે ત્યારથી.

૨. સવાલ—માતાની તબીયતને બાળકની તબીયત તેમજ દાંત સાથે કાંઈ સંબંધ છે કે?

જવાબ—હા. જો માતા એમ ઇચ્છતી હોય કે તે બાળકના દાંત અને તેની તબીયત મજાની થાય તો તે માતાએ તે હમેલ દરમ્યાન પોતાની તબીયતની ઘણી સંભાળ લેવી જોઇએ.

૩. સવાલ—માતાએ પોતાની તબીયત સારી બનાવવા માટે અવસ્યનું શું કરવું જોઇએ?

જવાબ—તેણીએ પોતાનું મોઢું ઘણું સ્વચ્છ રાખવું જોઇએ, કારણ કે તે વગર તબીયત કદિ બી સારી રહી શકે નહિ.

૪. સવાલ—માતાએ પોતાની તબીયત સારી બનાવવા માટે અવસ્યનું શું કરવું જોઇએ?

જવાબ—તેણીએ પોતાના દાંત ઘણા સ્વચ્છ રાખવા જોઇએ, કારણ કે તે વગર તબીયત કદિ બી સારી રહી શકે નહિ.

૫. સવાલ—સાધારણ રીતે જોવામાં આવે છે કે હમેલદાર સ્ત્રીઓનું મોઢું હમેલ દરમ્યાન અને બાળકને જન્મ આપ્યા પછી બી ઘણું ખરાબ થાય છે અને દાંતો કોહી જાય છે, તેનો સબબ શું?

જવાબ—અસલના વખતથી માતાઓમાં એવો ખોટો ખ્યાલ છે કે હમેલ દરમ્યાન માતાનું મોઢું અને દાંતો ખરાબ થાય એ કુદરતનો કાયદો છે.

૬. સવાલ—એ ખ્યાલમાં કાંઈ સચ્ચાઈ છે કે?

જવાબ—જરા બી નહિ. જો માતાઓ હમેલ દરમ્યાન પોતાનું મોઢું સ્વચ્છ રાખે તો મોઢું અને દાંતો ખરાબ થવાનું કાંઈ બી કારણ નથી.

૭. સવાલ—હમેલ દરમ્યાન જો માતાનું મોઢું અસ્વચ્છ હોય તો તેની બાળક પર શી અસર થાય છે?

જવાબ—જો માતાના મોઢાની હાલત ઘણી અસ્વચ્છ હોય તો તે બાળક અધુરે તૂટી પડે, પણ જો મોઢું ઘણું ખરાબ ન હોય અને હમેલ પૂરા દિવસના થઇ બાળક જન્મ પામે તો ઘણું ખરૂં તે બાળક નાતવાન હોય છે.

૮. સવાલ—આપણા લોકોમાં એવો ખ્યાલ છે કે જો હમેલ દરમ્યાન માતા પોતાના મોઢાની જતન કરે યા સડેલા દાંતોની સારવાર કરાવે તો હમેલને ખલેલ પૂગે એ ખ્યાલમાં કાંઈ સચ્ચાઈ છે કે ?
જવાબ—જરા બી નહિ. તેથી જ ઉલટું અવશ્યનું છે કે, માતાએ મોઢાની જતન અને ગરજ હોય તો દાંતોની સારવાર બી કરાવવી જોઇએ.

૯. સવાલ—બાળકની તંદુરસ્તી માટે સૌથી જરૂરનું શું છે ?
જવાબ—સ્વચ્છ મોઢું. કારણ કે તબીયતનો સઘળો આધાર મોઢાની હાલત પર જ છે.

૧૦. સવાલ—બાળકનું મોઢું સ્વચ્છ રાખવા માટે માતાએ શું કરવું જોઇએ ?
જવાબ—બાળક જન્મે ત્યારથી જ માતાએ તે બાળકનું મોઢું સ્વચ્છ રાખવું જોઇએ અને તેમાં ખાસ કરીને દરેક વખત ધવડાવ્યા પછી.

૧૧. સવાલ—બાળકનું મોઢું કેવી રીતે સ્વચ્છ કરવું ?
જવાબ—ખરબચડું કપડું–આપણી જાડી ખાદી–અને સાધારણ પાણીથી ઘસીને સાફ કરવું. જરા ઘસીને વાપરવાથી મોઢું બરાબર પોખાશે અને ભવિષ્યના સઘળા દાંતો માટે પૂરતી જગ્યા થશે.

૧૨. સવાલ—બાળકને બચપણમાં શું ખોરાક આપવો જોઇએ ?
જવાબ—માતાએ પોતાના બાળકને પોતાના જ દૂધ પર ઉછેરવું જોઇએ, કારણ કે તેથી બાળકના મોઢાની તેમજ આખા શરીરની હાલત ઘણી સરસ રહે છે અને તે બાળક એ કોમળ વયે લાગુ પડતા ઘણાંક દરદોથી નીરાળું રહે છે.

૧૩. સવાલ—ઘણી વખત બને છે કે માતાને દૂધ હોતું નથી, તેનું કારણ શું?
જવાબ—તે માતાના મોઢાની ખરાબ હાલત તેનું સૌથી મોટું કારણ છે.

૧૪. સવાલ—બાળકને માતાના દૂધ પર ઉછેરવામાં આવે છે તો પણ તેને પેટ, ઉલટી અને ઉપજ્યું જેવાં દુઃખો લાગુ પડે છે, તેનું કારણ શું ?
જવાબ—એનું બી સૌથી મોટું કારણ તે ધાવણ આપની માતાના મોઢાની ખરાબ હાલત હોય છે. તે માટે આવશ્યક છે કે ધાવણ આપવાની મુદત દરમ્યાન માતાએ પોતાના મોઢાની ઘણી જ જતન વર્દી સ્વચ્છ રાખવું જોઇએ.

૧૫. **સવાલ**—જો માતાને દૂધ ન આવતું હોય તો બાળકને બીજો શું ખોરાક આપવો ?

જવાબ—ગાય અથવા ભેંસનું દૂધ આપવું.

૧૬. **સવાલ**—બાળકને સાધારણ રીતે બજારમાં વેચાતા બનાવટી ખોરાક (Patent Foods) આપવા સારા છે કે?

જવાબ—મુદ્દલ નહિ. અનુભવી તબીબોનું એવું મત છે કે એવા ખોરાકોથી જેટલા દૂર રહેશો તેટલો ફાયદો થશે.

૧૭. **સવાલ**—બનાવટી ખોરાકપર ઉછરતાં બાળકો કેવાં હોય છે?

જવાબ—એવા ખોરાકપર ઉછરેલાં જે બાળકો જીવે છે, તેઓની જીવનશક્તિ ઘણી નબળી હોય છે, અને તે મોટા થતાં અનેક દુઃખ દરદોના હુમલા સામે ટકી શકતાં નથી.

૧૮. **સવાલ**—દૂધીયા દાંત આવવાની શરૂઆત ક્યારે થાય છે?

જવાબ—છઠ્ઠે યા સાતમે મહિને.

૧૯. **સવાલ**—એ દાંત ફુટે છે ત્યારે બાળકને પેટ, ઉલટી અને ઉપલ્યું જેવાં દરદો થાય છે અને માતપિતાઓ એમ માને છે કે એ વખતે એ દુઃખો લાગુ પડવાં એ કુદરતનો કાયદો છે. આ માન્યતામાં કાંઈ સચ્ચાઈ છે કે ?

જવાબ—જરા બી નહિ.

૨૦. **સવાલ**—ત્યારે સાધારણ રીતે એ દુઃખો ઘણાંખરાં બાળકોને થાય છે તેનું ખાસ કારણ શું ?

જવાબ—તેનું મુખ્ય કારણ ધાવણ આપતી માતાના તેમજ બાળકના મોઢાની અસ્વચ્છ હાલત હોય છે. જો માતાઓ એ મુદત દરમ્યાન પોતાનું તેમજ પોતાના બાળકનું મોઢું બરાબર સ્વચ્છ રાખે તો એ નાજુક વયે લાગુ પડતાં દરદો ઘણે મોટે હીસ્સે નાબુદ થઈ શકે.

૨૧. **સવાલ**—જો દાંત ફુટતી વખતે બાળક હેરાન થતું હોય તો સાધારણ રીતે માતાઓ ટીથીંગ પાઉડર (Teething powder) આપે છે તે સારા છે કે ?

જવાબ—જરા બી નહિ. તેથી તો બાળકને ઉલટું વધારે નુકશાન થાય છે.

છે. દાંતો વાંકાચૂંકા આવી ચહેરો કદરૂપો થાય છે. બાળકને ક્ષય કે ફેફસાંનું કોઇ દરદ લાગુ પડવાનો ઘણો સંભવ રહે છે અને તે બાળક ઘણું બોચડ નીકળે છે.

૩૪. સવાલ—બીજી વેળા જાયુકના આવેલા દાંતો કેટલો વખત સુધી ચાલે છે?

જવાબ—તેઓ જીંદગી સુધી ચોલવા જોઇએ.

૩૫. સવાલ—આપણે સાધારણ રીતે જોઇએ છીએ કે દૂધીયા દાંત જલદીથી નાશ પામે છે તેનો સબબ શું?

જવાબ—દાંતમાં સડો લાગવાથી અને ઢીલા પડવાથી.

૩૬. સવાલ—દાંત ઢીલા પડવાનું કારણ શું?

જવાબ—(ક) દાંત પર પથરી (Tartar) યાને મેલ બાઝવાથી.
(ખ) દાંતને પૂરતી રીતે કસરત ન મળવાથી.

૩૭. સવાલ—દાંતપર પથરી બંધાઈ હોય તો શું કરવું?

જવાબ—કોઇ દાંતના કુશળ દાક્તર પાસે પથરી કઢાવી નખાવવી જોઇએ.

૩૮. સવાલ—સાધારણ રીતે લોકોમાં અને દાક્તરોમાં બી એવો જ ખ્યાલ છે કે પથરી કઢાવવાથી દાંત ઢીલા થાય છે. એમાં કાંઇ વજુદ છે કે?

જવાબ—જરા બી નહિ. પણ સમજો કે કદાપી થોડી ઘણી વજુદ બી હોય તો અમારી તો ખાસ ભલામણ છે કે એ પથરી કઢાવની જોઇએ, કારણ કે થોડા હાલતા પણ સફાઇદાર દાંતો, પથરીથી ઢંકાયલા ગંધાતા અને કઠણ દાંત કરતાં સારા છે.

૩૯. સવાલ—દાંતોને કસરત આપવા માટે શું કરવું જોઇએ?

જવાબ—બચપણથી કઠણ ખોરાક ખાવાની ટેવ પાડવી જોઇએ.

૪૦. સવાલ—દાંતને સડો લાગવાનું કારણ શું?

જવાબ—દાંત બરાબર સાફ નહિ કરવાથી ખાધેલા ખોરાકની રજ કણો તેમાં ભરાઈ રહી કોહવાથી દાંતમાં સડો લાગે છે.

૪૧. સવાલ—દાંતમાં લાગતા સડાનો અટકાવ થઇ શકે કે? અને કેવી રીતે?

જવાબ—હા.

(ક) કઠણ ખોરાક બરાબર ચાવીને ખાવાથી.
(ખ) દરેક ભોજન પછી કોઈ પણ જાતનાં—ખાસ કરીને રસદાર—ફળો ખાવાથી.

(ગ) દિવસમાં બે વેળા દાંતનું બ્રશ ચાલુ વાપરવાથી. (ખાસ કરી સવારે ઉઠતી વખતે અને રાત્રે સુતી વખતે.)

(ઘ) દરેક વેળા જમ્યા પછી દાંત બરાબર રીતે સાફ કરવાથી.

૪૨. સવાલ—દાંત સાફ કરવા માટે શું વાપરવું જોઇએ?

(ક) સાદું સાફ પાણી.

(ખ) કઠણ દાંતનું બ્રશ.

(ગ) મીઠાનો કે ચાકનો ભુકો (Precipitated Chalk) ચકચકીત જાહેર ખબરોવાળા દાંતના (Tooth Pastes) અને રસાયણીક પાણીઓ (Mouth Washes) થી દૂર રહેજો. ટુથ પેસ્ટ તો કદિ બી વાપરતા ના. દાંતનું બ્રશ હમેશાં કઠણ વાપરજો, કારણ કે નરમ બ્રસ તદન નકામું છે.

૪૩. સવાલ—લોકોમાં અને વળી દાક્તરોમાં બી એવો ખ્યાલ છે કે દાંતનું બ્રશ વાપરવાથી પારામાંથી લોહી નીકળે છે. એ ખ્યાલમાં કાંઈ સચ્ચાઈ છે કે?

જવાબ—જરાબી નહિ. લોહી નીકળવાનો સબબ પારાઓની ખરાબ હાલત છે અને નહિ કે દાંતનું બ્રશ. પારાઓની હાલત જો સારી હોય તો ગમે એવું દાંતનું બ્રશ વાપરવા છતાં જરા બી લોહી નીકળે નહિ.

૪૪. સવાલ—જો પારામાંથી લોહી નીકળતું હોય તો શું કરવું?

જવાબ—(ક) કોઇ હોંશિયાર દાંતના દાક્તર પાસે દાંતપર બાઝેલી પથરી સાફ કરાવવી, કારણ કે લોહી નીકળવાનું મુખ્ય કારણ એજ છે.

(ખ) સાધારણ જોરથી પારાને દાંતના બ્રશ અને આંગળીથી ઘસવા. એમ કીધાથી રફતે રફતે લોહી નીકળતું બંધ થશે.

૪૫. સવાલ—દાંતને સડો લાગ્યો હોય તો શું કરવું?

જવાબ—કોઇ કુશળ દંતવૈદ પાસે તેનો બરાબર ઉપાય કરાવી તે દાંત પૂરાવી નંખાવવો.

૪૬. સવાલ—દાંતોમાં પરૂ (Pyorrhœa) થાય છે તેનું સબબ શું?
(ક) ઘણું નરમ ખાવાની ટેવ.
(ખ) અને તે ખાઈ રહ્યા પછી દાંત અને પારા સાફ કરવાની બેદરકારી.
(ગ) દાંતોપર બાઝતી પથરી.

૪૭. સવાલ—શું પારાઓ બી દાંતના બ્રશથીજ સાફ કરવા જોઇએ કે?
જવાબ—હા. જેમ દાંત સાફ કરવાની અગત્ય છે, તેમ પારા બી સાફ કરવાની જરૂર છે.

૪૮. સવાલ—દાંતમાં પરૂ થયું હોય તો દાંત કઢાવ્યા વગર તે સાફ થઈ શકે કે?
જવાબ—હા. જો જલદીથી તેનો ઘટતો ઇલાજ કરવામાં આવે તો તે રોગ સારી રીતે નાબુદ કરી શકાય. પણ જો એ દરદ ઘણું વધી ગયું હોય તો દાંત પડયા વગર રહેતો નથી.

૪૯. સવાલ—તબીબો માને છે કે દાંતમાં થતું પરૂ શરીરમાં ઘણાક રોગો ઉત્પન્ન કરે છે તે શું ખરૂં છે?
જવાબ—હા. તેઓનો એ વિચાર તદ્દન ખરો છે. અનુભવી દાકતરોનું મત છે કે શરીરમાં જે સઘળાં દુઃખ દરદો થાય છે, તેમાંના ૮૦ ટકા કરતાં વધુ મોઢા વાટે દાખલ થાય છે.

૫૦. સવાલ—જો એ દરદો મોઢા વાટે જ દાખલ થતાં હોય તો તેનો અટકાવ કેમ કરવો?
જવાબ—મોઢું કે જે ગોયા જીંદગીનો દરવાજો છે, તેનું રક્ષણ કરો!

૫૧. સવાલ—એ રક્ષણ કરવા માટે શું કરવું જોઇએ?
જવાબ—માતપિતાએ બચપણથીજ બાળકોના દાંત અને મોઢાની જતન કરી તેને લગતાં અનેક દરદોનો અટકાવ કરવો જોઇએ, અને જો કાંઈ દરદ થયું હોય તેનો બચપણમાંજ ઉપાય કરાવવો જોઇએ, અને વધારે તો એ છે કે બચપણથી જ બાળકોને દાંત અને મોઢાની જતન કેમ કરવી તે પોતે ખાસ શીખવવું જોઇએ. નિશાળો મારફતે બી શીખવવામાં આવે એવી સરકાર અને નિશાળના માલેકો પાસે ખાસ માગણી કરવી જોઇએ.

———:o:———

પ્રેમલ નાર.

(૧)

ગગનમહીં વાદળ ગરજીને વરસે, જ્યારે વારિ અપાર,
અંધકારમાં પૃથિવી ડુલે, ચંદ્ર તારલાનો ન પ્રકાશ;
અનન્ત તે તમને ચમકાવી ચંદ્રસુખ જે કરે પ્રકાશ,
તે એકલડી અમ અંતરની, અમ ઝુંપડીની પ્રેમલ નાર.

(૨)

નીલ ગગનમાં ચાંદની પુરમાં હર્ષભર્યા ચકલીના નાદ,
શિશિર તણી ઠંડીથી પૃથિવી નિરખે તે દિશ વારંવાર;
તે સમયે મીઠાં મદભરીયાં વચનો આવે જેના યાદ,
તે એકલડી અમ અંતરની, અમ ઝુંપડીની પ્રેમલ નાર.

(૩)

અંધારામાં, પ્રકાશમાં યે, વનમાં, કુંજમહીં, સહુ ઘેર,
હાસ્ય હૃદયમાં લસતું તેનું, તેની બંસીની મોહક સેર;
કુટિર અમારી દૂર દૂર પ્રિય તેજ પ્રકાશીત છે કરનાર,
તે એકલડી અમ અંતરની, અમ ઝુંપડીની પ્રેમલ નાર.

(૪)

"બહુ દિન વસીશ કુટિરમાં મારી, સહીશ વિરહના વસમા ઘાવ,
ચંદ્ર–અધરમાં મધુર–મિલનનું હાસ્ય સદા નિરખીશ રસાળ !"
વિરહથી કંઠ રૂંધાયો તોયે પ્રેમતણી કરતી જે વાત,
તે એકલડી અમ અંતરની, અમ ઝુંપડીની પ્રેમલ નાર. *

"માધાકાકા."

---

* સ્વ. દ્વિજેન્દ્રલાલ રૉયના સુપ્રસિદ્ધ નાટક "ચંદ્રગુપ્ત" માંથી હૈલિનાનું ગીત.

ગુસ્સા ઉપર કાબુ.

તામસ પિ શિતલ ભયા,
ફિર કછુ રહી ન પ્યાસ;
ભૃગમુનિ મારી લાતસે,
પ્રભુ પદ ગ્રહ્યો જ્યું દાસ. કબીર.

અર્થ:—જો કોઇ પોતાનો ગુસ્સો પી જાય, યાને ગમે એવું અપમાન મળ્યાં છતાં તે ખમી જાય યાને પોતાનાં મનની શાંતિ જાળવી રાખે તે માણસને, પછી બીજા કશાની તરસ રહેતી નથી. ભૃગમુનિ કરી મોટા તપેશ્વરી બાવા હતા, તેણે ગુસ્સે થઇને વિષ્નુજીને લાત મારી તો વિષ્ણુજી, ઘણા જ વહાલથી બોલ્યા કે ઓ મહારાજ તમારા પગમાં વાગ્યું હશે માટે મને તે દાબવા દેવો.

અસલનાં વખતમાં મોટા રૂપી ભૃગમુનિ કરીને હતા જેઓ ઘણો લાંબો વખત તપ કરી સ્વર્ગની રાજગાદી મેળવી હતી. પણ તેને પોતા વિષે એવો ગર્વ ચઢી ગયો હતો, કે એકવાર તે વિષ્ણુજીની દરબારમાં ગયો, ત્યાં એવા મોટા તપેશ્રીને જોઇને દરબારમાનાં સૌ કોઈ ઉઠી ઉભા થયા, પણ વિષ્ણુજી બેસી રહ્યા, જેથી ભૃગમુનિને ભારે રીસ ચઢી કે હું આવો મોટો માણસ ને વિષ્ણુજીએ મને માન ન આપ્યું ? ગુસ્સામાં આવી તેને વિષ્ણુને છાતીમાં લાત મારી, પણ વિષ્ણુજી તેથી જરાએ ગુસ્સે ન થતાં, ભૃગમુનિનો પગ ઘણાંજ વહાલથી પકડીને તે દાબવા લાગ્યા, ને બોલ્યાં કે ઓ મહારાજ તમારા પગમાં વાગ્યું હશે ? આવી જાતની સહનશિલતા જોઈ ભૃગમુનિને બહુજ પશ્ચાતાપ થયો, અને વિષ્ણુજીને પગે લાગ્યા કે મહારાજ મને માફ કરો. ત્યારે કબીર કહે છે કે ભૃગમુનિએ ગુસ્સો કરી વિષ્ણુને લ'ત મારી તેમાં વિષ્ણુનું શું જતું રહ્યું ? સામા ભૃગમુનિનાંજ પગમાં વાગ્યું, અને અંતે તેને જ મોટો પસ્તાવો થયો. એ રીતે મોટાં (દીલનાં) માણસો ત્યારેજ થવાય કે જ્યારે તેનામાં દરગુજર (સામાને માફ) કરવાની શક્તિ યાને મોટું મન હોય, બાકી જેને જરા

જગામાં ઉત્પાત થઈ આવે અને ગુસ્સો ચડે તે માણસ તો નાનો (સાંકડાં મનનો)જ કહેવાય.

પ્રિય વાંચક જે મનુષ્યે ગુસ્સાનાં દેવને તાબે કીધો છે તે ખરેખરો સુખી ગણાયલો છે. ગુસ્સાને માટે એવું કહેવાયલું છે કે તે એક થોડા વખતનું ઘેલાપણું છે. આપણે મનુષ્ય આ થોડી પળનાં ગાંડાપણામાં એવાં તો દુન્યાને નુકસાનકારક કાર્યો કર્યે છીએ તેમજ નુકસાનકારક શબ્દ ઓચર્યે છીએ કે જેથી હમેશનું જે મનુષ્ય જીંદગીનું સુખ છે તે લુટાઈ જાએ છે બલકે નાશ પામે છે. એટલા માટે ગુસ્સાને સારૂં કહેવાયલું છે કે તેને મનુષ્યનાં મોટામાં મોટા દુશ્મન તરીકે ગણાયલો છે, માટે એ નાશવંત દુરગુણ ઉપર જેમ બને એમ હમેશા કાબુ રાખવો જોઇએ છે. કારણ કે એનો પડઘો જેના ઉપર પડે છે તેને ભાંગીને ભૂકો કરી નાંખે છે. બાઇબિલમાં એક ઠેકાણે કહ્યું છે કે જે માણસ ગુસ્સે થતો નથી તે એક સૌથી બળવાન શક્તિવાન માણસ કરતાં પણ તે ઉમદા ગણાયો છે, તેમજ જે પોતાનાં સ્વભાવને કાબુમાં રાખે છે તે એક માણસ લડાઇમાં શહેર જીતી શકે તેનાં કરતાં પણ ઉત્તમ ગણાયલો છે. એક માણસ કેટલીક વખતે ગુસ્સાનાં આવેશમાં ઘણુંજ કડક શબ્દો બોલી સામા માણસનાં ગુસ્સાને ઉલટો ઉશ્કેરે છે. પણ જ્યારે તેનો ગુસ્સો નરમ પડે છે ત્યારે તેને તે માટે બેહદ પસ્તાવો થાય છે. ગુસ્સા વાળા માણસનો ચહેરો ઘણો ફેરવાઈ ગએલો દેખાય છે તેનાં શરીરને તે બીહામણું, બેડોળ, અને ધીક્કાર ઉપજાવે એવું બનાવે છે તથા તેનાં સાદમાં કઠોરતા આવે છે, આંખની અંદર ક્રુરતા ને ઝનુન બન્ને સમાયલાં દેખાય છે તેનો ચહેરો ફીક્કો ને ધ્રુજતો દેખાય છે. એટલા માટે આપણુ મનુષ્યની જરૂર છે કે જેમ બને એમ આપણાં ગુસ્સાને કાબુમાં રાખવો જોઇએ. આપણે ગુસ્સાનાં ગુલામ ન બનવું પણ ગુસ્સાની ઉપર જીત મેળવીને તેની ઉપર સરદારી ભોગવવી જોઇએ. એક વખતે એવું કહેવામાં આવ્યું છે કે એક મનુષ્ય મહમદ પેગમ્બર આગળ નિતિનાં બોધો મેળવવાને માટે ગયો ત્યારે મહમદ પેગમ્બરે તેને શિખામણ આપી કે જેમ બને એમ તું ગુસ્સાને કાબુમાં રાખજે અને કદી પણ તું કોઈ પર ગુસ્સે થતો નાં કારણ કે ઘણાં જ નરમ અને મધુર શબ્દો સામા માણસનાં ગુસ્સાને ઠંડો પાડે છે. અહીંઆ એક હું તમને ગુસ્સાને કાબુમાં રાખનાર ફીલોસોફરનો દાખલો આપીશ. તે ફીલોસોફર જીનીવા શહેરનો રહેવાસી મી. એઓરૈટને માટે એવું કહેવામાં આવે છે કે તે પોતાની જીંદગીમાં કોઈ પણ વખત ગુસ્સે થયો હતો, નહિં તેનાં નોકરો, દે

મંડળો તેને ગુસ્સે કરવાનું ઘણું પણ કારણ આપતા તે છતાં તેને ગુસ્સાને પોતાને વશ રાખેલો હતો. એક વખતે કેટલાંક બહારનાં માણસોએ તેની કસોટી કરવા સારૂ તેનાં ઘેરની એક નોકરડી જે ઘણાં લાંબા વખતની તેને ત્યાં ચાકરી હતી તેને પૈસાની મોટી રકમ આપવા કહીને તેને શેઠને ગુસ્સે કરવાને શક્તિવાન થાય એવી રીતનું તેને નાકરમાની ભરેલું કામ કરવા કહ્યું. પેલી નોકરડીએ પૈસાની લાલચે તેમ કરવાને કબુલ કર્યું. ને તેણે દરરોજનું નીયમીત કાર્ય સોંપવામાં આવેલું તે બરાબર કરતી નહિ હતી. તે છતાં તેનો શેઠ ગુસ્સે થએલો જણાતો નહિ હતો. તેનો શેઠ પોતાનું બીછાનું સારૂ કરાવવાની બાબદમાં ઘણો ચોકસ રહેતો હતો, તે એમ જાણતી હતી તેથી તેણીએ એક દિવસે કર્યું નહિ. પેલા ફીલોસોફર શેઠે જોયું ને બીજી સહવારે પૂછતાં કાંઇ બહાનું બતાવ્યું. એમ બે ત્રણ દિવસ સુધી બીછાનું કરવાની અખાડા કીધી ને શેઠનાં પૂછવાથી વધારે જુઠાં બહાનાં કાઢયા. જ્યારે શેઠે જોયું કે તેની નોકરડી બીછાનું કરતીજ નથી તેથી તે વખતે ગુસ્સે નહિ થઇ જતાં ધીરેથી એટલું જ કહ્યું કે કેમ તમે કંઈ હજી સુધી મારૂં બીછાનું કીધું નથી ને એ બાબદ પર તમે કંઈ ચોકસ ઠરાવ કીધો હશે. તેમજ બીછાણું કરતાં તમને વખતે કંટાળો ઉપજતો હશે, એમ મને લાગે છે માટે હવેથી મારૂં બીછાણું તમારે કરવાની જરૂર નથી. કારણ કે મારે હાથે મારૂં બીછાનું કરી લેવાની ટેવ પડી ગઈ છે. શેઠનાં એવા વચનો સાંભળી પેલી ચાકરડી ઘણીજ શરમાઈ ગઇ. તે તેની ભૂલ માટે માફ માગીને સઘળી હકીકત પેલા શેઠને જણાવી દીધી તે છતાં તેનાં હાતમ દીલનાં શેઠે તેણીને માફી બક્ષી.

પ્રિય વાંચક આ સઘળા દાખલા ઉપરથી આપણે જોઇએ છીએ કે આપણને એક બીજાનાં સંબંધમાં આવતાં લગાર ગમે તેવું પણ ગુસ્સે થવાનું કારણ મળે, પણ તે છતાં સહેજમાં ઉશ્કેરાઇ ન જતાં ધીરજ રાખી સ્વભાવ ઠંડો રાખી સામા માણસ સાથે કાર્ય કરીશું તો જરૂર આપણે સુખી થઇશું તેમજ સામા માણસને પણ સુખી બનાવશું.

અંગ્રેજી કહેવત છે કેઃ—

Anger is like a ruin which breaks itself upon what it falls. ગુસ્સો એ એક નાશવંત ચીજ જણાયલી છે અને તે જેનાં ઉપર પડે છે કે તે તુરત જ ભાંગી જાય છે, યાને નાશ પામે છે.

લી. રતનબાઈ ફ.—પાવરી.

આપણો સંસાર.*

(૧)

રંભા હરકોર શેઠાણીની એક લાડકી પુત્રી હતી. ૭ વર્ષની ઉમ્મરે તેનો વિવાહ (સગાઇ) એક પોતાના જેવાજ શ્રીમંત કુટુંબમાં શેઠાણીએ કર્યો. ઘર ઘણુંજ શ્રીમંત હતું અને પોતાના પીયર તરફથી કાંઇક સગપણમાં હતું એટલે બીજા ગુણદોષ જોવાની જરૂર નહતી. રંભા બાર વર્ષની થઇ એટલે ચાલીસ પચાસ હજારનો ધૂમાડો કરી તેનું લગ્ન કરવામાં આવ્યું. સામા પક્ષમાં પણ તેટલીજ ધામધૂમ થઇ. (બન્ને પક્ષને મળીને લગભગ એક લાખ રૂપીયા ખર્ચ થયું હશે. એટલી રકમના વ્યાજમાંથી એક અનાથાશ્રમ કે ન્હાની શાળાનું ખર્ચ ખુશીથી ચાલી શકે). લગ્ન થયા પછી તરત હરકોર શેઠાણીને લાગવા માંડ્યું કે વર કાંઇ બહુ સારો જોયો નહિ (!) બીજું બધું તો ઠીક પણ તેની તબીયત બહુ સારી રહેતી નથી. હવા ખાવા માટે લગભગ બારે માસ માથેરાન, મહાબળેશ્વર ફરવું પડે છે. રંભાને પણ લાડમાંને નાજુકાઇમાં ઓછું ખાવાની ટેવને લીધે આટલી ઉમ્મરમાંથી કાયમનું અજીરણ થઇ ગયું છે. આ દંપતીનો સંસાર કેમ ચાલશે અને તેમની સંતતિની શારીરિક સંપત્તિ કેવી થશે ?

(૨)

કાંતાને લગ્ન પછી વરસ દિવસે પુત્ર જન્મ્યો. આ વખતે તેની ઉમ્મર વીસ વરસની હતી. એ કાંઇ નાની ઉમ્મર ન કહેવાય પણ ઉંચી કહેવાતી નાતોની ઘણી સ્ત્રીઓ પેઠે તેનું શરીર મૂળથીજ નબળું હતું. સમજુ સગાં વ્હાલાંએ પહેલેથી સલાહ આપી કે કોઈ હોંશિયાર નર્સને કેસ સોંપજો. પણ કાંતાની મા કહે કે અમારૂં કુટુંબ તો અસલી કહેવાય તેથી અમારે ત્યાં નર્સ બોલાવવાનો ચાલ નથી. દેશી સોયાણીનેજ બોલાવવામાં આવી. તેની એક સાધારણ ભૂલને લીધે બીજે દિવસથીજ કાંતાને

---

* આપણા સંસારનાં આ દૃશ્યોમાંથી એક પણ મારૂં કલ્પિત નથી. ખરા બનેલાજ બધા બનાવો છે. માત્ર નામ ઠામ ફેરવ્યાં છે.

સર્વત્ર હોય છે તેમ વહુ પ્રત્યે બહુજ અભાવ હતો. વીલાયત હતો ત્યારથીજ તેણે વિષ્ણુપ્રસાદને કાગળો લખી વહુ વિરૂદ્ધ ખૂબ ભંભેર્યો હતો. આથી પાછા આવ્યા પછી તેણે વહુ સાથે બોલવાનુંપણ બંધ કર્યું, પોતાની સાથે નોકરી પર તેડીતો શેનોજ જાય. કેટલેક વખતે વળી સગાં મિત્રોની શીખામણથી તેનું મન પીગળ્યુંને વિમળાને તેડાવી. પણ વિષ્ણુપ્રસાદને આવી મોટી નોકરી ને વહુ એકલી સાહ્યબી ભોગવે ને પતિ પત્ની સુખ માણે તે માથી. કેમ ખમાય ? તેમના સંસારમાં ડખલ કરવા તેપણ જોડે ગઇ. વહુને જંપીને એક દિવસ તેણે બેસવા દીધી નહિ. કેટલાક વખત પછી વિમળાનું સીમન્ત આવ્યું. દૂરનો રસ્તો એટલે પોતાને ગામ જવાનું માંડી વાળ્યું, અને ત્યાંજ રહેવાનું ઠરાવ્યું. વિષ્ણુપ્રસાદે મડમ ડાક્તરને બોલાવવાની ગોઠવણ કરી. પણ માતુશ્રીએ તે રદ કરી. આસપાસ ભીલ જેવી જંગલી કોમની વસ્તી હતી તેમાંથી કોઇ સોયાણી શોધી કાઢી. તેણે આવી વિમળાને અધમૂઈ કરી નાખી. છેવટે પેલીજ અંગ્રેજ ડાક્તરને બોલાવવી પડી. જેમ તેમ મહાકષ્ટે પુત્રનો જન્મ થયો. પણ વિમળા મરણતોલ માંદી થઇ ગઇ. સાસુજી ચાકરી તો શેનાંજ કરે. સુવાવડીને પોતાનાથી તો અડકાય નહિ. અને નર્સ પણ ન રાખવા દે. મંદવાડની ખબર સાંભળી વિમળાના પીયર પક્ષનાં માણસો તેડવા આવ્યાં. સાસુજીએ પીડા પતે એમ ધારી વહુને મોકલવાની તો હા કહી. પણ વિમળાની અનેક આજીજીઓ અને હૃદયભેદક પલ્પાંત છતાં બાળક પુત્રને તેને નજ આપ્યો. લાંબો વિકટ રસ્તો વિમળાનો ભયંકર મંદવાડ પણ મા દીકરાએ એક બાઈ નોકર જોડે આપવાનો વિવેક સુદ્ધાં કર્યો નહિ તેમ સેકંડ ક્લાસની ટીકીટના પૈસા પણ ગરીબ પીયરીયાંએ આપ્યા. ગામ આવ્યા પછી પીયરીયાંએ તો ઘણી ચાકરી કરી. પણ જંગલી સોયાણીના હળવા હાથે થએલું નુકસાન પ્રાણઘાતક નીવડયું. પુત્રને માટે વલોપાત કરતી વિમળા થોડા દિવસમાં મૃત્યુ પામી. વીલાયત જેવા સ્વાતંત્ર્ય પ્રિય દેશમાં પાંચ સાત વર્ષ રહી આવેલા અને ન્યાયાધીશ થઇ પ્રજાને ન્યાય આપતા વિષ્ણુપ્રસાદે માની શેહમાં દબાઈ પત્નીનું ખૂન કર્યું એમ કહીએ ખોટું છે ?

(૭)

ઝવેરભાઇ જાતે પાટીદાર હતા. એ નાતની પહેરામણી વિગેરેની રીતો તો જાણીતી છેજ. સુભાગ્યે ઝવેરભાઈને તો ગોદાવરી નામની

એકજ પુત્રી હતી. અને પોતાની સ્થિતિ પણ ઠીક હતી. એટલે મ્હોં માગી પહેરામણીઓ આપી તેનું લગ્ન કર્યું. દરેક વખત છોકરી સાસરે જાય ત્યારે પહેલા કરીયાવર જેટલુંજ આપવું પડે. અને એમાં આપેલાં લુગડાં લત્તાં તેની સાસુ નણંદો પહેરી ફાડે! બાપનાં આપેલાં લુગડાંમાંથી ગોદાવરીને ભાગે તો કકડો પણ આવે નહિ. તો પણ કેમે કરતાં છોકરીને સુખ મળે એમ ધારી બિચારા ઝવેરભાઈ વેવાઇના ઘરનાં જે માગે તે આપે જતા. કેટલેક વરસે ગોદાવરીના વરને એના ભાઈઓ સાથે તકરાર થઈ, એટલે ઝવેરભાઈએ પોતાને ખરચે એને જુદું ઘર મંડાવી આપ્યું, તેમાં ઝીણામાં ઝીણી કોઈ પણ વસ્તુ બાકી રાખી નહિ. આ પછી એવું બન્યું કે સુવાવડમાંથી શરીર નરમ થયું હોવાથી ગોદાવરી થોડા દિવસ વધારે પીયર રહી જમાઈ રાજે તેને મોકલવા માટે ઝવેરભાઈ પર તકાદો કર્યો. ઝવેરભાઈએ નમ્રતાથી કહેવડાવ્યું કે શરીર સ્હેજ ઠીક થશે એટલે તરત મોકલી દઈશ. બસ! બીજીવાર કહેવડાવવાની વાટ જોઈ નહિ. ઝવેરભાઈને પૈસે આટલા દિવસ તાગડધિન્ના કરતા હતા તે બધું ભૂલી જઈ જમાઈરાજ એકદમ બીજી સ્ત્રી પરણી આવ્યા!

(૮)

કિશોરનો વિવાહ (સગાઈ) તેના દાદાએ નાનપણમાં કર્યો હતો. લગ્ન પહેલાં દાદાનું મરણ થયું. સમજણા થયા પછી કિશોરે માબાપને કહ્યું કે મારે એ કન્યા સાથે પરણવું નથી. જોકે કન્યામાં ખાસ દોષ તો કાંઈ નહોતો. પણ કિશોરનું મન તેની જોડે મળતુંજ નહિ. માબાપે કહ્યું કે આટલા વરસથી સ્વર્ગસ્થ દાદાજીએ કરેલો વિવાહ તો તોડાયજ નહિ. નાત જાતમાં નાક કપાઇ જાય. (જોકે નાતમાં તો વિવાહ તોડવાની સંપૂર્ણ છૂટ હતી. કિશોરે ઘણુંએ કર્યું: ધમકીઓ આપી પણ માબાપ એકનાં બે થયાં નહિ. લગ્ન થશે એટલે એની મેળે વહુ ગમશે એમ કહ્યું. તેવીસ ચોવીસ વરસનો પુત્ર પણ માબાપને એનું કહેવું છોકરમત લાગ્યું. છેવટે લગ્ન થયું. કિશોરને એવો રોષ આવ્યો કે તે કદિ પણ પત્નીને પોતાને ઘેર બોલાવતો નથી. આજે દસ વર્ષથી તેની પત્નીનું જીવન રદ બાતલ થયું છે.

" અવલોકનાર. "

બ્હેનોને ખાસ વધામણી.

માણસાવાળાં ગંગાબાઇ સ્ત્રીઓના દરદના ખાસ ચિકીત્સક

બત્રીસ વર્ષની જૂની અનુભવસિદ્ધ દવા.

સંતાન પ્રાપ્તિની ગર્ભજીવન અપૂર્વ ઔષધી.

ગર્ભજીવનના સેવનથી ઘણે ઘેર ઘોડીયાં બંધાયાં છે.

ગર્ભજીવનના સેવનથી સેંકડો બ્હેનો ગર્ભાશયના રોગથી મુક્ત થઈ છે.

ગર્ભજીવન—આ દવાથી બંધ થયેલો રૂતુ શરૂ થાય છે, અનિયમીત હોય તો નિયમીત થાય છે, પુખ્ત ઉમર થયા છતાં રૂતુ ન આવતું હોય તો આવે છે, રૂતુ વખતે થતી પીડા મટે છે. જોઇએ તે કરતાં વિશેષ રૂતુ લોહીવા, ધોળું તથા લાલ પ્રદરનું વહેતું બંધ થાય છે. કમળ સ્થાનથી ખસેલું ઠેકાણે આવે છે. પેશાબે બળતરા, કમરનું ફાટવું, બેચેની, ઝાડાની કબજીયાત, ઝીણો તાવ, સોજો, હીસ્ટીરીઆ વિ. નાબુદ થઈ ગર્ભધારણ થાય છે. કિં. રૂ. ત્રણ ૩–૦–૦

ગર્ભ રક્ષક—આ દવાથી રતવા મટે છે. છોડ પાલવી ગર્ભ સજીવન થાય છે. કસુવાવડ, પ્રસુતજ્વર વિ. ગર્ભવતીને થતા તમામ રોગ મટી પુરા માસે તંદુરસ્ત બાળક જન્મે છે. કિ. રૂ. ૪ ચાર.

દવા મંગાવનાર—દરદની તથા શરીરની પુરી હકીકત લખવી. રૂતુ કેટલા દિવસે આવે છે, કેટલો વખત રહેછે, છુટથી આવે છે, પીડા થાય છે, પ્રદરનો રોગ છે, છેલ્લું બાળક કયારે જન્મેલું, મરી ગયું હોય તો શું બીમારીથી, શરીરે મેદ છે, ઝાડની કબજ્યાત છે, શરીરમાં ઝીણો તાવ રહે છે વિ. ખુલાસા જણાવવા ભલામણછે.

દર્દની હકીકત સાથે લખો રૂબરૂ કેસ સીને પણ દવા આપવામાં આવેછે.

પુષ્કળ મળલા અભિપ્રાયોમાંથા થોડા વાંચો.

મુંબઈ, ૨૬–૧–૨૪.

જણાવતાં આનંદ થાય છે કે આપની દવાના પ્રતાપથી થોડા દિવસમ તુરતજ મારે ત્યાં ગર્ભ રહ્યો હતો, જે છોકરી અત્યારે વરસ દોઢની) છે'

ઠાકોર ગગજી ટોકર

કરાંચી, તા. ૨૧–૧–૨૪

જણાવવાને ખુશી છું કે મારે ત્યા બચીનો જન્મ થયો છે. હાલમાં ખુદાની મહેરથી અને તમારી દુવાથી ૪ મહીનાની થઈ છે. તેની ખુશાલીમાં તમોને એક સોનાની વીંટીભેટમોકલીછે.

બહેન દીનબાઇ કાવસજીમીનવાલા

કલકત્તા, ૨૭–૬ આરમીઅમ સ્ટ્રીટ, તા. ૧૪–૧૨–૨૩.

અમારે ઘેર પુત્ર જન્મ્યો છે. છબી પડાવીને મોકલીશું.

કાળીદાસ ત્રીકંજી.

વડોદરા, સોનીપોળ, તા. ૧–૨–૨૪

મારી સ્ત્રીને દવા આપેલી તેમાં મારો કેસ આપની કૃપાથી ફત્તેહમંદ નિવડયો છે. જેની આશા નહિં રાખેલી તેની આશા પારપૂર્ણ થઇ છે.

પંડયા અંબાલાલ ભગવાનજી.

ગંગાબાઇ પ્રાણશંકર
ગર્ભજીવન ઔષધાલય,
મુ. માણસા. (ડી. મહીકાંઠા

"શ્રીબોધ"નો બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] ઑગસ્ટ, ૧૯૨૪. [અંક ૮ મો

વસ્તુ બધીયે પ્રભુએ બનાવી.

ખીલ્યાં ફૂલોની ફુલી પાંદડીએ,
રંગો કર્યા સુન્દર શ્રીહરિએ;
પંખી ગીતો રોજ મધુર ગાયે,
નાજુક પાંખો કરી એમનીયે. ૧

ઉંચાં જણાયે ગિરિરાજશૃંગો,
પેલાં નદીનાં રમતાં તરંગો;
પ્રભાત ને સાંજ સમે સુરંગો,
રંગોળી આકાશમહીં પૂરી જો. ૨

ઠંડી ઝીણી વાયુની મંદ લ્હેરી,
ભાનૂ, શશી તારલિયાની જ્યોતિ;
પાકાં ફળોથી લચી રમ્ય વાડી,
વસ્તુ બધીયે પ્રભુએ બનાવી. ૩

રમણીકલાલ જે. દલાલ.

નિમુએ કાંઇક ખાયું.

[લેખકઃ—રા. રા. કેશવપ્રસાદ છો. દેસાઈ.]

આજે રમુ અને નિમુ બહુજ આનંદમાં હતાં. માશીબાની સાથે તેઓ મુંબાઈ આવ્યાં હતાં. અને આગગાડીમાં પણ માશીબાએ તેમને બહુજ મઝા કરાવી હતી. દિવસની ગાડી હતી. દરેક સ્ટેશને તેમને કાંઇને કાંઇ ખાવાનું મળતું હતું. એટલે આ ભાઈબહેનને તો બહુજ મઝા પડી. પણ તેમને એક કટેવ હતી. તેઓ આખો દહાડો પોતાનાં પોટલાં છોડે, રમવાની ચીજો બહાર કાઢે, અને પાછી સંભાળીને મૂકે નહિ. વળી ભાથાનો કરંડીયો હતો તેમાં પણ તેઓ હાથ ઘાલ્યા કરે, અને તાસકો તથા ચમચીઓ બહાર કાઢે. પણ પછી સંભાળીને પાછી ના મૂકે. માશીબાની પાનસોપારીની ચમચી પણ તેમને લેવાની ખરી. તેમાંથીએ કાથા ચુનાની ડાબડીઓ કાઢે, સુડી કાઢે, સોપારીઓ વેરે. પણ પાછું ગોઠવીને મૂકવાની બાધા.

એમની આવી ગરબડથી માશીબા પણ કંટાળ્યાં. રાત્રે મુંબાઇ ઉતરીને ઘેર ગયા પછી નિરાંતે બધો સામાન તપાસ્યો ત્યારે ખબર પડી કે આટલી ચીજો ખોવાય છેઃ—બે ચમચીઓ, એક સુડી, ચુનાની ડાબડીનું ઢાંકણું, રમુની ચાવીથી ચાલતી મોટર અને નિમુની રબરની બાવલી. આ જોઇ માશીબા બહુજ ચીઢાયાં. બીજે દિવસે રાણીના બાગમાં જનાવરો જોવા જવાનું હતું. તેથી માશીબાએ કહ્યું કે જો હવે તમે એક પણ ચીજ ખોશો તો હું તમને રાણીના બાગમાં નહિ લઇ જાઉં. અને તમે સિંહ, વાઘ, રીંછ, તેમજ વાંદરાઓની મસ્તી જોઈ શકશો નહિ.

રમુ તથા નિમુએ પણ નક્કી કર્યું કે એક પણ ચીજ સાથે

લેવી જ નહિ. લઇયે તો ખોવાય ને! બીજે દિવસે સવારથીજ આ બે છોકરાંનાં મોં ગંભીર થઇ ગયાં. જાણે હમણાં રડી પડશે એમ લાગતું હતું. તેઓ આખો દિવસ બહુજ ડાહ્યા થયાં, કોઇની સાથે બોલે પણ નહિ તેમ કાંઈ રમે પણ નહિ. ત્રણ વાગે માશીબા સાથે તેઓ ગાડીમાં નિકળ્યાં. નિમુ કાંઈ બોલતી ન હોતી. અને વળી તેણે તો પોતાનો રૂમાલ મોંએ દાબી રાખ્યો હતો. બાગમાં બધે ફરતાં ફરતાં પણ છોકરાં કાંઈ બોલે નહિ. માશીબાએ તેમને પૂછ્યું કે તાવ તો નથી આવ્યો ને? બન્નેએ માથું હલાવીને ના કહી. ખાવાનું લેવાનું પૂછ્યું તેની પણ ના કહી. અંતે બધું જોઇને તેઓ વાંદરાઓ પાસે આવ્યાં. ત્યાં આગળ વાંદરાં બહુજ ચાળા કરતા હતા. તે જોઇને બધાં છોકરાંઓને બહુજ હસવું આવતું હતું, છતાંયે રમુ અને નિમુ તો હસતાંજ નહોતાં. ત્યાં એક મડમ વાંદરાંને ચણા ખવડાવતી હતી. એટલામાં એક મોટા બુઢીયાએ, પાંજરામાંથી હાથ બહાર કાઢી મડમની ટોપી ખેંચી. મડમ બીની અને પાછળ હઠી. પણ ટોપી અને મડમનો ચોટલો બે વાંદરાના હાથમાં રહ્યાં. કારણ કે મડમે બનાવટી વાળ પહેર્યા હતા. આ બોડી મડમને જોઇને બધાને બહુજ હસવું આવ્યું, અને નિમુથી પણ હસી દેવાયું. તે પહેલાં તો ખડખડાટ હસી. પણ પછી માશીબાને વળગીને રડી પડી. માશીબાએ એને છાની રાખીને રડવાનું કારણ પૂછ્યું. ત્યારે તે બોલી કે તમે મને કહ્યું હતું કે એક પણ ચીજ ખોવી નહિ. પણ આજે સવારે દાતણ કરતી વખતે મારો દાંત પડીને ખોવાઇ ગયો. માશીબા તેમાં મારો જરાયે વાંક નહોતો. રમુ પણ મારી સાથેજ હતો. સવારથી અમને બે જણને બીક લાગે છે કે આ દાંત મેં ખોઇ નાંખ્યો એટલે તમે મને રાણીના બાગમાં નહિ લઈ જાવ.

રમુએ મને કહ્યું કે તું હસીશ નહિ એટલે દાંત ખોવાયાની વાત કોઇ જાણશે નહિ. પણ જો રમુ હસે તો મને હસવું

આવેજ, ને ? એટલે મેં કહ્યું કે, તું એ ના હસીશ. તેથી હું તેટ મોંઢે રૂમાલ રાખીને ફરવા કરૂં છું. પણ પેલી ભોડી મડમને જોઇને મારાથી હસી પડાયું. માશીબા ! મેં દાંત ખોયો તો હવે તમે અમને બાકીનો બાગ નહિ બતાવો ? અમને હાથી ઉપર નહિ બેસાડો ?

નિમુની વાત સાંભળીને માશીબાને બહુજ હસવું આવ્યું. તેમણે કહ્યું કે એ દાંત કાંઇ તેં નથી ખોયો. એ તો તારા આ દુધીયા દાંત બધાંજ પડી જશે અને બીજા મજબૂત દાંત આવશે. જુવો છોકરાં બિચારાં કેવાં સાચાં છે. અમે મોટાંઓ કાંઇક ધમકાવીએ એટલે સમજે વગર સમજે તમે આમ હીજરાયા કરો. જાવ, તમે આનંદથી આખા બાગમાં ફરો. હું તમને લઢીશ નહિ. ચાલો તમને હાથી ઉપર બેસાડું. તે દિવસે રમું નિમુએ બહુજ મઝા કરી. પણ બીજે ખોવાની તેમની ટેવ પણ તે દિવસથી ગઇ.

ચાર વર્ષનું બાળક.

(ધ. સ. ૧૯૨૩ ના સ્ત્રીબોધના "બાળક" નું પાકું બાંધેલું પુસ્તક.)

ખાસ બાળકો માટે લખાયેલા ઉપદેશક લેખો–કવિતાઓ–નાની નાની વાતો–સંવાદો–જીવનચરિત્રો–સિંહાસન બત્રીસીની આઠ વાર્તાઓ–રામાયણની ચાર વાતો–વગેરે વિવિધ અનેક લેખોથી ભરપુર લગભગ ૭૦૦ પૃષ્ઠ અને ચિત્રો સાથે—

કિંમત રૂ. બે. વિ. પી. પોસ્ટેજ જુદું પડે છે. લખોઃ—

મંત્રી–"સ્ત્રીબોધ" કાર્યાલય–અમદાવાદ.

સિંહાસન બત્રીશીની વાર્તાઓ.

વાર્તા ૧૪ મી—ભંગ થયેલા સ્વયંવરની વાર્તા.

[બાળકો માટે લખનારઃ-રા. રા. કેશવપ્રસાદ છો૦ દેસાઇ.]

મોહિની નામે પુતળી આ વાર્તા કહે છે અને રાજા ભોજ સાંભળે છે.

એકવાર વિક્રમરાજાને સરસ સંગિત સાંભળવાનો વિચાર થયો તેથી તેમણે ગાંધર્વને બોલાવવા મોકલ્યો. તે પણ જલદીથી આવ્યો. પછી રાજાએ તેને સુંદર રાગ ગાવાની આજ્ઞા કરી. ત્યારે તે હાથ જોડીને બોલ્યોઃ રાજાજી મને માફ કરો. મારૂં મન એટલું તો દિલગીર છે કે મારાથી સુંદર રાગ ગાઈ શકાશે નહિ. રાજાએ તેનું કારણ પૂછયું. એટલે તેણે કહ્યું કે, હું મહાદેવની પૂજા કરવા ગયો હતો. ત્યાં એક બાવો આવ્યો. તેણે કહ્યું કે રણસ્થંભગઢના રાજાને ત્યાં એક બહુજ રૂપાળી કન્યા છે. તેને માટે ચાર દિવસ પછી સ્વયંવરનો મેલાવડો થવાનો છે. કન્યાનાં રૂપનાં વખાણ સાંભળીને મને પણ ત્યાં જવાનું મન થયું. સાધુએ મને પવન પાવડી આપી. અને હું ત્યાં પહોંચી ગયો. દેશદેશનાં રાજાઓ ત્યાં આવ્યા હતા. સ્વયંવર વખતે બધા સરસ લુગડાં પહેરીને હારબંધ ગોઠવાઇ ગયા હતા. ત્યાં મારો ભાવ કોણ પૂછે! ઠરાવ એવો હતો કે હાથણી કળશ લઇને દરબારમાં આવે, અને જેના ઉપર તે કળશ ઢાળે તેની સાથે કુંવરીનાં લગ્ન થાય. થોડીવારે હાથણી આવી. એટલે મેં ધીમેથી પણ મધુર કંઠે મલ્હાર રાગ ગાવા માંડયો. તરતજ હાથણી મારી તરફ આવી અને કળશ ઢોળ્યો.

આ જોઇ બધા લોકો ગુસ્સે થઇ ગયા, અને કહ્યું કે આ કળશ તો ફોગ છે. એમ કહીને એમણે મને ખુબ માર્યો. તથા

મને ત્યાંથી દૂર કાઢી મૂક્યો. પછી બીજી વાર હાથણીને કળશ આપ્યો. મેં પણ દૂરથી મલ્હાર રાગ ગાવા માંડયો. હાથણી ફરીથી દરબાર છોડીને જ્યાં હું હતો ત્યાં આવી, અને મારા ઉપર કળશ ઢોળ્યો. એટલે રાજાએ કહ્યું કે હવે તો કન્યા આની સાથે પરણાવવી જ જોઇયે. બીજા રાજાઓ ચીડાયા વિણ મારા લગ્ન નક્કી કર્યાં. ત્યાં મને ઉતારો આપ્યો, અને વરઘોડો ચઢાવ્યો. મહુરતની વેળા થઇ અને બ્રાહ્મણોએ કન્યા લાવવાનું કહ્યું. પરંતુ રાજાના મહેલમાં એક કૌતક થયું. કન્યા ન્હાવા બેઠી હતી ત્યાંથી એક રાક્ષસ એનું હરણ કરી ગયો. બધે હાહાકાર થઇ ગયો અને મારૂં માન ભંગ થયું. બધા લોકોએ મને અભાગીયો કહ્યો. મને તે દિવસથી બહુજ દુઃખ થયું છે. હવે તો મને એમ લાગે છે કે જાણે મારો જીવ કાઢી નાંખું. આ દુઃખને લીધે મારાથી એક પણ રાગ ગવાતો નથી.

આ સાંભળી વિક્રમરાજાએ તેને વચન આપ્યું કે હું તે કન્યા તને લાવી આપીશ. એમ કહી તેઓ હરસિદ્ધ માતાને મંદિરે ગયા. અને માતાજીને પ્રસન્ન કરી તે રાક્ષસ કયાં રહે છે તે જાણી લીધું. પછી માતાજીનો આશીર્વાદ લઇ તે અને વૈતાળ બે જણા નિકળ્યા. ઘણે દૂર ગયા પછી તેમણે એક રાક્ષસ જોયો. તે બહુજ ભયાનક લાગતો હતો. તેના રથને બે સિંહ જોડયા હતા. લગામને બદલે નાગ હતા. અને તે ઘણોજ વિકાળ દેખાતો હતો. તેની આગળ વિક્રમ રાજા તો વેંતિયા જેવા લાગતા હતા. રાજા તેને શરણે ગયા. રાક્ષસે મુસાફરીનું કારણ રાજાને પૂછતાં ખરી વાત કહી. તેણે કહ્યું કે તમે ભલા માણસ છો. એ રાક્ષસને જીતવાનું ગજું મારૂં નથી તો તમે શું કરશો? જો તમે વીસ જોજન સાગર ઉપર હિંડતા જઇ શકો, અને ઉકળતા તેલમાં પડીને રહી શકો, તો તેનો વિચાર કરજો. જો તમે અહિં મારી નજર આગળ ઉકળતા તેલમાં પડો તો હું તમને તે રાક્ષસ જીતવામાં મદદ કરૂં.

આ રાક્ષસની વાત સાંભળી વિક્રમરાજાએ વૈતાળની સલાહ

વૈતાળ કહે કે હું તમારા પિતા ઇંદ્રની મદદ લેવા જાઉં

છું. તમે માતાજીનું ધ્યાન ધરો. વિક્રમરાજાએ તો હીમ્મતથી તેલમાં પડવાની હા કહી. પછી પોતે માતાજીનું ધ્યાન ધર્યું. માતાજીએ હાજર થઈ તેનું રક્ષણ કરવાની કબૂલત આપી. થોડી વારમાં વૈતાળ પણ પાછો આવ્યો. તેણે કહ્યું કે ઇંદ્રદેવે કહ્યું છે કે મારા નામથી એક ટીપું પાણી ઉકળતા તેલમાં નાંખજો. એટલે પછી તમને કાંઇ હરકત થશે નહિ. થોડી વારમાં તેલ ઉકળ્યું. અને વિક્રમરાજાએ ઇંદ્રદેવને નામે એક ટીપું પાણી તેમાં નાંખ્યું. પછી માતાજીનું ધ્યાન ધરી અંદર પડયા. તેમને તો તેલ ઠંડા પાણી જેવું લાગ્યું. તેઓ જ્યારે બહાર નિકળ્યા ત્યારે પેલો રાક્ષસ તેમને પગે પડયો, અને કહ્યું કે તમેજ પેલા દૈત્યને મારી શકશો. તમે તો દેવ છો. હું તમને બનતી મદદ આપીશ. ચાલો હું તમને એની જગા બતાવું.

એક મોટા સાગરને કીનારે બે જણા આવ્યા. એટલે પેલો રાક્ષસ બોલ્યો કે હવે તમે જો સાગરને પેલે તીર ગુપચુપ જઇ શકો તો ત દૈત્યના દેશમાં પહોંચાય. મારી તો હીંમત ત્યાં આવવાની નથી. વિક્રમરાજાએ તુરતજ સાગરનો મંત્ર જપ્યો એટલે સાગરે તેમને રસ્તો આપ્યો. એટલે એ અને ગુપ્ત વૈતાળ ચાલ્યા. પેલો રાક્ષસ પણ સાથે ગયો. અડધે રસ્તે આવ્યા ત્યારે દૈત્યની ચોકી આવી. એક મોટો પંખી ત્યાં ચોકી કરતો હતો. વિક્રમરાજાને જોઇને તે એકદમ તેમને ખાવાને ધસ્યો. પરંતુ વિક્રમરાજાએ તેની સાથે લડાઇ કરી અને તેને મારી નાંખ્યો. પરંતુ મરતાં મરતાં તેણે એવો અવાજ કર્યો કે તેના શેઠ દૈત્યને ખબર પડી ગઇ કે કોઈ શત્રુ આવ્યો છે. એટલે તે પોતાનું લશ્કર લઇને કીનારે આવીને ઉભો. વિક્રમરાજા પણ ત્યાં જઇ યુદ્ધે ચઢયા. સામ સામે બહુજ લડાઈ ચાલી. રાક્ષસનું બધું લશ્કર મરાયું અને છેવટે તેની પાસે બહુજ થોડા માણસો રહ્યા. એટલે દૈત્યે કપટયુદ્ધ કરવા માંડયું. તેણે જુદાં જુદાં રૂપ ધારણ કર્યાં અને છેવટે અજગરનું રૂપ લઇને વિક્રમરાજાને ગળી ગયો. અને પાતાળમાં જતો રહ્યો. વૈતાળે વિક્રમરાજાને જોયા નહિ એટલે તે બહુ ચિંતામાં પડયો. તે એકદમ હરસિદ્ધ માતા પાસે દોડયો.

માતાજીએ એને કહ્યું કે એ તો અજગરના પેટમાં પાતાળમાં છે; અને એ અજગર તેજ પેલા દૈત્ય છે. માટે તું આ દંડ લઇને ત્યાં જા. પછી તું વાયુનું રૂપ લઇને અજગરના પેટમાં પેસી જજે અને આ દંડ વિક્રમરાયને આપજે. એટલે એમનાથી બહાર નીકળાશે. વૈતાળે તે પ્રમાણે કર્યું. વિક્રમરાજાના હાથમાં દંડ આવ્યો એટલે અજગરનું પેટ ચીરીને તે બહાર નીકળ્યા. પછી ખડગ કાઢી અજગરને મારવાનો વિચાર કર્યો.

ખડગની બીકથી પેલા અજગરે પોતાનું રૂપ બદલ્યું, અને ખરૂં રૂપ ધારણ કરીને તે વિક્રમરાજાને પગે પડયો. અને કહ્યું કે હું તો બ્રહ્મરાક્ષસ છું. મને મારશો તો બ્રહ્મહત્યા લાગશે. તમારે જે જોઇશે તે હું આપીશ. એમ કહી એ ત્રણે જણા તે દૈત્યના દેશમાં ગયા. તે દૈત્યે પોતાનો બધો દેશ ફરીને દેખાડયો. એ જોઇને તો વિક્રમરાજા બહુજ અજાયબ થયા. ત્યાં બધું બહુજ સરસ હતું. ઠાઠમાઠની ખામી જરાયે નહોતી. શોભા તો ઇંદ્રપૂરી જેવી હતી. છેવટે તેઓ બધા દરબારમાં ગયા. ત્યાં તેર કન્યાઓ એક બાજુએ બેઠેલી હતી. વિક્રમ રાજાએ પૂછયું કે આ બધી કોણ છે? ત્યારે તેણે દરેકનો ઇતિહાસ કહ્યો, અને કહ્યું કે અત્રે મને એકલા ગમે નહિ માટે હું તે દરેકને અહિં ઉપાડી લાવ્યો છું. પરંતુ તેમને મારી દિકરીઓ માફક પાળી છે અને કાંઇજ દુઃખ આપ્યું નથી. વિક્રમ રાજાએ કહ્યું કે એ બધી કન્યાઓને એમને ઘેર પહોંચતી કરવી જોઇયે. માટે હું તેમને મારી સાથે લઇ જઇશ. તે દૈત્યે એ વાત કબુલ કરી. અને સાથે દરેક કન્યાને પુષ્કળ ધન આપ્યું. પછી વિક્રમરાજા કન્યાઓ સાથે ઉજ્જન પાછા ફર્યા.

ત્યાં જઇ રણસ્થભગઢના રાજાની કુંવરીને કહ્યું કે તું તો સ્વયંવરમાંથી આ ગાંધર્વને વરી ચુકેલી છું. તે કન્યાએ પણ તે વાત કબૂલ કરી એટલે વિક્રમ રાજાએ ગાંધર્વને તેડાવીને તે કન્યાનું લગ્ન ધામધુમથી કરી આપ્યું, અને પેલા દૈત્યે આપેલું ધન પણ તેને આપી દીધું. પેલી બીજી કન્યાઓને પણ રાજાએ તેમના પિતાને ઘેર પહોંચતી કરી.

વિક્રમરાજા આવાં પરોપકારનાં કામો જીવને જોખમે પણ કરતા હતા. જે આવાં કામ કરશે તેજ એમના સિંહાસન ઉપર બેસશે.

બ્લૉટીંગ પેપરની શોધ.

અણધારી ભૂલના પરિણામે નવા હુન્નરની થયેલ શોધનું એક દ્રષ્ટાંત આપું છું કે જેના ઉપરથી જણાશે કે ભૂલ કહેવાયા છતાં પણ મનુષ્યે કરેલી મહેનતનું ફળ પ્રભુએ ઉત્તમ આપેલું છે.

એક સમયે એક કાગળના કારખાનામાં કારીગરોની ભૂલથી કાગળ સુંવાળા, ચીકણા અને મજબુત બની શક્યા નહિં. કારીગરો પોતાની આવી ભૂલથી ઘણા પસ્તાવા લાગ્યા, અને શેઠ શું કહેશે એવા ખ્યાલથી બ્હીવા લાગ્યા. જ્યારે શેઠને આ બાબતની ખબર પડી અને તેણે જોયું કે કાગળ બહુ મોટા, ખરબચડા અને પોચા બન્યા છે ત્યારે તે પોતાના કારીગરો ઉપર બહુ નારાજ થયો. બિચારા કારીગરો ચુપચાપ બેસી રહેવા સિવાય બીજું શું કરી શકે? તેઓ તો પોતે પોતાની ભૂલથીજ શરમીંદા બની ગયા હતા; અને સામો ઉત્તર આપવાને પણ અસમર્થ હતા. શેઠે તે કાગળો અલગ ઠેકાણે મૂકાવ્યા. આ કાગળોમાંનો એક કટકો પોતાના ટેબલ (મેજ) ઉપર રહી ગયો.

બે ચાર દિવસ પછી એક સમયે માલીક પોતાના ટેબલ ઉપર બેસીને કંઇક લખતો હતો. એટલામાં દરવાજામાંથી એક એવો જબરજસ્ત પવનનો ઝપાટો આવ્યો કે તે ટેબલ ઉપરનાં ખડીયો, કાગળ, કલમ વગેરે વસ્તુઓ ઉલટ સુલટ થઇ ગઈ. ખડીયામાંથી શાહી પણ કાગળો ઉપર ઢોળાઇ ગઇ. આ વખતે પેલા મોટા અને નકામા થઇ પડેલા કાગળનો કટકો કે જે ટેબલ ઉપર રહી ગયો હતો તે પણ ઉડયો અને ઢોળાયેલી શાહી ઉપર જઇ પડયો. પડતાંવેંતજ તેણે સઘળી શાહી ચૂસી લીધી. એથી માલીકનું લખેલું ખરાબ ના થયું. માલીક આ દ્રશ્ય જોઇ ઘણો વિસ્મય થયો અને કારીગરોની ભૂલનું પરિણામ સારૂં નીવડવાની

આશાએ આનંદિત થઇને વધુ ખાત્રી માટે બીજા એક મોટા કાગળમાંથી કડકો લેઈ તેના ઉપર શાહી નાખી કે તુર્તજ તે શાહી કાગળે ચૂસી લીધી!

માલીકના નુકશાનનો બદલો પ્રભુએ આપ્યો–કારીગરોની મહેનત અને પશ્ચાતાપનું ફળ મળ્યું! વાત કારખાનામાં સર્વત્ર ફેલાઇ ગઇ અને કારીગરો ખુશી થઇ પ્રભુનો ઉપકાર માનવા લાગ્યા! તે સમયથીજ બ્લૉટીંગ પેપરે (શાહીચૂસ કાગળે) શાહીના ભક્ષણ સારૂ આ અવનિમાં અવતાર ધારણ કર્યો!*

ક. મ. સાકરકર-

આંખનું જતન.

દાંત પડી જાય ત્યારે ઉત્તમોત્તમ ભોજન પણ સ્વાદ વિનાનું લાગે છે. તેવીજ રીતે આંખે અંધતા આવે છે ત્યારે દ્રષ્ટિસુખનો વિનાશ થાય છે. દાંત કરતાંયે આંખનું દુઃખ વિશેષ લાગે છે. આંખ જાળવવા માટે જગતકર્તાએ પોપચાં પાંપણ ઇત્યાદિ બનાવેલ છે, કે જેનાથી આંખમાં કંઇ પણ વસ્તુ પડતી અટકાવી શકાય છે. તેને જાળવવાની ખાસ આવશ્યકતા છે. આંખો ખરાબ થયા પછી તેને સુધારવી ઘણી મુશ્કેલ છે. મહેનત કરનારાં મનુષ્યોને આંખો ખાસ કરીને સંભાળવાની જરૂર છે. જો દ્રષ્ટિસુખ નાશ પામે તો તો જીવન દુઃખપ્રદ સ્થિતિમાં ગાળવું પડે છે. અને ઝુરી ઝુરીને મરવાં જેવી ઓશીયાળી સ્થિતિ ભોગવવી પડે છે. આવી કિંમતી વસ્તુને પ્રથમથીજ સુરક્ષિત રાખવા સારૂ કેટલાક નિયમોનું કાળજીપૂર્વક પ્રતિપાલન કરવાની ખાસ આવશ્યકતા છે.

(૧) ઘણી ઝાંખ અથવા ઘણી તેજસ્વી રોશનીમાં વાંચવાલખવાનું કે ઝીણું કારીગરીનું નામ કરવું નહિ અગર ઘણી

* હિંદી ઉપરથી.

ચકચકિત કે ઝુજતી બત્તીના સામે સ્થીર દૃષ્ટિથી જોઈ રહેવું નહિ.

(૨) અંધારાંમાંથી એકાએક પ્રકાશમાં કે પ્રકાશમાંથી એકદમ અંધારામાં જવું તે આંખના તેજને નુકશાનકર્તા છે.

(૩) ચીતાં સૂઇ રહી છાતી ઉપર પુસ્તક રાખીને કદી વાંચવું નહિં, તેમ અંધારામાં વાંચવા માટે આંખો ખેંચવી નહિં.

(૪) નીચી ડોક રાખીને કે તદ્દન ઉંચી ડોક રાખીને અથવા પુસ્તક ઘણે દૂર રાખીને કે બીલકુલ આંખ નજીક રાખીને વાંચવું નહિ.

(૫) વાંચતી વેળા બત્તી, આંખો ઉપર તેજ ન આવી શકે તેવી રીતે, અદ્ધર લટકાવવી અથવા ભીંતે ભરાવવી.

(૬) લાલ બત્તી આંખોને બહુ નુકશાન કરે છે. લીલા રંગની બત્તી આંખોને પુષ્ટિ અને ઠંડક આપે છે. ખેતીવાડી કરનારા અને લીલોતરીનું હરદમ નિરીક્ષણ કરનારા લોકોની આંખો સારી રહેવાનું આ મુખ્ય કારણ છે.

(૭) સીનેમા અને નાટકો જોવાથી અને ઉજાગરા કરવાથી આંખોને નુકશાન થાય છે. સીનેમાથી ખાસ કરીને નુકશાન થાય છે, માટે તે ઓછા જોવા.

(૮) આંખોને નુકશાન કરે તેવા ગરમ પદાર્થ ખાવા નહિં. ગરમીવાળાએ હંમેશાં સવારમાં ઠંડું પાણી માથે રેડવું ઉચીત છે.

આવી રીતના નિયમોનું સેવન કરવાથી આંખોને નુકશાન થતું અટકે છે, અને આજકાલનાં નાની વયનાં બાળકો ચસ્માંની ઉપાધિ વ્હોરવાના દુઃખથી મુક્ત થઈ શકે છે. કુમળી વયનાં બાળકોએ સારી આંખો હોવા છતાં દેખાદેખી અને મિથ્યા શોખથી ચસ્માં ચડાવવાનો શોખ નહિ કરવો એ તેમને માટે ઘણું હિતકર છે.

ક. મ. સાદાકર.

પશુ પક્ષી સંબંધી કાંઈક જાણવા જોગ.

વડવાગળાં.

મુંબઈમાં વિકટોરીયા ગારડન્સમાં એક ઝાડ ઉપર સંખ્યાબંધ વાગળાંઓ લટકેલાં જોવામાં આવે છે. આ વાગળાંઓને અંગ્રેજીમાં ફલાઈંગ ફોક્ષ એટલે કે ઉડતાં કોહોલાંને નામે ઓળખવામાં આવે છે. કારણકે તેનું મોહું કોહોલાંને મળતું આવે છે. આ વાગળાં તરેહવાર જાતનાં ફળો ઉપર જીવે છે, અને તે સબબે ફળોવાળા બગીચાઓથી આ વાગળાંઓને દૂર રાખવા માટે રાતની વેળાએ ખાસ ચોકી રાખવી પડે છે. કારણ કે આ વાગળાં દિવસનો વખત નિદ્રામાં ગુજારી રાતની વેળાએ ખોરાકી શોધવા ઉતરી પડે છે. તેમની ઉંઘ કાંઇ શાંત હોતી નથી. વારેઘડીએ તેઓ પોતાની જગ્યા બદલે છે અને એકજ ઝાડ ઉપર ઘણાં લટકતાં હોવાથી એક જગ્યા બદલતાં તે ઘણી વેળાએ પોતાના પાડોશીઓ સાથે અથડામણમાં આવે છે. તેવી વેળા તેઓ વચ્ચે થતી મારામારી અને તેઓ તરફથી પાડવામાં આવતી ચીચીયારીઓને સબબે ઝાડ ઉપર આપણું ધ્યાન ખેંચાય છે. તેઓ જેમ એકજ ઝાડ ઉપર આખો દિવસ ઉંઘમાં પસાર કરવા માટે મોટી સંખ્યામાં દિવસ ગાળે છે તેમ રાત્રે પણ એકજ ઝાડ ઉપર ઘણાઓ ફળો ખાવાં માટે બેસે છે અથવા ખરૂં કહીયે તો લટકે છે. કારણ કે જેમ તેઓ દિવસે પગની વળેલી આંગળી વતી ઝાડની ડાંખળી ઉપર ઉંધે મસ્તકે લટકે છે તેમ ખાતી વેળા પણ ઝાડ ઉપર તેજ રીતે લટકી બાજુનાં ફળ તોડી તેજ સ્થિતિમાં ખાવા મંડી જાય છે. ખાતી વેળાએ જો ફળ છટકી જઇ નીચે જમીન ઉપર તુટી પડે છે તો તે પાછું મેળવવાની તે દરકાર કરતું નથી, પણ બીજાં ફળો તોડી તે કરડવા મંડી જાય છે. આથી પોપટની માફક તે

જેટલું ખાય છે તેના કરતાં બગાડ ઘણો વધુ કરે છે. વાગળાંનાં બચ્ચાં પણ પોતાનાં આંગળાં વતી પોતાની માતાનાં રૂવાંને પકડી રહી માતાના શરીર ઉપર લટકી રહે છે, જેથી માતા જ્યાં જાય છે ત્યાં તેની સાથે રહે છે અને વારેઘડીએ માતા પોતાનાં બચ્ચાંને ધવડાવતાં ધવડાવતાં પોતે પણ ફળ ખાતું રહે છે. પક્ષીઓની માફક વાગળાં ઈંડાં મુકતાં નથી, પણ જીવતાં બચ્ચાંને જન્મ આપે છે અને ધવાડનારાં પ્રાણીઓની માફક પોતાની છાતીએથી દુધ પાઇ ઉછેરે છે. દિવસના ઉંઘમાં ગાળવાના વખત વેળાએ જેમ તેઓ વચ્ચે વખતોવખત મારામારી થતી જોવામાં આવે છે તેમજ ખાતી વેળાએ પણ તેઓ પોતાનો કજીયાખોર ખવાસ દેખાડે છે. એક ઝાડ ઉપર ફળો ખાવા માટે કેટલાંક વાગળાં લટકેલાં હોય ત્યાં બીજું જવા માંગતાં તેને સહેલથી જગ્યા આપવામાં આવતી નથી. તે એક જગ્યાએ લટકવા જાય તેટલામાં બાજુનું વાગળું તેના તરફ આગળ વધી તેને નખરીયાં મારી ઇજા કરવાની કોશીશ કરે છે, અને તેથી નવાં આવેલાં વાગળાંને જગ્યા નહિ મળી શકયાથી ઉડી જઈ બીજી જગ્યા અજમાવવી પડે છે. અને ઘણી વેળા એક વાગળું એવી ત્રણ ચાર વાર કોશીશ કર્યા પછી પોતા માટે એક જગ્યા આનંદે મેળવવાને સામર્થવાન થાય છે. ઘણી વેળાએ વાગળાંઓ સૂર્યાસ્ત પછી દાદરના સ્ટેશન નજદીકથી એકેક પછી મોટી સંખ્યામાં પૂર્વથી પશ્ચિમ બાજુએ ઉડતાં માલમ પડે છે. તેઓ પોતાની સુવાની જગ્યાએથી પોતાની ખોરાકી માટે ફળોનાં ઝાડો ઉપર દરોડો પાડવા જાય છે. વાગળાંઓ બગલાંની માફક એક ટોળામાં સાથે ઉડતાં નથી, પણ એકેકની પછવાડે થોડો ગાળો રાખી તેઓ છુટાં છુટાં એકબીજાની સાથે રહેવાની દરકાર રાખવા વગર પોતાની જગ્યાએ જતાં માલમ પડે છે. જેમ ખાવા માટે ઝાડ ઉપર જગ્યા મેળવવામાં પાછળથી આવતાં વાગળાંઓને મુશ્કેલી માલમ પડે છે તેમજ સવારનું પહોર ફાટતી વેળાએ સુવાનાં ઝાડ ઉપર જતાં પાછળથી જનારાંને અગમજથી ગોઠવાઇ ગયેલાંઓના મારા વચ્ચે કામ લેવું પડે છે.

શું ખાશો બા?

આપણે ઉપર જોયું તેમ વડવાગળાં જંગલી તેમજ બગીચાવાળાઓ તરફથી ખાસ જતન લઇ ઉગાડવામાં આવતાં ફળો ઉપર ગુજરો કરે છે, જ્યારે બ્લેક બેર યાને કાળાં રીંછની કેટલીક જાતની ખોરાકી ટપ દઇને મોઢાંમાં મારી દેવાનું તો તેનેજ પાલવે. આ કાળું રીંછ પોતાની તરેહવાર જાતની ખોરાકીની શોધમાં કેટલીક વેળા માઇલો સુધી ભટકે છે. જંગલના ભીનાશવાળા ભાગમાં જંગલી "એરમ"નો ગાળો ઉગે છે. આ ગાળાની નીચે ખોદી તેનાં નીકળતાં કરચલીવાળા ચપટા કંદ જેવાં સુળીયાં ખુશીથી ખાઈ જાય છે. જો કે તેનો રસ એવો જલ્લદ હોય છે કે તેથી આપણી જીભ ઉપર કોઈ જલ્લદ તેજાબમાં ભેળવેલો કાચનો ભુકો ચવાયો હોય તેવી અગન બળે છે. વળી સ્કંજ કેબેજને નામે ઓળખાતાં જલ્લદ ખરાબ વાસનાં પાંદડાં ઉગે છે, જે પણ રીંછ ભારે હોંશથી ખાય છે. જો કે તેના રસનું એક ટીપું પડતાં આપણા મોઢા ઉપર છાગરા ઉઠાડે. વળી કોઇ ઝાડની ડાંખળી ઉપર તેનો પંજો પુગે તેટલી ઉંચાઇએ મધમાખ અથવા ભમરાનો મધપુડો તેની નજરે પડે છે તો તુરત તે તોડી પાડી મધપુડામાંથી બહાર પડેલા છેડાયલા ભમરા ડંખ મારતા તેની આસપાસ ફરી વળે છે. તેની દરકાર ન કરતાં તે લાકડાના રેસામાંથી બનાવેલો નરમ કાગળ જેવો મધપુડો તેમાંના કીડાના આકારનાં ભમરીનાં બચ્ચાં, તેમજ સંપૂર્ણ ડંખવાળા પુખ્ત ભમરા હોય તે બધાં સુધાં પોતાની લાંબી–જોઇએ તેમ સહેલાઇથી વાળી શકાય એવી–જીભની મદદથી હોઇયાં કરી જાય છે. મધમાખના મધપુડાનો પણ તે એવોજ કરે છે. આવી મોઢું બાળી નાખનારી જેવી ચીજો તે સહેલાઈથી ખાઈ જાય છે ત્યારે તેથી ઉલટીજ રીતે વૉટર–હેમલોક નામનાં જાંબુડી ચીત્રીવાળાં ડીચકાંના રોપાને તે અડકતું નથી, અને પોતાનાં બચ્ચાંઓને પણ તેની ખરાસે નહી જવાનું શિક્ષણ

આપે છે. કારણ કે આ રોપાનાં મુળીયાં જો કે ખાવામાં મીઠાં છે તોપણ તે ઝેરી છે અને પ્રાણઘાતક નીવડે છે. એજ રીતે હેડ-એન જલ એટલે મોતનો ફીરસ્તો અને ફ્લાઇ મશરૂમને નામે ઓળખાતા રોપા જેને આપણે કુતરાંની ટોપીને નામે ઓળખીયે છીએ તે પણ ઝેરી હોવાથી તેની ખરાસે તે જતું નથી. ફ્લાઇ મશરૂમનું નામ એ સબબે આપવામાં આવ્યું છે કે આ રોપાનો રસ ફ્લાઇ એટલે માંખીને ઝેરી થઇ પડતો માનવામાં આવે છે.

મધપુડા ઉપર નજર પડતાં જેમ રીંછ તેનો કચ્ચરઘાણ કહાડી નાંખે છે તેમજ ઉધઈ અથવા અંગ્રેજીમાં જેને સફેદ કીડી તરીકે ઓળખવામાં આવે છે તેનું રહેઠાણ હાથ લાગતાં પોતાના મજબુત પંજાવતી તેને ભાંજી નાંખી પ્રથમ પોતાનાં નસકોરાં વાટે જોશમાં હવા બહાર પાડે છે, કે જેથી એ ઉધઈ-ઓનાં દર ઉઘડયા પહેલાં દરમાંની બધી ધૂળ ઉડી જાય છે. તે પછી મોઢું ઉઘાડું રાખી તે જોશમાં દમ ખેંચે છે, જેથી ઉધઇઓ તેનાં મોઢામાં ખેંચાઈ આવે છે, જેને તે ગળી જાય છે. આવી રીતે ઉધઇનો ભક્ષ કરવામાં તે જ્યારે રોકાયેલું હોય છે ત્યારે તેનો દમ લેવાનો અવાજ ઘણે લાંબે છેટે સુધી સંભળાય છે.

બાળકો માટે-રામાયણની વાતો.

૧૮—રામનો સુગ્રીવ સાથેનો મેળાપ.

પિતાની આજ્ઞા પાળવાને ભગવાન રામચંદ્ર વન સીધાવ્યા. તેમની સાથે સીતા અને લક્ષ્મણ પણ વનમાં ચાલી નીકળ્યાં. માર્ગ-માં અનેક દુષ્ટ લોકોને હણતા અને સાધુ મનુષ્યનું રક્ષણ કરતા તેઓ પંચવટીમાં આવી રહ્યા. ત્યાં રાવણ છળ કરી સીતાને લઇ ગયો. સીતાના વિયોગથી પીડાતા બંને ભાઈઓ તેની ખોળ કરતા પંપા નામના સરોવરને કિનારે આવી પહોંચ્યા. અહીં સુધીની વિગત-વાર કથાઓ તમે બાલ, અયોધ્યા અને અરણ્ય એ ત્રણ કાંડમાં વાંચી ગયા. હવે કિષ્કિન્ધા કાંડની વાત શરૂ થાય છે. તેમાં રામ, સીતા-ની ભાળ મેળવવામાં કેવી રીતે સફળ થાય છે તે વિષેની વાત આવશે.

પંપા સરોવરને તીરે એક સુંદર શિલા ઉપર લક્ષ્મણ બેઠા છે. તેમના ખોળામાં માથું મૂકી રામ સૂઇ ગયા છે. સરોવરની સામે ઋષિમુખ નામનો એક પર્વત હતો. તેના ઉપર નળ, નીલ, જાંબુવાન, હનુમાન અને સુગ્રીવ; એ નામના પાંચ વા-નરો બેઠા હતા. સુગ્રીવ સર્વ વાનરોનો રાજા હતો. તેની રાજ-ગાદી કિષ્કિન્ધામાં હતી. સુગ્રીવને વાલી નામનો એક બહુજ બળ-વાન ભાઇ હતો. તે જેવો બળવાન તેવો જ દુરાચારી અને સત્તા-નો લોભી હતો. સુગ્રીવ ધર્માત્મા હતો. આમ બંને ભાઈઓના સ્વભાવમાં ફેર હોવાથી તેમની વચ્ચે અણબનાવ થયો બંને વચ્ચે ઘણી ભારે લડાઇઓ થઇ. આખરે સુગ્રીવ હાર્યો અને વાલીએ સુગ્રીવની સ્રીને કબજે કરી સુગ્રીવને તેને નગરની બહાર કાઢી મૂક્યો. જ્યારે માણસને માથે દુઃખ આવી પડે છે ત્યારે સઘળા તેને છોડી જાય છે, એ પ્રમાણે તેની સેવામાં હાજર રહેનારાં

તેને તજી ગયાં. માત્ર તેનો સાચો અને વિશ્વાસુ મંત્રી મહા બલિષ્ઠ હનુમાન અને બીજા ઉપર જણાવેલા ત્રણ સેવકો તેના આ દુઃખના વખતમાં તેના સાથી બન્યા. સુગ્રીવ સાથે તેઓ ઋષિમુખ પર્વત પર આવી વસ્યા. ખરેખર! દુઃખના વખતના જે સાથી, તેમનેજ સાચા સાથી સમજવા.

આ પ્રમાણે સુગ્રીવ રાજપાટથી મારી કઢાએલો હતો. તેની સ્ત્રીને પણ વાલીએ છીનવી લીધી હતી. આવી અત્યંત દુઃખી દશા અને ભયંકર અપમાનથી બળતો સુગ્રીવ પોતાના સાથીઓ સાથે પર્વત ઉપર વાસ કરી રહ્યો હતો. તેણે આ પર્વત પરથી રામ તથા લક્ષ્મણને પોતાની તરફ આવતા જોયા. રામ અને લક્ષ્મણે ધનુષ્ બાણ ધારેલાં હતાં. તેમની કાન્તિ ઘણી જ તેજસ્વી હતી. તેમનો આવો દેખાવ જોઇને સુગ્રીવ ડર્યો કે રખેને, તેને મારી નાખવાને વાલીએ તેમને મોકલ્યા ન હોય! આ વિચારની સાથે જ તેણે હાથમાં ગદા લીધી અને ક્રોધથી રાતોતાતો બની રામ લક્ષ્મણની સામે ધાયો. હનુમાનજીએ તેને આવું સાહસ કરતાં વારી રાખ્યો અને કહ્યું કે, " મહારાજ! એકાએક શંકાને વશ થઇ સાહસ કરવું વાજબી નથી. પહેલાં મને તેમની પરીક્ષા કરી આવવાની રજા આપો. પરીક્ષા કરી આવ્યા પછી આપણે જે કરવું ઘટતું હશે તે કરીશું." હનુમાનનું કહેવું સાંભળી સુગ્રીવે તેને રામ પાસે જવાની રજા આપી. હનુમાન બાળબ્રહ્મચારી હતો. તેની કાયામાં હજારો હાથી જેટલું જોમ હતું. શરીરબળની સાથે તેનામાં બુદ્ધિ પણ ઘણી હતી. પોતાના સ્વામીની રજા મળતાંવેંત જ તે વેષ બદલી રામચંદ્ર પાસે જવાને ચાલી નીકળ્યો.

હનુમાને રામની પાસે આવીને પૂછયું: "હે મહાભાગ! આપ કોણ છો? તપસ્વી છતાં ક્ષત્રિયના વેશે આટલી તરુણ વયે આ વનમાં કેમ ફરો છો? આવા નાજુક અને સુકોમળ શરીરે વનનાં વસમાં દુઃખો સહન કરવાનું કેમ પસંદ કર્યું છે?" ધીર વીર

રામચંદ્રે જવાબ આપતાં જણાવ્યું કે, "વિધાતાએ લખેલા લેખ કોઇથી ટાળી શકાતા નથી. અમે અયોધ્યાના રાજા દશરથના પુત્રો છીએ. પિતાની આજ્ઞા પાળવાને વનમાં આવ્યા છીએ. અમારાં નામ રામ અને લક્ષ્મણ છે. મારી સાથે મારી પત્ની પણ વનમાં આવેલી હતી. અમે ત્રણે પંચવટીમાં આશ્રમ બાંધી રહેતાં હતાં. ત્યાંથી અમારી ગેરહાજરીનો લાભ લઇ કોઇ રાક્ષસ મારી પત્નીને ઉપાડી લઇ ગયો છે. અમે તેની શોધમાં નીકળી પડયા છીએ."

રામચંદ્રજીનું નિખાલસ અને મધુર બોલવું સાંભળી હનુમાનના દિલમાં તેમના વિષેનો ભક્તિભાવ પ્રકટ થયો. તરત જ તે છતો થયો અને પોતાની તેમજ પોતાના રાજા સુગ્રીવની જેવી હતી તેવી સઘળી હકીકત તેણે રામને કહી સંભળાવી. છેવટે તેણે વિનંતી કરી કહ્યું, કે "મહારાજ ! આપ અમારા રાજા સુગ્રીવની સાથે મિત્રતા કરી તેને સહાય કરો. તે બદલામાં આપને મદદ કરશે. સીતામાતાની શોધ માટે પોતાના દૂતોને તે મોકલી દેશે અને તે જ્યાં હશે ત્યાંથી તેમનો તાકીદે પત્તો મેળવશે." હનુમાનની બુદ્ધિ જોઈ રામને ઘણું આશ્ચર્ય થયું. રામને હનુમાનનું કહેવું ઠીક લાગ્યું. સુગ્રીવની સાથે મિત્રતા સાધવાનો રામે નિશ્ચય કર્યો. પછી ત્રણે જણ સુગ્રીવની પાસે આવી પહોંચ્યા.

સુગ્રીવ અને રામનું પરસ્પર ઓળખાણ થયું. સ્ત્રીની બાબતમાં બંને સરખા દુઃખી હતા. એક બીજાને માટે એકબીજાના દિલમાં સહાનુભૂતિ પેદા થઇ. બંને મિત્રો થયા. પરસ્પર પ્રતિજ્ઞાથી બંધાયા: રામે પ્રતિજ્ઞા કરી કે, "હું વાલીનો નાશ કરી તેની પત્ની અને તેનું રાજપાટ પાછું અપાવીશ." સુગ્રીવે વચન આપ્યું કે, "રાજ મળતાંની સાથે જ હું મારા દૂતો ચારે દિશાએ મોકલી સીતાની શોધ કરાવીશ અને તેને પાછી મેળવવામાં બનતી સઘળી સહાય કરીશ." આ રીતે બંને પરસ્પર વચનથી બંધાયા. પછી સુગ્રીવને શંકા થઈ, કે આ બંને ભાઇ દેખાવ-

માં તો ઘણા નાના છે. તેઓ મહા બળવાન એવા વાલી સામે શી રીતે ટકી શકશે? પોતાની આ શંકાના નિવારણ માટે તેણે રામને આજીજી કરી કહ્યું, કે "મહારાજ! વાલી મહા બળવાન છે. તેની સામે બાથ ભીડવી એ સહેલું કામ નથી- આપ તેની સામે બાથ ભીડી શકશો એવી ખાત્રી તો મને ત્યારે જ થાય, કે જ્યારે આપ આ સામે ગોળાકારમાં ઉગેલાં તાડનાં સાતે ઝાડને એક બાણથી વીંધી શકો." સુગ્રીવની શંકાથી રામને હસવું આવ્યું. તરત જ તેમણે કંઇપણ બોલ્યા ચાલ્યા વગર હાથમાં ધનુષ્ લઇ તે પર બાણ ચઢાવ્યું. ધનુષ્યના ટંકાર સાથે આખો વન-પ્રદેશ ગાજી ઉઠયો. સરરાટ કરતું બાણ છૂટયું. તે એકી સાથે સાતે તાડને ભેદી પાછું ભાથામાં આવી ગયું. રામનું આ પરાક્રમ નીરખી સઘળા અવાક થઈ ગયા. સુગ્રીવના દિલમાં ખાત્રી થઇ ગઇ કે તે જરૂર જ વાલીનો નાશ કરશે.

આ પ્રમાણે રામને વિષે શ્રદ્ધા પેદા થતાંની સાથેજ સુગ્રીવ સતેજ થઇ ગયો. તે વાલીનો નાશ કરી પોતાની પત્ની અને રાજપાટ મેળવવાને તલપાપડ થઇ રહ્યો. તે વાલી સાથે યુદ્ધ કરવાને તત્પર થયો અને રામની સલાહ લઈ કિષ્કિન્ધા તરફ ચાલી નીકળ્યો. શહેરના દરવાજા પાસે પહોંચતાંજ તેણે જોરથી ગર્જના કરી! વાલી ગર્જના સાંભળતાંજ ઘણો ગુસ્સે થઇ ગયો. તે પોતાના મન સાથે બબડવા લાગ્યો, કે "તેને જીવતો મૂકયો એ જ ભૂલ કરી. તેને અનેક વાર હારી નાશી જવું પડયું; છતાં પણ તે હજી તેનું બળ પછાડયા જ કરે છે. આ વખતે તો એનો અંત જ આણવો કે જેથી એના તરફથી પીડા હંમેશને માટે ટળી જાય." આવા બબડાટ સાથે તે ગદા લઇને સુગ્રીવની સામે કૂદી પડયો. તેણે ગર્જનાની સાથે સુગ્રીવને જણાવ્યું કે, "આ વખતે તારાથી બને તેટલી સાવચેતીથી લડજે. તારામાં હોય તેટલું સઘળું જોર પછાડી લેજે. કારણ, આ વખતે હું તને જીવતો છોડનાર નથી." આટલું બોલતાંની સાથે જ બંનેની વચ્ચે લડાઇ શરૂ થઇ ગઇ.

સુગ્રીવ જ્યારે લડવાને ચાલી નીકળ્યો હતો, ત્યારે રામ પણ તેની સાથે આવ્યા હતા. બંને વચ્ચે લડાઈ શરૂ થઈ તે વખતે તે એક ઝાડની ઓથે ઉભા રહ્યા હતા. તેનું કારણ વાલીને એક વરદાન મળ્યું હતું તે હતું. વાલીને એવું વરદાન મળ્યું હતું કે જે કોઇ લડવાને તેની સામે આવીને ઉભો રહે તેનું અર્ધું બળ તેના પોતાનામાં આવે. સુગ્રીવ વારે વારે વાલી સાથે લડવામાં હારતો હતો તેનું કારણ આજ હતું. સુગ્રીવ એ હકીકત જાણતો હતો; પણ તેને સામે ઉભા રહેવા સિવાય છૂટકો ન હતો. સુગ્રીવે આ વરદાનની હકીકત રામને કહી હતી. આથી તે વાલીની સામે ઉભા ન રહેતાં તેના ઉપર ઘા કરવાની તક જોતા ઝાડની ઓથે ઉભા હતા. બંને ભાઇ વચ્ચે દારૂણ યુદ્ધ જામ્યું. સુગ્રીવે અનેક કળ બળનો ઉપયોગ કર્યો; પણ વાલી આગળ બધું નકામું ગયું. આખરે તે લડતાં લડતાં થાકી ગયો અને મરણ નજીક આવ્યું જાણી થરથરવા લાગ્યો. બરાબર આવે અણીને પ્રસંગે રામે લાગ સાધી એક એવું તો જોરથી બાણ ફેંક્યું કે તેના પરિણામે વાલી ઢગલો થઇ પૃથ્વી પર ઢળી પડયો.

વાલીનો નાશ કરી રામે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. પછી સુગ્રીવને કિષ્કિન્ધાનો રાજા બનાવી વાલીના પુત્ર અંગદને યુવરાજ કરી સ્થાપ્યો. આમ સુગ્રીવને રાજપાટ અને પોતાની પત્ની મળ્યાં એટલે તે આનંદ અને મોજ શોખમાં પડી ગયો. ચોમાસાનો વખત હતો એટલે રામે ધાર્યું કે ચોમાસું પૂરૂં થયે સુગ્રીવ સીતાની શોધ કરવાનું કામ હાથ ધરશે. આવો વિચાર કરીને તે લક્ષ્મણ સહિત જંગલની એક ગુફામાં જઈ રહ્યા. દિવસો ઉપર દિવસો વહી જવા લાગ્યા અને એ રીતે ચોમાસુંએ ઉતરી ગયું. આમ છતાં જ્યારે સુગ્રીવની આંખ ઉઘડી જણાઇ નહિ, ત્યારે રામ, લક્ષ્મણ કહેવાને લાગ્યા કે, “ભાઇ! ચોમાસું વહી ગયું, અને શિયાળો આવ્યો; છતાં સીતાની કશીયે ભાળ મળી નહિ! ગમે તે રીતે એક વાર જો તેનો પત્તો મળી જાય તો ...ના જોખમે પણ હું તેને લઇ આવું. હવે જે થોડું ઘણું ...ન બાકી રહ્યું હોય તેમાં અથાગ મહેનત કરીને પણ આપણે

તેને પાછી મેળવવી જોઇએ. સુગ્રીવને તો હવે રાજ્ય, સ્ત્રી આદિ મળી ગયું, એટલે તે તો મને તદ્દન ભૂલી ગયેલો જણાય છે. જે બાણથી વાલીનો નાશ થયો તે ન હોત તો તે મૂર્ખ અત્યારે શું કરતો હોત તેવું તેને કંઇ ભાન હોય એમ જણાતું નથી."

રામનાં આ વચનથી લક્ષ્મણને સુગ્રીવ પર ઘણોજ ગુસ્સો ચઢયો; પણ રામે તેમને સમજાવીને કહ્યું કે, "ભાઈ! આ વખત ગુસ્સે થવાનો નથી. માત્ર તમે ભય બતાવી સુગ્રીવને અહીં તેડી લાવો." લક્ષ્મણ રામની આજ્ઞા માથે ચઢાવી કિષ્કિન્ધા તરફ ચાલ્યા.

એક તરફથી રામના મનમાં જે સમયે ઉપર પ્રમાણે વિચારો પેદા થયા તે જ વખતે બીજી તરફથી હનુમાનને પણ એવો વિચાર થઈ આવ્યો કે, "રાજા સુગ્રીવ પોતાની પ્રતિજ્ઞા ભૂલી ગયા એ ઠીક ન થયું." આ વિચારની સાથે જ તે સુગ્રીવ પાસે ગયા અને તેને તેની પ્રતિજ્ઞા યાદ કરાવી. સુગ્રીવને પોતાની થયેલી ભૂલ માટે ઘણો જ પસ્તાવો થયો અને તેને એવી બીક પણ લાગી કે, રામચંદ્ર મારા ઉપર નાખુશ થશે. આ વિચારથી તેણે હનુમાનને આજ્ઞા કરી કે, "ચારે દિશાએ સીતાની શોધને માટે હોશિયાર એવા વાનરોને રવાના કરી દો અને તેમને સમજાવી દો, કે જે તપાસ કરી પંદર દિવસમાં પાછો નહિ આવે તેને દેહાંત દંડની સજા થશે." હૂકમ મળતાંની સાથે જ હનુમાને અનેક વાનરોને ચારે દિશામાં મોકલી દીધા.

આ વખતે લક્ષ્મણ ત્યાં આવી પહોંચ્યા. તેમની આંખો ગુસ્સાને લીધે લાલચોળ થઇ રહી હતી. લક્ષ્મણને અત્યંત ગુસ્સામાં આવેલા જોઇને સુગ્રીવના હોશકોશ ઉડી ગયા; પણ હનુમાને લક્ષ્મણને સમજાવી ઠંડા પાડયા. પછી સુગ્રીવ, અંગદ, હનુમાન અને બીજા અનેક વાનરોને સાથે લઈ લક્ષ્મણની જોડે રામની પાસે આવ્યો. તેણે રામની પાસે હાથ જોડીને થયેલી ભૂલની માફી માગી. રામ તો શાન્ત મૂર્તિ હતા. તેમણે હસીને સુગ્રીવને કહ્યું કે, "મને જેટલા પ્રિય મારા ભાઈ ભરત છે તેટલા

જ પ્રિય તમે છો. તમારે જે કંઈ કરવાનું છે તે એક ભાઈ તરીકે કરવાનું છે. માટે હવે આળસને છોડી ખરા મનથી એવો યત્ન કરો, કે જેથી સીતાનો ઝટ પત્તો મળી આવે."

રામનાં વચનોથી સુગ્રીવને ધીરજ આવી. તેણે તરત જ અનેક વાનરોને પોતાની હજુરમાં બોલાવી મંગાવ્યા અને તેમને હુકમ કર્યો કે, તમે ચારે તરફ ફરી સીતાની તપાસ કરી લાવો. આ કામને માટે તમને એક માસની મહેતલ આપવામાં આવે છે. જો એક માસમાં સીતાની શોધ નહિ કરી લાવો તો તમારા બધાનું મરણ નીપજશે." રાજાની આવી સખત આજ્ઞા થતાં જ સઘળા વાનરો જુદી જુદી દિશામાં ચાલી નીકળ્યા. આ પછી સુગ્રીવ અંગદ, હનુમાન, નલ નીલ, અને જાંબુવાન વગેરે પોતાના બહુ જ ચતુર અને બળવાન સાથીઓને બોલાવી તેમને દક્ષિણ દિશામાં જવાનું કહ્યું. હુકમ મળતાં જ તેઓ જવાને તૈયાર થયા. આ વખતે રામે તેમનામાં સૌથી ઘણા વિચક્ષણ અને પરાક્રમી એવા હનુમાનને પોતાનું નામ કોતરેલી એક વીંટી આપી કહ્યું કે, "જ્યારે તમને સીતાની શોધ લાગે ત્યારે ઓળખાણને માટે આ વીંટી તેને આપજો." વીંટી લઈ અતિ ખુશી થતો હનુમાન રામને પ્રણામ કરી અંગદ વગેરે સાથે દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યો.

હીસ્ટિરિયાથી ગભરાશો માં!

તેનો ખરૂ જ વાયુમુક્તા છે. જેનો રે. નં. ૧૬૬-૧૪ અને કીમત રૂ. ૫) હીસ્ટિરીયા-ફેફરૂં, ચિત્તભ્રમ, ખેંચાવું, જડ થવું વગેરે વાયુના દર્દપર રામબાણ છે. દવા વનસ્પતિની, પથ્ય નહી. પ્રદરહર-શ્વેત, રાતો કે ધાતુ વિકાર, ફાટ, તોડ અને ગર્ભાશયનાં દર્દ ઉપર ચોક્સ-ગોળી ૪૦-ની કી. રૂ. ૧).

બાળકોની હાંફણી માટેની કી. રૂ. ૩) દરેકનું પોસ્ટેજ જુદું.

છગનલાલ લલ્લુભાઈ શાહ; દેશીનામાવાળા-વડોદરા

વફાદાર કુતરો.

(લખનારઃ–સુરેશ કેશવપ્રસાદ દેસાઈ ઉ. વર્ષ ૧૦.)

એકવાર એક માણસે ત્રણ કુતરા પાળ્યા હતા. તે ત્રણેને જુદું જુદું કામ સોંપ્યું હતું. પહેલા કુતરાને ઘર સાચવવાનું, બીજાને ટપાલ લાવવાનું, અને ત્રીજાને છોકરાં સાથેફરવા જવાનું કામ સોંપ્યું હતું.

એ શીવાય ત્રણે કુતરાંનો પ્રાણીઓને શિકાર કરવાની મનાઇ હતી. પણ જે કુતરો ટપાલ લાવતો હતો તેને પ્રાણીઓને મારવાની બહુ ખરાબ ટેવ હતી. એક વાર તે કુતરો શેઠના કોઈ ભાઇબંદને ટપાલ આપીને આવતો હતો. તે વખતે તેણે એક ચકલીને મારી, ને સાથે લઇને ઘેર આવ્યો તે જોઇ તેના શેઠ ગુસ્સે થયા અને તેને કાઢી મુકયો. એક વાર શેઠ ફરવા ગયા હતા. તે વખતે તેમની પાસે હાથ પર બાંધેલી એક ઘડીઆલ હતી. એક ખરાબ માણસ તે રસ્તે જતો હતો. તેણે આવા પૈસાદાર માણસ ને એકલો જતો જોઇને મનમાં કહ્યું કે આવો લાગ શા માટે ખોઉં ? એમ વિચાર કરીને તેણે પોતાની પાસેની લાકડી ઉપાડીને, શેઠને કહ્યું કે તમારી ઘડીઆલ આપી દો, નહી તો તમને મારીને લઈ લઇશ. શેઠે કહ્યું કે નથી આપતો તારાથી થાય તે કરીલે. પેલા માણસે એકદમ શેઠને ઠુંચો ઘાલ્યો. અને લાકડી મારી. અને ઘડીઆલ કાઢવા માંડી પણ શેઠે જે કુતરાને કાઢી મુકયો હતો તે કુતરાએ જોયું કે મારા શેઠને મારે છે. તેણે એકદમ તરાપ મારીને પેલા ચોરને બચકાં ભર્યા. શેઠ અને ચોર બે જણા બેભાન થઇ પડ્યા. પછી જ્યાં પોલીસ ચોકી હતી ત્યાં જઇને પેલા કુતરાએ પોલીસનાં કપડાં પકડીને ખેંચ્યા. તે પોલીસ તે કુતરાની જોડે ગયો ને જુએ છે તો ત્યાં

શેઠને છુરો મારેલો હતો ને બાજુમાં ચોર બેભાન થઇને પડ્યો હતો. પછી પેલા પોલીસે શેઠનો છુરો કાઢી નાખ્યો ને સીટી મારી એટલે બધા પોલીસો આવ્યા. શેઠને દવાખાનામાં લઈ ગયા, ને ચોરને કેદમાં લઈ ગયા. પછી પેલા ચોર પર કોરટમાં કામ ચાલ્યું તેમાં ચોરને સજા થઈ ને પેલા કુતરાને ઈનામ મળ્યું.

ફક્ત આર્ય સદ્ગ્રહસ્થોને માટેજ.

રૂ. ૧૦૦૧ ના ઇનામવાળી વંધ્યત્વ વિનાશક

ગર્ભામૃત સંજીવની મહૌષધિ.

વનસ્પતિની અપાર શક્તિ વિષે આર્ય વૈદકશાસ્ત્રનું ખાસ અનુભવસિદ્ધ ફરમાન:—

॥ लक्ष्मणा पुत्रदा सत्यं वदंति मुनिपुंगवः ॥

અર્થાત્–"લક્ષ્મણા–વનસ્પતિ નિશ્ચયજ પુત્ર આપનારી છે એવું મુનિરાજનું સત્ય વચન છે."

આ એવીજ મહાન ચમત્કારી અને અપાર શક્તિ ધરાવનાર વનસ્પતિના યોગ વડે મહાત્માના આશીર્વાદ રૂપ યોગ સિદ્ધ મહૌષધિ:–

☞ ગર્ભામૃત સંજીવની ☜

તૈયાર કરવામાં આવેલ છે અને તેના માત્ર ત્રણથી સાત સપ્તાહના ઉપયોગવડે વંધ્યત્વ–વાંઝીયાપણાનો મહાન દુઃસાધ્ય વ્યાધિ તદન નાબુદ થઈ નિશ્ચય દીર્ઘાયુષી પુત્ર પ્રાપ્ત થાય છે. તેમ છતાં ગર્ભામૃત સંજીવની દવાનો વિધિપૂર્વક ઉપયોગ કર્યા છતાં સંતાન પ્રાપ્તિ નથી થતી એમ સાબીત કરી આપનાર શખસને રૂ. ૧૦૮૧)નું ઈનામ આપીશું.

સંતાન-રહિત આર્ય સદ્ગ્રહસ્થો !

સૃષ્ટિઆદર્શરૂપ સંતાન માટે શોકાતુર બનેલા બંધુ અને બહેનોએ ગર્ભામૃત સંજીવની દવાનો અવશ્ય ઉપયોગ કરી સંતોષ પ્રાપ્ત કરવાને અમારી મજબુત ભલામણ છે.

વધુ માહિતી માટે રૂબરૂ મળો અથવા પોષ્ટેજ સાથે લખો:—

વૈદ્યશાસ્ત્રી મહાવીરદાસજી જે. મહંત.

મુ. ધોળકા, જીલ્લે અમદાવાદ. (ગુજરાત)

દરેક આગેવાનોએ મુલાકાત લઈ સંતોષ બતાવી વખાણેલું અને હિંદુ જાતીનાં નિરાધાર અનાથ બાલકોને પોશણ આપતું, આ

હિંદુ અનાથ આશ્રમ-નડીઆદ

એકજ છે.

તેને દાન કરવાના દરેક પ્રસંગોએ જરૂર યાદ કરી કંઈ પણ દાન મોકલશો.

હાલ તે દોઢસોને સુમારે અનાથ બાલક, બાલિકા અને અશક્તોનું પાલણપોશણ કરે છે અને તેમને જુદા જુદા ધંધા શીખવી પગ ઉપર ઉભા રહી કમાઈ ખાય તેવા સાવય શહેરી બનાવવા યત્ન કરે છે. તેમના ફક્ત ખોરાકી પોશાકી વીગેરે ખર્ચના રૂ. ૫૦) દરરોજ જોઈએ છીયે.

તો જરૂર તમો દયાની દેવીઓ! આ તમારાં અનાથ બાન્ધુઓને બચાવવા તમારો દાનેશ્વરી હસ્ત લંબાવશો. દરેક પ્રકારનું દાન લેવાય છે.

વધુ વીગત માટે પુછો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(118, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીના વીમા

બહુજ જરૂરના અને લાભકારક છે.

ઇંડસ્ટ્રીઅલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની યોજનાઓ આપે છે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે જામીનગીરી સદ્ધર છે,

વિશેષ હકીકત માટે લખોઃ—

જીવણલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીયલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કું. લી.

Reg. N. B. 1070.

સ્ત્રીબોધ.

વર્ષ ૬૮.] સપ્ટેમ્બર, ૧૯૨૪. [અંક ૯ મો.

તંત્રીઓ { બાઈ પુતળીબાઈ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ,
બી. એ., એલ્એલ્. બી.

મંત્રી:-જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ.



સૌ૦ કસ્તુરબા ગાંધી.
(સ્ત્રીઓને આદર્શરૂપ ગુજરાતની ગૃહિણી.)

વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦ પરદેશ માટે રૂ. ૪-૦-૦ છુટક અંકના ૦-૫-૦

અનુક્રમણિકા—સપ્ટેમ્બર, ૧૯૨૪.

૧	ગૌરીજન્મ. …	… રા. મણિલાલ કે. ભટ્ટ. …	૪૨૫
૨	પત્નીવ્રત. …	… રા. દોશી ન્યાલચંદ ઉકાભાઈ.	૪૩૦
૩	તાજી હવા. …	… સૌ. શારદા મહેતા, બી. એ.	૪૩૬
૪	શાહશુજા અને તેની કન્યા.	રા. શિવપ્રસાદ દ. પંડિત. …	૪૩૮
૫	રાજનગરનું રત્ન. (ચાલુ વાર્તા)	સૌ. જડાવ બહેન વીણ. …	૪૪૧
૬	સતી કળાવતી. …	… રા. નટવરલાલ પ. કાપડીયા.	૪૪૭
૭	ચાલુ બનાવોની માહિતી	રા. કેશવપ્રસાદ છો. દેસાઈ.	૪૫૦
૮	પાઠ્ય પુસ્તકોની કિંમત …	રા. જીવનલાલ અ. મહેતા.	૪૫૫
૯	પુસ્તક પરિચય. …	” ” …	૪૫૬
૦	મહારાણી મેરીનો સંદેશો. …	… … …	૪૫૮
૧	સહકાર-મંજરી (કાવ્ય) …	રા. મણીલાલ સી. ત્રિપાઠી.	૪૫૯
૨	સ્ત્રી કેળવણી. …	સંપાદક-મહારાજશ્રી કર્પૂરવિજયજી	સ્વતંત્ર પૃ. ૧ થી ૫૬
૩	સ્ત્રીહિત-બોધવચનો.		

"બાળક" વિભાગ:—

૧	પરોપકારી પ્રમીલા. …	રા. ચીમનલાલ મા. ઠાકોર.	૧૯૩
૨	સિંહાસન બત્રીસીની વાતો.	રા. કેશવપ્રસાદ છો. દેસાઈ.	૧૯૫
	નેપોલીયનનું વચન. …	રા. રમણિકલાલ જે. દલાલ.	૨૦૦
	બાળકો રમવા સટક્યાં. …	રા. કેશવપ્રસાદ છો. દેસાઈ.	૨૦૩

વાંચકોને સૂચના—આ અંકમાં "સ્ત્રી કેળવણી" તથા "સ્ત્રીહિત-બોધવચનો" નાં સ્વતંત્ર ૫૬ પૃષ્ઠો આપ્યાં છે તે સ્ત્રી વાંચનારી બહેનોને માટે અમૂલ્ય હોવાથી તે તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ. —મંત્રી.

સ્ત્રીબોધ

૧૯૨૪.

પુસ્તક ૬૮ મું.] સપ્ટેમ્બર, [અંક ૯ મો.

ગૌરીજન્મ.

ગરબી.

(રાગ પુનમ ચાંદનીનો.)

આપણુ આર્યજનોની જનની જન્મભૂમિ રુડી રે,
મોંઘી રસકસવતી આ ભૂમિ હિંદુસ્તાન,
જેના ચરણની રજ દેવોએ પણ છે ચૂમી રે!
 ઉત્તર દિશા રક્ષવા હિમાલય ગિરિરાજ,
 ઉંચા ઉંચા કોટશા ધરી શિખરો નગરાજ. ૧
વસિયો વાસ નગાધિરાજ અમિરસનો ભર્યો રે,
જેને મેના નામે શીલ-ગુણવંતી નાર,
હેના હૈયે સ્વામી સુખનિધિ ઉભર્યો રે.

આલમનાં સુખડાં ભર્યાં સ્વામીને ઘર હોય,
પણ સન્તાન ન હોય તો અપૂર્ણ તે સૌ જોય. ૨
એવા દુર્બળ કાયાશોષક વ્યર્થ વિચારથી રે,
થાતી દુર્બળ મેના કેરી કોમળ કાય,
તે દેખીને પૂછે સ્વામી પુરણ પ્યારથી રે !
"શા કાજે શાણી થઈ તારી આ કૃશ કાય ?
મન માન્યાં સુખ અહિં નથી? શું દુઃખ તુજને થાય?૩
મારી જીવનવેલી ! કહે તું દુઃખની વાતડી રે;
ત્હારી ચંદા–અસ્ત સમયના જેવી કાય,
દેખી દુઃખથી દાઝે કઠિણ છતાં યે છાતડી રે !
આંખો તો ઉંડી ગઈ, ચેતન નાઠું દૂર;
અંગો કરમાઇ ગયાં, મુખનું ઉડ્યું નૂર !"૪
આવાં સ્નેહભર્યાં સ્વામીનાં સાંભળી વેણલાં રે,
આવ્યાં ઉભરાઈ મેનાને નયને બે જ—
ખાસાં મોતી જેવાં મોટાં આંસુ સ્નેહનાં રે !
"સુખ ના માગું સ્વામીજી, દુઃખથી ન હારૂં હામ,
સુખદુઃખ કેરી છાંયડી, સ્થિર નવ ઠરતી ઠામ ! ૫
આવે જાયે વિખરાઇ એની ઘેરી ઘટા રે !
એ તો જોવી જેવાં મૃગજળ કેરાં નીર
જે ના પાવા કે પીવાને ખપમાં આવતાં રે.
સંસારે વસી સ્વામીજી, ભોગવ્યું નવવિધ સુખ;
પણ સંસારની વિભૂતિ જોયું ન પુત્રનું સુખ. ૬
આ હું કર્મહીણી રે અંકે રમવાને નહિ રે,
દેવે દિધી મુજને હાય ! ન સંતતિ એક,
મારાં પૂર્વ જન્મનાં પાપ પ્રગટીયાં એ સહી રે !"
હિમાલયની નારને ઓછું આવ્યું એમ,
પાલવથી મુખ ઢાંકીને રોઇ બાલક જેમ. ૭
એના નેન વિષેથી શ્રાવણ–ભાદરવો ઝરે રે,
રોતી ધ્રૂસકે ધ્રૂસકે મેના ગુણિયલ નાર,
તેનાં આંસુ લૂછી હિમાલય એમ ઉચરેઃ

"માનવ હાથ વિષે નથી, શાણી એ સુખસાર,
દૈવાધિન જે સુખડાં, પામે નહિ નરનાર! ૮
નહિ તો છેદી નાખત ત્હારા એ દુઃખપાશને રે,
આપત કામ સમો કોડિલ એક કુમાર,
ત્હારી પુરણ કરતે 'સન્તાનોની આશ'ને રે."
વિધવિધ વાતલડી કરી, રીઝવી રામા કંથ,
સંસારે જોવા રહ્યાં, બંને આશા-પંથ! ૯

* * *

પૂર્વે દક્ષપ્રજાપતિએ પોતાની પુત્રીને રે,
જેનું સતિશિરોમણી સતી હતું અભિનામ,
તેને નિજ ઇચ્છાથી પરણાવી શંભુજીને રે.
એક દિવસ બ્રહ્માજીએ, તેડી બ્રહ્મસભાય,
ઋષિઓ, મુનિઓ, દેવતા, વિષ્ણુ, શંકરરાય.૧૦
એવે બ્રહ્મસભામાં આવ્યા દક્ષપ્રજાપતિરે,
સૌએ આપ્યાં ઉઠીને મનગમતાં સન્માન,
એક ઉઠ્યા ના પોતે કૈલાસાદ્રિના પતિ રે.
દક્ષે ધાર્યું મન વિષે, એણે કર્યું અપમાન,
કોપ્યા દક્ષપ્રજાપાત, સામું કર્યું અપમાન. ૧૧
કોપી સસરાએ ત્યાં દીધો શાપ જમાઇને રે,
'એને યજ્ઞ વિષે નહિ કોઇ આપે ભાગ.'
તોયે મૌન ગ્રહ્યું નિજ ધ્યાને ભોળા શંભુએ રે.
પણ નંદી કોપ્યો ઘણો દક્ષને દીધો શાપ,
ભૃગુએ સામો નંદીને, સાનાં પાપ અમાપ. ૧૨
દક્ષે નચ વિષે એક યજ્ઞ સમારંભ માંડિયો રે,
તેડ્યા ઋષિઓ, મુનિઓ, સુરપત્નીસહ દેવ,
પણ ના તેડી સતી ને નિજ જમાઇ છાંડયાં રે.
સતીએ જાણી વાત એ, પિયર જવા થયું મન,
આવી શંકરને કહ્યું, "આજ્ઞા દ્યો સ્વામિન. ૧૩

આકરામાં આકરી બાધા આખડીઓ લેનારી અને રાતદિવસનું કે પોતાના દેહનુંય ભાન ભૂલી અખંડ સેવા કરનારી આપણી ભોળી ગામડીયણ બ્હેનો–સતી સાવિત્રીના અવતાર ; સમી–આપણા અનેક ગૃહાંગણો આજેય દિપાવી રહી છે! જુગારી કે સટોરીયા પતિને પાલવે પડેલી અનેક શહેરી બ્હેનો આજેય પોતાના અંગ પરનાં છેલ્લામાં છેલ્લા આભૂષણને ગૌરવ સાથે ઉતારી આપી, સતી દમયંતીનાં પુણ્ય સ્મરણો આપણને કરાવે છે. માબાપની મૂર્ખાઇ કે ધનલોલુપતાથી ‘બાળાવેશમાં રંડાપો’ પામેલી અનેક આર્ય બ્હેનોને જીવનભર વૈધવ્યનાં મહા કઠિન વ્રતો પાળતી અને અનેક પ્રકારની સામાજીક યાતનાઓ સહન કરતી જોઇ, કોણ કહેશે કે આજે આપણા સંસારમાં અહલ્યા બાઇઓ નથી મહાત્મા ગાંધીજીનાં ધર્મપત્ની સૌ૦ કસ્તુરબા ગાંધીનો તાદૃશ દાખલો આપણી સૌની નજર સામે જ છે. તેમણે પોતાના પતિનાં સર્વસ્વ ત્યાગની સાથે કેવી એકતા સાધી છે અને પોતે પચાસ વર્ષનાં વૃદ્ધ થયા છતાં દેશની સેવાયજ્ઞે ગાંધીજી સાથે સાચા દીલથી કેવું દેહાર્પણ કરી રહ્યાં છે?

પરન્તુ, કહેશો, આજે કેટલા પુરૂષોને પત્નીવ્રતનો ખ્યાલ છે? આજે તો ‘પત્નીવ્રત’ એ શબ્દજ જાણે ધિમે ધિમે ભૂલાતો જાય છે! નહિં તો, ‘એકને દિલ અર્પ્યું તે બીજા કોઇ ના બને’ એવું એવું ગાતા અને પ્રાણાધિક, અભિન્ન હૃદય અને એવા બીજા અનેક સુંદર વિશેષણોથી પોતાની પત્નીને સંબોધનારા, સ્ત્રીસન્માનની બડી બડી વાતો કરનારા સંસ્કારી અને વિદ્વાન ગણાતા પતિઓ પણ પોતાની પ્રિય પત્નીનું અવસાન થયેથી પોતાના હૃદયને વૈધવ્યથી કાં ન ઓપે?

“છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન સૌભાગ્યથી કૈં,
છે ભક્તિમાં વધુ વિમલતા, બ્હેન શૃંગારથી કૈં.”

—કલાપી.

આ બધું પાણ્ડિત્ય કેવળ સ્ત્રીઓ માટે જ છે શું?

પછી યજ્ઞ તણા પ્રજ્વળતા અગ્નિમાં પડી રે,
કીધા સ્વામી અર્થે જુજવાં આત્મા દેહ.
દીધા યજ્ઞ વિષે સતીએ પહેલો પોતે બલિ રે.
નન્દીએ આવી કહી શંકરને એ વાત,
ક્રોધભર્યા શંભુ રુઠયા, દક્ષની કરવા ઘાત. ૨૦
છોડી નિજ જટાની શંભુએ લટ એકને રે,
પીંખી પૃથ્વી પર જ્યાં પટકી એકજ વાર,
ઉપન્યો **વીરભદ્ર** જે રાખે શંકર ટેકને રે.
દોડયાં ભૂત પિશાચ ને **વીરભદ્ર** બલીશ,
જઈને **દક્ષ**પ્રજાપતિ કેરૂં છેદ્યું શીષ. ૨૧
વળતા બ્રહ્માદિક, વિષ્ણુ, ઋષિઓએ વિનવ્યા રે,
ત્યારે ઉતરી દક્ષ ઉપરથી એની રીસ,
સહુને પુનઃ સમાંગી ભોળા શંભુએ કર્યા રે.
ભૃગુને અજદાઢી કરી, દક્ષને અજનું શીષ,
સહુએ મળીને વીનવ્યા શ્રી કૈલાસાધિશ. ૨૨
એવા ભોળા **શંભુ** ભાવની ભક્તિ માગતા રે,
ભાવે એને ભજતાં જે પ્રાણી નરનાર,
ત્હેનાં ભવરણનાં એ તાપ ત્રિવિધ સૌ કાપતા રે.
આવ્યો અંત અનિષ્ઠ જો સતીના હઠનો એમ,
હાંમે હિમાચળ કથા; સાંભળજો ધરી પ્રેમ. ૨૩
ભાવે ભક્તિ કરતાં હિમાલય **મેનાવતી** રે,
આશા બંનેને છે માત્ર હૃદયમાં એક,
જેથી આ સંસારે પામે એકજ સંતતિ રે.
ભાવ ભરી ભક્તિ નથી, કોની ફળતી જન ?
મેના ગર્ભવતી થઇ, હર્ષ હિમાચળ મન. ૨૪
પુરા માસ થતાં **મેના**એ પ્રસવી પુત્રીને રે,
એતો દક્ષ પ્રજાપતિની પુત્રી **સતી** તેહ,
જેણે યજ્ઞ વિષે આપ્યો તો કાયાનો બલિ રે !
ત્હેનું **મેના**એ ધર્યું, **ગૌરી** ગુણીયલ નામ;
ગૌરીજન્મ તણી કથા, પુરણ થઈ આ ઠામ. ૨૫

મણીલાલ કે. ભટ્ટ.

આકરામાં આકરી બાધા આખડીઓ લેનારી અને રાતદિવસનું કે પોતાનાં દેહનુંય ભાન ભૂલી અખંડ સેવા કરનારી આપણી ભોળી ગામડીયણ બ્હેનો-સતી સાવિત્રીના અવતાર સમી-આપણા અનેક ગૃહાંગણો આજેય દિપાવી રહી છે! જુગારી કે સટોરીયા પતિને પાલવે પડેલી અનેક શહેરી બ્હેનો આજેય પોતાના અંગ પરનાં છેલ્લામાં છેલ્લા આભૂષણને ગૌરવ સાથે ઉતારી આપી; સતી દમયંતીનાં પુણ્ય સ્મરણો આપણને કરાવે છે. માબાપની મૂર્ખાઇ કે ધનલોલુપતાથી 'બાળાવેશમાં રંડાપો' પામેલી અનેક આર્ય બ્હેનોને જીવનભર વૈધવ્યનાં મહા કઠિન વ્રતો પાળતી અને અનેક પ્રકારની સામાજીક યાતનાઓ સહન કરતી જોઇ, કોણ કહેશે કે આજે આપણા સંસારમાં અહલ્યા બાઈઓ નથી? મહાત્મા ગાંધીજીનાં ધર્મપત્ની સૌ૦ કસ્તુરબા ગાંધીનો તાદશ દાખલો આપણી સૌની નજર સામેજ છે. તેમણે પોતાના પતિનાં સર્વસ્વ ત્યાગની સાથે કેવી એકતા સાધી છે અને પોતે પચાસ વર્ષનાં વૃદ્ધ થયાં છતાં દેશની સેવાયજ્ઞે ગાંધીજી સાથે સાચા દીલથી કેવું દેહાર્પણ કરી રહ્યાં છે?

પરન્તુ, કહેશો, આજે કેટલા પુરૂષોને પત્નીવ્રતનો ખ્યાલ છે? આજે તો 'પત્નીવ્રત' એ શબ્દજ જાણે ધિમે ધિમે ભૂલાતો જાય છે! નહિં તો, 'એકને દિલ અર્પ્યું તે બીજા કોનું ના બને' એવું એવું ગાતા અને પ્રાણાધિક, અભિન્ન હૃદય અને એવા બીજા અનેક સુંદર વિશેષણોથી પોતાની પત્નીને સંબોધનારા, સ્રીસન્માનની બડી બડી વાતો કરનારા સંસ્કારી અને વિદ્વાન ગણાતા પતિઓ પણ પોતાની પ્રિય પત્નીનું અવસાન થયેથી પોતાના હૃદયને વૈધવ્યથી કાં ન ઓપે?

"છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન સૌભાગ્યથી કૈં,
છે ભક્તિમાં વધુ વિમલતા, બ્હેન શૃંગારથી કૈં."

—કલાપી.

આ બધું પાણ્ડિત્ય કેવળ સ્રીઓ માટે જ છે શું?

એક સ્ત્રીના મૃત્યુ પાછળ, હજુ તેનો દેહ પૂરો બળીએ ન રહ્યો હોય તે પહેલાં, કપાળમાં કંકુના કરતા અને બીજી નવ વધૂની યુવાનીમાંજ પોતાના સ્વચ્છંદને ખાતર, પણ છોકરાંને બ્હાને બિચારી તે બીજી સ્ત્રીને ગળે બળતી સઘડી બાંધતા–શોકયોનાં સાલ ખડા કરતા–આજના પુરૂષોનાં જડ હૃદયોમાં નથી આવતો અરેરાટ કે નથી આવતી આંખમાં જરાય લજ્જા !

પુરૂષોનું પતિ તરીકેનું વર્તન પણ કેવું પશુતાથી ભરેલું છે ? સ્ત્રીઓના શરીરની શક્તિનો કે માતૃપદ લેવાની તેની યોગ્યતાનો કશોય ખ્યાલ કર્યા વગર વિષયવિકારોમાં લીન રહી અનેક પુરૂષો પોતાની પત્નીઓના ખૂની બને છે. સ્ત્રીસમાજની શારીરિક શક્તિ પણ દિન પ્રતિદિન ક્ષીણ થતી રહી છે. બીજા દેશની યુવતિઓ જે ઉમ્મરે ભર યૌવનમાં મ્હાલતી હોય છે, તે ઉમ્મરે આપણી શહેરી બ્હેનો વૃદ્ધા જેવી બની જાય છે ! આનું મુખ્ય કારણ એ છે કે લગ્નનો આપણો પ્રાચીન ભવ્ય ધાર્મિક આદર્શ આજે આપણે વિસરી ગયા છીએ. લગ્નના એ પવિત્ર આદર્શને આપણે " કાયદેસર વ્યભિચાર " ની કોટિએ આજે મૂકી દીધો છે. અત્યારે બે બાળકોની વય વચ્ચે ત્રણ વર્ષનું અંતર પણ ભાગ્યેજ હોય છે. કેટલી દયામણી દશા?

' અન્યોન્ય કેરી ન્યૂનતા પુરે અનુકુળ દમ્પતિ ' એવું ગાવામાં આપણે શૂરા છીએ. પણ જ્યારે આપણું જીવન કોઈ અભણ કે ભોળી ગામડીયણ સ્ત્રી સાથે સંકળાય છે ત્યારે તેનામાં ઉત્તમ સંસ્કારો પાડવામાં, તેના શુષ્ક જીવનમાં રસિકતા લાવવામાં, તેના હૃદયમાં રહેલાં વહેમ અને અજ્ઞાનનાં અંધારાં ઉલેચવામાં અને તેને લખવા વાંચવા જેટલુંય અક્ષરજ્ઞાન આપવામાં આપણને જરાય રસ નથી પડતો. સંમય આવે તેણીની ન્યૂનતાઓ પૂરવાની કે જેવી હોય તેવીને સારી રીતે પોષવાની આપણી ફરજો આપણે વિસરી જઈએ છીએ અને તેણીથી અતૃપ્ત

રહી તેના અને આપણા જીવનમાં કટુતા ભરીએ છીએ. પછી સંસાર સાગરથીયે ખારો લાગે તેમાં દોષ કોનો?

પતિ તરીકેની આપણી સામાન્ય વર્તણુંકો પણ કેવી વિચારશૂન્ય હોય છે? પત્નીની નજીવી ભૂલોય આપણે સહન નથી કરી શક્તા, જ્યારે દિવસ ભરમાં આપણી ભૂલોનો તો કૈં પાર નથી હોતો. પત્ની આપણને પ્રભુ તુલ્ય ગણી હૃદયથી પૂજે છે, આપણે તેને આપણી દાસી થવાનેય યોગ્ય નથી માનતા. તે આપણું સહેજ આંખ માથું દુઃખવા આવતાં અડધી અડધી થઈ જાય છે, આપણે તેના ગમે તેવા રોગોનેય 'એ તો બાયડીઓને એવી રાડો પાડવાની ટેવ હોય!' એવું એવું બોલી હસી કાઢીએ છીએ. તે આપણી સાથે મધુર શબ્દે અને વિનયથી વાતો કરે એ આપણને ગમે છે, પણ આપણું તેની સાથેનું વર્તન 'બુધે નાર પાંસરી' ના સૂત્ર પરજ ઘડાએલું હોય છે. તેને વાતે વાતે ધમકાવી નાંખવામાં, હલકી પાડવામાં, છુટો ઘા પણ કરવામાં આજે કેટલાય પુરૂષો નથી અચકાતા. આમ અત્યારે સ્ત્રીઓ પ્રત્યેનું પુરૂષોનું વર્તન સાવ દયા કે લાગણી વગરનું અત્યંત શરમભરેલું જોવામાં આવે છે.

આનું મૂળ કારણ એજ છે કે આજે પત્નીવ્રતનો આદર્શ આપણે ભૂલ્યા છીએ—ભૂલતા જઈએ છીએ. આપણી આંખ સામે સીતા અને સાવિત્રીના, દમયંતી અને તારામતિનાજ આદર્શો રમ્યા કરે છે. એ સીતાજીના રામ કે દ્રૌપદીજીના ભીમસેન કેવા હતા તે આપણે કદિ નથી વિચારતા. શ્રી રામનું એક પત્નીવ્રત પાળવા આજે આપણા સમાજમાં કેટલા પુરૂષો તૈયાર હશે? સીતાજી પ્રત્યે શ્રી કૌશલ્યાનંદનનો પ્રેમ કેટલો અનુપમ હતો? શ્રી રામ સીતાજીને કહે છે:—

"તમને દુઃખ થાય અને મને સ્વર્ગ મળતું હોય તો તે સ્વર્ગની પણ મને ઇચ્છા નથી." વળી "જ્યાં સુધી મારામાં

પ્રાણ છે ત્યાં સુધી તમારા સ્નેહનો, તમારી પ્રીતિનો હું ત્યાગ કરી શકીશ નહિં."

આવાં સ્નેહથી નિતરતાં વચનો પોતાની જીવનસખીને સંભળાવવાના અને શ્રી રામનું એક પત્નીવ્રત પાળવાના કોડ આજે કેટલા પતિઓના હૃદયમાં ઉછળતા હશે?

જ્યારે સ્ત્રી અને પુરૂષ બન્ને પરસ્પરના ધર્મો સમજશે, એક બીજાની ન્યૂનતાઓ પૂરવા પ્રેમપૂર્વક મથશે ત્યારેજ આપણાં ગૃહો કલેશ અને કંકાસનાં નર્કધામો મટીને દેવોને ય વિહાર કરવાનું મન થાય તેવાં મનોહર પ્રેમમંદિરો બનશે. અસ્તુ.

દોશી ન્યાલચંદ ઉકાભાઇ.

હરસ, મસાથી પીડાતા દરદીઓને

હવે પીડાવાની જરૂર નથી.

મફત દવા મેળવી આરામ ભોગવો.

"ગમે એવા હઠીલા, દુઝતા, મસા મફત ત્રણ દિવસમાં કોઈ પણ જાતનાં દુઃખ દરદ વિના માત્ર દવાથી જ ખરી જાય છે."

તે માટે

દવા મફત આપવામાં આવે છે.

વધુ ખુલાસા-માટે લખો યા મળો.

" ડૉ. પાઠક. "

સ્ટેશન દોંડ—મુઃ ડહાણું.

(બી. બી. સી. આઈ. રેલ્વે.)

તાજી હવા.

[લેખક:—સૌ. શારદા મહેતા, બી. એ.]

તંદુરસ્તી માટે તાજી સ્વચ્છ હવા એ પ્રથમ જરૂરીઆતની છે. પ્રાણવાયુ ફેફસામાં જાય તે પ્રમાણમાં લોહી સ્વચ્છ થાય અને અનેક રોગનું નિવારણ થઇ શકે. આ સત્ય કોઇથી અજાણ્યું નથી. છતાં તે પ્રમાણે વર્તન કેટલાં થોડાં લોક કરે છે. ગલીચ શહેરોમાં વસ્તી વધતી જ જાય છે.

ગામડાંઓ છોડીને લાખો માણસો હરહમેશ શહેર તરફ વળે છે. શહેરોમાં સ્વચ્છ વાતાવરણ તદ્દન અશકય થઈ જવા લાગ્યું છે. પુરૂષો તો નોકરી ધંધા અર્થે કાંઇકે બહાર સ્વચ્છ હવા કે સૂર્યનો અનુભવ કરી શકે છે; પરંતુ સ્ત્રીઓને તો ઘરમાં ચોવીસે કલાક ગોંધાઈ રહેવાનું એટલે ઝેરી હવામાંથી બહાર નીકળાય જ નહિં. તેને પરિણામે આપણે જોઇએ છીએ કે ક્ષય વિગેરે અસાધ્ય રોગનું પ્રમાણ સ્ત્રીઓમાં વધારે હોય છે. સ્ત્રીઓનું મૃત્યુ પ્રમાણ અને મૃત્યુની ઉમર પણ ચોંકાવે એવી હોય છે. સ્વચ્છ હવાનો ઉપયોગ જેમ વધારે થશે તેમ આ દશા સુધરશે. જાપાન દેશ દરેક રીતે પોતાની ઉન્નતિ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે. ત્યાંની સ્ત્રીઓના જીવન સંબંધી વર્ણન કરતાં એક માસિકમાં લખે છે કે, જાપાનની સ્ત્રીઓને એજ શિક્ષણ આપવામાં આવે છે કે તાજી હવાના અમુક પ્રમાણ વિના જીવન અશકય છે. જેમ હવા વધારે સ્વચ્છ, અને તેનું પ્રમાણ વધારે તેમ જીંદગી વધારે તંદુરસ્ત અને વધારે સુખી થાય. જાપાનનાં બારી બારણાંઓને કાચ નથી હોતા, પણ તેલવાળા કાગળની તકતીઓ હોય છે. એને લીધે હવાની આવજાવને રોકાણ થતું નથી. શીઆળાની ઠંડી રાત્રે પણ હવાનું રોકાણ થતું નથી.

આ કાગળની બારીઓ પણ બંધ કરીને જાપાનીઝ લોકો જવલ્લે જ સુએ છે.

તાજી હવા—અને તે પણ પુષ્કળ પ્રમાણમાં એજ ત્યાંના લોકોનો નિયમ છે. રાત્રે સૂતી વખતે બારીઓ લોકો ઉઘાડી નાંખે છે, જેથી ઓરડાની અંદર હવાની છૂટથી આવજા થઈ શકે. જો ઠંડી વધારે લાગે તો એકાદ ઓઢવાનું વધારે રાખે, પણ બારી બંધ ના કરે.

સ્હવારમાં ઊઠીને સ્ત્રીઓનું પહેલું કામ તે ઘર બહાર ખુલ્લી હવામાં જવાનું. પુષ્કળ સ્વચ્છ હવા ફેફસામાં તે વખતે તેઓ લઈ લે. ત્યાર પછી સ્નાન કરવામાં આવે છે. પણ તે સ્નાન કરતાં સ્વચ્છ હવાથી ફેફસાંને સ્વચ્છ કરવાનું કામ વધારે મહત્ત્વનું ગણાય છે.

રસોડાનાં તેમજ બીજા ઓરડાનાં બારી બારણાં પણ એ-શુંમાર ઠંડી હોય ત્યારેજ બંધ જેવામાં આવે છે. હવાની ઉણપ ત્યાં જણાતી નથી. તેમજ ત્યાંની સ્ત્રીઓને ઊંડા શ્વાસ લેવાની ટેવ હોય છે. તેને પરિણામે પેટ આગળનાં સ્નાયુઓ મોટાં અને મજબુત હોય છે.

જાપાનમાં ક્ષય રોગ ક્વચિતજ જેવામાં આવે છે. શિઆળા-માં પણ ઉધરસ કોઇકને જ થાય છે. સ્ત્રીઓને ટહાડ વધારે લાગે તો કપડાં વધારે પહેરે.

ઊંડા, ધાડા શ્વાસ લેવા એ તંદુરસ્તીનું ઘણું અગત્યનું અંગ ગણાય છે. ખોરાકની અગત્ય છે ખરી પણ સ્વચ્છ હવાના ઊંડા શ્વાસની તેથી વધારે અગત્ય ગણાય છે. બીજી બધી કસરતો કરતાં ઉંડા શ્વાસ લેવાની કસરત વધારે મહત્ત્વની ગણાય છે. બારીએ ઉભા રહીને કમરે હાથ દઈને પુષ્કળ સ્વચ્છ હવાનું પ્રમાણ છાતી બહાર કહાડીને ફેફસામાં લેવામાં આવે છે. આ પ્રમાણે રાત દિવસ બારણાં ઉઘાડાં, ને પુષ્કળ હવાનું પ્રમાણ ફેફસામાં રાખીને, તંદુરસ્તીનો મહત્ત્વનો નિયમ પળાય છે.

તપસ્વી શાહશુજા તથા તેની ધાર્મિક કન્યા.

[લખનારઃ—રા. રા. શિવપ્રસાદ દલપતરામ પંડિત.]

શાહશુજા એક રાજકુટુમ્બમાં જન્મ પામ્યા હતા. કેરમાન દેશ એમનું જન્મસ્થાન હતું. એ મહાન્ પંડિત, તત્વજ્ઞાની તથા સંસાર પ્રત્યે વૈરાગ ધરાવનારા પુરૂષ હતા. મિરાત-ઉલ-હકમા-અર્થાત્ જ્ઞાનીઓનું દર્પણ નામનો ગ્રન્થ એમનો રચેલો છે. સાધુઓની સોબતનો ત્હેમને ઘણો શોખ હતો. આબુતોરાબ, ઇયહા વગેરે મહાન્ સાધુઓના સહવાસમાં પોતે આવ્યા હતા. એ પોતે ફકિરોની પેઠે કાંબળી ઓઢવાને બદલે ધનવાનોના જેવો પોશાક-કાબા-ધારણ કરતા. એક દિવસ એ નિશાપુરમાં ગયા હતા. ત્યાં આગળ તપસ્વી આબુ હેફ્જ ત્હેમને મળ્યા, અને તેમણે ઘણો આદર સત્કાર કર્યો, તથા શુજાની ઇશ્વરભક્તિ જોઇને બોલી ઉઠયા, " હું કાંબળીની અંદર જે ખોળતો હતો તે આજે કાબાની અંદર મળ્યું. "

શાહસુજાને એક પરમ ધાર્મિક જુવાન પુત્રી હતી. કેરમાનના બાદશાહે ત્હેની સાથે લગ્ન કરવાની ઇચ્છા જણાવી. શાહે ઉત્તરમાં કહાવ્યું કે ત્રણ દિવસ પછી જવાબ કહાવીશ. એ ત્રણ દિવસ શુજા મસજિદે મસજિદ ફર્યા. ત્રીજે દિવસે એક મસજિદમાં એક જુવાન ફકિરને દીઠો; એ એકાગ્ર ચિત્તે નમાઝ ભણી રહ્યો હતો. એની નમાઝ પૂરી થતાં લગી શાહ શુજા ત્યાંજ ઉભા રહ્યા. ફકિર નમાઝ ભણી ચુકયો એટલે ત્હેને પૂછયું, " નવજવાન ! તું પરણેલો છે ? ". ફકિરે કહ્યું "ના." પછી પૂછયું, " પરણવાની ઇચ્છા છે ? " ત્હેણે કહ્યું, " મ્હારા જેવા ગરીબને કોણ કન્યા આપે ? મ્હારી પાસે પુંજીમાં આખા

ત્રણ *દરહમ છે." શાહે કહ્યું, "હું મ્હારી કન્યા ત્હને આપીશ. તું એ દરહમમાંથી એકની રોટલી, એકની સાકર અને એકનો લોબાન લઇ આવજે. હું ત્હારૂં લગ્ન કરી દઇશ." એ પ્રમાણે સગાઈ થઇ ગઈ. પરમ ધન ઐશ્વર્યવાળા કેરમાનના બાદશાહને પોતાની પુત્રી ન આપતાં એક ગરીબ ફકિરને ઇશ્વિરભક્ત અને ઉપાસનામાં નિમગ્ન રહેનારો સમજીને શાહશુજાએ પોતાની લાડકી પુત્રી ઘણા આનંદ પૂર્વક ત્હેને આપી. એ રીતે વિધિપૂર્વક બન્નેનાં લગ્ન થયાં. પરણ્યા પછી છોકરી સાસરે ગઇ. ત્યાં જઇને જુએ છે તો પાણીના કૂજા ઉપર એક સુકી રોટલી મુકી રાખેલી છે. છોકરીએ પૂછ્યું, "આ રોટી શા સારૂ મુકી રાખી છે?" તેના સ્વામીએ કહ્યું, "આજ રાતે ખાવા સારૂ કાલે રાખી મુકી હતી." એટલું સાંભળતાં વારજ યુવતીને ઘણો ખેદ થયો, અને તે પાછી પિયેર જવા લાગી. ફકિરે કહ્યું, "હું તો જાણતો જ હતો કે શાહશુજાની છોકરી મ્હારા દુઃખ અને દરિદ્રતામાં ભાગ નહીં પડાવી શકે." યુવતીએ કહ્યું, "પ્રિયતમ! ત્હમારી ગરીબાઈ જોઇને હું દિલગીર થઇ છું અને એટલા માટે પિયેર ચાલી જવા માંગું છું એમ નહી. ઇશ્વર ઉપર આધાર અને વિશ્વાસ રાખવામાં ત્હમે કેટલા દુર્બળ છો એ જાણીને મ્હને ઘણો જ ખેદ થયો છે, અને શોકાતુર હૃદયે હું બાવા જાનની પાસે જવા તૈયાર થઈ છું. આજ શું ખાવું છે. ત્હેનો ગઇ કાલથી વિચાર કરીને ત્હમે રોટી સાચવી રાખો છો. હાય! મ્હને મ્હારા બાવાજીની વર્તણુક જોઇને આશ્ચર્ય થાય છે. ત્હેમણે વીશ વર્ષ સુધી મ્હને લાડથી પાળી પોષી છે અને કહેતા હતા કે ત્હને એવા પુરૂષ સાથે પરણાવીશ કે જ્હેનામાં વૈરાગ્ય અને ઇશ્વર ઉપર પૂર્ણ આસ્થા હશે. મને આજ ખબર પડી કે એમણે મ્હારૂં લગ્ન એવા સાથે કર્યું કે જ્હેને પોતાના ગુજરાન માટે ઇશ્વર ઉપર ભરોસો નથી." એ સાંભળતાં ફકિરની આંખ ઉઘડી. ત્હેણે

---

* એક જાતનો સિક્કો.

ગળગળે સ્વરે કહ્યું, "આ પાપનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે થઇ શકે, પ્રિયે!" સતીએ કહ્યું, "આ ઘરમાં કાં તો એ સુકી રોટી જ રહેશે કે કાં તો હું રહીશ." ફકિરે તરતજ એ રોટીને ઘર બહાર ફેંકી દીધી.

એક દિવસ તપસ્વી આબુ હફ્ઝે શાહશુજાને એવી મતલબનો પત્ર લખ્યો હતો, કે પોતે ઇન્દ્રિયોના વિષયને વશ થઈ કરેલાં કાર્યો અને અપરાધોનું અવલોકન કર્યાથી હું નિરાશ થયો છું. શાહે ત્હેના ઉત્તરમાં લખ્યું, "ત્હમારા પત્રને મ્હેં હૃદયનું દર્પણ બનાવ્યું છે. ઇન્દ્રિયોની બાબતમાં મ્હને ખરેખરી નિરાશા ઉપજે છે, ત્યારે ઇશ્વરમાં આશા ઝળકી ઉઠે છે. ઇશ્વરમાં આશા ઝળકી ઉઠતાં, તેના સંબંધમાં ભય પણ ઉજ્વલ થાય છે. જે વખતે હુ ઇન્દ્રિય નિગ્રહની બાબતમાં નિરાશ થાઉં છું, તે વખતે પરમેશ્વરનું સ્મરણ કરૂં છું. ઈશ્વરનું સ્મરણ કર્યાથી ઈશ્વર પણ મ્હને સંભારે છે. એથી હું સંસારમાંથી મુક્ત થઇને ઇશ્વર જોડે સંયુક્ત થાઉં છું."*

હીસ્ટિરિયાથી ગભરાશો માં!

તેનો ઇલાજ વાયુમુક્તા છે. જેનો ર. નં. ૧૬૬-૧૪ અને કીમત રૂ. ૫) હીસ્ટિરીયા-ફેફરૂં, ચિત્તભ્રમ, ખેંચાવું, જડ થવું વગેરે વાયુના દર્દપર રામબાણ છે. દવા વનસ્પતિની, પથ્ય નહીં. પ્રદરહર-શ્વેત, રાતો કે ધાતુ વિકાર, ફાટ, તોડ અને ગર્ભાશયનાં દર્દ ઉપર ચોકસ-ગોળી ૪૦ ની કી. રૂ. ૧).

બાળકોની હાંફણી માટેની કી. રૂ. ૩) દરેકનું પોસ્ટેજ જુદું.

છગનલાલ લલ્લુભાઈ શાહ; દેશીનામાવાળા-વડોદરા.

* "તઝકરાતુ ઉલ ઔલિયા" ના ઉર્દૂ તથા બંગાળી અનુવાદ ઉપરથી.

રાજનગરનું રત્ન.

(ચાલુ વાર્તા.)

[લેખકઃ—સૌ. જડાવબહેન વીણ.]

(અનુસંધાન ગે માસથી.)

પ્રકરણ ૧૦ મું.

દુઃખી મિત્ર.

વસુ અને એની માતા સવારમાં જાગ્યાં. આમ તેમ બધી ઝુંપડીમાં જોયું, પણ પેલો દરીઆમાંથી બચાવનાર પરોપકારી પુરૂષ તેમની નજરે પડયો નહીં. તે કયાં ગયો તેની પણ તેમને ખબર નહોતી. તોપણ રસોડામાં કોઈ તાજું દુધ તથા થોડાંક ફળ મૂકી ગયું હતું. તેથી તેઓને લાગ્યું કે તે આટલામાંજ હશે, ને હમણાં આવી પહોંચશે. વસુની માતાનું આજે પણ શરીર સારૂં નહોતું તેથી વરસાદની પેઠે તેના આવવાની રાહ જોતી હતી. પણ આખો દિવસ પુરો થયો તોપણ તે આવ્યો નહીં. વૃદ્ધ સાવિત્રીનું આ કારણથી શરીર વધારે બગડયું.

પોતાની આખી જીંદગીમાં પડેલાં દુઃખોમાં ઉમેરણ કરનારો ભાગ હજુ મરતા સુધીનો બાકી છે તે વિચાર પણ તેનાં રોગમાં ઉમેરો કરતો હતો.

વસુને અત્યાર સુધી આપણે પુરૂષ વેશધારી પુરૂષજ સમજતા હતા, પણ તેમ નહોતું. તે સ્ત્રી હતી. માને પેટે તે એકની એકજ હતી, લાડકી હતી. વળી [illegible]માં પુ[illegible] વેશ

રાખવાથી હિન્દુ મર્યાદા સચવાઈ છૂટથી હરફર થવાના કારણથી તેણે પુરુષવેશ પહેર્યો હતો. બાકીનો સામાન ડુબતા જહાજમાં રહી ગયો હતો. તેથી મા દીકરી એકજ લુગડા સાથે મછવામાં હતાં. સદ્‌ભાગ્યથી હાથમાંની બેગ હાથમાં રહી. તેઓ આ નાના દેવદ્વિપમાં આવ્યાં ત્યારે સત્યેંદ્રે સાવિત્રીના પુત્ર તરીકે વસુમતીને ઓળખી હતી અને હજુ પણ તેણે કપડાંની ખોટથી તેજ પોશાક પહેરી રાખ્યો હતો. તેણે વિદેશી ઢબનાં કોટપાટલુન તથા માથે એક ઉભી ટોપી પહેર્યાં હતાં. તેટલાંજ કપડાંથી નિર્વાહ કરવો પડયો.

આવી રીતે એકાદ અઠવાડીઉં પસાર થઇ ગયું પણ કોણ અને કેવી રીતે આવી તેઓને માટે કોઇ ત્યાં ફળો મૂકી જાય છે તે સમજ પડી નહીં. તેને મેળાપ ન કરવાનું શું કારણ હશે, તે પણ સમજી શકાયું નહીં. પણ વસુમતી ધારી શકી કે તે માણસ હયાત છે, અને તેજ ખાવાનું પુરૂં પાડે છે. તે પરોપકારી હોવો જોઈએ. તેઓની પાસે ન આવવાનું કાંઇ તેને કારણ હોવું જોઇએ. આ વિચાર તેણે તેની માને કહ્યો, "આ માણસ છે તો પરોપકારી નહીં વારૂ ?"

"હા દીકરી. પણ તે છે જ કયાં ? તે જો અહીં હોત તો મારા મનની કાંઇક ચિંતા ઓછી થાત. વસુ ! મને કાંઈ ચેન પડતું નથી."

"બા" વસુ બોલી, "તમે કહો તો હું આટલા તેટલામાં તેની તપાસ કરવા જાઉં."

"પણ બેન ! આ ઉજ્જડમાં ભૂલી પડતી નહીં, અને વહેલી પાછી ફરજે. વસુ! હું ઘણા દિવસ જીવીશ નહીં. મારાં મુંઝવણ અને રોગ વધતાં જાય છે. મરતાં પહેલાં તેનો પત્તો મળે તો સારૂં. આ અરણ્યમાં આપણે તેનાજ આધારે રહ્યાં છીએ. અત્યારે તો તુંજ મારો આધાર છે માટે તું વહેલી પાછી ફરજે."

"વારૂ બા." કહી વસુએ ટોપી માથે પહેરી ને બહાર નીકળી.

આ અરણ્ય નહીં પણ કોઈક સ્વર્ગનું ઉપવન હોય એવા બેટને નીહાળતી તે ચાલી. કોઇક જગાએ ફુલના છોડ કયારા

કરી રોપેલા હતા, કોઇક જગાએ શાકભાજી હતાં. ફળનાં ઝાડો પણ લીલાંછમ હતાં. આ દરીઆ કીનારે આવી શોભા એ અજાયબ જેવું હતું. વસુનો વહેમ જરા વારમાં ખસી ગયો. આગળ જતાં એક નિર્મળ પાણીનો ઝરો આવ્યો. તેમાંનું પાણી મીઠું અને નિર્મળ હતું. આ ઝરો સામે દેખાતી એક ટેકરી ઉપરથી ઉતરતો હતો. વસુ એ જોઇ ખરેખરી ચકિત થઇ, અને વિચારવા લાગી કે આ બેટમાં કુદરતની પ્રસાદી પુરેપુરી છે અને તેનો ભોક્તા તે પેલો પરોપકારી પુરૂષ છે. પણ તે છે ક્યાં? સાંજ તો પડી ગઇ. હવે મારે મકાન તરફ પાછા ફરવું જોઇએ. આવો વિચાર કરીને તે પાછી ફરતી હતી; તેવામાં ખડુકનો અવાજ તેની પાસેની ઝાડીમાંથી સંભળાયો. તે અટકીને ઉભી રહી. થોડી વારમાં તો સામેથી એક પુરૂષનો આકાર આવતો તેણે દીઠો. નાજુક બાળા વધારે આશ્ચર્ય સાથે તે જોવા લાગી. આ બેટમાંના કોઇ કાળા કદરૂપા પુરૂષે તેને ને તેની બાને તોફાની રાત્રે બચાવી હતી. તેનો ચહેરો તે અંધારી રાતમાં જોઇ શકી નહોતી. અટકળથી તેની ઉંચાઈ, જાડાઈ તથા અવાજ જાણીતાં હતાં; અને ચહેરો કાળો ને કદરૂપો હોવો જોઇએ, એમ ધારેલું.

સામેથી આવતો પુરૂષ તો કોઈ કેળવાએલો રાજવંશી ઢબથી ચાલતો અને રૂપાળો તથા રંગે ઘઉંવર્ણો જુવાન હતો. વસુએ એને કોઇ બીજોજ ધાર્યો. તે અટકીને જરા બીધી. આ બેટમાં બીજાં માણસો હશે કે શું? પેલો માણસ તેનીજ તરફ આવ્યો ને પુછ્યું, "એક જંગલી વરૂ આ તરફ આવ્યું હતું?"

"ના." વસુએ કહ્યું.

ત્યાં એને ઉભા રહેવું પડ્યું. તે આવનાર પાસે પડેલી શીલાપર બેસતાં બોલ્યો, "મિત્ર! તમને અને તમારી માતાને અહીં ગમે છે કે?" આવનાર બોલ્યો. તો પણ વસુને લાગ્યું કે કોઈ બીજોજ છે તેથી ટુંકામાં પતાવ્યું: "હા."

"પણ, આ અમારો દેવદ્વીપ પુરેપુરો જોયો? જોશો ત્યારે વધારે ગમશે."

હવે વસુનામાં બોલવાની હીંમત આવી અને પુછયું, "તમે અહીં ક્યાં રહો છો અને અમોને દરીઆમાંથી બચાવનાર કોણ હતો એની તમને ખબર હોય તો મને કહો. કારણ મારી મા તેમને મળવાને ઘણાં આતુર છે. તે નહીં મળવાથી તેઓ માંદાં પડયાં છે. પણ જો તે માણસ મળે તો તેનો મારાં માજી આભાર માની આ દુનિયા છોડે."

"ભલા મિત્ર, તમને દરિયામાંથી તો મેં બચાવ્યાં." વસુ સાંભળી ચકીત થઇ અને તેના મોઢા સામું તાકીને જોવા લાગી.

"પણ તમારાં માતાને કહેજો કે હું મળી શકીશ નહીં, તેમજ મારો ઉપકાર માનવાનું કાંઈ કારણ નથી. કેમકે મારો ધંધોજ એ છે કે કોઇને બનતી મદદ કરવી. પણ આમાં તો મેં કાંઈ મદદ પણ કરી નથી. તમે તમારી મેળેજ કિનારે ઇશ્વરના કહેવાથી આવ્યાં અને જો થોડી બાકીની રાત પુરી થઈ હોત તો તમેજ ઉતરીને બેટમાં આવત." વસુ અત્યાર સુધી તેની સામું જોઈ રહી હતી તે આ વિનય ભર્યાં વચન સાંભળી વધારે અજાયબ થઈ અને સવાલ કર્યો, "તમે શા કારણથી મારી મા પાસે નહી આવો? તમે ત્યાં આવો અને ત્યાંજ રહો તો તેમને સારૂં લાગ."

"પણ જુઓ મિત્ર, હું તમને મારો જીવ પણ આપવા તેયાર છું." આ શબ્દો બોલતાં સત્યેન્દ્રે તેનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલ્યો, "પણ હું તેમની પાસે આવી શકીશ નહીં" આ સાંભળી વસુ વધારે ને વધારે કારણ જાણવા ઉત્સુક થઈને બોલી, "મારા મિત્ર, તેનું કારણ મને સમજાવો." સત્યેંદ્રે જાણ્યું હવે કહ્યા વગર ચાલશે નહીં તેથી બોલ્યો. "સાંભળો મિત્ર! તમે તમારા પિતાનું વચન પાળો કે નહી?" વસુ કહે, "અલબત્ત પાળું જ." સત્યેંદ્ર કહે, "ત્યારે મારા પિતાનું છેવટનું વચન છે કે સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહીં. તો તમારી માતા એક સ્ત્રીજ છે તેનો વિશ્વાસ હું કેમ કરૂં?" વસુ આ સાંભળી એકદમ નરમ પડી ગઈ. તેનું મોઢું ઉતરી ગયું. પોતે પુરૂષ-

વેશધારી સ્ત્રીજ હતી. તે હીંમત રાખી બોલી, "ભલા મિત્ર! ભલે વિશ્વાસ નહીં કરશો. પણ તમે ત્યાં આવી તેને મળો તો ખરા. તે તો તમારા વિના મરી જશે અને હુ મા વગર રહીશ કેમ ?" આ સાંભળી સત્યેંદ્રને પોતાના પિતાનો પ્રેમ તથા વિયોગનું દુઃખ યાદ આવ્યાં, અને ત્યાં જવા તે કબુલ થયો. બેઉ જણ ઉઠ્યાં ને ઝુંપડી તરફ ચાલ્યાં. ચાલતાં ચાલતાં વસુ બોલી, "મિત્ર! તમારૂં નામ શું છે ?"

"મારૂં નામ સત્યેંદ્ર છે. તમારૂં નામ શું છે? "

"મારૂં નામ વસુ છે અને મારી માતાનું નામ સાવિત્રી છે. પણ સત્યેંદ્ર, તમે જો અમારી સાથે રહો તો હું બહુ સુખી થાઉં, જો કે તમને મારી મા પાસે રહેવું તો નહીં ગમે, પણ મારી સાથે તો રહેવું ગમતું હશેને ?" સત્યેંદ્રને આ અણધાર્યો મનુષ્યસમાગમ થયો હતો. જેનાથી થોડા વખતથી વાર્તાલાપ કરી રહ્યો હતો. તેને ખોટું કેમ કહેવાય ? જુઠ પ્રપંચનો જેનામાં લશમાત્ર પણ અંશ નહોતા. તે ખુલ્લે દીલે બોલ્યો,

"વસુ, તમારી સાથે રહેવાને મને કશી અડચણ નથી. તમારા જેવો એક નાનો મિત્ર મને આજેજ મળ્યો છે. હું થોડે દૂર મારી ઝુંપડીમાં રહું છું. ત્યાં તમે મને દર વખતે મળજો. હું ત્યાં જઇશ." આ સાંભળી વસુ નિરાશ થઈને બોલી, "સત્યેંદ્ર! તમે પાછા અહીં આવો તો હું આવું, નહીં તો કાલે મારી મા સાથે કોઇક વહાણમાં બેસી ચાલ્યાં જઇશ. શું તમને મારો સહવાસ નથી ગમતો ?" હવે સત્યેંદ્રને લાગ્યું કે તેના મિત્રના મનમાં દુઃખ થાય છે તેથી કહ્યું, "હા ચાલો હું આવું છું."

બંન્ને જણ ઝુંપડી તરફ ગયાં. ધાર્યા કરતાં વધારે વખત વીતી ગયો હતો, તો પણ વસુધરા પોતાના બચાવનારને સાથે લઈ જવાથી હરખમાં અખી ગઈ. વહેલી વહેલી પોતાની મા પાસે જઇ બોલી, "માતા! આપણો તારક જડયો. હું તેડી લાવી." સાવિત્રી સાંજથી દીકરીની વાટ જોતી હતી. રાત્રી પડવાથી, તેને લાગ્યું કે જરૂર વસુધારા જંગલમાં ભૂલી પડી. તે

નીરાશ થઇ. તેની ચિંતા વધી. તેને સખત તાવ ભરાઈ ગયો હતો. તે બેભાન પડી રહી.

દીકરીનો અવાજ સાંભળતાંજ તેને ભાન આવ્યું. તે બોલી, "બેન! તે ક્યાં છે? ઓ! મને તેનો ઉપકાર માન્યા વગર ચાલતું નથી."

વસુ સત્યેંદ્રને તેડી લાવી. તેને જોઇ સાવિત્રી બોલી. "વીર પુરૂષ! હું મરી જઇશ, મારી વસુનો આધાર તમે છો." સત્યેંદ્રને આ સાંભળી લાગ્યું કે સ્ત્રીઓને હું ધારૂં છું તેવી આ સ્ત્રી નથી. તે વિચાર કરી બોલ્યો, "તમે ગભરાઓ નહીં તમે સાજાં થશો. હું પાસેની પર્ણકુટીમાંજ સુવું છું જરૂર પડે. બોલાવજો. હું જઇશ."

સત્યેંદ્ર બારણા તરફ ફર્યો. વસુધરા તેને વિદાય કરવા ગઈ. બે ત્રણ કલાકના સહેવાસથી તેઓ મિત્ર બન્યા હતાં. જતાં જતાં સત્યેંદ્રે કહ્યું, "જરૂર પડે તો મને બોલાવજો."

"ઠીક" કહી વસુ બારણું બંધ કરી ઘરમાં આવી.

છપાય છે! રાહ જાશો? છપાય છે!

ગુજરાતી ભાષાનો

શાળોપયોગી મધ્યમ કોષ.

ગુજરાતી ભાષાનો કોષ પણ સારો શબ્દકોશ હાલ મળતો ન હોવાથી ખાસ કરીને ગુજરાતી ભાષાના અભ્યાસીઓને, તેમજ શિક્ષકો-વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવો આ કોષ અમે તૈયાર કર્યો છે. છપામણી વગેરેની મોંઘવારીને લીધે અર્થ આપવામાં બહુ લંબાણ ન કરતાં આવશ્યક અર્થો અને વિવરણ આપ્યું છે; છતાં પુરતા શબ્દો તેમ જ શબ્દના અર્થો આપવામાં અનુક્રમ ચોકસાઇ ઘણીજ સાચવી છે.

આ કોષ સંપૂર્ણતાનો દાવો નહિ કરે; છતાં ઉપયોગી તો અવશ્ય નીવડશે જ. આ મધ્યમ કોષની કિંમત બહુ ભારે નહિ પણ મધ્યમસર રહેશે; માટે નવો ગુજરાતી કોષ ખરીદતાં પૂર્વે આ કોષ માટે થોડા મહિના રાહ જોવા સર્વેને વિનંતી છે.

જીવનલાલ અમરશી મહેતા.

સતી કળાવતી.

[લેખકઃ—રા. રા. નટવરલાલ પરશોતમદાસ કાપડીઆ.]

સમી સાંજનો સમય હતો. મંદ મંદ પવન ઉદ્યાનનાં પુષ્પોની પરિમલ સહીત સુરખીભર્યો વાતો હતો. તથાપિ તે ઉદ્યાનના રાજમહેલમાં બેઠેલા રજપુતાનાધિપતિ કર્ણસિંહને તે સમીરની મુદ્દલ અસર થતી ન હતી. તે સમયે કર્ણસિંહ ગહન વિચારસાગરમાં ડુબ્યો હતો. તેનું વદનકમળ મ્લાન—નિસ્તેજ ભાસતું હતું. કર્ણસિંહનું ભયભિત વદન દ્રષ્ટિગોચર થવાથી તેમની અર્ધાંગના કળાવતીએ પ્રશ્ન કર્યો:— પ્રાણેશ ! આજ તમારૂં મુખારવિંદ નિસ્તેજ કેમ ભાસે છે ? શું કંઈ નવિન વિઘ્ને સ્થાન લીધું છે ?

કળાવતીના કોયલને લજવે એવા મધુર સ્વરથી વિચારગ્રસ્ત કર્ણસિંહ વિચાર—નિદ્રામાંથી જાગૃત થયો અને ચકિત ચક્ષુથી જોબનરસમાં ઝુલતી નવયૌવના કળાવતીના ગુલાબી વદન પર સ્નેહભરી દ્રષ્ટિ ફેંકી અને બોલ્યોઃ—પ્રિયે ! ત્હારી પધરામણી અત્રે ક્યારે થઈ ?

કળાવતીઃ—પ્રિય પ્રાણનાથ ! વિસ્તૃત વાતોનો ત્યાગ કરો. શોકની છાયા આચ્છાદિત થયેલી નિરખી અત્યંત મુંઝાયેલી આ તમારી દાસીના પ્રશ્નનો ઉત્તર આપો.

કર્ણસિંહઃ—પ્રિયે ! ત્હારો પ્રશ્ન મ્હારા જ્ઞાનતંતુથી વિમુખ છે, માટે પ્રથમ તેથી વાકેફગાર કર.

કળાવતીઃ—પ્રાણનાથ ! તમારા વદનેન્દુને કયા દુઃખવાદળે ઘેરી લીધું છે ?

કર્ણસિંહઃ—આપણા 'વિશ્વાસુ' સેવકે આવી એવી ખબર આપી છે કે આપણો મહાન શત્રુ દિલ્હીનો બાદશાહ અલ્લાઉદિન ખીલજી આવતી કાલે પ્રાતઃકાળે આપણી સરહદ પર આવી આપણા દેશનો વિનાશ કરવા ચાહે છે.

કળાવતીઃ—પ્રાણનાથ ! શત્રુની સામે થવા માટે શી ગોઠવણ કરી છે ?

કર્ણસિંહ:—આપણા ગુપ્ત પ્રધાનને ગોઠવણની સર્વ હકીકત કહી છે. હમણાં ગોઠવણ કરી આવવા જોઇએ.

આ વાત ચાલતી હતી એવામાં કોઇ એક અનુચરે પ્રવેશ કર્યો. અને રજપુતાનાધિપતિને સાષ્ટાંગ પ્રણામ કરી બોલ્યો:-મહારાજાધિરાજ! આપણા મંત્રીશ્વર આપની સેવામાં હાજર થવાની અપેક્ષા રાખે છે.

કર્ણસિંહ:—જાઓ, સત્વર પ્રવેશ કરાવો.

અનુચર મહારાજને પ્રણામ કરી ચાલ્યો ગયો અને કળાવતી પણ મંત્રીના આગમનની વાત શ્રવણ કરી ત્યાંથી ચાલી ગઇ.

અલ્પ સમયમાં પ્રધાનજી આવ્યા અને મહારાજને પ્રણામ કરી પોતાના આસને જઇ બેઠા.

કર્ણસિંહ:—મંત્રીશ્વર! તમે લડાઈની સઘળી વ્યવસ્થા કરી આવ્યા ને?

મંત્રી:—હા, મહારાજ! આપણા સૂચન પ્રમાણે સઘળી તૈયારી કરી છે.

કર્ણસિંહ:—જાઓ. ઉષા કાળ પહેલાં આવી મળજો.

ભૂપના આદેશથી મંત્રીએ મહારાજાને પ્રણામ કરીને ઓરડાનો ત્યાગ કર્યો.

મંત્રીના ગયા પછી કર્ણસિંહ એકલો પડયો ને પુનઃ વિચારમાં નિમગ્ન થયો. ભગવાન શિતરશ્મિએ શ્વેત ચાદર પાથરી શિતળતાનું સામ્રાજ્ય સ્થાપ્યું છે તેનું પણ તેને ભાન ન રહ્યું. આથી કળાવતીએ ઠમક ઠમક કરતાં તે ઓરડામાં પ્રવેશ કર્યો અને બોલી:—હૃદયેશ! ભોજનની સઘળી સામગ્રી તૈયાર છે, માટે ભોજનને વાસ્તે પધારશો?

કર્ણસિંહ:—હા. પ્રિયે! ચાલ.

બન્નેએ ભોજન માટે ગમન કર્યું.

ઉભય ચિંતાગ્રસ્ત દંપતિએ પુનઃ તેજ ઓરડામાં પ્રવેશ કર્યો અને ... જઈ બેઠાં.

પ્રેમી યુગલ શાંત બેઠેલા હતા. તે શાંતિનો કળાવતીએ ભંગ કર્યો અને બોલી:—પ્રાણનાથ! આવતી કાલે સવારે તમેં રણસંગ્રામમાં સિધાવવા ધારો છો તેના કરતાં તમે અત્રે રહી રાજ્ય પ્રતિ લક્ષ આપો. અને જો આજ્ઞા હોય તો આ દાસી જવા ખુશી છે. તમે નિશ્ચિંત રહેજો. હું અને

આપણા પ્રધાનજી દુશ્મનોના દળનો સંહાર કરી યવનો પર વિજય મેળવી આપની સમક્ષ હાજર થઇશું.

કર્ણસિંહઃ—સાબાસ ! પ્રિયા સાબાસ ! ત્હારી સર્વ વાત સત્ય છે. પરંતુ આ મહાન્ યુદ્ધમાં અબળાનું જોર કંઈ વિસાતમાં નથી.

કળાવતીઃ—પ્રાણનાથ ! વારૂ ત્યારે મ્હારી એક વાત કબુલ કરશો ?

કર્ણસિંહઃ—વાહ એ શું બોલી ? બોલ શું કહે છે ?

કળાવતીઃ—વચન આપો કે હું કબુલ કરીશ.

કર્ણસિંહઃ—લે. હું વચનથી બંધાઉં છું. પછી કંઇ છે ?

કળાવતીઃ—સાંભળો. જ્યારે તમો મને એકલીને નથી મોકલતા ત્યારે હું તમારી સાથે યુદ્ધમાં તો જરૂર આવીશ.

કર્ણસિંહઃ—વાહ પ્રિયે ! તેં તો ગજબ કીધી. હવે શું કરૂં. હું વચનથી બંધાયો છું એટલે લાચારીથી કબુલ કરૂં છું.

કળાવતીઃ—ચાલો. પ્રાણેશ ! રાત્રિ ઘણી વ્યતિત થઈ ગઈ છે માટે શૈયાધિન થઇએ.

× × × ×

ભગવાન્ શિતરશ્મિ અસ્તાચલ પ્રતિ ગમન કરવાની તૈયારીમાં હતે એવે સમયે કર્ણસિંહ, કળાવતી અને પ્રધાનજીએ પોતાની મહાન ફોજ સાથે લડાઇના મેદાનમાં પ્રવેશ કર્યો.

ઉભય પક્ષો વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યું. પ્રથમ યવનો ક્ષત્રિપુત્રોને મહાત કરી ધીમે ધીમે તેમના મુલકો કબજે કરવા લાગ્યા. આથી રજપુતોએ ઉશ્કેરાઇ જઇ કેસરીઆ કર્યાં અને યવનોને આગળ વધતા અટકાવ્યા.

મામલો રસાકસીએ ચડેલો જોઈ કોઈ એક યવન સરદાર કર્ણસિંહની સમીપ આવી તેનો સંહાર કરવા જાય છે. આ સઘળું કળાવતી નિહાળતી હતી. તેથી કળાવતી સ્વયં પ્રાણપતિના રક્ષણ માટે સત્વર તે સરદાર પ્રતિ ધસી અને જેવો તે સરદાર પતિનો પ્રાણ હરવા જાય છે કે તરત પોતાની તેજસ્વી તલવારથી તે સરદારની ડોક ધડથી જુદી કરી નાખી તેને યમ સદન પોંચતો કરી દીધો. આ પ્રમાણે કળાવતીએ પોતાના સ્વામિને મોતના પંજામાંથી મુક્ત કીધો પછી કર્ણસિંહ અને કળાવતીએ પોતાના સંયુક્ત

બળ વડે શત્રુઓના પુષ્કળ સૈન્યને જમીનદોસ્ત કર્યા. આથી યવનો ઘણો ગુસ્સામાં આવી લડવા લાગ્યા. બન્ને પક્ષો વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું. તેમાં કર્ણસિંહને દુશ્મનની તલવારનો એક સખ્ત ઘા લાગ્યો. પતિને ઘાયલ થયેલો નિરખી કળાવતી એક ખિજવાયલાં શાર્દુલની માફક ભયંકર ગર્જના કરતી યવનદળ પ્રતિ ડોળા ઘુરકાવતી દોડી અને અસંખ્ય મનુષ્યને યમ સદનના રસ્તે પોંચતા કરી દીધા. સતીના અત્યંત્ય શુરાતનથી યવનોએ નાસભાગ કરવા માંડી. અને દુશ્મનોપર દિગ્વિજય મેળવી કર્ણસિંહ અને કળાવતી બન્ને રાજ્યધાનીમાં આવ્યાં.

કર્ણસિંહને સખ્ત ઘા વાગ્યો હતો તેથી કળાવતીએ આહોશ વૈદ્યોને બોલાવ્યા. સર્વેએ જણાવ્યું કે દુશ્મનની ઝેરી તલવારનો ઘા થયો છે. જો કોઈ એ વિષ ચુસી જાય તો ઝેર તરત નરમ પડે તેમ છે.

કળાવતીએ આ અભિપ્રાય સાંભળ્યો. પરંતુ તે વિષ એવું હતું કે કોઇપણ ચુસનાર વક્તિ મરણને શરણ થાય. કર્ણસિંહ પોતાના જીવનને ટકાવી રાખવા માટે અન્ય કોઈપણ પ્રાણીનો પ્રાણ લેવા માટે નાખુશ હતા. તેથી કળાવતીએ પોતાના પ્રાણનો ત્યાગ કરવો ઉચિત ધાર્યો.

એક સમયે કર્ણસિંહ ભરનિદ્રામાં ગરક થઈ ગયો હતો: કળાવતી આ તકનો લાભ લેવા ચુકી નહિ. તેથી તેણે મંદ પગલે પતિ પાસે જઇ પતિના જખમમાંથી સર્વ વિષ ચુસી લીધું આ વિષાહારથી કળાવતી મરણના મુખમાં પેસી ગઇ. ધન્ય છે, ધન્ય છે, સતી કળાવતીને કે જેણે પોતાના પતિને સુખી કરવાને મરણની પણ પરવાહ ન કરી!

આ હ્રદયભેદક દ્રશ્યથી કર્ણસિંહ અતિશય શોકાતુર બન્યો અને પુનઃ લગ્ન ન કરતાં પતિવ્રતા કળાવતીના શોકમાંજ ત્યાર પછીનું બધું જીવન વ્યતિત કર્યું.

ચાલુ બનાવોની માહિતી.

[લેખકઃ–રા. કેશવપ્રસાદ દેસાઇ, બી. એ. એલ. એલ. બી.]

"ગુણસુંદરી" માસિકના ઑગસ્ટના અંકમાં શ્રીયુત સીતારામ શર્માએ "અખિલ ભારતીય મહિલા મહાસભા કેમ નહિ?"

મહિલા મહાસભા. એ મથાળા નીચે એક લેખ લખ્યો છે. તેમાં લગભગ

પોણો ભાગ તો "The international Congress of women"–"સ્ત્રીઓની આંતર રાષ્ટ્રીય મહાસભા" ના કામકાજનો હેવાલ આપ્યો છે. તે સબંધી કાંઈ કહેવાનો અત્રે આશય નથી: તેમજ તે લેખકે લખ્યું છે કે, "થોડીક બહેનો સ્ત્રીઓની અવનતિમાં કેવળ પુરૂષ વર્ગજ દોષિત હોય એવું માની રહેલ છે" એ સબંધી પણ ચર્ચામાં ઉતરવાનો હેતુ નથી. અમારૂં તો માનવું છે જ કે થોડા પુરૂષો સ્ત્રી વર્ગની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે, તે ઉપરથી એમ કાંઈ સાબિત નથી થતું કે સ્ત્રીઓની અવનતિમાં સમસ્ત પુરૂષ વર્ગ દોષિત નથી. વળી લેખક લખે છે કે સ્ત્રી વર્ગની ઉન્નતિ થવી જોઇયે તે સબંધમાં તો રૂઢીરક્ષકો તેમજ સુધારકો સહમત છે. માત્ર મતભેદ તેના માર્ગની દિશામાં છે. અમને લાગે છે કે રૂઢીરક્ષકોનો બચાવ જરા વધારે પડતો થાય છે. અમને ભય છે કે બન્ને પક્ષ "ઉન્નતિ" કોને કહેવી તેમાંજ એકમત નથી. એટલે માર્ગમાં મતભેદની વાત આવતી જ નથી. ગુજરાતી સ્ત્રીઓમાંથી રોવા કુટવાનો રિવાજ કાઢી નાંખવો તેમાં માર્ગનો પ્રશ્ન કયાં આવે છે? વળી રજપુત અને બારોટ આદિ સ્ત્રીઓમાં જે સખ્ત પડદાનો કે લાજનો રિવાજ છે, તે કાઢી નાંખવામાં કયા માર્ગ વિષે મતભેદ આવેછે, તે કળી શકવું મુશ્કેલ છે. એટલે અમને તો એમ લાગે છે કે "ઉન્નતિ" શેમાં રહેલી છે તે વિશેજ મતભેદ ઘણો છે. આવો જ દાખલો બાળલગ્નનો પણ આપી શકાય.

ગુજરાતમાં ઘણાએ કુરિવાજો હજી ચાલે છે. તે બધા નિકળી જવા જોઇયે એમ તો લગભગ બધા જ ઇચ્છેછે: કેટલાએક કુરિવાજો સબંધી તો વર્ષોથી ચળવળ ચાલે છે, અને છતાંયે તે હજી અસ્તિત્વમાં છે. શ્રી શર્મા મહિલા મહાસભા મેળવવાની સૂચના તેમના લેખમાં કરે છે તે વધાવી લેવા યોગ્ય છે. પણ અમારૂં માનવું એમ છે કે જીલ્લા કે ગામોમાં મહિલા પરિષદો થાય તે વધારે ઈચ્છવા લાયક છે. કારણ કે રૂઢીયો ઘણી ખરી પ્રાંતિક કે સ્થાનિક હોયં છે. અને તેમાં ફેરફાર કે સુધારા પ્રાંતિક કે સ્થાનિક મહિલા પરિષદોથી થવાનો સંભવ વિશેષ છે. ગુજરાતમાં પ્રાંતિક અને સ્થાનિક રાજકીય પરિષદો ભરાય છે. તે સાથે સમાજ સુધારા પરિષદ અને મહિલા પરિષદ ભરાય તે બહુજ ઈચ્છવા લાયક છે. અમદાવાદમાં રાષ્ટ્રીય સ્ત્રી–સભા છે તે આ સબંધી પગલાં ભરશે તો મોટી સેવા કરી શકશે. સ્ત્રીઓને લગતા મોટા પ્રશ્નો માટે મહિલા મહાસભા આખા દેશની સ્ત્રીઓની ભરાય તે ઠીક છે; પરંતુ વિશેષ લાભ તો સ્થાનિક મહિલા પરિષદોથી છે.

* * * *

રાજકીય સુધારા.

આપણને જે રાજકીય સુધારા મળેલા છે, તે સંતોષકારક નથી એવી ફરીયાદને પરિણામે, સરકાર તરફથી એક તપાસ-કમિટી નિમાઈ છે. તેના પ્રમુખ સર અલેકઝાન્ડર મુડીમેન છે. તેમાં ફક્ત એટલીજ તપાસ કરવાની છે કે હાલના કાયદામાં સુધારા કર્યાથી લોકો સંતોષાશે કે નહિ. અત્યાર સુધીમાં જુદા જુદા પ્રાંતોના-પ્રધાનોએ તેમાં જુબાની આપી છે. અને તેમનું એકંદર કહેવું એમજ છે કે પ્રાંતોમાં તો લોકોને તદ્દન જવાબદાર રાજ્યતંત્ર આપવું જોઇયે. આમ કરવું હોય તો પાર્લામેંટ તરફથી નવો જ કાયદો કરવાની જરૂર પડે.

*   *   *   *

સ્ત્રીઓ અને સુધારા.

આ કમિટી આગળ સ્ત્રીઓના રાજકીય હક્કનો પ્રશ્ન પણ આવે છે. સીમલામાં સ્ત્રીઓની એક સભા મળી હતી અને સ્ત્રી હક્ક સબંધી આ કમિટી આગળ જુબાની આપવાની ગોઠવણ કરી પણ છે. લાલા હરકીશનલાલે પોતાની જુબાનીમાં જણાવ્યું હતું કે પુરૂષ અને સ્ત્રીના રાજકીય હક્કોમાં કોઇ જાતનો તફાવત હોવો જોઇયે નહિ. આ પ્રકારના મતને ટેકો મળે તેવા ઉપાય સર્વત્ર લેવાવા જોઇયે.

*   *   *   *

સ્ત્રી-દાક્તરો.

મુંબાઈમાં ગ્રેજ્યુએટ સ્ત્રીઓનું એક મંડળ છે. તેની આગળ કર્નલ કાર્ટરે "સ્ત્રી-દાક્તરો" એ વિષય ઉપર એક ભાષણ આપ્યું હતું. તેમાં તેમણે જણાવ્યું હતું કે: સ્ત્રી-દાક્તરો આગળ મોટું કર્તવ્ય ક્ષેત્ર પડેલું છે. મ્યુનિસિપાલીટીના તંદુરસ્તી ખાતામાં સ્ત્રી દાક્તરો હોય તો ભેળસેળવાળું દૂધ શહેરમાં વેચાતું અટકી જાય. મારું સ્વપ્નું એવું છે કે વૈદક કૉલેજને અંગે સ્ત્રીઓનું એક દવાખાનું હોય અને તેમાં બધા જ રોગો માટે સ્ત્રી દાક્તરો કાર્ય કરતી હોય. આ દવાખાનામાં સ્ત્રીઓ અને બાળકોની મફત સારવાર થાય. જ્યારે હું બુદ્ધિશાળી સ્ત્રી દાક્તરોને લગ્ન કરીને પોતાનો ધંધો છોડી દેતી જોઉં છું, ત્યારે મારું હૃદય દુઃખાય છે.

*   *   *   *

પતિત સ્ત્રીઓ.

ઉપરના જ મંડળ આગળ એક બીજું ઉપયોગી ભાષણ મીસીસ સ્ટેનલી નામે બાઇયે કર્યું હતું. તે ભાષણનો વિષય "પતિત સ્ત્રીઓનો ઉદ્ધાર" એમ હતો. મીસીસ સ્ટેનલી સત્તર વર્ષ હિંદમાં રહેલાં છે, અને સમાજ સેવાનાં કાર્યો માટે જાણીતાં છે. કલકત્તાની પતિત સ્ત્રીઓના ઉદ્ધાર માટે

તેમણે એક યોજના ઘડી છે. પોતાના ભાષણમાં તેમણે જણાવ્યું કે પતિત સ્ત્રીઓ સબંધી બે કાર્યો કરવાનાં છે. એક તો સ્ત્રીઓને એટલી અધમતાએ જતી જ અટકાવવાનું. અને બીજું, જે સ્ત્રીઓ ત્યાં સપડાઇ હોય, તેમને બચાવીને સુધારવાનું. પાર્ટસમાઉથમાં અને લંડનમાં સ્ત્રીઓની મંડળીએ પોલીસ સાથે સહકાર સાધી બહુ સ્ત્રીઓને બચાવી હતી. તેમને બચાવ્યા પછી સુધારવા માટે ખાસ "ગૃહ" સ્થાપવાં જોઇયે. તેમાં તેમની વૃત્તિઓ કેળવીને કાંઇક ધંધો શીખવવો જોઇયે. આ કાર્ય માટે સ્ત્રીસેવિકાઓ જ બહુ ઉત્તમ નિવડે છે.

* * * *

શિક્ષણ પરિષદ. રાષ્ટ્રીય શિક્ષણ પરિષદ અમદાવાદમાં મહાત્મા ગાંધીજીના પ્રમુખપદ નીચે મળી હતી. તે ઉપરથી સ્પષ્ટ થયું છે કે રાષ્ટ્રીય શિક્ષણ તે રાજકીય પ્રવૃત્તિનું એક અંગ માત્ર છે, અને રહેવાનું. સ્થિતિ આવી છે એટલે શિક્ષણશાસ્ત્રની કસોટીયે આ શિક્ષણ તપાસી શકાય નહિ, અથવા તપાસતાં તે અપૂર્ણ નિવડે તો નવાઈ નહિ.

* * * *

રાષ્ટ્રીયશિક્ષણ અને સ્ત્રીકેલવણી. આ પરિષદમાં ભાષણ કરતાં મહાત્મા ગાંધીજીયે જણાવ્યું હતું કે સ્ત્રીકેલવણીનો પ્રશ્ન ગહન છે અને તે આ પરિષદમાં ઉતાવળે ચર્ચવા નથી જોઇતો. આ ઉપરથી કેટલાએક સ્ત્રી શિક્ષણના હિમાયતીઓને ઓછું આવ્યું હતું. પરંતુ જે શિક્ષણ પ્રથા કેવળ રાજકીય ચળવળનું એક અંગજ છે તે પ્રથામાં આપણી સ્ત્રી કેલવણીને નાજ ભેળવવી જોઇયે. સ્ત્રીકેલવણીને હમેશાં અન્યાય થયેલોજ છે. અને રાજકીય ચળવળ સાથે ભેળવાશે તો નુકશાન જ થશે. તે માટે અલગ પ્રયત્નો જ થવા જોઇયે. ગુજરાતી સ્ત્રીકેલવણી મંડળ તે માટે અસ્તિત્વમાં છે જ. તેને સમૃદ્ધ કરી તેની મારફત આ કામ લેવું જોઇયે.

* * * *

બંગાળી સ્ત્રીઓનું અપમાન. બંગાળામાં હમણાં હમણાં એવા ગુન્હા થાય છે કે ગામડાંમાંથી સ્ત્રીઓને ઉપાડી જવામાં આવે છે અને તેમની આબરૂ લુટવામાં આવે છે. કોઇવાર કોઇ સગાને નામે જુઠો સંદેશો લઇને કોઇ આવે, અને તે સગાને મળવા જવાને બહાને કોઇ જુવાન બાઇને ક્યાંથની ક્યાંય લઇ

જાય. આવા ગુન્હા પોલીસ અટકાવી શકી નથી.' અને તેથી સાં આગળ પોલીસની સામે બહુજ સખ્ત લાગણી થઇ છે. પોતાના ઉપર વિતેલી વાત સબંધી ઘણીયે સ્ત્રીઓએ સોગંદનામાં પણ રજુ કરી ફરીયાદો નોંધાવી છે. પોલીસ ગુનેગારને પકડી શકતા નથી એટલે તેમણે એક નવી વાત રજુ કરી. એમણે કહ્યું કે અસહકારી અને સ્વરાજ્યવાદીઓની શીખવણીથી પોલીસ ખાતાને અને સરકારને ઉતારી પાડવાના હેતુથી, આ સ્ત્રીઓએ જુઠી ફરીયાદો નોંધાવી છે. પોલીસની આ વાત ખરી માનીને બંગાળાના ગવર્નર સાહેબે પોતાના એક ભાષણમાં આવી જાતની ફરીયાદોને તિરસ્કારી છે. લોકોને દાદ આપવાની વાત તો વેગળી રહી, પણ આ તો આ સ્ત્રીઓ ઉપર જ તહોમત મૂકાયું. કોઇ પણ સ્ત્રી પોતાની આબરૂ લુંટાયાની ફરીયાદ કરતાં અચકાય છે. પરંતુ આવા ગુન્હા વધી જવાથી, લોકસેવા અર્થે જ કેટલીએક બાઇઓએ આ શરમાવનારી ફરીયાદ નોંધાવી, તેનો શરપાવ ગવર્નર સાહેબે બહુ સુંદર આપ્યો! આ રીતે તેમણે બંગાળાની સ્ત્રીઓનું હડહડતું અપમાન કર્યું છે. અને તે માટે સાંની ઘણી સ્ત્રીઓએ સખ્ત લખાણ કર્યાં છે, બીજા ઇલાકાઓએ પણ આ સબંધી પોતાનો તિરસ્કાર દર્શાવવો ઘટે છે. અમે આશા રાખીયે છીયે કે ગવર્નર સાહેબ ખુલી માફી માંગી પોતાની ગૃહસ્થાઇ દર્શાવશે.

આ નોંધ લખાયા પછી બંગાળના ગવર્નર સાહેબે કવિવર ટાગોરને એક પત્રના જવાબ રૂપે ખુલાસો પ્રસિદ્ધ કર્યો છે. તેમાં જણાવ્યું છે કે તેમણે બધી બંગાળી સ્ત્રીઓ માટે નહિ પણ હલકી–અનીતિમાન સ્ત્રીઓને ઉદ્દેશીને તે કહેલું હતું. આ ખુલાસો માત્ર થીગડું દેવા પુરતો જ લાગે છે.

* * *

મહાત્મા ગાંધીજી. જેલનિવાસ અને લાંબી ભયંકર માંદગી ભોગવ્યા પછી મ૰ ગાંધીજીએ ફરી જાહેરમાં કામકાજની શરૂઆત કરી છે. અમદાવાદની તથા મુંબઇની મ્યુનિસિપાલિટીઓએ તેમને જાહેર માનપત્રો આપ્યાં છે. તેના જવાબમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીના કાઉન્સીલરોએ કેવાં કેવાં કામો હાથ ધરવાની જરૂર છે, તે વિશેની પોતાની કલ્પનાઓ તેમણે જણાવી હતી. એ દૃષ્ટિબિન્દુ લક્ષમાં રાખીને મ્યુનિસિપાલીટીના મેંબરો તનમનથી કાર્યો ઉપાડી લે તો શહેરની ખુબાકારીમાં જરૂર ઘણો જ ફાયદો કરવા ભાગ્યશાળી થાય.

પાઠ્ય પુસ્તકોની કીમત.

ઓગસ્ટ માસમાં રાષ્ટ્રીય શિક્ષણ પરિષદ અમદાવાદમાં મહાત્મા ગાંધીજીના પ્રમુખપણા નીચે મળી હતી. પ્રમુખપદેથી આપેલા ભાષણમાં મહાત્મા ગાંધીજીએ પાઠ્ય પુસ્તકોની વધારે પડતી કીમત ઉપર સચોટપણે નાપસંદગી દર્શાવી હતી. અને એ પરિષદમાં એક ઠરાવ થયો છે કે, "પાઠ્ય પુસ્તકોની સંખ્યા કરતાં તેના ગુણ તરફ વિદ્યાપીઠે તથા બીજી સંસ્થાઓએ વધારે ધ્યાન દેવું ઘટે છે, અને તેની જ સાથે આ દેશની ગરીબાઇનો પણ ખ્યાલ રાખવાની આવશ્યકતા છે."

ગૂજરાત વિદ્યાપીઠની નિયામક સભાએ આ ઠરાવની નોંધ લેઈ તેની નકલ સર્વે પુસ્તકપ્રકાશકોને મોકલવાની સૂચના કરી છે. તે અન્વયે એ ઠરાવની નકલ મોકલતાં વિદ્યાપીઠના માનદ મહામાત્ર શ્રી કી૦ ઘ૦ મશરૂવાળાએ નિખાલસ ભાવે ટીકા કરી છે કેઃ—"કેટલાક પ્રકાશકોએ એમનાં પુસ્તકો ગૂજરાત વિદ્યાપીઠે પાઠ્યપુસ્તકો તરીકે મંજુર કર્યાથી એની કીમત વધારી મૂકી છે. પુસ્તકોનાં સૌન્દર્ય કે કદને લીધે થતી મોંઘાઈ ચાલતી હોય તો સમજી શકાય એવી છે; પણ લેનારની ગરજ તપાસી કિંમત વધારવી એ તો નિંદ્ય વાણિજ્ય વૃત્તિ જ કહેવાય." મહામાત્રશ્રીની આ ટીકા સાથે અમે સંપૂર્ણ સમત્ત છીએ. એટલું જ નહિ, પણ જે પુસ્તક પાઠ્યપુસ્તક તરીકે મંજુર થાય તેની કીમત કાંઇક ઓછી થવી જોઇએ, આ દ્રષ્ટિબિન્દુથી અમે પ્રસિદ્ધ કરેલાં "કથામંજરી ભાગ ૧ લો" તથા "ગુર્જર સાક્ષર જયંતીઓ" એ બે પુસ્તકો પાઠ્ય પુસ્તક તરીકે મંજુર થવાથી દરેકની કિંમતમાં આઠ આઠ આના કમી કર્યા હતા. અમારા મંજુર થયેલા કોઈ પણ પુસ્તકની કિંમતમાં વધારો થયો નથી જ.

પાઠ્ય પુસ્તકોની કિંમત ઓછી જ રહેવી જોઇએ, એ વિશે અમે પ્રસંગોપાત સૂચન કરતા રહ્યા છીએ. "ચાલણ ગાડી" તેમજ "ગાંધી શિક્ષણ" માળાના ભાગોની નોંધ આ પત્રમાં લેતાં પણ અમે આ વિશે ખાસ ઉલ્લેખ કર્યો હતો. પરન્તુ કિંમત વિશેની અમારી ટીકા કેટલાક ભાઇઓને વિરોધી વૃત્તિ જેવી લાગી હતી, અને એક પ્રકાશક ભાઇએ તો તે સંબંધમાં પત્રવ્યવહાર પણ કર્યો હતો. આશા છે કે જે સત્ય તે સમયે નહોતું મનાતું તે મહાત્માજીના સૂચન અને પરિષદના આ ઠરાવ પછી સમજાયું હશે કે સમજાશે. વાણીજ્ય વૃત્તિથી કાર્ય કરનારાઓએ આ દૃષ્ટિબિન્દુ લક્ષમાં રાખવું

આવશ્યક છે. પરન્તુ માત્ર સેવાભાવથી કાર્ય કરનારાઓનો તો તે ધર્મ છે, એ તેમણે સ્વીકારવું જ જોઇએ. અને જ્યારે તેઓ પોતાનો "ધર્મ" ચૂકે ત્યારે તેમને માટે શું કહેવું?

છેલ્લાં ત્રણ ચાર વરસો થયાં "રાષ્ટ્રીય" ને નામે પુસ્તકો અને ચોપાનીયાંનો જે ધોધ વહેવા લાગ્યો છે તેમાં ગરીબ ભાવિક પ્રજા તણાતી —લુટાતી—હતી, તેને મહાત્માજીએ આ ઠરાવદ્વારા બચાવી લીધી છે, અને રાષ્ટ્રીય પ્રકાશકોને સાચી સલાહ આપી છે તેથી દેશને અસંત લાભ થશે જ. પુસ્તકોની સાથે ચોપાનીયાંનો ધોધ પણ અટકીને નિર્મલ ઝરા રૂપે તેનું વહેણ રહેશે તો સાધન, સંપત્તિ અને શક્તિનો અણમૂલ બચાવ થશે હમણાં તો એ ત્રણેનો દુર્વ્યય થતો અમને લાગે છે.

જીવનલાલ અ૦ મહેતા.

પુસ્તક પરિચય.

"**મનોરંજન**"—આ મરાઠી માસિકપત્ર ત્રીસ વર્ષ થયાં મુંબઈમાં પ્રસિદ્ધ થાય છે. તેના મૂળ તંત્રી સદ્‌ગત ભાઈ કે૦ આર૦ મિત્ર હતા, અને તેમના અવસાન પછી તેમના ભાઇ તે ચલાવે છે. આ માસિકપત્રે મરાઠી વાચક વર્ગમાં બહુ સારી પ્રતિષ્ઠા મેળવી છે, અને સાથે સાથે લગભગ ૧૦૦ મરાઠી પુસ્તકો પણ પ્રસિદ્ધ કર્યાં છે. ઘરનું પ્રેસ તેમજ બ્લોક્સ બનાવવા માટે સ્ટુડીયો પણ કર્યો છે. આ બધું સદ્‌ગત ભાઈ મિત્રના અથાગ પરિશ્રમ તેમજ આવડતને આભારી છે. આ વર્ષે પ્રો૦ ધર્માનંદ કૌસંબીએ તૈયાર કરેલું "निवेदन" નામે પુસ્તક ભેટ આપ્યું છે. દરમાસે કેટલાંક નવાં ચિત્રો સાથે લગભગ ૧૦૦ પૃષ્ઠના માસિક પત્રનું લવાજમ રૂ. ૪-૮-૦ છે તે વધારે નથી. મરાઠી ભાષા જાણનાર માટે પસંદ કરવા યોગ્ય આ માસિકપત્ર છે.

"**બાલમિત્ર**"—આણંદની ચરોત્તર એજ્યુકેશન સોસાઈટીના ખાસ કરીને બાળકો માટેના આ માસિકપત્રે ત્રણ વર્ષ પુરાં કર્યાં છે. ચોથા વર્ષનો પહેલો-શ્રાવણનો અંક અમને મળ્યો છે. વાણિજ્ય વૃત્તિથી નહિ પણ બાળકોની સેવાવૃત્તિથી આ માસિકપત્ર વડોદરા સેંટ્રલ લાઈબ્રેરીના ક્યુરેટર ભાઈશ્રી મોતીભાઈ ન૦ અમીને શરૂ કર્યું હતું; અને પહેલાં તે પાછળ ત્રુક-

સાન પણ વેડયું હતું. હવે આ પત્રે સારી પ્રશંસા મેળવી છે, થોડું થોડું વાંચી શકે તેવાં ગુજરાતી બાળકો માટે આ પત્ર જરૂર પસંદ કરવા અમારી ભલામણ છે. વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦ છે.

"શારદા"—ભાઈ ગોકળદાસ દ્વારકાદાસ રાયચુરાએ પોતાનો સાહિત્યશોખ પુરો પાડવાના ઉમદા ઉદ્દેશથી આ માસિક પત્ર ગયા એપ્રીલ માસથી શરૂ કર્યું છે. પહેલો અંક ભાવનગરની સાહિત્યપરિષદ વખતે જ પ્રસિદ્ધ કર્યો હતો. ઓગસ્ટ સુધીના પાંચ અંકો બહાર પડયા છે. તેમાંનાં સાદાં તેમજ રંગીત ચિત્રોની સાથે લેખો–કાવ્યો કાઠીયાવાડનું પ્રાચીન સાહિત્ય–વગેરેની વિવિધતા આકર્ષે છે. ચિત્રો તથા છપામણી પાછળ થતા ખર્ચના પ્રમાણમાં પુરતા ગ્રાહકો થવા વિશે અમને શંકા રહે છે. કારણ કે હાલમાં ચોપાનીયાંનો સુકાળ થઈ પડયો છે, અને જેટલાં સારાં નીકળે તેટલાં બધાં ખરીદનારા બહુ થોડા છે. સાહિત્યપોષક વિદ્વાન્ વર્ગનો મોટો ભાગ તો પુસ્તકો અને પત્રોની ભેટના હકદાર મનાય: એટલે તેઓ લવાજમ ભરીને ગ્રાહક ભાગ્યેજ થાય. આવી સ્થિતિમાં શોખ પુરો પાડવા માટે સંપત્તિનો ભોગ આપવા શક્તિવાન હોય તોજ સાંગોપાંગ નભાવી શકાય, એવું અમને લાગે છે. ભાઈ રાયચુરાની ઉમેદ ફતેહમંદ નીવડશે તો ગુજરાતી સાહિત્યમાં સારો ઉમેરો થશે જ. વાર્ષિક લવાજમ રૂ. ૬-૮-૦ છે.

"મહિલા મહત્વ"—કલકત્તાથી શ્રીમતી રમાદેવી તથા પાર્વતી દેવી એ બે સન્નારીઓ આ હિંદી માસિકપત્રની સંપાદિકા છે. ચૈત્ર મહીનાથી માસિક શરૂ થયું છે. લવાજમ રૂ૦ ૨-૮-૦ છે. સ્ત્રીઓની મહત્તા વધારનારા આ હિંદી પત્રની પ્રગતિ થાય એમ ઇચ્છીશું

મંત્રી.

મહારાણી મેરીનો સંદેશો.

વેમ્બલી ખાતે ભરાએલા પ્રદર્શન વખતે મળેલી સ્ત્રીઓની ખાસ સભામાં હિંદની સ્ત્રીઓને ઉદ્દેશીને મહારાણી મેરીએ નીચે પ્રમાણે સંદેશો મોકલ્યો હતો:—

"હિંદની મારી બે મુલાકાતોથી મને હિંદની સ્ત્રીઓનાં સ્વમાન, હેતાળ સ્વભાવ, અને સાદાઈના ગુણોની યાદ રહી ગઈ છે. હું તેમને વારંવાર યાદ કરૂંછું અને તેમના હિત માટેના વિચારો હમેશાં મારા મનમાં આવ્યા કરે છે. ગૃહરૂપી તેમના ઉમદા પ્રદેશ વિષે હું બે વખત તેમને સંદેશા મોકલી ચૂકી છું. બધી વસ્તુઓમાં ગૃહ સૌથી પહેલું સ્થાન લે છે. ગૃહથીજ પ્રજા બને છે અને સામ્રાજ્યરચના થાય છે. દૃઢ અને ડાહ્યા વિચારોવાળા અને ઉત્તમ આદર્શોવાળાં તંદુરસ્ત અને બળવાન બાળકોની હિંદુસ્તાનને હાલની સ્થિતિમાં ખાસ જરૂર છે. હિંદુસ્તાન સિવાય દુનીઆના બીજા કોઈ પણ દેશમાં ગૃહ આટલું બધું પવિત્ર અને દેશની ઉન્નતિને લાભકારક નથી: કારણકે ગૃહ પ્રત્યે પ્રેમ અને કુટુંબ પ્રત્યે ભક્તિભાવ એજ મનુષ્યજીવનને દોરનારાં છે, અને હિંદની સ્ત્રીઓની ગૃહસત્તા દુનીઆના બીજા કોઈ પણ દેશની સ્ત્રીઓની ગૃહસત્તા કરતાં વધારે પ્રબળ છે.

"આ પ્રબળ સત્તા ભલે પડદા પાછળ રહેલી હોવાથી દેખાય નહિ, પણ તે છે જ, અને એથીજ આપણી બેનોને સામાજિક સેવા માટે હિંદુસ્તાનમાં એક યશમય ક્ષેત્ર પડેલું છે. પુરાણા રીતરિવાજો પ્રબળ અને સજડ થઈ ગયા છે તેથી આ કામ મુશ્કેલ છે. એ કામ કરવામાં ધીરજ રાખવાની અને સંસારની અનેક પ્રકારની ઝીણી ઝીણી જંજાળો પ્રેમપૂર્વક ધ્યાનમાં રાખવાની જરૂર છે. એ કામનાં પરિણામો આવતાં કદાચ વાર લાગશે તોપણ તે આવશે તો ખરાંજ; અંતે આપણે યાદ રાખવું જોઇએ કે પુરુષ કરતાં સ્ત્રીનાં આવાં કામથીજ હિંદના લોકો દુનીઆની પ્રજાઓની પંક્તિમાં માનપૂર્વક બેસવાનો સરખો હક મેળવી શકશે. તમે બધાં આ ઉમદા સામાજિક ઉન્નતિના કામમાં સેવા કરી શકો એમ છો, અને એ કામમાં દ્રવ્યદાન કરતાં જાતસેવા વધારે ફળદાયી અને કિંમતી છે. આ કાર્યની શરૂઆત ઘરથીજ કરો: પોતાનાજ દાખલાથી અને નમ્રતાપૂર્વક કરેલા ઉપદેશથી સઘળું કામ પાર પડશે અને જય મળશે."

સહકાર.

(હરિગીત)

મધુમાસના આરંભમાં, શુભ પલ્લવોથી શોભતો;
નવ મંજરી સ્થિત મધુ થકી, મધુકર તણાં મન હારતો.
સુરભી પ્રસારી પરિધમાં, શુક સારિકા આકર્ષતો;
બહુ વિહગ વૃન્દે રાજતો, સહકાર મન આલ્હાદતો.
મધુપાન કરતાં ભ્રમર જ્યાં, શાખાન્તરાલે ગુંજતા,
મનહર અતિ હુહુકાર કરી; જ્યાં નીલકંઠો નાચતા.
વળી ગાન ગાઇ વન શુકો અહિંતહીં ઉડતાં જ્યાં ફરે;
ઈશ્વર કૃતિનું ભાન દઈ, પ્રેક્ષક તણાં મન જ્યાં હરે.
ઋતુ ગ્રીષ્મના આગ્હાહને, બહુ આમ્ર ફલતાં ઝુલતાં
તે ફલ તણા અતિ મિષ્ટ, સ્વાદે જન સહુ રંજીત થતાં.
રસ પાનથી ઉન્મત્ત થઈ, કોકિલ કુઉ કરતી ફરે;
સુખ કર મધુરા નાદથી, વિરહી તણાં મનને દમે.

.મણિલાલ.

સહકાર—મઞ્જરી.

(હરિગીત)

સ્નિગ્ધ ઝુકતી મઞ્જરી, મ્હેંકથી મધુ મ્હોરતી,
ફોરતી સુકુમાર ઉરમાં, દિવ્ય ભાન દઈ રહી:
અજવાળતી જીવન રસે. પરિમલ પ્રસારી પ્રૅણયનો,
સરજી સકળ સંસારની. પ્રભુ પ્રકૃતિની આકૃતિ;

* * *

પુઞ્જે રમે કુઞ્જે સુધા, સુર સારતી અભિસારિકા,
લવતી લીલાથી કોકીલા, કુઉ નિનાદે સુખકરા;
વનદેવીની લીલા વહે, તરૂકુઞ્જમાં ગાણું હીલે;
મધુ મઞ્જરી પરિસંગથી, ભમરા મધુરસ કાંઈ લ્હે.
લહરી વસંત નિકુઞ્જમાં, મલકાતી મંજરી મ્હેકતી;
સર્વના આત્મા પરે, કંઈ દીવ્ય ધૂન મચાવતી.

(અનુષ્ટુપ)

સ્નિગ્ધ મંજરીના પ્રેમે, શાન્તતા સુ—સુહાય છે;
દિવ્યતાની લીલા દેખી, પ્રભુમાંહી પમાય છે.

મણિલાલ સી. ત્રિ

બ્હેનોને ખાસ વધામણી.

માણસાવાળાં ગંગાબાઇ સ્ત્રીઓના દરદના ખાસ ચિકીત્સકની બત્રીસ વર્ષની જૂની અનુભવસિદ્ધ દવા.

સંતાન પ્રાપ્તિની ગર્ભજીવન અપૂર્વ ઓષધી.

ગર્ભજીવનના સેવનથી ઘણે ઘેર ઘોડીયાં બંધાયાં છે.

ગર્ભજીવનના સેવનથી સેંકડો બ્હેનો ગર્ભાશયના રોગથી મુક્ત થઈ છે.

ગર્ભજીવન—આ દવાથી બંધ થયેલો રૂતુ શરૂ થાય છે, અનિયમીત હોય તો નિયમીત થાય છે, પુખ્ત ઉમર થયા છતાં રૂતુ ન આવતું હોય તો આવે છે, રૂતુ વખતે થતી પીડા મટે છે. જોઈએ તે કરતાં વિશેષ રૂતુ સે હોવા, ધોળુ તથા લાલ પ્રદરનુ વહેતુ બંધ થાય છે. કમળ સ્થાનથી ખસેલુ ઠેકાણે આવ છે. પેશાબે બળતરા, કમરનુ ફાટવું, બેચેની, ઝાડાની કબજીયાત, ઝીણો તાવ, સોજા, હીસ્ટીરીઆ વિ. નાબુદ થઈ ગર્ભધારણ થાય છે. કિં. રૂ. ત્રણ ૩–૦–૦

ગર્ભ રક્ષક—આ દવાથી રતવા મટે છે. છોડ પાલવી ગર્ભ સજીવન થાય છે. કસુવાવડ, પ્રસુતજ્વર વિ. ગર્ભવતીને થતા તમામ રોગ મટી પુરા માસે તંદુરસ્ત બાળક જન્મે છે. કિં. રૂા. ૪ ચાર.

દવા મંગાવનારે—દરદની તથા શરીરની પુરી હકીકત લખવી. રૂતુ કેટલા દિવસે આવે છે, કેટલો વખત રહે છે, છુટથી આવે છે, પીડા થાય છે, દરદનો રોગ છે. છેલ્લું બાળક ક્યારે જન્મેલું, મરી ગયું હોય તો શું બીમારીથી, શરીરે મેદ છે, ઝાડની કબજીયાત છે, શરીરમાં ઝીણો તાવ રહે વિ. ખુલાસા જણાવવા ભલામણ છે. દર્દની હકીકત સાથે લખો રૂબરૂ કેસ પાસીને પણ દવા આપવામાં આવે છે.

પુષ્કળ મળેલા અભિપ્રાયોમાંથા થોડા વાંચો.

મુંબઈ, ૨૬–૧–૨૪.

જણાવતાં આનંદ થાય છે કે આપની દવાના પ્રતાપથી થોડા દિવસમ તુરતજ મારે ત્યાં ગર્ભ રહ્યો હતો, જે છોકરી અત્યારે વરસ દોઢની) છે.

ઠાકોર ગગલજી ટોકર

કરાંચી, તા. ૨૧–૧–૨૪

જણાવવાને ખુશી છું કે, મારે ત્યાં પુત્રીનો જન્મ થયો છે. હાલમાં ખુદાની મહેરથી અને તમારી દુવાથી ૪ મહીનાની થઈ છે. તેની ખુશાલીમાં તમોને એક સોનાની વીંટી ભેટ મોકલી છે.

બ્હેન દીનબાઇ કાવસજી મીનવાલા

કલકત્તા, ૨૭–૬ આરમીઅસ સ્ટ્રીટ,

તા. ૧૪–૧૨–૨૩.

અમારે ઘેર પુત્ર જન્મ્યો છે. છબી પડાવીને મોકલીશું.

કાળીદાસ ત્રીકમજી.

વડોદરા, સોનીપોળ, તા. ૧–૨–૨૪

મારી સ્ત્રીને દવા આપેલી તેમાં મારો કેસ આપની કૃપાથી ફત્તેહમંદ નિવડયો છે. જેની આશા નહિ રાખેલી તેની આશા પારપૂણ થઇ છે.

પંડયા અંબાલાલ ભગવાનજી.

ગંગાબાઇ પ્રાણજી
ગર્ભજીવન ઔષધાલય,
મુ. માણસા. (ડી. મહીકાંઠા.

"સૌભાગ્ય"ના બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] સપ્ટેમ્બર, ૧૯૨૪. [અંક ૯ મો.

પરોપકારી પ્રમીલા.

કેશવજી શેઠને સંતાનમાં માત્ર એક પ્રમીલાજ હતી. પ્રમીલા જ્યારે બે વર્ષની હતી ત્યારે તેની માતાને મુંબઈનું પાણી લાગ્યું અને ડોકટરોની સલાહથી ડુમસ હવાફેર સારૂ લઈ ગયા. ત્યાં ગયા બાદ રોગ દિવસે દિવસે વધતો ગયો અને છેવટે પ્રમીલા નમાઈ થઈ. પ્રમીલાની માતાના મૃત્યુ બાદ પ્રમીલાને ઉછેરવાનો તથા ઘરનો બધો બોજો કેશવજી શેઠને શીર આવી પડયો. સગાંવ્હાલાંઓએ કેશવજી શેઠને ફરી પરણવા બહુ સમજાવ્યા, પરંતુ કેશવજી શેઠ પોતાની વૃદ્ધાવસ્થા તરફ નજર કરી પોતાના નિશ્ચયમાં ડગ્યા નહિ, અને કહેવા આવનારાઓને ધુતકારી કાઢયા.

* * * *

ઉપલા બનાવને આજે દશ વર્ષ થઈ ગયાં છે. આજે પ્રમીલાની વર્ષગાંઠ હતી અને તે ઉપરાંત પ્રમીલાએ ત્રીજી ચોપડીમાં પહેલે નંબરે પાસ થઈ પાંચ રૂપીયાનું ઇનામ મેળવ્યું હતું. એટલે પ્રમીલાનો તેમજ ઘરના બધા માણસોના આનંદનો પાર નહોતો; અને બંગલાને ફુલોના હાર તથા તોરણોથી શણગારવામાં આવ્યો હતો તેથી બંગલો મોગરા તથા ગુલાબથી મ્હેકી

રહ્યો હતો. પ્રમીલા તેની સખીઓ સંગાતે રમત ગમત કરતી હતી ત્યાં તેની બાજુનો માળી ગભરાતો ગભરાતો આવી પહોંચ્યો અને આંખમાં આંસુ સાથે નાગરદાસની પુત્રી વસુમતી બેભાન થઇ ગયાનું જણાવ્યું. કેશવજી શેઠને તથા નાગરદાસને ઘણાં વર્ષોથી અણબનાવ હતો અને પોતે ત્યાં જાય તો પિતાજી ગુસ્સે થાય તેવી બીકથી પહેલાં તો તે જરા ખંચાઈ. પરંતુ જેનું હૃદય હંમેશાં દુ:ખી તેમજ ગરિબોનું દુ:ખ જોઇ ચીરાઈ જાય તેવી સરળ હૃદયી પ્રમીલા એક ક્ષણ પણ ગુમાવે તે કેમ બને ? પરોપકારના કાર્યમાં પિતાના ગુસ્સાની પરવા ન કરતાં તે તુરતજ ત્યાં તેની સખીઓ સાથે જઇ પહોંચી, અને બેભાન થયેલી વસુમતીનું માથું પોતાના નાજુક હાથોથી સંભાળપૂર્વક ખોળામાં મુકી તેની આંખો પર ગુલાબજળ છાંટવા મંડી પડી. પ્રમીલાએ અથાગ શ્રમ વેઠી જે સારવાર કરી તેનો બદલો એ મહાન પરમ કૃપાળુ પરમાત્માએ આપ્યો અને વસુમતી જાગૃત થઇ. વસુમતીનાં માતા તથા પિતા કે જેઓ એમના દૂરના એક સગાને જોવા ગયાં હતાં તેઓ પણ આવી પહોંચ્યાં. તેમણે બધી હકીકત સાંભળી અને પ્રમીલાએ અપકારનો બદલો ઉપકારથી વાળી આપ્યો તે જોઇ ઘણાં શરમીંદાં થયાં. પછી કેશવજી શેઠને બોલાવી પ્રમીલાનાં ઘણાં વખાણ કર્યાં અને વધારામાં કહ્યું કે 'પ્રમીલા મ્હોટપણે દેશોન્નતિનું કામ કરવામાં એક પરોપકારી બાઇ તરીકે નામના મેળવશે અને તેનું જીવન સમસ્ત જગતને દ્રષ્ટાંતરૂપ થઇ પડશે. એટલું કહી પોતે કેશવજી શેઠને જમીનોની તકરારમાં ખોટી રીતે કનડગત કરી હતી તે બદલ માફી માંગી. કેશવજી શેઠે પોતાનું ઉદાર મન બતાવી નાગરદાસ શેઠને ગઈ ગુજરી ભુલી જવા કહ્યું, અને આજની ખુશાલીથી શેઠને સહકુટુંબ જમવાનું નોતરૂં આપ્યું અને તે દિવસ સઘળાઓએ ખુશાલીથી ઉજવ્યો.

ચીમનલાલ માધવલાલ ઠાકોર.

સિંહાસન બત્રિસીની વાર્તાઓ.

(બાળકો માટે લખનારઃ-રા. કેશવપ્રસાદ છો. દેસાઇ.)

વાર્તા ૧૫ મી—ભાભારામની વાર્તા.

એકવાર વિક્રમરાજા, પોતાની રૈયત સુખી છે કે દુઃખી તે જોવા નિકળ્યા. પહેલા બ્રાહ્મણનાં ઘર જોયાં. સવારના પહોરમાં ન્હાઇ ધોઇ તેઓ વેદપાઠ કરતા હતા. પછી સરસ ભોજન કરી પોતાના અંબર ધોતા હતા. તેઓ સર્વ વાતે સુખી હતા. ત્યાર પછી વડેવારીયા વાણીયાના વાસ જોયા. તેઓ ખાસા વેપાર કરતા હતા. તેમના મોટામોટા પેટ હતા અને ચોપડા લખતા હતા. તેઓ ધીરજથી, મીઠા બોલ બોલી ઘરાકનું મન ખુશ કરતા હતા.

વણજે ઘણેરો વાણીયો, વિદ્યામાં વિશેશ;
વસે તહિ જ્યાં વાણીયો, જાણો ઉજડ દેશ.

ત્યાર પછી સોનીનાં ઘર જોયાં.

સોની નિરખ્યા શહેરના, ઘડે ઘરેણાં ઘાટ;
તસ્કર તે સમ કો નથી, મન માન્યું લે માટ.
ગણે પાપ તે નવ કદી, સ્નેહ કરી કો સાથ;
સોનાનું સુતું કરે, હેતે આપે હાથ.

આ રીતે સોની લોકો પૈસાવાળા અને સુખી હતા. પછી કંસારા જોયા. તેઓ બહુ ઓછે ભાવે જુનાં વાસણ લઇ તેને ઓપ કરી નવા તરિકે વેચતા હતા, અને ઠીક કમાઇ કરતા હતા. પછી રાજાએ દરજીઓ જોયા. તેઓ પણ સુખી હતા. ત્યાર પછી

હજામ જોયા તે પછી, જગન અનીતિ જાત;
એક અટકી પાંસળી, ચરકી કેરી ખ્યાત.

આમને આમ રાજાએ બહુ બહુ જાતો જોઇ. તેમાંથી કોઇને દુઃખ નહોતું તે જોઇ રાજાને બહુજ આનંદ થયો.

પછી શહેરમાંથી નિકળી રાજા ગ્રીમ તરફ ગયા. ત્યાં તેમણે ખેતીકાર કણબી લોકો જોયા. તેમાં ભાભારામ કરીને એક વૃદ્ધ પટેલ હતા. તેને પાંચ દિકરા અને ઘણાંયે ઢોર હતાં. તે સવારમાં બહુજ વહેલા ઉઠીને, બળદ લઈ ખેતરે જતા હતા. વિક્રમરાજા તેની પાછળ પાછળ ચાલ્યા. પહેલા જઈને કાંટાવાળી વાડ ભાભારામે સમી કરી. થોર અને ખરસાણીનાં દુધ તેમને શરીરે ઉડયા; પણ તેની તેમને કાંઈ ફીકર નહોતી. પછી ઝાડ ઉપર ચોકી કરવા માટે માળો અથવા બેઠક તૈયાર કરી. ચારે તરફ ફરીને બધો પાક તપાસ્યો. ત્યાર પછી ઘાસ ઉખાડી કાપીને તેનો ભારો બાંધ્યો, અને સાંજ પડતાં ભારો માથે ઉપાડીને બળદ હાંકતો ઘેર ગયો. એક ખુણે રાશ પરોણો મુકીને ભડકું ને છાશ ખાઈ લીધા. ઝાઝુ રળવું, બહુ મહેનત કરવી, અને થોડું ખાવું, આ રીત જોઇને વિક્રમરાજાને તેના ઉપર બહુ દયા આવી. તેમને લાગ્યું કે મારી પ્રજામાં કણબી લોકો બહુ દુઃખી છે.

બીજે દિવસે રાજાએ ભાભારામની સાથે ખેતરમાં એકાંતે વાત કરી. રાજાએ કહ્યું કે ભાઈ! તમે બહુજ દુઃખી છો. મેં તમારી બધી ચર્ચા જોઈ છે, માટે તમે મારી કને કાંઈ માંગો. ભાભારામ તો કહે કે, ભાઇ! તું છું કોણ? મને દુઃખી કહેતાં તને શરમ નથી આવતી? મારે ઘેર પાંચ દિકરા છે, ઢોર છે, અને આટલી બધી જમીન છે. જમીન રસાળ છે. હું પુષ્કળ મહેનત કરીને પાક ઉગાડી શકું છું તો પણ હું દુઃખી શી રીતે? અને વળી કણબી તો આખા જગતનું પુરૂં કરે, તેને આપનાર તું કોણ છે તે જરા કહે તો ખરો?

પરધાન, રાજા, પાટવી, પટેલ તલાટી થાય;
ગામ શેઠ ને ગરાશીયા, મારૂં આપ્યું ખાય.

ચારણ, બ્રાહ્મણ, ભાટ તે, મનમાં આણી કોડ;
આશા કરતાં અમે તણી, કણબી પાછળ કરોડ.

આ સાંભળી રાજાએ કહ્યું કે, ભાઈ! ગુસ્સો ના કરશો. હું તો આ ગામનો રાજા વિક્રમ છું, અને મારી પ્રજાનાં સુખદુઃખ જોવા નિકળ્યો છું. બધાંનાં પ્રમાણમાં મને તમે દુઃખી લાગો છો. માટે તમને કાંઈક માગવાનું કહું છું. માટે તમે જરાયે શરમાશો નહિ.

આ સાંભળી ભાભારામ બોલ્યા કે, તમે રાજા છો, તો અમારા માથા ઉપર. તમે કહો છો, તે વાત ઠીક છે. અમારે મેહેનત બહુ છે. બારે માસ અમારે તો મજુરી કરવાની છે. અહા મેહેનતે અમે અન્ન પેદા કરીયે છીયે, અને તે અઢારે વરણ વેંચી ખાય છે. વસવાયાં, બ્રાહ્મણ, ગરાશીયા, અને હાકેમ;એ બધાયે અમારી પાસેથી કોઈને કોઈ રીતે અનાજ લઈ લે છે. પણ એમાં દુઃખ શું? મહેનત કરવી તે કાંઈ દુઃખ નથી.

એવી રીતે વર્ણ અઢાર, રહે કણબી કેરે આધાર;
કણબીને કોની નહિ આશ, મારું ઈશ્વર કેરી આસ.

હું કોઈ દિવસ કોઈ પાસેથી કાંઈ માંગીશ નહિ. ફક્ત ઈશ્વર પાસે માંગીશ. તમે પરદુઃખભંજન છો તો ભલે. તમે બીજાનાં કામ ભલે કરો. મને તમારૂં કાંઈ ખપશે નહિ. ભાભારામની વાતો સાંભળીને વિક્રમરાજાને બહુ આનંદ થયો. પણ તેમણે વળી બહુજ આગ્રહ કર્યો કે મારી પાસે કાંઈક તો માંગો. ત્યારે ભાભારામ બોલ્યા, કે તમારો આગ્રહ છે તો હું માંગીશ. પણ મને પંચાણું વર્ષ થયાં છે. કુટુંબ વસ્તાર મોટો છે. હું બધી વાતે સુખી છું. એટલે હવે આ દુનિયામાંની તો મારે કાંઈ ચીજ જોઈતી નથી. પણ મરી ગયા પછી મને મુક્તિ મળે, મારે ફરીથી અવતાર લેવો ના પડે, એવું મને આપો.

આ સાંભળીને વિક્રમરાજા ગભરાઈ ગયા. એ બોલ્યા કે હું તો જાણતો હતો કે ભાભારામ મહેનતુ છે, પ્રમાણિક છે, પણ ધર્મની વાત નહિ જાણતા હોય. પણ તમે તો બહુ હોંશીયાર લાગો છો. તમે જે માંગો છો તે મારાથી શી રીતે અપાશે!! ત્યારે ભાભારામ બોલ્યા: તમે કાંઈ ચિંતા કરશો નહિ. તમે કાંઇ મને વચન આપ્યું નથી, એટલે છુટા છો. મેં તો આ માંગ્યું તેનું કારણ એટલું હતું કે મારે તમને બતાવવું હતું કે

દુનિયામાં એકજ દાતાર,
આપણ સર્વે માંગણહાર;

માટે દાન આપવાનું અભિમાન ધારણ કરવું નહિ.

પરંતુ વિક્રમ રાજાએ કહ્યું કે મારૂં બોલેલું ખોટું થાય નહિં. કાંતો હું તમને તમારૂં માગ્યું આપીશ અગર તે આપતાં મારો જીવ ખોઇશ. એમ કહી રાજા તો ત્યાંથી ગયા.

પછી તેમણે વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા અને પૂછયું કે મોક્ષ શી રીતે મળે? પણ દરેક જણ જુદું જુદું કહે એટલે રાજા તો થાકીને હરસિદ્ધ માતા પાસે ગયા. બહુ તપ કરી તેમને રીઝવ્યાં. ત્યારે તે બોલ્યાં કે તું ઇંદ્ર પાસે જા. ઇંદ્ર પાસે જઇને મોક્ષની વાત પૂછી. પણ તે કાંઈ ખરોબર ખુલાસો કરી શકયા નહિ. એમણે તો સ્વર્ગ અને નર્કની વાત કહી. પણ કહ્યું કે આનો ખુલાસો મેળવવા ધર્મરાજા પાસે જાવ. ધર્મરાજા તેમને બ્રહ્મા પાસે લઇ ગયા. બ્રહ્મા તેમને વિષ્ણુ પાસે લઈ ગયા. વિષ્ણુએ તેમને મહાદેવજી પાસે મોકલ્યા. મહાદેવજીયે તેમને બહુ બહુ બોધ આપ્યો. અને છેવટે મોક્ષનો સહેલો ઉપાય બતાવ્યો. જો મરતી વખતે માણસ કાશીમાં જઇને રહે, અને મર્યા પછી તેના શરીરને મણિકર્ણિકાના ઘાટ ઉપરથી ગંગાજીમાં નાંખે તો માણસનો મોક્ષ થાય, એમ કહ્યું.

આ વાત જાણીને વિક્રમરાજા પાછા ધરતી ઉપર આવ્યા. પોતાને ઘેર જઇને તેમણે ભાભારામને તેડવા પાલખી મોકલી.

ત્યારે ભાભારામે કહેવડાવ્યું કે મને ત્રણ દિવસથી તાવ આવે છે, અને હવે હું બહુ દહાડા જીવીશ નહિ. હું તો અભાગી છું એટલે મરતી વખતે વિક્રમરાજાનાં દર્શન કરી શકીશ નહિ. રાજાએ આ વાત જાણી, એટલે તરતજ તે ભાભારામને મળવા ગયા. ભાભારામની સ્થિતિ જોઈ રાજાએ તેમને કાશી લઇ જવાની તૈયારી કરી. પોતે જે વાત મહાદેવજી પાસેથી જાણી લાવ્યા હતા તે કહી. ભાભારામની સ્ત્રી પણ સાથે જવા તૈયાર થઈ. તથા તેમનો મોટો છોકરો અને રાજા પણ સાથે ગયા ઝડપથી તેઓ કાશી પહોંચ્યાં. ત્યાં ભાભારામે રાજાનાં બહુ વખાણ કર્યાં અને કહ્યું કે તુંજ ખરેખરો પરોપકારી રાજા છુ. કાશી પહોંચ્યા પછી ભાભારામ અને તેમનાં વહુ એકજ દહાડે મરી ગયાં. અને તેમને બનેને મોક્ષ મળ્યો. તેમના છોકરાએ બધી ક્રિયા કરી, અને રાજાએ પણ તેની પાછળ બહુ દાન આપ્યું. આવો પરોપકારી રાજા હોય તેજ આ સિંહાસન ઉપર બેસી શકે.

આટલું કહી પ્રદ્યુમન નામની પુતળી આકાશમાં ઉડી ગઇ.

તૈયાર છે! તૈયાર છે!

પાકશાસ્ત્ર

લેખકઃ—

ગં. સ્વ. લલિતાગૌરી શામરાવ

તથા

ગં. સ્વ. વિમલાગૌરી મગનલાલ

કિમ્મત રૂ. ૩—૦—૦

મળવાનું ઠેકાણું:—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

મુંબાઇ; પોસ્ટ નંબર.૨

નેપોલિઅનનું વચન.

એક સૈકાથીયે વધારે વર્ષો પ્હેલાં, બ્રિએનની લશ્કરી નિશાળમાં નેપોલિઅન બોનાપાર્ટ નામનો એક વિદ્યાર્થી હતો. બીજાં છોકરાંની માફક એને ફળ બહુ ભાવતાં. એ ગામમાં એક ગરીબ ફળ વેચનારી બાઇ હતી એનો એ રોજનો ઘરાક હતો. નેપોલિઅન દરરોજ ફળ ખરીદતો પરન્તુ દરરોજ એ પૈસા આપી શકતો નહિ. છતાંય પેલી બાઇને એનામાં પૂરો વિશ્વાસ બેસી ગયો હતો, કારણ કે એની પાસે જેવા પૈસા આવતા કે તુરતજ એ બાઇનું દેવું ચૂકવી દેતો.

હવે એને બ્રિએન છોડવાનો વખત આવ્યો. પેલી બાઇને થોડા પૈસા આપવાના બાકી હતા. નેપોલિઅન એ બાઈ કને ગયો ને પોતાની પાસે પૈસા નથી એ વાત તેને જણાવી.

"આ વેળાયે તો હું ત્હમારા પૈસા નથી આપી શકતો; પરન્તુ હું ત્હમને કદાપિ ભૂલીશ નહિ."

"કાંઇ વાંધો નહિ. એની જરાય ચિન્તા ન કરીશ." પેલી ફળ વેચનારીએ જવાબ દીધો.

આ વાતને ઘણાં વર્ષો વીતી ગયાં. નેપોલિઅનનું બ્રિએનમાં ફરી આગમન થયું. આટલા ગાળામાં તો વિચિત્ર ને આશ્ચર્યકારક બનાવો બની ગયા હતા. પેલી ગરિબ બાઇની વાત તો જાણે છેકજ વિસરાઇ ગઇ હતી. પોતાને દેવું વાળવાનું છે એ બીના નેપોલિઅનના સ્મરણમાંથી જાણે દૂર થયેલી ભાસતી.

મ્હેલાંના વખતમાં એ બિચારો એક સામાન્ય વિદ્યાર્થી હતો. અત્યારે તો એ મૂલ્ય વિનાના માણસનું મૂલ્ય અંકાય તેમ ન્હોતું. પોતાના દેશનો મહાન સરદાર બની ગયો હતો. તે વખતનો નિશાળીઓ નેપોલિઅન અત્યારે ફ્રાન્સનો સમ્રાટ થયો હતો.

નેપોલિઅને છૂપા વેશે બ્રિએનમાં પ્રવેશ કર્યો. શહેરના મહોલ્લામાં ફરતાં ફરતાં એના વિચારો દૂર દૂરના દિવસોમાં ઉડવા લાગ્યા. જ્યારે પોતે ન્હાનો બાળક હતો ત્યારે ઉજ્જ્વળ ભવિષ્યની ઝંખના કરતો. અનુપમ કીર્તિનાં સ્વપ્નો અનુભવતો. ખરે ! એ કલ્પનાઓ અત્યારે સત્યરૂપે પલટાઈ ગઈ હતી.

એટલામાં એને પેલી ગરીબ ફળ વેચનારી બાઇ સાંભરી. વર્ષો મ્હેલાં તેને દિધેલો કોલ યાદ આવ્યો.

થોડી કડાકૂટ પછી એ ભલી બાઇનું ઘર એણે શોધી કાઢ્યું. એક સેવકને સાથે લઇ એ ન્હાનકડી પરન્તુ કલંક વિનાની ચોકખી ઓરડીમાં પેઠો. પેલી બાઇ ત્યાંજ હતી. આટલાં બધાં વર્ષો ગયાં ત્હોય નેપોલિઅનના વચનમાં એને શંકા ન્હોતી થઇ. તે સ્ટવ સળગાવી, વાળુની તૈયારી કરી રહી હતી. એનાં બે છોકરાં બાજુમાં રમતાં હતાં.

"કેમ બાઈ! અહીં તાજાં ફળ મળશે કે ?" શહેનશાહે પૂછ્યું.

"હા સાહેબ !" પેલી બાઇએ વિનયથી કહ્યું: "આ નારંગીઓ હમણાં તાજીજ આવેલી છે." એમ કહીને પોતાના ઘરાક આગળ એક ન્હાનકડી સુંદર છાબડી ધરી.

"શહેનશાહ આપણા ગામમાં પધાર્યા છે એમ લોકો કહે છે: ત્હમે એમને જોયા છે ?" નેપોલિઅને ફળ ખાતાં ખાતાં કહ્યું.

"અરે હા, રે ભાઇસાહેબ ! હું તો એમને ક્યારનીયે ઓળખું છું." પેલી બાઇએ જવાબ વાળ્યો. એના કરમાયલા વદન પર મંદ હાસ્ય ચમકી રહ્યું. "તે અહિં નિશાળમાં ભણતા હતા ત્યારે મ્હારા તો રોજના ઘરાક હતા."

એક પળ. શાન્તિ ફેલાઈ. મહારાજાએ પૂછયું, "દરરોજ એ પૈસા ચુકવી આપતા કે ?"

"દરરોજ." તુરત જવાબ મળ્યો.

"ખોટું કહો છો." અતિથિ ગાજી ઉઠયો: "કાંતો તમારી યાદશક્તિ શિથિલ થઇ ગઈ છે કે કાંતો ત્હમે મ્હને જુઠું કહો છો. મ્હને બરાબર ખબર છે કે–શહેનશાહ નિયમિત રીતે પૈસા આપી શકતાજ નહિ. અરે હજીયે એ ત્હમારા દેવાદાર છે."

પેલી બાઇ તો અજાયબીથી આભી બની ગઈ. એટલે પેલા પરોણાએ આગળ ચલાવ્યું: "ત્હમે શહેનશાહને પિછાનતાંજ નથી. હુંજ એ નેપોલિઅન નિશાળીઓ !"

પ્હેલીજ વાર પેલી બાઇએ સમ્રાટને પૂરા ઓળખ્યા. એમને પગે પડી, ચરણરજ માથે ચઢાવી. નેપોલિઅને એમનો હાથ પકડી ધીમેથી ઉભાં કર્યાં.

"વર્ષો પ્હેલાં આપેલું વચન હવેજ પળાશે." એમણે કહ્યું.

એ ગરિબ બાઇને નેપોલિઅને એક મ્હોટી રકમ ભેટ આપી એટલુંજ નહિ પરન્તુ એનું ઘર ફરી બંધાવી આપ્યું. વળી એને પોતાનું નામ આપ્યું. એમની મદદથી એ બાઈની કન્યાને વાજતે ગાજતે પરણાવવામાં આવી, જમાઈને પણ સારે ઠેકાણે પાડયો ને એના પુત્રને નેપોલિઅન પોતે કેળવણી પામ્યાં હતો એજ શાળામાં મોકલવામાં આવ્યો.

નેપોલિઅનની ભૌંજી ગમે તે ત્રુટીઓ હશે પરન્તુ એકવાર અપાયલું એનું વચન કદાપિ મિથ્યા જતું નહિ.

રમણીકલાલ જેચંદભાઈ દલાલ,
બી. એ.

બાળકો ફરવાં સટકયાં.

[લખનારઃ—રા. કેશવપ્રસાદ છો. દેસાઈ.]

મનુ ઘણોજ માંદો થઈ ગયો હતો. બહુ દિવસ દવા કર્યા પછી તેને સારૂં થયું. પણ દાક્તર સાહેબે કહ્યું, કે તેને હવાફેર કરવા લઇ જાવ. દવાથી જેટલો ફાયદો નહિ થાય તેટલો હવાથી થશે. કહેવત છે કે “ સો વાર દવા અને એક વાર હવા.” માટે એને દરીઆ કીનારેના કોઇ ગામમાં લઈ જાવ. આ પછી મનુના બાપાજીએ વિચાર કરવા માંડયો કે એને કયે ગામ લઇ જઇયે ? મુંબાઈ દરીઆ કીનારે ખરૂં, પણ તેની હવા ચોકખી નહિ. ત્યાં વસ્તી બહુ એટલે ગંદકી પણ બહુ. માટે મુંબાઈ તો કામનું નહિ. પછી વિચાર્યું કે સુરત પાસે ડુમસ છે ત્યાં જવાની સગવડ સારી છે, અને બંગલાઓ પણ છે. કોઈયે વળી કહ્યું કે “ અજીરા ” જાવ. ત્યાં સુરતથી હોડીમાં બેસીને જવાય છે. પણ મનુના બાપાજીને ત્યાં જવું ઠીક ના લાગ્યું, કારણ કે ત્યાં વસ્તી નહિ.

આ વાતો થતી હતી એટલામાં મનુના મામા મનુને જોવા આવ્યા. એમણે બધી વાત જાણી એટલે કહ્યું કે તમારે કોઇ પણ ઠેકાણે જવાની જરૂરજ નથી. આ વખતે મેં મહિનાની રજામાં હવાફેર કરવા માટે મેં તીથલમાં બંગલો રાખ્યો છે. ત્યાં મનુને મારી સાથે મોકલજો. અમે બધાં છીએ એટલે એને ગમશે પણ ખરૂં. વળી તીથલ કોઈ ખાડીને કીનારે નથી, પણ મોટા મહાસાગરને કીનારે છે. એટલે ત્યાંનો દરીઓ વિશાળ અને હવા વધારે ચોકખી. મનુ તો આ વાત સાંભળી બહુજ આનંદમાં આવી ગયો. એક તો બહારગામ મુસાફરીએ જવાની મઝા, અને બીજું મામાના છોકરા તનુ તથા તેની બેન ધનુની સાથે

ત્યાં રમવાની કેવી મઝા પડશે ! એમ વિચાર આવતાંજ તેનાથી તો હસી પડાયું. અને તેને આનંદમાં જોઇને એનાં માબાપને બહુજ સંતોષ થયો.

થોડા દહાડા પછી મનુ એના મામા સાથે તીથલ જવા નિકળ્યો. અમદાવાદથી બધા રાતની ગાડીએ બેઠા. એટલે રસ્તામાં તો મનુએ કાંઇ જોયું નહિ. બેઠા પછી થોડીવારમાંજ તે ઉંઘી ગયો. સવારે મનુ, તનુ, તથા ધનુ બારી પાસે બેઠાં, અને આસપાસનો દેખાવ જોવા લાગ્યાં. પછી વલસાડ સ્ટેશન આવ્યું એટલે બધાં ઉતર્યાં. મનુના મનમાં કે આ તીથલનું સ્ટેશન છે. પાટીયું વાંચીને એ તો બોલી ઉઠયો: મામા, મામા, આપણે ભૂલ કરી છે. આ તો વલસાડ છે. આ સાંભળી બધા હસી પડયા. પછી મામાએ એને કહ્યું: ભાઈ, તીથલનું સ્ટેશન નથી. એ તો વલસાડનું એક પરૂં છે. જેમ આપણા અમદાવાદની પાસે શાહીબાગ તથા કાંપ છે તેમ તીથલ, વલસાડની પાસે છે. અહિંથી આપણે ભાડાના ગ્રીઘરામમાં બેસીને જઇશું. પછી બધા ઘોડાગાડીમાં બેસીને તીથલ ગયાં. એમનો બંગલો દરીઆની પાસેજ હતો. એટલે બેઠા બેઠા દરીઓ દેખાય. અને પવન તો કેટલો બધો ! અમદાવાદમાં બહુજ તાપ લાગતો હતો, અને અહિં તો બસ ફર ફર પવન આવ્યાંજ કરે. મનુ તો બહુજ ખુશ થઇ ગયો. તનુ એના કરતાં વરસ દહાડો મોટો હતો. અને ધનુ એનાથી વરસ દિવસ નાની હતી, એટલે એ ત્રણેને રમવાની બહુજ મઝા પડતી હતી.

સાંજે બધાં દરિઆ કિનારે ફરવા ગયાં. કિનારે બધી રેતી હતી તેથી છેક પાણી સુધી જવાતું હતું. બધાં પાણી સુધી જાય અને મોટો મોજો આવે એટલે પાછાં દોડી આવે. એમને એમ આનંદમાં કેટલાએક દિવસો ગયા. મનુ હવે તો તદ્દનજ પહેલા જેવો સાજો અને તનદુરસ્ત બની ગયો.

એક દિવસ તનુ, મનુ અને ધનુએ વિચાર કર્યો કે આપણે પાસે આવેલો પારનેરાનો પહાડ તો જોવો જોઇએ. ઘરમાં એમણે

તે વાત પૂછવા માંડી પણ કોઈએ દાદ દીધી નહિ. એટલે એ ત્રણે જણા એમને એમજ ઘરની બહાર નિકળી પડયાં. ઘણીયે વાર બપોરે તેઓ આસપાસની વાડીઓમાં રમવા જતાં હતાં. એટલે કોઈએ તેમની દરકાર કરી નહિ. ધનુ તો છોકરી એટલે એણે એક કામ કર્યું હતું. ઘરમાં બપોરે ખાવા માટે ભાખરી તથા શકરપારા કરીને ભંડારીયામાં મૂકયા હતા, તે એ જાણતી હતી તેણે વિચાર કર્યો કે બપોરે અમને બધાને ભૂખ તો લાગશે. તે માટે આમાંથી અમારા ભાગનું ખાવાનું સાથે લઈ જવું જોઇયે. એમ વિચારી તેણે ત્રણ ભાખરીઓ અને થોડા શકરપારા એક કાગળમાં બાંધી સાથે લઈ લીધા હતા.

ત્રણમાંથી કોઇયે પારનેરા જોયું નહોતું. રસ્તો તો જાણેજ કયાંથી! ફક્ત કઇ તરફ આવ્યું તે જાણતા હતા. એટલે તેઓ તે તરફ ચાલ્યાં. પહેલાં તો એમણે બહુ ચકરાવો લઈને જવાનો રસ્તો હતો તેજ લીધો. એક માઇલ ચાલ્યાં એટલે શેવગી નામે ગામ આવ્યું. ત્યાં ગયાં તેટલામાં તો ધનુને થાક લાગ્યો. પણ કહેવાય કેમ? વખતે તેને પાછળ મૂકી આ લોકો ચાલી જાય તો? તેને તરસ પણ લાગી હતી. એ તો કહ્યા વિના છુટકોજ નહોતો. મનુ અને તનુંને પણ તરસ લાગી હતી એટલે એને કોઇયે ઠપકો આપ્યો નહિ. એક કુવામાંથી ઐરાં પાણી ભરતાં હતાં ત્યાં તેઓ ગયાં. એક બાઇયે બહુ હેત કરીને આ છોકરાંને પાણી પાયું. એણે ઘડામાંથી રેડયું અને આ લોકોએ હાથનો ખોબો વાળીને પીધું. ત્યા પવાલું કયાંથી લાવે? પછી તો છોકરાંને આ ઐરાં પાણી ભરતાં હતાં તે જોવાની બહુ મઝા પડી. માટીના ઘડાથી કુવામાંથી પાણી ભરે તોપણ ઘડો ફુટે નહિ. એમના ઘરમાં તો બીજે ત્રીજે દિવસે ગોળી ફુટતી હતી. ધનુ બોલી: મોટાભાઈ, અહિંનાં માટલાં બહુ પાકાં આવતાં હશે: જુવોને ભાંગતાંએ નથી. આપણે ઘેર તો બહુજ કાચાં આવે છે, આખો દિવસ ભાંગી જાય છે. આ સાંભળી બધાં ઐરાંને હસવું આવ્યું. અને એક બાઈએ કહ્યું કે પણે કુંભારવાડો છે, ત્યાંથી

એક માટલું લઇ જાવ. આ વિચાર ત્રણે જણને બહુજ ગમ્યો. બધાં કુંભારવાડામાં ગયાં. ત્યાં કુંભાર તેના પગડા ઉપર ઠામ બનાવતો હતો. તે બહુવાર તેમણે જોયા કર્યું. કુંભારને આ છોકરાં કાંઈ કાંઈ સવાલ કરે અને તેથી કુંભારને હસવું આવે. પછી ધનુએ કહ્યું, કુંભાર ભાઈ, તમારા ગામનાં માટલાં બહુ પાકાં થાય છે. મારે ઘેર તો આખો દિવસ માટલાં કુટે છે માટે મને એક પાકું માટલું આપશો ? વળી આ છોકરાઓ માટે મેં ખાવાનું તો આંણ્યું છે પણ પાણીની વાત હું ભૂલી ગઈ. જો તમે એક નાની માટલી આપો તો કુવેથી પાણી પણ લઈ લઉં. એના આવા બોલ, કાલી ભાષામાં સાંભળી કુંભારને હસવું આવ્યું અને તેણે એક બહુજ નાની માટલી અને તેના ઉપર ઢાંકવા બટેરૂં આપ્યું. એ લઈને તેઓ કુવા ઉપર ગયાં. પેલી બાઇએ તેમાં પાંણી ભરી આપ્યું. અત્યાર સુધી તેઓએ બહુજ વખત ગુમાવ્યો હતો, પણ તેનું તેમને ભાન નહોતું. પારનેરા જવાની હોંશમાં ને હોંશમાં તેઓ આગળ ચાલ્યા. ત્યાં જઈનેજ ખાવાનું ખાવું, એવો તેમનો વિચાર હતો. બીજો એક માઈલ ચાલ્યાં એટલે ધનુને તો થાક લાગ્યો. હવે શું કરવું ? થોડે દૂર આંબાવાડીયું હતું. ત્યાં જઇને બધાં બેઠાં. મનુ અને તનુ કહે, અમે થોડા મરવા વીણી લાવીયે. આપણે અથાણા તરિકે ચાલશે. ધનુ તો બેસી રહી. એ લોક ગયા એટલે તે તો આડી થઈને સૂઈ ગઈ અને તરત ઉંઘી ગઈ. પેલા છોકરાઓ પણ મરવા વીણતા વીણતા રમવા મંડયા અને છેક સાંજ પડી ગઈ ત્યારેજ તેમને ભાન આવ્યું. પછી ધનુ પાસે આવીને તેને જગાડી. હવે એ લોકોને લાગ્યું કે અંધારૂં થઈ જશે. અને ગભરાંયાં. મનમાં બીક લાગી કે રસ્તો નહિ જડે તો ઘેર શી રીતે જઈશું ! ત્રણે જણ ઉઠયાં. ખાવા પીવાનું શેનું સાંભરે ? એમણે ઘેર જવાનો રસ્તો લીધો. થોડે જાય છે એટલામાં ભોં ભોં કરતું મોટરનું ભૂંગળું સાંભળ્યું. બધા બાજુમાં એક ઝાડ પાછળ ભરાઈ ગયાં. મોટર પૂરજોસમાં ત્યાં આવી. પણ એટલામાં એક ભડકેલી ભેંસ સામેથી મોટર

તરફ આવી. હાંકનાર ગભરાયો. ભેંસને બચાવવા ગયો અને ઝાડ સાથે મોટર જોસમાં અથડાઈ. એક પૈડા પાસે ભેંસ આવી. બીજું પઈડું ઝાડ સાથે અથડાયું. બન્ને પઈડાં વળી ગયાં ને ફાનસો તુટી ગયાં. અંદર એક બાઈ ભપકાદાર કપડાંમાં બેઠી હતી અને સાથે એક છોકરો અને એક છોકરી હતાં. આ બધાં ગભરાયલાં નીચે ઉતર્યાં. સારે નશીબે મોટર વાળાને કે તેની સાથે બેઠેલા પટાવાળાને વાગ્યું નહોતું. પેલાં બાઈએ પટાવાળાને કાંઈ કહ્યું અને તે ત્યાંથી દોડી નિકળ્યો. સાથેનો નાનો છોકરો તો ગભરાટથી રડવા માંડયો.

હવે મનુ, તનુ, અને ધનુ, પેલા ઝાડ પાસેથી આ બધાં હતાં ત્યાં આવ્યાં. આ જગાએ આવાં ત્રણ છોકરાંને જોઇને પેલી બાઈને બહુ નવાઇ લાગી. ધનુ જરા બહુબોલી હતી. તે એકદમ પેલા રડતા છોકરા પાસે ગઇ અને બોલી: તું પણ મારા જેવડોજ છું ત્યારે રડે છે શું કરવા? જો મને મારી બા ખોળતી હશે, મને થાક લાગ્યો છે, તોપણ હું તો નથી રડતી. આ સાંભળી પેલી બાઈને હસવું આવ્યું. તેમણે છોકરાંની બધી હકીકત પૂછી અને તનુએ તે કહી. પછી તે બોલી, ચાલો મારે પણ તીથલજ જવાનું છે. હવે તો અંધારૂં હમણાંજ થશે માટે તમે મારી પાસેજ બેસો. મારો પટાવાળો તીથલ દોડતો ગયો છે તે અડધા કલાકમાં બીજી મોટર લઈ આવશે. તમને હું તમારે ઘેર પહોંચાડીશ.

પેલો નાનો છોકરો તો હજી રડતોતોજ. તેનું નામ વિજયભા હતું. તે ધરમપૂરના રાજાનો એકનો એક દીકરો હતો. પેલાં બાઇ ધરમપૂરનાં રાણી હતાં. બહુબોલી ધનુએ બધી વાત પૂછી હતી. આ છોકરાંએ કોઇ દિવસ રાણી કે કુંવરને જોયાં નહોતાં તેથી તેઓને તો આ બધી વાતમાં બહુ રસ પડયો. પછી ધનુ કહે, તમે કાંઈ રાણી જેવાં લાગતાં નથી. મેં વાતોની ચોપડીમાં વાંચ્યું છે કે રાણી તો બહુજ ઘરેણાં પહેરે, સરસ સાડીઓ પહેરે, અને માથે મુગટ પહેરે. અને આ કુંવરે તો,

મારા મનુભાઈ જેવા સલર સુટજ પહેર્યો છે. રાણીને વળી હસવું આવ્યું અને કહ્યું, તું મારે ઘેર આવજે, હું તને બધું બતાવીશ. ધનુ બોલી ઉઠી: તમારે તો મહેલ હોય, ઘર નહિ. રાણી બોલ્યાં, હા, હા, તું ધરમપુર આવજે. હું તને મહેલ પણ બતાવીશ.

પછી તનુએ કહ્યું, ધનુ આપણું ખાવાનું કાઢ. આપણે વિજયભાને આપીયે અને આપણે પણ ખાઇયે. વિજયભા આ સાંભળી રડતો છાનો રહ્યો અને આમની પાસે આવ્યો. એની મોટી બેન નંદકુંવરી પણ આ છોકરાં પાસે આવી. પછી તે લોકોએ ભાખરીઓ અને શકરપારા કાઢયા. મનુ તથા તનુએ મરવા કાઢયા. ધનુએ કહ્યું કે રાણીજી પણ ખાય. રાણીયે ના કહી તો પણ એતો માનેજ શાની ! દરેક જણને અડધી અડધી ભાખરી ત્રણ ત્રણ, શકરપારા અને બબે મરવા મળ્યા. રાણીજીએ પણ તે ખાધું અને કહ્યું, છોકરાં તમે ના મળ્યાં હોત તો મારો વખત કેમ જાત ! અને આ વિજયભા મને બહુ પજવત.

ખાઈ રહ્યા પછી હાથ ધોઇને પેલી શેગવીમાંથી લીધેલી માટલીમાંથી બટેરા વતી પાણી બધાંયે પીધું. ખાવાની માફક પાણી પણ વહેંચી લેવું પડયું. દરેકને એક એક બટેરું પાણી આવ્યું. થોડી વારમાં પટાવાળો મોટર લઈને આવ્યો. બધાં તેમાં બેઠાં અને તીથલ તરફ ચાલ્યાં. નંદકુવરી, વિજયભા, મનુ, તનુ, અને ધનુ, જાણે કેવાંયે જુનાં ઓળખીતાં હોય તેમ વાતે વળગ્યાં. રાણીજીયે મોટર પહેલાં તે લોકોને બંગલે લેવડાવી. અને પટાવાળા સાથે ત્રણે છોકરાંને ઘરમાં મોકલ્યાં. એમને ઘેર તો કયારનીએ ખોળાખોળ થઈ ગઇ હતી, અને બધાંને એમ બીક લાગી હતી કે કદાચ દરીયામાં બધાં ડુબી ગયાં હશે. પણ આ લોકોને જોઇ બધાંના જીવમાં જીવ આવ્યો. ધનુના બાપાએ જઈને રાણીજીનો ઉપકાર માન્યો. પણ રાણીજીએ કહ્યું, ઉપકાર તો અમારે એ છોકરાંનો માનવાનો છે. બીજે દિવસે રાણીજીએ બધાંને પોતાના બંગલે નોતર્યાં, અને પછી તે ચાલી ગયાં.

આ છોકરાં ધરમપૂર જઈને કેવી મઝા કરે છે તેની વાત તમને કોઈ દિવસ કહીશું.

સ્ત્રી કેળવણી.

—※(◎)※—

(૧)

સ્ત્રી કેળવણી એટલે સ્ત્રીધર્મને ઉપયોગી શિક્ષણ આપવું. સ્ત્રીકેળવણી એ મથાળું વાંચીને આપણા ઘણા જૈન ભાઇઓ તો આશ્ચર્ય પામશે, કારણ કે જૈન કોમના પુરૂષોજ કેળવણીમાં પછાત છે, તો તેઓને 'સ્ત્રીકેળવણીની કિંમત શું છે? તેથી કેવી જાતના ફાયદા થઇ શકે છે?' વિગેરે સમજણ ક્યાંથી હોય? ભાગ્યવશાત્ જૈનકોમ વ્યાપારમાં ફાવેલી છે; એટલે તેને કેળવણીમાં પછાત હોવાથી જે નુકશાન થાય છે તેની ખબર પડતી નથી, પરંતુ વિના કેળવણીએ જે નુકશાન થવું જોઇએ એ તો પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે થાય છેજ. ઘણા માણસો તો સ્ત્રીઓને ભણાવવી એ અકર્તવ્ય સમજે છે, છોકરીઓને ભણવા મોકલનાર ઉપર ચીડાય છે, ભણેલી સ્ત્રીને દેખી તેના ઉપર કંટાળો આણે છે અને તેવીનો કાંઇ અવગુણ જણાયો હોય તો તે સંબંધી રજનું ગજ કરી મૂકે છે. કેટલાકને તો ભણેલી સ્ત્રી વંધ્યા રહે છે, દુર્ગુણી થાય છે, વહેલી મરી જાય છે, વહેલી રાંડે છે, એવા મિથ્યા વહેમ હોય છે. તો આપણે પ્રથમ એ તપાસીએ કે સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે કે અકર્તવ્ય છે? શાસ્ત્રકાર એમાં સંમત છે કે અસમંત છે? અને પૂર્વે એ રીતિ હતી કે નહિ?

હવે આપણે પ્રથમ એ તપાસીએ કે સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે કે અકર્તવ્ય? સ્ત્રી એ એક ઘરનો અનુપમ શૃંગાર છે અને તેનાથી આખું ઘર તથા તેમાં રહે-

---

* માંગરોળવાળા મરહુમ શેઠ અમરચંદ તલકચંદે જૈન સીરીઝ માટે તૈયાર કરાવેલ લેખો પૈકી આ લેખ સહજ સુધારા વધારા સાથે સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજે સંશોધન કરી આપ્યો છે.

નાર સર્વ જીવો શોભી નીકળે છે, તો જ્યારે એના અસ્તિત્વ-પણાથીજ ઘરને એટલી શોભા મળે છે, તો પછી તેનામાં વિદ્યારૂપી અમૂલ્ય રત્નનો ભંડાર ભરેલો હોય તો તેની શોભામાં શી ખામી રહે? સોનું અને વળી સુગંધ હોય તો તેની કિંમત કેટલી બધી ઉમદા થાય? લક્ષ્મીવાન્ અને વિદ્વાન્ હોય તો તેની કેટલી કિંમત? ગુણસંપન્ન અને વિદ્વાન્ હોય તો તેનું કેટલું મૂલ્ય થાય? વિગેરે અનેક વ્યવહારિક દ્રષ્ટાંતોથી સિદ્ધ થાય છે કે સ્ત્રીને કેળવણી આપવાની ખાસ અને ખરેખરી જરૂરીઆત છે. વળી એક વિદ્વાન્ માણસ લખે છે કે 'ગૃહ સત્તાનો મુખ્ય આધાર સ્ત્રી કેળવણી ઉપરજ છે.' તે કેવી રીતે? ત્યાં તે સમજાવે છે કે-એક વખત તે એક વિદ્વાન સ્ત્રી સાથે વાતો કરતો હતો, તેવામાં તેણે જણાવ્યું કે 'શીખવવાની જુદી જુદી રીતોમાં કાંઇ દમ નથી, તેથી તો રૈયતને જુદી જુદી જાતની કેળવણી મળે પણ તેને શું કરવું બાકી છે? શેની ખામી છે? તે કહો.'

તે સ્ત્રીએ જવાબ આપ્યો કે 'જનેતાઓની.' તે વિદ્વાન ચુપ થઈ ગયો. તેણે કહ્યું કે 'હા, ખરૂં એકજ શબ્દમાં કેળવણીની બધી પદ્ધતી આવી ગઈ. માટે સદાચાર બંધાવાનું પ્રથમ અને અતિ અગત્યનું સ્થળ તે ઘરની સ્ત્રીજ છે અને તે વિદ્વાન-કેળવાયેલી હોય તો તેનો અને તેની સંતતિ તમામનો જન્મ સફળ થાય છે, એ નિઃશક છે.

સાર—સ્ત્રી ઉપર આખા ઘરનો બહુધા આધાર હોવાથી તેને સર્વ રીતે કેળવી કુશળ બનાવવાની ભારે જરૂર છે. સારી રીતે કેળવાયેલી સ્ત્રી ઘરની શોભારૂપ બને છે અને તેનાથી થતી સઘળી સંતતિ સ્હેજે સુધરવા પામે છે. અન્યથા સંતતિ સુધરવી મુશ્કેલ છે.

(૨)

ઉપર પ્રમાણે સ્ત્રીઓને કેળવણી આપવાથી શું લાભ

થાય છે, અને ન આપવાથી શું નુકશાન થાય છે, તે વિષે સહેજ ઈસારો કરવામાં આવ્યો છે, હવે આ સ્થળે તે બાબત વિશેષ વિવેચન કરવામાં આવશે.

આ જગતના પ્રાણીમાત્રમાં ચૈતન્ય ભાવ સરખો છે, તોપણ પશુપક્ષી વિગેરે પ્રાણીઓથી મનુષ્ય પ્રાણી ઉત્તમ ગણાય છે. એનું કારણ 'મનુષ્ય જ્ઞાન મેળવવાને, અને એથી ખરૂં ખોટું પારખી, ખોટું તજી, ખરૂં આદરવા લાયક છે એમ સમજે છે.' એ સિવાય બીજું કારણ જણાશે નહિ. જ્ઞાન એટલે સમજણ. જેનામાં જેટલી સમજણ વધારે તેટલી માનવજાતમાં તે ઉંચી પદવી ધરાવે છે. આપણે સર્વે વગડામાં અથવા ગામડાંમાં રહેનાર માણસ કરતાં શાહેરનાં માણસને ઉત્તમ ગણીએ છીએ, તેનું કારણ 'તેઓનું જ્ઞાનબળ વધારે હોય' એજ છે. શરીરબળમાં તો વગડાના અને ગામડાના રહેનારાઓ શાહેરના મનુષ્યો કરતાં ચઢે છે, તોપણ તેઓ શાહેરી મનુષ્યોના જ્ઞાનબળને લીધે વશ રહે છે. દરેકે દરેક માણસમાં ઓછું વધતું જ્ઞાન હોય છે, તેથી તે પોતાના દરેક કાર્ય ઉપરથી અનુભવ લઇ પોતાના સુખ દુઃખની વાત એક બીજાને કરે છે; અને તે ઉપરથી જે રસ્તે વધારે સુખ મળે તે રસ્તે પ્રવર્તવા વધારે જ્ઞાનવાળાની મતિથી પ્રયત્ન કરે છે. ઉમ્મરપરત્વે જોઇએ તો બાળકને આપણે પશુ બરાબર કહીએ છીએ, તેનું કારણ એટલુંજ કે તે સમયે તેનામાં કાંઇ જ્ઞાન હોતું નથી. જેમ જેમ તે મોટું થતું જાય છે અને તેનું જ્ઞાન વધતું જાય છે તેમ તેમ તે માણસમાં ગણાતું જાય છે. ધર્મ, દયા, શૌચ, દાન, પૂજા, તપ, પુણ્ય, પાપ, ક્રોધ, માન, માયા, લોભ, વિગેરે શબ્દોના સ્વરૂપ માણસ પોતાની ઓછી વધતી જ્ઞાનશક્તિના પ્રમાણમાં સમજે છે અને તે ઉપરથી જે આદરવાનાં કાર્ય હોય, તેમાં પોતાનું આચરણ કરે છે અને બીજાં છોડી દે છે. ખુન, ચોરી, મારામારી વિગેરે ગુન્હાનાં કૃત્યો ઘણું કરી અજ્ઞાન માણસોજ કરનારા નીકળશે, કારણકે

જ્ઞાનવાન તો તેથી રાજાનો આ ભવમાં અને પાપનો દંડ પર ભવમાં ભોગવવો પડશે એમ જાણી શકે છે. પશુયોનિમાં જન્મ પામનાર પણ જ્ઞાનના યોગથી ઉંચ ગતિમાં જવા પામે છે, તો માણસ જાતને જ્ઞાનપ્રાપ્તિથી વધારે ઉત્તમતા પ્રાપ્ત થાય એમાં શી નવાઇ ? પોપટાદિ પશુઓને કોઇ શ્રમ લઇ જરા ભણાવે છે તો તેઓ મીઠાશ ભરેલું બોલતાં શીખે છે અને તે સાંભળી સર્વે ખુશી થાય છે. તેના ઉપર એક વિદ્વાન માણસે કહ્યું છે કે—

सद्विद्या यदि का चिंता, वराकोदरपूरणे ।
शुकोऽप्यशनमाप्नोति, श्री भगवानिति ब्रुवन् ॥ १ ॥

અર્થ—જો સદ્વિદ્યા હોય તો નાનું સરખું પેટ ભરવાની શી ચિંતા છે ? પોપટ પણ 'શ્રી ભગવાન' એટલો શબ્દ બોલે છે તો ખાવાનું સુખેથી પ્રાપ્ત કરી શકે છે. માટે કેળવણી લેવાથી સર્વને લાભજ છે, એમ જાણી સ્ત્રીઓને અવશ્ય કેળવણી આપવી જોઇએ.

સાર—જડ જેવી વસ્તુને પણ યથાવિધિ કેળવવાથી તે ઉત્તમતા પામે છે, તો પછી સચેતન-આત્માને યથાર્થ કેળવણી મળવાથી તેનામાં ઉત્તમ ગુણનો વિકાસ થવા પામે એમાં આશ્ચર્ય જેવું શું છે ?

(૩)

વળી સ્ત્રી જાતને કેળવણી આપવાનું ઘણું અગત્યનું કારણ એ છે કે જે ઘરની તે ગૃહિણી હોય છે, તે ઘરના તમામ અંગભૂતોને રાત્રીદિવસ તે સ્ત્રીની છાયાતળે રહેવાનો પ્રસંગ આવે છે અને તેથી તે સર્વ કુટુંબીઓને આખી ઉમરભર જે લક્ષણોના સંસ્કાર જડીભુત થાય છે, અને તેઓના મોતની સાથેજ બંધ પડે છે, તે લક્ષણોનો જન્મ જે ઘરમાં તેઓ ઉછરે છે ત્યાંજ થાય છે. એવી એક સાધારણ કહેવત ચાલે છે કે

'વિદ્યાથી વધતો વિવેક છે.' 'વિવેક દશમો નિધિ છે.' અને 'મન ઉપરથી માણસ થાય છે.' એ ત્રણ નીતિવચનો કરતાં એક વધારે મજબુત નીતિવચન એ છે કે 'ઘર નરને બનાવે છે.' તેનું કારણ એ છે કે ઘરની કેળવણીથી માણસની રીતભાત અને મન બંને ઘડાય છે, એટલુંજ નહિ પણ તેના લક્ષણ પણ ત્યાંજ ઘડાય છે, હૃદયકમલ પ્રફુલ્લિત થાય છે, ટેવોનું બંધારણ થાય છે, બુદ્ધિના અંકુરો ફુટે છે, અને ભલા કે ભુંડાને વાસ્તે આચરણ રચાય છે. મુખ્યત્વે કરીને બાળક જ્યાં જન્મે છે તે ઘરમાંજ જનમંડળને કાબુમાં રાખનારાં ધોરણો અને નીતિવચનો ગૃહગિરિના મૂળમાંથી નીકળે છે. પછી તે મૂળ નિર્મળ હો વા મલિન હો. સરકારના કાયદા કાનુનો પણ ગૃહસૂર્યના પ્રતિબિંબ છે. બચપણમાં આપણે હોઇએ, તે વેળાએ આપણા ખાનગી સંસારમાં આપણા મન ઉપર જે જે વિચારોના સૂક્ષ્મ અંકુરો માત્ર ઉગ્યા હોય, તે પછીથી દુનિયામાં દેખા દે છે. તે પછી જગતનો જાહેર મત કેળવાય છે. કારણ કે બાળગૃહમાંથી પ્રજાનો પાક ઉતરે છે અને જેમના હાથમાં બાળકોને ચાલતાં શીખવવાની દોરી હોય છે, તેઓ તો રાજ્યની ખાસી લગામ ઝાલનારા કરતાં પણ વધારે સત્તા ચલાવી શકે છે.

અહા! હા!!! જનેતાઓને ઉમદા કેળવણી આપવાનાં કેવાં ફળ છે? મનુષ્યોની રહેણી કહેણી ઉપર તેઓ કેવી મજબુત છાપ પાડી શકે છે? માટે વાંચકો! સ્ત્રી કેળવણીની અવશ્ય બહુ જરૂર છે, એવા નિર્ણય ઉપર સહેજે આવી શકાશે.

સાર—આ રીતે સ્ત્રી કેળવણી એટલી બધી મહત્વની છે તેનો ખ્યાલ વાંચનારા ભાઇબ્હેનોને સારી રીતે આવી શકે તો તેઓ સ્ત્રી કેળવણીના હીમાયતી બની સ્ત્રી કેળવણીને પુષ્ટિ આપવા પાછી પાની કેમજ કરે?

(૪)

આ જગતમાં દરેક પુરૂષને તેમજ સ્ત્રીને કેળવણી લેવાનો

હક છે અને તે પ્રમાણે તેઓ લે છે, પણ વિશેષ કરીને પુરૂષ-કેળવણીથી જે જે લાભો થાય છે તેના કરતાં સ્ત્રી કેળવણીથી ઘણે દરજ્જે બીજા મોટા લાભ થાય છે અને પુરૂષને મોટા ઐશ્વર્યપદને પ્રાપ્ત કરાવનાર મૂળ કારણ સ્ત્રી કેળવણીજ છે, કારણકે પુરૂષ જે ઘરમાં જન્મ લે છે તે ઘરમાં નાનપણથી પોતાની માતાના હાથતળે ઉછરે છે અને તેની જોરાવર અસર તેની કેળવણી ઉપર થયા વિના રહેતી નથી. તે દુનિયામાં નિરાધાર હાલતમાં દાખલ થાય છે અને કેળવણી તથા પોષણને માટે તેનો તમામ આધાર તેની આસપાસ જે મનુષ્યો હોય તેના ઉપર રહેલો હોય છે, અને આસપાસના માણસોમાં પોતાની માતાની હાજરી પ્રથમ હોય છે. તેથી ખરેખરી પ્રથમ અસર તેની માતાની તેને થાય છે અને તેની માતામાં જે જે ગુણો હોય છે તેનો ખરેખરો ચિતાર તેના બાલવયના પુત્રમાં પડે છે એમાં જરાએ આશ્ચર્ય નથી; કારણ કે આ સૃષ્ટિમાં દરેક વસ્તુનું બંધારણ અને સ્વભાવ ઘણું કરીને જે વસ્તુ તેની પાસે અને હંમેશાં સહવાસમાં આવતી હોય તેના જેવાંજ થાય છે, અને એથી ઉલટા થતા હોય તો તે અપવાદરૂપ છે. વળી બાળક જ્યારે અણસમજુ સ્થિતિમાં હોય છે ત્યારે તેને બોલવાની કે સમજવાની શક્તિ નથી હોતી. તે વખતે તો તે ફક્ત પોતાની નજીક જે પદાર્થ આવે છે તેનાજ ગુણ કે અવગુણને ગ્રહણ કરે છે; અને 'કીટભ્રમરના' ન્યાયે તે પદાર્થ જેવોજ બની રહે છે. તેમાં કંઇ આશ્ચર્ય નથી. જ્યારે આવું છે ' ત્યારે નાના બાળક અને બાળકીઓને વિદ્વાન અને દેશના શૃંગાર રૂપ બનાવવાને માટે પ્રથમ તેઓની માતાને સંગીન કેળવણી આપવાની ખાસ જરૂર છે; અને જ્યારે સંખ્યાબંધ માતાઓ કેળવણી પામેલી અને વિદ્વાન થશે ત્યારે તેઓના હાથ તળે ઉછરનાર છોકરાં પણ વિદ્વાન અને ડાહ્યાં થશે. તેમાં જરાએ શંકા જેવું નથી, એટલા માટે ગમે તે ઉપાયો યોજી સ્ત્રીઓને કેળવવી ઘટે છે.

સાર—સહૃદય ભાઇબ્હેનોને હવે દીવા જેવું સ્પષ્ટ સમજાવું જોઇએ કે યથાર્થ રીતે સ્ત્રીઓને કેળવવાનો પ્રયત્ન કર્યા વગર સમાજનો ઉદ્ધાર થવો સંભવિત નથી. કહ્યું છે કે 'શાણી માતા સો શિક્ષકોની ગરજ સારે છે.' એ વાત હવે હૃદયમાં ઠસાવો.

(૫)

શાસ્ત્રમાં જ્ઞાનની અધિકતા સ્થળે સ્થળે વર્ણવી છે. અને જ્ઞાન વિનાના મનુષ્યને પશુ સમાન ગણેલા છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मर्त्यलोके भूमिभारभूता, मनुष्यरुपेण मृगाश्चरंति ॥

અર્થ—"જેઓનામાં વિદ્યા, તપ, જ્ઞાન, શીલ, ગુણ અને ધર્મ નથી, તેઓ આ મૃત્યુલોકમાં પૃથ્વીને વિષે ભારભૂત થઇ મનુષ્યરૂપે મૃગો ચરે છે." અને તે ઉપરથી એમ સમજાય છે કે વિદ્યા વિનાના મનુષ્યને નીતિશાસ્ત્રકાર પશુસમાન કહે છે. વળી—

आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत् पशुभि र्नराणां ।
ज्ञानं नराणा मधिको विशेषो, ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥

અર્થ—'આહાર, નિદ્રા, ભય, મૈથુન, એ માણસો અને પશુમાં સરખા છે; પરંતુ માણસમાં જ્ઞાન અધિક છે, તેથી તેઓ ઉત્તમ ગણાય છે. માટે જ્ઞાન વિનાના મનુષ્યો પશુ સમાન છે.' એવો આ શ્લોકનો ભાવાર્થ છે.

બીજા જે જે ગુણો છે તે સર્વ ગુણોમાં જ્ઞાનગુણની અધિકતા છે. "જ્ઞાન સકળ ગુણ મૂળ રે" એ **વિજય લક્ષ્મીસૂરિનું** વચન પ્રસિદ્ધ છે. વિદ્યા ભણવાથી માણસને જ્ઞાનની કિંમત સમજાય છે, અને કયું જ્ઞાન ઉત્તમ છે તે સમજી શકે છે.

પોતાની એવી સમજણશક્તિ થયે તેઓ ધર્મ-જ્ઞાન મેળવવાને વધારે લાયક થાય છે. માણસ પોતાનો જન્મ ગમે તેવી મોટાઈ અને ગમે તેવી શ્રીમંતાઈમાં ગાળે પણ જો ધર્મજ્ઞાન હોય નહિ તો એ સર્વ જન્મ વૃથા છે. તે મનુષ્યભવને લાયક કૃત્ય કરી શકે નહિ, અને મનુષ્યભવ હારી જાય. સિંદુર પ્રકરણમાં કહ્યું છે કે-

मानुष्यं विफलं वदंति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो-
निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनीं ॥
दुर्वारं नरकांधकूपपतनं मुक्तिं बुधा दुर्लभां
सर्वज्ञः समयो दयारसमयो येषां न कर्णातिथिः ॥ १ ॥

અર્થ—' જે માણસને સર્વજ્ઞના દયારસમય સિદ્ધાંત કર્ણના અતિથિરૂપ થયા નથી. અર્થાત્ જેણે વીતરાગભાષિત સિદ્ધાંત શ્રવણ નથી કર્યા તેનો મનુષ્યજન્મ ડાહ્યા માણસો નિષ્ફળ કહે છે, તેનું હૃદય વ્યર્થ કહે છે, તેના કાનનું નિર્માણ વૃથા ગણે છે, તેઓનામાં ગુણ અને દોષનો ભેદ સમજવાની શક્તિનો અસંભવ ગણે છે, તેઓને નરકના અંધકૂપમાં પડવાનું દુઃખે વારી શકાય તેવું જણાવે છે અને તેઓને મોક્ષની પ્રાપ્તિ પણ દુર્લભ કહે છે. '

(૬)

જો કાંઈપણ વિદ્યાધ્યયન કર્યું ન હોય તો એવા કલ્યાણકારી સિદ્ધાંત સાંભળવાનો વખત કયાંથી આવે ? કોઇ કહેશે કે ગુરૂ મહારાજ ઉપાશ્રયમાં વ્યાખ્યાન વાંચતા હોય, ત્યાં જઇને સાંભળે, પણ તેનું નામ સાંભળવું નથી. સાંભળીને જે સમજી શકાય, અને જેનો સાર લઇ શકાય, તેનું નામજ સાંભળવું છે. કેળવણી વિના ગમે તેટલું શ્રવણ કરો પણ તેનો ખરો લાભ પ્રાપ્ત થવાનો નથી: દશ વૈકાલિક સૂત્રમાં " પ્રથમ જ્ઞાન અને પછી દયા." એવાં વચનો કહ્યાં છે; એ ઉપરથી સમજાય છે કે માણસને પ્રથમ જ્ઞાનગુણ પ્રાપ્ત કરવાનો છે. જેથી બીજા ગુણ તેની મેળે આવી મળે છે.

જ્ઞાનવાન માણસ દરેક કાર્યમાં પુણ્ય બંધજ કરે છે. કોઈ વખત તેને અકાર્ય કરવાનો વખત આવે તોપણ તે એવું નિબિડ પાપબંધન કરતા નથી. વંદિત્તા સૂત્રમાં કહ્યું છે કે-જ્ઞાનવાન્ મનુષ્યો કદાચિત્ અકાર્ય આચરણ કરે તો પણ સંસારનાં દુઃખ (વિપાક) થી ભયભીત રહે છે અને નિર્ધ્વંસ પરિણામ નહીં થતા હોવાથી તેઓને પાપકર્મનો અલ્પબંધજ થાય છે.

એ પ્રમાણે માણસ જ્ઞાનબળને લીધેજ--જ્ઞાનબળની અધિકતાને લીધેજ બીજાં પ્રાણી કરતાં ઉંચે દરજ્જે ગણાય છે. જ્ઞાનથીજ માણસ સર્વ પ્રકારનો વિવેક શીખે છે, જ્ઞાનથીજ શુદ્ધ દેવગુરૂ ધર્મને પિછાને છે, જ્ઞાનથીજ સંસારના પાપમય કૃત્યોથી દૂર રહેવાના વિચાર પ્રાપ્ત કરે છે, જ્ઞાનથીજ પોતાનાં ઉચિત કૃત્યને જાણે છે, જ્ઞાનથીજ મોક્ષ પ્રાપ્તિનાં સર્વ સાધન જાણી શકે છે, જ્ઞાનથીજ પોતાના આત્મ--સ્વરૂપને ઓળખે છે અને જ્ઞાનથીજ પોતે મોક્ષ મેળવવાનો અધિકારી થાય છે. જ્ઞાન વિના ગમે તેટલી ક્રિયાઓ કરે, જ્ઞાન વિના ગમે તેટલાં તપ તપે, અને જ્ઞાન વિના ગમે તેટલાં દાન આપે, પરંતુ તેનો જોઇએ તેવો અને જેટલો જોઇએ તેટલો લાભ મળી શકતો નથી. માટે જ્ઞાન એ સર્વોત્તમ અને સર્વ મનુષ્યોએ અવશ્ય પ્રાપ્ત કરવા લાયક છે; મનુષ્યમાં સ્ત્રી અને પુરૂષ બન્ને આવી જાય છે, તો પુરૂષે જ્ઞાન મેળવવું અને સ્ત્રીએ ન મેળવવું એમ હોવાનું કંઈપણ કારણ દૃષ્ટિગત થતું નથી. પરંતુ ઉપરની સર્વ વ્યાખ્યાથી એમ જણાય છે કે જ્ઞાન મેળવવાનો જેટલો હક્ક પુરૂષોનો છે, તેટલોજ સ્ત્રીઓનો છે; કારણકે આકાર, સ્વભાવ, લાગણી અને સમજણમાં બન્ને સરખાં છે. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું બન્નેને સરખી રીતે છે. કર્મજન્ય, સુખ, દુઃખ ભોગવવામાં બન્નેની એકજ રીત છે, અને શુભ અશુભ સર્વ ક્રિયાઓ પણ બન્ને સમાન રીતેજ કરે છે. અને તેનાં ફળ પણ બન્ને અને મોક્ષના અધિકાર પણ બન્ને સમાન રીતેજ ભોગવે છે, માટે જ્ઞાન પ્રાપ્ત કરી આત્મ સાધન કરવાનો જેવો હક્ક પુરૂષનો છે તેવોજ સ્ત્રીઓનો છે.

રાજેમતિ, સીતા, દ્રૌપદી, દમયંતી કલાવતી, સુભદ્રા, શ્રીમતી, મદનસુંદરી, સુરસુંદરી, ચંદનબાળા, મૃગાવતી વગેરે પૂર્વે થઇ ગયેલી શીલવંતી અને પરમ સાધ્વી સ્ત્રીઓના ચરિત્ર જોઇએ છીએ તો પ્રત્યક્ષ રીતે જણાય છે કે જે ગુણથી તેઓ જગતમાં સુકીર્ત્તિ મેળવી ગયેલ છે, અને જે ગુણથી તેઓ સદ્ગતિગામી થયેલ છે, તે સર્વ ગુણ જ્ઞાન ગુણથી જ પ્રાપ્ત થયા હતા.

અખંડ શીલવતી સતી રાજેમતિનો નેમનાથ ભગવાન સાથે વિવાહ થયો, લગ્ન નક્કી કર્યાં-નેમનાથ સ્વામી વરઘોડે ચઢી પરણવા ચાલ્યા પરંતુ ત્યાં પશુઓનો પોકાર સાંભળી તોરણથી રથ પાછો ફેરવી સંયમ લેવા ઉત્સુક થયા! પોતાને પતિએ છોડી દીધાથી રાજેમતીએ અત્યંત વિલાપ કરવા માંડ્યો, ત્યારે સખીઓએ અને કુટુંબી જનોએ તેણીને સમજાવવા માંડી અને અન્ય પતિ સાથે લગ્ન સંબંધી જોડાવા કહ્યું, પણ તેણીએ તેઓનાં વચન અંગીકાર ન કરતાં "જેની સાથે એક વખત સંબંધ જોડાયો, તેજ મારા પતિ, અને હવે જે એનો માર્ગ તેજ મારો માર્ગ."-એમ કહી પ્રભુને કેવળ*જ્ઞાન ઉત્પન્ન થયે છતે શ્રી રાજેમતિએ સંયમ અંગીકાર કર્યું.

(૯)

ચારિત્ર ગ્રહણ કર્યાં પછી ગિરનાર ઉપર ફરતાં એક વખત એકાંત ગુફામાં રહનેમીનો સંયોગ થયો. રહનેમી તેણીને એકાંત સ્થળમાં જોઈ વિષયાકુળ થયા, પરંતુ એવે અણીને સમયે પણ પોતે લેશ માત્ર પણ ન ડગતાં ઉલટા રહનેમીને સારી રીતે સમજાવી સંયમને વિષે સ્થિર કર્યા, એ સર્વે જ્ઞાન ગુણનાં જ ફળ હતાં.

* પુનર્લગ્નની હીમાયત કરનારા આ સંબંધે ધારશે તો ઠીક વિચાર બાંધી શકશે.

જેસમયે રામચંદ્રજીને વનવાસ જવાનું થયું. તે સમયે તેમણે સીતાને તેણીના પિતાને અથવા સાસરાને ઘેર રહેવા ઘણી રીતે સમજાવ્યાં. પરંતુ ત્યાં રહેવાથી જે સુખ મળે તે કરતાં પણ જંગલી પશુઓથી વસતા અને સુખદાયક પદાર્થના અભાવવાળા અરણ્યમાં પતિની સાથે રહેવાથી અને નિરંતર પતિસેવા કરવાથી પોતે વધારે સુખ માન્યું. વનમાંથી દુષ્ટબુદ્ધિ રાવણ કપટ કરી લંકામાં ઉપાડી ગયો, ત્યાં તેણે અનેક પ્રકારની લાલચ તથા ધમકી આપ્યા છતાં તેની સામે દ્રષ્ટિ સરખી પણ કરી નહિ, અને સંપૂર્ણ રીતે શીયલવ્રત જાળવી રાખ્યું. વનમાંથી પતિ સાથે અયોધ્યામાં પાછા આવ્યા પછી કોઇ દુર્જનના વચનથી પતિએ તેણીનો ત્યાગ કર્યો. તે સમય પણ ધૈર્યતાથી આનંદમાંજ ગુજાર્યો. અને પતિ ઉપર લેશ માત્ર અપ્રીતિ ન આણી, એ સર્વે જ્ઞાન અને તેથી પ્રાપ્ત થયેલા ઉત્તમ ગુણોનો જ પ્રતાપ હતો.

સતી દમયંતીમાં જ્ઞાનનો સદ્ભાવ ન હોત, તો જે સમયે નળરાજા દ્યુત ક્રીડામાં રાજ્યરિદ્ધિ સર્વ હારી ગયા, અને વનવાસ લેવાનો સમય આવ્યો ત્યારે તે પતિની સાથે વનમાં જવાને આનંદિત થાત? કદિ ન થાત; કારણ કે અજ્ઞાની સ્ત્રીઓ તો પતિને એવી રીતે વિપત્તિ પ્રાપ્ત થયે તેની ઉપર નિઃસ્નેહી થાય છે. વળી વનમાં ફરતાં ફરતાં જ્યારે નળરાજા તેણીને એક વિકટ અરણ્યમાં સુતી મૂકીને ચાલ્યા ગયા, ત્યારે પણ પોતે સંકટનો સર્વ વખત ધૈર્યતાથી ઉત્તમ ભાવનામાં ગુજાર્યો; કેટલેક સ્થળે શાસનની ઉન્નતિ કરી, કેટલાક માણસોને ધર્મ પમાડ્યો, અને શિયલવ્રત સારી રીતે જાળવી રાખ્યું; એ સર્વકાર્ય જ્ઞાન વિના જરા પણ બની શકત નહીં.

સતી કલાવતી લેશ માત્ર કલંકિત ન છતાં શંખરાજાએ તેણીને ખોટા વહેમથી વનમાં મોકલાવી દીધી. તે ગર્ભવતી હતી, તે વિષે જરાપણ વિચાર ન કરતાં તેણીના હાથ ચાંડાલો પાસે કપાવી નાંખ્યા! તેવે સમયે પણ લેશ માત્ર પતિનો દોષ ન

મોડા આવવાને માટે ઠપકો આપ્યો. તે સમયે તેઓએ પોતે સારી રીતે જ્ઞાન સંપાદન કરી વિનયગુણ મેળવ્યો હતો, તેથી શિખામણ દેનાર ગુરૂણીજી ઉપર ગુસ્સે ન થતાં પોતાની ભુલને માટે પશ્ચાત્તાપ કરવા માંડયો, અને તેમ કરતાં કેવળજ્ઞાન પ્રકટ થયું.

મયણાસુંદરીનું ચરિત્ર જ્ઞાનની જ પુષ્ટિ કરે છે. તેણીએ સકળ શાસ્ત્રનો અભ્યાસ કરી મેળવવા લાયક જ્ઞાન મેળવ્યું હતું, જેથી પિતાની અયોગ્ય તકરાર સામે વિનય પૂર્વક બાથ ભીડી. તેમ કરતાં પિતાએ રોગી શરીરવાળા શ્રીપાલ કુંવર વેરે તેને પરણાવી. તેણીએ તેથી પણ આનંદ માન્યો. તેવા રોગી પતિનો અસહ્ય રોગ પોતાના જ્ઞાનથી મટાડવાનો વખત આણ્યો, પિતાનું કુળ અજવાળ્યું, પતિનું કુળ પ્રસિદ્ધ કર્યું, અને પોતે મેળવેલા જ્ઞાનની બલિહારી કહેવરાવી. વળી જે દિવસે શ્રીપાળ દેશાટન કરી પોતાને ગામ પધાર્યા છે, અને બહાર મુકામ કરી રાત્રે એકલા ઘેર જોવા આવ્યા છે, તે સમયે મયણાસુંદરી સાસુને તે દિવસે પૂજામાં ઉત્પન્ન થયેલા ભાવને લીધે પ્રાપ્ત થયેલા અપૂર્વ આનંદથી ઇષ્ટજનનો યોગ આજેજ થવો જોઇએ, એવી વાત કરે છે; તે વાત સાંભળી શ્રીપાલ કુંવર અત્યંત ખુશી થયા, અને તરતજ ઘરમાં દાખલ થઈ સ્ત્રીનું વચન સત્ય કરી બતાવ્યું. જો મયણાસુંદરી જ્ઞાનવતી ન હોત તો પૂજામાં તેને આવો ઉલ્લાસ પણ કયાંથી થાત ? જ્ઞાનનાં ફળ તો અપૂર્વ છે.

દ્રૌપદીએ સંપૂર્ણ રીતે જ્ઞાન સંપાદન કર્યું હતું, તો વિવાહ સમયે પણ પ્રભુની પૂજા કરવાના ભાવ ઉત્પન્ન થયા હતા; જે કાર્યથી સિદ્ધાંતમાં પણ તેના ગુણ ગવાયા. વળી વનમાં પતિની સાથે ફરી આનંદ માન્યો. દુર્યોધનની સભામાં પણ વસ્ત્રો ખેંચાતાં, દેવના પ્રભાવે વસ્ત્ર મેળવી શિયલ વ્રતની સિદ્ધિ કરી બતાવી. એ સર્વે જ્ઞાનનો પ્રતાપ જાણવો. બીજી સ્ત્રીઓ એક પતિની પણ સેવા સંપૂર્ણપણે બજાવી શકતી નથી, પણ

તેણીએ પાંચ પતિની સેવા સંપૂર્ણ રીતે બજાવી છે.

આવાં સર્વ ચરિત્રો ઉપરથી સિદ્ધ થાય છે કે, જે જે સ્ત્રીઓ સતી રૂપે ગણાઇ છે, જે જે સ્ત્રીઓએ સત્કાર્યો કરી પોતાનાં નામ અમર કર્યાં છે, અને જે જે સ્ત્રીઓ ધર્મને વિષે દૃઢ રહી સદ્‌ગતિગામી થયેલ છે, તે સર્વે જ્ઞાનવંતી એટલે ભણેલી હતી. અને જ્ઞાનગુણને લીધેજ તેનામાં બીજા સર્વ ગુણો આવી રહ્યા હતા. ગૃહસ્થાશ્રમ પણ જ્ઞાનવાળી સ્ત્રીથી જ સારી રીતે ચાલે છે. એક વિદ્વાન ગ્રંથકારે લખ્યું છે કે,—" સ્ત્રીને કેટલાં કામ કરવાં પડે છે, તે જુઓ. છોકરાં ઉછેરવાં, કુટુંબના વડીલોનું કામ ઉપાડવું, ચાકરો ઉપર સત્તા રાખવી, ઘર ધંધામાં પ્રવીણ રહેવું, ઘરની અને ઘરના સામાનની સંભાળ રાખવી, ઘરમાં આવતાં જતાં માણસ આગળ ઘરનું નાક રાખવું, અને તે બધું જાતે મર્યાદા પાળી કરવું, અને પતિ પ્રમુખ પૂજ્ય જનોનું દીલ પ્રસન્ન રહે તેમ ડહાપણથી ચાલવું. આટલું તો એક સામાન્ય સ્ત્રી કરે છે; અને તે સાથે લોકના બોલ સહન કરવા, ઘરમાં જુલમ અને અપમાન ખમતાં ગમ ખાઇ જવી, પોતાના દુઃખને ગણવું નહિ, મન અને પેટ બે મોટાં રાખવાં; એ બધું પણ સ્ત્રીને કરવું પડે છે, અને તેટલું જો તે કરે તોજ સ્ત્રીને સ્ત્રી કહેવી. ગૃહસ્થાશ્રમમાં રહેનારી સ્ત્રીઓને માથે ઘર સંસાર સુખે ચલાવવામાં ઉપર કહી તેટલી ફરજો છે, અને એ સર્વે જો કેળવણી લીધી હોય તો જ ખરી રીતે બજાવી શકાય છે. કેળવણી લીધા વિનાની સ્ત્રીથી એવી રીતે પોતાની ફરજો બજાવી શકાતી જ નથી અને તેથી તેનો ઘરસંસાર વગોવાય છે. જે દંપતીમાં જોડાએ તેવો પ્રેમ હોતો નથી, તેને ઘણી જાતનાં દુઃખ ઉત્પન્ન થાય છે. યુરોપના એક પ્રસિદ્ધ પુરૂષ નેપોલિયન બોનાપાર્ટે તો દેશની સારી સ્થિતિ થવામાં પણ સ્ત્રી કેળવણીજ મુખ્ય ગણેલી છે તે વિષે કહેવાય છે કે—

" કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, ઘો માતાને જ્ઞાન."

(૧૨)

વિચાર કરતાં એ સર્વ વાત સત્યજ જણાય છે. આવી રીતે સ્રી કેળવણી એ ઉત્તમ છે, તેની અવશ્ય જરૂર છે. આ ભવ સંબંધી સુખ પામવામાં અને પરભવે સદ્ગતિ પામવા માટે સંસારમાં રહીને ધર્મ સાધન કરવામાં પણ એજ મુખ્ય સાધન છે. પૂર્વે એ રીતિ હતી, શાસ્ત્રકાર એમાં સંમત છે, અને હાલના વિદ્વાનો પણ એથી ઘણા પ્રકારના ફાયદા માને છે.

હવે સંસાર ચલાવવામાં તથા સંસારીને ધર્મ સાધન કરવામાં કેળવણી પામેલી સ્રીથી કેટલી તરેહના ફાયદા છે, અને કેળવણી પામ્યા સિવાયની સ્રીથી કેટલી તરેહના ગેરફાયદા છે તે તપાસીએ.

સ્રીઓની પહેલી અવસ્થા તે પુત્રીરૂપ અવસ્થા છે. તે અવસ્થામાં તેને કેળવણી લેવાની-વિદ્યા ભણવાની ખરેખરી જરૂરીયાત છે; કારણ કે બાલ્યાવસ્થા વીત્યા પછી જે અવસ્થા પ્રાપ્ત થવાની છે, તે અવસ્થા સુખરૂપ ગુજરે, તેવાં સાધનો વિદ્યા ભણ્યા વિના પ્રાપ્ત થતાં નથી. વિદ્યા બુદ્ધિને ખીલવે છે, અને તેથી જ બાળકીઓ સમજુ અને વિચારવાન થાય છે. ડહાપણ, સદ્ગુણ, વિવેક, વિચાર, ખરૂં-ખોટું સમજવાની બુદ્ધિ એ સર્વે વિદ્યાથીજ પ્રાપ્ત થાય છે. કલેશ કંકાસને નાશ કરનાર, હેત પ્રીતિને વધારનારં અને સર્વનો સાથે યોગ્ય રીતે વર્તવાનું શીખવનાર વિદ્યા જ છે. વિદ્યાથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. છોકરીઓને વિદ્યા ભણાવવી તે કાંઇ નોકરી કરાવવા માટે અથવા ગુજરાન ચલાવવાને વ્યાપાર કરાવવા માટે નથી, પરંતુ તેઓને ઉંચા પ્રકારની સમજશક્તિ પ્રાપ્ત કરાવવાને છે, જેથી તેઓ ઘર કામની આવડત, રસોઇ કરવાની

રીત, ભરત શીવણ, ખર્ચખૂટણ ચલાવવાની કુશળતા, પત્ની તરીકેની પોતાની ફરજ, નમ્રતા, સભ્યતા, નીતિ, જ્ઞાન વગેરે સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે; અને સાથે દેવદર્શન, પ્રભુ સ્તુતિ, પ્રતિક્રમણ વગેરે નિત્ય ધર્મકૃત્યો પણ સારી રીતે કરી શકે છે. અદબથી બેસવું, મર્યાદાથી બોલવું, થોડું ને ધીમે બોલવું, ખડખડ ન હસતાં સકારણે મંદ હાસ્ય કરવું, સૌની ઉપર દયાભાવ બતાવવો, માતાને ઘર કામમાં મદદ કરવી, વગેરે બાબતો ભણેલી બાળકીઓ સારી રીતે કરી શકે છે.

વિદ્યા ભણ્યા વિનાની, વિદ્યા ઉપર પ્રીતિ વિનાની, અથવા વિદ્યા ભણવા નહિ જનારી બાલકીઓ ઉઘાડે શરીરે શેરીઓમાં-ધુળમાં ઢીંગલા ઢીંગલીની રમતો રમે છે, પાંચ સાત છોડીઓ ટોળે મળી કુદે છે, નકામા ચાળા ચેષ્ટા કરે છે, કુટે છે, બેઅદબી રાસડાઓ ગાય છે, નઠારાં ગીતો ગાતાં શીખે છે, અને એવી નાદાની ભરેલી રમતોમાં સઘળો વખત ગુજારે છે. કેટલું-એક ઘર કામ શીખે છે, તે પણ રીતસર ન હોવાથી તેનાં કરેલાં કામો યોગ્ય હોતાં નથી.

(૧૩)

ખરેખરી રીતે જોતાં ભણ્યા વિનાની દીકરીઓનો વખત નકામો જાય છે; અને જે રીતે હાલમાં તેઓ રમે છે, અને પોતાની બાલ્યાવસ્થા ગુજારે છે, તે રીતથી તેઓના મન ઉપર ઉલટી ખરાબ અસર થાય છે. ઘરનાં અને પારકાં માણસો સાથે વઢતાં, વેધવચકો પાડતાં અને નકામાં બેશી રહેતાં શીખે છે, અને સઘળા એ દુર્ગુણો મ્હોટી ઉંમરે દુઃખ રૂપ થઈ પડે છે. ઘેર કોઇ પરોણા અથવા પરાયા માણસ આવે તો તેની સાથે કેવી સભ્યતાથી વર્તવું, અથવા કેવી નમ્ર રીતે બોલવું, તે સંબંધિ અભણ છોડીઓને બીલકુલ ખબર પડતી નથી; પણ કાંતો અજાણ્યા માણસ પાસે બોલ્યા ચાલ્યા વગર મુંગી બેશી રહે છે, અથવા તેઓના દેખતાં તોફાન, કજીયા,

કંકાસ કરી ઘરનો પોગળ ખોલે છે. બાળપણામાં એવી જીંદગી ગુજારતાં કેટલીક કુટેવો પડી જાય છે, આગળ જતાં તે કુટેવે વધીને વ્યવહારમાં નિંદા થાય તેવાં કાર્યો કરાવે છે. મોટી ઉમરે નિર્લજ્જ ફટાણાં ગાવામાં ઘણી સ્ત્રીઓની બહુ ઉત્સુકતા દેખાય છે, તે આવી કુટેવોનાં ફળ સમજવાં. માટે પુત્રીરૂપ અવસ્થામાં જો વિદ્યા ભણાવવામાં વખત ગાળે તોજ તેની તે અવસ્થા લાયક રીતે પસાર કરી ગણાય. લખતાં-વાંચતાં શીખવું એનું નામ ભણવું અથવા કેળવણી લીધી ન ગણાય, પરંતુ નિશાળની રીતે લખવા વાંચવાનું જ્ઞાન મેળવી, જે ખરૂં ભણતર ભણવું જોઇએ તે એ કે નીતિવાન થવું જોઇએ. તે પ્રાપ્ત થાય તોજ કેળવણી લીધી કહેવાય. તેમ થાય તોજ રીતભાત સુધરે, મન શક્તિ વધે, સુઘડતા આવે, આવડત વધે અને સઘળાં કામો સહેલાઇથી કરવાની ટેવ પડે. ધર્મજ્ઞાન પણ એજ રસ્તે પ્રાપ્ત થાય છે. વિદ્યામાં પ્રવેશ કર્યા વિના ધર્મજ્ઞાનની કાંઈ સમજણ પડતી નથી. અને તેથી દહેરે, ઉપાશ્રયે કદાચ જાય, તો પણ ત્યાં કેવી રીતે વિનય સાચવવો, કેવી રીતે વંદન કરવું, કેવી રીતે સ્તુતિ કરવી. કેવી રીતે ક્રિયા કરવી, તે કાંઈ આવડતું નથી. ઘેર મુનિ મહારાજ વહોરવા આવ્યા હોય, તો તેમને કેવી રીતે વહોરાવવું ? તેમનો કેવી રીતે વિનય સાચવવો ? અથવા મુનિ મહારાજોને આહાર આપવાથી શું લાભ છે ? તે અભણ બાળીકાઓને કાંઈ ખબર હોતી નથી. વિદ્યા પ્રાપ્ત કરી હોય, તેને એ સર્વ વાતો સુગમ છે. વળી લાયક ઉમર થયે સાસરે જવાનું થાય છે, તે ત્યાં જઈ પોતાને શું કરવાનું છે ? પિયર અને સાસરામાં તથા દીકરી અને વહુપણામાં કેટલો ફેર છે ? માબાપ અને સાસુ સસરામાં કેટલો અંતર છે ? સ્વામી પ્રત્યેનો પોતાનો શું ધર્મ છે ? એ સર્વ બાબતોની કેળવણી લીધા વિના જરાપણ સમજ આવતી નથી.

(૧૪)

વડીલ અને પિતાની આજ્ઞા નહિ માનનારી કેટલીક સ્ત્રીઓ જોવામાં આવે છે. તે સર્વ પુત્રીરૂપ અવસ્થામાં કેળવણી ન લીધાનાં તથા ખોટી રમત ગમતમાં વખત ગુજાર્યાનાં ફળ છે. કોઈ કહેશે કે છોડીઓ બાળપણથી ભણવામાં જ વખત કાઢે, તો દળવું, વીણવું, ઝાટકવું, ઘર સાફસુફ રાખવું, રસોઈ કરવી એ વગેરે કામો ક્યારે શીખે ? તો તેના ઉત્તરમાં એટલુંજ કહેવાનું છે કે—ભણવામાં સઘળો વખત જતો નથી, અને તેથી બાકીના વખતમાં સર્વ કામ ખુશીથી શીખી શકાય છે. એટલુંજ નહિ પણ ભણેલી છોડી તેવાં કામો સહેલાઈથી થોડા વખતમાં શીખી શકે છે, અને કરી પણ શકે છે; કારણ કે અભણ અને રઝળનારી છોડીઓ બેદરકારીથી કામ કરે છે, અને ભણેલી ઉદ્યોગ અને ખંતથી કરે છે. માટે કેળવણી લીધા વિના-વિદ્યા ભણ્યા વિના પુત્રીરૂપ અવસ્થામાં જે કર્ત્તવ્ય છે, જે ભણવાનું છે, જે સમજવાનું છે, તેમાંથી કંઈપણ બનતું નથી; અને પાછલી અવસ્થામાં ઘર સંસાર ચલાવવો તેમાં તથા ધર્મધ્યાન તથા આત્મસાધન કરવામાં પૂરેપૂરી ખામી આવે છે. તેથી પુત્રીરૂપ અવસ્થામાં વિદ્યા ભણવાની અને જૂદા જૂદા પ્રકારની કેળવણી લેવાની મુખ્ય ફરજ છે, અને તે ફરજ બજાવ્યાથી જ બાળાઓનો સંસાર સુખ રૂપ થશે, તેઓને આત્મસાધન સારી રીતે થશે, અને તેઓ પરભવે સદ્ગતિ પામશે.

ગૃહિણીરૂપ અથવા સ્ત્રીરૂપ અવસ્થા એ સ્ત્રીઓની બીજી અવસ્થા સમજવી. સાસરે આવ્યા પછીથી તે પુત્રવતી થતાં સુધીના સમયનો એ અવસ્થામાં સમાવેશ થાય છે. એ અવસ્થાની શરૂઆતમાં સ્ત્રીઓને એક ઘર છોડી બીજે ઘેર જવાનું હોય છે. એટલે પિતાનું ઘર છોડી સાસરે જવાનું થાય છે. આ વખતે કેટલીક યુવતીઓ તોફાન કરે છે, અને મહા મહેનતે

સાસરે જાય છે. એ સર્વ અવિદ્યાનાં ફળ સમજવાં. કારણ કેળવણી લીધી હોય તો સમજવામાં આવ્યુંજ હોય કે બાળાને લગ્ન થયા પછી પિતાનું ઘર છોડી, સાસરાને ઘેર જવું અને તેને પોતાનું ઘર સમજવું, એ તેની મુખ્ય ફરજ છે અભણ સ્ત્રી આ ફરજ સમજતી નથી, અને તેથી જ તે સાસરે જતાં આડાઈ કરે છે. સાસરે ગયા પછી ત્યાં તેને નવાં માણસો સાથે પ્રસંગ પડે છે. અને તે નવાં માણસો માંહેના પતિને કેવી રીતે માન આપવું, સાસુ સસરાની કેવી મર્યાદા જાળવવી, દીયેર, જેઠ, તેની સ્ત્રીઓ અને નણંદ વગેરે બીજા કુટુંબી સાથે કેવી રીતે મિલનસાર થવું; આ બાબતની સંપૂર્ણ માહિતી મેળવવી જોઇએ. અને તે કેળવણીથી જ સંપૂર્ણ મળી શકે. કેટલીક સ્ત્રીઓ તો પતિને શી રીતે માન આપવું તે જાણતી જ નથી. પતિમાં કાંઇ દોષ હોય, કાંઇ ખામી હોય, તો તેથી તેની ઉપર જોઇએ તેવી પ્રીતિ રાખતી નથી, પરંતુ આવે વખતે તેણે સમજવું જોઇએ કે, પતિવ્રતાપણું એજ સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે. જેની સાથે લગ્ન સંબંધ થયો હોય, તે પતિની સાથે નિર્મળ પ્રીતિ રાખી, તેની ઇચ્છા પ્રમાણે વર્તવું એ તેની ફરજ છે.

(૧૫)

લગ્ન થયા પછી વર ગમે તેવો હોય તો પણ મયણાસુંદરીની પેઠે તેની ઉપરથી પ્રીતિ ખસેડવી જ જોઇએ નહિ. નીતિ વિરૂદ્ધ ચાલવાથી ઘર સંસાર બગડે છે, પાપ બંધાય છે, ભવાડા થાય છે, અને બીજાં ઘણાં નુકશાન ભોગવવાં પડે છે. સત્યવડેજ પ્રીતિ ટકે છે, અને જ્યાં સુધી પ્રીતિની ગાંઠ હોય ત્યાં સુધી જ સંસાર સુખે ચાલે છે; તે તુટ્યા પછી તો કલેશ, કંકાસ, વૈરભાવ, ચીઢીયાપણું, ક્રોધ વગેરે પ્રવેશ કરે છે, અને તેથી ઘણા પાપના ભોક્તા થવું પડે છે. પતિ પ્રેમમાં ખામી પડવાથી જે સંસાર નિર્મળ ગૃહસ્થાશ્રમ પાળી પૂણ્ય

ઉપાર્જન કરવા માટે છે, તે પાપમય થાય છે; કુસંપ તો ઘરમાં રાજ્ય કરે છે, અને તેથી જગતમાં આંગળી ચીંધણાં થાય છે એટલું જ નહિ, પરંતુ ઉગતો ઘરસંસાર મૂળમાંથી જ કોહોવા માંડે છે. કદાપિ ધણી અણસમજુ કે દોષવાળો હોય તો તેના ઉપર કંટાળો ન આણતાં સુધારવા પ્રયત્ન કરવો અને બનતી રીતે ધર્મસાધન કરવું જેથી સ્વયમેવ કલ્યાણ થાય. વળી એમ વિચારવું કે, માણસ માત્ર સંપૂર્ણ રૂપગુણવાળા નથી, તો ટુંકા જીવતરને માટે પોતાની ફરજ ચૂકી શરીર મન બગાડવાં અને ધર્મનું ઉલ્લંઘન કરવું એ શું ? એવું હોય ત્યારે નીતિના–વિદ્યાના જ્ઞાનના દિલાસાવડે માર્ગ વિરૂદ્ધ થનારા મનને અંકુશમાં રાખવું. કારણ કે નીતિ અથવા ધર્મ વિરૂદ્ધ વરતવાથી લોકમાં ફીટકાર મળે છે, અને પરભવે નીચ ગતિ પ્રાપ્ત થાય છે. પતિમાં કાંઇ ખામી જણાય ત્યારે આવા વિચાર કરી તેની ઉપર દૃઢ પ્રીતિવાળા થવું, એ કુલીન સ્ત્રીઓની ફરજ છે; પરંતુ અભણ સ્ત્રીઓ આવો સ્ત્રીધર્મ સમજતી નથી, અને તેથી એવો કાંઇ પ્રસંગ હોય છે, તો તેનો ઘરસંસાર પ્રથમથી જ બગડે છે, એટલુંજ નહિ પણ તે સ્ત્રી મનુષ્ય ભવમાં જે ફરજ બજાવવાને–જે ધર્માચરણ પાળી સુગતિગામી થવાને અવતરી હતી, તે પ્રમાણે ન થતાં આખો જન્મારો પાપકારી કાર્યોમાં અને આર્ત્ત, રૌદ્ર ધ્યાનમાં પૂરો થાય છે. જો સ્વભાવથી જ કોઇ ડાહી હોય, અથવા ભલાં માબાપને ઘેર ઉછરેલી હોય તો પોતાનો સંસાર ડહાપણથી ચલાવવા મથે છે; પરંતુ એનાથી કેળવણીથી મળતા લાભ મેળવી શકાતા નથી. જૂદા જૂદા સ્વભાવ, જૂદી જૂદી સંગતિ અને નીતિ જ્ઞાનનાં તથા ધર્મ જ્ઞાનનાં પુસ્તકોથી માણસની સ્થિતિ, સ્વભાવમાં ફેર પડે છે; પણ અભણ સ્ત્રીને કોનો સંગ કરવો, તે ખબર પડતી નથી; શું વાંચવું તેની ખબર હોતી નથી અને થોડો ઘણો વખત ગાડરીયા પ્રવાહની પેઠે ઉપાશ્રય વગેરેમાં જાય છે તો તેથી પણ થવો જોઇતો લાભ થતો નથી.

સાસરે રહેતાં શીખ્યા પછી પતિ સિવાય સાસરાના ઘરનાં બીજા માણસો સાથે પ્રસંગ પડે છે. આમાં પણ કેટલીએક અભણ, નિંદાખોર સાસુ નણંદો હોય છે, તો તે આવનારી વહુઓને મ્હેણાં મારી તેની ઉપર હુકમ ચલાવી ઘણી રીતે કનડે છે. અભણ વહુ આ સઘળું સહન કરી શકતી નથી અને તે પોતાની સહીપણીઓ, પાડોસણો આગળ જઈ ઘરનું દુઃખ રડે છે, અને તેઓ પણ અભણ હોવાથી સાચો માર્ગ ન બતાવતાં ઉલટી શીખામણ આપી સાસુ નણંદ સાથે વઢવાનું શીખવે છે; આમ તેનું ઘર ચગડોળે ચડે છે અને નિરંતર કલેશ કંકાસ કરી પાપ ઉપાર્જન કરે છે. ભણેલી એ બધું સહન કરી સામા માણસોને ધીમે ધીમે સુધારી પોતાના ઘરને અમૂલ્ય સુખરૂપ બનાવે છે, અને પાપથી બચે છે.

(૧૬)

સૂવાનો વખત એજ સ્ત્રીઓને વરની સાથે વાતચીત કરવાનો અથવા સુખ ભોગવવાનો હોય છે. આપણા રિવાજ પ્રમાણે એ સિવાય બીજે વખતે સ્ત્રી પુરૂષથી વાતચીત થઇ શકતી નથી, અને તેથીજ દંપતિનાં સુખનો એટલો એજ વખત ગણાય છે. પણ એમાંએ સુખ કયાંથી? અભણ સ્ત્રી એ વખતે આખા દિવસના કંકાસનો ઇતિહાસ, મનના દુષ્ટ ઉભરા વરની આગળ કાઢવા માંડે છે, અને પરિશ્રમથી કંટાળેલા પતિને વિશ્રામને બદલે વધારે કંટાળો આપી—

वरं पर्वत दुर्गेषु, भ्रांतं वनचरैः सह,
न मूर्ख जन संपर्कः सुरेंद्र भवनेष्वपि ।

એ શ્લોકનું ભાન કરાવે છે. પતિ જો કાંઇ સહનશીલતાવાળો હોય છે, તો એ સઘળું સાંભળ્યું ન સાંભળ્યું કરી તેની ઉપર વિસ્મૃતિનો પડદો નાંખે છે, અને તેમ ન હોય તો વળી ત્યાં નવો જ રંગ નીકળે છે. ભણેલ દંપતી હોય ત્યાં આવું

કાંઈપણ બનતું નથી; તેઓ આવી વાત જ્યાં થઈ હોય ત્યાં જ દાટી દે છે. આ સમયે તો તેને સંભારતાં પણ નથી અને પ્રેમચર્ચા, જ્ઞાનચર્ચા, કે ધર્મચર્ચાનો વિનોદ કરે છે, એટલું જ નહિ પણ વગર કહે એક બીજાનું એવું ખરૂં દુઃખ જાણવામાં આવ્યું હોય છે, તો તે વિષે ધીરજ આપી શાંતિનું પોષણ કરવામાં આવે છે.

વર્ષ થતાં જાય છે તેમ યુવાન સ્ત્રી, સસરાના પાડોશની, સગાં વહાલાંની અથવા બીજી ઓળખાણવાળી સ્ત્રીઓના પ્રસંગમાં આવવાની, છૂટ મેળવતી જાય છે. તેમાં અભણ સ્ત્રીઓ કોઇના ઘરની, કોઇના નવા સાસરે રહેવાની, કોઈની ખોટી નિંદા-પ્રશંસાની, કોઇના દુરાચારની, કોઈનાં ઘરેણાંની, કોઈના સુખની, કોઇને ગર્ભ રહ્યાની, એવી એવી વાતો કરે છે, અને તેનું પરિણામ એ આવે છે કે, એમાંથી ઘણી સ્ત્રીઓ બગડે છે. પોતાના પતિ પ્રત્યેની પોતાની ફરજનું ઉલ્લંઘન કરે છે અને પોતાનો ધર્મ તદ્દન ચૂકી જાય છે. ભણેલી સ્ત્રી સારી સંગતિ શોધે છે; વ્યાખ્યાન, રાસ વગેરે કાંઇ ધર્મ પુસ્તકો વંચાતાં હોય તો ત્યાં સાંભળવા જાય છે; તેવો પ્રસંગ ન હોય તો પોતે સારાં સારાં પુસ્તકો વાંચે છે અને પોતાને લાભ થાય તેવી સ્ત્રીઓની સાથે બેસે છે, એટલું જ નહિ પણ પોતામાં પ્રૌઢ જ્ઞાન હોય, તો પોતાની સંગતમાં આવતી અભણ સ્ત્રીઓને ઉલટી સુધારે છે.

કામકાજ કરવામાં સાસુ વગેરે બે વચન કહે તો તે સાંભળવાં, સહન કરવાં, અને તેમાંથી ગુણ ગ્રહણ કરવો. "વહુએ ઘરનો ભાર ઉઠાવી લીધો." એવું નવી આવનારી સ્ત્રીએ જલદી કહેવરાવવું જોઇએ; કારણ કે ઘર કામમાં વિશેષ ધ્યાન આપવું, એ તેની ફરજ છે. જેમ પુરૂષ બહારનાં કામકાજ કરે છે, તેમ સ્ત્રીએ ઘરનાં કામકાજમાં ચપળતા તથા હોંશિયારી બતાવી યશ મેળવવો અને પતિની આવક પ્રમાણે

ખર્ચ ચલાવવો, એ તેની ફરજ છે. ઘરની વસ્તુઓની ગોઠવણુ, દેખરેખ, સ્વચ્છતા એ સર્વ એવી રીતે થવું જોઇએ કે પરાયાં માણસો ઘર જોઇ પ્રશંસા કરે. યુવતી સ્ત્રીઓ અભણ હોવાને લીધે પોતાની આ ફરજ સમજતી નથી, તેથી ઘર કામમાં જે કાળજી રાખવી જોઇએ તે રાખતી નથી અને નકામી કુથલી કરવામાં વખત કાઢે છે અને પછી તો એવી ટેવ જ પડી જાય છે.

(૧૭)

એવી ટેવ પડ્યા પછી તો ઘરકામ ભારે થઇ પડે છે, અને ઘરને ઘોલકું બનાવી દે છે. ભણેલી અને અભણ, ચપળ અને આળસુ, ડાહી અને મૂર્ખ સ્ત્રીઓના આવા નમુના સ્થળે સ્થળે જોવામાં આવે છે. આપણી કોમમાં સ્ત્રી કેળવણીનો અભાવ વિશેષ હોવાથી ઘણાં દૃષ્ટાંત ઉત્તમ ગૃહને બદલે કલેશ-મય ગૃહનાં છે. આ તો સિદ્ધાંત છે કે અભણ સ્ત્રીઓથી ધર્મ-વ્યવહાર બરાબર જળવાતોજ નથી, અને તેથી પોતાનો પરમ ધર્મ પાળવામાં સંપૂર્ણ ખામી આવે છે; કારણ કે પાણી કેમ ગળવું ? ભોજન દોષ રહિતપણે કેવી રીતે નિષ્પન્ન કરવું ? અનાજ કઠોળ કેવી રીતે સંઘરવાં ? અથાણાં વિગેરેને કેવી રીતે જાળવવાં ? ચંદરવા કયાં કયાં બાંધવા ? વગેરે હકીકત અભણ સ્ત્રી જાણતી નથી, તેથી વારંવાર અભણ સ્ત્રીથી હિંસા વગેરેના કાર્યો થઇ જાય છે અને શ્રાવક ધર્મનું પણ ઉલ્લંઘન થાય છે. શ્રાવક ધર્મ શી રીતે જળવાય ? એ ભણ્યા વગર ખબર પણ કયાંથી પડે ? અહા, અભણ સ્ત્રીથી આ કેવો મોટો દોષ થાય છે ! કારણ કે તે એકલી દોષિલી થાય છે એમ નહિ, પણ ઘરનાં માણસો પણ તેની અજ્ઞાન ક્રિયાથી દોષવાળી વસ્તુના ભોક્તા થાય છે અને અનર્થ દંડ દંડાય છે. સ્ત્રીઓને વળી લુગડાં ઘરેણાંનો ઘણો કોડ હોય છે. તેઓને નવાં નવાં લૂગડાં ઘરેણાં પહેરવાની વારંવાર ઇચ્છા થાય છે.

જો પોતે વિદ્વાન અથવા ગુણવાન હોય તો સમજે કે સ્ત્રીઓને શિયલ ગુણ વગેરે પરમ આભૂષણ છે, પરંતુ વિદ્યાની ખામી હોવાને લીધે તેવી સ્ત્રીઓ આડોશી પાડોશીનાં અથવા જ્ઞાતિની સ્ત્રીઓનાં એવાં લૂગડાં ઘરેણાં જોઇ, પોતાને પણ તેવાં કરાવી આપવાની પતિ પાસે જીદ કરે છે. જીદ કરે છે એટલુંજ નહિ પણ પતિની સ્થિતિનો કાંઇ પણ વિચાર કર્યા વગર કંકાસ કરી તેવી વસ્તુ મેળવે ત્યારેજ શાંત રહે છે; અને પતિને પોતાના બેવકૂફી ભરેલા વિચારથી પરાણે કરજના બોજામાં ઉતારે છે. જે સ્ત્રી ગૃહસ્થાશ્રમમાં સુખરૂપ થઇ પડવી જોઇએ, તે અભણ હોવાથી ઉલટી આમ દુ:ખ રૂપ થઇ પડે છે. આથી ગૃહવ્યવહાર વધારે ખારો થતો જાય છે.

યુવાન સ્ત્રીઓ લગ્નાદિ પ્રસંગે ગીત ગાવામાં મોટો લ્હાવો સમજે છે. આમાં પણ સમજુ ને અણસમજુ સ્ત્રીઓ ડાહ્યા માણસને જૂદા જૂદા અનુભવ કરાવી વિદ્યા અવિદ્યાનાં ફળ પ્રત્યક્ષ બતાવી આપે છે. જે સમય હર્ષનો, જે સમયે માંગલિક ગીત ગાવાં જોઇએ, તેજ સમયે અભણ સ્ત્રીઓ નિર્લજ ફટાણાં-કનિષ્ટતા બતાવનારાં ગીત ગાય છે, અને મોહની કર્મનો ઉત્કૃષ્ટબંધ ઉપાર્જન કરે છે. પોતાને ઉત્તમ કહેવરાવનારા નિર્લજ પુરૂષો આ સાંભળી રહે છે. આ કેવી શોકજનક વાત છે! આ સર્વ અજ્ઞાનતાનાંજ ફળ છે. જૈનોમાં પુરૂષ વર્ગમાં પણ જ્ઞાનની ખામી છે તેથીજ આવા નિંદ્ય રિવાજ ટકી રહ્યા છે, નહિ તો પુરૂષની નજર આગળ બનતા આવા અઘટીત બનાવો કેમ ટકી રહે? ભણેલી સ્ત્રી કોઇ ઠેકાણે-કોઇ વખતે નજરે પડી હશે તો વાંચનાર? તેં તેનો અનુભવ જોયો હશે. એમાં વધારે વિવેચનની જરૂર નથી. આશ્ચર્ય માત્ર એટલુંજ છે કે, વિદ્યા અવિદ્યાનાં આવાં પ્રત્યક્ષ ફળ દેખાયા છતાં પણ બાળકીઓને-ઉંચા પ્રકારનું નીતિજ્ઞાન-ધર્મને પણ પુષ્ટિ આપે તેવું જ્ઞાન આપવાની બાબતમાં જૈન માબાપોનાં હૃદય કોણ જાણે કેમ ખુલતાં નથી?

(૧૮)

સાસરે રહ્યાને બે ત્રણ વર્ષ થયાં, અને સંતતિ ન થઇ, તો તુરત અભણ યુવતી મુંઝાવા માંડે છે. જાણે પુત્ર, પુત્રી થવાથી જ મનુષ્ય ભવની સફળતા હોય, જાણે તેથી જ સઘળા પ્રકારનું સુખ મળવાનું હોય, જાણે થોડા વખતમાં ગર્ભ ન રહ્યો, તો વાંઝણી જ રહી ગઇ; એમ ધારી તે સ્ત્રી ફુરવાજ માંડે છે. જોશી અને હાથ જોનારાને શોધે છે. ગોરજી અને ભુવાઓ પાસે દોરા ધાગા કરાવે છે. અજ્ઞાન સુયાણીઓ પાસે આંટા ફેરા ખાય છે. ધૂતારા બ્રાહ્મણોના કહેવાથી ગ્રહ જાપ કરાવે છે. એવાં એવાં અયોગ્ય કાર્યો અને વહેમી વ્રતો કરી પતિના પૈસા અને પોતાનો ધર્મ ગુમાવે છે. ભણેલી સ્ત્રી 'સર્વ વાત કર્મને વશ છે,' એમ જાણી ઘણા વખત સુધી સંતોષ રાખે છે, અને વખતે સંતોષ ત્રુટવા જેવો વખત આવે છે, તે પણ ધર્મ ક્રિયા કરી તેથી જ ફળ પ્રાપ્તિની આશા રાખે છે. ભણેલ અને અભણના આમ પરસ્પર વિરોધી પુણ્ય પાપમય માર્ગો છે.

ઘર કામથી ફારેગ થયા પછી બની શકે તો પતિના જે કામમાં ઘેર રહી મદદ થતી હોય, તે કામમાં મદદ કરવી એ સ્ત્રીની ફરજ છે. એ સિવાય સ્વામીનાં સર્વ વચન પાળવાં, સ્વામી પહેલા ઉઠવું, તેની સેવા કરવી, તેનાં પૂજ્ય માતા, પિતાને પોતાનાં માતાપિતા સમાન ગણવાં, તેના મિત્રને પોતાના ભાઈ સમાન ગણવા, તેના શત્રુને શત્રુ સમાન જાણવા, તેની સાથે ધર્મયુક્ત વર્ત્તવું, એ વગેરે સ્ત્રી કર્ત્તવ્યધર્મ અભણ સ્ત્રીઓ ક્યાંથી સમજે ? કહ્યું છે કે,—

कार्येषु मंत्री करणेषु दासी, भोज्येषु माता शयनेषु रंभा ।
धर्मेषु सहाया क्षमया धरित्री, षड्गुण युक्तात्विह धर्मपत्नी. ॥

વિચાર કરવામાં પ્રધાનની પેઠે ઉત્તમ સલાહ આપે, કામ

કરતી વખતે દાસીની પેઠે કામ કરે, ભોજનને વિષે માતાના જેવો અપ્રતિમ સ્નેહ રાખે, શયન સ્થાનમાં રંભા જેવી સૌંદર્યતા બતાવે, ધર્મ કાર્યને વિષે સહાય કરે, અને પૃથ્વીની પેઠે સર્વ સુખ દુઃખ સહન કરે, એ છ ગુણ ધરનારી સ્ત્રી ધર્મપત્ની કહેવાય. કેળવણી વિનાની સ્ત્રીમાં આમાંનો એક પણ ગુણ ક્યાંથી હોય ? આ મનુષ્ય જન્મ ફરી, ફરી પ્રાપ્ત થતો નથી, તેથી દરેક માણસે મહા મહેનતે પ્રાપ્ત થયેલા મનુષ્ય જન્મમાં બની શકે તેટલાં ધર્મ કાર્યો કરી સંસારનો પાર પમાય તેવા ઉપાય યોજવા એજ મનુષ્ય ભવ પામ્યાની સાર્થકતા છે. આવા ઉપાયમાં મુખ્ય ઉપાય તો સંસાર છોડી ચારિત્ર ગ્રહણ કરવું તે છે. પણ તે જેનાથી નથી બની શકતું તેને માટે જિનેશ્વર ભગવંતે ગૃહસ્થધર્મ બારવ્રત રૂપ બતાવ્યો છે. ચારિત્ર માર્ગે વહેલી સિદ્ધિ થાય છે, તેમ ગૃહસ્થ ધર્મવડે પણ મોડી સિદ્ધિ થાય છે. પણ બન્ને મોક્ષ સાધનના ઉપાય છે. આમાંના બીજા વર્ગમાં-એટલે ગૃહસ્થ માર્ગમાં આપણે છીએ. એ માર્ગમાં સારી રીતે ચાલવા માટે સ્ત્રીને સહાયભૂત ગણેલી છે; અને એવી રીતે સહાયભૂત થનારી સ્ત્રીજ ધર્મપત્ની કહેવાય. એ ધર્મપત્નીમાં ઉપરના શ્લોકમાં કહ્યા પ્રમાણેના ગુણ અવશ્ય જોઇએ. પરંતુ એ સર્વ ગુણ તો જ્ઞાન (કેળવણી) ના આશ્રિત છે. ખરી કેળવણી-જ્ઞાન વિના એવા ગુણોની પ્રાપ્તિ થતીજ નથી, અને જ્યારે એ ગુણો હોતા નથી, ત્યારે જે કારણને માટે સ્ત્રીની સંગતિ કરવામાં આવે છે, તે કારણ ન બનતાં પશુ જેવો સંસાર થાય છે; અને ધર્મપત્ની તે કર્મપત્નીનો અર્થ સારે છે. હવે સ્ત્રીનો શ્રાવિકા ધર્મ જે ૨૧ પ્રકારે છે તે બતાવે છે.

—❊—

શ્રાવકના ૨૧ ગુણ.

ચોપાઈ.

સદ્‌ગુરૂ કહે નિસુણો ભવિ લોક ! ધર્મ વિના ભવ હોયે ફોક;
ગુણ વિણ ધર્મ કીધો પણ તથા, આંક વિના મીંડા હોય યથા. ૧
ધર્મ રત્ન ને તેહજ યોગ, જેહને અંગે ગુણ આભોગ;
શ્રાવકના ગુણ તે એકવીસ, સૂત્રે ભાખ્યા શ્રી જગદીશ. ૨
પહેલે ગુણે છલ છગીયો ન હોય, બીજે ઇંદ્રિય પટુતા જોય;
ત્રીજે સૌમ્ય સ્વભાવી જાણ, ચોથે લોક પ્રિય શુભ વાણ. ૩
ચિત્ત સંકલેશ તજે પાંચમે, છઠ્ઠે અપજશથી વિરમે;
પરને વંચક નહિ સાતમે, દાક્ષિણ્યવંત હોયે આઠમે. ૪
લજ્જાવંત નર નવમે કહ્યો, કરૂણાકારી દશમે લહ્યો;
એકાદશમે હોયે મધ્યસ્થ, દ્વાદશમે ગુણરાગી પ્રશસ્ત. ૫
ધર્મકથા વલ્લભ તેરમે, શુભ પરિવાર સહિત ચૌદમે;
ઉત્તર કાલે નિજ હિતકાર, કરે કાજ પન્નરમે વિચાર. ૬
ષોડશમે ગુણ દોષ વિશેષ, જાણે નિજપર સમોવડ લેખ;
સદાચાર જ્ઞાનાદિક વૃદ્ધ, સતરમે સેવે તે સિદ્ધ. ૭
અઢદશમે ગુણવંત મહંત, તેહનો વિનય કરે મન ખંત;
ન વિસારે કીધો ઉપકાર, શ્રાવક ગુણ ઓગણીશમો સાર. ૮
ગીતાર્થ સાધે પર અર્થ, વીશમા ગુણનો ધારો અર્થ;
ધર્મ કાર્ય કરવે હોય દક્ષ, એકવીશમો ગુણ એ પ્રત્યક્ષ. ૯
એ માંહેલા ઓગણીશ વિરહિત, શ્રાવક ધર્મની નહિ પ્રતિપત્તિ;
ચોથા ચૌદશમા ગુણ વિના, અંગિકર્યો પણ હારે જના. ૧૦
તે માટે ગુણ અંગે ધરો, જેમ શ્રાવકપણું સુધું વરો;
પંડિત શાન્તિવિજયનો શિષ્ય, માનવિજય કહે ધરી જગદીશ. ૧૧

દુર્ગતિમાં પડનાર પ્રાણીઓને (પડતાં) ધરી રાખે, અને શુભગતિમાં પહોંચાડે તે ધર્મ. આ ધર્મ વગર ભવ નકામો છે, તો આવા ધર્મરૂપી રત્નને પ્રાપ્ત કરવા માટે યોગ્યતા પ્રથમ

હોવી જોઇએ. તે યોગ્યતા એકવીશ ગુણો મેળવવાથી પ્રાપ્ત થાય છે. જેમ મહેલ બાંધતાં પહેલાં જમીન સાફ કરી પાયાની મજબુતી કરવી ઘટે છે, તેવીજ રીતે ધર્મની ઇચ્છા કર્યા પહેલાં આ ગુણો બરાબર પ્રાપ્ત કરવાના છે. જેમ એકડા વગરનાં ગમે તેટલાં મીંડા હોય તો તેની કીંમત કાંઇપણ નથી, તેમ ગુણ વગર ધર્મ પળાતો નથી. આ ૨૧ ગુણો નીચે પ્રમાણે છે:—

૧. અક્ષુદ્ર-ગંભીર=(ઉછાંછળી પ્રકૃતિ વગરનો)-સૂક્ષ્મ બુદ્ધિવાળો. તેથી સ્વ અને પરને ઉપકાર; આવા ગુણવાળો કરી શકે છે. આમાં છળકપટ હોતું નથી. ૨. રૂપવાન્-સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચ ઇંદ્રિયોથી સુંદર દેખાતો અને સારા બાંધાવાળો; આવો જીવ તપ, સંયમાદિક અનુષ્ઠાન કરી શકે છે. ૩ સૌમ્ય-શાન્ત સ્વભાવવાળો. આવો આત્મા પ્રાયે પાપથી ભરેલા કામમાં નહિ પ્રવર્તે અને સુખે સેવાઇ શકાય તેમજ બીજાઓને પણ શાન્તિનો આપનાર થઇ પડે છે. ૪. લોકપ્રિય એટલે જે દાન, વિનય અને શીળથી યુક્ત હોઇ આ લોક અને પરલોકથી વિરૂદ્ધ કામો ન કરવાથી લોકોને પ્રિય થાય તે. આ લોકોને ધર્મમાં બહુમાન ઉપજાવે છે. ૬. અક્રૂર-ક્રૂર એટલે ક્લિષ્ટ પરિણામી હોય નહિ તે. અહિં ક્લિષ્ટ પરિણામી એટલે મત્સરાદિકથી દૂષિત પરિણામવાળો. ૬. ભીરૂ-આ લોકના અને પરલોકના સંકટો વિચારીનેજ જે પાપમાં નહિ પ્રવર્તે અને અપજશના કલંકથી ડરતો રહે તે. ૭. અશઠ-બીજાને જે ઠગતો નથી તે. આ વિશ્વાસ કરવા યોગ્ય અને વખાણવા યોગ્ય રહે છે. અને ભાવપૂર્વક ઉદ્યમ કરે છે તેથી તે ધર્મને યોગ્ય છે. ૮. સુદાક્ષિણ્ય એટલે પોતાનું કાર્ય મૂકીને બીજાને ઉપકાર કરતો રહેનાર; આમનું વાકય સૌ કોઇ કબુલ રાખે છે તેથી તે ધર્મને યોગ્ય છે. ૯. લજ્જાળુ-નાનામાં નાનાં અકાર્યને પણ દુર કરનાર આવો સદાચાર આચરે છે અને સ્વીકારેલ વાતને કોઇપણ રીતે મૂકતો નથી. ૧૦. દયાલુ-કરૂણાવંત. ૧૧. મધ્યસ્થ-સૌમ્ય દૃષ્ટિ, આ ખરો ધર્મ વિચારીને સંભાળી શકે છે. અને

ગુણોની સાથે જોડાઈ દોષોને દૂર તજી શકે છે. ૧૨. ગુણાનુરાગી-ગુણીજનોનું બહુમાન કરે છે. નિર્ગુણીઓની ઉપેક્ષા કરે છે, ગુણનો સંગ્રહ કરવામાં પ્રવર્તે છે. અને પામેલા ગુણને મલીન કરતો નથી, ૧૩. સત્કથ-શુભકથા-ધર્મકથા કરનાર. અશુભ કથાના પ્રસંગથી મન કલુષિત થાય છે અને વિવેક રૂપી રાજા નાશ પામે છે. અને ધર્મ તો વિવેક પ્રધાન રહે છે. તો ધર્મના અર્થિએ સત્કથ થવું જોઇએ. ૧૪. સુપક્ષ-અનુકૂળ અને ધર્મશીલ પરિવાર સહિત સદાચાર યુક્ત; આવો આત્મા નિર્વિઘ્નપણે ધર્મ કરી શકે છે. ૧૫. દીર્ઘદર્શી-લાંબી દૃષ્ટિ (વિચારવાળો); આવો પુરૂષ જે જે કામ પરિણામે સુંદર હોય-બહુ લાભ અને થોડા કલેશવાળું હોય અને ઘણા જનને વખાણવા લાયક હોય તે તે કામકાજ શરૂ કરે છે. ૧૬. વિશેષજ્ઞ-અપક્ષપાતપણે કરી વસ્તુઓના ગુણ દોષ જાણી શકે છે માટે પ્રાયે કરીને તેવો આત્માજ ઉત્તમ ધર્મને યોગ્ય છે. ૧૭. વૃદ્ધાનુગ-સદાચાર જ્ઞાનાદિથી જે વૃદ્ધ હોય છે તે પાકી બુદ્ધિવાળો હોવાથી પાપાચારમાં નહિજ પ્રવર્તે, એવાની પાછળ ચાલનાર હોય તે; આવો આત્મા પાપાચારમાં પ્રવર્તતો નથી, કારણકે સોબત પ્રમાણે ગુણ આવે છે. ૧૮. વિનયી-વિનય એજ સમ્યગ્ જ્ઞાન, દર્શન વગેરે સઘળા ગુણોનું મૂળ છે, તેથી વિનીત તે પ્રશસ્ત છે. વિનયી જે ગુણવંત મહંત છે તેનો વિનય કરે છે તેથી પોતે ગુણવંત અને મહાન્ થાય છે. ૧૯. કૃતજ્ઞ-ધર્મગુરૂ વિગેરેને ખરી બુદ્ધિથી પરમોપકારી ગણી તેમના ઉપકાર ભૂલતો નથી. તેમનું બહુ માન કરે છે તેથી ગુણોની વૃદ્ધિ થાય છે. માટે કૃતજ્ઞજ આ જ ગુણોને યોગ્ય ગણાય છે. ૨૦ પરહિતાર્થકારી-પરનું હિત સાધવામાં તૈયાર રહેનાર. આવો આત્મા નિઃસ્પૃહ હોઇ, મહા સાવધાન રહી, બીજાઓને પણ માર્ગમાં સ્થાપે છે. ૨૧. લબ્ધલક્ષ-લક્ષ એટલે શીખવા લાયક અનુષ્ઠાન જેને પ્રાપ્ત થયું છે તે. આ ધર્મકાર્ય કરવામાં દક્ષ-ડાહ્યો હોય છે.

—⁂ સમાપ્ત. ⁂—

*સ્ત્રી હિત–બોધ વચનો.

૧ મૂળ (સત્ય) શોધન.

૧ નીતિનું મૂળ ધર્મ.
૨ ધર્મનું મૂળ દયા.
૩ દયાનું મૂળ વિનય.
૪ વિનયનું મૂળ વિવેક.
૫ વિવેકનું મૂળ વનો.
૬ વનાનું મૂળ મર્યાદા.

૨ ધર્મ વિષે.

૧ નીતિ પાળે તે ધર્મ.
૨ સત્ય સાચવે તે ધર્મ.
૩ શિયલ પાળે તે ધર્મ.
૪ સુકૃત્ય કરે તે ધર્મ.
૫ પતિવ્રત પાળે તે ધર્મ.
૬ વિનય સાચવે તે ધર્મ.
૭ અનુકંપા લાવે તે ધર્મ.
૮ પ્રભુપ્રાર્થના કરે તે ધર્મ.

૩ વિવેક વિષે.

૧ વિવેકથી વર્તવું.
૨ વિવેકથી ચાલવું.
૩ વિવેકથી કામ કરવું.
૪ વિવેકથી બોલવું.
૫ વિવેકથી બોલાવવું.
૬ વિવેકથી સારી પંક્તિ મળે.

૪ વિનય વિષે.

દેવનો વિનય કરવો.
ગુરૂનો વિનય કરવો.
ધર્મનો વિનય કરવો.
પુસ્તકનો વિનય કરવો.
૫ માબાપનો વિનય કરવો.
૬ સાસુ–સસરાનો વિનય કરવો
૭ ગુણીજનનો વિનય કરવો.

૫ દયા વિષે.

આત્માની દયા ચિંતવે તે દયા.
પર ઉપકાર કરવો તે દયા.
સર્વ જીવ સરખા ગણવા તે દયા.
દુઃખી ઉપર અનુકંપા લાવવી તે દયા.
૫ નાનેરાની સરભરા કરવી તે દયા.
૬ આત્માને કર્મથી બચાવવો તે દયા.

---

* વરલ–જૈન શાળાના માસ્તરે સંગ્રહીત (સહજ સુધારા સાથે સંશોધક કરી આપનાર સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી.)

૬ મર્યાદા વિષે.

૧ મર્યાદાથી બોલવું, ચાલવું.
૨ મર્યાદાથી ખાવું, પીવું.
૩ મર્યાદાથી પહેરવું-ઓઢવું.
૪ મર્યાદાથી કામકાજ કરવું.
૫ મર્યાદાથી સુવું-બેસવું.
૬ મર્યાદા મોટા નાનાની રાખવી.

૭ સત્ય વિષે.

૧ સત્યથી વહેવાર ચાલે.
૨ સત્યથી મોટાઇ વધે.
૩ સત્યથી આબરૂ વધે.
૪ સત્યમાંજ દોલત છે.
૫ દુનીયા સત્યને આધારે ટકી છે.
૬ સત્ય વગરનો પ્રાણીયો અને હાટ વગરનો વાણીયો.

૮ દાન વિષે.

૧ દાન દેવાથી મુક્તિ મળે.
૨ દાન દેવાથી લક્ષ્મી મળે.
૩ દાન દેવાથી પૂર્ણ સુખ મળે.
૪ દાન દેવાથી કીર્તી વધે.
૫ દાન દેવાથી પાપકર્મ ખપે.
૬ એક હાથે દ્યો, બીજે હાથે લ્યો.

૯ વિનયાદિક ગુણોનું ફળ-પરિણામ.

૧ વિનયથી વિદ્યા આવે છે.
૨ વિદ્યાથી પાત્રપણું આવે છે.
૩ પાત્રપણાથી ધન આવે છે.
૪ ધનથી પુન્ય થાય છે.
૫ પુન્યાનુબંધિ પુન્યથી મોક્ષનો માર્ગ પામવો સરલ થાયછે.
૬ મોક્ષથી જન્મ(મરણ)નો અંત આવે છે.

૧૦ પતિ વિષેનું વર્તન.

૧ પતિના માનીતા થવું.
૨ પતિના ઓસિયાળા થવું.
૩ પતિની ચોરીથી ચાલવું નહિ.
૪ પતિના છંદે ચાલવું નહિ.
૫ પતિની પાસે જુઠું બોલવું નહિ.
૬ પતિના ઉપર હેત રાખવું.
૭ પતિનું ધાર્યું કરવું.
૮ પતિની ચોરી કરવી નહિ.
૯ પતિના હુકમને તાબે થવું.
૧૦ પતિથી ચોરી રાખવી નહિ.
૧૧ પતિ પાળે તે ધર્મને માન આપવું.

૧૨ પતિના પૈસા બરબાદ કરવા-કરાવવા નહિ.
૧૩ પતિને જમાડીને જમવું.
૧૪ પતિના સુતા પહેલાં સુવું નહિ.
૧૫ પતિના ઉઠ્યા પહેલાં, ને વહેલા ઉઠવું.
૧૬ પતિને હરઘડી પ્રસન્ન રાખવા.

૧૧ વરની વ્યાખ્યા.

૧ વર કહેતાં જેની સાથે લગ્ન થયું હોય તે તેનો વર.
૨ ધણી કહેતાં શરીરનો માલીક.
૩ સ્વામીનાથ કહેતાં પ્રભુ જેટલાં વ્હાલા નાથ.
૪ શિરછત્ર કહેતાં માથાનાં છત્ર.
૫ પ્રાણનાથ કહેતાં પ્રાણના રક્ષક.
૬ ભરથાર કહેતાં ભરણપોષણ કરનાર.
૭ પ્રાણેશ્વર કહેતાં પ્રાણના માલીક.
૮ પ્રીતમનાથ કહેતાં સર્વથા વહાલા નાથ.
૯ પતિ કહેતાં પત રાખવા તુલ્ય
૧૦ કંથ કહેતાં કંઠના આભરણ.

૧૨ સ્ત્રીઓનો જુદાં જુદાં નામ.

૧ ઘરમાં સર્વેને વ્હાલી લાગે તે વહુ.
૨ પ્રિયતમ ઉપર પ્રીતિ રાખે તે પ્રેમદા.
૩ ઘરનું કામ કરે તે કામિની.
૪ ધણીનું માન વધારે તે માનની.
૫ સાનનું ભાન રાખે તે ભામીની.
૬ સમદષ્ટિ રાખે તે શ્રાવિકા.
૭ માન ખાટે તે મહિલા.

૧૩ સ્ત્રીઓની સુઘડતા.

૧ ઘરની ચીજ સંભાળી રાખે.
૨ ઘરના વાસણ ચોખ્ખાં રાખે.
૩ ઘરનું કામકાજ નિયમસર કરે.
૪ શરીર હંમેશાં સ્વચ્છ રાખે.
૫ રાત્રે વહેલી સુઇ રહે.
૬ પ્રભાતે વહેલી ઉઠે.
૭ હંમેશાં દાતણ કરે.
૮ ગોબરાઇથી દૂર રહે.

૧૪ નવરાશ વિષે

૧ નવરા બેસી રહેવું નહિ.
૨ સઘળાં બિગાડનું મૂળ તે નવરાશ જાણવું.
૩ નવરાશમાં પુસ્તક વાંચવું.
૪ નવરાશમાં નવું શીખવું.
૫ નવરાશમાં કામકાજ કરવું
૬ નવરાશમાં શીખેલું સંભાળવું.
૭ નવરાશમાં ઉદ્યોગ કરવો.

૧૫ સ્ત્રીના કિંમતી અલંકાર.

૧ સોનાથી શિખામણની બક્ષીસ કિંમતી.
૨ ઘરેણા ગાંઠાથી સદગુણ કિંમતી.
૩ ખાવાપીવાથી આવડત કિંમતી.
૪ મોજશોખથી સુઘડતા કિંમત
૫ વસ્ત્રથી શિયલ કિંમતી.
૬ દોલતથી તંદુરસ્તી કિંમતી.
૭ કંચનથી કીર્તિ કિંમતી.
૮ વિકારી થવાથી વિચારી થવું તે કિંમતી.

૧૬ સ્ત્રી કઇ સુખી ?

૧ માબાપની આજ્ઞા પાળે તે સુખી.
૨ સાસુ સસરાનો સતકાર કરે તે સુખી.
૩ ગુણી જનનું બહુ માન કરે તે સુખી.
૪ ગુરૂનો ઉપકાર માને તે સુખી
૫ પતિને પ્રભુતુલ્ય ગણે તે સુખી.
૬ ધર્માચરણમાં રહે તે સુખી.
૭ મિતાહાર કરે તે સુખી.
૮ ઉપાધી થોડી રાખે તે સુખી.
૯ રાગ-રચીલું થોડું રાખે તે સુખી.
૧૦ સંતોષ રાખે તે સુખી.

૧૭ ખરી મહેનત વિષે.

૧ જ્ઞાન જોઇએ તો મહેનત કરો.
૨ ખોરાક જોઇએ તો મહેનત કરો.
૩ પૈસા જોઇએ તો મહેનત કરો.
૪ સુખ જોઇએતો મહેનત કરો.
૫ આબરૂ જોઇએ તો મહેનત કરો.
૬ તંદુરસ્તી જોઇએ તો મહેનત કરો.

૧૮ કોણ કોનો નાશ કરે છે?

૧ આળસ સુખનો નાશ કરે છે.
૨ કુસંપ લક્ષ્મીનો નાશ કરે છે.
૩ લડાઈ જાનમાલનો નાશ કરે છે.
૪ મિતાહાર રોગનો નાશ કરે છે.
૫ સરલતા શત્રુતાનો નાશ કરે છે.
૬ પુન્ય પાપનો નાશ કરે છે.

૧૯ પતિવ્રતાના અલંકાર.

૧ શિયલરૂપ સાડી પહેરે તે.
૨ લજ્જારૂપ ચોળી પહેરે તે.
૩ પતિવ્રતરૂપ ચાંલ્લો કરે તે.
૪ સૌભાગ્ય કંકણરૂપ પતિસેવા ધારણ કરે તે.
૫ કીર્તિરૂપ કંચવો પહેરે તે.

૨૦ સાસરે વર્તણુંક.

૧ સાસરામાં સર્વેને માનથી બોલાવવા.
૨ સાસરામાં ઠપકો સહન કરવો.
૩ સાસરામાં કટુવચન સહન કરવાં.
૪ સાસરેથી રજા સિવાય બહાર જવું નહિં.
૫ સાસરાના ઘરનો ભોલો સાચવવો.
૬ સાસરે સર્વેને નમીને ચાલવું.
૭ સાસુ સસરાને માત પિતા સમાન ગણવાં.
૮ જેઠ જેઠાણીને-સાસુ સસરા સમાન ગણવાં.
૯ દેર દેરાણીને-ભાઈબેન સમાન ગણવાં.
૧૦ મોટી નણંદને બેન સમાન ગણવી.
૧૧ નાની નણંદને દીકરી સમાન ગણવી.
૧૨ નાના દીએરને પુત્ર સમાન ગણવો.

૨૧ પતિવ્રતાએ કેમ ચાલવું?

૧ લટકતી ચાલે ચાલવું નહિ.
૨ ચટકતી ચાલે ચાલવું નહિ.
૩ અક્કડ થઈને ચાલવું નહિ.
૪ ઉંચી નજરે ઉતાવળું ચાલવું નહિ.
૫ ત્રાંસી આંખે જોઇને ચાલવું નહિં.
૬ ઉંટની પેઠે ઉતાવળું ચાલવું નહિં.

૨૨ ગરીબાઇ વિષે.

૧ ગરીબના સામું જોઈ વર્તવું.
૨ આપણે ગરીબ છીએ તેમ માનવું.
૩ આપણાથી ગરીબ હોય તો તેના સામી નજર કરી ચાલવું.
૪ ગરીબાઇ આવશે તેનો વિચાર કરવો.
૫ ગરીબના ઘર સામી નજર કરવી.
૬ ગરીબના ઘરની ચીજો જોવી.
૭ ગરીબના ઘરેણા સામું જોવું.
૮ ગરીબની સર્વે ચીજ જોવી.
૯ ગરીબાઇથી શરમાવું નહિ.
૧૦ ગરીબાઇ છતાં શ્રીમંતાઇનો ફાંકો રાખવો નહિ.
૧૧ ગરીબાઇને લાયક હોય તેનેજ ગરીબાઇ રુએ છે.

૨૩ સ્ત્રીએ કેવું મન રાખવું ?

૧ કોઇને જમતાં દેખી મન ન કરવું.
૨ કોઇનું લુગડું જોઇ મન ન કરવું.
૩ કોઇનું ઘરેણું દેખી મન ન કરવું.
૪ કોઇની જણશ-ભાવ ભાળી મન ન કરવું.
૫ ટુંકુ મન રાખવું નહિ.
૬ મોટાં મનવાળાં થવું.
૭ સંતોષ રાખી મનને વાળવું.
૮ ઉદાર મન રાખવું.

૨૪ પતિવ્રતા સ્ત્રીની કુશળતા.

૧ પતિના કાર્ય વખતે મંત્રી માફક વર્તે.
૨ પતિની સેવા વખતે દાસી માફક વર્તે.
૩ પતિના ભોજન સમયે માતા માફક વર્તે.
૪ પતિના શયન સમયે રંભા માફક વર્તે.
૫ પતિના ધાર્મિક કાર્યોમાં સાધ્વી માફક વર્તે.
૬ પતિની કુમતિ સમયે પૃથ્વી સમાન વર્તે.

૨૫ પતિવ્રતાનું બોલવું ચાલવું.

૧ અતિ જોરથી બોલે નહિં.
૨ અતિ હાસ્ય મશ્કરી કરે નહિં.
૩ પરપુરૂષ સાથે વાતો કરે નહિ.
૪ પરપુરૂષ સાથે વિનોદ કરે નહિ.

૫ હલકી વાતમાં પડે નહિ.
૬ મર્યાદાપૂર્વક વર્તે.
૭ પરપુરૂષ સાથે એકાંત કરે નહિ.
૮ પરપુરૂષ સાથે એક આસને બેસે નહિ.

૨૬ પતિવ્રતાને પતિનું સ્મરણ.

૧ એકજ પતિનું ધ્યાન ધરવું.
૨ સર્વે સુખની આશા પતિમાંજ સ્થાપવી.
૩ આખા જગતને પતિમય જ નિરખવું. મહત્વસૂચક (વિષ્ણુમય સર્વવત્)
૪ પતિના સુખે સુખ માનવું.
૫ પતિના દુઃખે દુઃખ માનવું.
૬ પતિને દેખી મનમાં અતિ પ્રમોદ આણવો.
૭ પતિનું ત્રીકાળ રટણ કરવું.
૮ પતિ તુલ્ય સૃષ્ટિમાં કોઇ નથી તેમ માનવું.
૯ પતિ વિના સૃષ્ટિ અંધકારમય જાણવી.
૧૦ પતિને પોતાના તન, મન, ધન જાણવાં.
૧૧ પતિની આજ્ઞા તે રાજાની આજ્ઞા સમી માનવી.

૨૭ વસ્ત્રાભૂષણ.

૧ લુગડાં ચોખ્ખાં રાખવાં.
૨ લુગડું શોભતું પહેરવું.
૩ લુગડું અતિ બારીક ન પહેરવું.
૪ લુગડું સ્થિતિ પ્રમાણે પહેરવું.
૫ લુગડું ફાટેલ પહેરવું નહિ.
૬ લુગડું આછકલું પહેરવું નહિ.
૭ ઘરેણું શોભતું પહેરવું.
૮ ઘરેણું સંપત પ્રમાણે કરાવવું.

૨૮ ભાગ્યોદય વિષે.

૧ ભાગ્યોદયનું ખાવું પીવું છે.
૨ ભાગ્યોદયનું પહેરવું ઓઢવું છે.
૩ ભાગ્યોદય પ્રમાણે મળે તેમાં સંતોષ માનવો.
૪ ભાગ્ય આપણેજ રચેલું છે.

૨૯ સ્ત્રીએ કેવાં ન થવું?

૧ સ્ત્રીએ લટકાળા ન થવું.
૨ સ્ત્રીએ ચટકાળા ન થવું.
૩ સ્ત્રીએ તોછડા ન થવું.
૪ સ્ત્રીએ ઉદ્ધત ન થવું.

૫ સ્ત્રીએ પ્રમાદી ન થવું. ૬ સ્ત્રીએ ગુણ ચોર ન થવું.

૩૦ સ્ત્રીએ કાર્યને અંગે કેમ બોલવું ?

૧ સત્કાર પુર્વક બોલવું.
૨ સાચું હિતકારી અને નિંદા વગરનું વચન બોલવું.
૩ સર્વને મીઠું લાગે તેમ બોલવું.
૪ જરૂર જેટલું અને વિચારીને બોલવું.
૫ મર્યાદા જાળવીને બોલવું
૬ ધીમે સાદે બોલવું.
૭ બોલોછો કે બોળોછો તે વિચારજો.
૮ કરીશને બદલે કરું છું એમ બોલવું.
૯ સમય વિચારીને બોલવું.
૧૦ સત્ય હોય તે પણ પ્રિય શબ્દોમાં બોલવું.
૧૧ જુઠું બોલવા કરતાં અબોલ રહેવું તે ઉત્તમ.
૧૨ પ્રિય વચન પણ ધર્મયુક્ત જ બોલવું.

૩૧ કેવું બોલવું નહિ ?

૧ નહિ કરું એવું વડીલોપ્રત્યે બોલવું નહિ.
૨ અવાય છે એવો શબ્દ બોલવો નહિ.
૩ જુઠા શબ્દો બોલવા નહિ.
૪ કડવું વેણ બોલવું નહિ.
૫ કુથલી કે ચેષ્ટા ભરેલું વાક્ય બોલવું નહિ.
૬ કોઇને દુઃખ ઉપજે એવું વાક્ય બોલવું નહિ.
૭ તોછડાઇથી કોઇને બોલાવવું નહિ.

૩૨ સ્ત્રીએ કામ કેમ કરવું ?

૧ કામકાજ રૂડી રીતે કરવું.
૨ કામકાજ હોંસથી કરવું.
૩ કામકાજ કાળજીથી કરવું.
૪ કામકાજ સુઘડતાઇથી કરવું.
૫ કામ કર્યું તેણે કામણ કર્યું જાણવું.

૩૩ સદ્‌ગુણી સ્ત્રી કોને કહેવાય ?

૧ સુખમાં બ્હેકી જાય નહિ તે.
૨ દુઃખમાં ગભરાય નહિ તે.
૩ બીજાનું દુઃખ જોઇ રાજી થાય નહિ તે.

૪ પુન્ય કરી ફુલાય નહિ તે.
૫ પુન્ય કરી ઉદાસી થાય નહિ તે.
૬ પર ઉપકાર કરી પસ્તાય નહિ તે.
૭ પુન્ય કરી પસ્તાય નહિં તે.
૮ અનીતિ કરી રાજી થાય નહિ તે.
૯ ઇંદ્રિયોને લગતા સુખમાં મશગુલ રહે નહિ તે.

૩૪ સુલક્ષણી સ્ત્રી કોને કહેવી ?

૧ કોઇને અપ્રીતિથી બોલવાતી નથી તે.
૨ કોઇની સાથે વેર કરતી નથી તે.
૩ કોઇને અપ્રિય લાગતી નથી તે.
૪ કોઇનું અમંગળ ઇચ્છતી નથી તે.
૫ કોઇનું બુરૂં ઇચ્છતી નથી તે.
૬ કોઇની સાથે અસત્ય ભાષણ કરતી નથી તે.

૩૫ સ્ત્રી કઇ રીતે શોભે ?

૧ સ્ત્રી પતિવ્રતા શોભે.
૨ સ્ત્રી શિયલવંતી શોભે.
૩ સ્ત્રી સાસરે શોભે.
૪ સ્ત્રી પવિત્ર તે આંગણે શોભે.
૫ સ્ત્રી પતિ પાસે શોભે.
૬ સ્ત્રી વંશ વેલડી શોભે.

૩૬ સ્ત્રીનું કાર્ય.

૧ સ્ત્રીને ડહાપણ તે શણગાર.
૨ સ્ત્રીને મલાજો તે હથીઆર.
૩ સ્ત્રીનો મીઠો સ્વભાવ તે મતબાર.
૪ સુઘડે સ્વચ્છતા રાખવી.
૫ શાણીએ ક્ષણે ક્ષણે ગમે ત્યાંથી વિદ્યા મેળવવી.
૬ કામનીએ કણે કણે ધન સંચવું.

૩૭ સ્ત્રીએ કેવાં થવું ?

૧ સ્ત્રીએ મીઠાં સ્વભાવવાળા થવું.
૨ સ્ત્રીએ ઇર્ષ્યા વગરના થવું.
૩ સ્ત્રીએ મીઠી વાણીવાળા થવું.
૪ સ્ત્રીએ હોંસીલા થવું.
૫ સ્ત્રીએ ખંતીલા થવું.
૬ સ્ત્રીએ ઉદ્યમવંત થવું.
૭ સ્ત્રીએ શરમાળ થવું.
૮ સ્ત્રીએ લજ્જાવંત થવું.

૩૮ પતિવ્રતાનો ધર્મ કયો ?

૧ પતિના સુખે સુખ માનવું.
૨ પતિના દુખે દુઃખ માનવું.
૩ પતિને વશ રહેવું.
૪ પતિની ભક્તિ કરવી.
૫ પતિને રાજી રાખવા.
૬ પતિના ઉપર પ્રીતિ રાખવી.
૭ પતિના વચન માનવાં.
૮ પતિની સેવા ચાકરી કરવી.
૯ પતિના સામું બોલવું નહિ.
૧૦ પતિને સાચા પ્રભુ માનવા.
૧૧ પતિની પાસે હઠીલાં થવું નહિ.
૧૨ પતિના ઉપર વિશ્વાસ રાખવો.
૧૩ પતિની બીક રાખવી.
૧૪ પતિથી કોઈ વાત છાની રાખવી નહિ.
૧૫ પતિથી છાના પૈસા રાખવા નહિ.
૧૬ પતિના સર્વ હુકમને તાબે થવું.
૧૭ પતિની પાસે પોતાની ભુલ કબુલ કરવી.
૧૮ પતિની ખામી બતાવી મોટાઈ કરવી નહિ.
૧૯ પતિથી સમજુ હોવાનો ડોળ કરવો નહિ.
૨૦ પતિથી ઉતરતી પંક્તિનાં પોતાને માનવું.
૨૧ પતિની ખામી કોઈને કહેવી નહિ.
૨૨ પતિ તથા પાડોશી સાથે ટંટો કરવો નહિ.
૨૩ પોતાના રૂપના વખાણ કરવાં નહિ.

૩૯ વાત કેવી કરવી નહિ ?

૧ કોઈની છાની વાત બીજાને કહેવી નહિ.
૨ ઘરની વાત કોઈને કહેવી નહિ.
૩ કોઈની આઘીપાછી વાત કરવી નહિ.
૪ રસ્તામાં ચાલતાં કોઈ પુરૂષ સાથે વાત કરવી નહિ.
૫ રસ્તામાં કોઈ પુરૂષ સાથે ઉભા રહી વાત કરવી નહિ.
૬ ડહાપણની વાત કરવી નહિ.

૪૦ સ્વભાવ કેવો રાખવો ?

૧ નમ્ર સ્વભાવ રાખવો.
૨ ઠંડો સ્વભાવ રાખવો.
૩ પ્રકૃતિ શાંત રાખવી.
૪ મોટી નજર રાખવી.

૫ ઉંચી નજર રાખવી.
૬ માયાળુ સ્વભાવ રાખવો.
૭ સર્વની સાથે મીઠાશ રાખવી.
૮ ઝેર કે વેર મનમાં ન રાખવું.
૯ સર્વની ઉપર માયા રાખવી.
૧૦ ઇર્ષ્યાવાળો સ્વભાવ ન રાખવો.
૧૧ સર્વની સાથે ભલાઇ રાખવી.
૧૨ સર્વનું વ્યાજબી કથન કરવું.
૧૩ સર્વને નમીને ચાલવું.
૧૪ મોટાનું માન રાખવું.
૧૫ મોટાની શરમ રાખવી.
૧૬ મમત્વ રાખવું નહિ.

૪૧ સ્ત્રીએ કેવી ભાષા બોલવી નહિ ?

૧ સ્ત્રીએ કડવી ભાષા બોલવી નહિ.
૨ બીજાને દુઃખકારી ભાષા બોલવી નહિ.
૩ હલકું વેણ બોલવું નહિ.
૪ તોછડાઇથી બોલવું નહિ.
૫ મનમાં કડવાશ રાખી બોલવું નહિ.
૬ તોછડાઇથી બોલાવવું નહિ.
૭ માયાગાળું બોલવું નહિ.

૪૨ શું શું ઘટાડ્યું ઘટે ને વધાર્યું વધે ?

૧ આહાર વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.
૨ નિદ્રા વધારી વધે ને ઘટાડી ઘટે.
૩ આળસ વધારી વધે ને ઘટાડી ઘટે.
૪ ઉદ્યોગ વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.
૫ કામ વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.
૬ કજીઓ વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે.

૪૩ દુઃખ વિષે.

૧ અભિમાને દુઃખ ઉપજે તે દુઃખ.
૨ અભિમાનમાં જશ જાય તે દુઃખ.
૩ દંપતિને અણબનાવ તે દુઃખ.
૪ કુભાર્યાને પતિનું દુઃખ.
૫ સ્વચ્છંદી સ્ત્રીને સદા દુઃખ.
૬ અભણ નારીને પૂરણ દુઃખ.
૭ કુકર્મ કરનારીને પૂરણ દુઃખ.

૪૪ પરપુરૂષ વિષે.

૧ પરપુરૂષને પત્થર સમાન ગણવો.
૨ પરપુરૂષની સામું જોવું નહિ.
૩ પરપુરૂષના વખાણ કરવાં નહિ
૪ પરપુરૂષને પોતાના પતિથી ઉંચ્ચ માનવો નહિં.

૪૫ ભય વિષે.

૧ ભોગથી રોગનો ભય.
૨ કુલમાં કપૂતનો ભય.
૩ દ્રવ્યથી ચોરનો ભય.
૪ રૂપને લાંછનનો ભય.
૫ કાયાને મોતનો ભય.
૬ સતીને નીચ-પલિતનો ભય.

૪૬ સ્ત્રીનો શત્રુ કોણ?

૧ વ્યભિચારીણીને પતિ શત્રુ.
૨ લોભણીને માગણ શત્રુ.
૩ મૂર્ખિણીને હિતવચન શત્રુ.
૪ આળસુને કામ બતાવનારો શત્રુ.

૪૭ નીચ કોણ?

૧ શીખામણ ન સાંભળે તે નીચ.
૨ લાજ શરમ ન રાખે તે નીચ.
૩ નીચની સોબત કરે તે નીચ.
૪ ધન કાજે મન આપે તે નીચ.
૫ નિર્ધન પતિ ઉપર અભાવ રાખે તે નીચ.
૬ પૈસાની સગી થાય તે નીચમાં નીચ.

૪૮ ખોટા કામને લાયક કઇ સ્ત્રી?

૧ કુકર્મ પ્યારૂં લાગે તે કુભાર્યા.
૨ સત્સંગ અપ્રિય લાગે તે શંખણી.
૩ પરપુરૂષ પ્યારો લાગે તે પાપીણી.
૪ કજીયો પ્યારો લાગે તે કર્કશા.
૫ દામ પ્યારા લાગે તે દાસી.
૬ ચોરી પ્યારી લાગે તે ચંડાલણી.
૭ મોઝ મજા પ્યારી લાગે તે મૂર્ખિણી.

૪૯ કેવી સ્ત્રી મૂર્ખીણી?

૧ કારણ વિના ગુસ્સો કરનારી તે મૂર્ખીણી.
૨ અજાણ્યા ઉપર વિશ્વાસ કરનારી તે મૂર્ખીણી.

૩ વગર બોલાવ્યે બોલનારી તે મૂર્ખીણી.
૪ પારકી કુથલી કરનારી તે મૂર્ખીણી.
૫ વાદવિવાદ કરનારી તે મૂર્ખીણી
૬ ન કરવાનું કૃત્ય કરનારી તે મૂર્ખીણી.
૭ હિતવચન ન સાંભળનારી તે મૂર્ખીણી.
૮ વખત વિનાનું બોલનારી તે મૂર્ખીણી.
૯ પારકી નિંદા કરનારી તે મૂર્ખીણી.

૫૦ નાદાન સ્ત્રીથી દૂર રહેવું.

૧ નાદાન સ્ત્રીથી દૂર રહેવું.
૨ નાદાન સ્ત્રીની સખી થવું નહિ.
૩ નાદાન સ્ત્રીની સંગત કરવી નહિ.
૪ નાદાન સ્ત્રીના સંગથી લાજને જોખમ છે.
૫ નાદાન સ્ત્રીના સંગથી જીવને જોખમ છે.

૫૧ સ્ત્રી કયારે બગડે ?

૧ અતિ લાડ કરે લાડી બગડે.
૨ મોંઘી કરે માનની બગડે.
૩ કામ ન કરે તો કામની બગડે.
૪ ભાન ન રાખે તો ભામની બગડે.
૫ પત ન રાખે તો પદ્મણી બગડે.
૬ માયા ન રાખે તો મહીલા બગડે.
૭ કુભારજાથી કંથ બગડે.
૮ કપૂત છોકરાથી કુળ બગડે.

૫૨ ચિંતા કરવા વિષે.

૧ ઉદ્વેગ રાખવો નહિ.
૨ ચીંતા રાખવી નહિ.
૩ અફસોસ કરવો નહિ.
૪ દીલગીરી કરવી નહિ.
૫ લોભ રાખવો નહિ.
૬ ભય રાખવો નહિ.
૭ ભુતનાભયથી ભડકવું નહિ.

૫૩ ચોરી વિષે.

૧ ચોરી કરે તે પાપનું મૂળ છે.
૨ ધણીની ચોરી તે હરામી છે.
૩ પરાઇ વસ્તુ હાથમાં લેવી નહિ.
૪ કોઈની ચોરી કરવી નહિ.

૫૪ કપટ વિષે.

૧ કપટ પાપનું મૂળ છે.
૨ છળ-દગો કરવો નહિ.
૩ વિશ્વાસઘાત કરવો નહિ.
૪ કોઇને છેતરવું નહિ.

૫૫ લોભ વિષે.

૧ લોભ પાપનું મૂળ છે.
૨ લોભે આબરૂ જાય છે.
૩ લોભે પ્રીતિ જાય છે.
૪ લોભે વહેવાર જાય છે.
૫ લોભે લક્ષણ જાય છે.
૬ લોભે મોભો જાય છે.
૭ લોભે સંતોષ જાય છે.
૮ લોભે ક્રોધ થાય છે.
૯ લોભે અનર્થ થાય છે.
૧૦ અનર્થથી નીચ ગતિ થાયછે.

૫૬ ક્રોધ વિષે.

૧ ક્રોધ જાજ્વલ્યમાન ખડ્ગ છે.
૨ ક્રોધ આત્માની ઘાત કરનાર છે.
૩ ક્રોધ ધનનું હરણ કરનાર છે.
૪ ક્રોધ સ્નેહીનો વિરોધ કરનાર છે.
૫ ક્રોધ પાપનું મૂળ છે.
૬ ક્રોધ કરવો નહિ.
૭ રીસ કરવી નહિ.
૮ રીસ રાખવી નહિ.
૯ કોઇ ઉપર તપવું નહિ.

૫૭ શા થકી, શું પ્રાપ્ત થતું નથી?

૧ પરમાત્માનું સ્મરણ કરનારીને પાપ પ્રાપ્ત થતું નથી.
૨ મૌનવ્રત ધારણ કરનારીને કલેશ પ્રાપ્ત થતો નથી.
૩ સત્ય બોલનારીને ભય પ્રાપ્ત થતો નથી.
૪ ઉદ્યોગ કરનારીને દારિદ્રતા પ્રાપ્ત થતી નથી.
૫ ઉદ્યોગ કરનારીને એદીપણું પ્રાપ્ત થતું નથી.
૬ શીલ-સંરક્ષણથી અલક્ષ્મી-આપદા મટે છે.

૫૮ સ્રીને શિખામણ.

૧ રસ્તે ચાલતાં કાંઈ ખાવું નહિ.
૨ અધીક આહાર જમવો નહિ.
૩ લાંબી વાટે એકલા જવું નહિ.
૪ દેવદર્શને એકલા જવું નહિ.
૫ રાત્રે ઉજાગરો કરવો નહિ.
૬ પુરૂષના આસને બેસવું નહિ.

૫૯ પાપ વિષે.

૧ અનીતિ કરે તે પાપ.
૨ અધર્મ કરે તે પાપ.
૩ અસત્ય બોલે તે પાપ.
૪ વ્યભિચાર કરે તે પાપ.
૫ હિંસા કરે તે પાપ.
૬ અણઆપ્યું લે તે પાપ.

૬૦ માન વિષે.

૧ માન આપ્યે માન મળે.
૨ સંપી ચાલ્યે માન મળે.
૩ પ્રમાણીકપણે માન મળે.
૪ નમ્ર સ્વભાવે માન મળે.
૫ ટેક સાચવ્યે માન મળે.
૬ માન માગનારથી માન વેગળું.

૬૧ સંતોષ વિષે.

૧ સંતોષ રાખવો.
૨ સંતોષી સદા સુખી.
૩ સંતોષ જેવો બીજો તપ નથી.
૪ સંતોષ જેવો બીજો ધર્મ નથી.
૫ સંતોષીને ઝાઝું સુખ.
૬ સંતોષીને ઝાઝું માન.

૬૨ હરણ કરવા વિષે.

૧ ઘડપણ રૂપનું હરણ કરે છે.
૨ આશા ધૈર્યનું હરણ કરે છે.
૩ મૃત્યુ પ્રાણનું હરણ કરે છે.
૪ ક્રોધ લક્ષ્મીનું હરણ કરે છે.
૫ કામાંધતા લજ્જાનું હરણ કરે છે.
૬ માન જ્ઞાનનું હરણ કરે છે.
૭ માયા સત્યનું હરણ કરે છે.
૮ લોભ યશનું હરણ કરે છે.

૬૩ વિદ્યા વિષે.

૧ વિદ્યા કલ્પવૃક્ષ સમાન છે.
૨ વિદ્યા સુખને આપનારી છે.
૩ વિદ્યા બન્ધુસમાન મદદ-કરનારી છે.
૪ વિદ્યા પરમ દેવતવાળી છે.
૫ વિદ્યા ઇચ્છીત ફળવાળી છે.
૬ વિદ્યા કુળનો મહીમા વધારનારી છે.
૭ વિદ્યા માન અપાવવા-વાળી છે.
૮ વિદ્યા લક્ષ્મી વધારવાવાળી છે.
૯ વિદ્યા રક્ષા કરવાવાળી છે.
૧૦ વિદ્યા હેતમાં જોડવાવાળી છે.
૧૧ વિદ્યા આનંદ પમાડવા-વાળી છે.

૧૨ વિદ્યા કીર્તિ ફેલાવવાવાળી છે.
૧૩ વિદ્યા મુસાફરને ભોમીયા સમાન છે.
૧૪ વિદ્યાવાન રાજ્યમાં (સર્વત્ર) પૂજાય છે.
૧૫ વિદ્યાવાન આયુષ્યવાન છે.
૧૬ વિદ્યા આંધળાને આંખરૂપ છે.
૧૭ વિદ્યા બહેરાને કાનરૂપ છે.
૧૮ વિદ્યા મુંગાને વાચારૂપ છે.
૧૯ વિદ્યા પાંગળાને જેષ્ટિકા (લાકડી) રૂપ છે.
૨૦ વિદ્યા કામધેનુ ગાય સમાન છે

૬૪ પતિવ્રતાને પ્યારૂં શું ?

૧ દયાપ્યારી તે પતિવ્રતા.
૨ પતિપ્યારા તે પતિવ્રતા.
૩ કુટુંબપ્યારૂં તે પતિવ્રતા.
૪ વહેવાર પ્યારો તે પતિવ્રતા.
૫ સત્ય-શીલ પ્યારૂં તે પતિવ્રતા.

૬૫ પતિવ્રતાનો ધર્મ.

૧ પડતીમાં ગભરાય નહિ તે.
૨ ચડતીમાં ફુલાય નહિ તે.
૩ ફુવડ કહેવરાવે નહિ તે.
૪ ખાધા ગાળો રાખે નહિ તે.
૫ ફાટલ લુગડું પહેરે નહિ તે.
૬ ખરાબ ભાષણ કરે નહિ તે.
૭ નીચની સોબત કરે નહિ તે.
૮ વગર કામે પારકે ઘેર જાય નહિ તે.
૯ પારકી નીંદા કરે નહિ તે.

૬૬ નકામો ખર્ચ.

૧ ફોજુલ અથવા નકામો ખર્ચ કરવો નહિ.
૨ નિરૂપયોગી ખર્ચ કરાવવો નહિ.
૩ ખર્ચમાં કોઈ સીનો વાદ કરવો નહિ.
૪ ઉડાઉ થાય તેનું છાપરૂં ઉડે.
૫ સંપત્તિનો દુરઉપયોગ કરવો નહિ.

૬૭ હું શું નહિ કરૂં તે વિષે.

૧ હું ખોટું કામ કદાપિ પણ નહિ કરૂં.
૨ હું ઇશ્વર જેથી અપ્રસન્ન થાય તેવું નહિ કરૂં.

૩ હું મારા પતિને પ્રિય નહિ તેવું કદિ પણ નહિ કરૂં.
૪ હું મારા કુટુંબમાં કલેશ કે કંકાસ થાય તેવું કામ નહિ કરૂં.
૫ હું મારી પવિત્ર જીભે કરી ખરાબ ઉચ્ચાર નહિ કરૂં.
૬ હું કોઇપણ કેફી વસ્તુઓનો ઉપયોગ નહિ કરૂં.
૭ હું ગુણ પછવાડે અવગુણ તો શું પણ અવગુણ પછવાડે અવગુણ નહિ કરૂં.

૬૮ હું શું પાળીશ? તે વિષે.

૧ હું મારા પતિની આજ્ઞા દેહમાં પ્રાણ છે, ત્યાં સુધી પાળીશ.
૨ હું ધર્મ શાસ્ત્રાદિકમાં જણાવેલા સ્ત્રી ધર્મો હોંશથી પાળીશ.
૩ હું શિયલવ્રત-પતિવ્રતાનો સહુથી શિરોમણી સદ્દગુણ પ્રાણ જતાં પણ પાળીશ.
૪ હું સત્યતા, દયા, દીનતા, (નમ્રતા) આદિ સદ્દગુણો હંમેશાં સ્નેહથી પાળીશ.
૫ હું જ્ઞાની મુનિઓએ સ્ત્રીઓ માટે મુકરર કરેલા નીતિ-નિયમો નિરંતર પાળીશ.
૬ હું વ્યવહારિક તથા ઘર કામમાં વડીલોની આજ્ઞા અવશ્ય પાળીશ.
૭ હું લાચાર, નિરાધાર અને નિર્ધનોને યથાશક્તિ અન્ન વસ્ત્રો આપી, પાળીશ.
૮ હું પર પુરૂષને પિતા, પુત્ર, બન્ધુ ગણી મારી ટેક પાળીશ.

૬૯ હું શું કરીશ? તે વિષે.

૧ હું પરમેશ્વરની ભક્તિ હંમેશા ખરા ભાવથી કરીશ.
૨ હું મારા પતિની આજ્ઞા સદા માન્ય કરીશ.
૩ હું વિદ્યા અભ્યાસ કરી સદ્દગુણોને અંગીકાર કરીશ.
૪ હું સુજ્ઞ અને નીતિમાન સખીયોનો સંગ કરીશ.
૫ હું ઘરનું કામ હોંશથી, ચાલાકીથી અને સ્વચ્છતાથી કરીશ.

૬ હું મારી બ્હેનોને બોધ, ઉપદેશ આપી સન્માર્ગે ચલાવવા પ્રયત્ન કરીશ.
૭ હું નિરાધાર અને નિરાશ્રિતોને શક્તિ પ્રમાણે સુખી કરીશ.

૭૦ હિત વચનો છુટક.

૧ દીકરીએ માબાપની આજ્ઞા પ્રમાણે વર્તવું.
૨ માબાપના ઉપકાર આપણા ઉપર એટલા બધા છે કે તેનો બદલો વાળી શકાતો નથી.
૩ નાનાં કે મોટાં ભાઈ બ્હેનો હોય તો તેની સાથે હેતથી વર્તવું.
૪ ભાઈ બહેનોને પરસ્પર મીઠાં વચનોથી બોલાવવાં.
૫ રોયા, પીટ્યા અથવા રાંડ વિગેરે અણઘટતા શબ્દો બોલવાની બીલકુલ ટેવ પાડવી નહિ.
૬ ખરાબ શબ્દો બોલવાથી શોભા ઘટે છે, મૂર્ખ કહેવાઈએ છીએ અને પાપ લાગે છે.
૭ છોડીઓને છોકરાઓની સાથે રમવું નહિ.
૮ શરીર તથા વસ્ત્રો સ્વચ્છ રાખવાં.
૯ દરરોજ દેવદર્શને જવું, તથા સાધ્વીજી હોય તો તેમને વાંદવા જવું.
૧૦ નાનાં ભાઈ બ્હેનોને સાથે લઈને દહેરે ઉપાશ્રયે જવાની ટેવ રાખવી.
૧૧ પરણ્યા પછી પતિની આજ્ઞાને અનુસરીને ચાલવું.
૧૨ અહંકાર, કામ, ક્રોધ તથા ઈર્ષ્યા આદિ દુર્ગુણોનો ત્યાગ કરવો.
૧૩ મનને ધીરજવાળું રાખી સ્વામી સેવામાં તત્પર રહેવું.
૧૪ અયોગ્ય રીતે જોવું, બેસવું, ઉઠવું કે ચાલવું નહિ તેમજ ક્યારે પણ દુષ્ટ ભાષણ કરવું નહિ.
૧૫ પર પુરૂષને ભાઈ, બાપ સમાન ગણવા.
૧૬ પતિને જમાડીને જમવું અને સ્વામીના સૂતા પહેલાં કદી સુવું નહિ.
૧૭ સ્વામી બહારથી ઘેર આવે ત્યારે હસ્તે મોઢે, મધુરા વચનથી તેનો સત્કાર કરવો.

૧૮ ઘરની વસ્તુઓ સ્વચ્છ રાખવી.
૧૯ રસોઇ સુંદર બનાવી વખતસર પતિને ભોજન કરાવવું.
૨૦ ઇંદ્રિયોને વશ રાખવી.
૨૧ સ્વામીનું કદીપણ અપમાન કરવું નહિ.
૨૨ નીચ સ્ત્રીઓની સંગત કરવી નહિ, તેમજ તેમની સાથે ભાષણ પણ કરવું નહિ.
૨૩ ઘર કામમાં ઉદ્યોગી રહેવું.
૨૪ ઘરેણાં કપડાં વિગેરે સાચવીને રાખવાં.
૨૫ કોઇની હાંસી કરવી નહિ.
૨૬ ઝાઝું હસવું નહિ. બારણામાં કે ગલીઓમાં કે એકાંતમાં ઉભા રહેવું નહિ.
૨૭ પર પુરૂષ સાથે પોતાના ઘરમાં કે બહાર પણ એકાંત કરવી નહિ.
૨૮ ક્રોધ ઉત્પન્ન થાય તેવાં કાર્યો કરવાં નહિ.
૨૯ સર્વદા સત્ય બોલવું; જુઠું બોલવું નહિ.
૩૦ સ્વામી વિદેશમાં હોય ત્યારે વિશેષ શરીરની શોભા નહિ કરતાં, યોગ્ય નિયમોનું પાલન કરવું.
૩૧ જે વસ્તુનો સ્વામી ત્યાગ કરે તે વસ્તુનો સ્ત્રીએ પણ ત્યાગ કરવો.
૩૨ પતિને જે વાત અપ્રિય હોય, તે વાતથી અલગાંજ રહેવું.
૩૩ સાસુ સસરાને માબાપ તુલ્ય ગણવાં.
૩૪ સાસુ સસરાની નિત્ય સેવા કરવી.
૩૫ સાસુની આજ્ઞા પાળવામાં તત્પર રહેવું.
૩૬ કુટુંબ વર્ગમાં સંપીને રહેવું.
૩૭ સાસુની સાથે કદી પણ વાદવિવાદ કરવો નહિ.
૩૮ ઘરના સેવક વર્ગની સારી સંભાળ રાખી, તેમને સંતોષી રાખવા.
૩૯ સેવક વર્ગના કામ ઉપર લક્ષ રાખવું.
૪૦ ઘરના ઉપજ ખર્ચનો હિસાબ રાખવો.
૪૧ પતિની આવક ઉપર ધ્યાન રાખી તેમના રાજીપાને અનુસરીને યોગ્ય ખર્ચ કરાવવો.

૪૨ ઘર સંસાર કરકસરથી ચલાવવો.
૪૩ પતિનું મંગળ થતું હોય તો ભૂખ તરસ અને નિંદ્રાનો પણ ત્યાગ કરવો.
૪૪ પતિના જાગવા પહેલાં જાગવું.
૪૫ સ્વામીની કહેલી વાત પેટમાં રાખવી.
૪૬ દાસ, દાસી હોય છતાં સ્વામીનું કામ જાતેજ ઉઠીને કરવું.
૪૭ પતિવ્રતાઓનો સમાગમ રાખવો અને સતી સ્રીઓનાં આખ્યાનો વાંચવાં.
૪૮ અભિમાન રાખવું નહિ.
૪૯ અવકાશે નીતિ તથા ધર્મનાં પુસ્તકો વાંચવાની ટેવ રાખવી.
૫૦ બની શકે તો દરરોજ સામાયક તથા દેવપૂજા કરવી.
૫૧ દીલ સાફ રાખવું-કપટી થવું નહિ.
૫૨ શોકયનું વાંકું બોલવું નહિ, અને તેની સાથે દ્વેષ રાખવો નહિ
૫૩ ઓરમાન છોકરાઓ ઉપર પ્રેમ રાખવો, અભાવ રાખવો નહિ
૫૪ અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરવો.
૫૫ મિથ્યાત્વીનાં પર્વો કરવાં નહિ.
૫૬ ધર્મને પરમ હિતકારક જાણી બની શકે તેટલું તેનું આરાધન કરવું.
૫૭ પિતા, બાન્ધવ પ્રમુખ કોઇપણ પુરૂષના કોટે વળગી મળવું નહિ.
૫૮ પરપુરૂષનું ઉવટણાદિથી અંગમર્દન કરવું નહિ.
૫૯ કોઇ પર પુરૂષને નવરાવવો નહિ.
૬૦ પરપુરૂષ સાથે પત્રાદિક (પાનાં-બાજી) થી ખેલવું નહિ
૬૧ પરપુરૂષનો છેડો પકડી વાત કરવી નહિ.
૬૨ પરપુરૂષ સાથે હસીને હાથ તાળી દેવી નહિ.
૬૩ પરપુરૂષની વેણી ગુંથવી નહિ.
૬૪ પર પુરૂષના અંગ ચાંપવા નહિ.
૬૫ પર પુરૂષના હાથની પાનબીડી લેવી નહિ.
૬૬ પરપુરૂષ સાથે એક શય્યાએ બેસવું નહિ, તેમ સુવું પણ.
૬૭ વાટે, શેરીએ પુરૂષના સંગમાં જવું નહિ.

૬૮ જેઠ, સસરો, સાસુ વિગેરે સાસરામાં કોઈ મોટેરાની સાથે ઠઠ્ઠા-
મશ્કરી કરવી નહિ.
૬૯ પર પુરૂષ સાથે એકાંતમાં રહેવું નહિ.
૭૦ પરપુરૂષથી દ્રષ્ટિ મીલાવી સરાગથી જોવું નહિ.
૭૧ પર પુરૂષ સાથે સાંકેતિક ભાષાથી બોલવું નહિં.
૭૨ જોગી, ભરડા, ભીક્ષાચરની સાથે ભાષણ કરવું નહિ.
૭૩ કોઈ દેખે તેમ લઘુનીતિ અને વડી નીતિ (ઝાડા પેશાબ)
કરવાં નહિ.
૭૪ પર પુરૂષ દેખતાં આળસ મરડવી નહિ.
૭૫ તેમજ શરીરના અવયવો ઉઘાડાં રાખી બતાવવાં નહિ.
૭૬ અત્યંત મીઠા પદાર્થો ખાવા ઉપર પ્રીતી રાખવી નહિ.
૭૭ ભોજન અલ્પ કરવું.
૮૮ મોટા સ્વરથી હસવું નહિ.
૭૯ અજાણ્યે ઘેર જવું નહિ.
૮૦ પીએર ઝાઝું રહેવું નહિ.
૮૧ ઘરની વાત કોઈને કહેવી નહિ.
૮૨ સાસરાના ઘરનું દ્રવ્ય કપટથી પીયરીઆને આપવું નહિ.
૮૩ ધીરા તથા મીઠા સ્વરથી બોલવું.
૮૪ પોતાના સ્વામીનું અપમાન થાય ત્યાં જવું નહિ.



સુશિક્ષા.

અદેખાઈ–અદખોઇ–નીંદા.

૧ અદેખો કોઇ સારાં માણસનાં દુપણો કહેવા બેસે તેમાં ઉલટું તે કીર્તિનું વર્ણન હોય છે.
૨ જે કોઇ તારી પીઠ પાછળ તારી અદખોઇ કરે તેની નજર આગ તું તેની તારીફ કર.
૩ અદેખાઇ અંતરમાંથી દૂર કરો.
૪ ગમે એવાં સારાં નશીબના ગમે એવાં સુખી અદેખાઇના બાણ વેગળાં ન હશે. પોતાની મોટાઇ અને પારકાંની નિંદા તજો.
૫ નિંદાખોરો આગળ સુણતે કાને બહેરાં બનવામાં જાતી શોભા અ સલામતી સચવાય છે.
૬ પારકાંને નાલેશાના ઝેરથી રીબાવો મા.
૭ અદેખું પોતેજ પોતાને શિક્ષા કરે છે.
૮ અદેખાઓ પોતાની જીંદગીને પોતેજ ઝેર આપે છે.
૯ અદેખાઇ માણસને સોડવે છે.
૧૦ અદેખાઇથી મળેલી ખુશાલી એ કાંઇ ખરી ખુશાલી નથી.
૧૧ અદેખાઇની સામે ઉભું રહેવા કોણ શક્તિમાન છે?
૧૨ હંમેશાં કોઇપણ કામમાં રોકાએલા રહેવું, એ અદેખાઇનો અકસ ઇલાજ છે.
૧૩ નીંદા કરવાનો નીચનો સ્વભાવ છે.
૧૪ પ્રતિસ્પર્દ્ધિ ચતુરાઇની નીંદા કરે છે.
૧૫ ઇર્ષ્યાના જેવી બળવત્તર પ્રકૃતિ બીજી એકે નહીં હોય.
૧૬ દ્વેષી એ છે કે જે બીજાને જીવતા જોઇ પોતે જીવી શકતો નથી.
૧૭ અદેખો જે કે પોતાના ભાણામાં ધૂળ નાંખીને પછી ખાય છે.

૧૮ ઘુડ જો સારૂં પક્ષી હોત તો શીકારીના હાથમાં આવ્યા વગર રહેત નહીં (મતલબ કે સારાં માણુસો હોય તેજ અદેખાઇની આંખમાં આવે છે.)

૧૯ અદેખાઇ લોઢાનાં કાટ જેવી છે, તે માણુસનો ઘાણુ વાળ્યા વગર છોડતી નથી.

૦ ચાડીયાની કોઇ સલાહ લેતું નથી.

૧ અદેખું માણુસ જે તેને હાની કરતું નથી તેના ઉપર પણુ ગુસ્સે થાય છે!

૨ મનમાં દ્વેષ ઢાંકી રાખવો તે રાખમા અગ્નિ ઢાંકી રાખવા બરોબર છે. અદેખા લોકોના બોલવા ઉપર કાંઇ દુઃખ લગાડીશ નહીં. કાંઇ ઉત્તર આપીશ નહી. તેથી તને નુકશાન નહીં થાય પણુ ઉલટી તેઓની હલકાઇ લોકોના મનમાં જણાઇ આવશે.

૩ તું આરસિ જેવો પાક હશે તો પણુ અદેખાઇથી બચનાર નથી.

૪ આપણા વિષે કોઈ દ્વેષભાવથી બોલે તેને ઉત્તર આપવાની આવસ્યકતા નથી; કેમકે સાભળનારના અંતઃકરણુ તેનો ઉત્તર આપશેજ.

૫ અદેખાઇ હજારગણી હરામખોર છે.

૬ પારકાના ભલામાં જે મનુષ્ય ઇર્ષા કરે તેના રોગનો પાર નથી.

૭ નિંદા સાંભળવાથી હુશિઆરી મેળવનારૂં કોઇકજ નિકળશે, પણુ ખોટી મોટાઇ સાંભળી ભૂલાવામાં પડનાર અનેક છે.

૮ અદેખાઇ પોતાની સખ્ત આગમાં માણુસના શરીરને બાળે છે.

૯ જ્યારે મોહ અને દ્વેષાગ્નિ જતા રહે છે ત્યારેજ મનુષ્ય સુખી થાય છે.

૦ ચતુરાઇની નીંદા સાંભળો.

૧ નકામી નિંદા પર ધ્યાન નહીં આપો.

૨ સર્વપર ખરી અથવા ખોટી નિંદાના છાંટા ઉડે છે.

૩ નીંદાની સામે મુખ્ય હથિઆર જાહેર હિંમત છે.

૪ સદ્ગુણી માણુસોનાજ ઘણા દુસ્મનો હોય છે. કારણુ ફળથી ઝુમી જતાં ઝાડ ઉપરજ લોકો પથરા ફેંકે છે.

૩૫ સવથી ધીઃકારવાજોગ શખ્સ અદેખો આદમી છે.

૩૬ અદેખાઈથી સુલેહનો ભંગ થાય છે.

૩૭ અદેખો આદમી ઇશ્વરનો ગુન્હેગાર છે.

૩૮ મતલબીયા, આળસુ અને મગરૂર માણસો અદેખા હોય છે.

૩૯ કોઇનું બુરૂં બોલ નહીં તેમ પારકી નિંદા સાંભળ નહિ.

૪૦ અદેખો અને લોભી સૌ આંધળામાં વધારે આંધળા છે.

૪૧ દ્વેષ, બુદ્ધિ અને અસંતોષમાં ખાલી દુઃખ રહેલું છે.

૪૨ દ્વેષ રાખવો એ નીચ લોકોનું કામ છે.

૪૩ નીચા અને નાના મનના માણસોજ બીજાના ચાળા પાડવામાં ?
સમજે છે.

ગુણ.

૧ અંતરના ગુણ કરીને માણસ જેટલો સ્તુતિપાત્ર થાય છે તેટલો
રના ગુણથી થઇ શકતો નથી.

૨ દરેક મનુષ્યમાં એક સરખા ગુણો નથી.

૩ કોઇપણ સારો ગુણ જો તેની હદ કુદાવી જાય તો તે માઠા
બદલાઇ જાય છે.

૪ ગુણની ગણના તેના ઉદ્ભવની સાથેજ થાય એવું તો ક્વચિતજ બ

૫ ગુણ નિરૂપણમાંજ પ્રીતિ રાખો.

૬ ગુણની ઝલક તેના ધરાવનારને દીપતો અને જાણીતો બનાવે છે.

૭ ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ.

દરેક આગેવાનોએ મુલાકાત લઈ સંતોષ બતાવી
વખાણેલું અને હિંદુ જાતીનાં નિરાધાર અનાથ
બાલકોને પોશણ આપતું, આ

હિંદુ અનાથ આશ્રમ-નડીઆદ

એકજ છે.

તેને દાન કરવાના દરેક પ્રસંગોએ જરૂર
યાદ કરી કંઈ પણ દાન મોકલશો.

હાલ તે દોઢસોને સુમારે અનાથ બાલક, બાલિકા અને અશકતોનું પાલણપોશણ કરે છે અને તેમને જુદા જુદા ધંધા શીખવી પગ ઉપર ઉભા રહી કમાઈ ખાય તેવા સભ્ય શહેરી બનાવવા યત્ન કરે છે. તેમના ફક્ત ખોરાકી પોશાકી વીગેરે ખર્ચના રૂ. ૫૦) દરરોજ જોઇએ છીયે.

તો જરૂર તમો દયાની દેવીઓ ! આ તમારાં અનાથ ભાન્ડુઓને બચાવવા તમારો દાનેશ્વરી હસ્ત લંબાવશો. દરેક પ્રકારનું દાન લેવાય છે.

વધુ વીગત માટે પુછોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(113, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીનો વીમો

બહુજ જરૂરનો અને લાભકારક છે.

ઇંડસ્ટ્રીઅલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની યોજનાઓ આપે છે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે જામીનગીરી સદ્ધર છે,

વિશેષ હકીકત માટે લખોઃ—

જીવણલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીયલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કં. લી.

૧૧૩, એસ્પલેનેડ રોડ, કોટ, **મુંબઇ.**

Reg. N. B 1070.

સ્ત્રીબોધ.

વર્ષ ૬૮.] ઓક્ટોબર, ૧૯૨૪. [અંક ૧૦ મો.

તંત્રીઓ { બાઈ પુતળીબાઈ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ.
બી એ, એલ્‌એલ્‌ બી

ભાભી—

દાદાએ દીધી ને માડીએ માની રે
એ મુખ નોખલી ભાભરી લાવી રે
માડીમા ત્યાં તો ગયું મહુલ્યું રે
આપે—આપે તોય થાય ન આછું રે

[illegible] નેણુંએ મદ મૂકાતા રે,
[illegible] અમૃત પળ-પળ પાતા રે.
[illegible] લીની માનગી હેરી રે,
[illegible]-ઓઢી થતી નમુદલ ઘેરી રે

પ્રીતમની [illegible] પ્રીત પુ[illegible] રે,
[illegible]ભરી એની મીઠી વાણી રે
એ [illegible] આપનડીના આસુડા લ્હોના રે
[illegible] હસી-હસી મોદલા જોના રે

[illegible]

મુદ્રક:-જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂ. ૨-૪-૦ પરદેશ માટે રૂ ૪-૦-૦ છૂટક અંકના ૦-૫-૦

અનુક્રમણિકા—ઓક્ટોબર, ૧૯૨૪.

૧	પત્ની પ્રેમ	રા. શાન્તિલાલ છો. શાહ	૪૬૧
૨	આત્મમંથન	રા. ચન્દ્રવદન ગ. મહેતા	૪૬૨
૩	સમાજ સુધારા માટે જુદી ચળવળની જરૂર છે?	રા. કેશવપ્રસાદ છો. દેસાઈ	૪૬૩
૪	બાળસ્વભાવ	રા. હીમતલાલ ગ૦ અંજારીઆ.	૪૭૦
૫	પ્રણીકાના પ્રશ્નો	રા. કેશવપ્રસાદ છો. દેસાઈ	૪૭૩
૬	માવજી માતાનું દેન	રા. મણીલાલ ચુ૦ ત્રિપાઠી	૪૭૬
૭	બાનું બનાવોની નોંધ	રા. કેશવપ્રસાદ છો. દેસાઈ	૪૭૮
૮	નાગરનગરનું રત્ન (ચાલુ વાર્તા)	બેન જયા ગેન પીલુ	૪૮૩
૯	માસિકકારનું આરોગ્ય	રા. હરિલાલ છ. દીવાન	૪૮૮
૧૦	નવીનો યોગ!	રા. ત્યાગી	૫૦૭
૧૧	સાહિત્યમાં નારીજીવનનું પ્રતિબિંબ	રા. નવનરામ જ. ત્રિવેદી બી. એ.	૫૧૧

"બાળક" વિભાગ:—

૧	સિંહ અને ઉંદર	રા. રમણલાલ મ૦ વ્યાસ	૨૦૬
૨	અગ્નિની ઉત્પત્તિ...	બહેન શાંતી દેવશંકર	૨૧૦
૩	રામાયણની વાતો	રા. જીવનલાલ અં૦ મહેતા	૨૧૬
૪	'મને આવડે નહિ'	રા. રમણિક જે૦ દવે	૨૨૦
૫	માગતર ઉપર પાણી	રા. કેશવપ્રસાદ છો૦ દેસાઈ	૨૨૬
૬	પરીઓ	શ્રી ગણિત	૨૩૧

ગ્રાહકોને સૂચના.

આ અંકમાંની જ્ઞાનવર્ધક પુસ્તકમાળાની જાહેરાત તરફ સર્વે વાચકોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ, અને તેનો લાભ લેવા સૂચવીએ છીએ.

નવા વર્ષની યોજની જાહેરાત આવતા અંકમાં વાંચજો.

સ્ત્રીબોધ

૧૯૨૪.

પુસ્તક ૬૮ મું.] ઑક્ટોબર, [અંક ૧૦ મો.

પત્નીપ્રેમ.

નિર્ધન થકી નિર્ધન થઇ, હુ રંક વેષે આથડું,
ના વસ્ત્ર સુંદર પ્હેરવાને, પેટ ભિક્ષાથી ભરૂં;
આભૂષણો છો નહિ મળે, હિરા સુવર્ણ ન સાંપડે,
તો પણ પતિનો પ્રેમ એ, મુજ જીવનને સુખીયું કરે. ૧

આધી ઉપાધી વ્યાધીઓ, કાયા ભલે દુર્બળ કરે,
'દુ ખી છે' કહે સૌ લોક ને, છો 'ભાગ્યહિન' વળી કહે,
ના માન જગમા કોઈ દે, ને સર્વ નિંદા છો કરે,
તોપણ ખરો પતિપ્રેમ એ, મુજ જીવનને સુખીયું કરે ૨

મ્હારે ખરે પતિપ્રેમ આગળ, વિશ્વ સઘળું વ્યર્થ છે,
રાજા મહારાજા તણાં, સ્વર્ગીય સુખો સૌ તુચ્છ છે,
પતિભક્તિ માનું સ્વર્ગસુખ, મમ મોક્ષ માનુ એહમાં,
પતિપ્રેમ ત્યારે તો ખરેખર, જીવન મુજ સુખીયું કરે. ૩

શાન્તિલાલ છોટાલાલ શાહ.

રક્ષા બન્ધન.

[લેખક—રા. રા. ચન્દ્રવદન ચમનલાલ મહેતા.]

" મ્હારા કેસરભીના કંથ હો... ...." એ રાહ.

મ્હારા લાડકવાયા વીર હો !
તહને અંતરના આશિશ.

કાર્યારંભે વારણા લઉં હું, વેરીશ શુકન થાળ;
ઉર્ધ્વ લલાટ સોહામણું, ત્ય્હાં ચોડીશ અક્ષતમાળ:
મ્હારા૦

વાટે ઘાટે ને ઓટલે, વળી ચન્દની ચીતર્યે તીર;
ગાંડી ઘેલી ત્હારી ગોઠડી નવ ભૂલીશ વ્હાલા વીર!
મ્હારા૦

એક જ્યોતિ બ્રહ્માંડની, તે છતે ઋષીના ટેક,
કુટુમ્બ જ્યોતિ વીર મ્હારો અણમૂલ પ્રભુની ભેટ:
મ્હારા૦

એક સહોદર વીરના મુજ મનમાં હતાં કંઈ ભાવ;
માડીજાયો નહિ ભાગ્યમાં તોયે મોંઘા મળ્યા તુંથી લ્હાવ;
મ્હારા૦

રક્ષા બાંધી જાળવું ત્હારૂં પાવન ઉર ખમીર;
પસલીના નથી મોહ મ્હને હું તો ભાવની ભૂખી, વીર !
મ્હારા૦

સમાજસુધારા માટે જુદી ચળવળની જરૂર છે ?

[લેખક—રા. કેશવપ્રસાદ દેસાઈ. બી. એ. એલએલ. બી.]

" યુગધર્મ " માસિકના તંત્રીઓએ ગુજરાતના લેખકો અને વિચારકો પ્રત્યે કેટલાએક સમય ઉપર એક પત્ર લખીને અસહકારની પ્રવૃત્તિએ સામાજિક વિકાસ ઉપર કેવી જાતની અસર કરી તે સંબંધી કેટલાએક પ્રશ્નો પૂછ્યા છે. અને ખાસ કરીને એમ પૂછ્યું છે કે ભવિષ્યમાં સામાજિક વિકાસ માટે મહા સભા (કોંગ્રેસ)ની પ્રવૃત્તિ ઉપર આધાર રાખવો જોઇયે કે તેને માટે સ્વતંત્ર પ્રવૃત્તિ કરવી જોઇશે ? આ ઉપયોગી પ્રશ્નોનો ઉત્તર આપવા અત્રે પ્રયત્ન કર્યો છે.

આપણા આગેવાનોને પ્રથમથી એમ લાગેલું તો ખરૂંજ કે રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓ બન્ને, દેશના વિકાસ માટે અગત્યની છે. અને તેથી રાજકીય પ્રવૃત્તિ માટે (કોંગ્રેસ) મહાસભાની સ્થાપના થઇ તે સાથે સામાજિક (કૉન્ફરન્સ) સભાની સ્થાપના પણ કરવામાં આવી. અને તેનો સંદેશો લોકોમાં પહોંચે તે માટે કેટલેએક સ્થળે સંસારસુધારા સમાજો (એસોસીએશન)ની સ્થાપનાઓ પણ થઈ હતી. આવી સમાજોની સહાનુભૂતિથી વિધવા પુનર્લગ્ન સભાઓ તથા સ્ત્રીઓની કલબો તથા કન્યાશાળાઓની સ્થાપના પણ થઇ હતી. પરંતુ સામાજિક સુધારા એટલે જુના મતવાળાઓ સાથેજ તકરારો કરવાની. આપણા દેશની રાજકીય પરિસ્થિતિ એવી હતી કે રાજકીય સુધારાઓ માટે હંમેશા સરકાર સામેજ હીલચાલો કરવાની. એટલે તે માટે લોકોમાં અંદર અંદર સંપ વિગેરે જોઇયે. પરંતુ કેટલાએક રાજકીય હીલચાલના નેતાઓને એમ લાગ્યું કે સંસાર

સુધારાની હીલચાલથી તો અંદર અંદર કુસંપ થાય છે. એટલે તેઓએ ધીમે ધીમે તે તરફ દુર્લક્ષ કરવા માંડયું. છતાંયે સંસાર સુધારા પરિષદો તો કોંગ્રેસની સાથે ભરાતીજ હતી. વળી એક સમયે એવો પ્રશ્ન ઉભો થયો કે સામાજિક સુધારા માંટે કાયદાની મદદ લેવી કે નહિ ? આ પ્રશ્ન "સંમતિવય" ના કાયદા સમયે ઉભો થયો. આમાં સુધારકોમાં પણ મતભેદ પડી ગયા. એટલે ધીમે ધીમે સંસાર સુધારા પરિષદ બહુજ ગૌણ પદે જવા માંડી. અને મોટે ભાગે તેમાં સરકારી નોકરો તથા રાજકીય વિષયમાં બહુ ભાગ લેતા ના હોય તેવા ગૃહસ્થોનું પ્રમાણ વધારે રહ્યું. એટલે સામાજિક પ્રવૃત્તિ મંદ ગતિએ ચાલી.

છતાંયે દેશમાં, અનેક કારણોને લીધે, સુધારાની પ્રગતિ તો ચાલુજ રહી. ઉચ્ચ કેળવણી વધી, સ્ત્રીકેલવણી પ્રસરી, પાશ્ચિમના સુધારાની પ્રગતિ વધુ થઈ, વગેરે અનેક કારણોથી સામાજિક વિકાસ થતો તો ગયો જ. પરંતુ વિકાસનાં કારણો ઘણાંખરાં આડકત્રાં હતાં.

જે આડકત્રી અસરોથી સંસાર સુધારાને પોષણ મળ્યું તેજ અસરોથી સંસાર સુધારા પરિષદ તરફ પણ પ્રગતિ પૂજક યુવકોનું વિશેષ લક્ષ ગયું. તેમણે સંસાર સુધારાનો વ્યાપક અર્થ લેવા માંડયો. કેવળ સાંસારિક બાબતો—લગ્ન અને ગૃહની બાબતો—શિવાય મોટી સામાજિક બાબતોનો પણ આ પરિષદમાં સમાવેશ થવો જોઇયે એવી લાગણી બધે ફેલાવા લાગી. આ પરિષદમાં ગૃહઉદ્યોગો, દારૂની બદી, અંત્યજોદ્ધાર, સહકારી મંડળીઓ, બાળમરણ, સ્ત્રીઓની તંદુરસ્તી, મીલમજુરોની સ્થિતિ, અને સમાજ સેવાનાં મંડળો ગામે ગામ સ્થાપવા સબંધી ઠરાવો આવ્યા. અમદાવાદ, ગોધરા, નડીયાદ, અને સુરતમાં ભરાયલી સામાજિક પરિષદોમાં આ સર્વ ઠરાવો આવ્યા હતા. અને તે ઠરાવોનો અમલ થાય તે હેતુથી સ્થાયી મંડળની સ્થાપના પણ થઈ હતી.

સામાજિક હીલચાલ કાંઈક ગાઢ થવાનો પ્રસંગ આવતો હતો, તેવામાં મહાત્મા ગાંધીજી રાજકીય પ્રવૃત્તિમાં જોડાયા. કોંગ્રેસમાં ઉથલ પાથલ થઈ અને ગાંધીજીનો પ્રભાવ તેમાં પડયો. અને ધીમે ધીમે મહાસભાનું સુકાન ગાંધીજીના હાથમાં, અથવા તેમની સંપૂર્ણ અસર તળે આવ્યું. ગાંધીજીએ જોયું કે અમુક વિષયોમાં સામાજિક પ્રગતિ થયા વિના તો, રાજકીય શ્રેય સધાશે નહિ જ. એટલે તેમણે અમુક બાબતોને મહાસભાના કાર્યક્ર માંજ દાખલ કરી દીધી. મહાત્માજીનું વ્યક્તિત્વ હોત ન તો એ બાબતોને મહાસભામાં સ્થાન મળી શકત નહિ એટલે બદલાયલી રાજકીય પ્રવૃત્તિથી, સામાજિક સુધાર આટલો લાભ તો થયો જ.

સંસારસુધારાની બાબતોમાંથી જે બાબતો મહાસભા લેવાઈ તે નીચે પ્રમાણે હતી:—

૧. ખાદી પ્રવૃત્તિ એટલે ગૃહ ઉદ્યોગ.

૨. અસ્પર્શ્યતા નિવારણ.

૩. દારૂની બંદી.

આ ત્રણ ખાસ વિષયો ઉપરાંત સ્ત્રી–સન્માનની બાબતમાં તથા જાહેર પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓનો હીસ્સો મેળવવાની બાબતમાં પણ, મહાસભાની પ્રવૃત્તિની ઘણી અસર થઈ.

છતાંયે એક વાત ભૂલવાની નથી. મહાસભા તે રાજકીય પ્રવૃત્તિ માટે જ હતી અને છે. રાજકીય પ્રગતિને પોષવી એ તેના અંગની સામાજિક હીલચાલનો મુખ્ય મુદ્દો હતો. ખેડુતો દેશમાં એંશી ટકા છે. તેઓ દેવાદાર હોય તો સ્વરાજ મળે નહિ, અને મળે તો ટકે નહિ. માટે ખેતીમાંથી ફુરજદ પડતા સમય-માં, કરી શકાય તેવા ગૃહઉદ્યોગ જોઈએ.સરલ ઉદ્યોગ કાંતવાનો છે માટે ખાદી પ્રચાર અગત્યનો છે. વળી તેથી પરદેશ જતું ધન દેશમાં રહેશે. આ ખાદી પ્રચાર માટેની દલીલ. અસ્પર્શ્યતા માટે પણ દલીલ એમ છે કે જો દેશની વસ્તિના છઠ્ઠા ભાગને તમે અવગણશો તો ઐકય

વિના સ્વરાજ સંભવતું નથી; માટે અસ્પર્શ્યતાનું નિવારણ કરો. દારૂની બદી ઓછી કરવા સબંધી પણ સરકાર પક્ષ તરફથી એમ કહેવામાં આવ્યું હતું કે અસહકારીઓનો મુદ્દો સરકારી આવક ઓછી કરવાનો છે, (કારણ કે દારૂના વેચાણમાંથી સરકારને આવક ઘણી મોટી થાય છે.) રાજકીય પ્રવૃત્તિને અંગે હાથ ધરાયલા ત્રણ સામાજિક પ્રશ્નોની આ સ્થિતિ છે.

આ ત્રણે પ્રશ્નોના સબંધમાં મહાસભા તરફથી કેવી ચળવળ થઇ તે પણ જોવું જોઇયે. ખાદી અને હાથકંતામણ તથા હાથવણાટ માટે તો મહાસભા તરફથી અગાધ પ્રયત્નો થયા છે, અને હજીયે થાય છે, તેની તો ના કહેવાયજ નહિ. તેના ઉપયોગ સામેની સુગ જતી રહી છે. કાંતવું તે હલકું કામ છે એ લાગણી પણ જતી રહી છે. ખાદી વણાય છે, તે વેચવા માટે પ્રયત્નો થાય છે, અને વપરાશમાં પણ આવી છે. ગામડાઓમાં પણ મહાસભાના સ્વયં–સેવકો ગયા છે. અને આપણે આશા રાખી શકીયે કે જો આ ઉત્સાહ ચાલુ રહેશે તો ગામડામાં પાછો આ ગૃહ–ઉદ્યોગ પગભર થશે, અને ખેડુતોને કાંઇક આર્થિક મદદ મળશે.

અંત્યજોદ્ધાર માટે પણ મહાસભાએ સખ્ત સાદ દીધો છે. અસ્પર્શ્યતા દૂર થવીજ જોઇયે તેવો પોકાર કર્યો છે; પરંતુ ખાદી પ્રચાર જેવા પ્રયત્નો આ સબંધમાં થયા નથી, તે તો કબૂલ કરવુંજ પડશે. અંત્યજો કે અસ્પર્શ્યો માટે કેળવણીની ખાસ સંસ્થાઓ બે ત્રણથી વધુ નવી નથી નિકળી. રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાઓમાંથી કેટલીએકમાં તો તેમને દાખલ નથીજ કરતા, અને દાખલ કરે છે ત્યાં પણ તેમણે જુજ લાભજ લીધો છે. ખાદી પ્રચાર માટે જેવા વ્યવસ્થિત પ્રયત્નો થયા છે તેવા અસ્પર્શ્યતા નિવારણ માટે નથીજ થયા. અંત્યજ પરિષદો મેળવાઈ છે, પણ તેમનામાં જાથુક કામ કરવાની યોજના થઈ નથી.

દારૂની બદી સંબંધમાં તો આટલુંએ થયું નથી. તે સબંધમાં પ્રવૃત્તિનું એક મહાન મોજું આવી ગયું. દારૂની દુકાનો

આગળ ચોકીઓ થઇ. તેમાં કેટલાએક સ્વયંસેવકોએ ઘણી હીંમત બતાવી. પરંતુ એ બધુંયે અલ્પજીવી થયું, અને એ સબંધી કાંઇ વાત પણ હવે સંભળાતી નથી. આ બદી ઓછી કરવા માટે બીજા માર્ગો છે. મીલમજુરો, અંત્યજો, અને ધારાળાઓ, જેઓ દારૂનો ઘણો ઉપયોગ કરે છે, તેમને દારૂ ન પીવાનો બોધ આપવામાં કદાચ આવતો હશે. પરંતુ ગુજરાતની પ્રજામાં આવી હીલચાલ પણ મહાસભા તરફથી વ્યવસ્થિત રીતે થતી જાણવામાં નથી. બોરસદની ધારાળા તથા અંત્યજ પરિષદોમાં તે વર્ગોની બહુજ થોડી હાજરી હતી એમ સાંભળ્યું છે. એટલે જે એક જીલ્લામાં આ સબંધી આંતરિક પ્રવૃત્તિ થવાની આશા હતી તે પણ ફળીભૂત થઇ નથી. અત્યારે મદ્યપાન નિષેધ મહાસભાની પ્રવૃત્તિમાં નથી એમ કહી શકાય.

આ ઉપરાંત એક બીજી પણ વાત વિચારવાની છે. અત્યારે મહાસભા એટલે અસહકાર અને અસહકારમાં ધારાસભા મારફતે તો કામ થઇ શકે નહિ. અંત્યજ વિશે કેળવણી ખાતાનો ઠરાવ છે કે જે શાળાઓને સરકારી મદદ મળતી હોય તેમાં અંત્યજોને દાખલ કરવાની મનાઈ કરી શકાય નહિ. મદ્યપાન સબંધમાં પણ તે બદી કેમ ઓછી થાય તે સબંધી એક સમિતિ મારફતે તપાસ થઈછે, અને તેના પરિણામે ઠરાવ પણ થયા છે. તે ઠરાવો જો અમલમાં મૂકાય તો ઘણો લાભ થાય તેમ છે. અત્યંજો માટે નિવાસગૃહો તથા જુદી શાળાઓ કાઢવાની ફરજ પણ, લોકમતથી સરકાર ઉપર નાંખી શકાય તેમ છે. પરંતુ અસહકારી ભાઇઓ તે રસ્તો લઈ શકે નહિ અને પરિણામે આ બે આવશ્યક પ્રવૃત્તિઓની પ્રગતિ ધીમીજ રહે.

મહાસભાએ ત્રણ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરી તેનું એક પરિણામ એમ આવ્યું કે સમાજસુધારાની પ્રવૃત્તિ જરા મંદ પડી. એકતો રાજકીય પ્રવૃત્તિ બહુજ જોરથી ચાલતી હતી. મોટે ભાગે લોકોનાં મન તેમાં પરોવાયલાં હતાં. એટલે સ્વાભાવિક

રીતે બીજી હીલચાલો મંદ પડેજ. તે સાથે કેટલાએક વર્ગોમાં એવી માન્યતા પ્રસરવા માંડી કે સમાજ સુધારાનું કામ તો હવે મહાસભાએ ઉપાડી લીધું છે, એટલે તે માટે જુદી પ્રવૃત્તિ કરવાની જરૂર નથી. આ બંને કારણોને લીધે સામાજિક પ્રવૃત્તિ ઓછી થઈ ગઈ છે. અને બાળલગ્ન તથા કન્યાવિક્રય જેવા પ્રશ્નો જે સબંધી હજી પણ તીવ્ર હીલચાલ કરવાની જરૂર છે, તે પ્રશ્નો તો જાણે અત્યારે અસ્તિત્વમાં નથી એમ લોકોએ આંખ મિચામણી કરવા માંડી છે. વળી કોઈ તે સબંધી કાંઈ હીલચાલ કરે છે તો તેને હસી કાઢવામાં પણ આવે છે. અને કહેવામાં આવે છે કે હવે તો એ પ્રશ્ન જુના થયા. પરંતુ એ સામાજિક બદીઓ અત્યારે છેજ, અને સમાજને મહાન હાની કરેજ જાય છે, તે વિચારનાર ઓછા છે.

રાજકીય સંસ્થા તરફથી સામાજિક હીલચાલ ઉપાડી લેવામાં આવે તેનું એક પરિણામ એવું આવેજ કે તે હીલચાલમાં સરકારી નોકરો ભાગ લઈ શકે નહિ. વળી વિનિતપક્ષના રાજદ્વારીઓ પણ અસહકારને અંગે ચાલતી હીલચાલમાં ભાગ લેવાનું પસંદ ના કરે. વળી આપણે જોઇ ગયા કે સમાજોદ્ધાર માટે કેવળ બે ત્રણ કરતા વધારે વિત્રયોનો વિચાર કરવાની અને તે માટે ઉત્સાહથી સતત્ કાર્ય કરવાની જરૂર છે.

જ્ઞાતિબંધન, બાળલગ્ન, કન્યાવિક્રય, સ્ત્રીશિક્ષણ, વિધવાઓની સ્થિતિ અને પુનર્લગ્ન, સ્ત્રીઓની તંદુરસ્તી, બાળમરણ, મીલમજુરોની સ્થિતિ, સહકારી મંડળીઓની સ્થાપના, અને સમાજસેવા મંડળોનો પ્રસાર, વગેરે બાબતો તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. તેમ કર્યા વિના સામાજિક ઉદ્ધાર યા પુનર્ઘટનાનો સંભવ નથીજ. આ સર્વ પ્રશ્નોના ઉકેલ પ્રજામાં યોગ્યતા આણશે, પ્રજાનો વિકાસ સાધશે, અને તેની રાજકીય પ્રવૃત્તિમાં પણ મદદરૂપ થશે. અલબત પ્રજાને લગતા જુદા જુદા પ્રશ્નો—રાજકીય—આર્થિક અને સામાજિક પ્રશ્નો—એક બીજા સાથે સંક-

ળાયલા છે, તેની તો ના પડાય નહિ. એટલે સામાજિક હીલચાલ કેવળ અલગ તો નાજ પાડી શકાય, છતાંયે સર્વ સામાજિક પ્રશ્નો ઉપર લોકસમસ્તનું ધ્યાન દોરવા, તે સબંધી સતત્ ચળવળ ચાલુ રાખવા, તથા તે માટે વ્યવહારૂ પગલાં લેવા, કેવળ સામાજિક પ્રશ્નો હાથ ધરનાર જુદી સંસ્થાની જરૂર છે જ. તે માટે દર વર્ષે સામાજિક પરિષદ જુદી ભરાય તે ઇષ્ટ છે, અને તેને અંગે આખુંયે વર્ષ સતત્ કાર્ય થાય તે માટે સ્થાયીમંડળ તથા સ્થાનિક મંડળોની પણ જરૂર છે.

ગુજરાત—રાજકીય ગુજરાત નહિ પણ ભૌગોલિક ગુજરાતમાં દેશી રાજ્યોનો પ્રદેશ મોટો છે. પરંતુ આપણી રાજકીય હીલચાલો તો અંગ્રેજી–ગુજરાતમાંજ મુખ્યત્વે ચાલે છે. એટલે રાજકીય હીલચાલને અંગે જે સામાજિક ચળવળ ચાલે તે દેશીરાજ્યોના પ્રદેશમાં પ્રસરે નહિ. આ કારણથી પણ સામાજિક ચળવળ જુદી સંસ્થા મારફતેજ ચાલવી જોઇયે.

અંતમાં જે સામાજિક બાબતોને–અને ખાસ કરીને અસ્પૃશ્યતાની બાબતને–મહાત્મા ગાંધીજીયે પ્રજા સમક્ષ આણી છે, અને તે માટે તેમણે જે પ્રયત્નો કર્યા છે, તે સારૂ દરેક સુધારક તેમનો તથા મહાસભા (કોંગ્રેસ)નો ઉપકાર માનશેજ. નવજીવન દ્વારા ગાંધીજીયે વિધવાલગ્ન સબંધમાં જે વિચારો દર્શાવ્યા હતા, અને અમુક સંજોગોમાં વિધવા પુનર્લગ્નને ઇષ્ટ જણાવ્યું હતું તે માટે પણ સમાજ તેમનો ઉપકાર માનશે. છતાંયે ઉપર દર્શાવેલાં અવિસ્તર કારણોને લીધે સામાજિક ઉદ્ધાર માટે જુદીજ ચળવળ ચલાવવાની જરૂર છે એવો મારો નમ્ર પણ દૃઢ મત છે. આશા છે કે ગુજરાત આ બાબતમાં બહુ વખત બેદરકાર નહિ રહે.

બાળ સ્વભાવ.*

[લખનારઃ—રા. રા. હિમ્મતલાલ ગણેશજી અંજારિયા.]

બાળસ્વભાવનો અભ્યાસ જરૂરનો છે એમ હજી તો આપણે માનતા પણ થયા નથી એમ કહી શકાય. આપણાં ભણેલાં અને સુધરેલાં કહેવાતાં માબાપો, અને અધ્યાપન મંદિરમાં બે ત્રણ વર્ષ રહી ઘટતી પદવી લઈ આવનાર આપણા શિક્ષકોમાંથી પણ ઘણા તેવો અભ્યાસ ભાગ્યેજ જરૂરનો સમજતા હશે.

અભ્યાસ કરવાની ઇચ્છાવાળા કોઈ હોય તો તેમને તે વિષયનાં ગુજરાતી ભાષામાં પુસ્તકો પણ થોડાંજ મળે. અંગ્રેજીમાં અને યુરોપની બીજી ભાષાઓમાં બાળકો બહુ નાનાં હોય ત્યારથી તેમની રહેણી કરણી—અરે, તેમની ક્ષણેક્ષણની જીવનગાળણી વિષે નોંધ કરનાર લેખકો થઇ ગયા છે. આપણે ત્યાં તેવા કોઇ હજી સુધી થયા નથી—અને થયા હોત તો પણ આજ સુધીમાં તેમનાં પુસ્તક કાંઇ પ્રચલિત પણ ન થયાં હોત.

બાળકોનો ઘણો વખત મા સાથે, તેથી થોડો શિક્ષકો સાથે અને તેથી વધારે ઓછો બાપ સાથે, ગળાતો હોય છે. માતાને માથે બાળકને સાથે કેળવવાની પૂરેપૂરી જવાબદારી છે. માતાના પરજ બાળકનો મુખ્ય આધાર છે. જો માતા આ વાત સમજે, અને યોગ્ય રીતે બાળકો વર્તવાનું શીખે કે સમજે તો અવશ્ય હિન્દનું—ભવિષ્યના હિન્દનું સ્વરૂપ જલદી બદલાય.

આપણે ઇચ્છીશું કે માતાઓ અને શિક્ષકો બાળકના સ્વભાવનો અભ્યાસ કરવાની ચિંતામાં પડશે અને તેથી ગુજરાતનું ભવિષ્ય સુધારશે—હિન્દનું ભવિષ્ય સુધારવામાં ગુજરાત પણ મદદરૂપ થશે.

બાળસ્વભાવનો ખંતથી અને ધીરજથી અભ્યાસ કરવામાં આવે તો માબાપો અને શિક્ષકો પોતાના કેળવણીના કામમાં કેટલો બધો લાભ કરી શકે એ જાણવા આપણે એકાદ બે દાખલા રજુ કરીશું.

શાળાનો એક પ્રસંગ લ્યો. હમણાં હમણાં મુંબઇની શાળાઓમાં ફુટપટીથી આંકીને શ્રુતલેખન લખવાનો રિવાજ છે. બધા છોકરા પાસે ફુટપટી હોતી નથી, એટલે કોઇ કોઇ છોકરાને પોતાના પાડોશી પાસેથી તે માગી

---

* ભગિની સમાજ પત્રિકા.

લેવાની હોય છે. એકવાર એક છોકરાએ-પોતાની પાસેનો છોકરો-જેની પાસે ફુટપટી હતી અને જેણે પોતે લીટી દોરી લીધી હતી-તે છોકરા પાસેની ફુટપટી લેવા હાથ લંબાવ્યો. ફુટપટીના માલેક છોકરાએ, મોઢું ચડાવી એવો ખરાબ તો છણકો કર્યો કે શિક્ષકને તેમાં અસભ્યતા અને ખરાબ સ્વભાવ લાગ્યાં. પરંતુ તે છોકરાને તેવી રીતભાત સુધારવા શિક્ષકે એક ધબ્બો લગાવી દીધો. આ પ્રસંગનો વિચાર કરો. શિક્ષકે સજા કરી તેમાં ખોટું ન કર્યું એમ ઘણા કહેશે. જો આ ગુન્હો પાંચ સાત દશ વાર થઈ ગયો હોય, અને તેથી શિક્ષકે આવી સજા કરી હોય તો તો હું પણ કહું કે શિક્ષકે ઠીક કર્યું ખરૂં. પણ જો ગુન્હો પહેલી કે બીજી વારનો જ હોય, તો બાળસ્વભાવનો અભ્યાસી જૂદી રીતે વર્તન કરે. ફુટપટી ન આપનારને પોતાના કાર્યનું ભાન આપે-પોતે કામ કરી લીધા પછી પણ પોતાની વસ્તુ બીજાને વાપરવા ન આપવાની વૃત્તિ ખરાબ કહેવાય; છણકો કરીને ના પાડવી એ તો વળી અવિવેક પણ કહેવાય-ના પાડનારનું મન સાંકડું, ટુંકું કહેવાય-ના પાડવી હોય તો પણ સારી રીતભાત સમજનાર જૂદી રીતે ના પાડે. આ બધી વાત સમજાવી, શિક્ષકે ના પાડનાર છોકરાને શરમાવ્યો હોય, તેને પોતાના વર્તનનું ખોટાપણું સુઝાડ્યું હોય, તો અવસ્ય છોકરા પર જુદી જાતનીજ છાપ પડે.

બીજો એક દાખલો માતાનો લ્યો. નાનાં છોકરાંને સારી વસ્તુ ગમે છે. સુગંધ ગમે છે. અત્તરો પણ ગમે છે. એક નાની છોકરીને તેના મોટા ભાઇએ અત્તરની એક નાની શીશી આપી. છોકરી રાજી રાજી થઈ ગઈ. શીશી લઇ ફર્યા કરે-બધાને બતાવ્યા કરે, અને ખુશ ખુશ થયા કરે. સાંજ પડી, રાત પડી, છોકરી તે શીશી ઠેકાણે મૂકી સુઈ ગઈ. પ્રભુ જાણે તેનાં સ્વપ્નાં પણ કદાચ શીશીની અંદરના અત્તરનાં, અને પોતાના અંતરના આનંદનાં જ નહિં આવ્યાં હોય! સવારમાં ઊઠીને તેણે તો શીશી હાથમાં લીધી. માતાને કોણ જાણે કેમ, પણ એથી ચીડ ચડી અને છોકરીને ધમકાવી. છોકરીની ઉમ્મર ભાગ્યે જ પાંચ છ વર્ષની હશે. "શું શીશી લઇને ફર્યા કરે છે! મૂકી દે આઘી, ખબરદાર જો લીધી તો." આમ ઠપકાનાં વચનો વરસવા લાગ્યાં.

ધારીએ કે પેલી નાની છોકરીએ સવારના પહોરમાં શીશી લીધી એ ખોટું કર્યું. તો પણ શું છોકરીની ટેવ સુધારવાનો રસ્તો ધમકીનોજ?

હું તો એમ માનું કે બાળકનો એટલો બધો ઉત્સાહ, એટલી બધી લાગણી, રાત ગઈ છતાં શીશીને ન ભૂલી એ તેનો મોહ, ખરેખર વખા-

ણવા લાયક, કેળવવા લાયક ગણાય. 'અને શીશી મૂકાવી દેવી હોય, તો પણ 'જો; બેટી, શીશીથી કાલે બહુ રમી છે. સવારમાં એ લેવાય ? સવારમાં તો સવારનું કામ કરવાનું હોય. જો મૂકી દે એટલે કેવી ડાહી છે ! હમણાં શીશી ન લે તો ?' આવી રીતે સમજાવટથી હુકમ કર્યો હોય તો છોકરાંનો ઉત્સાહ ભાંગી ન જાય, અસંત લગની દોષપાત્ર ન કરે, છોકરીને પોતાના ખરા કર્તવ્યનું ભાન થાય અને વિરોધ માટે કે અસંતોષ માટે કશું જ કારણ ઉપસ્થિત ન થાય.

બાળસ્વભાવ નહિ, પણ બાળકને સમજવાની ભૂલનો એક ત્રીજો દાખલો લઈ, હું તમને બધાંને બાળસ્વભાવના તમારા દાખલા ફરી મળીએ સારે રજુ કરવા વિનંતિ કરીશ.

એક શાળામાં ત્રીજા ધોરણમાં શિક્ષકે દાખલો આપ્યો. એક આનાનું એક રૂપીયા ભાર, તો અરધા શેરનું શું ? ઘણાએ ઘણી ભૂલો કરી હતી; ચાર પાંચે જવાબ અરધો આનો કાઢયો હતો. શિક્ષકને તે સમજાવવા વિનંતિ કરી. શિક્ષકે કોષ્ટક ગોખાવ્યું; હિસાબ સમજાવવા પ્રયત્ન કર્યો. પણ અરધો આનો જવાબ લાવનાર છોકરાઓએ અરધો બેર અને અરધા રૂપીયા ભારની સમજમાં ગોટાળો કર્યો હતો તે તો શિક્ષકના ધ્યાનમાં પણ ન આવ્યું. તેટલુંજ સમજાવ્યું હોત તો ત્રીજા ધોરણના તેવી ભૂલ કરનાર છોકરાને વધારે કહેવાનું ન રહેત.

આ ત્રણે દાખલાના નિકાલ અને નિર્ણય માટે મતભેદ હોય એ બનવા જોગ છે. પરંતુ હું તો એમ ચોક્કસપણે માનું છું કે પહેલા દાખલામાં શિક્ષકની સજા કરતાં સમજાવટ બાળકના સ્વભાવને વધારે સુધારનાર નીવડત; બીજામાં માતાની ધમકી કરતાં રીતસરનો હુકમ વધારે શાંતિ રાખનાર, છોકરીને ભાન આપનાર, અને ગૃહકેળવણીને શોભા આપનાર ગણાત, અને ત્રીજામાં એક સહેજ વાત સમજાવ્યાથી છોકરાઓને પોતાની વિચાર-ભૂલ સૂઝી આવત એટલે તે છોકરાઓને તો આખો દાખલો સમજાવવાની જરૂર જ રહેત નહિ.

આવી જાતના વિચાર બાળકોના સ્વભાવને સમજવામાં અને કેળવવામાં મદદરૂપ થાય એમ માનીએ, તો આવસ્યક છે કે માતાઓએ અને શિક્ષકોએ બાળસ્વભાવ સમજવા બહુજ મહેનત લેવી જોઇએ. બાળકોની કેળવણીમાં બાળસ્વભાવની સમજ બહુ ઉપયોગી છે–ઉપયોગી જ નહિ, પણ હું તો અનિવાર્ય સમજું છું.

પ્રમિલાના પ્રશ્નો.

(એક બોધદાયક વાર્તાલાપ.)

પ્રમિલા કાંઇક ભરતી હતી. હું બેઠો બેઠો વાર્તા વાંચતો હતો. વાર્તાનો રસ પૂરો જામ્યો હતો. તેવામાં એકદમ પ્રમિલાએ મ્હને પૂછ્યું:

"હું કદાચ મોટર તળે આવી જઉં તો તમે શું કરો?"

"તને એકદમ ઉપાડી લઉં." મ્હેં ટુંકો જવાબ આપ્યો અને આગળ વાંચવા માંડયું.

"મોટર તળે આવીને મરી જઉં તો?"

"મરી જાય તો?" મ્હેં ચોપડી નીચે મૂકીને ભાર દઇને ઉલટો પ્રશ્ન પૂછ્યો.

પ્રમિલાએ ડોકું હલાવી હા કહી. હવે વાત કેમની ફરશે તેનો નિશ્ચય ના થયો એટલે મ્હેં કહ્યું: "હું વળી કાળી પાઘડી બાંધું. કાળી ટાઇ પહેરૂં."

"શું?" પ્રમિલા ગુસ્સાથી બોલી.

મ્હેં મ્હારી ચોપડી આઘી મૂકી દીધી. હમણા પ્રમિલાને આવા ખ્યાલી પ્રશ્નો પૂછવાની બહુ ટેવ પડી છે. આ પ્રશ્નોને મશ્કરીમાં ઉડાવવાની હું બહુ તજવીજ કરૂં છું, પણ પરિણામ હમેશાં પ્રમિલાના આંસુમાંજ આવે છે તેમાં હું શું કરૂં?

"શું?" ફરીથી પ્રમિલા મોટા અવાજે બોલી.

"કેમ?" મેં જવાબ આપ્યો.

"બસ તમે એટલું જ કરોને?" પ્રમિલા બોલી.

"ના ના. બીજું ઘણુંયે કરવું પડે. પહેલાં તો તને સ્મશાન લઈ જવાની ખટપટ કરવી પડે. પછી વળી ઉત્તરક્રિયા કરવાની આવે. મ્હને લાગે છે કે ઘણા દિવસ સુધી તો હું નવરો જ ના પડું."

પ્રમિલાના હોઠ ફફડયા: "તમને જરાયે દિલગીરી ના થાય?"

"અલબત્ત, હું બહુજ દિલગીર થાઉં," મ્હેં જવાબ આપ્યો.

"શું બહુજ દિલગીર થાઉં એટલામાં તમારી બધી લાગણી સમાઇ ગઈ? મ્હારે માટે તમારી આટલીજ લાગણી છે ને?"

"પ્રમિલા!" હું બોલ્યો: "મોટર નીચે ચગદાઈ જવાની જરાપણ ધાસ્તી નથી. સારે આવી દુઃખભરી બાબત ઉપર વાત લંબાવીને બંને જણાની લાગણી દુખવવાની શી જરૂર?"

"નહિ, પણ મ્હારે જાણવું છે કે તમને કેવી લાગણી થાય ?"

"જા. જા. બસ કર હવે. બોલ હું વાંચવા માંડું ?"

"તમે મ્હારે માટે બસ બહુ બહુ રડો કે નહિ ? કે રડવુંજ ના આવે?" પ્રમિલા બોલી.

મ્હેં જરા સખ્તાઈથી પ્રમિલા તરફ જોયું અને કહ્યું:—

"મ્હને લાગે છે કે તું તારી જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે જરૂર મોટર નીચે જઈને સુઈ જાય એવી છું. તારા મગજમાં છે શું ? તારું ધારવું એમ તો નથી કે, તું કહે છે તેવું થાય તો હું ઘેર તમાશા કરૂં અને આનંદથી દોડાદોડ કરૂં."

"મ્હને લાગે છે કે તમે એવુંજ કરો. મ્હારી કોશ જાય તો તમને તો આનંદ થાય. તમે મ્હને જરાયે ચહાતા નથી. ખરેખર મ્હને કહો, જો હું મોટર નીચે આવી જાઉં અને સાંજ મરી જાઉં તો તમને સાચેજ આનંદ થાય?"

આવા પ્રશ્નનો ઉત્તર શો હોઇ શકે ? હું ચુપજ રહ્યો અને કાંઈક સમય સુધી ત્યાં શાંતિ પથરાઇ. પણ તે લાંબી ચાલી નહિ. થોડીવાર રહીને પ્રમિલાએ શરૂ કર્યું:—"પણ ધારો–ફક્ત ધારોજ કે હું મોટર નીચે ચમદાઈ ગઇ, તો તમે ફરીથી લગ્ન કરો કે નહિ ?"

"કોણ જાણે !" હું કંટાળીને બોલ્યો: "પણ તારી શી ઇચ્છા છે? હું લગ્ન કરૂં કે ના કરૂં ?"

"મ્હારી ઇચ્છા ! તેની તમારે શી દરકાર હોય !"

"કેમ નહિ ? જો તું ના કહે તો કદિ હું લગ્ન કરૂં કે ?"

"પણ હવે એ વાત જવાદો, અને કોઇ કોઇ બીજી વાત કરો.

"ના, હું ગમે તેટલી ના કહું પણ તમે કાંઇ ફરી પરણ્યાવિના રહો નહિ." પ્રમિલા બોલી: "પણ ધારો કે તમે ફરી લગ્ન કરવા વિચાર કર્યો. ફક્ત ધારોજ–તમે કેવી કન્યા પસંદ કરો ! જરા શામળી અને ઘાટદાર મ્હોંની હોય તો ચાલે, કે ગમે તેવા સિક્કાવાળી પણ ગોરીજ જોઇયે ?"

"બન્ને જાતની." મ્હેં વાત હસવામાં કાઢવા કર્યું, અને પછી ખડખડાટ-હસવાનો ઢોંગ કર્યો.

પણ પ્રમિલા તો ગુસ્સે થઇ ગઇ: "તમને આમાં હસવા જેવું શું લાગે છે ? શું મ્હારા મરી જવાની વાતથી તમને આનંદ થાય છે ? એમ હોય તો તો મ્હને જેટલું વહેલું મોત આવે તેટલું સારૂં."

"પ્રમિલા ! જરા તો અક્કલ રાખ ! તને મરવાનું કોણ કહે છે ? તું જાતેજ બધા ઉટાંગ બાંધે છે. તારા મર્યા પછી શું થાય તેની કાળી કલ્પનાઓ-તુંજ કરે છે. આવી વાતો કરવાનું કારણ શું ?"

- "કારણ એટલું જ કે હું જાણવા માગું છું, જાણવા."

"પણ શું જાણવા માગે છે?"

"હું જાણવા માગું છું કે તમારી લાગણીઓ કેવી છે!"

"પણ હવે તો જાણ્યું ને?"

"ના. બરોબર નહિ. હું તમારે મોઢેથીજ બધી વાત જાણવા માગું છું."

"પણ મ્હારે મોઢેથી તું શું સાંભળવા માંગે છે?"

"એટલુંજ કે તમને મ્હારો લાગણી છે. હું મરી જાઉં તો તમને બહુ -બહુજ-શોક થાય. તમે બહુજ દુઃખી થાવ. મ્હારા વિના તમને ચેન ના પડે, વગેરે."

"પણ તું જાણે છેજ કે મ્હને કાંઇ તારા વિના ચેન નાજ પડે. શું હું તને એમ કહું કે ના, ના, તું ના મરી જઈશ. શું તું આપઘાત કરવા જાય છે કે હું તને આ પ્રમાણે કહું?"

"ના, ના, એમ તો નહિ." પ્રમિલા બોલી. પણ વળી પાછી તે બોલવા લાગી કે, "જો તમારે લગ્ન કરવું હોયજ, તો પછી મ્હારી ઇચ્છા અનીચ્છાની વાત કરતા નહિ. ભલે તમે તમારે જે ફાવે તે કરજો, પણ વચમાં મ્હને ના નાખશો."

"પણ તું તો મરી ગઇ હોય, પછી તને વચમાં શી રીતે નાંખું?" મ્હારાથી કહેવાઈ ગયું, અને હસી દેવાયું.

"જુવો, વળી પાછા તમે મ્હારા મોતની મશ્કરી કરવા માંડી. તમે મ્હને ચહાતાજ નથી, આવું આવું તમે બોલી શકો છો, પછી તમે શું મોઢું લઇને કહો છો કે હું તને ચાહું છું?"

"અરે! પણ હું તો ફક્ત એમજ કહેતો હતો કે એ બધી વાત તે તું ના હોય તોજ બને, અને તું ન હોય..."

"પણ હું ના હોઉંજ કેમ? બસ તમારે મન તો એમજ છે કે હું મરી જાઉં તો પીડા પતે. તમે મ્હને જરાયે ચહાતા નથી..." તે ડુસકાં ખાતી બોલી.

તરતજ હું તેની પાસે ગયો. તેની ખુરશીના હાથા ઉપર બેઠો. તેને ખભે હાથ મૂક્યો, અને કહ્યું, "અરે હું તને ચાહું છું, ચાહું છું, અને અગાધ પ્રેમથી ચાહું છું. ત્હારા વિના એક પળ પણ મ્હને ચાલે નહિ. તારા વિના હું એક ઘડીયે જીવી શકું નહિ."

"ખરેખર, તમે સાચું કહો છો? તમે મ્હને એટલી બધી ચાહોછો?"

"હું ખરેજ કહું છું."

પ્રમિલા આંસુ લુછતી-ડુસકું ગળા જતી-બોલી, "ત્યારે તમે મને પહેલેથીજ કેમ ના કહ્યું? બસ હું એજ જાણવા માગતી હતી."

કેશવપ્રસાદ દેસાઇ

સાવકી માતાનું હેત.

અર્ધ રાત્રીનો સમય હતો. આકાશમાં વાદળાં હોઈ સર્વત્ર અંધકારમય ભાસતું હતું. સર્વ ઠેકાણે શુન્યકાર લાગતું હતું. ફક્ત મુનીસીપાલીટીના ઝાંખા દિવાનો પ્રકાશ જણાતો હતો. કયાંઇ કયાંઈ કાળા ડગલામાં ભૂતની માફક લટકતા પોલીસનો 'જાગતા રહેજો' એવો અવાજ સંભળાતો હતો. જ્યારે બધા લોકો આખા દિવસની મહેનત પછી રાત્રે સમસમાટ નિદ્રામાં પડયા હતા ત્યારે એક ઘરમાં ગોખલામાં મુકેલા દીવાનો પ્રકાશ દૃષ્ટિગોચર થતો હતો. કોઈ દર્દથી પીડાતી વ્યક્તિનો અવાજ સંભળાયો, 'વ્હાલા, મને લાગે છે કે હવે હું આ દુનિયામાં ફક્ત બે ત્રણ કલાકને માટે જ છું. પરંતુ મને એક ચીજ માટે ઘણી જ ચિંતા રહે છે. અને તે એજ કે આ બાળકી કે જેને આ દુનિઆમાં મા વગરની કરી હું મરી જાઉં છું તેની સંભાળ રાખજો. તેને કાંઈ પણ દુઃખ થાય એવું કરતા ના. તમારાથી બને તેટલા ઉપાય લઈ તેને સુખમાં અને શાન્તિમાં રાખજો, એવી મારી છેવટની પ્રાર્થના છે. પાસે મુંઢમુંઢ જેવો બેઠેલો યુવક નાના બાળકની માફક ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો અને છેવટે પોતાના દુઃખને દબાવી બોલ્યો, 'પ્રિયા! શું પ્રભુની કૃપા અને આપણા પ્રેમના ચિન્હરૂપ આ બાળકીને હું કદી ભૂલું? હું તને ખાત્રી આપું છું કે આ બાળકીની હું પૂર્ણ સંભાળ લઇશ. તેના સુખ માટે મારામાં જીવ હશે ત્યાં સુધી હું સર્વ કરી છુટીશ.'

આ વાકય સાંભળતાં તે સ્ત્રીને કાંઈક શાન્તિ થઈ હોય તેમ જણાયું. તે ઉપરા ઉપર શ્વાસ લેવા લાગી. તેની આંખો તે બાળકી તથા યુવાન તરફ અનિમિષ દૃષ્ટિ નાંખતી જ રહી. સમયે પોતાનું કામ....બનતી ત્વરાથી કરી લીધું. તે સ્ત્રીની નસો તુટવા લાગી. શરીર ચુંથાવા માંડયું તથા ઠંડું પડતું ગયું. અને બાઈનો આત્મા આ સંસારનો સર્વ સંબંધ તજી દઈ નવા શરીરમાં પ્રવેશ કરવા માટે અદશ્ય થઈ ગયો.

ઉત્તરક્રિયાના દિવસો વ્યતિત થઈ ગયા. મહાદેવપ્રસાદને આ સ્ત્રીના મરણ પછી ઉપરા ઉપરી માંગાં આવવા માંડયાં; પરંતુ હજુ તેને સ્મશાનવૈરાગ્ય હતો. પરંતુ આખરે ૭ માસ પછી એક સારા ઘરની કન્યા સાથે

તેણે લગ્ન કર્યું. અત્યાર સુધી તેણે બાળકીની પુરેપુરી સંભાળ લીધી, અને પરણ્યા પછી પોતાની બાળકીને નવી સ્ત્રીના હાથમાં સોંપી. થોડા સમયમાં તે મુગ્ધાએ પોતાના પતિનો વિશ્વાસ તથા પ્રેમ પૂર્ણ રીતે મેળવ્યો અને મહાદેવપ્રસાદે તેના કહેવા પ્રમાણે ચાલવા માંડ્યું. લતાની ઓરમાન માથી હવે લતા તે ઘરમાં રહે એ સહન થયું નહિ. તે મહાદેવપ્રસાદના કાન ભંભેરવા લાગી અને લતાનું કાસળ કાઢવા હરકોઇ યુક્તિઓ યોજવા લાગી.

મહાદેવપ્રસાદને પણ લતા માટે ખોટા અભિપ્રાયો આવવા લાગ્યા અને ધીમે ધીમે તેના પ્રતિના પ્રેમમાં ઘટાડો થવા લાગ્યો. ઓરમાન માતાનો પ્રેમ તો પછી હોય જ ક્યાંથી? માતા મરી ગઇ, પિતાજી નવી માતાના કબજામાં તેથી બીચારી લતા તો દુ:ખમાં સબડવાજ લાગી અને દુનીઆમાં વાત્સલ્ય પ્રેમ ભોગવવાનો તે બીચારીને અવકાશ જ મળ્યો નહિ.

આવા દુ:ખસાગરમાં ગોથાં ખાતી લતા ૧૫ વર્ષની ઉમરે પહોંચી. બને તેટલું કઠોર હૈયું કરી તે સર્વ કાંઈ આફત સહન કરતી. પોતાની સાવકી માતાને હરકોઈ રીતે રાજી રાખવા મથતી. પિતાની પણ તનમનથી સેવા બજાવતી. પરંતુ અફસોસ! તે બીચારીની પિતૃભક્તિની કદર તે પ્રેમાન્ધ પિતા કરી શક્યો નહિ. તે નિરાધાર બાળાએ શક્તિ અનુસાર સર્વ દુ:ખો સહન કર્યાં, પરંતુ તેના દુ:ખની સીમાજ ન રહી. અન્તે એક જ ઉપાય હાથમાં રહ્યો. 'આત્મઘાત' સિવાય તેનું મન કોઈ પણ ઉપાય જોઈ શક્યું ન હતું. તે મનમાં બોલી ઉઠી, 'હે દયાળુ દેવતા! અપર માતાના દુ:ખમાંથી બચવાનો માર્ગ શો છે?' ભણકાર થયો અને પ્રત્યુત્તર પોતાના મુખમાંથી સંભળાયો. 'આત્મઘાત' શિવાય આ દુ:ખાબ્ધિમાંથી મુક્ત થવાનો બીજો એક પણ માર્ગ નથી.'

ઉપરોક્ત નિશ્ચય કરી લતા આત્મઘાત માટે તક શોધતી જ રહી. ભાગ્યવશાત્ ઈશ્વર તેની વ્હારે ધાયા. લતાને દુ:ખમાંથી મુક્ત થવા માટે એક નવોજ માર્ગ ખુલ્લો થયો. તેની ઓરમાન માતા સખ્ત બીમારીમાં સપડાઇ ગઇ. પોતાની ફરજ પ્રમાણે તેણે તે દુ:ખ દેનાર માતાની તન મનથી માવજત કરી. મહાદેવપ્રસાદનાં નવાં પત્નીને આરામ થયો. તે લતાના પૂર્ણ ઉપકાર નીચે દબાઈ ગઈ અને અગાઉ લતાને દીધેલાં દુ:ખો માટે પશ્ચાતાપ કરવા લાગી. તેને એકાએક લતા તરફ પ્રેમ ઉદ્ભવ્યો અને પોતાની પેટની પુત્રી તુલ્ય ગણી તેને હૃદયસરસી ચાંપીને બોલી, "બ્હેન લતા! મને માફ કર. મેં તને દુ:ખ આપવામાં પાછી પાની કરી નથી. ધન્ય છે તારી ક્ષમાદૃષ્ટિને અને સહનશીલતાને કે જેણે મારા જેવી ઓરમાન મામાં પણ પ્રેમ જગાડ્યો."

મણિલાલ ચુ. ત્રિપાઠી.

ચાલુ બનાવોની નોંધ.

[લખનારઃ—રા. કેશવપ્રસાદ દેસાઇ, બી. એ. એલએલ. બી.]

રાજદ્વારી વાતાવરણ. હમણા હમણા આપણા દેશમાં રાજદ્વારી પક્ષે ઘણા પડી ગયા છે, અને તેથી દેશને નુકશાન થાય છે એમ આપણા આગેવાનોને લાગવા માંડયું છે. મહાત્મા ગાંધીજીએ આ ઉપરથી જાહેર કર્યું છે કે દેશમાં સંપ થાય તે માટે તેઓ પોતાનો આખો અસહકારનો કાર્યક્રમ બંધ કરવા તૈયાર છે. ફક્ત પરદેશી કાપડનો ત્યાગ અને રેંટીયો, એ જ પ્રવૃત્તિ તેઓ ચાલુ રાખવા ઇચ્છે છે. આ ઉપરથી એમ આશા પડે છે કે મહાસભા (કોંગ્રેસ)માં જે મતભેદો થયા છે તેનું સમાધાન થઈ જશે. હવે પછી મહાસભા ડીસેંબરમાં બેલ-ગામ ખાતે મળવાની છે. તેના પ્રમુખ તરીકે પણ મહાત્માજી ચુંટાયા છે. આ ઉપરાંત મીસીસ બીસેંટ પણ બધા પક્ષો એકઠા થઇ રાજદ્વારી બંધારણ આપણે કેવું જોઇયે છીયે, તે બહાર પાડે, તે માટે પ્રયત્ન કરે છે. એટલે તેનું પણ શુભ પરિણામ આવશે એમ આશા રાખી શકાય.

વડી ધારાસભાની બેઠક પણ સીમલામાં ચાલે છે. તેના કામકાજનો હેવાલ તમે વાંચતાં હશો. તેમાં સનંદી નોકરોને મોટા પગાર આપવાની દરખાસ્ત સરકાર તરફથી આવી હતી, તેને લોકોના પ્રતિનિધિઓએ નામંજુર કરી નાંખી તે પણ તમે વાંચ્યું હશે. ઑક્ટોબરમાં મુંબાઇની ધારાસભા મળશે, તેનો હેવાલ પણ તમે વાંચજો.

* * * *

પતિત સ્ત્રીઓ. છેલ્લા બે ત્રણ વર્ષથી પતિત સ્ત્રીઓના ઉદ્ધાર સંબંધી સમાજનું ધ્યાન દોરાયું છે. મુંબાઈ તથા કલકત્તામાં, કુટણી-ઓના હાથમાં સપડાયલી સ્ત્રીઓને બચાવવાની સત્તા કાયદાએ પોલીસને આપી છે. પરંતુ આવી સ્ત્રીઓને છોડાવીને પછી સારા વાતાવરણમાં રાખીને તેમને કાંઇક ઉદ્યોગ શીખ-

વવાની જરૂર છે. પ્રમાણિક અને નીતિને રસ્તે જો તેઓ પોતાનું પૂરૂં કરી શકે તોજ તેઓ શુદ્ધ રહી શકે. મુંબાઈમાં તેમને માટે "બચાવગૃહ" કરવાની તજવીજ ચાલે છે. કલકત્તામાં તેનું ગૃહ સ્થાપવા માટે એક લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી છે. એમ કહેવાય છે કે કલકત્તામાં આવી પતિત સ્ત્રીઓ બહુ જ મોટા પ્રમાણમાં છે. આપણે આશા રાખીશું કે ત્યાં બચાવગૃહની સ્થાપના વિના વિલંબે થશે, અને સ્ત્રીઓ તે પોતાના હાથમાં રાખશે. આ સાથે સ્ત્રીવર્ગમાં ગૃહ ઉદ્યોગોનો પ્રસાર વિશેષ થાય તે માટે વિચાર કરવાની બહુ જરૂર છે. રોગ થયા પછી અટકાવવા કરતાં જો તે થતો જ અટકાવી શકાય તો બહુ લાભ થાય. મોટાં શહેરો અને કારખાનાનું જીવન સ્ત્રીઓમાં આવતું જાય છે, તેવે સમયે તેમનામાં નીતિની ભાવના વધારે રહે, તથા સુસંગત તેમને મળતી રહે એવી તજવીજ પણ કરવી જોઈયે.

* * * *

સ્ત્રીકામદારો. કારખાનાના આ યુગમાં સ્ત્રીઓને પણ કારખાનાઓમાં કામ કરવા જવું પડે છે. આ સ્ત્રીઓએ લગ્ન કરેલાં હોય છે અને તેમના કુદરતી જીવનનું રક્ષણ કરવાની ફરજ સમાજને માથે છે. તેથી મી. એન. એમ. જોષી વડી ધારાસભામાં, આવી સ્ત્રીઓને સુવાવડ વખતે લાભ આપવાની ફરજ કારખાનાના માલીકોને માથે નાંખનારો કાયદો રજુ કરનાર છે. આ કાયદા પ્રમાણે સ્ત્રીને સુવાવડ આવવાની ધારણા હોય તે પહેલાં અને તે પછી છ. છ અઠવાડીયાની રજા આપવાની ફરજ કારખાનાને માથે નાખવામાં આવશે. તે દરમીઆન તેનું અને બાળકનું પૂરૂં થાય તેટલો દરમાયો પણ તેમને આપવો પડશે. આ ઉપરાંત કારખાનાંઓ ઉપર થોડો કર નાંખીને "માતૃત્વ માટે"નું ફંડ સરકાર તરફથી ઉભું કરવામાં આવશે અને તેમાંથી સ્ત્રીકામદારોને સુવાવડ વખતે તથા તેમનાં બચ્ચાંઓને લાભ આપવામાં આવશે. આપણે આશા રાખીશું કે સ્ત્રીકામદારોને આવી મદદ આપનાર કાયદો પસાર થશે.

* * * *

ચીનના શાન્સી પ્રાંતનો સુબો સ્ત્રીઓની પ્રગતિ તરફ ઘણી સહાનુભૂતિ દર્શાવે છે. તેણે એક અમેરિકન બાનુને કહ્યું

ચાલુ બનાવોની નોંધ.

[લખનારઃ—રા. કેશવપ્રસાદ દેસાઇ, બી. એ. એલએલ. બી.]

હમણા હમણા આપણા દેશમાં રાજદ્વારી પક્ષે ઘણા પડી ગયા છે, અને તેથી દેશને નુકશાન થાય છે એમ આપણા રાજદ્વારી વાતાવરણ, આગેવાનોને લાગવા માંડ્યું છે. મહાત્મા ગાંધીજીએ આ ઉપરથી જાહેર કર્યું છે કે દેશમાં સંપ થાય તે માટે તેઓ પોતાનો આખો અસહકારનો કાર્યક્રમ બંધ કરવા તૈયાર છે. ફક્ત પરદેશી કાપડનો ત્યાગ અને રેંટીયો, બે જ પ્રવૃત્તિ તેઓ ચાલુ રાખવા ઇચ્છે છે. આ ઉપરથી એમ આશા પડે છે કે મહાસભા (કોંગ્રેસ)માં જે મતભેદો થયા છે તેનું સમાધાન થઈ જશે. હવે પછી મહાસભા ડીસેંબરમાં બેલ-ગામ ખાતે મળવાની છે. તેના પ્રમુખ તરિકે પણ મહાત્માજી ચુંટાયા છે. આ ઉપરાંત મીસીસ બીસેંટ પણ બધા પક્ષો એકઠા થઇ રાજદ્વારી બંધારણ આપણે કેવું જોઇયે છીયે, તે બહાર પાડે, તે માટે પ્રયત્ન કરે છે. એટલે તેનું પણ શુભ પરિણામ આવશે એમ આશા રાખી શકાય.

વડી ધારાસભાની બેઠક પણ સીમલામાં ચાલે છે. તેના કામકાજનો હેવાલ તમે વાંચતાં હશો. તેમાં સનંદી નોકરોને મોટા પગાર આપવાની દરખાસ્ત સરકાર તરફથી આવી હતી, તેને લોકોના પ્રતિનિધિઓએ નામંજુર કરી નાંખી તે પણ તમે વાંચ્યું હશે. ઑક્ટોબરમાં મુંબાઇની ધારાસભા મળશે, તેનો હેવાલ પણ તમે વાંચજો.

* * * *

પતિત સ્ત્રીઓ. છેલ્લા બે ત્રણ વર્ષથી પતિત સ્ત્રીઓના ઉદ્ધાર સંબંધી સમાજનું ધ્યાન દોરાયું છે. મુંબાઈ તથા કલકત્તામાં, કુટણી-ઓના હાથમાં સપડાયલી સ્ત્રીઓને બચાવવાની સત્તા કાયદાએ પોલીસને આપી છે. પરંતુ આવી સ્ત્રીઓને છોડાવીને પછી સારા વાતાવરણમાં રાખીને તેમને કાંઇક ઉદ્યોગ શીખ-

રાજનગરનું રત્ન.

(ચાલુ વાર્તા.)

(લેખકઃ—બ્હેન જડાવબાઈ વીણ.)

[અનુસંધાન ગયા અંકના પૃષ્ઠ ૪૪૬ થી.]

પ્રકરણ-૧૧ મું.

વિદાય.

"હાલમાં તમારી પ્રેક્ટીસ કેવી ચાલે છે મી. પદ્માકર ?" મોતીલાલે પૂછ્યું.

પદ્માકર ખુલ્લે ખુલ્લું બોલ્યો, "જી ! હાલ તો સાધારણ. તરત કાંઇ પાસો સવળો પડતો નથી."

"ત્યારે તમને પૈસાટકાની ઘણી અડચણ પડતી હશે ! તમે કોઈ શાહુકારને ત્યાં ખાતું ખોલશો તો ઠીક પડશે. કાંઇ ઉછીનાથી આફ્ત મટે નહીં." પદ્માકરને આ શબ્દો એના તો વજ્ર જેવા લાગ્યા પણ શું કરે ? એકવાર બોલેલો શબ્દ કાંઈ મોઢામાં પેસે? તો પણ શેઠ આવો તોછડો જવાબ દેશે એમ તેણે ધાર્યું નહોતું.

નલિની થોડે છેટે એક ખુરશી પર બેસી આ સાંભળી રહી હતી. તેને આવા શબ્દો સાંભળી ક્રોધ આવ્યો, પણ બાપની વાતમાં વચ્ચે પડવાનું ઠીક ન લાગ્યાથી ચોપડીમાં મોઢું રાખી વાંચવાનો ડોળ કરતી તે બેસી રહી. મોતીલાલ શેઠ તો ઘણું કામ હોય તેમ અને કાંઈ કામ રહી ગયું હોય ને એકદમ યાદ આવ્યું હોય તેવી રીતે અચાનક ઉઠી ચાલ્યા ગયા.

પદ્માકર તથા નલિની વખતો વખત મળતાં. તેઓની જુની મિત્રાચારી પાંચ વર્ષે તાજી થઈ. હવે બમણી કે ચોગણી થઈ

એમ કહીએ તોયે ચાલે. એનું કારણ બંન્નેના સ્વભાવ ને વિચાર મળતા હતા. વળી પદ્મમાકર પાંચ વર્ષનો હતો ત્યારે તેના પિતા એક મોતીલાલના બંગલાનાજ કંપાઉન્ડમાં રહેવા આવ્યા હતા. ત્યારથી તે હજી સુધી તેજ ઘરમાં એ રહેતો હતો. એનો પિતા એની બાર વર્ષની ઉંમરે મરણ પામ્યો ને તે એકલો અટુલો પડયો. નલિની ઘણી લાડકી દીકરી અને તેનો સ્નેહી હોવાથી એની ગરીબ સ્થિતિમાં પણ નલિની પોતાના પિતા પાસે નિશાળની ફી તેમજ ચોપડીઓ અપાવતી. મોટો થયા પછી પદ્મમાકરનો શીલનસાર સ્વભાવ હોવાથી ઘણા શેઠ સાહુકાર સાથે ઓળખાણ થઈ હતી. એને શિષ્યવૃત્તિઓ મળતી. વિલાયત જવાનો ખર્ચ પણ થોડો એને મળ્યો હતો ને થોડાં નાણાં વ્યાજે લેવાં પડયાં હતાં. પાછો અહિંયેથી તે ચુકવી આપવાનાં હતાં. હાલમાં એની શરૂઆત હોવાથી કમાણી થતી નહોતી, જેમ તેમ ઘરનું ખર્ચ ચાલતું. નાણાં ચુકવવાને પૈસાની ખરી જરૂર હતી. આ ચિંતા તેના મનપર અખંડ રહેતી. તે ચિંતાની વખતો વખતના નલિની સાથના પરિચયથી નલિનીને ખબર પડી હતી. પણ પદ્મમાકર માનતો નહોતો, અને કહેતો કે મને કાંઈ ચિંતા નથી. તેનું શરીર અડધું ઉતરી ગયું હતું.

ગઈ કાલે પદ્મમાકર નલિનીને મળવા આવ્યો ત્યારે નલિનીએ ઘણા આગ્રહથી કહ્યું કે, " તારી તબીયત ચિંતાથીજ નરમ થઈ છે ને તે ચિંતાનું કારણ તારી પૈસાનીજ તંગી છે. હું તને મારા ખાનગી પૈસા આપું તે તું લે, નહીં તો પિતાની પાસેથી હાલ ઉછીના લે. " આથી પદ્મમાકરે તેના પિતાને મળવાનો વિચાર કર્યો. બીજે દિવસે મળ્યો તેનું પરિણામ આપણે ઉપર જોઈ ગયાં. નલિનીએ પિતાને કહી રાખેલું હતું કે પદ્મમાકરને થોડાં ઉછીનાં નાણાં જોઇએ છે, તેના માટે કાલે એ તમારી પાસે આવશે. આજે પદ્મમાકર મળવાને આવ્યો હતો. હજી વાતનો પ્રસંગ કાઢયો નહોતો છતાં ડોશીએ ડાટ વાળ્યો. પોતે જ એ પ્રસંગ કાઢી ચોખ્ખું સંભળાવી દીધું. આથી નલિનીને ખોટું લાગ્યું. કારણ પદ્મમાકરનું ખુલ્લું અપમાન પોતે

જોઈ શકી નહોતી. મોતીલાલને આ કડવું બોલવા માટે ઘણાં કારણો હતાં. એક તો નલિનીની સાથે બોલે બેસે તે એને ગમતું નહોતું. હવે નલિનીને પરણાવવાનો વિચાર હતો તે. બીજું, પદ્માકર ગરીબ છે, પૈસા માટે પલળ્યો છે એમ એનું ધારવું હતું. ત્રીજું, એને કોઈપણ તોછડો શબ્દ ન કહે ત્યાં સુધી આવજા કરશે અને નલિની ભોળી છે તેથી વખતે તેની પાસેથી પૈસા કઢાવે. એનો સંસુજોગ પણ કાઢવાનો એનો વિચાર હતો. એ વિચાર લાગ મળ્યેથી આજે એણે અમલમાં મૂક્યો.

નલિનીના પિતા બીજા ખંડમાં ગયા ત્યારે તેણે ઉઠીને બારણું બંધ કર્યું. આ ખંડ નલિનીનો હતો, ને પદ્માકર આવવાથી નલિનીએ પિતાને બોલાવ્યા હતા. પિતાએ તો ટુંકામાંજ પતાવ્યું. આ બંગલામાં બારણાં એવાં મજબુત હતાં કે પાસેના ખંડમાં વાત થતી હોય પણ જો બારણાં બંધ કરે તો જરા શોર પણ સંભળાય નહીં. નલિની બારણાં બંધ કરી ખુરશી ખેંચી પદ્માકર આગળ બેઠી. હજી પદ્માકર વિચારગ્રસ્ત હતો. નલિની મૌન તોડી બોલી, “મી. પદ્માકર, તમને ઘણું ખોટું લાગ્યું હશે, પણ એમાં વાંક મારો છે. મેંજ આ વાત ઉપસ્થિત કરી છે. પિતાજીનો સ્વભાવ હાલમાં જરા બદલાયો છે ખરો, પણ આટલી હદ સુધી તે તોછડાઇ વાપરશે એવું મને નહોતું લાગતું.” હવે પદ્માકરની વાચા ઉઘડી ને તે બોલ્યો, “એનું કારણ તમે નથી પણ હુંજ છું. હવેથી મારાથી તમારી પાસે પણ અવાશે નહીં. તમે ખોટું લગાડશો નહીં. હું અહીં આવું છું ત્યારે તેમની નજરમાં હું ખુલ્લો તિરસ્કાર જોઉં છું. તમને લેશમાત્ર પણ જુદાઈ નથી, ને તેથીજ હું તેમના તરફનું અપમાન સહન કરી અહીં આવું છું. પણ હવે તમારે મારે માટે લાગણી રાખવી જોઇએ નહિ.” નલિનીથી આ સાંભળી રહેવાયું નહીં. તે બોલી, “પદ્માકર ! તું આ કોને કહે છે ? હું તારાથી જુદાઈ રાખવા માગતી નથી.” નલિનીએ પાસે આવી પદ્માકરનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલી, “તું મને ગર્વિષ્ટ ધાર

કે બીજી તોપણ હું તને મારા પોતાના મિત્ર કે તેથી પણ અધિક ગણું છું, ને તેથી વારંવાર મારું હૃદય તારી આગળ ખોલું છું. તું મને તરછોડ નહીં." આટલું બોલતાં નલિનીની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે ગળગળી થઇ બોલી; "પદ્માકર! તું કેમ બોલતો નથી? તું કઠણ હૃદયનો થઈ ગયો છે. મારા પિતાને લીધે તું મને છોડે છે, પણ તે તને ઘટતું નથી." હવે પદ્માકરને બોલ્યા વિના ચાલ્યું નહીં. તે બોલ્યો, "નલિની! તમે તમારા પિતાની આજ્ઞાને અનુસરો. તમે મને છુટો કરો. હું પૈસાદાર નથી. મારી પાસે પૈસા મેળવવાનું સાધન પણ નથી. હું નિર્દય નથી, પણ મારું કોઈ તે માનશે નહીં. મારી ગરીબ સ્થિતિ મને સ્વાર્થીમાં લેખવશે."

નલિની કહે, "નહીં, નહીં. ભલે, દુનીઆ તને સ્વાર્થી કહે, ગરીબ કહે, હું નહી કહું. તું માયાળુ છે. તારી પાસે સદ્ગુણ ને વિદ્યાનો ખજાનો છે. પિતાની આજ્ઞા એક નથી પણ અનેક છે. તેઓ મને પરણાવી સંસારના ખાડામાં નાખવા માગે છે. તેથી હું બહુ મુંઝાઉં છું. અને તે પોતાની જીદ છોડશે નહીં. જો તું અહીં હશે તો તેઓને હું તારી મદદથી સમજાવીશ. કારણ મારું દીલ હું તારા સિવાય બીજા કોઇને આપી શકીશ નહીં. પદ્માકર! તું માન કે નહીં માન તોપણ હું તારાથી દૂર રહી શકીશ નહીં."

આટલું કહેતાં નલિનીની આંખોમાં ચોધારે પાણી ચાલ્યાં. આ પાણી પદ્માકરથી જોઇ શકાયાં નહીં. તેનું હૃદય પીગળી ગયું. તે બોલ્યો, "નલિની, આ બધું નકામું છે. તમે સુખેથી પરણીને તમારો સંસાર નીભાવો. બાળપણની મિત્રાચારી કાંઇ છેવટ સુધી રાખી શકાય નહીં, તેમ કુંવારી જીંદગી પણ રાખી શકાય નહીં." આ સાંભળી નલિની વધારે અકળાઈ. પોતાના મનની વાત પદ્માકર સમજી શકતો નથી તેથી હવે ખુલ્લે ખુલ્લું કહેવું પડશે, એમધારી તે બોલી, "પદ્માકર! એકવાર મેં કહ્યું કે, હું મારું હૃદય કોઈનેય આપી શકીશ નહીં. એકને અપાઈ ગએલું હોય ત્યારે બીજાને શું આપે? મારું હૃદય અપાઇ ચુકયું છે ને તેને

ખાતર હું પિતાને કહીશ. તેમની પાસે હું કહેડાવીશ. જેને હૃદય અપાર્યું છે તે કોઈ બીજું નથી, પદ્મમાકર તે તુંજ છે."

આમ બોલતી પદ્મમાકરનો જમણો હાથ લઈ પોતાની છાતી સાથે નલિનીએ દાબ્યો. પદ્મમાકર યંત્રવત્ થઈ જોઈ રહ્યો. તેને ખબર નહોતી કે નલિનીએ અત્યાર આગમજ આવા વિચારો કર્યાં હોય. તેથી ફરી બોલવાની હિંમત કરી કહ્યું, "નલિની! આ વાત કોઈ દહાડો ફળીભૂત થશે નહીં. હું ગરીબ છું તોપણ મારૂં હૃદય આપવા તૈયાર છું. પણ તમારા પિતા મને ગરીબને કબુલ રાખશે નહીં." હવે નલિનીને હીંમત આવી ને તે બોલી કે, "ગરીબ કે તવંગર હોય તે મારૂં સુખ દુઃખ જોવાનો મને હક છે. મારા પિતાની દોલત ઘણી છે, ને તેની વારસ હું એકજ છું. અને તે દોલતથી હું તને સુખી કરીશ. તને પૈસાની જરૂર હશે તો–"

પદ્મમાકર કહે, "મને પૈસાની જરૂર નથી, પણ તમારા પિતાને હું મારી કમાણીના પૈસાથી બતાવી આપું કે હું ગરીબ નથી ત્યારે તમારો હાથ સ્વીકારૂં ત્યારેજ ખરો. નલિની! મને આજેજ રજા આપો. હું આવતી કાલે સ્ટીમરમાં દરીયાપાર ઉપડી જઈશ. એકવાર તમારા પિતાને દેખાડીશ કે પદ્મમાકર ગરીબ ભીખારી પૈસાના લોભે અહીં આવતો નથી, પણ તેની સ્નેહીનીને ખાતરજ બધું સાંખી રહ્યો હતો. નલિની! હું જઇશ. મારી માને બને તો ધીરજ આપજે. હું તને નહીં ભૂલું. તારે ખાતરજ હું દેશાટન સુખે કરીશ."

"તું આખરે ગમે તે વાતે પણ આઘોજ જશે? પણ હું તને અંતરમાંથી આઘો નહીં કરૂં. મને ભૂલતો નહીં."

આ વાત ચાલે છે એટલામાં ઘંટડી વાગી. નલિનીએ બારણું ખોલ્યું. એક નોકરે કહ્યું, "બેન! તમને શેઠ બોલાવે છે."

નલિની કહે, "જા, કહે કે આવે છે." એમ કહી પ્રાણી ફરી નજરથીજ પદ્મમાકરને વિદાય આપી, તે પિતાના ઓરડા તરફ ગઈ.

રમેશે ઝટ મ્હારો હાથ ઉઠાવી નામ વાંચી લીધું ! મ્હેં ધાર્યું કે હવે કોલેજ જીવનની કંઇ મઝા તેને યાદ આવી હશે: પણ એ નામ તો ફરી ફરીને વાંચ્યું: " લી: આપની મધુરિકા " એજ ઉચ્ચાર ફરી ફરીથી કર્યો. ઉપર સ્થળ વાંચ્યું તો ' અમદાવાદ '! તેના મનની ઉથલ પાથલ જોવા તેના મ્હોં સામું મ્હેં જોયા કર્યું તો જણાયું કે તેનો નીચેનો હોઠ કંપી રહ્યો હતો. રમેશ અમદાવાદમાં જ વકીલાત કરતો હતો એટલે મ્હેં પૂછ્યું, " કેમ આ લેખિકાને તું ઓળખે છે કે શું ? "

મ્હારા પ્રશ્નથી તેની ઉંઘ ઉડી. હસવાનો ડોળ કરી તે બોલ્યો, "ના, હું ક્યાંથી ઓળખું ? પણ મ્હને નવાઈ ઉપજે છે કે હજુ તું પહેલાના જેવોજ રહ્યો છે. પરન્તુ તેના મુખપરના ભાવ પરથી મ્હને ચોક્કસ લાગ્યું કે આમાં જરૂર કંઇક ભેદ હોવો જોઇએ. પણ સહજ વાર પછી તે કાગળ છીનવી લેવા કોશિષ કરી; પરન્તુ તેમાં તે ફતેહ ના મેળવી શક્યો. આથી મ્હારાથી પૂછ્યા વિના ના રહેવાયું. કે 'ગૃહસ્થી રમેશ ફરી રસિક બન્યો કે શું ?'

એક કરડી નજર કરી તેણે કહ્યું, " હવે એ જૂની પુરાણી ભૂલાએલી વાતોને યાદ કરાવી મરી ગએલી ઉર્મિઓને ક્યાં સજીવન કરે છે ? "

" ઠીક ત્યારે, લે આ પત્ર મૂક્યો; પણ હું ભૂલ્યો. ત્હમારાં મીસીસનું નામ ? ".

" શારદા. " રમેશે હસીને કહ્યું. પરન્તુ તે હાસ્યમાં કૃત્રિમતા હતી.

"તો શું શારદા ભાભીના વિચારોમાં વિશ્વ વિસરાયું છે ?" મ્હેં પૂછ્યું.

" બંધ કર એ વાતો ! ચાલ, હું રજા લઉં છું; પછી ફરીને મળી જઈશ. " કહી રમેશે ચાલવા માંડ્યું. હું તેને સહસા આમ જવા ના દેત, પરન્તુ તેના મુખપર ગાંભીર્ય વધતું જ જતું હતું અને પત્ર વાંચ્યા પછી તો તેનું કાંઇ ઠેકાણું જ ન્હોતું. આથી કાંઇ વિનોદી રસિક ધ્યાન પણ તેના મુખમાંથી નીકળવાની જરાએ આશા ન્હોતી. એવું ધારીને મ્હેં પણ બેસવા વિશેષ આગ્રહ કર્યો નહિ. પરન્તુ મ્હારા મનમાં તે પછી પણ એનાજ વિચારો ઘોળાયા કર્યા. ક્યાં કોલેજનો રમેશ અને ક્યાં આજનો ગંભીર રમેશ ! રે ! હિંદુ સંસાર ! તું સેવાભાવનાઓથી ભરપૂર યુવાનોને તારા પિંજરામાં એવી રીતે પૂરી દે છે કે વિચાર સૃષ્ટિમાં પણ સેવાના અદિલતો મોકલવા તેમને ઘડી નવરાશ નથી મળી શક્તી! કોલેજ જીવનમાં સાહિત્ય, કળા અને કાવ્યના ક્ષેત્રોમાં વિહરવાનાં ઉચ્ચ

સ્વમાંઓ ધરાવનારા ત્હારી ઘટમાળમાં એવી રીતે સપડાય છે કે નથી કરી શકતા સરસ્વતિની સેવાના કે નથી મ્હાલી શકતા માતૃભૂમિના મંદિરમાં ! રે ! ગૃહસ્થાશ્રમ ! તું રસિક, ચંચલ અને મસ્ત યુવાનને પણ સીધો અને ભલો સંસારી બનાવી નાંખે છે !

(૨)

મુંબઈમાં રહી રહી મ્હને કંઇક કંટાળો આવ્યો; કોઈ સુંદર રમણીય સ્થળમાં થોડા દિવસ જવાનો નિશ્ચય કરી મ્હારો વિચાર મ્હેં મ્હારા મિત્રોને જણાવ્યો. મુંબઇની ધમાલથી કંટાળેલા મ્હારા બે મિત્રો સુરેશ અને કનુએ પણ મ્હારા વિચારને પુષ્ટિ આપી. અમે ગિરનારના પ્હાડપર જવાનો નિશ્ચય કર્યો. કોઇને કંઈ રજા લેવાની ન્હોતી એટલે અમે બે ત્રણ દિવસમાં તૈયાર થઈ ગયા. સાથે ખાસ કરીને સ્ટવ, ચ્હાનો ડબ્બો, ખાંડ ઇત્યાદિ સાધનો લીધાં. રખે ત્યાં ચ્હા ના મળી તો ? સાથે સાથે અમે ઘેરા રંગની એકેક કફની પણ લીધી; કારણ કે એક તો કફની હાલ 'ફેશન' પણ થઈ પડી હતી. અને ખાસ તેવાં સ્થાનો માટે અનુકૂળ હતી. અમે સીધા જુનાગઢ આવવા ઉપડયા. વચ્ચે કોઈ પણ સ્થળે ઉતર્યા વિના અમે આ સુંદર સ્થળમાં આવી પહોંચ્યા.

આ રમ્ય સ્થાનમાં ન્હોતી મુંબઈની ખોટી ધમાલ કે ન્હોતા ખોટા કૃત્રિમ ઠાઠમાઠ ! પ્રાતઃકાલના ઠંડા વાયુના સેવન માટે હું એકલો જ, મ્હારા મિત્રોને અમારા ઉતારા પર ચ્હા તૈયાર કરવા મૂકીને નીકળી પડયો. ચાલતાં ચાલતાં કુદરતી દૃશ્યો નિહાળી મ્હારા આનંદનો પાર ના રહ્યો. ગિરિની નિર્જનતા, ગીરનારની ઐતિહાસિક સ્મૃતિ અને તેમાં સાધુના જેવો મ્હારો ભગવો વેશ ! ખરેખર ! હું આનંદસાગરમાં ઝોલાં ખાવા લાગ્યો. મ્હારા મનની વીણાના તારમાંથી પ્રબળ અવાજ નીકળી રહ્યો હતો કે જો આ કેવી સુંદર સૃષ્ટિ છે ! હું પ્રકૃતિની પૂજામાં એકલીન થયો. મ્હારી આંખો બંધ થઈ ગઈ. મ્હારી નસેનસમાં અનીર્વચનીય આનંદનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું. હું સુખસમુદ્રમાં ગરકાવ થઈ ગયો.

પરન્તુ જગતમાં સુખ ક્યાં સ્થાયી રહેલું છે ? મ્હારો આનન્દ પણ એક ક્ષણ માત્રજ રહ્યો. પુનઃ તે પ્રકારનો આનંદ મળે તો ? એકુતોનાં ભજનોમાં, અને પક્ષીઓનો મધુર સ્વર કેવળ મ્હારા કર્ણપર અથડાતો હતો. ફરી આંખો બંધ કરવાની કોશિષ કરી ! સુખની લાલચ કોણ રોકી શકે ?

પરંતુ અર્ધમીંચાએલાં નયનો ઉઘડી ગયાં! કોઈના આગમનથી મ્હારૂં ધ્યાન તૂટયું. બે સુંદર યુવાન લલનાઓ મ્હારી સામે ઉભેલી જણાઈ; આંખ ઉઘડેલી જોઈ એ રમણીઓએ પ્રણામ કર્યા અને એક રૂપીઓ મારી આગળ મૂકયો!

મ્હારી નવાઈનો તો પારજ ના રહ્યો. ક્ષણમાત્ર તો હું દિગ્મૂઢ બની ગયો. મ્હારા ભગવા વેશે તો હદ્દજ વાળી! હું સાધુ નથી એ વાત સ્પષ્ટ જણાવવાની પણ મ્હારી હિંમત ના ચાલી. કંઈ પણ બોલ્યા વિના મેં એ રૂપીઓ બેઉ યુવતિઓની પાસે મૂકી દીધો. બેઉ લલનાઓ પરસ્પર એક બીજાના મુખ સામે જોઇ રહી.

મ્હને કંઇક હિંમત આવી ને બોલ્યો, "હું કંઇ સાધુ નથી; હું પૈસા લેતો નથી." આ બે લલનાઓમાં એક વધુ ગૌર વર્ણની હતી, પણ તેના મ્હોં પરથી જ જણાતું હતું કે તે બીમાર હોવી જોઇએ. બીજી રમણી મોટી અને હષ્ટપુષ્ટ પણ કંઇક શ્યામ રંગની હતી. ગૌર વર્ણની સ્ત્રીએ મ્હારી સ્હામે ટગર ટગર જોઈ પોતાની સહચરીને કહ્યું, "સાધુજીને ફુલપાંખડી સ્વીકારવા ફરી અરજ કરતે!"

"મહારાજ! અમે ગરીબ છીએ; શ્રદ્ધાથી અર્પણ કરેલી વસ્તુ સ્વીકારો." મોટી લલનાએ કહ્યું.

મ્હેં ઉત્તર આપ્યા વિના બીમાર સ્ત્રી સામે નજર કરી તો સુન્દર મુખ ઉપર અવ્યક્ત વેદનાનો ભાવ સ્પષ્ટ જણાતો હતો. મ્હેં હાથમાં સૌભાગ્યચિન્હ જોઈ પૂછ્યું, "તમો ક્યારનાં બીમાર છો? આ અવસ્થામાં તમને રોગ ક્યાંથી થયો?"

"મહારાજ! મહારાજ! બરાબર ત્રણ માસ થયા મધુરિકાના આ હાલ છે." બીજી સ્ત્રી બોલી ઉઠી.

મધુરિકા તરફ મ્હેં ફરી નજર કરી. શું પેલા પત્રની અને મ્હારા માસિકની લેખિકા આ મધુરિકા તો નહિં હોય? તે પણ મ્હારી તરફ એકીટસે જોયા કરતી હતી.

"બ્હેન, શું તમો બહુ લખ્યા કરો છો?" મ્હેં મોટા ભવિષ્યવેત્તા હોવાનો ઢોંગ કરવા માંડયો. બીજી રમણી એકદમ આનંદથી બોલી; "હા, મહારાજ! હા; તમો તો અંતર્યામી જેવા છો. આખો દિવસ વાંચ્યા કરે છે. મધુરિકા મ્હારા મામાની છોકરી થાય છે. અમદાવાદમાં રહીએ છીએ. અમે..."

માન્યો છે એટલે મ્હારી વાતને પણ એક સાદું વાક્ય ગણી હું જે ઉપાય બતાવીશ તે અજમાવશે જ એવી હવે મ્હને ખાત્રી થવા લાગી. મ્હેં ધાર્યું તેમજ થયું. તુરત જ પરસ્પર સંકેતથી બેઉ સુંદરીઓ મ્હારી સામે બેઠી; અને તે સાથે સૂર્યનારાયણે પૂર્વ દિશા સર કરી પહાડ પર પોતાના સોનેરી પ્રકાશની ચાદર પાથરી દીધી ! અમારૂં સ્થાન પણ તે પ્રકાશથી ઝગઝગી ઉઠ્યું.

(૬)

મ્હારા બેઉ મિત્રો સુરેશ અને કનુ ન્હા તૈયાર કરી વાતોમાં ગુલતાન જણાતા હતા. અમે બેઠેલા તે સ્થાનથી અમારા ઉતારાનું સ્થળ નજીકમાંજ હતું. અમારી જગાએથી હું તેમને જોઇ શકતો અને તેઓ મ્હને જોઈ શકતા હતા. સુરેશે ઉતારાના સ્થાનમાંથી બ્હાર આવી મ્હને આવવા ઈસારો કર્યો. એટલે મ્હને ખબર પડી કે ન્હા તૈયાર થઈ ગઈ છે. પણ તે સાથેજ મ્હારા પેટમાં મોટી ફાળ પડી કે એ લોકો નજીક આવશે અને બધું પોગળ ખુલ્લી જશે ! મ્હેં ગંભીર મુખમુદ્રા ધારણ કરી પણ કનુ તો દોડતો અમારી સમીપ આવતો જણાયો. જ્યારે અહિં તો મધુરિકાએ પોતાની દુઃખની કથા કહેવાનો આરંભ કરી દીધો હતો. કનુ એક ડગલું આગળ વધે અને મ્હારા હૃદયમાં જબરો ધાસ્કો પડે. મ્હારા હૃદયમાં ઉથલપાથલ થવા માંડી. રે ! કમનસીબ કનુ ! ત્હારામાં સભ્યતાનો લેશ પણ અંશ છે કે નહિ ? મનમાંને મનમાં મ્હેં કનુને જેટલા આપી શકાય તેટલા શ્રાપો આપ્યા !

મ્હારૂં નામ તો ચંદ્રકાન્ત છે પણ મ્હારા સમવયના મિત્રો મ્હને ચંદુ કહીનેજ બોલાવતા હતા ! કનુ નજીક આવી પહોંચ્યો એટલે મ્હેં ધાર્યું કે હવણાંજ ચંદુ કહીને બૂમ પાડશે. હષ્ટપુષ્ટ કાયાનો, જાડી બુદ્ધિનો કનુ તો મ્હારી સમીપ આવી ઉભો. મ્હારા પેટમાં ફાળ પડી કે આ પોલ ખુલ્લી ! પેલી બે રમણીઓ તો શરમાઇને નીચું જોવા લાગી.

સદ્‌ભાગ્યે કનુ અને સુરેશે પણ કફનીજ પહેરી હતી. અણીના સમયે પ્રભુએ કનુને સદ્‌બુદ્ધિ આપી ! મહા અહેનતે રૂમાલ વતી હસવું રોકી મ્હને નીચા નમી તેણે પ્રણામ કર્યા. પછી કનુએ મ્હને કહ્યું, "ગુરૂદેવ ! ઉપવનમાંથી પુષ્પ ચૂંટી આશ્રમમાં આણ્યાં છે." હાશ ! મ્હારા અંતરનો ભય દૂર થયો. મ્હને શાંતિ વળી. મ્હેં ફરી તેઓને આશીષ આપી એટલે તેઓ ઉતારા તરફ ચાલ્યા ગયા. મ્હેં ધાર્યું કે પાપ ગયું. વળી કંઇ હસી પડાય તો ભાંગરો વટાઈ જાય : પરન્તુ બેઉ મિત્રોના સભ્ય વર્તનથી

અને ગુરુદેવના વિશેષણથી તો એ બાલિકાઓપર કંઈ ઓર પ્રભાવ પડ્યો! ખરેખર! મ્હારા ભગવા વેશની ભગવાને બીજી વાર લાજ રાખી!

સુંદરીએ પુનઃ પોતાની કથા આરંભી. એ કથની કરુણ અને મર્મભેદી હતી. એ કથા કમનસીબ અને હૃદયને પીગળાવે તેવી હતી. પુરેપુરી સાંભળી મ્હેં કહ્યું, "કોઈ સંશયનો ભોગ તમારો સ્વામી બન્યો હોવો જોઇએ. તમારી સમીપ સદાએ રહ્યા કરે તો પણ તે વ્હેમ દૂર થઈ શકશે નહિ. માટે તમો થોડા દિવસ તમારા સ્વામીથી વિખુટાં પડી દૂર રહો તો ઠીક."

મધુરિકાએ મ્હારી સામે જોયું. તેના મુખભાવ પરથી જણાયું કે એ પ્રયોગ અજમાવવા તેની ઇચ્છા નથી; આથી ફરી દૃઢ અવાજે મ્હેં કહ્યું, "આવી અવસ્થામાં સાથે રહેવાથી પણ શો લાભ છે? નહિ તમને શાંતિ મળે કે નહિ તેને શાંતિ મળે! તેના નિષ્ઠુર વ્યવહારથી તમને વધારેજ દુઃખ ઉપજશે."

પહેલીજ વખત હિંમત કરી મધુરિકાએ મોકળા મને પૂછ્યું, "પણ મહારાજ! તેમનો ત્યાગ કેવી રીતે કરી શકાય? એથી તેમને અગવડ કેટલી પડે? હાય! આ પંદર દિવસમાં તો કોણ જાણે કેટલો શ્રમ તેમને સહન કરવો પડ્યો હશે!" આર્ય બાળાની કેવી ઉચ્ચ ભાવના!

હું તો વિચારમાં પડ્યો. ખરે! આવી સાધ્વી સુંદરીપર જુલમ કરનાર તેનો પતિ કેટલો નિર્દય હશે? મ્હેં ફરી મધુરિકાને સમજાવવાની કોશિષ કરી: "બ્હેન! એ વાત તો ખરી પરન્તુ આ સ્વાર્થી દુનીઆનો એક કાયદો છે કે વ્યક્તિની ગેરહાજરીમાંજ તે વ્યક્તિની ઉપયોગિતા સમજાય છે. જ્યાં સુધી દાંત હોય છે ત્યાં સુધી દાંતની કદર હોતી નથી. તમારો વિયોગ થતાંજ તમારા સંશયી સ્વામીને નિરસ ગૃહમાં ખબર પડશે કે તેણે કેવું રત્ન ગુમાવ્યું છે. તેને સંસાર રસહીન ભાસશે; તેની ભૂલનું ભાન થશે. તમે કોઈ પણ અન્ય સ્થળે જાઓ......"

"આબુ જઇએ? અમારા એક સ્નેહી ત્યાં રહે છે." જ્યોત્સ્નાએ પ્રશ્ન પૂછ્યો.

પણ એક સૂચના આપું છું કે તે આવે તોયે તેને તુરત ના મળતાં; બે ત્રણ દિવસ પછીજ મળવું. જરૂર ત્હમારી ગેરહાજરીમાંજ એ ત્હમારી ઉપયોગીતા સમજશે. ગૃહિણીના વિયોગે ગૃહકુંજ વગડા જેવી જણાશે; અને પછી, ત્હમારો સ્નેહને શોધતો; સેવાની કદર કરતો, તમારા પ્રતિ તણાઈ આવશે. આ સાધુના વચનપર વિશ્વાસ રાખો; આ ફકીરનું એટલું માન રાખો."

મ્હારા છેલ્લા વચનથી ધારેલી અસર થઈ, અને કમને પણ તેણે તેમ કરવા સ્વીકાર્યું.

"હવે ક્યારે મળશો મહારાજ ? જતાં જતાં અમારી ભેટ સ્વીકારશો?"

હું સાધુ નથી એ વાક્ય હવે ના ઉચ્ચારી શક્યો. એક રૂપીઓ મ્હેં સ્વીકારી લેવામાંજ ડહાપણ માન્યું. છેલ્લે છેલ્લે મ્હેં આશીષ આપ્યા: અને ફરી એક વખત દર્શનનો લાભ આપવા વચન આપ્યું !

"પણ બ્હેન ! ભૂલ્યો; ત્હમારી આખી કથા સાંભળી પણ ત્હમારા સ્વામીનું નામ તો જાણવામાંજ ના આવ્યું. હરકત ના હોય તો જણાવશો ?'

"રમેશચન્દ્ર." જ્યોત્સ્નાએ જવાબ આપ્યો.

"અને તેઓ શું ધંધો કરે છે ?"

"વકીલાત !"

તેઓએ પ્રણામ કરી રજા લીધી. નામ સાંભળી મ્હારા આશ્ચર્યનો પાર ના રહ્યો.

ગિરનાર ! મ્હને સાધુ ધારી ભોળી સ્ત્રીએ ખુલ્લા દિલથી બધી વાત કહી. ઢોંગી સાધુના વેશમાં મ્હેં આશીષ આપ્યા ત્યારથીજ મ્હેં મનથી પ્રતિજ્ઞા લીધી કે કોઈ પ્રકારે આ નિખાલસ દીલની આર્ય સુંદરીને સુખી બનાવીશ; વિનોદ ખાતર સ્નેહાળ સંસારમાં મ્હેં ઉભી કરેલી કાંટાની વાડ જડમૂળથી ઉખેડીશ. રમેશને કોઈને કોઈ પણ રીતે સમજાવીશ; મ્હારા પાપનું પ્રાયશ્ચિત કરીશ.

અરેરે ! એક અપરિચિત બાળાનો પત્ર બીજાને બતાવવા જેટલી ખોટી બુદ્ધિ મ્હને ક્યાંથી ઉપજી ? બીજા માસિકના તંત્રીઓ આમ મારી પેઠે ભૂલનો ભોગ બનતા હશે ખરા ? બીજા બન્યા હોય કે નહિં પણ મ્હારો તો તાજો દાખલો છે. કેટલાક એવા પુરુષો નિઃસંશય મળી આવે છે કે જેઓ કોઈ પ્રકારે આકસ્મિક સંબંધમાં આવી પોતાના થોડા પરિચયને ગાઢા પરિચયનું રૂપ આપી મમતાળુ દંપતિમાં દુઃખનાં બી વાવે છે ! પણ અહિં તો કેવળ વિનોદનું વિલક્ષણ પરિણામ આવ્યું ! હાસ્યરસ ઉપજાવવા જતાં અહિં તો કરૂણ રસનું તાદશ નાટક થયું ! ભલા ભગવાન ! ક્યાં એ કોલેજનો ઉચ્ચ ભાવના અને ઉદાર વિચારોથી ભરેલો રસિક રમેશ અને ક્યાં ગૃહસ્થાશ્રમની ઘટમાળમાં હિંદુ સમાજના સંકુચિત વિચારોનો ભોગ બનેલો હમણાંના રમેશ !

(૫)

હવે મને કુદરતી દશ્યો નિરખવામાં રસ ન્હોતો પડતો; બસ મ્હને તો મધુરિકા અને રમેશનાંજ સ્વપ્નાં આવવા માંડ્યાં. સુરેશ અને કનુ કંઈક જુદોજ અર્થ લેતા હતા. સુરેશ સ્હવારના પ્હોરથીજ મશ્કરીની શરૂઆત કરતો કે તંત્રીજી ! સાધુના વેશમાં રમણીઓ સાથે વાર્તાલાપમાં તલ્લીન થઈ ગએલા તેના વિચાર કર્યા કરો છો કે પછી માસિકમાં ગિરનારની ગુફાઓમાં મળેલી દેવીઓ સંબંધમાં કંઈ લેખ ચીતરવા માંગો છો ? તે તો વિનોદમાં વાત કરતો પણ તેની મશ્કરીથી મ્હારા હૈયામાં હોળી ચેતતી હતી ! પરન્તુ મુંગા રહ્યા સિવાય બીજો કંઈ ઉપાય નહોતો.

ચારેક દિવસ સૌ વીતાવ્યા પછી મુંબઈ આવી તેજ દિવસે અમદાવાદના વકીલ સાહેબ રમેશને એક પત્ર લખી અગત્યનું કામ છે એમ જણાવી મુંબઈ બે ત્રણ દિવસમાં આવવા મેં લખ્યું. પરન્તુ હૃદયમાં મ્હને સૌથી મોટો દુશ્મન માનનાર રમેશ એકદમ તે જવાબ આપે? આડાઈપું વીત્યું, મ્હેં ફરી યાદ આપી; ચાર પાંચ દિવસે પછી જવાબ મળ્યો કે બે ત્રણ દિવસમાં તે ત્યાં આવનાર છે ત્યારે મળી જશે. હું તો હરરોજ તેમના દર્શનની આશા રાખી નિરાશ થતો હતો.

ચાર પાંચ દિવસ પછી મ્હારા માસિકની ઑફીસમાં હું 'સાંખ્યયોગ' નામનો એક લેખ વાંચી રહ્યો હતો તેવામાં અકસ્માત્ 'માય ડીયર' રમેશનાં દર્શન થયાં! તેના દીદાર જોઇ હું તો કંપી ઉઠ્યો. જાણે મહાન્ આફત નો આવી હોય કે મોટી બીમારી પછી ના ઉઠ્યો હોય તેવી તેની હાલત સ્પષ્ટ જણાતી હતી. પરન્તુ હું તો તેની વિપત્તિ સમજતો હતો.

"રમેશ! માંદો હતો કે શું? રજામાં કંઇ હવા ખાવા ના ગયો?" મ્હેં પૂછ્યું.

"ના, કંઈ ન્હોતો ગયો; તું તો દેવલાલી જઇ આવ્યો ને? શું કામ પડ્યું છે?" તેણે પૂછ્યું. ગીરનારથી આવ્યા પછી મ્હેં રમેશને પત્ર લખ્યો તેમાંજ લખી દીધું હતું કે હું હમણાંજ દેવલાલીથી આવ્યો છું. ગીરનારનું જણાવ્યું હોત તો કોણ જાણે તેના દીલના શા હાલ થાત!

દેવલાલીનાં આડાં અવળાં ગપ્પાં મારી ચ્હા મંગાવી. ચ્હા પીતા પીતા વાત કરતાં મ્હેં પૂછ્યું, "રમેશ! શારદા ભાભી મઝામાં તો છે ને?"

પહેલીજ મુલાકાતમાં રમેશેજ મને તેની સ્ત્રીનું નામ મધુરિકાને બદલે શારદા જણાવ્યું હતું તેનો ખ્યાલ તે ભૂલી ગયો હતો એટલે વિસ્મિત્ થઈ રમેશે સામો પ્રશ્ન કર્યો: "શારદા કોણ?"

"હવે સીધો જવાબ આપને! ત્હારી મીસીસનું નામ પણ ભૂલી જાય છે?" મ્હેં અજાણ હોવાનોજ ડોળ કર્યો.

"હાં. હાં. એ તો મઝામાં છે." મનોભાવ છુપાવી તે બોલ્યો.

"રમેશ! તું તો હવે ગંભીર, ઠરેલ ગૃહસ્થ! માફ કરજે હોં! તમારાં મીસીસ–અરે! તમારાં દેવી–દયણાં ક્યાં છે?" હસતાં હસતાંજ મ્હેં પૂછ્યું.

"ત્હારી પાસે બીજી કાંઇ વાતજ નથી? આ વાત માટેજ કાગળ લખી મ્હને અહિં બોલાવ્યો છે?"

મ્હેં ફરી વાત ફેરવી; પરન્તુ થોડીવાર પછી એમની મીસીસની વાત પરજ હું તો ઉતર્યો. મ્હારા ઉપરા ઉપરી પ્રશ્નોથી ના છૂટકે એણે કહ્યું કે, "ગઇ છે તેના ભાઈ સાથે જાત્રા કરવા! આબુ ઇત્યાદિ સ્થળોપર જવાના હતા એટલુંજ હું જાણું છું. હવે ત્હારે કામ હોય તે કહે; મ્હારે માથું નહિ પકવ."

તેની વાતચીત પરથી મ્હને ખાત્રી થઈ કે મધુરિકા રમેશને મળી નથી અને આજુજ હોવી જોઇએ.

મ્હેં એ વાત સાંથીજ અટકાવીને એક લેખ કાઢયો, અને કહ્યું, "રમેશ ! ઠીક તું આવી પહોંચ્યો. ત્હારા જેવા આર્ય સંસ્કૃતિના અભ્યાસકની સલાહની જરૂર હતી !"

મ્હેં સાંખ્ય યોગનો લેખ તેના હાથમાં મૂક્યો; પરન્તુ તેમાં તેણે કંઈ રસ ના લીધો ! એ માથાકૂટ મારાથી નહિં થાય એજ તેનો રોકડો જવાબ હતો.

"રહેવા દે ! લે આ કાવ્ય વાંચ ! અહાહા ! શું શબ્દલાલિત્ય !"

"માફ કર ! ખોટી મગજમારી ના કર !" ભવાં તો ચઢાવ્યાં પણ ફરી હસી પડયો.

"ના; આટલાં કાવ્યો તો તું જરૂર જોઈજા." એટલું કહી, 'વસંત ઋતુ" "સરિતા" "બાળક" "પ્રાતઃકાળ" 'મીઠી યાદ' એવાં સાતેક કાવ્યો સાથે મધુરિકાનું પત્ર સહીત 'સ્વામી' નામનું કાવ્ય પણ સાથે સાથે ગોઠવી દીધું ! ક્રમને કાવ્યો ઉથલાવતા ઉથલાવતા મધુરિકાની કવિતા અને તેનો પત્ર વાંચી તેના મુખારવિંદ પર આનંદની અનેરી જ્યોત ઝળકી રહી ! તેના મુખ પર બદલાતા ભાવોનું હું બારીકાઈથી નિરીક્ષણ કર્યા કરતો હતો. પરન્તુ કંઇ જોતોજ નથી એવો દેખાવ કરી લેખ વાંચવામાંજ મશગુલ રહ્યો ! તે કપી ઉઠયો ! તે પત્ર વાંચે, મૂકે, ફરી વાંચે ! એ રીતે કંઇ બાર વાર તે પત્ર વાંચી ગયો ! એક વારનો કમનસીબ પત્ર આજે તેનો પ્રિય પત્ર થઇ પડયો !

તે એકદમ બોલી ઉઠયો, "ત્હેં આ પત્ર તો..."

કંઇ સાંભળ્યુંજ નથી એવો ડોળ કરી તે વાક્ય પૂરૂં કરે તે અગાઉ તો હું બોલી ઉઠયો, "જો તો ખરો રમેશ ! કેવું સુંદર કાવ્ય છે ! 'અલિ કોયલડી ! અયિ કોયલડી !' શું શબ્દલાલિત્ય !"

તેનો ઉત્તર આપવાને બદલે પોતાનીજ વાત ઝુડતો. તે બોલ્યો, "પણ આ પત્ર તો થોડા માસ ઉપર ત્હેં મ્હને બતાવ્યો હતો ને ?"

તેનો જવાબ વાળવાને બદલે મ્હેં મ્હારૂંજ ચલાવ્યું. "રમેશ ! આ બીજું કાવ્ય પણ તેટલુંજ ઉત્તમ છે ! જો તો ખરો. શું ઉચ્ચ પ્રભુ પ્રતિ ભાવ છે ? કેવું મઝાનું ગાણું !

'પ્રેમ છે, પ્રેમ છે, પ્રેમ છે, રે !
મ્હારા પ્રભુજીનું નામ પ્રેમ છે રે.

કેવું સરસ કાવ્ય ? જરા વાંચ તો ખરો !"

"અરે! પણ, મ્હારૂં સાંભળશે ?" ઘાંટો પાડી તેણે કહ્યું, "બધા એ આસિકકારો ગાંડા હોય છે કે શું ?"

"રમેશ ! ત્હારૂં જીવન તદન ફેરવાઇ ગએલું લાગે છે ! ત્હારા હૃદયને ઉત્તમ શૈલીનાં કાવ્યો પણ આનંદ આપી શકતાં નથી ? આ ના ગમતાં ય તો ન્હાનાલાલના રાસ કાઢીએ કે ખબરદારનાં કાવ્યો વાંચીએ ! તેનો શોખ હોય તો મુનશી કે ઠકુરની નોવેલો કાઢીએ ! ઠાકોરનો 'ભણકાર' વાંચવો છે ? રાજકીય પેપરોનો શોખ હોય અહિંઆ 'યંગઇન્ડીયા', 'મરાઠા' અને 'ધી હિંદુ'ની નકલો પડી છે !"

મ્હને વચ્ચેજ આટલેથી બોલતો અટકાવવા તેણે કોશિષ કરી, પરન્તુ મેં તો પંજાબ મેલની ઝડપે આગળ ચલાવ્યું: "જોતો ખરો ! કેવું ઉચ્ચ કાવ્ય ! શો ભક્તિરસ તેમાં જામ્યો છે ?

"પ્રેમ છે, પ્રેમ છે, પ્રેમ છે રે !
મ્હારા પ્રભુજીનું નામ પ્રેમ છે રે !"

અધીર બની તે બેબાકળો બોલી ઉઠયો, "નથી મ્હારે કામ 'ન્યુ-ઇન્ડીયા' કે 'મરાઠા'નું કે નથી મ્હારે વાંચવા ન્હાના ન્હાના રાસ કે પ્રો. ઠાકોરનો ભણકાર ! શું ત્હમો લેખકો એમજ સમજો છો કે દુનીઆં ત્હમારો વિચાર કરે છે ? હવે મ્હારૂં સાંભળશે ?"

"ત્હારે શું કહેવું છે 'માય ડીયર રમેશ' ? આ કાવ્ય તો જો ! વળિ કોયલડી !"

"ચૂલામાં જાય, ત્હારી કોયલડી !" કાવ્ય ફેંકી દઇ મ્હારા બે હાથ તેણે પકડી લીધા ! તેના દુર્બળ શરીરમાં કંઇ ઓર ચેતન આવ્યું !

"મ્હને સીધો જવાબ આપ." તેણે દૃઢ અવાજે કહ્યું, "પહેલા ઘણા સમય પર ત્હેં એક પત્ર મ્હને વંચાવ્યો હતો તે આજ ને ?"

મ્હેં પત્ર હાથમાં લઇ તે જોઇને કહ્યું, "એમ પણ કદાચ હોય ! નહિં તો કંઇ કેટલાએ તેવા કાગળો આવે છે. એ કાવ્ય તો મ્હેં ત્હને બતાવ્યું હતું."

"કાવ્ય નહિં ! પણ આ કાગળ !" તેણે બૂમ પાડી કહ્યું.

"કવચિત વંચાવ્યો પણ હોય; એમાં થયું શું ?" મ્હેં બેપરવાઇથી કહ્યું.

એણે મ્હારો હાથ જોરથી પકડી પહેલી મુલાકાતનો બધો ઇતિહાસ કહી સંભળાવ્યો.

"મ્હને યાદ નથી; ખાલી માથું ના પકવ! કાગળ વાંચ્યો હોય કે વંચાવ્યો હોય તેમાં થયું શું? મ્હેં હસતાં હસતાં કહ્યું, હરી, હું મશ્કરી ખાતર, અને ત્હને એઝો પડે એટલાં માટે એકકું નામ પણ વંચાવ્યું હોય!"

"મશ્કરી ખાતર" એ શબ્દો સાથેજ અર્ધી રહેલી ચિંતા પણ તેના ચ્હેરા પરથીજ નષ્ટ થએલી જણાતી હતી. કંઇક માસિક શબ્દો સાથે કંપનીની શૈલીમાં તેણે મ્હને કહ્યું, "કોઇ કુલીન મહિલાનો પત્ર કોઇને બતાવી આ રીતે મશ્કરી કરવી એ તંત્રીને છાજે કે?"

મ્હેં કહ્યું, "માય ડીયર રમેશ! તું કંઈ સ્વપ્નાવસ્થામાં તો નથી ને? મ્હને લાગે છે કે તું ત્હારી પહેલાંની જીંદગીજ ભૂલી ગયો છે. કૉલેજ જીવન યાદ છે કે? કેટલીએ સુંદર સ્ત્રીઓ સાથે મનમાં ને મનમાં લગ્ન કરવાની પ્રતિજ્ઞા તું લઇ ચૂક્યો હતો? મ્હેં તો નિખાલસ હૃદયે એક સ્ત્રીનો પત્ર બતાવ્યો અને તે પણ કેવળ ત્હારી મશ્કરી કરવા! અલબત્ત! એ કામ પણ યોગ્ય તો નાજ લેખાય."

સહજ ગુસ્સે થઈ વ્યાકુળતાથી તેણે પૂછ્યું, "ત્હને ખબર છે કે મધુરિકા કોણ છે?"

'પ્રાણાયામ કરી સમાધી દ્વારા પ્રભુને પૂછું ત્યારે!" મ્હેં ટૂંકો જવાબ આપ્યો.

"મૂર્ખા! મધુરિકા મ્હારી ગૃહરાણી છે!"

"મધુરિકા! મારા માસિકની લેખિકા, ત્હારી અર્ધાંગના? હેં શું કહે છે? સાચું?"

"ત્હને ભાન છે કે એ દેવીને મ્હારા તરફથી કેવો બદલો મળ્યો છે?"

તે પછી તેણે પોતાની સ્ત્રી સાથે જે નિષ્ઠુર વર્તન ચલાવ્યું હતું તે બધું કહી સંભળાવ્યું. અને કહ્યું, કે "કેટલીવાર મ્હેં આત્મહત્યાનો વિચાર કર્યો છે! બે ત્રણ વખત તો ત્હને કોઇ પણ પ્રકારે ગોળીથી ઠાર મારી પછી મરી જવાનો નિશ્ચય પણ કર્યો હતો!"

મ્હેં મુંગા મુંગા બધુંજ સાંભળ્યા કર્યું! અંતે આંખમાં આંસુ સાથે કહ્યું, "પહેલાં એજ મધુરિકા મ્હને દરેક પ્રકારે પ્રસન્ન રાખતી હતી, પણ હાય! આજે?—"

"તો હવે થયું શું ગયું છે?"

"થાય તો શું? ગીરનારથી આવી ત્યારથી આંખું ચોળી ગઈ છે. બોલવાની વાત તો બાજુએ રહી પણ મ્હારી સામે નજર સરખી પણ નથી કરી! હવે એનામાં મ્હને કંઈ અભિમાનનો અંશ જણાય છે."

"અભિમાનની વાત નહિ પણ એતો સહજ ઓછું હશે. ત્હારી મોઢે ચઢેલી તો નહિ જાયને! એનાં કાવ્યથી જ જણાય છે કે ત્હારા પર એનો માત્ર અનહદ લાગે છે. યાત્રાનાં સ્થળોમાં આપઘાત નાં કરે તો સારું!"

"આપઘાત! કંઈ એવું તે કરી બેસે તો વળી નવું જાગશે! હે સાહેબજી!" એટલું કહી તેણે તો જવા માંડયું. પણ મ્હેં સમજાવી કહ્યું, "રમેશ" જે માર્ગ આટલા દિવસ સુધી તેણે નથી લીધો તે ભૂલ ભરેલો પંથ હવે તે એકદમ લે એવું હું નથી માનતો. હડે ચઢેલી વનિતા મતનને લીધે એકદમ ધૂન પર ભરાઈ હશે; તેથી ત્હને તે એકદમ નહિ મળે! વળી, આમ અણધાર્યો તું ત્યાં જશે તો એ સમજશે કંઈ બીજું જ! હડે ભરાઇ તું મળવા જશે તો રખેને યાત્રામાં સ્નેહીને ત્યાં પોતાનો ફારસ ભજવાય એના કરતાં તે વિદુષી લલના એ દહેશતથી ઉંધો માર્ગ લઇ લે એવો મ્હને ભય રહે છે." મ્હેં બાજી ગોઠવવા માંડી.

"હા, એ પણ વિચારવા જેવું છે; પણ હવે તેનો કંઇ ઉપાય?"

મ્હેં કહ્યું, "અરે! બરાબર એક ઉપાય છે. નાશકમાં એક પરમહંસ જોડે મ્હને મુલાકાત થઈ હતી. મ્હારી સેવાથી આકર્ષાઇ મ્હારા મનોભાવને જાણી, તેણે મ્હને એક પવિત્ર માદળીયું આપ્યું છે અને ખાસ કહ્યું છે કે જે કોઇ એ માદળીયું ત્રણ વાર વિષ્ણુનું નામ દઈ કોઈ પણ સ્રીના હાથમાં આપશે તે સ્રી તુરત જ એ વ્યક્તિને જીવન સમર્પણ કરશે. એ પ્રેમ કદી પણ નષ્ટ નહિ થાય."

કાગળનો કટકો રૂપીઆની નોટ સાથે બીડી એક ચાંદીના નાના માદળીયામાં મૂકી દીધો ! આગળ પાછળ રેશમી દોરી પણ વીંટાળી ! બ્હાર આવી તે પવિત્ર માદળીયું રમેશને આપ્યું અને કહ્યું કે, "ત્હારી શ્રી સમક્ષ ત્રણવાર વિષ્ણુનું નામ દઈ આ માદળીયું તેના હાથમાં આપી અંદરનો પત્ર વાંચવા કહેજે ! એ પત્ર વાંચતાની સાથે જ તે ત્હને કોઇ દિવસ ભુલી શકેશે નહિ. જો કંઇ ભૂલ ના કરતો ! એક પવિત્ર પરમહંસની પ્રસાદી છે."

સંભાળી સંભાળી માદળીયું તેણે ઠેકાણે મૂક્યું અને સત્વર સાહેબજી કહી બ્હાર નીકળી પડ્યો ! મ્હને ચોક્કસ લાગ્યું કે માદળીયાપર રમેશને શ્રદ્ધા બેસી છે. ગરજુને અક્કલ નથી હોતી અને ગભરાએલો ભાન ભૂલે છે તેનો આના કરતાં બીજો કયો પુરાવો જોઇએ ?

(૬)

મ્હેં ત્રણેક દિવસમાં રમેશના પત્રની આશા રાખી હતી; પરન્તુ પાંચેક દિવસ પછી બપોરના મ્હારી ઓફીસમાં જ રમેશના હસતા ચ્હેરાનાં દર્શન થયાં. મુખ પરથી આપત્તિની છાયા અદૃશ્ય થએલી જણાતી હતી !

મ્હેં તરત જ પૂછ્યું—"શી ખબર છે 'મય ડીયર રમેશ' ?"

"તું બદમાસ છે, ચોર છે." રમેશે એકદમ કહ્યું.

"કેમ કંઈ કારણ ? માદળીયું આપવાનો ગુન્હો ?"

"હા, હવા ખાવા તું દેવલાલી ગયો હતો ખરો કે ?" તેણે સામો સવાલ કર્યો.

"ના, ના. છેલ્લે છેલ્લે ગીરનાર જવાનું મન થઇ આવ્યું !" મ્હેં હસીને કહ્યું.

"કયા વેષમાં ગયો હતો ?"

"હવે જવા દે ત્હારી 'ક્રોસ–એક્ઝામીનેશન' ! ત્યાં ત્હારાં મીસીસ મળ્યાં હતાં; લે હવે ખુલ્લું કરું છું." મ્હેં જણાવ્યું.

"ત્હેં ઠગાઇ પણ કરી હતી !"

"કેવી રીતે તે કહેશે ? એક રૂપીઓ લીધો હતો તે પાછો મોકલાવી દીધો છે !"

"ત્હારી સામે ફરીયાદ છે; ત્હારી તપાસ ચાલશે; બધાંએ અહિં આવ્યાં છે; ચાલ ત્હને બોલાવે છે !" રમેશે ખુશ ખબર આપી.

"બધાને અહિંજ લાવવાં હતાં ને? જોયો, મ્હારા માદળીનો પ્રતાપ!"

"માદળીયું! ત્હારૂં માથું! ચાલ જલદી કર!"

મ્હેં પણ એક ભલા માણસની માફક તેની સાથે ચાલવા માંડયું! એ બધા તેમના એક સ્નેહીને ત્યાં ઉતર્યાં હતાં; જ્યોત્સ્ના તથા મધુરેકાને જોઇને પહેલાં તો હું સંકોચાયો અને શરમાયો; પરન્તુ તુરતજ બધાંએ મ્હને ઉભા થઇ આવકાર આપ્યો, "આવો સાધુજી!"

"આજ માસિકના સાધુ તંત્રીજી કે?" મધુરિકાના ભાઇ હરેશે પૂછ્યું.

"ગીરનારના આ સાધુને ઓળખે તો છે ને?" જ્યોત્સ્નાને મેં પૂછ્યું.

"તેમને તો કેમ ભૂલાશે?" મધુરિકા બોલી ઉઠી.

"પરન્તુ પેલા ત્હમારા શિષ્યો કયાં છે?" જ્યોત્સ્નાએ પૂછ્યું.

"વળી ત્હારે શિષ્યો પણ છે!" રમેશે વિસ્મીત બની પ્રશ્ન કર્યો.

"હા; મ્હારા બેઉ મિત્રો સુરેશ અને કનુ મ્હારી સાથે ગીરનાર હતા. સુરેશને તો તું ઓળખે છે!"

"સુરેશ ગીરનારમાં ત્હારી સાથે હતો?" રમેશ તેનું હસવું ના રોકી શક્યો.

"નાટકની સમાપ્તિમાં સર્વ પાત્રોને એકઠાં કરવામાં આવે છે તેમ તેમને પણ અહીં બોલાવોને!" હરેશે કહ્યું.

"કનુ અહિં નથી; સુરેશ છે." મ્હેં એટલું જણાવી સુરેશનું સરનામું આપી માણસને કાગળ લખી આપીને મોકલ્યો અને તેમાં તુરત ...નું જણાવ્યું!

"હવે ખોટા વેશ ધારણ કરી ઠગ બનનારને શી શિક્ષા આપવી?" જ્યોત્સ્નાએ વાત ચલાવી.

"ત્હમારી ફરમાશને આધીન આજ તો થવું જ પડશે." મ્હેં સીધો જવાબ વાળ્યો.

"તે માદળીયાના દાતા ગીરનારના સાધુને શિક્ષા એટલી જ કે આજે સાંજે તેમને પોતાના શિષ્ય સહીત અહિં જ જમવાનું રાખવું અને સૌને તેમના સાહિસના જ્ઞાનનો આનંદ આપવો!" સુરેશ પણ આવી પહોંચ્યો. "આવો, પધારો ગીરનારના સાધુના શિષ્ય," કહી આવકાર અર્પ્યો. તે પણ જ્યોત્સ્ના અને મધુરિકાને જોઈ ગીરનારનું નાટક કંઈક સમજી ગયો. રમેશે તેને પૂરૂં સમજાવ્યું.

"વાહ! ચંદુ વાહ! ત્હેં પણ ઠીક ભજવી! માસિકના તંત્રીનો એક સારો આદર્શ ભાગ ભજવ્યો." સુરેશે હસીને કહ્યું.

"ત્હમે પણ ઠગવામાં ભાગીદાર તો ખરાજને? માટે શિક્ષા તરીકે ત્હમારે પણ આજે અહિંજ જમવાનું હો!" જ્યોત્સ્નાએ કહ્યું.

સુરેશે સાંજે આવવાની હા પાડી તુરત માટે રજા લીધી. અમે એકલા પડ્યા. સહજ વાર રહી મ્હેં પૂછ્યું, "કેમ રમેશ! પેલા કૉલેજના દિવસો યાદ આવે છે ને? મનમાંને મનમાં કેવા કલ્પનાના ઘોડાઓ દોડાવતો હતો! યાદ આવે છે સમાનતાના ધોરણપર ચાલેલી પેલી ચર્ચાઓ અને સ્વાતંત્ર્ય માટે ત્હારી પેલી ઉદાર ભૂમિકાની દલીલો? અને તેજ રમેશે એક પત્રને ખાતર સંશયી બની આટલો નાટક ભજવ્યોને?"

"વાહ! તંત્રીજી! તક જોઈ ઠીક કહી નાંખ્યું હો." જ્યોત્સ્ના વચ્ચેજ બોલી ઉઠી.

"ચંદુ! જવાદે ને એ વાત! આ બનેલી બીના યાદ આવે છે ત્યારે મ્હારૂં કાળજું ચીરાય છે! કંઈ કેટલીએ એવી વ્યક્તિઓ હશે કે વિના કારણે નજીવી વાતોમાં સંશયી બની તેને ગંભીર રૂપ આપી સુખમય સ્નેહાળ સંસારને દુઃખી બનાવી કાઢે છે! અને આ કુટલીઓમાંજ ગૌરવ માનતો આપણો હિન્દુ સમાજ તેવી વાતોને ખાસ પોષે છે!"

"આજે તો તું મોટી ટીકા કરે છે પણ તેમાંજ તું પણ આવી ગયો ને?"

"પણ જોને! તેવો હું જલદી સમજી પણ ગયો ને?"

બધાંએ આ જવાબથી હસી પડ્યા.

"એતો મ્હારા માદણીપાનો પ્રતાપ! મ્હારૂં ગેબી માદણીયું!" મ્હેં હસતાં હસતાં વાતમાં વિનોદી રસ આણ્યો.

"પણ જોજે રમેશ!" મ્હેં આગળ ચલાવ્યું, "ફરી આવા! કોઈ વખત સંશયી બની આવા નાટકો ના કરાવતો! તેમ તેવાજ કોઈ વહેમી વીરાઓ, વાત વાતમાં શંકાશીલ બનનારા શુરવીરોનો ક્વચિત ભેટો થાય તો ત્હારી આ બનેલી ઘટનાથી તેમને સાચો બોધ આપજે હો! હિંદુ સંસારમાં તેવા વહેમી પુરૂષો–તેમજ ભાભી! તેવી શંકાશીલ સ્ત્રીઓનો પણ કંઈ તોટો નથી હો.

"આ નાટકમાં તો ઓપાત્રનો વાંક નથી ને?" એકાએક સુરેશે દાખલ થઈ સ્ત્રીઓની વકીલાત શરૂ કરી!

"ચાલો જવાદો-સારે એ નાટકની-વાતજ! ભાભી! પૂર્ણાહુતિમાં ફરી તમારી માફી માંગી લઇએ છીએ અને એ કસુર માટે તમે ફરમા-

વેલી સિક્ષા સહન કરવાને તૈયાર છીએ ! ". ભોજનનો સમય થએલો હોવાથી મ્હેં તેનીજ માંગણી કરવાનું ઉચિત માન્યું.

સૌ સ્નેહીઓ સાથે જમવા બેસે તેમાં જે આનંદ પડે તેનું વર્ણનજ કેમ થાય ? અમે લગભગ રાત પણ ત્યાંજ મઝામાં ગાળી. કારણ કે બીજે દિવસે સૌ જવાના હતા. બીજે દિવસ જોત જોતામાં વીતી ગયો. બાર કલાક મુંબઈમાં જતાં શી વાર ?

રાત પડી. ગાડીનો વખત થયો; સૌ સ્નેહીઓને વસંભી વિદાય આપવા હું સ્ટેશનપર ગયો.

" રમેશ ! આપણા નાટકની આ ખરેખરી પૂર્ણાહુતિ ! હાસ્યરસમાંથી વિનોદ ને મશ્કરીમાંથી કમનસીબ કરૂણરસ ઉત્પન્ન થયો; પરન્તુ આખરે તો હાસ્યરસજ જન્મ્યો ! એ મ્હારા માદળીયાનાજ પ્રતાપ હો ! " છેલ્લે છેલ્લે સૌને માદળીયાની સ્મૃતિ મ્હેં તાજી કરાવી.

" ચંદુ ! પત્ર લખતો રહેજે ! " " તંત્રીજી ! કાગળ લખતા રહેજો ! "

" તમો સૌ મ્હને યાદ કરતા રહેજો ! ભાભી સાહેબ ! તમે લખતાં રહેજો હો ! હવે કાંઈ તમારા સ્વામીશ્રી વ્હેમના વમળમાં સપડાવાના નથી ! "

ગાડી આવી પહોંચી ! સૌએ પોતપોતાની જગા લીધી ! સૌએ મ્હને નમન કર્યું અને મ્હેં સૌને પ્રણામ કર્યાં ! એટલામાં તો સીસોટી સંભળાઈ ! ગાડી ઉપડી ! હાય !

'કેવી ઘડી આ કારમી જ્યાં સ્નેહિઓ વિખુટાં પડે ! '

નાટક ખલાસ ! બીજે દિવસ તો મુંબઈમાં મ્હને એક જંગલમાં હોઉં તેવો જણાયો ! ત્રીજે દિવસેજ તેમનો કાગળ આવ્યો. તેજ પ્રમાણે વારંવાર તેમના પત્રો આવતા ! રમેશ, જ્યોત્સ્ના કે મધુરિકા કોઈપણ પત્ર લખતું તો શરૂઆતજ ' ગીરનારના સાધુ ' એ વિશેષણથીજ થતી ! કાગળો એ વિશેષણથીજ આવે છે અને તેથી એ પત્રોથી ખાસ

૨૦ પડે છે ! હું પણ તેમને તેવા જવાબો આપી આનંદ મેળવું છું અને કાગળની સમાપ્તીમાં ' માદળીયાના દાતાની આશીષ હો ! ' એટલુંજ જણાવી મઝા માનું છું. માદળીયાના દાતાના આશીર્વાદ સર્વત્ર હો ! અર્થાત્ હાસ્યરસની સર્વત્ર રેલછેલ હો એટલુંજ જણાવી અહિંજ વિરમવા દો ! કારણકે નાટકના બીજા અંકની સામગ્રી પહેલા અંકની વાત પરથીજ ખોળી લઈ રમેશે પૂરી પાડી નથી.*

ઠાકોરલાલ છે. દીવાન.

નવીનો ભોગ!

આ કંઈ શૃંગારથી ભરેલી વાર્તા નથી, પરંતુ હિન્દુ સમાજમાં લગ્ન થયા પછી બીજી સ્ત્રી કરવાની રૂઢિનું પરિણામ દર્શાવનારી ટુંકી આપવીતી–બનેલી–સારી વાર્તા છે.

જ્યારે હું ગુજરાતી છઠ્ઠા ધોરણમાં ભણતો હતો ત્યારેજ મારા પિતાએ મારૂં લગ્ન જોડી દીધું હતું. તેમણે મારા ભવિષ્યનો કંઈ પણ વિચાર તો નહિજ કર્યો હોય, પરંતુ તેમનો પુત્ર થોડીઆમાંથીજ ઝળપાલો જોઇએ એ તેમને પસંદ હતું. તે વખતે લગ્ન એટલે શું, તેનો મને બિલકુલ ખ્યાલ પણ નહતો. અમારૂં જોડું કંઈ ઉમરે કજોડું થાય તેવું નહિ હતું, પરંતુ અમારૂં બન્નેનું વય સરખુંજ હતું. હું જરા શરીરે પાતળો હતો તેથી ઉમ્મરમાં સરખાં જણાતાં નહિ, પણ હું મોટો જણાતો.

યોગ્ય ઉમ્મરે પહોંચતાં મારી પત્નીને મારે ત્યાં વળાવવામાં આવી. હવે તો હું મેટ્રીકમાં ભણતો હતો અને "રોમીયો–જુલીએટ"ના પ્રેમની વાતો વાંચેલી એટલે પ્રેમનું ખરૂં રહસ્ય સમજ્યો હતો. મારી પત્નીએ પણ તેના મોસાળમાં રહી ઠીક ઠીક અભ્યાસ કર્યો હતો. તે મને વારંવાર પ્રેમની વાતો કહેતી, અને મને લાયક સ્ત્રી મળ્યાથી હું આનંદમાં મસગુલ રહેતો. હવે તો નિશાળે જવાનું છોડી દઈ હું મારા પિતાની દુકાન ચલાવવા લાગ્યો.

ઈશ્વરકૃપાએ અમારૂં જોડું સુખી નીવડયું. અમે પરસ્પર ધાર્મિક, નૈતિક, વિષયો પર વારંવાર ચર્ચા ચલાવતાં, તે વખતે મારા આનંદનો પાર ન રહેતો. અમારૂં જીવન રતી ને મદનના કરતાં પણ વિશેષ પ્રેમયુક્ત થયું. અમારામાં કોઈથી એકનો વિયોગ સહન ન થતો.

આ પત્નીથી મને બે પુત્રો પ્રાપ્ત થયા. પુત્રોમાં એકની ઉમ્મર આઠની અને બીજાની પાંચ વર્ષની થઈ. મારી પત્ની શરીરે સદા અશક્ત રહેતી. હવે તેને મહાન વ્યાધી લાગુ પડયો. ચારેક માસની માંદગી ભોગવી તે પ્રભુ શરણ થઈ. હવે મારા દુઃખની સીમા ન રહી. હું પત્નીવિયોગથી

વિહ્‌વળ બની ઝૂરેવા લાગ્યો; પરંતુ બે એક વર્ષે હું તે સર્વ દુઃખ ભૂલી ગયો. જ્યારે જ્યારે મારી પત્નીનું મને સ્મરણ થઇ આવતું ત્યારે હું એકાન્તમાં બેસીને ધ્રૂસ્કે ને ધ્રૂસ્કે રોતો. પછી બીજું કંઇ નહિ.

હું મારી જ્ઞાતિમાં કહેવાતા ઉચ્ચ કુળમાં જન્મ્યો હતો. મારી પત્નીના મરણ દિવસેજ સ્મશાનમાં મારા વિવાહ સંબંધી વાતો થવા માંડી. મેં તે સમયે તો સર્વને ફરી લગ્ન કરવાની ચોકખી ના કહી દીધી. કેટલાયને ખોટું લાગ્યું. કેટલાક મારા પિતાની સીફારસ લાવ્યા, પરંતુ તે સર્વનો મેં ચોકખી રીતે અસ્વીકાર કર્યો.

મારી પત્નીના મરણ પછી બીજે જ વર્ષે મારાં માતા પિતા સ્વર્ગસ્થ થયાં. હવે નાનાં બાળકોની સંભાળ લેનાર મારા ઘરમાં કોઇ ન રહ્યું. રસોઈ કરવાની પણ તેવીજ વિપત્તી. મને હજી ચૂલો ફૂંકતાં પણ નથી આવડતું. બાળકો હવે એકલાં પડયાં. બપોરે બિચારાં આમ તેમ રમતાં ફરે અને રાત્રે ઘેર આવી તેમની માતાને સંભારી નિસાસા સાથે ઉંઘી જતાં.

હું હવે તો આ સર્વ દુઃખોથી કંટાળી ફરીથી લગ્ન કરવાના નિર્ણય પર આવ્યો. મારો આ વિચાર મેં મારી જ્ઞાતિમાં મારા કેટલાક મિત્રો મારફતે જણાવ્યો. આ વાતની મારા જ્ઞાતિજનોને જાણ થતાંજ મારે ઘેર તેઓ આવવા લાગ્યા.

છેવટે મારી જ્ઞાતિમાં સાધારણ માન પામેલા એક સજ્જનનું માગું મેં કબૂલ કર્યું. વિવાહ થયા પછી ત્રીજેજ માસે મારા લગ્નની ધામધૂમ મારા સસરાને ત્યાં થવા લાગી. મેં તો કોઈ જાતની લગ્નની ધામધૂમ કરી નહિ. તે બાબતનો સહજ વિચાર મનમાં લાવતાં પહેલાંજ મારી મૃત પત્નીનું ચિત્ર મારી સામે ખડું થતું. હું મનમાં ને મનમાંજ રોઈ જતો.

લગ્નનો દિવસ નજીક આવ્યો. છતાં તે સંબંધી કંઈ પણ વ્યવસ્થા મેં ન કરી. મારા મિત્રો બેન્ડ, વરઘોડો, જ્ઞાતિભોજન વગેરેની સર્વ વ્યવસ્થા મારી મરજી વિરુદ્ધ કરવા લાગ્યા. હું તો રોજ રહેતો તે પ્રમાણેજ લગ્નના દિવસે પણ હતો. મેં પીઠી વગેરે કંઈ પણ શરીરે લગાવેલું નહિ. લોકો મને પુછતા કે લગ્નનો તમને કેમ કંઈ હર્ષ થતો નથી? હું તે સર્વને કંઈ પણ ઉત્તર આપ્યા સિવાય મૌન ગ્રહણ કરીને સાંભળ્યા કરતો. મરજી વિરુદ્ધ મારા મિત્રોએ વરઘોડો પણ કહાડ્યો. પરંતુ ઘોડા પર બેઠેલો હું નીચેથી ઉંચે પણ જોતો નહોતો.

વરઘોડો મારા સસરાને ત્યાં પહોંચ્યો. મને માયરામાં બેસાડવામાં આવ્યો. હજી કન્યા પધરાવવામાં આવી ન હતી. બ્રાહ્મણો મંત્રોચ્ચાર કર્યે જતા હતા. પછી કન્યાને પધરાવવામાં આવી. કેટલીક વિધિ થઈ રહ્યા પછી હસ્તમેળાપનો સમય થયો. કન્યાનો હાથ મારા હાથમાં મૂકવામાં આવ્યો તેજ વખતે મારી આંખોમાંથી અશ્રુની ધાર ચાલવા લાગી. આ વખતેજ મને મારી મૃત પત્નીનો નિર્મળ સ્નેહ યાદ આવ્યો. મને લાગ્યું કે મેં તેને અન્યાય કીધો છે. સ્વર્ગમાં તે મારી પાસે તેનો જવાબ માગશે. હું શું કહીશ ?

મારી આંખોમાંથી મોતીના દાણાની પેઠે ગુપ્ત રીતે સરી પડતાં અશ્રુઓ મારા કેટલાક મિત્રોએ જોયાં. તેઓએ પણ કંઈક કંઈક અ કોઈ ન જાણે તે રીતે વહાવ્યાં. મારાં અશ્રુ લગ્નવેદિની ધૂણી બાળવાના બહાને વહાવેલાં કે બીજા કોઇ કારણથી તે કોઈ જોઈ ન શક્યું. આવી સ્થિતિમાં મેં મારૂં બીજી વખતનું લગ્ન કર્યું.

યોગ્ય વયે પહોંચતાં નવી પત્ની મારે ઘેર આવી. પહેલાજ દિવસથી તે મારાં નમાયાં, લાડકાં બાળકોને સતાવવા લાગી. કોઈ કોઈ વખતે ધોલો મારતી તો કોઈ કોઈ વખતે ચુંટીઓ લઇ મુક્કીઓનાં પ્રહાર મારી ગેરહાજરીમાં દેતી. આ બધું મારાં ગરીબ બાળકો હું રાત્રે ઘેર આવતો ત્યારે તેમની કાલી કાલી બોલીમાં મને કહેતાં. હું તેમનું દુઃખ સાંભળીને બળી રાખ થઈ જતો.

નવી ઘરમાં પણ ઘણું નુકસાન કરતી. કંઇ કોઇ ને કંઈ ફોડે. એકે દિવસ તેને પાડોસીઓ સાથે જીભ યુદ્ધ મચાવ્યા વિના ચેન પડતું નહિ. કૂવે લડે, તળાવે લડે, જ્યાં ત્યાંથી લડાઈની ફરિયાદો મારે વારંવાર સાંભળવી પડતી. હવે હું વારંવાર શોક સહિત વિચારવા લાગ્યો કે આની જોડે મારૂં પાનું ક્યાં પડયું !

શકતી, એવું નિર્દય કૃત્ય તેણીએ કર્યું. બીચારા બાળક પર તે ફેંકી દીધું. પાણી તેના શરીર પર પડતાંજ બાળકે ચીસ પાડી. પાડોસી બધાં દોડી આવ્યાં. જોયું તો છોકરાના શરીરપર ફોલ્લા ઉઠેલા. તેને કંઇ ભાન પણ ન હતું. પાડોસી–ભલા માણસોએ બિચારા બાળકની સારવાર કરી. મને તાર કર્યો. હું ઘેર આવી જોઉં છું તો બાળક ભાન વિનાનો પથારીમાં પડેલો. એ કુમળા કમળની પાંખડી જેવા મારા નમાયા બાળે બીજેજ દિવસે પ્રાણ ત્યાગ કર્યા.

આખા ગામમાં હાહાકાર થઈ રહ્યો. શેરીએ શેરીએ અને ઘેરઘેર મારી પત્નીની વાત થવા માંડી. સરકારે પણ જાણ્યું. ઘેર પંચાતનામું થયું. મારૂં મૃત બાળક તુરત અગ્નિદાહ પણ ન પામ્યું. તેના શબને દવાખાનામાં લઈ ગયા. મારૂં નસીબ ફરી વળ્યું. બાળક ગુમાવ્યું. મારી મૃત પત્ની યાદ આવી. તેને સ્વર્ગમાં શો ઉત્તર દઈશ તે શોધવા લાગ્યો. સંસારનાં કડાણો ઝેર જેવાં લાગ્યાં. હવે તો તેનાથી વિમુખ થવાની ઈચ્છા થઇ. પરંતુ બીજા બાળકનું શું !

મારૂં બીજું બાળક મેં મારા એક મિત્રને મારી મિલ્કત સાથે સોંપી દીધું. મારી પત્નીને તેના પિતાને જમીન આપી છોડાવી લાવ્યો. ત્યારથી તેને મેં ત્યાંજ રહેવા દીધી છે, અને હવે તો હું બાવા જેવો બાની અહીં તહીં તત્ત્વચિંતનમાં નિમગ્ન રહી, મારી મૃત પત્નીના સ્નેહનાં સ્મરણો કરતો ફરૂં છું. ફરી લગ્ન કરીને સુખી થવાની કલ્પનાના ઘોડા ઘડનારાઓને મારી આ કથા ધડારૂપ થશે ?

ત્યાગી.

ચાર વર્ષનું બાળક.

(ઇ. સ. ૧૯૨૩ ના સ્ત્રીબોધના "બાળક" નું પાકું બાંધેલું પુસ્તક.)
કેટલાંક ચિત્રો સાથે—

કિંમત રૂ. ૧. વિ. પી. પોસ્ટેજ જુદું પડે છે. લખોઃ—

મંત્રી—"સ્ત્રીબોધ" કાર્યાલય—અમદાવાદ.

ગુજરાતી સાહિત્યમાં નારી જીવનનું પ્રતિબિંબ.

[ગુજરાત સાહિત્ય સભાના આશ્રય હેઠળ ગયા માસની તા. ૧૫મીએ સૌ. વિદ્યાગૌરી બ્હેનના પ્રમુખપદ નીચે " ગુજરાતી સાહિત્યમાં નારી જીવનનું પ્રતિબિંબ ", એ વિષય ઉપર એક ભાષણ ગુજરાત મહિલા પાઠશાળાના શિક્ષક નવલરામ જગન્નાથ ત્રિવેદીએ આપ્યું હતું જે ઉપયોગી હોવાથી અહીં આપીએ છીએ.]

ગુજરાતી સાહિત્યની શરૂઆત ક્યારે થઈ તે વિષયનો નિર્ણય આપણે પ્રથમ કરવો જોઈએ. હું રા. બ. કેશવલાલભાઈના મતને માનું છું એટલે કે ગુજરાતી સાહિત્યની શરૂઆત લગભગ દશમી સદીથી થઈ એમ માનું છું. તેમાં પ્રથમ ગ્રંથ આપણને હેમચંદ્રની અષ્ટાધ્યાયી પ્રાપ્ત થયો છે. સિદ્ધરાજના વખતમાં જ્યારે આ ગ્રંથ લખાયો ત્યારે ગુજરાત ઉન્નતિના શિખરે વિરાજતું હતું. દેશભક્તિ તથા સાહસનો જુસ્સો પ્રજામાં તનમનાટ મચાવી રહ્યો હતો. તેનું પ્રતિબિંબ આ ગ્રંથમાં દેખાય છે તેમાંથી આપણે નારીજીવનનું પ્રતિબિંબજ જોઇએ.

દસમી સદીની સ્ત્રીઓની દેશભક્તિ.

મહુકન્તહો બે દોસડા, હેલ્લીમ ઝંખહી આલુ;
દેન્તહો હઉંપર ઉવ્વરીઅ, જુજ્જન્તહો કરવાલુ.

અરે બ્હેન, એવું આળ ચડાવીશ માં. મારા કંથમાં બેજ દોષ છે. એક તો એ કે જ્યારે તે દાન આપવા બેસે છે ત્યારે આપતાં આપતાં મનેજ બાકી મુકે છે, અને બીજો દોષ એ કે જ્યારે તે લડવા લાગે છે, ત્યારે હાથમાંની તલવાર શિવાય બીજા બધાનો સંહાર કરે છે.

જઇ ભગ્ગા પારક્કડા, તો સહિ મજ્જુ પીએણ;
અહ ભગ્ગા અમ્હહં તણા, તો તેં મારી અડેણ.

જો દુશ્મનના માણસો નાઠા હશે તો નક્કી તેમને મારા વ્હાલાએજ નસાડ્યા હશે, અને જો આપણા માણસો નાઠા હશે તો ખાત્રીથી માનજે કે મારો નાથ સ્વર્ગે સીધાવ્યો હશે.

પાઉ વિસંગી આંતડી, સિઉહ્લ સિઉ પધેરસુ;
તોવિકસ્રા રઇ હત્થ ડેઉ, બલિકિજ્જઉ કન્તસ્સુ.

પેટમાંથી બહાર નિકળીને આંતરડું ઠેક પગ સુધી પહોંચ્યું છે, માથું થી લટી પડ્યું છે, તોપણ જેના હાથમાં કટારી શોભી રહે છે, એવા કંથના ઉપર હું વારી જાઉં છું.

પુત્તેં જાએં કવણુ ગુણુ, અવગુણુ કવણુ મુએણ;
જો બાપીકી ભૂંયડી, ચંપી જઇ અવરેણ.

જો માતૃભુમિ શત્રુઓના પગવડે કચરાય અને તેવા શત્રુઓની સામેં પણ ન થઇ શકે એવો પુત્ર હોય તો પછી એવા દિકરા હોય તેથી લાભ શો અને કદાચ એવા મરે તો તેથી ખોટ શી?

મહુ કન્તહગુટ્ઠિઅહો, કઉ ઝુમ્પડા બલન્તિ;
અહરિઉ રિઉરૂહિરેઉલ્હવઇ, અહ આપણે ન ભાન્તિ.

ગામડામાં મારો વર હોય અને ઝુંપડાં દુશ્મનો આવીને બાળી જાય એ વાત બનેજ નહિ. કારણ તે કાંતો તેને પોતાના લોહીથી ઓલવે ને કાંતો દુશ્મનના લોહીથી. આવીજ જાતના શુરાતનના વિચારો સંવત ૧૫૬૮ માં લખાયેલ વિમળ પ્રબંધમાં મળી આવે છે, અને તેમાંની કેટલીક લીટીઓ તો ઉપર આવી ગઈ તેની તેજ છે.

વિમળ પ્રબંધ.

માપભણે ભડતઈતિમ ભડવું, જ્યમ નવ લાજે મારો કંથ;
વીરજનની મઝ બિરદ ધરાવે જ્યમ વસુધા થાઉં વિખ્યાત.
× × × × ×
નાહાનાહા નિસન ઘર આવશો, કાયર નારી હશે મુજ આગી;
સહિસમાણી હાસા હસશે, હોશે કાયર નારી કલંક.

આવા ઉત્સાહના શબ્દો દઈ લડવા મોકલેલ પુરૂષો યુદ્ધમાં શુરાતન ન દાખવે? જેઓ હારીને પાછા આવ્યા તેમને તેમના ઘેર આવીને સત્કાર (!) મળ્યો તે આવા હતો:—

કાયર કુબુદ્ધિ કરણુત કંતા, પોળે ઉભા પૂછે નીર;
નિર્લજ નિમન જુધ્ધે આવ્યો, કેમ તેં નામ કહાવ્યું વીર.
શુરા પામે મંદિર માળ ભૂતળ, ભલી ભજાવી કંથ;
જો તું મંદિર, કામ કમાવત, તો શુણ્યુ રણ હું જુજણ જાત.

આહા, બાલક, દાસ, દિકરાંતે ઉપર ઘણું ચાલી ઘાઉ:
શમરાંગણ શુરાણ ભડતાં, વદિ તે વિરલા કરી વાહ.

કહે-છે કે જો તમને લડતાં નહોતું આવડતું તો કે મારી કંથ! તમને કોણે લડવા જવાની ફરજ પાડી હતી? તમારે ઘેર રહી રાંધવું, વાસણ ઉટકવાં, પાણી ભરવું, છોકરાં હિંચોળવાં વગેરે ઘરનાં કામ કરવાં હતાં તો તમારે બદલે હું લડવા જાત.

કાન્હડદે પ્રબંધ.

સંવત ૧૨૫૪ માં અણહિલવાડ પડ્યું અને ગુજરાતના પગમાં પરતંત્રતાની બેડીઓ પડી ત્યાર પછીનું સાહિત્ય તે પાંજરામાં પુરેલા મેના પોપટનાં ગીતો છે. વનમાં વિહરતાં પક્ષીઓનો આનંદપૂર્ણ કિલકિલાટ નથી. આ પ્રસંગનું વર્ણન કાન્હડદે પ્રબંધમાં છે. તેમાં એક પ્રસંગ છે તે તેની અદ્ભુતતા–દેશભક્તિની પરાકાષ્ઠા માટે હૃદયમાં સજ્જડ ચોંટી જાય તેવો છે. વિકો સેજવાળ નામનો રજપૂત ઝાલોરગઢની લાલચે ઝાલોરમાં આવવાનો છુપો રસ્તો મુસલમાનોને જણાવે છે. પોતે હરખભેર ઘેર ગયો અને પોતાની સ્ત્રી હીરાદે પાસે વધામણી ખાધી કે " કાલથી હું રાજા ને તું રાણી. " આ દેશદ્રોહની વાત સાંભળતાંજ હીરાદેને ઝાળ લાગી. ક્રોધથી મોં રાતું કરી તે બોલી:—

હીરાદેવિ ભણે ચંડાળ, શું મુખ દેખાડી તું કાલ?
એક ડીલને કારણ આજ, શું ગઢ ભેળાણું લોપી લાજ?
જે નરની છીકરી પ્રતિપાળ દુધ તેહનું પીઈ બિડાલ!
કરી રીસ ઉભી ઘરબારી, ગદિ દલ ચઢતાં દેખી નારી;
'કરીઉ' બોલ હીરાદે ભણીઉ', સેજવાળ ચંડાલુ હણીઉ;
સાસન આણ નાણું, પડિઉ' ધરાતલિ ગયા પરાણ.
અબલા અંગિ એતલિ આવી, હીરાદેવી ગઈ ગઢ માંહિ:
ગહિલ ભણી ગયા પાખરી ઉભી રહી વિનતિ કરી.
'રાઉલ'! ઉધારીઉ વાત સેજવાલે ગઢ કીધું ઘાત.

સેજવાલને હીરાદેવી કહે છે: " અરે ચંડાળ! તું શું મોં લઈને આ દેશદ્રોહની વાત મારી પાસે કરે છે? એક તારા પાપી પંડને ખાતર તેં લાજ શરમ પણ મૂકી દીધી? જેણે તને દુધ ભળાવ્યું તેનુંજ દુધ અરે બિલાડા! તું પીવા તૈયાર થયો છે? એમ બોલીને હીરાદેવી ઘરની બહાર

નિકળી ગઈ. ત્યાં તેમણે મુસલમાનોને કિલ્લાપર ચડતા જોયા. હીરાદેવીનો ક્રોધ ઉછળી આવ્યો. પાસે પડેલું ત્રાંબાનું વાસણ તેણે એવા તો જોરથી સેજવાલને માર્યું કે સેજવાલના પ્રાણ ચાલ્યા ગયા અને તે ધરણીપર ઢળી પડયો. પછી તે સીધી રાજા પાસે ગઈ અને કહ્યું, મહારાજ સેજવાલે દગો દીધો છે અને મુસલમાનો કિલ્લામાં પ્રવેશ કરે છે.

હીરવિજયસૂરીનો રાસ.

ત્યાર પછીના સાહિત્યમાં આ જુસ્સાનો ગુણ સ્ત્રીઓમાં માલુમ પડતો નથી. ધાર્મિક વિષયમાં એકાદ બે ઠેકાણે આપણને તેનાં દર્શન થાય છે. સંવત ૧૬૮૫ માં ખંભાતના શ્રાવક કવિ રૂપભદાસે લખેલ હીરવિજયસૂરિનો રાસ છે. એ પુસ્તકમાં એક શ્રાવિકાની વાત છે. હીરવિજયસૂરી ૧૬૩૦ માં બોરસદમાં હતા ત્યારે જગમાલ નામના એક સાધુએ તેમને હેરાન કરવાનો પ્રયત્ન કર્યો હતો તે સમયની હકીકત છે. જગમાલ ઋષિ અપાશરામાં આવ્યા ત્યારે

> એક શ્રાવિકા રોષે ભરી, માર્યો ઉલાળો મસ્તક ફરી:
> માહરો ગુરૂ ગુણસાગર જેહ, તેહને દુઃખ પમાડે એહ.
> ૪સ્યું ઢકી પધાર્યો ત્યાંહિ માર્યો ઉલાળો શિરમાંહિ:
> ફાટું મસ્તક લોહી નીકળે, જગમાલ તવ ઝાઝું મન બળે:

આપણે ઇંગ્લાંડનો ઇતિહાસ શિખતાં નિશાળમાં વાંચી ગયા છીએ. જેની ગેડીસ નામની એક સ્કોટલાંડની સ્ત્રીએ આર્કબીશપ લોર્ડને પોતાની ધાર્મિક માન્યતા વિરૂદ્ધની પ્રાર્થનાપોથી દેવળમાં વાંચવા માટે પોતે બેઠી હતી તે સ્ટુલ માર્યું હતું. આ વાત ઇંગ્લાંડના દરેક ઇતિહાસ ગ્રંથમાં હોય છે અને તે આપણે ગોખવી પડે છે. પણ આવોજ દાખલો આપણા ગુજરાતમાં બન્યો તેની આપણામાંના ઘણાકને ખબર પણ નહિ હોય.

મીરાંબાઈ.

બીજો દાખલો મીરાંબાઈ. ધાર્મિક માન્યતા માટે તેણે સંસારની પરવા ન રાખી અને જ્યારે રાણાજીએ કહાવ્યું કે "સાધુ સંગત તમે છોડી દીઓ." ત્યારે પોતે કહાવ્યું કે "રાજપાટ તમે છોડી દીઓ."

નરસિંહ મહેતો.

નરસિંહ અને મીરાંથી અર્વાચીન ગુજરાતી સાહિત્યની શરૂઆત થઈ. નરસિંહે પણ પોતાની સ્ત્રી મરી ગઈ ત્યારે ગાયું: "ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ." આ ભક્તરાજને લગ્ન એ ભજનમાં ભંગ પાડનાર લાગતું હતું અને તેથી તેમણે આ હૃદયના ઉદ્ગાર કાઢ્યા છે,

સોળમી સદીનું નારીજીવન.

લાવણ્ય સમયગણીએ સંવત ૧૫૬૮ માં લખેલ વિમળ પ્રબંધમાં લગ્ન, સીમંત, વગેરે બાબતોનું જે વર્ણન કર્યું છે તે અત્યારની સ્થિતિની સાથે સરખાવવા જેવું છે. ચારસો વરસમાં આપણા સામાજીક જીવનમાં બહુજ ઓછો ફેર પડયો છે એવું આ વાંચતાં લાગે છે.

લગ્ન સમયે સ્ત્રીના સામુદ્રિક લક્ષણ જોવાનો રીવાજ હતો. સ્ત્રીઓની ચોસઠ કળાઓનું વર્ણન કવિએ કર્યું છે તે ઉપરથી ઉચ્ચ કુટુમ્બોમાં આ સર્વ નહિ તો પણ કેટલીક ઉપયોગી કળાઓનું જ્ઞાન આવશ્યક મનાતું હશે એમ લાગે છે. સ્ત્રીઓને જાણવાની કળાઓમાં કવિ નીચેની પણ ગણાવે છે:—દેવ ડાકણ ને અહજીડ સમજી જાણે, ભૂત પ્રેતને દૂર કરી જાણે, ડાબે હાથે દોર દોહી જાણે, ગોળીમાં ગોરસ વલોવી જાણે, વાજીંત્ર વગાડી જાણે, મેઘ વૃષ્ટિના મર્મ જાણે, ઝાડ રોપી જાણે, શુકન શાસ્ત્ર જાણે, મધુરી રસોઈ કરી જાણે, સુગંધીવાળાં તેલ બનાવી જાણે, પાસાબાજી સારી રીતે રમી જાણે, ગરબે ખુંદી જાણે, ભોજન વિધિ જાણે, આંખના ઈશારા સમજી શકે, ઘર માંડી જાણે, ચોટલો અને ફુલના શણગાર ગુંથી જાણે, ઘણી કહેવત જાણે, તરત જવાબ દઈ જાણે, બાળકને કેળવી જાણે, તેને ચાલતાં શીખવી જાણે, સોના વગેરેની કસોટી કરી જાણે, વગેરે વગેરે. તે શિવાય લીલાવતી ગણિત, વ્યાકરણ, પંચમહાકાવ્ય અને ૨૬ લિપિ જાણવાની પણ આવશ્યકતા કવિએ દર્શાવી છે.

શીમન્તની નાત જમાડવાનો તે સમયે રીવાજ હતો એમ નીચેની લીટીઓ પરથી લાગે છે:—

પુત્ર તાણું આવીયું આધાન, છઠ્ઠઈ માસિ કારઉ પકવાન,
જ્ઞાસ કપમણુ યમાડિયું બહુ, ગાવિ રંગ વધારિ સહુ.

લગ્નના રીત રીવાજ આજથી ચાર સદી પહેલાં લગભગ હાલના જેવાજ હતા. તે સમયે સામા મામેરૂં કરતા. વહેવાઈ જાનનું સામૈયું કરતા અને લગ્નના માયરામાં કન્યાને પધરાવતા તે વખતનું વર્ણન કરતાં કવિ કહે છે કે:—કુંવરીને સ્નાન કરાવીને શણગારી. પહેલાં નેત્ર, આંજ્યાં ને પાનેતર-પટોળું પહેરાવ્યું. લાંબી વેણીને ગોફણો લહેકી રહ્યો. રૂડા રંગની રાખડી બાંધી. માએ હોંશથી માથે સિંદુરીઓ સેંથો પુર્યો. કપાળે ટીલડી દીપી રહી છે. કાને સોનાની ઝાલ ઝબુકે છે; વળી માદળીયાં, વળેલો વેઢ પહેર્યો છે. કંચુકી સારી રીતે કસીને બાંધે છે, હાથે ચુડી ને કંકણુ ખળકે છે, માથે બાવન ચંદન અર્ચ્યું છે, ઝાંઝર રમઝમ કરી રહ્યાં છે.

(અપૂર્ણ)

બ્હેનોને ખાસ વધામણી.

માણસાવાળાં ગંગાબાઇ સ્ત્રીઓના દરદના ખાસ ચિકીત્સકની બત્રીસ વર્ષની જૂની અનુભવસિદ્ધ દવા.

સંતાન પ્રાપ્તિની ગર્ભજીવન અપૂર્વ ઓષધી.

ગર્ભજીવનના સેવનથી ઘણે ઘેર ઘોડીયાં બંધાયાં છે.

ગર્ભજીવનના સેવનથી સેંકડો બ્હેનો ગર્ભાશયના રોગથી મુક્ત થઈ છે.

ગર્ભજીવન—આ દવાથી બંધ થએલો ઋતુ શરૂ થાય છે, અનિયમીત હોય તો નિયમીત થાય છે, પુખ્ત ઉમર થયા છતાં ઋતુ ન આવતું હોય તો આવે છે, ઋતુ વખતે થતી પીડા મટે છે. જોઇએ તે કરતાં વિશેષ ઋતુ લોહીવા, ધોળું તથા લાલ પ્રદરનું વહેતું બંધ થાય છે. કમળ સ્થાનથી ખસેલું ઠેકાણે આવે છે. પેશાબે બળતરા, કમરનું ફાટવું, બેચેની, ઝાડાની કબજીયાત, ઝીણો તાવ, સોજા, હીસ્ટીરીઆ વિ. નાબુદ થઈ ગર્ભધારણ થાય છે. કિં. રૂા. ત્રણ ૩-૦-૦

ગર્ભ રક્ષક—આ દવાથી રતવા મટે છે. છોડ પાલવી ગર્ભ સજીવન થાય છે. કસુવાવડ, પ્રસુતજ્વર વિ. ગર્ભવતીને થતા તમામ રોગ મટી પુરા માસે તંદુરસ્ત બાળક જન્મે છે. કિં. રૂા. ૪ ચાર.

દવા મંગાવનારે—દરદની તથા શરીરની પુરી હકીકત લખવી. ઋતુ કેટલા દિવસે આવે છે, કેટલો વખત રહેછે, છુટથી આવે છે, પીડા થાય છે, પ્રદરનો રોગ છે. છેલ્લું બાળક ક્યારે જન્મેલું, મરી ગયું હોય તો શું બીમારીથી, શરીરે મેદ છે, ઝાડની કબજીયાત છે, શરીરમાં ઝીણો તાવ રહે છે વિ. ખુલાસા જણાવવા ભલામણછે.

દર્દની હકીકત સાથે લખો રૂબરૂ કેસ તપાસીને પણ દવા આપવામાં આવેછે.

પુષ્કળ સજલા અભિપ્રાયોમાંથી થોડા વાંચો.

મુંબઈ, ૨૬-૧-૨૪.

જણાવતાં આનંદ થાય છે કે આપની દવાના પ્રતાપથી થોડા દિવસમ તુરતજ મારે સાં ગર્ભ રહ્યો હતો, જે છોકરી અત્યારે વરસ દોઢની) છે.

ઠાકોર ગગજી ટોકર

કરાંચી, તા. ૨૧-૧-૨૪

જણાવવાને ખુશી છું કે મારે ત્યા બચીનો જન્મ થયો છે. હાલમાં ખુદાની મહેરથી અને તમારી દવાથી ૪ મહીનાની થઈ છે. તેની ખુશાલીમાં તમોને એક સોનાની વીટીબેટ મોકલીછે.

બહેન દીનબાઇ કાવસજી મીનવાલા

કલકત્તા, ૨૭-૬ આરમીઅમ સ્ટ્રીટ, તા. ૧૪-૧૨-૨૩.

અમારે ઘેર પુત્ર જન્મ્યો છે. છબી પડાવીને મોકલીશું.

કાળીદાસ ત્રીકમ.

વડોદરા, સોનીપોળ, તા. ૧-૨-૨૪

મારી સ્ત્રીને દવા આપેલી તેમાં મારો કેસ આપની કૃપાથી ફત્તેહમંદ નિવડ્યો છે. જેની આશા નહિ રાખેલી તેની આશા પારપૂણ થઇ છે.

પંડયા અંબાલાલ ભગવાનજી.

ગંગાબાઇ પ્રાણશંકર,
ગર્ભજીવન ઔષધાલય,
મુઃ માણસા. (ડી. મહીકાંઠા.

"સ્ત્રીબોધ"ના બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] અકટોબર, ૧૯૨૪. [અંક ૧૦ મો.

સવૈયા.

એક સમે જંગલમાંહિથી જતો હતો ભીષણ* વનરાજ,
શિકાર કેરી શોધ મહિં તે ઘૂમ્યો ઠીક હતો સવાર સાંજ;
દૈવયોગથી એમ બન્યું જે શિકારીએ ત્યાં પાથરી જાળ,
હતો સિંહ બળવાન બહુ પણ, આખર સપડાયો તે માંહ્ય. ૧

યત્ન અનેક કર્યા એણે આ મૃત્યુમુખમાંથી છૂટવા,
પણ ફાવ્યો નહિ એકે રસ્તે, યત્નો સર્વે વિફલ હવા;
દેવદૂત શો દરમાંહિથી આવ્યો ઉંદર નાનો એક,
તીક્ષ્ણ દાંત પોતાના નાના તોપણ કરડયાં દોરજ છેક. ૨

એકે એકે દોર જાળનાં, ફૂટાં પડી ચાલ્યાં જયાં સહુ,
તત્ક્ષણ છૂટયો સિંહ જાળથી, ભીષણ ગર્જના કરતો બહુ;
સમજુ આથી સાર એહે કે, "ગરીબને ધિક્કારો નહિ,
સમય સાધવા બળીયા જન પણ મદદ માગતા દુર્બળની." ૩

રમણલાલ મગનલાલ દલાલ.

* ભયાનક.

અફિણની ઉત્પત્તિ.

ગંગાને કિનારે એક ઋષિ રહેતા હતા. તેની ઝુંપડી જંગલમાં હતી. તે ત્યાં એકાન્તમાં રહીને ભગવાનની ભક્તિ કરતા હતા. તેની ઝુંપડીમાં તેની સાથે એક ઉંદર રહેતો હતો. તેની ઉપર તેને બહુજ પ્યાર હતો. એટલે તેને તેણે માણસોની બોલી બોલતાં શીખવી હતી.

એક દિવસે ઉંદરે ઋષિને કહ્યું, "મહારાજ, હું તમારી ઝુંપડીમાં હવે નહિ રહું. અહીં એક બિલાડી આવે છે એટલે હું મારા દરમાંથી નીકળી શકતો નથી. જો આપ મને કૃપા કરીને બિલાડી બનાવી દો, તો મને તેની બીક લાગે નહિ." ઋષિએ તે ઉંદર ઉપર થોડું ગંગાજળ છાંટ્યું કે તરતજ તે બિલાડી બની ગયો.

બિલાડી થતાં તે ઉંદર બહુજ રાજી થયો અને રાત દિવસ તે ઝુંપડીમાં આનંદથી દિવસો ગાળવા લાગ્યો. પરંતુ એક દિવસ તેણે એક કુતરાને જોયો ત્યાં તેના હોશકોશ ઉડી ગયા, અને તેના પ્રાણ તેણે મહા મુશકેલીથી બચાવ્યા. પછી ઋષિની પાસે આવીને તેણે પોતાના દુઃખની વાત કરી અને પ્રાર્થના કરી કે "મહારાજ, આપ મને એક બળવાન કુતરો બનાવી દ્યો." ઋષિને તેની ઉપર બહુજ પ્રેમ હતો તેથી તેણે તેને કુતરો બનાવી દીધો.

કુતરો બન્યા પછી તે ઉંદર ઝુંપડીની આસપાસ ફરવા લાગ્યો. પણ તેનું પેટ ભરાતું નહિ. જ્યારે તેણે વાંદરાને ઝાડો પર કુદતા જોયા ત્યારે તેના મનને એમ થયું કે જો હું વાંદરો હઉં તો કેવું સારૂં! છેવટે તેણે એક દિવસ ઋષિને વાંદરો બનાવી દેવાનું કહ્યું. ઋષિએ તરતજ તેને વાંદરો બનાવી દીધો.

વાંદરો બન્યા પછી તે ઉંદર થોડા દિવસ આનંદમાં રહ્યો. પણ ગરમીનો વખત આવ્યો એટલે ફળ ફૂલ અને પાણીની ખેંચ પડવા લાગી. તે વખતે સુવરોને બહુજ સુખ હતું. તે જોઈને તેને પણ સુવર બનવાની ઇચ્છા થઈ. તેણે એક દિવસે પોતાના દુઃખની વાત કરી અને સુવર બનવાની ઇચ્છા ઋષિને જણાવી. ઋષિએ તેને સુવર બનાવી દીધો. સુવર બનીને તે જંગલમાં ફરતો હતો અને ઘાસ વગેરેને જડમૂળમાંથી ઉખેડી ઉખેડીને ખાતો એ હતો. રીતે તે પોતાના દિવસો સુખમાં વિતાડતો હતો.

એક દિવસ પાસેનો રાજા હાથી ઉપર સવારી કરીને સુવરોનો શિકાર કરવા આવ્યો. તે એક સુવરના ટોળાને ઘેરીને તેની પાછળ પડયો. તેમાં આ સુવર પણ સપડાયો હતો. રાજાના હાથમાંથી તે માંડમાંડ બચ્યો અને ઋષિની ઝુંપડીની પાછળ સંતાઈને ઉભો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે સુવર બનવામાં તો ઘણુંજ જોખમ છે. પણ જો હું હાથી હોઉં તો કેવું સારૂં! રાજા મારી ઉપર સવારી કરે અને હું કેવા ઠાઠમાઠથી રહું! પછી તેણે ઋષિ પાસે જઈને શિકારની બધી વાત કહી અને હાથી બનવાની ઇચ્છા જણાવી. દયાળુ ઋષિએ તેને તરતજ હાથી બનાવી દીધો.

હાથી બનીને તે જંગલમાં આનંદથી તેમ ફરવા લાગ્યો. શિકાર ખોળતાં એક વખત રાજાની તેના ઉપર નજર પડી, અને રાજાએ તેને પકડવાની આજ્ઞા કરી. તે તો ચાહતોજ હતો તેથી પકડાઈ ગયો. પછી મહાવતોએ તેને સ્વારીને યોગ્ય બનાવ્યો. પછી એક દિવસ રાણી અને રાજા તેની ઉપર સવાર થઈને ગંગા સ્નાન કરવા નીકળ્યાં. પણ રસ્તામાં હાથીએ તોફાન કરી તેને નીચે પાડી દીધાં. તેને લાગ્યું કે મારી ઉપર સ્ત્રી કેમ બેસે? જ્યારે રાજા અને રાણી પડી ગયાં, ત્યારે રાજાએ ઉઠીને રાણીની ઘણી સંભાળ લેવા માંડી. તેનાં કપડાં ઉપરથી ધૂળ

ખંખેરી નાખી તથા તેની ઉપર બહુજ પ્યાર દર્શાવી રાજા વારંવાર પુછવા લાગ્યા કે ક્યાંય વાગ્યું તો નથી ને ? રાણીની આટલી ખરદાસ થતી જોઈ તે ઉંદરને રાણી બનવાનું મન થયું. આથી તે જંગલમાં ભાગી ગયો અને ઋષિની પાસે જઈ તેણે પોતાની ઇચ્છા જણાવી. અને કહ્યું કે " મહારાજ, મને રાજાની રાણી બનાવી દો. મારી આ છેલ્લી પ્રાર્થના છે. હવે હું કોઈ દિવસ તમને તસ્દી આપવા નહિ આવું."

ઋષિએ કહ્યું, "રાણી બનાવવાનું મારા હાથમાં નથી. હા, હું તને એક સુન્દર કન્યા જરૂર બનાવી દઉં. અને પછી તું તારી બુદ્ધિ અને બળથી કોઇ રાજપુત્ર સાથે વિવાહ કરી લેજે." એમ કહીને ઋષિએ તેને એક અપ્સરાના જેવી સ્વરૂપવાળી કન્યા બનાવી દીધી. અને તે ઋષિની ઝુંપડીમાં રહી તેની સેવા ચાકરી કરવા લાગી.

એક દિવસ ઋષિ તેની ઝુંપડીમાં ન હતા અને પાસેનો રાજા શિકાર કરવાને આવ્યો. તે પાણી પીવાને માટે ઋષિના આશ્રમમાં આવ્યો. ત્યાં તેણે અપ્સરાથી પણ વધારે સુન્દર એવી એ કન્યા જોઈ તેને બહુજ આશ્ચર્ય થયું. તે કન્યાએ રાજાનો બહુજ આદરથી સત્કાર કર્યો. તેના આદરથી રાજા ખુશી થઈને તેને સમાચાર પુછવા લાગ્યો. કન્યાએ કહ્યું કે "હું રાજકન્યા છું, અને દુઃખને લીધે ઋષિના આશ્રમમાં રહું છું." રાજાએ કહ્યું કે, "હું આ દેશનો રાજા છું. તું રાજમહેલમાં રહેવાને યોગ્ય છે. તારી ઈચ્છા હોય તો હું તને મારી રાણી બનાવી દઉં." આ તો ચાહતીજ હતી એટલે તેણે તરત રાજી થઇને હા પાડી. ઋષિએ તેમનાં લગ્ન કરી આપ્યાં અને રાજા તેને પોતાની રાજધાનીમાં લઈ આવ્યો.

રાજાએ તેની નવી રાણીની બહુ ખાતરી કરવા માંડી. થોડી મુદ્દતમાં તો તે પોતાની જુની રાણીઓના તરફ બેદરકાર થઈ ગયો. પણ કમનશીબે તેની આ નવી રાણી બહુ જીવી નહિ.

એક દિવસ તે કુવા પાસે ઉભી હતી તેવામાં અચાનક કુવામાં પડી ગઇ અને ડૂબીને મરી ગઈ.આ બનાવથી રાજાને બહુજ ખરાબ લાગ્યું અને તે પોક મૂકીને રડવા લાગ્યો. થોડી વારમાં તે ઋષિ રાજાની સામે આવીને ઉભા રહ્યા અને તેણે રાજાને સમજાવીને શાંત કર્યા.

ઋષિએ રાજાને તેની નવી રાણીની ઉત્પત્તિની બધી વાત કહી અને કહ્યું કે હું પણ આ રાણીરૂપે રહેલા ઉંદરને બહુજ ચાહતો હતો તેથી હું ઈચ્છું છું કે એનું નામ આ સંસારમાં અમર રહે એવું આપણે કરીએ. મારા આશીર્વાદથી આ કુવામાં એ બાઈના શબમાંથી એક ઝાડ ઉગશે અને તે જગતમાં ઘણું પ્રખ્યાત થશે. તમે આ કુવો માટીથી પુરાવી દો એટલે તેમાંથી અફીણ નીમજશે. એ અફીણ દવા તરીકે ઉપયોગી નીવડશે; પણ લોકો વ્યસન કરીને શોખથી જો તેને પીશે તો આ ઉંદરના જે જે અવતારો થયા તેના જેવાં તેનાં લક્ષણો થશે. એટલે કે અફીણ પીનારાઓ ઉંદરના જેવા ક્ષુદ્ર, બિલાડી જેવા દુધભોગી, કુતરાના જેવા તકરારી, વાંદરાના જેવા ગંદા, સુવરના જેવા તીખા, હાથીના જેવા મદભર્યા, અને રાણીના જેવા અભિમાની થશે.

એમ કહી ઋષિ ચાલ્યા ગયા. પછી રાજાએ તે કુવામાં માટી પુરાવી એટલે તેમાંથી અફીણનો છોડ ઉત્પન્ન થયો. એ રીતે અફીણની ઉત્પત્તિ થઈ.*

બહેન કાશી દેવચંદ રામજી.

---

* હદી ઉપરથી.

બાળકો માટે—
રામાયણની વાતો

૧૯—હનુમાનનું પરાક્રમ.

હનુમાન વગેરે વાનરો રામને પ્રણામ કરી સીતાની શોધમાં ચાલી નીકળ્યા. તેઓ દક્ષિણ દિશા તરફનાં વન, પહાડો, ગુફાઓ વગેરે શોધતા શોધતા આગળ વધવા લાગ્યા. જતાં જતાં એક મોટું વન આવ્યું. તે વન તદ્દન ઉજડ હતું. ઝાડપાનનું તેમાં નામ નિશાને ન હતું. આથી ભૂખના દુઃખથી બધા વાનરો અકળાવા લાગ્યા. અધુરામાં પૂરૂં એક મોટો પહાડ જેવો રાક્ષસ મોઢું પહોળું કરી તેમને ખાઇ જવા માટે આવ્યો. અંગદે તેને જોયો. તે ખાઈ જાય તે પહેલાં ક્રોધથી અંગદે તેને પગ પકડી જમીન પર પટક્યો. રાક્ષસને જમીન પર પટકતાંની સાથેજ એક વિચિત્ર દેખાવ નજરે પડયો! આ બનાવથી સઘળા નવાઇ પામી તેનું કારણ પૂછવા લાગ્યા. આ ઉપરથી તે રાક્ષસે કહ્યું, કે " હું આ વનની અંદર રહેનારા દંડી ઋષિનો પુત્ર છું. હું આ વનમાં એક વખત રમતો હતો ત્યારે એક વનદેવી આવી મને ગળી ગઇ હતી. આ વાતની મારા પિતાને જાણ થતાં તેમણે આખું વન બળી જવાનો શાપ દીધો. તે વખતથી આ વન બળી ખાખ થઇ ગયું છે અને હું બ્રહ્મરાક્ષસ બની તેની અંદર ભટકયા કરૂં છું. આજે તમારા હાથથી મારો ઉદ્ધાર થયો છે. " એમ કહી વાનરોને પગે લાગી તે પોતાને માર્ગે ગયો. પછી હનુમાન વગેરે ભૂખથી આકુળવ્યાકુળ થતા આગળ ચાલ્યા. એવામાં એક મોટી ગુફા આવી. તેમાંથી પંખી આવતાં જતાં તેમણે જોયાં. તે ઉપરથી તેમણે ધાર્યું કે આ ગુફાની અંદર વસ્તી હોવી જોઇએ,

અને તેમ નહિ હોય તો તેમાં ઝાડપાન વગેરે તો હશે જ હશે. આમ ધારી તેઓ સઘળા ગુફામાં પેઠા. આગળ હનુમાન અને તેની પાછળ બીજા વાનરો ચાલ્યા જાય છે. જતાં જતાં હનુમાન સિવાયના બધા વાનરો બેહોશ થઇ ગયા. તેથી હનુમાન તેમને બધાને પોતાને પૂંછડે બાંધી આગળ ચાલવા લાગ્યા. ગુફા અંધારી ઘોર હતી. ક્યાંએથી પવન કે પ્રકાશ આવતો ન હતો. એવામાં ઓચીંતું અજવાળું જણાયું અને પવન આવવા લાગ્યો. હનુમાને સચેત થઈ જોયું તો એક મોટો મહેલ તેમની નજરે પડ્યો. આ મહેલ તરફ જેમ જેમ તે જવા લાગ્યા તેમ તેમ અજવાળું અને હવા વધારે ને વધારે તેમના શરીરને સ્પર્શ કરવા લાગ્યાં. આથી બેહોશ થઇ ગયેલા સઘળા વાનરોમાં ચેતન આવ્યું અને બધા ઉઠીને હનુમાનજીની પાછળ પાછળ ચાલવા લાગ્યા. સઘળા મહેલ પાસે જઈ પહોંચ્યા. તેની રચના જોઈ બધા બહુજ વિસ્મય પામ્યા. વનની અંદરની આવી એક ગુફામાં આવો અનુપમ મહેલ કોણે બાંધ્યો હશે એવો સઘળા વિચાર કરતા હતા તેવામાં એક સ્ત્રી તેમની સામે આવી ઉભી રહી. આવા એકાન્ત સ્થળમાં એક સ્ત્રીને જોઈને વળી તેમને વધારે નવાઈ લાગી અને બધા તેની અને મહેલ વિષેની હકીકત આતુરતાથી તેને પૂછવા લાગ્યા. તે સ્ત્રીએ જવાબમાં જણાવ્યું કે, "મયાસુર નામનો એક પ્રબળ રાક્ષસ હતો. તેણે બહુ ભારે તપ કર્યું. તેના તપના બળથી બ્રહ્મા આવ્યા. અસુરે બ્રહ્માને વરદાન આપવાની માગણી કરી. બ્રહ્માએ જણાવ્યું કે હજી તારૂં તપ અધુરૂં છે તો આ ગુફાની અંદર હું તને એક મહેલ અને જળાશય બનાવી આપું છું ત્યાં રહી અધુરૂં રહેલું તપ પૂરૂં કર. પણ એટલું યાદ રાખજે, કે જો આ ગુફાની બહાર નીકળીશ તો તારૂં મોત થશે. આ પ્રમાણે આ મહેલ તે અસુરને રહેવાને બ્રહ્માએ બનાવરાવ્યો છે. પછી અસુર તેમાં રહી તપ કરવા લાગ્યો. તપ કરતાં કરતાં તેને વિચાર થયો, કે બ્રહ્માએ તો મને વરદાન

આપવાને બદલે શાપ આપવા જેવું કર્યું. કારણ ગુફાની બહાર તો મારાથી જવાશે નહિ. આ વિચારથી તેને ક્રોધ વાપ્યો અને બધા દેવોને દુઃખ થાય એવા મેલા જાપ જપવા લાગ્યો. તે મેલા જાપથી ઇંદ્રને ડર લાગ્યો. તેથી તે બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ એક અનુપમ કન્યા ઉત્પન્ન કરી ઇંદ્ર સાથે મોકલી. ઇંદ્ર તેને લઇને આ ગુફામાં આવ્યા. એ કન્યાને જોઇને રાક્ષસ મોહ પામ્યો અને સઘળું ભાન ભૂલી ગયો. તેણે તે કન્યાને પરણવાની માગણી કરી. કન્યાએ કહ્યું કે ગુફાની બહાર ચાલો. ત્યાં તમારી સાથે લગ્ન કરીશ. રાક્ષસ ગુફાની બહાર આવ્યો અને ઇંદ્રે તેને વજ્ર મારીને મારી નાંખ્યો. પછી તે કન્યાની સાથે મને મૂકીને ઇંદ્ર સ્વર્ગમાં ગયા. હું દેવકન્યા છું. કેટલાક સમય પછી મને અહીં મૂકીને તે કન્યા પોતાને સ્થાનકે ચાલી ગઈ. જતી વખતે તે મને કહેતી ગઈ છે, કે રામચંદ્રજી ફરતા ફરતા આ વનમાં આવશે ત્યારે તેમનાં દર્શનથી તારી મુક્તિ થશે. આટલા માટે રામચંદ્રજીનું ધ્યાન ધરતી હું અહીં રહું છું." સ્ત્રીની આ હકીકત સાંભળી વાનરો ઘણા રાજી થયા અને પોતે રામચંદ્રજીના સેવકો છે એમ જણાવ્યું. આ પરથી તે સ્ત્રીએ તેમની આગતાસ્વાગતા કરી. ભૂખના દુઃખથી ગભરાયેલા સઘળા વાનરો ખાઇપીને સંતોષ પામ્યા. પછી પોતે જે કામે નીકળ્યા હતા તે હકીકત તે બાઈને જણાવીને પોતાના માર્ગે ચાલ્યા. ચાલતાં ચાલતાં તેઓ સઘળા છેક દક્ષિણમાં દરિયા કિનારે આવીને ઉભા રહ્યા.

પોતાની આંખની સામે મહા વિશાળ એવા મહાસાગરને, જોતાં જ હનુમાન વગેરે ભારે ચિંતામાં પડયા. તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, ભાઇઓ! સઘળાં સ્થળો ખોળી વળ્યા, પણ સીતાની ક્યાંએ ભાળ લાગી નહિ. હવે તો ધરતીનો છેડો આવી ગયો. સીતાને શોધ્યા વિના પાછા જવું એ પણ આપણે માટે ઘણું શરમભરેલું છે. તો હવે આપણે શું કરીશું? હનુમાને જાંબુવાનને કહ્યું કે, અમારી મતિ તો હવે મુંઝાઈ ગઈ છે. અમને

કંઈ જ સૂઝતું નથી. તમે વૃદ્ધ અને અનુભવી છો તો તમને જો કંઇ રસ્તો સૂઝતો હોય તો તે બતાવો. આ વાતચીત કરે છે એવામાં જટાયુનો ભાઈ સંપાતી ત્યાં આવી પહોંચ્યો. તેણે બધી હકીકત જાણી લીધી, પછી કહ્યું, કે "તમે ગભરાશો નહિ. સીતા હયાત છે. આ સમુદ્રને સામે કિનારે લંકા નામની નગરી છે. ત્યાંનો રાક્ષસ રાજા રાવણ મહા બળવાન છે. તે સીતાને ઉપાડી ગયો છે. અત્યારે સીતા અશોકવાડીમાં રહે છે. જે આ સમુદ્રને સામે પાર જઇ શકશે તે સીતાનો પત્તો મેળવી શકશે." આટલી ભાળ આપી સંપાતી ચાલતો થયો.

હવે સમુદ્રની પાર શી રીતે જવું તેનો બધા મળી વિચાર કરવા લાગ્યા. સમુદ્રને જોઈ તેને પાર જવાની કોઈની પણ હિંમત ચાલી નહિ. બધા ચુપ થઈ ગયા. એવામાં અંગદ બોલી ઉઠયો કે, "હું સમુદ્રની સામે પાર જવાની શક્તિ ધરાવું છું; પણ તે પછી પાછા આવવા જેટલું બળ મારામાં રહેશે નહિ." જાય અને કોઇપણ જાતની ખબર લઇ પાછો આવે નહિ તે તો નકામું થઈ પડે. આથી હનુમાને જાંબુવાનને પૂછયું, કે "તમે કંઈ કરી શકો કે રસ્તો બતાવી શકો તેમ છો?"

જાંબુવાને ઉત્તરમાં જણાવ્યું કે, "ભાઈ! હું હવે ઘરડો થઇ ગયો છું. પહેલાંના જેવું બળ હવે મારા શરીરમાં રહ્યું નથી. જુવાનીમાં મારામાં ઘણું જોર હતું. તે બળ ઘડપણમાંયે આટલું બધું ઘટી જાય તેમ ન હતું. પણ એક વખત હું મેરૂ પર્વત ઉપર ગયો હતો. ત્યાંથી સૂર્યનો રથ જતો જોઇ તેને ઝાલવાનો વિચાર થયો અને મેં તલપ મારી. તલપ મારતાં જ તે રથના ચક્રની પગમાં ઝપટ વાગી તે દિવસથી કુદવા માટેનું મારામાં જોમ રહ્યું નથી. પણ હે હનુમાન! તમારામાં એટલું બધું જોમ છે, કે તમે આ સમુદ્ર ઓળંગી જશો અને સીતાની શોધ લઇ પાછા સુખરૂપ અહીં આવી પહોંચશો. રામની તમારા પર અથાગ કૃપા છે. તેમના આશીર્વાદથી પણ તમે સમુદ્ર ઓળંગવાના કામમાં સફળ થશો.માટે કમર કસી તૈયાર થઇ જાઓ."

જાંબુવાનનું બોલવું સાંભળી એક વાનર બોલી ઉઠયો: "હનુમાન બહુ બળવાન છે એ વાત ખરી; પણ તેમનામાં જો સમુદ્રને કુદી જવા જેટલું જોર હોત તો આપણો રાજા સુગ્રીવ વાલીના ત્રાસથી એટલો બધો દુ:ખી થાત જ નહિ." આના વળતા જવાબમાં જાંબુવાને જણાવ્યું, કે "હનુમાનમાં તમે ધારો છો તે કરતાં પણ અથાગ બળ રહેલું છે. એ મહા પરાક્રમી છતાં સુગ્રીવ કેમ દુ:ખી બન્યા એ વાત તમે જાણતા નથી તેથી જ તમને એવો સંદેહ થવા પામ્યો છે. જ્યારે હનુમાન નાના હતા ત્યારે ઘણી બાળચેષ્ટા કરતા અને તેમ કરવામાં વનના ઘણા ઋષિયોના આશ્રમે જઈ તેમનાં તુંબીપાત્ર ફોડી નાખતા અને વનફળ ફાડી નાખતા. મુનિઓ તેમની આવી રમતથી દુ:ખી થતા; પણ અણસમજુ બાળક જાણી તેમને શાપ દેતા નહિ. જ્યારે તે બહુ જ કાયર થયા ત્યારે તેમણે એવો શાપ દીધો કે જે વરદાન રૂપ થઈ પડે. તેમણે બહુ કાયર થઇને કહ્યું, કે "હે હનુમાન! તું રઘુપતિ રામચંદ્રનો સેવક બની રહેશે અને જ્યાં સુધી તને તેમનાં દર્શન ન થાય ત્યાંસુધી તારૂં બળ કોઇપણ શત્રુને હણવાના કામમાં લાગશે નહિ. રામનાં દર્શન પછી જ તારામાં અપાર બળ પેદા થશે". આ શાપને લીધે જ તે વાલીને હણી કે હરાવી શકેલ નહિ. બાકી તેમનામાં કેટલું સામર્થ્ય છે તે હું તમને કહી બતાવું છું.

"જ્યારે હનુમાન છેક જ બાળક હતા અને તેમને ઘણી જ ભૂખ લાગી હતી ત્યારે તે સૂર્યને ફળ જાણી તે લેવાને આકાશમાં ઉડયા હતા. આમ એક છલંગની સાથે જે નાનપણમાં સૂર્ય પાસે પહોંચવાની શક્તિ ધરાવતા હતા તેનામાં આટલી ઉંમરે કેટલું જોમ હશે તેનો તમે જ વિચાર કરો. વળી રામની પણ તેમના ઉપર પૂરી કૃપા છે એટલે તે ધારે તો એક છલંગની સાથે સમુદ્રની પાર જઇ શકે એ નક્કી છે." આ પ્રમાણે જાંબુવાનને મોઢે હનુમાનના પરાક્રમની વાત સાંભળતાં જ સઘળા

આવી ગયું. તેમનું શરીર પ્રચંડ બની ગયું અને તે સમુદ્ર ઓળંગવાને તૈયાર થઈ ગયા. પછી તે બધાને કહેવા લાગ્યા, કે "જુઓ ભાઇઓ! રામની કૃપા અને વૃદ્ધ જાંબુવાનના આશીર્વાદથી હું સમુદ્ર ઓળંગવાને તૈયાર થયો છું. પણ હું ત્યાં જઈને આવું ત્યાંસુધી આ જગા છોડી તમે ક્યાંએ જતા નાં. તમે મારી કોઈ વાતની ફિકર કરશો નહિ. હું રામની કૃપાથી સઘળી અડચણો દૂર કરી સીતાજીની શોધ લઇને જેમ બનશે તેમ વહેલો પાછો આવી પહોંચીશ. તમે સૌ ત્યાંસુધી ધીરજ રાખીને અહીં જ રહેજો." આમ બોલી એક મોટી ગર્જના કરતા તે પાસે આવેલા એક પર્વતની ટોચ ઉપર ચઢી ગયા. આ પર્વતની ટોચ ઉપરથી તે કેવી રીતે સમુદ્ર ઓળંગે છે અને તે પછી લંકામાં જઈ સીતાની કેવી રીતે ભાળ મેળવે છે એ હકીકત આપણે આવતી વાતમાં જાણીશું.

નવીન પુસ્તકો.

૦-૧૨ સીતા—દ્વિજેન્દ્રલાલ રૉય કૃત સ્ત્રીઓને આદર્શરૂપ નાટક.

૧-૧૨ ઉગતી જુવાની—પ્રો. બલવંતરાય ક. ઠાકોર કૃત નવું નાટક.

૧—૦ દર્શનીયું—પ્રો. ઠાકોરકૃત નવ વાર્તાઓનો સંગ્રહ.

૦-૧૨ ના૦ ગોપાળ કૃષ્ણ ગોખલે——સચિત્ર જીવનચરિત્ર. આવૃત્તિ બીજી. તેમનાં ત્રણ મહત્વનાં વ્યાખ્યાનો અને ચાર છબીઓ સાથે.

૨—૮ સંવાદમાળા—વિદ્વાનોએ લખેલા ૭૬ સંવાદો. આઠ છબીઓ સાથે.

૦-૧૨ કલાપી કાન્તના સંવાદો તથા કલાપીના ધર્મવિચારો.

૦-૧૨ ન્યાઙ મૂ૦ રાનાડેનાં ધાર્મિક પંદર વ્યાખ્યાન.

૧—૮ નીતિવચન-મર્હુમ કરસનદાસ મૂળજી કૃત. પુંઠું સોનેરી.

૫—૮ હૃષીકેશચંદ્ર ભાગ ૧-૨ હિંદુ સંસારની સામાજીક સ્વતંત્ર નવલકથા.

દરેક પુસ્તક માટે વિ. પી. ખર્ચ જુદું. લખો:—

મેનેજર—"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા," પીરમશાહરોડ:—અમદાવાદ.

" મ્હને ના બાંધશો કોઇ "

[લેખકઃ–રા. રા. રમણીકલાલ જયચંદભાઇ દલાલ; બી. એ.]

એક સુંદર બાગ હતો. એનો માલિક એક મોટો રાજા હતો. બગીચાના એક ખુણામાં એક બીજી નાનકડી વાડી હતી. ત્યાં નાનકડા છોડ ઉછેરવામાં આવતા. માયાળુ માળી એની ખાસ સંભાળ લેતો. દરરોજ તેને પાણી પાતો. દરેક નાના છોડની આજુબાજુ ખામણાં ખોદતો. ચાર નીંદી નાખી બધું સ્વચ્છ રાખતો. જ્યારે તાપ પડતો ત્યારે નાના નાના છોડને પાંદડાંથી ઢાંકી દેતો. આવી રીતે પૂરી સંભાળ લેવાતી હોવાથી બધા ય નાના છોડ ખુબ સુખી હતા.

એક દિવસ એવું બન્યું કે પેલો માળી લાંબી અણીદાર લાકડીઓની મોટી ભારી લઈ આવ્યો. દરેક કુમળા છોડની નજીક એક એક લાકડી જમીનમાં રોપી. પછી પોતાના પહેરણના ગજવામાંથી એક મજબુત દોરી કાઢી– પેલી લાકડીઓમાંથી એક એક સાથે એક એક છોડ બાંધવા માંડયો. "અરેરે! અમને ના બાંધશો. "—બધા છોડ રડી ઉઠયા. માળીએ કહ્યું— " જો તમને હમણાં ના બાંધું તો તમારાં અઢારે અંગ મોટપણે વાંકાં થાય, ને તમારામાંનું એક પણ રાજાજીને ગમે નહિ. વળી તમને બાંધવાનો જ રાજાજીનો હુકમ થયો છે. " બધા ય છોડવાઓએ નિસાસા નાખ્યા. માળીની ઈચ્છાને તાબે થઈ એક પછી એક બંધાયા. પણ પેલા જક્કી ઘેટાની પેઠે એકે હઠ પકડી. એ સૌથી મોટો હતો. એણે વિચાર્યું કે, " હું મજબુત છું. મારે બંધાવાની જરૂર નથી. " ભલા બિચારા માળીએ ઘણું યે કર્યું પણ એણે ન માન્યું ને બંધાયો નહિ. માળી દિલગીર થયો. ન

છૂટકે એ ઝાડને એમ ને એમ રહેવા દઈ તે ઘેર પાછો ફર્યો.

એ રાતે સખત વાવાઝોડું થયું. આકાશ કાળાં વાદળાંથી છવાઇ ગયું, પવન ખૂબ જોરથી ફુંકાવા લાગ્યો. પેલા કુમળા છોડવાઓ ઉપર વરસાદ પથરાના કરા માફક વરસ્યો. સવારે માળી છોડવાઓની હાલત જોવા બાગમાં આવ્યો. બધાય છોડ સીધા ઉભા હતા, પણ પેલો હઠ કરનારો છોડ વળી ગયો હતો. એ જમીન ઉપર સૂઇ ગયો હતો. ઉભા થવાની એનામાં શક્તિ રહીજ નહોતી. માળીએ ધીરે રહીને તેને ઉંચો કર્યો ને પૂછ્યું–"હવે તો આ લાકડી સાથે તને બાંધું ને ?" પેલો છોડ તો ચીઢાઇને રાતો પીળો થઈ ગયો. ગુસ્સામાં તેણે જવાબ દીધો–"ના, ના. હું તો થોડી વારમાં ટટાર થઈ જઇશ. મ્હને બાંધવાની કાંઇ જરૂર નથી." માળી ફરી દિલગીર થઈ ઘેર ગયો.

સૂર્ય ઉગ્યો. બંધાયા વગરનો પેલો નાનો છોડ પોતાનાં પાનાં ખંખેરી પાછો ટટાર થઇ ગયો. તે ઉંચો થઈ અભિમાનથી હસવા લાગ્યો. "હું કેવો તૈયાર થઈ ગયો છું ? છૂટા રહેવામાં કેવી મઝા છે ?" પોતાના સાથીઓને તે કહેવા લાગ્યો, "તમે બધા પાંજરામાં પૂરાયલા કેદી જેવા છો. તમે મારી પેઠે પવન સાથે નથી રમી શકતા. મ્હારી પેઠે તહમારાં અંગો (પાનાં) નથી હલાવી શકતા."

આમ કેટલાક દિવસ વહી ગયા. દરરોજ સૂર્ય ઉગતો. ને આથમતે પેલો છોડ બહુ જ સુખી હતો. છૂટાપણાને માટે ગુમાન ધરાવતો. કમનસિબે થોડા દિવસ પછી પાછાં વાદળાં ચઢી આવવા લાગ્યાં. ફરી આકાશ ઘેરાયું. પાછું ફરી એક તોફાન થયું. બીજે સવારે પેલો નાનો છોડ ફરી જમીન ઉપર પટકાઈ પડયો હતો. એનાથી ઉઠાતું યે નહોતું. "ઓ નાના બચ્ચા !" પેલા ભલા માળીએ તેને જોતાંજ ફરી એને માયાળુ શબ્દોમાં કહેવા માંડયું:

"મને આ લાકડી સાથે તારી કુમળી દેહને બાંધવા દે, તું બહુ જ વળી ગયો છું." પણ પેલાએ છંછેડાઈ ફરી છણકો કરીને જવાબ વાળ્યો–"મ્હને ના બાંધશો કોઇ." એનો એજ એક સરખો જવાબ. માળી બહુજ દિલગીર થયો. દિવસે દિવસે પેલો છોડ વધારે ને વધારે વાંકો થતો ગયો.

આ વાતને બે વરસ થઈ ગયાં. એક દિવસે વાડીમાં ખૂબ ધમાલ મચી રહી. બધાં ઝાડો એક બીજા સાથે ધીમે ધીમે વાત કરતાં જણાયાં—" રાજાજી પધારે છે." દરેક માથું ઉંચું રાખી અંગ સમારી ટટાર થઈ ઉભા રહેવા પ્રયત્ન કરતા. તેમને સુંદર રૂપાળા જોઇ માળી મલકાતો. પેલા હઠયોગી તરફ જોતાં જ એનો આનંદ ઉડી ગયો; કારણ કે એની હઠને પરિણામે એ તો બહુ જ વાંકુંચુંકું થઈ ગયું હતું. ને દેખાવમાં તદ્દન બેડોળ લાગતું હતું.

એક દિવસે રાજાજી ખરેખર પધાર્યા. બાગમાં ફરવા લાગ્યા. છેક ખૂણાની ધરૂવાળી વાડીમાં પણ આવી પહોંચ્યા. " આ છોડ સરસ થયા છે." તેમણે માળીને શાબાશી આપતાં કહ્યું, "આવા ઉંચા ને સુંદર છોડવા મેં કદાપિ જોયા નથી. આ બધાય છોડને મારા ખાસ બગીચા માટે લઇ જજો." પછી તમની નજર પેલા નીચા વાંકા વળી ગયેલા અષ્ટાવક્ર હઠયોગી ઉપર પડી. વાંકો વળી ગયો હતો છતાં અષ્ટાવક્રના ગુણો એનામાં નહોતા. એ યોગી નહોતો. એ સ્વતંત્ર નહિ પણ સ્વચ્છંદી બન્યો હતો. રાજાજી તેને જોઈ અજબ થયા. માળીને પૂછ્યું: " આ છોડ એકલો આમ કદરૂપો શાથી થઈ ગયો છે? આ પાસેના બીજા બધાય તો સારા દેખાય છે." માળીએ જવાબ વાળ્યો, " નામદાર! એને તો પોતાનો કક્કો ખરો કરવો હતો. 'મને ના બાંધશો' એમ એ દરરોજ કહેતો. રાજાજીએ હુકમ કર્યો, " આ કદરૂપા છોડને અહીંથી ઉખાડી નાખો. સીધા સીધા બધા છોડવાઓને મારા બાગમાં લઇ આવજો."

આજ્ઞા પ્રમાણે સીધા નાનકડા સુંદર છોડવાઓને રાજાના ખાસ બગીચામાં લઇ જવામાં આવ્યા. ત્યાં રાજાજીનાં બાળકો એમની સાથે રમતાં. પેલા વાંકલા છોડને ખેંચી બાગની બહાર નાખી દેવામાં આવ્યો.

બાળકોને વડિલોની ઈચ્છાઓ ઘણીએ વાર બંધનરૂપ લાગે છે. પોતે અણસમજુ હોઈ એમનાં આકરાં વચનોની મીઠાશ નથી સમજી શકતાં. વડિલોની મરજી સાચવવામાં જ ખરી સ્વતંત્રતા છે, એ વાત ભુલી જઈ સ્વચ્છંદી બની જાય છે, ને બાલ્યને ધૂળમાં નાખી જીવન વેડફી મારે છે.

રાજાનો હાથી.

કોઇ એક રાજા હતો. તેનું રાજ્ય ઘણું ન્હાનું હતું છતાં દુનીયામાં પ્રખ્યાત થાય તે માટે તેણે વીસ હાથીઓ રાખ્યા હતા. તે રાજ્યની બધી ઉપજ ઉડાવી દેતો હતો. ઉપરાંત તેની રૈયત પર ઘણા કર નાખી જેમ તેમ રાજ્ય ચલાવતો હતો. બનવા કાળ તેથી રાજ્યમાં ઉપરા ઉપર ચાર વર્ષ દુકાળ ચાલ્યો. રાજાએ બે વર્ષ તો જેમ તેમ ખર્ચ ચલાવ્યું. પણ તીજોરી ખાલી થઈ જવાથી તેણે વિચાર કર્યો, કે દરેક હાથીને એક એ ગામમાં મોકલી દેવો અને તે ગામના બધા માણસો મળી એ હાથીનું ગુજરાન ચલાવે. દુકાળ મટી જાય અને તીજોરી ભરાયે ત્યારે બધા હાથીઓને મંગાવી લેવા. આ વિચાર તરતજ અમલમાં મુકવામાં આવ્યો.

રૈયત એક તો દુકાળના પંજામાં સપડાઈ ગઇ હતી અને તેમાં હાથીઓનું ગુજરાન કરવાનું માથે આવ્યું. ઓગણીસ ગામ વાળા તો પોતાના નશિબ ઉપર આધાર રાખી રાજાના હુકમ પ્રમાણે વર્તવા લાગ્યા, પણ એક ગામના મુખ્ય પટેલથી આ સહન થઈ શકયું નહીં. તેણે તરતજ પોતાના ગામના સઘળા પટેલીઆઓને બોલાવ્યા અને કહ્યુ, "ભાઈઓ, આ દુકાળમાં આપણાં છોકરાં-ઓનું ગુજરાન કેવી રીતે કરવું એ મ્હોટો સવાલ થઇ પડશે ત્યારે આ હાથીને માટે શું કરવું ? મારો તો એવો વિચાર છે કે હાથી-ને વેચી નાખવો. રાજા માગશે ત્યારે હું તેનો જવાબ આપીશ." સર્વેએ કબુલ કર્યું. હાથી વેચી નાખ્યો, અને પૈસા ગામના દરેક જણે વ્હેંચી લીધા, અને સર્વે આનંદથી દિવસ પસાર કરવા લાગ્યા. પેલા ઓગણીસ ગામના હાથીનું પુરૂં કરતાં કરતાં તો ગામવા-

-જાઓ પોતેજ ભૂખે મરવા લાગ્યાં. છેવટે તેમણે હાથીઓને ભૂખે માર્યા, અને તે મરી ગયા.

દુકાળ પુરો થયો. તીજોરી પાછી ભરાઈ ગઇ. એટલે રાજાએ જે ગામમાં હાથીઓ મોકલાવ્યા હતા તેના મુખ્ય પટેલીઆઓને હાથી લઈ આવવા ફરમાવ્યું. દરેક ગામના પટેલીઆ ખાલી હાથે ગયા. જેણે હાથી વેચાવ્યો હતો તે ગામનો પટેલીઓ ખભે પછેડી નાખી રાજાની કચેરી આગળ હસતે ચહેરે જઇ ઉભો. રાજાએ તેની પાસે હાથી માગ્યો, ત્યારે પછેડીમાંથી એક ઉંદર કાઢી રાજા પાસે મુકયો. રાજા ગુસ્સે થઇ ગયો અને કહ્યું, "અરે મૂરખા, મેં તને હાથી આપ્યો હતો તે લાવ. ઉંદરને હું શું કરૂં ?" પટેલે કહ્યું, "હાયબ. રાઝાનો હાથી!! ક્રી આવે, ઈ.ઈની માથે હાથ ફીરવે, ની આ બે વરહમાં ઘહાઇ ઘહાઇને ઉંદર ઝીવો થઈગ્યો. બાપુ ઈ હાથી સે. ઉંદર નથી." પછી રાજાએ બીજા પટેલીયાઓને પૂછતાં તેમણે ખરી હકીકત કહી. અને જણાવ્યું કે આટલું ત્યાં સુધી તો અમે હાથીને ખવરાવ્યું. અમે હાથી પાછળ દુ:ખી દુ:ખી થઇ ગયા અને છેવટે હાથી પણ મરી ગયા. સમજ્યો પોતાની મુર્ખાઇ રાજા અને બધાને માફ કર્યું. પછી જે ગામે હાથી વેચી નાંખ્યો હતો તે ગામના લોકોએ એક હાથી લઇને રાજાને ભેટ કર્યો. તેમણે કહ્યું કે અમે તમારો હાથી વેચીને દુકાળમાં ગુજરાઇ કાઢી હતી. હવે સારૂં વરસ છે માટે તમે ભલે રાજ્યનો મોભો વધારો. આ ઉપરથી રાજાને લાગ્યું કે ખાલી ભપકામાં ગજા ઉપરાંત ખર્ચ કરવું નહી. પેલા ગામના પટેલને સારૂં ઈનામ મળ્યું.

પ્રેમરાય વિ. મોહનલાલ વસાવડા.

માસ્તર ઉપર પાણી.

(બાળકો માટે લખનારઃ—રા. કેશવપ્રસાદ છો૦ દેસાઇ.)

અમારી નિશાળની સાથે છોકરાઓને રહેવાની બોર્ડીંગ પણ હતી. આનાં બે મકાન હતાં. એકમાં પહેલા ત્રણ ધોરણના છોકરાઓ રહેતા હતા, અને બીજામાં ચોથા ધોરણની ઉપરના રહેતા હતા. વચમાં માસ્તર સાહેબોનો બંગલો હતો.

કાંતુ ત્રીજા ધોરણમાં હતો. પણ તે જબરો મશ્કરો હતો. ઘણીયેવાર તોફાનને લીધે તે સપડાઈ જતો હતો, પણ તેમાંથી તેને બચી જતાં બહુ સરસ રીતે આવડતું હતું. શાંતિ પણ ત્રીજા ધોરણમાંજ હતો. પણ તે બિચારો નામ પ્રમાણે બહુજ શાંત હતો. બીજા છોકરાઓ એની બહુ મશ્કરીઓ કરતા હતા; પણ બિચારો બધુંજ મુંગે મોંઢે સહન કરતો. અને કોઇવાર કોઈના ઠોંસા પણ ખાઇ લેતો હતો. એનો ભાઈ શંકર એના કરતાં જુદીજ પ્રકૃતિનો હતો. એ જબરો કસરતબાજ હતો. એને કોઈ છેડી શકતું પણ નહોતું.

ત્રીજા ધોરણના છોકરાઓને બહુ હોંશ હતી કે ઉપલા વર્ગોના છોકરાઓ તેમની સાથે એક ક્રીકેટ મેચ લે. પરંતુ આ વાત નિકળતાંજ મોટા છોકરાઓ હસી કાઢતા; અને રમવાની ઘસીને ના પાડતા હતા. આથી નાના છોકરાઓને બહુ ખોટું લાગ્યું હતું. આજે તેમણે ફરીથી મેચનું કહેણ મોકલવાનો વિચાર કર્યો. એ કામ કાંતુને સોંપ્યું.

હીંમતલાલ છઠ્ઠા ધોરણમાં હતો. તે નાના છોકરાઓ ઉપર બહુ રોફ મારતો હતો, અને તેથી તેમનામાં તે બહુજ અળ-

ખામણો હતો. વળી એને વિષે નિશાળમાં પણ સારૂં કહેવાતું નહોતું. આ હીંમતલાલના હાથમાં મેચો ગોઠવવાનું હતું. તેથી કાંતુ એની ઓરડીમાં ચાલ્યો. માસ્તરોના બંગલા પાસે થઈને તે જતો હતો તેવામાં મહેતા માસ્તરે બુમ પાડીને કહ્યું: "કાંતુ! તું મોટા છોકરાઓ તરફ જતો હોય તો હીંમતલાલને જરા હમણાં જ મારી પાસે મોકલી આપજે."

"સારૂં સાહેબ" કહીને કાંતુ ચાલ્યો.

હીંમતલાલની ઓરડીમાં ગયો તો તેણે ત્યાં શાંતિને જોયો. "હલ્લો! શાંતિ! તું અહિં ક્યાંથી?" એમ બોલી તેણે હીંમતલાલને સાહેબજી કરી.

શાંતિ બોલે તે પહેલાં તો હીંમત બોલી ઉઠયો: "કાંતુ, તું શા કામે આવ્યો છું તે મને ખબર પડી છે. તારી વાત હું જરાયે સાંભળવા માંગતો નથી. તું અહિંથી ચાલ્યો જા."

"અરે, અક્કલના ઓથમીર! મારી વાતતો સાંભળ. તું નારદમુની નથી, કે કાંઇ પવન નથી કે તું મારા પેટની વાત જાણી જાય. તું તો જાડો છું, શરીરમાં ને અક્કલમાં. પણ જો. હું તો કહેવા આવ્યો છું કે મ............"

આટલું કાંતુ બોલ્યો એટલામાંતો હીંમતનો મિજાજ ગયો. અને પગમાંથી એકદમ તેણે બુટ કાઢીને કાંતુ તરફ જોરથી ફેંક્યું. કાંતુએ સફાઈથી તે ઝીપી લીધું અને તરતજ બેવડા જોરથી વળતું કર્યું. પણ હીંમત તે ઝીપવા તૈયાર હતો તેણે તે ઝીપીને વળી ફરીથી પાછું માર્યું. કાંતુ ખસી ગયો, અને બુટ જોરથી ભીંતે ટાંગેલી છબીને અથડાયું. છબી હીંમતના ઘરની હતી. તે ચુરેચુરા થઈને નીચે પડી.

કાંતુ બોલ્યો: "અલ્યા ઠીક છે કે તારા ઘરનાં બધાં હજાણાં હવાફેર કરવા બહારગામ ગયા છે, નહિ તો આ તારૂં ઘર ભાગ્યું તેની નીચે તે બધાં ચગદાઇ ગયાં હોત!"

હવે હીંમત ખરેખરો ચીઢાયો. તે ખુણામાં બેઠો હતો ત્યાંથી ઉઠવાનો પ્રયત્ન કરતો હતો, એટલામાં કાંતુ ચેતી ગયો. એક નળ ખુલ્લો હતો અને નીચે બાલ્દી ભરાતી હતી. તે નળ ઉપર હાથ મુકી કાંતુએ પાણીનો ફુવારો હીંમતના મોં ઉપર ઉડાડયો, અને પછી એકદમ નાઠો. હીંમત જરા મોં લુછવા રહ્યો, અને પછી હાથમાં બેટ લઇને કાંતુને મારવા તેની પાછળ પડયો.

શાંતિ તો આ બધો વખત બેસીજ રહ્યો હતો. હીંમત ગયો અને થોડીકજ વારમાં કાંતુ પાછો એ ઓરડામાં આવ્યો. શાંતિ તો અજબજ થઈ ગયો. આવતાંજ તે બોલ્યો: "અરે શાંતિ, દોસ્ત આ લાકડી લે ને જોડેના ઓરડામાં ખૂણામાં તે પાછી મૂકી આવ, હું મારા બચાવ માટે તે લાવ્યો હતો. હું તો જોડેનીજ ઓરડીમાં હતો. શાંતિ તે લઇને ગયો. એટલામાં પાણીની નાની સરખી માટલી કાંતુની નજરે પડી. અને નીચે દોડતાં પગલાં સંભળાયાં. કાંતુએ જાણ્યું કે હીંમત હમણાં મને પકડવા નીચે દોડયો છે અને હું મારી ઓરડી તરફજ દોડી ગયો હઇશ, એમ ધારીને, તે હમણાં આ મકાનની બહાર નિકળશે. આટલું તેના મગજમાં આવતાજ તેણે માટલી એકદમ બારીમાંથી ઉંધી વાળી. "ઓહ ઓહ" "કોણ છે" એવા બે અવાજ એકદમ સંભળાયા. તેમાંનો એક મહેતા માસ્તરનો હતો.

આ બધું એક પલકારામાં બન્યું. શાંતિ હજી પાછો પણ નહોતો આવ્યો. કાંતુ તો એકદમ ખાટલા નીચે ઉંડો એક ખુણામાં ભરાઇ ગયો. તરતજ શાંતિ આવ્યો. એ પાણીની કાંઇ વાત જાણતો નહોતો. ખાલી માટલી નીચે જમીન ઉપર પડી હતી, અને કાંતુ ગેપ થઇ ગયો હતો. એ કયાં ગયો હશે, એમ શાંતિ વિચારતો હતો એટલામાં હીંમત અને મહેતા માસ્તર બે જણા ત્યાં આવ્યા.

"મૂર્ખ! આ શું કર્યું?" એમ બોલી મહેતા માસ્તરે પોતાનાં લુગડાં બતાવ્યાં.

શાંતિ ફાટે ડોળે તે જોઇ રહ્યો, અને ધીમેથી બોલ્યો, "સાહેબ! તમે શું કહો છો તે સમજાતું નથી."

"અરે પેલો કાંતુ ક્યાં ગયો? આ તેનાજ કારસ્તાન છે." હીંમત બોલ્યો.

હવે શાંતિથી બધું સમજાયું. નિર્બળ ગણાતા શાંતિએ કાંતુને બચાવવા નિશ્ચય કર્યો.

"હીંમત! તું જાણે છે સ્તો. તેં બુટ માર્યું પછી કાંતુ તો ઓરડીની બહાર ગયો, અને તું તેની પાછળ પડયો. પછી કાંતુ અહિં ક્યાંથી હોય?"

આ સાંભળી, ખાટલા નીચેથી કાંતુ તો અજાયબ થઇ ગયો અને મનમાંજ શાંતિને શાબાશી આપી.

"સાહેબ," હીંમત બોલ્યો, "હું કાંતુને પકડવાને અહિંથી નિકળીને નીચે આવ્યો, અને બારણામાં તમને અથડાઇ પડયો. પણ કાંતુ કાંઇ દેખાયો નહિ."

"કદાચ તે ઉપર દોડી ગયો હશે. ચાલો આપણે ઉપર તપાસ કરીયે." મહેતા માસ્તર બોલ્યા.

એમ કહી તે ઓરડીમાંથી નિકળ્યા. તરતજ કાંતુ ખાટલા નીચેથી બહાર આવ્યો. તેણે નળ નીચેથી બાલદીમાંથી ગોળી ભરી લીધી અને તેની જગાયે મૂકી. શાંતિને શાબાશી આપી, અને કહ્યું કે એ લોકોને ઠીક બનાવ્યા. હજી પણ એમ ચલાવ્યા જ કરજે. આટલું કહી એ ઓરડીની બહાર ચાલી ગયો.

થોડીવાર પછી હીંમત અને મહેતા માસ્તર પાછા ત્યાં આવ્યા. મહેતા મસ્તરે કહ્યું,

"શાંતિ! તું કહે છે કે કાંતુ અહિંથી ચાલી ગયો હતો, ત્યે આ ઓરડીમાં તો તુંજ રહ્યો. તેથી પાણી તેંજ નાંખ્યું હશે."

"ના સાહેબ! હું તમને ખાત્રીથી કહું છું કે મેં પાણી નાંખ્યું નથી."

"હું માનું છું કે તારો વિચાર મારા ઉપર પાણી નાંખવાનો નહોતોજ. તમે છોકરાઓ તોફાન કરતા હશો. પણ પાણી મારા ઉપર પડયું એટલે મારે તેની સજા કરવીજ જોઇયે."

"શાંતિ!" હીંમત બોલ્યો, "તું ખરી વાત માની દે. મને લાગે છે કે તેં કાંઇક અજાણતાંજ આ કામ કર્યું હશે. અથવા પેલા કાંતુની શીખવણીથી કર્યું હશે. જો તું માની દઇશ તો મહેતા માસ્તર તને થોડીજ સજા કરશે."

"પણ હીંમત, તું કાંતુનું નામ શામાટે અંદર લાવે છે? એ તો તારી પહેલાં બહાર ગયો હતો. અને મેં પાણી નાખ્યું નથી એટલે કેમ કરીને માની જાઉં. એતો જુઠું બોલ્યો કહેવાઉં." શાંતિને આમ બોલતો જોઇને હીંમતને પણ નવાઈ લાગી. વાત આટલે આવી એટલામાં કાંતુ તથા નિશાળનો મૂખ્ય મોનીટર રમેશ, બે જણાં સાથે ત્યાં આવ્યા.

"અરે હીંમત," રમેશ બોલતો બોલતો ઓરડીમાં પેઠો: "આ કાંતુ ફરીયાદ કરે છે કે મહેતા માસ્તરે મોકલેલો સંદેશો તું સાંભળતો નથી અને ઉલટો એને મારીને તારી ઓરડીમાંથી કાઢી મૂકે છે..........."

આટલું બોલતાંમાં તો તેણે મહેતા માસ્તરને ત્યાં ઉભેલા જોયા એટલે તે અટકી ગયો અને બોલ્યો:

"ઓહો સાહેબ તમેજ અહિં છોને!" પછી તેણે એમનાં ભીનાં લુગડાં તરફ નજર ફેરવી, પણ બોલ્યા નહિ.

"હિંમત, હું આ ધમાધમમાં સુદ્ધાની વાત તો ભૂલીજ ગયો. તેં કાંતુનો સંદેશો નથી સાંભળ્યો? મેં કાંતુને કહ્યું કે હીંમતને મોકલ, પણ તું ના આવ્યો એટલે હું જાતેજ આવ્યો......."

"પણ સાહેબ, મને શી ખબર કે કાંતુ તમારો સંદેશો કહેવા આવ્યો છે."

"અરે પણ તું મને બોલવા દે ત્યારે ને?" કાંતુ બોલ્યો:

"જ્યારે તેં મારી સાથે મારામારી કરવા માંડી ત્યારે હું રમેશ પાસે ગયો, અને તેને હકીકત કહી. અમે એ જણ તે સંદેશો તને કહેવા હમણાંજ આવ્યા."

"હીંમત તું ખરેખરો મૂર્ખ છે." મહેતા માસ્તર ઘડીયાળમાં જોઈને બોલ્યા.

"પણ એમાં તને નુકશાન થયું છે. તારા કાકાનો કાગળ મને હમણાંજ મળ્યો, તેમાં લખ્યું હતું કે તેઓ જાત્રાએ જાય છે, અને આપણા સ્ટેશન ઉપર થઈને અત્યારે પસાર થવાના છે. હવે ટ્રેન ઉપડવાને ફક્ત પાંચ મિનિટ છે. એટલે તારાથી મળી શકાશે નહિ. અને કાંતુ! તને મારી કાઢયા પછી પણ તું રમેશને લઈને સંદેશો કહેવા આવ્યો, તે માટે હું તને વખાણું છું."

આ સાંભળીને હીંમત નરમ પડી ગયો. એક તો મહેતા માસ્તરનો ઠપકો સાંભળ્યો, અને બીજું કાકાને મળાયું નહિ. મળવાનું તો ઠીક પણ જ્યારે કાકા જાત્રાએ જાય ત્યારે હીંમતના હાથમાં એ રૂપિયા મૂક્યા વગર ના રહે. આ રૂપિયા ગયા તેનું તેને બહુ લાગ્યું. એટલામાં વળી માસ્તરને પોતાનાં ભીનાં લૂગડાં યાદ આવ્યાં, અને શાંતિ તરફ વળીને તે કહેવા લાગ્યા:

"શાંતિ, હજી તેં આ પાણી સંબંધી પુરતો ખુલાસો આપ્યો નથી, માટે હું તો તને સજા કરીશ."

કાંતુ બોલી ઉઠયો, "સાહેબ! શું છે?"

મહેતા માસ્તરે કહ્યું કે, "મારા ઉપર ઉપરથી પાણી પડયું. અને આ શાંતિ એકલોજ આ ઓરડીમાં હતો, એટલે તે એણેજ નાખ્યું હોવું જોઇયે."

"પણ સાહેબ, શાંતિ હંમેશાં સાચુંજ બોલે છે, એ તો તો જાણો છો. જો એ કબૂલ ના કરતો હોય તો એણે તે નહિજ ાંખ્યું હોય. હીંમતને હું તમારો સંદેશો કહેવા આવ્યો, તે ખતે શાંતિ અહિં બેઠેલો હતો. અને હીંમતે મને ધુંટ માર્યું,

નથા મારી પાછળ બેટ લઈને દોડયો, તો પણ શાંતિ વચમ કાંઈ બોલ્યો નહોતો. એ તો.........."

આટલું સાંભળતાંજ મહેતા માસ્તર હીંમત ઉપર ઉકળ્યા અને કહ્યું:

"હીંમત તુંજ આ બધાનું મૂળ છે. જો તેં કાંતુનો સદેશો સાંભળ્યો હોત, તો મારે અહિં આવવું પડત નહિ, અને મારા ઉપર પાણી પડત નહિ. શાંતિ કહે છે કે એણે પાણી નથી નાંખ્યું. માટે તારેજ આ બાબતનો ખુલાસો આપવો પડશે. હું તનેજ જોખમદાર ગણું છુ." આટલું બોલી તે ગુસ્સામાં ચાલ્યા ગયા.

બધાયે મહેતા માસ્તરનું માયાળુ દીલ જાણતા હતા. અને હવે આ વાત આટલેથી અટકી એમ સૌની ખાત્રી થઈ.

કાંતુએ નીચા વળીને હીંમતને સલામ કરી અને પછી શાંતિને ખભે હાથ મૂકી, રોફમાં પોતાની ઓરડી તરફ ચાલ્યો.

આજે શાંતિનો હરખ માતો નહોતો. ટીખળી કાંતુને એણે બચાવી લીધો હતો. અને તે હવે તેનો મિત્ર બન્યો હતો. કાંતુએ પણ શાંતિની હીંમતનાં ખૂબ વખાણ કર્યાં.

પણ હજી શાંતિને હીંમત સતાવશે. તે વાત વળી કોઈ વારકહીશું.

પરીઓ.

તમને કદી પ્રશ્ન થયો છે કે બાગમાંનાં ફૂલ કોણ બનાવતું હશે? અંદર સુન્દર રંગો કોણ પુરતું હશે? એના સારા સારા આકાર કોણ બનાવતું હશે? આ સર્વ કામ પરીઓ કરે છે. તેઓ ફૂલને સુન્દર શોભીતું બનાવવા અથાગ મહેનત લે છે.

એક ફૂલને આપણે જો બહુ વખાણીએ તો પરીઓ બહુ ખુશ થાય છે. પણ જો આપણે તેને તોડીને ફેંકી દઇએ તો તેને બહુજ લાગી આવે છે. પરીઓ ફૂલમાં પોતાનો જીવ

અર્પી દે છે. વળી તે બીચારૂં પુષ્પ જો કે આપણી માફક વિચાર નથી કરતું પણ જો આપણે તેના તરફ ઘાતકી થઇએ તો તે બહુ દીલગીર થાય છે. પરીઓ અને પુષ્પો એ પ્રભુનીજ કૃતિ છે. આપણે તેઓના તરફ માયાળુ થતાં શીખવું જોઇએ માટે કોઈ દિવસ ફૂલને તોડશો નહિ.

કેટલીક પરીઓ જીવ જંતુના શરીરપર સુન્દર રંગો ચીતરે છે. પતંગીઆના શરીરપર પણ આવા સુન્દર રંગો તમે જોયા હશે. તે પણ પરીઓજ કરે છે. કેટલીક પરીઓ ઝાડમાં રહી લીલાં કપડાં પહેરે છે અને તેઓ આપણા જેવીજ પણ નાની અને સુન્દર લાગે છે. ઝાડની પરીઓ બહુ મોટી હોય છે અને એક બીજા સાથે નાચાનાચ કરે છે. તેઓ જેમ બને તેમ લોકોથી દૂર રહે છે. કેમકે તેઓથી લોકોનો અવાજ ખમી શકાતો નથી. પરીઓને જોવાનું તમને ઘણું મન હશે. ભલે તમે કોઇ દિવસ તેને જોઈ શકશો.

કેટલીક પરીઓ દરિયામાં અને નદીમાં રહે છે અને તેઓ પાણીમાં દોડાદોડ કરે છે. દરિયાની પરીઓ બધા કરતાં વિચિત્ર હોય છે. તેઓ મોટાં મોટાં મોજા પર બેસે છે; અને દરિયાના ફીણને કીનારા સાથે જોરથી અફાળે છે. તમે કેટલીક વાર આકાશમાં થતા સુન્દર રંગો જોયા હશે. ન જોયા હોય તો જરૂર જો જો. તે એટલા બધા સુંદર હોય છે કે આપણે ત્યાંથી આંખ ખસવી ગમતીજ નથી. તે રંગો પણ આકાશની પરીઓ બનાવે છે.

બીજી પરીઓ ખાણમાં અને આપણી પૃથ્વીની નીચે રહે છે. તેઓ જમીનમાં સુન્દર ધાતુઓ બનાવે છે. દાખલા તરીકે સોનું રૂપું, વગેરે. આપણે તે ખોદી કામમાં લઇએ છીએ.

આપણે જોયું કે પરીઓ ઘણું અગત્યનું કામ કરે છે. આપણે તેમનો ઉપકાર માનવો જોઇએ અને તેને હમેશાં રાજી રાખવી જોઇએ.

ઠીક, ત્યારે પરીઓને ભૂલતા નહિ. હમેશાં એના મિત્ર થઇને રહેજો.

રોહિત.

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(118, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીનો વીમો

બહુજ જરૂરનો અને લાભકારક છે.

ઇંડસ્ટ્રીયલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની યોજનાઓ આપે છે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે. જામીનગીરી સદ્ધર છે.

વિશેષ હકીકત માટે લખોઃ—

જીવણલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીયલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કં. લી.

Reg. N. B. 1070.

સ્ત્રીબોધ.

વર્ષ ૬૮.] નવેમ્બર, ૧૯૨૪. [અંક ૧૧ મો.

તંત્રીઓ { બાઈ પુતળીબાઈ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ,
બી. એ. એલ્એલ્. બી.

સબરસ હયો—

કોઈ શુકનભર્યાં સબરસ હયો,
રસિયાં રસમાં મન રસબસ હો !—કોઈ૦
સપ્પરમે દિન સબરસ કહાણું,
ગઈ અમાસ, ઉદય ચોકમ કહાણું:
વીરમ્યાં ગત વર્ષો વસમા:—કોઈ૦
બાલ બટુકો આંગણ આવે,
જીવન જીવનમાં ચેતન લાવે:
શુકન ઝીલી જીવનયશ હયો:—કોઈ૦
આશાં આશાં સબરસ કહાવે,
મિઠા મિઠા અવસર આવે:
સબરસને ત્રિભુવન વશ હો,
ભવ-ભાવભર્યા સબરસ હયો,
કોઈ શુકનભર્યાં સબરસ હયો.

[કેશવ હ૦ શેઠ.]

મંત્રી:-છગનલાલ અમરશી મહેતા: અમદાવાદ.

અનુક્રમણિકા—નવેમ્બર, ૧૯૨૪.

૧	રાગ.	રા. ચન્દ્રવદન ચિ૦ મહેતા.	૫૧૭
૨	પૂજ્ય પુરૂષનો જન્મદિવસ	ગ. મોહિનીચંદ્ર ...	૫૧૮
૩	એક બાળ વિધવાનો...	ગ. પ્રકૃતિ બાસ ...	૫૧૯
૪	અકબર અને લાજવન્તી	ગ. ચૂ. મ. ત્રિપાઠી. ...	૫૨૦
૫	ગ્રી. સાહિત્યમાં નારીજીવનનું સ્થાન.	રા. નવલરામ જ૦ પંડિત.	૫૨૮
૬	માતા અને તેનો પ્રેમપ્રભાવ.	મિસ ગીતાં બાબાજી મહાની.	૫૩૦
૭	માગને જમાઇનો પત્ર...	ગ. વિપિન... ...	૫૩૬
૮	પુત્રવધુને સસુરાનો પત્ર	... ...	૫૩૬
૯	વખતનો વ્યવસાય ...	... ...	૫૪૧
૧૦	ગજનગરનું રતન-(ચાલુ વાર્તા)	બેન જડાવ બેન વીણા.	૫૪૮
૧૧	ચાલુ બનાવોની માહિતી	ગ. કેશવપ્રસાદ છો૦ દેસાઇ.	૫૫૦
૧૨	પુસ્તક પરિચય ...	" "	૫૫૮

"બાળક" વિભાગઃ—

૧	ગુરૂને પ્રણામ... ...	રા. સુરાજ... ...	૨૨૫
૨	ખરેખરો માણસ ...	ગ. ચુ૦ મ૦ ત્રિપાઠી...	૨૨૬
૩	વિદ્યાર્થી જીવન ...	રાં. કેશવલાલ છો૦ પટેલ.	૨૩૦
૪	મિયાંભાઇની ચતુરાઇ ...	ગ. ભોળાશંકર પ્રે૦ વ્યાસ	૨૩૨
૫	સિંહાસન બત્રીશીની વાતો .	ગ. કેશવપ્રસાદ છો૦ દેસાઇ.	૨૩૪
૬	રામાયણની વાતો ..	રા. જીવનલાલ અ૦ મહેતા	૨૪૮
૭	પોપટનો ન્યાય ...	બાઇ રતિલાલ દે. ઠક્કર.	૨૫૮

લેખકોને વિનંતીઃ—

કેટલાક લેખકો પોતાનો એકજ લેખ એકથી વધારે પત્રોને મોકલી આપે છે, જેથી એક જ લેખ કોઈકવાર બે પત્રોમાં છપાઇ જાય છે. આવો એક પ્રસંગ અમારા ગયા અંકમાં જ બનવા પામ્યો છે. તેથી અમારા તરફ મોકલવામાં આવતા ગદ્ય પદ્ય લેખોની નકલ, અમારા તરફથી ખુલાસો મેળવ્યા વગર, બીજા કોઇ પણ પત્રમાં પ્રસિદ્ધ થવા ન મોકલવા તેમજ એક વખત છપાઇ ગયેલો લેખ ન મોકલવા અમારા સર્વ લેખક ભાઇ-બહેનોને ખાસ વિનંતી છે. એકનો એક લેખ બે પત્રોમાં છપાવાથી વાચક વર્ગને બીજા તેટલા વાચન પુરતો ગેરલાભ થાય છે. અને તેમ થવા ન પામે તે

"સ્ત્રીબોધ"ના વાચકોને-

વર્ષ-વધાઈ.

૧

પુષ્પો પરિમલ મધુ સમીરે વહાવો,
આછી ઉષા હસતી મંદ ભૂમિ નવાજો;
મંત્રો ગુરૂજનતણા રસ ઐક્ય સાધો,
ધારા અમીની જગકિલ્બિષ ધોઇ નાંખો.

૨

શ્રીકૃષ્ણ બંસી સુરગાન ફરી ગવાજો,
સંગીત મીઠી લહરી ઉરમાં છવાજો;
ગોપાલ ગોપી દિલના અનુરાગ જામો,
આત્મા પૂરા પ્રણયમાં રસભાવ માણો.

૩

ઉત્સાહ અંગભરમાં સવિતા પ્રસારો,
જ્યોતિ નવીન યુગની નવરંગ લાવો;
સંપૂર્ણ પુણ્ય જીવને પ્રભુતા ધરાવો;
આદર્શ-વર્ષ વરદા-ફલદા સદા હો.

રમણીકલાલ જયચંદભાઈ દલાલ.

"સ્ત્રીબોધ" ના વસંત અંક માટે

ગુજરાતી લેખક વર્ગને વિનંતિ પત્ર.

માનવંતા બહેન-ભાઇ,

"સ્ત્રીબોધ" માસિક ગુજરાતી સમાજની યથાશક્તિ સેવા કર્યા કરે છે, તે તો આપનાથી અજાણ્યું નથી. સ્ત્રીબોધ સાથે છેલ્લાં પાંચ વર્ષથી "બાળક" નામે નવો વધારો નિકળે છે તે પણ આપ જાણો છો. સ્ત્રીઓથી બાળક વિખુટાં ના જ પાડી શકાય. બાળસેવા તે સ્ત્રીસેવા જ છે, વગેરે ભાવનાઓથી આ "બાળક" વિભાગનું કામ ચાલે છે તે તો આપ જોઇ શક્યા હશોજ. ગયે વસંત ઋતુમાં અમે "સ્ત્રીબોધ" નો એક ખાસ અંક પ્રસિદ્ધ કર્યો હતો, તે પ્રમાણે આવતી વસંત ઋતુમાં પણ ખાસ વસંત-અંક આપવાની અમે ધારણા રાખી છે. આ વર્ષના વસંત અંકમાં અમે બાળસાહિત્યને પ્રાધાન્ય આપવાનો નિશ્ચય કર્યો છે. તેમાં બાળકો સબંધી અને બાળકોને માટે ઉપયોગી વાંચન આપવા ધાર્યું છે. અમારી ધારણાઓને પોષે તેવા લેખ લખી મોકલવા આપને વિનંતિ કરીયે છીયે.

આ અંકમાં લેવાના વિષયોનાં માર્ગસૂચક મથાળાં નીચે પ્રમાણે:-

બાળકો સબંધી.

૧. સંસારમાં બાળકનું સ્થાન.
૨. બાળ અભ્યાસ અને બાળ માનસ શાસ્ત્ર.
૩. બાળકો માટે કીન્ડરગાર્ટન ઢબ ઉપર બાળશાળાઓ.
૪. એક આદર્શ બાળશાળાનું વર્ણન.
૫. બાળકોના રોગો અને તે માટે ઘરગથ્થુ દવાઓ.

બાળકો માટે.

૬. બાળકો માટે સરળ વાર્તાઓ.
૭. બાળકો માટે સરળ કાવ્યો.
૮. ઉખાણા.
૯. બાળ સાહિત્યની યાદી.
૧૦. બાળ રમતો.
૧૧. બાળ વિજ્ઞાન.

આપ જાણી શકશોજ કે આ વિષયો કેવળ સૂચક છે. આપ તેના જેવા કોઇ પણ વિષય સબંધી લેખ મોકલી શકશો. જે લેખોમાં ચિત્રો આપવાની જરૂર હશે, તેનાં તૈયાર ચિત્રો મળેથી બ્લૉક અમે કરાવી લઇશું.

આપ કયા વિષય ઉપર લખશો તે જરૂર જણાવશો. આપનો લેખ જાન્યુઆરી ૧૯૨૫ ની ૩૧ મી તારીખ પહેલાં મળે તે પ્રમાણે મોકલવા મહેરબાની કરશો. અમારી આ સેવામાં આપ જરૂર મદદ કરશો એવી ખાત્રી છે.

પત્રવ્યવહાર માટે સરનામું:-
મંત્રી-"સ્ત્રીબોધ"
ગીરમથા રોડ:-અમદાવાદ.

પુતળીબાઇ કાબ્રાજી.
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ.

સ્ત્રીબોધ
૧૯૨૪.

પુસ્તક ૬૮ મું.] નવેમ્બર, [અંક ૧૧ મો.

રાસ.

મ્હારી ઉંચી અટારીએ કો આવશો નહિ,
દુઃખડાનાં ગીત કો લલકારશો નહિ :
મ્હારી૦

આનંદ ગીત કલ્લોલતું કો બેઠું,
પંખી કોડીલું ઉડાડશો નહિ :
મ્હારી૦

આશા, ઉત્સાહ ને ચેતન વિનાનું,
આવશો તો કો ફાવશો નહિ :
મ્હારી૦

ચોકે તે પાથર્યું છે દિવ્ય તેજ ઝીણું,
કાળી ત્યાં છાંયડી કો ઢાળશો નહિ :
મ્હારી૦

પ્રગટ્યો છે કોક ત્યાંહિ ઝગમગતો ભાનુ,
મિથ્યા ત્યાં ધૂળ કો ઉરાડશો નહિ :
મ્હારી૦

ઢાળ્યું છે અમૃત કોકે ત્યાંહિ મીઠડું,
જીંદગીના ઝેર કોઇ વાવશો નહિ :
મ્હારી૦

-ચન્દ્રવદન ચિમનલાલ મહેતા.

પુણ્ય પુરૂષનો જન્મદિવસ.

[ભાદરવા વદિ ૧૨. રેંટીયા બારશ.]

(જે કોઇ અંબિકાજી માતને આરાધશે રે લોલ—એ ઢાળમાં.)

(રાસ)

સખિ! આજે આનંદનો દિન છે રે લોલ,
માતૃભૂમિના મોહનનો જન્મ છે રે લોલ:
સખિ! આજે આનંદનો દિન છે રે લોલ. ટેક.
સ્થને સ્થને સ્થળે રસ સિંચશું રે લોલ,
આર્ય ભૂમિને ઐક્યથી ઉજાળશું રે લોલ. સખી૦ ૧
બધાં પાપોની હોલિકા ચેતાવશું રે લોલ,
દ્વેષ, ઇર્ષ્યા, કુસંપ, ક્રોધ, બાળશું રે લોલ. સખી૦ ૨
પુણ્ય પુરૂષને પાય સૌ લાગશું રે લોલ,
વિમળ વાણીથી ધાર ઉંડી ઝીલશું રે લોલ. સખિ૦ ૩
સ્નેહ—સાગર ભર્યો એના દિલમાં રે લોલ,
ચાલો, એમાં સહુ નાહીએ પ્રેમથી રે લોલ. સખિ૦ ૪
એના જીવનની જાન્હવી પ્રકાશતી રે લોલ,
તીર તરહાર દેતી અમર છાંયડી રે લોલ. સખિ૦ ૫
બુદ્ધ ઇસુની સાથ એ બેસતો રે લોલ,
ભારતનો રાજ—મણિ રાજતો રે લોલ. સખિ૦ ૬
ડોલે ડોલે ઇંદ્રાસન ઇન્દ્રનાં રે લોલ,
જાગે જાગે સૌ દેવ ચૌદ લોકના રે લોલ. સખિ૦ ૭
વેલી વેલીએ ફોરે નવાં ફુલડાં રે લોલ,
ત્રીશ કોટીનો આતમ ઉલ્લાસમાં રે લોલ. સખિ૦ ૮
હાસ્ય દિવાળી ભારતમાં વેરશે રે લોલ,
ઘંટાઓ નાદ મધુર રેલશે રે લોલ. સખિ૦ ૯
દિવસ એકવીશનાં તપ આદર્યાં રે લોલ,
પ્રભુ પુરાં કરશેઃ વિજય સત્યનો રે લોલ.
માતૃભૂમિના મોહનનો જન્મ છે રે લોલ, સખિ૦ ૧૦
સખિ! આજે આનંદનો દિન છે રે લોલ.

"મોહિનીચંદ્ર."

એક બાળ વિધવાને !

વ્હાલી બ્હેના ! જગત-જનના ઉર કાં ક્રૂર આવાં ?
આત્માના આ સુજન તવ ઔદાર્ય શું દોલક્ષા ના ?
છે શું એવી ઉણપ તુજમાં જીવને માત્ર ત્હારા ?
ના શું સ્વાર્થી જીવન સહુના સર્વને પ્રિય લાગ્યાં ?

* * *

તહીં નિર્મળ શુભ્ર ગુલાબ ખીલે
        મધુ મુંખ થકી સ્મિત-સ્રાવ સરે !
પચરંગી પ્રભા પુરી પાંખડીએ
        જડ ચેતનના ચમકાર ઝગે !

    ફુલ કોણ ચુંટે ?
    મધુ કોણ ચુસે ?
    વનમાં વિલસે !
    વિજને સુકશે ?

કદિ પ્રકૃતિ-માત સહી ન શકે !
        નહિં ચેતન-નાથ અનાથ ચુકે !
અમી-અઞ્જલિ ઉર અનિલ ઝીલ !-
        વન પૂર્ણ પરાગથી બ્હેકી ઉઠે !

    પ્રભુ ફુલ ચુંટે !
    મધુ ભૃંગ ચુસે !
    લઘુ જીવન એ-
    દેન દેસ બને !

* * *

આવાં બાલા ! જડ જગતના ઉર છે કુમળાં આ !
બ્હેના ! દૈવી ઉર ઉર રમતા, જ્યોત ચૈતન્યના આ !
આશારંગી કિરણ નહીંવી તરવરે આંસુડાંમાં—
બ્હેની ! ત્હારાં નયન નચવી હારજે ઉર ખારાં ! !

'પ્રકૃતિ બાલ.'

અકબર અને લાજવન્તી.

મહાન્ મોગલ શહેનશાહ અકબર ચિતોડ ઉપર વિજય મેળવ્યા પછી રણક્ષેત્રમાં પોતાની આસપાસ ચારે તરફ પડેલા અસંખ્ય મૃતદેહો, સ્વધર્મ પાલનાર્થે સતી થયેલી વીરાંગનાઓનાં ભસ્મ સાથે ભળેલાં હાડકાંઓનો ઢગ, અને આસપાસનાં આબાદ શહેરોની થયેલી બરબાદી વિષે વિચાર કરતો ખડો છે. તે વિચારે છે; કે મહારાણાના ચિતોડનો નાશ કરી પોતે શું પ્રાપ્ત કર્યું ? હીરા અને જવાહીરને બદલે હાડકાંનો ઢગ, રૈયતને બદલે પ્રજાભૂષણ વીર રજપૂતોના મૃતદેહ, આનંદભર્યાં જનકોલાહલથી ભરપૂર નગરોને સ્થાને નિર્જન શ્મશાન.

શહેનશાહ અકબર ચિતોડ પરની પોતાની ચડાઈના પરિણામનો આ પ્રકારે વિચાર કરી રહ્યો હતો તેવામાં કેટલાક મુસલમાન સૈનિકોએ એક નાની ઉંમરના સુસજ્જિત નવજવાનને બંદીવાન બનાવી તેની હજુરમાં ખડો કરી દીધો. આ નવયુવકની કાંતિ મનોહર હતી અને તેની આંખો ખુનથી ભરેલા કટોરાના જેવી લાલઘૂમ બની રહી હતી. તેને જોઇ અકબરે પુછ્યું કે,

" તું કોણ છે ? આવા ભયાનક સ્થળે આ સમયે અહીં શા માટે આવ્યો છે ? "

તેણે કહ્યું, " હું પુરૂષ નહિ પણ સ્ત્રી છું અને મારા સ્વામીના મૃતદેહને શોધવા આવી છું. "

અકબર—તારૂં નામ શું છે ?

સ્ત્રી—મારૂં નામ લાજવન્તી છે.

અકબર—તું ક્યાંની રહીશ છે?

લાજ૦—મારૂં વતન ડુંગરપુર છે.

અકબર—ચિતોડ અને ડુંગરપુર વચ્ચે બહુજ અંતર છે, તું અહીં કેવી રીતે ને કેમ આવી?

લાજ૦—મેં સાંભળ્યું, કે ચિતોડમાં જોહર થવાનો છે. સઘળાં સ્ત્રીપુરૂષો ધર્મની વેદિપર બલિદાન બનવાની તૈયારી કરી રહ્યાં છે. મારા સ્વામી એ સમાચાર સાંભળીને તરતજ રાજપૂત યજ્ઞમાં ભાગ લેવાને ચાલ્યા આવ્યા. મને તેની પાછળથી ખબર પડી. મારી ઇચ્છા હતી કે મને પણ પુણ્યવંતી રાજપૂતાણીઓની પેઠે ચિતાપર બળી મરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય. પરંતુ હું અહીં આવી પહોંચું તે પહેલાં સર્વ કંઈ બની ચુક્યું હતું. આથી હું મારા સ્વામીના મૃતદેહને શોધવા અહીં રણભૂમિમાં આવી. ત્યાં તારાં માણસોએ મને પકડી લીધી.

અકબરને રજપૂતાણીનું આ બોલવું સાંભળીને બહુજ નવાઇ ઉપજી. તેને મનમાં લાગ્યું, કે લોકો મને જગત પનાહ, હુજૂર, કે ખુદાવન્દ કહે છે, જ્યારે આ છોકરી "તારાં માણસોએ મને પકડી લીધી" એમ નિડરતાથી બેધડક જવાબ દઈ રહી છે. અકબર રાજપૂતોની વીરતાથી પૂરો વાકેફ હતો, છતાં આ છોકરીની નિર્ભયતા નિહાળીને તો તે તેને ખાસ ધન્યવાદ દેવા લાગ્યો.

અકબર—તું મને ઓળખે છે?

લાજ૦—હા, તારૂં નામ અકબર છે. તુંજ અમારા ધર્મનો શત્રુ છે.

અકબર—તું આ રીતે "તુંકારા" થી મારી સાથે વાત કરી રહી છે તો તારા દિલમાં જરાએ ડર પેદા થાતો નથી?

લાજ૦—પ્રાણીને ડર માત્ર ત્યાંસુધીજ રહે છે, કે જ્યાંસુધી તે

જીવને વહાલો કરે છે. મારો પ્રાણ તો કયારનોએ નીકળી ચુકયો છે. હવે મને કોનો ડર છે?

અકબર—તને કેમ ખબર પડી કે તારો પતિ લડાઇમાં મરી ગયો છે? કદાચ બીને નાશી ગયો હશે તો?

લાજ૦—(હસીને) રાજપૂત કદિ લડાઇના મેદાનમાંથી નાસતાં નથી. એ તારી ભૂલ છે. મને પાકી ખાત્રી છે, કે મારા સ્વામી કદિ પણ ધર્મથી ચુકે એવા ન હતા.

અકબર—તમારાં લગ્ન થયેલાં છે?

લાજ૦—ના, મારી માત્ર સગાઈ થઇ હતી. લગ્ન થવાનો વખત આવે એટલામાં તો તેં ચિતોડ ઉપર ચડાઈ કરી દીધી.

અકબરને આ સાંભળીને વળી વધારે નવાઈ ઉપજી. તેણે કહ્યું, "હે પુણ્યવંતી! તો તે તારો પતિ નથી. હવે તું ઘેર જા અને બીજા કોઈની સાથે લગ્ન કરી સુખી થા એજ ઠીક છે."

આ સાંભળી લાજવન્તીને પગથી માથા સુધી ઝાળ ઉઠી. તેણે અકબરને ન કહેવાનાં વચનો કહી નાખ્યાં.

તે કન્યાનાં માર્મિક વચનો સાંભળતાની સાથેજ અકબર પાદશાહ શરમીંદા બની ગયા.તેમના દિલમાં પ્રથમથીજ તરેહ તરેહના વિચારો ઘોળાઇ રહ્યા હતા.તેમણે ઉત્તરમાં કહ્યું,કે "હું તારી અપકીર્તિ કરવા ચ્હાતો નથી; પરંતુ મને આશા નથી, કે આ મૃતદેહના ઢગલામાંથી તને તારા સ્વામીની લાશ હાથ આવી શકે. આમ છતાં તને ખાત્રી હોય તો જા, મડદાના ઢગમાંથી શોધી લે."

અકબરની આજ્ઞા થતાં જ સૈનિકોએ તેને બંધનમાંથી છૂટી કરી. તે નિર્દોશ રાજપૂતકન્યા તરતજ ચારે તરફ ઘુમવા લાગી. થોડીવારે એક નવયુવકની લાશ ઉઠાવી છાતી સાથે લગાવી દીધી. તેનો આગળનો ભાગ તરવારના ઘાથી ઘવાઈ ગયો હતો. તેની આંખોમાં આંસુનું નામ નિશાન ન હતું. તરતજ તેણે બીજી લાશોને આઘી કરી ફરતો માર્ગ કરી દીધો અને ખુદ પાદશાહને ત્યાંથી લાકડાં મંગાવી, ચિતા ખડકી દીધી. પછી

અત્યંત પ્રેમ અને પૂજ્ય ભાવથી તે મૃતદેહને ચિતા ઉપર ગોઠવી દીધો. ચાર પાંચ વાર પ્રદક્ષણા ફરી અગ્નિદાહ દીધો. થોડીવારે અગ્નિની પ્રચંડ જ્વાળાઓ નીકળવા લાગી કે તે સાથે એ બહુજ ઉત્સાહ પૂર્વક એક દેવીની માફક ચિતા ઉપર ગોઠવાઇ ગઈ. તેણે પોતાના પતિનું મસ્તક ખોળામાં લઈ લીધું અને મૌન તેમજ મહાન્ શીતળતાની સાથે જોત જોતામાં બળીને ભસ્મ થઇ ગઇ.

પાદશાહ અકબર અને તેના સૈનિકો આ બનાવ દિ-મૂઢની માફક જોતા ઉભા રહ્યા હતા. તેમના દિલમાં તે સમયે કેવા કેવા વિચારો ઘોળાતા હશે તે તો તેજ જાણી શકે, પરંતુ તેના ભસ્મ થઇ ગયા પછી હિંદુ જાતિની જીવનની અસારતા વિષેની અટલ શ્રદ્ધા અને શયળ ધર્મની પવિત્રતાને માટે અનેક પુરૂષો ધન્યવાદ દેવા લાગ્યા. વસ્તુતઃ તે જોહર કરનાર સ્ત્રીપુરૂષોમાં હિંદુધર્મની અનોખી શક્તિ હતી. એ સમસ્ત ઘટના જપ, તપ; ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની પ્રભાવશાલિની મૂર્તિ હતી. જો તેમનામાં એ ગુણ ન હોત તો તેઓ ખરા હિંદુ ન કહેવાત. ખરો હિંદુ તેજ છે, કે જે દેહાભિમાની નહિ, પરંતુ આત્માભિમાની એટલે આત્માનો રક્ષક છે અને જે દેહને અનિત્ય સમજે છે. એક સાચા ધર્મીષ્ઠ હિંદુની દૃષ્ટિમાં આત્મા અજરામર છે અને શરીર નાશવંત એટલે મૃત્યુને આધીન છે. આ કારણથી તેમની દૃષ્ટિમાં શરીર એ કંઇજ નથી. જે મરવાથી ડરે છે તે હિંદુ નથી–તે ભક્તિ, જ્ઞાન યોગ કે પ્રેમના તત્ત્વથી અજાણ છે. એક મહાત્માએ બરાબર જ કહ્યું છે, કેઃ—

> जब लग मरनेसे डरे, तब तक प्रेम नाहिं,
> बडी दूर है प्रेम घर, समज लेगो मन मोहि.

અંતમાં પરમ દયાળુ પરમાત્માને એજ પ્રાર્થના હો કે તે અમારામાં આ પ્રકારે નિર્ભય અને પવિત્ર આત્મારૂપે જાગ્રત બનો, અને પરિણામે એવી શુભ દૃષ્ટિ પ્રાપ્ત થાઓ કે જેને લઇને કઠણ વ્રત કે ઉગ્રમાં ઉગ્ર ત્યાગ કરી શકવા આપણે સમર્થ બનીએ.

ચુનીલાલ મૂ. ત્રિપડી.

ગુજરાતી સાહિત્યમાં નારીજીવનનું સ્થાન.

(અનુસન્ધાન ગયા અંકના પૃષ્ઠ ૫૧૫ થી.)

કળીકાળ.

આ સમયમાં દેશમાં મુસલમાનનો અમલ શરૂ થઇ ગયો. રાજકીય ઉથલપાથલની સાથે સામાજીક ઉથલપાથલ થઈ રહી. આ અવ્યવસ્થાથી કેટલાક વિચારમાં પડી ગયા કે આનું કારણ શું ? અને તેમણે કળીયુગ છે એમ નક્કી કર્યું. વિમળ પ્રબંધના કર્તા લાવણ્ય સમય તે સમયની સ્ત્રીઓ કળીયુગના પ્રભાવને લીધે સંયુક્ત કુટુંબને બદલે વિભક્ત કુટુંબના અભિપ્રાયની થઈ ગઇ હતી તેનું ચિત્ર નીચે પ્રમાણે આપે છે. સાક્ષર શ્રી ગોવર્ધનરામે સરસ્વતીચંદ્રના ચોથા ભાગમાં વિસમી સદીની શરૂઆતમાં વિભક્ત અને સંયુક્ત કુટુમ્બનો પ્રશ્ન ચર્ચ્યો છે. તે આ પ્રમાણે ૪૦૦ વર્ષ પહેલાં પણ તેવોજ જીવતો હતો. કવિ લખે છે:—

> ક્ષત્રિયેસે પરણ્યાને કાન, હાલી કહે અમારૂં માન;
> છોરૂ ધરી કુઆરાં સાત, કહીનું તાત ને કહીની માત.
> રહેતું હનિ ઘર ભરઇ, તે ખાંઈ સેહુ કાંઇ કરે;
> આપણ બે જણ કેરા વરો, માનો બોલ અમારો ખરો.
> માય બાપથી થાઓ જુઆ, ધન મેલીને ભરીએ કુંઆ;
> રાત દિવસ રળશું ઘર ભણી, કિસી વાત માવિત્ર તણી.
> લાછપીછ મજ પીહર તણાં, આણી ઘર ભરીશું ઘણાં;
> ડોટી ઓટી માની માન, મુજ પિહરની મોટી વાત.
> વહુવારનો બોલે કર્યો, બાપ બોલાવ્યો રીસે ભર્યો:
> કહો કાકા કરગરશી કરો, શું કહેશો તેડી નિઅરહુ.
> વેગે વચ્છ બોલે વાંકડું તુહી તણું ઘર છે સાંકડું;
> બેટો બોલે બાંગડ બોલ, વિનય ગયોને હવો નિખલ,
> મે નવ ચાલે ઘરનો ભાર, કરશું અમે અલગો વહેવાર;
> માય તાતના ઢંચ્યાં ગરાણુ, ટળ્યું પુત્ર તણું ઉપરાણુ.

મોટા પિયરની અભિમાની વહુવારૂ પરણ્યાને-પતિને જુદા થવા માટે ઉપર પ્રમાણે કહે છે તેથી માવિત્ર બિચારાં રાંકાગાર જેવાં થઈ ગયાં.

આ કળીયુગજ સર્વ અનર્થનું મૂળ છે એમ ત્યાર પછીના સર્વ કવિઓએ સામાજીક બાબતોપર ટિકા કરતાં લખ્યું છે. આપણાં સામાજીક અનર્થનું મૂળ આ ચિકિત્સા દોષ હતું. કુતરાનો સ્વભાવ છે કે તે પથરાને બચકાં ભરે છે, પણ પથરા મારનારને બચકાં ભરતો નથી. આપણે બુદ્ધિમાન પ્રાણી છતાં કાંઇક આવુંજ કાર્ય કર્યું. આપણા સામાજીક અનર્થોનું ખરૂં કારણ આપણા ખરાબ રીત રીવાજો ચાલુ રાખનાર આપણે પોતેજ છીએ. તેનાપર વ્યાજબી ટિકા કરવાને બદલે કવિઓએ કળિયુગ નામનાં ઓઠાપરજ પ્રહાર કર્યો છે.

પ્રેમાનંદ યુગનું સ્ત્રીજીવન.

પ્રેમાનંદ યુગના મુખ્ય કવિઓ ત્રણ: પ્રેમાનંદ, શામળ અને અખો. પ્રેમાનંદે મામેરામાં નાગર સ્ત્રીના સીમંતનું તથા ઓખાહરણમાં આપણી ઘણી ખરી ઉંચી નાતોમાં ચાલતા લગ્નનું ચિત્ર આપ્યું છે તેને વિમળ પ્રબંધની સાથે સરખાવતાં લાગે છે કે બે સદીમાં ગુજરાતી રીતરીવાજોમાં બહુ ઓછો ફેર પડ્યો છે. અને વળી હાલના રીતરીવાજો પણ તેના જેવાજ લગભગ છે એટલે આપણી સમાજની સંરક્ષકતાનો આ પરથી પુરો ખ્યાલ આવે છે. પ્રેમાનંદનાં આખ્યાનો જુના જમાનાની પૌરાણિક વસ્તુના આધારે લખાયાં છે પણ તેનાં પાત્રો ગુજરાતીજ છે. શામળનાં સ્ત્રીપાત્રો ગમે તે જ્ઞાતિમાં પરણે છે, ઘોડે બેસવું, શસ્ત્ર વાપરવાં, વગેરે મર્દાની કાર્યોમાં પાવરધાઇ મેળવે છે અને અનેક વિદ્યાવિશારદ છે. અખા ભગતની એક લીટી બહુજ જાણીતી છે.

"નાર નાનકડી, હતુ પ્રસુત, વળતી વાધે નહિ અદ્ભૂત."

આ એક લીટીમાં રહેલી Philosophic calm હૃદયને કંપુંગાર બનાવી દે તેવી છે. નાની વયની સ્ત્રીને પ્રસુતિ આવે તેના શરીરનો બાંધો બિલકુલ વધી શકતો નથી એ અત્યંત કરૂણા પૂર્ણ બિના તદન દરરેજ બનતા કુદરતી બનાવના જેવી અનિવાર્યતા બુદ્ધિથી સ્વીકારી લેવામાં આવે છે, તેવી રીતે અખા ભક્ત અહિં મુકી દે છે. આ પરથી દેખાશે કે સામાજીક જીવનને કેમ જાણે કોઇ દૈવી શક્તિ દોરતી હોય અને તેની સામે આપણે તો કાંઇ કરી શકીએ તેમજ નથી એમ લોકો સ્ત્રીઓને પતિ તરફનું દુઃખ લાગતું તો તેઓ નસીબનો–જોષમાનો દોષ કાઢતાં. કન્યાઓ સારો વર મળે તે માટે ગોર્યની પૂજા કરતી, એવું પ્રેમાનંદ ઓખાહરણમાં લખી ગયેલ છે.

" નમીને લાગે પાયે, ગોર્યને તેણી વાર,
માતા મુજને આપીએ, મનગમતો ભરથાર."

પણ ગોર્યમા સૌને સારો વર ન આપતાં તે સમયે કન્યા નીચે પ્રમાણે ગાતીઃ—

" ગોર્યમા ઘરડો રે ભરથાર કે આપ્યો મુજને રે લોલ;
ગોર્યમા ધિક કીધો અવતાર કે શું કહું તુજને રે લોલ. "

અહિંજ સુધારાવાળાઓમાં અને આ પૂર્વકાળના કવિઓમાં ભેદ દેખાય છે. તેઓ આ સર્વ અનાચારનું કારણ કળિયુગ અથવા દૈવ માને છે. માબાપનો દોષ ન કાઢતાં આ બાળા ગોર્યમાનો દોષ કાઢે છે. સિંહનું કે વાઘનું બલિદાન ક્યાંઈ અપાતું નથી પણ બિચારા બકરીબાઈના બેટાનુંજ બલિદાન સર્વ સ્થળે અપાય છે. તે પ્રમાણે વાઘ જેવી સમાજ કે સિંહ સિંહણ જેવાં હિંસક સ્વભાવનાં માબાપને બદલે બિચારી ગોર્યમાને માથેજ દોષનો ટોપલો ઢળે છે. સુધારા યુગ પછીની સુશિક્ષિત કન્યાને શું કરવું તેનો આગળ રસ્તો સુઝે છે, તે પાછળથી દૈવને દોષ દેતી બેસતી નથી. આગલ્યા જમાનાની કન્યા દૈવને દોષ દઇ લમણે હાથ દઈ બેસે છે તેમાં તે બિચારી કન્યાનો શો દોષ કાઢીએ ? આખી સમાજ જ્યાં નસીબવાદી હતી ત્યાં વ્યક્તિનું શું પૂછવું ?

* * * *

વલ્લભ કળીકાળના ગરબામાં લખે છેઃ–" વય વિના વનિતા વેષમાં હો બહુચરી ગર્ભજ ધરે અનેક. " હવે આનું કારણ કળીયુગ કહીને કવિ અટકે છે. પણ નરસિંહરાવ ભાઇ " હૃદયવીણા " માં " કુલમણી દાસીનો શાપ" એ કાવ્યમાં લખે છે તે પ્રમાણે કવિએ જો બાળસંયોગની પ્રથાની સખ્ત ઝાટકણી કાઢી હોત તો પ્રજાપર મહાન ઉપકાર થાત. નરસિંહરાવભાઇએ બાળસંયોગની રૂઢી રૂપી રાક્ષસી વિષે લખ્યું છેઃ—

" દાવાગ્નિ એહ દમશે બધી આર્ય ભૂમિ,
લેશે અનંત વર્ષો. તણું વૈર ધૂમી;
દેશે પ્રજાળી સહુ આર્ય પ્રજાની વાડી,
રહેશે પછી અધમતા તણી ઉંડી ખાડી.

ને આ પુરાણું રૂડી ભારતભૂમિ અંતે,
થાશે વિલુપ્ત ઇતિહાસ પટેથી સત્યે."

પણ પ્રારબ્ધવાદના પ્રાચીન જમાનાં, દૈવ, કાળ, નસીબ એનેજ સર્વ કાર્યનું કારણ માનવામાં આવતું. કૃષ્ણરામનો કળી કાળનો ગરબો તે જમાનાની બદીઓનો વિસ્તારથી ચિતાર આપે છે. તે જમાનાનાં સ્ત્રીજીવનનું પ્રતિબિંબ તેના કાવ્ય રૂપી આરસામાં આવી પડ્યું છે:

પતિવ્રતાની પેર નારી જનની નાઠી,
મેરદાઈ ગઈ મહેર, માનિનીઓ થઈ આડી

× × × ×

દશ એકાદશ બાર, વર્ષે ગર્ભને ધરતી.

× × × ×

થયા બામણા વેશ આડ હાથની સાડી,
લાજ રહી નહિ લેશ તરૂણી રૂડે ત્રાડી.

× × × ×

ઠરી ન બેસે ઠામ, ઘરો ઘરે અથડાતી.

× × × ×

જીભે ભરીયું ઝેર બકોર કરતી બોલે,
વરથી રાખે વેર ડાકણ સરખી ડોલે;
સાસુને કહે શોકય, વહુ સામું રહી વદતી,
પછી મૂકતી પોક, રાંક સરખી રડતી;
માને જો ભરથાર, સામું બોલે સડતું,
ખરો ધરીને ખાર, કુવે મુકે જઈ પડતું;
સાય પ્રાતઃ કાળ મુખ વાળીને રડતી,
લીંટ આંસુ ને લાળ દેઈ જીવોને નડતી:
છોડે ન વિણે ધોય તરત ન દેતી તડકા,
રસોઇમાં પણ હોય કોયલા કેરા કડકા.

આમાં કવિએ કેટલાકતો દોષો બરાબરજ ગણાવ્યા છે. તેમાં સ્ત્રીઓનોજ દોષ છે. પણ ધણી મારે ત્યારે સામું એને કવિ કળી કાળનો પ્રભાવ કહે છે તે વાંચી જરા વિચારમાં પડી જવાય છે. સત્યયુગમાં સ્ત્રીઓ ધણીનો માર સહન કરી લેતી હશે અથવા "આપના કોમળ પગને મને મારવાથી.

" નમીને લાગે પાયે, ગોર્યને તેણી વાર,
માતા મુજને આપીએ, મનગમતો ભરથાર."

પણ ગોર્યમા સૌને સારો વર ન આપતાં તે સમયે કન્યા નીચે પ્રમાણે ગાતી:—

" ગોર્યમા ધરડો રે ભરથાર કે આપ્યો મુજને રે લોલ;
ગોર્યમા ધિક કીધો અવતાર કે શું કહું તુજને રે લોલ."

અહિંજ સુધારાવાળાઓમાં અને આ પૂર્વકાળના કવિઓમાં ભેદ દેખાય છે. તેઓ આ સર્વ અનાચારનું કારણ કળિયુગ અથવા દૈવ માને છે. માબાપનો દોષ ન કાઢતાં આ બાળા ગોર્યમાનો દોષ કાઢે છે. સિંહનું કે વાઘનું બલિદાન ક્યાંઈ અપાતું નથી પણ બિચારા બકરીબાઈના એટલા-નુંજ બલિદાન સર્વ સ્થળે અપાય છે. તે પ્રમાણે વાઘ જેવી સમાજ કે સિંહ સિંહણ જેવાં હિંસક સ્વભાવનાં માબાપને બદલે બિચારી ગોર્યમાને માથેજ દોષનો ટોપલો ઢળે છે. સુધારા યુગ પછીની સુશિક્ષિત કન્યાને શું કરવું તેનો આગળ રસ્તો સુઝે છે, તે પાછળથી દૈવને દોષ દેતી બેસતી નથી. આગલ્યા જમાનાની કન્યા દૈવને દોષ દઇ લમણે હાથ દઈ બેસે છે તેમાં તે બિચારી કન્યાનો શો દોષ કાઢીએ ? આખી સમાજ જ્યાં નસીબ-વાદી હતી ત્યાં વ્યક્તિનું શું પૂછવું ?

* * * *

વલ્લભ કળીકાળના ગરબામાં લખે છેઃ-" વય વિના વનિતા વેષમાં હો બહુચરી ગર્ભજ ધરે અનેક." હવે આનું કારણ કળીયુગ કહીને કવિ અટકે છે. પણ નરસિંહરાવ ભાઇ "હૃદયવીણા" માં "કુલમણી દાસીનો શાપ" એ કાવ્યમાં લખે છે તે પ્રમાણે કવિએ જો બાળસંયોગની પ્રથાની સખ્ત ઝાટકણી કાઢી હોત તો પ્રજાપર મહાન ઉપકાર થાત. નરસિંહરાવભાઇએ બાળસંયોગની રૂઢી રૂપી રાક્ષસી વિષે લખ્યું છેઃ—

" દાવાગ્નિ એહ દમશે બધી આર્ય ભૂમિ,
લેશે અનંત પર્વો તણું વૈર ધૂમી;
દેશે પ્રજાળી સહુ આર્ય પ્રજાની વાડી,
રહેશે પછી અધમતા તણી ઉંડી ખાડી.

ને આ પુરાણું રૂડી ભારતભૂમિ અંતે,
થાશે વિલુપ્ત ઇતિહાસ પરેથી સત્યે."

પણ પ્રારબ્ધવાદના પ્રાચીન જમાના, દૈવ, કાળ, નસીબ એનેજ સર્વ કાર્યનું કારણ માનવામાં આવતું. કૃષ્ણરામનો કળી કાળનો ગરબો તે જમાનાની બદીઓનો વિસ્તારથી ચિતાર આપે છે. તે જમાનાના સ્ત્રીજીવનનું પ્રતિબિંબ તેના કાવ્ય રૂપી આરસામાં આવી પડયું છે.

પતિવ્રતાની પેર નારી જનની નાઠી,
મરદાઈ ગઈ મહેર, માનિનીયો થઈ માઠી

× × × ×

દશ એકાદશ બાર, વર્ષે ગર્ભને ધરતી.

× × × ×

થયા બામણા વેશ આઠ હાથની સાડી,
લાજ રહી નહિ લેશ તરૂણી રૂડે ત્રાડી.

× × × ×

ઠરી ન બેસે ઠામ, ઘરો ઘરે અથડાતી.

× × × ×

જીભે ભરીયું ઝેર બકાર કરતી બોલે,
વરથી રાખે વેર ડાકણ સરખી ડોલે;
સાસુને કહે શોકય, વહુ સામું રહી વદતી,
પછી મૂકતી પોક, રાંક સરખી રડતી;
માને જો ભરથાર, સામું બોલે સટતું,
ખરો ધરીને ખાર, કુવે મુકે જઈ પડતું;
સાયં પ્રાતઃ કાળ મુખ વાળીને રડતી,
લીંટ આંસુ ને લાળ દેઈ જીવોને નડતી;
કહ્યે ન વિણે શોધ તરત ન દેતી તડકા,
રસોઈમાં પણ હોય કોયલા કેરા કડકા.

આમાં કવિએ કેટલાકતો દોષો બરાબરજ ગણાવ્યા છે. તેમાં સ્ત્રીઆનોજ દોષ છે. પણ ધણી મારે ત્યારે સામું એને કવિ કળી કાળનો પ્રભાવ કહે છે તે વાંચી જરા વિચારમાં પડી જવાય છે. સત્યયુગમાં સ્ત્રીઓ ધણીનો માર સહન કરી લેતી હશે અથવા "આપના કોમળ પગને મને મારવાથી

વાગ્યું તો નથી ને ?" એમ બોલતી હશે તો તે સ્ત્રીઓની. તો મહતાજ ગણાતી હશે. પણ આવી નિર્દયતા વાપરનાર પુરૂષોને પણ સત્યયુગનાજ પુરૂષો શી રીતે ગણી શકાય? કદાચ સત્યયુગમાં પુરૂષો મારતાજ નહિ હોય. બનવા જોગ છે. તો પછી કળીયુગમાં મારનાર પુરૂષો થયા તો સામું બોલનાર સ્ત્રીઓ પણ થઇ. આમાં કવિ કેમ સામું બોલનાર સ્ત્રીની નિંદા કરવા તૈયાર થયા છે પણ મારનાર પતિને કાંઇજ કહેતા નથી ?

અંગ્રેજી યુગની શરૂઆત.

અંગ્રેજી યુગની શરૂઆતના ત્રણ મહાન લેખકોજ લઇશઃ—નર્મદાશંકર, દલપતરામ, નવલરામ. એ ત્રણેનાં કાવ્યોમાં શરૂઆતમાં નારીજીવનની દીન હીન દશા જોઈ શોકનાં અશ્રુ ટપકતાં દેખાય છે. નર્મદ કવિ લખે છેઃ—

"પછી શું કરવું હાલ, સ્ત્રીઓના જ્યાં આવા હાલ."

દલપતરામ ગાઈ ગયા છેઃ—

"ભાઈઓ જેની ભારજા ભુંડી રે પીડા તેને અંતરે ઉંડી."

અને નવલરામે કહ્યું છે—

"હા અબળાઓ હાયરે! હાલ છેજ હેવાન!
ખાવું પીવું ખેલવું એ ત્રણનુંજ જેને ભાન;
જ્યાં હેવાનજ હાલનો સબળો સુંદરી સાથ
ત્યાં જીવ્યાથી તો ભલું, ખરે મરણ નવલના એ નાથ."

અને આ સ્થિતિ સુધારવાનો એકજ ઉપાય તેમણે સૂચવ્યો છે તે "સ્ત્રીકેળવણી."

ગુણનું કજોડું.

સ્વર્ગસ્થ રણછોડભાઈ ઉદયરામે "લલિતા દુઃખ દર્શક નાટક" માં ભણેલી તથા સદ્‌ગુણી સ્ત્રી અને અભણ તથા ગુણહીણ પતિનું પ્રથમ ચિત્ર આપ્યું તેમાં તેઓ કરૂણ અંત લાવે છે. નંદન જેવા ગુણહીન પતિને પનારે પડેલી લલિતા છેવટે દુઃખી દુઃખી થઈને મરણ પામે છે. ગોવર્ધનરામભાઈએ ત્યાર પછી કુમુદનું ચિત્ર આપ્યું. પ્રમાદધન જેવા મૂર્ખ અને દુર્ગુણી પતિને વરેલી એ કમનસીબ વિદુષી બાળાને મારી નાંખતાં તેના જનક ગોવર્ધનરામભાઇનો જીવ ચાલતો નથી તેથી તેઓ નવોજ તોડ કાઢે છે. પેલા પામર પ્રમાદધનને તેઓ દરિયામાં ડુબાડી દે છે. પણ કાંઈ બધી કુમુદોના પ્રમાદધનો ડુબી મરતા નથી. ત્યારે શું કરવું ? તેનો જવાબ બન્ધુસમાજના સભ્યો, ખાસ કરીને ભોગિન્દ્રરાવની નવલકથાઓ અને વાર્તાઓમાંથી કદાચ મળશે. એવી પત્નીઓ પોતાના પતિઓને સુધારે છે.

મને બન્ધુસમાજનાં સભ્યો પ્રત્યે નાનપણથીજ માન છે. સ્વર્ગસ્થ ભાઈ ભોગિન્દ્રરાવની એક પણ નવલકથા—નાનામાં નાની વાર્તા પણ—હું વાંચ્યા વિના રહ્યો નથી, તો પણ મારે કહેવું જોઈએ કે હમેશાં એમ બનતું નથી. અનેક પ્રસંગોમાં એમ બનવું પણ અશક્ય છે. તેવા સમયે શું કરવું આનો જવાબ સ્વર્ગસ્થ ભાઇ રણજીતરામની એક વાર્તા આપે છે. શરૂઆતમાં તેમણે પણ પત્ની પતિને સુધારે છે એવી વાર્તાઓ લખી પણ તેથી તેમને સંતોષ ન થયો. એટલે તેમણે "સુપર્ણા" ની વાર્તા લખી. સુપર્ણા પતિને સુધારવાનો—ઉન્નત કરવાનો શરૂઆતમાં પ્રયત્ન કરે છે પણ તેમાં નિષ્ફળ નિવડતાં તે નિરાશ થઇ જતી નથી. તે ગૃહિણી તરીકેની ફરજો બજાવવા ઉપરાંત પોતાની સમાજસેવા અને દેશસેવાની બાહ્ય પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે. અને આમાં બહુ આશ્ચર્ય પામવા જેવું નથી. ઘણાએ વિદ્વાન પુરૂષો અભણ પત્નીઓ સાથે ગૃહ જીવન ગાળે છે અને સાહિત્ય, સમાજ, રાજકીય ક્ષેત્રોમાં યથેચ્છ ઘુમે છે. પણ કેટલાકને કદાચ આ નિર્ણય ન પણ રૂચે. તેમને માટે સ્વ. કવિ બોટાદકર "એક વેલને" નામનું કાવ્ય લખી ગયા છે. તેમાં ગુણહીણ થુવરને વરેલી ગુણયુક્ત વેલી કાંટા ખમવા છતાં મધુરાં પુષ્પો આપેજ જાય છે અને જેમ જેમ કાંટા ભોંકાય તેમ ઓર જ ખીલતી જાય છે.

હરસ, મસાથી પીડાતા દરદીઓને

હવે પીડાવાની જરૂર નથી.

મફત દવા મેળવી આરામ ભોગવો.

"ગમે એવા હઠીલા, દુઝતા, મસા મફત ત્રણ દિવસમાં કોઈ પણ જાતનાં દુઃખ દરદ વિના માત્ર દવાથી જ ખરી જાય છે."

તે માટે

દવા મફત આપવામાં આવે છે.

વધુ ખુલાસા માટે લખો યા મળો.

"ડૉ. પાઠક."

સ્ટેશન રોડ—મુઃ ડહાણુ.

(બી. બી. સી. આઈ. રેલ્વે.)

માતા અને તેનો પ્રેમભાવ.

[લખનાર–મીસ પીલાં ભીખાજી મકાતી.]

માતા એ શબ્દ કેળવણીનું બીજું નામ છે. માતા, એ એકજ શબ્દમાં શિક્ષણની આખી પદ્ધતિ સમાઇ ગએલી છે. સર્વ ગુરુમાં માતા એ પરમ ગુરુ છે. અને તેથીજ મહાભારતમાં કહ્યું છે કે " **नास्ति मातृ समो गुरुः** " માતાના જેવું શિક્ષણ બીજાથી આપી શકાતું નથી. હરબર્ટ સ્પેનસરના કહેવા મુજબ " એક સુશિક્ષિત માતા સો શિક્ષકની ગરજ સારે છે."

'માતા! એ મારી માતા!' આ શબ્દોમાં કુદરતીજ કેટલી મિઠાશ છે! મા શબ્દ બોલવાથી જાણે આપણે શુંય ખાધું હોય તેમ કેવું મોં ભરાઇ જાય છે! પોતાની માને દેખીને કયું બાળક તેનેભેટી નહિ પડે! પણ અફસોસ! મીઠી ને મધુરી તે માતા નહિ હોય ત્યારે? ત્યારે તો ખરેખર જેમ એક વહાણ સઢ વિના ખડક સાથે અથડાઈ નાશ પામે, તેમ તેની જણેતી મા વિના પ્યારૂં બાળક પણ નાશ જ પામે!

માતા, મીઠી મધુરી માતા એક સરસ શબ્દ કે શાબાશી બાળકોને આપે, યા સારૂં કાર્ય જોઈ તેને હેતથી પંપાળે, તે જોઇ તેનો હરખ માયો સમાતો નથી. માતાના પ્રેમભાવથી કેટલીક વાર બાળકપર એવી અસર થાય છે કે, તે બાળક ભવિષ્યમાં મહાન ચિત્રકાર, કવિરાજ, નિપુણ રાજદ્વારી કે પરદુઃખ ટાળનાર નીવડે છે. કેટલા બધા પ્રસિદ્ધ મનુષ્યો પોતાની માતાની મહોટાઈ, ભલપણું ને પ્રવિણપણા વગેરેના આભારી હોય છે? જગતમાં ઘણા મનુષ્યો પોતાના વિધવિધ સદ્‍ગુણોને માટે જનમંડળમાં ભારે પ્રતિષ્ઠા મેળવી પોતાનાં નામ અમર કરી ગયા છે. તેમની સુજ્ઞ માતાઓ તરફથી નાનપણમાં થયેલા ઉત્તમ સંસ્કારોનુંજ તે પરિણામ છે.

સઘળા દેશમાંનાં બાળકો મા એ શબ્દ પ્રથમ બોલે છે. આખી પ્રજાની ઘડનાર માત્ર માતા છે. મર્હુમ બેરામજી મલબારી લખે છે કે:— Wonan is the mother, the maker of the notion–માતા ભવિષ્યની પ્રજાની કર્તા છે. એટલે પ્રજાનાં લક્ષણ માતાથી જ બંધાય છે, થી મા એ દેશની સમગ્ર પ્રજાની પણ માતા છે. એક પ્રજાના ગુણ,

સ્વભાવ ને લક્ષણ ઉપરથી તેની માતાઓના ગુણ, સ્વભાવ ને લક્ષણ પ્રત્યક્ષ થાય છે. માતાની શક્તિ જેવી તેવી નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે, " જે હાથ પારણું હિંચોળે છે તે પૃથ્વીનું રાજ્ય ચલાવે છે. "

માતાના જેવો નિર્મળ પ્રેમભાવ વિશ્વમાં બીજો એકપણ નથી. એ પ્રેમની વ્યાખ્યા કે તેનું માપ યથાર્થ રીતે થઈ શકે તેમ નથી. માતાના નિર્મળ ને પુનીત પ્રેમ જેવો લ્હાવો જગતમાં બીજો કંઈ નથી! તેનો પ્રેમ ઇશ્વરથીજ માત્ર ઉતરે છે. અને તે માટે એક કવિરાજે લખ્યું છે કે—

" આપે જન્મ જગતને, પાળે પુરણ પ્રીત!
" એનાજ નામ આધારથી, કહાવે ઇશ્વરી અંબા ખચીત! "

જગતમાં માતાના જેવો પ્યાર એકેય નથી! માતા એકજ દૃષ્ટિથી એટલે વિશુદ્ધ સ્નેહથી સંતાન પ્રતી જુએ છે. બારીક રીતે તપાસતાં માતા પોતાના બાળક માટે જીવે છે. તે સંતાનનેજ પોતાનું સર્વસ્વ ગણતી હોવાથી તેનું હેત દિન પર દિન વધ્યુંજ જાય છે અને એ પ્રમાણેના બાળ પ્રત્યે પોતાના અથાગ પ્રેમ ને મમતાને લઇને આ ફાની દુનીયા ઉપર સંતાનને મીઠી વીરડી સમાન ગણીને તેણી આંખના દુર-વહાલાં બાલુડાંને સાથે લઇ ફરે છે. બાળ પર પ્રીતિ એ સ્ત્રીનું ભૂષણ છે.

એક મુરઘી ગમે એવી બીકણ છે, છતાં તેના બાળક મરઘાંને કોઇ છેડે છે, ત્યારે તેણી તે માણસ તરફ ધસી જાય છે. એક ગાય જેવું જનાવર ખેતરથી ચરી આવી પોતાનાં બાળને ચાટી પોતાનું વહાલ બતાવે છે! એક બિલાડી ને કુતરૂં પોતાના બાળને વહાલ બતાવવા પોતાના મોંમાં તેમને લઈ જાય છે. વાઘણ ને સિંહણ પણ પોતાના બાળકને કોઇ પકડવા આવે ત્યારે બેહદ ગુસ્સાથી તે માણસ તરફ ધસી આવે છે! એક ચકી જેવું નાનું પક્ષી પણ પોતાની ચાંચમાં ખોરાક એકઠો કરી બાળકને ખવાડે છે! આવી રીતે પ્રાણી માત્રમાં માતા તરીકે નારી જાતિનો એક ગુણ સમાયલો છે!

એક બાળક જ્યારે નાનું હોય, જે વખતે તેને કદિ ખાતાં તો આવતુંજ હોય નહિ, ત્યારે હાથમાં કોળીઓ ધરી તેને કોણ ખવાડતું! અહા! મારી માતા! માતા તુંજ મીઠી મધુરી માતા છે! જ્યારે હું ઉંઘમાં પડતું તે દેખીને કોણ ખુશી થતું? તેણી માત્ર તુંજ મારી મીઠી માતા હતી! અહા! મને ચાલતાં, બોલતાં, વગેરે રીતી ભાતીમાં કોણ સંપૂર્ણ રીતે કેળવતું! તે કોઈજ નહિ પણ કોમળમાં કોમળ ગણાતી ગુલાબનું ફુલ માતાજ હતી! બસ! બસ!! મારી માતા! તારા ઉપકારો મુજપર

એટલા બધાં છે કે, જેનો ઉપકાર હું કયમ કરી વાળીશ? તેમ કરવાની તો શું પણ વિચારવાની બી મને શક્તિ નથી! એક માતાના ઉપકારનું બ્યાન એવો કયો લેખક કે કવિ ચિતરી શકશે? અહા, મુજ મધુરી મીઠી માતા, મેવા ને ખાંડ કરતાં પણ અમૃત જેવી મીઠી માતા! તારો ઉપકારનું સંપૂર્ણ બ્યાન હું કદિણી ચિતરી શકીશ નહિ!

અમેરિકાના પ્રેસીડેન્ટને કોઇએ એક વાર કહ્યું કે "તમારા જેવા સુપુત્રને માટે તમારી માતાને ખરેખરી મુબારકબાદી ઘટે છે." ત્યારે તેણે તુરત જવાબ આપ્યો કે "એમ કરવાને બદલે તેના દીકરાનેજ મુબારકબાદી આપોની કે જેને એવી લાયક માતા મળેલી છે!" આપણા સુપ્રસિદ્ધ દેશભક્ત 'હિંદના દાદા' શેઠ દાદાભાઇ નવરોજીએ એક વેળા ભાષણમાં જણાવ્યું હતું કે "હું જે છું તે મારી માતાથી ઘડાયલો છું. મેં મારા જીવનમાં જે ઉત્સાહ, આગ્રહ, સતત ઉદ્યોગ, આત્મ-સંયમ ને નિયમિતપણું વગેરે ગુણો પ્રાપ્ત કર્યા છે, તે સર્વ ગુણોની સ્થાપનાર એકજ જગતમાં છે, જે મારી માતા છે." શેઠ દાદાભાઈના આ શબ્દોને માતાએ હમેશાં ધ્યાનમાં રાખવા લાયક છે. પોતાના સંતાનને બાળ વયમાંજ યોગ્ય કેળવણી સંપાદન કરાવવી હોય તો તેની અસર માત્ર ઘરમાંજ નહિ, પણ મહોલ્લા ને દેશમાંબી થશે. મતલબ કે બાળ કેળવણીનો બધો આધાર માત્ર માતા ઉપરજ છે. "સુશિક્ષિત માતા એ સૃષ્ટિનું અમૂલ્ય રત્ન છે; રત્નની ખાણ છે; વળી તે એક દેવી છે, તથા અદ્ભુત શક્તિ છે." માતા જ બાળકનું ભવિષ્ય સુધારનાર છે. બાળક ભવિષ્યમાં સારૂં કે ખરાબ નીકળે એનો આધાર માતાને શીર છે.

એક બાળક પિતા પાસે ગણિત ગણવા બેસે. કવચિત્ દાખલો ન આવડયો તો ક્રૂરપણે એક તમાચો તેનો પિતા મારે છે; ત્યારે તે બાળ રડતું રડતું માતા પાસ આવે છે. માતા બાળકને રડતું દેખી પોતાના પાસમાં ખેચી તેને પટાવે છે; માયાથી તેને છાનું રાખી ગણિત શીખવે છે. શું આ ચિત્ર તમો વાંચકે કદિ જોયું નથી? માતામાં પ્રેમ ને નરમાશ કુદરતીજ છે.

"એક માતા પોતાનાં નાનાં બચ્ચાંને બહાદુર થવાને, દૃઢ થવાને, અને વફાદાર,—વફાદાર આદમ જાતને, ઈશ્વરને અને દેશને—થતાં શીખવી શકે, એથી વધુ કોઈપણ મદદ કરી શકે નહિ."

કેટલીક માતાઓના પ્રેમને ગાંડા પ્રેમ નામે કહે છે, તે ધીક્કારવાને છે. નારિ જાતિ કે મરદ જાતિ બંનેનો પ્રેમ એકજ વહેતા ઝરાના પાણીરૂપ છે; કારણ પવિત્ર પ્યાર એ પરમેશ્વર છે. ખુદ ઈશ્વર પ્યારમાંજ

વસે છે, તો સ્ત્રીના બાળક પ્રત્યેના પ્રેમને ઘેલાપણું કેમ કહી શકાય? આ અવનિમાં માતા સરખું અનન્ય પ્યાર ને સંભાળ રાખનારૂં બીજું કોઇ નથી. જગતમાં તમામ ચીજ મળી શકે; પણ મા! મા જેવો પ્યાર ને મા જેવી વસ્તુ કેથેઅી મળી શકશે નહિ! ઓ મારા-માતા વિનાનાં પ્રિય બાળકો! તમો અજ્ઞાની હોવાના સબબે તમારી જનેતા માતાને સઘળે શોધો છો. તમને શી ખબર કે તમારી માતા સ્વર્ગમાં હશે? પ્રિય વાંચકો! તમે એક માતા વિનાનાં બાળુડાને જોયું છે? અહા! તે એક બીજા બાળકને પોતાની માતાની સોડમાં દબાઇને રમતાં જોઈ કેવું રડતું હશે? અફસોસ! નિરાધાર બાળકો! તમારી માતા જ ન હોય એટલે તમને કેવી રીતે ચેન પડી શકે?

જે બાળુડાની માતા બાલ્યાવસ્થામાં જ મરણ પામી હોય તે બિચારાને પોતાની માતાનો પ્યાર કેટલો અગાધ તથા અવર્ણ્ય હોય છે તેનો વાસ્તવિક ખ્યાલ સ્વપ્ને પણ આવી શકતો નથી. જે બાળકની માતા નાનપણમાંજ મરણ પામી હોય, તે માતાના નિખાલસ પ્યારમાં ખરેખર નિર્ભાગી ને દયાને પાત્ર છે. એક માતા વિનાના બાળકને તમે રડતું કદિ જોયું છે? અહો! તેની આંખમાંથી માતાના પ્રેમનાં આંસુ કેવાં ખરી પડે છે? કદાચ બાપે બીજી બૈરી કરી હોય, પણ શું તેણી સગી માતાના જેવો પ્રેમભાવ તે બાળક તરફ રાખશે? કદિ નહિ!

માતા ને બાપના પ્રેમમાં કેટલો તફાવત છે તે તમો શાથી જોઈ શકશો? માતા ને બાપ એ બેમાં પણ નિઃસ્વાર્થ તથા નિરંતર પ્રેમ રાખવામાં માતા પ્રથમ પંકિત ધરાવે છે, કેમકે પિતા કરતાં માતાનો પ્રેમભાવ કુદરતી રીતે વિશેષ હોય છે. પોતાના બાળકના સુખ અર્થે તેણી પોતાના જીવ પર કષ્ટ વેઠી, કવચીત મેણાં ટોણાં બી ખાય છે, કેટલીકવાર પોતાના ભરથારના ગુસ્સાની બી ભોગ થઈ પડે છે, પણ તે સઘળું કોને ખાતર! માત્ર નવ માસ જે દાગીનાને તેણીએ પેટમાં રાખી મૂકી છેવટે આ જગતમાં જન્મ આપ્યો તે દાગીના-બાળક માટે!

જગતમાં એવું કયું બાળક નહિ હોય, જે પોતાની મીઠી મધુરી માતાને છેલ્લી આરામગાહ પર નિંદ્રામાં પડેલી જોઈ આંસુ નહિ પાડે? એક એવી માયાળુ માતા કઈ નહિ હોય, જે પોતાના નાના બાળકના મરણના વિયોગ માટે, ઝારઝાર રડતી નહિ હોય! પણ અફસોસ! જીંદગીની જોતનો પ્રેમાળ મુખડો કરમાઈ જવાથી તેઓ શું કરી શકે? ઓ માતા! તારો પ્રેમ હું શી રીતે સાબીત કરી શકું? ખરેખર! સ્ત્રીને એક દેવી ફીરસ્તો ગણેલો છે તે ખોટું નથીજ! જેમ એક પ્રકાશીત

નારો અંધારી રાત્રીએ મનુષ્યોને તેજ આપી ખાડા ખાબોચીયાથી બચાવે છે, તેમ એક સ્ત્રી જેનું રૂપાન્તર એક કાચ કરતાંભી નિર્મળ છે, તે નિર્મળ રૂપાન્તરથી પોતાના બાળકને અનીતિમાંથી નીતિમાં આણે છે.

નાના બાળકને ઉછેરી મોટાં કરવાનો જોખમ જેટલો માતા ઉઠાવી શકે, તેટલોજ બાપ કે બીજું કોઇ પણ ઉપાડી શકે નહિ ! તેણી પોતાના બાળકને ઉછેરવામાં તેમજ તેનું જતન કરવામાં જે કંઇ સહન કરવું પડે તે ખુશીથી–હોંશથી સહન કરી શકે છે, ને જરા બી કંટાળતી નથી. વળી પૈસા સબંધી સ્થિતિ તેમની ખરાબ હોય, ને કમાનાર પુરૂષ ન હોય છતાં મા દળી ભરડીને યા ગમે તેમ વૈતરૂં કરીને પુરૂં કરે છે; પણ તે કોને ખાતર ! માત્ર પોતાના બાળક પ્રત્યેના પ્રેમભાવને ખાતર !

પોતાને કંઇ સારી ચીજ ખાવાની મળી હોય તો તેણી પોતે ન ખાતાં પોતાના બાળકને ખવાડી પોતે સંતોષ માને છે. ઘરમાં પુરતું ખાવાનું ન હોય, તો તે થોડી ઘણી ભૂખ વેઠે છે, ને પોતાના પ્રાણ સમાન સંતાનને ખવાડે છે. માતાના આવા અથાગ પ્રેમને માટેજ આપણામાં એક કહેતી રહી છે કે **"ઘોડે ચડતો બાપ મરજો, પણ રેંટીઓ કાંતતી મા મરશો નહિ."** અથવા **"માય તે માયા ને બાપ તે ખાટલાના પાયા"** કેમકે માતાની જગા ખાલી પડવે બીજાં કોઇથી તે પુરી શકાતી નથી.

બાળક ભવિષ્યમાં કંઇબી ઉત્તમ કાર્ય કરી બતાવે, તો તેમાં માત પોતાને પણ યશ ઘટે છે. જ્યારેબી કોઈ બાળક કંઇ નામના કરી બતાવે છે, ત્યારે લોકો સામટાં પુકારી ઉઠે છે કે "રંગ છે એની માને !" આવી રીતે વખાણવા યોગ્ય કામને માટે તે એકલાનેજ શાબાશી આપતાં નથી, પણ માતાનેબી આપે છે. એનું કારણ ત્યારે શું ? કારણ એજ છે કે જો તેની માતાએ તેના હૃદયના એવા ઉત્તમ ગુણના અંકુરને નાનપણથી જોઇતું પોષણ આપી પુષ્ટ કર્યું ન હોત તો પરિણામે આવું કાર્ય કરવાને તે બાળ સમર્થવાન થતે નહિ ! આપણાં બાળકો કરતાં ઇંગ્લાંડનાં બાળકોની બુદ્ધિ તેજસ્વી છે, જે તેમની માતાના વાતાવરણનોજ પ્રતાપ સમજવો.

અમેરિકાના સંયુક્ત સંસ્થાનમાં ત્યાંના પ્રજાસત્તાક રાજ્યનો જોન એડમ્સ મે એક મોટો પ્રમુખ થઇ ગયો છે. એક વળા તે બોસ્ટન શહેરમાં આવેલી કન્યાશાળાની પરીક્ષા લેવા ગયો હતો. જતી વેળા ત્યાંની બાળકીઓએ તેને માનપત્ર આપ્યું. તેનો જવાબ વાળતાં તેણે વધારામાં જણાવ્યું કે, માણસ જ્યારે બાલ્યાવસ્થામાં હોય ત્યારે તેને પ્રથમ તો ...ા જોઇએ; ને તે માતા પોતાના બાળકનાં લક્ષણ ઘડવાને કાળજી-

વાળી ને સમર્થ હોવી જોઈએ, કારણ સારી ટેવો એ મુક્તાફળનો હાર છે. જ્યાં સ્ત્રીઓને કેળવણી અપાય છે, ત્યાંનાં બાળકો ઊંચક દરજ્જે કેળવાયલાં જોવામાં આવે છે. કારણ મહાન યોદ્ધા, શોધક, કે પવિત્ર પુરૂષને પારણામાં ઝુલાવનારી સ્ત્રી જાતિજ છે. એ દુર્લભ સુખ મારા નસીબમાં હતું. મારી લાંબી જીંદગીમાં જે ધર્મનો બોધ ને નીતિ નેકીની મારાપર જે અસર કરી રહ્યાં છે, તે મને મારી માતાએજ આપ્યાં છે. હું એમ નથી કહેવા માગતો કે, તે સઘળું મારામાં સંપૂર્ણ રીતે કે જોઈએ તેવું છે; પણ એટલું તો ખરૂં, કે જે જનેતાને હું ભક્તિ–ભાવથી સંભારૂં છું, તે જનેતાને ન્યાય આપવાને ખાતર મારે અત્રે કબુલવું જોઈએ કે મારા જીવનમાં હાલ જે કાંઇ દોષ છે તેમાં મારી માતાને દોષ આપવો નહિ. મને પોતાનેજ તેનો દોષ આપજો, તેને મારી પોતાની જ ખામી જાણજો."

કોઇ બાળક નકામી હઠ લઈને રડતું હોય, કકળતું હોય, તો તે જોઇ માતાનું કાળજું કોરાઈ જાય છે, ને તેનાં આંસુ અટકાવવા પોતાના મનની નિર્બળતા બતાવી પોતાના સંતાનને છાતી સાથે પ્રેમથી ચાંપે છે. તે બાળકની જ મરજીને આધીન થઇ તે જેમ કહે છે તેમ કરે છે, ને ઉલટી તેને વહાલથી રમાડે છે.

કોઇ સહેજ કઠણ છાતીવાળી માતા, એવે પ્રસંગે જ્યારે તે તોફાન કરે ત્યારે બાળકને શરીરની શિક્ષા કરે છે. પરંતુ તેમ કર્યા પછી થોડીજ વારે તેને વહાલથી રમાડવા દોડી જાય છે. પ્યારની તીવ્ર લાગણીથી તે પોતે પણ બાળકની સાથે રડવા લાગે છે!

બાળકોના અપરાધ માતાને મનથી તો નજીવા લાગે છે, પણ બાળક માટે તે ઘણાં મોટા કહેવાય છે. કારણ કે " વહાલ હોય તો સોનાનો કોળીઓ ખવાડીએ; પણ વાંક હોય તો કુવે ચોંટી દઇએ. " એ કહેતી અજાણી નથી. છતાં માતાનો પ્રેમ–તેણીની દયા, તેણીની નિખાલસ મહેનત ને મમતાને લીધે બાળકના ગુનાહને પણ તેણી નિર્દોષજ માને છે. આ સઘળાનું પરિપૂર્ણ પરિણામ તપાસશો તો તમને માતાના પ્રેમભાવની ખૂબી જણાશે! સઘળી ચીજની હદ છે; તેમ ખામોશ. મહોબ્બત ને માતાના બાળક પ્રત્યેના પ્રેમનેથી હદ હોવીજ જોઇએ. પણ માતાઓના પ્યારના સંબંધમાં તેની હદજ નથી!

બાળક, એ ખરેખર પ્યારની પ્રત્યક્ષ મૂર્ત્તિ છે, તે આનંદનો અખૂટ ઝરો છે, ઘરનું તે બેમુલ રત્ન છે. બચ્ચું, માતાની એક મોઝ છે, મગરૂરી છે, દોલત છે, દુનીયા છે, ઉમેદ છે, દિલાસો છે, વિશ્રામ ને સુખ સંતોષ-સ્થાન છે, તેમજ ભવિષ્યનો અનન્ય આધાર છે!

સાસુને પત્ર.

માતૃતુલ્ય વ્હાલાં ગં૦ સ્વ૦ ધનકોર બા !

આપે આપની પુત્રીનો મારી સાથે સંબંધ જોડી મને આપનો જમાઈ બનવાને ભાગ્યશાળી બનાવ્યાનું મેં મારાં વડીલોદ્વારા જાણ્યું. પત્ર લખવાનું સાહસ કરવું તે વડીલોની દૃષ્ટિએ અનુચિત તો છે, છતાં આ પત્ર લખી મારે મારા હૃદયને આપની આગળ ખુલ્લું કરવાની આવશ્યકતા છે. કેમકે મારા વિચારો ઉપર ભવિષ્યનાં કેટલાંક કામનો આધાર રહે છે. એમ છતાં હું શરમમાં રહી મુંગે મોઢે બેસી રહું ને બીજાં કહે તેજ પ્રમાણે કબુલ રાખું એ કેમ બને ?

પ્રથમ તો મારે આપનો ઉપકાર માનવો જોઇએ કે આપે મને કેળવાએલ કન્યા રત્ન આપી મારા જીવનને મારા ધારવા પ્રમાણે ઉન્નત કરવાનો માર્ગ સરળ કરી આપ્યો છે, તથા કેટલીક મહેચ્છાઓ થોડીજ મહેનતે પાર પાડી તેનાં સારાં ફળ ચાખવાના અનુકૂળ સંજોગો મેળવી આપ્યા છે.

આપ કેળવાએલ હોઇ એ કેળવણીના ઉચ્ચ સંસ્કારો પોતાનાં બાળકોમાં પાડવા જે પ્રયત્નો કર્યાં છે ને કરો છો તે સર્વથા યોગ્યજ ગણાય.

આપ દરરોજ રાત્રીના વખતમાં કન્યાઓને અનુકૂળ દૃષ્ટાંતો આપી ભવિષ્યની માતાઓમાં ઉચ્ચ સંસ્કારોની છાપ પાડો છો; એટલુંજ નહિ પણ સાંસારિક જ્ઞાનથી પણ તેમને વિમુખ રાખતાં નથી. આવી આવી સુધારણાની બાબતો વિષે સાંભળતાં મને એમ થાય છે કે પ્રભો ! હિન્દમાં આવીજ માતાઓ ઉત્પન્ન કરજે કે જેથી ભવિષ્યનાં બાળકોનાં જીવન સુખમય બને, એટલુંજ નહિ પણ સદ્ભાવના વાળાં બાળકોમાંથી નરવીરો તથા સન્નારીઓ પેદા થતાં દેશની પણ દુર્દશા દૂર થાય.

મેં એમ પણ સાંભળ્યું છે કે આપ આવતા શિઆળામાંજ અમારાં લગ્ન કરવાનાં છો. તો તે સંબંધે બે બોલ કહેવાની રજા લઉં છું.

આપને સમજાવવાની જરૂર હોય તેવું લાગતું નથી. દેશની કંગાલીઅત અને હજારોનો ભૂખમરો એ શાને લીધે છે ? વિદેશી વસ્ત્ર તથા ચીજોના વપરાશથી આપણા દેશના હુન્નરઉદ્યોગને ધક્કો પહોંચતાં કેટલાએ

નાશ પામ્યા છે, અને આપણે તેથી પરાવલંબી જીવન ગાળતા થઈ ગયા છીએ. આપણે ત્યાંથી રૂ તૈયાર થઈ વિલાયત જાય, અને તેમાંથી લુગડાં વણાઈ આવે એ આપણે અનેક ગણી કીમતે ખરીદીને પહેરીએ! આ શું ઓછી પરતંત્રતા સૂચવે છે? અગાઉ આપણા દેશમાં સારામાં સારૂં–ઝીણામાં ઝીણું કાપડ હજારો લોકો હાથે કાંતી–વણીને પહેરતા અને એમાંજ પોતાની શોભા તથા ગૌરવ માનતા. આ બધું ક્યાં ને શી રીતે ગયું? એનો ઇતિહાસ તપાસો. આપણને 'પારકું એટલું સારૂં' એવો મોહ ઉત્પન્ન થયો, અને એ વિદેશીય મોહના પરિણામેજ આપણે આપણું નત્ત્વ ગુમાવી બેઠા. અને દેશને અસારની સ્થિતિમાં પરવશતાની બેડીમાં સપડાવી દીધો.

જ્યારે જ્યારે દેશ પાયમાલીની સ્થિતિએ પહોંચે છે, ત્યારે ત્યારે કોઈ મહાન્ વ્યક્તિ દેશોદયને અર્થે જન્મ ધારણ કરે છે, ને દેશની એ સ્થિતિ દૂર કરે છે. તે મુજબ અત્યારે પણ એવા એક અવતારી પુરુષનો જન્મ થયો છે. તે પુરુષે આખા દેશમાં બેરવરાંખ ફૂંક્યો છે. દેશની નિદ્રા તજાવી દરેકને જાગ્રત કર્યા છે, ને સ્વદેશીના મહામંત્ર ફૂંકી દેશોદ્ધાર કરવાનું સરળ સાધન બતાવી દીધું છે. છતાં એવો કયો પુરુષ હશે કે કુંભકર્ણના જેવી ઘોર નિદ્રાનો ત્યાગ ન કરતાં તેની તેજ સ્થિતિમાં પડ્યો રહેશે? વિદેશીના મોહમાં મોહાંધ બની પરવશતાની બેડીમાં જકડાએલો કયો આત્મા એવો હશે કે જેને આ મહામંત્ર અરુચિકર થઇ પડશે!

એ મહાત્મા પુરુષના મહામંત્રને માન આપવા ખાતરજ નહિ પણ આપણાજ પોતાના ભલાને ખાતર આપણે આપણો સત્ય ધર્મ સમજી લેવો જોઇએ. એ ધર્મ એજ છે કે આપણે જેમ બને તેમ હાથે કંતાએલા ને વણેલા કાપડનેજ ઉત્તેજન આપવું જોઇએ, ને આપણે તે કાપડથીજ સર્વાંગ શોભાવવાં જોઇએ.

આપના જેવાં દરરોજ એક કલાક કાંતી ન શકે? જો આપ પોતેજ કાંતવાનું કામ ઉત્સાહપૂર્વક કરતાં રહો તો પછી આપની સ્કૂલની બાળાઓ પણ તે કામ કેમ હોંસબર ન કરે? આપ દરરોજ કલાક પ્રમાણે કાંતતાં એક વર્ષમાં કેટલું કાંતી શકો તેનો અંદાજ કાઢો. નક્કી ખાત્રી થશે કે આપ આપના નાના કુટુંબને જોઇતાં સર્વ વસ્ત્રો જેટલું સૂતર સ્વહસ્તેજ પેદા કરી શકો તેમ છો. આ પ્રમાણે બીજી બાળાઓને તે શિક્ષણ આપી એક મહત્ પુણ્યનું કાર્ય કરશો એ પણ ભૂલવું ન જોઇએ. એ પ્રમાણે કરવું એ એક પ્રકારનું વ્યાવહારિક શિક્ષણ જ છે.

દેશી વસ્ત્રો વાપરવાં એ ધર્મ છે, એમ સમજ્યા છતાં પણ આપણે વિદેશીનો મોહ તજી ન શકીએ, એ શું આપણી નિર્લજ્જતા નથી સૂચવતી?

ઘણાએ ખાદીધારી પુરૂષો-કહો કે એક જાતના વેષધારીઓ-પોતાની વહુ દીકરીઓને આછી આછી, ઝીણી તેમ રંગ બેરંગી મનોહર વિદેશી સાડીઓથી તથા અન્ય વસ્ત્રોથી આચ્છાદિત રાખવાનું તજી શક્તા નથી. આવા માણસો પોતાનાં બાળકોના કુમળા મગજમાં કેવા વિચિત્ર સંસ્કાર પાડે છે તે ભૂલી જાય છે! પરિણામ એ આવે છે કે બાળકો પણ મોટાં થતાં દાંભિકબને છે. લોકો પ્રત્યે દેખાડવા સારૂ કંઇ વર્તન રાખે અને અંદરખાનેથી કંઇ વર્તન રાખે. આથી તો દેશની ને સમાજની અધોગતિ મટવાનીજ નહિ.

મારો તો એવોજ દૃઢ નિશ્ચય છે કે પવિત્ર ગણાતા પોતાના હાથે કંતાએલા સુતરમાંથી હાથે વણાએલાં વસ્ત્રોમાંજ વરકન્યાનો હસ્તમેળાપ થવો જોઇએ. સર્વત્ર તેજ વસ્ત્રોનો ઉપયોગ થવો જોઇએ.

અમારાં લગ્ન પણ આ પ્રમાણેજ થવાનાં એમ હું દૃઢતા પૂર્વક માનું છું. આપને આ સ્તુત્યજ લાગશે. અથવા તો જ્યાં સુધી આ કાર્ય વિષેની આપને હું પાકી ખાત્રી નહિ કરાવી શકું ત્યાં સુધી હું આપની કન્યાનું પાણિ ગ્રહણ જ કરી શકવાનો નથી. આ કાર્યમાં જો કોઇને માઠું લાગે તો તેમણે તે પ્રસંગે દૂર રહેવુંજ બહેતર છે. મને તો પૂર્ણ શ્રદ્ધા છે કે આવી મળેલી સારી તકનો યોગ્ય લાભ લઇ જ્ઞાનિમાં સારૂં દૃષ્ટાંત આપવાનો યશ લેવા ચુકશો નહિ.

આ લગ્નની પહેરામણી પણ સ્વદેશી વસ્ત્રોમાંજ થવી જોઇએ. એમ મારી માગણી છે. મને પાઘડીને બદલે સાદો એવો ખાદીનો ફેંટો, ધોતીયું પણ ખાદીનુંજ સારૂં લાગશે. જેઓ ખાદીનાં વસ્ત્રો લેતાં કે પહેરતાં શરમાય જેમણે પ્રથમથીજ દૂર રહેવું, એવી મારી નમ્ર વિનતિ છે.

આપ એમ કહેશો કે ખાદીનાં વસ્ત્રો હજી પૂરતાં ક્યાં મળે છે? તેના જવાબમાં કહેવાનું કે તે માત્ર બહાનુંજ છે. ખાદીનાં વસ્ત્રો હાલ ઘણે ઠેકાણે મળે છે. જો કે કંઇક મોંઘાં તો છે, તોપણ સાડીઓ-વિદેશી સાડીઓ-જેટલાં મોંઘાં નથી, છતાં ટકાઉ તેનાથી વિશેષ છે. એકંદરે ફાયદો જ છે. દેશનો પૈસો દેશમાંજ રહે છે, ને તમામને એક સરખો રોજગાર મળતાં દરિદ્રતા દૂર જતી રહે છે. એટલુંજ નહિ પણ સ્વદેશી વસ્ત્ર પરિધાન થી માનસિક ભાવનાની પણ શુદ્ધિ થાય છે.

હવે તો આપ મારા હૃદયને પૂરેપૂરૂં ઓળખી શક્યા હશો. તેથી છેવટે જણાવું છું કે જ્યાં સુધી ઉપરની યોજના અમલમાં નહિ આવી શકે ત્યાં સુધી અમે પવિત્ર ગણાતી લગ્નગ્રંથિથી જોડાઇ શકવાનાં નથી.

લી૦ આપનો સુરેન્દ્ર.

વિપિન.

પુત્રવધૂને સસરાનો પત્ર.

પરમ ભાગ્યવંતાં શ્રી કમળાદેવી !

તમારા સુભાગ્યે ભાગ્યશાળી ગણાતા તમારા સસરાના શુભાશીર્વાદ પૂર્વક જય શ્રીહરિ. ઇશ્વર કૃપાથી તમે પુત્રરત્નને જન્મ આપ્યો છે, તે જાણી અપાર આનંદ થયો છે. તમારાં ભલાં સાસુ તો તમારી સેવામાંજ છે એટલે તેમના આનંદનો પાર નહિ હોય. સુવાવડ સારી રીતે થઈ અને ત્યાર પછી ઘણું કરીને ગાયના દૂધ ઉપર તમે રહો છો તેથી તંદુરસ્તી ઘણીજ સારી રહે છે, અને પુરતું ધાવણ આવે છે; તે જાણીને તો વળી ઘણોજ આનંદ થયો. તમે સ્ત્રી ઉપયોગી અનેક પુસ્તકો વાંચ્યાં છે, તેનુંજ આ સુંદર પરિણામ છે.

હવે બાળકના રક્ષણને માટે થોડીક સૂચનાઓ કરું છું તે આચારમાં મૂકી આનંદ આપતાં રહેશો.

૧ બાળકને વારંવાર ધવરાવશો નહિ. ખરી ભૂખ ક્યારે લાગે તે તમે જાણોછો. અજ્ઞાન સ્ત્રીઓ તો બાળક રડે કે ધવરાવવા બેસે છે. ખરૂં જોતાં રડવાનું ખરેખરૂં કારણ ખોળી કાઢવું એમાં માતાની ચતુરાઇ છે.

૨ બાળકને દરરોજ ઝાડો સાફ આવવો જોઇએ. જરૂર પડે તો થોડું થોડું દીવેલ એકાંતરાં આપતાં રહેજો. તે આપતાં તમને આવડે છે.

૩ દરરોજ એકવાર ઘરમાં હુંફાળા પાણીથી નવરાવજો. બાળકના નરમ શરીરને ધીમેથી ચોળજો. ને તેના સાંધામાં મેલ, પરસેવો, ધાવણ ભરાઇ રહેશે તો કહોવારો થશે, ને બાળક હેરાન નશે.

૪ બાળકને સારી રીતે ઉંઘ આવવા માટે તાજી હવા, સ્વચ્છ કપડાં, મધુર હાલરડાં, મચ્છરદાની અને પારણાનો લાભ આપજો.

૫ નાનાં બાળકની આંખો ઘણીવાર બગડે છે, ને કાંતો સંસર્ગ, મેલાં કપડાં, મેલા હાથ કે ધૂળથી તેમાં ઉમેરો થાય છે. માતા અને બાળકના હાથ સારી રીતે સ્વચ્છ કરવા જોઇએ, અને હુંફાળા પાણીથી આંખને ધોઈ જરૂર લાગે ત્યારે બોરીકનાં થોડાં ટીપાં નાખજો.

હવે થોડીક સૂચના તમને આપી આ પત્ર બંધ કરીશ.

બ્રહ્મચર્ય એ તમારા અને બાળકના હિતને માટે આવશ્યક છે. જ્યાં સુધી બાળક ધાવણું હોય. ત્યાં સુધી સ્ત્રીને બાળકની માતા સમજી તેના પ્રતિ માન અને ઉદારતાથી વર્તવાનું સુજ્ઞ પતિ કદીએ ચૂકતા નથી. એક ભાગ્યશાળી દંપતિ વિષે મેં એમ જાણ્યું છે કે જ્યાં સુધી બાળક બહાર ફરતું હરતું નો થાય ત્યાં સુધી તેની માતાને બીજી પ્રજાની ચીંતા કરવાનો પ્રસંગ જ આવતો નથી. મતલબ કે બાળક નિદાન ૨–૨॥ વર્ષનું થાય ત્યાં સુધી સ્ત્રીપુરૂષ બેઉ શિયળવ્રત પાળી પવિત્ર રહે છે.

પ્રભુ તમારૂં અને બાળકનું રક્ષણ કરો.

તૈયાર છે ! તૈયાર છે !

પાકશાસ્ત્ર

લેખકઃ—

ગં. સ્વ લલિતાગૌરી શામરાવ

તથા

ગં. સ્વ. નિમલાગૌરી મગનલાલ

કિમ્મત રૂ. ૩—૦—૦

મળવાનું ઠેકાણું:—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

મુંબાઇ; પોસ્ટ નંબર.૨

હીસ્ટિરિયાથી ગભરાશો માં !

તેનો ઇલાજ વાયુમુક્તા છે. જેનો ૨ નં. ૧૧૬-૧૪ અને કીમત રૂ. ૫। હીસ્ટિરીયા–ફેફરૂં, ચિત્તભ્રમ, બેચાવું, જડ થવું વગેરે વાયુના દર્દપર રામબાણ છે. દવા વનસ્પતિની, પથ્ય નહી. પ્રદરહર–શ્વેત, રાતો કે ધાતુ વિકાર ફાટ, તોડ અને ગર્ભાશયનાં દર્દ ઉપર ચોકસ–ગોળી ૪૦ ની કી. રૂ. ૧).

બાળકોની હાંફણી માટે ની કી. રૂ. ૩) દરેકનું પોસ્ટેજ જુદું.

છગનલાલ લલ્લુભાઈ શાહ; દેશીનામાવાળા–વડોદરા.

વખતનો વ્યવસાય.

આ દેશમાં સાધારણ રીતે માન્યતા છે અને અહીંની કેટલીક જીમખાનાને જીવન માનનાર મેમ સાહેબે એ એને પુષ્ટિ આપી છે કે વિલાયતમાં ગૃહિણીઓને પુષ્કળ નવરાશ છે, એમને બહુ કામ કરવું પડતું નથી, જ્યારે આપણી સ્ત્રીઓને ઘણીવાર સવારથી સાંજ સુધી ગદ્ધાવૈતરૂં કરવું પડે છે. ત્યાંની સ્ત્રીઓ કામ નથી કરતી એ માન્યતા તો તદ્દન ખોટી છે; આપણા કરતાં ત્યાંની સ્ત્રીઓ વધારે કામ કરે છે. એ લોકો વખતનો એવી સારી રીતે વ્યવસાય કરી શકે છે કે ગૃહકામ સિવાય એમને બીજું કામ કરવાની પણ નવરાશ મળે છે.

યુરોપીય યાદવાસ્થળી પહેલાં ત્યાંનું જીવન સરલ વહી જતું હતું. પૈસે ટકે લોકો સાધારણ સુખી હતા અને નોકર ચાકરની પણ બહુ તાણ નહોતી. આ ભયંકર યુધ્ધે બધું ચક્ર ફેરવી નાખ્યું છે. પૈસાદાર ગરીબ બન્યા છે ને ગરીબ તવંગર બન્યા છે. પરંતુ ખાસ કરીને તો મધ્યમ વર્ગની સ્થિતિ ઘણી કફોડી થઈ ગઈ છે. નોકર વર્ગે તો યુદ્ધ પ્રસંગે દારૂગોળાના કારખાના વગેરેમાં કામ કરી ઘણો પૈસો પેદા કર્યો છે. એમને નોકરીની ગરજ રહી નથી. આ કારણથી લડાઈ પછી તરત તો નોકરોની વિલાયતમાં બહુ તાણ હતી. એટલે ઘણા વખત સુધી સ્ત્રીઓને બધું ઘરકામ પોતાની મેળેજ કરવું પડતું. એક કુટુમ્બ સાથે મારે પ્રસંગ પડ્યો હતો તેમનું જીવન આપ્યાથી ત્યાંની સ્ત્રીઓ ગૃહકામ કેટલી સારી રીતે કરી શકે છે તે સમજાશે.

એ કુટુમ્બમાં ધણી ધણીયાણી, બે છોકરી ને એક છોકરો એટલાં માણસો હતાં. સ્ત્રી સવારમાં વ્હેલી ઉઠી નાસ્તાની તૈયારી કરે. પુરૂષો બધાના બુટ સાફ કરે કે એવું કંઈ કઠણ કામ હાથ ધરે. બે છોકરીઓ ઘર સાફસુફ કરવા માંડે. ઘર એક માળનું મોટું હતું એટલે ઓરડાઓ વાળી ઝુડી સાફ કરવાનાં, ફર્નીચર છબીઓ વગેરે લુંછવાનું, દાદર સાફ કરવાનો, ઓટલાનાં પગથીયાં સાફ કરવાનાં, એટલુંજ નહિ પણ બારણાંના પિત્તળના ચીજવસ્તુ વગેરેને દરરોજ સ્વચ્છ કરી ચકચકિત રાખવાનાં. પોતપોતાની

રાજનગરનું રત્ન.

(ચાલુ વાર્તા.)

(લેખક:—બ્હેન જડાવબાઈ વીણ.)

[અનુસંધાન પૃષ્ઠ ૫૧૦ થી.]

પ્રકરણ ૧૨ મું.

આશા.

કાન્તીલાલ શેઠને તેના મરહુમ કાકાનો 'બેરોનેટ' નો ઈલકાબ ગઈ કાલે મળ્યો. આ વાત આખા મુંબાઈ શહેરમાં ફરી વળી. ઉડતી ઉડતી મોતીલાલ શેઠના કાને પણ તે આવી. સવારમાં તે વહેલા નાહી ધોઈ ગાડી જોડાવી તેમને બંગલે ગયા.

કાન્તિલાલે તેમ વિલાસે યત્નો પ્રયત્નો કરવામાં બાકી રાખી નહોતી; પણ ખરી મહેનત તો વિલાસચંદ્રની હતી.

જો કે તેની બધી મીલકત તો તેને સ્વાધીન કરવામાં આવી નહોતી પણ તેનો વારસ તે ઠરી ચુકયો હતો, ને સરકારમાં પણ તેનું નામ દફતરમાં દાખલ થયું. હવે તેના સુખની કમીના શી રહી! તો પણ એક સુખની ખામી હતી. તે કોઇ રૂડી રૂપાળી અને ભપકાદાર સ્ત્રી. માટે તેઓ તેવી કન્યાંની, શોધ સારૂ મુંબઈમાં રહ્યા. કારણ તેમની પૈસાની વ્યવસ્થા, વ્યાપાર વગેરે મુનીમો ને સોલીસીટર વગેરેને કરવાંના હતા. તેમની મીલકત સાત કરોડની હતી. મહીને બે હજાર ગજવા ખર્ચ મળતું. જેને કોડીની ઉપજ નહીં તેને દર મહીને બે હજાર! કોના નિયમ તો એવું

શરીર ચિંતાના વિચારોથી લથડયું હતું; પણ સારા ડૉકટરોની સલાહ મળી કે આનંદમાં રહેવાથી શરીર સુધરશે; આથી આનંદમાં રહેવા માટે ઉપાયો લેવા માંડયા અને શરીર સુધર્યું. હવે પૈસો જેરવવાની શક્તિ આવી હતી. ઇશ્વર પણ અનુકૂળ હતો.

મોતીલાલ શેઠ અવારનવાર અહીં આવતા. પોતાનો જમાઈ કરવાની ધારણા હોવાથી કાન્તિલાલની ઝીણી નજરે પરીક્ષા કરતા. એમની પારખી નજરે કે સાઠીની નજરે તેને હીરોજ દેખાતા હતા.

સવારમાં ચહા નાસ્તો લઈ શેઠ કાન્તિલાલ આરામ ખુરશી-પર પડયા પડયા એક અંગ્રેજી છાપું ઉથલાવતા હતા. આ છાપું વાંચવાનાં ઘણાં કારણ હતાં. એક તો પોતાનો ત્રણ ચોપડી-નો અભ્યાસ હતો તે તાજો કરતા, અને મોટા લોકોને છાપાં વાંચવાં જ જોઇએ એમ ધારી સવારમાં એક કલાક છાપું હાથમાં લઈ બેસતા હતા. આજે તેમજ બેઠા હતા. એટલામાં નોકરે મોતીલાલ શેઠ આવ્યાની વરદી કહી.

નોકર ગયો, ને થોડી વારમાં મોતીલાલ શેઠને લઈ આવ્યો. શેઠે આવતાંજ કહ્યું, "હું તમને મુબારકબાદી આપું છું."

કાન્તિલાલ હસીને બોલ્યો, "શેઠ! તમારો આશીર્વાદ. અમે તો તમારા જેવા વૃદ્ધના આશીર્વાદથીજ સુખી છીએ. પણ પેલી વાતની તપાસ કરી?"

શેઠ મોઢું મલકાવી બોલ્યા, "હું તપાસમાંજ છું, તો મણ ભણેલી ને ભભકભરી કન્યાની હાલમાં ખોટ છે. પણ વારુ, તમે મારે ત્યાં ક્યારે પધારશો?"

"આપ કહો ત્યારે." કાન્તિએ હસીને ઉત્તર આપ્યો.

મોતીલાલ શેઠે કહ્યું, "હું તો આજેજ કહું છું. આજે સાંજે સાત વાગે આવજો. ત્યાં આપણે વાતચીત કરીશું. હું હવે જઈશ." "સાહેબજી, સાહેબજી" કહી મોતીલાલ ગયા.

ગયા પ્રકરણમાં કહ્યા પ્રમાણે નલિની તેના પિતા પાસે ગઈ ત્યારે તેના પિતા આનંદમાં દેખાતા હતા. તે કોઈની પરોણાગતની તયારી કરાવતા હોય તેમ નોકરોને સમજાવી રહ્યા હતા. નલિની હંમેશની ઢબ પ્રમાણે એક ખુરશીપર બેઠી ને બોલી, "બાપાજી, શું કામ હતું ?"

શેઠ મોઢું મલકાવતાં બોલ્યા, "નલિની, આજે અત્યારે સાત વાગે સર કાન્તિલાલ આપણે ત્યાં ચહા પાણી માટે આવનાર છે. તે વેળા તું અહીં હાજર રહેજે. તે ઘણા ભલા ને ખુશમીજાજવાળા છે. તેમની સાથે ઓળખાણ થશે. દીકરી, તેઓને તારે માટે મેં વાત કરી હતી, તે તને મળવાને અને ઓળખાણ કરવાને આતુર છે. તું પણ હોશે, કેમકે તે દિવસે આપણે શેઠ હરદાસના વારસની વાત કરતાં હતાં. તેઓ હવે નક્કી વારસ પણ ઠરી ચુક્યા છે. તેથીજ મેં તેને આજે આમંત્રણ કર્યું છે. કેમ ઠીક કર્યું ને ?"

"હા, ઠીક કર્યું." નલિનીએ જવાબ વાળ્યો. આટલું બોલતાં નલિની મુંગી થઈ ગઈ. એના મનમાં પહેલાંનો પિતાનો કહેલો શબ્દ યાદ આવ્યો, ને ચોંકી કે રખેને આજનું કારણ જુદુંજ હોય. આજે એની એકેએક નાડીમાં પદ્માકરનો વિયોગ ને તેને થએલું અપમાન રમી રહ્યાં હતાં.

મોતીલાલ શેઠે નલિનીના મુખ સામે જોઈ કહ્યું, "કેમ તું આજે આમ ઉદાસ બની ગઇ છે ? શું હું આ ખોટું કામ લઇ બેઠો છું ?"

નલિની: "ના ના એતો ઠીકજ કર્યું, પણ મારૂં માથું દુઃખે છે ને તેથી હું આજે ફરવા જવાનો વિચાર કરતી હતી, પણ હવે જવાશે નહિ એજ વિચારમાં હતી."

મોતીલાલે કહ્યું, "આજ હવે ફરવા જવાનો વખત રહ્યો નથી. સાડા છ તો થયા ને તને કપડાં પહેરતાં તો સહેજે સાત

થશે. એટલામાં તેઓને આવવાનો વખત થશે. માટે આજે માંડી વાળ, ને તું કપડાં બદલી અહીંજ પાછી આવ."

"ઠીક," કહી નલિની પોતાના ઓરડામાં કપડાં બદલવા ગઇ. ત્યાં પણ તેનું મન સ્થિર થયું નહીં. જેમ તેમ કરી મનને વારી રાખી પિતાની આજ્ઞાને આધીન થઇ કપડાં બદલીને દીવાનખાનામાં ગઈ. એટલામાં બહાર ગાડી આવી ઉભી. શેઠ કાન્તિલાલ તથા તેનો મિત્ર આવી પહોંચ્યા. એક બીજા સાથે હાથ મેળવી બેઠા ને મોતીલાલે પોતાની દીકરી સાથે ઓળખાણ કરાવી. નલિનીએ ચાલુ જમાનાના સુધારાની રીતે થોડીક વાત કરી. તોપણ તેનું હૃદય ચિંતાથી ભરેલું હોવાથી વચ્ચે વચ્ચે થાકલા ખાતી હતી. તેણે કાન્તિલાલને જણાવ્યું, "આજે મારી તબીયત બરાબર નથી માટે હું જરા આરામ માટે જઈશ." નલિની ઉઠી અને પોતાના ઓરડામાં ચાલી ગઇ. તે બારણાં બંધ કરી પલંગપર પડી.

શેઠ મોતીલાલે કાન્તિલાલ સાથે કેટલીક વાતચીત કર્યા પછી વિદાય કર્યો. કાન્તિલાલ હરખાતે હૈયે ઘેર ગયા.

પ્રકરણ ૧૩ મું.

ગુંચવણ.

સાવિત્રીની દિવસે દિવસે માંદગી વધતી ચાલી. વસુને જરા પણ નવરાશ મળતી નહીં. સત્યેંદ્રના એક દિવસના અનુભવે તેને દુનીઆનું ખરૂં સ્વરૂપ બતાવ્યું હોય તેમ થયું. માતાની ચાકરી કરતાં કરતાં પણ તે સત્યેંદ્રના વિચાર કરતી. આખી ભારતભૂમિમાં આવું માણસ ખોળ્યું જડે નહીં, પણ તે જંગલમાં સાંપડયું છે. તે માણસ નથી પણ દેવ છે. શી એની

દયાળુ પ્રકૃતિ, ઉદારતા, કસાયલું શરીર, કપડાં પહેરવાની છટા! તે તદ્દન જાડી ખાદીનાં તેમજ હાથનાં સીવેલાં હતાં. તેની તર્કશક્તિ, તત્વશોધવાની શક્તિ તેમજ તીરકામઠું પકડવાની લટક એ શું તે નિશાળમાં શીખ્યો હશે? કોલેજમાં ભણતા ઘણા જોયા છે, પણ આની કોલેજ તો અરણ્ય છે. દયા, ધર્મ, ઉદારતા, સત્ય, તે સાક્ષાત્ યુધિષ્ઠિરનાં જ જાણે હોય. બલિષ્ટપણું ને તર્કશક્તિ ભીમની, બાણાવળી અર્જુન જેવી શસ્ત્ર વાપરવાની છટા, સહદેવનું જ્ઞાન ને ભક્તિ અને નકુળની કપડાંની છટા, આ પાંચે લક્ષણનો સમુહ પુરેપુરો છે. આ એ ક્યાંથી શીખ્યો? શું દેવદ્વીપનો તે દેવ છે? મેં તો ભૂગોળમાં પણ દેવદ્વીપ જાણ્યો નહોતો. આવા આવા વિચારોમાં તે પોતાની માની ચાકરી કરવામાં વખત ગાળતી. તેની માને મુકીને ખસાય તેમ નહોતું કે આ સંશયો તે સત્યેંદ્રને પુછીને ટાળે. આજે તો આખરની માંદગી હતી. ત્યાંથી ઉહાયજ કેમ? સત્યેંદ્ર દરરોજ રાત્રે સુતી વખતે ખબર પુછવા આવતો હતો. આજે રાત્રી પડવાની રાહ જોતી હતી. વસુંધરા ઘડીકમાં પોતાની મા સામે તો ઘડીકમાં બારણા સામે જોતી. તેની મા સાવિત્રી અત્યારે છેક અવાચક પડી હતી, શ્વાસ જોશભેર ચાલતો હતો. શરીર ઘડીમાં ઠંડું તો ઘડીકમાં ઘણું ગરમ થઈ જતું. વસુંધરા રાત્રી પડેલી જોઈ અકળાઈ, ને અધીરાઈથી રાહ જોવા મંડી. એટલામાં બહાર એક સરખાં પગલાં સંભળાયાં. તે ઉઠીને સામી દોડી ને તેને પોતાની માતા પાસે તેડી ગઈ તો સાવિત્રીના પ્રાણ નીકળી ગયા હતા. સત્યેંદ્રે પોતાના અનુભવથી કહ્યું, "તેઓ તો સ્વધામ પહોંચી ગયાં છે." વસુની હીંમત રહી નહીં. તે સત્યેંદ્રની કોટે વળગી રડવા લાગી. સત્યેંદ્રનું હૃદય પણ પીગળી ગયું, તો પણ ધીરજ આપી અને પોતાના મિત્રને આફત વખતે મદદ કરવા તઇયાર ઉભો.

સવાર પડતાંજ તેણે વસુને પુછયું, "તમે લોકો શબને કેવી રીતે ઉદ્ધાર કરો છો?"

વસુએ કહ્યું, "અમે તો તે બાળી દઇએ છીએ, પણ મને તે આવડતું નથી."

સત્યેંદ્ર ધીરજ આપતાં બોલ્યો, "હુંજ તે બધું કરીશ." એમ કહી તેણે સાવિત્રીના શબને મેદાનમાં લઈ જઈ અગ્નિદાહ દીધો. વસુનો આધાર હવે માત્ર સત્યેંદ્ર હતો. તે વિચારવા લાગી, કે "હવે મારો પોતાનો વેશ કેવી રીતે છુપો રહેશે? જો મને સ્ત્રી જાણશે તો તે છોડી દેશે, અને હું નહીં કહું ને એની મેળે જાણશે તો મને કેવી ધારશે? હવે આ મઢીમાં હું એકલી કેમ રહી શકીશ ? જો તે તીરસ્કાર કરે તો મારે ક્યાં જવું ?"

આ સામટી વિટંબણા વસુને માથે આવી પડી. તેણે ઇશ્વરના આધાર ઉપર બધું મુક્યું.

બધી ક્રિયા પુરી થઇ ત્યારે સત્યેંદ્રે સ્નાન કર્યું. વસુએ પણ કર્યું. વસુ ધીરજથી બોલી, "મારૂં શરીર છેક નંખાઈ ગયું છે તેથી હું મઢીમાં જઇ ગરમ પાણીથી નાહીશ. એટલામાં તમો તમારો કાંઇક સામાન હોય તે લઇને ત્યાં આવો. હવે મારાથી ત્યાં એકલાં રહેવાશે નહિ." સત્યેંદ્રને આ રૂચ્યું. સત્યેંદ્રે મનમાં નિશ્ચય કર્યો કે હું માત પિતા વિનાનો છું. આ મારો મિત્ર પણ તેવોજ થયો. વળી તે બાળક છે. તેનું મન દુભવવું નહીં. સાથે રહી વખત વિતાડીશું. (ચાલુ.)

દીવાળીમાં સ્નેહીને ભેટ આપવા યોગ્ય નવીન ગ્રંથ—

देशदर्शन.

હિંદી લેખક શિવનંદસિંહના પ્રસિદ્ધ ગ્રન્થનું કુમારી સુમિત્રા દયાળજી મહેતાએ કરેલું તેવુંજ સરળ ભાષાન્તર.

ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૪૦૦ લગભગ સોનેરી નામનું સુંદર પુંઠું. કિંમત રૂ. ત્રણ. પોસ્ટેજ આઠ આના.

લખો:—"સ્ત્રીબોધ"ના મંત્રી.
અમદાવાદ.

ચાલુ બનાવોની માહિતી.

[લખનારઃ—રા. કેશવપ્રસાદ દેશાઈ, બી. એ., એલ. એલ. બી.]

ઑકટોબરની બીજી તારિખે મહાત્મા ગાંધીજીની વર્ષગાંઠ આવતી હતી. તે ઉજવવાની તૈયારી ચારે તરફથી થતી હતી તેવામાં

મહાત્મા ગાંધીજી. દિલ્લીથી સમાચાર આવ્યા કે મહાત્માજીએ તપશ્ચર્યા આદરી છે, અને એકવીસ દિવસના ઉપવાસ શરૂ કર્યા છે. આ સમાચારથી સર્વ હિંદીઓના ઉપર ચિંતાનું વાદળ છવાઈ ગયું. સર્વ રીતે ગાંધીજીના મત સાથે મળતા ન થનારા હિંદીઓ પણ ઘણા જ ચિંતાતુર લાગતા હતા. આ ઉપવાસો ૮ મી ઑકટોબરે પૂરા થઈ ગયા છે, અને આઠમી ઑકટોબરે બપોરના બાર વાગે મહાત્માજીએ પારણું કર્યું છે. આ અવસરે મહાત્માજી એકવીસ ઉપવાસો કરીને ક્ષેમ કુશળ પાર ઉતર્યા છે તેની ખુશાલીમાં હિંદમાં સર્વ સ્થળે આઠમી ઑકટોબરનો દિવસ આનંદ ઉત્સવમાં ગળાયો છે. સ્ત્રીબોધના વાંચકો તરફથી પણ તે પ્રસંગ માટે અમારો આનંદ દર્શાવીયે છીયે.

* * * *

ઉપવાસ કરવાનાં કારણો શાં હતાં તે આપણે હવે શાંતિથી તપાસવાં જોઈયે. મહાત્માજીનું માનવું એમ છે કે હિંદુ

ઉપવાસનાં કારણો. મુસલમાન એ કોમો જ્યાંસુધી પૂર્ણ શાંતિથી રહેશે નહિ ત્યાંસુધી હિંદને સ્વરાજ મળવું સંભવતું નથી. પરંતુ સપ્ટેંબર માસમાં એમણે સર્વ સ્થળોએથી હિંદુ મુસલમાનોના ઝઘડાઓ જીવલેણ થયેલા જાણ્યા હતા. તેમાં દેવસ્થાનો અને મસ્જીદોનાં અપમાન થયાં હતાં. ભાંગફોડ થઇ હતી. તેમજ સ્ત્રીઓની લાજ લુંટાઇ હતી. આ સમાચારો સાંભળીને, તેમજ સ્વરાજ પ્રાપ્તિ ઉપર થતી તેની માઠી અસર વિચારીને, મહાત્માજીના શાંતિપ્રિય હૃદયને આઘાત થયો. તેમનાથી આ કલહ સંખાયો નહિ, અને તે માટે તેમણે એકવીસ દિવસના ઉપવાસ કરવાની પ્રતિજ્ઞા લીધી. આ ઉપવાસની એક અસર તો સચોટ થઈ. હિંદુ મુસલમાન વચ્ચેના સબંધના પ્રશ્ને આખા દેશનું ધ્યાન ખેંચ્યું અને દિલ્હીમાં શાંતિની–ઐક્યની પરિષદ ભેગી મળી. આ પરિષદમાં હિંદુ, મુસલમાન, ખ્રીસ્તિ, શીખ,

પારસી, વગેરે સર્વ કોમોના પ્રતિનિધિઓ હતા. કલકત્તાના "ઇન્ડીઅન" પત્રના અંગ્રેજ અધિપતિ, તથા હિંદના મુખ્ય ખ્રિસ્તિ ધર્મગુરૂ પણ હાજર હતા. આ સર્વેએ એકમતે કેટલાએક ઠરાવો પસાર કર્યા છે. તે ઠરાવો પ્રજામાં ફેલાવીને, તે મુજબનું વર્તન, હિંદુ તથા મુસલમાન કોમો કરે તેવું વાતાવરણ ઉભું કરવાના પ્રયત્નો થાય છે. જો તે ઠરાવો મુજબ વર્તન થાય તો બે કોમો વચ્ચે સંપ જરૂર થાય.

* * * *

ભગિની ભાવ. હિંદુ અને મુસલમાનો વચ્ચે ઝગડાનાં મુખ્ય કારણો તો ગૌવધ, મસજીદો પાસે વાજાં વગાડવાં, તથા ધર્મ બદલાવવો તે છે. આપણે આશા રાખીશું કે બને કોમોમાં કાંઇક ડહાપણ ફેલાય અને આપણે સૌ અંદર અંદર લડી મરતાં અટકીયે. પરંતુ આ સર્વ ઝગડામાં નીચ વૃત્તિના મનુષ્યો પોતાનો લાગ સાધે છે. તેઓ સ્ત્રીઓની લાજ લુંટે છે. આ સંબંધી તો બહુ સખ્ત પગલાં લેવાવાં જોઇયે. દરેક હિંદુ સ્ત્રીએ જાણવું જોઇયે કે હિંદુ સ્ત્રી માટે દરેક મુસલમીન બાનુ પોતાની બહેન છે, તેમજ દરેક મુસલમાન ભાઇએ પણ જાણવું જોઇયે. તથા જેટલી પોતાના શીયળની રક્ષા કરવી જોઇયે તેટલી જ પોતાની વિધર્મી બહેનની પણ કરવી જોઇયે, અને તેથી વિરૂદ્ધ વર્તન કરનાર પોતાના પતિ અથવા ભાઇને વિનવણી કરવી જોઇયે. પુરૂષો નિષ્ફળ જતા હોય ત્યાં સ્ત્રીઓએ પ્રયત્ન આદરવા જોઇયે અને બન્ને કોમોની સ્ત્રીઓ વચ્ચે ભગિનીભાવ ફેલાવવો જોઇયે. તાત્કાલિક કારણો દૂર થાય તે તો સારૂં જ છે. પણ તે ઉપરાંત જો દરેક કોમોમાં અને ખાસ કરીને સ્ત્રીઓમાં કેળવણીનો પ્રચાર વધારે કરવામાં આવે તો આ કલહો દૂર થવા સંભવ છે.

* * * *

ગોવર્દ્ધનજયંતિ. દશેરાનો દિવસ સ્વ. સાક્ષર ગોવર્દ્ધનરામનો જન્મ દિવસ છે. તે દિવસે મુંબાઇ, અમદાવાદ વગેરે સ્થળોએ તેમની જયંતિ ઉજવાઇ હતી. સ્વ. ગોવર્દ્ધનરામ એક પ્રખર વિદ્વાન અને ગુર્જર સાક્ષર, લેખક તેમજ વિચારક હતા. તેમનાં સ્ત્રી પાત્રોમાંથી ગુણસુંદરી એટલે ઉત્તમ ગૃહિણી એમ ગુજરાતી ભાષામાં નવો શબ્દ આવ્યો છે. એ તેમના પુસ્તકની લોકપ્રિયતાનો પુરાવો છે. સરસ્વતીચંદ્રની નાયિકા કુમુદસુંદરીને ઉત્તમ રીતે કેળવાયલી, તથા અંગ્રેજી અને સંસ્કૃતના જ્ઞાનવાળી તેમણે કલ્પી છે,

તેમજ તેની માતા ગુણસુંદરી પણ પતિ પાસેથી અંગ્રેજી અને સંસ્કૃતનું સામાન્ય જ્ઞાન પામી હતી. આ આદર્શો તેમના સમયમાં, પ્રજા સમક્ષ ધરીને, તેમણે સ્ત્રી કેળવણી સબંધી પ્રજાને સુંદર સૂચના આપી હતી. સ્નેહમુદ્રામાં પણ તેમણે સ્ત્રીઓને લગતા સામાજિક પ્રશ્નો ચર્ચ્યા છે અને લીલાવતી જીવનકલામાં પણ સ્ત્રીઓને લગતા ઘણાક પ્રશ્નોની સહજ ચર્ચા છે. અમે આશા રાખીયે છીયે કે અમારા સર્વ વાંચકોએ સ્વ. ગોવર્દ્ધનરામનાં પુસ્તકો વાંચ્યાં હશે.

* * * *

શરદુત્સવ. નવરાત્રની સાથે આ ઉત્સવ આખા ગુજરાતમાં તેમજ અન્ય વસતા ગુજરાતીયોમાં બહુ આનંદથી ઉજવાય છે. સ્ત્રીઓ ગરબા ગાય છે. ચંદનીમાં મહાલે છે અને આનંદથી છુટી ફરે છે. આ ઉત્સવ આપણે બહુ જ સાચવી રાખવાનો છે, ને ખીલવવાનો છે. તેને લીધે સંગીત ખીલે છે અને પ્રસરે છે, સ્ત્રીઓની બીરતા તથા સભાક્ષોભ ઘટે છે. તેઓ ચોખ્ખી હવામાં છુટથી શ્વાસ લે છે, અને આનંદ મેળવે છે: વળી આ ઉત્સવ સ્ત્રી મંડળો અને સમાજો વ્યવસ્થિત રીતે ઉજવતાં થયાં છે તે પણ આનંદની વાત છે. વ્યવસ્થિતપણું આપણો આત્મા હોવો જોઇયે. વડોદરામાં તો આનંદ અને ઉત્સવની સાથે જ્ઞાનદાનની યોજના પણ થઇ હતી. ત્યાં આ પ્રસંગ ઉપર વિદ્વાન વક્તાઓ અને અભ્યાસકો પાસે વ્યાખ્યાન અપાવવાની યોજના થઈ હતી. આ ગોઠવણને અમે વધાવી લઇયે છીયે. અને ભવિષ્યમાં અન્ય સ્થળોએ પણ તેવીજ ગોઠવણ થશે એમ આશા રાખીયે છીયે.

* * * *

દેશ પરદેશની સ્ત્રીઓનો મેળો. દેશ દેશની સ્ત્રીઓની પરિષદ છેલ્લાં કેટલાંએક વર્ષોથી મળવા લાગી છે. અમેરિકાની બે સન્નારીઓના પ્રયાસનું તે ફળ છે. આમાં દેશ પરદેશની સ્ત્રીઓ તરફથી પ્રતિનિધિઓ આવે છે, અને સ્ત્રીઓને લગતા પ્રશ્નો ચર્ચે છે. હમણા મુંબાઈ અને પૂનામાં એમ હિલચાલ ચાલી કે હિંદી સ્ત્રીઓએ પણ આ પરિષદમાં પ્રતિનિધિઓ મોકલવા જોઇએ. મારૂં ધારવું એમ છે કે આવી દેશ વિદેશની પરિષદો ભાગ્યેજ ફતેહમંદ નિવડે છે. તેમાં કેવળ ઠરાવોજ થાય છે, પરંતુ વ્યવહારૂ મદદ કરી શકાતી નથી, જુદા જુદા દેશો વચ્ચે રાજકીય પ્રશ્નો ચર્ચાતા હોય છે, અને સ્ત્રીઓને

લગતા પ્રશ્નો તેની સાથેજ ભળેલા હોય છે. દાખલા તરીકે દક્ષિણ આફ્રીકામાં હિંદુસ્ત્રીનું લગ્ન સાચું ગણવામાં નહોતું આવતું. આમાં રાજકીય મુદ્દો હતો. આ પ્રશ્નના ઉકેલમાં સ્ત્રીઓની પરિષદ શું કરવાની હતી? માટે હાલ તરત તો હિંદમાંજ જુદાં જુદા ભાગમાં સ્ત્રી સભાઓ કરવા તરફ આપણે ધ્યાન આપવું જોઇએ, તથા સ્ત્રીઓમાં કેલવણી ક્રમે સામાન્ય જ્ઞાન ફેલાય તેવાં પગલાં ભરવાં જોઇએ. તે સાથે હિંદી સમાજ અને કાયદા તરફથી જે અન્યાયો હિંદી સ્ત્રીઓને થતાં હોય તે દૂર કરવાના પ્રયત્ન કરવા જોઇએ. સમસ્ત હિંદ માટે આવી સ્ત્રી સભા સ્થપાય, અને ગામે ગામ તેની શાખાઓ થાય, તે બહુજ ઇચ્છવા યોગ્ય છે.

* * * *

લશ્કરી તાલીમ. યુનિવરસીટીમાં ભણતા બધા વિદ્યાર્થીઓને ફરજીયાત લશ્કરી તાલિમ આપવી જોઇયે એવી દરખાસ્ત રા. પ્રાંજપે લાવ્યા હતા. આ દરખાસ્ત એકજ વધારે મતે ઉડી ગઇ છે. તે દરખાસ્તના મુદ્દા બે હતા એકતો એમ કે દરેક દેશે સ્વરક્ષણનો પ્રશ્ન ઉપાડી લેવો જોઇયે. જો આપણે સ્વરાજ ઇચ્છતા હોઇયે તો દેશરક્ષણ માટે પણ તૈયાર થવું જોઇયે. અને તે માટે દરેક વિદ્યાર્થિને ફરજીયાત લશ્કરી તાલિમ આપવી જોઇયે.

બીજો મુદ્દો એમ હતો કે હાલના વિદ્યાર્થીઓનાં શરીર બહુજ નબળાં હોય છે, અને તેઓને ફરજીયાત લશ્કરી તાલિમ આપવામાં આવે તો શરીર સુધરે. પહેલો મુદ્દો ચર્ચાસ્પદ હશે. તેમજ લશ્કરી તાલિમ ખર્ચાળ પણ હશે; પરંતુ શરીર નબળાં છે તે સુધારવા માટે તો યુનિવરસીટીયે જરૂર કાંઇ કરવું જ જોઇયે. વળી ફક્ત પુરૂષ વિદ્યાર્થીઓ નહિ પણ સ્ત્રી વિદ્યાર્થીઓનાં શરીર સુધારવા માટે પણ તજવીજ થવી જોઇયે. વળી ફક્ત કોલેજના જ નહિ પણ માધ્યમિક શાળાઓના પણ પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓનાં શરીર સુધરે તે માટે વિચાર કરવાની જરૂર છે જ.

બ્હેનોને ખાસ વધામણી.

માણસાવાળાં ગંગાબાઇ સ્ત્રીઓના દરદના ખાસ ચિકીત્સકની બત્રીસ વર્ષની જૂની અનુભવસિદ્ધ દવા.

સંતાન પ્રાપ્તિની ગર્ભજીવન અપૂર્વ ઔષધી.

ગર્ભજીવનના સેવનથી ઘણે ઘેર ઘોડીયાં બંધાયાં છે.

ગર્ભજીવનના સેવનથી સેંકડો બ્હેનો ગર્ભાશયના રોગથી મુક્ત થઈ છે.

ગર્ભજીવન—આ દવાથી બંધ થએલો રતુ શરૂ થાય છે, અનિયમીત હોય તો નિયમીત થાય છે, પુખ્ત ઉમર થયા છતાં રતુ ન આવતું હોય તો આવે છે, રતુ વખતે થતી પીડા મટે છે. જોઇએ તે કરતાં વિશેષ રતુ લોહીવા, ધોળું તથા લાલ પ્રદરનું વહેતું બંધ થાય છે. કમળ સ્થાનથી ખસેલું ઠેકાણે આવે છે. પેશાબે બળતરા, કમરનું ફાટવું, બેચેની, ઝાડાની કબજીયાત, ઝીણો તાવ, સોજો; હીસ્ટીરીઆ વિ. નાબુદ થઈ ગર્ભધારણ થાય છે. કિ. રૂા. ત્રણ. ૩–૦–૦

ગર્ભ રક્ષક—આ દવાથી રતવા મટે છે. છોડ પાડવી ગર્ભ સજીવન થાય છે. કસુવાવડ, પ્રસુતજ્વર વિ. ગર્ભવતીને થતાં તમામ રોગ મટી પુરા માસે તંદુરસ્ત બાળક જન્મે છે. કિ. રૂા. ૪ ચાર.

દવા મંગાવનારે—દરદની તથા શરીરની પુરી હકીકત લખવી. રતુ કેટલા દિવસે આવે છે, કેટલો વખત રહે છે, છુટથી આવે છે, પીડા થાય છે, પ્રદરનો રોગ છે, છેલ્લું બાળક કયારે જન્મેલું, મરી ગયું હોય તો શું બીમારીથી, શરીર મેદ છે, ઝાડાની કબજીયાત છે, શરીરમાં ઝીણો તાવ રહે છે વિ. ખુલાસા જણાવવા ભલામણ છે.

દદની હકીકત સાથે લખો રૂબરૂ કેસ તાસીને પણ દવા આપવામાં આવે છે.

પુષ્કળ મળલા અભિપ્રાયોમાંથી થોડા વાંચો.

મુંબઈ, ૨૬–૧–૨૪.

જણાવતાં આનંદ થાય છે કે આપની દવાના પ્રતાપથી થોડા દિવસમ તુરતજ મારે ત્યાં ગર્ભ રહ્યો હતો, જે છોકરી અત્યારે વરસ દોઢની) છે

ઠાકોર ગગજી ઠોકર

કરાંચી, તા. ૨૧–૧–૨૪

જણાવવાને ખુશી છું કે મારે ત્યા બુચ્ચીનો જન્મ થયો છે. હાલમાં ખુદાની મહેરથી અને તમારી દુવાથી ૪ મહીનાની થઈ છે. તેની ખુશાલીમાં તમોને એક સોનાની વીંટી ભેટ મોકલીછે.

બ્હેન દીનબાઇ કાવસજી મીનવાલા

કલકત્તા, ૨૭–૬ આરમીઅમ સ્ટ્રીટ, તા. ૧૪–૧૨–૨૩.

અમારે ઘેર પુત્ર જન્મ્યો છે. છબી પડાવીને મોકલીશું.

કાળીદાસ ત્રીકમજી.

વડોદરા, સોનીપોળ, તા. ૧–૨–૨૪

મારી સ્ત્રીને દવા આપેલી તેમાં મારો કેસ આપની કૃપાથી ફત્તેહમંદ નિવડયો છે. જેની આશા નહિં રાખેલી તેની આશા પારપૂણ થઇ છે.

પંડયા અંબાલાલ ભગવાનજી.

ગંગાબાઇ, પ્રાણશંકર,
ગર્ભજીવન ઔષધાલય,
મુ: માણસા. (ટી. મહીકાંઠા)

"શ્રીબેલ"ના બાળવિ

બાળક.

પુસ્તક ૫ મું.] નવેમ્બર, ૧૯૨૪. [અંક ૧૧ મો.

ગુરુને પ્રણામ.

ગુરુજી! હું મારી ભૂલોની માફી ચાહું છું. જ્યારે હું અજાણ હતો ત્યારે આપનું કહેવું ન માનતો, ને આપને પજવતો.

આપના દ્વારાજ હું દુનિયાનું ડહાપણ શીખ્યો. આપેજ મને પરમેશ્વર ઓળખાવ્યા. આપે ઘણોજ ઉપકાર કર્યો છે. તેનો બદલો વાળવાની મારામાં જરાય શક્તિ નથી. મેં રજમાત્ર પણ આપની સેવા-ચાકરી કરી નથી તે માટે હું ઘણો લાચાર છું.

"ગુરુ" પદનો મહિમા તો કૃષ્ણ ભગવાનેજ જાણ્યો. પોતાની મોટાઇ તજી ગુરુસેવામાંજ મોટાઇ માની, નહિ તો રાજકુંવરથી કઠિયારાનું કામ કેમ થાય?

ગુરુજી! એવું તો શું પણ એના સોમા ભાગ જેટલુંય હું નથી કરી શક્યો. કેટલુંક તો જાણી જોઇનેજ નથી કર્યું. છતાં આપે આપનો ધર્મ પૂરેપૂરો બજાવ્યો અને મને એવડા આભારમાં દબાવ્યો.

ગુરુજી! મારો ગુન્હો માફ કરો. હું આપને અંતરથી પ્રણામ કરું છું. બીજી કઇ રીતે મારું હૃદય ખોલું?!

સુરાજ.

ખરેખરો માણસ.

એક રાજા હતો. તેને રાજકાજમાં સાચી સલાહ આપે એવો એક માણસ જોઇતો હતો. તેણે પોતાના તાબાનાં સઘળાં ગામોમાં ઢોલ પીટાવી સાદ પડાવ્યો કે, "રાજાને માણસની જરૂર છે. પગાર મહીને માગે તેટલો મળશે, પણ માણસ ખરેખરો માણસ હોવો જોઇશે. તેને જે વખતે જે કંઈ હુકમ કરવામાં આવે તેનો તેને તરત જ અમલ કરવો પડશે: જરા પણ ઢીલ કે આનાકાની કરી ચાલશે નહિ. સહેજ પણ આનાકાની કરતાંની સાથેજ તેને ગર્દન મારવામાં આવશે. માટે એ શરતો કબુલ હોય એવા ઉમેદવારે આજથી આઠ દિવસની અંદર રાજાની હજુરમાં હાજર થવું."

રાજાના તાબામાં ઘણાં ગામ હતાં. તેમાં જુદી જુદી જાતનાં અને સ્વભાવનાં ઘણાં માણસો રહેતાં હતાં. ઉપરનો સાદ સાંભળીને જુદા જુદા ગામનાં માણસો રાજાની પાસે જવાને નીકળ્યા. એકે એકે સોએક ઉમેદવારો આવી પહોંચ્યા. નક્કી કરેલા વખતે સઘળા રાજાની હજુરમાં જઈ ઉભા. રાજાએ તેમને પૂછ્યું, "તમે સઘળા મારા હુકમનો બરાબર અમલ કરી શકશો?"

સઘળા હાથ જોડી બોલ્યા, "જી હા હજુર."

રાજા—ઠીક. હુકમનો અમલ કરવામાં હા–ના કે ઢીલ કરશો તો શી સજા ખમવી પડશે તે પણ તમે સઘળા જાણો છો ને?

ઉમેદવારો—જી હા, હજુર.

આ પછી રાજાએ એક જણને હુકમ કર્યો, કે "તમે ગામ

ટોચ પર ઉભા રહીને તેની ડાળીને કાપી લાવો." હૂકમ સાંભળતાંની સાથેજ તેનો અમલ કરવા તે માણસ દોડી ગયો.

તે પછી, રાજાએ કોઈને તેના પાડોશીનાં ઘર સળગાવી મૂકવાનો, કોઈને તેનાં ઘરડાં માબાપના હાથપગ બાંધીને કૂવામાં ફેંકી દેવાનો, કોઈને ગામના શાહુકારનું ઘર લૂંટી લાવવાનો, કોઈને દેવમંદિર તોડી નાખવાનો, કોઈને ધર્મભ્રષ્ટ થવાનો, કોઈને નિર્દોષનું ખૂન કરવાનો, કોઈને શિયળવંતી સ્ત્રીઓની લાજ લૂંટવાનો, એમ જુદા જુદા માણસોને જુદું જુદું—આકરું અને પાપનું કામ કરવાનો હૂકમ કર્યો.

હૂકમ ગમે તેટલો આકરો, અન્યાયી, ન કરવા યોગ્ય હોય તો પણ તેનો અમલ કરવો જ જોઈએ. ન કરે તો ગર્દન જાય: આથી સઘળા આઘો પાછો વિચાર કર્યા વગર મરણની બીકથી પોતાને થયેલા હૂકમનો અમલ કરવાને તુરતજ દોડી ગયા. તેમાંનો એક માણસ જ્યાં ઉભો હતો ત્યાં જ ઉભો રહ્યો. તે પોતાની જગ્યાથી તસુ પણ ખસ્યો નહિ. તે અચળ પર્વતની પેઠે ધીર ગંભીર વદનથી માથું ઉંચું રાખી રાજાની સામે જોઈ જ રહ્યો.

તેને શો હૂકમ કરવામાં આવ્યો હતો? તેના ગામમાં ગરીબ અને ભીક્ષા માગી ખાનાર જે કોઈ નજરે પડે તે બધાંનાં માથાં તોડી નાખી તેમની ભીખ મા[illegible]ની ઝોળીઓ લુંટવી લાવવાનો તેને હૂકમ કરવામાં આવ્યો હતો.

પોતાના હૂકમનો બીજાની પેઠે તરત જ અમલ કરવાને બદલે આ માણસને પોતાની સામે ઉભો રહેલો જોઈને રાજાએ એકદમ કમરપર લટકેલી તલવાર હાથમાં લઈ સડાક કરતી મ્યાનમાંથી બહાર કાઢી. આ પછી રાજાએ કહ્યું, "તેં મારા હૂકમનો ભંગ કર્યો છે, હવે તેની સજા તારે ભોગવવી જ પડશે. તારૂં માથું આ વખતે જ ધડથી જુદું કરી નાંખું છું."

રાજાનાં આવાં કરડાં વચનથી પેલો માણસ બીલકુલ ડર્યો નહિ.

રાજાના મોઢા સામું જોઇને તે ઘણા જ શાન્તભાવે બોલ્યો, "હે રાજા! હું કંઈ બાયલો કે બીકણ નથી."

રાજા—તું બાયલો હોય કે ન હોય તેની સાથે મારે કંઈ લેવા દેવા નથી. હું તારૂં માથું કાપ્યા સિવાય રહેવાનો નથી.

ઉમેદવાર—મરવાની બીકથી શું હું જે રાજાઓનો રાજા છે તેના હુકમની અવગણા કરીશ? તમે કેવો હુકમ કર્યો છે? એવું તો અમારા કુળમાં કોઇએ કદિ પણ કર્યું નથી. તમારી ખુશીમાં આવે તે કરવા તમે સમર્થ છો. હું કશાથી પણ ડરતો નથી, ને તમારા અન્યાયી હુકમનો અમલ કરી શકીશ નહિ.

રાજા—પરંતુ મારા હુકમનો અમલ કરીશ એવું કબુલ કરીનેજ તું અહીં આવ્યો હતો ને?

ઉમેદવાર (જુસ્સાથી)—હા, આપના હુકમનો અમલ કરવાને આવ્યો છું, એ વાત ખરી, પણ કંઈ અન્યાયી હુકમનો અમલ કરવાને આવ્યો નથી.

રાજા—હું મને ગમે તેવો હુકમ કરી શકું.

ઉમેદવાર—ના, તેમ થઇ શકે નહિ. મારૂં ચોકસ માનવું હતું, અને છે કે પ્રજાના પિતારૂપ રાજા કદિ પણ અન્યાયી હુકમ કરે નહિ. રાજા કે જે અન્યાયીને તેના અન્યાયના કારણે સજા કરે છે તે જાતે કેવી રીતે અન્યાય કરે? આપના તરફથી આથી અન્યાયી હુકમ કરવામાં આવશે એવું તો મેં ધાર્યું જ ન હતું.

વારોની ખરી પરીક્ષા કરવાને માટેજ કર્યા હતા. પોતાના હૂકમનો અમલ કરવાને દોડી જનાર કંઇ પણ અઘટિત કામ કરી ન બેસે તે માટેનો તેણે અગાઉથી પાકો બંદોબસ્ત કર્યો હતો. તેણે પહેલેથી ડેલીના દરવાનને એવી સૂચના કરી મૂકી હતી કે જે કોઇ અહીંથી પસાર થાય તેને પકડીને એક ઓરડીમાં પૂરી રાખવો.

આથી જેટલા હુકમના અમલ કરવા દોડયા હતા તેમને એક ઓરડીમાં પૂરવામાં આવ્યા હતા. છેવટે તે સઘળાને તેમનો ન્યાય કરવાને સભામાં એકઠા કરવામાં આવ્યા. તેઓ જે કામ કરવા દોડી ગયા તે ઉપરથી તેઓ કેવી જાતના માણસો છે તેનું તેમને ભાન કરાવવામાં આવ્યું અને ઠપકો દેઇને રજા આપી દીધી. પેલો જે ખરેખરો લાયક મનુષ્ય હતો, જેણે મરણના ભયથી પણ ન ડરતાં રાજાના અન્યાયી હુકમનો અમલ કરવાની હિંમતથી ના પાડી હતી તેને રાજાએ બહુજ ધન્યવાદ આપ્યો. રાજાએ તેને કહ્યું, કે મારે તમારા જેવોજ માણસ જોઇતો હતો. ઘણી આનંદની વાત છે, કે તમારા જેવો માણસ હું મેળવી શકયો છું. આજથી રાજદરબારમાં સલાહકાર તરીકે તમારી હું નીમણુક કરૂં છું; અને મહિને તમે કહેશો એટલો પગાર તમને આપવામાં આવશે.

ચાર વર્ષનું બાળક.

(પ્ર. સ. ૧૯૨૩ના સ્ત્રીબોધના "બાળક"નું પાકું બાંધેલું પુસ્તક.)
કેટલાંક ચિત્રો સાથે—

કિંમત રૂ. ૧ વિ. પી. પોસ્ટેજ જુદું પડે ?. લખોઃ—

મંત્રી—"સ્ત્રીબોધ" કાર્યાલય;—અમદાવાદ.

મીઆભાઇની ચતુરાઇ.

[લેખક—રા. રા. ભોળાશંકર મેમજી બ્રાહ્મણ.]

વિજયનગર શહેરમાં ઇસમાઇલમીઆં નામનો એક વહોરો રહેતો હતો, તે પૈસે ટકે સુખી હતો, વળી ડહાપણમાં પણ પૂરો હતો. ગમે તેવું સંકટ આવી પડે તે પ્રસંગે યુક્તિથી તેનો ઉપાય શોધી કાઢી, તેમાંથી છટકી જતો, ને સામા માણસ ઉપર વિજય મેળવતો. આ રીતની યુક્તિઓથી તેનું નામ આખા શહેરમાં પંકાતું હતું, તેથી ગામના કોઇ માણસને કાંઇ મુશ્કેલી હોય, તો તે વખતે પણ ઇસમાઇલમીઆંની સલાહ મેળવવાથી તેનું કામ પતી જતું. એવામાં એક વખત ઇસમાઇલભાઈપર વિતેલી હકીકત પરથી તેમણે કેવો સુંદર ઉપાય શોધી કાઢયો તે નીચેની વાત પરથી જણાશે.

પોતાના મિત્ર મહંમદભાઇને ઘેર મિજલસ હતી, તેનું નોતરૂં આવવાથી ઇસિમાઇલભાઈ રાત્રે મિત્રને ઘેર થતા મેળાવડામાં ભાગ લેવા ગયા. આ વખતે બીજા ઘણા સ્નેહી, મિત્રો, સગાં વહાલાંઓ વગેરે આ પ્રસંગે ભાગ લેવા આવેલાં, તેથી મોડી રાત થતાં સુધી ધામધુમ ચાલી. ને રાત્રિના બે વાગ્યાનો સુમાર થતાં સુધી કામ ચાલ્યું, તેથી મોડી રાતે બધાં છૂટાં પડયાં, ને સૈ સૈના ઘર તરફ વળ્યાં. આ વખતે ઇસિમાઇલમીઆંની સાથે કોઈ નહોતું—તે એકલોજ હતો.

ઇસમાઈલના ઘરની સ્થિતિ પ્રથમથીજ સારી હતી, તેથી સમ. આશ્રામનો એક વાઘરી કે જેનું નામ "ઠાકરો" હતું, ને જે વેઠીને દા બળે કે યુક્તિએ કરીને કોઈ માણસના ઘરમાંથી ચોરી રીતે કરકોય, તો તે કામમાં પક્કો હતો, તેણે આજે ઇસમાઇલ-બહાર પંપર લાંગ ચોંધી પોતાની જાળ પાથરવા વિચાર કરેલો, હાલ તો વના ઘર પાછળ એક આંચો હતો, તેમાં ઠાકરો પણ વિશ્રામ ગઇ-છે. ... આવવાની રાહ જોતો ઉભો હતો.

થોડીવાર થતાં ઇસમાઇલભાઇ નીકળ્યા, ને તે ખાંચા પાસેથી પસાર થવા જાય છે તેટલામાં ઠાકરો હાથમાં જબરી ડાંગ લઇને એકદમ કૂદી પડયો, ને ઇસમાઇલને પકડયો. પછી તુરતજ તેની દાઢી (કે જે બહુ લાંબી વધેલી હતી તે) પકડી, ને કહ્યું કે, "ઇસમાઇલ, જો રૂપિયા દોઢસો આપવાનું કબુલ કરતો હો તો દાઢી છોડું, ને તને છુટો કરૂં. પણ જો રૂપિયા દોઢસો નહિ આપે, તો આ તારી દાઢી ખેંચીને તારો જીવ લઇશ."

આ વચન સાંભળી મીઆં ભાઇના પગ ઢીલા પડવા માંડયા, ને કોઈ રીતે આમાંથી છૂટાય તોજ સારૂં એમ ધારી બહુ બહુ વિચાર કરી, અંતે એક યુક્તિ શોધી કાઢી. પોતાના નજીકના ઘરમાં સૂતેલી તેની બૈરીને ઉઠાડવા પ્રયાસ કર્યો. ને ચોરને સાથે લઇ તે ખાંચામાં પડતી તેની બારીએ ડોકાયો. આ વખતે પણ ચોરે દાઢી તો છોડીજ નહોતી. તેથી તેની બૈરીને સાદ કરીને કહ્યું કે, જત લઇને દાધીના દોઢસો રૂપિયા લાવ, નહિ તો જો ચોતી પકરસે તો ચારસો રૂપિયા આપવા પરસે. (ઝટ લઇને દાઢીના **દોઢસો રૂપિયા** લાવ નહિ તો જો ચોર મારી ચોટલી પકડશે તો **ચોટલીના ચારસો** રૂપિયા દેવા પડશે.)

આ સાંભળીને ચોરે વિચાર્યું, કે મીઆં ઠીક હાથમાં આવ્યા છે. લાવ, તેની દાઢી છોડીને ચોટલી પકડું, તો દોઢસોને બદલે આપણને ચારસો રૂપિયા ખાસા મજાના મળશે.

એમ વિચારી ઇસ્માઇલની દાઢી ઠાકરે છોડી દીધી, ને ચોટલી પકડવા માથાપર હાથ ફેરવ્યો. ત્યાં તો ચોટલી બોટલી કાંઇપણ મળે નહિ, ને રૂડો રૂપાળો સાફ મેદાન જેવો ટકો! તેથી હાથમાં કાંઇ આવ્યું નહિ.

મીઆં ભાઇની દાઢી છૂટી થતાંજ ઝપાટાબંધ દોડીને બારણામાં પેસતાંની સાથેજ બારણું બંધ કરી ઘરમાં ભરાઇ બેઠા, ને ચોર હાથ ઘસતો રહ્યો.

આફત આવી પડે, તે વખતે ગભરાઈ ન જતાં યુક્તિ શોધી કાઢીને તેમાંથી ઉગરવાનો ઉપાય શોધી કાઢવો જોઇએ.

સિંહાસન બત્રિસીની વાર્તાઓ.

[બાળકો માટે લખનારઃ–રા. કેશવપ્રસાદ છો. દેશાઈ.]

વાર્તા ૧૬ મી–કામધેનુની વાર્તા.

ભોજરાજા સિંહાસન ઉપર બેસવા ગયા એટલે વળી પાછા તેમને અટકાવીને સુભગા નામની પુતળી બોલી કે, હજી તમે રાજા વિક્રમ જેવા પરોપકારનાં કામ કર્યાં નથી માટે તમે તે ઉપર બેસી શકશો નહિ. જુવો હુ તેમના પરોપકારી કામની કામધેનુની વાત કહું:–

એકવાર વિક્રમરાજા સભામાં બેઠા હતા. તે વખતે તેમનો ગોર ત્યાં આવ્યો. તેણે હાથ જોડીને રાજાને આશીર્વાદ આપ્યો, અને કહ્યું કે, "મહારાજ! હુ જાત્રાયે જઉછું, અને પછી કાશીમાંજ રહેવાનો છુ, માટે મને રજા આપો." વિક્રમરાયે તેને વિદાયગીરીમાં નાળીયેર અને રૂપિયા આપ્યા, અને પછી કહ્યું કે, મને કાંઇ બોધ આપતા જાવ. ત્યારે ગોર મહારાજે કહ્યું,

"બ્રાહ્મણ તુળશી પીંપળો, ગાય ને બીજી ગંગ;
"એથી અદકુ બીજુ નથી, સદા કરજે તુ સંગ."

આ પ્રમાણે બોધ આપીને ગોરમહારાજ તો ગયા. વિક્રમ રાજાયે તેમના બોધથી પાંચ હજાર પીંપળા પોતાના રાજમાં રોપાવ્યા. ઘેરેઘેર તુળશી વવડાવ્યા. બ્રાહ્મણોને બહુ દાન આપ્યાં. ગામે ગામ ગાયોને ચરવાને માટે ખેતરો જુદા રાખ્યા અને રસ્તે રસ્તે પાણીની પરબો મંડાવીને, ગંગાજીની સેવા કરી. આ રીતે લોકોયે ઘેરેઘેર ગાયો રાખી અને તેની ચાકરી કરી મુજાથી દુધ ઘી ખાધાં.

ત્યાર પછી માગશર સુદ ચોથને દિવસે વિક્રમ રાજાએ

મોટી શિવપૂજા કરી. તેઓ ગામ બહાર દર્શન કરવા ગયા હતા. ત્યાંથી પાછા આવતાં તેમણે એક ગાયને કાદવમાં ખુતી ગયેલી જોઈ. તે બિચારી નિરાધારપણે બરાડતી હતી; વિક્રમરાજા તેની પાસે ગયા અને બહુ મહેનતે તેને કાદવમાંથી બહાર કાઢી. પછી તેને નવડાવીને સાફ કરી, અને પોતાને ઘેર લઇ ગયા. તેની તે રોજ પૂજા કરતા હતા, તથા તેને શીંગડે તથા ગળામાં ઘરેણાં પહેરાવતા હતા. ગાય પણ બહુજ રૂપાળી હતી. અને આખું ગામ તેને જોવા આવતું હતું. એમ એ આખા ગામની માનિતી થઇ પડી હતી.

એક વાર તે ગાય ચરવા ગઈ ત્યાંથી પાછી ફરી નહિ. રાજાને બહુજ ચિંતા થઇ અને રાત પડવા આવી હતી તોપણ પોતે જાતે ખોળવા ગયા. ત્યાં એક કૌતુક જોયું.

વિક્રમરાજાની પરોપકારની વાતો ઇંદ્રના દરબારમાં પણ થવા માંડી, અને ઘણાયે દેવ લોકોએ તેના બહુ વખાણ કરવા માંડયાં. ઇંદ્ર રાજાથી એ વખાણ સંખાયા નહિ. તેથી તેમણે પોતાની કામદુધા ગાય હતી તેને કહ્યું કે તું મૃત્યુલોકમાં જા અને કાંઇક ઉપાય કરી વિક્રમરાજાને સત્યમાંથી ચુકાવ. અને એ ચુકે તો ભારે શ્રાપ દેજે. કામધેનુએ આ હુકમ માથે ધર્યો. અને પોતે નીચે આવીને વાઘનું રૂપ ધર્યું. જ્યાં વિક્રમરાજાની ગાય ચરતી હતી ત્યાં આ વાઘ ગયો. અને તેને પૂંછડી મારી તથા ભોંય ઉપર પાડીને પગનો પંજો ધર્યો. ગાય વાઘને બહુ કરગરી. તેણે કહ્યું કે મરવાનો તો મને કાંઇ ભય નથી, પણ વિક્રમરાજા મને નહિ જુવે તો બહુજ ચિંતા કરશે. અને એમનો કુંવર તો મારા વિના ભોજનજ નહિ કરે. વાઘ કહે કે તારા વચનનો વિશ્વાસ શો? તું તો બધાને તેડી લાવીને મારો જીવ લેવડાવે. આમ વાતોમાં બહુ વખત થઈ ગયો. એટલામાં વિક્રમરાજા ત્યાં આવી પહોંચ્યા. પોતે એકલાજ હતા. હાથમાં કટાર લઇને તે વાઘ તરફ ધસ્યા. અને બોલ્યા, " તું આ ગરીબ ગાયને શું પકડી રહ્યો છું. મારી સામે આવીજા. તું મારા ઉપર હુમલો કર એટલે હું તને બતાવી આપું. બાકી [illegible]

લગ્ન મારી સાથે કરો. આ સાંભળીને દરબારમાં હાહાકાર થઈ ગયો. પણ રાજાજીએ શાંતિથી કહ્યું કે ભલે હું તેમ કરીશ. પણ હું કહું તે પહેલું લઈ આવ્યા એટલે હું લગ્ન કરી આપું. પહેલાં તેણે ઈંદ્રાણીનો હાર, શેષનાગની સ્ત્રીના કાનની આલ, અને બત્રીસ લક્ષણા પુરૂષનું માથું, એટલાં વાનાં માગ્યાં. મેં પણ તે વાત કબુલ કરી, અને એક વરસનો વાયદો કર્યો. પણ આ ચીજો કાંઈ મારાથી લવાય તેવી હતી નહિ, એટલે હું કાશીયે કરવત મુકાવવા ગયો. પણ ત્યાં તો તમારી ચીઠી માગી, એટલે હું અહિં આવ્યો છું."

વિક્રમરાજાયે આ બ્રાહ્મણની વાત સાંભળી, પછી તેમને એમ લાગ્યું કે આ દુઃખિયાનું દુઃખ તો ભાંગવું જોઇયે. એટલે એમણે એને કહ્યું કે ભાઇ તું હમણાં મારે ઘેર રહે. હું તને થોડા દિવસ પછી ચીઠી કરી આપીશ એટલે તું કાશી જજે. બ્રાહ્મણ તો વિક્રમરાજાને ઘેર રહ્યો. વિક્રમરાજા રોજ ચિંતા કરે છે કે ઇંદ્રાણીનો હાર વગેરે બધું શી રીતે લાવવું! એમણે હરસિદ્ધ માતાનું ધ્યાન ધર્યું. માતાજીએ જણાવ્યું કે તું કામધેનુ ગાયનું ધ્યાન ધર. એ ગાય તને ઇંદ્રરાજાની પાસેથી હાર અપાવશે. વિક્રમરાજાયે કામધેનુનું ધ્યાન ધર્યું. એટલે તે ગાય સાક્ષાત આવી. વિક્રમરાજાને તેણે વચન આપ્યું કે હું ઈંદ્રાણીનો હાર તથા શેષ નાગની સ્ત્રીની આલ લાવી આપીશ. અને તે પ્રમાણે આ ચીજો વિક્રમરાજાને મળી.

વિક્રમરાજાયે પછી પેલા બ્રાહ્મણને કહ્યું કે ભાઇ, હવે તારે કાશીએ જવાની જરૂર નથી. તું આ બે ચીજો લઇને લગ્ન કરવા જા. અને બત્રીસ લક્ષણા પુરૂષનું માથું હસ્તમેળાપ વખતે આપશે એમ કહેજે. આ હારનું તેજ તથા આલ જોઇને બ્રાહ્મણને ખાત્રી થઈ આ ચીજો બરોબર છે. એટલે તે પેલા રાજાને ત્યાં ગયો. આ ચીજો જોઇને તો દરબારમાં પણ બધાની ખાત્રી થઇ, અને તેમણે બ્રાહ્મણની વાત માની. લગ્નની તૈયારી પણ થઈ અને ધામધુમથી ચોરી રચાઈ. હસ્તમેળાપનો વખત થયો. એટલે બત્રીસ લક્ષણા

પુરુષનું માથું તે રાજાએ માગ્યું. વિક્રમરાજા અંતરિક્ષ પેલા બ્રાહ્મણની સાથેજ હતા. તેઓ આ વખતે ઉઘાડા પડ્યા, અને પેલા રાજાને કહ્યું કે ભાઇ તારી તરવાર મને આપ. એટલે હું માથું તને કાપી આપું. વિક્રમરાજાનું રૂપ જોઇને ત્યાંના બધાને લાગ્યું કે આ કોઇ મોટા માણસ છે. અને પછી પેલા રાજાને તરતજ લાગ્યું કે આ પરદુઃખભંજન વિક્રમરાજા હોવા જોઇએ. એમના વિના બીજું કોણ કોઇને માટે પોતાના પ્રાણ આપે. આમ વિચારી તેણે પૂછી જોયું કે તમેજ વિક્રમ રાજા છો ને ? તેમણે હા કહી એટલે તે ઉઠીને નમ્યો, અને કહ્યું કે મહારાજા, તમે મારે ત્યાં આવ્યા તેજ આનંદની વાત છે. મારે હવે માથું જોઇતું નથી. જે માણસને તમે આ પ્રમાણે મદદ કરો છો, તે મારો જમાઇ થવાને બધી રીતે લાયકજ હશે. એમ કહીને તેણે પોતાની કુંવરીનો હસ્તમેળાપ પેલા બ્રાહ્મણ સાથે કરાવી આપ્યો.

વિક્રમરાજાએ વરકન્યાને આશીર્વાદ આપ્યો. અને પછી ઘણાં ગામ બક્ષિસ કર્યાં. આ રીતે પેલો બ્રાહ્મણ પૈસા વાળો તો થયો. પણ તેના માબાપનું દુઃખ તેને રહ્યું તે દૂર કરવા માટે પોતાની પાસેની કામધેનુ જેવીજ ગાય તેમણે આ બ્રાહ્મણને આપી દીધી. અને કહ્યું કે તમે એની સેવા કરજો. અને એનાં દુધ માંખણ અને ઘી ખાજો એટલે તમારા પિતાનો કોઢ મટશે, તમારાં મા દેખતાં થશે, અને તમારી બ્હેન ચાલી શકશે. પેલા બ્રાહ્મણને આ સર્વ લાભ મળ્યા અને તેણે ખાધું પીધું અને બહુ વર્ષ આનંદ કર્યો.

આટલી વાત કહીને સુભગા નામની પુતળી બોલી કે જ્યારે તમે આવાં પરોપકારનાં કામ કરશો ત્યારેજ આ સિંહાસન ઉપર બેસી શકશો. આમ કહીને તે આકાશમાં ઉડી ગઇ.

બાળકો માટે–
રામાયણની વાતો.

૨૦ હનુમાન સમુદ્ર ઓળંગી સીતાને મળે છે.

હનુમાનજી પર્વત ઉપર જઈ ઉભા. તે વખતે તેમના આખા શરીરમાં જોમ આવી ગયું. વળી તેમનો આ વખતનો દેખાવ પણ અદ્દભુત બની ગયો હતો. શરીરે વજ્ર કછોટો ભીડી દીધો હતો. અંગે અંગમાંથી બળ, વીર્ય અને પરાક્રમ ઝળકી ઉઠ્યું હતું. તે એક ચિત્તે રામની સ્તુતિ કરતા કૂદ્યા. કુદતી વખતે પગના એક હચકાની સાથેજ આખો પર્વત પૃથ્વીમાં ધુસી ગયો. આ પ્રમાણે એક કુદકાની સાથે સમુદ્ર ઓળંગી જતાં માર્ગમાં તેમને અનેક અડચણો નડી. પરંતુ તે તો બળ અને બુદ્ધિના ભંડાર હતા એટલે બધી અડચણોને વટાવી સમુદ્રને દક્ષિણ કિનારે પહોંચી ગયા.

સમુદ્ર કિનારે પહોંચ્યા પછી તે એક ઉંચા ઝાડ ઉપર ચઢ્યા. યાંથી તેમણે ચારે તરફ સમુદ્રથી વીંટાએલી સોનાના કિલ્લા અને ઉંચાં સુશોભિત મકાનોવાળી લંકા નગરી જોઇ. આ વખતની લંકાની શોભા અપાર હતી. કવિ તેનું વર્ણન કરતા લખે છે કેઃ– 'લંકા નગરી ઘણી વિશાળ હતી. તેને સોનાનો કોટ હતો. તે કોટ ઘણો ... પહોળો હતો અને તેની અંદર જુદી જુદી જાતનાં રત્નો જડેલાં ... તાં. ઠેક ઠેકાણે હાટ, ચોટાં અને ચોક શોભી રહેલાં હતાં. રસ્તાઓ ... જ સ્વચ્છ અને સુંદર હતા. માર્ગમાં વિવિધ દિશાએ સુંદર ... ગબેરંગી સુવાસિત પુષ્પોના બગિચા ખીલી રહ્યા હતા. ગજ... ળામાં માતેલા હાથીઓ મહાલી રહ્યા હતા. ઘોડારનો પાર જ ... હતો. ઠેરઠેર સિપાઇઓની હારો ઉભેલી જોવામાં આવતી હતી.

લશ્કરના આકારમાં રાક્ષસોનાં અગણિત ટોળાં જોવામાં આવતાં હતાં. નગરમાં અને તેની આસપાસ જંગલ, બાગ, વાડી, તળાવ અને કુવાઓ શોભી રહ્યા હતા. ત્યાં માનવ, નાગ, દેવ અને ગન્ધર્વની રૂપવતી સુંદર કન્યાઓ આમથી તેમ જતી આવતી જોવામાં આવતી હતી. વળી કોઈ કોઇ ઠેકાણે મોટા શરીરવાળા, પત્થરની શિલા જેવા પ્રચંડ મલ્લો ઘોર ગર્જના કરતા એક બીજાની સાથે દાવપેચ સાધી કુસ્તી કરી રહ્યા હતા. પહાડ જેવા જણાતાં હજારો રાક્ષસો નગરની ચારે દિશામાં ફરતા રહી નગરનું રરક્ષણ કરી રહ્યા હતા.

આમ આખી નગરી ચારે તરફ મોટા મોટા રાક્ષસોથી રક્ષાએલી જોઇને હનુમાને વિચાર કર્યો કે “ મારા આવા વિરાટ શરીરથી ધારેલું કામ થશે નહિ, મારે મારૂં અસલ સ્વરૂપ ફેરવવું જોઈશે. ” આમ વિચાર કરીને તેમણે તેમનો બધો દેખાવ બદલી નાંખ્યો અને રાત્રે નગરમાં પેસવાના ઈરાદાથી તે દરવાજા પાસે આવ્યા. અહીં એક મોટી રાક્ષસી ચોકી કરતી હતી. તેણે હનુમાનને અંદર દાખલ થતા જોઇને કહ્યું કે,

“ जानसि नहि मर्म शठ मोरा ।
मोर अहार लंक कर चोरा ॥ ”

“હે શઠ ! તું મારો હેતુ સમજતો નથી. તું મારો અહાર છે. હું હમણા જ તને ખાઈ જઈશ. ”

આ સાંભળતાં જ હનુમાને તે રાક્ષસીની છાતીમાં એક એવો તો મુક્કો માર્યો કે તે બેભાન થઈ પૃથ્વી પર પડતાં મરણ શરણ થઇ ગઇ. પછી હનુમાન નગરમાં દાખલ થયા, ને શહેરમાં ચારે તરફ સીતાની શોધ કરતા ઘુમી વળ્યા. કયાંએ ભાળ લાગી નહિ ત્યારે તે રાવણના મહેલમાં ઘુસી ગયા. અહીં રાવણ ભર નિદ્રામાં ઘોરતો હતો. આસપાસ ચારે તરફ જોયું પણ મહેલમાં કયાંએ સીતાજી જણાયાં નહિ. આથી તે ફરતા ફરતાં એક બીજા મહેલમાં ગયા. અહીંનો દેખાવ જોઇને તો તેમને ઘણી જ નવાઈ લાગી. ઘરની ભીંતો ઉપર તેમણે ભગવાનનાં

નામ લખેલાં જોયાં, વળી આસપાસ તુળસીના ક્યારાઓ પણ જોવામાં આવ્યા. ઘરની અંદરનો આવો દેખાવ જોઈને તે મનમાં વિચારવા લાગ્યા કે, લંકા નગરી તો રાક્ષસોનું રહેઠાણું છે. તેમાં સાધુજન હોવો એ શું બની શકે એવું છે ? આ વિચારની સાથે જ તેમની નજર નિંદ્રાવસ્થામાં પડેલા મકાનના માલીક ઉપર પડી. આ બીજો કોઈ જ નહિ પણ રાવણનો ભાઈ વિભિષણ હતો. બંને ભાઈના સ્વભાવમાં આકાશ–પાતાળ જેટલો ફેર હતો. રાવણ અભિમાની અને રાક્ષસી સ્વભાવનો હતો જ્યારે વિભિષણ પરમ સાધુ પુરૂષ અને ભગવાનનો પરમ ભક્ત હતો. હનુમાનને આ વાતની ખાત્રી તેની આંખ ઉઘડતાંની સાથે જ થઇ. વિભિષણની આંખ ઉઘડી કે તરત જ રામ નામનો ઉચ્ચાર થયો. આસપાસનો દેખાવ અને તેના મોઢામાંથી નીકળતું ભક્તિભાવ ભર્યું પ્રભુનું નામ, એ જોતાં જ હનુમાનની ખાત્રી થઈ કે જરૂર જ આ કોઇ સાધુ પુરૂષ છે. તેની સાથે છુટથી વાતચીત કરવામાં કંઈ હરકત જેવું નથી. આમ વિચારી હનુમાને બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું અને વિભિષણ સામે જઈ ઉભા. પરસ્પર મળ્યા અને એક બીજાની ઓળખાણથી આનંદ પામ્યા. હનુમાને પોતાનું લંકામાં આવવાનું કારણ કહી સંભળાવ્યું એટલે વિભિષણે સીતાનો પત્તો આપ્યો.

આમ વિભિષણ પાસેથી સીતાના રહેઠાણ વિષે માહિતી મેળવીને હનુમાન અશોક વાડી તરફ ચાલતા થયા. અહીં આવી જુએ છે તો સીતાને અનેક વિકરાળ રાક્ષસીઓના વચમાં બેઠેલાં જોયાં. હનુમાને મનથી તેમને પ્રણામ કર્યા. સીતા અત્યારે બહુ જ દુબળાં થઈ ગયાં હતાં. તે ચોવીસે કલાક રામ નામના જાપ જપતાં હતાં. રામના વિયોગ દુઃખમાં તે અત્યંત ગળી ગયાં હતાં. તેમની આવી દુઃખી હાલત જોઇ હનુમાનને ઘણું જ દુઃખ થયું. તેમને આ દુઃખમાંથી શી રીતે છોડાવવાં, તેમને કેવી રીતે મળવું, રામના કુશળ સમાચાર કેવા પ્રકારે તેમને આપવા, વગેરે બાબતોનો તે મન સાથે વિચાર કરવા લાગ્યા.

હનુમાન આમ વિચાર કરે છે એવામાં અનેક રાક્ષસીઓથી વીંટીએલો રાવણ ત્યાં આવીને ખડો થયો. હનુમાન એક ઝાડ ઉપર ચઢી ગયા અને પાંદડાંની ઓથે રહી શું બને છે તે જોવા લાગ્યા.

રાવણ પ્રથમ તો શાંતિથી સીતાજીને સમજાવવા લાગ્યો. તેમને અનેક જાતની લાલચો આપી પોતાની સ્ત્રી તરીકે સાથે રહેવાનો આગ્રહ કરવા લાગ્યો. પણ રામ નામમાં જ લીન બનેલાં સીતા સાંભળે જ શાનાં ? બહુ બહુ વિનવણી અને મોટી મોટી લાલચોથી પણ સીતાનું મન ચળ્યું નહિ ત્યારે તે રાક્ષસ ગુસ્સે થઇ અનેક ભય બતાવવા લાગ્યો. રાક્ષસની આ ધમકીઓને પત ન કરતાં સીતાએ કહ્યું, કે "ભલે ગમે તેમ થાય, આ પ્રાણ હમણાંને હમણાંજ ચાલ્યા જાય તો પણ હું મારા પતિવ્રત ધર્મથી જરા પણ ડગીશ નહિ."

આમ અનેક પ્રયત્ન કરી થાકયો અને નિષ્ફળ નિવડયો ત્યારે રાવણે રાક્ષસીઓને હુકમ કર્યો કે, 'તમે સીતાને સમજાવો, તેને ચોકખે ચોકખું જણાવી દો કે આજથી એક માસની અંદર જો તે મારા કહેવા પ્રમાણે ચાલશે નહિ તો હું તેને જરૂર મારી નાંખીશ." આમ કહી રાવણ પોતાના મહેલ તરફ ચાલતો થયો.

રાવણના ગયા પછી રાક્ષસીઓ અનેક બીહામણાં રૂપ બનાવીને સીતાને બીવડાવવા લાગી; પણ સીતા તો પોતાના પતિના ધ્યાનમાં લીન થઇ ચુપ બેસી રહેતાં હતાં. બધી રાક્ષસીઓમાં એક ત્રિજટા નામની રાક્ષસી હતી તે જમાદાર હતી. તેનો સ્વભાવ બીજીના જેવો દુષ્ટ ન હતો. તેણે સર્વને બોલાવીને કહ્યું કે "બહેનો! હવે તમે સીતાને બીવડાવવાના નકામા પ્રયત્ન કરશો નહિ. જો તમે તમારૂં ભલું ઇચ્છતાં હો તો તેની તન-મનથી સેવા કરો. તેની માફી માગો. ગઈ રાત્રે મને એક સ્વપ્ન આવ્યું હતું. તે ઉપરથી મને તો એમ જ લાગે છે, કે રાવણનો થોડાજ સમયમાં નાશ થશે અને સીતાને રામ પાછાં લઇ જશે."
સઘળી રાક્ષસીઓ આ હકીકત સાંભળીને ચુપ થઇ ગઈ.

સીતા ધ્યાનમાંથી સહેજ જાગ્રત થયાં ત્યારે તેમને રાવણનાં છેલ્લા શબ્દો યાદ આવ્યા.તેમને પોતાની નિરાધાર સ્થિતિથી પારાવાર દુઃખ થયું. તેને લાગ્યું કે એ રાક્ષસ એક માસ વીતે જરૂર જ મારી ઘાત કરશે. આ વિચારની સાથે તેમના મુખ ઉપર દુઃખ અને નિરાશા છવાઈ ગયાં. તે દુઃખી સાદે ત્રિજટાને કહેવા લાગ્યાં: "માતા, હવે મારાથી મારા પતિનું વિરહ–દુઃખ વેઠી શકાતું નથી. તમે લાકડાં એકઠાં કરી એક ચિતા તૈયાર કરો. તેમાં હું ચઢી બેસું એટલે તમે તેને સળગાવી મુકજો." સીતાનાં આ વચનથી ત્રિજટાને ઘણું દુઃખ થયું. તેણે સીતાને બહુ બહુ રીતે સમજાવ્યું. આમ છતાં પણ જ્યારે સીતાએ બળી મરવાની ઈચ્છા બતાવી ત્યારે તેણે કહ્યું કે, લાકડાં તો એકઠાં કરાય પણ આટલી મોડી રાતે અહીં હું દેવતા ક્યાંથી લાવી શકું ?

હવે સીતા છેક જ અધીર બની ગયાં. તે વિલાપ કરી કહેવા લાગ્યાં કે, "હાય ! મારૂં નસીબ જ વાંકું છે. મને વિરહનું દુઃખ શમાવવા ખાતર અગ્નિ પણ મળી શકતો નથી ! પછી મુખ ઉંચું કરી તે તારાઓને કહેવા લાગ્યાં, કે "હે તારાઓ! તમે આકાશમાં રહી અગ્નિની માફક ચળકી રહ્યા છો, તમે અહીં નીચે આવીને મને ભસ્મ કેમ કરતા નથી ?" પછી અશોક ભણી જોઇ તે બોલ્યાં: "હે અશોક વૃક્ષ! તારૂં નામ અશોક એટલે શોક વગરનું છે, માટે તુંજ મારા શોકને દૂર કર. જો તું એમ કરી શકે તો જ તારૂં નામ સાર્થક સમજું."

આમ અપાર દુઃખ તળે દબાએલાં સીતાને વિલાપ કરતાં અને દુઃખી થતાં જોઇને હનુમાનનું હૃદય ચીરાઈ જવા લાગ્યું. તેમના દુઃખનું સાન્ત્વન કરવાને તેમણે લાગ સાધી રામે આપેલી વીંટી સીતાના મુખ આગળ ફેંકી. પણ એથી તો બળતામાં ઘી હોમાયા જેવું બન્યું. વીંટી જોતાંની સાથે જ તેને સીતાએ હાથમાં લીધી. જોયું તો તે ઉપર રામનામ કોતરેલું જણાયું. વળી લાંબા વખતથી પોતાની જાણીતી વીંટી ઓળખી ને તરતજ મોટા

વિચારમાં પડી ગયાં. આ વીંટી અહીં શી રીતે આવી ? જે વીંટી રાત દિવસ રામના હાથે રહેતી તે આમ અચાનક અહીં ક્યાંથી અને શી રીતે આવી ? ત્રિલોકમાં રામને જીતે એવો તો હજી કોઈ જણ્યો નથી. વળી આવી વીંટી કોઇ બનાવટી બનાવી શકે એ પણ શક્ય નથી. આવા આવા વિચાર સાથે વળી તે વીંટીને બારીકાઈથી તપાસવા લાગ્યાં.

હનુમાન આ સઘળું ધ્યાન પૂર્વક બારીકાઇથી જોઇ રહ્યા હતા. તે સીતાના મનના ભાવો સમજી ગયા. હવે વધારે વખત છાના રહેવું નુકશાનકારક થઇ પડશે એમ પણ તેમને જણાયું તેથી તે રામ નામની ધૂન મચાવતા ઝાડ પરથી ઉતરી સીતાની સામે ઉભા રહી, હાથ જોડી કહેવા લાગ્યા;

राम दूत मैं मातु जानकी ।
सत्य शपथ करुणानिधि नकी ॥
यह मुद्रिका मातु मैं आनी ।
दीन्ह राम तुम कहँ सा जानी ॥

અર્થાત્ "હે માતા જાનકી! હું રામચંદ્રનો દૂત છું. આ વાત ખરી છે એમ હું ઇશ્વરના સોગન ખાઇને કહું છું. હે માતા ! આ વીંટી હું લાવ્યો છું. તે નિશાની તરીકે તમને દેખાડવા માટે મને રામચંદ્રે પોતે આપી છે."

પછી હનુમાને સુગ્રીવ સાથે રામના મેળાપની તથા તેમના હાથે વાલીના મરણની વાત સીતાજીને કહી સંભળાવી- આમ પોતાના પતિ અને દીયરના કુશળ સમાચાર હનુમાન પાસેથી સાંભળી સીતાને ઘણોજ આનંદ થયો.

પોપટનો ન્યાય.

એક શહેરમાં એક શેઠ રહેતો હતો. તેને ચાર છોકરા હતા. તે શેઠની શાહુકારી અને ખેતીવાડી ઘણી સારી ચાલતી હતી. બળદો, ગાયો અને ભેંસો ઘણાં હતાં. વળી શેઠ ઘણા બુદ્ધિમાન હતા. તે જે કામ આદરતા તે ઘણા વિચારે અને સાવધાનીથી કરતા હતા. એક દિવસ શેઠે વિચાર કર્યો કે હવે હું ઘરડો થયો છું. જીંદગીનો કાંઇ ભરોસો નથી, માટે મારા જીવતાં ચારે પુત્રોને માટે મારી મિલ્કતના વાજબી ભાગ પાડી જાઉં. પણ એવી યુક્તિ કરૂં કે મારા મરણ પહેલાં તેનો ભેદ કોઇ જાણે નહિ. આવો વિચાર કરી શેઠે પોતાના ઓરડામાં પલંગના ચારે પાયાની નીચે ખાડા ખોદ્યા અને પહેલાં ખાડામાં રૂપીયો, બીજામાં ઘાસ, ત્રીજામાં કાગળ અને ચોથામાં હાડકું રાખી તે ખાડા માટીથી ભરી દીધા.

કેટલાક દિવસ પછી શેઠ માંદા પડયા. દવા દારૂ ખૂબ કરી પરંતુ કાંઇ પણ લાભ થયો નહિ. જ્યારે તેનો આખરનો વખત આવી લાગ્યો; ત્યારે તેણે પોતાના ચારે છોકરાને બોલાવી કહ્યું કે પુત્રો, મારો મરવાનો સમય પાસે આવી ગયો છે. મારા મુવા પછી તમે લોકો માંહેમાંહે લડાઇ કજીઓ કરશો નહિ. મેં તમારી મીલકતની વહેંચણી કરી રાખી છે. મારા પલંગના ચારે પાયાની નીચે જમીનમાં ખાડા છે તેમાં તમારો દરેકનો ભાગ છે. તમે મારી હાજરીમાંજ એક એક પાયા ઉપર તમારો અધિકાર કરી લ્યો. તે

સાંભળીને ચારે છોકરાઓએ એક એક પાયો માગી લીધો અને તેની નીચેના ખાડામાંના હિસ્સાનો અધિકાર મેળવી લીધો. તે પછી શેઠનું મૃત્યુ થયું.

શેઠની ઉત્તર ક્રિયા કરી લીધા પછી એક દિવસ ચારે ભાઇઓએ પોતાનો ભાગ ખોદી લેવાની ઇચ્છા કરી. ત્યારે તે ચારે ભાઇઓએ પોતપોતાના પાયાની નીચે ખોદ્યું ત્યારે મોટાને રૂપીઆ, તેથી નાનાને ઘાસ, તેથી નાનાને કાગળ અને સૌથી નાનાને હાડકું જડયું.

આ જોઇ ચારે ભાઈ ચકિત થઈ ગયા અને વિચારવા લાગ્યા કે આપણા પિતાએ આ કેવી વિચિત્ર વહેંચણી કરી છે, કે કાંઈ ખબર પડતી નથી ! હવે અમે શું કરીએ ? નગરમાં પણ એ વાત ફેલાઇ ગઈ. પણ વહેંચણીનો ભેદ કોઈ સમજી શક્યું નહિ. આસપાસના ગામોમાં જે માણસો પોતાને બુદ્ધિશાળી માનતા હતા, તેઓએ પણ પોતાની અક્કલ ચલાવી જોઈ પણ કાંઇ નક્કી થઈ ન શક્યું. છેવટે આ વાત રાજા પાસે પહોંચી પણ રાજાને સુદ્ધાં વહેંચણીનો ભેદ સમજાયો નહિ.

રાજાની પાસે એક પોપટ હતો તે મનુષ્યની પેઠે વાતચીત કરતો હતો. તે ઘણો બુદ્ધિમાન હતો. આવી ગુંચવણ ઉકેલવી એ તેને રમત લાગતી. રાજસભામાં તેણે શેઠના ચારે છોકરાની વહેંચણીની વાત ધ્યાનથી સાંભળી હતી. જ્યારે કોઇ તેનો નિર્ણય કરી શક્યું નહિ ત્યારે તેણે કહ્યું, ભાઇઓ, હું તો પક્ષી છુ, અને એવો બુદ્ધિમાન નથી કે શેઠના છોકરાની વહેંચણી સમજાવી શકું. પણ મારી ટુંકી બુદ્ધિ પ્રમાણે જે કાંઈ મને સુઝે છે તે બતાવું છુ. શેઠના મોટા છોકરાના ભાગમાં રૂપીઓ મળ્યો છે તેનો ભેદ એ કે રોકડા રૂપીઆ તેને મળવા જોઇએ. તેથી નાનાના ભાગમાં ઘાસ નીકળ્યું છે તેનો ભેદ એ કે ખેતીવાડીની બધી જમીન તેને મળવી જોઇએ. ત્રીજા છોકરાને કાગળ

મળ્યાં છે તેનો ભેદ એ કે લેણુ દેણુંના કાગળપત્રો તેને મળવા જોઈએ. સૌથી નાનાને હાડકું મળ્યું છે તેનો ભેદ એ કે ઘરનાં બધાં પશુઓ તેને મળવાં જોઈએ. પોપટનો આ નિર્ણય સહુને પસંદ પડયો, ને ચારે ભાઈઓએ પણ તે મંજુર કરી લીધો, અને પોપટને ઘણું માન મળ્યું. રાજ દરબારમાં જેટલા માણસ હતા તે બધા પોપટને ધન્યવાદ આપવા લાગ્યા.*

રતિલાલ દેવચંદ રામજી. (ઉ. વ. ૧૨)

કથામંજરી ભાગ—પહેલો

બીજી આવૃત્તિ સોનેરી નામનું સુંદર પુંઠું. કિંમત રૂ. બે.

આ ભાગમાં કોઈ સંગ્રહમાં ન આવેલી વિદ્વાન લેખકોની ખાસ ચુંટી કાઢેલી નીચેની સોળ વાર્તા છે–મેટ્રીકમાં ટેક્સ્ટ તરીકે મંજુર થઇ હતી.

૧ **વેષધારી**–(રા. રા. છગનલાલ હરિલાલ પંડ્યા, બી. એ.). ૨ **તારાનું અભિજ્ઞાન.** (રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ) ૩ **એક રાત્રી.** (ડૉ. રવીન્દ્રનાથ ટાગોર), ૪ **અપરિચીતા.** (રા. રા. ભગવાનદાસ ગિરિજાશંકર ભટ્ટ), ૫ **મણી.** (રા. રા. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી. એ.), ૬ **વીસમી સદીની શકુંતલા.** (રા. રા. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી. એ.), ૭ **દોલત.** (સ્વ. ભાઇ રણજીતરામ વાવાભાઈ મહેતા, બી. એ.), ૮ **સુમનનો સંતાપ.** (રા. રા. ઇન્દુલાલ કે. યાજ્ઞિક; બી. એ. એલ્ એલ. બી. ૯ **લગ્ન.** (સૌ. શારદા મહેતા. બી. એ.), ૧૦ **ગરબાવાળી**, ૧૧ **પૈસો કે પ્રેમ?** (રા. રા. ચંપકલાલ એચ. ભગુડીયા, બી. એ.), ૧૨ **વિચિત્ર સ્વયંવર.** ૧૩ **રેણુકા.** (રા. રા. ગોકળદાસ ડી, રાયચુરા), ૧૪ **સ્નેહ પહેલાં સાન.** ૧૫ **પ્રિયબાલા.** (રા. રા. ડાહ્યાભાઈ લક્ષ્મણ પટેલ), ૧૬ **લલિત-માધુરી.** (રા. રા. જગજીવન કાળીદાસ પાઠક. લગભગ ૮૦ પૃષ્ટની મોટી અપ્રસિદ્ધ સ્નેહવાર્તા).

લખો:—**જીવનલાલ અમરશી મહેતા,**
ઠે. પીરમશા રોડ; અમદાવાદ.

* હિંદી ઉપરથી.

હિન્દુ ધર્મની પાઠમાળા.

ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૪૩૦ સોનેરી ત્રણ નામનું સુશોભિત પુંઠું.
કિંમત રૂ. સાડા ત્રણ. (વિ૦ પી૦ પોસ્ટેજ સાથે રૂ. ચાર.)
મૂળ લેખક—લાલા બૈજનાથઃ બી. એ., રીટાયર સૅશન જજ; આગ્રા. ઉત્તર હિન્દુસ્તાનની શાળાઓમાં ટેક્સ્ટ બુક તરીકે ચાલતા હિન્દી ગ્રન્થ ઉપરથી આવશ્યક ફેરફાર તથા ઉપયુક્ત વિષયો–ચરિત્રો વગેરેનો વધારો કરીને તૈયાર કરેલા આ પુસ્તકમાં નીચે પ્રમાણે ૧૩ ભાગ અને ૧૨૨ પાઠ છેઃ—

ભાગ ૧ લો—ધર્મ અને તેના પ્રવર્ત્તક.

પાઠ–૧ ધર્મ. ૨ વેદ. ૩ સ્મૃતિ. ૪–૫ ઇતિહાસ–રામાયણ, મહાભારત. ૬ પુરાણ. ૭ ભારતવર્ષ અને તેનો મહિમા. ૮ કાળનિયમ.

ભાગ બીજો—ઇશ્વર.

પાઠ–૯ ઇશ્વર માહત્મ્ય, ૧૦ ભક્તિ, ૧૧ સવાર સાંજની પ્રાર્થના, ૧૨ ભક્તિમહાત્મ્ય, ૧૩ ભક્તિ અને જ્ઞાનનો અભેદ.

ભાગ ત્રીજો—મનુષ્ય અને તેનું કર્તવ્ય.

પાઠ–૧૪ મનુષ્ય તત્વ, ૧૫ જીવાત્મા, ૧૬ જીવની નિત્યતા, ૧૭ સ્વર્ગ અને નરક, ૧૮ પાપ અને પુણ્ય.

ભાગ ચોથો–વર્ણાશ્રમ વ્યવસ્થા.

પાઠ–૧૯ વર્ણવ્યવસ્થા, ૨૦ આશ્રમ, ૨૧ બ્રહ્મચર્ય, ૨૨ ગૃહસ્થાશ્રમ, ૨૩ વાનપ્રસ્થાશ્રમ, ૨૪ સંન્યસ્તાશ્રમ.

ભાગ પાંચમો–સંસ્કાર.

પાઠ–૨૫ સોળ સંસ્કાર. ૨૬ બાળરક્ષણના નિયમો. ૨૭ યજ્ઞોપવિત, ૨૮ વિવાહ, ૨૯ અન્ત્યેષ્ટી સંસ્કાર.

ભાગ છઠ્ઠો—સ્ત્રીઓના ધર્મ અને પુરૂષોનું કર્તવ્ય.

પાઠ–૩૦ સ્ત્રીના ધર્મ અને શિક્ષણ, ૩૧ સ્ત્રીલગ્નની ઉમર, ૩૨ સ્ત્રીઓની દિનચર્યા, ૩૩ સ્ત્રીઓએ આપત્તિના સમયે કેવી રીતે વર્તવું, ૩૪ લાજ મર્યાદા, ૩૫ સ્ત્રીઓના વ્રત નિયમ અને સ્વાતંત્ર્ય. ૩૬ પતિવ્રતા સ્ત્રીઓ—સાવિત્રી, ૩૭ સીતા, ૩૮ દમયંતિ. ૩૯ તારામતિ, ૪૦ દ્રાપદી. ૪૧ પતિનો પત્ની પ્રત્યેનો ધર્મ.

ભાગ સાતમો—આચાર.

પાઠ–૪૨ સામાન્ય આચાર, ૪૩ વિશેષ આચાર, ૪૪ દિનચર્યા, ૪૫ નિત્ય કર્મ, ૪૬ વિશેષ દિનચર્યા, ૪૭ ભોજન. ૪૮ વ્યાયામ, ૪૯ ભાષાશુદ્ધિ, ૫૦ બપોર પછીના સમયનો ઉપયોગ.

૫૧ પોષાક, ૫૨ ઘરોની બાંધણી. ૫૩ ઋતુચર્યા, ૫૪ વ્યવહાર શુદ્ધિ. ૫૫ બાહ્યશૌચ, ૫૬ આદર્શ મહાપુરૂષો–શ્રી રામચંદ્રજી, ૫૭ હનુમાનજી, ૫૮ ભીષ્મપિતામહ.

ભાગ આઠમો–પ્રચલિત ધર્મવ્યવસ્થા.

પાઠ–૫૯ ધર્મ અને તેનું હાલનું સ્વરૂપ, ૬૦ ત્રિમૂર્તિ–પંચાયતન. ૬૧ શક્તિ ઉપાસના, ૬૨ અન્ય દેવોની પૂજા, ૬૩ મૂર્તિપૂજા. ૬૪ વૃક્ષોની પૂજા. ૬૫ પશુ પૂજા, ૬૬ જપ, ૬૭ પાન, ૬૮–૭૦ વ્રતઉત્સવ, ૭૧ વ્રતઉત્સવથી થતા લાભ, ૭૨ તીર્થયાત્રા, ૭૩–૭૬ હિંદુસ્થાનનાં તીર્થ ક્ષેત્રોની સવિસ્તર માહિતી. ૭૭ ભગવાન શ્રીકૃષ્ણ. ૭૮ તીર્થક્ષેત્રોની વર્તમાન સ્થિતિ.

ભાગ નવમો—દાનધર્મ.

પાઠ–૭૯ દાન, ૮૦ સર્વોત્કૃષ્ટ દાન, ૮૧ દાનનો મહિમા, ૮૨ દાનશુદ્ધિ.

ભાગ દશમો—અસત્ વિશ્વાસ અને તેનું પરિણામ.

(૧) ફલિત જ્યોતિષ, (૨) જંત્ર, મંત્ર, બાધા આખડી. (૩) સિદ્ધિ બતાવનાર ઠગો. (૪) વેશધારી તપસ્વીઓ. (૫) અંધપરંપરાની ગુરૂસેવા. (૬) ભૂત પ્રેતાદિના ખોટા વહેમો વગેરે.

ભાગ અગીઆરમો–પ્રચલિત સંપ્રદાયો અને તેની વ્યવસ્થા.

પાઠ–૮૪ સંપ્રદાયો અને તેનું સ્વરૂપ. ૮૫ સંપ્રદાયોની ઉત્પત્તિ અને હેતુ. ૮૬ સ્માર્ત સંપ્રદાય. ૮૭ શ્રી સંપ્રદાય. ૮૮ રામાનંદી, કબીરપંથ, દાદૂપંથ. ૮૯ મહાત્મા તુલસીદાસ. ૯૦ સનક અને મધ્વ સંપ્રદાય. ૯૧ ચૈતન્ય સંપ્રદાય. ૯૨ પુષ્ટી સંપ્રદાય. ૯૩ શક્તિ સંપ્રદાય. ૯૪ શીખ સંપ્રદાય. ૯૫ જૈન. ૯૬ સ્વામીનારાયણ સંપ્રદાય. ૯૭ સંપ્રદાયોનું પરિણામ અને તેની સ્થિતિ.

ભાગ બારમો–ધર્મિષ્ઠ મહાપુરૂષોનાં જીવનવૃત્તાંત.

પાઠ–૯૮ બુદ્ધ. ૯૯ મહાન્ અશોક. ૧૦૦ વિક્રમાદિત્ય. ૧૦૧ શ્રીશંકરાચાર્ય. ૧૦૨ રામાનુજાચાર્ય. ૧૦૩ રાણા પ્રતાપસિંહ. ૧૦૪ સવાઇ જયસિંહ. ૧૦૫ અહલ્યાબાઇ. ૧૦૬ રાજા રામમોહનરાય. ૧૦૭ દયાનંદ-સરસ્વતી.

ભાગ તેરમો–મોક્ષ.

અધ્યાત્મ શાસ્ત્રવિચાર. સત્સંગ. ઇન્દ્રિયનિગ્રહ. સમાનતા, નિષ્કામ કર્મ. અનન્યભક્તિ. ધારણા, ધ્યાન ને સમાધી. તપ. સંસારની નિત્યાનિત્યતા. જીવાત્માનું સ્વરૂપ. જીવનમુક્તપુરૂષો. સ્વામી ભાસ્કરાનંદ. પરમહંસ રામકૃષ્ણ. સ્વામી રામતીર્થ.

લખો:— જીવનલાલ અમરશી મહેતા,
પીરમશાહ રોડ; અમદાવાદ.

નવી આવૃત્તિ તદ્દન નવા સ્વરૂપમાં
જુની આવૃત્તિની પ્રત પાસે હોય તોપણ આ સચિત્ર આવૃત્તિ
તેમાંનાં ચિત્રોની ખાતર પણ રાખવાની ખાસ જરૂર છે.

"કલાપીનો કેકારવ."

સચિત્ર નવી આવૃત્તિ–સોનેરી નામવાળું સુન્દર પુંઠું.
કિંમત રૂ. ચાર. પોસ્ટેજ ૦–૭–૦ જુદું.

આ આવૃત્તિમાં નીચેનાં કદી ન જોવામાં આવેલાં એવાં તદ્દન નવાં તેર ચિત્રો આપવામાં આવ્યાં છે:—

(૧) સ્વર્ગસ્થ કલાપી. (૨) કલાપીનાં સ્નેહરાણી મોંધીબાઈ ઉર્ફે 'શોભના.' (૩) કલાપીનાં રાણીશ્રી રોહાવાળાં બાસાહેબ–'રમા.' (૪) મહાત્મા મૂળદાસ (૫) વીણાનો મૃગ. (૬) અમ્બિમાતા. (૭) ન્હાટી સાધુ. (૮) બિલ્વ મંગળ. (૯) વૃદ્ધ ટ્રેલીઓ. (૧૦) એક ઘા. (૧૧) ભરત. (૧૨) સારસી, (૧૩) કલાપીના હસ્તાક્ષરનો પત્ર. આ ચિત્રો એવાં ભાવવાહી છે કે તે જોનારની નજર સમક્ષ ગુજરાત–કાઠિયાવાડનું દેશી વાતાવરણ આબેહુબ ખડું કરે છે.

સ્વ. ભાઈ રણજીતરામ વાવાભાઈ મહેતા કૃત

રણજીતકૃતિ સંગ્રહ.

ઉપોદ્‌ઘાત લેખક—રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી.
પ્રકાશકઃ—સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટી. સોળ પેજી પૃષ્ઠ ૪૨૫.
કિંમત રૂ. સવા બે. પોસ્ટેજ જુદું.

સ્વ. ભાઈ રણજીતરામે લખેલી નીચેની ન્હાની મ્હોટી ૧૪ વાર્તા તથા છેલ્લાં બે નાટકનો આ સંગ્રહ છે:—૧ સાહેબરામ. (૧૩૫ પૃષ્ઠની મોટી અપૂર્ણ રહી ગયેલી નવલકથા.) ૨ સહીયરો, ૩ મદારી, ૪ હીરાં, ૫ શ્રદ્ધા, ૬ સમીસાંજની સહેલગાહ, ૭ સુપર્ણા, ૮ દોલત, ૯ મંગળા, ૧૦ આમંદ અને રૂપદ્દિ; ૧૧ માસ્તર નંદનપ્રસાદ, ૧૨ ખવાસણ, ૧૩ તોળલ, ૧૪ કાળીઘાડપર, ૧૫ તેજસિંહ અને ૧૬ રિપુ.

કવિતા—સાહિત્યનાં પુસ્તકો.

પૂર્વાલાપ—સ્વ૦ કાન્ત-મણિશંકર રત્નજી ભટ્ટનાં કાવ્યોનો સંગ્રહ. કીંમત રૂ. ૦-૧૨-૦

દીવાને સાગર—સાગર કૃત ગઝલો-ભજનો-વગેરેનો ૫૦૦ પૃષ્ઠનો મોટો સંગ્રહ. સુફીઝમના ખાસ શબ્દોના કોશ તથા નારદમુનિ કૃત ભક્તિસૂત્ર સાથે. કીંમત રૂ.૩-૮-૦

સ્મરણસંહિતા—એક સચિત્ર કરુણ પ્રશસ્તિ લેખક ન૦ ભો૦ દીવેટીઆ. પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવના લાંબા ઉપોદ્ઘાત તથા ખાસ ચિત્રો સાથે. કિં. રૂ. દોઢ

પ્રવાસ પુષ્પાંજલિ—સ્વ. હરિલાલ હર્ષદરાય ધ્રુવ કૃત યુરોપ યાત્રાના પ્રવાસ વર્ણનનાં સુન્દર દૃશ્ય કાવ્યોનો સંગ્રહ. કિ. રૂ. દોઢ.

સ્નેહસંગીત—સચિત્ર કર્તા–રા. કેશવ હ. શેઠ. કિંમત બાર આના. (૧) સ્નેહસંગીત. (૨) સ્નેહાર્પણ, (૩) સ્નેહતપ અને (૪) પ્રકીર્ણ એ ચાર પ્રકારનાં ત્રેપન કાવ્યો, રૂપેરી નામનું સુંદર પુંઠું. દરેક લાયબ્રેરીમાં ખાસ સંગ્રહવા યોગ્ય આ કાવ્યસંગ્રહ છે.

સ્રોતસ્વિની—"કલ્લોલિની" કર્તા દામોદર ખુશાલદાસ બોટાદકરનાં નવીન કાવ્યોનો સંગ્રહ. ઇનામ લાયબ્રેરી માટે મંજુર થયો છે. કીં. બાર આના.

નિર્ઝરિણી—દામોદર ખુશાલદાસ બોટાદકરનાં નવીન કાવ્યોનો ત્રીજો સંગ્રહ. સા. શ્રી કૌશિકરામ વિઘ્નહરરામ મહેતાએ લખેલા ઉપોદ્ઘાત સાથે. કીંમત રૂ. ૦-૧૨-૦.

સ્વદેશગીતાવલિ—કર્તા કેશવ. હ. શેઠ. પાકું પુંઠું એંટીક કાગળ કીં. ૦-૧૪-૦ આમાં સ્વદેશભક્તિ, સ્વદેશધર્મ અને દેશદાઝને લગતાં કાવ્યો ઉપરાંત છત્રપતિ શિવાજીની રાજ્યવ્યવસ્થાવાળું એક વિસ્તૃત ખંડકાવ્ય છે.

કવિશ્રી હર્ષદેવકૃત

રત્નાવલી નાટિકા.

ભાષાન્તર કર્તા રતિપતિરામ ઉદયરામ પંડયા; બી. એ.

૭ સુન્દર ચિત્રો; કવિચરિત્ર, "રત્નાવલીની" ટુંકી વાર્તા, નાટક, નાટિકા ભેદ, પાત્રનિરૂપણ, તેમજ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી ટીકા સાથે. પાકું છીટનું પુંઠું. કિંમત રૂ. સવા.

સ્વામી વિવેકાનંદ.

(પંચાંકી ગદ્ય નાટક.)

મરાઠી ભાષાના પ્રસિદ્ધ લેખક શ્રીયુત્ અચ્યુત બળવંત કોલ્હટકર બી. એ. એલ. એલ. બી.એ લખેલા મરાઠી નાટકનો આ અનુવાદ છે. સ્વામીજીનો હિન્દુ ધર્મ પ્રતિ જે ઉચ્ચ અને ઉદાર ભાવ હતો, તે તથા તેમણે અમેરિકા જઇ ત્યાં હિન્દુ ધર્મનો પ્રચાર કર્યો, ત્યાંના લોકો સમક્ષ તેની મહત્તાપર જે પ્રકાશ નાખ્યો એ સર્વ બાબતોનું આમાં ઘણું જ સુન્દર ચિત્ર આલેખવામાં આવ્યું છે. જાતિભેદની ઉત્પત્તિ અને હિન્દુધર્મનું નિરૂપણ-લગભગ સ્વામીજીના જ શબ્દોમાં વાચકને દંગ કરે છે. કિં. રૂ. સવા.

ભીષ્મપિતામહ.

બાબુ દ્વિજેન્દ્રલાલ રૉયના નાટકનું ભાષાન્તર. છીંટનું પાકું સોનેરી નામનું પુંઠું. કીંમત રૂ. ૧-૧૨-૦.

સીતા—ડૉ. દ્વિજેન્દ્રલાલ રૉયકૃત સુન્દર સ્ત્રી ઉપયોગી નાટકનું ભાષાન્તર. કીં. ૦-૧૨-૦

સત્યભામા.

(પત્નીની પસંદગી-શુદ્ધ પ્રેમનો આદર્શ.)

આપણી લગ્નપદ્ધતિ વિષેનું પાંચ અંકી ગદ્ય નાટક. હાફટોન બ્લોકનાં ૭ મનોહર ચિત્રો સાથે. અંક ૧ લો-પ્રેમાંકુર. અંક રજો -પ્રેમવિકાસ. અંક ત્રીજો-પ્રેમપ્રકાશ. અંક ૪થો-પ્રેમપરીક્ષણ. અંક ૫ મો-પ્રેમની પરિસીમા. કિંમત રૂ. ૧-૮-૦ ફેધરવેઇટ પેપરની ઉંચી આવૃત્તિનો રૂ. ૨-૦-૦.

મેવાડ—પતન.

બંગાળાના સુપ્રસિદ્ધ નાટકકાર બાબુ દ્વિજેન્દ્રલાલ રોયના અતિહાસિક ઉત્તમ નાટકનું તેવુંજ સુંદર ભાષાંતર. કિ. રૂ. દોઢ

આ નાટક મહારાણા પ્રતાપસિંહના પુત્ર અમરસિંહ તથા જહાંગીરના સમયનું છે. તેમાં પતિપ્રેમ, દેશપ્રેમ ને વિશ્વપ્રેમ એ ત્રણ ઉચ્ચતર પવિત્ર ભાવનાઓને અત્યંત મનોહર રીતે ખીલવી તાદશ કરી બતાવી છે. મેવાડનું પતન થતાં તે જહાંગીરના કબજામાં જાય છે: છતાં હિંદુ મુસલમાનોનું ઐક્ય ઘણીજ સરસ રીતે સાધવાનો ઉત્તમ માર્ગ કવિએ આમાં દર્શાવ્યો છે. હિંદુ મુસલમાનની એકતા સાધવામાં આ પુસ્તક હાલના એકતાના સમયે સરસ વિચારો આપે છે.

રાઇનો પર્વત.

કર્તા-રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ.

"પ્રભુથી સહુ કંઇ થાય છે, અમથી થાય ન કાંઇ;
"રાઇનો પર્વત કરે, પર્વત બાગનિ માંહિ."

આ દોહરો નાટકના સૂત્ર રૂપ છે; અને તે ઉપરથી જ તેમાંના વિષયનો કંઇક ખ્યાલ આવી શકે છે. હાઇસ્કુલોમાં તથા વિનયમંદિરોમાં ટેક્સ્ટ બુક દાખલ ચલાવવા મંજુર થયું છે. આ. ચોથી. કિં. રૂ. દોઢ.

ચાર દશ્ય નાટકો.

ધ્રાંગધ્રા નરેશના આશ્રય નીચે સ્થપાયેલી શ્રી ભારતવિજય નાટક સમાજે ભજવેલાં ગાયનો તથા પુરેપુરા ભાષણ સાથેના નાચેનાં ચાર નાટકોનું પાકા પુંઠાથી બાંધેલું પુસ્તકઃ

(૧) પ્રતાપી પ્રમીલા અથવા ઔરંગઝેબનો રાજરંગ.
(૨) કામલતા. (૩) ચિતોડનો કરણ.
(૪) સત્યવાદી હરિશ્ચંદ્ર, (ઉર્દુ જબાન ને ગુજરાતી ટાઇપ)

કાચા પુંઠાની આ દરેક નાટકની કીંમત આઠ આના છે; આ ચારે નાટકસાથે પાકા પુંઠામાં ભેગાં બાંધેલાં છતાં કીં રૂ. બેજ રાખી છે.

મુક્તધારા—મૂળ લેખક ડૉ૰ ટાગોર. કીં. આઠઆના.

શિક્ષાનો આદર્શ.

મૂળ લેખક:—ડૉ. રવીન્દ્રનાથ ટાગોર. ત્રીસ પૃષ્ઠનું આદિવચન લેખક સ્વ. શ્રી છગનલાલ હરિલાલ પંડયા, બી. એ. ક્રિં રૂ. એક.

આપણા દેશની અર્વાચીન શિક્ષણ પદ્ધતિમાં જે પ્રકારની સુધારણા થવાની આવશ્યકતા છે તે માટે કેવા કેવા ઉપાયો યોજવા જોઇએ તે વિષે ડૉ. રવીન્દ્રનાથ ટાગોરે આ લેખોમાં જે વિદ્વતાપૂર્ણ નાનાવિધ સૂચનાઓ કરી છે. તે અવશ્ય વાંચો. કેળવણી ખાતાના અધિકારીઓ, શિક્ષકો અને દેશહિતચિંતકોને ઘણુંજ શીખવાનું, જાણવાનું અને મનન કરવાનું આમાંથી મળશે. ડેમી સોળપેજી ગ્લેઝ કાગળ, પાકું પુઠું.

જાતકમાણી વડે પૈસાદાર થવું હોય તો વાંચો

કરકસર—પૈસાદાર કેમ થવાય ?

મૂળ લેખક:—'જાત મહેનત,' 'કર્તવ્ય,' 'સદ્વર્તન' વગેરેના કર્તા ડૉ. સેમ્યુઅલ સ્માઇલ્સ. "થ્રીફ્ટ" એટલે કરકસર ઉપરથી લખાયેલા આ પુસ્તકમાં પૈસા મેળવવાને વ્યવહાર ઉપયોગી થઈ શકે તેવા વિવિધ વિષયોની ચર્ચા અનેક દાખલા દ્રષ્ટાંત સાથે કરી છે. પાકું છીંટનું પુંઠું. ઇનામ લાઇબ્રેરી માટે મંજુર થયું છે. કીંમત રૂ. સવા.

જાદુઈ બાગ ભાગ ૧ લો—આમાં બાળકોને ગમ્મત ને મઝા પડે તેવી આનંદ સાથે બોધ આપનારી જુદી જુદી વાર્તાઓ છે. પાકું પુઠું કીં ૦-૮-૦.

મેટરલિંકના નિબંધો—ભા. ક. ધનસુખલાલ કે. મહેતા એમ. સી. ઇ. આમાં મેટરલિંકનું જીવન ચરિત્ર, તથા તેના મૌન, પૂર્વ જીવન અને સ્ત્રીઓ વિશે ત્રણ નિબંધો છે. ઇનામ લા. માટે મંજુર છે. કીંમત ૦-૬-૦

બાલગીતા—શ્રી કૃષ્ણે ગીતામાં પ્રબોધેલો ધર્મ બાળકો સહેલાઇથી સમજી શકે તેવા હેતુથી ખાસ લખેલા આ પુસ્તકમાં ગીતાના પહેલેથી નવ અધ્યાય બાળકો પણ સમજે તેવા દ્રષ્ટાંત સાથે સમજાવ્યા છે. પૂર્વાર્ધની કીં. રૂ. અવ..

મેઝીનીના લેખો—માનવી કર્તવ્યો. ઇટાલીના દેશભક્ત નેતા મેઝીનીના નિબંધો રાષ્ટ્રીયત્વની નજરે ઘણા મહત્વના તેમજ મજુર વર્ગના જીવનને ઉપયોગી થાય તેવા છે. કીં. રૂ. એક.

"ત્ર્યંબક સ્મારક ગ્રંથમાળા" નાં પુસ્તકોઃ—

રાજા રામકૃષ્ણ. (ઐતિહાસિક)	પૃષ્ઠ	૪૦૦	કી. રૂ. ૩—૮-૦
સીરાજદૌલા (,,) ,,		૫૦૦	૩—૮-૦
હિંદના હીરા. (કેટલાંક ચરિત્રો)		૨૨૫	૧—૪-૦
વજીરનંદિની ગુલબેગમ.		૪૦૦	૨—૮-૦
મિરકાસીમ (ઇતિહાસ)		૩૦૦	૨—૦-૦
બળવાનો ઇતિહાસ, ભાગ ૧ લો		૬૨૫	૪—૦-૦
સદર ભાગ ૨ જો		૭૦૦	૪—૮-૦
રમાસુન્દરી (નવલકથા.)		૩૦૦	૨—૮-૦
નારાયણી ,,		૩૦૦	૨—૦-૦

"લલિત વાઙ્મય ગ્રંથમાળા" નાં પુસ્તકોઃ—

મેઘદૂત. (ફીલાભાઈ ઘનશ્યામ કૃત—નવ ચિત્રો સાથે)	૨૦—૦-૦
ડૂબતું વહાણ. (રો. ટાગોર કૃત પૃ. ૫૦૦ નવલકથા)	૪—૦-૦
ટાગોરની ટુંકી વાતો, ભાગ ૧ લો.	૧—૪-૦
સદર. ભાગ ૨ જો.	૨—૦-૦
પ્રણયપંક. (મુળ લેખક શરશ્ચંદ્ર બાબુ. સામાજીક નવલકથા)	૨—૮-૦
મારેદેશ (ઐતિહાસિક નવલકથા)	૨—૦-૦
સત્તરમી સદીનું ફ્રાન્સ, પ્રથમખંડ.	૨-૧૪-૦

સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ.

પ્રો. મેકડોનલ્ડ કૃત અંગ્રેજી ગ્રંથનું ભાષાન્તર. કર્તા
રા. રા. મોહનલાલ પા. દવે; એમ. એ. એલ એલ. બી.
પ્રકાશક—સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ.

ડેમી ૮ પેજી પૃષ્ઠ ૬૫૦; સોનેરી નામનું સુન્દર પૂંઠું. કિં. રૂ. ૪-૮-૦

આ ગ્રન્થમાં વેદ, ઋગવેદ, બ્રાહ્મણો, સૂત્રો, મહાકાવ્યો, ભાવ પ્રધાન કાવ્યો, નાટકો, વાર્તાઓ અને કહાણીઓ વગેરે આર્યોના સંસ્કૃત સાહિત્યની સમાલોચના કરવામાં આવે છે. ગુજરાતી પુસ્તકાલયો માટે તેમજ પ્રાચીન સાહિત્યના અભ્યાસીઓને માટે આ ગ્રન્થ અત્યંત મહત્વનો તેમજ ઉપયોગી છે.

સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ કૃત પુસ્તકોઃ-

(૧) પૂર્વાલાપ—કાવ્યોનો સંગ્રહ. ૦-૧૨-૦

(૨) દુઃખી સંસાર નાટક ૧—૦-૦

(૩) પ્લેટો કૃત ક્રિટ્સ. અંગ્રેજીનું ભાષાંતર ૧—૪-૦

(૪) સિદ્ધાન્તસારનું અવલોકન. ૦—૮-૦

(૫) એક દેવીના આત્મવૃત્તાંત. ૦—૬-૦

નિર્દોષ-સ્ત્રી પુરૂષ સર્વને વાંચવા યોગ્ય-ગ્લેઝડ કાગળ ને સુન્દર મજબુત પુંઠાની-લાઇબ્રેરીના શણગારરૂપ નવલકથાઓ.

હાસ્યકથામંજરી, ભાગ બીજો.

લેખકઃ રા. રા. ધનસુખલાલ કે. મહેતા. હાસ્યજનક ૭ ચિત્રો સાથે. રોયલ ૧૨ પેજી પૃષ્ટ ૨૫૦ પાકું સોનેરી પુંઠું. કીમત બે.

આમાં તેમના "અસાધારણ અનુભવ" ની અત્યંત હાસ્યરસ પ્રધાન લાંબી વાર્તા તથા તેની જ બીજી વીસ વાર્તા છે. બે ઘડી દીલને આરામ અને આનંદ મેળવવા માટે હાસ્યકથામંજરીનો પહેલો તથા આ બન્ને ભાગ સરસ છે.

ચોખેરવાલી એટલે આંખની કણી!

ડો. રવિન્દ્રનાથ ટાગોરકૃત સામાજીક ઉત્તમ નવલકથા.

બે ખંડમાં સંપૂર્ણ. બેઉ ખંડની કિંમત રૂ. અઢી.

આ નવલકથા આપણા ઘરસંસારમાં બનતા અકલ્પિત રીતે બનાવોનું સાચું ને સુંદર ચિત્ર બતાવનારી છે. યુવાન વિધવા-પ્રગલ્ભા વિનોદિની અને સરલ ભોળી નવયુવતિ આશા, તેમજ ચંચલ-વૃત્તિનો, ઉતાવળીઓ ને સ્વચ્છંદી ગર્ભશ્રીમંત મહેન્દ્ર તથા તેનાથી ઉલટાજ સ્વભાવનો પણ તેનો સાચો બાલમિત્ર બિહારી આ મુખ્ય ચાર પાત્રો અને સમય પરત્વે તેમના સ્વભાવ પરિવર્તન ઉપરથી કુદરતી જનસમાજનું બહુ ઉત્તમ પ્રતિનું શિક્ષણ વાંચનારને મળે છે.

ડૂબતું વહાણ કિંવા પવિત્રતાની પ્રસાદી. ડો. રવીન્દ્રનાથ ટાગોર કૃત લગભગ ૫૦૦ પૃષ્ટની નવલકથા. સોનેરી પુંઠું. કિંમત રૂ. ચાર.

કેટલીક નવલકથાઓ.

સ્વ૦ બહેન સુમતી લલ્લુભાઇ શામળદાસની ચાર મોટી નવલકથાઓનો સંગ્રહ. સોનેરી નામનું ઘણું દળદાર પુસ્તક છતાં કીમત માત્ર રૂ. બે છે.

અનંગભસ્મ, નીલનેની અને ઉષાનન્દિની.

પ્રો. બેઇનની વાર્તાઓનાં આ ત્રણે ભાષાન્તર છે. 'અનંગભસ્મ' તથા " નીલનેની " રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે બી. એ. એ કરી છે; અને "ઉષાનંદિની" સ્વ. ઉર્મિલાએ લખી છે. આ ભાષાન્તરો એવાં સુમધુર છે કે તે વાંચતાં તન્મય થઇજવાય છે. છપાઇ બંધાઇ પણ તેવીજ સુન્દર છે. દરેકની કિંમત આઠ આના.

ઇન્દુકલા પ્રો. બેઇનની વાર્તાનું ભાષાન્તર કર્તા સ્વ. નલીનકાન્ત નરસિંહરાવ દિવેટીઆ. કિંમત દશ આના.

નૂરજહાંન સેંટ નિહાલસિંગની એક વાર્તાનું ભાષાન્તર કર્તા સ્વ. નલીનકાન્ત ન. દિવેટીઆ. કિં. બાર આના.

અમરસિંહ—રાણા પ્રતાપસિંહના પૌત્ર અમરસિંહના સમયની અતિહાસિક નવલકથા. કિંમત રૂ. ૧॥

શાન્તિદા સ્વ. બ્હેન સુમતિ લલુભાઇ કૃત સામાજીક ખાસ કરીને સ્ત્રીઓને વાંચવા યોગ્ય નવલકથા. કિં. બાર આના

સ્નેહગીતા લેખક કલ્યાણરાય ન. જોશી બી. એ. તદન નવીન પદ્ધતિથી લખાએલું આ ઉત્તમ ને રસીલું અર્ધ વાર્તા જેવું પુસ્તક સ્ત્રીઓ તથા પુરૂષો સર્વેને વાંચી વિચારવા તેમજ સમજવાની ખાસ જરૂર છે. કિંમત રૂ. સવા.

પાપ અને પશ્ચાત્તાપ.

(ભાગ ૧—૨ સાથે. કિંમત રૂ. બે)

આ નવલકથામાં માણસ પોતાની રહેણી કરણી ઉપર કાબુ ન રાખે તો તે અજાણતામાં પણ પાપના ખાડામાં કેવી રીતે ઉતરતો જાય છે, અને તેનું પરિણામ કેવું ભયંકર આવે છે તે, તેમજ તેનું ભાન તેને થતાં કેવો પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવે છે, અને અંતરના સાચા પશ્ચાત્તાપથી બગડેલી બાજી ઇશ્વર કેવી રીતે સુધારે છે, વગેરે બહુ સરસ રીતે દર્શાવેલું છે. કેટલોક ભાગ એવો ઉત્તમ છે કે તે વાંચતાં "સરસ્વતીચંદ્ર"ના ચોથા ભાગમાંના સરસ્વતીચંદ્રના સ્વપ્નદર્શનનો ખ્યાલ આવે છે. બેઉ ભાગ સાથે પાકા પુંઠામાં બાંધેલા છે.

અનંગભસ્મ, નીલનેની અને ઉષાનન્દિની.

પ્રો. એઇનની વાર્તાઓનાં આ ત્રણે ભાષાન્તર છે. 'અનંગભસ્મ' તથા "નીલનેની" રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે બી. એ. એ કરી છે; અને "ઉષાનંદિની" સ્વ. ઉર્મિલાએ લખી છે. આ ભાષાન્તરો એવાં સુમધુર છે કે તે વાંચતાં તન્મય થઇ જવાય છે. છપાઇ બંધાઇ પણ તેવીજ સુન્દર છે. દરેકની કિંમત આઠ આના.

ઇન્દુકલા પ્રો. એઇનની વાર્તાનું ભાષાન્તર કર્તા સ્વ. નલીનકાન્ત નરસિંહરાવ દિવેટીઆ. કિંમત દશ આના.

નૂરજહાંન સેંટ નિહાલસિંગની એક વાર્તાનું ભાષાન્તર કર્તા સ્વ. નલીનકાન્ત ન. દિવેટીઆ. કિં. બાર આના.

અમરસિંહ—રાણા પ્રતાપસિંહના પૌત્ર અમરસિંહના સમયની અતિહાસિક નવલકથા. કિંમત રૂ. ૧॥

શાન્તિદા સ્વ. બ્હેન સુમતિ લલ્લુભાઇ કૃત સામાજીક ખાસ કરીને સ્ત્રીઓને વાંચવા યોગ્ય નવલકથા. કિં. બાર આના.

સ્નેહગીતા લેખક કલ્યાણરાય ન. જોશી બી. એ. તદન નવીન પદ્ધતિથી લખાયેલું આ ઉત્તમ ને રસીલું અર્ધ વાર્તા જેવું પુસ્તક સ્ત્રીઓ તથા પુરૂષો સર્વેને વાંચી વિચારવા તેમજ સમજવાની ખાસ જરૂર છે. કિંમત રૂ. સવા.

પાપ અને પશ્ચાત્તાપ.

(ભાગ ૧—૨ સાથે. કિંમત રૂ. બે)

આ નવલકથામાં માણસ પોતાની રહેણી કરણી ઉપર કાબુ ન રાખે તો તે અજાણતામાં પણ પાપના ખાડામાં કેવી રીતે ઉતરતો જાય છે, અને તેનું પરિણામ કેવું ભયંકર આવે છે તે, તેમજ તેનું ભાન તેને થતાં કેવો પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવે છે, અને અંતરના સાચા પશ્ચાત્તાપથી બગડેલી બાજી ઇશ્વર કેવી રીતે સુધારે છે, વગેરે બહુ સરસ રીતે દર્શાવેલું છે. કેટલોક ભાગ એવો ઉત્તમ છે કે તે વાંચતાં "સરસ્વતીચંદ્ર"ના ચોથા ભાગમાંના સરસ્વતીચંદ્રના સ્વપ્નદર્શનનો ખ્યાલ આવે છે. બેઉ ભાગ સાથે પાકા પુંઠામાં બાંધેલા છે.

દરેક આગેવાનોએ મુલાકાત લઈ સંતોષ બતાવી
વખાણેલું અને હિંદુ જાતીનાં નિરાધાર અનાથ
બાલકોને પોશણ આપતું, આ

હિંદુ અનાથ આશ્રમ-નડીઆદ

એકજ છે.

તેને દાન કરવાના દરેક પ્રસંગોએ જરૂર
યાદ કરી કંઈ પણ દાન મોકલશો.

હાલ તે દાઢસોને શુમારે અનાથ બાલક, બાલિકા અને અશક્તોનું પાલણપોશણ કરે છે અને તેમને જુદા જુદા ધંધા શીખવી પગ ઉપર ઉભા રહી કમાઈ ખાય તેવા સત્વ શાહેરી બનાવવા યત્ન કરે છે. તેમના ફક્ત ખોરાકી પોશાકી વીગેરે ખર્ચના રૂ. ૫૦) દરરોજ જોઈએ છીએ.

તો જરૂર તમો દયાની દેવીઓ! આ તમારાં અનાથ બાળકોને બચાવવા તમારો દાનેશ્વરી દસ્ત લંબાવશો. દરેક પ્રકારનું દાન લેવાય છે.

વધુ વીગત માટે પુછોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ—નડીઆદ.

INDUSTRIAL AND PRUDENTIAL ASSURANCE Co. Ltd.

(113, Esplanade Road, Fort, BOMBAY.)

સ્ત્રી અને બાળકનાં રક્ષણ માટે

જીંદગીનો વીમો

બહુજ જરૂરનો અને લાભકારક છે.

ઇંડસ્ટ્રીઅલ વીમા કંપની

ઘણીજ સસ્તી અને લાભદાયક વીમાની યોજનાઓ આપે છે. કંપની દેશી છે અને દેશીઓના હાથમાંજ વ્યવસ્થા છે. જામીનગીરી સદ્ધર છે.

વિશેષ હકીકત માટે લખો:—

જીવણલાલ દસ્તુરની કંપની,

સેક્રેટરી અને મેનેજરો

ઇંડસ્ટ્રીયલ અને પ્રુડેનશીયલ એસ્યુરન્સ કં. લી.

૧૧૩, એસ્પ્લેનેડ રોડ, કોટ, **મુંબઈ.**

Reg N. B 1070

સ્ત્રીબોધ

વર્ષ ૬૮] ડીસેમ્બર, ૧૯૨૮ [અંક ૧૨ મો

તંત્રીઓ. { બાઇ પુતળીબાઇ કાબ્રાજી,
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ,
બી એ એલ્એલ્. બી.

શિયાળો—

શીળો વાયુ વાવા લાગ્યો,
મધુર ગુલાબી ઠંડી ચમકી,
ઢોલ લગનસરાંના વાગ્યા,
ઝાંઝરની ઘુઘરીઓ ઘમકી,
સ્નેહીના ગેહ ગુંજવતો—
શિયાળો આવ્યો સુસવતો!

* * * *

અમૃત જેવો ઊગતો સૂરજ,
અમૃત જેવા કપડાં ધીંગાં,
અમૃત જેવા ઘીના ભોજન,
અમૃત જેવા દહાડા દહીંના,
આરોગ્ય પણ અમૃત સવતો—
શિયાળો આવ્યો સુસવતો!

[નિ૦ ગો૦ વ્યાસ]

મંત્રી-જીવનલાલ અમરશી મહેતા, અમદાવાદ

સ્ત્રીબોધ

૧૯૨૪.

૬૮ મું.]　　ડીસેમ્બર,　　[અંક ૧૨ મો.

દાસી કહું રે શી રીતે ?

સમ્રાજ્ઞી મુજ ગૃહરાજ્યની મુજ ગૃહ વ્યવસ્થિત તું વડે,
ગૃહની તું શોભા પ્રિયતમે ! દાસી કહું રે શી રીતે ?

રસનિધિ પ્રિય ! ગુણની ભરી, રસ રેલતી પ્રિય ! મુજ પરે;
સુખદાયિની મુજ પ્રિયતમાને, દાસી કહું રે શી રીતે ?

મુજ પ્રણયની મૂર્તિ પ્રિયા ! નિશદિન પ્રણયનું દાન દે;
એવી મધુરી મુજ દેવીને, દાસી કહું રે શી રીતે ?

સ્થાપન કરી ઉર મંદિરે, અર્ચન પ્રણયનું હું કરૂં;
ઉપહાર રૂપે પ્રિયતમા ! સર્વસ્વ તુજ ચરણે ધરૂં !

બ્હેન ચારૂ

બોધામૃત.

(ગરબી)

વસમી સાગરની તિર, ચેતી ફરીએ રે!
આ તો છે ગંભિર નિર, હામે તરીએ રે! ૧
હરી હાથ ધરીને સુકાન, શાન્તિ ધરીએ રે!
અહીં આપણુ સૌ મ્હેમાન, સંપિ ફરીએ રે! ૨
મળ્યાં આપણુ સૌ સંગાત, આનંદ માણો રે!
કરી વેર ઝેર સૌ દૂર, કલેશો કાપો રે! ૩
આવો સત્ય નીતિના ખેલ વ્હાલાં રમીએ રે!
નવ બનવું રજ બદફેલ, સૌને નમીએ રે! ૪
ખૂબ સ્મરીએ સેવાભાવ, સ્વાર્થને ત્યાગી રે!
પરહિતે વ્હેજો પ્રાણ! તો સદભાગી રે! ૫
આ પંખી મેળો ખાસ, સમજી લેવો રે!
જીવનમાં કોને ત્રાસ, નવ રજ દેવો રે! ૬
છે ક્ષણભંગુર આ દેહ, મદ નવ કરીએ રે!
જે જાતું જાશે નકિ, વિભુથી ડરીએ રે ૭
જગમાયા ઝેરી-જામ, દૂર ખૂબ રહીએ રે!
નવ થાવું તેનાં ગુલામ, ચેતી વહીએ રે! ૮
બૂરાં કામ ક્રોધ ને મોહ, ત્યાગી દઇએ રે!
વિભુ ટાળે ભવના રોગ, "યોગી" થઇએ રે! ૯

"હૃદયયોગી."

મહિલા મહીમા.

વાંચનરસિક બંધુઓ ! આપણા જીવનની સઘળી પ્રવૃત્તિ શાને ઉદ્દેશીને હોય છે. ફક્ત ઐહિક સુખ અને તે મેળવવાની સાધનપ્રાપ્તિ.

અહીં આ લોકમાં જો મનુષ્ય સાચું સુખ મેળવી ન શકે, જીવનને રસમય, પ્રાણવાન, અને સંગઠિત ન કરી શકે તો બીજે કયાં કરી શકશે ? જીવનમાં રસિકતા કયાંથી ઉદ્દભવે ? બ્હારથી ? ના, ના. જીવન એવી સ્થૂલ વસ્તુ નથી કે જે બહારના ઉપચાર કે આડંબરથી રસિક બનાવી શકાય.

એ એક સૂક્ષ્મ, પવિત્ર પુનિત પદને પ્રાપ્ત કરાવનાર ઈશ્વરી બક્ષિસ છે. આ બક્ષિસનો જેટલી ઉત્તમ રીતે મનુષ્ય ઉપયોગ કરી સાચું જીવન જીવી શકે તેમાંજ મનુષ્યજીવનની સફળતા અને કૃતકૃત્યતા છે.

સંસારની પ્રપંચી અને માયિક મોહજાળમાં અને આધિ-વ્યાધી સમૂહમાં નિશદીન રહેતા મનુષ્યના જીવનમાં ઘણીએ વાર કટુતા, અરસિકતા અને કર્કષતાનો અનુભવ થાય છે.

જીવન એ એક ગૂઢ પ્રશ્ન છે અને મનુષ્યને માટે એ ગૂઢ પ્રશ્નનો નિજજીવનમાં જવાબ આપવા પ્રયત્ન કરવો તે વધારે ગુઢતર છે. અને એથી પણ ગુઢતર પ્રશ્ન તો જીવનને સાચેસાચી રીતે જીવતાં શીખવું તે છે.

આ મનુષ્ય હૃદયની સ્વાભાવિક નિર્બળતા, અરસિકતા અને કટુતાને ટાળી દઈ આ લોકમાં અનુપમ, અલૌકિક સુખ આપનાર કઇ વસ્તુ છે ? તમે તે વિષે કદિ પણ બારીક વિચાર કર્યો છે ?

ઈશ્વરી બક્ષિસને સંપૂર્ણ રીતે સાર્થક કરવામાં આપણને નિશદીન મદદ કરનાર, આપણા જીવનમાં રસ, પ્રાણ અને સુધાનું સિંચન કરનાર ફક્ત પત્નીજ છે.

આ કથન સ્ત્રીની પુરૂષ કરતાં સેવાભાવનામાં, દેશમાં પ્રાણવાન પ્રજા ઉત્પન્ન કરવામાં વધારે શ્રેષ્ઠતા બતાવે છે.

તેના આત્માનું અવિરલ, અતુલ બળ, તેના કપાળ પરની તેજસ્વીતા, તેના અવાજમાં રહેલું માધુર્ય અને ગાંભીર્ય પુરૂષને ક્ષણભર સ્તબ્ધ કરી તેને શ્રેષ્ઠ પદ આપવા પ્રેરે છે.

આવી પ્રખર અને બલીષ્ટ, પુનિત પાવની ભારતમૈયાઓ ભારતની ઉન્નતિ અર્થે શું ન કરી શકે ? બલકે ધારે તો તેમના ગુણપ્રભાવથી દેશને–સમાજને ઉન્નતિની ટોચે લઈ જાય.

વધારે તો શું પણ દશ દિગ્પાલને ડોલાવી શેષનાગને સરકાવી, ઇંદ્રના ઇંદ્રાસનને વિરાજીત થવાનું અતુલ બલ આ મહિલાઓમાં છે.

આવાં પ્રાણવાન મનુષ્યોવાળો જ્યારે દેશ થાય, આવાં આદર્શનીય અને પવિત્ર પતિ પત્નીનાં સુગમ હિંદુસંસારમાં સંભવે અને તેમના સુયોગથી થયેલી પ્રજા, ગ્રીસના ચંદ્રમણી હરકયુલીસ સમ શારીરિક તેમજ ન્યૂટન, પ્લેટો અને એરીસ્ટોટલ સમ માનસિક રીતે બલીષ્ટ થાય તોજ સુગાંતે પણ હરકોઇ દેશની ઉન્નતિ સંભવે.

આદર્શ અને ઉચ્ચ મનુષ્યજીવન તો આજ પ્રકારનાં પ્રાણવાન મનુષ્યો જીવી શકે : બાકી તો બીજા જીવતા છતાં પણ મુવા તૂલ્ય છે.

સ્ત્રીનો મહિમા અતકર્ય અને અગમ્ય છે. તેનામાં રહેલા સામર્થ્યને ઐતિહાસિક દ્રષ્ટિએ નિરૂપણ કરવા આ લેખિનિમાં સામર્થ્ય નજ હોય. જેના પ્રભાવ અને તેજથી મહેશ અને બ્રહ્મા જેવા પણ તપથી ચલીત થયા તે મોહિની સ્વરૂપ મહા માયાના મહિમાનો પાર કેમ ને કોણ પામે ?

મણીલાલ ચુ. ત્રિપાઠી.

સહચારિણી-સંસારમાં અને વેપારમાં.

[લેખક-રા. રા. કેશવપ્રસાદ દેશાઇ, બી. એ., એલ. એલ. બી.]

"અરે ભગવાન! આ મારી નાની નર્મદાના સામું પણ નહિ જુવે ! !" આ કરુણ શબ્દો એક ભાગાતુટા ઘરના ખુણાની એક ગંદી પથારીમાંથી આવતા હતા. સંધ્યાકાળનો વખત હતો. ફક્ત બે ઓરડાનું ઘર હતું. અંદરના ઓરડામાં રસોડું અને ડાકડમાળ હતાં. બહારના ઓરડામાં બે પથારીઓ હતી. એક પથારીમાં એક બાઇ બેભાન પડી હતી, અને બીજી પથારીમાંથી એક પુરૂષ ઉપર લખેલા શબ્દો બોલતો હતો. એક નિર્દોષ બાળા ખોળામાંથી ચવાણું ફાકતી હતી.

એટલામાં એક બાઈ આવી. તે મુક્તિફોજની મડમ દાક્તર હતી. તેણે એક ભગવી સાડી તથા લાલ બદન પહેરેલાં હતાં. માથું ઉઘાડુંજ હતું. હાથમાં ચામડાની બેગ હતી. સાથે એક દેશી ખ્રીસ્તિ કંપાઉંડર હતો. તેના હાથમાં પણ દવાની સામગ્રી હતી.

"માફ કરજો ભાઈ! આજે મને આવતાં બહુજ મોડું થયું. પણ ઘેર ઘેર માણસ પ્લેગથી પટકાયલા છે." પેલી બાઇએ શુદ્ધ ગુજરાતીમાં કહ્યું. તેણે ખુણામાં બેભાન અવસ્થામાં પડેલી બાઈ દરદીને તપાસી અને માથું હલાવ્યું.

"તમે બધાં જો અમારી ઇસ્પિતાલમાં આવો તો સારૂં." તે બાઇયે પેલા પુરૂષને કહ્યું: "તમારાં સ્ત્રીની તબિયત બહુજ બગડેલી છે. અને તમે જો અહિંથી ખસશો નહિ તો તમારી જાતને જોખમ છે. અને આ મધુરી ફુલ સમી બાળકી તો ઈશ્વરની કૃપાથીજ આમ સાજી છે. એને તો અહિંથી ખસેડીજ જોઇયે."

"મડમ સાહેબ! તમે તો બહુજ પરોપકારી છો પણ અમે પરદેશી માણસ છીયે. અમારૂં અહિં કોઈ સગું નથી. મારી વહુની દવા તમે બહુજ કાળજીથી કરી છે. હું જાતે બ્રાહ્મણ છું. પણ અમારા કોઈ હિંદુઓએ કે ધર્મના મહારાજોએ અમને આમ મદદ કરી નથી. ખરેખરા ભગવાનને

તો તમે ઓળખ્યા છે. હું જાણું છું કે મારી વહુ આજના દિવસની મહેમાન છે, અને આ જીવલેણ રોગથી હું પણ ભાગ્યેજ બચું. પણ આ મારી છોકરીને તમે લઇ જાવ. હું જાતે રાજીખુશીથી તમને સોંપું છું. એ સબંધી કાગળપર લખાણ પણ કરી લ્યો. કારણ કે અમારી નાતમાં કન્યાઓ મોંઘી છે, એથી બે ત્રણ હજાર રૂપિયા સહેજે ઉપજે. એટલે મારા મરી ગયા બાદ એના પિતરાઈ કાકાઓ એનો કબજો લેવા ઉતરી પડશે અને તમને હેરાન કરશે. માટે મને એક કાગળ આપો એટલે હું મારા હાથદસ્કતથીજ બધી સોંપણ કરીશ."

આટલું બોલી તેણે કાગળ લીધો અને પોતાની છોકરીના વાલી તરીકે મીસીસ ઍડમ્સને કરાવ્યાં. પોતાની પૂંજી ત્રણ હજાર રૂપિયાની હતી. તેમાંથી એક હજાર રૂપિયા મીશનહૉસ્પીટલને બક્ષીસ કર્યા, અને બે હજાર રૂપિયા છોકરીના નામના કરવા લખ્યું. વળી વિશેષમાં તેણે જણાવ્યું કે જે ધર્મના અનુયાયીઓ પરધર્મીઓની પણ સુંદર સેવા ચાકરી કરે છે, તથા પોતાના જીવના જોખમે પણ તેમની માવજત કરે છે તે ધર્મ સુંદરજ હોવો જોઇએ. તે માટે મારી પુત્રીને તે ધર્મ સ્વીકારાવે તો મારે કાંઇજ વાંધો નથી. આ પ્રમાણે લખીને કાગળ તથા પેટીની ચાવી તેણે મીસીસ ઍડમ્સને આપ્યાં. કાગળ ઉપર તેમણે તથા તેમના આસીસ્ટંટે સહીઓ કરી.

તે માંદા માણસે પોતાની દિકરીને બોલાવી અને કહ્યું કે હવેથી તું મડમ સાહેબ જોડેજ રહેજે અને એમનું કહ્યું માનજે.

મીસીસ ઍડમ્સે તેને માથે હાથ ફેરવ્યો અને કહ્યું; "આજેજ તું મારી સાથે ચાલ. રાત્રે અહીં રહેવામાં ઘણું જોખમ છે." પછી તેમણે પેલા પુરૂષને કહ્યું: "ભાઈ! જ્યારે અમે કોઇની દવા કરીયે છીએ ત્યારે અમે કોઇને અમારો ધર્મ સ્વીકારવાનુ કહેતા નથી. પણ મારી તરફ તમારો સદ્‌ભાવ જોઇને, તથા અમારા ધર્મ વિષે તમારા વિચાર જાણીને હું એક હિંમત કરૂંછું. તમારી સ્થિતિ બહુ ગંભિર છે. હજી તમને ભાન છે. તેટલા સમયમાં તમે અમારો ધર્મ અંગિકાર ના કરો ? હું પાદરીને બોલાવીને તમને પવિત્ર પાણી અપાવીશ."

પેલા માણસે ફીકકું હાસ્ય કર્યું, અને ધીમેથી બોલ્યોઃ "માફ કરજો મેમ સાહેબ! હું તમને નિરાશજ કરૂંછું. બધાંનો પ્રભુ એક છે. સચ્ચાઈ અને પરોપકાર એ બધા ધર્મનાં લક્ષણ છે. હું તમને બહુજ માન આપું છું, પણ હવે મરતી વખતે તો ધર્મ નહિ બદલું. હે શ્રી નાથજી બાવા!

અમારા ધર્મગુરૂઓને સદ્બુદ્ધિ આપ.ધર્માલયોનાં ધન પરોપકાર માટે વાપરવા તેમને પ્રેર. જય સ્વામિનારાયણ!!" આટલું બોલી તે બેભાન થઇ ગયો.

મીસીસ ઍડમ્સની આંખમાં પાણી દેખાયાં. તેઓ પોતાના આસિસ્ટંટને ત્યાં મુકી, નાની નર્મદાને પોતાની સાથે લઇને હૉસ્પિટલ ઉપર ગયાં. તે રાત્રે ઓ બંને ધણી ધણીયાણીએ પ્રાણ છોડયા.

* * *

મીસીસ એડમ્સને નર્મદા ઉપર અત્યંત વહાલ હતું. તેમણે તેને ખ્રિસ્તિ ધર્મમાં લઇને નોરા ઍડમ્સ એવું નામ આપ્યું અને પોતે તેને જાતિ દેખરેખ નીચેજ ઉછેરી. નર્મદા બાર વર્ષની થઇ ત્યારે તેને મુંબાઈ મોકલી અને ત્યાંની નિશાળમાં દાખલ કરી. બીજી છોકરીઓ સાથે તે હરતી ફરતી અને રમતી હતી. એનાં માતપિતા હોત તો પણ આટલી કેલવણી તો એ નાજ પામત એમ કોઇ પણ કહી શકે.

મીસીસ ઍડમ્સે એના પિતાની યાદ નર્મદાના મન ઉપર ઠસાની હતી. તે ભલી બાઇએ તેને ગુજરાતી ભાષા પણ ભણાવી હતી. અને નર્મદા જ્યારે પૂરી સમજણી થઇ ત્યારે તે બાઇના હૃદયની વિશાળતા સમજીને તેનો મનમાંને મનમાં અત્યંત ઉપકાર માનતી હતી.

સત્તર વર્ષની ઉમરે નર્મદા મેટ્રીકની પરીક્ષામાં પસાર થઇ. તેજ સાલમાં મીસીસ ઍડમ્સ હિંદમાંથી ફારગ થઇને અમેરિકા જવાનાં હતાં. તેમની ઇચ્છા નર્મદાને દાકતર બનાવવાની હતી. પણ નર્મદા ઘણી બુદ્ધિશાળી નહોતી. પરીક્ષાની તૈયારી કરવાનું કામ તેને માટે બહુજ કઠણ હતું. તે ઉપરાંત બીજાં ૭ વર્ષ ભણવા માટે જે સાધન જોઇએ તે પણ નહોતાં. નર્મદાના બાપે મૂકેલી નાની સરખી રકમ વ્યાજ સાથે અનામત હતી, પણ એટલામાં નર્મદા દાક્તરી અભ્યાસ પૂરો કરી શકે તેમ હતું નહિ. તેથી મીસીસ ઍડમ્સે તેને યંગ વીમેન્સ ક્રીશ્ચન ઍસોસીએશનના શૉર્ટ હેંડ ટાઈપ રાઇટીંગ, અને બુક કીપીંગના વર્ગોમાં દાખલ કરી. એક વર્ષમાં તો નર્મદા આ સર્વમાં નિષ્ણાત થઇ ગઇ, અને મીસીસ ઍડમ્સે એને એક સારી, સુસ્થાપિત અંગ્રેજી પેઢીમાં સારે પગારે નોકરી અપાવી. પછી પોતે હિંદ છોડી ગયાં.

નર્મદાને આ નવી નોકરી અનુકૂળ હતી. સાહેબ ભલો હતો. વળી નર્મદાનો પહેરવેશ પણ દેશી મડમ જેવો હતો, તથા અંગ્રેજોની નિશાળ-

જીવતદાન આપ્યું, જે ધર્મ. મારાં મુરબ્બી મીસીસ ઍડમ્સે મને અંગિકાર કરાવ્યો, જે ધર્મની હુંફમાં હું અત્યાર સુધી પોષાઇ તે ધર્મ હું પણ તજી દેવા તૈયાર નથી."

"તેની મને કાંઇ હરકત નથી; મને તો ખાત્રી છે કે આપણે સૌ બુદ્ધિ–સંપ્રદાયના અનુયાયી થઇશું. વળી ગુજરાતમાં વૈષ્ણવ વર અને જૈન કન્યાનાં લગ્ન સામાન્ય છે. એ ધર્મભેદ આપણને નડશે નહિ. અને આપણાં લગ્ન તો રજીસ્ટર કરાવી શકાશે."

"હું તે બાબતમાં અનુકૂળ છું."

"એક બીજી વાત. હું તમારા પૈસા માટે લગ્ન નથી કરતો. પણ જો તમારી ઇચ્છા હશે તો આપણે વેપારમાં પણ ભાગીદારી કરીશું. તમારી વેપારી કુનેહ અને હોંશીયારીનો ખ્યાલ મને કાલેજ આવ્યો. આપણે એ સાથેજ યુરોપના વેપારીને મળીશું અને જે નફો થાય તેમાં પણ આપણો સરખો હીસ્સોજ રહેશે. આ પ્રમાણે આપણે સંસાર જીવનમાં તેમજ વેપારમાં ખરો સહચાર સાધીશું."

નર્મદા આ સબંધમાં વાંધો લેવા જતી હતી. પણ મી. મહેતાએ તે સાંભળવાની ના પાડી. પછી બન્ને જણાં તેજ દિનસે પેલા પરદેશી વેપારીને મળ્યાં. તે તેમનાથી ખરેખરો અંજાયો. તેમાંયે વળી એક સ્ત્રી ભાગીદાર થવાની છે તે જોઇને તો તેને ઘણીજ નવાઇ લાગી. અંતે બહુજ ફાયદાકારક શરતોથી તેઓને એજન્સી આપવાનું નક્કી થયું. અને પંદર હજાર રૂપીયા આ લોકોએ અનામત બેંકમાં મૂકવાનું કબૂલ કર્યું.

બીજે દિવસે તેમણે આ સર્વ હકીકત પોતાના સાહેબને કહી. આ પાવરધા માણસો જશે તેથી તેને દિલગીરી થઇ, પણ એક સદ્‌ગૃહસ્થની માફક તેણે તે દબાવીને બંનેને ખાસ અભિનંદન આપ્યાં અને મી. મહેતાને કહ્યું કે એજન્સી કરતાંયે મીસ એડમ્સને મેળવવા માટે હું તમને અભિનંદન આપું છું.

એક મહિનામાં તો બહુ ફેરફાર થયો. મી. મહેતા અને મીસ એડમ્સનાં લગ્ન રજીસ્ટર થઇ ગયાં તેમાં એક સાક્ષી તેમના સાહેબ હતા. તેમણે આ લગ્નના માનમાં મોટો મેળાવડો કર્યો અને તેમની ઓફીસની બાજુમાં જ "મી. અને મીસીસ મહેતા લીમીટેડ" એ નામે બીજી ઓફીસ ઉઘડી. આ બન્ને ઓફીસો અત્યારે સરખી આબરૂદાર લેખાય છે.

ગુજરાતી પંત્ર પ્રદર્શન.*

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો—

અમદાવાદ શહેરમાં પત્રકારોની પરિષદ્ ભરવાનો વિચાર કર્યો તે સાથે પત્રોનું પ્રદર્શન ભરવાની યોજના કરી છે તે યથાયોગ્ય થયું છે. આ નવીન દિશાની પ્રવૃત્તિ ખરેખર સત્કારને પાત્ર છે. સર્વ પત્રકારો તરફથી આ પ્રદર્શનમાં નમુનાઓ આવ્યા હશે એવી આશા રાખું છું. સર્વ પ્રદર્શનો ભરવાનો જે હેતુ રાખે છે તે આ પ્રદર્શનમાં પણ છે. આપણામાંનાં ઘણાં ખરાં એ સર્વ પત્રોથી પરિચિત હોઇશું, તથાપિ કેટલાંક પત્રો કેટલાંકને અને કેટલાંક બીજાને અપરિચિત હશે. તેમજ જેમને પરિચિત હોય તેમને પણ સર્વની સાથે એકી વખતે તુલના કરવાની તક મળે. તે ઉપરાંત સમગ્ર પ્રજાનું ધ્યાન—આ વિષયમાં તો વાંચનાર જગતનું ધ્યાન–ખેંચવાનો આ જમાનાનો આ એક માર્ગ છે. બીજાં પ્રદર્શનો થવાનાં હોય ત્યારે કારીગરો, કલાવિધાયકો તેને માટે ખાસ પરિશ્રમ લઇ વિશિષ્ટ-તાવાળી કૃતિઓ તૈયાર કરે છે. જે નમુના અસામાન્ય હોઈ કારીગરો કેટલી ઉચ્ચ કોટીએ કામ કરી શકે છે તેનો ખ્યાલ આપે છે. વર્તમાન પત્રો અને માસિકો કાંઇ પ્રદર્શનમાં મૂકવાના ખાસ હેતુથી રચી શકાતાં નથી, તથાપિ તેમાંનાં કેટલાંક વિશિષ્ટ અંકો કાઢે છે તે તેમની કૃતિઓ યોગ્ય સંજોગોમાં કેટલે દરજ્જે ચઢીઆતી થઇ શકે તેનાં નમુનારૂપ બને છે. એ બધું છતાં પત્રોના મામુલી અંકો પણ જાત જાતનાં દિગ્દર્શન કરાવે છે. અને તેમનો એકત્ર સંગ્રહ નમુનારૂપે કોઈ સ્થાને જળવાય તો આગળના જમાનામાં ઐતિહાસિક દૃષ્ટિએ પણ કીંમતી બને તેમ છે.

એક તરફથી વિચાર કરતાં એમ લાગેછે કે એવું પ્રદર્શન ભરવા જેટલી સંખ્યા અને વિવિધતા ગુજરાતી પત્રોમાં છે. તે સાથે એમ પણ જોઇએ છીએ કે હાલમાં અનેકાનેક નવાં પત્રો નીકળે છે અને કદાચ આપણા

---

* પ્રદર્શન ખુલ્લું મૂકતી વખતે સૌ. વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠે કરેલું ભાષણ.

પ્રાંતની શક્તિ કરતાં તે વધારે પડતાં થઇ પડવાથી તેમજ બીજાં અનેકાનેક કારણોથી તેઓ ચિરંજીવ થાય કે નહીં તે પણ સંશય પડતું છે. વર્તમાનપત્રો અને માસિકોમાં સૃષ્ટિક્રમના સામાન્ય નિયમ મુજબ Survival of Fittest—યોગ્યતા મુજબ ચિરંજીવતા આવે એમ, હંમેશ બનતું નથી. કદાપી ઘણા નમાલા અને વધારે ઉચ્ચ કોટિનાં પત્રો ટુંકો વખત ચાલે અને સાધારણ પ્રતિના દીર્ઘ કાળ ટકે એમ બનવાનો વધારે સંભવ છે. છેક ઉતરતા પ્રકારનાં પત્રોના યોજકોની સાધનસામગ્રી પૂરી થતાં વાર નથી લાગતી અને વાંચનાર પણ કંટાળી જાય છે. કાંઈ પણ વિચાર કર્યા વગર તેના પ્રવર્તકોએ તે કાર્ય આદરેલું હોય એટલે સ્વાભાવિક રીતે થોડા વખતમાં આટોપી લેવું પડે. બહુ ઉચ્ચ પ્રતનાં પત્રોનો વાંચક-વર્ગ પરિમિત, થોડાંજ તેની કદર કરનારાં હોય, અને તેથી થોડાં તે માટે પૈસા ખરચી શકે તેવાં હોય. એટલે તેવાં પત્રોનો નિભાવ એ હજી આપણા દેશને માટે મુશ્કેલ કાર્ય છે તે વાત તેમના પ્રયોજકોને સુવિદિત છે. આપણા દેશમાં તેમજ અન્ય દેશોમાં પણ પત્રો; ઘણા ફેલાવાવાળાં વર્તમાન પત્રો પણ ઘણા દ્રવ્ય વ્યય વગર ચાલી શકતાં નથી, અને એકંદરે Journalism એ ધંધા તરીકે કમાણીનું સાધન ભાગ્યેજ બને છે. સરસ્વતી દેવીના સેવકો, દેશની સર્વ પ્રકારની ઉન્નતિના કાર્યમાં રસ લેનાર હિતેચ્છુઓ પોતાનો ધર્મ માનીને આ કાર્ય ઘણું ખરૂં કરે છે. આવા અંતરાયો છતાં, આપણો દેશ જ્યાં નિરક્ષર માણસોની ઘણી મોટી સંખ્યા છે ત્યાં પણ આટલાં પત્રો નીકળે છે, નીભે છે અને ઉત્સાહી જનો નવાં નવાં પત્ર કાઢે છે, એ આ જમાનાનું શુભ ચિહ્ન છે. પ્રમાણિક હેતુથી, પોતાને બીજાં પત્રોમાં યથાયોગ્યતા ન જણાય તે ઊણપ પૂરી પાડવાના પ્રયાસ તરીકે, વિવિધ દૃષ્ટિબિન્દુથી નવાં નવાં પત્રો જન્મે એ દેશજનોનાં હૃદયોના મંથનનું બાહ્ય ચિહ્ન છે—અને સામાન્ય વર્ગના ગમે તેટલા બડબડાટ છતાં, એ પ્રયોજકોની પ્રવૃત્તિ ચાલવાનીજ. અલબત્ત જેમના પૈસાવડે કાર્ય કરવાનું હોય તેમને રૂચિકર ન હોય તો તેઓ પાસેથી નાણાં લેવા દુરાગ્રહ ન કરવો જોઇએ. તેવાઓ નાણાં આપે એવી આશા પ્રયોજકે ન રાખવી અને તેવાં નાણાં આપનારાએ નાણાં ન આપવાં એ વાજબી છે; પરંતુ નવાં પત્રો ન નીકળે એવી ઇચ્છા રાખવી યોગ્ય નથી, તેમ તે સફળ થાય એ સંભવ પણ નથી. જગતમાં ઘણા Experiemnt યાને પ્રયોગો નિષ્ફળ જાય છે. કુદરતમાં પણ જમાનાઓ-ભરના નિષ્ફળ પ્રયોગો ચાલે છે. તેજ મુજબ પત્રકારોના પ્રયોગો

પણ ઘણા અફળ જવાના અને તેમાંના કોઇ સફળતા પ્રાપ્ત કરવાના. પત્રકારનો હેતુ પ્રમાણિક હોય એ પત્રકારોને જોવાનું છે. તેમનામાં જે કાર્ય ઉપાડયું હોય તે ઠેઠ પહોંચાડવાની શક્તિ છે કે નહીં તે પણ પોતે વિચારવાનું છે. તેમજ જાહેર પ્રજાનાં મહા મહેનતે કમાએલાં નાણાંનો દુરુપયોગ ન થાય તે વાત ખાસ લક્ષમાં રાખવાની છે. જે વિશ્વાસ અને શ્રદ્ધાથી પ્રજા તેમને ગમે તેવી નાની રકમ પણ આપે છે તે માત્ર પોતાના ક્રીડા–hobbies–તુરંગને સંતોષવા નથી આપતી પરંતુ ઉપયોગી કાર્યને સહાયતા કરવા અને સાથે સાથે પોતાને વાંચવાનો લાભ મળે એવા ઇરાદાથી આપે છે. માટે પત્રકારોને પોતાની ભારે જવાબદારી ધ્યાનમાં હોવી જોઈએ.

આજકાલ પરિષદો અને પ્રદર્શનોનો જમાનો છે, અને એ જમાનાના વહેણ સાથે વહેવું એ પણ અનિવાર્ય છે. એ સર્વના પ્રયોજકો શુભ બુદ્ધિથી કામ કરતાજ હશે. આવાં demonstration થી ધારે તેટલો નહીં તો થોડો ઘણો ફાયદો–ખાસ કરીને લોકમત કેળવવામાં થાય એ સંભવિત છે. તેમાં નાણાંનો વ્યય થાય છે તે જો લક્ષમાં ન લઇએ તો તેથી નુકશાન કે હાનિ નથી જ. પ્રજાસમૂહના ભિન્ન ભિન્ન શોખ કેળવવામાં આવાં પ્રદર્શનો સહાયભૂત થાય છે એ નિર્વિવાદ છે અને તેની કીમત રૂ. આ. પા. માં થઇ શકે નહીં. હુન્નર કળાનાં પ્રદર્શનોથી હુન્નર કળાને ઉત્તેજન મળે છે, અને હુન્નર કળા ખીલવાથી પ્રદર્શનો ભરવાની વૃત્તિ સતેજ થાય છે એમ એ અન્યોન્યાશ્રયે છે. તેજ મુજબ પત્રોનાં પ્રદર્શનથી ભિન્ન ભિન્ન પત્રોના ગુણ દોષ તાદ્દશ્ય થાય છે અને પત્રકારોના કાર્યને પરોક્ષ રીતે ઉત્તેજન મળે છે. તેજ સાથે પત્રોની સંખ્યા અને સ્થિતિ વધે ત્યારેજ પ્રદર્શન ભરવાની પ્રવૃત્તિ થાય.

ગુજરાતી સાહિત્યમાં વર્તમાન પત્રો અને ખાસ કરીને માસિકોનો હિસ્સો દિનપર દિન વધતો જાય છે. પુસ્તકોની ગતિની જોડે જોડે માસિકોના પણ ગતિ વધતી જાય છે; અને એ વેગ સાથે વિશાળતા અને ઉંડાણ વધે તથા વાંચક વર્ગની સહાનુભૂતિ દિનપર દિન વધે એ ઇષ્ટ છે. પ્રજાની ઉન્નતિ સાથેજ પ્રજાના સાહિત્યની ઉન્નતિ સંકળાએલી છે. ગુર્જર સાહિત્ય માટે ઉજળું ભવિષ્ય છે, એમ માનનાર આશાવાદીઓના વર્ગમાં હું પોતે છું અને એ ભવિષ્ય ઘડનાર આજના સાહિત્યસેવકોજ છે. પુરાણા વડ વૃક્ષ સરખી સુદૃઢ અને સર્વમાન્ય સંસ્થાઓ તરફ આદરભાવ રાખીને

સાથે સાથે નવ કુસુમિત નાજુક પણ સુંદર વલ્લરીઓનો સત્કાર કરી સમભાવ દર્શાવવો એ સર્વ જનસમાજના હિતેચ્છુઓનો ધર્મ છે. પત્રકારો પ્રજા વર્ગના જ્ઞાનને પોષનાર, તેમની રસવૃત્તિને ખીલવનાર અને ઉચ્ચ ભાવના ને પ્રેરનાર છે. પ્રજા વર્ગને ઉંચા આદર્શ તરફ લઇ જવામાં પત્રકારો અનેક રીતે સહાયભૂત થઈ શકે છે, અને એવા પવિત્ર કાર્યના પ્રયોજકો પોતાની પવિત્ર ફરજનું યથાયોગ્ય પાલન કરે, પરસ્પર સ્નેહભાવનું સંવર્ધન કરે અને પત્રના ચાલકો અને વાંચકોનું સહકારીપણું વધે એવા હેતુથી યોજેલા આ પ્રદર્શન અને પરિષદ્ તે હેતુ સફળ કરો એવી મારી પ્રાર્થના છે.

સન્નારીઓ અને સજ્જનો, મેં જે બે બોલ તમારી આગળ મુક્યા છે તેમાં આપ સરખા પ્રતિષ્ઠિત મંડળ આગળ કહેવા જેવું નવીન કાંઇ નથી. આ પ્રદર્શનના કાર્યકર્તાઓએ મારા તરફના સદ્ભાવને લઇને આજની જવાબદારીભરી ફરજ મારે માથે નાંખી છે. મારા વિવેચનમાં અપૂર્ણતા છે જ. તે તરફ દુર્લક્ષ કરવા આપ સહુને, હું વિનંતિ કરૂં છું. આપણી પ્રજાની પ્રગતિના સર્વ યોગ્ય પ્રયાસોમાં મારી સંપૂર્ણ દીલસોજી છે અને સાહિત્ય તરફની મારી શુભેચ્છાઓ દર્શાવવાનો ને રૂજ સાહિત્ય માટે તન, મન અને ધનથી અવિશ્રાન્ત પ્રયત્ન કરનારાઓ તરફ પૂજ્ય ભાવ પ્રદર્શિત કરવાનો આ સુપ્રસંગ પ્રાપ્ત થયો છે તે માટે આભાર દર્શાવવાની હું આ તક લઉં છું.

પેટંટ ઑફ હીસ્ટિરિયા.

વાયુમુક્તા.

ડૉક્ટર-વૈદ્યોમાં છુટથી વપરાતા, પ્રદર્શનમાં ઈનામ પામેલી, અને ૨૪ કલાકમાં અખંડ તાણને અટકાવનારી દવા વાયુમુક્તા છે.

કીમત રૂ. ૫ પોષ્ટેજ જુદું.

ગાંડાને જલદી સુધારશે, ફેફરૂં, સણકા, રાંઝણ, કંપ, કળતર, લકવો, મુર્છા, ચકરી, ઈ૦ વાયુ અટકાવશે. એ દવા વાપરનારને ઇન્જેકશન, અંજન સુંઘાડવું કે દાબવું નહી પડે. દવા ખાધાથીજ લાભ. હજારો દર્દીઓએ ઠરાવ્યું છે કે દવા રામબાણ છે.

બાળક, વૃદ્ધ, સગર્ભા અને સુવાવડીથી પણ લઇ શકાય. સો પત્રથી મળશે. તરત કામ કરવું હોય તો રૂબરૂ મળો.

છ. લ. શાહ દેશીનામાવાળા.
દયાળ ભાઉની શેરી—વડોદરા.

ચાલુ બનાવોની માહિતી.

[લેખક—રા. કેશવપ્રસાદ દેશાઈ. બી. એ, એલ. એલ. બી.]

વિલાયતનું પ્રધાન મંડળ.

અત્યારે વિલાયતમાં ત્રણ રાજદ્વારી પક્ષ છે: (૧) સંરક્ષકવાદીઓ અથવા કૉંઝરવેટીવ પક્ષ. (૨) ઉદારમતવાદીઓ અથવા લીબરલ પક્ષ (૩) મજુર પક્ષ અથવા લેબરર્સ. રાજદ્વારી ચુંટણીમાં, પાર્લામેંટમાં જે પક્ષની બહુમતી થાય તે પક્ષના માણસો પ્રધાન મંડળ રચે અને રાજ્યની બધી જોખમદારી માથે લે, એવો ત્યાં નિયમ છે. થોડા સમય ઉપર મજુરપક્ષ પહેલીવાર પ્રધાનપદે આવ્યો હતો, પરંતુ પાર્લા-મેંટમાં તેમની બહુમતી નહોતી. હમણાં વિલાયતમાં નવી ચુંટણી થઇ છે. તેમાં કંઝરવેટીવ પક્ષને બહુમતી મળી છે, અને તેથી તેઓ પ્રધાનપદે આવ્યા છે. મી. બાલ્ડવીન વડા પ્રધાન થયા છે, અને લોર્ડ બર્કનહેડ હીંદી પ્રધાન નીમાયા છે.

આ વખતની ચુંટણીમાં પાર્લામેંટમાં ફક્ત ચારજ સ્ત્રીઓ ચુંટાઈ છે. આગલી ચુંટણીમાં સાત સ્ત્રીઓ ચુંટાઈ હતી. ઉમેદવાર તરિખે આ વખતે ચાળીસ સ્ત્રીઓ બહાર પડી હતી. તેમજ આ વખતે સ્ત્રીમતદારોએ બહુ મોટી સંખ્યામાં મત પણ નોંધાવ્યા હતા. છતાંયે સ્ત્રીઓ ઓછી ચુંટાઇ છે.

એક હિંદી ગૃહસ્થ મી. સકલાટવાળા પણ આ વખતે પાર્લામેંટમાં ચુંટી કઢાયા છે. તેઓ પોતે કોમ્યુનિસ્ટ પક્ષના છે. આ પક્ષ મજુરપક્ષ કરતાં પણ વધારે ઉગ્ર વિચાર ધરાવે છે, અને આખા સમાજમાં મિલકત સરખે હીસ્સે વહેંચાયલી હોવી જોઇયે એવા મત ધરાવે છે.

* * * * *

બંગાળામાં સખ્તાઈ.

સરકારને એવો વહેમ આવ્યો છે કે બંગાળામાં અંગ્રેજી રાજ્ય સામે કાવત્રું કરનારા તથા બોંબગોળા વગેરે બનાવનારા, હિંસાવાદીઓ મોટી સંખ્યામાં છે. અને તે કારણથી ત્યાં ખાસ સખ્તાઇનો કાયદો જાહેર કરવામાં આવ્યો છે. કાયદો રાજ્યને તથા પ્રજાને બંનેને રક્ષણ આપે

સાથે સાથે નવ કુસુમિત નાજુક પણ સુંદર વલ્લરીઓનો સત્કાર કરી સમભાવ દર્શાવવો એ સર્વ જનસમાજના હિતેચ્છુઓનો ધર્મ છે. પત્રકારો પ્રજાવર્ગના જ્ઞાનને પોષનાર, તેમની રસવૃત્તિને ખીલવનાર અને ઉચ્ચ ભાવના-ને પ્રેરનાર છે. પ્રજા વર્ગને ઉંચા આદર્શ તરફ લઇ જવામાં પત્રકારો અનેક રીતે સહાયભૂત થઈ શકે છે, અને એવા પવિત્ર કાર્યના પ્રયોજકો પોતાની પવિત્ર ફરજનું યથાયોગ્ય પાલન કરે, પરસ્પર સ્નેહભાવનું સંવર્ધન કરે અને પત્રના ચાલકો અને વાંચકોનું સહકારીપણું વધે એવા હેતુથી યોજેલા આ પ્રદર્શન અને પરિષદ્ તે હેતુ સફળ કરો એવી મારી પ્રાર્થના છે.

સન્નારીઓ અને સજ્જનો, મેં જે બે બોલ તમારી આગળ મુકયા છે તેમાં આપ સરખા પ્રતિષ્ઠિત મંડળ આગળ કહેવા જેવું નવીન કાંઇ નથી. આ પ્રદર્શનના કાર્યકર્તાઓએ મારા તરફના સદ્‌ભાવને લઇને આજની જવાબદારીભરી ફરજ મારે માથે નાંખી છે. મારા વિવેચનમાં અપૂર્ણતા છે જ. તે તરફ દુર્લક્ષ કરવા આપ સહુને હું વિનંતી કરું છું. આપણી પ્રજાની પ્રગતિના સર્વ યોગ્ય પ્રયાસોમાં મારી સંપૂર્ણ દીલસોજી છે અને સાહિત્ય તરફની મારી શુભેચ્છાઓ દર્શાવવાનો તથા સાહિત્ય માટે તન, મન અને ધનથી અવિશ્રાન્ત પ્રયત્ન કરનારાઓ તરફ પૂજ્ય ભાવ પ્રદર્શિત કરવાનો આ સુપ્રસંગ પ્રાપ્ત થયો છે તે માટે આભાર દર્શાવવાની હું આ તક લઉં છું.

પેટંટ ઑફ હીસ્ટિરિયા.

વાયુમુકતા.

ડૉક્ટર-વૈદ્યોમાં છુટથી વપરાતી, પ્રદર્શનમાં ઇનામ પામેલી, અને ૨૪ કલાકમાં અખંડ તાણને અટકાવનારી દવા વાયુમુકતા છે.

કીમત રૂ. ૫ પોસ્ટેજ જુદું.

ગાંડાને જલદી સુધારશે, ફેફરું, સણકા, રાંઝણ, કંપ, કળતર, લકવો, મુર્છા, ચકરી, ઈ૰ વાયુ અટકાવશે. એ દવા વાપરનારને ઇન્જેકશન, અંજન સુંધાડવું કે દાબવું નહી પડે. દવા ખાધાથીજ લાભ. હજારો દર્દીઓએ ઠરાવ્યું છે કે દવા રામબાણ છે.

બાળક, વૃધ્ધ, સગર્ભા અને સુવાવડીથી પણ લઇ શકાય.

પત્રથી મળશે. તરત કામ કરવું હોય તો રૂબરૂ મળો.

છ. લ. શાહ દેશીનામાવાળા.

દયાળ ભાઉની શેરી—વડોદરા.

મંત્રીઓએ જે નિવેદન કર્યું હતું તેમાંથી સ્ત્રીઓને લગતો ભાગ અમે અત્રે આપીયે છીયે:

"... ... ...પત્રકાર પ્રવૃત્તિમાં સ્ત્રીઓ દીપી નિકળે, ઉપયોગી થઇ પડે, એમાં કશો પણ શક નથી. ... ... અર્ધા કરતાં પણ ઘણું વધારે જગત સ્ત્રીઓ અને બાળકોનું બનેલું છે; અને ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોને લગતી, અને સામાન્ય રીતે સમગ્ર સમાજને લગતી બાબતમાં સ્ત્રીઓનું દૃષ્ટિબિંદુ સમાજને, જગતને ઘણુંજ ઉપયોગી, ઘણુંજ હિતકારક છે. અત્યાર સુધી જગતે સ્ત્રીઓના અભિપ્રાય જાણવાને થોડોજ પ્રયાસ કર્યો છે. આ દેશના સ્ત્રીકેળવણીના હિમાયતીઓને ખાસ કરીને અભિનંદન ઘટે છે કે સ્ત્રીઓની નિરક્ષરતા દૂર કરવાને તેઓએ ભગીરથ પ્રયત્ન કર્યા છે. અને થોડી પણ સન્નારીયો પોતાના વિચારો હિમ્મતથી પ્રજા સમક્ષ મૂકી શકે છે; થોડી પણ સ્ત્રીઓ, સમાજ માટે, દેશસેવા માટે તૈયાર થઇ શકી છે ... ..."

* * * * *

સ્ત્રીઓ અને ઔદ્યોગિક કેળવણી.

વર્તમાન પત્રો ઉપરથી માલુમ પડે છે કે મદ્રાસ મ્યુનિસિપાલિટીએ સ્ત્રીઓ માટે એક ઔદ્યોગિક શાળા સ્થાપવાનો ઠરાવ કર્યો છે. આમાં સ્ત્રીઓને તેઓ પોતે મૂખ્યત્વે ઘેર બેસીને કરી શકે તેવાં ઉદ્યોગોનું શિક્ષણ આપવામાં આવશે. સ્ત્રીઓને ઔદ્યોગિક શિક્ષણ આપવાની તજવીજ જો મુંબાઈ અને ગુજરાતની મ્યુનિસિપાલિટીઓ કરશે તો જરૂર તેથી ઘણો લાભ થશે એમ અમારૂં માનવું છે. શહેરોમાં વસતાં મધ્યમ વર્ગના કુટુંબોની સ્થિતિ બહુજ કફોડી છે, અને જો તેવાં કુટુંબની સ્ત્રીઓ ઘેર બેઠાં થોડું પણ કમાઇ શકે તો તેમને ઘણીજ મદદ મળે. આ બાબતમાં બે ચીજો તરફ ધ્યાન આપવાનું છે.એક તો સ્ત્રીઓને ઘેર થઈ શકે તેવા ઉદ્યોગોનું શિક્ષણ આપવું અને બીજું આ ઉદ્યોગોને અનુકૂળ કામ મેળવી આપવા માટે અથવા તો તેમનો માલ વેચવા માટે સ્ત્રીઓ તરફથી કામ કરનાર મંડળો સ્થાપવાં જોઇયે.

સ્ત્રીઓ કારખાનાંમાં કે દુકાનોમાં કે ઓફીસોમાં નોકરી કરવા જાય તે સમાજને એકંદરે ફાયદાકારક નથી. કુટુંબજીવન જાળવીને, કાંઇક કામ કરીને થોડી કમાણી કરી શકે તોજ સમાજને ફાયદો છે. તેથી જુદાં જુદાં સ્થાનોને અનુકૂળ ગૃહઉદ્યોગોની તાલિમ આપવા માટે વર્ગોની સ્થાપના કરવી જોઇયે. તથા સ્ત્રીઓની મદદ માટે મંડળો સ્થાપવાં જોઇયે. કાંતવાનો, વણવાનો, ભરવા ગુંથવાનો, ચિતરવાનો, શીવવાનો, વેતરવાનો,

કાર્ડબોર્ડની પેટીઓ બનાવવાનો; વગેરે ઉદ્યોગો સ્ત્રીઓને બહુજ અનુકૂળ થઈ પડવાનો સંભવ છે. અથાણાં, પાપડ, મુરબ્બા, વગેરે બનાવીને મુંબાઈ જેવા શહેરોમાં મોકલવાની ગોઠવણ થઈ શકે તો પણ તેમાંથી સ્ત્રીઓને સારી આવક થાય.

* * * * *

ધારાસભામાં સ્ત્રી-સભાસદ.

અંગ્રેજી હકુમત નીચેના ઇલાકામાં ધારાસભામાં બેસવાનો અધિકાર સ્ત્રીઓને મળ્યો નથી. એટલું જ નહિ પણ સુધારા બક્ષનાર કાયદામાં સ્ત્રીઓને ધારાસભાના સભાસદ થવામાંથી ખાસ બાદ રાખવામાં આવેલી છે. આ પ્રમાણે સ્થિતિ હોવાથી ત્રાવણકોરમાં બનેલા બનાવથી આપણને ખાસ આનંદ થવો જોઈયે. ત્રીવેંદ્રમમાં સ્ત્રી અને બાળકોની ઔષધશાળાનાં ઉપરી દાક્તર મીસીસ લ્યુખોસ નામે એક હિંદી બાનુ છે. તેમને હમણા દરબાર દાક્તર તરિકે નીમ્યાં છે. ત્યાં કાયદો એવો છે કે જે દરબાર દાકતર હોય તે ત્યાંની ધારાસભાના સભાસદ આપોઆપ થઇ જાય. તે પ્રમાણે તે બાઈ દાકતર ત્યાંની ધારાસભાના સભાસદ થયાં છે અને તેના કામકાજમાં ભાગ પણ તેમણે લીધો છે. ઉપજ ખર્ચનું અંદાજપત્ર રજુ કરતી વખતે વૈદક ખાતાના ખર્ચ માટે માંગણી કરવાનું કામ તેમનું હતું. અને તેમણે તે માંગણી કરતી વખતે એક સુંદર ભાષણ કર્યું હતું, તથા ધારાસભાના અન્ય સભાસદોએ તેમને હર્ષભેર વધાવી લીધાં હતાં. આ દાખલાથી આપણે બ્રિટીશપાર્લામેંટની ખાત્રી કરી આપીયે કે હિંદી સ્ત્રીઓ ધારાસભામાં બેસવા ખુશી છે, અને પુરૂષ વર્ગનો તે બાબતમાં તેમને ટેકો છે.

હમણાં આપણા દેશમાં જે રાજકીય પરિસ્થિતિ ઉભી થઇ છે તેને અંગે કદાચ સુધારાનો નવો કાયદો થશે તે વખતે સ્ત્રીઓને આ હક્ક મળે, તે માટે સ્ત્રી મંડળોનો પ્રયત્ન કરવાનો આરંભ અત્યારથી કરવો જોઇયે.

* * * * *

પાટીદાર મહિલા પરિષદ.

પાટીદાર મહિલા પરિષદ બોલાવવા સંબંધી વિચાર કરવા માટે પેટલાદમાં પાટીદાર સ્ત્રીઓની એક નાની સભા મળી હતી. આ સભામાં ત્રીસ ઉપરાંત બાઇઓ જુદે જુદે ગામથી આવી હતી અને તેમણે પાટીદારોમાં ચાલતી કુરીતીઓ વિષે બહુજ છુટથી ચર્ચા કરી હતી. આ ખબર જાણીને અમને બહુજ આનંદ થયો છે. પાટીદાર કોમ ઘણી મોટી તેઓ મોટે ભાગે ખેતી ઉપર નિર્વાહ કરે છે અને ગામડામાં વસે છે. ...માં અત્યારે અક્ષરજ્ઞાન ઓછું છે, અને કદાચ તેને પરિણામે કુ-

રિવાજો બહુજ છે. કેટલાંએક વર્ષોથી આ રૂઢીઓમાં સુધારા કરવાનો પ્રયત્ન થાય છે, પરંતુ તે હજી સુધી સફળ થયો નથી. જો સામાજીક રૂઢીયો સુધારવાનું કામ સ્ત્રીઓ પોતેજ હાથ ઉપર લેશે તો તેઓ જરૂર સફળ થશે. પેટલાદમાં મળેલી સ્ત્રીઓએ ઓજલ રાખી નહોતી અને તેઓ ચર્ચા કરતી હતી ત્યારે કેટલાએક પુરૂષો પણ હાજર હતા. સ્ત્રીઓએ પોતે મહિલા પરિષદ બોલાવવાનો નિશ્ચય કર્યો છે અને તે માટે તૈયારીઓ કરવાનો ઠરાવ પણ કર્યો છે. આપણે આશા રાખીશું કે પાટીદાર મહિલા પરિષદનું કાર્ય સફળતાથી આગળ વધશે અને આ મોટી અને ઉપયોગી કોમમાંથી કુરિવાજો ઓછા થશે, તે કોમમાં સ્ત્રીકેળવણી પ્રસરશે અને સ્ત્રીઓની પ્રતિષ્ઠા પાછી પ્રાચીન કાળની માફક સ્થપાશે.

* * * * *

અમારૂં નિવેદન. આ અંકની સાથે "સ્ત્રી–બોધ" પોતાનાં અડસઠ વર્ષ પુરાં કરે છે. અમારી નવી વ્યવસ્થા નીચેનું પાંચમું વર્ષ આ સાથે પુરૂં થાય છે. "સ્ત્રીબોધ" સ્ત્રીવર્ગની તેમજ સમાજની શી સેવા કરે છે, તે તેના વાંચનારાથી અજાણ્યું નથી જ. સ્ત્રીઓની સમાજમાં પ્રતિષ્ઠા વધે, નાગરીક તરીકે તેમને વિશેષ હક્ક મળે, સ્ત્રીઓની પોતાની લાયકાતમાં વધારો થાય, તેમને ઉપયોગી બાબતોનું સામાન્ય જ્ઞાન થાય તથા સંસાર સુધારાનું કાર્ય તેઓ સાધે, તે માટે સ્ત્રી–બોધ પ્રયત્ન કર્યાજ કરે છે. વળી હજી પણ સ્ત્રી–બોધ અભિમાન સાથે કહી શકે છે કે તેમાં "વાંધા વિનાનું વાંચન" આવે છે. તે સાથે છેલ્લા પાંચ વર્ષથી "બાળક" વિભાગ અમે સ્ત્રી–બોધ સાથે જોડ્યો છે. ૧૯૨૩ ની સાલના "બાળક" વિભાગને તો છુટું બાંધીને આ વર્ષની શરૂઆતમાં એક બાળ પુસ્તક તરીકે બહાર પણ પાડ્યું હતું, અને તે બહુજ લોકપ્રિય થયું છે તેથી અમને સંતોષ થયો છે. આ વર્ષે પણ અમે પાંચમા વર્ષનું બાળક જુદું બહાર પાડવાની ધારણા રાખી છે. તે પણ ઉપયોગી નિવડશે એવી અમને ખાત્રી છે.

આ વર્ષમાં અમે અમારા ગ્રાહકોને નવસે પાનાનું વાંચન તથા ૨૭૦ પૃષ્ઠનું એક ભેટનું પુસ્તક એ બધું ફક્ત રૂા.૩–૪–૦ આપી શક્યા છીએ અને સ્ત્રીબોધના ગ્રાહકો દિવસે દિવસે વધતા જાય છે એજ અમારૂં સુંદર પ્રમાણપત્ર છે. આવતા વર્ષમાં ભેટનું પુસ્તક—"વીણા–વિહારી" નો બીજો ભાગ આપવાના છીએ. તેમજ આ વર્ષની પેઠે વસંત અંક પણ પ્રસિદ્ધ કરવાના છીએ તે જાણી અમારા ગ્રાહકોને આનંદ થશે.

——:*:——

પુસ્તક પરિચય

[લખનારઃ—રા. રા. કેશવપ્રસાદ છો. દેસાઇ.]

દેશ-દર્શન—

(અનુવાદકઃ કુમારી સુમિત્રા દયાળજી મહેતા. પ્રકાશકઃ રા. જીવનલાલ અમરશી મહેતા. પૃષ્ટ ૩૮૪+૩૨. કીં. ૩—૦—૦ જ્ઞાન વર્ધક પુસ્તક માળાના ગ્રાહકોને અડધી કીમતે.)

" વીસમી સદી " માસિકની અંદર જ્યારે ઠાકુર શિવનંદન સિંહના આ હિંદી પુસ્તકમાંથી લેખો આવવા માંડયા હતા ત્યારે ઘણા વિચારકોનું ધ્યાન તે તરફ ખેંચાયું હતું. દુર્ભાગ્યે વિસમી સદી બંધ પડયું અને આ લેખો પણ અધુરા રહ્યા. હવે આ આખાયે પુસ્તકનું ભાષાંતર બહાર પડયું છે, અને તે પણ એક ગુજરાતી કન્યાને હાથે તૈયાર થયેલું, તે જોઇને સર્વને સહર્ષ સંતોષ થશે જ.

આ પુસ્તકના ત્રણ ખંડ છે. પ્રથમ ખંડમાં વસ્તિની સંખ્યા સંબંધી પ્રાકૃતિક નિયમોનું વર્ણન છે. બીજા ખંડમાં હિંદુસ્તાનની ચાલુ આર્થિક સ્થિતિ અને ઉત્પાદક શક્તિનો વિચાર આંકડાઓ સાથે કરવામાં આવ્યો છે. તથા તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે હિંદની વસ્તિને માટે ખોરાકનો પ્રબંધ નથી. હિંદીઓ દિવસે દિવસે ક્ષીણ થતા જાય છે અને તેમનો આવરદા ઘટતો જાય છે. આ બીજો ખંડ બહુજ મનન કરવા યોગ્ય છે. તેમાં હિંદની પ્રચલિત સ્થિતિનું દિગ્દર્શન બહુ સારી રીતે કરેલું છે. ત્રીજા ખંડમાં મૂળ લેખક આ બધી આપત્તિઓમાંથી બચવાનો ઉપાય સૂચવે છે. અને તે સર્વનો એક માત્ર ઉપાય બતાવે છે કે, "જેને પાલનપોષણનો પ્રબંધ હોય, નહિ તેવાએ સંતાન ઉત્પન્ન કરવાથી ત્રીજી હાની થાય છે......દેશ તથા કાળ અને આપણી પોતાની સ્થિતિનો વિચાર કરીને, આપણે સર્વથા યોગ્ય બનાવી શકતા હોઇયે તોજ સંતાનોત્પત્તિ કરવી જોઇયે. એનો ઉપાય બ્રહ્મચર્ય અથવા ઇંદ્રિયદમન છે......"

આમાં દર્શાવેલા ઉપાયો સાથે સર્વ રીતે સમંત થવું અમારે માટે અશક્ય છે. વળી હિંદના ઉદ્ધારનો જે એકજ કેવળ ઉપાય બતાવ્યો છે તેમાં કાંઇક સત્ય છે; પરંતુ તે ઉપાય દેખાય છે તેવો સરળ પણ નથી તેમ પુરતો પણ નથી. તેમજ બ્રહ્મચર્ય અથવા ઇંદ્રિયદમન દ્વારા સંતાન નિષેધ સુસવ્યો છે તે તો ઉત્તમ છે. પરંતુ તે પળાશે કે નહિ અથવા તે સંભવિત છે કે કેમ તે બહુજ વિચારવા જેવું છે. કોઇ પણ રીતે જો પ્રજા બનાવટી નિષેધ (artifical clecks) તરફ દોરાય તો તેથી ઘણું નુકશાન થવા સંભવ છે. છતાંયે આ પ્રકારના વિચારો પ્રજા સમક્ષ આણવાની બહુજ જરૂર છે તે તો અમે કબુલ કરીયે છીયે. અને તે માટે અમે મૂળ લેખકનો તથા અનુવાદક બહેનનો બહુજ ઉપકાર માનીએ છીયે. સ્ત્રી જાતિ પ્રત્યે માનની લાગણી ખીલવવામાં આવે તો સંતાન સંખ્યાના પ્રશ્નનો કાંઇક ફેંસલ આવે. સ્ત્રીની સંમતિ વિના—તેની મરજી વિના માતૃત્વનો બોજો તેના ઉપર કોઇ પણ પ્રેમાળ પતિ નાંખી નાજ શકે. સ્ત્રી જાતિ પ્રત્યે માન ઉત્પન્ન કરવાનો સતત્ પ્રયત્ન કરવો જોઇયે.

આપણી ભાષામાં સમાજશાસ્ત્ર સંબંધી પુસ્તકો ઓછાં છે. તેમાં આવા એક વિચારશીલ પુસ્તકનો વધારો થવા માટે આનંદ થાય છે. આશા છે કે આ પુસ્તક ઘણું વંચાશે અને ચર્ચાશે. તથા તેમાંના બીજા ખંડમાં દર્શાવેલી વસ્તુસ્થિતિ પ્રત્યે દરેક ગુજરાતી ધ્યાન આપી, તે નિવારવા પ્રયત્ન કરશે.

હાસ્યકથા મંજરી; ભાગ ૨ જો.

(લેખકઃ રા. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા. પ્રકાશકઃ રા. જીવનલાલ અમરશી મહેતા. પાનાં ૨૪૫ કીં: ૨-૦-૦. જ્ઞાન વર્ધક પુસ્તક માળાના ગ્રાહકોને અડધી કીંમતે.)

હાસ્ય રસના લેખક તરીકે રા. ધનસુખલાલે અત્યારસુધીમાં સારી પ્રતિષ્ઠા મેળવી છે. તેમણે જુદે જુદે સ્થળે લખેલી માર્મિક હાસ્યરસની વાર્તાઓનો આ સંગ્રહ છે. તેમાં એકવીસ વાતો છે, તેમાંની "અસાધારણ અનુભવ" લાંબી સો પાનાં ઉપરાંતની વાત છે. ગંભીર ગુજરાતીઓમાં હાસ્યરસ ખીલવવામાં, તથા થાકેલા મગજને વિશ્રાંતિ સાથે આનંદ આપવામાં આ પુસ્તક ઉપયોગી નિવડશે એમ આશા છે.

કૌમુદી—

(ત્રૈમાસિક. તંત્રી રા. વિજયરાય કલ્યાણરાય.)

"સાહિત્ય, કલા અને વિવેચન" ના આ ત્રૈમાસિકને આવકાર આપતાં અમને બહુજ આનંદ થાય છે. છેલ્લા બે ત્રણ વર્ષમાં માસિકોનો ઉમેરો ઘણો થયો છે. અને કેટલેક સ્થળેથી તો એમ પણ પોકાર થવા લાગ્યો છે કે હવે તે અટકે તો સારૂં. છતાંયે અમારૂં માનવું છે કે માસિકોના વધારાથી કોઇને ડરવાનું નથી. દરેક પત્ર કાંઇને કાંઇ મુદ્દાથી કાઢવામાં આવે છે. અને જો પ્રજા તે નહિ સ્વીકારે, અથવા તંત્રી તે મુદ્દા સાધવામાં નિષ્ફળ નિવડશે, તો તે પત્ર આપોઆપ બંધ પડશે. આપણે ત્યાં હજીયે મંથનની જરૂર છે. હજીયે ઉત્તમ પત્રોની અગત્ય છે, અને આવી એક અગત્ય "કૌમુદી" થી પુરી પડશે એમ અમને આશા રહે છે. પ્રથમ અંક એકંદરે સંતોષકારક છે. અને અન્ય અંકો જો એજ ભૂમિકાના નિકળશે તો ખરેખર ઉપયોગી નિવડશે. અમે ભાઈ વિજયરાયને અભિનંદન આપીયે છીએ અને તેઓ વિજયવંત નિવડે એવી શુભાશા દર્શાવીયે છીયે.

દીવાળીના અંકો.—હિંદુસ્તાન, ગુજરાતી, ગુજરાત, બાળજીવન, સ્વદેશ, નવચેતન, મોઢમાર્તંડ, આદિ પત્રોએ દીવાળીના ખાસ અંકો આ વર્ષે પ્રસિદ્ધ કર્યા છે. દરેકે સુંદર વાંચન સાથે આકર્ષક અંકો આપવા પ્રયત્ન કર્યો છે અને તે માટે ગુજરાતી પ્રજાવર્ગ તરફથી સર્વને અભિનંદન ઘટે છે પરંતુ લેખક વર્ગને એક વિનંતિ કરવાની છે કે, આવા ખાસ અંકો માટે લાંબા અભ્યાસના પરિણામે લખાયલા લેખો જો આવે તો પ્રજાવર્ગને વિશેષ લાભ થાય.

* * * *

બીજી એક સૂચના ચિત્રકારો યા તેના પ્રકાશકોને પણ કરવાની આવશ્યક્તા જણાય છે. ગમે તેવા ચિત્ર નીચે સીતા, દમયંતી કે દ્રૌપદીનું નામ ગોઠવી દેવાય એ ઇષ્ટ લાગતું નથી. જે ચિત્રને સીતા કે દ્રૌપદીના નામથી ઓળખાવવું હોય તેમાં તેનું વ્યક્તિત્વ ખાસ કરીને હોવુંજ જોઇએ. "નવચેતન" ના દીવાળીના અંકના મુખપૃષ્ઠ ઉપર આપેલું એક સ્ત્રીની આંગળી ઝાલી હાથમાં મેરાયું લઈ ચાલતા બાળકનું ચિત્ર બહુ સુન્દર છે; પરન્તુ તે બાળકની માતાનો દેખાવ અને પહેરવેશ કોઇ નાયિકા કે વિદેશી ... જેવોજ ચિતર્યો છે. આદર્શ ગૃહિણીને બદલે આદર્શ નાયિકા જેવો ... ઝીણાં કપડાની અંદરનાં અંગો પણ દેખાય તેવું ચિત્ર ચિત્રકારની ઉત્તમ

કળા તરીકે ગણાતું હોય તો ભલે, પણ એક સુભ્યજનયોગ્ય દૃશ્ય તરીકે ઉત્તમ ગણાશે ! આવા ચિત્રદ્વારા તે જોનારનાં મન ઉપર કેવી અસર થશે ? કળા કે ભાવની સાથે તેના દૃશ્યનો—દેખાવનો વિચાર પણ અમને તેટલોજ આવશ્યક લાગે છે. પુસ્તકો, માસિકો અને પત્રો વિશેષે કરીને સદ્‌ગૃહસ્થોનાં કુટુંબોમાં જ વંચાય છે, અને તેથી તેમની નીતિ–રીતિને ઉન્નત કરનારા લેખોજ આપવાની જેમ સંભાળ રખાય છે તેવીજ સંભાળ ચિત્રો માટે પણ રહેવી જોઇએ, એવો અમારો નમ્ર અભિપ્રાય હોવાથી આ પ્રસંગે સહેજ સર્વસામાન્ય સૂચન કર્યું છે. ભારે ખર્ચ અને જેહમત ઉઠાવીને ખાસ અંકો આપનારાઓ તરફ અમારા અન્તઃકરણની સહાનુભૂતિ હોઈ તે સર્વને અભિનંદન આપીયે છીએ.

છ. અ. મહેતા.

હરસ, મસાથી પીડાતા દરદીઓને

હવે પીડાવાની જરૂર નથી.

મફત દવા મેળવી આરામ ભોગવો.

" ગમે એવા હઠીલા, દુઝતા, મસા મફત ત્રણ દિવસમાં કોઈ પણ જાતનાં દુઃખ દરદ વિના માત્ર દવાથી જ ખરી જાય છે. "

તે માટે

દવા મફત આપવામાં આવે છે.

વધુ ખુલાસો માટે લખો યા મળો.

" ડૉ. પાઠક. "

સ્ટેશન રોડ—મુ: ડહાણુ.

(બી. બી. સી. આઈ. રેલવે.)

રહીશ એવાં વચનો પણ અશ્રુપાત, ધમકી, અને મોહક રીતે કહ્યાં. પરિણામમાં તેઓ બન્ને ગામ છોડી અમદાવાદમાં નોકરી લઈ રહેવા ગયાં, એથી આખા ઘરમાં મારી સત્તા નિષ્કંટકપણે ચાલવા લાગી. હવે અમે બે જણ જ રહ્યાં. મારા પતિરાજ કંઇ ધંધોધાપો કરતા નહીં. વ્યાજ વટતરના ધંધાથી જમા કરેલી રકમમાંથી અમારૂં ગુજરાન અચ્છી રીતે નભતું હતું. મને પરણ્યાને ચાર વર્ષ થવા આવ્યાં એટલામાં મારા પતિ સાથે હું એકવાર મુંબઇ ગઇ. ત્યાં રહેવાનું મને બહુ મન થયું, અમે બે મહિના ત્યાં રહ્યાં. દર્મિયાન મુંબાઇના શોખીન વાતાવરણે મારા મન પર જાદુઇ અસર કરી!!! નાટક, સીનેમા જોવા જવાનું, પાલવા, એપોલો બંદર, ચોપાટી વગેરે સ્થળોએ ગાડીઓમાં બેસી, ફરવા જવાનું અમે ચાલુ જ રાખેલું. આવી મઝા મૂકી ગામડામાં—વતનમાં—પાછું આવવું એ મને તો માથા સાટે લાગ્યું. મને જેટલાં ચરિત્ર આવડતાં હતાં તે બધાનો એક સામટો પ્રયોગ અજમાવીને મેં મારા સ્વામીને મુંબાઇમાં જ સ્થિર કરી જવાનું કહ્યું. પરિણામે એક આંટો વતનમાં જઈ ઝારી—ઝોઇતો સરસામાન લાવી અમે મુંબાઈમાં વસવાટ કરી દીધો. સ્વામીએ શેરસટ્ટાના ધંધામાં જવા માંડ્યું મેં મુંબઇની મોજમઝાહ ભોગવવામાં જીવન સાર્થક ગણ્યું! બસ આ દિવસોથી મારા માનસિક, શારીરિક, અને આધ્યાત્મિક જીવનની અધોગતિ શરૂ થઈ ચૂકી.

બે વર્ષ દરમિયાન મુંબઈના વાતાવરણે મારી સ્વચ્છંદતામાં એટલો બધો વધારો થઇ ગયો હતો કે—હાય! તેજ મારા દુઃખનું કારણ થઈ પડ્યું. ઘણી સ્ત્રીઓને સાસુ થવાનું સદ્ભાગ્ય ૪૦-૪૫ વર્ષ જેટલી વયે આવે છે; ત્યારે મને તો સાસુ થવાનો લ્હાવો અગિયારમે વર્ષે પ્રાપ્ત થયો હતો!

મારા આ દિવસો થોડા ઘણા હર્ષશોકમાં પસાર થયા હતા. મારા પતિરાજ સારૂં સારૂં ખાવનું લાવતા, ઘરમાં કરાવતા અને મારા માટે દર-દાગીનો અને મનગમતાં લુગડાં અપાવતા. આથી તો મારા મનને બહુ આનંદ થતો. પરંતુ મારું પિયર સાંભરતાં રડું રડું થઈ જતું. આવે વખતે મારી પુત્રવધૂ મને મનાવતી પટાવતી અને દીકરીના જેટલું મારા પર વહાલ રાખતી. હું તેની સાસુ હોવાથી તે તો મારી સાથે માનપૂર્વક બોલતી ચાલતી; પણ હું બાળક હોવાથી તેનાથી બ્હીતી, અને જાણે તે મારી માઁ કે વડિલ હોય તેમ માની તેના આગળ ડરતાં—ગભરાતાં બોલતાં—પૂછતાં કે કંઇ ચીજ માગતાંએ સંકોચ પામતી.

કહેવાની જરૂર છે કે, જેમ જેમ મારી ઉમ્મર વધુ મોટી થતી ગઇ તેમ તેમ મને "હું વૃદ્ધ પતિની પત્ની છું, મારા માબાપે અને

કજોડામાં જોડી ; એવું ભાન થતું ગયું અને મુંબઈમાં વસ્યા પછી તો એ વધતુંજ ગયું. બીજી તરફથી મારા પતિ મને સંતુષ્ટ રાખવા મારી હરેક માગણી પૂરી પાડવામાં જરા સરખીએ પાછી પાની ન કરતા. વધુમાં હું તેમને બે ચાર આકરા શબ્દો ચોપડી દઉં તોએ ચૂં કે ચાં ન બોલી શકતા.

આ સ્થિતિ હતી એવામાં મારાં પતિરાજ—મારૂં સૌભાગ્ય રત્ન કાળ કરે ઝડપાઇ ગયું. મારું વય આ વખતે ઓગણીસ વર્ષનું હતું. હું વતનમાં જઈ, ખૂણામાં રહી. પિયરમાં કોઇ સગું રહ્યું નહોતું. મારા શોકયના પુત્રે આવીને તેના પિતાનું દહાડો-પાણી કર્યું. હિસાબના ચોપડા તપાસાયા તો માલુમ પડયું કે મુંબઈના વસવાટ દર્મિયાન ભારે ખર્ચના લીધે-વળી શેર સટ્ટાના પાંચ કમાવા ને સાત ખોવા જેવા કરેલા ધંધાને લીધે-દહાડા પાણીનું ખર્ચ જતાં કાંઈજ બચત નીકળી નહીં. આથી પુત્ર અને તેની વહુ પારાવાર દીલગીર થયાં. મને કહેવાય તેટલાં વચનો સંભળાવતાં પાછાં અમદાવાદ ઉપડી ગયાં. હું ઘેર ખૂણામાં એકલી રહી. મારો આ કાળ-એક વર્ષ જેટલી મુદત-મેં શી રીતે વીતાવ્યો એ કહેવા જેટલું મારામાં ધૈર્ય પણ નથી. મારા પુત્રે મને દર માસે પાંચ-સાત રૂપિયા મોકલવા રીવાજ રાખ્યો હતો તેમાંથી હું મારૂં ગુજરાન માંડ માંડ ચલાવતી. અમારા સાખંપાડોશી એક ડોશી હતાં તેની પૂરેપુરી દેખરેખમાં મારા પુત્ર મને મૂકી હતી. આ ડોશી જમાનાની ખાધેલ જુનાં રીત રીવાજને પૂરેપૂરી વળગી રહેનારી અને બડી ચતુર હોઈ મને જરા સરખી વાતમાં પણ કંઇને કંઇ કહી રોવરાવી નાખતી. એકવાર અમારા ચોક સામે મદારી રમતા હતા તે જોવા હું બહાર નીકળી. ડોશીએ ડોળા કાઢી મને કહ્યું કે, ‘ તારાથી હમણાં એવું જોવા કારવવા બહાર ન નીકળાય. ઉતાવળાં ગાવું નહીં, હીંચકે બેસવું નહીં, કોઇ આદમી હરતો ફરતો હોય ત્યાં ઉભું રહેવું નહિ, આવા આવા ઘણા કાયદા મારે પાળવા પડતા કેટલાક પાળી પાળીને મારો જીવ નીકળી જતો-મારા સ્વામી ગુજરી જવાનો ઘણો ઘણો શોક તો મને થતોજ ન્હોતો, સબબ કે, મને કાંઇ એવાં તેમના ઉપરથી હેત વહી જતાં ન્હોતાં. તો પણ હું દીલગીર તો ખચીતજ રહેતી. કેમકે આ સ્થિતિ એના વગર ભોગવવી પડતી હશે એવું મને ભાન સરખું ન્હોતું.

આ ‘ નારાજી ’ મારા પતિદેવના સ્વર્ગ ગમનના કારણરૂપ માની બીજાંઓ મારી પતિભક્તિનાં વખાણ કરતાં આવા અણુચિતવ્યા પ્રસંગમાંથી મને મારા સ્વર્ગવાસી પતિ પ્રત્યે અંતઃકરણથી સ્નેહ ઉત્પન્ન થયો, અને તેમની જીંદગી હયાત હોત તો હું સૌભાગ્યવતી ગણાત, શુકનવાળી

સનાત, એ વિચારે હું ખરેખર વ્યાકુળ થઇ. આ દિવસોથી હું ખરેખર બીજાં બધાં કારણો કરતાં સૌભાગ્યથી વંચીત થવાના કારણે શોકમગ્ન રહેવા લાગી. ગમગીનીની અસર મારા શરીર પરે થઇ, પણ એવામાં મને રાંડયાને વરસ પૂરું થઇ ગયું. મીરા પિયરમાં તો કોઇ હતું નહિ, પણ પિતરાઈ કાકાના છોકરા હતા તેને ત્યાં બે દહાડા હું શોક મૂકવા ગઈ. ત્યાંથી પાછી ફરીને મારે વતન આવતી હતી, એવામાં રસ્તામાં આગગાડીમાં મને મુંબઇનાં મારાં પાડોસંણ બહેનપણીની મુલાકાત થઇ. તેનો ઘણો આગ્રહ થયો કે મારે એકવાર મુંબઇ જવું. પણ હાલ તો હું મારા શોકયના પુત્રની પાસે અમદાવાદ આવી.

હવે મ યૌવન પૂર્ણ કળાએ પહોંચ્યું હતું. મુંબઇની સ્વચ્છંદતામાં અમારૂં અમદાવાદનું ખાડીવામાં વસવાટનું પરિણામ–વધારા રૂપે આવ્યું. કોઇ કોઇ પ્રસંગે મારૂં અંતઃકરણ કોણ જાણે બહુજ બળતું. એવામાં અમારા અમદાવાદના એક પાડોશી જેમણે એક વિધવા સાથે પુનર-લગ્ન કર્યું હતું, તેમની સાથે મને પરિચય વધ્યો. 'હું પણ શા સારૂ એવું ન કરૂં ?' એવા વિચારો મારા મનમાં આવ્યા વગર રહ્યા નહિ. મુંબઇની મારી બહેનપણી સાથે મારે અંતરની પ્રીત હોઇ હું બધી કથા તેને જણાવતી. એ મુંબઇના ઘણા સુધરેલા સમાજમાં રહી હતી. એટલે તેણે પુનરલગ્ન કરવાના વિચારને ઉત્તેજન આપ્યું.

બીજી તરફ ઘરની વાત તો પૂછોજ ના. મારી પુત્રવધૂ મને ધમકાવવામાં મણા ન રાખતી. મારો પુત્ર પણ મને અવારનવાર કાંઈ કાંઇ કહી ધમકી આપતો. હું બધું સહન કરી લેતી–એક શબ્દ પણ ન બોલતી. એવામાં એક પ્રસંગ એવો બન્યો કે જેણે મારા પુનર્લગ્નના વિચારમાં મને મક્કમ કરી દીધી.

વહુથી અડકાય તેમ નહોતું. હું રસોઇ કરવા નાહી હતી. મારો (શોક્યનો, પુત્ર જમવા બેઠો) મેં ઉનાં ઉનાં ફુલકાં તેને પીરસવા માંડયાં. રોટલી પીરસવા જતાં મ્હારો અબોટિયાનો છેડો અચાનક સરક્યો,* હું

* ઘણી ઉચ્ચ જ્ઞાતિઓમાં સ્ત્રીઓ રસોઇ માટે ન્હાય ત્યારથી જમી પરવારતા સુધી માત્ર એકજ કપડું–ધોયેલો સાડલો કે અબોટિયું પહેરે છે, અને તેથી કોઇ કોઈ વખતે આવું થઇ જવાનો સંભવ છે. તે માટે ઉત્તમ એજ છે કે રાંધતી વખતે પણ સ્ત્રીઓએ ત્રણે કપડાં પહેરવાનોજ વહીવટ રાખવો. સાડલાનીજ પેઠે ઘાઘરો તેમજ કમ્મખો કે ચોળી પણ ચોખ્ખાં રાખીને ઉપયોગમાં લઇ શકાયજ. એથી શરીરનો પુરેપુરો મલાજો સચવાય–મંત્રી.

શરમાઇ ગઇ–મારૂં અંગ ધ્રુજવા માંડ્યું; લાલચોળ થયું. દુષ્ટ પુત્ર કુ
પૂર્ણ વિકારી નેત્રોથી તેની માને–મને–જોઇ રહ્યો! હું શરમની મ
નીચું જોઇ રોટલી વણવા લાગી.

આ વિકલતા જાળીએ ઉભી ઉભી મારી પુત્રવધૂ પણ જોઇ
હતી. મને કે તેના ધણીને કોઇને એ વાતનું ભાન નહોતું. એ તો બા
બહાર ગયો કે તરતજ તે બાઇએ મારી સાથે વાગ્યુદ્ધ ચલાવ્યું. કંઇ
સાચાં ખોટાં બોલીને મારે માથે ઘણુંજ ખરાબ આળ (વગર
વગર જાણ્યે ને વગર વિચારે) ચઢાવ્યું.

અમારી બેની લડાઇ જોવા પાડોશનાં ચાર૭ નવરાં સૈરાં
ભેગાં થઇ ગયાં. મારા સંબંધી કેવળ દુષ્ટ વાર્તા તેણે એ લોકોને
ફરીને કહી સંભળાવી. અને એ બધાંએ તે ખરીજ માની લઈ ને–પોતે
પવિત્રતાનાં પુતળાંજ હોય તેમ–મારી આ પાપજનક વાતમાં
તેટલી પુરણી બીજી સાચી ખોટી ભળતી વાતો કહીને કરી.

આ બધું, વગર અપરાધે પણ નિંદાનું અને છેલ્લે અધમાધમ
આળ મારાથી સહન ન થયું. અને એજ કારણે હું એવી તો મુંઝાઇ ગઇ
હવે ગમે તેમ થાય પણ આ ઘરમાં એક દિવસ પણ ન રહેવું
હરકોઇની સાથે પુનર્લગ્ન કરી નાખવું. વગર અપરાધે પણ જ્યારે નિં
કરવામાં, અચિંત્યાં હડાહડ જુઠાં આળ મૂકવામાં, ઘર અને બહાર અ
માનીત થઈ રહેવા છતાં મેણાં સંભળાવવામાં–લોક બાકી રાખતાં ન
ત્યારે હવે પુનરલગ્ન કરી બીજાં બધાં દુઃખને દૂર કરવાં શાં ખોટાં?
ધારીને લાગ પડયે આ ઘેરથી નાશી છુટવાનો મેં વિચાર કર્યો.

પણ મારી છાની છાની તૈયારીઓથી મારી પુત્રવધૂ ચેતી ગઇ
અને મને ઓર દુઃખ વધી ગયું. બે દિવસ પછી એક રાતે–તે ધ
ધણીયાણીએ આ વિષે વાત કરી. હું તે છાનીમાની સાંભળી ગઇ.

"જુઓ, આ તમારી નવી બાએ શા ઢંગ માંડ્યા, જાણો છો?

"ના, શું છે વળી?"

"અરેરે! મારી તો કહેતાંએ જીભ કપાઈ જાય છે."

"હવે ઝાઝી ડાહીલી થયા વગર જે હોય તે કહી દેની."

"ડાહીલી ડાહીલી શું કરતા હશો? બળયું મને તો કહેતાંએ શર
આવે છે, પણ તેના ઢંગ બહુ સારા નથી હોં! આપણે તો શું પ
સાત પેઢીની આબરૂ જશે."

"ઠીક ઠીક...એવી કોઇની સાચી સાચી જુઠી જોયા જાણ્યા વિના–

"શું? જોયા જાણ્યા વિના બોલતાં હઈશું? શું હું એવી તે મૂર્ખ છું? હવે હાય! આમને તે શું કહેવું? આવી વાત પાકી ખાતરીવિના હું કહું-બોલું ખરી કે?" આમ કહી તેણે તો ઢોંગ કરી રડવાએં માંડયું. હું રાંડ મુર્ખી કે તે બે વાત કરી રહ્યાં હતાં ત્યાં આકળી થઈને જાહેર થઇ બોલી, કે "બોલ! બોલ વળી શી તેં મારી વાત જાણી છે? આવું ને આવું હળાહળ જુઠું બોલતાં લજવાતી નથી!" મારા અચિંતા આગમનથી તે ચોંકી ઉઠી. પણ તે ભારે પોચીલી હોવાથી તરત સાવધ થતી બોલી ઉઠી, "હા હા, પેલાં તમે એજ જુવો કે સૂઈ ગયાનો દેખાવ કરી અમારી ધણી ધણીયાણીની છાની વાત સાંભળી રહ્યાં ને બીજું વધુ સાંભળવું છે? હમણાં બધું ઉઘાડું કરી નાખીશ તો મોઢું હતું એવું નહિ રહે."

મેં જાણ્યું કે એવું મેં શું કર્યું છે, તે એ ઉઘાડું કરશે ને મારી આબરૂ જશે! એમ ધારીને મેં પણ જોરથી તાડુકીને કહ્યું, "કર! કર! ઉઘાડું. મારે એવું શું છે જે તું ઉઘાડું કરીશ તો મારી લાજ જશે? હું કયાં એવી રેઢીઆળ કે"—......

હું પુરૂં બોલી રહું તે પહેલાં તો "શેખી કરે છે ત્યારે જો આ તારા પાખંડનો પૂરાવો!" એમ બોલતાં બોલતાં મેં જે કવર પુનર્લગ્ન કરવા માટે મુરબ્બી મારી બ્હેનમણી ઉપર લખ્યું હતું તે તેણે તેના ધણીના હાથમાં મૂકી દીધું. તેણે તે સાદ્યંત વાંચ્યું. મારી તરફ ધિઃકાર ભરી દૃષ્ટિથી જોયું અને મને એકદમ ચાલી જા તારા ઓરડામાં પાપી! એવા શબ્દો અત્યંત ઘૃણા પૂર્વક કહી સંભળાવ્યા. આ કાગળીયું તેના હાથમાં શી રીતે આવ્યું? હાય! હાય! હવે શું થશે! એ વિચારો કરતી મુંઝાતી શરમથી સંકોચાતી મેં તેને કેવી પળમાં પત્ર લખ્યો જેથી આ દશા થઇ, એમ વિચારતી હું મારા સુવાના ઓરડામાં ગઇ અને છાતી ફાટ રોઇ! ફરી ફરીને રોઇ!!! ઘણીવારે મને જણાયું કે પાડોશીના જે છોકરાને મેં તે ટપાલની પેટીમાં નાખવા કાગળ આપેલ તે મારી પુત્રવધૂ તેને રસ્તામાં સામી મળતાં તેણે લઇ લીધું હશે.

આખી રાત હું લગભગ રડયા કરી. આંખો પણ સુજી ગઈ. છેક પાછલી રાતે મારા જેવી દુખણી ઉપર પણ નિદ્રાદેવીએ કૃપા કરીને હું તેના અંકમાં જગતને વિસરી ગઇ ઉંઘી ગઇ.

સવારે ઉઠીને બારણું ઉઘાડવા જાઉં છું તો બહારથી બંધ દીઠું. મારા પુત્રની વહુને આમથી તેમ ફરતી જોઇ. તેને બોલાવવાનું મને જરાયે ગમતું નહોતું પણ બહાર નીકળ્યા વગર કાંઇ છુટકો? મેં ધડકતે હૈયે તેને 'બાર કેમ ઉઘડતું નથી?' એમ પુછયું. જવાબમાં તેણે

શરમાઇ ગઇ–મારૂં અંગ ધ્રુજવા માંડયું, લાલચોળ થયું. દુષ્ટ પુત્ર કુતુહલ પૂર્ણ વિકારી નેત્રોથી તેની માને–મને–જોઇ રહ્યો! હું શરમની મારી નીચું જોઇ રોટલી વણવા લાગી.

આ વિકલતા જાળીએ ઉભી ઉભી મારી પુત્રવધૂ પણ જોઇ રહી હતી. મને કે તેના ધણીને કોઇને એ વાતનું ભાન નહોતું. એ તો ખાઇને બહાર ગયો કે તરતજ તે બાઇએ મારી સાથે વાગ્યુદ્ધ ચલાવ્યું. કંઇ કંઇ સાચાં ખોટાં બોલીને મારે માથે ઘણુંજ ખરાબ આળ (વગર જોયે, વગર જાણ્યે ને વગર વિચારે) ચઢાવ્યું.

અમારી બેની લડાઇ જોવા પાડોશનાં ચાર છ નવરાં ઠૈરાં પણ ભેગાં થઇ ગયાં. મારા સંબંધી કેવળ દુષ્ટ વાર્તા તેણે એ લોકોને ફરી ફરીને કહી સંભળાવી. અને એ બધાંએ તે ખરીજ માની લઈ ને–પોતે તો પવિત્રતાનાં પુતળાંજ હોય તેમ–મારી આ પાપજનક વાતમાં થાય તેટલી પુરણી બીજી સાચી ખોટી ભળતી વાતો કહીને કરી.

આ બધું, વગર અપરાધે પણ નિંદાનું અને છેલ્લે અધમાચરણનું આળ મારાથી સહન ન થયું. અને એજ કારણે હું એવી તો મુંઝાઇ ગઈ કે હવે ગમે તેમ થાય પણ આ ઘરમાં એક દિવસ પણ ન રહેવું અને હરકોઇની સાથે પુનર્લગ્ન કરી નાખવું. વગર અપરાધે પણ જ્યારે નિંદા કરવામાં, અચિંત્યાં હડાહડ જુઠાં આળ મૂકવામાં, ઘર અને બહાર અપમાનીત થઈ રહેવા છતાં મેણાં સંભળાવવામાં–લોક બાકી રાખતાં નથી, ત્યારે હવે પુનરલગ્ન કરી બીજાં બધાં દુઃખને દૂર કરવાં શાં ખોટાં? એમ ધારીને લાગ પડયે આ ઘેરથી નાશી છુટવાનો મેં વિચાર કર્યો.

પણ મારી છાની છાની તૈયારીઓથી મારી પુત્રવધૂ ચેતી ગઇ– અને મને ઓર દુઃખ વધી ગયું. બે દિવસ પછી એક રાતે–તે ધણી ધણીયાણીએ આ વિષે વાત કરી. હું તે છાનીમાની સાંભળી ગઇ.

"જુઓ, આ તમારી નવી બાએ શા ઢંગ માંડયા, જાણો છો?"

"ના, શું છે વળી?"

"અરેરે! મારી સો કહેતાંએ જીભ કપાઇ જાય છે."

"હવે ગાંડી ડાહીલી થયા. વગર જે હોય તે કહી દેની."

"ડાહીલી ડાહીલી શું કરતા હશો? બળયું મને તો કહેતાંએ શરમ આવે છે, પણ તેના ઢંગ બહુ સારા નથી હોં! આપણે તો શું પણ સાત પેઢીની આબરૂ જશે."

"ઠીક ઠીક...એવી કોઇની સાચી સાચી જુડી જોયા જાણ્યા વિના–"

રાજનગરનું રત્ન.

(ચાલુ વાર્તા.)

(લેખકઃ—બ્હેન જડાવબાઈ વીણ.)

[અનુસંધાન પૃષ્ઠ ૫૧૦ થી.]

પ્રકરણ ૧૪ મું.
વિલાસ.

એક સુંદર રીતે શણગારેલો ઓરડો નજરે પડે છે. ત્યાં તે મકાનનો માલીક આમતેમ આંટા માર્યા કરે છે. તે શરીરે પહેલવાન જેવો દેખાતો હતો. શરીરપર કપડાં ઠાઠ સાથે પહેરેલાં હતાં. તે વિલાયતી પોષાકનો ઘણો હોંશીલો દેખાતો. તે ઘડી ઘડી બારણા તરફ કોઈના આવવાની રાહ જોતો હતો. બારણું ખખડયું ને એના કાન ઉંચા થયા. બારણા તરફ પોતાની અણીવાળી આંખે તાકી રહ્યો, તો તે રાજી થવાના બદલે ચોંકયો. વાંચનાર ! ચોંકવાનું કારણ શું ?

તેણે પોતાનો નોકર ધાર્યો હતો તેને બદલે એક બીજોજ માણસ આવ્યો. તે આ મકાનથી જાણીતો હોય તેમ લાગતું હતું. તે માણસે આવી એક આર્મચેરપર જગા લીધી. તેણે જરા હસીને કહ્યું, "કેમ શેઠ ! મારાં નાણાં કયારે આપો છો ?" ગઈ કાલના બનાવે એને અહીં ઘસડી આણ્યો હતો. શેઠ કાન્તિલાલે તો આ માણસને જ્યારથી જોયો ત્યારથી તે કંટાળ્યા હતા. તેમાં વળી પોતાની બેસવાની ખુરશી છે એ જાણતા છતાં તે પર તેણે જગા લીધી એ ઉઘાડું અપમાન લાગ્યું. તેમાં પૈસાની ઉઘરાણી. આને શો જવાબ દેવો ! આ તેમને મદદ કરનાર ગ. વિલાસચંદ્ર હતો

તેઓ થોડા દિવસ સાથેજ રહ્યા, પણ પછી નાણાંની માગણી વિલાસે કરવા માંડી. જ્યારે કાન્તિલાલે પૈએ પૈ ગણીને ઉછીનાં પાછાં આપે તેમ આપવા કહ્યું. વિલાસનો તેથી પિત્તો ઉછળ્યો અને બોલ્યો કે, "એ પૈ તારી રહેવા દે. હું લઇશ નહીં." એમ કરતાં બોલાબોલી થઇ, અને કાન્તિએ ઘરમાંથી નીકળી જવા કહ્યું. અને કહ્યું કે પૈસા તારા બહુ થાય તો ગણી લેજે ને ન જોઇએ તો રહ્યા. કાન્તિનો ક્રોધ ઘણો વધી ગયો ને વિલાસને પાણીથી પાતળો કર્યો. જો કે વિલાસ કાચો નહોતો પણ શેઠે ઘાંટા પાડી નોકરોને બોલાવવાથી નોકરો ભેગા થયા. તેમને શેઠે હુકમ કર્યો કે "યે સાલે બદમાસકું ધક્કા લગા કે બહાર નીકાલો." નોકરોએ ધક્કા મારી વિલાસને બહાર કાઢયો. વિલાસ ત્યાંથી નીકળ્યો અને એક હોટલમાં ગયો. ત્યાં ખાઈપીને જરા શાંત થયો. અને વિચાર કરવા લાગ્યો કે હવે શું કરવું. ઘણા વિચાર કર્યા પછી નક્કી કર્યું કે બુરાઇ કરવામાં ફાવીશ નહી.યુક્તિથી કામ કઢાવવું પડશે. વેરનો વહ્નિ તેના કાળજામાં ધુંધવાઈ રહ્યો હતો. તો પણ પૈસા મળેથી વેર ભુંસાઈ જાય તેમ હતું. તે મનમાંજ બબડયો, "પેલી પૈએ પૈ તો મારી પાસે ક્યારનીએ આવી ગઇ છે. બંદા ચુકે તેમ નથી. પણ મારી મહેનતનું શું ? મહેનતના દામ કઢાવું ત્યારેજ મારૂં નામ વિલાસ ખરૂં." આવા વિચાર કરતો તે મનને ખુશ કરવાને "ધી બોમ્બે નવીન નાટક સમાજ" તરફ વળ્યો. આ નાટક કંપની હાલ નવીજ નીકળેલી હતી. તેમાં એક સ્વરૂપવાન સ્ત્રી નટી હતી તેની ખ્યાતિથી આકર્ષાઈ ત્યાં ઘણા લોકો જતા. આજે ઈંદ્રજીતનો નાટક હતો તેમાં સતી સુલોચનાનો પાઠ તેને ભજવવાનો હતો. જોવાને વિલાસનું મન આકર્ષાયું,ને તે બાજુએ ગયો. નાટક ...ા. સતી. સુલોચનાનું પતિની સાથે સતી થવું, તે વખતનું ... અભિનય જોનારને પ્રાચીન કાળની સતીઓની વીરતાનું ભાન કરાવનારાં હતાં. તેનો મોહક ચહેરો, હાવભાવ, રાગે ને વખતો વખતને અનુસરતી, ખુશાલી ઉદાશીના મહોડાપર ... ફેરફારો જોતાં વિલાસને તે સ્ત્રી એક દેવાંગના સમી લાગી. આ ... સમાજમાં સૌથી વધારે કમાણી આનેજ લીધે હતી

મેનેજર તે જાણતો હતો. કેટલાક શેઠ સાહુકારો અને મોજીલાઓ તેની પાછળ ગાંડા બન્યા હતા. તે મેનેજરના હાથમાં નાણાં મુકી તેને મળવા-સલામ કરવા જવા માટે અંદર જવાની રજા મેળવતાં. આપણા વિલાસે પણ આ બાબતનો વિચાર કરી જોયો અને રૂ.દશ સુધી આપી જવાનો વિચાર કર્યો. નાટક પુરો થયો કે તે ઉઠયો અને મેનેજર પાસે અંદર જવાનો પાસ માગ્યો. પણ દશ રૂપીએ પતતું નહીં. ફક્ત સલામ કરવા જવા માટે રૂ. ૨૫ નો હાલમાં દર હતો. રૂ. દશ અંદર જવા માટે અને રૂ. પંદર એ નટી કાન્તાબાઇને સલામ કરવા માટે લેવામાં આવતા. આજે વિલાસના ગજવામાં ફક્ત રૂ.૨૫ જ હતા.તો પણ વિલાસ હિંમત હાર્યો નહીં. આજના કાન્તિલાલ સાથેના ક્રોધને શાંત પાડવા ફક્ત આજ કુંચી એને હાથ લાગી, તેથી પોતાનો વિચાર તરત અમલમાં મુકી પાસ લીધો. પોતે ઘણો રૂપાળો નહોતો તોપણ એનો દોર દમામ એક તવંગર જેવો લાગતો. તેની ઉંમર ચાળીસથી પીસતાળીસ સુધીની હતી તો પણ એનો બાંધો જોઇને પચીસથી ત્રીસ સુધી આંકી શકાય. તે રૂવાબ સાથેજ અંદરના ખંડમાં ગયો તો કાન્તાબાઈ થાક ખાવાને માટે આરામ ખુરશી પર પડી હતી. તેનું ગોરૂં શરીર પાઉડરનો જરા પણ ખપ પડવા દેતું નહીં. તેના કાળા લાંબા અને ગુચ્છાદાર વાળ પસીને ભીંજાવાથી અત્યારે છુટા મુકયા હતા. તેની પાસે ઉભી ઉભી એક નોકર બાઈ પંખો લઇ પવન નાખતી હતી. ત્યાં બે ત્રણ ગૃહસ્થો પણ બેઠેલા હતા. એક નોકરે આવી પાસ બતાવી કહ્યું, "વિલાસચંદ્ર નામના એક ગૃહસ્થ તમને મળવા માગે છે. તેઓએ મેનેજર પાસેથી પાસ મેળવ્યો છે." કાન્તાબાઇએ નોકરને કહ્યું, "અત્યારે હું અહીં વધારે ખોટી થઇશ નહીં. મારો વખત પુરો થયો છે. તે ગૃહસ્થને કહે કે કાલે મળે". નોકરે પાછા જઈ કહ્યું, "તમો સાહેબ કાલે મળશો તો ઠીક. અત્યારે તેઓ આરામ માટે પોતાને બંગલે જશે. વખત થઈ ગયો છે." આથી વિલાસનું મન ભાંગી ગયું. બીજો ઉપાય શોધ્યો ત્યારે સુઝયું ને બોલ્યો કે મારો પાસ પાછો નહી જોઈએ પણ મારાં નાણાં પાછાં જોઈએ. હું મેનેજરને મળું છું. મેનેજરનું નામ અંદરથી કાન્તાએ સાંભળ્યું અને નોકર-

ને પાછો બોલાવ્યો ને કહ્યું, "તે ગૃહસ્થને આવવા દે," તરત જ નોકરે વિલાસચંદ્રને રૂમમાં દાખલ કર્યો ને એક ખુરશી આપી. હવે પેલા બીજા ગૃહસ્થોને ઉઠવાને રજા મળી. વિલાસે ખુરશી પર જગા લીધી. તેણે નખથી શીખ સુધી પેલી પરીને નિહાળી લીધી. તેને લાગ્યું કે હું સ્વર્ગમાં છું. આ પરીનું રૂપ ને ઠસ્સો એક રાજાની બેગમ જેવાં હતાં. તેણે એક સોનેરી ઝીણી કોરનું સેલું મરાઠી ઢબનું પહેર્યું હતું. સેલાના ઝીણા કુમાસથી શરીરમાં પહેરેલું ફ્રેન્ચી પોલકું અણીશુદ્ધ દેખાતું. ગળામાં એક મોતીની શેર અને આંગળીમાં હીરાની વીંટી હતી. કાનમાં હીરાની બુટી અને નાકમાં હીરાની જડ વીજળીના પ્રકાશમાં ઝગમગતી હતી. હાથપરની હીરાની બંગડી, ઝીણી રેશમી કાચની મોરપીંછ રંગની બંગડી તેની આસપાસ હોવાથી દીપી નીકળતી. તે ઘેર જવા તૈયાર થઇ હતી. તરતજ એણે પોતાના ડાબા હાથમાં પહેરેલા સોનાના ઘડીઆળમાં જોયું ને ઉભી થઇ. આ વખતે વિલાસને લાગ્યું કે પચીસ રૂપીઆ તો દેવીના દર્શનના જ ખરચ્યા કે શું? પણ ના, તે પોતાના મધુર અવાજે બોલી, "ચાલો શેઠ! આપણે ગાડીમાં જ થોડી વાત કરીશું. તમને કંઇ અડચણ છે?" પોતાને સૌથી વધારે માન મળેલું જાણી વિલાસે કહ્યું, "ના, મને કંઇ અડચણ નથી." બેઉ જણ બહાર ઉભેલી વિકટોરીયામાં બેઠાં ને ચાલ્યાં.

આટલી ચાળીસ વર્ષની ઉંમર જેણે અનેક દુઃખો, આફતો, મોજે, ને માન અપમાનોનો અનુભવ કર્યો હતો તે આખી દુનીયાનો ખાધેલો હતો, છતાં હજુ કોઇ સ્ત્રીનો ધણી થયો નહોતો. તેની ફક્ત બે આશાઓ નાનપણથી હતી. પૈસાદાર થવાની હાથમાંથી છટકી હતી. હવે એની આ એક આશા હતી. થોડાજ વખતમાં વિચારી લીધું કે આ સ્ત્રીનો ધણી થાઉં નાટકમાં નોકરી લઉં. પણ આજે તો ખીસ્સા ખાલી હતાં, નગરનો ફક્ત ડોળ હતો. તેણે પોતાનો પાઠ પુરી રીતે ભજવવો એ જરા વારમાં નકી કરી દીધું કે "બંદા વિલાસ, તું નશીબ અજમાવ." આ નટીએ પોતાનું નામ દર્શાવ્યું છે. તે કુંવારી છે કે

પરણેલી તે કોઈ જાણતું નહીં. તેનો બાંધો કુંવારી જેવો લાગતો. તેને સો મીસ કાન્તાબાઇ કહેતાં. વિલાસે પણ તેમજ વાતની શરૂઆત કરી. તે બોલ્યો, "મીસ કાન્તાબાઈ, તમોને સલામ કરવા ને મળવાને હું ઘણા દિવસથી ઇન્તેજાર હતો. તમે તમારા અભિનયથી મુંબઈની પ્રજામાં ઘણી ખ્યાતિ મેળવી છે. તમે તે જાણતાંજ હશો. તમને મળવામાં કદાચ તમારૂં અપમાન ગણાતું હોય એમ ધારી વાયદે નાખ્યું હતું. પણ આજે કેટલાક ગૃહસ્થોને તમને મળવા આવતા દેખી હું તૈયાર થયો જ્યારે મારે સારે નસીબે હું આપની મુલાકાત લઈ શકયો. જો પણ મારાથી તમારૂં કાંઇ અપમાન થયું હોય તો માફ કરશો. તમો તો ઉદાર દિલનાં છો." વિલાસ જવાબની રાહ જોતો બેઠો. એની નજર કાન્તાના મન ઉપર શી અસર થાય છે તે જોવામાં હતી. કાન્તાનું મન કોઈ ચિંતાતુર બનાવનું સ્મરણ કરાવતો હોય તેમ ઉદાસીનતાની સહેજ ઝાંખી થઇને ઘડીકમાં પાછી તે આનંદિત બની રહી. આ તેનો અભિનય હતો કે શું, તે વિલાસ કળી શકયો નહી. જરા મોઢું હસતું રાખી તે બોલી, "નહિં. મીસ્ટર, મારૂં કાંઈ અપમાન થયું નથી. મને મળવા ઘણા ગૃહસ્થો આવે છે. અમારા મેનેજરે મને તેમ કરવાની ફરજ પાડી છે."

વિલાસ અજાયબ થતો બોલ્યો, "ફરજ! તમને તમારી મરજી ઉપરાંત પણ મુલાકાત લવી પડે છે? આ તો ઘણુંજ ખોટું. શું તમને પઇસા કમાવાનું તેણે એક સાધન બનાવ્યાં છે? પણ માફ કરજો, તમોને સવાલ પુછું કે મને પણ તમારા મેનેજરની પાડેલી ફરજથી મળવું પડયું? હું પસ્તાઉં છું. તમારી મરજી હું દુઃખાવું છું?"

કાન્તા બોલી, "નહીં મીસ્ટર. જો તેમ હોત તો મેં તમને સાથે લીધાજ નહી હોત. દરેકની સાથે પાંચ સાત મીનીટજ હું મુલાકાત લઉં છું. કેટલીક વખત મારે ગાયન ગાઇ સંભળાવવાનો વખત પણ આવે છે. તમે સદ્‌ગૃહસ્થ છો તેથી મરજી પુછો છો."

વિલાસ કહે, "બાનુ, તમારો બંગલો આઘો હશે. ત્યાં

પણ સારી છાપ સરલાએ પાડી હતી. સરલાએ મહેતીજીને કહીને એક ભરત તથા ગુંથણ કામનો વર્ગ ખોલાવ્યો અને પોતાના વર્ગની છોકરીઓને તેના ફાયદા સમજાવ્યા અને વર્ગની બધી છોકરીઓએ હોંશથી નામ નોંધાવ્યાં. પંદર દિવસ હજુ તો એ વર્ગને ખુલ્યાને ભાગ્યેજ થયા હશે ત્યાંતો બીજા વર્ગની છોકરીઓ પણ સરલાના એ વર્ગમાં દાખલ કરવા મેતીજીને પોતાને વિનંતી કરવા લાગી. સરલાના અથાગ શ્રમથી એ વર્ગ સારા પાયા પર ચાલવા લાગ્યો અને છોકરીઓ પણ ખંત તથા ઉમંગથી ભરત કામ તથા ગુંથણ કામ તરફ સારૂં લક્ષ રાખતી અને શીખવા તરફ ચાનક બતાવતી. એક દહાડો હેડમીસ્ટ્રેસ એ વર્ગ તપાસવા આવ્યાં અને વર્ગમાં છોકરીઓની સારી સંખ્યા તથા એમનો ઉમંગ જોઈ ઘણાં ખુશી થયાં અને એ વર્ગની પ્રસંશા કરવા લાગ્યાં. પરંતુ એ વર્ગની મેતીજીએ ખરા અંતઃકરણથી કહ્યું કે " એ વર્ગની સંખ્યા તથા છોકરીઓનો ભરત તથા ગુંથણ કામ તરફનો પ્રેમ તથા ઉત્સાહ એ બધું સરલાની મહેનતનું પરિણામ છે." હેડમીસ્ટ્રેસે સરલાને પાસે બોલાવી શાબાશી આપી અને એજ વખતે ભરત તથા ગુંથણ કામમાં છોકરીયો વધારે રસ લે તે બદલ આઠ દહાડા પછી પરીક્ષા લઇ જે છોકરી પહેલે નંબરે પાસ થાય તેને માસિક રૂપિયા ત્રણની સ્કોલરશીપ કાઢી. પરીક્ષા થઈ ગઇ અને પરિણામ જણાયું. અને સરલા માસિક રૂપીયા ત્રણની સ્કોલરશીપ મેળવવા ભાગ્યશાળી થઇ.

એક દિવસ વર્ગનાં મેતીજી કંઇ કામ પ્રસંગે હેડમીસ્ટ્રેસને મળવા ગયાં તે દરમ્યાનમાં ભરતાં ભરતાં ત્રણ ચાર છોકરીઓ વચ્ચે ચકમક ઝરી અને ગાળાગાળીપર વાત આવી. સરલા કે જે ખુણામાં બેઠી બેઠી રૂમાલ ભરતી હતી તે ત્યાં જઇ પહોંચી અને વઢતી છોકરીઓ પોતાની પોળની જોઈ ઝંખવાણી પડી ગઇ અને એનું અંતઃકરણ ભરાઈ ગયું. એણે પોળની છોકરીઓને શાન્ત

પાડી અને કહ્યું–" આપણે બધા એક જ પિતાનાં બાળકો છીયે અને અંદર અંદર લઢી મરવા કરતાં એક બીજા તરફ સમાન ભાવ રાખી પ્રસંગ આવે મદદ કરવી તથા હળીમળીને ચાલવું. પોતાની ન્હાની બ્હેનો તરફ પ્રેમભાવ રાખવો અને એમની ભુલો બતાવી સારે રસ્તે દોરવવી. દુશ્મનો પ્રત્યે પણ દ્વેષ નહિ રાખતાં એમના તરફ પણ જેવી રીતે આપણા અંતરના માણસો પ્રત્યે જેવી લાગણી બતાવીએ તેવીજ લાગણી રાખવી અને દર્શાવવી."આમ અનેક રીતે સમજુત કરી.એ દરમ્યાનમાં મેતીજી કે જેઓએ છુપી રીતે સરલાનો બોધ સાંભળ્યો હતો તેમણે પણ સરલાની વાતને અંનુમોદન આપ્યું.અને સરલાના જેવું વર્તન રાખવા તથા સદ્‌ગુણી બનવા સૌને શીખામણ આપી. બીજે દહાડે સરલાને હેડમીસ્ટ્રેસે જાહેર રીતે " **સદ્‌ગુણી સરલા** " તરીકે ઓળખાવી અભિનંદન આપ્યું. ત્યાર પછી ગામના લોકો પણ સરલાને સદ્‌ગુણી સરલાથીજ ઓળખવા લાગ્યા. સદ્‌ગુણી સરલાને મળેલું માન તથા તેની પ્રશંસા સાંભળી કીશોરીલાલ તથા ભાગીરથી ખુશી થયાં. સરલાને આપેલી કેળવણીનું પરિણામ શુભ આવેલું જોઈ અને પોતાની મહેનત સફળ થઇ જોઈ મનમાં મલકાવા લાગ્યાં.

સ્નેહીને ભેટ આપવા યોગ્ય નવીન ગ્રંથ—

देशदर्शन.

હિંદી લેખક શિવનંદસિંહના પ્રસિદ્ધ ગ્રન્થનું કુમારી સુમિત્રા દયાળજી મહેતાએ કરેલું તેવુંજ સરળ ભાષાન્તર.

ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૪૦૦ લગભગ. સોનેરી નામનું સુંદર પુંઠું. કિંમત રૂ. ત્રણ. પોસ્ટેજ આઠ આના. લખો:—

"શ્રીબોધ"ના મંત્રી.

અમદાવાદ.

પ્રકૃતિ સૌન્દર્ય.

[લખનારઃ—રા. રા. હંસરાજ વી. ભદ્રેશ્વરા.]

વિશ્વમાં દરેક મનુષ્ય સુખ પ્રાપ્તિની ઈચ્છા રાખે છે. સુખ પ્રાપ્તિ માટે જ દરેક રાત્રિદિન ઉદ્યોગ કર્યા કરે છે. વ્યાપાર એટલા માટે કરે છે કે ધન એકત્ર થાય અને ધન વડે સુખનો લાભ મળે. નોકરી કરવામાં આવે છે તે પણ એટલા માટે તેથી પૈસા મેળવી મોજશોખ કરી શકાય. વિવાહ એટલા માટે કરે છે કે તેથી સુખ મળે. સંતાન એટલા માટે ઉત્પન્ન કરે છે કે તેનાથી તેને સહાયતા મળે. સારાંશ કે જે મનુષ્ય જે કંઈ કાર્ય કરે છે તે સુખની ઈચ્છાથીજ કરે છે. સુખ પ્રાપ્ત કરવું એ પ્રત્યેક મનુષ્યના જીવનનો ઉદ્દેશ છે. રાજાથી રંક સુધી સર્વનો એક જ વિચાર હોય છે; અને આના ઉપર જ ખરું જોઈએ તો વિશ્વનો આધાર છે. પરન્તુ ખેદની વાત એ છે કે મનુષ્યો સુખ પ્રાપ્તિનો પોતાનો ઉદ્દેશ રાખવા છતાં તે સુખથી વંચિત રહે છે. જીવનપર્યંત ઉદ્યોગ કરે છે પણ સુખ પ્રાપ્ત થતું નથી. આનું કારણ શું? કારણ એજ કે તે મનુષ્યો સુખનાં ખરાં સાધનોથી અપરિચિત છે. તેઓ ફક્ત ધનને જ સુખનું સાધન માને છે. પરન્તુ આ તેમનો ભ્રમ છે. નિઃસંદેહ ધન પણ સુખનું સાધન તો છે જ; પરંતુ ધન કરતાં વધારે સુલભ અનેક પદાર્થ એવા છે જે સુખનાં સાધનો છે; અને જેની આગળ ધનનું કંઈ પણ મહત્વ નથી.

હવે પ્રશ્ન એ થાય છે કે એ સાધનો કયાં છે? આ સાધનો તે પ્રકૃતિના સુંદર અને અનુપમ દૃશ્યો છે. પ્રકૃતિની સર્વ વસ્તુઓ સૌન્દર્યથી પરિપૂર્ણ છે. કોણ એવો નિર્જીવ મનુષ્ય હશે કે જે કોઇ ઉદ્યાનમાં જઇ કલ્લોલ કરતાં પક્ષીઓ, સુગંધથી મહેકતાં પુષ્પો અને ખીલેલી કળીઓ નિહાળી પ્રસન્ન નહિ બને? કોયલનો મધુર અવાજ કોને પ્રિય નથી? ગુલાબ અને ચંપેલીનાં પુષ્પોની સુગંધ કોને આકર્ષતી નથી? સ્વચ્છ નિર્મળ જળનાં ઝરણાં, પ્રભાત અને સંધ્યા સમયે પહાડો પરનાં તથા

નદીઓના અનુપમ દશ્યો કોને પ્રસન્ન નથી કરતાં? સંસારમાં જેટલા કૃત્રિમ પદાર્થો દષ્ટિએ પડે છે, તે બધા પ્રકૃતિની નકલ છે. પ્રકૃતિ સૌન્દર્ય-નો ભંડાર છે. જે પુષ્પને કોઇ ચિત્રકાર મહિનાઓ સુધી શ્રમ લેઈ તૈયાર કરે છે તેજ પુષ્પને પ્રકૃતિ એક ન્હાનાં બીમાંથી ઊગાડે છે અને વખત જતાં સુંદર પુષ્પ તૈયાર કરે છે અને તે એવું સુન્દર હોય છે કે જે ચિત્રકારથી ત્રણુ કાળમાં પણ બની શકે નહિ.

કોઇ પણ પુષ્પ લો અને નિહાળો. સાધારણમાં સાધારણ પુષ્પમાં પણ કંઈ અનુપમતા હોય છે. ગુલાબ કેટલું સાધારણ પુષ્પ છે? પણ તેને સર્વમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે. કવિઓએ ગુલાબને હસતું પુષ્પ કહ્યું છે. ખરી રીતે એમજ જણાય છે. તેના પર દષ્ટિ પડતાંજ હૃદય ખીલી ઉઠે છે. આ સુન્દરતાની સાક્ષાત્ મૂર્તિ છે. આ રીતે એક એકથી ચડિઆતાં એવાં ઘણાં પુષ્પો છે કે જેને પ્રકૃતિએ સારી સુન્દરતા આપી છે. પુષ્પ લો–તેની પાંખડીઓ નીહાળો. કેટલા રંગો, કેવી સુગંધ અને કોમળતા છે? એક સુન્દર પુષ્પ તોડી ઘરમાં લાવો તો આખું ઘર સુવાસિત બનાવી દેશે. કોઇ બિમાર મનુષ્યની દષ્ટિએ તે કરો તો નિહાળતાં જ તેનું અશાન્ત ઉદાસ ચિત્ત પ્રસન્ન બની જશે. પુષ્પ એ એક આનંદવૃષ્ટિનાં બિંદુ સમાન છે. પુષ્પોથી અધિક પવિત્ર કોણ હશે? તે ન્હાનાં નિષ્પાપ બાળકોના સદશ્ય પવિત્રતા અને સરલતાનાં મિત્રો છે, તથા પવિત્ર અને નિષ્કપટી હૃદય-નાં મનુષ્યો માટે આનંદનું દ્વાર છે. રાયથી રંક સુધી અને ઘરડાથી બચ્ચાં સુધી જેમનામાં જરા પણ જીવન છે તે પ્રત્યેક પુષ્પને નિહાળી આનંદિત બને છે. પ્રસિદ્ધ કવિ વર્ડઝવર્થે લખ્યું છે કે "તુચ્છમાં તુચ્છ પુષ્પ પણ અમારે માટે આનંદ, શિક્ષા અને નીતિનો ભંડાર છે."

પુષ્પ એ કંઈ બહુ અતિ કિંમતી વસ્તુ નથી, પરંતુ ત્હેના વડે જે આનંદ થાય છે તે અકથનીય છે. પુષ્પો વડે હવા શુદ્ધ બને છે અને આંખો શીતળ રહે છે. પુષ્પ સમાન અન્ય ઘણી વસ્તુઓ પ્રકૃતિએ સર્જી છે કે જેમને જોઈ આપણું હૃદય આનંદિત બને છે. પરન્તુ દુઃખ સાથે લખવું પડે છે કે મનુષ્યો ત્હેમના વડે અર્ધો પણ આનંદ મેળવતા નથી. યદ્યપિ મનુષ્યોનાં નેત્રો ખૂલ્લાં રહે છે પણ તે બંધ માફક જ છે. જ્યાં જાય ત્યાં આંખો મીંચીજ હોય તેમ જણાય છે. ઝાડ પરનાં સુન્દર પક્ષીઓ મધુર સંગીત વડે મનુષ્ય હૃદયને આનંદિત કરે છે. પરન્તુ ત્હેમના તરફ કેટલાએકની તો દ્રષ્ટિ પણ જતી નથી. જો જરા પણ આપણે અવલોકન કરી જોતાં રહીએ તો ચારે તરફ આનંદદાયક વસ્તુઓ માલમ પડશે.

વિશ્વમાંજ સ્વર્ગીય આનંદ પ્રાપ્ત કરી શકાય છે. મનુષ્યમાં પ્રેમ અને જ્ઞાનની ઘણી આવશ્યકતા છે. ત્હેના અભાવથી જ ઘણાને આનંદાનુભવ થતો નથી. પ્રકૃતિની પ્રત્યેક વસ્તુ આનંદપૂર્ણ છે. એને ગરીબ યા અમીરનો ભેદ છે જ નહિ.

જે મનુષ્યોને સુખની ઇચ્છા છે, ત્હેમણે રાત્રિ દિવસ કૃત્રિમ વસ્તુઓનીજ લેવડદેવડમાં મચ્યા રહેવું નહિ જોઇએ. ત્હેમાં રહેલા ઝઘડા અને અશાન્તિથી કદિ પણ સુખ પ્રાપ્ત થશે નહિ. સુખ પ્રાપ્તિ માટે તો પ્રકૃતિનાં સુન્દર—અનુપમ દસ્યો નીહાળવાં જોઇએ, અને ત્હેની સુન્દરતાની પ્રશંસા કરવી જોઇએ. પ્રતિદિન થોડો સમય પણ પ્રકૃતિ સૌન્દર્ય નીહાળવામાં જવોજ જોઇએ. ખરૂં જોઇએ તો તેજ સમય મનુષ્યને સુખ પ્રાપ્તિ કરાવશે. આ સમયે મનુષ્યને પરમેશ્વરની કૃતિ અને શાસ્ત્રનું જ્ઞાન થશે અને વિશુદ્ધતા તથા પવિત્રતામાં તલ્લિન બની જશે. અંગ્રેજ કવિ ટેનીસને કહ્યું છે કે "વન અને ઉપવનમાં એવો આનંદ વ્યાપી રહ્યો હોય છે કે જ્યાં મનુષ્ય પાપ કર્મ આચરતો નથી." પ્રસિદ્ધ પ્રકૃતિ ઉપાસક રસ્કીન કહે છે, "પ્રકૃતિની પ્રત્યેક વસ્તુમાં સમતા અને સુન્દરતાનો સદ્ભાવ છે. ત્હેમના પર પરમેશ્વરની છાપ લાગેલી જ હોય છે." વર્ડઝવર્થ કહે છે, "યદિ તમારે કોઈ વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો આવો પ્રકૃતિદેવીની ઉપાસના કરો. પ્રકૃતિ કદી પણ પોતાના ભક્તોનો નિરાદર કરતી નથી." પોપ કહે છે, "પ્રકૃતિ શરીર છે, ઈશ્વર ત્હેનો આત્મા છે, અને વિશ્વમાં જે કાંઈ દૃષ્ટિએ પડે છે તે સર્વ પ્રકૃતિનાં અવયવો છે." જ્યારે મનુષ્ય દુઃખના ભાર નીચે દબાઈ જાય, અને સંતાપ તથા દુઃખ પોતાનું બળ જમાવી બેસે ત્યારે ત્હેમણે પહાડોમાં અને જંગલોમાં ચાલ્યા જવું. ત્યાં સર્વ દુઃખ અને સંતાપ વીસરી જવાશે. ઇમર્સન કહે છે, "જે મનુષ્ય પ્રકૃતિના શરણમાં રહે છે ત્હેમનું અંતરંગ અને બહિરંગ બન્ને શુદ્ધ હશે. તે ન કદિ ઘરડો બનશે યા દુઃખ અને સંતાપમાં ગ્રસિત થશે. તે સર્વદા પ્રસન્ન રહેશે; ત્હેને કદી પણ ભય લાગશે નહિ.

પ્રકૃતિ શોભા અને સૌન્દર્યથી ભરપૂર છે. પ્રાકૃતિક પદાર્થો નિહાળવાથી આનંદ છે, અને તે વડે ઇશ્વરનો પણ અનુભવ થાય છે. ઇશ્વરાનુભવથી આત્મોન્નતિનો માર્ગ સરળ અને ખૂલો થાય છે. આજ સત્ય સુખનું મૂળ છે અને તેની પ્રાપ્તિ કરવી એ પ્રત્યેકનું કર્તવ્ય હોવું જોઇએ.*

---

* શ્રીયુત જેમ્સ એલનના 'Be good to yourself' નામના પુસ્તકમાંથી.

સપ્તપદી.

[લેખકઃ—રા. રા. ચન્દુલાલ ચુંમીલાલ મહેતા.]

પતિઃ—

રહેજે અનુકુળ બધી ઋતુયે સખિ! તું,
ધાન્યાદિ સર્વ વિભવો બહલાવજે તું:
આજે અનુપ સુંખડાં લહવા ચહું છું,
આશા પૂરી મનતણી કરજે પ્રિયા! તું.

પત્નીઃ—

છાંયે સદા વિચરતાં હરનીશ સ્વામી!
દુઃખે સુખે થઇશ હું સહધર્મચારી.

૨

આજ્ઞા ધરી શિર સુખે દિન રમ્ય ગાળું,
હોમું કુટુમ્બી જન કાજ શરીર મ્હારૂં.

૩

મ્હારા અતુલ પ્રણયે નિજ ભાન ભૂલું,
હંમેશાં મિષ્ટ વચને નવ માન ચૂકું.

૪

કાર્યો બધાં ઘર તણાં દિલથી સુધારૂં,
ક્રીડા–પવિત્ર ઉરભાવ ધરીજ યાચું.

૫

સંભાળ સર્વ પરિચારકની લઇશું,
ધારી મને ધીરજ દુઃખ વધાવી રહીશું.

૬

દેવો સમીપ પ્રિય! આજ કરૂં પ્રતિજ્ઞા,
કો'દી કરૂં છલ ન સ્વપ્ન મહીંય કાળાં.

૭

યજ્ઞાદિ કાર્ય કરતાં કરવા સહાય,
અર્પું શરીર પ્રિય પૂનિત ચર્ણે મ્હાંય.*

---

* હસ્તલિખિત માસિક 'પ્રણયાંકુર'ના શિવરાત્રી અંકમાંથી.

બ્હેનોને ખાસ વધામણી.

માણસાવાળાં ગંગાબાઇ સ્ત્રીઓના દરદના ખાસ ચિકીત્સકની બત્રીસ વર્ષની જૂની અનુભવસિદ્ધ દવા.

સંતાન પ્રાપ્તિની ગર્ભજીવન અપૂર્વ ઔષધી.

ગર્ભજીવનના સેવનથી ઘણે ઘેર ઘોડીયાં બંધાયાં છે.

ગર્ભજીવનના સેવનથી સેંકડો બ્હેનો ગર્ભાશયના રોગથી મુક્ત થઈ છે.

ગર્ભજીવન—આ દવાથી બંધ થયેલો રતુ શરૂ થાય છે, અનિયમીત હોય તો નિયમીત થાય છે, પુખ્ત ઉમર થયા છતાં રતુ ન આવતું હોય તો આવે છે, રતુ વખતે થતી પીડા મટે છે. જોઇએ તે કરતાં વિશેષ રતુ લોહીવા, ધોળું તથા લાલ પ્રદરનું વહેતું બંધ થાય છે. કમળ સ્થાનથી ખસેલું ઠેકાણે આવે છે. પેશાબે બળતરા, કમરનું ફાટવું, બેચેની, ઝાડાની કબજ્યાત, ઝીણો તાવ, સોજો, હીસ્ટીરીઆ વિ. નાબુદ થઈ ગર્ભધારણ થાય છે. કિ. રૂ. ત્રણ ૩–૦–૦

ગર્ભરક્ષક—આ દવાથી રતવા મટે છે. છોડ પાસથી ગર્ભ સજીવન થાય છે. કસુવાવડ, પ્રસુતજ્વર વિ. ગર્ભવતીને થતા તમામ રોગ મટી પુરા માસે તંદુરસ્ત બાળક જન્મે છે. રૂ. ૪ ચાર.

દવા મંગાવનારે—દરદની તથા શરીરની પુરી હકીકત લખવી. રતુ કેટલા દિવસે આવે છે, કેટલો વખત રહેછે, છુટથી આવે છે, પીડા થાય છે, પ્રદરનો રોગ છે. છેલ્લું બાળક કયારે જન્મેલું, મરી ગયું હોય તો શું બીમારીથી, શરીરે મેદ છે, ઝાડની કબજયાત છે, શરીરમાં ઝીણો તાવ રહે છે વિ. ખુલાસા જણાવવા ભલામણછે. દરદની હકીકત સાથે લખો રૂબરૂ કેસ તપાસીને પણ દવા આપવામાં આવેછે.

પુષ્કળ મળેલા અભિપ્રાયોમાંથી થોડા વાંચો.

મુંબઈ, ૨૬–૧–૨૪.
જણાવતાં આનંદ થાય છે કે આપની દવાના પ્રતાપથી થોડા દિવસમ તુરતજ મારે ત્યાં ગર્ભ રહ્યો હતો, જે છોકરી અત્યારે વરસ દોઢની) છે.
ઠાકોર ગગજી ટોકર

કરાંચી, તા. ૨૧–૧–૨૪
જણાવવાને ખુશી છું કે મારે ત્યાં સુચીનો જન્મ થયો છે. હાલમાં ખુદાની મહેરથી અને તમારી દવાથી ૪ મહીનાની થઈ છે. તેની ખુશાલીમાં તમોને એક સોનાની વીંટી ભેટ મોકલીછે.
બ્હેન દીનબાઇ કાવસજીમીનવાલા

કલકત્તા, ૨૭–૬ આરમીઅમ સ્ટ્રીટ,
તા. ૧૪–૧૨–૨૩.
અમારે ઘેર પુત્ર જન્મ્યો છે. છબી પડાવીને મોકલીશું.
કાળીદાસ ત્રીકમજી.

વડોદરા, સોનીપોળ, તા. ૧–૨–૨૪
મારી સ્ત્રીને દવા આપેલી તેમાં મારો કેસ આપની કૃપાથી ફત્તેહમંદ નિવડયો છે. જેની આશા નહિ રાખેલી તેની આશા પારપૂર્ણ થઇ છે.
પંડયા અંબાલાલ ભગવાનજી.

ગંગાબાઇ પ્રાણશંકર
ગર્ભજીવન ઔષધાલય,
મુઃ માણસા. (ટી. મહીકાંઠા.)

'સ્ત્રીબોધ'નો બાળવિભાગ.

બાળક.

પુસ્તક ૫ મું.] ડીસેમ્બર, ૧૯૨૪. [અંક ૧૨ મો.

ચાંદાને ઘેર જઈયે !

બાલગીત.

ચાંદા સાથે રમીયે !
આવો ભાઈ રમીયે: રમીયે: રમીયે:
ચાંદા સાથે જમીયે !
આવો ભાઈ જમીયે: જમીયે: જમીયે:
ચાંદા સાથે ગાઇયે !
આવો ભાઈ ગાઇયે: ગાઇયે: ગાઇયે:
ચાંદા સાથે ફરીયે !
આવો ભાઈ ફરીયે: ફરીયે: ફરીયે:
ચાંદા સાથે હસીયે !
આવો ભાઈ હસીયે: હસીયે: હસીયે:
ચાંદા સાથે વસીયે !
આવો ભાઈ, વસીયે: વસીયે: વસીયે:
તાપ જીવનના ભૂલીયે !
આવો ભાઈ, ભૂલીયે: ભૂલીયે: ભૂલીયે:

દાનમાં વાપરી નાંખ્યું. ત્યારે ભીમે તેને ઠપકો દીધો. તે ઉપરથી તેણે કહ્યું કે હું પરદેશ જાઉં છું, અને તમારૂં જેટલું ધન હતું. તેના કરતાં વધારે ધન લઈનેજ હું પાછો ઘેર આવીશ. એમ કહી તે ચાલી નીકળ્યો.

ફરતાં ફરતા તે ઉજ્જન નગરમાં આવ્યો. તેણે વિચાર કર્યો કે અહિં વિક્રમરાજા મારી બુદ્ધિની પરીક્ષા કરશે. એમ વિચારી તે રાજાના દરબારમાં ગયો. ત્યાં જઈ રાજાને સુંદર આશીર્વાદ આપ્યા. પછી તેણે સરસ કવિત ગાયાં, અને જ્ઞાનની ચર્ચા કરી. આ સાંભળી વિક્રમરાજાને લાગ્યું કે આ તો ખરેખરૂં રત્ન લાગે છે. વિક્રમરાજાએ એને પૂછયું કે ભાઈ શું કામ આવ્યા છો તે કહો. ત્યારે એ કહે કે હું માટીમાંથી આવ્યો છું, અને માટીમાં જવાનો છું. પણ હું તો તમારાં દર્શન કરી લેવા આવ્યો છું. મેં તમારાં જે વખાણ સાંભળ્યાં હતાં તે બધાં ખરેખરાં સાચાં છે એમ નજરે જોઈને મને બહુજ આનંદ થયો છે. છતાંએ મારા મનમાં એટલુંજ છે કે ચંદન પાસે જે જાય તેને સુગંધ મળી જાય. તુંબડી પાસે જે જાય તેને તે તારે. જે દેવને પૂજે તે દેવાંશી થાય. તેજ પ્રમાણે હું તમારે બારણે આવ્યો છું તો તમારા જેવો તમે મને કરશો.

આ વાત ચાલતી હતી તેવામાં એક તાબેદાર રાજાની ખંડણી વિક્રમરાયને ત્યાં આવી તેમાં હાથી, ઘોડા અને કરોડો સોના મહોરો હતી. આ બધુંજ વિક્રમે વૈતાળભાટને આપી દીધું. વૈતાળે આશીર્વાદ આપ્યા અને ત્યાંથી નિકળ્યો. પણ પોતે ઉજ્જનમાં આવ્યો હતો ત્યારે એક જણને વચન આપ્યું હતું કે હું દરબારમાંથી જે લાવીશ તે તમને આપી દઈશ. તે વચન પ્રમાણે તેણે તે બધુંજ આપી દીધું અને પોતે તો મશાણમાં જઈને રોટલા શેકીને ખાધા. આ વાત વિક્રમરાજાએ જાણી ત્યારે તે એને પાછા બોલાવી લાવ્યા, અને બીજું ધન આપવાનું કહ્યું. પણ તેણે જણાવ્યું કે હવે હું લઉં તો લોભી કહેવાઉં. પરંતુ રાજાના પ્રધાને સમજાવીને તેની પાસે તે દાન કબુલ કરાવ્યું. ત્યાર

પછી વૈતાળ બધું ધન તથા હાથી ઘોડા લઇને નિકળ્યો. રસ્તામાં એક સુંદર સરોવર આવ્યું ત્યાં આગળ તેણે મુકામ કર્યો.

તે વખતે એક બ્રાહ્મણ ત્યાં આવી ચઢયો. તેણે જાણ્યું કે આ તો કોઈ મોટો રાજા છે. પછી એણે તપાસ કરી કે આ બધાં માણસો કયાંથી આવ્યાં. ત્યારે તેને ખબર પડી કે આ સૌ ઉજ્જનથી આવે છે. એટલે તેણે ધારી લીધું કે આ વિક્રમરાજા હોવો જોઈએ. તે ઉપરથી તેણે તેનાં પુષ્કળ વખાણ કર્યા, બહુ ગુણ ગાયા, અને પછી કહ્યું કે તું પરદુઃખભંજન છું તો મારૂં દુઃખ દૂર કરી આપ. વૈતાળના મનમાં એમ થયું કે હું કોણ છું તે ખરૂં કહી દઇશ તો આ બ્રાહ્મણ નિરાશ થશે. માટે હું એની વાત સાંભળું અને જો મારાથી કાંઇ થઇ શકે તેમ હોય, તો હું તેને મદદ કરૂં. એમ ધારીને તેણે કહ્યું: બોલો ભાઈ, તમારૂં જે દુઃખ હોય તે કહો.

ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે, મોટી ઉમર સુધી મારે છોકરો નહોતો. મહાદેવજીની બહુ બહુ પુજા કરીને એક છોકરો મેળવ્યો. આ છોકરો મોટો થયો એટલે કહે છે કે, હું તો તપ કરવા જાઉં છું. પછી મેં એને બહુ સમજાવ્યો, બધુંયે ધન એના હાથમાં મુકયું અને કહ્યું કે ભાઈ હવે તારાં લગ્ન કરીયે. ત્યારે તેણે કહ્યું કે હું પસંદ કરૂં તે કન્યા સાથે મારાં લગ્ન કરો તોજ હું પરણું. મેં એ વાત કબુલ કરી. આ અરસામાં એણે એક વાત સાંભળી. અમારી પાસેના એક ગામમાં એક બ્રાહ્મણને એકની એક છોકરી હતી. તેણે પણ કુંવારાં રહી તપ કરવાની મરજી બતાવી હતી. પણ છેવટે એમ કબુલ કર્યું હતું કે મારી શરતો કબુલ કરશે એ વરને હું પરણીશ. મારો છોકરો એ કન્યા પાસે ગયો અને પુછયું કે તારી શરતો શી છે? તેણે જણાવ્યું કે મારી નાતમાં ચારસો ઘર છે. આ દરેક ઘરમાં એક હાથી, એક ઘોડો, અને સો સોના-મહોરે જે આપશે તેની સાથે હું લગ્ન કરીશ. મારા છોકરાએ બધી વાત મને કહી. અને કહ્યું કે તમે મને મનગમતી કન્યા

પરણાવવા વચન આપ્યું છે, માટે એ કન્યા સાથે મારૂં લગ્ન કરાવી આપો. મેં એને બહુએ સમજાવ્યો, પણ એ તો એકનો બે ના થયો. અંતે મેં એને એક વરસનો વાયદો કર્યો, અને હું મુસાફરીએ નિકળ્યો. જો આટલી રકમ મળશે તો ઠીક છે, નહિં તો પછી હું પ્રયાગમાં જઈને મારી દેહ મહાદેવને અર્પણ કરીશ. વૈતાળભાટ આ વાત સાંભળી બહુ વિચારમાં પડયો. તેને લાગ્યું કે આ માણસનું દુઃખ તો દૂર કરવુંજ જોઇયે. પછી તેણે બે હાથ જોડીને કહ્યું, મહારાજ ! હું તો વિક્રમરાજા નથી, પણ તેમનો ભાટ છું. હું તો વિક્રમરાજાને ત્યાંથી આ બધું દાનમાં લાવ્યો છું. પરંતુ તમે મહેરબાની કરીને મારી તરફથી આટલી ભેટ સ્વીકારો અને તમારા પુત્રનું લગ્ન કરો. હું ભાટ છું એટલે એક રીતે ક્ષત્રી કહેવાઉં, માટે તમને આ બધું આપી શકશે.

આ વાત સાંભળીને પેલો બ્રાહ્મણ તો આશ્ચર્ય પામ્યો, અને મનમાં ભાટનાં વખાણ કરવા લાગ્યો. અને બોલ્યો, ભાઈ ! સાબાશ છે. તમે તમારૂં નામ રાખ્યું છે. આ દુનિયામાં નામ પ્રમાણે ગુણ બહુ થોડા માણસમાં હોય છે. કહ્યું છે કે,–

" નામ મહિમા રાખે કોય, એવો પુરૂષજ વિરલો હોય;
" નામ તો પાડે હેતે હરિ, બાળપણામાં જાયે મરી.
" નામ હોય છે સુરજ જશું, તે આંખે નવ દેખે કશું,
" નામે સારો મીઠો પેર, બોલ બોલે તે કડવો ઝેર.
" હીરા, મોતી, ઝવેરદાસ, ન મળે દામ ખોટો એક પાસ;
" નામ ધનપાળ ધંધો કરે, ધરણીધર મજુરીએ ફરે.
" ડાહ્યો બોલે ઘેલા બોલ, સાચો તોળે ઓછું તોલ;
" ઇશ્વરની જો કરૂણા હોય, નીર નામનું રાખે કોય. "

માટે તમે તો તમારૂં નામ રાખીને પાણી બતાવ્યું, પણ હું એ ધન લઇશ નહિ. " માગ્યા માંહે માગું નહિ, શાસ્ત્ર તણી એ શીખ. " ત્યારે વૈતાળભાટ કહે છે કે મેં તો આ ધન તમને આપી દીધું છે, હવે તે પાછું લેવાયજ નહિ. આમ તકરારમાં આખી રાત ચાલી ગઈ. બીજે દિવસે સવારમાં વિક્રમ-

રાજાના છુપા જાસુસે આ વાત રાજાને કહી. તેથી રાજા પોતે તે જગ્યાએ આવ્યા. બંને જણાયે પોતપોતાની વાત કહી. ભાટ કહે છે કે જો હું દાન આપત નહિ તો તો તમારૂં નામ જાત, અને હવે તો મેં આપ્યું તે પાછું કેમ લેવાય. છેવટે વિક્રમરાજા બંને જણાંને પોતાને મહેલ લઈ ગયા.પછી બ્રાહ્મણને સમજાવ્યો કે તું દાન લેવાને પાત્ર છે, અને આ ભાટ કીર્તિને પાત્ર છે, માટે તું તેનું દાન લઈને તેની કીર્તિ વધાર. બ્રાહ્મણે રાજાનો બોલ રાખ્યો. પછી વિક્રમરાજાયે ભાટને એવડું ધન આપ્યું અને પોતાની પાસેજ રાખ્યો.

પેલા બ્રાહ્મણે ધન લઈને પુત્રને આપ્યું. પછી તેનો પુત્ર પોતાની મનગમતી કન્યાને પરણ્યો, અને તેની નાતના દરેકને ઘેર એક હાથી, એક ઘોડો, અને સો સોનામહોરો વહેંચી આપી. આ વખતે પેલા બ્રાહ્મણે વૈતાળના બહુ જસ ગાયા. વૈતાળ પણ પોતાના બાપને જઇને મળ્યો અને વિક્રમ રાજાએ આપેલું બધું ધન તેના પગ આગળ મૂક્યું. પુત્રનાં પરાક્રમ જોઇને તે ભાટને બહુ આનંદ થયો. આટલી વાત કહીને તે પુતળી ઉડી ગઈ.

નવીન પુસ્તકો.

૨-૦-૦ હાસ્યકથા મંજરી, ભાગ બીજો. ધનસુખલાલ કૃ. મહેતા. કૃત.
૩-૦-૦ દેશ-દર્શન—પ્રસિદ્ધ હિન્દી ગ્રન્થનું ભાષાન્તર.
૦-૧૨ સીતા—દ્વિજેન્દ્રલાલ રૉય કૃત સ્ત્રીઓને આદર્શરૂપે નાટક.
૧-૧૨ ઉગતી જુવાની—પ્રો. બલવંતરાય ક. ઠાકોર કૃત નવું નાટક.
૧-૦ દર્શનીયું—પ્રો. ઠાકોરકૃત નવ વાર્તાઓનો સંગ્રહ.
૦-૧૨ ના૦ ગોપાળ કૃષ્ણ ગોખલે——સચિત્ર જીવનચરિત્ર આવૃત્તિ બીજી. તેમનાં ત્રણ મહત્વનાં વ્યાખ્યાનો અને ચાર છબીઓ સાથે.
૨-૮ સંવાદમાલા—વિદ્વાનોએ લખેલા ૩૬ સંવાદો. આઠ છબીઓ સાથે.
૦-૧૨ કલાપી કાન્તના સંવાદો, તથા કલાપીના ધર્મવિચારો.
૦-૧૨ ન્યા૦ મૂ૦ રાનાડેનાં ધાર્મિક પંદર વ્યાખ્યાન.
૨-૮ નીતિવચન-મર્હુમ કરસનદાસ મૂળજી કૃત. પુંઠું સોનેરી.
૪-૮ હર્ષકિશોરચંદ્ર ભાગ ૧-૨ હિંદુ સંસારની સામાજીકસ્વતંત્ર નવલકથા.
દરેક પુસ્તક માટે ૧૨. પી. ખર્ચ જુદું. લખોઃ—

જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ.

શેરને માથે સવાશેર.

મુંબઈમાં એક બહુજ પૈસાદાર વ્યાપારી રહેતો હતો. આ શેઠની પાસે પુષ્કળ દોલત ઉપરાંત કેટલાક માળાઓ અને મીલો પણ હતી. એક દિવસ ઉન્હાળામાં સાંજે શેઠને દરીયાની સફર કરી આવવાની ઈચ્છા થઇ. દરીયાકીનારે જઇ એક ખલાસીની હોડી ભાડે કરીને તેમાં બેઠા. ખલાસીએ શેઠને દરીયામાં ફેરવવા માટે હોડી હંકારી દીધી.

આ શેઠ જરા અભિમાની અને બોલકણા બહુ હતા. હોડીમાં બેઠાં બેઠાં તેમણે ખલાસીને પુછ્યું, અલ્યા માછી! ખલાસીએ જવાબ આપ્યો, કેમ શેઠ સાહેબ? શેઠે કહ્યું, અલ્યા મુંબઇ-તારા એક બે માળા ખરા કે? માછી બોલ્યો, અરે શેઠ! -ન ગરીબ લોકને તે વળી માળા બાળા કેવા! માળા તો તમ જેવા નસીબદારને હોય. આ મજુરી કરવી અને ચાર રૂપીયાના ભાડાની કોટડીમાં પડી રહેવું એ અમારો માળો. આ સાંભળી શેઠ બોલ્યા, હત તારીની! આ તો બહુજ ખોટું. જેનો મુંબઇમાં એક પણ -ળો નહિ તેની તે કાંઈ જીંદગી છે! તારી પા ભાગની જીંદગી તો નકામીજ ગઈ. ખલાસી બોલ્યો, હશે ભાઇ, જે અમારા નસીબમાં હોય ત ખરૂં!

વળી આગળ ચાલતાં શેઠથી ન રહેવાયું એટલે ખલાસીને પુછ્યું, અલ્યા, તારે કાંઈ મીલો અગર દુકાનો ખરી કે? ખલાસી બોલ્યો, અરે શેઠ! ગરીબની શીદ મશ્કરી કરો છો? મીલો ને દુકાનો અમારા નશીબમાં ક્યાંથી હોય? આ હોડીજ અમારી મીલ કે દુકાન જે ગણો તે. શેઠે આ સાંભળી કહ્યું, ત્યારે તો તારી અડધી જીંદગી નકામી ગઈ! ખલાસી બબડ્યો, હશે!

થોડેક વધારે દૂર જતાં પાછું શેઠને કાંઈક સાંભરી આવ્યું એટલે ખલાસીને પુછ્યું, બોલ ત્યારે તેં યુનીવર્સીટીની બી. એ.

અગર એલ. એલ. બી. કે એવી કોઈ પરીક્ષા આપી ડીગ્રી લીધી છે? ખલાસી બોલ્યો, અરે શેઠજી, અમે એ વાતમાં તે શું સમજીએ? હું તો મારી સહી કરતાં એ નથી શીખ્યો. શેઠ બોલ્યા, અરેરે, ત્યારે તો તારી ત્રણ ભાગની જીંદગી નકામી ગણાય. આ વખતે ખલાસી કાંઇજ બોલ્યો નહિ અને દરીયામાં આગળને આગળ હંકાર્યા કર્યું. જ્યારે હોડી બહુ દૂર નીકળી ગઈ ત્યારે ખલાસીએ પણ શેઠની જરા મશ્કરી કરવાનો વિચાર કર્યો. પાંણી ઉછાળા મારી રહ્યું હતું અને હોડી પણ આમ તેમ ડોલ્યાં કરતી હતી. આ લાગ જોઈ માછીએ શેઠને પુછયું, શેઠ સાહેબ, આપને તરતાં આવડે છે? શેઠે કહ્યું, ના ભાઈ તરતાં તો આપણને આવડતું નથી. ખલાસીએ જણાવ્યું કે, ત્યારે તો શેઠ સાહેબ, આપની ચારે ભાગની જીંદગી અહીં ખલાસ થઇ જવાની. અહીં દરીયો બહુજ ઉંડો છે અને ભરતીનો વખત થવા આવ્યો છે. આપને કાંઈ સમાચાર બૈરી છોકરાંને કહેવડાવવા હોય તો મને કહો, હું તે પહોંચાડીશ. આપની તો બધી જીંદગી હવે ખલાસજ થઇ સમજી લો! આ સાંભળી શેઠનાં તો હાંજાં જ ગગડી ગયાં. પોતાની ભૂલ માટે માફી માગી અને તે જે માગે તે આપવાનું વચન આપી પોતાનો જીવ બચાવવા ખલાસીને પગે પડીને વિનંતી કરી. ખલાસીએ કહ્યું કે આ પ્રમાણે બીજાની મશ્કરી કરવાનું ભૂલી જશો એવું વચન આપો તો આજે જીવ બચાવું, નહિ તો નહિ. શેઠે બધું કબુલ કર્યું અને માછીએ પ્રીમેથી હોડીને પાછી હંકારી શેઠને કીનારે ઉતાર્યા.

બાળકો! આ વાત પરથી એમ સમજવાનું છે કે આપણે આપણા પૈસા અને મોટાઈનું અભિમાન ન કરવું, બીજાઓની લાગણી દુઃખાવવી નહિ, તેમજ કોઈની મશ્કરી પણ ન કરવી. યાદ રાખવું જોઈએ કે શેરને માથે સવાશેર હોય છે જ.

રણછોડજી હ. શાહ.
બી. એ.

તોફાની નટુ.

સુરતમાં સુંદરલાલ માસ્તર ગુજરાતી ચોથું ધોરણ ભણાવતા હતા. વર્ગનાં છોકરાઓ ઉપર તેમનો ધાક સખ્ત હતો અને કોઇ કોઇ વખત તો બીજા ઉપરની રીસ છોકરા પર કાઢી ધમકાવતા અગર શીક્ષા કરતા. એક દહાડો સુંદરલાલ માસ્તરની તબીયત જરા નરમ હતી તેથી વર્ગના છોકરાઓને શાન્તીથી વાંચવા કહ્યું અને માસ્તર તો ઓલાં ખાવા ઉપર ચઢ્યા. નટવર કરીને એમના વર્ગમાં એક છોકરો હતો કે જે આખી નિશાળમાં તોફાની તરીકે ઓળખાતો હતો. તે બીજા તેના ચાર પાંચ મિત્રો સાથે ધીમી ધીમી વાતો કરતો. વાતમાં એક બીજાની નિંદા શિવાય કંઈ સાર ન્હોતો અને નટવર પોતાની બડાઈ મારવામાં નંબર વન (એકો) હતો. સગુણ નામનો છોકરો હતો તે નટવરના ખાસ મિત્ર રમણનું ભુંડું બોલવા લાગ્યો જે નટવરને ન ગમ્યું અને સગુણને બીજી કોઇ વાર રમણ વિષે ખરાબ નહિ બોલવા બાંક ઉપર હાથ પછાડી ધમકી આપી. બાંક પર ત્રણથી ચાર કાચના ખડીયા પડ્યા હતા તે ધબ દઈને નીચે પડી ફુટી ગયા અને મ્હોટો અવાજ થયો અને એટલી જગ્યામાં શાહી શાહી ફેલાઇ રહી. બધા છોકરાનું ધ્યાન તે તરફ દોરવાયું અને સુંદરલાલ માસ્તર આંખો ચોળતા ચોળતા સોટી હાથમાં લઈ ઉઠ્યા અને વિદ્યાર્થીઓને ખડીયા કોણે અને કેવી રીતે ફોડ્યા તે સંબંધી સાચી હકીકત કહેવા કહ્યું. નટવરે છોકરાઓ સામે આંખ કહાડી અને પોતાની મુક્કી બતાવી. પરંતુ જ્યારે માસ્તરે એનાજ બાંક પરના છોકરાઓને માત્ર સુજ્ઞ કરવાનું કહ્યું ત્યારે એક છોકરાએ જે બન્યું હતું તે બધું કહી દીધું અને તેમાં બધો વાંક નટવરનોજ નીકળ્યો. તેથી માસ્તર નટવર પાસે ગયા અને ચારથી પાંચ સોટી સજજડ ચોઢી કહાડી, અને ભવિષ્યમાં કંઈ તોફાન કરશે તો નિશાળમાંથી કહાડી મૂકવાની ધમકી આપી. ઘંટ વાગ્યો

અને નિશાળ છુટી ત્યારે નટવર તથા રમણ બન્ને મળ્યા અને મારનું વેર માસ્તર પર કોઈ બી પ્રકારે લેવું એવી સંતલસ કરી છુટા પડયા. આઠેક દહાડા વિત્યા પછી નટવર નિશાળમાં એક કલાક દરરોજના કરતાં વ્હેલો આવી પહોંચ્યો અને એમના વર્ગમાં " માસ્તરનું કાતરીયું ગેપ " એવા મ્હોટા અક્ષરો સાથે પાટીયા પર કાગળ ચીટકાવી સટકી ગયો. બધા છોકરાની સાથે ઘંટ વાગ્યો એટલે એ પણ વર્ગમાં દાખલ થયો. બધાની નજર પાટીયા તરફ ગઇ અને ઉપર મુજબ લખાણુ વાંચી હસવા લાગ્યા, અને એ સંબંધી અંદર અંદર પુછપરછ ચાલી. પાંચ મીનીટનો ઘંટ વાગ્યો એટલે સુંદરલાલ માસ્તર વર્ગમાં દાખલ થયા અને હાજરી પુરી, રહ્યા બાદ ગણીત શીખવવાનું હોવાથી દાખલો લખવા પાટીયા તરફ જતાંજ મ્હોટા અક્ષરે "માસ્તરનું કાતરીયું ગેપ" એ મુજબનું લખાણુ વાંચી ઘણા ચીઢવાયા. અને વર્ગના દરેક છોકરાને એક પછી એક સવાલ પુછયા. નટવરનો પણ વારો આવ્યો અને એણે પણ બીજા છોકરાઓની માફક અજ્ઞાનતા દર્શાવી. છેવટે માસ્તરે દરેક પાસે એ મુજબ કાગળપર લખાણું લખાવી જોયું પરંતુ કોઈ પકડાયું નહિ એટલે ખાનગી તપાસ કરવા વિચાર કર્યો. તેજ દહાડે બપોરના અડધા કલાકની રજામાં બધા માસ્તરો 'ટી કલબમાં' ચાહ પીવા ગયા અને સીપાઇ કંઈ કામસર બહાર ગયો હતો તે તકનો લાભ લઈ બારણાની સામે મ્હોટા કાચના કબાટપર " સુંદરલાલ મસ્તરનું કાતરીયું ગેપ " એવા લખાણુવાળો કાગળ ચીટકાવી આવ્યો. ચાહ પી રહ્યા પછી માસ્તરો ઓફીસ રૂમમાં આવતાં બારણા સામેના કબાટ ઉપર બધાંની દૃષ્ટીએ સુંદરલાલ માસ્તરનું કાતરીયું ગેપ એવો કાગળ નજરે પડયો. આ જોઈ સર્વ આશ્ચર્ય પામ્યા અને સીપાઇને બોલાવીને તપાસ કરી. પરંતુ સીપાઈ પોસ્ટ ઓફીસમાં કાગળ રજીસ્ટર્ડ કરવા ગયેલો હોવાથી એ ખુલાસો ના કરી શકયો. જેથી બધા માસ્તરો મળીને સુંદરલાલ સાથે હેડમાસ્તર પાસે ગયા અને હેડ માસ્તરને ઑફીસ

ને. પ્રદેશ કલિંગ કહેવાતો ભારે ખુનખાર લડાઈ થઇ. આ યુદ્ધમાં લગભગ એક લાખ મનુષ્યોનો કચ્ચરઘાણ નીકળી ગયો. દોઢલાખ યોદ્ધાઓ કેદ કરવામાં આવ્યા આ જોઇ અશોકનું હૃદય બહુજ દુઃખી થયું. હવે પછી ગમે તેમ થાય પણ યુદ્ધ ન કરવાનો એણે પોતાના મન સાથે સંકલ્પ કર્યો. મરણ સુધી એણે કરેલો આ સંકલ્પ પાળ્યો. આ પછી એણે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. એને એ ધર્મ ઉપર એવી તો શ્રદ્ધા ચોંટી ગઈ કે એ ધર્મને ખૂબ ફેલાવવામાંજ પોતાનું કર્તવ્ય સમાયલું છે એમજ તે સમજવા લાગ્યો. આથી એણે પોતાના બધા મુલકમાં તમામ પહાડી સ્થાનો, જંગલો અને મેદાનોમાં બૌદ્ધ મતનાં વાક્યો અને આદેશો કોતરાવી સ્તંભો મૂકી દીધા. જુનાગઢમાં તેનો લેખ હજી મોજુદ છે. માત્ર હિન્દુસ્તાનમાં એણે એ ધર્મનો પ્રચાર કર્યો, એટલું જ નહિ પરન્તુ અફઘાનિસ્તાન, ચીન, જાપાન, લંકા, સિઆમ, વગેરે દૂર દૂરના દેશોમાં પણ પોતાના ધર્મની ધજા તેણે ફરકાવી, ગામેગામ ધર્મશાળાઓ, મઠો, દવાખાનાઓ વિગેરે ઉપયોગી સાર્વજનિક સંસ્થાઓ પ્રજાના લાભ સારૂ સ્થાપી. પોતાનો ધર્મ ફેલાવતાં એણે બીજા ધર્મની કદાપિ નિંદા કરી નહોતી. એ ફરી કદાપિ લડાઈ ન લડ્યો. હજારો મનુષ્યોનાં લોહીની નદીઓ વહેવરાવી એણે બીજા દેશો સર કરવાની કદાપિ લાલસા ન રાખી. એણે તેત્રીસ વર્ષ રાજ્ય કર્યું હતું. એના અમલ દરમીઆન પ્રજા ઘણીજ સુખી હતી.

ચાર વર્ષનું બાળક.

(ધ. સં. ૧૯૨૩ ના સ્ત્રીબોધના "બાળક" નું પાકું બાંધેલું પુસ્તક.)

કેટલાંક ચિત્રો સાથે—

કિંમત રૂ. બે. વિ. પી. પોસ્ટેજ જુદું પડે છે. લખો:—

મંત્રી—"સ્ત્રીબોધ" કાર્યાલય;—અમદાવાદ.

બાળકો માટે—
રામાયણની વાતો.

૨૧—હનુમાન લંકાદહન અને રામની લંકા પર ચડાઇ.

સીતાજીને શાન્ત થયેલાં જોઇ હનુમાને વિચાર કર્યો કે, સીતામાતાનો મેળાપ તો થયો પણ હવે રાવણને યે કંઇક સાથે સાથે ચેતવણી આપતા જવું જોઇએ. આથી તેમણે વાડીમાંનાં ફળ ખાવાની આજ્ઞા માગી. સીતાજીએ તેમને પાકાં અનેં નીચે પડેલાં ફળ ખાવાની રજા આપી. રજા મળતાંજ તે એક ઝાડથી બીજા ઝાડ પર કૂદતા કૂદતા ફળ ખાવા લાગ્યા, એટલુંજ નહિ, પણ ઝાડોનેયે મૂળથી ઉખેડી ઘંખેરવા લાગ્યા. આ ઉત્પાત જોઇ માળી ગભરાયો. તે દોડતો રાવણને ખબર કરવા ગયો. રાવણ હકીકત સાંભળી બહુજ ગુસ્સે થયો. તેણે તરતજ અનેક રાક્ષસોને તે વાનરને તાણી બાંધી લાવવા હુકમ કર્યો. રાક્ષસો વાડીમાં આવી હનુમાનને પકડવા પ્રયત્ન કરવા લાગ્યા; પરન્તુ તેમણે એકે એક રાક્ષસોનો જોત જોતામાં સંહાર કર્યો. રાક્ષસોનો આગેવાન રાવણનો પુત્ર અક્ષયકુમાર હતો, તે પણ બચવા પામ્યો નહિ.

પુત્ર મરણના સમાચાર સાંભળતાંજ રાવણ અતિ ક્રોધે ભરાયો. એક વાનરે મહા બળવાન રાક્ષસોનો નાશ કરી નાંખ્યો એ જોઈ તેને પગથી માથા સુધી ઝાળ લાગી. તેણે તેના સૌથી મોટા અને બહાદુર પુત્ર ઇંદ્રજીતને હુકમ કર્યો કે, તમે જલદી જાઓ અને એ વાંદરાને મારી સામે જીવતો લાવી ખડો કરો; હું જોઉં તો ખરો કે એવો એ ભયંકર વાનર તે કોણ છે. આજ્ઞા મળતાંજ ઈંદ્રજીત સજ્જ થઇ હનુમાનને પકડવા " " બંને વચ્ચે ભયંકર યુદ્ધ

થયું. કોઈપણ ઉપાયે તે જીવતો પકડાશે નહિ, એમ જોઇને ઇંદ્રજીતે તેનો નાશ કરવાને બ્રહ્માનો મંત્ર ભણી એક બાણ ફેંક્યું. હનુમાને વિચાર કર્યો કે, બ્રહ્માનું અસ્ત્ર જૂઠું બનાવવું જોઇએ નહિ. વળી મારે રાવણને પણ મળવું છે. આથી તે બાણ વાગતાંજ પડી ગયા. પછી ઇંદ્રજીત તેમને પકડી બાંધી રાવણ પાસે લઇ ગયો.

હનુમાનને જોતાંજ રાવણ મહા ક્રોધથી ગર્જી ઉઠયો: "અરે વનચર! તું કોણ છે? તું કયા બળ પર અને શા માટે આખી અશોક વાડીને ઉજ્જડ કરી રહ્યો હતો? મારા હુકમને નહિ માનનાર અને જરા પણ નહિ બીનાર એવો ધીટ તો મેં તનેજ જોયો. શું તને તારા જીવની પણ દરકાર નથી?"

હનુમાને બહુજ નિડરતાથી ઉત્તર આપ્યો કે, "હે આખા બ્રહ્માંડને સતાવનાર રાવણ! તું સાંભળ. જેણે માયા રચી છે, જેના બળથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સંસારને સરજે છે, પાળે છે અને સંહારે છે; જેના બળથી શેષ નાગ પૃથ્વીને ધારણ કરી રહે છે; જે દેવોનું રક્ષણ કરવાને અને તારા જેવા દુષ્ટ જનોને હણવાને અવતાર ધારણ કરે છે તેના બળથીજ હું ગાજું છું. વળી જેણે જનક રાજાની સભામાં શિવજીના મહાન ધનુષનો ભંગ કરી મહા ગર્વિષ્ટ રાજાઓના ગર્વને ગાળી નાંખ્યો છે. જેણે ખર, દૂષણ, વિરાધ આદિ જોરાવર રાક્ષસોનો સંહાર કર્યો છે, જેણે અતિ બળવાન વાલીનો વધ કર્યો છે, જેની કૃપાથી સર્વ ચરાચર જીવ પૃથ્વી પર નિવાસ કરી રહ્યાં છે અને હે મતિ મંદ રાવણ! જેની પરમ સાધ્વી સતી શ્રી સીતાનું હરણ કરી તારા મોતને તેં નજીક આણી મૂક્યું છે તે કૃપાનિધાન રામનો હું દૂત છું."

આ પ્રમાણે પોતાની ઓળખાણ આપી સીતાજીને રાજી ખુશીથી સોંપી દઈ રામને શરણ જવા તેમણે રાવણને બહુ બ સમજાવ્યો, પણ તે એકનો બે ન થયો. ઉલટું હનુમાનનાં વચને